પૉકેટ

ગુજરાતી - અંગ્રેજી

# ડીક્ષનરી

00156079

R
423.9147
DOS/Guj
156079

Digitized with financial assistance from
Hemendra Kothari
on 06 November, 2019

પૉકેટ

# ગુજરાતી – અંગ્રેજી
# ડી ક્ષ ન રી

: તૈયાર કરનાર :

માણેકલાલ ગોવિંદલાલ જોષી

ASIATIC SOCIETY OF BOMBAY
Presented ........................
........................
Date........................

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ
પ્રિન્સેસ સ્ટ્રીટ : : મુંબઈ – ૨

પ્રકાશક :
છોટાલાલ મગનલાલ શાહ
ગુજરાત સાહિત્ય મંદિર,
ગાંધી રોડ : : અમદાવાદ.

ઇ. સ: ૧૯૩૮] મૂલ્ય રૂ. ૨-૮-૦ [વિ. સં ૧૯૯૪

00156079

મુદ્રક :
મણીલાલ કલ્યાણદાસ પટેલ,
સૂર્ય પ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ,
પાનકોર નાકા : અમદાવાદ.

# સાંકળિયું


ડીક્સનેરી ૧ થી ૧૦૫૬

પરિશિષ્ટો :

અ. ગુજરાતી ભાષામાં લગભગ રૂઢ થઇ ગયેલા કેટલાક અંગ્રેજી શબ્દો. ૧૦૫૭

બ. પારિભાષિક શબ્દો. ૧૦૭૨

# વ્યાકરણની સંજ્ઞાઓની સમજ.

| | | |
|---|---|---|
| *a.* | adjective. | વિશેષણ. |
| *ad.* | adverb. | ક્રિયાવિશેષણ. |
| *conj.* | conjunction. | ઉભયાન્વયી અવ્યય. |
| *ex.* | exclamation. | ઉદ્ગારવાચક. ,, |
| *int.* | interjection. | કેવળપ્રયોગી ,, |
| *n.* | noun. | નામ. |
| *prep.* | preposition. | શબ્દયોગી અવ્યય. |
| *prn.* | pronoun. | સર્વનામ. |
| *vt.* | verb. | ક્રિયાપદ. |

# ધી જુનીઅર
# ગુજરાતી – અંગ્રેજી
# ડી....ક્સ....ને....રી

## અ

અ, ( નેગેટીવ પ્રીફીક્ષ ) Negative prefix. નકારવાચક પ્રત્યય. [ અતિ મુશ્કેલ.
અકટોવિકટ, ( વેરી ડીફીકલ્ટ ) *a.* Very difficult.
અકડાઅકડી, ( રાઇવલ્રી ) *n.* Rivallry. ચડસાઇ.
અકડાઈ, ( વેનીટી ) *n.* Vanity. મગરૂરી.
અકડાવું, ( પેરેલાઇઝ્ ) *vt.* Paralyse. સાંધાનું ઝલાઈ જવું. ( શો પૉમ્પ ) Show pomp. ભપકો મારવો.
અકતો, ( હોલીડે ) *n.* Holiday. રજાનો દિવસ.
અકથ્ય, ( ઇનડિસ્કાઇબેબલ ) *a.* Indescribable, ન વર્ણવી શકાય એવું.
અકબર, ( ગ્રેટ્ ) *a.* Great. મહાન.
અકબંધ, ( ઈનટેક્ટ્ ) *a.* Intact. વણખોલ્યું.
અકરણીય, ( પ્રોહીબીટેડ્ ) *a.* Prohibited. નિષિધ્ધ.
અકરામ, ( ઓનર ) *n.* Honour. માન.
અકરાળ, ( હૉરીબલ ) *a.* Horrib'e. ભયાનક.
અકરાંતિયું, ( ગ્લટનસ્ ) *a.* Gluttonous. ખાઉધરૂં.
અકરૂં, ( ફીકલ ) *a.* Fickle. અસ્થિર. [ Deaf. બહેરૂં.
અકર્ણ, ( સરપન્ટ ) *n.* Serpent. સાપ. ( ડેફ ) *a.*

અકર્મ, ( રોંગ ડીડ્ ) *n.* Wrong deed. દુરાચરણ.
અકર્મક, ( ઈનટ્રાંસીટીવ્ ) *a.* Intransitive. જેને કર્મ ન હોય તેવું. [ કુલટા.
અકર્મણ, ( અનલકી ) *a.* Unlucky. અભાગણી;
અકર્મી, ( રેચેડ )*a.* Wretched. અભાગિયું; દુરાચારી.
અકળ, ( અનકંસીવેબલ્ ) *a.* Unconceivable. ન કળી શકાય એવું. [ લીલા.
અકળ કળા, (ઇલ્યુઝન ) *n.* Illusion. માયા; અગમ્ય
અકલંક, (ઈનોસંટ્ )*a.* Innocent. નિષ્કલંક; દોષરહિત.
અકલી, ( કલેવર ) *a.* Clever. અક્કલવાળું; કસબી; હિકમતી. [ તેવું.
અકલ્પિત, ( સડન )*a.* Sudden. ઓચિંતુ;કલ્પિત નહિ
અકલ્પ્ય, ( અનઇમેજીનેબલ્ ) *a.* Unimaginable. ન કલ્પી શકાય તેવું.
અકલ્યાણ, ( ઇલ-ઓમેન )*n.* Ill-omen. અશુભ; ભુંડું.
અકસ, ( સ્પાઇટ્ ) *n.* Spite. દ્વેષ; ખાર.
અકસખોર, ( સ્પાઈટફુલ ) *a.* Spiteful. ખારીલું.
અકસર, ( મોસ્ટલી ) *ad.* Mostly. ઘણું ખરું.
અકસીર, ( ઈફેક્ટીવ ) *a.* Effective. આબાદ. (એલીક્ષીર ) *n.* Elixir. ઔષધ.
અકસ્માત્, ( સડનલી ) *ad.* Suddenly. એકાએક. ( એકસીડન્ટ્ ) *n.* Accident. હોનારત.
અકળ, ( ઇનકંસીવેબલ ) *a.* Inconceivable. જે કલ્પનામાં ન આવે તેવું. [ આકળવિકળ.
અકળવિકળ, ( અનઇઝી ) *a.* Uneasy. બાવરૂં;

અકળકળા, ( મીસ્ટ્રી ) *n.* Mystery. ભેદ.
અકળામણ, ( પરપ્લેક્ષીટી )*n.* Perplexity. અમૂઝણ.
અકળાવું, ( ફીલ અનઈઝી )*vt.*Feel uneasy.ગભરાવું.
( બી ડીસ્ગસ્ટેડ ) *vt.* Be disgusted. કંટાળવું.
અકળિત, ( મીસ્ટીરીયસ ) *a.* Mysterious.ગુહ્ય.
અકંટક, ( કલીઅર ) *a.* Clear. સરળ; કાંટા વિનાનું.
અકાજ, ( યુસલેસ ) *a.* Useless. નકામું.
અકાતર, ( ડેરીંગ ) *a.* Daring. હિમ્મતવાન.
અકારણ, ( અનનેસેસરી)*a.*Unnecessary.વિના કારણ.
અકારૂં, ( અનપ્લેઝંટ ) *a.* Unpleasant. અપ્રિય; અળખામણું.
અકાળ, (અનટાઈમ્લી) *ad.&n.* Untimely.કવખતનું.
અકાલી, ( અકાલી ) *n.* Akali. શીખ સંપ્રદાયનો એક ફાંટો–તે ફાંટાનો અનુયાયી. [ અયોગ્ય કામ.
અકાર્ય, ( અનવર્ધી ડીડ ) *n.* Unworthy deed.
અકાલીન, ( અનટાઇમ્લી )*ad.* Untimely. કવખતનું.
અકાલીનતા, ( એનેક્રોનીઝમ ) *n.* Anachronism.
અકિંચન, ( પુઅર )*a.* Poor.ગરીબ. [ કાલવિપર્યાસ.
અકીક, ( એગેટ ) *n* Agate. એક પ્રકારનો લીસો, ચળકતો, રાતો પથ્થર.
અકીર્તિ, ( બેડ નેમ )*n.*Bad name. અપયશ;નામોશી.
અકુટિલ, ( સ્ટ્રેઇટફોરવર્ડ ) *a.* Straightforward. નિખાલસ. [ કુળનું
અકુલીન, (ઓફ લો બ્રીડ ) *a.* Of low breed. નીચા
અકુશળ, ( ઇલ ) *a.* Ill. કુશળ નહિ તેવું.

**અકુંઠિત,** ( શાર્પ )*a.* Sharp. તીક્ષ્ણ.
**અકૃત્ય,** ( બેડ ડીડ ) *n.* Bad deed. અપકૃત્ય.
**અકૃત્રિમ,**(અનઆર્ટીફીશ્યલ )*a.* Unartificial. કુદરતી.
**અકૃપણ,** ( લીબરલ) *a.* Liberal. ઉદાર.
**અકેકે,** ( વનબાય વન ) *ad.* One by one. એક પછી એક. (ઇચ) *a.* Each. પ્રત્યેક.
**અકોટ,** ( બીટલનટ ) *n.* Beetlenut. સોપારી-તેનું ઝાડ.
**અકૌશલ્ય,** ( અનસ્કીલ ) *n.* Unskill. અણઆવડત.
**અક્કડ,** ( સ્ટીફ ) *a.* Stiff. ટટાર. ( ફોપ) *n.* Fop. વરણાગીઓ. [ કરીને.
**અક્કરચક્કર,** ( એનીહાઉ ) *prep.* Anyhow. ગમે તેમ
**અક્કલ,** ( સેન્સ ) *n.* Sense. બુદ્ધિ. [ બુદ્ધિશાળી.
**અક્કલબાજ,** ( ઇન્ટેલીજંટ ) *a.* Intelligent.
**અક્કલમંદ,** ( સેન્સીબલ ) *a.* Sensible. બુદ્ધિશાળી.
**અક્કલમંદી,** ( સેન્સીબીલીટી ) *n.* Sensibility. અક્કલમંદપણું. [બુદ્ધિકૌશલ્ય.
**અક્કલહોશિયારી,** ( ઇન્ટેલીજંસ )*n.* Intelligence.
**અક્રમ,** ( ઈરેગ્યુલર ) *a.* Irregular. અનિયમિત.
**અક્રિય,** ( ડલ ) *a.* Dull. સુસ્ત; નિષ્ક્રિય.
**અક્રોધી,** ( કામ ) *a.* Calm. શાંત.
**અક્ષ,** (એક્ષલ) *n.* Axle. ધરી. (આય)*n.* Eye. આંખ.
**અક્ષણિક,** ( પરમેનન્ટ )*a.* Permanent. સ્થિર; કાયમી.
**અક્ષત,** (કંપલીટ ) *a.* Complete. અખંડ. (રાઇસ) *n.* Rice. ચોખા.
**અક્ષતયોનિ,** ( સેક્ષ્યુઅલી પ્યોર ) *a.* & *n.* Sexually

pure. જેનું કૌમાર ખંડિત નથી થયું એવી.
અક્ષમ, ( અનેબલ ) *a.* Unable. અસમર્થ.
અક્ષમા, ( જેલસી ) *n.* Jealousy. ઈર્ષા.(એંગર) *n.* Anger. ક્રોધ.
અક્ષમાલા, ( ગારલેંડ ઓફ બીડસ ) *n.* Garland of beads. રૂદ્રાક્ષની માળા
અક્ષમ્ય, ( અનફરગીવેબલ ) *a.* Unforgivable. માફ ન કરી શકાય એવું.
અક્ષય, ( ઇમપેરીશેબલ ) *a.* Imperishable. જેનો નાશ નથી તેવું.
અક્ષયધામ, ( સાલ્વેશન ) *n.* Salvation, મોક્ષ.
અક્ષયપાત્ર, ( વેસલ ધેટ ઇઝ નેવર એમ્પ્ટી) *n.* Vessel that is never empty. જેમાંથી વસ્તુ ખૂટે જ નહિ તેવું વાસણ.
અક્ષયવાણી, ( લર્નિંગ )*n.* Learning. સરસ્વતી.
અક્ષર, ( લેટર ) *n.* Letter. વર્ણ.
અક્ષરગણિત, ( ઍાલ્જીબ્રા ) *n.* Algebra. બીજગણિત.
અક્ષરજ્ઞાન, ( એજયુકેશન ) *n.* Education. કેળવણી; લખતાં વાંચતાં આવડવું તે.
અક્ષરદેહ, ( ઇમમોરટલ બોડી)*n.* Immortal body. નાશ ન પામે તેવું શરીર. ( ફેઇમ ) *n.* Fame. કિર્તી. ( ક્લાસીક ) *n.* Classic. સાહિત્યકૃતિ.
અક્ષરમાલા, (આલ્ફાબેટ )*n.* Alphabet. વર્ણમાલા.
અક્ષરમેળ, ( રીમેટાક ) *a.* Rhymatic. અક્ષરના માપવાળો (છંદ).
અક્ષરવિન્યાસ, ( સ્પેલીંગ ) *n.* Spelling. જોડણી.
અક્ષરશત્રુ, ( રસ્ટીક ) *a.* Rustic. અભણ.

અક્ષરશઃ, ( લેટર ટુ લેટર ) *a.* Letter to letter અક્ષરે અક્ષર.
અક્ષવિદ્યા, ( ગેમ્બલ ) *n.* Gamble. જુગાર.
અક્ષંતવ્ય,(અનફરગીવેબલ)*a.* Unforgivable.અક્ષમ્ય.
અક્ષાંશ, ( પેરેલેલ્સ ઓફ લેટીટ્યુડ ) *n.* Parallels of latitude. વિષુવવૃતની સમાંતર રેષાઓ.
અક્ષિ, ( આય ) *n.* Eye. આંખ.
અક્ષુબ્ધ, ( કામ) *a.* Calm. સ્વસ્થ.
અક્ષોભ, ( કામનેસ ) *n.* Calmness. સ્વસ્થતા.
અખડાવું, ( કોલાઈડ ) *vt.* Collide.અફળાવું.
અખતરો, ( એક્ષપેરીમેન્ટ ) *n.* Experiment. પ્રયોગ.
અખત્યાર, ( રાઇટ ) *n.* Right. અધિકાર.
અખત્યારી, ( પાવર ) *n.* Power. સત્તા.
અખબાર, ( ન્યુસપેપર ) *n.* Newspaper. વર્તમાનપત્ર; છાપું. [ ખબરપત્રી.
અખબારનવીસ, (કોરસપોન્ડન્ટ)*n.* Correspondent.
અખમ, ( ડેલીકેટ ) *a.* Delicate. નાજુક.
અખરોટ, ( વોલનટ ) *n.* Walnut. સુકો મેવો.
અખંડ, ( કંપલીટ ) *a.* Complete. સંપૂર્ણ; આખું.
અખંડિત,(અનબ્રોકન)*a.*Unbroken. ખંડિત નહિ એવું.
અખાદ્ય, ( અનઇટેબલ ) *a.* & *n.* Uneatable. ન ખાવા યોગ્ય.
અખાડા કરવા, ( શૉ ડેફ ઈયર્સ ) *vt.* Show deaf ears. આંખ આડા કાન કરવા; ન ગણકારવું.
અખાડો, (જીમનેસ્યમ્)*n.* Gymnasium, કસરતશાળા.

અખાત, ( ગલ્ફ )n. & a. Gulf. જમીનની અંદર ગયેલો સમુદ્રનો ફાંટો.
અખિયાતું, ( સેફ ) a. Safe. સહિસલામત; તંદુરસ્ત.
અખિલ, ( હોલ ) a. Whole. આખું; સમસ્ત.
અખૂટ, ( ઇનએક્ઝોસ્ટીબલ ) a. Inexhaustible. ખૂટે નહિ એવું.
અગ, ( સ્ટેબલ ) a. Stable. સ્થિર; ગમન ન કરી શકે એવું.
અગડબંબ, ( બલ્કી ) a. Bulky. ગોળમટોળ.
અગડંબગડં, ( વેગ ) a. Vague. અસ્પષ્ટ.
અગણિત, ( ઈનન્યુમરેબલ )a. Innumerable. અસંખ્ય.
અગણું, ( થર્ડ ) a. Third. ત્રીજું.
અગણોતેર, ( સીક્સ્ટી નાઇન ) a. Sixty nine. ૬૯.
અગણ્ય, ( અનકાઉન્ટેબલ ) a. Uncountable. ગણી ન શકાય એવું.
અગણ્યાએંશી, (સેવન્ટી નાઈન)a. Seventy nine. ૭૯
અગત્ય, ( નેસેસીટી ) n. Necessity. જરૂરીઆત. (ઈંપોરટન્સ) n. Importance. મહત્વ.
અગદ, ( મેડીસીન ) n. Medicine. દવા.
અગન, ( ફાયર ) n. Fire. અગ્નિ.
અગમ, (અનકોમ્પ્રીહેન્સીબલ )a. Uncomprehensible. અગમ્ય; ન સમજી શકાય તેવું. ( ફ્યુચર ) n. Future. ભવિષ્ય.
અગમચેતી, ( ફોરસાઈટ ) n. Foresight. દુરંદેશી.
અગમનિગમ, ( પાસ્ટ એન્ડ ફ્યુચર ) n. Past and

future. ભૂત અને ભવિષ્ય. ( સ્ક્રીપચર્સ ) *n.* Scriptures. વેદ અને શાસ્ત્ર. [ અજાણ્યો માર્ગ.
અગમપંથ, ( સ્ટ્રેન્જ પેસેજ ) *n.* Strange passage.
અગમબુદ્ધિ, ( ફોરસાઈટ ) *n.* & *a.* Foresight. દુરઅંદેશી.
અગમો, ( ઈનડીફરંસ ) *n.* Indifference. અણગમો.
અગમ્ય, ( મીસ્ટીરીયસ ) *a.* Mysterious. ગુઢ. ( પ્રોહીબીટેડ ) *a.* Prohibited. નિષિધ્ધ.
અગમ્યાગમન, (ડીબોચરી )*n.*Debauchery.વ્યભિચાર.
અગર, ( સૉલ્ટપાન ) *n.* Salt-pan. મીઠું પકવવાની જમીન. ( ઇફ ) *conj.* If. જો.
અગરજો, ( ઓલધૉ ) Although. જો કે.
અગર નહિ, ( અનલેસ ) *conj.* Unless. જો નહિ.
અગરબત્તિ, ( ઈન્સેન્સ સ્ટીક ) *n.* Incense stick. ધૂપસળી. [ manufacturing salt.મીઠું પકવનારો.
અગરિયો, ( પરસન મેન્યુફેકચરીંગ સૉલ્ટ ) *n.* Person
અગરૂ, ( સેન્ડલવુડ ) *n.* Sandlewood. ચંદન.
અગલબગલ, (એરાઉન્ડ ) *prep.* Around. આસપાસ.
અગવડ, ( ઈનકનવીઅંસ ) *n.*Inconvinience. સગવડ ન હોવી તે; મુસીબત. [ નેતા.
અગવો, (ગાઈડ )*n.*Guide.ભોમીયો. (લીડર)*n.*Leader.
અગાઉથી, (બીફોરહેન્ડ ) *ad.* Beforehand. પહેલાંથી.
અગાઉ, ( ઍગો ) *prep.* Ago. પૂર્વે.
અગાડી, ( બીયોન્ડ ) *prep.* Beyond. આગળ.

અગાધ, ( અનફેધમેબલ ) *a.* Unfathomable. જેનો તાગ ન આવે તેવું; અતિ ઉંડું.

અગાશી, ( ટેરેસ ) *n.* Terrace. ગચ્છી; ઘરના ઉપલા ભાગમાં કરેલી ખુલ્લી છોબંધ જગ્યા.

અગાસું, ( ઓપન ) *a.* Open. ખુલ્લું.

અગિઆર, ( ઈલેવન ) *a.* Eleven. ૧૧.

અગિઆરમું, ( ઈલેવન્થ ) *a.* & *n.* Eleventh. દશ પછીનું.

અગિઆરી, ( પારસી ચર્ચ ) *n.* Parsee church. પારસી લોકોનું મંદિર. [ છુટકું.

અગિઆરા ગણવા, ( એબ્સ્કોન્ડ ) *vt.* Abscond. નાસી

અગોચર, (અનકોમ્પ્રેહેન્સીબલ) *a.* Uncomprehensible.

અગ્નિ, ( ફાયર ) *n.* Fire. દેવતા. [ અગમ્ય.

અગ્નિકણ, ( સ્પાર્ક ) *n.* Spark. તણખો.

અગ્નિકાષ્ટ, ( ફાયરવુડ ) *n.* Firewood. બાળવાનાં લાકડાં.

અગ્નિકુંડ, ( ઓલ્ટાર ) *n.* Altar. વેદી.

અગ્નિકોણ, ( સાઉથ-ઈસ્ટ ) *a.* & *n.* South-east. દક્ષિણ અને પૂર્વ વચ્ચેનો ખૂણો.

અગ્નિક્રિયા, ( ફ્યુનરલ સેરીમની ) *n.* Funeral ceremony. મડદાંને બાળવાની ક્રિયા.

અગ્નિક્રીડા, (ફાયરવર્કસ ) *n.* Fireworks. આતશબાજી.

અગ્નિદાહ, ( એક્ટ ઓફ બર્નીંગ ધી ડેડ ) *n.* Act of burning the dead. મુડદાંને બાળવું તે.

અગ્નિનૌકા, ( સ્ટીમબોટ ) *n.* Steamboat. આગબોટ.

અગ્નિપરીક્ષા, (સીવીઅર ઓર્ડીઅલ) *n.* Severe ordeal. આકરી કસોટી.

અગ્નિરથ, ( સ્ટીમ ટ્રેન ) *n.* Steam train. રેલ્વે ટ્રેન.
અગ્નિશિખા, ( ફ્લેમ ) *n.* Flame. અગ્નિની જ્વાળા.
અગ્નિ-સંસ્કાર, —જુઓ અગ્નિક્રિયા.
અગ્ર, ( ચીફ ) *a.* Chief. મુખ્ય. (એન્ડ) *n.* End. ટોચ.
અગ્રગણ્ય, ( ચીફ ) *a.* Chief. મુખ્ય.
અગ્રગામી, ( લીડીંગ ) *a.* Leading. આગેવાન.
અગ્રજ, ( ફર્સ્ટ બોર્ન ) *a.* & *n.* First born. પહેલું [જન્મેલું; પાટવી.
અગ્રણી, (લીડર) *n.* Leader. નેતા.
અગ્રલેખ, ( એડીટોરીઅલ ) *n.* Editorial. તંત્રી લેખ.
અગ્રસ્થાન, ( લીડીંગ પ્લેસ ) *n.* Leading place. મુખ્ય સ્થાન.
અગ્રાહ્ય, ( અનએકસેપ્ટેબલ ) *a.* Unacceptable. [ગ્રહણ ન કરવા યોગ્ય.
અગ્રેસર, ( લીડર ) *n.* Leader. નેતા; આગેવાન.
અઘ, ( સીન ) *n.* Sin. પાપ.
અઘટતું, ( અનબીકમીંગ ) *a.* Unbecoming. અણ-[છાજતું.
અઘટિત,—જુઓ અઘટતું.
અઘડ, ( સીલી ) *a.* Silly. મૂર્ખ.
અઘણ, ( રીફ્યુસ ) *n.* Refuse. અઘવું તે; મળ.
અઘરણી, ( ફર્સ્ટ પ્રેગનન્સી ) *n.* First pregnancy. પહેલવહેલો ગર્ભ રહેવો તે-તેને લગતી ક્રિયા.
અઘરું, ( ડીફીકલ્ટ ) *a.* Difficult. મુશ્કેલ.
અઘવું, ( ડીસ્ચાર્જ સ્ટુલ ) *vt.* Discharge stool. મળત્યાગ કરવો.
અઘાટ, ( અનકંડીશનલ ) *a.* Unconditional. [બીનશરતી.

અઘાર, ( રીફ્યુસ ઓફ બર્ડ્ઝ ) *n.* Refuse of birds. પક્ષીઓનો મળ.
અઘોર, ( હોરીબલ ) *a.* Horrible. અતિ ભયાનક.
અઘોરવિદ્યા, ( બ્લેક મેજીક ) *n.* Black magic. મેલી વિદ્યા; જાદુ. [ ગંદુ.
અઘોરી,(આઇડલ) *a.* Idle. એદી. ( ડર્ટી ) *a.* Dirty.
અઘોષ, ( સાયલન્ટ ) *a.* Silent. અવાજ વગરનું.
અચકન, ( કોટ ) *n.* Coat. ઉત્તર હિન્દુસ્થાનમાં પહેરાતો લાંબો ડગલો.
અચકમચક, ( સડન ) *a.* Sudden. ઓચિંતું.
અચકાવું, ( હેસીટેટ ) *vt.* Hesitate. ખમચાવું.
અચકામણ, ( હીન્ડ્રન્સ ) *n.* Hindrance. નડતર.
અચકવું, —જુઓ અચકાવું.
અચકોમચકો, ( કોકેટરી ) *n.* Coquettery. લહેકો. ( સ્ત્રીઓનો ) [ ઓચિંતું.
અચબુચ, ( અનએક્સ્પેક્ટેડ ) *prep.* Unexpected.
અચરજ, ( સરપ્રાઇઝ ) *n.* Surprise. નવાઇ.
અચલ, ( ફર્મ ) *a.* Firm. અડગ.
( માઉન્ટન ) *n.* Mountain. પર્વત.
અચળ, ( ફર્મ ) *a.* Firm. દૃઢ; સ્થિર.
અચલપદ, ( સાલ્વેશન ) *n.* Salvation. મોક્ષ.
અચલા, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી. [ નહિ એવું;સ્થિર.
અચલિત, ( અનવેવરીંગ ) *a.* Unwavering. ચાંલત
અચંબો, ( સરપ્રાઈઝ ) *n.* Surprise. નવાઈ.
અંચાનક, ( સડનલી ) *ad.* Suddenly. એકાએક.

અચાર, ( પીકલ ) *n.* Pickle. અથાણું.
અચૂક, ( વીધાઉટ ફેઇલ ) *ad.* Without fail. ચૂકે નહિ એવું. [ બેભાન; જડ.
અચેતન, ( અનકૉન્શ્યશ ) *a.* Unconscious.
અચેતના,( અનકૉન્શ્યશનેસ ) *n.* Unconsciousness.
અચેષ્ટ,—જુઓ અચેતન. [ મૂર્છા.
અચો, ( માસ ) *n.* Mass. જથો; જમાવ.
અચ્છિન્ન, ( હોલ ) *a.* Whole. સંપૂર્ણ; અખંડ.
અચ્છિન્નધારા, ( સ્ટ્રીમ ફ્લોઇંગ કન્ટીન્યુઅસલી ) *n.* Stream flowing continuously. સતત વહેતું
અચ્છું, ( વેલ ) *a.* Well. સારૂં. [ ઝરણું-ધારા.
અચ્છેર, ( હાફ આ સીયર ) *a.* & *n.* Half a seer.
અચ્યુત,(સ્ટેબલ) *a.* & *n.* Stable. નિશ્ચલ. [અડધો શેર.
અચ્યુતાનંદ,( ગૉડ )*n.* God. ઇશ્વર-જે અખંડ આનંદ ભોગવે છે તે.
અછડ, ( ટચીંગ ઓન્લી ધ સરફેસ ) *a.* Touching only the surface. માત્ર સપાટીને અડકીને પસાર
અછત, ( વોન્ટ ) *n.* Want. તંગી. [ થઇ જતું.
અછતું, ( સીક્રેટ ) *a.* Secret. ગુપ્ત.
અછબડા, ( ચીકનપોક્ષ ) *n.*Chicken-pox. એક રોગ-જેમાં શરીર પર આછી આછી ફોલ્લીઓ નીકળે છે.
અછવાવું, ( વીધર ) *vt.* Wither. કરમાવું.
અછીપ, ( અનક્વેંચેબલ ) *a.* Unquenchable. છીપે નહિ-તૃપ્ત ન થાય એવું. [ અસ્પૃશ્ય.
અછૂત, ( અનટચેબલ ) *a.* & *n.* Untouchable

અછોઅછો કરવું, ( ફોન્ડલ્ )*vt.* Fondle. લાડ લડાવવાં.
અછોડો, ( ચેન્ ) *n.* Chain. સાંકળી (ઘડીઆળની).
અજ, ( અનબોર્ન ) *a.* Unborn. નહિ જન્મેલું. (ગોટ્) *n.* Goat. બકરો. ( ક્યુપીડ્ ) *n.* Cupid. કામદેવ. ( મુન્ ) *n.* Moon. ચંદ્રમા. [ મોટો સાપ.
અજગર, ( રેપ્ટાઈલ્ ) *n.* Reptile. એક જાતનો જાડો
અજપતિ, ( શેફર્ડ ) *n.* Shepherd. ભરવાડ.
અજપાલ, —જુઓ અજપતિ.
અજબ, ( સરપ્રાઈઝીંગ્ ) *a.* Surprising. આશ્ચર્યકારક.
અજમાયશ, ( ટેસ્ટ્ ) *n.* Test. પરિક્ષા; અજમાવી
અજમાવવું, ( ટેસ્ટ્ ) *vt.* Test. તપાસી જોવું. [જોવું તે.
અજય, (અનકોંકરેબલ્) *a.* Unconquerable. ન જિતાય એવું. [ વિનાનું.
અજરામર, ( ઇમમોરટલ્ ) *a.* Immortal. જન્મ મરણ
અજલ, ( એન્ડ્ ) *n.* End. અંત. ( ડેથ ) *n.* Death. મોત.
અજવાળવું, ( ક્લીન્સ્ ) *n.* Cleanse. માંજવું. (લાઇટન્ ) *vt.* Lighten. અજવાળુ કરવું.
અજવાળું, ( લાઇટ્ ) *n.* Light. પ્રકાશ.
અજંપો, ( ડીસકંફર્ટ ) *n.* Discomfort. અશાંતિ.
અજાણ, (ઇગ્નરંટ્ ) *a.* Ignorant. માહિતગાર નહિ તે.
અજાણતાં, (અનકોંશ્યશલી ) *ad.* Unconsciously. બેસમજથી. [ અપરિચીત.
અજાણ્યું, ( સ્ટ્રેન્જ–ર્ ) *a.* & *n.* Strange–r.
અજાયબ, (સરપ્રાઈઝીંગ્ ) *a.* Surprising. આશ્ચર્યકારક.

અજાયબઘર, ( મ્યુઝીઅમ્ )*n.* Musuem. સંગ્રહસ્થાન.
અજિત, અજેય, ( અનકોંકરેબલ્ )*a.* Unconquerable. ન જિતાય એવું.
અજીઠું, ( પોલ્યુટેડ્ ) *a.* Polluted. એઠું.
અજીરણ, ( ઇનડાઇજેશન્ ) *n.* Indigestion. અપચો.
અજુગતું, ( અનવર્ધી ) *a.* Unworthy. અઘટિત.
અજોડ, ( અનપેરેલલ્ ) *a.* Unparallel. અદ્વિતીય.
અજ્ઞાત, ( સીક્રેટ્ ) *a.* Secret. ગુપ્ત.
અજ્ઞાતવાસ, ( સીકલ્યુઝન્ ) *n.* Seclusion. ગુપ્તવાસ.
અજ્ઞાન, ( ઇગ્નરંસ્ ) *n.* Ignorance. જ્ઞાનનો અભાવ.
અજ્ઞાની, ( સીલી ) *a.* Silly. મૂર્ખ.
અટક, ( સરનેમ્ ) *n.* Sirname. અડક. (કસ્ટડી) *n.* Custody. કાચી કેદ.
અટકચાળું, ( પ્રીક્ ) *a.* & *n.* Prick. અડપલું.
અટકણ, ( સપોર્ટ ) *n.* Support. ટેકો.
અટકવું, ( સ્ટોપ્ ) *n.* Stop. થોભવું.
અટકળ, ( પ્રીઝમ્પશન્ ) *n.* Presumption. ધારણા.
અટકાવવું, ( સ્ટોપેજ્ ) *n.* Stoppage. અટકાવવું તે.
અટપટું, ( પરપ્લેક્ષીંગ્ ) *a.* Perplexing. ગુંચવણભર્યું.
[ ગુંચવાવું.
અટવાવું, ( બી એન્ટેન્ગલ્ડ્ ) *vt.* Be entangled.
અટાણે, ( જસ્ટ નાઉ ) *ad.* Just now. હમણાં.
અટાપટા, ( સ્ટ્રાઇપ્સ્ ) *n.* Stripes. સીધા લીટા.
અટારી, ( બાલ્કની ) *n.* Balcony. ઝરૂખો; છજું.
અઠ્ઠલ, ( એક્ષપર્ટ ) *a.* Expert. પ્રવિણ.

અટ્ટહાસ્ય, (હાર્ટી લાફ) *n.* Hearty laugh, ખડખડાટ હસવું તે.
અડવાડિક, ( વીકલી ) *n.* Weekly. સાપ્તાહિક.
અડવાડિયું, ( વીકલી ) *n.* Week. સપ્તાહ.
અઠંગ, ( માસ્ટર ) *a.* & *n.* Master. ઉસ્તાદ.
અઢિંગણ, ( સપોર્ટ ) *n.* Support ટેકો; તકીઓ.
અઠીક, ( અનવેલ્ ) *a.* Unwell. અસ્વસ્થ.
અઠ્ઠાણુ, ( નાઇન્ટી એઈટ્ ) *a.* Ninety eight. ૯૮.
અઠ્ઠાવન, ( ફીફ્ટી એઈટ્ ) *a.* Fifty eight. ૫૮.
અઠ્ઠાવીસ, ( ટવેન્ટી એઈટ્ ) *a.* Twenty eight. ૨૮.
અઠ્ઠોતેર, (સેવન્ટી એઈટ્ ) *a.* Seventy eight. ૭૮.
અઠ્ઠાશી, ( એઇટી એઇટ્ ) *a.* Eighty eight. ૮૮.
અડક, (સરનેમ) *n.* Sirname. અટક.
અડકવું, ( ટચ્ ) *vt.* Touch. સ્પર્શ કરવો.
અડકાવું, ( મેન્સ્યુરેટ્ ) *vt.* Mensurate. છેટે બેસવું.
અડકોદડકો, ( ગેમ ) *n.* Game. એક રમત.
અડગ, ( ફર્મ ) *a.* Firm. દૃઢ.
અડચણ, (હીન્ડ્રન્સ્ ) *n.* Hindrance. હરકત; વાંધો.
અડતાલીસ, ( ફોર્ટી એઈટ્ ) *a.* Forty eight. ૪૮.
અડધ, અડધું, (હાફ્) *a.* Half. અડધું; અર્ધું.
અડધુંપડધું, ( સમવોટ્ ) *a.* Somewhat. થોડુંઘણું.
અડીનું, ( નીયર્ ) *a.* Near. નજીકનું.
અડપલું, ( મીસ્ચીફ ) *n.* Mischief. તોફાન.
અડફેટ, ( કોલીઝન ) *n.* Collision. અડફેટ; અથડામણ.
અડબડીયું, ( ફોલ્ ) *n.* Fall. લથડીયું.

અડબંગ, ( ફૂલ ) *n.* Fool. મૂર્ખ.
અડબોથ, ( સ્લેપ ) *n.* Slap. ધોલ.
અડવાળવું, ( મીક્ષ) *vt.* Mix. મિશ્રણ કરવું.
અડવું, ( ઑકવાર્ડ ) *a.* Awkward.બેહુદું.(ટચ્)*vt.* Touch. સ્પર્શ કરવો.
અડસટ્ટો, (એસ્ટીમેટ્ ) *n.* Estimate. અંદાજ.
અડસઠ, ( સીક્સ્ટી એઈટ્ ) *n.* Sixty eight. ૬૮.
અડાવવું, ( સ્કોલ્ડ્ ) *vt.* Scold. ધમકાવવું.
અડાળી, (ઓપન સ્પેસ્ )*n.*Open space.છુટી ઓસરી.
અડિઅલ, ( ઓબસ્ટીનેટ્ ) *a.* Obstinate. હઠીલું.
અડીવેળા, (ક્લાઈમેક્ષ) *n.* Climax. કટોકટીનો સમય.
અડોશી પડોશી, ( નેબર ) *n.* Neighbour. પાડોશી.
અડ્ડો, ( મીટીંગ પ્લેસ્ ) *n.* Meeting place. એકઠા થવાની જગ્યા.
અઢળક, (પ્લેન્ટી) *a.* Plenty. પુષ્કળ.
અઢેલવું, ( લીન ઓન્ ) *vt.* Lean on. ટેકો દેવો.
અણ, ( નેગેટીવ પ્રીફીક્ષ ) Negative prefix. નકારવાચક ઉપસર્ગ. [ અપ્રિય.
અણગમતું, ( અનપ્લીઝીંગ્ ) *n.* Unpleasing.
અણગમો, ( ડીસગસ્ટ ) *n.* Disgust. કંટાળો.
અણઘડ, ( રૉ ) *a.* Raw. કેળવ્યા વિનાનું.
અણચિંતવ્યું, ( સડનલી )*ad.* Suddenly. ઓચિંતું.
અણછુટકે, ( પરફોર્સ) *ad.* Perforce. પરાણે.
અણદીઠ, ( અનસીન ) *a.* Unseen. દીઠેલું નહિ તેવું.
અણબનાવ, ( ક્વૉરલ્ ) *n.* Quarrel. કજીઓ.

અણમાનીતું, (અનફેવરેટ્) *a.* Unfavourite. માનીતું નહિ એવું.
અણમુલ, (પ્રાઇસલેસ) *a.* Priceless. અમુલ્ય.
અણવર, (બેસ્ટ મેન્) *n.* Best man. વરનો સોબતી.
અણવાકેફ, (અનઈન્ફોર્મ્ડ) *n.* Uninformed. વાકેફ નહિ એવું; અજાણ. [વિચાર્યું.
અવિચાર્યું, (થોટલેસ) *a.* Thoughtless. વગર
અણવિશ્વાસ, (વોન્ટ ઓફ ફેઇથ્) *n.* Want of faith. અવિશ્વાસ. [standing. ગેરસમજ.
અણસમજ, (મીસઅન્ડરસ્ટેન્ડીંગ્) *n.* Misunder-
અણસાર, (સીમીલારીટી) *a.* Similarity. મળતા-
અણસારો, (સાઈન્) *n.* Sign. ઈશારો. [પણાનો અંશ.
અણસૂંઘ્યું, (ફ્રેશ) *a.* Fresh. તાજું.
અણિદાર, અણિવાળું, (પોઈન્ટેડ્) *n.* Pointed.
અણિશુદ્ધ, (હોલ) *a.* Whole. સંપૂર્ણ. [અણીવાળું.
અણુ, (એટમ્) *n.* Atom. રજ.
અણુજો, (હોલીડે) *n.* Holiday. રજાનો દિવસ.
અતએવ, (ધેરફોર) *prep.* Therefore. તેથી.
અતડું, (રીઝર્વડ) *a.* Reserved. ભળી ન જાય એવું.
અતર્ક્ય, (અનઈમેજીનેબલ) *a.* Unimaginable. જે તર્કમાં પણ ન આવે તેવું.
અતલ, (ફેધમલેસ) *a.* Fathomless. તળીઆ વિનાનું.
અતઃ, (હેન્સ્) *prep.* Hence. આજથી.
અંતાગ, (બોટમલેસ) *a.* Bottomless. બહુ જ ઉંડું.
અતિ, (વેરી મચ્)*a.* Very much. ઘણું.

અતિથિ, ( ગેસ્ટ ) *n.* Guest. મહેમાન.
અતિદૂર, ( વેરી ફાર્ ) *ad.* Very far. ઘણે દૂર.
અતિરેક, ( એક્સેસ્ ) *n.* Excess. અતિશયતા.
અતિશય, ( ટૂ મચ્ ) *ad.* Too much. ઘણું જ.
અતિશયોક્તિ, ( એક્ઝાજરેશન ) *n.* Exaggeration. વધારીને બોલવું તે.
અતિસાર, ( ડાયેરીઆ ) *n* Diarrhea. સંગ્રહણી.
અતીત, ( એસેટીક ) *n.* Ascetic. વેરાગી. [ ઘણું જ.
અતુલ, (અનસરપાસીંગ્ )*a.* Unsurpassing. અનુપમ;
અતૂટ, ( કંપલીટ્ ) *a.* Complete. સળંગ.
અતૃપ્ત, (હંગ્રી) *a.* Hungry. ભૂખ્યું.
અત્તર, ( સેન્ટ્ ) *n.* Scent. સુગંધીદાર પદાર્થનો અર્ક.
અત્તરઘડી, અત્તરદાની, (જસ્ટ નાઉ) *ad.* Just now.
અત્યંત, ( ટૂ મચ્ )*a.*Too much. ઘણું જ. [હમણાં જ.
અત્યાચાર, ( મોલેસ્ટેશન )*n.* Molestation. બળાત્કાર.
અત્યારે, ( નાઉ ) *ad.* Now. હમણાં.
અત્યુત્તમ. ( એક્સેલંટ્ ) *a.* Excellent. શ્રેષ્ઠ
અત્ર, ( હીયર્ ) *ad.* Here. અહિં.
અથડામણ, ( કવૉરલ ) *n.* Quarrel. તકરાર.
અથડાવું, ( કોલાઈડ્ )*vt.*Collide. ટીચાવું. (વૉન્ડર) *vt.* Wander. રખડવું.
અથવા, ( ઑર) *prep.* Or. કિંવા.
અથાગ, ( લીમીટલેસ્ ) *a.* Limitless. પાર વિનાનું.
અથાણું, ( પીકલ્ ) *n.* Pickle. મીઠા કે મસાલામાં આથી રાખેલાં ફળ, મૂળ, ઈ.

અદકું, ( મોર્ ) *a.* More. વધારે.
અદક્ષ, ( અનવર્ધી ) *a.* Unworthy. અકુશળ.
અદત્તા, ( મેઇડન ) *n.* Maiden. કુંવારી કન્યા.
અદના, ( ટ્રાઇફલ્ ) *a.* Trifle. રંક.
અદબ, ( મેનર્ ) *n.* Manner. વિવેક.
અદરાવું, ( બીટ્રોથ્ ) *vt.* Betrothe. સગાઇ કરવી.
અદલ, ( જસ્ટ્ ) *a.* Just. ખરૂં.
અદલાબદલી, ( એકસચેન્જ ) *n.* Exchange. ફેર-[બદલી.
અદાવત, ( રીવેન્જ્ ) *n.* Revenge. વેર.
અદાલત, ( કોર્ટ ) *n.* Court. કચેરી.
અદીઠ, અદૃશ્ય, ( અનસીન)*a.* Unseen. જોઈ ન શકાય [તેવું.
અદેખાઈ, ( જેલસી ) *n.* Jealousy. ઈર્ષા.
અદભૂત, ( વન્ડરફુલ્ ) *a.* Wonderful. આશ્ચર્યકારક.
અદ્યાપી, ( ઈવન નાઉ ) *prep.* Even now. હજી પણ.
અદ્રાવ્ય, ( અનસૉલ્યુબલ ) *a.* Unsoluble. ઓગાળી ન શકાય તેવું.
અદ્વિતીય, ( અનપેરેલલ્ ) *a.* Unparallel. અજોડ.
અદ્વૈત, ( યુનીટી ) *n.* Unity. એકતા.
અદ્વૈતવાદ, ( મેટાફીઝીકસ્ )*n.* Metaphysics. વેદાંત.
અધખોલું,(હાફ્ ઓપન્)*a.* Halfopen. અરધું ઉઘાડું.
અધધધ, ( એકસપ્રેશન ઓફ સરપ્રાઈઝ્ ) Expression of surprise. આશ્ચર્ય દર્શાવનાર ઉદ્ગાર.
અધમ, ( મીન્ ) *a.* Mean. નીચ.
અધમતા, ( મીનનેસ્ ) *n.* Meanness. નીચતા.
અધર, ( લોવર લીપ્ ) *n.* Lower lip. નીચલો હોઠ.

( લોઅર ) *a.* Lower. નીચેનું.
અદ્ધર, ( હેંગીંગ્ ) *a.* Hanging. લટકતું.
અધરપાન, ( કીસ્ ) *n.* Kiss. ચુંબન.
અધરાત, ( મીડનાઇટ્ ) *n.* Midnight. મધરાત.
અધર્મ, ( સીન્ ) *n.* Sin. પાપ. [વચમાં.
અધવચ, ( ઈન ધ મીડલ્ ) *prep.* In the middle.
અધવારવું, ( ડુ ઇન્ટુ હાવ્ઝ્ ) *vt.* Do into halves. અડધું કરવું.
અધઃપાત, ( ડાઉનફૉલ ) *n.* Downfall. અધોગતિ.
અધાર્મિક, ( અનરીલીજીયસ્ ) *a.* Unreligious. ધાર્મિક નહિ તેવું.
અધિ, ( પ્રીફીક્સ શોઇંગ સુપીરીઓરીટી ) Prefix showing superiority. ઉપરીપણું બતાવતો ઉપસર્ગ.
અધિક, ( મોર્ ) *a.* More. વધારે.
અધિકમાસ, ( એડીશનલ મંથ્ ) *n.* Additional month. વધારાનો મહિનો; પુરૂષોત્તમ માસ.
અધિકાર, (ઑથોરીટી) *n.* Authority. સત્તા. (સ્ટેટસ) *n.* Status. પદવી. ( રાઇટ્ ) *n.* Right. હક.
અધિકારી, ( ઓફીસર્ ) *n.* Officer. અમલદાર. ( રાઇટફુલ્ ) *a.* Rightful. હકદાર.
અધિપતિ, ( એડીટર્ ) *n.* Editor. તંત્રી.
અધિષ્ઠાતા, ( ચાન્સેલર્ ) *n.* Chancellor. નિયામક.
અધીન, ( સબોર્ડીનેટ્ ) *a.* Subordinate. તાબેદાર.
અધીરાઈ, ( ઇમ્પેશન્સ્ ) *n.* Impatience. અધીરાપણું.
અધૂકડું, ( અનસ્ટેબલ્ ) *n.* Unstable. અસ્થિર.

અધૂરૂં, ( ઈનકંપલીટ્ ) *a.* Incomplete. અપૂર્ણ.
અધો, ( ડાઉન્ ) *prep.* Down. નીચે.
અધોગતી, ( ડાઉનફૉલ ) *n.* Downfall. અવનતિ.
અધોદ્વાર, ( એનસ્ ) *n.* Anus. ગુદા; મળદ્વાર.
અધોળ, ( આઉંસ્ ) *n.* Ounce. અઢી રૂપીઆભાર.
અદ્ધર, ( અનસપોર્ટેડ્ )*a.* Unsupported. આધાર વગરનું.
અધ્યક્ષ, ( પ્રૅસીડેન્ટ્ ) *n.* President. પ્રમુખ.
અધ્યયન, ( સ્ટડી ) *n.* Study. ભણવું તે.
અધ્યાત્મવિદ્યા, ( ફીલોસોફી )*n.* Philosophy. વેદાંત.
અધ્યાપક, ( પ્રોફેસર્ ) *n.* Professor. શિક્ષક.
અધ્યાત્મિક. ( સ્પીરીચ્યુઅલ્ ) *a.* Spiritual. અધ્યાત્મને લગતું.
અધ્યાપન મંદિર, ( ટ્રેયનીંગ સ્કુલ્ ) *n.* Training school. શિક્ષકોને તાલીમ આપવાની શાળા.
અધ્યાપિકા, ( ફીમેલ ટીચર્ ) *n.* Female teacher. [શિક્ષિકા.
અધ્યાય ( ચેપ્ટર્ ) *n.* Chapter. પ્રકરણ.
અધ્યારૂ, ( પ્રીસ્ટ્ ) *n.* Priest. ધર્મગુરૂ.
અધ્યેતા, ( ફેલો ) *n.* Fellow. વિશિષ્ટ વિદ્યાભ્યાસ કે સંશોધન માટે વિદ્યાપીઠ તરફથી અમુક વેતન સાથે ચુંટાયલો સ્નાતક. [અધ્યેતા.
અધ્યેત્રી, ( ફીમેલ ફેલો ) *n.* Female fellow. સ્ત્રી
અન્ ,( નેગેટીવ પ્રીફીક્ષ્ ) Negative prefix. નિષેધવાચક ઉપસર્ગ.
અનક્ષર, (અનએડયુકેટેડ્ ) *a.* Uneducated. અભણ.
અનધિકારી, ( અનવર્ધી ) *a.* Unworthy. અપાત્ર.

અનનાસ, ( ફ્રુટ્ ) *a.* A fruit. એક પ્રકારનું ફળ.
અનન્ય, ( સીંગ્યુલર્ ) *a.* Singular. અજોડ.
અનભ્ર, ( રેશ્ ) *a.* Rash. ઉદ્ધત.
અનર્થ, ( ઓપ્રેશન્ ) *n.* Oppression. જુલમ.
અનલ, ( ફાયર્ ) *n.* Fire. અગ્નિ. ( એન્ગર્ ) Anger. ગુસ્સો.
અનવરત, ( કન્ટીન્યુઅસ્ ) *a.* Continuous. સતત; [નિરંતર.
અનશન, ( ફાસ્ટ્ ) *n.* Fast. ઉપવાસ.
અનશ્વર, ( ઇમમોરટલ્ ) *a.* Immortal. સ્થાયી.
અનહદ, ( લીમીટલેસ્ ) *a.* Limitless. બેહદ.
અનંગ, ( કયુપીડ્ ) *n.* Cupid. કામદેવ.
અનંત, ( ઇનડેફીનેટ્ ) *a.* Indefinite. અપાર.
અનંતકોટી,(ઈનન્યુમરેબલ્)*a.*Innumerable.અસંખ્ય.
અનાકર્ષક, ( અનએટ્રેકટીવ્ ) *a.* Unattractive. આકર્ષક નહિ તેવું.
અનાકાર, ( શેપલેસ્ ) *a.* Shapeless. આકાર વિનાનું.
અનાચાર, ( મીસડીડ ) *n.* Misdeed. દુરાચાર; અધર્મ.
અનાજ, ( કોર્ન ) *n.* Corn. ધાન; દાણા.
અનાડી, ( રસ્ટીક ) *a.* Rustic. ગમાર; મૂર્ખ.
અનાથ, ( ઓરફન્ ) *a.* Orphan. નિરાધાર.
અનાથાશ્રમ,( ઓરફનેજ્ ) *n.* Orphanage. અનાથોને પાળી પોષી કેળવનાર સંસ્થા.
અનાદર, ( ઈનસલ્ટ્ ) *n.* Insult. અપમાન.
અનાધાર, ( ઓર્ફન્ ) *a.* Orphan. અનાથ.
અનામત, ( ડીપોઝીટ્ ) *n.* Deposit. થાપણ.

અનામિકા, ( રીંગ્ ) *n.* Ring. વીંટી.
અનામી, ( નેમલેસ્ ) *a.* Nameless. નામ વિનાનું.
અનાયાસે, ( ઈઝીલી ) *ad.* Easily. સહેજે.
અનાર, ( પોમેગ્રેનેટ્ ) *n.* Pomegranate. દાડમ.
અનારોગ્ય, ( સીકનેસ્ ) *n.* Sickness. માંદગી.
અનાર્ય, ( મેનરલેસ્ ) *a.* Mannerless. અસભ્ય.
અનાવૃત, ( અનપ્રોટેક્ટેડ્ ) *a.* Unprotected. અરક્ષિત.
અનાવૃષ્ટિ, ( ફેમીન્ ) *n.* Famine. દુકાળ.
અનાહાર, ( ફાસ્ટ્ ) *n.* Fast. ઉપવાસ.
અનિચ્છા, ( વોન્ટ્ ઓફ્ ડીઝાયર ) *n.* Want of desire. ઈચ્છાનો અભાવ.
અનિત્ય, ( વેરીએબલ્ ) *a.* Variable. વિકારી.
અનિદ્રા, ( સ્લીપલેસનેસ્ ) *n.* Sleeplessness. ઉંઘનો અભાવ.
અનિમેષ, ( સ્ટેરીંગ્ ) *a.* Staring. પલકારા વિનાનું.
અનિયત, (અનડીસાઈડેડ્)*a.* Undecided. અનિશ્ચીત.
અનિયમ, ( ડીસઑર્ડર્ ) *n.* Disorder. અવ્યવસ્થા.
અનિયંત્રિત, ( અનકંટ્રોલ્ડ્ ) *a.* Uncontrolled. [ નિરંકુશ.
અનિલ, ( વીન્ડ્ ) *n.* Wind. પવન.
અનિવાર્ય, ( અનએવોઇડેબલ્ ) *a.* Unavoidable. નિવારી ન શકાય તેવું.
અનિશ્ચીતતા, (અનડીસાઇસીવનેસ્) *n.* Undecisiveness. નિશ્ચીત નહિ એવી પરિસ્થિતિ.
અનિષ્ઠ, ( ઈલ્ ) *a.* Ill. બુરૂં.
અનિષ્ટકર, ( હાર્મફુલ્ )*a.* Harmful. અનિષ્ઠ કરનારૂં.

અનીતિ, ( ઇમમોરાલીટી )*n*. Immorality. દુરાચરણ.
અનાતિમાન, ( ઈમમોરલ ) *a*. Immoral. દુરાચરણી.
અનીશ્વર, ( ગોડલેસ ) *a*. Godless. ઈશ્વર વિનાનું.
અનીશ્વરવાદ, ( એથીઈઝમ્ ) *n*. Atheism. ઇશ્વર નથી એવો વાદ. [ showing behind. ઉપસર્ગ.
અનુ, (પ્રીફીકસ્ શૌઈંગ બીહાઈન્ડ્) *prep*. Prefix
અનુકરણ, ( ઈમીટેશન્ ) *n*. Imitation. નકલ.
અનુકરણશીલ, ( ઇમીટેટીવ્ )*a*. Imitative.અનુકરણ કરવાના વલણવાળું. [ અનુકરણ કરવા યોગ્ય.
અનુકરણીય,(વર્થ ઈમીટેશન્ )*a*. Worth imitation.
અનુકરવું, (ઈમીટેટ્) *vt*. Imitate. અનુકરણ કરવું.
અનુકંપા, ( સીંપથી ) *n*. Sympathy. સહાનુભુતિ.
અનુકૂળ, ( કનવીનીયંટ્ ) *a*. Convinient. રૂચતું.
અનુકૂળતા, ( કનવીનીયંસ્ ) *n*. Convinience. રૂચી-
અનુકૃતિ, (કોપી) *n*. Copy. નકલ. [ કરતા.
અનુકોણ,( કોરસ્પોન્ડીંગ એંગલ્ )*n*.Corresponding angle. સમપ્રકારનો બીજો કોણ.
અનુક્ત, ( અંડરસ્ટુડ ) *a*. Understood. અધ્યાહાર.
અનુક્રમ, ( ઓર્ડર ) *n*. Order. શ્રેણી. ( સીસ્ટમ્ ) *n*. System. પદ્ધતિ.
અનુક્રમણિકા, ( ઈંડેક્ષ ) *n*. Index. સાંકળીયું.
અનુક્રમાંક, ( ઓર્ડર ઓફ મેરીટ્ ) *n*. Order of merit. ક્રમ પ્રમાણે આવતો આંક.

અનુગમન, ( એકટ ઓફ ફોલોઈંગ્ ) n. Act af following. અનુસરણ; પાછળ જવું તે. [ કરનાર.
અનુગામી, ( ફોલોઅર્ ) n. Follower. અનુગમન
અનુગુણ, ( મેચીંગ્ ) a. Matching. અનુરૂપ.
અનુગ્રહ, ( ઓબ્લીગેશન્ ) n. Obligation. ઉપકાર.
અનુચર, ( સરવંટ્ ) n. Servant. નોકર. [ નોકરડી.
અનુચરી, ( ફીમેલ સરવંટ્ ) n. Female servant.
અનુચીત, ( અનવર્ધી ) a. Unworthy. અયોગ્ય.
અનુજ, ( યંગર બ્રધર્ ) n. Younger brother. નાનો ભાઈ. [ નાની બેન.
અનુજા, ( યંગર સીસ્ટર્ ) n. Younger sister.
અનુજીવી, ( ડીપેન્ડન્ટ્ ) a. Dependent. આશ્રિત.
અનુજ્ઞા, ( પરમીશન્ ) n. Permission. પરવાનગી.
અનુતાપ, ( રીપેન્ટન્સ્ ) n. Repentance. પશ્ચાતાપ.
અનુત્પાદક, ( બેરન્ ) a. Barren. વાંઝીયું.
અનુત્સાહ,(ડીસએપોઈન્ટમેન્ટ્) n. Disappointment. નાઉમેદી. [ સાંકડા મનનું.
અનુદાર, (નેરોમાઈન્ડેડ ) a. Narrow minded.
અનુદિન, ( ડેઇલી ) ad. Daily. હરરોજ. [ધર્મ વાળું.
અનુધાર્મિક, ( સીમીલર્ ) a. Similar. સરખા ગુણ-
અનુધાવન, ( ચેઝીંગ્ ) n. Chasing. પુંઠ પકડવી તે.
અનુધ્વનિ, ( ઇકો ) n. Echo. પડઘો.
અનુનાસિક, ( નેઝલ્ )a. Nasal. નાકમાંથી ઉચ્ચારાતું.
અનુપમ, ( સુપીરીયર્ ) a. Superior. સર્વોત્તમ.
અનુપયોગી, (યુઝલેસ્) a. Useless. નકામું.

**અનુપાન,** ( ડાયટ્ ) *n.* Diet. ઔષધિની સાથે લેવાતી તેને મદદરૂપ વસ્તુ.
**અનુપૂર્તિ,** (એડીશન્ ) *n.* Addition. ઉમેરો.
**અનુપ્રાસ,** ( એલિટરેશન. ) Allitration. ઝડઝમક; એકનો એક અક્ષર જેમાં વારંવાર આવે એવો શબ્દાલંકાર.
**અનુબંધ,** ( મ્યુચ્યુલ રીલેશન્ ) *n.* Mutual relation. પરસ્પર સંબંધ.
**અનુભવ,** (એક્ષપીરીયંસ્ )*n.* Experience. પ્રત્યક્ષ જ્ઞાન.
**અનુભવવું,** ( એક્ષપીરીયંસ્ ) *vt.* Experience. અનુભવ કરવો. [ અનુભવવાળું.
**અનુભવા,** ( એક્ષપીરીયંસ્ડ્ ) *a.* Experienced.
**અનુમતિ,** ( કન્સેન્ટ્ ) *n.* Consent. સંમતિ.
**અનુમાન,** ( પ્રીઝમશન્ ) *n.* Presumption. અટકળ.
**અનુમોદન,** ( સપોર્ટ ) *n.* Support. ટેકો. [ વ્યક્તિ.
**અનુયાયી,** ( ફોલોઅર્ ) *n.* Follower. અનુસરનાર
**અનુરક્ત,** ( ઇમર્સ્ડ્ ) *a.* Immersed. આસક્ત.
**અનુરંજક,** ( પ્લીઝીંગ્ ) *a.* Pleasing. ખુશ કરનારૂં.
**અનુરાગ,** ( એટ્રેકશન્ ) *n.* Attraction. આસક્તિ
**અનુરૂપ,** ( લાઇક્ ) *a.* Like. ના જેવું.
**અનુરોધ,** ( એકટ ઓફ બીસીચીંગ્ ). *n.* Act of beseeching. આગ્રહભરી વિનંતી.
**અનુલક્ષવું,** ( બેર ઈન માઈંડ ) *vt.* Bear in mind.* લક્ષમાં રાખવું. [ કરવો તે.
**અનુલેખન,** ( ડાકટેશન્ ) *n.* Dictation. ઉતારો
**અનુલ્લંઘન,** ( ઑબીડીયંસ ) *n.* Obedience. પાલન.

અનુવર્તવું, (ફોલો) *vt.* Follow. અનુસરણ કરવું.
અનુવાદ, (ટ્રાન્સલેશન) *n.* Translation. ભાષાંતર.
અનુવાદક, (ટ્રાન્સલેટર) *n.* Translator. અનુ-
વાદ કરનાર.
અનુશાસન, (રૂલ) *n.* Rule. નિયમ. [અભ્યાસ.
અનુશીલન, (ડીપ સ્ટડી) *n.* Deep study. ઉંડો
અનુષ્ટુપ, (એ મીટર) *n.* A meter. એક છંદ.
અનુષ્ઠાન, (પ્રીએમ્બલ) *n* Preamble. પૂર્વતૈયારી.
અનુસરવું, (ફોલો) *n.* Follow. પાછળ પાછળ જવું.
અનુસંધાન, (કન્ટીન્યુએશન) *n.* Continuation.
આગળની વસ્તુ સાથે સંધાન કરવું તે.
અનુસાર, (એકોર્ડીંગ) *prep.* According. પ્રમાણે.
અનુસ્મરણ (રીમેમ્બરંસ) *n.* Remembrance.
વારંવાર યાદ કરવું તે.
અનૂઢા, (મેઈડન) *n.* Maiden. કુંવારી કન્યા.
અને, (એન્ડ) *prep.* And. ને; તથા.
અનેક, (મેની) *a.* Many. બહુ.
અનેકદેવવાદ, (પોલીથીઈઝમ) *n.* Polytheism.
દેવો અનેક છે તેવો વાદ. [રીતે.
અનેકધા, (મેનીફોલ્ડ) *prep.* Manifold. અનેક
અનેકપત્નિત્વ, (પોલીગામી) *n* Polygamy. અનેક
પત્નિઓ હોવી તે. [અનેક પદ વાળું.
અનેકપદી, (મલ્ટીનોમીઅલ) *a.* Multinomial.
અનેરૂં, (ડીફરંટ) *a.* Different. જુદું.

અનૈતિહાસિક, ( અનહિસ્ટોરીકલ )*a.*Unhistorical. ઐતિહાસીક નહિ એવું.
અનોખું, ( ડીફરંટ્ ) *a.* Different. અનેરૂં.
અન્ન,(ફુડ્)*n.*Food. રાંધેલો ખોરાક. [ આશ્રય આપનારૂં.
અન્નદાતા, ( ગીવીંગ શેલ્ટર્ ) *a.* Giving shelter.
અન્નવસ્ત્ર, ( મેઈન્ટેનન્સ્ )*n.* Maintainance.ખોરાકી-
અન્નાશય,(બેલી)*n.* Belly. જઠર; પેટ. [ પોશાકી.
અન્ય, (અનધર) *a.* Another. બીજું.
અન્યગામી, ( ડીબોશ્ ) *a.* Debauch. વ્યભિચારી.
અન્યત્ર, ( એલ્સેવ્હેર ) *ad.* Elsewhere. બીજે ઠેકાણે.
અન્યદેશી, ( ફોરીન્ ) *ad.* Foreign. પરદેશી.
અન્યથા, ( કોન્ટ્રારી ) *a.* Contrary. ઉલટું.
અન્યમનસ્ક, ( અનમાઈન્ડફુલ્ ) *a.* Unmindful. ધ્યાનરહિત.
અન્યાય, ( ઈનજસ્ટીસ્ ) *n.* Injustice. ગેરઈન્સાફ.
અન્યાશ્રિત, ( ડીપેન્ડેન્ટ્ ) *a.* Dependent. પરાશ્રિત.
અન્યોક્તિ, ( આયરની ) *n.* Irony. એક અર્થાલંકાર; કટાક્ષ.
અન્યોન્ય, ( મ્યુચ્યુઅલ્ ) *a.* Mutual. પરસ્પર.
અન્વય, ( રીલેશન્ ) *n.* Relation. સંબંધ.
અન્વેષક, ( ઓડીટર ) *n.* Auditor. તપાસનાર.
અન્વેષન, ( ઓડીટીંગ્ ) *n.* Auditing. તપાસ.
અપ, ( પ્રીફીક્ષ્ ) A prefix. વિકૃતિ બતાવતો ઉપસર્ગ.
અપકર્મ, ( મીસડીડ ) *n.* Misdeed. અપકૃત્ય.

અપકર્ષ, ( રૂઈન ) *n.* Ruin. પડતી. [ જીવ.
અપકાય, (વૉટરવર્મ્સ) *n.* Waterworms. પાણીના
અપકાર, ( ઈજરી ) *n.* Injury. હાની; સારાને બદલે નરસું કરવું તે.
અપકીર્તિ, ( ડેફેમેશન ) *n.* Defamation. બદનામી.
અપકૃત્ય, ( મીસડીડ્ ) *n.* Misdeed. દુરાચરણ.
અપક્વ, ( રૉ ) *a.* Raw. કાચું. [ નિષ્પક્ષતા.
અપક્ષપાત, ( ઈમપાર્શ્યાલીટી ) *n.* Imparliality.
અપચો, ( ઈનડાઈજેશન ) *n.* Indigetion; અજીરણ.
અપજશ, ( ડેફેમેશન ) *n.* Defamation, બદનામી.
અપ્પટ, ( ડેલી ) *ad.* Daily. રોજ.
અપતિવ્રતા, ( અનચેસ્ટ્ ) *a* & *n.* Unchaste. પતિવ્રત નહિ તેવી. [ confidence. અવિશ્વાસ.
અપતિજ,( વૉન્ટ ઑફ કૉન્ફીડંસ ) *n.* Want of
અપત્ય, ( ચાઈલ્ડ ) *n.* Child. સંતાન.
અપત્ર, ( લીફલેસ ) *a.* Leafless. પાંદડાં વિનાનું.
અપદ્યાગદ્ય, ( બ્લેંકવર્સ ) *n.* & *a.* Blank verse. નહિ પદ્ય કે નહિ ગદ્ય એવું.
અપદ્વાર, ( બૅકડોર ) *n.* Backdoor. પાછલું બારણું. ( એનસ્ ) *n.* Anus. ગુદા.
અપનાવવું, ( ઓન ) *vt.* Own. પોતાનું કરવું.
અપભ્રંશ,( ડીગ્રેડેડ્ ) *a.* & *n.* Degraded.વિકૃત થયેલું.
અપમાન, ( ઈન્સલ્ટ ) *n.* Insult, અનાદર.
અપર, ( સ્ટેપ્ ) *a.* Step. ઓરમાન. [માતા.
અપરમાતા, ( સ્ટેપ મધર ) *n.* Step mother. સાવકી

અપરંપાર, ( લીમીટલેસ ) *a.* Limitless. અપાર.
અપરાજિત, ( અનકૉંકર્ડ ) *a.* Unconquered. પરાજિત નહિ એવું. [ પરાજય ન પમાડી શકાય એવું.
અપરાજેય, ( અનકૉંકરેબલ્ ) *a.* Unconquerable.
અપરાધ,( ફૉલ્ટ ) *n.* Fault. દોષ. ( ક્રાઈમ્ ) *n.* Crime. ગુન્હો.
અપરાધી, ( ક્રીમીનલ્ ) *a.* & *n.* Criminal.ગુન્હેગાર.
અપરાધીન ( ફ્રી ) *a.* Free. સ્વતંત્ર.
અપરિચિત, ( અનનોન્ ) *a.* Unknown. અજાણ્યું.
અપરિણીત, ( અનમેરીડ્ ) *a.* Unmarried. કુંવારૂં.
અપરોક્ષ,( ઓપન્ )*a.* Open.પ્રત્યક્ષ. [ istic. એબ.
અપલક્ષણ ( બૅડ કૅરેક્ટરીસ્ટીક્ )*n.* Bad character-
અપવાદ, (એક્ષસેપ્શન્ ) *n.*Exception. સામાન્ય નિયમમાં બાધ.( એલીગેશન ) *n.*Allegetion. આળ.
અપવિત્ર, ( અનહોલી ) *a.* Unholy. નાપાક; અશુદ્ધ.
અપશબ્દ, (એબ્યુઝ ) *n.* Abuse. ગાળ.
અપશુકન, (ઇલ ઓમેન્ ) *n.* Ill-omen. અશુભ ચિન્હ.
અપશુકનીયાળ(ઇલઓમેનસ્ )*a.* Illomenous.અમંગળ.
અપસવ્ય, ( રાઈટ ) *a.* Right. જમણું.
અપસ્માર, ( એપીલેપ્સી ) *n.* Epilepsy. વાઈ.
અપહરણ, (એક્ટ ઑફ કીડનેપીંગ્ ) *n.*Act of kidnapping. ઉપાડી જવું તે.
અપંગ, ( લેઈમ ) *a.* & *n.* Lame. પાંગળું.
અપાત્ર, ( અનવર્ધી ) *a.* Unworthy. અયોગ્ય.
અપાદ, (લેગલેસ્ ) *a.* Legless. પાદ-પગ વગરનું.

અપાપી, (ઇનોશંટ ) *a.* Innocent. નિર્દોષ.
અપાય, ( કેલેમીટી ) *n.* Calamity. સંકટ.
અપાર, ( લીમીટલેસ ) *a.* Limitless. પાર વગરનું.
અપારદર્શક, (અનટ્રાન્સપરંટ ) *a.* Untransparent. આરપાર જોઈ ન શકાય તેવું.
અપાસરો, (મોનેસ્ટ્રી ફોર જૈન મંકસ ) *n.* Monastery for Jain monks. જૈનધર્મી સાધુઓને રહેવાનું સ્થાન.
અપીલ, ( અપીલ ) *n.* Appeal. નીચલી અદાલતના ચુકાદા સામે ઉપલી અદાલતને અરજી;આગ્રહભરી વિનંતી.
અપુચ્છ, ( ટેઇલલેસ ) *a.* Tailless. પૂંછડા વિનાનું.
અપૂજ, ( અનવરશીપ્ડ ) *a.* Unworshipped. ન પૂજાતું.
અપૂપ, ( હનીકોમ્બ ) *n.* Honeycomb. મધપુડો.
અપૂર્ણ, ( ઈનકંપલીટ ) *a.* Incomplete. અધુરૂં.
અપૂર્ણાંક, ( એરીથમેટીકલ ફ્રેકશન ) *n.* Arithmetical fraction. અપૂર્ણ આંકડો. [ અસાધારણ.
અપૂર્વ, ( એકસ્ટ્રાઓર્ડીનરી ) *a.* Extraordinary.
અપેક્ષણીય,( ડીઝાયરેબલ )*a.* Desirable. ઈચ્છવાયોગ્ય.
અપેક્ષા, ( ડીઝાયર ) *n.* Desire. ઇચ્છા.
અપેખ, ( અનસીન ) *a.* Unseen. અદૃષ્ય
અપેય, ( અનડ્રીંકેબલ )*n.* Undrinkable. ન પીવાય એવું.
અપ્તરંગી, ( ફીકલ ) *a.* Fickle. ચંચળ. [નહિ પડેલું.
અપ્રકટ, અપ્રગટ, (અનપબ્લીશ્ડ)*a.* Unpublished. બહાર
અપ્રતિગ્રહ, (અનએકસેપ્ટેન્સ ) *n.* Unacceptance. અસ્વિકાર. [અટકાયત વિનાનું
અપ્રતિબંધ, (અનપ્રોહીબીટેડ)*a.* & *n.* Unprohibited.

અપ્રતિમ, (એકસેલેંટ્) *a.* Excellent. શ્રેષ્ટ.
અપ્રતિષ્ઠા, (સ્કેન્ડલ્) *n.* Scandal. ફજેતી. [એવું.
અપ્રતિષ્ઠિત,(સ્કેન્ડેલસ)*a.*Scandalous.પ્રતિષ્ઠિત નહિ.
અપ્રધાન, (માઇનોર,) *a.* Minor. ગૌણ.
અપ્રમાણ,(અનરીલાએબલ)*a.*Unreliable.અવિશ્વસનીય
અપ્રમાણીક, (ડીસઓનેસ્ટ્) *a.* Dishonest. પ્રમાણિક
નહિ એવું; લુચ્ચું. [ન હોવું તે.
અપ્રમાણિકતા,(ડીસોનેસ્ટી)*n.*Dishonesty. પ્રમાણીક
અપ્રવાહી, (સોલીડ્) *a & n.*Solid. ઘન. [નહિ એવું.
અપ્રવીણ, (અનએકસપર્ટ) *a.* Unexpert. પ્રવીણ
અપ્રશસ્ત (બેઝ) *a.* Base. નિંદ્ય.
અપ્રસન્ન, (ડીસપ્લીઝ્ડ) *a.* Displeased. નાખુશ.
અપ્રસંગ, (ઇલ-મોમેન્ટ) *n.* Ill-moment. કવખત.
અપ્રસિદ્ધ (અનપબ્લીશ્ડ) *a.* Unpublished. પ્રસિદ્ધ
અપ્રાકૃત, (કલચર્ડ) *a.* Cultured. સંસ્કૃત.[નહિ તેવું.
અપ્રાપ્તવય, (માઈનોર્) *a.* & *n.* Minor. સગીર.
અપ્રાપ્ય, (રેર્) *a.* Rare; મેળવી ન શકાય તેવું.
અપ્રાસંગીક, (અનટાઇમલી) *a.*Untimely. કવખતનું.
અપ્રિય, (અનપ્લીઝીંગ્)*a.* & *n.*Unpleasing.અનિષ્ટ.
અપ્રિતી (ડીઝગસ્ટ) *n.* Disgust. અણગમો.
અપ્સરા (ફેરી) *n.* Fairy. સ્વર્ગની વારાંગના; પરી.
અફલાતુન (પ્લેટો) *n.* Plato. ગ્રીસનો મહાન તત્વજ્ઞ-
પ્લેટો. (બ્યુટીફુલ) *a.* Beautiful. સુંદર.
અફલિત, (વેઈન્) *a.* Vain. નિષ્ફળ.

અફવા, ( રયુમર્ ) *n.* Rumour. ઉડતી ખબર,
અફસોસ ( રીપેન્ટન્સ્ ) *n.* Repentence. પશ્ચાત્તાપ.
(એક્સ્પ્રેશન ઓફ સોરો ) *prep.* Expression of sorrow. અરેરે !
અફળ, ( બેરન્ ) *a.* Barren. વાંઝીયું; નિષ્ફળ.
અફળાવું, અફાળવું ( ફૉલ્ ) *vt.* Fall. પછડાવું; પછાડવું.
અફાટ, ( વાસ્ટ ) *a.* Vast. અતિ વિસ્તૃત.
અફીણ, ( ઓપીએમ ) *n.* Opium. ખસખસના ડોડવામાંથી નીકળતો ઝેરી–માદક પદાર્થ.
અબખો, ( ડીસલાઈક્ ) *n.* Dislike. અણગમો.
અબઘડી, ( ઈમીડીયટલી ) *ad.* Immediately. હમણાંજ.
અબજ, ( ટેન બીલીયન્સ ) *a.* & *n.* Ten billions. સો [ કરોડ.
અબધ્ય, ( ફ્રી ) *a.* Free. છુટું.
અબધૂત, ( એસેટીક ) *n.* Ascetic. વેરાગી.
અબનૂસ ( ઓકવુડ ) *n.* Oakwood. ઉંચી જાતનું કાળુ લાકડું. [ ખનીજ ધાતુ.
અબરખ, ( મીનરલ્ ) *n.* Mineral. ચળકતી પતરીદાર
અબળખા, ( ડીઝાયર્ ) *n.* Desire. ઈચ્છા; ઓરિયો.
અબળા, ( વુમન્ ) *n.* Woman. સ્ત્રી.
અબાધિત, ( અનરિસ્ટ્રીકટેડ ) *a.* Unrestricted. બાધિત [ નહિ તેવું.
અબી, ( નાઉ ) *ad.* Now. હમણાં જ.
અબુધ, અબુઝ, ( ફૂલ ) *a.* Fool. મૂર્ખ.
અબુદ્ધિ, ( ફૂલીશનેસ ) *n.* Foolishness. મૂર્ખતા.
અબોલ, ( ડમ્બ ) *a.* Dumb. મુંગું. ( સાઈલન્ટ ) *a.* [ Silent. ચુપ.
અબ્ધિ, ( સી ) *n.* Sea. સમુદ્ર.

અબ્રહ્મણ્ય, ( અનબ્રાહ્મનીક ) *a.* & *n.* Unbrahmanic. બ્રાહ્મણને ન છાજે તેવું; પાપકૃત્ય.
અબ્રાહ્મણ ( નોનબ્રાહ્મન ) *a.* & *n.* Non-brahmin. બ્રાહ્મણ નહિ તેવું; બ્રાહ્મણેતર.
અભક્ષ્ય, (અનઇટેબલ્) *a.* Uneatable. ન ખાવા જેવું.
અભડાયેલી, ( મેન્સ્યુરેટીંગ ) *a.* & *n.* Mensuratirg.
અભડાયેલું, (અનહોલી) *a.* Unholy. અપવિત્ર.[રજસ્વળા.
અભડાવું, ( મેન્સ્યુરેટ ) *vt.* Mensurate. છેટે બેસવું.
અભણ,( અનએડયુકેટડ્ ) *a.*&*n.* Uneducated. નિરક્ષર.
અભદ્ર, ( ઇલઓમિનસ) *a.* Illomenous. અશુભ.
અભય, ( ડેરીંગ ) *a.* Daring. નીડર.
અભયદાન ( પ્રોટેકશન ) *n.* Protection. રક્ષણ.
અભયપદ, ( સાલ્વેશન ) *n.* Salvation. મોક્ષ.
અભર, ( એમ્પ્ટી ) *a.* Empty. ખાલી.
અભરાઇ, ( શેલ્ફ ) *n.* Shelf. છાજલી.
અભર્તૃકા, ( વીડો ) *n.* Widow. વિધવા.
અભંગ, ( અનબ્રોકન ) *n.* Unbroken. આખું; સળંગ.
અભાગ, ( ઇલફોરચ્યુન ) *n.* Ill-fortune. દુર્ભાગ્ય.
અભાગી, ( અનફોરચ્યુનેટ્ ) *a.* Unfortunate. કમનસીબ.
અભાવ, ( ડીઝગસ્ટ ) *a.* Disgust. અણગમો.
અભિ, ( પ્રીફીક્ષ ) *prep.* Prefix.–ની તરફ દર્શાવનો ઉપસર્ગ. [ ગણિતનો એક શબ્દ.
અભિકોણ, ( વર્ટીકલ એંગલ્ ) *n.* Vertical angle.
અભિક્રમણ, ( ઍસૉલ્ટ ) *n.* Assault. ચઢાઈ.
અભિચર, ( સરવન્ટ્ ) *n.* Servant. ચાકર.

અભિજાત, ( હાઈ બ્રીડ્ ) *a.* High breed. ખાનદાન. ( ક્લાસીકલ્ ) *a.* Classical. શિષ્ઠ.
અભિજ્ઞ,( એક્ષપીરીયન્સ્ડ્ )*a.* Experienced.અનુભવી.
અભિધાન,(નેમ્)*n.*Name.નામ.(સરનેમ્)*n.*Sirname. ઉપનામ. ( વર્ડ ) *n.* Word. શબ્દ.
અભિધાનમાળા,( ડીક્ષનરી )*n.* Dictionary.શબ્દકોષ.
અભિનય, ( એકટીંગ્ ) *n.* Acting. વેશ ભજવવો તે.
અભિનવ, ( ન્યુ ) *a.* New. નવું. ( એમેચ્યોર્ ) *a.* Amateur. શિખાઉ. [ ધન્યવાદ.
અભિનંદન, ( કાંગ્રેચ્યુલેશન્સ્ ) *n.* Congratulations.
અભિનેતા, ( એકટર્ ) *n.* Actor. નટ.
અભિન્ન, ( અનસેપરેબલ્ )*a.* Unseperable. અખંડ.
અભિપ્રાય, ( ઓપીનીયન્ ) *n.* Opinion. મત.
અભિભાવ, ( ડીફીટ્ ) *n.* Defeat. હાર.
અભિમાન, ( પ્રાઈડ્ ) *n.* Pride. અહંકાર.
અભિમાની, ( પ્રાઉડ્ ) *a.* Prond. અહંકારવાળું.
અભિમુખ, ( ઓપોઝીટ્ ) *a.* Opposite. સામેનો.
અભિયુક્ત, ( ડીફેન્ડન્ટ્ ) *n.* Defendant. પ્રતિવાદી.
અભિયોગ, ( કંપ્લેઈન્ટ્ ) *n.* Complaint. ફરિયાદ.
અભિયોગી,( કંપ્લેઈનન્ટ્)*n.* Complainant.ફરિયાદી.
અભિરામ, ( પ્લીઝીંગ્ ) *a.* Pleasing. મનોહર.
અભિરૂચી, ( ટેસ્ટ્ ) *n.* Taste. શોખ; રૂચી. [ ઈચ્છા.
અભિલાષા, ( એમ્બીશન્ ) *n.* Ambition. ઉત્કટ
અભિવંદન, ( સેલ્યુટેશન્ ) *n.* Salutation. નમસ્કાર.
અભિવંદવું, ( સેલ્યુટ્ ) *vt.* Salute. અભિવંદન કરવું.

અભિવૃદ્ધિ, ( પ્રોસ્પેરીટી ) *n.* Prosperity. ઉન્નતી.
અભિલાષ, ( ઓફ્ વાઇડ મીનીંગ્ ) *a.* Of wide meaning. બહોળા અર્થનું.(ડીઝાયર)*n.* Desire.ઈચ્છા.
અભિશાપ, ( કર્સ ) *n.* Curse. શાપ.
અભિસાર, ( લવર્સ મીટીંગ્ )*n.* Lovers' meeting. પ્રેમીઓનો મેળાપ.
અભિસારીકા, ( બીલવેડ્ ) *n.* Beloved. પ્રિયતમા.
અભીર, ( શેફર્ડ ) *n.* Shepherd. ગોવાળીઓ.
અભુક્ત, ( અનએંજોય્ડ)*a.* Unenjoyed. અણભોગવ્યું.
અભૂતપૂર્વ, ( સીંગ્યુલર ) *a.* Singular. અપૂર્વ.
અભેદભાવ, ( યુનીટી ) *n.* Unity. એકતાની લાગણી.
અભેદ્ય, ( અનપેનીટ્રેબલ્ )*a.* Unpenetrable. ભેદી ન શકાય તેવું.
અભ્યર્થના, ( પ્રેયર્ )*n.* Prayer. પ્રાર્થના.
અભ્યસ્ત, ( એકસ્ટમ્ડ્ ) *a.* Accustomed. ટેવાયલું.
અભ્યંતર, ( ઈનર્ ) *a.* & *n.* Inner. અંદરનું.
અભ્યાગત, ( ગેસ્ટ્ ) *n.* Guest. અતિથિ.
અભ્યાસ, ( સ્ટડી ) *n.* Study, અધ્યયન.
અભ્યાસી, ( સ્કોલર્ ) *n.* Scholar. વિદ્યાર્થી; પંડિત.
અભ્યુદય, ( પ્રોસ્પેરીટી ) *n.* Prosperity. ઉન્નતી.
અભ્ર, ( કલાઉડ ) *n.* Cloud. વાદળું.
અમ, (વી) *prn.* We. અમે. ( અવર્ ) *prn.* Our. અમારૂં.
અમથું, ( યુઝલેસ્ ) *a.* Useless. નકામું.
અમન, ( કવાયટ્ ) *n.* Quiet. શાંતિ.
અમનચમન, ( મેરી મેકીંગ્ ) *n.* Merry making. મોજમજા.
અમનસ્ક, ( અનમાઈન્ડફુલ્ )*a.* Unmindful. બેધ્યાન.

અમર, ( ઇમમોરટલ્ ) *a.* Immortal. મરે નહિ તેવું. ( ગૉડ્ ) *n.* God. દેવ.
અમરલોક, ( પેરેડાઈઝ્ ) *n.* Paradise. સ્વર્ગ.
અમરસહિત, (મીલ્કીવે )*n.* Milky way.આકાશગંગા.
અમરાઇ,( મેંગો ગાર્ડન )*n.* Mango garden.આંબાવાડીયું. [ ઈંદ્રની રાજધાની.
અમરાપુરી,અમરાવતી, (હેવન્ ) *n.* Heaven. સ્વર્ગ:
અમરાંગના, ( ફેરી ) *n.* Fairy. અપ્સરા.
અમર્ત્ય, ( ઇમમોરટલ્ ) *a.* Immortal. અમર.
અમર્યાદ, ( રૅશ્ ) *a.* Rash. નિરંકુશ.
અમર્યાદા, ( રૅશનેસ્ ) *n.* Rashness. નિરંકુશતા.
અમર્ષ, ( એંગર્ ) *n.* Anger. ક્રોધ.
અમલ, ( પાવર્ ) *n.* Power. સત્તા. ( પીરીયડ્ ) *n.* Period. સમયનો શુમાર. ( ઓપીયમ્ ) *n.* Opium.
અમલદાર,(ઓફીશીયલ્)*n.*Official.અધિકારી. [અફીણ.
અમલિન, ( પ્યોર્ ) *a.* Pure. શુદ્ધ. [ મિજાજ.
અમળાટ, ( કોઈલ્ )*n.* Coil. વળ.(ટેમ્પર્)*n.*Temper.
અમળાવું,( કોઈલ્ )*vt.* Coil. આમળા ખાવા.
અમંગળ, ( ઈલઓમેનસ્ ) *a.* Ill-omenous. અશુભ.
અમાતૃક, ( મધરલેસ્ ) *a.* Motherless. માતાહિન.
અમાત્ય, ( મીનીસ્ટર્ ) *n.* Minister. પ્રધાન.
અમાનત, ( ડીપોઝીટ્ ) *n.* Deposit. અનામત.
અમાનિતા, ( હ્યુમીલીટી ) *n.* Humility. નમ્રતા.
અમાની, ( સીંપલ્ ) *a.* Simple. સરળ.
અમાનુષી, ( ક્રુઅલ્ ) *a.* Cruel. ક્રુર.

અમાન્ય, ( રીજેક્ટેડ્ ) *a.* Rejected. નામંજુર.
અમાપ, ( લીમીટલેસ્ ) *a.* Limitless. બેહદ.
અમારૂં,( અવર્ ) *prn.* Our. અમેની છઠ્ઠી વિભક્તિ.
અમાવાસ્યા, અમાસ, ( ડે બીફોર ન્યુ મુન ) *n.* Day before new moon. હિંદુ માસનો છેલ્લો દિવસ.
અમિત્ર, ( એનીમી ) *n.* Enemy. શત્રુ.
અમિશ્રીત, ( પ્યોર્ ) *a.* Pure. નિર્મળ.
અમિ, ( નેક્ટર્ ) *n.* Nectar. અમૃત. ( સ્વીટનેસ્ )*n.* Sweetness. મીઠાશ. ( સાલીવા ) *n.* Saliva. શુંક.
અમિદષ્ટિ, ( ફેવર્ ) *n.* Favour. મહેરબાની.
અમીન, ( ટ્રસ્ટવર્ધી )*a.* Trustworthy.વિશ્વાસુ.(ટ્રસ્ટી) *n.* Trustee. વાલી. (વીલેજ ઓફીશ્યલ્ ) *n.*Village official. ગામનો મોટો અધિકારી.
અમીનજર, ( સ્વીટ લુક )*n.* Sweet look.મીઠી નજર.
અમૃત, ( નેક્ટર્ ) *n.* Nectar. અમર કરે તેવો રસ. ( ઇમમોરટલ્ ) *a.* Immortal. અવિનાશી.
અમૃતત્વ,(ઈમમોરટાલીટી)*n.*Immortality.અમરપણું.
અમૃતસંજીવની,*n.*Science that revives the dead. મરેલાંને જીવતાં કરવાની વિદ્યા.
અમૃતાંશુ, ( મુન ) *n.* Moon. ચંદ્ર.
અમે, (વી)*prn.* We. હુંની પહેલી વિભક્તિનું બહુવચન.
અમેય, ( લીમીટલેસ્ ) *a.* Limitless. અમાપ.
અમોઘ, ( સ્પેસીફીક્ ) *a.* Specific. અચુક; રામબાણ.
અમ્મા, ( મધર્ ) *n.* Mother. મા.
અમ્લ, ( એસીડ્ ) *a.* & *n.* ખાટું. Acid.

અમ્લતા, ( એસીડીટ્ ) *n.* ખટાશ. Acidity.
અમ્લાન, ( અનવીધર્ડ ) *a.* Unwithered. નહિ કર-
અયન, ( મુવમેન્ટ ) *n.* Movement. ગતિ. [માયલું.
અયનવૃત, ( ટ્રોપીક ઓફ કેન્સર ) *n.* Tropic of Cancer. આકાશમાં જે માર્ગે સૂર્ય ફરતો દેખાય છે તે ગોળરેખા. [ ( અનવર્ધી ) *a.* Unworthy. અયોગ્ય.
અયુક્ત, ( અનજોઈન્ડ ) *a.* Unjoined. નહિ જોડાયલું.
અયોગ્ય, ( અનવર્ધી ) *a.* Unworthy. અઘટિત.
અરક, ( ઇસેન્સ )*n.* Essence. અર્ક; સત્વ. [નહિ એવું.
અરક્ષિત, ( અનપ્રોટેક્ટેડ્ ) *a.* Unprotected. રક્ષિત
અરજ, અરજી, ( પીટીશન ) *n.* Petition. કોઈપણ કામ સારૂ નમ્રતાથી હકીકત કહી કરેલી વિનંતી.
અરજદાર, ( પીટીશનર ) *n.* Petitioner. અરજ કરનાર.
અરડુસી-સો, ( પ્લેંટ ) *n.* Plant. એક છોડ.
અરણ્ય, ( જંગલ )*n.* Jungle. જંગલ.
અરણ્યરૂદન, (ક્રાય ઈન વીલ્ડરનેસ )*n.* Cry in wilder-
અરધું, ( હાફ )*a.* Half. અડધું. [ness. વ્યર્થ પોકાર.
અરમાન, ( એમ્બીશન ) *n.* Ambition. અભિલાષા;
અરમાર, ( નેવી ) *n.* Navy. દરિયાઈ કાફલો. [ઉમેદ.
અરમા, ( કોંશ્યંસ ) *n.* Conscience. અંતઃકરણ.
અરવિંદ, ( લીલી ) *n.* Lily. કમળ.
અરસપરસ, ( મ્યુચ્યુલ ) *a.* Mutual. પરસ્પર.
અરસિક, ( અનઈંટરેસ્ટીંગ ) *a.* Uninteresting;
અરસો, (પીરીયડ્) *n.* Period. મુદત. [ dull. શુષ્ક.
અરાગ, ( ડીસયુનીટી ) *n.* Disunity. અણબનાવ.

અરાજકતા, ( ડીસઓર્ડર ) *n.* Disorder. અંધાધુંધી.
અરાજકવાદી, ( એનાર્કીસ્ટ ) *n.* Anarchist. રાજ-
સત્તા હોવી જ ન જોઇએ તેવા મતવાળો માણસ.
અરિ, ( એનીમી ) *n.* Enemy. દુશ્મન.
અરિષ્ટ, ( સાઈન ઓફ ડેથ ) *n.* Sign of death. મોતની
અરિસો, ( મીરર ) *n.* Mirror. દર્પણ. [ નિશાની.
અરૂચિ, ( ડીસલાઈક ) *n.* Dislike. અણગમો.
અરૂણ, ( ડૉન ) *n.* Dawn. પરોઢ.
અરૂણચિત્ર, ( બસ્ટ ) *n.* Bust. કમરથી ઉપરના શરીરના
અરૂણોદય, ( ડૉન ) *n.* Dawn. પ્રભાત. [ભાગનું ચિત્ર.
અરૂઢ, ( અનનોન ) *a.* Unknown. રૂઢ-પ્રચલિત નહિ તેવું.
અરે, અરેરે, ( એક્સ્પ્રેશન ઓફ સોરો ) *prep.* Ex-
pression of sorrow. દુઃખસૂચક ઉદગાર.
અરેરાટ, ( એંકઝાયટી ) *n.* Anxiety. ચિંતા.
અર્ક, ( ઈસેન્સ ) *n.* Essence. સત્વ. (સ્પીરીટ) *n.* Spirit
અર્ઘ્ય, ( રીસેપ્શન ) *n.* Reception. સન્માન. [અરક.
અર્ચના, (વરશીપ) *n.* Worship. પૂજા.
અર્ચવું, (વરશીપ) *vt.* Worship. પૂજા કરવી.
અર્ણવ, ( સી ) *n.* Sea. સમુદ્ર.
અર્થ, (મીનીંગ) *n.* Meaning. સમજુતી. ( ઈન્ટેન્શન )
*n.* Intention. હેતુ. [ meaning. અર્થનું ઉંડાણ.
અર્થગૌરવ, ( ડેપ્થ ઓફ મીનીંગ ) *n.* Depth of
અર્થદાસ, (સ્લેવ ઓફ રીચીઝ) *n.* Slave of riches.
અર્થપ્રાપ્તિ, (ગેઈન ) *n.* Gain. લાભ. [પૈસાનો ગુલામ.
અર્થયુક્ત, (મીનીંગફુલ) *a.* Meaningful. અર્થવાળું.

અર્થશાસ્ત્ર, (ઇકોનોમીક્સ) *n.* Economics. સંપતિ-શાસ્ત્ર. [શાસ્ત્રજ્ઞ.

અર્થશાસ્ત્રી, (ઇકોનોમીસ્ટ) *n.* Economist. સંપતિ-

અર્થસંગ્રહ, (એક્યુમેલેશન ઓફ મની) *n.* Accumalation of money. ધન–પૈસાનો સંઘરો.

અર્થસિદ્ધિ, (ફુલફીલમેન્ટ ઓફ એમ્બીશન) *n.* Fulfillment of ambition. ધારેલી મતલબ પાર પડવી તે.

અર્થાત, (ધેટ મીન્સ) *prep.* That means. એટલે કે.

અર્થાર્થી, (ગ્રીડી) *a.* Greedy. ધનલોભી.

અર્થી, (નીડી) *a.* Needy. ગરજાઉ. [ney. પૈસા કમાવા તે.

અર્થોપાર્જન, (અર્નીંગ ઓફ મની) *n.* Earning of mo-

અર્ધ, અર્ધું, (હાફ) *a.* Half. અડધું.

અર્ધગોળ, અર્ધવર્તુળ, (હેમીસ્ફીયર) *a.* & *n.* Hemisphere. પૃથ્વીના ગોળાનો અડધો ભાગ. (સેમીસરકલ) *n.* & *vt.* Semicircle. ગોળ આકૃતિનો અડધો ભાગ.

અર્ધચંદ્ર, (હાફ-મુન) *n.* Half moon. અર્ધો ચંદ્ર.

અર્ધદગ્ધ, (હાફબર્ન્ટ) *a.* Half-burnt. અડધું બળેલું.

અર્ધનારીશ્વર, (એ ફોર્મ ઓફ શીવ) *n.* A form of Shiva. શિવનું એક સ્વરૂપ; અડધું અંગ પુરૂષનું અને અડધું અંગ સ્ત્રીનું.

અર્ધવિરામ, (સેમીકોલન) *n.* Semicolon. ; ની સંજ્ઞા.

અર્ધાંગના, (વાઇફ) *n.* Wife. ધર્મપત્નિ.

અર્પણ, (ડેડીકેશન) *n.* Dedication. આપવું તે.

અર્પવું, (ડેડીકેટ) *vt.* Dedicate. આપવું; ભેટ કરવું.

અર્પિત, (ડેડીકેટેડ) *a.* Dedicated. અર્પેલું.

અર્વાચિન, (મોડર્ન) *a.* Modern. આધુનિક.
અર્શ, (પાઇલ્સ) *n.* Piles. હરસ; એક રોગ.
અલક,(ફ્લોક ઓફ હેર )*n.*Flock of hair.વાળની લટ.
અલક્ષ્મી, (પોવરટી) *n.* Poverty. ગરીબાઈ.
અલગ, (સેપેરેટ) *a.* Seperate. જુદું.
અલગાર, (રો) *n.* Row. હાર.
અલફાઉ, (સુપરન્યુમરરી) *n.*Supernumerary.ફાલતુ.
અલબત્ત, (ઓફ કોર્સ) *prep.* Of course. બેશક.
અલબેલું, (પોમ્પસ) *a.* Pompous. ઇશ્કી; ફાંકડું.
અલભ્ય, ( અનપ્રોક્યોરેબલ) *a.* Unprocurable. અપ્રાપ્ય.
અલમસ્ત, (સેન્ડોલાઇક ) *a.* Sandowlike. મલ્લ જેવું.
અલમારી, (અલ્મીરા) *n.* Almirrah. કબાટ. (શેલ્ફ) *n.* Shelf. છાજલી. [ શણગાર.
અલંકાર, ( ઓરનામેન્ટ ) *n.* Ornament. ઘરેણું;
અલંકારશાસ્ત્ર, (પ્રોઝોડી) *n.* Prosody. કાવ્યશાસ્ત્ર.
અલંકૃત,(ઓર્નામેન્ટેડ ) *n.* Ornamented.શણગારેલું.
અલંપ્તવાયુ,( કોલગૅસ ) *n.* Coal-gas. કોલસાનો વાયુ.
અલાબલા, ( કેલેમીટી ) *n.* Calamity. ઉપાધિ.
અલાભ, (લોસ ) *n.* Loss. નુકશાન.
અલાવા, (મોરોવર ) *prep.* Moreover. ઉપરાંત.
અલિખિત, ( અનરીટન ) *a.* Unwritten. લિખિત નહિ એવું.
અલિંગ,ગી, ( સેક્ષલેસ ) *a.* Sexless. જાતિરહિત.
અલૂણું, (સોલ્ટલેસ ) *a.* Saltless. મીઠા વિનાનું.

અલેખે,(વેઈન) *prep*. Vain. નિષ્ફળ.
અલેણું,(ડિસયુનીટી) *n*.Disunity.લેણાદેણી ન હોવી તે.
અલેતું, (ચાઈલ્ડીશ) *a*. Childish. છોકરવાદી.
અલેલટપ્પુ, (બોસ્ટીંગ) *a*. Boasting. ગપાટિયું.
અલોપ,(અનપરસેપ્ટીબલ)*a*. Unperceptible.અદૃશ્ય.
અલૌકિક, (એકસ્ટ્રાઓર્ડીનરી) *a*. Extraordinary. અસામાન્ય.
અલ્પ, (સ્મોલ) *a*. Small. થોડું. [ જીવનારૂં
અલ્પજીવી, (શોર્ટલીવ્ડ)*a*. Shortlived. થોડો વખત
અલ્પતમ, (મીનીમમ) *a*. Minimum. સૌથી અલ્પ.
અલ્પબુદ્ધિ,અલ્પમતિ, (સીલી) *a*. & *n*. Silly.મૂર્ખ.
અલ્પમૂલ્ય, (ચીપ) *a*. Cheap. થોડી કિંમતનું.
અલ્પવીરામ, (કોમા) *n*. Comma. , આવું ચિન્હ.
અલ્પાવું, (શોર્ટન) *vt*. Shorten. ટુંકાવું.
અલ્લડ, (રેશ) *a*. Rash. ઉચ્છૃંખલ.
અલ્લા, (ગોડ) *n*. God. ઇશ્વર; ખુદા.
અલ્લા હુ અકબર, (ગોડ ઈઝ ગ્રેટ) God is great. ઇશ્વર સૌથી મહાન છે. [ ઉપસર્ગ.
અવ, (પ્રીફીક્ષ) *prep*. Prefix. હવે; નિશ્ચય બતાવતો
અવકળા, (ઈન્જરી) *n*. Injury. અવક્રિયા.
અવકાશ, (લીઝર) *n*. Leisure. ફુરસદ. (સ્પેસ) *n* Space. ક્ષેત્ર; તક.
અવકૃપા, (ડીસફેવર) *n*. Disfavour. ઈતરાજી.
અવક્રિયા,(ડીરેન્જમેન્ટ)*n*.Derangement.ઉલટી અસર.
અવગણના, (ડીસરીગાર્ડ) *n*. Disregard. ઉપેક્ષા.

અવગણવું, (ડીસરીગાર્ડ )*vt.* Disregard. ઉપેક્ષા કરવી.
અવગતિ, (ડાઉનફૉલ્) *n.* Downfall. ખરાબ દશા.
અવગુણ, (ડીફેક્ટ્) *n.* Defect. દોષ; એબ.
અવગુણી, (અનગ્રેટફુલ્) *a.* Ungrateful. કૃતઘ્ન.
અવગુંઠન, ( વેઇલ્ ) *n.* Veil. બુરખો. ( કવર ) *n.* Cover. ઢાંકણ.
અવઘોષણા,(પ્રોકલેમેશન્ )*n.* Proclamation. ઢંઢેરો.
અવજોગ, ( ઇવીલ કંજકશન્ )*n.* Evil conjunction. અશુભ મુહુર્ત.
[ અવગણના.
અવજ્ઞા, ( ડીસઓબીડીઅન્સ્ ) *n.* Disobedience.
અવડ, (અનયુઝડ્ ) *a.* Unused. અવાવરૂં.
અવતરણ, (ક્વોટેશન્ ) *n.* Quotation. ઉતારો.
અવતરવું, ( ટુ બી બોર્ન ) *vt.* To be born. જન્મવું.
અવતાર, ( ઇન્કારનેશન્ ) *n.* Incarnation. દેવ કે ઈશ્વર જેમણે પૃથ્વી પર દેહ ધર્યો હોય તે.(બર્થ)*n.* Birth. જન્મ.
અવતારી, (ઈન્કારનેટ્) *a.* Incarnate. ઈશ્વરી.
અવદશા,(ઈવીલ ડેસ્ટીની)*n.* Evil destiny. દુર્દશા; પડતી.
અવદાન, (મોર્સેલ્ ) *n.* Morsel. કોળીઓ.
અવદ્ય, (અનસ્પીકેબલ્ )*a.* Unspeakable. ન બોલાય [ એવું.
અવધ, (લીમીટ) *n.* Limit. અવધિ; હદ.
અવધાન, (એટેન્શન્ ) *n.* Attention. લક્ષ.
અવધી, ( એન્ડ ) *n.* End. અંત; હદ. (ઝેનીથ) *n.* Zenith. પરાકાષ્ઠા.
અવધૂત, (એસેટીક્ ) *n.* Ascetic. વેરાગી.
અવનત, ( ફૉલન્ ) *a.* Fallen. પડેલું.

અવનતી, (ડાઉનફૉલ્) *n.* Downfall. પડતી.
અવનવું, (નોવેલ્) *a.* Novel. નવતર.
અવની, (અર્થ) *n.* Earth. પૃથ્વી.
અવમાન, (ઇન્સલ્ટ) *n.* Insult. અપમાન.
અવયવ, (પાર્ટ ઓફ્ એ બોડી) *n.* Part of a body. [ શરીરનો ભાગ.
અવયોગ, –જુઓ અવજોગ.
અવર, (અનધર્) *ad.* Another. ઇતર; અન્ય.
અવરજવર, (ફ્રીક્વેન્ટીંગ્) *n.* Frequenting. આવજા.
અવરોધ, (ઓબ્સ્ટ્રક્શન્) *n* Obstruction. અટકાયત.
અવરોહ, (ડીસેન્ડીંગ્) *n.* Descending. ઉતરવું તે.
અવરોહણ, (ડીસેન્ટ્) *n.* Descent. ઉતરવું તે.
અવર્ણ,(કલરલેસ્) *a.* Colourless. રંગહિન.
અવર્ણ્ય, (અનડીસ્કાઇબેબલ્) *a.* Undescribable. વર્ણવી ન શકાય એવું.
અવલ,(ફર્સ્ટ) *a.* First. પહેલું. (બેસ્ટ્) *a.* Best. ઉત્તમ.
અવલમંજલ, (લાસ્ટ જર્ની) *n.* Last journey. પાયદસ્ત.
અવલંબન, (સપોર્ટ) *n.* Support. ટેકો.
અવલેપ, (બીસ્મીયરીંગ) *n.* Besmearing. લેપ.
અવલેહ, (મેડીસીન ટુ બી ટેકન બાય લીકીંગ) *n.* Medicine to be taken by licking. ચાટણ.
અવલોકન (ઓબ્ઝર્વેશન) *n.* Observation. નીરીક્ષણ. (રીવ્યુ) *n.* Review. તપાસ.
અવલોકવું, (ઓબ્ઝર્વ) *vt.* Observe. નીરીક્ષણ કરવું.
અવશ, (પાવરલેસ્) *a.* Powerless. લાચાર. [ખંડેર.
અવશેષ, (રેમનન્ટ્) *n.* Remnant. બાકી રહેલો ભાગ;

અવશ્ય,(પોઝીટીવલી) *ad*. Positively. ખચીત.
અવસર, (ઓપોર્ચ્યુનીટી) *n*. Opportunity. તક.
અવસાન,(એન્ડ્) *n*. End. અંત; મૃત્યુ. [ ધર્મપુસ્તક.
અવસ્તા, (અવસ્તા) *n*. The Avesta. પારસીઓનું
અવસ્થા,(સ્ટેટ્) *n*. State. દશા. (ઓલ્ડ એજ)*n*. Old age. ઘડપણ.
અવહાર, (ટ્રુસ્) *n*. Truce. થોડો સમય પુરતી સુલેહ.
અવહેલના, (ઇનસલ્ટ્) *n*. Insult. અનાદર.
અવળચંડુ,(પરવર્સ)*a*.Perverse, કહે તેથી ઉલટું કરનાર.
અવળસવળ, ( ક્રોસવાઇઝ્ ) *prep*. Crosswise. ઉલટસુલટ.
અવળાઇ,(ઓબ્સ્ટીનસી) *n*. Obstinacy. હઠીલાઇ.
અવળું, (કોન્ટ્રારી) *ad*. Contrary. ઉલ્ટું.
અવાક,(સ્પીચલેસ્) *a*. Speechless. મૂક.
અવાચક, (ડમ્બ્) *a*. Dumb. મુંગું.
અવાચ્ય, (અનસ્પીકેબલ્) *a*. Unspeakable. અકથ્ય.
અવાજ, (સાઉન્ડ) *n*. Sound. ધ્વનિ.
અવાઢ, (બ્લન્ટ) *a*. Blunt. બુઠ્ઠું. [પ્રસંગોપાત.
અવારનવાર, ( ઑલ્ટરનેટલી ) *ad*. Alternately.
અવાવરૂં, ( અનયુઝડ્)*a*.Unused.અવડ;વપરાયા વિનાનું.
અવાસ, (એબોડ્) *n*. Abode. રહેઠાણ; વાસ.
અવાસ્તવિક, ( ઇમપ્રોપર્ ) *a*. Improper. યોગ્ય નહિ
અવાળું, ( ગમ્સ્ ) *n*. Gums. દાંતનાં પીઢીયાં. [ તેવું.
અવિકારી,( ઈમ્યુટેબલ્ )*a*. Immutable.વિકાર રહિત.
અવિક્રીત, ( અનસોલ્ડ ) *a*. Unsold,*a*. નહિ વેચાયલું.

અવિગત, ( રીટેઇન્ડ્ )*a.* Retained. રોકેલું. ( પ્રેઝંટ્ ) *a.* Present. હાજર.
અવિચળ,-લ,( ઈમમુવેબલ્ ) *a.* Immovable. સ્થિર.
અવિચાર, ( ઈમ્પ્રુડન્સ્ ) *n.* Imprudence. વિચારનો અભાવ.
અવિચારી, ( રેશ્ ) *a.* Rash. ઉતાવળીયું.
અવિચ્છિન્ન, ( અનડીવાઈડ્ )*a.* Undivided. અખંડ.
અવિદિત, ( અનટોલ્ડ ) *a.* Untold. વિદીત નહિ એવું.
અવિદ્યમાન, ( નોટ એક્સીસ્ટીંગ્ ) *a.* Not existing. વિદ્યમાન નહિ એવું; સદ્ગત.
અવિદ્યા, (ઇગ્નોરંસ )*n.* Ignorance. જ્ઞાનનો અભાવ.
અવિનય, ( રૂડનેસ્ ) *n.* Rudness. અસભ્યતા.
અવિનયી, ( રૂડ્ ) *a.* Rude. અસભ્ય.
અવિનાશ,-શી, ( ઈનડીસ્ટ્રક્ટીબલ્ ) *a.* Indestructible. અમર; અક્ષય.
અવિભક્ત, ( જોઈન્ટ્ ) *a.* Joint. મઝીયારૂં; સંયુક્ત.
અવિભાજ્ય, ( ઈનડીવીઝીબલ્ ) *a.* Indivisible વિભાગ ન પાડી શકાય એવું.
અવિરત, ( કોન્સ્ટંટ્ ) *a.* Constant. નિરંતર.
અવિરલ, ( રેર્ ) *a.* Rare. વિરલ નહિ એવું.
અવિરામ, ( કન્ટીન્યુઅસ્ ) *a.* Continuous. સતત.
અવિરોધ, ( એબસન્સ્ ઓફ ઓપોઝીશન ) *n.* Absence of opposition. વિરોધનો અભાવ. (કન્સીસ્ટન્સી)*n.* Consistency. મેળ; પૂર્વાપર સંગતિ.
અવિવાહિત,(અનમેરીડ્ )*a.* Unmarried. કુંવારૂં.
અવિવાહિતા, ( વર્જીન ) *n.* Virgin. કુંવારી કન્યા.

અવિવેક, (ઇન્સોલન્સ્) *n.* Insolence. અવિનય.
અવિવેકી, (ઇન્સોલંટ્) *a.* Insolent. અવિનયી.
અવિશ્વાસ, (ડીસટ્રસ્ટ્)*n.*Distrust. વિશ્વાસનો અભાવ.
અવિર્યવાન, (સ્ટરાઇલ્) *a.* Sterile. નપુંસક.
અવેજ, (બાર્ટર્) *n.* Barter. સાટા જેટલી કિંમતનો માલ.
અવેજી, (એક્ટીંગ્) *a.* Acting. હંગામી.
અવ્યક્ત, (ઇનડીસ્ટીંક્ટ્)*a.* Indistinct. અસ્પષ્ટ.
અવ્યગ્ર, (સ્ટેડી) *a.* Steady. સ્થિર.
અવ્યય, (પ્રેપોઝીશન્) *n.* Preposition. જેને જાતિ, વચન કે વિભક્તિ ન હોય તેવો શબ્દ.(અનડીસ્ટ્રક્ટીબલ્) *a.* Indestructible. અવિનાશી.
અવ્યવસાયી, (અનએંગેજડ્) *a.*Unengaged.બેકાર.
અવ્યવસ્થા, (ડીસઓર્ડર્)*n.* Disorder. ગેરવ્યવસ્થા.
અવ્યવસ્થિત, (અનરેગ્યુલેટેડ્) *a.* Unregulated. નિયમસર નહિ તેવું.
અશક્ત, (વીક્) *a.* Weak. નબળું.
અશક્તિ, (વીકનેસ્) *n.* Weakness. નિર્બળતા.
અશક્તિમાન, (પાવરલેસ્) *a.* Powerless. અસમર્થ.
અશક્ય, (ઇમ્પોસીબલ્)*ad.*Impossible. અસંભવિત.
અશન, (ડીનર્) *n.* Dinner. ભોજન.
અશરણ, (હેલ્પલેસ્) *a.* Helpless. નિરાધાર.
અશરફી, (ગોલ્ડકોઇન્) *n.* Gold coin. ગીની.
અશરાફ, (નોબલ્) *a.* Noble. ખાનદાન.
અશાતા, (અનહેપીનેસ્) *n.* Unhappiness. અશાંતિ.
અશાશ્વત, (ટ્રાન્સીટરી) *a.* Transitory. ક્ષણીક.

અશાંત, ( અનહેપી ) *a.* Unhappy. દુઃખિ.
અશાંતિ, ( અનહેપીનેસ્ ) *n.* Unhappiness. દુઃખ.
અશિક્ષિત, (અનએડયુકેટેડ્ )*a.* Uneducated.અભણ.
અશિષ્ઠ, ( ઑબ્સીન્ ) *a.* Obscene. અસંસ્કારી.
અશિત, ( હૉટ્ ) *a.* Hot. ગરમ.
અશુચિ, ( ઇમ્પ્યોર્ ) *a.* Impure. અપવિત્ર.
અશુદ્ધ, ( પોલ્યુટેડ્ ) *a.* Polluted. અપવિત્ર.
અશુદ્ધિ, ( ઇમ્પ્યોરીટી ) *n.* Impurity. અશુદ્ધ હોવું તે.
અશુભ, ( ઇનઓસ્પીશ્યસ્ )*a.* & *n.* Inauspicious.
અશ્કર, ( ફાઇનલી ) *ad.* Finally. આખરે. [અમંગલ.
અશ્રદ્ધા, ( ડીસબીલીફ્ ) *n.* Disbelief. અનાસ્થા.
અશ્રાંત, ( કૉન્સ્ટંટ્ )*a.* Constant. સતત.
અશ્રુ, ( ટીયર્ ) *n.* Tear. આંસુ.
અશ્રુત, ( અનહર્ડ્ ) *a.* Unheard. નહિ સાંભળેલું.
અશ્રુધારા, ( ફ્લો ઓફ ટીઅર્સ ) *n.* Flow of tears.
આંસુની ધારા. [of tears. આંસુ પાડવાં તે.
અશ્રુપાત, ( શેડીંગ ઑફ ટીઅર્સ ) *n.* Shedding
અશ્લીલ, ( ઓબ્સીન્ ) *a.* Obscene. બિભત્સ.
અશ્લીલતા, ( ઓબ્સીનીટી )*n.* Obscenity. બિભત્સતા.
અશ્વ, ( હોર્સ ) *n.* Horse. ઘોડો.
અશ્વપાલ, ( ગ્રુમ્ ) *n.* Groom. ખાસદાર.
અશ્વમેધ, ( હોર્સ-સેક્રીફાઇસ્ )*n.* Horse-sacrifice.
એક યજ્ઞ જેમાં દિગ્વીજય કરી આવેલો ઘોડો હોમવામાં
અશ્વશાળા, ( સ્ટેબલ્ ) *n.* Stabte. તબેલો. [આવે છે.
અષો, ( હોલી ) *a.* Holy. પવિત્ર.

અપોઈ, ( હોલીનેસ્ ) *n.* Holiness. પવિત્રતા.
અષ્ટ, ( એઇટ્ ) *a.* Eight. આઠ. [ખુણાવાળી આકૃતિ.
અષ્ટકોણ, ( ઓકટેગન ) *a & n.* Octagon. આઠ
અષ્ટપદ, ( સ્પાઈડર્ ) *n.* Spider. કરોળીઓ.
અષ્ટમપષ્ટમ, (ઈનડીસ્કીમીનેટલી)*ad.*Indiscriminately. આડું અવળું; ખરૂં ખોટું.
અષ્ટાદશ, ( એઇટીન ) *a.* Eighteen. અઢાર.
અષ્ટાવું, ( પાઈન અવે ) *vt.* Pine away. હિજરાવું.
અસજ્જ, (અનાર્મ્ડ્ )*a.* Unarmed. સજ્જ નહિ એવું.
અસજ્જન, ( રૂડ્ ) *a.* Rude. અસભ્ય.
અસત, ( ફોલ્સ્ ) *a.* False. ખોટું.
અસત્કાર, ( ઈનસલ્ટ્ ) *n.* Insult. અપમાન.
અસત્ય, ( ફોલ્સહુડ્ ) *n.* Falsehood. જુઠાણું. (અનટ્રુ) *a.* Untrue. ખોટું.
અસત્યવાદી, ( લાયર્ ) *n.* Liar. જુઠો.
અસદાચાર, (ઈમમોરાલીટી) *n.*Immorality. અનીતિ.
અસદ્ગતિ, (અનહેપી સ્ટેટ્ ) *n.* Unhappy state.
અસબાબ, (લગેજ)*n.*Luggage. સરસામાન [અવગતિ.
અસભ્ય, ( રૂડ્ ) *a.* Rude. અવિનય.
અસભ્યતા, ( રૂડનેસ્ ) *n.* Rudness. અવિનય.
અસમ, (અનઈકવલ્ ) *a.* Unequal. સરખું નહિ એવું.
અસમતા, ( અનઇકવોલીટી ) *n.* Unequality. સરખાપણું નહિ તે. [ગેરસમજ.
અસમજ,(મીસઅંડરસ્ટેન્ડીંગ્)*n.*Misunderstanding.
અસમર્થ, ( અનેબલ્ ) *a.* Unable. નબળું.

અસમાન, (અનઈક્વલ) *a.* Unequal. સમાન નહિ તેવું.
અસમાનતા,(અનઇક્વોલીટી) *n.* Unequality. અસમતા.
અસમાપ્ત, ( ઇનકંપલીટ્ ) *a.* Incomplete. અપૂર્ણ.
અસર, ( ઇફેક્ટ્ ) *n.* Effect. પરિણામ.
અસરકારક, (ઇફેક્ટીવ્ ) *a.* Effective. અસર કરે તેવું.
અસલ, ( ઓરીજીનલ્ ) *a.* Original. મૂળ. (એન્શન્ટ્) *a.* Ancient. પ્રાચીન.
અસવાર, ( હોર્સમેન ) *n.* Horseman. ઘોડેસ્વાર.
અસહ્ય, અસહનીય, ( ઇનટોલરેબલ્ ) *a.* Intolerable. સહન ન થઇ શકે તેવું.
અસહકાર, ( નોનકોઓપરેશન ) *n.* Non-co-operation. સંબંધ ન રાખવો તે.
અસહાય, ( હેલ્પલેસ્ ) *a.* Helpless. નિરાધાર.
અસહાયતા,(હેલ્પલેસનેસ્ ) *n.* Helplessness. નિરાધારપણું.
અસંખ્ય, (ઇનન્યુમરેબલ) *a.* Innumerable. બેશુમાર.
અસંગત, ( ઈનકંસીસ્ટન્ટ્ ) *a.* Inconsistent. મેળ ન ખાય તેવું.
અસંતુષ્ટ, ( ડીસકન્ટેન્ટેડ ) *a.* Discontented. સંતુષ્ટ નહિ એવું.
અસંતોષ,(ડીસકંટેન્ટ્) *n.* Discontent. સંતોષ ન થવો તે.
અસંબદ્ધ, (મીનીંગલેસ્ ) *a.* Meaningless. અર્થશૂન્ય.
અસંભવ, ( ઇમ્પોસીબીલીટી ) *n.* Impossibility. અશક્યતા.
અસંમત, ( ડીસએગ્રીઈંગ્ ) *a.* Disagreeing. સંમત નહિ એવું.
અસંમતિ, ( ડીસએગ્રીમેન્ટ્ ) *n.* Disagreement. સંમતિનો અભાવ.
અસંસ્કૃત, (અનકલ્ચર્ડ્) *a.* Uncultured. સંસ્કાર રહિત.

અસાધારણ, (અનકૉમન )a. Uncommon. અસામાન્ય.
અસાધ્ય, ( ઈનકયૉરેબલ્ )a. Incurable. જેનો ઇલાજ નથી તેવું. [ કવખતનું.
અસામયિક, ( અનઓપોર્ટ્યુન ) a. Unopportune.
અસામર્થ્ય, (વીકનેસ્) n. Weakness. અશક્તિ.
અસામાન્ય, (અનકૉમન)a. Uncommon. અસાધારણ.
અસામ્ય, ( ડીફરંસ ) n. Difference. તફાવત.
અસાર, ( વર્થલેસ્ )a. Worthless. નિઃસત્વ; નકામું.
અસાવધ, ( કેરલેસ્ ) a. Careless. ગાફેલ.
અસિ, ( સ્વૉર્ડ ) n. Sword. તલવાર.
અસિત, ( બ્લેક ) a. Black. શ્યામ.
અસિદ્ધ, ( ઈનકંપલીટ ) a. Incomplete. અપૂર્ણ.
અસીમ, ( લીમીટલેસ્ ) a. Limitless. સીમા વિનાનું.
અસીલ, ( કલાયંટ ) n. Client. કુળ •( વકીલનું ). ( નોબલ્ ) a. Noble. અશરાફ.
અસુખ, ( અનઈઝીનેસ્ ) n. Uneasiness. બેચેની.
અસુખી, ( અનહેપી ) a. Unhappy. દુઃખી.
અસુખાકારી, ( ઈલનેસ ) n. Illness. માંદગી.
અસુર, ( ડેમન ) n. Demon. દૈત્ય; રાક્ષસ.
અસુલભ, (નોટ ઇઝી)ad. Not easy. સુલભ નહિ એવું.
અસુંદર, ( અગ્લી ) a. Ugly. કદરૂપું.
અસુરું, ( લેટ ) ad. Late. મોડું.
અસૌમ્ય, ( હાર્શ ) a. Harsh. કઠોર.
અસ્ખલિત, (વીધાઉટ એ બ્રેક)a. Without a break.
અસ્ત, ( સેટીંગ્ ) n. Setting. આથમવું તે. [ અખંડ

અસ્તમાન, ( ડીકલાઇન )*a*. Decline. આથમવું.
અસ્તર, ( લાઇનીંગ્ ) *n*. Lining. અંદરનું પડ.
અસ્તવ્યસ્ત ( ડીરેન્જડ્ ) *a*. Deranged. રફેદફે.
અસ્તિત્વ, ( એકઝીસ્ટંસ્ ) *n*. Existence. હોવાપણું; [હયાતિ.
અસ્તિરૂપ, (પોઝીટીવ)*a*. Positive.હકારરૂપ.
અસ્તુ, (ઑાલરાઇટ્) *prep*. All right. ભલે; ખેર.
અસ્તોદય, (રાઈઝ એન્ડ ફૉલ ) *n*. Rise and fall. [ચઢતીપડતી.
અસ્ત્ર, ( મીસીલ્ ) *n*. Missile. હથિયાર.
અસ્ત્રો, ( રેઝર ) *n*. Razor. અસ્તરો.
અસ્થાયી, ( વેરીએબલ્ ) *a*. Variable. ચંચળ.
અસ્થાવર, ( મુવેબલ્ ) *a*. Moveable. જંગમ.
અસ્થિ, ( બોન ) *n*. Bone. હાડકું.
અસ્થિમય, ( બોની ) *a*. Bony. હાડકાંવાળું.
અસ્થિર, (અનસ્ટેડી) *a*. Unsteady. ચંચલ; ઢચુપચુ.
અસ્પષ્ટ, ( ઈનડીસ્ટીંકટ્ ) *a*. Indistinct. સ્પષ્ટ નહિ એવું.
અસ્પૃશ્ય, (અનટચેબલ્)*a*. Untouchable. ન અડકાય [એવું.
અસ્પૃશ્યતા, ( અનટચેબીલીટી ) *n*. Untouchability. ન અડકાય તેવી સ્થિતિ.
અસ્પૃહ, (ઇનડીફરંટ્ ) *a*. Indifferent. ઉદાસીન.
અસ્ફુટ, ( નોટકલીઅર્ ) *ad*. Not clear. સંદિગ્ધ.
અસ્મિતા, (ઈગોઈઝમ્)*n*. Egoism. પોતાપણાનું ભાન.
અસ્વચ્છ, (અનકલીન્)*a*. Unclean. ગંદું.
અસ્વતંત્ર, ( નોટ ફ્રી ) *ad*. Not free. પરતંત્ર.
અસ્વસ્થ, ( અનઈઝી ) *a*. Uneasy. બેચેન.

અસ્વસ્થતા, ( અનઈઝીનેસ્ ) *n.* Uneasiness. બેચેની.
અસ્વાભાવિક, ( આર્ટીફીશ્યલ) *a.* Artificial. કૃત્રિમ.
અસ્વિકાર, ( અનએકસેપ્ટન્સ ) *n.* Unacceptance. સ્વિકારનો અભાવ. [ સ્વિકારી ન શકાય તેવું.
અસ્વિકાર્ય, ( અનએકસેપ્ટેબલ્ ) *a.* Unacceptable.
અહત, ( અનઈન્જર્ડ ) *a.* Uninjured. ઇજા પામ્યા [ વિનાનું.
અહમેવ, ( પ્રાઈડ્ ) *n.* Pride. અહંકાર.
અહર્નિશ, ( આલવેઝ્ ) *ad.* Always. દિનરાત.
અહં, ( ઇગો, ) *n*, Ego. હુંપદ.
અહંકાર, ( પ્રાઈડ્ ) *n.* Pride. ગર્વ.
અહંકારી, ( પ્રાઉડ્ ) *a.* Proud. ગર્વિષ્ઠ.
અહંપદ, ( ઇગોઇઝમ્ )*n.* Egoism. હુંપદ.
અહંસત્તાવાદ, (ઑટોક્રસી) *n.* Autocracy. 'સર્વસત્તા સ્વાધીન' એવો વાદ. [ અહંસત્તાવાદમાં માનનાર.
અહંસત્તાવાદી, ( ઑટોક્રેટ્ ) *a.* & *n.* Autocrat.
અહા, ( એકસપ્રેશન ઓફ સોરો ) *prep.* Expression of sorrow. દિલગીરી વિ. દર્શાવનો ઉદ્ગાર.
અહિત, ( ઈન્જરી ) *n.* Injury. અકલ્યાણ.
અહિતકર, (ઈન્જુરીયસ)*a.* Injurious. અકલ્યાણકારક.
અહિંસા, (નોટ કીલીંગ્) *n.* Not killing. હિંસા ન [કરવી તે.
અહિંસ્ર, (ઈનોશન્ટ્ ) *a.* Ignorant. નિર્દોષ.
અહીર, ( શેફર્ડ ) *n.* Shepherd. ભરવાડ.
અહીં, અહીંયા, (હીયર ) *ad.* Here. અત્ર; આ સ્થળે.
અહીંતહીં, ( હીઅર એન્ડ ધેર)*ad.* Here and there. [ અત્ર અને તત્ર.
અહુણા, ( નાઉ ) *ad.* Now. હમણાં.

અહેવાલ, ( રીપોર્ટ ) *n.* Report. વૃત્તાંત.
અહેશાન, (ઑબ્લીગેશન) *n.* Obligation. ઉપકાર.
અહો, અહોહો, ( એક્સ્પ્રેશન ઓફ સરપ્રાઈઝ્ ) *int.* Expression of surprise. આશ્ચર્ય વિ. સૂચવતો ઉદ્ગાર. [દિનરાત.
અહોનિશ, (ડે એન્ડ નાઈટ્ ) *ad.* Day and night.
અહોભાગ્ય, ( ગુડલક્ ) *n.* Goodluck. મોટું ભાગ્ય.
અળખામણું, ( અનફેવરેબલ્ ) *a.* Unfavourable.
અળગું, ( ડીસ્ટંટ્ ) *a.* Distant. દૂર. [ અપ્રિય.
અળતો, ( લેક ડાય ) *n.* Lac-die. ઉકાળેલી લાખમાંથી બનાવેલો લાલ રંગ.
અળવીતરૂં,(મીસ્ચીવીયસ)*a.*Mischievous.અટકચાળું.
અળસી, ( લીનસીડ્ ) *n.* Linseed. એક તેલી બી.
અળસાવવું, (મેક લેઝી) *vt.* Make lazy.આળસુ કરવું.
અળસિયું, ( અર્થ વર્મ ) *n.* Earth worm. જમીનમાં રહેતો એક કીડો.
અળંબો, ( ફુંગસ્ ) *n.* Fungas. બીલાડીનો ટોપ.
અળાઈ, ( પ્રીકલી હીટ્ )*n.* Prickly heat. ઉનાળામાં શરીરે થતી ઝીણી ફોલ્લી.
અળાવો, ( નુઝ્ ) *n.* Noose. ફાંસો. [નાટકનો વિભાગ.
અંક, ( સાઈન ) *n.* Sign. ચિન્હ. ( એક્ટ ) *n.* Act.
અંકગણિત, ( એરીથમેટીક ) *n.* Arithmetic. આંકડાથી ગણતરી કરવાનું શાસ્ત્ર. [કડા લખવાની રીત.
અંકલિપિ, ( ન્યુમરોલોજી ) *n.* Numerology. આં-
અંકામણી, (એપ્રેઈઝમેન્ટ)*n.* Appraisement.અંકામણ.

અંકિત, ( માર્ક્ડ્ ) *a.* Marked. નિશાનીવાળું.
અંકુર, ( સ્પ્રાઉટ્ ) *n.* Sprout. ફણગો.
અંકોડો, ( લીંક્ ) *n.* Link. સાંકળનો આંકડો.
અંગ, ( બોડી ) *n.* Body. સરીર. ( પાર્ટ ) *n.* Part. અવયવ; ભાગ.
અંગકસરત, (એક્ષરસાઈઝ્ ) *n.* Exercise. વ્યાયામ.
અંગકંપ, ( ટ્રેમોર ) *n.* Tremor. શરીર ધ્રુજવું તે.
અંગચાપલ્ય, ( એજીલીટી ) *n.* Agility. શરીરની સ્ફુર્તિ.
અંગજ, ( સન ) *n.* Son. પુત્ર.
અંગજા, ( ડોટર ) *n.* Daughter. પુત્રી.
અંગત, ( પરસનલ ) *a.* Personal. જાતને લગતું. ( પ્રાઇવેટ્ ) *a.* Private. ખાનગી.
અંગદકુદકો, (હાઈજમ્પ્ )*n.* High jump. ઉંચો કુદકો.
અંગના, ( વુમન ) *n.* Woman. સ્ત્રી.
અંગબળ, ( બોડીલી સ્ટ્રેંગ્થ ) *n.* Bodily strength. શરીરબળ.
અંગરક્ષક, ( એ–ડી–કાં ) *n.* Aid-de-camp. રક્ષણ માટે રાખવામાં આવતો સૈનિક.
અંગરખું, ( કોટ ) *n.* Coat. ડગલો.
અંગવસ્ત્ર, ( સ્કાર્ફ ) *n.* Scarf. ખેસ.
અંગાર, ( ફાયર ) *n.* Fire. અગ્નિ.
અંગારવાયુ, ( કાર્બોનીક એસીડ ગાસ ) *n.* Carbonic acid gas. એક પ્રકારનો વાયુ.
અંગારી, ( સ્પાર્ક ) *n.* Spark. ચિનગારી.
અંગિયું, ( શર્ટ ફોર ઇન્ફન્ટ્ ) *n.* Shirt for infant. ઝભલું.
અંગીકાર, (એક્સેપ્ટન્સ્ ) *n.* Acceptance. સ્વિકાર.

અંગીકૃત, ( એકસેપ્ટેડ્ ) *a.* Accepted. સ્વીકારેલું.
અંગુલી, ( ફીંગર ) *n.* Finger. આંગળી.
અંગુછો, ( ટોવેલ ) *n.* Towel. ટુવાલ.
અંગૂઠી, ( રીંગ્ ) *n.* Ring. એક પ્રકારનું ઘરેણું.
અંગૂઠો, ( થમ્બ્ ) *n.* Thumb. હાથ તથા પગનું પહેલું જાડામાં જાડું આંગળું.
અંગૂર, ( ગ્રેપ ) *n.* Grape. દ્રાક્ષ.
અંગે,(રીગાર્ડીંગ્)*ad.*Regarding. માટે; ની બાબતમાં.
અંગોર,(ફરટાઇલ લેન્ડ્)*n.*Fertile land. ફળદ્રુપ પ્રદેશ.
અંગ્રેજ, (ઈંગ્લીશમેન્)*n.* Englishman.ઈંગ્લાંડનો વતની.
અંગ્રેજી, ( ઈંગ્લીશ ) *a.* & *n.* English. અંગ્રેજને લગતું યા તેમની ભાષા.
અંઘોળ, ( એબ્લ્યુશન્ ) *n.* Ablution. સ્નાન.
અંઘોળવું, ( બેધ )*vt.* Bathe. નાહવું.
અંચઈ, ( લાય ) *n.* Lie. જુઠાણું.
અંચલ, ( એન્ડ ) *n.* End. છેડો.
અંજન, (બ્લેક પીગમેન્ટ)*n.*Black pigment. કાજળ.
અંજલિ, ( કેવીટી મેઈડ બાય જોઈનીંગ ધી હેન્ડઝ્ )*n.* Cavity made by joining the hands. ખોબો.
અંજળ, ( ફુડ એન્ડ વોટર ) *n.* Food and water. અન્ન અને પાણી.
અંજીલ, ( રીઝલ્ટ ) *n.* Result પરિણામ.
અંજાવું, ( બી ઑડ્ ) *vt.* Be awed. દબાઈ જવું.
અંજીર, ( ફીગ્ ) *n.* Fig. એક પ્રકારનો મેવો.
અંજુમન, ( એસોસીએશન્ ) *n.* Association. મંડળ,

અંટસ, ( એન્મીટી ) *n.* Enmity. વેર.
અંટવાવું, ( સ્ટમ્બલ્ ) *vt.* Stumble. ગોથાં ખાવાં.
અંડ, (એગ્ )*n.*Egg. ઈંડું. (ટેસ્ટીકલ)*n.* Testicle.પેળ.
અંડકોષ, ( ટેસ્ટીકલ્સ ) *n.* Testicles. પેળીઆ.
અંડાકાર, ( એગશેપ્ડ્ ) *a.* Egg shaped. લંબગોળ.
અંત, ( એન્ડ્ ) *n.* End. છેડો. [ મૃત્યુની ઘડી.
અંતકાળ, ( ટાઈમ ઓફ્ ડેથ ) *n.* Time of death.
અંતર, ( ડીસ્ટન્સ )*n.*Distance. છેટું. (ડીફરન્સ ) *n.* Difference. તફાવત. (ઈનર)*a.* Inner. અંદરનું.
અંતરપટ, ( કર્ટન ) *n.* Curtain. પડદો. [ અંદરનું.
અંતરતમ, ( મોસ્ટ ઇનવર્ડ ) *ad.* Most inward. છેક
અંતરાત્મા, (ઈનવર્ડ સોલ) *n.* Inward soul. અંતઃકરણ.
અંતરાય, ( હીન્ડ્રન્સ ) *n.* Hindrance. વિઘ્ન.
અંતરાળ, ( સ્પેસ્ ) *n.* Space. ગાળો.
અંતરાવું, (બીકોટ્ ) *vt.* Be caught. સપડાઈ જવું.
અંતરિક્ષ, (સ્કાય ) *n.* Sky. આકાશ. ( એરીયલ ) *a.* Aerial. આકાશ.

અંતરિયાળ,(અનસપોર્ટેડ્ )*ad.*Unsupported.અધવચ્ચે.
અંતર્ગત, (ઇનવર્ડ ) *ad.* Inward. અંદર સમાયલું.
અંતર્ગોળ,(કોન્કેવ)*a.*& *n.* Concave.વર્તુલાકાર ખાડો.
અંતર્ચક્ષુ, (માઇન્ડસ આઇ)*n.* Mind's eye.જ્ઞાનચક્ષુ.
અંતર્યામી, ( ગૉડ ) *n.* God. ઈશ્વર. [ ગૂઢ જ્ઞાન.
અંતર્જ્ઞાન, (ઈનવર્ડ નૉલેજ) *n.* Inward knowledge.
અંતર્દશા, ( ઇનવર્ડ કંડીશન ) *n.* Inward condition. અંદરની સ્થિતિ.

અંતર્દાહ, ( ગ્રીફ ) *n.* Grief. શોક.

અંતર્ધાન, ( ડીસએપીઅરન્સ ) *n.* Disappearance. અદૃશ્ય થઈ જવું તે.

અંતર્નાદ, (ઈનવર્ડ કૉલ ) *n.* Inward call. અંતરનો નાદ.

અંતર્ભૂત, (ઈનક્લુડેડ્ )*a.* Included. અંદર રહેલું.

અંતર્ભેદ, ( ડીસ્કોર્ડ ) *n.* Discord. અંદરનો ભેદ.

અંતર્હિત, ( સીક્રેટ્ ) *a.* Secret. ગૂપ્ત.

અંતવેળા, (લાસ્ટ મોમેન્ટ્ )*n* . Last moment. છેલ્લી ઘડી.

અંતશય્યા, (ડેથબેડ્) *n.* Death bed. મરણ શય્યા.

અંતસ્થ, ( ઈંટરનલ )*a.* Internal. અંદર રહેલું.

અંતઃકરણ, ( કૉન્શ્યંસ ) *n.* Conscience. હૃદય.

અંતઃપુર, ( હેરમ ) *n.* Harem. જનાનખાનું.

અંતઃપ્રવાહ, ( ઈનર કરન્ટ્ ) *n.* Inner current. અંદરનો પ્રવાહ.

અંતિમ, ( ફાઈનલ ) *a.* & *n.* Final. છેવટનું.

અંતે, અંત્ય, (લાસ્ટલી) *ad.* Lastly. છેવટે.

અંતેવાસી, ( પ્યુપીલ ) *n.* Papil. શિષ્ય.

અંત્યજ, (અનટચેબલ ) *n.* Untouchable. અસ્પૃશ્ય.

અંત્યાવસ્થા, (ઓલ્ડ એજ ) *n.* Old age. ઘડપણ.

આંત્ર, ( એન્ટ્રેઈલ્સ ) *n.* Entrails. આંતરડું.

અંદર, ( ઈન ) *n.* In. માં; મહિં.

અંદરખાને, ( સીક્રેટલી ) *ad.* Secretly. છૂપી રીતે.

અંદાજ, ( એસ્ટીમેટ ) *n.* Estimate. અડસટ્ટો.

અંદાજપત્ર, ( બજેટ ) *n.* Budget. બજેટ.

અંદેશો, ( ડાઉટ ) *n.* Doubt. વહેમ.

અંધ, ( બ્લાઇન્ડ્ ) *a.* Blind. આંધળું.
અંધકાર, અંધારૂં,( ડાર્કનેસ) *n.* Darkness. અંધારૂં.
અંધાધુની, અંધાધૂધી. ( કેઓસ)*n.* Chaos.અરાજકતા.
અંધાપો, ( બ્લાઇન્ડનેસ) *n.* Blindness. આંધળાપણું.
અંધારકોટડી, ( ડાર્ક સેલ ) *n.* Dark cell. અંધારી
અંધારવું, (ડાર્કન)*vt.* Darken. અંધારૂં થવું. [ઓરડી.
અંધારાં, ( ગીડીનેસ ) *n.* Giddiness. તમ્મર.
અંધેર, ( કેઓસ ) *n.* Chaos. અરાજકતા.
અંબ, અંબુ, ( વૉટર ) *n.* Water. પાણી.
અંબટ, ( સાવર ) *a.* Sour. ખાટું
અંબર, ( સ્કાય ) *n.* Sky. આકાશ.
અંબાડી, (હાઉડાહ)*n.* Howdah. હાથી ઉપરની બેઠક.
અંબાડો, ( હેમ્પ ) *n.* Hemp. એક જાતનું શણ.
અંબાર, ( હીપ ) *n.* Heap. ઢગલો.
અંબુજ, ( લોટસ્ ) *n.* Lotus. કમળ.
અંબુદ, ( ક્લાઉડ્ ) *n.* Cloud. વાદળ.
અંબુધિ, ( સી ) *n.* Sea. સમુદ્ર.
અંબોડો, ( ફ્લોક ઓફ હેર પ્લેટેડ્ )*n.* Flock of hair plaited. સ્ત્રીઓના માથાના વાળ ગુંથીને પાછળ વાળ- [વામાં આવતી ગાંઠ.
અંશ, ( પાર્ટ ) *n.* Part. ભાગ.
અંશતઃ, ( પાર્ટલી )*ad.* Partly. કાંઇક અંશે.
અંશુ, ( રે ) *n.* Ray. કિરણ.
અંશુમાન, ( સન ) *n.* Sun. સૂર્ય.

# આ

આ, ( ધીસ ) *prn.* This. નજીકનું એવા અર્થનું દર્શક [ સર્વનામ.
આઈ, ( મધર ) *n.* Mother. મા.
આઈન, ( લૉ ) *n.* Law. કાયદો. (મીરર) *n.* Mirror. [દર્પણ.
આકડો, (પ્લેન્ટ્) *n.* Plant. એક વનસ્પતિ છોડ.
આકર, ( માઈન ) *n.* Mine. ખાણ.
આકરૂં, (ડીફીકલ્ટ્ ) *a.* Difficult. મુશ્કેલ; કઠણ.
આકર્ષક, ( એટ્રેક્ટીવ) *a.* Attractive. મોહક.
આકર્ષણ, ( એટ્રેકશન) *n.* Attraction. ખેંચાણ.
આકર્ષવું, ( એટ્રેક્ટ્ ) *vt.* Attract. ખેંચવું.
આકસ્મિક, ( સડન )*a.* & *ad.* Sudden. ઓચિંતું.
આકળવિકળ, (પરપ્લેક્સ્ડ )*a.* Perplexed. ગભરાયલું.
આકળું, ( ઈમપેશન્ટ્ ) *a.* Impatient. અધીરૂં.
આકંઠ, ( અપ ટુ નેક ) *ad.* Upto neck. ગળા સુધી.
આકા, ( માસ્ટર ) *n.* Master. શેઠ.
આકાર, ( શેપ ) *n.* Shape. આકૃતિ; ઘાટ. ( એસેસ-મેન્ટ્ ) *n.* Assesment. વિઘોટી. [ આંકણી.
આકારણી, (રેટ ઓફ ટેક્ષેશન )*n.* Rate of Taxation.
આકારવું, ( એસેસ ) *vt.* Assess. દર ઠેરવવો.
આકાશ, ( સ્કાય ) *n.* Sky. આસમાન.
આકાશકક્ષા, ( હોરીઝન )*n.* Horizon. ક્ષિતિજ રેખા.
આકાશકુસુમવત્, ( ઈમ્પોસીબલ ) *a.* Impossible, અસંભવિત.

આકાશગંગા, ( મીલ્કી વે ) *n.* Milky way. ચાંદરણીઓનો સફેદ લીસોટો. [ આકાશનો માર્ગ.
આકાશપંથ, (એરીઅલ પેસેજ) *n.* Aerial passage.
આકાશમંડળ, (સ્કાય) *n.* Sky. ખગોળ; ગગન.
આકાશમુનિ, ( કૅમલ ) *n.* Camel. ઉંટ.
આકાશવાણી, (રીવીલેશન)*n.* Revealation. દૈવવાણી.
આકાશિકા, ( ટેરેસ ) *n.* Terrace. અગાશી.
આકાંક્ષા, ( ડીઝાયર ) *n.* Desire. ઈચ્છા; આશા.
આકીન, ( ફેથ ) *n.* Faith. શ્રદ્ધા. [ Figure. મૂર્તિ.
આકૃતિ, ( શેપ ) *n.* Shape. આકાર. ( ફીગર ) *n.*
આક્રમણ, ( એસોલ્ટ) *n.* Assault. ચઢાઈ; હુમલો.
આક્રમણશીલ, (એગ્રેસીવ ) *a.* Aggressive. આક્રમણ કરવાના સ્વભાવવાળું.
આક્રંદ, ( લેમેન્ટેશન ) *n.* Lamentation. વિલાપ.
આક્ષેપ, ( એલીગેશન ) *n.* Allegation. આરોપ.
આખડવું, ( રોમ ) *vt.* Roam. રઝળવું.
આખડી, ( વાઉ ) *n.* Vow. બાધા. [ Finally. અંતે.
આખર, ( એન્ડ )*n.* End. અંત. (ફાઇનલી) *ad.* & *a.*
આખરે, ( અલ્ટીમેટલી ) *ad.* Ultimately. અંતે.
આખલો, (અનકાસ્ટ્રેટેડ બુલ) *n.* Uncastrated bull. [ સાંઢ.
આખુ, ( માઉસ ) *n.* Mouse. ઉંદર.
આખું, ( એન્ટાયર ) *a.* Entire. બધું.
આખોધડી, ( ઓફન ) *ad.* Often. વારંવાર.
આખ્યાન, ( ટેલ )*n.* Tale. કથા.
આખ્યાયિકા, ( ટ્રેડીશન ) *n.* Tradition. વાર્તા.

આગ, ( ફાયર ) *n.* Fire. દેવતા.
આગગાડી, ( રૈલ્વેટ્રેન )*n.* Railway train. રેલગાડી.
આગતાસ્વાગતા, (રીસેપ્શન) *n.* Reception. આદર-
આગબોટ, (સ્ટીમશીપ)*n.*Steamship.સ્ટીમર. [સત્કાર.
આગમ, ( સેક્રેડ રાઇટીંગ )*n.* Sacred writing. ધર્મ-
શાસ્ત્ર. ( એરાઈવલ ) *n.* Arrival. આગમન.
આગમચ, ( ઓલરેડી ) *ad.* Already. આગળથી.
આગમન, ( કમીંગ ) *n.* Coming. આવવું તે. [થવું.
આગમવું, (બી ડેસ્પરેટ) *vt.* Be desperate. મરણીયા
આગરણ, ( ફાયરપ્લેસ ઈન આ સ્મીથી )*n.* Fireplace
in a smithy. લુહારની ભઠ્ઠી.
આગલું, ( પ્રીવીઅસ ) *a.* Previous. પહેલાંનું. (ફ્રન્ટ)
*a.* Front. આગળનું. [ પોતીકું.
આગવું, ( એક્સક્લુઝીવ ) *a.* Exclusive. ઇલાયદું;
આગળ, ( બીફોર ) *ad.* Before. પહેલાં. ( ફોર્મરલી )
*ad.* Formerly. પૂર્વે. (નીયર) *ad.* Near. પાસે.
આગળપાછળ, (રાઉન્ડએબાઉટ) *ad.* Roundabout.
આગળો,(વુડનબાર)*n.*Wooden bar. ઉલાળો. [ચારેપાસે.
આગંતુક, ( ગેસ્ટ્ ) *n.* & *a.* Guest. અતિથિ.
આગા, ( લોર્ડ ) *n.* Lord. શેઠ.
આગામી, ( કમીંગ ) *a.* Coming. આવનારૂં.
આગાર, ( રૈસીડન્સ ) *n.* Residence. રહેઠાણ.
આગાહી, ( પ્રોફેસી ) *n.* Prophecy. ભવિષ્યનું સુચન.
આગીયો, ( ગ્લોવર્મ ) *n.* Glow worm. ખદ્યોત.
આગે,–જુઓ આગળ.

આગેવાન, ( લીડર ) *n.* Leader. નેતા.
આગેવાની, ( લીડરશીપ )*n* . Leadership. નેતાપણું.
આગ્રહ, ( પ્રેસ્યોર ) *n.* Pressure. મમત.
આગ્રહી, (ઇમ્પોરચ્યુનેટ)*a.*Importunate. આગ્રહવાળું.
આઘાત, ( બ્લો ) *n.* Blow. ફટકો; પ્રહાર.
આઘું, આઘે, ( ફાર ) *ad.* Far. દૂર; છેડે.
આચમન, ( સીપીંગ ) *n.* Sipping. જમણી હથેળીમાં થોડું પાણી લઈ પી જવું તે. [ પરચુરણ.
આચરકુચર, (મીસલેનીઅસ)*a.* & *n.* Miscelleneous.
આચરણ, ( કોન્ડક્ટ ) *n.* Conduct. વર્તન.
આચરવું, ( પ્રેકટીસ ) *vt.* Practice. વર્તનમાં મુકવું.
આચાર, ( રૂલ ) *n.* Rule. નિયમ.
આચારભ્રષ્ટ, ( ફૉલન ) *a.* Fallen. પતિત.
આચારવિચાર, ( મેનર્સ એન્ડ કસ્ટમ્સ ) *n.* Manners and customs. વર્તન અને વ્યવહાર. [ધર્માધ્યક્ષ.
આચાર્ય, આચારજ, ( પ્રીસેપ્ટર ) *n.* Preceptor.
આચ્છાદન, ( કવરીંગ ) *n.* Covering. ઢાંકણ.
આચ્છાદિત, ( કવર્ડ ) *a.* Covered. ઢંકાયલું.
આછ, ( થીનનેસ ) *n.* Thinness. ઓછાપણું.
આછકલાઈ, ( થોટલેસનેસ ) *n.* Thoughtlessness. આછકલું વર્તન.
આછકલું, (અનથોટફુલ)*a.*Unthoughtful. છીછરા મનનું.
આછું, ( ડીમ ) *a.* Dim. ઓછું; ઝાંખું.
આજ, આજે, (ટુ ડે)*ad.* Today. આજે; ચાલુ દિવસે.
આજકાલ, ( એટ પ્રેઝન્ટ ) *ad.* At present. હાલમાં.

આજન્મ, ( ફ્રોમ બર્થ ) *ad.* From birth. જન્મથી.
આજમ, ( હાય ) *a.* High. મોટું; માનસુચક શબ્દ.
આજાર, ( ડીઝીઝ ) *n.* Disease. દરદ.
આજારી, ( સીકલી ) *a.* Sickly. દરદી.
આજીજી, ( સપ્લીકેશન )*n.* Supplication. કાલાવાલા.
આજીવન, ( લાઇફલોંગ્ ) *a.* Lifelong. જીવનપર્યંતનું.
આજીવિકા, ( લાઇવ્લીહુડ ) *n.* Livelihood. ગુજરાન.
આજુબાજુ, ( રાઉન્ડ એબાઉટ ) *ad.* Roundabout. [ચારેપાસ.
આજુકું,(ઓફ ટુ-ડે)*a.*Of to-day.આજનું.
આજ્ઞા, ( કમાન્ડ્ ) *n.* Command. હુકમ.
આજ્ઞાકારી, આજ્ઞાધિન,(ઓબીડીયન્ટ)*a.* Obedient. [હુકમાધિન.
આજ્ઞાપન, ( ઑાર્ડર ) *n.* Order. હુકમ.
આજ્ઞાપત્ર, (રીટન ઓર્ડર)*n.*Written order. લેખીત હુકમ. [હુકમોનું પત્ર.
આજ્ઞાપત્રિકા, ( ગેઝેટ ) *n.* Gazette. સરકારી
આજ્ઞાપાલક, આજ્ઞાંકિત,(ઓબીડીયન્ટ)*a.* Obedient. આજ્ઞા પ્રમાણે વર્તનારૂં.
આઝાદ, ( લીબરેટેડ )*a.* Liberated. સ્વતંત્ર.
આઝાદી, ( લીબરટી ) *n.* Liberty. સ્વતંત્રતા.
આટલું, ( ધીસ મચ ) *ad.* This much. અમુક દેખાડેલા પ્રમાણ જેટલું.
આટો, ( ફ્લોર ) *n.* Flour. લોટ.
આટોપવું, ( વીન્ડ અપ ) *vt.* Wind up. સંકેલવું. (ફીનીશ ) *vt.* Finish. પુરૂં કરવું.
આઠ, ( એઈટ ) *a.* Eight. આઠ.

આડસેં, ( એઈટ હંડ્રેડ ) *a.* Eight hundred.૮૦૦.
આડ,(ઓબ્સ્ટ્રકશન )*n.*Obstruction.પ્રતિબંધ.
આડકતરૂં, (ઈનડીરેકટ) *a.* Indirect. સીધું નહિ એવું.
આડકથા, (સબસ્ટોરી) *n.* Substory. ઉપકથા.
આડખીલી,(ઓબસ્ટ્રકશન) *n.* Obstruction. વિઘ્ન.
આડગીરો, ( મોર્ટગેજ ) *a.* & *n.* Mortgage. જેને ત્યાં ગીરો હોય તેણે બીજે ગીરો મુકી હોય તેવી.
આડણી, ( વુડન સ્ટુલ ) *n.* Wooden stool. રોટલી વણવાની લાકડાની ત્રીપાઇ.
આડત,(બ્રોકરેજ ) *n.* Brokerage. દલાલી. (એજન્સી) *n.* Agency. માલીકના વતી કામ કરવું તે.
આડતીયો, ( બ્રોકર ) *n.* Broker. દલાલ. ( એજન્ટ ) *n.* Agent. પ્રતિનીધી.
આડત્રાંસું,(સ્લેન્ટીંગ) *a.* Slanting. આડું અને ત્રાંસું.
આડત્રીસ,(થર્ટી એઇટ ) *a.* Thirty eight. ૩૮.
આડદાવો, ( કાઉન્ટર સુટ ) *n.* Counter suit. સામો દાવો.
આડપડદો, (કવર) *n.* Cover. લાજ.
આડપાસું, ( ઓન વન સાઇડ ) *ad.* On one side. એક બાજુએ.
આડફેડું, ( ઈન આ બાય-વે ) *ad.* In a bye-way. માર્ગ બહારનું.
આડમાર્ગ, (બાય વે) *n.* Bye-way. રાજમાર્ગ નહિ તેવો રસ્તો.
આડંબર, ( પોમ્પ ) *n.* Pomp. ડોળ.
આડાઈ,(ઓબ્સ્ટીનસી) *n.* Obstinacy. દુરાગ્રહ.
આડિયું, (સૉ) *n.* Saw. કરવત.
આડું, (ક્રોસ)*a.* Cross. સીધું નહિ તેવું.(ઇનડીરેકટ)*a.* Indirect. વાકું.

આડુંઅવળું, ( ફોલ્સ ) *a.* False. ખોટું.
આડે, (એક્રોસ) *ad.* Across. વચમાં.
આડોઆંક,(લીમીટ) *n.* Limit. હદ; સીમા.
આડોશપાડોશ, ( નેબરહુડ ) *n.* Neighbourhood.
આટ, ( હીપ ) *n.* Heap. ઢગલો. [આસપાસનું રહેઠાણ.
આણ,(ઓથ)*n.*Oath. દુવાઈ.(કમાન્ડ)*n.* Command.
આણવું, (ફેચ ) *vt.* Fetch. જઈને લાવવું. [ હુકમ.
આણીકોર,આણીગમ, ( ધીસ સાઈડ ) *ad.* This side.
આતવાર, (સન્ડે) *n.* Sunday. રવિવાર. [ આ બાજુ.
આતશ,(ફાયર) *n.* Fire. અગ્નિ; તાપ.
આતશબાજી, (ફાયરવર્કસ)*n.* Fireworks. દારૂખાનુ.
આતશબહેરામ, ( ફાયર ટેમ્પલ ) *n.* Fire temple.
આતશી, (હૉટ) *a.* Hot. ગરમ; જલદ. [ અગિયારી.
આતંક, (ડીઝીઝ) *n.* Disease. રોગ.
આતિથ્ય,(હૉસ્પીટાલીટી) *n.* Hospitality.પરોણાગત.
આતિથ્યશીલ, (હૉસ્પીટેબલ)*a.*Hospitable. પરોણા-
આતુર, ( ઇગર ) *a.* Eager. ઉત્સુક. [ ગત કરે એવું.
આતુરતા, (ઈગરનેસ ) *n.* Eagerness. ઉત્સુકતા.
આત્મ,(સેલ્ફ) *a.* & *n.* Self. પોતાનું.
આત્મકથા,-ચરિત,(ઑટોબાયોગ્રાફી ) *n.* Autobiography.પોતાની જીવનકથા.
આત્મઘાત,(સુઇસાઇડ)*n.*Suicide. આપઘાત. [કરનારૂં.
આત્મઘાતક, ( સુઇસાઇડલ ) *a.* Suicidal.આપ ઘાત
આત્મચિંતા, ( સેલ્ફકન્સર્ન ) *n.* Self-concern. પોતાની જાતની ચિંતા.

આત્મજ, (સન ) *n.* Son. પુત્ર.
આત્મજા, ( ડોટર ) *n.* Daughter. પુત્રી.
આત્મજ્ઞાન, ( મેટાફીઝીકસ ) *n.* Metaphysics. અધ્યાત્મજ્ઞાન. [ આત્મસંતોષ.
આત્મતૃપ્તિ,(સેલ્ફસેટીસ્ફેકશન) *n.*Self-satisfaction.
આત્મદાન,(સેલ્ફ ડીનાયલ)*n.*Self-denial.આત્મત્યાગ.
આત્મનિંદા, (સેલ્ફ રીપ્રોચ)*n.*Self-reproach.પોતાની જાતને નિંદવી તે.
આત્મપ્રતિષ્ઠા,(સેલ્ફ રીસ્પેકટ)*n.*Self-respect.સ્વમાન.
આત્મપ્રશંસા, (સેલ્ફ પ્રેઈઝ) *n.* Self-praise. પોતાની જાતનાં વખાણ. [ knowledge. અધ્યાત્મ જ્ઞાન.
આત્મબોધ, ( સ્પીરીચ્યુઅલ નોલેજ ) *n.* Spiritual
આત્મભૂ, (સેલ્ફ ક્રીએટેડ )*a.* Self-created. સ્વયંભૂ.
આત્મભોગ, ( સેલ્ફ સેક્રીફાઈસ ) *n.* Self-sacrifice. આપભોગ. [ પોતાની જાતનો વિનાશ.
આત્મવિનાશ, (સેલ્ફડીસ્ટ્રકશન)*n.*Self-destruction.
આત્મશ્લાઘા, (સેલ્ફપ્રેઈઝ )*n.* Self-praise. પોતાનાં વખાણ. [પોતાની જાતનો નિગ્રહ.
આત્મસંયમ,(સેલ્ફ રીસ્ટ્રેઈન્ટ ) *n.* Self-restraint.
આત્મસિદ્ધિ, (સાલ્વેશન)*n.* Salvation. મોક્ષ.
આત્મહત્યા, (સુઇસાઈડ) *n.* Suicide. આપઘાત.
આત્મા, ( સોલ ) *n.* Soul. જીવ. ( સેલ્ફ ) *n.* Self. પોતાની જાત. [ આત્મ સાક્ષાત્કાર.
આત્માનુભવ,(સેલ્ફ રીવીલેશન)*n.* Self-revealation.
આત્માભિમાન,(ઇગો)*n.*Ego.હુંપદ.

આત્મીય, ( રીલેટીવ ) *n.* Relative.સગું ( સેલ્ફ ) *a.*Self. પોતાનું.
આત્મોપજીવી,(સેલ્ફ મેઈડ)*a.* Self-made. સ્વાશ્રયી.
આથડવું, ( રોમ ) *vt.* Roam. રખડવું.
આથમણું, ( વેસ્ટર્ન ) *a.* Western. પશ્ચિમનું.
આથમવું, ( સેટ ) *vt.* Set. અસ્ત પામવું.
આથવું, ( પીકલ ) *vt.* Pickle. મસાલો ચઢાવવો.
આર્થિક,(ફીનાન્શીઅલ )*a.* Financial.નાણા સંબંધી.
આદત, (હેબીટ) *n.* Habit. ટેવ.
આદમ,(એડમ) *n.* Adam.આદિ પૂરૂષ. (હ્યુમન બીઈંગ) *n.* Human being. માનવી.
આદમખોર,( કેનીબાલ )*a.* Cannibal.માણસ ખાનારૂં.
આદમજાત, (હ્યુમેનીટી) *n.* Humanity. માનવ જાત.
આદમી, (હ્યુમન બીઈંગ) *n.* Human being. માણસ.
આદર, ( રીસ્પેક્ટ ) *n.* Respect. સન્માન.
આદરણીય, ( રીસ્પેક્ટેબલ ) *a.* Respectable.આદર આપવા યોગ્ય.
આદરભાવ, ( ફીલીંગ ઓફ રીસ્પેક્ટ ) *n.* Feeling of respect. માનની લાગણી.
આદરમાન, (રીસેપ્શન)*n.* Reception. આદરસત્કાર.
આદરવું, ( કમેન્સ ) *vt.* Commence. શરૂ કરવું.
આદરસત્કાર,–જુઓ આદરમાન.
આદર્શ, (આઇડીયલ ) *a.* & *n.* Ideal. ધ્યેય. (મીરર) *n.* Mirror. દર્પણ.
આદર્શવાદી, (આઈડીયાલીસ્ટ)*n.* Idealist. આદર્શવાદમાં માનનાર.
આદવેર, ( બીટર એનમીટી ) *n.* Bitter enmity. જુનું વેર.

આદાશીશી,(મેગ્રીમ) *n.* Megrim. માથાનો એક રોગ.

આદિ, ( સોર્સ ) *n.* Source. મૂળ. (ફર્સ્ટ) *a.* First. પહેલું. (ચીફ) *a.* Chief. મુખ્ય.

આદિક,(એટ સેટરા) *a.* Et cetra.વગેરે; ઈત્યાદિ.

આદિકારણ, ( પ્રાઇમરી કૉઝ ) *n.* Primary cause. [મૂળ કારણ.

આદિઘટક, (યુનીટ) *n.* Unit. મૂળ એકમ.

આદિત્ય, (સન) *n.* Sun. સૂર્ય.

આદિમાતા, (નેચર) *n.* Nature. પ્રકૃતિ.

આદુ, ( જીન્જર ) *n* Ginger. એક કંદ જે સુકવવાથી [સુંઠ બને છે.

આદેશ, (કમાન્ડ) *n.* Command. ફરમાન.

આદ્ય, (ફર્સ્ટ) *a.* First. મૂળ.

આદ્યંત, (બીગીનીંગ ટુ એન્ડ) *n.*Beginning to end. આદિથી અંત.

આધરણ, ( એબ્યુલીશન ) *n.* Ebulition. અનાજ [બાફવા ઉકાળેલું પાણી.

આધાપલીત,(હાફ મેડ)*a.* Half mad. હાધારંગું.

આધાર, ( સપોર્ટ) *n.* Support. ટેકો. (એવીડન્સ) *n.* Evidence. પુરાવો.

આધારસ્તંભ, ( બેઝ કોલમ ) *n.* Base column. આધારરૂપ થાંભલો.

આધિ, ( મેન્ટલ ડીસ્ટ્રેસ ) *n.* Mental distress. [માનસિક પીડા.

આધિક્ય, ( એક્સેસ ) *n.* Excess. વધારાપણું.

આધિપત્ય ( માસ્ટરી) *n.* Mastery. ઉપરીપણું.

આધિભૌતિક, (ફીઝીકલ) *a.* Physical. શારીરિક.

આધિન, (ડીપેન્ડન્ટ )*a.* Dependent. અધીન; વશ.

આધિનતા, ( ડીપેડન્સ ) *n.* Dependence. અધીનતા.

આધુનિક, (મોડર્ન) *a.* Modern. અર્વાચીન.
આધેડ,(એજેડ) *a.* Aged. પ્રૌઢ. [ વિષયક.
આધ્યાત્મિક,(સ્પીરીચ્યુઅલ) *a.* Spiritual.આત્મતત્વ
આનંદ, (જોય) *n.* Joy. પ્રસન્નતા.
આનંદકારી,-મય,(જોયફુલ)*a.* Joyful.આનંદ આપતું.
આનંદમીમાંસા, (એસ્થેટીક્સ)*n.* Aesthetics. કલાના
ઉપભોગથી થતા આનંદ વિષે વિચાર કરનારૂં શાસ્ત્ર.
આનંદવું, (એન્જોય) *vt.* Enjoy. આનંદ કરવો.
આનંદિત, (ડીલાઇટેડ ) *a.* Delighted. ખુશ.
આનંદી, (ગે) *a.* Gay. મોજી.
આનાકાની,(હેસીટેશન)*n.* Hesitation.હા ના કરવી તે.
આનાવારી, (એસ્ટીમેટ ઓફ પ્રોડયુસ) *n.* Estimate
of produce. ઉત્પન્નનો અડસટ્ટો. [ભાગનું નાણું.
આની,આનો, ( આના ) *n.* Anna. રૂપિઆના સોળમા
આનુમાનિક, ( લોજીકલી ) *a.* Logically. તર્કસિદ્ધ.
આનુવંશિક, (હેરીડેટરી)*a.* Heridatory.વંશ પરંપરા-
આપ, (સેલ્ફ ) *prn.* Self. પોતે. [ થી ચાલ્યું આવતું.
આપઅખત્યાર,(ઓટોક્રેટ)*a.*& *n.*Autocrat.આપખુદ.
આપકરમી, (સેલ્ફ રીલાયંટ) *a.* Self-reliant પોતા-
ના જ પુરૂષાર્થ પર વિશ્વાસ રાખનારૂં. [ગણી વર્તનારૂં.
આપખુદ, (હાઇહેન્ડેડ) *a.* High-handed. સર્વસત્તા
આપઘાત, (સુઈસાઇડ) *n.* Suicide. આત્મહત્યા.
આપડાહ્યું, (સેલ્ફ વાઈઝ ) *a.* Self-wise. દોઢ ડાહ્યું.
આપણે, (વી, ઈંકલ્યુડીંગ યુ) *prn.* We, including
you. અમે, તમે તથા અમે.

આપત,આપત્તિ,( કૅલેમીટી) *n.* Calamity. આફત.
આપદા–જુઓ આપત્તિ.
આપમત,-લબી, (સેલ્ફીશ) *a.* Selfish. સ્વાર્થી.
આપમતીલું,(ઑબસ્ટીનેટ) *a.* Obstinate. દુરાગ્રહી.
આપમુખત્યાર, ( ઑટોક્રૅટ ) *a.* Autocrat. પોતાની મરજી પ્રમાણે કરવાની સત્તાવાળું.
આપમુખત્યારી, (ઑટોક્રસી)*n.* Autocracy.પોતાની મરજી પ્રમાણે કરવાનો અધિકાર.
આપવું, ( ગીવ ) *vt.* Give. દેવું.
આપસમાં,( મ્યુચ્યુઅલી ) *ad.*Mutually.અંદરઅંદર.
આપસ્વાર્થ, ( સેલ્ફ ઈન્ટરેસ્ટ ) *n.* Self-interest. [પોતાનો સ્વાર્થ.
આપો, (ફાધર) *n.* Father. પિતા.
આપોઆપ, (સ્પોન્ટેનીઅસલી)*ad.* Spontaneously. સહજ. (પરસનલી) *ad.* Personally. જાતે.
આપ્ત, (રીલેટેડ) *a.* Related. સગું.
આપ્તજન, (રીલેટીવ) *n.* Relative. સગું.
આફત, ( કૅલેમીટી) *n.* Calamity. આપત્તિ.
આફતાબ, ( સન ) *n.* Sun. સૂર્ય.
આફરવું,(સ્વેલ) *vt.* Swell. આફરો ચડવો.
આફરીન, (પ્રેઈઝીસ ) *n.* Praises. કુરબાન.
આફરો, ( કૉસ્ટીવનેસ) *n.* Costiveness.પેટ ચઢવું તે.
આબ, ( વૉટર ) *n.* Water. જળ.
આબકારી,(એકસાઈઝ) *a.* Excise.ફેરી ચીજોને લગતું.
આબરૂ,(રેપ્યુટેશન) *n.* Reputation. પ્રતિષ્ઠા.
આબરૂદાર,(રેપ્યુટેડ) *a.* Reputed. પ્રતિષ્ઠાવાળું.

આબાદ,(થ્રાઈવીંગ) *a.* Thriving. સમૃદ્ધ.
આબાદી, (પ્રોસ્પેરીટી) *n.*Prosperity.આબાદ હોવું તે.
આબેહયાત,(નેકટર) *n.* Nector. અમૃત.
આબેહુબ, (એકઝેકટ) *a.* Exact. અસલના જેવું.
આબોહવા, (કલાઈમેટ) *a.* Climate. હવાપાણી.
આબ્દિક,(યરલી) *a.* Yearly. વાર્ષિક.
આભ, (સ્કાય) *n.* Sky. આકાશ.
આભડછેટ, (પોલ્યુશન) *n.* Pollution. અભડાવું તે.
આભડવું-જુઓ અભડાવું.
આભરણ, (ડેકોરેશન) *n.* Decoration. શણગાર.
આભા, (સ્પ્લેનડર) *n.* Splendour. કાન્તિ.
આભાર,(ગ્રેટીટયુડ) *n.* Gratitude. ઉપકાર.
આભારી, (ઇનડેટેડ) *a.* Indebted. ઉપકારવશ.
આભાસ,(હેલ્યુસીનેશન) *n.* Hallucination. ભ્રમ.
આભિજાત્ય,(નોબીલીટી) *n.* Nobility. કુલીનતા.
આભીર,(શેફર્ડ) *n.* Shepherd. ભરવાડ.
આભું, (સરપ્રાઈઝડ) *a.* Surprised. દિંગ.
આભુષણ,(ઓર્નામેન્ટ) *n.* Ornament. ઘરેણું.
આભ્યંતર,(ઇન્ટરનલ) *a.* Internal. અંદરનું.
આમ, ( અનડાઈજેસ્ટેડ ફુડ ) *a.* & *n.* Undigested food. કાચો મળ.
આમ, ( કોમન ) *a.* Common. સામાન્ય. (પીપલ) *n.* People. લોક. (મેંગો) *n.* Mango. કેરી.
આમ, ( ધસ ) *ad.* Thus. આ પ્રમાણે.
આમટ, (સાવર) *a.* Sour. ખાટું.

આમચુર, ( ડ્રાઈડ પીસીસ ઓફ મેંગો ) *n.* Dried pieces of mango. સુકવેલા કેરીના કડકા.
આમણ, ( ઇન્ટેસ્ટાઈન્સ ) *n.* Intestines. આંતરડું.
આમતેમ, ( ડીસઓર્ડરલી ) *ad.* Disorderly. અવ્યવસ્થિત રીતે.
આમદ,આમદાની, (ઈન્કમ) *n.* Income. આવક.
આમનસામન, ( મ્યુચ્યુઅલ) *a.* Mutual. પરસ્પર.
આમન્યા, (ઓબીડીયન્સ)*n.* Obedience.આજ્ઞાપાલન.
આમરણ, આમરણાંત, ( લાઇફ લોંગ )*a.* Life long. જીવન પર્યંત.
આમલી પીપળી, ( ગેમ )*n.* Game. એક રમત. [વર્ગ.
આમવર્ગ,(કોમનર્સ) *n.* Commeners.સામાન્યલોકોનો
આમસભા, ( હાઉસ ઓફ કોમન્સ ) *n.* House of Commons. આમવર્ગના લોકોની સભા.
આમળવું, ( ટવીસ્ટ ) *vt.* Twist. વળ દેવો.
આમળો, ( ટવીસ્ટીંગ્ ) *n.* Twisting. વળ. ( ગ્રજ ) *n.* Grudge. ખાર.
આમંત્રણ, (ઇન્વીટેશન ) *n.* Invitation. નોતરૂં.
આમંત્રવું, ( ઇનવાઇટ ) *vt.* Invite. નોતરવું.
આમંત્રિત, ( ઈનવાઇટેડ્ ) *a.*Invited. નોતરેલું.
આમાતિસાર, ( ડીસેન્ટ્રી ) *n.* Dysentery. સંગ્રહણી.
આમિલ, ( ઓફીસર ) *n.* Officer. અધિકારી.
આમિષ, ( ફલેશ ) *n.* Flesh. માંસ.
આમિન, ( આમેન ) *n.* Amen. તથાસ્તુ.
આમુખ, ( પ્રીફેસ ) *n.* Preface. પ્રસ્તાવના.

આમેજ, ( એન્જોઇન્ડ્ ) *a.* Enjoined. સામેલ.
આમોદ, ( જોય ) *n.* Joy. આનંદ.
આમ્ર, ( મેંગો ટ્રી ) *n.* Mango-tree. આંબો.
આય, ( કરેજ ) *n.* Courage. હિંમત.
આયખું, ( લાઇફ ) *n.* Life. આયુષ્ય.
આયનન, ( ઇનહેબીટેશન ) *n.* Inhabitation. વસવાટ.
આયતું, ( ગ્રેટીસ ) *a.* Gratis. અનાયાસે મળેલું.
આયનો, ( મીરર ) *n.* Mirror. દર્પણ.
આયપત, ( ઈનકમ ) *n.* Income. આવક; ઉપજ.
આયપતવેરો, ( ઈન્કમટેક્ષ ) *n.* Income-tax. આવક ઉપર લેવાતો કર.
આયંદે ( હીઅરઆફ્ટર ) *ad.* Hereafter હવે પછી.
આયા, ( નર્સ ) *n.* Nurse. ધાવ. [ આવરો.
આયાત, (ઈમ્પોર્ટ) *n.* Import. બહારગામના માલનો
આયાસ, ( લેબર ) *n.* Labour. મહેનત; કષ્ટ.
આયુ, -ષ્ય,( લાઈફ ) *n.* Life. આવરદા.
આયુધ, ( વીપન ) *n.* Weapon. હથીઆર. [ દીર્ઘાયુષી.
આયુષ્યમાન, ( લોંગ લીવ્ડ ) *a.* Long-lived.
આયોજન, (મેનેજીંગ) *n.* Managing. વ્યવસ્થા કરવી તે.
આયોજના, (મેનેજમેન્ટ) *n.* Management. વ્યવસ્થા.
આર, ( પોઇન્ટેડ આયર્ન સ્પાઈક ) *n.* Pointed iron spike. પરોણીની અણી. (સાઈઝીંગ) *n.* Sizing. ખેળ.
આરક્ત, ( રેડીશ ) *a.* Reddish. રતાશ પડતું.
આરજા, ( જૈન નન ) *n.* Jain nun. જૈન સાધ્વી.
આરજુ, ( ડીઝાયર ) *n.* Desire. ઈચ્છા.

આરજુમંદ, ( ડીઝાયરસ ) *a.* Desirous. ઈચ્છાવાળું.
આરડવું, ( બાઉલ ) *vt.* Bowl. બરાડા પાડવા.
આરણકારણ, (પ્રીટેક્ષ્ટ) *n.* Pretext. બહાનું. ( અન-સર્ટન ) *a.* Uncertain. અનિશ્ચીત.
આરત, ( નેસેસીટી ) *n.* Necessity. ગરજ.
આરપાર, (એક્રોસ) *ad.* Across. સોંસરૂં. [સંગેમરમર.
આરસપહાણ, ( માર્બલ સ્ટોન ) *n.* Marble-stone.
આરસી, (સ્મોલ મીરર)*n.* Small-mirror.નાનું દર્પણ.
આરસો, ( મીરર ) *n.* Mirror. દર્પણ.
આરંભ, ( બીગીનીંગ ) *n.* Beginning. શરૂઆત.
આરંભવું, ( બીગીન ) *vt.* Begin. શરૂ કરવું. [કરનારૂં.
આરાધક, ( ડીવોટેડ્ ) *a.* & *n.* Devoted. આરાધના
આરાધના, ( વર્શીપ ) *n.* Worship. પૂજા.
આરાધવું, ( વર્શીપ ) *vt.* Worship. પૂજવું.
આરામ,(રેસ્ટ)*n.*Rest.આરામ. [ કરવા માટેની ખુરશી.
આરામખુરશી, ( ઇઝીચેર ) *n.* Easy-chair. આરામ
આરીયું, ( કમકમ્બર ) *n.* Cumcumber. ચીભડું.
આરી, ( સ્મોલ સો ) *n.* Small saw. નાનું કરવત.
આરીકારી, ( સ્કીલ ) *n.* Skill. ચતુરાઇ.
આરૂઢ, ( માઉન્ટેડ )*a.* Mounted. ઉપર બેઠેલું.
આરો, ( બેન્ક ) *n.* Bank. કિનારો.
આરોગવું, ( ઈટ ) *vt.* Eat. જમવું.
આરોગ્ય, ( હેલ્થ ) *n.* & *a.* Health. તંદુરસ્તી.
આરોગ્યરક્ષક, ( હોલસમ ) *a.* Wholesome. આરો-ગ્યનું રક્ષણ કરનારૂં.

આરોગ્યવિજ્ઞાન,(હાઇજીન)*n*.Hygiene.આરોગ્ય વિદ્યા.
આરોગ્યાલય, ( સેનીટેરીઅમ ) *n*. Sanitarium. દર-
દીઓને સાજા થવા માટે સારી હવામાં બાંધેલું સ્થળ.
આરોપ,(ચાર્જ)*n*.Charge.તહોમત. [tion. આરોપવું તે.
આરોપણ,(એકટ ઓફ એકયુઝેશન)*n*.Act of accusa-
આરોપવું, ( એકયુઝ ) *n*. Accuse. આરોપ મુકવો.
આરોપી, ( એકયુઝડ્ ) *n*. Accused. તહોમતદાર.
આરોહ, આરોહણ, ( એસેન્ટ) *n*.Ascent. ચઢવું તે.
આરોહવું, ( એસેન્ડ્ ) *vt*. Ascend. ચઢવું.
આર્જવ, ( સ્ટ્રેઇટ ફોર્વર્ડનેસ ) *n*. Straightforward-
ness. સરળતા.
આર્ત,(ડીસ્ટ્રેસ્ડ્ )*a*.Distressed.દુ:ખી. [:દુખમાં પોકાર.
આર્તનાદ, ( કોલ ઇન ડીસ્ટ્રેસ) *n*. Call in distress.
આર્થિક, (ફીનાન્શ્યલ) *a*. Financial. નાણા સંબંધી.
આર્દ્ર, ( વેટ ) *a*. Wet. ભીનું.
આર્દ્રતામાપક યંત્ર, ( બેરોમીટર ) *n*. Barometer.
આર્દ્રતા માપનારૂં યંત્ર. [ પાણીનો ભાગ છે તેવો વાયુ.
આર્દ્રવાયુ, ( હાઇડ્રોજન ) *n*. Hydrogen. જેમાં
આર્ય, ( કલ્ચર્ડ ) *a*. Cultured. સંસ્કારી.
આર્યપુત્ર,(હસબન્ડ્ )*n*. Husband.સ્વામી. [કુલીન સ્ત્રી.
આર્યા,(રીસ્પેકટેબલ વુમન)*n*. Respectable woman.
આર્યાવર્ત, ( ઇંડીઆ )*n*. India. હિંદુસ્થાન. [ મત.
આર્હત, (જૈન ડોકટ્રીન)*n*.& *a*. Jain doctrine. જૈન
આલક્ષિત, ( માર્કડ ) *a*. Marked. ચિન્હ વડે દેખાડેલું.
આલપાકો,(આલપાકા)*n*.Alpaca.એક પ્રકારનુંઉનનું કાપડ.

**આલબેલ**, ( ઓલવેલ ) *n.* All well. બધું ઠીક છે તે બતાવતો પોકાર.
**આલમ**, ( વર્લ્ડ ) *n.* World. જગત.
**આલમગીર**, ( કોંકરર ઓફ ધી વર્લ્ડ )*n.* & *a.* Conqueror of the world. જગતને જીતનાર.
**આલય**, ( રેસીડન્સ ) *n.* Residence. રહેઠાણ.
**આલવું**, ( ગીવ ) *vt.* Give. આપવું.
**આલસ્ય**, ( આઈડલનેસ ) *n.* Idleness. આળસ.
**આલંકારિક**, ( ઓર્નામેન્ટલ ) *a.* Ornamental. અલંકારયુક્ત.
**આલંબ, આલંબન**, (સપોર્ટ) *n.* Support. ટેકો.
**આલંબમાન**, ( હેંગીંગ ) *a.* Hanging. લટકતું.
**આલંબવું**, ( રેસ્ટ ) *vt.* Rest. આધાર લેવો.
**આલા**, ( બેસ્ટ ) *a.* Best. ઉત્તમ.
**આલાપ**, (હમીંગ એ ટયુન) *n.* Humming a tune, ગુંજન.
**આલાપવું**, ( હમ ) *vt.* Hum. ગુંજન કરવું.
**આલિમ**, ( સ્કોલર ) *n.* Scholar. વિદ્વાન.
**આલિશાન**, ( વેરી બીગ )*a.* Very big. વિશાળ.
**આલિંગન**, ( એમ્બ્રેસ ) *n.* Embrace. છાતી સરસું ચાંપવું તે.
**આલિંગવું**, ( એમ્બ્રેસ ) *vt.* Embrace. છાતી સરસું ચાંપવું.
**આલૂ**, ( પોટેટો ) *n.* Potato. બટાકો.
**આલેખન**, ( ડ્રોઈંગ ) *n.* Drawing. ચિત્રકામ.
**આલેખીની**, (ડ્રોઈંગ બ્રશ )*n.* Drawing brush. પીંછી.
**આલેખવું**, ( ડ્રો ) *vt.* Draw. ચિતરવું.
**આલેપ**, ( ઓઈન્ટમેન્ટ ) *n.* Ointment. મલમ.

આલોક, (ધીસ વર્લ્ડ )*n*.This world.આ જગત. [ તે.
આલોકન,(એકટ ઓફ સીઇંગ)*n*.Act of seeing.જોવું
આલોકવુ, (ઓબઝર્વ )*vt*. Observe. અવલોકન કરવું.
આલોચન, (કંટેમ્પ્લેશન)*n*.Contemplation.અવલોકન.
આલોચવુ, ( કંટેમ્પ્લેટ ) *vt*. Contemplate. અવ-
લોકન કરવું.
આલોપાલો, ( ફોલીએજ ) *n*. Foliage. શાકભાજી.
આવક, ( ઈન્કમ ) *n*. Income. આમદાની.
આવકચિઠ્ઠી, ( ઈન્વોઈસ ) *n*. Invoice. ભરતીયું.
આવકાર, ( રીસેપ્શન ) *n*. Reception. આદરમાન.
આવજાવ, ( ફ્રીકવન્સી )*n*. Frequency. આવવું અને
આવડ, -ત,( ટેકટ )*n*.Tact. કુશળતા. [ જવું તે.
આવડવુ, ( નો ) *vt*. Know. જાણવું.
આવડું, ( સો મચ ) *a*. So much. આટલું.
આવરણ, ( કવરીંગ ) *n*. Covering. પડદો.
આવરદા, ( લાઈફ ) *n*. Life. આયુષ્ય.
આવરવુ, ( કવર ) *vt*. Cover. ઢાંકવું. ( સ્પ્રેડ ) *vt*.
Spread.વ્યાપવું. [ આવર્ત.(એડી)*n*. Eddy. ભમરી.
આવર્ત, -ક, ( રીકરીંગ ) *a*. Recurring. ફરી ફરી
આવર્તન, (રીપીટેશન)*n*. Repetition. ફરી ફરી કરવું તે.
આવર્તવુ, ( રીપીટ ) *vt*. Repeat. ફરી ફરી કરવું.
આવવુ, ( કમ ) *vt*. Come. આગમન થવું.
આવશ્યક, ( નેસેસરી ) *a*. Necessary. જરૂરી.
આવશ્યકતા, (નેસેસીટી) *n*. Necessity. અગત્યતા.
આવળ, ( શ્રબ ) *n*. Shrub. એક વનસ્પતિ છોડ.

આવાગમન, ( એરાઇવલ એન્ડ ડીપાર્ચર) *n.* Arrival and departure. આવવું ને જવું તે.
આવાર, ( ધીસ ટાઇમ ) *ad.* This time. આ વખતે.
આવાસ, (રેસીડન્સ) *n.* Residence. નિવાસસ્થાન.
આવાહન, (ઈન્વીટેશન) *n.* Invitation. આમંત્રણ.
આવિર્ભાવ,(મેનીફેસ્ટેશન)*n.* Manifestation. પ્રાકટ્ય.
આવિર્ભૂત, ( મેનીફેસ્ટેડ્ ) *a.* Manifested. પ્રકટ.
આવિકરણ, (પબ્લીકેશન)*n.* Publication. પ્રકટીકરણ.
આવિષ્કૃત, ( પબ્લીસ્ડ્ ) *a.* Published. દેખાડેલું.
આવું, ( સચ ) *a.* Such. આના જેવું.
આવૃત, ( કવર્ડ્ ) *a.* Covered. ઢાંકેલું.
આવૃત્તિ, ( એડીશન ) *n.* Edition. પ્રકાશન.
આવેગ, ( વીગર ) *n.* Vigour. જોશ.
આવેદન, ( પીટીશન ) *n.* Petition. ફરિયાદ.
આવેશ, ( આર્ડર ) *n.* Ardour. જોશ.
આવેશી, ( ઝીલસ ) *a.* Zealous. આવેશયુક્ત.
આશ,(હોપ )*n.*Hope.આશા. [ Enamoured.પ્રેમવશ.
આશક, ( લવર ) *n.* Lover. પ્રેમી. ( ઇનેમર્ડ ) *a.*
આશકર, -કાર, (ઓપન) *a.* Open. સ્પષ્ટ; જાહેર.
આશના ( ફ્રેંડ ) *n.* Friend. મિત્ર. ( બીલવેડ્ ) *n.* Beloved. પ્રિયા.
આશનાઈ, (ફ્રેંડશીપ)*n.* Friendship. મિત્રતા.
આશય, ( ઈન્ટેન્શન્ ) *n.* Intention. ધારણા. (પ્લેસ ) *n.* Place. સ્થાન.
આશરે, ( એબાઉટ્ ) *ad.* About. લગભગ.

આશરે, (એબાઉટ )*ad.* About. લગભગ.
આશરો, ( એસ્ટીમેટ ) *n.* Estimate. અંદાજ.
આશંક, (હેસીટેશન) *n.* Hesitation. આંચકો.
આશંકા, (ડાઉટ્) *n.* Doubt. વહેમ.
આશા, ( હોપ્) *n.* Hope. ઉમેદ. [ આશાવાળું.
આશાબંધ,-ભર્યું,-વંત,(હોપફુલ્)*a.* & *n.* Hopeful.
આશાબંધી, ( પ્રેગનન્ટ્ ) *a.* Pregnant.સગર્ભા.
આશાભંગ,-હિન,(ડીસએપોઇન્ટેડ્ )*a.*Disappointed.
આશાવરી, (ટ્યુન) *n.* Tune. એક રાગ. [ નિરાશ.
આશાવાદ, (ઓપ્ટીમીઝમ્) *n.* Optimism. જે થાય છે તે સારા માટે તેવો મત.
આશિષ, (બેનીડીક્શન્) *n.* Benidiction. દુવા;
આશીર્વાદ, ( બ્લેસીંગ્) *n.*Blessing.દુવા.[આશિર્વાદ.
આશ્ચર્ય, ( વન્ડર ) *n.* Wonder. નવાઈ.
આશ્ચર્યકારક, -જનક, ( વન્ડરફુલ્) *a.* Wonderful. નવાઈ પમાડે એવું. [ નિવાસ.
આશ્રમ, ( હરમીટેજ્ ) *n.* Hermitage. સાધુનો
આશ્રય, (રીફ્યુજ્) *n.* Refuge. શરણું; આશરો.
આશ્રિત, ( ડીપેન્ડન્ટ્ ) *n.* Dependent. આશ્રયે રહેલું.
આશ્વાસ,-ન, ( કૉન્સોલેશન ) *n.* Consolation. દિલાસો. [ આપતું.
આશ્વાસક, ( કૉન્સોલેટરી )*a.* Consolatory. દિલાસો
આશ્વાસવું, ( કૉન્સોલ્) *vt.* Console. દિલાસો દેવો.
આસક્ત, ( ઇનેમર્ડ્) *a.* Enamoured. મોહિત.
આસક્તિ, ( એટેચમેન્ટ્ )*n.* Attachment. અનુરાગ.

આસન, ( સીટ્ ) *n.* Seat. બેઠક.
આસન કેદ, ( સીમ્પલ ઇમ્પ્રીઝનમેન્ટ્ ) *n.* Simple imprisonment. સખત મજુરી સિવાયની કેદ.
આસનાવાસના, ( કોન્સોલેશન્ ) *n.* Consolation. આશ્વાસન.
આસન્ન, ( નીયર્ ) *ad.* Near. નજીક આવેલું.
આસન્નકાળ, ( ડેથ ટાઇમ્ ) *n.* Death time. મરણકાળ.
આસપાસ, ( ઓલ એરાઉન્ડ્ ) *ad.* All around. [ આજુબાજુ.
આસમાન, ( સ્કાય્ ) *n.* Sky. ગગન.
આસમાની, ( બ્લુઇશ્ ) *a.* Bluish. નીલરંગી.
આસવ, ( એક્સટ્રેક્ટ્ ) *n.* Extract. સત્વ.
આસાએશ, ( રેસ્ટ્ ) *n.* Rest. આરામ.
આસાન, ( ઇઝી ) *a.* Easy. સ્હેલું.
આસામી, ( પરસન ) *n.* Person. માનવી.
આસામીવાર, ( પર હેડ્) *ad.* Per head. માથાદીઠ.
આસિસ્ટંટ, ( એસીટન્ટ્ ) *a.* & *n.* Assistant. મદદનીશ.
આસુર,-રી, (ઇનહ્યુમન્) *a.* Inhuman. રાક્ષસી.
આસૂદું, ( હેપી ) *a.* Happy. સુખી.
આસોપાલવ, ( ટ્રી ) *n.* Tree. એક ઝાડ.
આસ્કંદ, ( એટેક ) *n.* Attack. હલ્લો.
આસ્તર, ( કાર્પેટ્ ) *n.* Carpet. ગાલીચો.
આસ્તિક, ( થીઇસ્ટ્ ) *a.* & *n.* Theist. શ્રદ્ધાળુ.
આસ્તિકતા, ( ફેઈથ ) *n.* Faith. શ્રદ્ધા.
આસ્તે, ( સ્લોલી ) *ad.* Slowly. ધીમેથી.

આસ્થા, ( ફેઈથ ) *n.* Faith. શ્રદ્ધા.
આસ્પદ, ( પ્લેસ્ ) *n.* Place. સ્થાન.
આસ્ફાલન, ( સ્ટ્રાઈકીંગ્ અગેન્સ્ટ્ ) *n.* Striking against. અફાળવું તે. [ કરવું તે.
આસ્ફોટન, ( ડીસ્કલોઝર્ ) *n.* Disclosure. પ્રગટ
આસ્વ, ( માઉથ ) *n.* Mouth. મુખ.
આસ્વાદ, ( ટેસ્ટ્ ) *n.* Taste. સ્વાદ.
આસ્વાદવું, ( ટેસ્ટ્ ) *vt.* Taste. સ્વાદ લેવો. [નિસાસો.
આહ, ( ઓહ ) *int.* Oh. અરે ! ( કર્સ ) *n.* Curse.
આહત, ( વુન્ડેડ્ ) *a.* Wounded. ઈજા પામેલું.
આહવન, ( સેક્રીફાઈસ ) *n.* Sacrifice. યજ્ઞ.
આહા-હા, *int.* Expression showing pain, surprise etc. આશ્ચર્ય, દુઃખ આદિ સુચવનાર ઉદ્ગાર.
આહાર, ( ફુડ ) *n.* Food. ખોરાક.
આહારી, ( ગ્લટનસ ) *a.* Gluttonous. અકરાંતીયું.
આહીર, ( શેફર્ડ ) *n.* Shepherd. ભરવાડ.
આહુતિ, ( સેક્રીફીશ્યલ્ ઓફરીંગ્ ) *n.* Sacrificial offering. હોમવું તે. ( સેક્રીફાઇસ ) *n.* Sacrifice. બલીદાન.
આહ્નિક, ( ડેલી વર્ક ) *n.* Daily work. દૈનિક ક્રિયા.
આહ્લાદ, ( જોય ) *n.* Joy. આનંદ.
આહ્લાદક, ( જોયફુલ )*a.* Joyful. આનંદ કરાવે તેવું.
આહ્વાન, ( ઈન્વીટેશન્ ) *n.* Invitation. આમંત્રણ.
•( સમન્સ ) *n.* Summons. હાજર થવાનો હુકમ.
આળ, ( ફોલ્સ ચાર્જ )*n.* False charge. ખોટો આરોપ.

આળવીતરૂં,(મીસ્ચીવસ્) *a.* Mischievous. તોફાની.
આળસ, ( આઈડલનેસ ) *n.* Idleness. એદીપણું.
આળસવું, ( બી આઇડલ્ )*vt.*Be idle. આળસ કરવી.
આળસુ, ( આઈડલ ) *a.* Idle. એદી.
આળું, ( મોઈસ્ટ્ ) *a.* Moist. ભીનું.
આળોટવું, ( વેલો ) *vt.* Wallow. લોટવું.
આંક, ( ફીગર્ ) *n.* Figure. સંખ્યા. ( લીમીટ ) *n.* Limit. હદ. ( માર્ક ) *n.* Mark. નીશાની.
આંકડાશાસ્ત્ર, ( સ્ટેટીસ્ટીકસ)*n.* Statistics. હકીકતના આંકડા એકત્ર કરવાની, તેનું વર્ગીકરણ કરવાની અને તેનો ઉપયોગ કરવાની વિદ્યા.
આંકડી, ( હુક ) *n.* Hook. કડી. ( પેઈન ઇન બેલી ) *n.* Pain in belly. ચુંક. ( કનવલ્ઝન ) *n.* Convulsion. તાણ.
આંકડો, ( ફીગર્ ) *n.* Figure. સંખ્યા. ( સ્ટેટમેન્ટ ઑફ એકાઉન્ટ્સ ) *n.* Statement of accounts. લેણદેણનો હિસાબ.
આંકણી, ( રૂલર ) *n.* Ruler. આંકવાનું સાધન.
આંકવું, ( રૂલ્ ) *vt.* Rule. દોરવું. ( ઍસ્ટીમેટ ) *vt.* Estimate. અડસટ્ટો કાઢવો.
આંખ,(આય)*n.*Eye. નેત્ર.
આંખમચકારો, ( વીન્કીંગ ) *n.* Winking. આંખથી કરેલી ઇશારત.
આંખમીંચામણાં, ( ઑવરલુક ) *n.* Overlook. [ જોયું ન જોયું કરવું તે.
આંગણું, ( કૉર્ટયાર્ડ ) *n.* Courtyard. ઘરના મુખ્ય દ્વાર સામેની ખુલ્લી જગ્યા.

આંગળ, ( મેઝર ) *n.* Measure. આંગળી જેટલું માપ.
આંગળી,આગળું, ( ફીંગર )*n.* Finger. હાથ પગના પંજા આગળના પાંચ અવયવોમાંનો દરેક અવયવ.
આંગી, ( પીકચર ઓફ એ ગોડેસ ) *n.* Picture of a goddess. માતાની મૂર્તિને બદલે મુકાતી રંગબેરંગી ધાતુઓના પતરાની બનેલી તકતી.
આંગ્લ, ( ઈંગ્લીશ્ ) *a.* English. અંગ્રેજોને લગતું.
આંગ્લદેશ, ( ઈંગ્લાન્ડ ) *n.* England. અંગ્રેજોનો દેશ.
આંચ, ( બ્લેઝ ) *n.* Blaze. ઝાળ; ભભૂકો. (ઈન્જરી) *n.* Injury. ઈજા.
આંચકવું, ( પુલ્ )*vt.* Pull. બળ કરીને ખુંચવવું.
આંચકી, ( ફીટ્ ) *n.* Fit. તાણ.
આંચકો, ( પૂછ ) *n.* Push. જોર કરીને ખેંચવું તે.
આંચળ, ( અડર્ ) *n.* Udder. પશુ માદાના આઉનો અગ્રભાગ.
આંછ, (ડીમનેસ)*n.*Dimness. ઝાંખાપણું.
આંજણ, ( કોલીરીયમ્)*n.*Collirium. અંજન; કાજળ.
આંજણી, ( સ્ટાય ઓન ધી આયલીડ્ ) *n.* Sty on the eyelid. પાંપણના મુળ આગળ થતી ફોલ્લી.
આંજવું, ( પેઈન્ટ્ ) *n.* Paint. લગાડવું. ( ડીસીવ્ ) *vt.* Deceive. છેતરવું.
આંટ, ( નોટ્ ) *n.* Knot. ગુંચ. ( ગ્રજ ) *n.* Grudge. કિનો. ( પ્રેસ્ટીજ ) *n.* Prestige. આબરૂ. ( સ્કીલ્ ) *n.* Skill. હોશીઆરી.
આંટણ, ( કોર્નસ ) *n.* Corns. ઘસારાનું ચિન્હ.
આંટવું, ( સરપાસ ) *vt.* Surpass. ટપી જવું.

આંટી, ( નૂઝ્ ) *n.* Noose. ગુંચ. ( સ્કેઈન્ )*n.* Skein. સુતરની ગડી. ( પઝલ ) *n.* Puzzle. કોયડો.
આંટીઘુંટી, (ઈન્ટ્રીકસી ) *n.* Intricacy. છળકપટ.
આંટો, ( ટર્ન ) *n.* Turn. ફેરો. ( ટ્વીસ્ટ ) *n.*
આંતર, ( ઇન્ટરનલ )*a.* Internal. અંદરનું. [Twist. વળ.
આંતરડી, ( હાર્ટ ) *n.* Heart. હૃદય.
આંતરડું, ( એન્ટ્રેઈલ્સ ) *n.* Entrails. પેટનો નળ.
આંતરરાષ્ટ્રિય, ( ઈન્ટરનેશનલ ) *a.* International. રાષ્ટ્રોના પરસ્પર સંબંધને લગતું. [ અંદરનો વિગ્રહ.
આંતરવિગ્રહ, ( સીવીલ વૉર ) *n.* Civil war. અંદર-
આંતરવું, ( એન્કોમ્પાસ ) *vt.* Encompass. ઘેરવું. ( સ્ટોપ ) *vt.* Stop. અટકાવવું.
આંતરિક, ( ઇનર ) *a.* Inner. અંદરનું.
આંતરો, ( ડીવીઝન્ ) *n.* Division. અંતર; ગાળો.
આંત્રજ્વર, ( ટાયફોઈડ્ ફીવર્ ) *n.* Typhoid fever. આંતરડાનો તાવ.
આંદોલન, ( મુવમેન્ટ્ ) *n.* Movement. હિલચાલ.
આંધળિયું,(થૉટલેસનેસ્ )*n.* & *a.*Thoughtlessness. અવિચારી કૃત્ય. [ serpent. બે મુખવાળો સાપ.
આંધળીચાકણ,(ટુ માઉથ્ડ સરપન્ટ)*n.*Two mouthed
આંધળું, ( બ્લાઇન્ડ્ ) *a.* Blind. ન દેખતું; અંધ.
આંધી, ( સ્ટોર્મ ) *n.* Storm. વાવાઝોડું.
આંબલી, ( ટેમેરીન્ડ્ ટ્રી)*n.*Tamarind tree.આમલી.
આંબવું, ( રીચ્ ) *vt.* Reach. પહોંચવું.[કેરીની મોસમ.
આંબાગાળો, ( મેંગો-સીઝન્ ) *n.* Mango-season.

આંબામોર, ( મેંગો બ્લોઝમ્ ) *n.* Mango blossom. આંબાનો મોર. [ અમરાઈ.
આંબાવાડિયું, ( મેંગો-ગ્રોવ્ ) *n.* Mango-grove.
આંબાહળદર, (ઝેડોઆરી) *n.* Zedoary. એક જાતની કેરીની સુવાસવાળી હળધર.
આંબો, ( મેંગો ટ્રી ) *n.* Mango tree. આમ્રવૃક્ષ.
આંબોળિયું, ( મેંગો પેરીંગ ) *n.* Mango paring. કાચી કેરીની સુકવેલી ચીરી. [નીચેની રગોની ગાંઠ.
આંબોઇ, ( નેવલ સ્ટ્રીંગ્ ) *n.* Navel string. ડુંટીની
આંસુ, ( ટીઅર ) *n.* Tear. અશ્રુ.
આંહાં,(નેગેટીવ એક્ષ્પ્રેશન્ )*n.*Negative expression. નકાર બતાવતો ઉદ્ગાર.
આંહાતૂસ, ( હેસીટેશન્ ) *n.* Hesitation. ગડભાંજ.
આંહી, ( હીઅર ) *ad.* Here. અહિંઆ.

---

## ઇ

ઇકબાલ, ( ફોર્ચ્યુન ) *n.* Fortune. કિસ્મત. ( પ્રોસ્પેરીટી ) *n.* Prosperity. આબાદી.
ઇકરાર, ( ડેકલેરેશન્ ) *n.* Declaration. કેફીઅત.
ઇકરારનામું, ( એફીડેવીટ્ ) *n.* Affidavit. પ્રતિજ્ઞાપૂર્વકની કબુલાતનો લેખ.
ઇક્કોતેર, ( સેવન્ટી વન્ ) *a.* Seventy one. ૭૧.
ઇક્ષુ, ( શુગરકેન ) *n.* Sugar-cane. શેરડી.
ઇખલાક, ( સીવીલીટી ) *n.* Civility. સભ્યતા.

ઇખલાસ, ( સીન્સીઅરીટી ) *n.* Sincerity. દોસ્તી.
ઇખ્તિલાફ, ( ડીસ્કોર્ડ ) *n.* Discord. જુદાઇ.
ઇખ્તેસાર, ( બ્રીફ ) *a.* Brief. ટુંકું.
ઇચ્છવું, ( વીશ ) *vt.* Wish. ઇચ્છા કરવી.
ઇચ્છા, ( ડીઝાયર ) *n.* Desire. મરજી; કામના.
ઇચ્છાનુરૂપ, ( એઝ ડીઝાયર્ડ ) *a.* As desired. ઇચ્છા પ્રમાણેનું. [ Intentionally. જાણીજોઇને.
ઇચ્છાપુરઃસર, ઇચ્છાપૂર્વક, ( ઈન્ટેશનલી ) *ad.*
ઇચ્છિત, ( ડીઝાયર્ડ ) *a.* Desired. ઈચ્છેલું.
ઇચ્છુક, ( વન હુ ડીઝાયર્સ ) *n.* One who desires.
ઇજન, ( ઇન્વીટેશન )*n.*Invitation. નોતરૂં. [ઇચ્છાવાળો.
ઇજનેર, (એન્જીનીઅર ) *n.* Engineer. બાંધકામની યોજના જાણનાર માણસ.
ઇજલાસ, ( કોન્ફરન્સ ) *n.* Conference. સભા.
ઇજાજત, ( પરમીશન ) *n.* Permission. રજા.
ઇજાફત, ( એડીશન ) *n.* Addition. ઉમેરો.
ઇજાર, ( ટ્રાઉઝર્સ ) *n.* Trousers. સુરવાલ.
ઇજારદાર,(મોનોપોલી હોલ્ડર)*n.*Monopoly-holder. ઈજારો ધરાવનાર.
ઇજારો, ( મોનોપોલી ) *n.* Monopoly. ઠરાવેલી શરત પ્રમાણેના કોઇ હક્કનો એકહથ્થુ ભોગવટો. (કોન્ટ્રાક્ટ) *n.* Contract. ઠેકો.
ઇજ્જત, ( પ્રેસ્ટીજ ) *n.* Prestige. આબરૂ. [પ્રતિષ્ઠીત.
ઇજ્જતદાર, ( રેપ્યુટેડ ) *a.* Reputed. ઇજ્જતવાળું;
ઇઠ્ઠોતેર, ( સેવન્ટી એઈટ ) *a.* Seventy eight. ૭૮.

ઇઠયાશી, ( એઇટી એઈટ્ ) *a.* Eighty eight. ૮૮.
ઇતબાર, ( ટ્રસ્ટ ) *n.* Trust. વિશ્વાસ.
ઇતર, ( અનધર ) *a.* Another. અન્ય.
ઇતરડી, ( બગ )*n.*Bug.ઢોરના શરીરે વળગતું એક જંતુ.
ઇતરાઈ, ( પોમ્પ્ ) *n.* Pomp. ખોટો ડોળ.
ઇતરાજ, ( ડીસપ્લીઝડ્ )*a.* Displeased. નાખુશ.
ઇતરાજી, ( ડીસપ્લેઝર્ ) *n.* Displeasure. નાખુશી.
ઇતલાખ, ( સેપેરેટ્ ) *a.* & *n.* Seperate. જુદું.
ઇતઃપર, ( હેન્સ્ ) *ad.* Hence. હવે પછી.[End. અંત.
ઇતિ, ( ધસ ) *ad.* Thus. આ પ્રમાણે. ( એન્ડ ) *n.*
ઇતિકૃતમ, (કયુ. ઈ.એફ.) *ad.* Q.E.F.જે કરવાનું હતું.
ઇતિમાત્ર, ( ધીસ મચ્ )*ad.* This much. આટલું જ.
ઇતિમાદ, ( ટ્રસ્ટ્ ) *n.* Trust. ભરોંસો.
ઇતિશ્રી, ( એન્ડ્ ) *n.* End. સમાપ્તિ.
ઇતિહાસ, ( હીસ્ટરી ) *n.* History. તવારીખ.
ઇતિહાસકાર, ( હીસ્ટોરીઅન ) *n.* Historian. તવારીખ લખનાર.
ઇત્તિફાક, ( અકરંસ્ ) *n.* Occurance. બનાવ.
ઇત્યાદિ, ( એટ સેટ્રા ) *ad.* Et cetra. વગેરે.
ઇધર, ( હીઅર્ ) *ad.* Here. અહિં.
ઇનકાર, ( ડીનાયલ્ ) *n.* Denial. નિષેધ; મના.
ઇનામ, ( ગીફ્ટ્ ) *n.* Gift. બક્ષિસ.
ઇનાયત, ( ફેવર )*n.* Favour. ભેટ. [ ઈશ્વરેચ્છા.
ઈન્શાઅલ્લાહ, ( ગૉડ વીલ્સ ઇટ્) *ad.* God wills it.
ઇન્સાન, ( હ્યુમન બીઈંગ્ )*n.* Human being.માનવી.

ઇન્સાનીયત, ( સીવીલીટી ) *n.* Civility. સજ્જનતા.
ઇન્સાફ, ( જસ્ટીસ ) *n.* Justice. ન્યાય.
ઇન્સાફી, ( જસ્ટ ) *a.* Just. ન્યાયી.
ઈબાદત, ( વર્શીપ ) *n.* Worship. ભક્તિ.
ઇબારત, ( સ્ટાઇલ્ ) *n.* Style. શૈલી.
ઇમામ, ( મોહમેડન પ્રીસેપ્ટર ) *n.* Mohmmadan preceptor. મુસ્લીમ ધર્મગુરૂ.
ઇમારત, ( બીલ્ડીંગ્ ) *n.* Building. મોટું મકાન.
ઇમ્તિહાન,(એક્ઝામીનેશન્ )*n.*Examination. પરિક્ષા.
ઇયળ, ( વર્મ ) *n.* Worm. એક કીડો.
ઇરાક, (મેસોપોટેમીઆ) *n.* Mesopotamia. એક દેશ.
ઇરાદાપૂર્વક, ( ઇન્ટેશનલી ) *ad.* Intentionally. જાણીજોઈને.
ઇરાદો, ( ઈન્ટેન્શન્ ) *n.* Intention. ધારણા; આશય.
ઇલ્કાબ, ( ટાઈટલ્ )*n.* Title. ખિતાબ.
ઇલમ, ( આર્ટ )*n.* Art. કળા. (સાયન્સ)*n.* Science. [શાસ્ત્ર.
ઇલમી, ( આર્ટફુલ ) *a.* Artful. હોંશીઆર.
ઇલા, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી.
ઇલાકો, ( પ્રેસીડેન્સી ) *n.* Presidency. પ્રાંત. ( જ્યુરીસ્ડીકશન્ ) *n.* Jurisdiction. હકુમતનો પ્રદેશ.
ઇલાજ, ( રૈમેડી ) *n.* Remedy. ઉપાય.
ઇલાયચી, ( કાર્ડમોમ )*n.* Cardomom. એક તેજાનો.
ઇલાયદું ( ( સેપેરેટ ) *a.* Seperate. જુદું.
ઇલ્તિમાસ, ( રીકવેસ્ટ ) *n.* Request. વિનંતી.
ઇવ, ( સીમીલરલી ) *ad.* Similarly. -ની પેઠે.

ઇશારત, ( સાઇન ) *n.* Sign. સાન; સંકેત.
ઇશ્ક, ( લવ્ ) *n.* Love. પ્રેમ.
ઇશ્કબાજ, ( લ્યુડ્ ) *a.* Lewd. પ્રેમમાં મગ્ન.
ઇશ્કબાજી, ( વોલપ્ચ્યુઅસનેસ્ ) *n.* Voluptousness. પ્રેમમગ્નતા.
ઇશ્કી, ( એમોરસ ) *a.* & *n.* Amorous. પ્રેમી.
ઇશ્કેમીજાજી, ( ફીઝીકલ લવ્ ) *n.* Physical love. કામવાસના. [ દૈવી પ્રેમ.
ઇશ્કેહકીકી, ( સ્પીરીચ્યુઅલ લવ્ )*n.* Spiritual love.
ઇશ્તેહાર, (એડવરટીઝમેન્ટ ) *n.* Advertisement.
ઇષ્ટ, ( ફેવરીટ્ ) *a.* Favourite.મનગમતું.[જાહેરખબર.
ઇષ્ટદેવ, ( ફેમીલી ડાયેટી ) *n.* Femily deity. કુળદેવ.
ઇષ્ટમિત્ર, ( ડીઅર ફ્રેંડ્ )*n.* Dear friend.પ્રિય મિત્ર.
ઇસમ, (પરસન) *n.* Person વ્યક્તિ.
ઇસ્કામત, ( પ્રોપર્ટી ) *n.* Property. મીલ્કત.
ઇસ્કોતરો, ( સ્મોલ બોક્ષ )*n.* Small box. નાની પેટી.
ઇસ્તરી,(સ્મુધીંગ આયર્ન)Smoothing iron. અસ્ત્રી.
ઇસ્તંબુલ, ( કોન્સ્ટંટિનોપલ )*n.* Constantinopole. તુર્કસ્તાનનું એક મોટું શહેર.
ઇસ્તિફા, ( રેસીગનેશન ) *n.* Resignation. રાજીનામું.
ઇસ્પિતાલ, ( હોસ્પીટલ ) *n.* Hospital. દવાખાનું.
ઇસ્લામ, ( મોહમેડનીઝમ્ ) *n.* Mohmaddanism.
ઇહ, ( હીઅર ) *ad.* Here. અહીં. [મુસલમાન ધર્મ.
ઇહલોક, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી.
ઇહાં, ( હીઅર ) *ad.* Here. અહી.

ઇંચ, ( ઇંચ્ ) *n*. Inch. તસુ.
ઇંજીલ,(ન્યુ ટેસ્ટામેન્ટ્)*n*.New Testament.નવો કરાર.
ઇંતેખાબ, ( સીલેકશન ) *n*. Selection. ચુંટણી.
ઇંતેજામ, ( મેનેજમેન્ટ્ )*n*.Management. બંદોબસ્ત.
ઇંતેજાર, ( એંક્ શ્યશ ) *a*. Anxious. આતુર.
ઇંદુ, ( મુન ) *n*. Moon. ચંદ્ર. [ સ્વર્ગનો રાજા.
ઇંદ્ર, ( લૉર્ડ ઓફ હેવન ) *n*. Lord of heaven.
ઇંદ્રગોપ, ( સ્નેઇલ્ ) *n*. Snail. ગોકળગાય.
ઇંદ્રચાપ, ( રેનબો ) *n*. Rainbow. મેઘ ધનુષ્ય.
ઇંદ્રજાળ, ( સોરસેરી )*n*. Sorcery. હાથચાલાકી.
ઇંદ્રપુરી,-લોક,( હેવન ) *n*. Heaven. અમરાવતી.
ઇંદ્રિય, ( ઓર્ગન ) *n*. Organ. લિંગ; અવયવ.
ઇંધન, ( વુડ ) *n*. Wood. બાળવાનું લાકડું.

---

## ઈ

ઈક્ષણ, ( એકટ ઓફ સીઇંગ્ ) *n*. Act of seeing.
ઈક્ષિત, ( સીન ) *a*. Seen. જોયેલું. [ જોવું તે.
ઈખ, ( શુગર કેન ) *n*. Sugar-cane. શેરડી.
ઈચ્ચવું, ( ઈટ ગ્લટનસલી ) *vt*. Eat gluttonously.
ઈજા, ( ઈન્જરી ) *n*. Injury. પીડા. [ ઠાંસીને ખાવું.
ઈથર, ( ઇથર ) *n*. Ether--a liquid chemical.
એક પ્રવાહી રસાયણ. [ ઇસ્લામી તહેવાર.
ઈદ, ( મુસ્લીમ ફેસ્ટીવલ્ ) *n*. Muslim festival.

ઈપ્સિત, ( ડીઝાયર્ડ્ ) *a.* Desired. ઇચ્છેલું.
ઈમાન, ( ફેથ્ ) *n.* Faith. આસ્થા.
ઈમાનદાર, ( ઓનેસ્ટ્ ) *a.* Honest. પ્રમાણીક.
ઈમાનદારી, ( ઓનેસ્ટી ) *n.* Honesty. પ્રમાણીકતા.
ઈર્ષા, ઈર્ખા,( જેલસી ) *n.* Jealousy. અદેખાઈ.
ઈર્ષાખોર, ઈર્ષાળુ, ( જેલસ્ ) *a.* Jealous. અદેખું.
ઈવ, ( ઈવ્ ) *n.* Eve. આદ્ય સ્ત્રી; આદમની જોડીઅણ.
ઈશ, ( ગૉડ્ ) *n.* God. ઈશ્વર.
ઈશાન, ( નોર્થ ઈસ્ટ )*n.*North-east. ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો. [ખ્રિસ્તી ધર્મનો સંસ્થાપક.
ઈશુખ્રિસ્ત, ( જીસસ ક્રાઈસ્ટ ) *n.* Jesus Christ.
ઈશ્વર, ( ગૉડ્ ) *n.* God. પ્રભુ. [ઈશ્વરની કૃપા.
ઈશ્વરકૃપા, ( ગ્રેસ ઓફ ગૉડ્ ) *n.* Grace of God.
ઈશ્વરદત્ત, ( નેચરલ્ ) *a.* Natural. કુદરતી.
ઈશ્વરવાદ, ( થીઝમ્ ) *n.* Theism. ઈશ્વર છે એવો વાદ.
ઈષણા, ( લસ્ટ ) *n.* Lust. વાસના.
ઈષત, ( લીટલ્ ) *a.* Little. થોડું.
ઈસ, ( સાઇડ પીસ ઓફ એ બેડસ્ટેડ્ ) *n.* Side piece of a bedstead. ખાટલાના પાયાને જોડતાં બે લાંબા લાકડામાંનું કોઇ પણ એક. [ખ્રિસ્તી સંવત.
ઈસવીસન, ( ક્રીશ્ચયન ઈરા ) *n.* Christain era.
ઈસાઈ, ( ક્રીશ્ચયન ) *n.* & *a.* Christian. ખ્રિસ્તી.
ઈસામસીહ, ( જીસસ ક્રાઈસ્ટ્ ) *n.* Jesus Christ.
ઈંજવું, ( ડેડીકેટ્ )*vt.* Dedicate. અર્પવું. [ઈસુ ખ્રિસ્ત.
ઈંટ, ( બ્રીક ) *n.* Brick. ઘર ઈ. ચણવામાં વપરાતું

માટીનું ચોસલું.
ઈંટાળો, ( બ્રીક-પીસ ) *n.* Brick-piece. ઈંટનો ટુકડો.
ઈંડુ, ( એગ્ ) *n.* Egg. બેદું.

---

# ઉ

ઉકણાવવું, ( રૉબ્ ) *vt.* Rob. ચોરવું. [પૂંજાનો ઢગલો.
ઉકરડો, ઉકેરો, ( ડંગહીલ ) *n.* Dung-hill. છાણ–
ઉકરાંટો, (શીવરીંગ્ ) *n.* Shivering. ટાઢની ધ્રુજારી.
ઉકળાટ, ( હીટ્ ) *n.* Heat. ઘામ; તાપ. (અનઇઝીનેસ્ ) *n.* Uneasiness. સંતાપ.
ઉકાળવું, ( બોઈલ્ ) *vt.* Boil. ઉકાળે એમ કરવું.
ઉકાળો, ( ડીકોકશન ) *n.* Decoction. કાઢો.
ઉકેલ, ( વે આઉટ્ ) *n.* Way out. નિકાલ.
ઉકેલવું, ( ડીસએન્ટેંગલ્ ) *vt.* Disentangle. ગુંચ કાઢવી. ( રીડ્ ) *vt.* Read. વાંચવું.
ઉક્ત, ( સ્પોકન ) *a.* Spoken. કહેલું.
ઉક્તિ, ( સ્પીચ્ ) *n.* Speech. કથન.
ઉખરાંડું, ( અનકવર્ડ ) *a.* Uncovered. ઢાંકયા વિનાનું.
ઉખાડવું, (ઈરેડીકેટ ) *vt.* Eradicate. ચોંટેલું જુદું કરવું.
ઉખાણું, ( રીડલ ) *n.* Riddle. સમસ્યા; કોયડો. ( મેક્ષીમ ) *n.* Maxim. કહેવત.
ઉખેડ, ( બેરન ) *a.* Barren. વેરાન.
ઉખેડવું,–જુઓ ઉખાડવું.
ઉગમ, ( સોર્સ ) *n.* Source. મૂળ.

ઉગમણું, ( ઇસ્ટર્ન ) *a*. Eastern. પૂર્વ દિશાનું.
ઉગાડવું, ( મેક ગ્રો )*vt*.Make grow. ઉગે એમ કરવું.
ઉગામવું, ( રેઈઝ્ ) *vt*. Raise. મારવા ઉપાડવું.
ઉગારો, ( સેવીંગ્ ) *n*. Saving. બચત. (ડીલીવરન્સ્ ) *n*. Deliverance. બચાવ. [ Protect. રક્ષણ કરવું.
કળીચૂનો,(ક્વીકલાઈમ) *n.* Quicklime. વિશુદ્ધ કરેલો
કળેકળે,–વળે,(સ્કીલફુલી)*ad.*Skilfully.યુક્તિપ્રયુક્તિથી.
કંઈ, (વ્હેર) *ad.* Where. ક્યાં ? (સર્ટન)*a.* Certain. અચુક. (મેની) *a.* Many. અનેક.
કંઈક, (સમવ્હેર) *ad.* Somewhere.ક્યાંક.(સમથીંગ) *prn.* Something. કશુંક. ( લીટલ) *a.* Little.
કંક, ( ક્રેન ) *n.* Crane. બગલો. [ થોડુંક.
કંકણ, (બ્રેસલેટ) *n.* Bracelet. કાંગરાવાળી ચુડી.
કંકણાકાર,(એન્યુલર )*a.* Annular. કંકણના આકારનું.
કંકણી,(ગોલ્ડન બ્રેસલેટ) *n.* Golden bracelet. કાંગરાવાળી સોનાની બંગડી.( ટ્રેમોર )*n.* Tremor. કમકમી.
કંકર, ( પેબલ ) *n.* Pebble. કાંકરો. [ પાણીનો સાપ.
કંકાચુ, ( વોટર સરપન્ટ ) *n.* Water–serpent.
કંકાવટી, ( રેડ ટર્મેરીક પાવડર) *n.* Red turmeric holder. કંકુ રાખવાની પ્યાલી.
કંકાસ, ( ક્વોરલ) *n.* Quarrel. કજિયો.
કંકાસિયું, (ક્વોરલસમ)*a.*Quarrelsome.કજીયાખોર.
કંકુ, ( રેડ ટર્મેરીક પાવડર ) *n.* Red turmeric powder. ચાંલ્લા માટે વપરાતું દ્રવ્ય; કુંકુંમ.
કંકૂડો, ( કાઇટ ) *n.* Kite. પતંગ.
કંકોતરી, –ત્રી, *n.* An invitation note on an auspicious occesion. લગ્નાદિ શુભ પ્રસંગની આમંત્રણપત્રિકા.
કંકોલું, ( ટીપીડ ) *a.* Tipid. કોકરવર્ણું.

કંગણ, -ન, ( બ્રેસલેટ ) *n.* Bracelet. કંકણ.
કંગણી, -ની, કંગવો, ( કોમ્બ ) *n.* Comb. કાંસકી.
કંગાલ, -ળ, ( પુઅર ) *a.* Poor. દીન; ગરીબ.
કંગાલિયત, ( પોવર્ટી ) *n.* Poverty. દીનતા.
કંચન, ( ગોલ્ડ) *n.* Gold. સોનું. [Golden. સોનાનું.
કંચની, (કુર્ટેઝન) *n.* Courtezan. ગણિકા. (ગોલ્ડન )*a.*
કંચવો, (બોડીસ) *n.* Bodice. કાંચળી.
કંચાવું, (સફર) *vt.* Suffer. હેરાન થવું.
કંચુકી, (બોડીસી) *n.* Bodice. કાંચળી. ( આર્મર )*n.* Armour. બખ્તર.
કંચુક, ( ડોરકીપર ) *n.* Door keeper. ચોબદાર.
કંજ, ( લોટસ ) *n.* Lotus. કમળ.
કંજન, (કયુપીડ ) *n.* Cupid. કામદેવ.
કંજર, (એલીફન્ટ ) *n.* Elephant. હાથી. ( બેલી ) *n.*
કંજૂસ, (માઈઝર)*a.* & *n.* Miser. કૃપણ. [Belly. પેટ.
કંજૂસાઈ, (સ્ટીંજીનેસ) *n.* Stinginess. કંજૂસપણું.
કંટક, ( થોર્ન ) *n.* Thorn. કાંટો. ( ઓબસ્ટેકલ ) *n.* Obstacte. વિઘ્ન.
કંટકિત, ( ડીફીકલ્ટ ) *a.* Difficult. મુશ્કેલ.
કંટલ, કંટાળું, -ળી, ( થોર્ની ) *v.* Thorny. કાંટાવાળું.
કંટવાડ, ( થોર્ની હેજ) *n.* Thorny hedge. કાંટાની વાડ. [ કંટાળો આવવો.
કંટાળવું, ( બી ડીસ્ગસ્ટેડ ) *a.* Be disgusted.
કંટાળો, ( ડીસ્લાઈક ) *n.* Dislike. અણગમો.
કંટી(-ટે)વાળો, *n.* Application of ashes on the

outside of a cooking pot. ચૂલે ચડાવવાના વાસણને બહારની બાજુએ માટીનો લેપ.

કંડું, ( ઇરીટેબલ ) *a.* Irritable. ઉગ્ર; કડક.

કંટેસરી, ( નેકલેસ ) *n.* Necklace. ગળાનું ઘરેણું.

કંટોડિયું, *n.* Pit for throwing refuse etc. ઉકરડો નાખવાનો ખાડો; અઘણ.

કંઠ, ( નેક ) *n.* Neck. ડોક. ( થ્રોટ ) *n.* Throat. ગળું. ( વોઇસ ) *n.* Voice. અવાજ; સુર. ( બેંક ) *n.* Bank. કિનારો. [ કંઠમાં આવેલી એક ગ્રંથિ.

કંઠગ્રંથિ, ( થાયરોઇડ ગ્લેંડ ) *n.* Thyroid gland.

કંથનાળ,(વીન્ડ પાઇપ ) *n.* Wind-pipe. ગળાની નળી.

કંઠદ્વાર ( ગ્લોટીસ ) *n.* Glottis. કંઠનું બારણું.

કંઠનીલક, ( ટોર્ચ ) *n.* Torch. મશાલ.

કંઠપાશ, ( નૂઝ ) *n.* Noose. ફાંસો.

કંઠમણિ, (વેરી ડિયર) *a.* Very dear. અંત્યંત પ્રિય.

કંઠમાધુર્ય, ( સ્વીટનેસ ઓફ વોઇસ ) *n.* Sweetness of voice. અવાજની મીઠાશ.

કંઠમાળ, *n.* Disease of the neck. ગળાનો એક રોગ.

કંઠસૂત્ર,–ભરણ,(નેકલેસ)*n.* Necklace. કંઠી; મંગળસૂત્ર.

કંઠસ્થ, કંઠ્ય, (ગ્લુટરલ ) *a.* Gluttural. કંઠસ્થાની. ( ઓરલ ) *a.* Oral. મોઢેનું.

કંઠાગ્ર, ( બાય હર્ટ ) *ad.* By heart. મોઢે.

કંઠારૂ, –ળ, ( શોર ) *n.* Shore. કિનારો.

કંઠાલ, ( મેસેકર ) *n.* Massacre. કતલ. (એસ્કયુલંટ રૂટ ) *n.* Esculent root. સુરણ.

કંઠાવરોધી,(સફૈકેટીંગ)*a.* Suffocating.કંઠ રૂંધે એવું.
કંઠિયું, (બીટર) *a.* Bitter. લૂખું.
કંઠી, ( નેકલેસ ) *n.* Necklace. હાર.
કંડાર, (એન્ગ્રેવીંગ ) *n.* Engraving. કોતરણી.
કંડારવું, (એન્ગ્રેવ ) *vt.* Engrave. કોતરવું.
કંડિકા, ( પેરેગ્રાફ ) *n.* Paragraph. ફકરો.
કંડિયો, ( બાસ્કેટ ) *n.* Basket. કરંડિઓ.
કંડી, (સ્નેક ચાર્મર)*n.*Snake-charmer.વાદી; ગારૂડી.
કંડીલ, ( લેમ્પ ) *n.* Lamp. દિવો. ( શેન્ડેલીયર ) *n.* Chandelier. હાંડી.
કંડૂ, ( ઇચ ) *n.* Itch. ખસ; ખજવાળ.
કંત, (હસબંડ ) *n.* Husband. પતિ.
કંતરેહ, ( ડીસ્કોર્ડ ) *n.* Discord. અણબનાવ.
કંતાઇ,કંતામણ, –ણી, ( વેજીસ ફોર સ્પીનીંગ ) *n.* Wages for spinning. કાંતવાનું મહેનતાણું.
કંતાન,(ફ્લેક્ષન ક્લોથ)*n.*Flaxen cloth. શણનું કપડું; ગૂણપાટ.
કંતાવું, ( બી લીન ) *vt.* Be lean. સુકાવું.
કંથ, ( હઝબન્ડ ) *n.* Husband. વર; પતિ.
કંથવો, ( મેન્ડીકન્ટ ) *n.* Mendicant. વેરાગી; બાવો.
કંથા, ( પેચ્ડ ગાર્મેન્ટ ) *n.* Patched garment. ચીંથરાનું બનાવેલું વસ્ત્ર.
કંથાધારી, ( એસેટીક) *n.* Ascetic. સાધુ; વેરાગી.
કંદ, ( ટ્યુબરસ રૂટ) *n.*Tuberous root.જેમાં ખાવાનો ગર હોય તેવું મૂળ.
કંદરા, ( કેવ ) *n.* Cave. ગુફા; બખોલ.

કંદર્પ, કંદ્રપ, ( ક્યુપીડ ) *n.* Cupid. કામદેવ.
કંદુક, ( બોલ ) *n.* Ball. દડો.
કંદોઇ,(કનફેકશનર ) *n.* Confectioner. સુખડીઓ.
કંદોરો, ( વેસ્ટ-બેન્ડ )*n.*Waist-band. કમરે પહેરવાનું
કંધ, કંધોણું,( શોલ્ડર )*n.* Shoulder. ખભો. [ઘરેણું.
કંધરા, ( નેક ) *n.* Neck. ગરદન; ડોક.
કંપ, કંપારી, (શીવરીંગ) *n.* Shivering. ધ્રૂજારી.
કંપવા, –વાયુ, ( પેરેલીસીસ ) *n.* Paralysis. જેને
લીધે શરીરનો કોઈ પણ ભાગ ધ્રૂજે તેવો વા.
કંપવું, ( ટ્રેમ્બલ ) *vt.* Tremble. ધ્રૂજવું.
કંપાણ, ( બેલેન્સ ) *n.* Balance. વજન તોળવાનો કાંટો.
કંપાયમાન,(ટ્રેમ્બલીંગ)*a.*Trembling. ધ્રૂજતું. ( અન-
સ્ટેડી ) *a.* Unsteady. અસ્થિર. [ હોકાયંત્ર.
કંપાસ,(કોમ્પાસ) *n.* Compass. વર્તુળ દોરવાનું યંત્ર;
કંપુ, ( કંપની ) *n.* Company. ટોળી.
કંપો, ( કેમ્પ ) *n.* Camp. પડાવ.
કંબલ, ( બ્લેન્કેટ ) *n.* Blanket. કામળો.
કંબુ, કંબોજ, ( શેલ ) *n.* Shell. શંખ.
કંસાર, (સ્વીટ ડીશ) *n.* Sweet dish. ખાવાની એક
કંસારી,(ક્રોકેટ)*n.*Crocket. એક જીવડું. [ વાનગી.
કંસારો, ( કોપર-સ્મીથ ) *n.* Copper-smith. ધાતુનાં
વાસણ ઘડનારો માણસ. [ *n.* Body. શરીર.
કાઇ, (થીન લેયર)*n.* Thin layer. પાતળું પડ. (બોડી)
કાઉં, કાક, (ક્રો) *n.* Crow. કાગડો.
કાઉકાઉ, કાઉવાઉ, *n.* Loud and simultaneous

speaking of many persons. એક સામટાં ઘણાં માણસો બોલાબોલી કરે તે.
કાકડી, (કમકંબર) *n.* Cumcumber. આરિયું.
કાકડો, (થીક ટોર્ચ) *n.* Thick torch. ચીંથરાની મોટી કાકડી. (ટોન્સીલ) *n.* Tonsil. ચોરિયા. [અણચિંતવ્યું.
કાકતાલિય, (એક્સીડન્ટલ) *a.&n.* Accidental.
કાકદ્રષ્ટિ, (ફોલ્ટ ફાઇન્ડીંગ) *n.* Fault-finding. છિદ્રા-
કાકપત્ર, –પદ, (માર્ક) ^. આવું ચિન્હ. [ન્વેષી દષ્ટિ.
કાકર, (ટીથ ઓફ સો) *n.* Teeth of saw. કરવતનો
કાકરણી, (ફાઇલ) *n.* File. કાનસ. [દાંતો.
કાકલિયા, કાકાબળિયા, (સ્મોલ પોક્ષ) *n.* Small-pox.
કાકલી, (સોફ્ટ) *a.* Soft. કોમળ. [બળિયા.
કાકલૂદી, (બીસીચીંગ) *n.* Beseeching. કાલાવાલા.
કાકા, (અંકલ) *n.* Uncle. બાપનો ભાઈ.
કાકાજી, (અંકલ-ઈન-લૉ) *n.* Uncle-in-law. કાકોસસરો.
કાકાકૌઆ, (કોકેટુ) *n.* Cockatoo. એક પ્રકારનો પોપટ.
કાકાપુરી, (વર્થલેસ) *a.* Worthless. નકામું; તકલાદી.
કાકી, (આન્ટ) *n.* Aunt. બાપના ભાઇની પત્નિ.
કાકીજી, (આન્ટ ઈન લૉ) *n.* Aunt-in-law. કાકીસાસુ.
કાકીડો, (શેમલીઓન) *n.* Chameleon. કાચંડો.
કાકોદર, કાકોલ, (સ્નેક) *n.* Snake. સાપ.
કાખ, કાખલી, (આર્મપીટ) *n* Arm-pit. બગલ.
કાખબલાઈ, કાખબિલાડી, (એબ્સેસ ઈન આર્મપીટ) *n.* Abcess in armpit. બામલી.
કાખા, (હીન્ડ્રન્સ) *n.* Hindrance. નડતર.

કાગ, કાગડો, ( ક્રૉ ) *n.* Crow. કાગડો. [ પત્ર.
કાગજ, ( પેપર) *n.* Paper. કાગળ. (લેટર)*n.* Letter.
કાગડાટોપી,(પ્લુમેડ કેપ ) *n.* Plumed cap. ગુંછળા-
વાળી ·ટોપી. [ માદા.
કાગડી, ( ફીમેલ ક્રો ) *n.* Female crow. કાગડાની
કાગડિયો, ( કાઇટ ) *n.* Kite. પતંગ.
કાગડોળ, ( અગ્લી ) *a.* Ugly. કદરૂપું.
કાગદી, ( પેપર મેન્યુફેક્ચરર ) *n.* Paper manufac-
turer. કાગળ બનાવનારો કારીગર. ( ફ્લીમ્ઝી ) *a.*
Flimsy. તકલાદી. [ બનાવટ.
કાગળ, (પેપર) *n.* Paper. લખવાના કામ માટેની એક
કાગારોળ, ( બીવેલમેન્ટ ) *n.* Bewailment. રોકકળ.
કાચ, ( ગ્લાસ ) *n.* Glass. રેતી અને ખારવાળી માટી
ઓગાળીને બનાવાતો એક પદાર્થ. [કાચબાની માદા.
કાચબી, ( ફીમેલ ટોરટોઇઝ ) *n.* Female tortoise.
કાચબો, ( ટોરટોઇઝ)*n.* Tortoise.એક જળચર પ્રાણી.
કાચમણિ,(ક્વાર્ટ્ઝ) *n.* Quartz.હલકા પ્રકારનો મણિ.
કાચર, ( સ્મોલ બીટ) *n.* Small bit. કચ્ચર; કકડી.
કાચરૂં, (સ્લાઇસ) *n.* Slice. ચિરિયું.
કાચલી, –લું, ( કોકોનટ શેલ ) *n.* Cocoanut shell.
નાળિએરનું ભાંગેલું કોટલું.
કાચંડો, કાચિંડો,–જુઓ કાકીડો.
કાચું, ( અનરાઇપ) *a.* Unripe. પાકેલું નહિ એવું;
અપરિપકવ. ( ઇનકંપ્લીટ) *a.* Incomplete. અધુરૂં.
કાચુંપોચું, (ઇનએક્ષ્પીરીયન્સ્ડ )*a.* Inexperienced.

બીનઅનુભવી.　　[ ખોસેલો ધોતીયાનો એક ભાગ.
કાછડ, (ટક ઓફ ધોતી) *n.* Tuck of dhoti. પાછળ
કાછડો, ( ટક ઓફ સારી )*n.* Tuck of saree.સાલ્લો ઉંચો લઈ બે પગ વચ્ચેથી ખોસવો તે.
કાછડીછૂટો, (લ્યુડ) *a.* & *n.* Lewd. વ્યભિચારી.
કાછીઓ, ( વેજીટેબલ સેલર ) *n.* Vegetable-seller. શાકભાજી વેચવાનો ધંધો કરનાર માણસ.
કાજ, –ની, (વર્ક) *n.* Work. કામ.
કાજકોર, –ગરૂં, ( કેપેબલ )*a.*&*n.* Capable. કાબેલ.
કાજળ, –ળી, ( લેંપ બ્લેક ) *n.* Lamp black. મેંશ.
કાજળવું, ( બી કવર્ડ વીથ સુટ ઓફ એશીસ ) *vt.* Be covered with soot of ashes. કાજળ વળવી.
કાજી, -કાઝી, ( મોહમેડન જજ ) *n.* Mohmadden judge. ઇસ્લામી ન્યાયાધિશ.
કાજુ,(કેશોનટ) *n.* Cashew-nut. એક સુકો મેવો.
કાજે, ( ફોર ) *prep.* For. માટે; વાસ્તે. ( ઓન બીઝનેસ ) *ad.* On business. –ના કામે.
કાઝગી, ( રેન ) *n.* Rein. લગામ.
કાટ, ( રસ્ટ ) *n.* Rust. ધાતુ પર લાગતો મેલ.(ટીંબર) *n.* Timber. બાંધકામનો માલ.
કાટકો, (થંડર) *n.* Thunder. મોટી ગર્જના; કડાકો.
કાટખૂણ,–ખૂણો, ( રાઈટ એંગલ ) *n.* Right angle. નેવું અંશનો ખુણો.　　[ કાટખૂણાવાળો ચતુષ્કોણ.
કાટખૂણચોખૂણ, ( ઓબલોંગ ) *n.* Oblong. ચાર
કાટખૂણ ત્રિકોણ, (રાઈટ એંગલ્ડ ટ્રાયંગલ )*n.* Right

angled triangle. કાટખૂણાવાળો ત્રિકોણ.
કાટમાળ, (ટીંબર)*n.* Timber.બાંધકામનો સામાન.
કાટપીટિયો,(ટીંબર મરચન્ટ) *n.* Timber-merchant. ઈમારતી લાકડાનો વેપારી.
કાટલું, ( વેટ) *n.* Weight. વજન; તોળવાનું સાધન.
કાઠ, (કનીંગ) *a.* Cunning. ધૂર્ત. (ટીંબર)*n.*Timber. કાષ્ઠ. [ કાંનો ગઢ.
કાઠગઢ, ( વુડન કેસલ ) *n.* Wooden castle. લાક-
કાઠડી,-ડો,-ડું, ( વુડનસેડલ ) *n.* Wooden saddle. લાકડાનું આસન. [ કદાવર અને ઉંચું.
કાઠાળું, ( સ્ટાઉટ એન્ડ ટોલ ) *a.* Stout and tall.
કાઠિન્ય, ( હાર્ડનેસ ) *n.* Hardness. કઠિનતા.
કાઠિયો, ( વુડન ફ્રેમ ઓફ એ કાર્ટ ) *n.* Wooden frame of a cart. ગાડાનું ખોખું.
કાઠી,(ફાયર-વુડ)*n.* Fire-wood. બાળવાનું લાકડું.
કાઠું, (હાર્ડ ) *a.* Hard. કઠણ. ( ફ્રેમ ) *n.* Frame. કલેવર. ( માઈઝર) *a.* Miser. કંજુસ.
કાઢઘાલ, ( રમેજીંગ ) *n.* Rummaging. કાઢવું અને ઘાલવું તે. [ (ઈરેઝ ) *vt.* Erase.દૂર કરવું.
કાઢવું, ( ટેક આઉટ) *vt.* Take out. બહાર ખેંચવું.
કાઢો, (ડીકોકશન)*n.* Decoction. ઉકાળો.
કાણ, -મોકાણ, (વીઝીટ ઓફ કોન્ડોલંસ ) *n.* Visit of condolence. લૌકિકે જવું તે.
કાણું, ( હોલ ) *a.* & *n.* Hole. છિદ્ર; બાકું.
કાત, ( સ્ટમક) *n.* Stomach. પેડુ. ( કેપેસીટી ) *n.*

કાતડી, (સ્કીન) *n.* Skin. ચામડી. [ Capacity. શક્તિ.
કાતર, (કાવર્ડ) *a.* Coward. નામર્દ; બીકણ. (સીઝર્સ) *n.* Scissors. કાતરવાનું ઓજાર.
કાતરવું, (શેર) *vt.* Shear. કાતરથી કાપવું.
કાતરિયું, ( અપરમોસ્ટ સ્ટોરી ઓફ એ હાઉસ) *n.* Uppermost story of a house. છેક છાપરાની નીચેનો નીચો મેડો. ( બ્રેઇન) *n.* Brain. ભેજું.
કાતરો, ( ઇનસેક્ટ ) *n.* Insect. એક જીવડો. Fruit of tamarind tree. આંબલીનું ફળ. [ કકડી.
કાતળી, (થીન સ્લાઈસ) *n.* Thin slice. ચપટી પાતળી
કાતિલ, ( ડેડલી) *a.* & *n.* Deadly. ઘાતક.
કાત્યાયન, ( ડીસ્ટ્રક્શન) *n.* Destruction. સર્વનાશ.
કાથ, ( સબસ્ટન્સ) *n.* Substance. સત્વ. [તકરાર.
કાથાકબલા, (પેટી ક્વેરલ્સ) *n.* Petty quarrels. નકામી
કાથાદોરી, ( કોયર યાર્ન )*n.* Coir yarn. કાથાની દોરી.
કાથી, (કોકોનટ ફીબ્ર રોપ) *n.* Cocoa-nut fibre rope. નાળિયેરના છોડાં-તેની દોરી.
કાથો, ( કાટેચુ) *n.* Catechu. ખેરની સાલનું સત્વ.
કાદવ, ( મડ ) *n.* Mud. ગારો. [ Cuckoo. કોકિલા.
કાદંબરી, ( નૉવેલ ) *n.* Novel. નવલકથા. ( કકુ ) *n.*
કાન, (ઈયર) *n.* Ear. સાંભળવાની ઇંદ્રિય.
કાનખજૂરો, (સેન્ટીપેડ) *n.* Centipede. ઘણા પગવાળો
કાનચિમોરી, (બૅટ) *n.* Bat. વાગોળ. [ એક જીવડો.
કાનટોપી, ( મંકી કેપ ) *n.* Monkey-cap. કાન ઢંકાય એવી ટોપી.

કાનડી, (કેનારસી ) *a.* & *n.* Canarese. કર્ણાટકને
કાનડો,(ટ્યુન ) *n.*Tune.એક રાગ. [ લગતું-તેની ભાષા.
કાનન, ( જંગલ ) *n.* Jungle. વન. [ear. કાનની બુટ.
કાનપટી, ( લોબ ઓફ ધી ઈયર ) *n.* Lobe of the
કાનમ, ( બ્લેક સોઈલ ) *n.* Black soil. કાળી જમીન.
કાનસ, ( ફાઈલ ) *n.* File. એક ઓજાર.
કાનશૂળ, ( ઈયર-એક ) *n.* Ear-ache. કાનનો દુખાવો.
કાનુગો, *n.*One well-versed in law.કાયદો જાણનાર.
કાનૂન, (લૉ) *n.* Law. કાયદો. ( કસ્ટમ ) *n.* Custom.
રિવાજ. [ વેતરવાની રીત.
કાપ, (કટ) *n.* Cut. કાપો; વાઢ. Cut of a Tailor.
કાપકૂપ, ( રીટ્રેન્ચમેન્ટ) *n.*Retrenchment. કરકસર.
કાપટ્ય, ( ડીસીટ )*n.* Deceit. કપટ.
કાપડ, ( પીસગુડ્ઝ) *n.* Piece-goods. કોરૂં કાપડ.
કાપડિયો, ( ક્લોથ મરચન્ટ ) *n.* Cloth merchant.
કાપડનો ધંધો કરનાર.
કાપડું, ( બોડીસ ) *n.* Bodice. કાંચળી.
કાપણી, ( રીપીંગ ) *n.* Reaping. લણણી.
કાપલી, ( સ્ટ્રીપ ) *n.* Strip. નાની કકડી. [ઘટાડવું.
કાપવું, ( કટ )*vt.*Cut. વાઢવું. ( રીડ્યુસ)*vt.* Reduce.
કાપાકાપ, -કાપી, ( મેસેકર ) *n.* Massacre. કતલ;
ખુનરેજી. [ ઘટાડો.
કાપાકુંપી,-કૂપી, (રીટ્રેન્ચમેન્ટ) *n.* Retrenchment.
કાપુરૂષ, (કાવર્ડ પરસન) *n.*Coward person.બાયલો.
કાપો,(કટ) *n.* Cut. કાપ. (લાઈન) *n.* Line. આંકો.

કાફર, ( ઇનફાઇડલ) *n.* Infidel. અધર્મી. ( રોગ ) *n.*
કાફરી,(નીગ્રો) *n.* Negro. હબસી. [ Rogue. લુચ્ચો.
કાફલો, ( કૅરેવાન)*n.* Caravan.સંઘ. (ફલીટ)*n.* Fleet.
લઢાયક વહાણોનો સમુહ.
કાફી, (સફીશંટ) *a.* Sufficient. પુરતું.
કાબર, ( બર્ડ ) *n.* Bird. એક પંખી.
કાબરચીતરૂં, (વેરીગેટેડ) *a.* Variegated.ચિત્રવિચીત્ર.
કાબા, ( પ્લેસ ઓફ ઇસ્લામીક પીલ્ગ્રીમેજ) *n.* Place of
Islamic pilgrimage. ઇસ્લામી યાત્રાનું એક સ્થાન.
કાબિજ, ( પસેઝર ) *n.* Possessor. કબજેદાર.
કાબુલી, (અફઘાન)*n.* & *a.* Afghan. અફઘાન.
કાબૂ, ( કંટ્રોલ ) *n.* Control. અંકુશ; સત્તા.
કાબેલ, ( એડેપ્ટ ) *a.* Adept. હોશિયાર; પ્રવિણ.
કાબેલિયત, ( પ્રોફીશીયંસી) *n.* Proficiency. હોશિ-
કાબો, (પીરેટ) *n.* Pirate. ચાંચિયો. [ યારી.
કામ, (એકટ )*n.*Act. કાજ;કર્તવ્ય. (ઓકયુપેશન ) *n.*
Occupation. ધંધો. ( પેશન ) *n.* Passion. વાસના.
(કયુપીડ)*n.*Cupid. રતિપતિ.(યુઝ) *n.* Use. ઉપયોગ.
કામકરંડું, (ડયુટીફુલ) *a.* Dutiful. કર્તવ્યનિષ્ઠ.
કામકાજ, ( ટ્રાન્સકશન્સ )*n.*Transactions.વ્યવસાય.
કામકેલી,–ક્રીડા, ( કોપ્યુલેશન ) *n.* Copulation.
સંભોગ.
કામગરી, –ગીરી, ( સર્વીસ ) *n.* Service. ચાકરી.
કામગરૂં, ( ડીલીજંટ ) *a.* Diligent. ઉદ્યોગી.
કામગાર, ( લેબરર ) *n.* Labourer.શ્રમજીવી.[સ્વચ્છંદી.

કામચર, -ચાર, -ચારી, (સેલ્ફ-વીલ્ડ)*a.* Self-willed.
કામચલાઉ, ( ટેમ્પરરી ) *a.* Temperory. હંગામી.
કામજોગ, -જોગું, ( સર્વિસેબલ ) *a.* Serviceable.
કાર્યપૂરતું. [ વિષયવાસના.
કામજ્વર, ( લવ ફીવર ) *n.* Love-fever. તીવ્ર
કામઠિયો, ( બાઉમેન ) *n.* Bowman. તીરંદાજ.
કામઠી, -ઠું, ( બાઉ ) *n.* Bow. ધનુષ્ય.
કામડી,-ડું,(ચીપ ઓફ બેમ્બુ )*n.* Chip of bamboo.
વાંસની ચીપ. ( ટેન્ડર ) *a.* Tender. સુકલકડી.
કામણ, ( ફેસીનેશન )*n.* Fascination. વશીકરણ.
કામણગારૂં, ( ફેસીનેટીંગ )*a.* Fascinating. મોહક.
કામણડુમણ, ( સોરસેરી ) *n.* Sorcery. જંતરમંતર.
કામતાઇ,-ત્વ,(સેન્સ્યુઆલીટી)*n.* Sensuality. વિષય-
લંપટતા. [ a desire. મનોકામના પૂર્ણ કરનારૂં.
કામદ,-દા, ( ફુલફીલીંગ એ ડીઝાયર ) *a.* Fulfilling
કામદાર, ( મીનીસ્ટર ) *n.* Minister. રાજકર્મચારી.
(લેબરર) *n.* Labourer. શ્રમજીવી.
કામદુધા, -દુગ્ધા, *n.* Name of a cow belonging
to Indra that grants everything requested
કામદૂતી,(કકુ)*n.* Cuckoo. કોયલ. [to her. કામધેનુ.
કામદેવ, (કયુપીડ )*n.* Cupid. મદન.
કામધંધો, (બીઝનેસ) *n.* Business. વ્યવસાય.
કામના, (ડીઝાયર)*n.* Desire. ઈચ્છા; વાસના.
કામિની, કામની, ( બ્યુટીફુલ વુમન ) *n.* Beautiful
woman. સુંદરી.

કામબાણ,(એરો ઓફ લવ )n. Arrow of love. કામનું
કામભાવ, ( લસ્ટ )n. Lust. વાસના. [બાણ; નેત્રકટાક્ષ.
કામરૂપ, (ચાર્મીંગ) a. Charming. મોહક.
કામવતી,-વશ, (સેન્સ્યુઅસ ) a. Sensuous. કામી.
કામવાસના,(સેન્સ્યુઅલ ડીઝાયર)n. Sensual desire.
કામવિકાર.(લસ્ટ) n. Lust. મનોવિકાર. [વિષયવાસના.
કામવું, (ડીઝાયર) vt. Desire. ઇચ્છા કરવી.
કામશાસ્ત્ર,-મીમાંસા,-વિજ્ઞાન,( એરોટીક સાયન્સ )n.
Erotic science. કામભોગનું શાસ્ત્ર. [ અંગે.
કામસર, ( ઓન બીઝનેસ ) ad. On business. કામને
કામસાધુ,(સેલ્ફીશ) a. Selfish. સ્વાર્થી.
કામસૂત્ર, n. Name of an erotic work by
Vatsyayana. વાત્સાયને રચેલો કામશાસ્ત્ર ચર્ચતો ગ્રંથ.
કામહીણ,(ઇમપોટન્ટ) a. Impotent. નપુંસક.
કામળ, -ળો, (બ્લેંકેટ) n. Blanket. ઉનની ધાબળી.
કામા, કામુકા, (લવ્લી વુમન) n. Lovely woman.
સુંદર સ્ત્રી. [ lustful eyes. વિષયી આંખોવાળી.
કામાક્ષી, (ગોડેસ) n. Goddess. એક દેવી. a. Having
કામાગ્નિ,-નલ,કામેચ્છા,( ફાયર ઓફ પેશન) n. Fire
of passion. કામવાસનારૂપી અગ્નિ.
કામાટી,-ઠી, (પીઓન) n. Peon. પટાવાળો.
કામાતુર,-ર્ત, -સક્ત, -માંધ, ( લવસીક ) a.
Love-sick. કામવાસનાથી આતુર.
કામી, કામેચ્છુ, (એમોરસ )a. Amourous. વિષયની
ઇચ્છાવાળું. ( બીઝી ) a. Busy. ઉદ્યોગી.

કામુક, (લસ્ટફુલ ) *a.* Lustful. વિષયી. ( પેરેમુર ) *n.*
કામુ, ( વર્ક ) *n.* Work. કાર્ય. [Paramour. ચાર.
કામેશ્વર, (શીવ ) *n.* Shiva. શીવ.
કામેશ્વરી, ( પાર્વતી ) *n.* Parvati. પાર્વતી.
કામોદ, -દી, ( ટયુન) *n.* Tune. એક રાગ.
કામ્ય, ( ચાર્મીંગ) *a.* Charming સુંદર.
કાય, કાયા,( બોડી ) *n.* Body. શરીર.
કાયકષ્ઠ, ( ટોઈલ ) *n.* Toil. મહેનત.
કાયદાસર,-દેસર,(લીગલી)*ad.*Legally.કાયદા પ્રમાણે.
કાયદો, ( લો ) *n.* Law. સરકારી ધારો.
કાયફળ,(એરોમેટીક ફ્રુટ) *n.*Aromatic fruit.એક ફળ.
કાયમ,(પરમેનન્ટ)*a.* Permanent.હંમેશ માટેનું.
કાયર, (ટીમીડ) *n.* Timid. નાહિંમત.
કાયલી, (ઝીક) *a.* Sick. આજારી. [ ફેરબદલી.
કાયાપલટો, (ટ્રાન્સફોર્મેશન) *n.* Transformation.
કાયિક,(કાર્પોરીયલ)*a.* Corporeal. શારીરિક.
કાર,(વર્ક)*n.*Work.કાર્ય. (સફીક્ષ) *n.* Suffix.વિસર્ગ.
કારક, ( સફીક્ષ ) *n.* Suffix. વિસર્ગ. ( સીન્ટેક્ષ ) *n.* Syntax. પદવિન્યાસ. ( ધેટ વીચ )*a.*That which. કરનારૂં.
કારકીર્દિ,( કેરીઅર ) *n.* Career. વહીવટ; કારભાર દરમિયાનનો સમય.
કારકૂન, ( કલાર્ક ) *n* Clerk. ગુમાસ્તો.
કારખત, (લેબર) *n.* Labour. મહેનત.
કારખાનદાર, ( ફેક્ટરી ઓનર ) *n.* Factory-owner.

કારખાનાનો માલિક. [ કામ થતું હોય તે સ્થાન.
કારખાનું, ( ફેક્ટરી ) *n*. Factory. હુન્નર ઉદ્યોગનું
કારગત, (પાવર )*n*.Power. શક્તિ. [મૃત્યુ સંબંધી વરો.
કારજ, (ફ્યુનરલ સેરીમની ) *n*. Funeral ceremony.
કારણ, ( કોઝ ) *n*. Cause. સબબ. ( મોટીવ ) *n*. Motive. હેતુ. ( બીકોઝ ) *conj*. Because. કારણકે.
કારણકે, ( બીકોઝ ) *conj*. Because, કેમકે; સબબકે.
કારણભૂત,–રૂપ, (ઇનસ્ટ્રુમેન્ટલ ) *a*. Instrumental. સાધનરૂપ બનેલું. [ને લીધે; ના કારણથી.
કારણસર, (ઓન એકાઉન્ટ ઓફ)*a*. On account of.
કારતક, *n*. First month of Hindu year. હિંદુ વર્ષનો પહેલો માસ. [ ટોટી.
કારતૂસ,(કારટ્રીજ) *n*. Cartridge. બંદુકમાં ફોડવાની
કારદાન, ( ડીવાઇસ ) *n*. Device. તદબીર.
કારભાર,–રૂં, (એડમીનીસ્ટ્રેશન )*n*.Administration. વહિવટ;કારોબાર. [કારભાર કરનારી સ્ત્રી;કારભારીની સ્ત્રી.
કારભારણ, ( ફીમેલ મેનેજર )*n*. Female manager.
કારભારી, ( એડમીનીસ્ટ્રેટર ) *n*. Administrator. વ્યવસ્થાપક. ( મીનીસ્ટર ) *n*. Minister. પ્રધાન.
કારમું, ( હોરીબલ ) *a*. Horrible. ભયંકર.
કારવહેવાર, ( સોશ્યલ ઇંટરકોર્સ) *n*. Social intercourse. સામાજીક વહિવટ અને વ્યવહાર.
કારસી, ( વેઇંગ ઈન્સ્ટ્રુમેન્ટ) *n*. Weighing instrument. કંમાણ.
કારસ્તાન, ( પ્લોટ ) *n*.Plot. પ્રપંચ.
કારંજ, ( ફાઉન્ટન ) *n*. Fountain. ફુવારો.

કારાગાર, -ગૃહ, -વાસ, (પ્રીઝન)*n.* Prison. જેલખાનું.
કારિણી, ( ફીમેલ એલીફંટ) *n.* Female elephant. હાથણી.
[ Horrible. કારમું; દારૂણ.
કારી, ( સફીક્ષ ) *n.* Suffix. વિસર્ગ. ( હૉરીબલ ) *a.*
કારીગર, ( આર્ટીઝન ) *n.* Artisan. યંત્રાદિ ચલાવી જાણનાર.
[ કળાકૌશલ્ય.
કારીગરી, -ગીરી, (વર્કમેનશીપ) *n.* Workmanship.
કારૂણિક, (મર્સીફુલ ) *a.* Merciful. કરૂણાજનક.
કારૂણ્ય, (મર્સી) *n.* Mercy. કરૂણા.
કારેલી, ( પ્લૅન્ટ ) *n.* Plant. એક શાકભાજીનો વેલો.
કારેલું, (કમકંબર )*n.* Cumcumber. એક પ્રકારનું શાક.
કારોબાર,—જુઓ કારભાર.
[ લગતું.
કારોબારી, (એકઝુકયુટીવ) *a.* Executive. કારોબારને
કાર્તંતિક, (એસ્ટ્રોલોજર)*n.* Astrologer. જ્યોતિષિ.
કાર્તિક,—જુઓ કારતક.
કાર્પણ્ય, (માઈઝરલીનેસ)*n.* Miserliness. કૃપણતા.
કાર્મુક, (બૅમ્બુ)*n.* Bamboo. વાંસ. (બો)*n.* Bow. ધનુષ્ય.
કાર્ય, *n.* That which is to be done. કરવાનું હોય તે. (વર્ક )*n.* Work. કામ. (મોટીવ) *n.* Motive. હેતુ.
કાર્યકર્તા, (મૅનેજર) *n.* Manager. વ્યવસ્થાપક; સંચાલક.
કાર્યકારણભાવ, (કોઝેશન) *n.* Causation. કાર્ય અને કારણ વચ્ચેનો સંબંધ.
[Efficient. પાવરધું.
કાર્યકુશળ, -નિપુણ, -દક્ષ, -પ્રવિણ, (એફીશ્યંટ) *a.*
કાર્યપ્રયોજન, (મોટીવ)*n.* Motive. હેતુ.
કાર્યશક્તિ, (એનર્જી) *n.* Energy. કાર્ય કરવાની શક્તિ.

કાર્યવાહક,(એકઝીકયુટીવ ) *a*. Executive. કારોબારી. (એડમીનીસ્ટ્રેટર) *n*. Administrator. કારભારી.
કાર્યવાહી, (પ્રોસીજર) *n*. Procedure. કાર્ય કરવાની રીત; કાર્યક્રમ.
કાર્યસાધક,'( સેલ્ફીશ ) *a*. Selfish. સ્વાર્થી.
કાર્યસાધક સંખ્યા, ( કોરમ)*n*. Quoram. કાર્ય પુરૂં કરવા જોઈતી નાનામાં નાની સંખ્યા. [ સુચી.
કાર્યસૂચિ,કાર્યાવલી,(પ્રોગ્રામ)*n*.Programme.કામની
કાર્યસ્થાન,કાર્યાલય, ( ઓફીસ ) *n*. Office. કામ કરવાની જગા.
કાલ, (ટાઈમ )*n*. Time.સમય. (ડેથ)*n*. Death. મૃત્યુ. (ટુમોરો) *n*. Tomorrow. આવતો દિવસ. (યસ્ટરડે) *n*. Yesterday. ગયો દિવસ. (સીઝન) *n*. Season. મોસમ. [ ઝેર.
કાલકૂટ, (ડેડલી પોઈઝન)*n*. Deadly poison. હલાહલ
કાલક્રમ, –ક્રમણ, (પાસીંગ ઓફ ટાઈમ) *n*. Passing of time. વખતનું જવું તે.
કાલક્રમદોષ, કાલાનુક્રમદોષ, ( એનેકોનીઝમ ) *n*. Anachronism. કાળની ક્રમગણના કે સમજમાં દોષ.
કાલક્ષેપ, –ક્ષેપન, (ડીલે) *n*. Delay.વખત ગુમાવવો તે.
કાલખંડ,( લીવર ) *n*. Liver. યકૃત.
કાલગ્રસ્ત, ( ઓબ્સોલીટ) *a*. Obsolete. જૂનું થયેલું.
કાલચક્ર, ( વ્હીલ ઓફ ટાઇમ ) *n*. Wheel of time. કાળનું ચક્ર. (ગ્રેટ કેલેમીટી ) *n*. Great calamity. મોટી આફત. [ મોતની નિશાની.

કાલચિહ્ન, (સાઈન ઓફ ડેથ) *n.* Sign of death.
કાલજ્ઞ, (એસ્ટ્રોલોજર) *a.*& *n.* Astrologer. જોશી.
કાલનિરૂપણ, –નિર્ણય,(ક્રોનોલોજી)*n.* Chronology. સમયનો નિર્ણય કરવો તે.
કાલબૂત, ( શુ લાસ્ટ ) *n.* Shoe last. લાટ; જોડાની અંદર ઠોકવાનું લાકડાનું પગનું બીબું.
કાલમાપક, ( ક્લોક )*n.* & *a.* Clock. ઘડિયાળ.
કાલવવું, ( મીક્ષ અપ) *vt.* Mix up. મિશ્ર કરવું.
કાલાવાલા, ( એનટ્રીટીઝ ) *n.* Entreaties. આજીજી.
કાલિક, ( સીઝનલ ) *a.* Seasonal. ૠતુને મળતું.
કાલિકા, ( માસ ઓફ કલાઉડ્ઝ) *n.* Mass of clouds. (ગોડેસ) *n.* Goddess. એક દેવી.
કાલિમા, (બ્લેકનેસ)*n.* Blackness. કાળપ.
કાલિંગડું, (વોટરમેલન ) *n.*Water–melon. તડબુચ.
કાલિંગડો, કાલેરો, (ટયુન) *n.* Tune. એક રાગ.
કાલિંદી, (રીવર યમુના) *n.* River Yamuna. જમના નદી.
કાલી, (ગોડેસ) *n.* Goddess. એક દેવી.
કાલીન, *a.* Belonging to a certain time. સમય સંબંધી.
કાલુ, ( ઓયસ્ટર) *n.*Oyster. કાલુ માછલી.
કાલું, ( ચાઈલ્ડીશ ) *a.* Childish. બાલિશ; તોતળું. ( કોટન પોડ ) *n.* Cotton pod. કપાસનું જીડવું.
કાલ્પનિક, ( ઈમેજીનરી ) *a.* Imaginary. સાચું નહિ.
કાવડ, –ડી, (વોટર લીટર) *n.* Water litter. ખાંધે બોજો ઉપાડવાની તુલા
કાવડિયું, ( પાઇસ ) *n.* Pice. પૈસો.

કાવડું, (કનીંગ) *a.* Cunning. ધુર્ત. [ કરનારૂં.
કાવતરાંખોર, –બાજ, (ક્રેફ્ટી)*a.&n.*Crafty. કાવતરૂં
કાવતરૂં,(ફ્રૉડ) *n.* Fraud. કપટ.
કાવરૂં,–બાવરૂં,(પરપ્લેક્સ્ડ) *a.* Perplexed. બેબાકળું.
કાવલું, (શોઈ) *a.* Showy. ભપકાદાર પણ તકલાદી.
કાવશ, (એમ્પટીનેસ) *n.* Emptiness. પોકળતા.
કાવાદાની, (કીટલી ) *n.* Kettle. કીટલી.
કાવાદાવા, (ઈંટરીગ)*n.* Intrigue. છળકપટ.
કાવો, ( ડીકોકશન ) *n.* ઉકાળો. ( કોફી ) *n.* Coffee. બુંદદાણાનો ઉકાળો. ( ફ્રોડ )*n.* Fraud. છળ.
કાવ્ય, ( પોએટીકલ કોમ્પોઝીશન ) *n.* Poetical composition. પદ્ય; કવિતા.
કાવ્યકાર, ( પોએટ) *n.* Poet. કવિ. [ ચોરી.
કાવ્યચોરી,(પ્લેજીયારીઝમ) *n.* Plagiarism. કાવ્યની
કાવ્યરૂપ, (પોએટીક )*a.*Poetic.કાવ્યના ગુણો ધરાવતું.
કાવ્યશક્તિ,(પોએટીક જીનીયસ) *n.* Poetic genious. કાવ્ય કરવાની શક્તિ.
કાવ્યશાસ્ત્ર, ( પોએટીકસ ) *n.* Poetics. કવિતાનું શાસ્ત્ર. [ Obstacle. આડખીલી.
કાશ, કાસ, ( કફ )*n.* Couph. ખાંસી.(ઓબસ્ટેકલ)*n.*
કાશી, (બનારસ) *n.* Benares. વારાણસી.
કાશ્મીર, ( કેશ્મીર ) *n.* Kashmir. કાશ્મીરનો પ્રદેશ. (સેફ્રન) *a.* Saffron. કેસર. (સેન્ડલવુડ ) *n.* Sandal-
કાશ્યપી,(અર્થ) *n.* Earth.પૃથ્વી. [wood. સુખડ.
કાષાય, ( રેડ ) *a.* & *n.* Red. રાતું; ભગવું વસ્ત્ર.

કાષ્ઠ, (વુડ) *n.* Wood. લાકડું. [ ખાતો કીડો.
કાષ્ઠકીટ, (વુડ-લાઉઝ ) *n.* Wood-louse. લાકડું કોરી
કાષ્ઠકૂટ, (વુડ-પેકર) *n.* Wood-pecker. લક્કડખોદ.
કાષ્ઠમય, -વત, (વુડન) *a.* Wooden. લાકડાનું; લાકડા
જેવું. ( અનમુવ્ડ) *a.* Unmoved.કઠણ; જડ.
કાષ્ઠિક, (વુડ સેલર ) *n.* Wood seller. કઠિયારો.
કાસદ, (મેસેન્જર) *n.* Messenger. ખેપિયો.
કાસશ્વાસ, ( બ્રોન્કાઈટીઝ) *n.* Bronchites.દમ; હાંફણ.
કાસળ, ( હિન્ડ્રન્સ) *n.* Hindrance. આડખીલી.
કાસાર, ( પોન્ડ ) *n.* Pond. તળાવ.
કાહર,( વોટર કેરીઅર) *n.* Water-carrier. કાવડિયો.
કાહિલી, (આયડલ)*a.* & *n.* Idle. આળસુ. (સીક) *a.*
કાહ્યું, ( વેક્સ્ડ ) *a.*Vexed.ચિડાયલું. [Sick. આજારી.
કાળ, ( ટાઈમ ) *n.* Time.સમય.(સીઝન)*n.* Season.
ૠતુ. ( ફેમીન ) *n.* Famine. દુકાળ. ( એંગર ) *n.*
કાળકા,— જુઓ કાલિકા. [ Anger. ક્રોધ.
કાળચોઘડિયું, (અનલકી ટાઈમ) *n.* Unlucky time.
નુકશાનકારક ચોઘડિયું. [ Liver. યકૃત.
કાળજ, -જું, (હાર્ટ) *n.* Heart. હૃદય. (લીવર) *n*
કાળજી, (કન્સર્ન) *n.* Concern. ચિંતા; ચીવટ.
કાળજુનું,( એન્શંટ) *a.* Ancient. પુરાણું.[કાળાપણું.
કાળપ, કાળાટ, કાળાશ, (બ્લેકનેસ) *n.* Blackness.
કાળમીંઢ, (હાર્ડ-હાર્ટેડ ) *a.* Hard-hearted. કઠોર.
કાળયોગ,(સરકમસ્ટન્સીસ)*n.*Circumstances.સંજોગ.
કાળાંજન, (કોલીરીયમ) *n.* Collyrium. સુરમો.

કાળાંતર, *ad.* After the lapse of ages. યુગોના અંતર પછી. At all. કદી પણ.
કાળાંધોળાં, (ફ્રોડ્ઝ) *n.* Frauds. કારસ્તાન.
કાળિયાર, ( બ્લેક બક ) *n.* Black buck. હરણના ટોળાનો મુખી-કાળો નર. [ Opium. અફીણ.
કાળિયું, ( બ્લેક ) *a.* Black. શ્યામ. (ઓપીયમ) *n.*
કાળીટીલી, (સ્ટીગ્મા) *n.* Stigma. કલંક.
કાળું, (બ્લેક) *a.* Black. શ્યામ. (મીન) *a.* Mean. અધમ.
કાળોતરી, (લેટર ઓફ મોર્નીંગ) *n.* Letter of mourning. મરણના સમાચારની ચિઠ્ઠી.
કાળોતરો, ( કોબ્રા ) *n.* Cobra. કાળો નાગ.
કાંકણ, (બેંગલ) *n.* Bangle. બંગડી.
કાંકરી, ( સેન્ડ) *n.* Sand. રેતી.
કાંકરો, (પેબલ) *n.* Pebble. ઝીણો પત્થર.
કાંક્ષા, (ડીઝાયર) *n.* Desire. ઇચ્છા; આકાંક્ષા.
કાંગ, (કાઇન્ડ ઓફ કોર્ન) *n.* Kind of corn. એક ધાન્ય.
કાંગરવું, (બી એન્ગ્રી) *vt.* Be angry. ગુસ્સે થવું.
કાંગરી, ( બોર્ડર ) *n.* Border. ધાર; કોર.
કાંગરો, ( ડોમ ) *n.* Dome. શીખર.
કાંગાઇ, કાંગાવેડા, (વીકનેસ) *n.* Weakness. નબળાઈ.
કાંગું, કાંગલું, ( વીક ) *a.* Weak. નિર્માલ્ય.
કાંચન, (ગોલ્ડ) *n.* Gold. સોનું.
કાંચળી, -લડી, ( બોડીસ ) *n.* Bodice. કાપડું; કમખો. (સ્લાઉ) *n.* Slough. સાપે ઉતારી નાખેલી કાંચળી.
કાંચિ, કાંચી, (ગર્ડલ) *n.* Girdle. કંદોરો.

કાંજી, ( ગ્રુએલ ) *n.* Gruel. રાબ; લાહી. ( સ્ટાર્ચ ) *n.*
કાંટારખું, (શુ) *n.* Shoe. પગરખું. [ Starch. ખેળ.
કાંટાળું, (થોર્ની) *a.* Thorny. કાંટાવાળું.
કાંટો, (થોર્ન) *n.* Thorn. શુળ. (બેલન્સ) *n.* Balance. ત્રાજવું. *n.* Hand of clock. ઘડિયાળનો હાથ.(સ્ટીંગ) *n.* Sting. ડંખ. ( ઓર્નામેન્ટ ) *n.* Ornament. સ્ત્રીઓને નાકે પહેરવાનું ઘરેણું. ( ફોર્ક ) *n.* Fork. યુરોપીય રીતે જમવાનો કાંટો.
કાંઠલો, (શટલ) *n.* Shuttle. વણકરનું ઓજાર. Black circle round the throat of parrot. પોપટને કંઠે કાળું વર્તુળ હોય છે તે. (શોર)*n.*Shore. કિનારો.
કાંઠો, ( બેન્ક ) *n.* Bank. કિનારો; તટ. (લીમીટ) *n.* Limit. હદ. [ તીર.
કાંડ, (ચેપ્ટર) *n.* Chapter. પ્રકરણ.(એરો)*n.* Arrow.
કાંડી, (મેચ) *n.* Match. દિવાસળી. [ છે તે ભાગ.
કાંડું, (રીસ્ટ) *n.* Wrist. જ્યાં હાથનો પંજો જોડાયલો
કાંત, ( હઝબંડ ) *n.* Husband. પતિ. ( લવર ) *n.* Lover. પ્રિયતમ. ( પ્લીઝીંગ ) *a.* Pleasing. પ્રિય. (સ્પીન્ડલ) *n.* Spindle. ત્રાક.
કાંતવું, ( સ્પીન ) *vt.* Spin. વળ દઈને તાર કાઢવો. ( કરટેલ ) *vt.* Curtail. ઘટાડવું.
કાંતા, ( વાઈફ ) *n.* Wife. પત્નિ. ( લેડીલવ ) *a.* Ladylove. પ્રિયતમા. (અર્થ) *n.* Earth. પૃથ્વી.
કાંતાર, ( ફોરેસ્ટ ) *n.* Forest. જંગલ.
કાંતિ, ( બ્યુટિ) *n.* Beauty. શોભા.

કાંતિમાન, ( બ્યુટિફુલ ) *a*. Beautiful. સુંદર.
કાંતો, ( આઇધર) *conj*. Either. અથવા; અગર તો.
કાંદો, (અનીઅન) *n*. Onion. ડુંગળી. (રૂટ)*n*. Root. કંદ. (ગેઈન) *n*. Gain. લાભ.
કાંધ, ( શોલ્ડર ) *n*. Shoulder. ખભો.
કાંધિયો, ( ફોલોવર )*n*. Follower. સાગરીત.
કાંધી, (સ્ટોન-શેલ્ફ)*n*.Stone–Shelf. પત્થરની છાજલી.
કાંધું, કાંધો, (ઇન્સ્ટોલમેન્ટ) *n*. Instalment. હપતો.
કાંધેલી, ( યોક ) *n*. Yoke. ધુંસરી.
કાંપ, ( ટ્રેમોર ) *n*. Tremor. ધ્રૂજારી. ( બ્લેક કલે ) *n*. Black clay. કાળો કાદવ.
કાંપવું, (શીવર) *vt*. Shiver. ધ્રૂજવું.
કાંબળ,–ળી,–ળો, (બ્લેન્કેટ) *n*. Blanket. કામળી.
કાંબી, (સીલ્વર એંકલેટ) *n*. Silver anklet. પગનું રૂપાનું ઘરેણું.
કાંશિયાં,(પેર ઓફ સીમ્બાલ્સ)*n*. Pair of cymbals. [કાંસીજોડ; મંજીરા.
કાંસ, (ઈરીગેશન કેનાલ) *n*. Irrigation canal. નાની નહેર.
કાંસકી, કાંગસી, ( કોમ્બ) *n*. Comb. વાળ ઓળવાનું [એક સાધન.
કાંસવું, (બ્રીધ હાર્ડ) *vt*. Breathe hard. હાંફવું.
કાંસું, (બેલ મેટલ) *n*. Bell–metal. એક મિશ્ર ધાતુ.
કિકિયારી,–રો, ( શ્રીક ) *n*. Shriek. તીણી ચીસ.
કિચુકો,—જુઓ કચુકો.
કિચુડો, (સી-સો) *n*. See-saw. નાનો ચગડોળ.
કિતાબ, (બુક) *n*. Book. પુસ્તક.

કિતાબખાનું, (લાયબ્રેરી) *n.* Library. પુસ્તકાલય.
કિત્તો, (રીડ પેન) *n.* Reed-pen. બરૂની લેખણ. (ડીટો) *prep.* Ditto. એજન. [બુટ્ટાનું કાપડ.
કિનખાબ, (બ્રોકેડ) *n.* Brocade. કસબ; જરી
કિનાર, –રી, (બોર્ડર) *n.* Border. ધાર; કાંઠો.
કિનારો, (શોર) *n.* Shore. કાંઠો.
કિન્નર, (સેલેશ્યલ મ્યુઝીશ્યન) *n.* Celetial musician. એક જાતનો સંગીતનો દેવ. [*n.* Fiddle. સારંગી.
કિન્નરી, *n.* Female of kinnar. કિન્નરની સ્ત્રી. (ફીડલ)
કિફાયત, (ગેન) *n.* Gain. નફો. (ચીપ) *a.* Cheap. સસ્તું.
કિફાયતી, (ચીપ) *a.* Cheap. સસ્તું.
કિયું, (વ્હીચ) *a.* Which. કયું ?
કિરકોલ, –ળ, (મીસલેનીયસ) *a.* Miscellaneous. પરચુરણ. (બાય રીટેલ) *ad.* By retail. છૂટક.
કિરણ, (રે) *n.* Ray. તેજની રેખા; રશ્મિ.
કિરણમય, (રેડીયંટ) *a.* Radiant. પ્રકાશમાન.
કિરણમાલી, (સન) *n.* Sun. સૂર્ય.
કિરણાલેખ્યકલા, (ફોટોગ્રાફી) *n.* Photography. કિરણોની સહાયવડે છબી પાડવાની રીત.
કિરતાર, (ક્રીએટર) *n.* Creator. સ્રષ્ટા; કર્તાર.
કિરપા,—જુઓ કૃપા.
કિરમ, (વર્મ) *n.* Worm. કૃમિ; જીવડું.
કિરમજી, (ક્રીમસન) *a.* Crimson. ઘેરૂં; લાલ.
કિરાત, (માઉન્ટેનીયર) *n.* Mountaineer. એક પહાડી જાત. (શીવ) *n.* Shiva. મહાદેવ.

કિરાયાદાર, (ટેનન્ટ) *a.* & *n.* Tenant. ભાડૂત.
કિરાયું, (રેન્ટ) *n.* Rent. ભાડું.
કિરીટ, (ક્રાઉન) *n.* Crown. તાજ.
કિલકાર, -રી, (નોઇઝ) *n.* Noise. કલબલાટ.
કિલકારવું, (ચર્પ) *vt.* Chirp. કલબલાટ કરવો.
કિલકિલ, -લાટ, -લારવ, -કાર, (નોઇઝ) *n.* Noise. હર્ષધ્વનિ.
કિલકિલવું, -લાવું, (લાફ) *vt.* Laugh. આનંદમાં [આવવું.
કિલ્લું, (ઇનસેક્ટ) *n.* Insect. જીવડું.
કિલ્લો, (ફોર્ટ) *n.* Fort. દુર્ગ; ગઢ.
કિલ્લેદાર, *n.* One in charge of fort. કિલ્લાનો ઉપરી અમલદાર.
કિલ્લેબંધી, (ફોર્ટીફીકેશન) *n.* Fortification. રક્ષણ [મળે એવું બાંધકામ.
કિશોર, (યુથ) *a.* & *n.* Youth. સગીર.
કિશોરી, (મેઇડન) *n.* Maiden. સગીર બાળા.
કિશ્ત, (કલ્ટીવેશન) *n.* Cultivation. ખેતી.
કિશ્તી, (બોટ) *n.* Boat. હોડી.
કિસમ, (ગ્રેડ) *n.* Grade. જાત; પ્રકાર.
કિસમીસ, (ડ્રાઇડ ગ્રેપ્સ) *n.* Dried grapes. સુકી દ્રાક્ષ.
કિસાન, (કલ્ટીવેટર) *n.* Cultivator. ખેડૂત.
કિસ્ત, (લેન્ડ ટેક્ષ) *n.* Land tax. જમીન મહેસુલ. (ટ્રીબ્યુટ) *n.* Tribute. ખંડણી.
કિસ્મત, (ફેટ) *n.* Fate. નસીબ;
કિસ્સો, (સ્ટોરી) *n.* Story. કહાણી.
કિંકર, (સરવન્ટ) *n.* Servant. નોકર.

કિંકરી, ( મેડ-સરવન્ટ )*n.* Maid-servant. ચાકરડી.
કિંકણી, ( સ્મોલ બેલ ) *n.* Small bell. નાની ઘંટડી.
કિંગલાણુ, ( રેપ્ચર ) *n.* Rapture. હર્ષધ્વનિ.
કિંચીત, (લીટલ) *a.* Little. થોડુંક. (સમવોટ) *ad.* Somewhat. સહેજ. [થોડુંકજ.
કિંચીતમાત્ર, ( ઓન્લી એ લીટલ)*ad.* Only a little.
કિંતુ, (યટ) *ad.* Yet. તોપણ. [Estimate.કદર.
કિંમત, ( પ્રાઈસ ) *n.* Price.મૂલ્ય. ( એસ્ટીમેટ ) *n.*
કિંવદંતી, ( રયુમર) *n.* Rumour. અફવા.
કિંવા, ( ઓર ) *ad.* Or. અથવા.
કીકી, ( પ્યુપીલ ઓફ ધી આઇ ) *n.* Pupil of the eye. આંખની પુતળી. *n.* Small girl. નાની બાળકી.
કીકો, ( સ્મોલ બોય ) *n.* Small boy. નાનો બાળક.
કીચડ, ( મડ ) *n.* Mud. કાદવ.
કીટ, -ક, (વર્મ ) *n.* Worm. કીડો. (થરલી લર્ન્ટ )*ad.* Thoroughly learnt. બરાબર પાઠ કરેલું.
કીટઘ્ન, ( ઇનસેકટીસીડલ) *a.* Insecticidal.કિડાઓનો નાશ કરે એવું. [ કિડાઓ ખાઉ.
કીટભોજી, (ઈનસેકટીવરસ) *a.* & *n.* Insectivorous.
કીટલી, ( ટી-પોટ ) *n.* Tea-pot. ચાદાની. [ કસ્તર.
કીટી, *n.* Particles of dust found in cotton.
કીડ, ( મોથ ) *n.* Moth. જીવડું.
કીડિયાણું, (એન્ટ હોલ) *n.* Ant hole. કીડીઓનું દર.
કીડિયું, ( સ્મોલ ગ્લાસ બીડ) *n.* Small glass bead. ખૂબ નાનો કાચનો મણકો.

કીડિયાસેર, (નેકલેસ ઓફ ગ્લાસ બીડસ )*n.*Necklace of glass beads. કીડિયાંની કંઠી.

કીડી, ( એન્ટ ) *n.* Ant. એક ઝીણું જંતુ.

કીડીમંકોડી, ( સ્મોલ ઈનસેકટસ) *n.* Small insects.

કીડો, (વર્મ) *n.* Worm. જીવડો. [ઝીણાં જંતુઓ.

કીધું, ( સેડ)*vt.* Said. 'કહેવું' નું ભૂતકાળ.

કીનો, ( એનમીટી ) *n.* Enmity. વેર.

કીનાખોર, ( મેલીશ્યસ)*a.* Malicious. ડંશીલું.

કીમતી, ( કોસ્ટલી ) *a.* Costly. ભારે કિંમતનું.

કીમિયો,( આલકેમી) *n.* Alchemy. હલકી ધાતુને કિમતી બનાવવાની વિદ્યા.

કીમીયાગર, ( આલકેમીસ્ટ ) *n.* Alchemist. કીમિયો કરી જાણનાર પુરૂષ. ( રોગ ) *n.* Rogue. ઠગારો.

કીર, (પેરટ) *n.* Parrot. પોપટ.

કીર્તન,*n.* Celebrating the name of God with music etc. ગીત અને સંગીતસહ ઈશ્વરનાં યશોગાન.

કીર્તિ, ( ફેમ ) *n.* Fame. ખ્યાતિ.

કીર્તિમાન, -વંત, ( ફેમસ) *a.* Famous. પ્રસિદ્ધ.

કીલ, ( ગ્રીઝ) *n.* Grease. મળી.

કીલી, (કી ) *n.* Key. કૂંચી.

કીલીદાર,(ટ્રેઝરર) *n.* Treasurer. ત્રીજોરીનો ઉપરી.

કુ, ( પ્રીફીક્ષ ) Prefix. ઉપસર્ગ.

કુકર્મ, ( ઈવીલ ડીડ ) *n.* Evil deed. ખરાબ કામ.

કુકલ્પના, (ઈમમોરલ થોટ ) *n.* Immoral thought.

કુકુટ, ( કોક ) *n.* Cock. કુકડો. [ ખરાબ વિચાર.

કુક્ષ, (વુમ્બ) *n.* Womb. કૂખ. [ Nipple. સ્તન.
કુચ, (બ્રેસ્ટ) *n.* Breast. સ્ત્રીની છાતી. (નીપલ) *n.*
કુચાલ, –ચેષ્ટા, (મીસબીહેવીઅર) *n.* Misbehaviour.
કુચિત્ર, –ત્રું, (અગ્લી) *a.* Ugly. કદરૂપું. [ખરાબ વર્તણુંક.
કુછંદ, (વીસીયસ વે ઓફ લાઇફ) *n.* Vicious way of life. લંપટપણું. [ખરાબ યોગ.
કુજોગ, (ઇવીલ કંજંકશન) *n.* Evil conjunction.
કુટાવું, (બી ક્રશ્ડ) *vt.* Be crushed. દબાવું.
કુટિ, –ર, (હટ) *n.* Hut. ઝુંપડી.
કુટિલ, (ક્રુક્ડ) *a.* Crooked. વાંકું; કપટી. [ કપટ.
કુટિલતા, –પણું, (ક્રુક્ડનેસ) *n.* Crookedness. વાંકાઈ;
કુટુંબ, (ફેમીલી) *n.* Family. એક પિતાનો પરિવાર.
કુટુંબકલહ, (ફેમીલી ફ્યુડ) *n.* Family feud. કુટુંબમાં કંકાસ. [ Of family. કુટુંબનું.
કુટુંબી, (રીલેટીવ) *n.* Relative. સગું. (ઓફ ફેમીલી) *a.*
કુટેવ, (બેડ હેબીટ) *n.* Bad habit. ખરાબ આદત.
કુટ્ટણી, –ની, જુઓ કૂટણી. [ ફરસી.
કુઠાર, (એક્ષ) *n.* Axe. કુહાડો. (હેચેટ) *n.* Hatchet.
કુઠારો, –રી, (વુડ–કટર) *n.* Wood-cutter. કઠિયારો.
કુડતું, (શર્ટ) *n.* Shirt. પહેરણ.
કુણ, (હુ) *prn.* Who. કોણ.
કુણ્ઠિત, (હેમ્પર્ડ) *a.* Hampered. અંતરાયલું.
કુતર્ક, (બેડ થોટ) *n.* Bad thought. ખરાબ વિચાર.
કુતુબનુમા, (કોમ્પાસ) *n.* Compass. હોકાયંત્ર.
કુતુહલ, (ક્યુરીઓસીટી) *n.* Curiosity. જીજ્ઞાસા.

કુત્તો, ( ડોગ ) *n.* Dog. કુતરો.
કુત્તી, ( બીચ ) *n.* Bitch. કુંભી.
કુત્સિત, ( વાઇલ ) *a.* Wile. નિંદિત; નીચ.
કુથ, ( કાર્પેટ ) *n.* Carpet. સાદડી.
કુદકારો, ( જમ્પ ) *n.* Jump. કુદકો.
કુદરત, ( નેચર ) *n.* Nature. નિસર્ગ. (ડીસ્પોસીઝન) *n.* Disposition. જાતિસ્વભાવ. ( પાવર ) *n.* Power. [તાકાત.
કુદરતી, ( નેચરલ ) *a.* Natural. સ્વાભાવિક.
કુદ્રષ્ટિ, ( ઇવીલ લુક ) *n.* Evil look. ખરાબ ખ્યાલથી જોવું તે.
કુધાન,કુધાન્ય,(બેડ કોર્ન)*n.*Bad corn. ખરાબ અનાજ.
કુધારો,–રીતિ,(બૅડ યુસેજ)*n.*Bad usage. ખરાબ ચાલ.
કુનેહ, ( કલેવરનેસ ) *n.* Cleverness. ચતુરાઇ.
કુપથ, ( ઇમમોરલ વે ) *n.* Immoral way. અનીતિનો [માર્ગ.
કુપથગામી, ( લ્યુડ ) *a.* Lewd. લંપટ.
કુપથ્ય, (અનસ્યુટેબલ ) *a.* & *n.* Unsuitable. અયોગ્ય; માફક ન આવે તેવું.
કુપાત્ર, (અનવર્ધી ) *a.* & *n.* Unworthy. નાલાયક.
કુપિત, ( એંગ્રી ) *a.* Angry. કોપાયમાન.
કુપ્પી,કુપ્પો, (ઓઇલ કેન ) *n.* Oil can. કુલ્લું.
કુફર, ( ઇનફાઇડાલીટી ) *n.* Infidelity. નાસ્તિકતા.
કુફરાન, ( અપરોર ) *n.*Uproar. ધાંધલ. (ઇમ્પ્યુટેશન) *n.* Imputation. ખોટું તહોમત.
કુબજા, ( હેગ ) *n.* Hag. ખરાબ કૂબડી સ્ત્રી.
કુબુદ્ધિ, (ઇવીલ માઇન્ડેડનેસ) *n.* Evil mindedness.

કુબેર, ( ગોડ ) *n.* God. એક દેવ; ધનપતિ. [લુચ્ચાઇ.
કુબોધ, ( ઈન્જુરીયસ એડવાઈસ ) *n.* Injurious advice. નઠારી શીખામણ.
કુબ્જ, (હમ્પ–બેક્ડ) *a.*&*n.* Hump-backed. ખૂંધું.
કુભારજા, ( વીક્ષન ) *n* Vixen. નઠારી સ્ત્રી.
કુભાંડ, ( ફોલ્સ એકયુઝેશન ) *n.* False accusation. જૂઠું તહોમત.
કુભાંડી, ( હાયપ્રોક્રીટ ) *n.* & *a.* Hypocrite. દંભી.
કુમક, ( હેલ્પ ) *n.* Help. સહાય; મદદ.
કુમકુમ, ( રેડ ટર્મેરીક પાવડર ) *n.* Red turmaric powder. કંકુ; કુંકુમ. [ નઠારી મતિ.
કુમતિ, (ઈવીલ માઈન્ડેડનેસ) *n.* Evil mindedness.
કુમળું, ( ડેલીકેટ)*a.*Delicate.નાજુક.(યંગ)*a.*Young.
કુમાર, ( લેડ ) *n.* Lad. યુવાન; કિશોર. [ યુવાન.
કુમારિકા, (યંગ અનમેરીડ ગર્લ )*n.* Young unmarried girl. કુંવારી કન્યા. [પ્રાથમિક કેળવણીની શાળા.
કુમારમંદિર, (પ્રાઇમરી સ્કુલ )*n.* Primary school.
કુમાર્ગ, ( બેડ વે ) *n.* Bad way. ખરાબ માર્ગ.
કુમાવીસદાર, ( રેવન્યુ કલેકટર ) *n.* Revenue collector. મહેસુલી અમલદાર.
કુમાશ, ( ફાઇનનેસ ) *n.* Fineness. નરમાશ.
કુમુદ, ( વ્હાઇટ લોટસ )*n.* White lotus.સફેદ કમળ.
કુમુદનાથ;–પતિ,–બંધુ, ( મુન ) *n.* Moon. ચંદ્રમા.
કુમુદિની, ( વોટર લીલી ) *n.* Water lily. કુમુદના ફુલનો વેલો.

કુમુદ્રા, ( ફૉલ્સ કૉઇન ) *n.* False coin.ખોટો સિક્કો.
કુમેરૂ, ( સાઉથ પોલ )*n.* South pole. દક્ષિણ ધ્રુવ.
કુમેરૂજ્યોતિ, ( ઓરોરા બોરેલીસ ) *n.* Aurora borealis. દક્ષિણ ધ્રુવમાં જોવામાં આવતી જ્યોતિ.
કુરકુટ, ( કૉક ) *n.* Cock. કૂકડો.
કુરકુરિયું, ( પપી )*n.* Puppy. કુતરાનું નાનું બચ્ચું.
કુરનિસ, --નસ, ( સેલ્યુટ ) *n.* Salute. ઝુકીને સલામ કરવી તે.
કુરબાની, ( સેક્રીફાઇસ ) *n.* Sacrifice. બલિદાન.
કુરસીનામું, ( ક્રોનોલોજી )*n.* Chronology.પેઢીનામું.
કુરંગ, ( એન્ટીલોપ ) *n.* Antelope. હરણ.
કુરંગી,કુરંગણી,(ફીમેલ ડીયર)*n.*Female deer.હરણી.
કુરાન, (કુરાન)*n.*Quran. મુસલમાનોનો મુખ્ય ધર્મગ્રંથ.
કુરૂપ,-પી, (અગલી ) *a.* Ugly. કદરૂપું.
કુર્નિશ,-જુઓ કુરનિસ.
કુલ, (ટોટલ) *a.* Total. એકંદર. ( હોલ ) *a.* Whole. તમામ. ( ફેમીલી ) *n.* Family. કુટુંબ. ( રેસ ) *n.* Race. વંશ. (નોબલ લીનીએજ) *n.* Noble lineage. ખાનદાની. ( હર્ડ ) *n.* Herd. ટોળું. ( ક્લાયન્ટ ) *n.* Client. અસીલ-વકીલનો.
કુલકુલા, ( પ્લેનીપોટેન્શ્યરી ) *a.* Plenipotentiary. [ કુલ સત્તા ભોગવતું.
કુલગોર, ( ફેમીલી પ્રિસ્ટ) *n.* Family priest.કૌટુંબિક [ગોર.
કુલટા, (વ્હોર ) *n.* Whore. ખરાબ ચાલની સ્ત્રી.
કુલક્ષણ, (મીસકંડક્ટ ) *n.* Misconduct. અપલક્ષણ.
કુલડી, *n.* Small earthen vessal. ચડવો.

કુલફી, ( કંજીલ્ડ મીલ્ક ) *n.* Congealed milk.
કુલપતિ, ( ચાન્સેલર ) *n.* Chancellor. વિદ્યાપીઠનો સૌથી વડો અધિકારી. [ કુલપતિથી ઉતરતો અધિકારી.
કુલનાયક, ( વાઈસ ચાન્સેલર ) *n.* Vice-chancellor.
કુલવિજ્ઞાન, ( ફાઈલોજેની ) *n.* Phylogeny. પ્રાણીના જાતિય વિકાસક્રમનો ઇતિહાસ.
કુલાવો, *n.* Strip of land running into sea. ભૂ-
કુલાલ, ( પોટર ) *n.* Potter. કુંભાર. [ શિરની જમીન.
કુલાંગના, ( લેડી ) *n.* Lady. કુલીન ઘરની સ્ત્રી.
કુલાંગાર, ( બેન ઇન ધી ફેમીલી ) *n.* Bane in the family. કુળમાં અંગારા જેવો નિવડેલો આદમી.
કુલીન, ( નોબલ ) *a.* Noble. ખાનદાન.
કુલે,-લ્લે, ( ઓન ધી હોલ ) *ad.* On the whole. જુમલે; સરવાળે. [ ઘી તેલ ભરવાનું વાસણ.
કુલ્લું, કુલ્લી, *n.* Receptacle for oils etc.
કુવચન,કુવેણ, ( એબ્યુઝ ) *n.* Abuse. ગાળ.
કુવાયરો, ( ઇલ-વીન્ડ ) *n.* Ill-wind. પ્રતિકૂળ પવન.
કુવારી,-સી, (મેઈડન ) *n.* Maiden. કુમારિકા.
કુવાસના, (ઈમમોરલ ડીઝાયર) *n.* Immoral desire. નઠારી ઈચ્છા.
કુવેતર, *n.* Land with well. કુવાવાળી જમીન.
કુવ્વત, (સ્ટ્રેંગ્થ) *n.* Strength. કૌવત.
કુશ, ( ગ્રાસ ) *n.* Grass. દર્ભ. [ છોડાં.
કુશકા, (શેફ ઓફ રાઈસ) *n.* Chaff of rice. ડાંગરનાં
કુશલ,-ળ, ( વેલ ) *a.* Well. શુભ. ( એક્ષ્પર્ટ) *a.*

Expert. પ્રવિણ.
કુશળતા,(વેલ-બીઈંગ) *n.* Well-being. આરોગ્ય.
કુશળપત્ર, (વેલફેર લેટર ) *n.* Well-fare letter. ક્ષેમકુશળ પૂછતો યા દર્શાવતો પત્ર.[સુખી અને આરોગ્ય.
કુશળક્ષેમ,(હેપી એન્ડ વેલ)*a.&n.*Happy and well.
કુશાગ્રબુદ્ધિ,(શ્રુડ) *a.& n.* Shrewd. તીવ્ર બુદ્ધિવાળું.
કુશાદા, ( હ્યુજ, ) *a.* Huge. વિશાળ.
કુષ્ઠ, ( લેપ્રોસી) *n.* Leprosy. કોઢ.
કુસંગ,-ત,(બેડકંપની)*n.*Bad company.ખરાબ સોબત.
કુસંપ, (ડીસેન્શન) *n.* Dissention.અણબનાવ.
કુસુમ, ( ફલાવર ) *n.* Flow er. પુષ્પ.
કુસુમધન્વા, -બાણ, -માયુધ, ( કયુપીડ) *n.* Cupid. કામદેવ. [ Garden. બગીચો.
કુસુમાકર, (સ્પ્રીંગ ) *n.* Spring. વસંતઋતુ.(ગાર્ડન)*n.*
કુસુમિત, ( ફલાવર્ડ) *a.* Flowered. ફુલોવાળું.
કુસ્તી, (રેસ્લીંગ) *n.* Wrestling. બથ્થંબથ્થા.
કુસ્તીબાજ, ( એથલેટ ) *n.* Athlete. કસરતી ખેલાડી.
કુહર, ( કેવ ) *n.* Cave. ગુફા.
કુહાડી,-ડો,(એક્ષ) *n.* Axe.લાકડાં ફાડવાનું ઓજાર.
કુહુ,-કુહુ,-કાર,*n.* Cry of cuckoo. કોયલનો ટહુકાર.
કુળ, ( રેસ ) *n.* Race. જાત. [ untant. તલાટી.
કુળકર્ણી, (વીલેજ એકાઉન્ટન્ટ ) *n.* Village accoકુંકુમ-જુઓ કંકુ.
કુંજ, ( આર્બર) *n.* Arbour. લતામંડપ. [ એક પક્ષી.
કુંજડી,(સ્મોલ બ્લેક હેરોન) *n.* Small black heron.

કુંજડો, (માઈઝર) *n.* Miser.કૃપણ.
કુંજર, (એલીફન્ટ) *n.* Elephant. હાથી.
કુંજરાવું,(બી સ્ટન્ટેડ)*vt.* Be stunted.ખીલવું અટકવું.
કુંજાર, (આર્બરલાઈક) *a.* Arbour-like. ઘટાકાર.
કુંજો, (જગ) *n.* Jug. લોટવો; ચંબુ.
કુંઠિત,(મુટીલેટેડ)*a.* Mutilated.રૂંધાયલું; બુઠું.
કુંડું (ઓલ્ટર) *n.* Altar. વેદી. ( બેઝીન) *n.* Basin. પાણીનો ખાડો. [ વ્યભિચારથી ઉત્પન્ન થયેલો પુત્ર.
કુંડકુંવર,–પુત્ર,(ઈલલેજીટીમેટસન)*n.*Illegitimate son.
કુંડળ, –લ,(એરીંગ)*n.*Ear–ring.કાને પહેરવાનું ઘરેણું.
કુંડળી,–લી,(સ્મોલ સર્કલ) *n.* Small circle. નાનું કુંડાળું. An astrological chart. ગ્રહ વિગેરેની ગણતરીનું ખાનાવાળું ચોકઠું.
કુંત, ( લાન્સ ) *n.* Lance. ભાલો.
કુંતલ, ( પ્લાઉ ) *n.* Plough. હળ. *n.* & *a.* Lock of hair. વાળની લટ.
કુંદ, ( સ્ટફ્ડ) *a.* Stuffed. ઠસાઈ ગયેલું.(જેસ્મીન લાઈક ફ્લાવર)*n.* Jasmine like flower.મોગરા જેવું પુષ્પ.
કુંદન, ( પ્યોર ગોલ્ડ) *n.* Pure gold. શુદ્ધ સોનું.
કુંદી, ( કેલેન્ડરીંગ) *n.* Calendering. ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાની ક્રિયા.
કુંદીપાક, (બીટીંગ) *n.* Beating. મારવું તે.
કુંદો, ( કજલ )*n.* Cudgel. ડંડો; ધોકો.
કુંભ, (પીચર) *n.*Pitcher. ઘડો. The frontal lobe on the forehead of an elephant. ગંડસ્થળ.

કુંભક, ( રીલીજીયસ એક્ષરસાઇઝ ) *n.* Religious excercise. પ્રાણાયમ.
કુંભાર, ( પોટર) *n.* Potter. માટીનાં વાસણ ઘડનાર.
કુંભી, ( પીચર) *n.* Pitcher. ઘડો. Base of a pillar. થાંભલા નીચેની બેસણી.
કુંવર, ( પ્રીન્સ) *n.* Prince. રાજપુત્ર. (લેડ) *n.* Lad. છોકરો.
કુંવરી, (પ્રીન્સેસ) *n.* Princess. રાજપુત્રી. (વર્જીન) *n.* Virgin. કુંવારી કન્યા. [ કુંવારપાઠું.
કુંવાર, (એલોપ્લાન્ટ ) *n.* Aloe plant. એળીઓ;
કુંવારકા, ( વર્જીન) *n.* & *a.* Virgin. કુંવારી કન્યા.
કુવારૂં, ( અનમેરીડ) *a.* Unmarried. નહિ પરણેલું.
કૂઇ, ( સ્મૉલ વેલ ) *n.* Small well. નાનો કુવો.
કૂકડાં, ( ફાઉલ્સ) *n.* Fowls. મરઘાં વિ.
કૂકડી, ( હેન ) *n.* Hen. મરઘી.
કૂકડો, ( કૉક ) *n.* Cock. મરઘો.
કૂકર, ( ડોગ ) *n.* Dog. કુતરો.
કૂકરી, ( ડેગર ) *n.* Dagger. ગુરખાઓનું એક શસ્ત્ર.
કૂખ, ( વુમ્બ ) *n.* Womb. ગર્ભસ્થાન.
કૂચ, ( માર્ચ ) *n.* March. રવાના થવું તે. ( સીક્રેટ ) *n.* Secret. છૂપી વાત. ( જગ ) *n.* Jug. ભોટવો.
કૂચહ, ( ધેન ) *n.* Lane. શેરી. [ વાળની પીંછી.
કૂચડી, કૂચી, ( સ્મોલ બ્રશ ) *n.* Small brush. જાડા
કૂચો, ( સેન્ડીમેન્ટ ) *n.* Sendiment. કચરો.
કૂજન, ( કુઈંગ ) *n.* Cooing. મધુર શબ્દનાદ.
કૂજવું, ( કૂ ) *vt.* Coo. મધુર ગાવું.

કૂજો-જુઓ કુજો.
કૂટ, ( એમ્બીગ્યુઅસ ) *a.* Ambiguous. ન સમજાય એવું. (સમીટ)*n.* Summit. શીખર. (હીપ)*n.* Heap. ઢગલો. ( રીડલ ) *n.* Riddle. કોયડો.
કૂટણખાનું,*n.* House of a prostitute. વેશ્યાગૃહ.
કૂટણી, ( પ્રોકયોરેસ ) *n.* Procuress. દલાલણ.
કૂટવું, ( બીટ ) *vt.* Beat. ઠોકવું. To beat the breasts in mourning. મૂએલાની પાછળ છાતી પીટવી.
કૂટસ્થ, ( સુપ્રીમ સોલ )*n.* Supreme soul. પરમાત્મા.
કૂડ, -કપટ, ( ડીસીટ ) *n.* Deceit. કપટ.
કૂડવું, ( બી ટીઝડ્ ) *vt.* Be teased. ચીડાવું.
કૂણું, ( ડેલીકેટ ) *a.* Delicate. નાજુક.
કૂતરી, ( બીચ ) *n.* Bitch. કુતરાની માદા.
કૂતરો, ( ડોગ ) *n.* Dog. શ્વાન.
કૂથ, ( બ્યુટીફુલ ) *a.* Beautiful. સુંદર.
કૂથલી, ( સ્લેન્ડર ) *n.* Slander. ખોટી નદા.
કૂદકો, ( જમ્પ ) *n.* Jump. ઠેકડો.
કૂદવું, ( જમ્પ ) *vt.* Jump. ઠેકડો મારવો.
કૂપ, ( વેલ ) *n.* Well. કુવો.
કૂપમંડુક, ( ફ્રોગ ) *n.* Frog. દેડકો.
કૂપી, ( ફ્લેસ્ક ) *n.* Flask. કુલ્લું.
કૂબડું, ( અગલી ) *a.* Ugly. કદરૂપું.
કૂબો, ( હટ ) *n.* Hut. ઝુંપડી.
કૂમચી, ( વ્હીપ ) *n.* Whip. ચાબુક.

કૂર, ( કુકડ રાઈસ ) *n.* Cooked rice. રાંધેલા ચોખા.
કૂર્ચ, ( બીયર્ડ ) *n.* Beard. દાઢી. ( બ્રુશ ) *n.* Brush. [કૂચડો.
કૂર્મ, ( ટોરટોઇઝ ) *n.* Tortoise. કાચબો.
કૂલ, ( બેન્ક ) *n.* Bank. કિનારો.
કૂલો, ( હીપ ) *n.* Hip. ઘગડો.
કૂવત,કૌવત,( સ્ટ્રેન્ગથ ) *n.* Strength. બળ; શક્તિ.
કૂવો, ( વેલ ) *n.* Well. જમીનમાંથી પાણી કાઢવા માટે ખોદેલો મોટો ઉંડો ખાડો. [ થાંભલો.
કૂવાથંભ, ( માસ્ટ ) *n.* Mast. વહાણના વચલા સઢનો
કૂંચી, ( કી ) *n.* Key. ચાવી. (રેમેડી ) *n.* Remedy. ઈલાજ.
કૂંડાળું, ( સરકલ ) *n.* Circle. વર્તુલ; ગોળ આકૃતિ.
કૂંડ., ( સ્મોલ પીટ ) *n.* Small pit. નાનો ખાડો.
કૂંપળ, ( ફ્રેશ લીફ ) *n.* Fresh leaf. નવું ફુટતું પાંદડું.
કૂંવળ, *n.* Straw obtained from the stalks of wheat and barley. ઘઉંને જવનું પરાળ.
કૃચ્છ,(બેડ)*a.* Bad. ખરાબ.(ડીફીકલ્ટી) *n* Difficulty. કષ્ટ. ( પીનાન્સ ) *n.* Penance. પ્રાયશ્ચિત; વ્રત.
કૃત, ( ડન ) *a.* Done. કરેલું. ( મેઈડ ) *a.* Made. બનાવેલું. ( ઓબ્જેક્ટ ) *n.* Object. કર્મ-ફળ.
કૃતકૃત્ય, કૃત-કૃતાર્થ, ( કન્ટેન્ટેડ ) *a.* Contended. ફરજ પુરી કર્યાના સંતોષવાળું.
કૃતઘ્ન,-ઘ્ની, ( અનગ્રેટફુલ )*a.*Ungrateful.નિમકહરામ.
કૃતજ્ઞ,-જ્ઞી, ( ગ્રેટફુલ ) *a.* Grateful. નિમકહલાલ.
કૃતજ્ઞતા, ( ગ્રેટીટયુડ ) *n.* Gratitude. આભાર.

કૃતનિશ્ચય, ( રૅઝોલ્યુટ ) *a.* Resolute. નિશ્ચય કરી [બેઠેલું.
કૃતાંત, ( ડેથ ) *n.* Death. મૃત્યુ.
કૃતિ, ( વર્ક ) *n.* Work. કાર્ય. ( ક્રીએશન ) *n.* Creation. સર્જન. [તફડંચી.
કૃતિચૌર્ય, ( પ્લેગયારીઝમ ) *n.* Plagiarism.
કૃત્ય, ( ડીડ ) *n.* Deed. કાર્ય; આચરણ.( પ્રૉબ્લેમ્ )*n.* Problem. ભૂમિતમાં રચના કરવાના અંગેનો સિદ્ધાંત.
કૃત્યા, ( વીચ ) *n.* Witch. ડાકણ; મેલડી.
કૃત્રિમ, કૃતક, (આર્ટીફીશ્યલ )*a.* Artificial. બનાવટી.
કૃદંત, ( પાર્ટસીપલ ) *n.* Participle. ધાતુને કાળ કે અર્થવાચક પ્રત્યય લાગવાથી બનતું અપૂર્ણ અર્થવાચક [રૂપ.
કૃપણ,(માઈઝર) *a.* Miser. કંજુસ.
કૃપા, ( ફેવર ) *n.* Favour. મહેરબાની.
કૃપાળ, ( મર્સીફુલ ) *a.* Merciful. દયાળુ.
કૃપાણ, ( સ્વૉર્ડ ) *n.* Sword. તરવાર.
કૃમિ, ( વર્મ ) *n.* Worm. જીવડો; કરમિઓ.
કૃમિઘ્ન, ( એન્થેલમીન્ટીક )*a.* Enthelmintic. કૃમિનો [નાશ કરે તેવું.
કૃશ,(લીન) *a.* Lean. પાતળું.
કૃશાંગી, ( ડેલીકેટ વુમન ) *n.* Delicate woman. નાજુક બદનવાળી સ્ત્રી.[woman. પાતળી કમરવાળી સ્ત્રી.
કૃશોદર, –રી, ( થીન વેઇસ્ટેડ વુમન)*n.* Thin-waisted
કૃષિ, ( એગ્રીકલ્ચર ) *n.* Agriculture. ખેતી.
કૃષિક,–કાર, ( ફાર્મર ) *n.* Farmer. ખેડૂત. [ગુલામ.
કૃષિદાસ, ( સર્ફ ) *n.* Serf. ખેતીને અંગે રાખેલો
કૃષિયંત્ર,(ટ્રેકટર)*n.* Tractor. ખેતી માટેનું યંત્ર ઇ.

કૃષ્ટ, ( એક્ષ્ટ્રેક્ટેડ ) *a.* Extracted. ખેંચી કાઢેલું.
કૃષ્ણ, ( બ્લેક ) *a.* Black. શ્યામ. ( લોર્ડ કૃષ્ન ) *n.* Lord Krishna. ભગવાન કૃષ્ણ. [ અંધારિયું.
કૃષ્ણપક્ષ, *n.* Dark half of a month.
કૃષ્ણમંડળ, ( કોર્નીઆ ) *n.* Cornea. આંખની કીકીની આસપાસનો વર્તુલાકાર કાળો ભાગ. [ સંચળ.
કૃષ્ણલવણ, ( શોશલ સોલ્ટ ) *n.* Sochal salt.
કૃષ્ણસાર, ( બ્લેક એન્ટીલોપ ) *n.* Black antelope. કાળિયાર; મૃગ. [ દ્રૌપદી.
કૃષ્ણા, ( ઈન્ડીગો ) *n.* Indigo. ગળી. Draupadi.
કૃષ્ણાગર,–ગાર,–ગરૂ, ( બ્લેક સેન્ડલવુડ ) *n.* Black sandalwood. કાળું ચંદન.
કૃષ્ણી,(ડાર્ક નાઈટ)*n.* Dark night. કાળી–અંધારી રાત.
કૃસર, કૃશર, ( હોચપોચ ) *n.* Hotchpotch. ખીચડી.
કે, (ધેટ) *conj.* That. કે.(ઓર) *conj.* Or. યા; અથવા.
કેકર, ( સ્કવીંટ–આઈડ ) *a.* Squint-eyed. બાડું.
કેકા, –રવ, ( વોઈસ ઓફ પીકોક ) *n.* Voice of peacock. મોરનો અવાજ. [ ઘોંઘાટ.
કેકાણ, (હોર્સ) *n.* Horse. અશ્વ. (નોઈઝ) *n.* Noise.
કેકાવળ, કેકી, કેકીન, (પીકોક) *n.* Peacock. મોર.
કેટલું, *ad* & *a.* How much ? Of what size ? શા માપનું–પ્રમાણનું ? [પ્રમાણમાં.
કેટલુંક, –લાંક, ( સેવેરલ ) *ad.* Several. અમુક
કેડ, (વેઇસ્ટ) *n.* Waist. કમર. (પરસ્યુટ) *n.* Pursuit.
કેડી, ( ફુટપાથ) *n.* Footpath. પગથી. [ પૂંઠ; કેડો.

કેડીયું, ( જેકેટ ) *n.* Jacket. બંડી.
કેડે, ( બીહાઈન્ડ ) *ad.* Behind. પૂંઠે.
કેડો, ( ટ્રેક ) *n.* Track. રસ્તો. (પરસ્યુટ )*n.* Pursuit. પૂંઠ. ( એન્ડ ) *n.* End. અંત. [ કઈ તરફ ?
કેણી,–ગમ,–પા,–મગ, ( વ્હીધર ) *ad.* Whither.
કેતક, કેતકી, ( એ ફ્રેગરંટ શબ્ર ) *n.* A fragrant shrub. એક સુગંધીદાર ફુલઝાડ.
કેતન, ( સાઈન ) *n.* Sign. ચિહન. ( એબોડ ) *n.* Abode. નિવાસસ્થાન. (ફ્લેગ) *n.* Flag. ધજા. [ધજા.
કેતુ, ( પ્લેનેટ ) *n.* Planet. એક ગ્રહ.(ફ્લેગ )*n.* Flag.
કેદ, ( કનફાઈનમેન્ટ ) *n.* & *a.* Confinement. ફુરંગ
કેદખાનું, ( જેલ ) *n.* Jail. કારાગાર.
કેદી, ( પ્રીઝનર ) *n.* & *a.* Prisoner. બંદીવાન.
કેદાર, ( ફાર્મ ) *n.* Farm. ખેતર.
કેદારનાથ, (શીવ ) *n.* Shiva. શિવ ભગવાન.
કેદારો, ( એ ટયુન )*n.* A tune. એક રાગ.
કેફ, (ઇન્ટોક્ષીકેશન) *n.* Intoxication. ઘેન; નશો.
કેફિયત, (સ્ટેટમેન્ટ)*n.* Statement વિગતવાળી હકીકત.
કેફી, ( ઇન્ટોક્ષીકેટીંગ )*a.* Intoxicating. નશો ચઢે એવું.
કેમ, ( વ્હાય ) *ad.* Why. શા માટે ? ( હાઉ ) *ad.* How. કેવી રીતે ?
કેયુર, (આર્મલેટ ) *n.* Armlet. બાજુબંધ.
કેર, ( સ્લોટર ) *n.* Slaughter. મહાનાશ.
કેરખી, ( ગોલ્ડ-નેકલેસ )*n.* Gold-necklace. સોનાનો ગોળ ટીપકીઓવાળો હાર.

કેરબો, ( ડાન્સ ) *n.* Dance.નૃત્યનો એક પ્રકાર.(ટ્યુન) *n.* Tune. એક રાગ. ( એમ્બર ) *n.* Amber. સુગંધીદાર ગુંદર જેવો એક પદાર્થ.

કેરલ,–ળ, ( મલબાર) *n.* Malabar. મલબાર પ્રાંત.

કેરી, ( મેંગો ) *n.* Mango. આંબાનું ફળ. [ મોસમ.

કેરીઆળો, (મેંગો-સીઝન) *n.* Mango-season. કેરીની

કેરૂં, Suffix for the genitive case. છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય; નું. [ રતીક્રિડા.

કેલિ, કેલી, ( એમોરસ સ્પોર્ટ) )*n.* Amorous sport.

કેવડું, (હાઉ લાર્જ ) *ad.* How large ? કેટલું મોટું ?

કેવડો, ( ફ્રેગરંટ પ્લાન્ટ ) *n.* Fragrant plant. એક સુગંધીદાર છોડ–તેનો ડોડો.

કેવળ, ( પ્યોર ) *a.* Pure. શુદ્ધ. ( મીયર ) *a.* Mere. માત્ર. (ઓન્લી) *ad.* Only. ફક્ત. ( એબ્સોલ્યુટ ) *a.* Absolute. એકમાત્ર.

કેવળધામ, ( સાલ્વેશન ) *n.* Salvation. મુક્તિપદ.

કેવળપ્રયોગી અવ્યય, ( ઈંટરજેક્શન ) Interjection. કેવળ ઉદ્ગાર દર્શાવતો અવ્યય.

કેવળાદ્વૈત, –વાદ, *n.* Doctrine of absolute identity. જીવ અને બ્રહ્માના અદ્વૈતનો સિદ્ધાંત.

કેવારનું, (લોંગ સીન્સ)*ad.*Long since.ઘણા સમયથી.

કેવારે, ( એટ વ્હોટ ટાઇમ ) *ad.* At what time ? કયારે ? [ પ્રકારનું.

કેવું, –ક, ( ઓફ વ્હોટ સોર્ટ )*a.* Of what sort. કેવા

કેશ, ( હેર ) *n.* Hair. વાળ. [કેશનો જથો; અંબોડો.

કેશકલાપ, ( માસ ઓફ હેર ) *n.* Mass of hair.
કેશનલિકા,-વાહિની, ( કેપીલરી ટ્યુબ )*n.* Capillary tube. વાળ જેવી પાતળી રક્તવાહિની. [ ચોટલો.
કેશપાશ,-ભાર,(નોટ ઓફ હેર)*n.* Knot of hair. વેણી;
કેશવાળી, ( મેઇન ) *n.* Mane. સીંહ કે ઘોડાની ગરદન
કેશાળ, (પેપસ)*a.* Pappus. કેશવાળું. [ઉપરના કેશ;ચાળ.
કેશી, ( લાયન )*n.* Lion. સિંહ.(હોર્સ)*n.* Horse. ઘોડો.
કેસર, ( સેફ્રોન )*n.* Saffron. એક સુગંધીદાર વનસ્પતિ. (મેન)*n.* Mane. ચાળ. [ coloured. કેસરવર્ણું.
કેસરી, (લાયન)*n.* Lion. સિંહ.(સેફ્રન કલર્ડ)*a.* Saffron
કેસરિયાં, *n.* One last and desperate effort. મરણિયા થઈને લડવું તે. [ flowers. ખાખરાનાં ફુલ.
કેસુ,-ડાં,(સેફ્રન કલર્ડ ફ્લાવર્સ)*n.* Saffron coloured
કેહ, ( હુ ) *a.* Who ? કોણ ? [ આવે છે તે છોડ.
કેળ, (પ્લેન્ટેઈન ટ્રી ) *n.* Plantain tree. જેને કેળાં
કેળવણી, ( એજ્યુકેશન ) *n.* Education. શિક્ષણ. ( ટ્રેઈનીંગ ) *n.* Training. તાલીમ. [ ખાતું.
કેળવણીખાતું, *n.* Educational department. શિક્ષણ-
કેળવવું, ( એજ્યુકેટ ) *vt.* Educate. શિક્ષણ આપવું. ( ટ્રેન ) *vt.* Train. તાલીમ આપવી. (ટૅન )*vt.* Tan. ચામડું પકવીને નરમ ને સફાઇદાર બનાવવું.
કેળું, ( પ્લેનટેઈન ) *n.* Plantain. કેળનું ફળ.
કેંચી, ( સીઝર્સ ) *n.* Scissors. કાતર.
કેંદ્ર, ( સેન્ટર ) *n.* Centre. મધ્યબિંદુ.
કેંદ્રગામી,(સેન્ટ્રીપેટલ)*a.* Centripetal. કેંદ્ર તરફ જતું.

કેંદ્રત્યાગી, (સેન્ટ્રીફ્યુગલ) *a.* Centrifugal. કેંદ્રમાંથી વિખેરાતું. [ કરેલું.

કેંદ્રિત,(સેંટ્રાલાઈઝડ) *a.* Centralised. કેંદ્રમાં સ્થિત

કેંદ્રીકરણ, ( સેન્ટ્રલાઇઝેશન ) *n.* Centralisation. કેંદ્રમાં સ્થિત કરવું તે.

કૈકસ, ( ડેમન ) *n.* Demon. રાક્ષસ.

કૈતવ, ( ફ્રાડ ) *n.* Fraud. છળકપટ.

કૈરવ, ( વ્હાઈટ લોટસ )*n.* White lotus. સફેદ કમળ.

કૈરવી, ( મુન ) *n.* Moon. ચંદ્રમા.

કૈલાસ, ( એબોડ ઓફ શીવ ) *n.* Abode of Shiva. શીવનું રહેઠાણ; હિમાલયનું એક શીખર.

કૈલાસનાથ,-પતિ, ( શીવ ) *n.* Shiva. શીવ.

કૈલાસવાસ, ( ડેથ ) *n.* Death. મૃત્યુ.

કૈલાસવાસી, ( ડીસીઝડ )*a.* Deceased. સદ્ગત.

કૈવર્ત, ( ફીશરમેન ) *n.* Fisherman. માછીમાર.

કૈવલ્ય, ( સાલ્વેશન ) *n.* Salvation. મુક્તિ.

કૈશિક, ( હેર લાઈક ) *a.* Hair-like. કેશ જેવું-ઝીણું.

કો, ( સમ )*a.* Some. કોઈ. ( સાઉન્ડ અટર્ડ બાય ડવ) *n.* Sound uttered by dove. હોલાનો અવાજ.

કોઈ, ( એની ) *a.* Any. ગમે તે.

કોઇક,-એક, ( સમવન ) *a.* Someone. ગમે તે એક.

કોઈસમે,-કાળે, ( સમટાઈમ્સ ) *ad.* Sometimes. અમુક પ્રસંગે.

કોક, (સમવન)*a.* Someone. કોઈ. ( ડવ ) *n.* Dove. હોલો. (ફ્રોગ)*n.* Frog. દેડકો. (વુલ્ફ) *n.* Wolf. વરૂ.

કોકડી,-ડું, (હૅંક ઓફ થ્રેડ) *n.* Hank of thread. નાનું કોકડું; દોરડાની દડી.(ઈન્ટ્રીકેટ મેટર)*n.* Intricate matter. ગુંચવણભર્યો મામલો.

કોકનદ, ( લોટસ ) *n.* Lotus. કમળ.(ગોલ્ડ) *n.* Gold. સોનું. [ એક ખાટું ફળ.

કોકમ, ( ગાર્સીનીયા ઇંડિકા ) *n.* Garcinia indica.

કોકરવરણું,--વાયું,(ટીપીડ) *a.* Tepid. જરાતરા ઉનું.

કોકરવું, ( ચીટ ) *vt.* Cheat. છેતરવું. ( ઇયર ઓર્નામેન્ટ ) *n.*Ear ornament. કાનનું એક ઘરેણું. [શાસ્ત્ર.

કોકશાસ્ત્ર, *n.* Treatise on the art of love. કામ-

કોકા, (કીસ )*n.* Kiss. ચુંબન. (ડ્રેસ ) *n.* Dress.જામો.

કોકિલ, ( મેલ કકુ ) *n.* Male cuckoo.કોયલનો નર.

કોકિલા, ( કકુ )*n.* Cuckoo. કોયલ. [ એક રોગ.

કોગળિયું,(કોલેરા)*n.* Cholera. કોલેરા; ઝાડા-ઉલ્ટીનો

કોગળો, ( માઉથફુલ ઓફ લીકવીડ ) *n.* Mouthful of liquid. મોં ભરાય એટલું પ્રવાહી. [ સુખાસન.

કોચ, ( હાલ ) *n.* Hole. કાણું. ( સોફા ) *n.* Sofa.

કોચરૂં, (ફુલ ઓફ હોલ્સ)*n.* Full of holes.કાણાંવાળું.

કોચલું, કોટલું, ( શેલ ઓફ એ નટ ) *n.* Shell of a nut. કઠણ છોડું.

કોચવવું, ( ડીસ્પ્લીઝ )*vt.* Displease. દુભવવું. [ પાડવું.

કોચવું,(મેક એ હોલ )*vt.* Make a hole.શારવું; કાણું

કોચું, ( રોટન ) *a.* Rotten. સડી ગયેલું.

કોટ, ( ફોર્ટ ) *n.* Fort. કિલ્લો. ( કોટ ) *n.* Coat. ડગલો. ( નેક ) *n.* Neck. ડોક. [ ડગલો.

કોટડી, ( રૂમ ) *n.* Room. ઓરડી.
કોટડું, ( વોલ ) *n.* Wall. દીવાલ.
કોટવાલ, ( પોલીસ મેજીસ્ટ્રેટ ) *n.* Police-magistrate. શહેરનો બંદોબસ્ત રાખનાર અમલદાર.
કોટિ, કોટી, ( ટેન મીલીયન્સ ) *a.* & *n.* Ten millions. કરોડ. ( એમ્બ્રેસ ) *n.* Embrace. આલિંગન. (ક્લાસ) *n.* Class. પ્રકાર. ( પીચ ) *n.* Pitch. અંતિમતા.
કોટિક, ( ઈનન્યુમરેબલ ) *a.* Innumerable. અગણિત.
કોટિકોણ, ( કોમ્પલીમેન્ટરી એંન્ગલ ) *n.* Complimentary angle. કાટખૂણો બનાવનાર પૂર્તિરૂપ ખૂણો.
કોડું, ( ઈંટરીગ ) *n.* Intrigue. છળકપટનો પેંતરો.
કોઠાર, ( સ્ટોર હાઉસ ) *n.* Store-house. ભંડાર; વખાર.
કોઠારી, ( સ્ટોરકીપર ) *n.* Store-keeper. ભંડારી.
કોઠાવિરામ, ( ટેમ્પરામેન્ટ ) *n.* Temperament. શરીરની પ્રકૃતિની ભિન્નતા.
કોઠી, ( અર્થન જાર ) *n.* Earthen jar. માટીનો ઉંચો નળો. ( ગોડાઉન ) *n.* Godown. વખાર. Residential police station. થાણું. Wood apple tree. કોઠાંનું ઝાડ.
કોઠું, ( નેસ્ટ ) *n.* Nest. પક્ષીનો માળો. ( વુડ એપલ ) *n.* Wood apple. એક ફળ; કોઠ. ( ફેસ ) *n.* Face. ચહેરો. ( ઈંટરીગ ) *n.* Intrigue. પ્રપંચનો પેંતરો.
કોઠો, ( સ્ટમક ) *n.* Stomach. પેટ. ( ટેબલ ) *n.* Table. કોષ્ટક. (મ્યુનીસીપલ ઓફીસ ) *n.* Municipal office. સુધરાઈની મુખ્ય કચેરી. Warehouse. *n.* વખાર.
કોડ, ( લોંગીંગ ) *n.* Longing. અંતરની ઉમેદ.

કોડાણુ, ( કલીફ ) *n.* Cliff. કરાડ.
કોડામણું, ( ફોપીશ ) *a.* Foppish. વરણાગીયું.
( આર્ડન્ટ ) *a.* Ardent. કોડીલું.
કોડિયું, ( અર્થન કપ ) *n.* Earthen cup. દિવો કરવાનું માટીનું નાનું શકોરૂં. [ Twenty. વીસની સંખ્યા.
કોડી, ( સી શેલ ) *n.* Sea-shell. શંખલી. ( ટવેન્ટી) *n.*
કોડું, ( રૂડ ) *a.* Rude. અસભ્ય.
કોઢ, ( લેપ્રોસી ) *n.* Leprosy. ચામડીનો એક રોગ.
(સ્ટેબલ) *n.* Stable. ગમાણ; ઢોર બાંધવાની જગા.
કોઢિયું, ( લેપ્રસ ) *a.* Leprous. કોઢવાળું.
કોણ, ( હુ ) *a.* Who ? કયું ? ( એંગલ ) *n.* Angle. ખૂણો. ( કોર્નર ) *n.* Corner. ખૂણો.
કોણમાત્ર, ( ઇનસીગ્નીફીકંટ ) *a.* Insignificant. જેનો કશો હિસાબ નથી એવું. [ ખૂણા માપનારૂં યંત્ર.
કોણમાપક, (ગોનીયોમીટર ) *a.* & *n.* Goniometer.
કોણી, ( એલ્બો ) *n.* Elbow. ખભા નીચેનો હાથનો સાંધો.
(એંગ્યુલર ) *a.* Angular. ખૂણાવાળું.
કોતક, ( વંડર ) *n.* Wonder. આશ્ચર્યજનક વસ્તુ.
કોતર, ( કેવ ) *n* Cave. ઉંડી બખોલ.
કોતરકામ, ( એન્ગ્રેવીંગ ) *n.* Engraving. નકશીકામ.
કોતરણી, કોરણી, ( સ્કલ્પચર ) *n.* Sculpture. કોતરકામ.
કોતરવું, ( એનગ્રેવ ) *vt.* Engrave. આછું આછું ખોદવું.
કોતાઇ, ( ઈનસફીશ્યંસી ) *n.* Insufficiency. અપૂર્ણતા.
કોથ, ( ગેંગ્રીન ) *n.* Gangrene. જીવતા પ્રાણીના માંસનું

કોથમી,-રૂ,(કોરીએન્ડર પ્લેન્ટ)*n.* Coriander plant.
કોથળી, (પર્સ) *n.* Purse. થેલી. Covering of the
કોથળો, ( બેગ ) *n.* Bag. થેલો.[testicles. અંડકોષ.
કોદરા,-રી, (કોર્ન) *n.* Corn. એક ધાન્ય.
કોદંડ, ( બાઉ ) *n.* Bow. ધનુષ્ય.
કોદાળ, ( ડલ ) *a.* Dull. મંદ બુદ્ધિનું.
કોદાળી, ( સ્પેડ ) *n.* Spade. ખોદવાનું એક ઓજાર.
કોનરૂળ, ( યામ ) *n.* Yam. રતાળુ. (સ્વીટ પોટેટો) *n.* Sweet potato. શકરીયું.
કોનું, ( હુઝ ) *prn.* Whose. કોઇનું.
કોપ, ( એંગર ) *n.* Anger. ક્રોધ.
કોપરિયું, ( એંગ્યુલર ) *a.* Angular. ખૂણાવાળું. ( એલ્બો )*n.* Elbow. કોણી. [ cocoanut. ટોપરૂં.
કોપરૂં, (કરનેલ ઓફ એ કોકોનટ) *n.* Kernel of a
કોપરેલ, (કોકોનટ ઓઇલ ) *n.* Cocoanut oil. કોપરાનું તેલ.
કોપવું, ( બી એંગ્રી ) *vt.* Be angry. ગુસ્સે થવું.
કોપાયમાન, કોપિત,(એંગ્રી )*a.*Angry. ગુસ્સે થયેલું.
કોપીન, કૌપીન, *n.* A cloth worn over private
કોબર,(વેલી)*n.* Valley. ખીણ. [parts. લંગોટી.
કોબી,-જ, ( વેજીટેબલ )*n.*Vegetable.એક શાકભાજી.
કોમ, ( ટ્રાઇબ ) *n.* Tribe. એક જ નામથી ઓળખાતો
કોમી,(ટ્રાઇબલ)*a.* Tribal. કોમનું. [ લોકસમુહ.
કોમીવાદ, ( કોમ્યુનાલીઝમ ) *n.* Communalism.

કેવળ કામનાજ હિતની દૃષ્ટિનો મત. [ મુલાયમ.
કોમળ, (સોફ્ટ)*a*. Soft. કુમળું. (ટેન્ડર) *n*. Tender.
કોમળાસ્થિ, ( કાર્ટીલેજ) *n*. Cartilage. કુમળું હાડકું.
કોમળાંગી, ( ડેલીકેટ વુમન ) *n*. Delicate woman. નાજુક સ્ત્રી.
કોયડો, ( પઝલ ) *n*. Puzzle. ઉખાણું; સમસ્યા.
કોયલ, (કકુ ) *n*. Cuckoo. કોકિલા.
કોર, (બોર્ડર )*n*. Border. કિનાર. (એજ) *n*. Edge. ધાર.
કોરચું, (શેમલેસ ) *a*. Shameless. બેશરમ.
કોરટ, ( કોર્ટ ) *n*. Court. અદાલત.
કોરડું, કોરાડું, કોરાણ, કોરવાણ, (ડ્રાય) *a*. Dry. કોરું.
કોરડો, ( લેશ )*a*. Lash. સાટકો.
કોરણ, (સાયકલોન)*n*. Cyclone. આંધી. ( સાઈડ )*n*. Side. બાજુ. ( એજ ) *n*. Edge. ધાર.
કોરમું, ( કોર્સલી ગ્રાઉન્ડ પલ્સ) *n*. Coarsely ground pulse. દાળનો ભુકો-ચુરો. [ વીંધવું.
કોરવું, (બોર એ હોલ )*vt*. Bore a hole. કાણું પાડવું;
કોરંગ, ( ડીયર ) *n*. Deer. હરણ.
કોરંગની, ( શી ડીયર ) *n*. She-deer. હરણી.
કોરી, ( કોઇન ) *n*. Coin. કચ્છી રૂપાનાણું. [ નવું.
કોરું, (ડ્રાય) *a*. Dry. ભીનું નહિ એવું. ( ન્યુ) *a*. New.
કોરુંમોરું, ( કવાઈટ ન્યુ ) *a*. Quite new. તદ્દન નવું.
કોરે, ( એસાઇડ) *ad*. Aside. બાજુએ. [Fox. શિયાળ.
કૉલ, (પ્રોમીસ)*n*. Promise. વચન; કબુલાત. ( ફોક્ષ) *n*.
કૉલકરાર, ( એગ્રીમેન્ટ ) *n*. Agreement. સંધિપત્ર.

કૉલટાર, *n.* Coal-tar. ડામર.
કૉલમ, ( કાઈન્ડ ઓફ રાઇસ ) *n.* Kind of rice. ચોખાની એક જાત. (પેરેગ્રાફ )*n.*Paragraph. કંડિકા. ( ડીવીઝન ) *n.* Division. વિભાગ.
કોલસો, કોયલો,( કોલ)*n.* Coal.એક પ્રકારનું બળતણ.
કોલાહલ, ( અપરોર )*n.* Uproar. ઘોંઘાટ; ધાંધલ.
કોલું, *n.* Sugar extracting machine. શેરડીનો રસ કાઢવાનું યંત્ર. ( ફોક્ષ ) *n.* Fox. શિયાળ.
કોલેરા, *n.* Cholera. કોગળીયું.
કોવડામણ, ( રોટ ) *n.* Rot. રોટ.
કોવાવું, કોહવું, ( રોટ ) *vt.* Rot. સડી જવું.
કોવિદ, (લર્નેડ પરસન) *n.* Learned person. પંડિત.
કોશ, કોષ, (ટ્રેઝરી) *n.* Treasury. ખજાનો. (ડીક્ષનરી) *n.* Dictionary. શબ્દકોશ. (સ્કેબાર્ડ) *n.* Scabbard. મ્યાન. [ કાર.
કોષકાર, ( લેક્ષીકોગ્રાફર)*n.*Lexicographer.શબ્દકોશ-
કોશર,-કોશિર, ( ફ્રુજેલીટી ) *n.* Frugality.કરકસર.
કોશમંત્રી,કોષાગાર,કોષાધ્યક્ષ,(ટ્રેઝરર)*n.*Treasurer. [ ખજાનચી.
કોશરિયું, ( ફ્રુગલ ) *a.* Frugal. કંજુસ.
કોશિશ,(એફર્ટ)*n.* Effort. પ્રયત્ન.
કોશેટો, ( સીલ્કવર્મ) *n.* Silk-worm. રેશમનો કિડો.
કોષ્ટક, ( ટેબલ )*n.* Table. કોઠો. [અનાજભંડાર.
કોષ્ઠ, ( બેલી ) *n.* Belly. પેટ. (ગ્રેનરી)*n.* Granary.
કોસ, ( મેઝર ઓફ લેંગ્થ ) *n.* Measure of length. અંતરનું માપ. Leather bag used in drawing

water from well. પાણી ખેંચવાનો કોશ.

કોહ, -વારો, (રોટ) *n.* Rot. સડો.

કોહિનૂર, (બ્રીલીયંટ ડાયમન્ડ) *n.* Brilliant diamond. કોહિનૂરનો હિરો. Mountain of light. તેજનો પર્વત.

કોહેલુ, કોહ્યું, (રોટન) *a.* Rotten. સડેલું.

કોળ, (બીગરેટ) *n.* Big rat. મોટો ઉંદર.

કોળવાઈ, (ટ્રેપ ફોર રેટસ) *n.* Trap for rats. ઉંદરીયું.

કૉળીયો, (માઉથફુલ) *n.* Mouthful. મોંમાં એકવાર લેવાય એટલો ગ્રાસ.

કોળું, (ગુર્ડ) *n.* Gourd. કુષ્માંડ; એક શાક.

કોંઠાઇ, (પ્રાઈડ) *n.* Pride. અભિમાન.

કોંટિયું, (બ્લન્ટ) *a.* Blunt. ઠૂંઠું.

કૌટુંબિક, (ઓફ ફેમીલી) *a.* Of family. કુટુંબને લગતું.

કૌતુક, કૌતક, (વન્ડર) *n.* Wonder. આશ્ચર્ય. (કયુરીયોસીટી) *n.* Curiosity. જીજ્ઞાસા.

કૌતુહલ, કૌતુહૂલ,—જુઓ કુતુહલ.

કૌભાંડ, (ફોલ્સ ક્લેઈમ) *n.* False claim. કાવતરૂં.

કૌમાર, કૌમાર્ય, (વર્જીનીટી) *n.* Virginity. કુંવારાપણું.

કૌમુદી, (મુનલાઇટ) *n.* Moon-light. ચાંદની.

કૌવચ, (કાઉ-ઈચ) *n.* Cow-itch. એક વનસ્પતિ.

કૌવત, (સ્ટ્રેંગ્થ) *n.* Strength. શક્તિ.

કૌવો, (ક્રો) *n.* Crow. કાગડો. [પ્રાવણુતા.

કૌશલ, -લ્ય, (સ્કીલફુલનેસ) *n.* Skillfullness.

કૌસ્તુભ, (ડાયમંડ) *n.* Diamond. રત્ન.
કૌંસ,( બ્રેકેટ) *n.* Bracket.લખાણમાં વપરાતું ( ) [ આવું ચિહ્‌ન.
કયમ, ( વ્હાય ). *ad.* Why. કેમ.
કયામત, ( ડે ઑફ જજમેન્ટ)*n.* Day of judgement. ઈશ્વર આગળ ઈન્સાફનો દિવસ.
કયારડો, કયારો, *n.* Plot of ground to fill water in. પાળ બાંધેલું ખેતર.
કયારે, ( વ્હેન ) *ad.* When કયે વખતે ?
કયારેક, ( સમટાઈમ્સ )*ad.* Sometimes. કોઈક વખતે.
કયાસ, (ગેસ) *n.* Guess. અટકળ. ( એસ્ટીમેટ ) *n.* Estimate. આંકણી.
કયાં, ( વ્હેર ) *ad.* Where. કયે સ્થળે ?
ક્રમ, ( ઑર્ડર )*n.*Order. શ્રેણી. (કસ્ટમ)*n.* Custom. રિવાજ. ( કોર્સ ) *n.* Course. માર્ગ.
ક્રમણ, ( પ્રોગ્રેસ ) *n.* Progress. આગળ વધવું તે. (એકટ ઑફ ગોઇંગ ) *n.* Act of going. જવું તે.
ક્રમભંગ, ( ઈરેગ્યુલારીટી ) *n.* Irregularity. નિયમનો ભંગ.
ક્રમબદ્ધ,ક્રમવાર,ક્રમશઃ,ક્રમાનુસાર, (ઈન ડયુ ઑર્ડર) *ad.* In due order અનુક્રમ પ્રમાણે.
ક્રમાગત, ક્રમિક, ( હેરીડેટરી ) *a.* Hereditary. વંશપરંપરાનુગત.
ક્રય, (પરચેઝ)*n.*Purchase. ખરીદી.
ક્રંદન, ( વીપીંગ ) *n* Weeping. રૂદન.
ક્રાંત, ( ગોન ) *a.* Gone. વિતેલું.
ક્રાંતિ, ( રેવોલ્યુશન ) *n.*Revolution. પરિવર્તન.(એકટ

ઓફ ગોઈંગ ) *n.* Act of going. એક સ્થાનેથી બીજે સ્થાને જવું તે. [ પરિવર્તન કરનારૂં.

ક્રાંતિકર,-કારક, ( રેવોલ્યુશનરી) *a.* Revolutionary.

ક્રાંતિવૃત, (એકલીપ્ટીક) *n.* Ecliptic. સૂર્યમાર્ગ.

ક્રિયમાણ, (અંડર'ઓપરેશન)*a.* Under operation. બનતું. (સેરીમની) *n.* Ceremony. વિધિ.

ક્રિયા, ( ડીડ ) *n.* Deed. કાર્ય; કર્મ, ( સેરીમની ) *n.* Ceremony. વિધિ. (પ્રેકટીસ )*n.* Practice.અમલ.

ક્રિયાત્મક, ( એક્ષપેરીમેન્ટલ ) *a.* Experimental. પ્રયોગાત્મક. ( પ્રેકટીકલ ) *a.* Practical.અમલી.

ક્રિયાનાથ, ( ગ્રામેટીકલ ટર્મ ) *n.* Grammatical term. વ્યાકરણની એક સંજ્ઞા.

ક્રિયાપદ, (વર્બ )*n.* Verb ક્રિયા બતાવનારૂં પદ.

ક્રિયાવાચક,(એકસ્પ્રેસીંગ એન એકશન )*a.*Expressing an action. જેનાથી ક્રિયાનો બોધ થાય એવું.

ક્રિયાવિશેષણઅવ્યય, ( એડવર્બ ) *n.* Adverb. ક્રિયાપદના વિશેષણ તરીકે વપરાતો શબ્દ.

ક્રિયાશકિત, (એનર્જી)*n.* Energy. કાર્ય કરવાની શક્તિ.

ક્રિયાશીલ, ( એકટીવ) *a.*Active. કાંઈ કર્યા કરવાના સ્વભાવવાળું.

ક્રિયાશ્રય, ( સબજેકટ ) *n.* Subject. કર્તા.

ક્રિડન, ક્રીડા, ( સ્પોર્ટ ) *n.* Sport. ખેલવું તે.

ક્રિડાભૂમિ, ક્રિડાંગણ, (રીક્રીએશન ગ્રાઉન્ડ)*n.* Recreation ground. રમતગમતનું સ્થળ.

ક્રોધિત, ક્રુદ્ધ,( એંગ્રી ) *a.* Angry. ક્રોધે ભરાયલું.

ક્રૂર, ( ક્રુઅલ ) *a.* Cruel. નિર્દય.
ક્રૂરતા, ( ક્રુઅલ્ટી) *n.* Cruelty. નિર્દયતા.
ક્રોડ, ( ટેન માલીયન્સ )*a.* Ten millions. સો લાખ.
ક્રોડવસા, ( પોઝીટીવલી ) *ad.* Positively. જરૂર.
ક્રોધ, ( એંગર ) *n.* Anger. ગુસ્સો.
ક્રોધાયમાન, ( એંગ્રી )*a.* Angry. ક્રોધે ભરાયલું.
ક્રોધિષ્ઠ, ક્રોધી, ( હોટ ટેમ્પર્ડ ) *a.* Hot tempered. તામસી.
ક્રોશ, ( માઈલ એન્ડ એ હાફ ) *n.* Mile and a half. દોઢ માઈલનું અંતર.
ક્રૌંચ, ( હેરોન ) *n.* Heron. એક પક્ષી; બગલું.
ક્લાંત, (ટાયર્ડ)*a.* Tired. થાકેલું.
ક્લાંતિ, ( ફેટીગ )*n.* Fatigue. થાક.
ક્લિષ્ટ, ( એફ્લીક્ટેડ ) *a.* Afflicted. પીડિત. ( ફાર ફેચ્ડ ) *a.* Far-fetched. સુગમ નહિ એવું.
ક્લેદ, ( વેટનેસ ) *a.* Wetness. ભેજ. ( ડીસ્ટ્રેસ ) *n.* Distress. દુઃખ.
ક્લેશ, (ડીસ્ટ્રેસ)*n.* Distress. પીડા; દુઃખ.(ક્વોરલ) *n.* Quarrel. કજીયો.
ક્લેશી, ( ક્વોરલસમ ) *a.* Quarrelsome. કંકાસિયું.
ક્વચીત, (સેલ્ડમ) *ad.* Seldom. કદાપિ.
ક્વાથ, ( ડીકોકશન) *n.* Decoction. ઉકાળો.
ક્ષણ, ( મોમેન્ટ ) *n.* Moment. પળ. ( ચાન્સ ) *n.* Chance. તક.
ક્ષણજીવી,-ભંગુર,ક્ષણિક, (ટેમ્પરરી)*a.* Temporary. અસ્થાયી.
ક્ષણબુદ્ધિ, ( ફીકલ માઇન્ડેડ) *a.* Fickle minded. ચલિત બુદ્ધિવાળું.

ક્ષણમાત્ર, -ભર, (ફૉર એ મોમેન્ટ) *ad.* For a moment. પળવાર.

ક્ષણું, (મોમેન્ટ) *n.* Moment. ક્ષણ. [ ઘા.

ક્ષત, (હર્ટ)*a.* Hurt.ઇજા પામેલું. (વુન્ડ)*n.* Wound.

ક્ષતિ, (લોસ)*n.* Loss.નુકશાન. (વુન્ડ)*n.* Wound. ઘા.

ક્ષત્ર,ક્ષત્રિ,ક્ષત્રિય,*n.* Member of a military race. લડાયક કોમનો માનવી; રાજપુત. [પડતી ક્ષત્રિયતા.

ક્ષત્રવટ,ક્ષત્રપ્રકોપ,(મીલીટારીઝમ)*n.* Militarism.વધારે

ક્ષપા, (નાઈટ) *n.* Night. રાત્રી.

ક્ષપાનાથ, (મુન) *n.* Moon. ચંદ્રમા.

ક્ષપિત, (રૂઈન્ડ) *a.* Ruined. નાશ પામેલું.

ક્ષમ, (એન્ડુયોરીંગ) *a.* Enduring. સહન કરી શકે એવું. (એબલ) *a.* Able. શક્તિમાન. (પ્રોપર) *a.* Proper. યોગ્ય. (પેશન્ટ) *a.* Patient. ધીર.

ક્ષમતા, (પેશન્સ) *n.* Patience. ધીરજ.

ક્ષમવું, (પાર્ડન) *vt.* Pardon. ક્ષમા આપવી. (એન્ડયોર)*vt.* Endure. ખમી લેવું. [ પૃથ્વી.

ક્ષમા, (પાર્ડન) *n.*Pardon.માફી. (અર્થ)*n.* Earth.

ક્ષમાપાત્ર, ક્ષમ્ય, (પાર્ડનેબલ) *a.* Pardonable. ક્ષમાને યોગ્ય. [ ક્ષમાવાળું.

ક્ષમાવંત,-વાન,-શીલ, (ફરગીવીંગ) *a.* Forgiving.

ક્ષય, (વેસ્ટ) *n.* Waste. ઘટાડો. (રૂઈન) *n.* Ruin. નાશ. (થીસીસ)*n.* Pthisis. ક્ષયરોગ.

ક્ષયગ્રંથી, (ટ્યુબરકલ)*n.* Tubercle. ક્ષયની ગાંઠ.

ક્ષયી, (ડીકેઈંગ) *a.* Decaying. ઘટતું.

ક્ષર, ( પેરીશેબલ ) *a.* Perishable. નાશ પામે એવું.
ક્ષરવું, ( પેરીશ ) *vt.* Perish. નાશ થવો.
ક્ષંતવ્ય, ( પાર્ડનેબલ ) *a.* Pardonable. ક્ષમ્ય.
ક્ષાત્ર, ( ઓફ ક્ષત્રિય ) *a.* & *n.* Of Khashtriya. [ક્ષત્રિયને લગતું.
ક્ષાર, ( સોલ્ટ ) *n.* & *a.* Salt. ખાર.
ક્ષારગુણી, ( આલ્કેલીન ) *a.* Alkaline. ખારના ગુણ ધરાવતું. [ખારોપાટ.
ક્ષારભૂમી, ( સેલીન અર્થ ) *n.* Saline earth.
ક્ષાલન, ( વોશીંગ ) *a.* Washing. ધોવું તે.
ક્ષાંત, ( પેશન્ટ ) *a.* Patient. ધીરજવાળું.
ક્ષાંતિ, ( પેશન્સ ) *n.* Patience. ધીરજ.
ક્ષિતિ, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી.
ક્ષિતિજ, ( હોરીઝન ) *n.* Horizon. પૃથ્વીને આકાશ જ્યાં મળતાં દેખાય છે તે રેખા; દૃષ્ટિમર્યાદા.
ક્ષિતિસમાંતર, ( હોરીઝોન્ટલ ) *a.* Horizontal. સપાટ.
ક્ષિપ્ત, ( એબન્ડન્ડ ) *a.* Abandoned. તજી દીધેલું.
ક્ષીણ, ( ઇમેસીએટેડ ) *a.* Emaciated. ઘસાઇ ગયેલું. ( વીક ) *a.* Weak. નબળું.
ક્ષીર, ( મીલ્ક ) *n.* Milk. દૂધ. ( વોટર ) *n.* Water. પાણી. A preparation of milk, rice and sugar. ખીર. [મહત્વનું; નજીવું.
ક્ષુદ્ર, ( અનઈમ્પોર્ટન્ટ ) *a.* Unimportant. બીન-
ક્ષુધા, ( હંગર ) *n.* Hunger. ભૂખ.
ક્ષુધાતુર,-ર્ત, ( હંગ્રી ) *n.* Hungry. ભૂખ્યું.
ક્ષુબ્ધ, ( એજીટેટેડ ) *a.* Agitated. આકુળવ્યાકુળ.

ક્ષુભિત, ( અફ્રેઈડ ) *a.* Afraid. ડરેલું. [ ખરી.
ક્ષુર,ક્ષૌરી, ( રેઝર ) *n.* Razor.અસ્રો. (હુફ)*n.* Hoof.
ક્ષુલ્લક, ( ટ્રાઈફ્લીંગ) *a.* Trifling. નજીવું.
ક્ષેત્ર, ( ફીલ્ડ ) *n.* Field. ખેતર. ( પ્લેસ ) *n.* Place. સ્થાન. (સ્ફીઅર ઓફ એક્શન)*n.*Sphere of action. કાર્યનો અવકાશ.
ક્ષેત્રજ્ઞ, ( સોલ ) *n.* Soul. આત્મા. ( લીબરટાઈન )*n.* Libertine. સ્વચ્છંદી. ( ફાર્મર )*n.* Farmer. ખેડૂત. ( વાઈઝ ) *a.* Wise. ડાહ્યું; જ્ઞાની. [ રાજા.
ક્ષેત્રપાલ,(ફાર્મર )*n.*Farmer. ખેડુત.(કીંગ)*n.* King.
ક્ષેત્રફળ, ( એરીયા ) *n.* Area. જમીનની લંબાઈ-પહોળાઈનું માપ. [ સમતલભમિતિ.
ક્ષેત્રભૂમિતિ, (પ્લેઈન જ્યોમેટ્રી )*n.*Plain geometry.
ક્ષેત્રિય, ક્ષેત્રી, ( એગ્રોકલ્ચરીસ્ટ ) *n.* Agriculturist. ખેડૂત. ( સોલ ) *n.* Soul. આત્મા. ( હઝબંડ ) *n.* Husband. પતિ.
ક્ષેપક, ( ઈંટરપોલેટેડ)*a.*& *n.* Interpolated.ઘુસાડેલું.
ક્ષેમ, ( વેલ્ફેર )*n.* & *a.* Welfare. કલ્યાણ; આરોગ્ય.
ક્ષેમવૃત્તિ, ( કોન્ઝરવેટીઝમ )*n.* Conservatism. ક્ષેમ સાચવવા તરફ ઢળતી વત્તિ.
ક્ષોણી, ( અર્થ ) *n.* Earth.પૃથ્વિ.
ક્ષોભ, ( એજીટેશન) *n.* Agitation.મનનો ગભરાટ.
ક્ષોભિત, ( અશેમ્ડ ) *a.* Ashamed. ક્ષોભ પામેલું.
ક્ષૌર,-કર્મ, ( શેવીંગ ) *n.* Shaving. હજામત.
ક્ષૌરિક, ક્ષુરી, (બાર્બર) *n.* Barber. હજામ.

ક્ષ્મા ( અર્થ ) *n.* Earth. પૃથ્વી.
ક્ષ્માનાથ, ( કીંગ ) *n.* King. રાજા.

---

## ખ

ખ, *n.* The second letter of the Gujarati consonants, of the guttural class. કંઠસ્થાની બીજો વ્યંજન. (સન) *n.* Sun. સૂર્ય. ( સ્કાય ) *n.* Sky. આકાશ.
ખઇ,(થીસીસ)*n.*Pthisis.ક્ષયરોગ.(ડીચ)*n.*Ditch.ખાઈ.
ખખ, ( એન્શન્ટ ) *a.* Ancient. જીર્ણ; પ્રાચિન.
ખખડધજ, ( સ્ટ્રોંગ) *a.* Strong. મજબુત બાંધાનું.
ખખડવું,ખડખડવું, ( રેટલ ) *vt.* Rattle. ખડખડ એવો અવાજ થવો. [ noise. ખડખડ અવાજ.
ખખડાટ, ખડખડાટ, ( રેટલીંગ નોઇઝ ) *n.* Rattling
ખખડાવવું, ( સ્કોલ્ડ ) *vt.* Scold. ધમકાવવું.
ખખરવખર, ( લુઝલી )*ad.* Loosely.દોદળું હોય એવું.
ખખરવું, ખરખરવું, ( બીમોન ) *vt.* Bemoan. શોક કરવો. [ અવાજ ઓખરો લાગે છે તે.
ખખરી, ( હોર્સનેસ ) *n.* Hoarseness. જેનાથી
ખખરો, ખરખરો, ( કોન્ડોલન્સ ) *n.* Condolence. દીલાસો. [ ખબ ઊનું.
ખખળતું,ખળખળતું, ( વેરી હોટ ) *a.* Very hot.
ખખળવું, ખળખળવું, ( બોઇલ ) *vt.* Boil. ઉકળવું.

Be very weak. નબળું થવું. [ તારો.
ખગ, ( બર્ડ ) n. Bird. પક્ષી. ( સ્ટાર ) n. Star.
ખગપતિ,ખગાધિપ,ખગેન્દ્ર, ( ઇગલ ) n. Eagle.
ગરૂડ, (સ્વાન) n. Swan. હંસ.
ખગાકાર, ( બ્યુટીફુલ ) a. Beautiful. સુંદર.
ખગોલ, -ળ, (ગ્લોબ ) n. Globe. ગગનમંડળ.
ખગોળવિદ્યા,-શાસ્ત્ર, (એસ્ટ્રોનોમી )n. Astronomy.
ગ્રહ, નક્ષત્ર ઈ. નું શાસ્ત્ર.
ખગોળવેત્તા,-શાસ્ત્રી, (એટ્રોનોમર)n. Astronomer.
ખગોળવિદ્યાનો જાણકાર. [ ગ્રહણ.
ખગ્રાસ, (ટોટલ એકલીપ્સ ) n. Total eclipse. પૂર્ણ-
ખચકાવું, (સ્રીંક બેક)vt. Shrink back. પાછા પડવું.
ખચકો, ( હીન્ડ્રન્સ )n. Hindrance. અંતરાય.(ડીચ)
n. Ditch. ખાડો. [ ( જુવાનનું ).
ખચરૂં,(ઓલ્ડ)a. Old.જીર્ણ. ( ડેથ )n. Death. મૃત્યુ
ખચાખચ,ખચોખચ, ( ક્લોઝલી ) ad. Closely.
ખચિત,(સેટ)a. Set. જડેલું. [ ખીચોખીચ.
ખચીત, ( સર્ટનલી ) ad. Certainly. જરૂર.
ખચ્ચર, ( મ્યુલ ) n. Mule. ઘોડો અને ગધેડું એ
બન્નેની મિશ્ર જાતિનું પ્રાણી.
ખજવાળ, ખંજવાળ, ( ઇચી સેન્સેશન ). n. Itchy
sensation. વલૂરવાની ઇચ્છા.
ખજવાળવું,ખંજવાળવું, (ઇચ) vt. Itch. વલૂરવું.
ખજાનચી, ( ટ્રેઝરર ) n. Treasurer. કોષાધ્યક્ષ.
ખજાનો,ખજીનો, ( ટ્રેઝર ) n.Treasure. કોષ; ભંડાર.

ખજૂર, ( ડેટ ફ્રુટ ) *n.* Date fruit. એક ફળ.
ખજૂરી, (ડેટ ટ્રી)*n.* Date tree. ખજૂરનું ઝાડ. ( ઈચ ) *n.* Itch. ખંજવાળ. [ બદમાશ.
ખટ, ( સીક્ષ ) *a.* & *n.* Six. છ. (રોગ ) *n.* Rogue.
ખટક, ખટકો, ( એંક્ષાયટી ) *n.* Anxiety. ચાનક.
ખટકવું, ( બી પ્રીકડ ) *vt.* Be pricked. ખૂંચવું.
ખટખટ, ( ડીસ્ટર્બન્સ ) *n.* Disturbance. અંતરાય. નડતર.
ખટખટારો, ( બોધરેશન )*n.*Botheration. માથાઝીક.
ખટપટ, ( ઈંટ્રીકસી )*n.*Intricacy. પ્રાપંચિક ગોઠવણ.
ખટપટિયું,-રાગી, ( ડીપ્લોમેટીક) *a.* Diplomatic.
ખટપદ, ( વાસ્પ ) *n.* Wasp. ભમરો. [કારસ્તાની.
ખટબાકી, ( બેડડેક ) *n.* Bad debt. વસુલ ન થઈ શકે તેવું લેણું.
ખટમધુર,ખટમીઠું,ખટુંબડું, *a.* Having a sour and sweetish taste. ખાટામીઠા સ્વાદવાળું.
ખટમલ, ( બગ ) *n.* Bug. માંકડ. [ અણબનાવ.
ખટરાગ, ( ડીસએગ્રીમેન્ટ ) *n.* Disagreement.
ખટલો, ( રીટીન્યુ ) *n.* Retinue. રસાલો. ( ફેમીલી ) *n.* Family. કુટુંબ. ( સ્યુટ ) *n.* Suit. મુકર્દમો. ( હાઉસહોલ્ડ ફર્નીચર)*n.*Household furniture. ઘરવખરી. [ Help to earn. ખટાવવું.
ખટવવું, ( મેક સાવર ) *vt.* Make sour. ખાટું કરવું.
ખટાઈ,ખટાશ, (એસીડીટી ) *n.* Acidity. ખાટાપણું.
ખટાખટ, ખટાપટી, ( ડીસ્કોર્ડ )*n.* Discord. કજિયો.

**ખટાટોપ**, ( વેનીટી ) *n.* Vanity. આડંબર.
**ખટારો**, ( કાર્ટ ) *n.* Cart. ગાડું. ( મોટર લોરી ) *n.* Motor lorry. ભાર ભરવાની મોટર.
**ખટાવવું**, ( બેનીફીટ ) *vt.* Benefit. લાભ આપવો.
**ખટાવું**, ( બીકમ સાવર ) *vt.* Become sour. ખાટું થવું.
**ખડ**, ( ગ્રાસ ) *n.* Grass. ઘાસ.
**ખડક**, ( રોક ) *n.* Rock. ટેકરો.
**ખડકલો, ખડકો**, ( માસ ) *n.* Mass. ઢગલો.
**ખડકવું**, ( એમાસ ) *vt.* Amass. સીંચવું.
**ખડકી**, *n.* Front part of the house. ડેલી.
**ખડગ**, ( સ્વોર્ડ ) *n.* Sword. તલ્વાર.
**ખડણુ**, ( આયડલ ) *a.* Idle. એદી.
**ખડતર,-તલ**, ( લેબોરીઅસ ) *a.* Laborious. મહેનતુ.
**ખડતું,-તુસ**, ( ડીસ્મીસલ ) *n* Dismissal. બરતરફી.
**ખડધાન**, ( વાઈલ્ડ કોર્ન ) *n.* Wild corn. વગર વાવે પાકતું અનાજ.
**ખડધાયલું**,(વર્ન આઉટ)*a.* Worn out. ઘસાયલું.
**ખડપવું**, ( સ્ક્રેપ ) *vt.* Scrape ખોતરી કાઢવું.
**ખડબચડું, ખરબચડું**, ( અનઈવન ) *a.* Uneven. ખાડાખૈયાવાળું.
**ખડબું**, ( કંજીલ્ડ માસ ) *n.* Congealed mass. [ જામી ગયેલો પદાર્થ.
**ખડબુચ**, (વોટરમેલન) *n.* Water melon. તરબુચ.
**ખડભડ,-ડાટ**, ( રસલીંગ નોઈઝ ) *n.* Rustling noise. ખડભડ અવાજ. ( સ્ટ્રાઈફ ) *n.* Strife. ધાંધલ.
**ખડભડવું**, ( કવોરલ ) *vt.* Quarrel. તકરાર થવી.

ખડમાંકડી, ( ગ્રાસહોપર )*n.*Grasshopper.એક જીવડું.
ખડવહેવાઇ, ( ગ્રાંડ ફાધર ઈન લો )*n.*Grand father-in-law. વેવાઈનો બાપ.
ખડવું, ( બીસ્મીઅર ) *vt.* Besmear. ચોપડવું. ( એક્યુઝ ) *vt.* Accuse. તહોમત મૂકવું.
ખડસલ,(ફાઉન્ડેશન) *n.* Foundation. પાયો-મકાનનો.
ખડા, ( વુડન શુ ) *n.* Wooden shoe.પાવડી.
ખડિયો,(ઇંકસ્ટેન્ડ )*n.*Inkstand. શાહી રાખવાનું પાત્ર.
ખડિઓખાર, ( બોરેક્ષ ) *n.* Borax. ટંકણખાર.
ખડિયો વાઘ, ( પેન્થર ) *n.* Panthar. ચિત્તો.
ખડી, ( ચોક ) *n.* Chalk. ખડીમાટી. [ લશ્કર.
ખડીફોજ, ( સ્ટેંડીંગ ) આર્મી )*n.* Standing army.
ખડીબોલી, ( હિંદી લેંગ્વેજ ) *n.* Hindi language. હિંદી ભાષા. [ Erect. ટટાર.
ખડું, ( સ્ટેંડીંગ ) *a.* Standing. ઉભેલું. (ઇરેક્ટ) *a.*
ખડેઘાટ, ( બ્લીચ્ડ ) *a.* Bleached. ભઠ્ઠીમાં બાફ્યા વિનાનું. ( રેડી ) *ad.* Ready. સજ્જ.
ખડેચોક, ( ઓપન્લી ) *ad.* Openly. ખુલ્લી રીતે.
ખડું, ( એક્ષ્પીરીયંસ્ડ ) *a.* Experienced. અનુભવી. (સ્ટેન્ડીંગ) *a.* Standing. ઉભેલું.
ખણુ,-જ, (ઇચીંગ સેન્સેશન )*n.* Itching sensation. વલૂર; ખંજવાળ. ( મોમેન્ટ ) *n.* Moment. ક્ષણ.
ખણુકો,(ટીંકલીંગ નોઈઝ) *n.* Tinkling noise. રણકો.
ખણખણવું,(ટીંકલ) *vt.*Tinkle.ખણખણ અવાજ થવો.
ખણખણાટ, *n.* Continuous tinkling noise. ચાલુ

ખણખણ અવાજ. [ ઝીણી તપાસ.
ખણખોજ,–ત,–દ,(માઈન્યુટ સર્ચ)*n.*Minute search.
ખણવું, ( સ્ક્રેચ ) *vt.* Scratch. વલુરવું. ( ડીગ ) *vt.* Dig. ખોદવું. [Habit.ટેવ.(ગ્રજ)*n.*Grudge.અંટસ.
ખણસ, ( ડીઝાયર )*n.* Desire. હાજત. ( હેબીટ ) *n.*
ખત, ( ડીડ )*n.*Deed.દસ્તાવેજ.(લેટર) *n.* Letter.પત્ર.
ખતમ, ( ઓવર ) *a.* & *ad.* Over. સમાપ્ત; પુરૂં.
ખતરો, ( એપ્રીહેન્શન) *n.* Apprehension. ભય.
ખતવવું, ( એન્ટર આઇટેમ્સ ) *vt.* Enter items. ખાતાવાર નોંધ કરવી. [ નોંધ કરવી તે.
ખતવણી, *n.* Act of entering items. ખાતાવાર
ખતા, ખત્તા, ( મીસ્ટેક ) *n.* Mistake. ભૂલ; ઠોકર.
ખતીબ, ( પ્રીચર )*n.* Preacher. ઉપદેશક.
ખદખદવું,(એફરવેસ) *vt.* Effervesce. ખદખદ અવાજ
ખદડવું,(ટાયર)*vt.* Tire. થકવી નાખવું. [સાથે ઉકળવું.
ખદડું, ( થીક ) *a.* Thick. ઘટ્ટ.
ખદડો, ( યુનક ) *n.* Eunuch. હિજડો. [ પડવા.
ખદબદવું, (ડીકોમ્પોઝ)*vt.*Decompose.સડી જઈ કીડા
ખદ્યોત, ( ગ્લોવર્મ ) *n.* Glow-worm. આગિયો. ( સ્ટાર ) *n.* Star. તારો. ( સન ) *n.* Sun. સૂર્ય.
ખનિ, ખની, ખાની, ( માઈન ) *n.* Mine. ખાણ.
ખનીજ, ( મીનરલ ) *n.* Mineral. ધાતુ.
ખનિત્ર, ( સ્પેડ ) *n.* Spade. કોદાળી.
ખપ, ( યુઝ ) *n.* Use. વપરાશ.
ખપત, (ડીમાન્ડ) *n.* Demand. ઉપાડ.

ખપવું,(બી સોલ્ડ ઓફ)*vt.*Be sold off.વેચાવું. [ચીપ.
ખપાટ,-ટિયું,(બેમ્બુચીપ) *n.* Bamboo chip. વાંસની
ખપાવવું, (ગેટ સોલ્ડ ) *vt.* Get sold. ખપે એમ કરવું.
ખપોટી, ( ક્રસ્ટ ) *n.* Crust. ભીંગડું; પોપડી.
ખપ્પર, *n.* Destructive vessel of a goddess. દેવીનું નાશપાત્ર.
ખફગી, ( ડીસપ્લેઝર )*n.* Displeasure.ઇતરાજી.
ખફા, ( ડીસ્પ્લીઝડ) *a.* Displeased. નારાજ.
ખબર, ( ન્યુઝ ) *n.* News. સમાચાર. ( રયુમર ) *n.* Rumour. અફવા. ( નોલેજ )*n.* Knowledge.જ્ઞાન.
ખબરઅંતર,*n.* Inquiry about health. તબીયતના સમાચાર. [( વેલવર્સ્ડ )*a.* Well-versed. કાબેલ.
ખબરદાર, (ટેક કેર ) *int.* Take care ! સાવધ રહો.
ખબરદારી, ( એલર્ટનેસ )*n.* Alertness. હોશીયારી.
ખબરપત્ર, ( ન્યુસપેપર )*n.* Newspaper. વર્તમાનપત્ર.
ખબરપત્રી, ( કોરસપોંડન્ટ ) *n.* Correspondent. ખબર મોકલનાર.
ખબાખબ, ( કનફ્યુઝન ) *n.* Confusion. ધાંધલ.
ખબૂતર, ( પીજીયન ) *n.* Pigeon. કબતર.
ખભો, ( શોલ્ડર ) *n.* Shoulder. ધડ ને હાથ જ્યાં જોડાય છે તે અવયવ.
ખમ, ( બાઇસેપ ) *n.* Biceps. બાહુ–તે સ્નાયુ.
ખમચવું,-ચાવું, ( હેસીટેટ ) *vt.* Hesitate. ખંચાવું. ( સ્ટોપ ) *vt.* Stop. અટકવું.
ખમણ,-ઢોકળાં,(ડેઈન્ટી)*n.*Dainty. એક ખાદ્ય પદાર્થ,

ખમણવું, ( સ્ક્રેપ ) *vt.* Scraper. છીણવું.
ખમણી, ( સ્ક્રેપર )*n.* Scraper.છીણી.
ખમતલ, ખમતું, ( બેરીંગ ) *a.* Bearing. સહન કરતું. ( રીચ ) *a.* Rich. પૈસાદાર.
ખમધ્ય, ( મેરીડીયન )*n.* Meridian. આકાશનું–માથા પરનું મધ્યબિંદુ. [ શોભવું.
ખમવું,(બેર)*vt.* Bear.સહન કરવું.( વેઈટ ) *vt.* Wait.
ખમા, ( પાર્ડન ) *n.* Pardon. ક્ષમા. ( પેશન્સ ) *n.* Patience. સબુરી. [ (સ્ટ્રેંગ્થ) *n.* Strength. બળ.
ખમીર,(લીવન) *n.* Leaven. ખટાશ ચડાવનારું તત્વ.
ખમીસ, ( શર્ટ ) *n.* Shirt. એક પ્રકારનું પહેરણ.
ખર, ( એસ ) *n.* Ass. ગધેડો.
ખરખબર, ( ન્યુઝ ) *n.* News. ખબરઅંતર.
ખરખર, ( સ્વીફ્ટલી ) *ad.* Swiftly.સપાટાબંધ.
ખરગોશ, ( હેર ) *n.* Hare. સસલું.
ખરચ, ( એક્ષપેન્ડીચર ) *n.* Expenditure.ખર્ચ; વ્યય. ( કોસ્ટ ) *n.* Cost. કિંમત.
ખરચવું, ( સ્પેન્ડ ) *vt.* Spend. વાપરવું.
ખરચાઉ,-ળ,-ળું, ( સ્પેન્ડથ્રીફ્ટ) *a.* Spendthrift, હાથનું છુટું. ( કોસ્ટલી ) *a.* Costly. મોંઘું.
ખરચી, ( પોકેટ મની )*n.* Pocket money. પરચુરણ વાપરવાની રકમ.
ખરચુ,(ગોઈંગ ટુ સ્ટુલ)*n.*,Going to stool.ઝાડે જવું તે.
ખરજવું, (એકઝીમા)*n.* Eczema. ચામડીનો એક રોગ.
ખરડ, ( સાલ્વ ) *n.* Salve. જાડા રગડાનો લેપ.

ખરડવું, ( સોઇલ ) *vt.* Soil. બગાડવું. (ઈંપલીકેટ) *vt.* Implicate. સંડોવવું. [ List. યાદી.
ખરડો, ( ડ્રાફ્ટ ) *n.* Draft. કાચો મુસદ્દો. ( લીસ્ટ)*n.*
ખરપડી, ખરપી, (સ્પેડ )*n.* Spade.ખરપવાનું ઓજાર.
ખરપવું, (વીડ ) *vt.* Weed. ડાંખળા કાઢવાં.
ખરલ, ખલ, ( સાલ્વ )*n.* Salve. ઘુંટવાનું વાસણ.
ખરવાણુ, ( ફરબેરીંગ) *a.* Forbearing. ખડતલ.
ખરવું, ( ફૉલ ઑફ )*vt.* Fall off. પડી જવું.
ખરસટ, ( બ્રીટલ ) *a.* Brittle. બરછટ; બરડ.
ખરસૂરું, ( સૉલ્ટીશ )*a.* Saltish. જરા ખારું.
ખરાબ, ( બેડ ) *a.* Bad. સારું નહિ એવું.
ખરાબી, ( રૂઈન ) *n.* Ruin. નાશ.
ખરાબો, *n.* Waste piece of land. ખેડવા માટે લાયક ન હોય તેવી જમીન. [ફાંટાવાળા નખ હોય છે તે.
ખરી, ( હુફ ) *n.* Hoof. ચોપગાં પ્રાણીને આખા કે
ખરીફ, ( મોન્સુન ક્રોપ ) *n.* Monsoon crop. ચોમાસુ પાક. [ કાગળીયાનો લખોટો.
ખરીતો, ( કોમ્યુનીકેશન ) *n.* Communication.
ખરીદ,–દી, ( પરચેઝ ) *n.* Purchase. ખરીદવું તે.
ખરીદવું, ( પરચેઝ ) *vt.* Purchase. વેચાતું લેવું.
ખરું, (ટ્રુ)*a.*True.સાચું.(વેલ બેકડ )*a.*Well baked. શેકીને પાકું કરેલું. ( વેલ ) *ad.* Well ! વારૂ. ( એક્ઝેક્ટલી ) *ad.* Exactly. અલબત્ત.
ખરે, ( ઇંડીડ ) *ad.* Indeed. સાચે.
ખરેખર, ( ટ્રુલી ) *ad.* Truly. સાચે.

ખંચાવું,( હેસીટેટ) *vt.* Hesitate.ખમચાવું; અટકવું.
ખંજન, ( વેગટેલ ) *n.* Wagtail એકપક્ષી.
ખંજર, ( ડેગર ) *n.* Dagger. કટાર.
ખંજરી, ( મ્યુઝીકલ ઈન્સ્ટ્રુમેન્ટ ) *n.* Musical instrument. એક વાદ્ય. [ લુખસ; ચૂંટ.
ખંજવાળ, ( ઇચી સેન્સેશન ) *n.* Itchy sensation.
ખંજવાળવું, ખંજોળવું, (સ્ક્રેચ) *vt.* Scratch. વલુરવું.
ખંડ,(પોર્શન )*n.*Portion.ભાગ.(ચેપ્ટર)*n.* Chapter. પ્રકરણ. Piece of cloth. લુગડાનો ચોળીવાર કકડો; રૈજો. ( એપાર્ટમેન્ટ ) *n.* Apartment. ઓરડો. (કોન્ટીનેન્ટ )*n.*Continent. પૃથ્વીનો એક મોટો ભાગ. ( હેવીંગ બ્રેક્સ ) *a.* Having breaks. વિભાગવાળું.
ખંડકથા, (શોર્ટ સ્ટોરી ) *n.* Short story.ટુંકી વાર્તા.
ખંડણી, ( ટ્રીબ્યુટ ) *n.* Tribute.તાબેદાર રાજ્યે ઉપરી રાજ્યને ભરવી પડતી રકમ. [ *n.* Refutation.રદીયો.
ખંડન,(બ્રેકીંગ) *n.* Breaking. તોડવું તે. (રીફ્યુટેશન)
ખંડવું, *vt.* Purchase in a lump. સામટો ભાવ ઠરાવી સોંઘામાં ખરીદવું. [ ભીડાભીડ.
ખંડાખંડી,(ઓવરક્રાઉડેડનેસ)*n.* Overcrowdedness.
ખંડાવું, ( બીક્રશ્ડ ) *vt.* Be crushed. ખંડાય તેમ કરવું; પીડાવું.
ખંડિત, ખંડું, ( બ્રોકન ) *a.*Broken. ભાંગેલું. [ભરતું.
ખંડિયું, (ટ્રીબ્યુટરી )*a.* Tributary. તાબેદાર; ખંડણી
ખંડિએર,ખંડેર,( રૂઈન્સ)*n.* Ruins. ભાગીતૂટી ઇમારત.
ખંત, (પરસીવીયરંસ)*n.*Perseverance. ચીવટ; કાળજી.

ખંતીલું, (પરસીવીયરીંગ)*a*. Persevering.ચીવટવાળું.
ખંધ, (શોલ્ડર) *n*. Shoulder. ખભો.
ખંધાઇ, ( રોગરી ) *n*. Roguery. લુચ્ચાઇ.
ખંધું, ( કનીંગ ) *a*. Cunning. લુચ્ચું.
ખંભ, ખંભો, ( કોલમ )*n*. Column. થાંભલો.
ખાઇ, (ડીચ) *n*. Ditch. ઉંડો ખાડો.
ખાઈબદેલું, ( ઓબ્ડુરેટ ) *a*. Obdurate. પહોંચેલ.
ખાઉ, *a*. Suffix. એક ઉપસર્ગ છે. દા. ત. ભાજીખાઉ, મારખાઉ. [ ધરાય નહી એવું.
ખાઉધર,-ધરૂં, ( ગ્લટનસ ) *a*. Gluttonous. ખાતાં
ખાએશ, ( ડીઝાયર ) *n*. Desire. ઇચ્છા.
ખાક, (એશીઝ) *n*. Ashes. રાખ. ( ડીસ્ટ્રકશન ) *n*. Destruction. નાશ. (ઓકસાઈડ) *n*. Oxide. ભસ્મ; મારેલી વસ્તુ. [ ( લો ) *a*. Low.પામર.
ખાકસાર, ( ઓબીડીયંટ ) *a* Obdient. તાબેદાર.
ખાકી,ખાખી, ( એશી ) *a*. Ashy. ઘેરા પીળા રંગનું.
ખાખરી,ખાખરો, ( રોસ્ટેટ બ્રેડ)*n*. Roasted bread. શેકીને કડક કરેલી રોટલી.
ખાખાવીખી,(ડીઝોલેશન)*a*.&*n*.Desolation.પાયમાલી.
ખાજ, ( ફુડ ) *n*. Food. ખાદ્ય (ઇચ)*n*. Itch. ખૂજલી.
ખાજાસરા, (યુનક) *n*. Eunuch. હિજડો.
ખાજું, ( ડેઇન્ટી ) *n*. Dainty. એક ખાદ્ય વસ્તુ.
ખાટ, (સ્વીંગ) *n*. Swing. હિંચકો. (ગેઇન)*n*. Gain. [ લાભ.
ખાટકી, ( બુચર )*n*. Butcher. કસાઈ.
ખાટલી,(સ્મોલ કોટ)*n*.Small cot.નાનો ખાટલો.

ખાટલો, (બેડસ્ટેડ) *n.* Bedstead. ચારપાઇ. (સીકનેસ) *n* Sickness. મંદવાડ. (ડીલીવરી) *n.* Delivery. [પ્રસુતી.

ખાટલાવશ, (સીક) *a.* Sick. આજારી.

ખાટવું, (ગેઈન) *vt* Gain. ફાયદો મેળવવો.

ખાટું, (સાવર) *a.* Sour. ખટાશવાળું.

ખાડ, ખાડો, (પીટ) *n.* Pit ખાડો. (લોસ) *n.* Loss ખોટ.

ખાડી, (ચેનલ) *n.* Channel. જમીનમાં ગયેલો દરિયાનો સાંકડો પ્રવાહ.

ખાડું, *n* Herd of she-buffaloes. ભેંસોનું ટોળું.

ખાણ, ખાણી, (માઇન) *n.* Mine. ખનીજ પદાર્થ કાઢવા માટે ખોદેલો ખાડો. (સ્ટોર) *n.* Store. ભંડાર. (સોર્સ) *n.* Source. ઉત્પત્તિસ્થાન [મજુર.

ખાણિયો, (માઇનર) *n.* Miner. ખાણમાં કામ કરનો

ખાણું, (ડીનર) *n.* Dinner. ભોજન. (ડીનર-પાર્ટી) *n.* Dinner-party. મિજબાની.

ખાત, (એકસકેવેટેડ, *a.* Excavated. ખોદેલું.

ખાતમુહૂર્ત, *n.* Ceremony of laying the foundation stone. બાંધકામનો પાયો નાખવાનું મુહૂર્ત. (મેન્શન) *n.* Mention. ઉલ્લેખ.

ખાતમો, (એન્ડ) *n* End છેડો; અંત.

ખાતર, (મેન્યોર) *n* Manure. ખેતી સુધારવા ખેતરમાં નખાતો કચરો. (થેફ્ટ) *n.* Theft. ચોરી.

ખાતર,-દારી,-બરદાશ, (હોસ્પીટાલીટી) *n.* Hospitality. બરદાશ; સરભરા. [ખાતરી.

ખાતરજમા,-નિશા, (એશ્યોરંસ) *n.* Assurance.

ખાતરવું, ( મેન્યોર ) *vt.* Manure. ખેતરમાં ખાતર
ખાતરી, ( સર્ટનટી ) *n.* Certainty. ભરોસો. [નાખવું.
ખાતું, ( એકાઉન્ટ ) *n.* Account જમેઉધારનો હિસાબ.
(ડીપાર્ટમેન્ટ) *n.* Department. વિભાગ. (સબજેક્ટ)
*n.* Subject. વિષય. [ નોંધવાનો ચોપડો.
ખાતાવહી, (લેજર) *n.* Ledger. ખાતાવાર હિસાબ
ખાતેદાર, *n.* One who pays land-revenue or holds an account. સરકારના મહેસુલી કે ખાનગી ચોપડે ખાતાવાળો. [ નિભાવ કરતું.
ખાતુંપીતું, ( વેલ ટુ ડુ ) *a.* Well-to-do ઠીકઠીક
ખાદી, *n.* Hand-spun and hand-woven cloth. હાથે કાંતેલું અને હાથે વણેલું કાપડ.
ખાદ્ય, ( ઈટેબલ ) *a.* & *n.* Eatable. ખવાય એવું.
ખાધ, (ફુડ) *n.* Food. ખોરાક. (લોસ) *n* Loss. નુકશાન.
ખાધાખોરાકી, ( મેઈન્ટેનન્સ ) *n.* Maintainance. ભરણપોષણ માટેની રકમ.
ખાધાવેધ, (એન્મીટી) *n.* Enmity. વેર.
ખાધેલપીધેલ, ( રોબસ્ટ ) *a.* Robust. હૃષ્ટપુષ્ટ.
ખાન, ( નોબલમેન ) *n.* Nobleman. ઈસ્લામી ઉમરાવ.
ખાનગી, ( પ્રાઈવેટ ) *a.* Private. ગુપ્ત.
ખાનદાન, ( નોબલ ) *a.* Noble. ઉમદા; ઊંચું.
ખાનદાની, ( નોબીલીટી ) *n.* Nobility. કુલીનતા.
ખાનસામા, ( હાઉસ સ્ટુઆર્ડ ) *n.* House-steward. બબરચી. [ વાળનારૂં.
ખાનાખરાબ, ( રૂઇનસ ) *a.* Ruinous. સત્યાનાશ

ખાનાખરાબી, (રૂઈન) *n.* Ruin. સત્યાનાશ.
ખાનાજંગી, ( સીવીલ વોર ) *n.* Civil war. અંદર-
અંદરનો કલહ. [(ડ્રૉઅર)*n.* Drawer. મેજનું ખાનું.
ખાનું, ( કંપાર્ટમેન્ટ ) *n.* Compartment. વિભાગ.
ખાનેઆબાદ, ( હેપી ) *a.* Happy. સુખી.
ખાપ, ( મીરર ) *n.* Mirror. દર્પણ. [વાની દવા.
ખાપરિયું, (મેડીસીન )*n.* Medicine. બાળકોને આપ-
ખાપરી, (ક્રસ્ટ) *n.* Crust. પોપડી [ પહોંચેલું.
ખાપરૂં,(શાર્પ આઈડ) *a.* & *n.* Sharp-eyed. બહુજ
ખાપરોકોડિયો, (ઇકવલ રાઈવલ્સ )*n.* Equal rivals.
સરખા હરિફ.
ખાબડખૂબડ,(એનઈવન)*a.* Uneven. ખાડાએચાવાળું.
ખાબડું, (સ્મોલ પૂલ )*n.* Small pool. ખાબોચિયું.
ખાબોચિયું, ( પૂલ ) *n.* Pool. પાણીથી ભરેલો નાનો
ખાડો. [ Shoulder. ખભો.
ખામ, ( પીલર ) *n.* Pillar. થાભલો. ( શોલ્ડર ) *n.*
ખામણો, ( ડીવીઝન ) *n.* Division. વિભાગ. ( ગો-
બીટવીન ) *n.* Go-between. દલાલ.
ખામી, (ડીફેક્ટ)*n.* Defect. ખોડ (વોંટ)*n.* Want કસર.
ખામુખા, ( પરપઝલી ) *ad.* Purposely. જાણીજોઇને.
ખામોશ, –શી, ( પેશન્શ )*n.* Patient. ધીરજ;સબુરી.
ખાયકી, ( ગેઇન )*n.* Gain. મળતર.
ખાયો, ( ટેસ્ટીકલ ) *n.* Testicle. અંડ; વૃષણ.
ખાર, ( સોલ્ટ ) *n.* Salt. મીઠું; ખારાશવાળો પદાર્થ.
( મેલીસ ) *n.* Malice. દ્વેષ.

ખારપાટ, ( સોલ્ટમાર્શ ) *n.* Salt-marsh. ખારવાળી જમીન. [(ટર્નર ) *n.* Tileturner.સંચારો; ખલાસ.
ખારવો, ( સેલર )*n.* Sailor. ખલાસી; નવિક (ટાઈલ-
ખારીલું, ( મેલીશ્યશ ) *a.* Malicions. રાગદ્વેષવાળું.
ખારૂં,(સોલ્ટીશ ) *a.* Saltish. ખારાશવાળું.
ખારેક, ( ડ્રાય ડેટ ) *n.* Dry date. સુકવેલી ખજુર.
ખારો,(કાર્બોનેટ ઓફ સોડા )*n.*Carbonate of soda. પાપડખાર.
ખારોડ, ( એલ્કેલીન ) *a.* Alkaline. ક્ષારવાળું.
ખાલ,-ડી, ( સ્કીન )*n.* Skin. ચામડી
ખાલપો, ( ટેનર ) *n.* Tanner. ચામડિઓ.
ખાલવવું, ( એમ્પટી ) *vt.* Empty. ખાલી કરવું.
ખાલસા, ( ઓફ વન્સ ઓન ) *a.* Of one's own. પોતાનું; આગવું. Of state ownership. સરકારની માલીકીનું.
ખાલી, ( એમ્પટી ) *a.* Empty. ઠાલું. ( વેંકટ ) *a.* Vacant. વસવાટ વિનાનું. ( મીઅરલી)*ad.* Merely. ફકત. ( ટુ નો પરપઝ )*ad.* To no purpose. અમસ્તું. ( નંબનેસ ) *n.* Numbness. પગે લોહી ફરતું અટકી જઈ જે ઝણઝણી થાય તે. [ કારણે.
ખાલીપીલી,(ગ્રાઉન્ડલેસલી)*ad.* Groundlessly. વગર
ખાવરૂં, (ગ્લટનસ) *a.* Gluttonous. ખાઉધરૂં.
ખાવંદ, ખાવિંદ, ( હઝબંડ ) *n.* Husband. પતિ. (માસ્ટર ) *n.* Master. માલિક. [ પકવાન.
ખાવું, ( ઈટ ) *vt.* Eat.જમવું. ( ઈટેબલ)*n.* Eatable.

ખાસ, (પીક્યુલીઅર)*a.* Peculiar. વિશિષ્ટ. (પરસનલ) *a.* Personal. અંગત. ( નોબલ )*a.* Noble.અમીરી. ( જીન્યુઆઈન ) *a.* Genuine. અસલ.
ખાસગત,-ગી,(કોન્ફીડેન્શ્યલ)*a.* Confidential. ગુપ્ત.
ખાસડું, (શુ)*n.* Shoe.જુતું;જોડો.(રીબ્યુક)*n.*Rebuke. ઠપકો.
ખાસદાન, ( પોર્ટમેન્ટો )*n.*Portmanteau. પાનદાની.
ખાસદાર, (વેલેટ) *n.* Valet.હજુરીઓ. ( સાઈસ ) *n.* Syce. અશ્વપાલ [ ખાનગી મંત્રી.
ખાસનવીસ,(પ્રાઇવેટ સેક્રેટરી)*n.* Private secretary.
ખાસિયત, ( હેબીટ ) *n.* Habit. ટેવ. ( કેરૈક્ટરીસ્ટીક) *n.* Characteristic. લક્ષણ. [ સુંદર.
ખાસું,(ગુડ)*a.*Good સારૂં.(એક્સેલંટ) *a* Excellent.
ખાળ,(ગટર) *n.* Gutter. મેલા પાણીના નીકળ માટેની નીક. [ પાણીની કુંડી.
ખાળકુંડી,-કૂવો, ( સેસપૂલ ) *n.* Cesspool. ખાળના
ખાળવું, ( પ્રીવેન્ટ ) *vt.* Prevent. અટકાવવું. [બંદર.
ખાળો, ( ડીલે ) *n.* Delay.રોકાણ. (પોર્ટ) *n.* Port.
ખાં, ( માસ્ટર હેન્ડ) *n.* Master-hand.હસ્તક. (મોહમેડન નોબલમેન) *n.* Mohmadden nobleman. મુસ્લીમ અમીર. [ (ડીસગસ્ટ) *n.* Disgust.સુગ.
ખાંખત, ( એન્ક્ષાયટી ) *n.* Anxiety. ચીવટભરી ખંત.
ખાંખરોટવું,(સ્મીઅર લાઈટલી) *vt.* Smear lightly. થોડું થોડું ચોપડવું. [ ખૂણેખોચરે ખોળવું તે.
ખાંખાંખોળા, ( માઈન્યુટ સર્ચ) *n.* Minute search.

ખાંશુ, (સ્પાય) *n.* Spy. જાસુભેદુ.(પીટ) *n.* Pit. ખાડો.
ખાંચ, (ઇનએક્યુરસી) *n.* Inaccuracy. વધઘટ. (ઓબ-સ્ટ્રકશન) *n.* Obstruction. ગુંચવણ.
ખાંચકો, (હેસીટેશન) *n.* Hesitation. આંચકો.
ખાંચખૂંચ, ( ઇન્ટ્રીકસી ) *n.* Intricacy. ઝીણવટ; ઓડખાંપણ.
ખાંચાખૂંચી, (એલીઝ) *n.* Alleys. ગલીઓ.
ખાંચો, (લેન) *n.* Lane. ગલી. (કોર્નર) *n.* Corner. ખૂણો. (ઓબજેકશન) *n.* Objection. વાંધો.
ખાંજરૂં, (બ્રોથલ) *n.* Brothel. કૂટણખાનું. (ગ્રેનરી) *n.* Granary. કોઠાર.
ખાંટ, ( કનીંગ ) *a.* Cunning. ધૂર્ત; લુચ્ચું.
ખાંડ, (શુગર) *n.* Sugar. એક ગળ્યો પદાર્થ.
ખાંડણિયું (પેસ્ટલ) *n.* Pestle. સાંબેલું.
ખાંડણિયો, ખાંડણી, (મોર્ટર) *n.* Mortar. ખાંડવા માટેનું
ખાંડવું, (પાઉન્ડ) *n.* Pound. કચરવું. [લાકડા કે પત્થરનું સાધન.
ખાંડી, *n.* Measure of 20 mounds. ૨૦ મણનું માપ.
ખાંડીબંધ, *ad.* In large quantity. પુષ્કળ [તોલ.
ખાંડું, (બ્રેકન) *a.* Broken. ખંડિત. (સ્વોર્ડ) *n.* Sword.
ખાંડેરૂં, (કેમલ) *n.* Camel. ઊંટ. [તલવાર.
ખાંત, (પરસીવીયરંસ) *n.* Perseverence. ખંત; હોંશ.
ખાંધ, (શોલ્ડર) *n.* Shoulder. ખભો.
ખાંધિયો, *n.* One who carries a bier. મુડદું ઊંચકનારો. ( ફ્લેટરર ) *n.* Flaterer. ખુશામતિયો.
ખાંપણ, *n.* Covering on the dead body. કફન.

ખાંપવું, (પીયર્સ) *vt.* Pierce. સારવું.
ખાંપા, ( ડીફેક્ટ ) *n.* Defect. ખોડ. Stamp of a
ખાંભ.(પીલર) *n.* Pillar. થાંભલા. [stalk. ઠુંઠું.
ખાંભી, (મોન્યુમેન્ટ) *n.* Monument. સ્મરણસ્તંભ.
ખાંસવું, (કફ) *vt.* Couph. ઉધરસ ખાવી.
ખાંસી, (બ્રોન્કાઇટીસ) *n.* Bronchitis. ઉધરસ; ઠાંસા.
ખિજવાટ, (રોથ) *n.* Wrath. ગુસ્સો.
ખિજમત,ખિદમત, (સર્વીસ) *n.* Service. ચાકરી;
ખિજમતગાર, (સર્વન્ટ) *n.* Servant. ચાકર. [તહેનાત.
ખિજવું,(બી વેક્સ્ડ)*vt.* Be vexed. ક્રોધે ભરાવું.
ખિડકી, (વીન્ડો) *n.* Window. બારી.
ખિતાબ, (ટાઇટલ) *n.* Title. ઇલ્કાબ.
ખિન્ન, (સેડ) *a.* Sad. દિલગીર; ગમગીન.
ખિન્નતા, (સેડનેસ) *n.* Sadness. દિલગીરી.
ખિરાજ,(ટ્રીબ્યુટ)*n* Tribute. ખંડણી. [honour શરપાવ.
ખિલત,ખિલ્લત, ( રોબ ઓફ ઓનર ) *n.* Robe of
ખિલવટ, ખિલવણી, (ટ્રેનીંગ) *n.* Training. કેળવણી.
(બ્લોસમીંગ) *n.* Blossoming. ખીલવું તે.
ખિલવટો, (ટ્રેનર) *n.* Trainer. ખીલવનાર.
ખિલાફ, (કોન્ટ્રારી) *a.* Contrary. વિરૂદ્ધ.
ખિલાણું, (ટોય) *n.* Toy. રમકડું.
ખિસકોલી, (સ્કવીરલ) *n.* Squirrel. એક જનાવર.
ખિસિયાણું, (પેલ) *a.* Pale. ઝંખવાણું.
ખિસ્સુ, ખિસું, (પોકેટ) *n.* Pocket. ગજવું. [વાની.
ખીચડી, (હોચપોચ) *n.* Hotchpotch. ખાવાની એક

ખીચડો, (મેડલી) *n.* Medley.ગોટાળો; સેળભેળ.
ખીચોખીચ, (ક્રાઉડેડલી) *ad.* Crowdedly. ભરચક; [ઠાંસીઠાંસીને.
ખીજ,(એન્ગર) *n.* Anger. ક્રોધ.
ખીજવવું, (વેક્ષ) *vt.* Vex. ગુસ્સે કરવું.
ખીજવું, (બી એંગ્રી) *vt.* Be angry.ગુસ્સે થવું [પ્રદેશ.
ખીણ, (વેલી)*n.*Valley.પર્વતના બે ઊંચા ભાગ વચ્ચેનો
ખીમો,(મીન્સ્ડ મીટ) *n.* Minced meat. માંસનો છુંદો.
ખીર,(સ્વીટ્ ડેઈન્ટી) *n.* Sweet dainty. એક સ્વાદીષ્ટ વાનગી. (મીલ્ક) *n.* Milk. દૂધ. (વર્થલેસ) *a.* Worthless. નકામું.
ખીલ, (પીમ્પલ) *n.* Pimple. મોં પર જુવાનીમાં થતી ફોલ્લી. (ગ્રેન્યુલેશન) *n.* Granulation. આંખના પોપચા પર થતી લોહીમાંસની ગડી.
ખીલડો, *n* Central peg round which turns the upper stone of a grinding mill. ઘંટીના હેઠલા પડમાં વચ્ચેવચ્ચ આવેલો ખીલો, જેના પર ઉપલું પડ ફરે છે.
ખીલમાંકડી, *n.* The piece of wood in the centre of the upper stone of a grinding mill. ઘંટીના ઉપલા પડિયાની વચ્ચોવચ્ચનું લાકડું, જે ખીલડામાં પરોવાય છે. [ખીલે એમ કરવું.
ખીલવવું, (કોઝ ટુ બ્લુઝમ)*vt.* Cause to blossom.
ખીલવું,(બ્લુઝમ) *vt.* Blossom. ફુલવું; વિકસવું. (બી એક્સાઇટેડ) *vt.* Be excited. ઉશ્કેરાવું. (સ્યુ) *vt.*
ખીલી,ખીંટી,(પેગ)*n.* Peg. નાનો ખીલો. [Sew.સીવવું

ખીલો, ખીંટો,ખૂંટો, (નેઈલ) *n.* Nail. ખૂંટો; મેખ.
ખુટાડવું,(એકઝોસ્ટ) *vt.* Exhaust. પુરૂં કરવું;ઘટે એમ કરવું. [ *n.* Loss. ઘટ.
ખુટામણ, (ટ્રેચરી) *n.* Treachery. ફૂટ; દગો. (લોસ)
ખુડદો,ખુરદો,(ચેન્જ) *n.* Change.પરચુરણ.
ખુણિયાળું, (હેવીંગ કોર્નર્સ) *a.* Having corners. ખૂણાવાળું. [ *a.* Genuine. અસલ; શુદ્ધ.
ખુદ, (સેલ્ફ) *prn.* Self. પોતે; જાતે. ( જીન્યુઆઈન)
ખુદકુશી, (સુઇસાઇડ) *n.* Suicide. આપઘાત.
ખુદગરજી, (સેલ્ફીશ) *a.* Selfish. આપમતલબી;સ્વાર્થી.
ખુદાતાલા, (ગોડ) *n.* God. ઈશ્વર; પ્રભુ.
ખુદાઇ, (ડીવાઇન) *a.* Divine. ઈશ્વરીય; કુદરતી.
ખુદાપરસ્ત, (થીઈસ્ટ) *n.* Theist. પ્રભુપરાયણ.
ખુદાવંત,-વંદ, (ઓલમાઇટી) *n.* & *a.* Almighty. અન્નદાતા. [ તમારૂં રક્ષણ કરો.
ખુદાહાફેજ, May God protect you. ઈશ્વર
ખુદી, ( કોન્સીટ) *n.* Conceit. અહંકાર; ગર્વ.
ખુનામરકી, (મેસેકર) *n.* Massacre. કાપાકાપી.
ખુન્નસ, (રેન્કર) *n.* Rancour. વેરઝેર.
ખુફ્યા, (સીક્રેટ) *a.* Secret. ગુપ્ત; છુપું.
ખુમારી, (ઇનટોક્ષીકેશન)*n.* Intoxication. ઘેન;મસ્તી. (પ્રાઈડ) *n.* Pride. ગર્વ. [ નાણાંનો ખુરદો વેચનાર.
ખુરદિયો, ( મની-ચેન્જર ) *n.* Money-changer.
ખુરશી,-સી,(ચેર) *n.* Chair. એક પ્રકારનું બેસવા
ખુરશેદ, (સન) *n.* Sun. સૂર્ય. [માટેનું લાકડાનું સાધન.

ખુલાસો,(એક્સપ્લેનેશન) *n.* Explanation.સ્પષ્ટીકરણ.
(સેટલમેન્ટ) *n.* Settlement.નીકાલ. [Clear. સ્પષ્ટ.
ખુલ્લું, (ઓપન) *a.* Open. ઉઘાડું. (ક્લીઅર) *a.*
ખુવાર, (રૂઈન્ડ) *a.* Ruined. પાયમાલ.
ખુવારી, (રૂઈન) *n.* Ruin પાયમાલી.
ખુશ, (પ્લીઝ્ડ) *a.* Pleased. પ્રસન્ન. [માર્ગ.
ખુશકી, (ઓવરલેન્ડ રૂટ) *n.* Overland route. જમીન-
ખુશ,-ખુશાલ, *a.* Happy and healthy. આનંદી
તેમ જ તંદુરસ્ત.
ખુશનુમા, (ચાર્મીંગ) *a.* Charming.મનોહર.
ખુશબખ્તી,(ડીલાઈટ) *n.* Delight. આનંદ;સદભાગ્ય;
ખુશબો,(ફ્રેગરંસ)*n.*Fragrance.સુગંધી.[ખુશાલીનોલેટ
ખુશબોદાર,(ફ્રેગરંટ) *a.* Fragrant. સુગંધીદાર.
ખુશમીજાજી, (ગેય) *a.* Gay. આનંદી.
ખુશામત,-દ,(ફ્લેટરી)*n.* Flattery. સ્વાર્થ માટે કરેલાં
ખુશાલ,(હેપી)*a.*Happy.સુખી; આનંદી. [વખાણ.
ખુશી,(જોય) *a.* Joy. આનંદ. (ડીઝાયર) *n.* Desire.
ઈચ્છા. (પ્લીઝ્ડ) *a.* Pleased. રાજી. [બડમૂછો.
ખુસરો, *n.* Man without moustaches.
ખૂજલી, (ઈચ) *n* Itch.ખજવાળ; વલુર.
ખૂટ,(ડીફીસ્યંસી) *n.* Deficiency. ખોટ; ઘટ.
ખૂટલ,ખૂટેલ,(ડીશોનેસ્ટ) *a.* Dishonest. અપ્રમાણિક.
ખૂટવું, (બીકમ લેસ) *a.* Become less. ઓછું થવું;
(એક્ઝોસ્ટ) *a.* Exhaust. પૂરૂં થવું.
ખૂણો, (કોર્નર) *n.* Corner. કોણ; ખાંચો.

ખૂન, (બ્લડ) *n.* Blood. લોહી. (મર્ડર) *n.* Murder. જીવથી મારી નાખવું તે.
ખૂનખાર, ( બ્લડી ) *a.* Bloody. ઘાતકી.
ખૂનરેજી, (મેસેકર) *n.* Massacre. કાપાકાપી.
ખૂની, (મર્ડરર) *n.* & *a.* Murderer. ખૂન કરનાર.
ખૂનસ,ખૂન્નસ, (રેન્કર) *n.* Rancour. વેરની તરસ.
ખૂપવું,ખૂંપવું,ખૂંતવું,(બી સ્ટ્રક ફાસ્ટ)*vt.* Be struck fast. અંદર ઊતરી ચોંટી જવું.
ખૂબ, (ફાઇન) *a.* Fine. સરસ.(મચ) *a.* Much. ઘણું.
ખૂબસુરત, (બ્યુટીફુલ) *a.* Beautiful. સુંદર.
ખૂબસુરતી, (બ્યુટી) *n* Beauty. સૌંદર્ય.
ખૂબી, (પીકયુલારીટી)*n.* Pecularity. ખાસ ગુણ.(ડેક્ષ-ટરીટી) *n.* Dexterity ચતુરાઈ.
ખૂમચો, ( ટ્રે )*n.*Tray. ઢળતા કાનાનો છાબડ; વસ્તુઓ વેચવા માટેનો થાળ.
ખૂરપી, ( સ્ક્રેપર ) *n.* Scraper. ખરપડી. [ ખીલવું.
ખૂલવું,(ઓપન)*vt.*Open ઉઘડવું.(બ્લુઝમ)*vt.*Blossom.
ખૂંખારવું, ખોંખારવું,(ને )*vt.* Neigh. ખુંખું અવાજ કરવો. ( કલીઅર થ્રોટ )*vt.* Clear throat.ગળું સાફ [ કરવું.
ખૂંખારો, ( હેમ ) *n.* Hem. ખુંખારવું તે.
ખૂંખૂં , ખેંખેં, ( કફીંગ સાઉન્ડ )*n.*Coughing sound. ખાસીનો અવાજ.
ખૂંચ,-ખાંચ, ( જેલસી ) Jealousy. દાઝ. (ડીફેકટ)*n.* Defect. ખોડ. (ઓબ્જેકશન) *n.* Objection.વાંધો.
ખૂંચવવું, ( સ્નેચ ) *vt.* Snatch. ખેંચીને લઈ લેવું.

ખૂંચવું, (પેન) *vt.* Pain. નડવું. (પીયર્સ) *vt.* Pierce. ભોંકાવું. (સ્ટીક) *vt.* Stick. ચોંટી જવું.

ખૂટ, (બુલ) *n.* Bull. આખલો; સાંઢ. (લેન્ડમાર્ક) *n.* Landmark. હદનુ નિશાન. (એકઝેકટલી) *ad.* બરાબર; [માપસર.

ખૂંટવું, (પ્લક) *vt.* Pluck. ચુંપી કાઢવું; ચૂંટવું.

ખૂંટિયો, (બુલ) *n.* Bull. સાંઢ.

ખૂંટો, ખૂંટી, (નેઇલ) *n.* Nail. ખીંટી; મેખ; ઘંટીનો ખીલડો. (એન્કરેજ ફી) *n.* Anchorage fee. બંદર પર લેવાતો કર.

ખૂંદવું, (ક્રશ) *vt.* Crush. ગહડવું; કચરવું. (એનોય) *vt.* [Annoy. હેરાન કરવું.

ખૂંદાળવું, *vt.* Lead a life of pleasure. ખાઈપીને મોજ કરવી.

ખૂંધ, (હમ્પ) *n.* Hump. વાંસા પર હોતો ઢેકો.

ખૂંધું, (હન્ચબેક્ડ) *a.* Hunchbacked. ખૂંધવાળું.

ખૂંપ, (ટાયરા) *n.* Tiara. વર માટે ફુલનો શણગાર. [ક્ષય.

ખે, ખેન, (રૂઈન) *n.* Ruin. નાશ. (થીસીસ) *n.* Pthisis.

ખેચર, (બર્ડ) *a.* & *n.* Bird. પક્ષી. (સ્ટાર) *n.* Star. તારો.

ખેચરદષ્ટિ, *n.* Bird's-eye view. ઊડતી નજર.

ખેચરી, (ગોડેસ) *n.* Goddess. દેવી; જોગમાયા. [ગામ.

ખેડ, (ટીલેજ) *n.* Tillage. ખેતી. (વીલેજ) *n.* Village.

ખેડવું, (ટીલ) *vt.* Till. જમીનને હળ વડે પોચી કરવી. (ડ્રાઈવ) *vt.* Drive. હાંકવું. (ટ્રાવેલ) *vt.* Travel. મુસાફરી કરવી.

ખેડુત, (ફાર્મર) *n.* Farmer. ખેતી કરનાર. [ દુકડો.

ખેતર, (ફાર્મ) *n.* Farm. ખેતી માટેનો જમીનનો

ખેતરપાદર, ( ઈમમુવેબલ એસ્ટેટ) *n.* Immovable estate. સ્થાવર મીલ્કત. [ ગ્રામદેવતા.
ખેતરપાળ, ( ટ્યુટલરી ગોડ ) *n* Tutelary god.
ખેતી, ( હઝબન્ડરી ) *n.* Husbandary. જમીનમાં
ખેતીકાર,—જુઓ ખેડૂત. [અનાજ પકવવા વિ. નું કામ.
ખેદ, ( એફ્લીકશન ) *n.* Affliction. સંતાપ; શોક.
ખેદયુકત,ખેદિત,(સોરોફુલ )*a.* Sorrowful ખેદવાળું.
ખેદાનમેદાન, ( ડીસ્ટ્રોયડ ) *a.* Destroyed.પાયમાલ.
ખેદીવ, *n.* King of Egypt. મીસરનો રાજા.
ખેપ, ( ટ્રીપ ) *n.* Trip. આંટો; ફેરો. ( જર્નિ ) *n.* Journey. મુસાફરી. ( ટર્ન ) *n.* Turn. વારો.
ખેપાની, ( મીસ્ચીવસ ) *a.* Mischievous. તોફાની.
ખેપિયો, ( મેસેન્જર ) *n.* Messenger. દૂત; કાસદ.
ખેર, ( કાટેશુ ટ્રી ) *n.* Catechu tree. એક ઝાડ.
ખેર, ( વેલ ) *int.* Well. ભલે; હશે.
ખેરખાહ, ( વેલવીશર ) *n.* Well-wisher. શુભેચ્છક.
ખેરવવું, ( શેડ ) *vt.* Shed. ખરી પડે એમ કરવું.
ખેરસલ્લા, ( પીસ ) *n.* Peace. શાંતિ. *int.* Let it be. હશે; બન્યું વિ.
ખેરસાર, ( કાટેશુ ) *n.* Catechu. કાથો.
ખેરાત, ( ચેરીટી ) *n.* Charity. દાન.
ખેરાતી, ( ચેરીટેબલ ) *a.* Charitable. ધર્માદાનું. [તિ.
ખેરિયત, *n.* Happiness and health. ક્ષેમકુશળ હોવું
ખેરીજ, ( એડીશનલ ) *a.* Additional. વધારાનું. ( એકસેપ્ટ ) *a.* Except.સિવાય. [ Show. તમાશો.

ખેલ, ( પ્લે ) *n.* Play. નાટક; રમત. ( શો ) *n.*
ખેલવું, ( પ્લે ) *vt.* Play. રમવું. [ *a.* Clever.ચતુર.
ખેલાડી, ( પ્લેઅર ) *n.* Player. રમનાર માણસ.
ખેવ, ( મોમેન્ટ ) *n.* Moment. પળ; ક્ષણ.
ખેવટ, ખેવટિયો, (હેલ્મસમેન)*n.*Helmsman.સુકાની.
ખેવના, ( એન્કઝાયટી ) *n.* Anxiety. કાળજી; ચિંતા.
ખેસ, *n.* Long piece of cloth thrown loose on shoulders. દુપટો. [ સગું.
ખેસી,(નીયર રીલેટીવ)*a.* & *n.* Near relative.નજીકનું
ખેળ, ( સ્ટાર્ચ પેસ્ટ ) *n.* Starch paste. આર; કાંજી.
ખેંખલી, (ડીસેબ્લ્ડ) *a.* Disabled. અશકત.
ખેંચ, ( પુલીંગ ) *n.* Pulling.તાણ; ખેંચાણ.
ખેંચવું,( પુલ ) *vt.* Pull. તાણવું.
ખો, ( હેબીટ ) *n.* Habit. ટેવ; આદત. ( ગેમ ) *n.* Game. એક રમત. ( મેલીસ ) *n.* Malice. દ્વેષ.
ખોઈ, ખોયું, ( હેમોક ) *n.* Hammock. બાળકને સુવાડવા માટે બાંધેલી ઝોળી.
ખોખરું, (હોઅર્સ )*a.* Hoarse જાડો ને પોલો અવાજ નીકળે તેવું. [ Draft. કાચું લખાણ.
ખોખું, ( સ્કેલેટન ) *n.* Skeleton. કલેવર. (ડ્રાફ્ટ ) *n.*
ખોગીર, ( સેડલ ) *n.* Saddle. જીન.
ખોજ, ખોળ, ( સર્ચ ) *n.* Search. તપાસ.
ખોજો, ( ઇન્વેક )*n.* Enunch. વ્યંઢળ.
ખોટ, ( લોસ)*n.* Loss.નુકશાન. [ અચકાવું.
ખોટકવું, ખોટકાવું. ( સ્ટોપ ) *vt.* Stop. અટકવું;

ખોટાબોલું, ( લાઈંગ ) *a*. Lying. ખોટું બોલતું.
ખોટી, ( ડીલે ) *n*. Delay. વિલંબ; ઢીલ.
ખોટું, ( ફોલ્સ ) *a*. False. જુઠું; અસત્ય. [ખામી; દોષ.
ખોડ, ( હેબીટ ) *n*. Habit. ટેવ (ડીફેક્ટ) *n*. Defect.
ખોડવું, ( બેરી ) *vt*. Bury. રોપવું; દાટવું.
ખોડંગવું, ખોડંગાવું, ( લીમ્પ ) *vt*. Limp. લંગડાવું.
ખોડિયું, ખોડિલું, (ડીફેક્ટીવ) *a*. Defective. ખોડવાળું.
ખોડીબારૂં, *n*. Opening in the hedge. છીંડું.
ખોડું, ( લેઇમ ) *a*. Lame. લંગડું.
ખોડો, ( હેરવેક્ષ ) *n*. Hairwax. માથાની ચામડી પર બાઝનો મેલ. ( ડીસ્ટ્રક્શન ) *n*. Destruction. નાશ.
ખોતરવું, ( સ્કેચ ) *vt*. Scratch. ખણવું; આછું ખોદવું.
ખોતરૂં, ( પ્રીટેક્ષ્ટ ) *n*. Pretext. બહાનું. [ કામ.
ખોદકામ, ( એકસકેવેશન ) *n*. Excavation. ખોદવાનું
ખોદણી, ( સ્લેન્ડરીંગ ) *n*. Slandering. બદબોઇ.
ખોદવું, ( ડીગ ) *vt*. Dig. ભોંય ઉખાડવી.
ખોદાણ, *n*. Ground wasted away by water. પાણીથી ખોદાયલી જમીન. [ પેટી જેવું હાડકું.
ખોપરી, (સ્કલ) *n*. Scull. જેમાં મગજ છે તે માથાની
ખોફ, (એન્ગર) *n*. Anger. ક્રોધ. (ફીયર ) *n*. Fear. ડર.
ખોબો, *n*. Cavity formed by putting two hands together. હાથ જોડવાથી બનતો પાત્ર જેવો આકાર; પોશ.
ખોભણ,-ણી, ( હોલો ) *n*. Hollow. ખો; ગુફા.
ખોભરણ, ( ડીલે ) *n*. Delay. વિલંબ.

ઓયણું, ( ફાયરબેન્ડ ) *n.* Fireband.બળતું લાકડું.
ઓર, Its a suffix. જેમકે; હરામખોર; શરાબખોર.
ઓરડું, ( હટ ) *n.* Hut. ઝુંપડું.
ઓરવું, ( સ્ટાર અપ ) *vt.* Stir up. ઉપરતળે કરવું.
ઓરસું, ( ટ્રીપોડ )*n.* Tripod. ત્રિપાઇ.
ઓરંચો, ( હીન્ડ્રન્સ )*n.*Hindrance. નડતર; અડચણ.
ઓરાક, ( ફુડ ) *n.* Food. ખાવાનો પદાર્થ. [અન્નવસ્ત્ર.
ઓરાકી,-પોશાકી, (મેઈન્ટેનન્સ ) *n.* Maintainance,
ઓરૂં, (રેન્સીડ) *a.* Rancid. જુનું થવાથી બેસ્વાદ.
ઓલ, ( કવરીંગ ) *n.* Covering. પડ; ખોળી.
ઓલકો, ( એસ ) *n.* Ass. ગધેડો.
ઓલકી, ( ફીમેલ એસ ) *n.* Female ass. ગધેડી.
ઓલવું, ( ઓપન ) *vt.* Open ઉઘાડવું.
ઓલી,(રૂમ)*n* Room.ઓરડી.(મેટલ કવરીંગ)*n.*Metal
ઓવું, (લુઝ)*vt.* Lose. ગુમ વવું. [covering. ખોળી.
ઓસવું, ( ફોર્સ ઈન્ટુ ) *vt.* Force into. ઘાલવું.
ઓહ, ( વેલી ) *n.* Valley. ખીણ; કોતર.
ઓળ, ( સર્ચ ) *n.* Search. ખોજ; તપાસ.
ઓળ, ( ઓઈલ કેક )*n.* Oil cake. તેલી બીયાનો તેલ
કાઢી લીધા બાદ રહેતો કુચો.
ઓળવું, ( સર્ચ )*vt.* Search. શોધ કરવી.
ઓળંબો,-ભો, ( ડીલે ) *n.* Delay. વિલંબ.
ઓળાધર, ( સ્યૈ રીટી ) *n.* Surety. જામીન.
ઓળાધરી, ( સ્યોરીટી )*n.* Surety. જામીનગીરી.
ઓળાભરણું, *n.* Ceremony performed at the

time of first pregnancy. સીમંત; અઘરણી.
ખોળિયું, ( ક્વીલ્ટ ) *n.* Quilt. ગોદડાં વગેરે ભરવાનો
ઓઠો. ( બોડી ) *n.* Body.શરીર; કલેવર
ખોળી, ( કવરીંગ ) *n.* Covering. ઢાંકણ.
ખોળો, ( લેપ ) *n.* Lap. પલાંઠી મારી બેસતાં બન્ને
જાઘ ઉપરનો ઘુંટણ લગીનો ભાગ.
ખોંખારવું, ( ને ) *vt.* Neigh. ખુંખારવું.
ખોંચ, ( હીન્ડ્રન્સ ) *n.* Hindrance. અડચણ.
ખ્યાત, ( ફેમસ ) *a.* Famous. પંકાયેલું. ( ફેમ ) *n.*
ખ્યાતિ, ( ફેમ ) *n.* Fame. કીર્તિ. [ Fame. કીર્તિ.
ખ્યાલ, ( થોટ ) *n.* Thought વિચાર; કલ્પના;ધારણા.
ખ્યાલી, ( વીમ્સીકલ )*a.* Whimsical. તરંગી.
ખ્રિસ્ત, ( ક્રાઈસ્ટ ) *n.* Christ. ઈસુ ખ્રિસ્ત.
ખ્રિસ્તી, ( ક્રીશ્રીયન ) *n.* Christian. ઈસુખ્રિસ્તને
ખ્વાબ, ( ડ્રીમ ) *n.* Dream. સ્વપ્ન. [ માનનાર.

---

## ગ

ગ, The third consonant letter of the Gujarati Alphabet, of the guttural class. ગુજરાતી મૂળાક્ષરનો ત્રીજો કંઠસ્થાની વ્યંજન.
ગઈ,ગયું, ( વેન્ટ )*vt.* Went. 'જવું'નું ભૂતકાળ. (પાસ્ટ)
*a.* Past. વિતેલું. [ પૂર્વના દિવસે.
ગઈકાલે, ( યસ્ટરડે ) *prep.* Yesterday. આજના
ગઈગુજરી, ( પાસ્ટ ઈન્સીડંટ ) *n.* Past incident.

ભૂતકાળની વાત.     [ (થંડર)*vt*. Thunder. ગાજવું.
ગગડવું, ( રોલ ડાઉન )*vt*. Roll down. ગબડી પડવું.
ગગડાટ, ( થંડર ) *n*. Thunder. ગાજવીજ.
ગગણવું,ગણુગણવું,(મર્મર)*vt*.Murmur.મનમાં બબડવું.
ગણગણાટ, (હમીંગ ) *n*. Humming.ગણગણવું તે.
ગગન, ( સ્કાય ) *n*. Sky. આકાશ.
ગગનગામી, ( ફ્લાઈંગ ) *a*. Flying. ઊડતું.
ગગનચુંબિત,-ચુંબી,-સ્પર્શી, ( વેરી હાય )*a*. Very high. બહુ ઊંચું.
ગગનચર,(બર્ડ)*n*. Bird.પક્ષી.(સ્ટાર) *n*. Star. તારો.
ગગરૂં, ( રફ ) *a*. Rough. કકરૂં.     [ ઘડો.
ગગરો,-રી, ગાગર, (મેટલ પોટ)*n*. Metal pot.ધાતુનો
ગગળવું, ગળગળવું (બીકમ પેલ)*vt*. Become pale. ઢીલા પડી જવું.
ગગળું, ગળગળું, (સોફ્ટહાર્ટેડ ) *a*. Soft-hearted. ઢીલું; દીન. ( રાધર રાઇપ ) *a*. Rather ripe.પાકવા
ગગો, ગીગો, (સન) *n*.Son. પુત્ર.     [ આવેલું.
ગગી, ગીગી, ( ડોટર ) *n*. Daughter. પુત્રી.
ગચરકો, ( બેલ્ચીંગ ) *n*. Belching. ઓડકાર.
ગચિયું, ગરિચયું,*n*. Piece of stone mixed with earth. ઢેફું.     [ *n*. Class. વર્ગ.
ગચ્ચી,ગચ્છી, ( ટેરેસ ) *n*. Terrace.અગાસી; ધાબું.
ગચ્છ, ( મલ્ટીટ્યુડ ) *n*. Multitude. સમુદાય; જથો.
ગચ્છવું, (ગો) *vt*. Go. જવું.
ગચ્છંતી,(રનીંગ અવે)*n*.Running away.નાસી જવું તે.

ગજ, ( એલીફંટ )*n*. Elephant. હાથી. *n*. Measure of two feet. લંબાઈ ભરવાનું ચોવીસ તસુનું માપ. Bar of iron. લોઢાનો સળિયો.

ગજકર્ણ, ( રીંગવર્મ ) *n*. Ringworm. દરાજ; દાદર. Ear of an elephant. હાથીનો કાન. [ સ્ત્રી.

ગજગામા,-ગામિની,-ગામી, ( વુમન ) *n*. Woman.

ગજદળ,*n*.Army consisting of elephants હાથીઓનું સૈન્ય.

ગજદંત, ( આયવરી ) *n*. Ivory. હાથીદાંત.

ગજધર, ( ટેલર )*n*. Tailor. દરજી.

ગજપાળ, *n*. Keeper of an elephant. મહાવત.

ગજવક્ત્ર, –વદન, ગજાનન, ગજમુખ, *n*. Ganesh. ગણેશ; ગણપતિ. [ રેશમી કાપડ.

ગજિયાણી,*n*. Kind of silken cloth. એક પ્રકારનું

ગજિયું, *n*. Kind of coarse cotton cloth. જાડા

ગજિયો,(બાર) *n*. Bar. સળિયો. [ સૂતરનું કપડું.

ગજેન્દ્ર, (બીગ એલીફન્ટ)*n*.Big elephant.મોટો હાથી; ઐરાવત. [ આશ્ચર્ય.

ગજબ,(આઉટરેજ)*n*.Outrage.કેર.(વંડર)*n*.Wonder.

ગજબનાક, ( આઉટરેજીયસ ) *a*. Outrageous. કેર

ગજરો, ( બોકેટ )*n*.Bouquet.ફુલનો હાર. [વર્તવિનારૂં.

ગજવવું, ગજાવવું, (પ્રોક્લેમ લાઉડલી)*vt*. Proclaim loudly. ગાજે એમ કરવું.

ગજવું, ( પોકેટ ) *n*. Pocket. ખીસું.

ગજવાકાતરૂં, (પીકપોકેટ)*n*. Pickpocket.ખીસાકાતરૂં.

ગજવેલ, ( સ્ટીલ ) *n.* Steel. પોલાદ.
ગજું, ( કૅપેસીટી ) *n.* Capacity. શક્તિ.
ગજ્જર, ( કાર્પેન્ટર ) *n.* Carpenter. સુતાર. [ રાગ.
ગઝલ, (પર્શયન ટયુન) *n.* Persian tune. એક ફારસી
ગઝલીસ્તાન, *n.* Collection of Gazals. ગઝલોનો
ગટગટાવવું, *vt.* Drink at ease. ઝટ પી જવું.[ સંગ્રહ.
ગટર, (ગટર )*n.* Gutter. મોરી; ખાળ.
ગટ્ટી, ગટ્ટુ, (શોર્ટ એન્ડ ફેટ )*a.* Short and fat. બટકું
ગઠડી, (બંડલ ) *n.* Bundle. પોટલી. [ અને જાડું.
ગઠન, *n.* Act of collecting. એકત્રિત કરવું તે.
ગઠિયું, ( કનીંગ ) *a.* Cunning. લુચ્ચું.
ગઠ્ઠો, ( લંપ ) *n.* Lump. ગાંગડો.
ગડ,-ગુમડ, ( ગ્લેન્ડ )*n.* Gland. ગુમડું; ફોલ્લો.
ગડદો, ( બ્લો ) *n.* Blow. ઠોંસો.
ગડદાગડદી,(ઓવરક્રાઉડેડનેસ)*n.* Overcrowdedness.
ભીચાભીચ. ( રેસ્લીંગ ) *n.* Wresting. મારામારી.
ગડદી, (ક્રાઉડ) *n.* Crowd. ભીડ.
ગડબડ,-બડાટ,ગરબડ, (અપરોર)*n.* Uproar. ધાંધલ.
ગડબડગોટો, ( કન્ફયુઝન) *n.* Confusion. ગોટાળો.
ગડમથલ, (વેન એફર્ટસ) *n.* Vain efforts. ફાંફાં.
ગડાકુ, *n.* A preparation of tobacco. ગોળ ભેળવેલી તમાકુ. [ આમળીને વાળેલી ઝુડી.
ગડિયું,*n.* Bundle of tobacco leaves. તમાકુનાં પાન
ગડેરિયો, (શેફર્ડ )*n.* Shepherd. ભરવાડ.
ગઢ, ( ફોર્ટ ) *n.* Fort. કિલ્લો.

ગઢપતિ, *n.* Commander of the fort. કિલ્લાનો માલિક. [ man. રખવાળ.

ગઢવી,(બાર્ડ) *n.* Bard.ચારણ. (વોચમેન) *n.* Watch-

ગઢેરો,ગલ્ડેરો,(એલ્ડર્લીમેન)*n.* Elderly man. મુખ્ય માણસ. [ *n.* Class. વર્ગ.

ગણ, (મલ્ટીટયુડ) *n.* Multitude ટોળું;મંડળ.(કલાસ)

ગણક, ગણકો, ગણિક,(એસ્ટ્રોલોજર)*n.* Astrologer.

ગણકારવું, (રીગાર્ડ) *vt.* Regard. માનવું. [જ્યોતિષી.

ગણગણવું, ગુણગુણવું, (મર્મર) *vt.* Murmur. બબડવું. (હમ) *vt.* Hum મધમાખીઓનો અવાજ કરવો.

ગણગાયક, (સોંગસ્ટર) *n.* Songster. ગવૈયો.

ગણતરી, ગણત્રી, (કેલક્યુલેશન) *n.* Calculation. ગણવું તે; ગણવાની રીત. (રેપ્યુટેશન)*n.*Reputation. માન;પ્રતિષ્ઠા. [ Ganesh.ગણેશ;મહાદેવજીના નાના પુત્ર.

ગણનાથ, -નાયક,-પતિ, ગણાધિપ, (ગનેશ) *n.*

ગણના, (રીગાર્ડ) *n.* Regard. માન; પ્રતિષ્ઠા.

ગણનિય, ગણ્ય,*a.*Fit to be respected. માનને યોગ્ય.

ગણરવ, (હમીંગ) *n.* Humming.ગણગણ અવાજ.

ગણવત,-પટો, (ટેનન્સી લીઝ) *n.* Tenancy lease. સાંથનો કરાર. [ કરવો. Regard. માનવું.

ગણવું, (કાઉન્ટ) *vt.* Count. સંખ્યા કાઢવી; હિસાબ

ગણવેશ, (યુનીફોર્મ)*n.*Uniform. એક સરખો પોશાક.

ગણરાજ, (ટ્રાઈબલ એડમીનીસ્ટ્રેશન) *n.* Tribal administration. પ્રાચિન હિંદનું એક પ્રકારનું પ્રજાસત્તાક તંત્ર.

ગણસારો,(ગેસ) *n.* Guess. અણસારો. [ સત્તાક તંત્ર.

ગણાવવું, ( એન્યુમરેટ ) *vt.* Enumerate. ગણત્રી કરાવવી. [ આવવું.

ગણાવું, (બી રીગાર્ડેડ) *vt.* Be regarded. ગણત્રીમાં

ગણિકા, ( કોર્ટેઝન ) *n.* Courtezan. ગુણકા; નૃતિકા.

ગણિત, ( મેથેમેટીક્સ ) Mathematics. સંખ્યાઓનું શાસ્ત્ર; ગણિતવિદ્યા. ( કાઉન્ટેડ ) *a.* Counted. ગણેલું.

ગણિતવિદ્યા,-શાસ્ત્ર,(મેથેમેટીક્સ)*n.* Mathematics. ગણિતનું જ્ઞાન કે શાસ્ત્ર.

ગણિતશાસ્ત્રી, ગણિતી, ( મેથેમેટીશ્યન ) *n.* Mathematician. ગણિતવિદ્યાનો જાણકાર.

ગણીકરણ, (ગ્રૂપિંગ ) *n.* Grouping. સમૂહ કરવા તે.

ગણું, ( મલ્ટીપ્લાઈડ ઈન્ટુ ) *a.* Multiplied into.-થી [ ગુણતાં આવે તેટલું.

ગણેશ—જુઓ ગણનાથ.

ગણોત, ( ટેનન્સી મની )*n.* Tenancy money. સાંથ.

ગણોતનામું, ( ટેનન્સી લીઝ ) *n.* Tenancy lease. સાંથના કરારનો દસ્તાવેજ; ગણવતપટ્ટો.

ગણોતિયો, ( ટેનન્ટ ) *n.* Tenant. ખેતર સાંથે રાખનાર.

ગણ્યુંગાંઠ્યું, (લીટલ) *a.* Little. થોડુંક.

ગત, (પાસ્ટ) *a.* Past. ગયેલું ( પાવર ) *n.* Power. શક્તિ; ચતુરાઈ. (નેચર)*n.* Nature. રીત.

ગતકડું, ( જોક ) *n.* Joke. ટોળ; મશ્કરી. ( ક્યુરીઓસીટી )*n.* Curiosity. નવાઈનો બનાવ.

ગતભર્તૃકા, ( વીડો )*n.* Widow. વિધવા.

ગતાગમ, ( નોલેજ ) *n.* Knowledge. સમજણ; જ્ઞાન.

ગતાનુગતિક, ( બ્લાઇન્ડલી ફોલોઈંગ ) *a.* Blindly

following. ગાડરિયું; પીછે ચાલનારૂં.

ગતાસુ, (ડેડ) *a.* Dead. મૃત. [ અંક.

ગતાંક, ( લાસ્ટ નંબર ) *n.* Last number. ગયો

ગતિ, ( મોશન ) *n.* Motion. ચાલ; ઝડપ. ( એકસેસ ) *n.* Access. પ્રવેશ; તેમ કરવાની બુદ્ધિશકિત. ( પાવર ) *n.* Power. બળ. ( કંડીશન ) *n.* Condition. સ્થિતિ. *n.* Condition after death. મુઆ પછીની હાલત.

ગતિચક્ર, (ફલાય-વ્હીલ) *n.* Fly-wheel. વેગ આપનારૂં કે વેગનું નિયમન કરનારૂં પૈડું. [ આપનાર તંતુ.

ગતિતંતુ, ( એફેરન્ટ નર્વ ) *n.* Efferent nerve. ગતિ

ગતિમંત, ( મુવીંગ ) *a.* Moving. ચાલતું.

ગતિમાન, ( મુવીંગ ) *a.* Moving. ગતિમાં છે તેવું. ( મોમેન્ટમ ) *n.* Momentum. ગતિનું પ્રમાણ.

ગતિમાર્ગ, *n.* An orbit of a heavenly body. ગ્રહોનો ગમન કરવાનો માર્ગ. [ શાસ્ત્ર.

ગતિશાસ્ત્ર,(ડાઇનામીકસ)*n.* Dynamics. ગતિ દર્શાવતું

ગતિયું, (ડેડ) *a.* Dead. મૃત; સદગત. Skilful. ચતુર.

ગતીલું, ( કલેવર ) *a.* Clever. ચાલાક.

ગદ, (ડીફીટ) *n.* Defeat. હાર. (મેસબેરર) *n* Mace-bearer. છડીદાર. ( ડીસીઝ )*n.* Disease. રોગ.

ગદકું, ( પ્રીટેક્ષ્ટ ) *n.* Pretext. બહાનું.

ગદગદિત. ગદગદ, (સોબીંગ) *a.* Sobbing. ડુસકાં લેતું.

ગદગદિયાં, -બદીયાં, ( સેન્સેશન ) *n.* Sensation. ગલીપચી થવી તે.

ગદગદું, (ડીકોમ્પોઝડ)*a.* Decomposed. કોહી ગયેલું.

ગદડવું, ગદરવું, ( ટ્રેમ્પલ ) *vt.* Trample. પગવતી દબાવવું. ( હેરેસ ) *vt.* Harass. હેરાન કરવું.
ગદા, ( કલબ)*n.* Club. લડાઈનું એક હથિયાર.
ગદાધર, ( વિષ્નુ )*n.* Vishnu. વિષ્ણુ.
ગદાવવું, ( ટાયર ) *vt.* Tire. થકવવું. [તોલાનું વજન.
ગદિયાણો, *n.* Weight of half a tola. અરધા
ગદુક, (મેરો)*n.*Marrow. હાડકાંમાંનો નરમ માવો;મજ્જા.
ગદેલું, ( કવીલ્ટ ) *n.* Quilt. ગાદલું.
ગદ્ય, ( પ્રોઝ ) *n.* Prose. ગવાય નહી એવું લખાણ.
ગધાડું, ગધેડું, ગધેડો, (એસ) *n.* Ass. ખર.
ગધ્ધો, ( એસ) *n.* Ass. ખર. (ફુલ) *n.* Fool. મૂર્ખ.
ગદ્ધામજુરી,–વૈતરું, ( ડ્રજરી) *n.* Drudgery. લાભ વગરની મહેનત.
ગદ્ધી,ગધેડી, ( શી-એસ ) *n.* She-ass. ગધેડાની માદા.
ગનસન, ( વ્હીસપરીંગ)*n.* Whispering. ખૂબ ધીમે અવાજે થતી વાત. [*n.* Mohmeddan. મુસલમાન.
ગનીમ, (એનીમી) *n.* Enemy. દુશ્મન. (મોહમેડન) *n.*
ગનીમત, (બ્લેસીંગ) *n.* Blessing. સદભાગ્ય.
ગપ, ગપોડું,ગપ્પું,ગપાષ્ટક,ગપાટો,ગપગોળો, (રયુમર )*n.*Rumour. ઉડતી વાત; અફવા. [ ફેલાવનારું.
ગપ્પી,ગપોડું,(ગોસીપીંગ)*a.*Gossiping. ખોટી અફવા
ગપ્પીદાસ, ( ન્યુસમોંગર ) *n.* Newsmonger. ગપ્પાં મારવાની આદતવાળો. [ (મીસ્ટેક)*n.* Mistake. ભૂલ.
ગફલત, ( નેગલીજંસ ) *n.* Negligence. બેદરકારી.
ગફ્લું,ગબરૂ,ગભરૂ, ( ફેર એન્ડ પ્લંપ ) *a.* Fair and

plump. સુંદર અને હૃષ્ટપુષ્ટ.

ગફુર, ( મર્સીફુલ ) *a*. Merciful. દયાળુ.

ગફ્ફો, *n*. Mouthful swallowed in haste. ઉતાવળમાં ભરેલો મોટો કોળિયો.

ગબડવુ,ગરગડવુ, (રોલ )*vt*. Roll. આળોટવું; ગગડી જવું.

ગબાર, (પીટ) *n*. Pit. ખાડો.

ગબારો, ( સ્મોલ બલુન )*n*.Small baloon.નાનું બલુન; હવાઈ.

ગબ્બો,(સ્ટુપીડ) *a*. Stupid. મૂર્ખ.

ગબ્બર,( સબસ્ટેન્શ્યલ ) *a*. Substantial. સંગીન. (વેલ્થી)*a*. Wealthy. પૈસાદાર. ( કેવ ) *n*.Cave.ગુફા.

ગભરાટ, ગભરામણ, ( કનફ્યુઝન ) *n*. Confusion. અકળામણ.

ગભરાવુ, ( બી કનફ્યુઝડ ) *vt*. Be confused. [ અકળાવું; ગૂંચાવું.

ગભરાવવુ, (એલાર્મ)*vt*.Alarm. મૂંઝવણ કરાવવી.

ગભસ્તિ, ( રે ) *n*. Ray. કિરણ.

ગભાણ, ગમાણ, ( મેંજર ) *n*.Manger. કોઢ; ઢોરને નીરણ કરવા માટે રાખેલી જગા.

ગભાર,ગભારો, *n*. Inner room of the temple where images are placed. ગર્ભાગાર-મંદિરની અંદરનો ભાગ. [ઘાડું.

ગભીર, (ડીપ)*a*. Deep.ઊંડું.(પ્રોફાઉન્ડ)*a*.Profound.

ગમ, (સાઈડ) *n*. Side. બાજુ.(નોલેજ)*n*.Knowledge. જ્ઞાન. (ઈન્કલીનેશન) *n*. Inclination. મનનું વલણ. (સોરો) *n*. Sorrow. શોક.

ગમખાર, (ફરબેરીંગ)*a*. Forbearing. સહનશીલ.

ગમગીન, (સેડ) *a.* Sad. ઉદાસ; શોકાતુર.
ગમગીની, (સેડનેસ) *n.* Sadness. ઉદાસી.
ગમત,ગમ્મત,ગમંત, (સ્પોર્ટ) *n.* Sport. રમત. (એમ્યુઝમેન્ટ) *n.* Amusement. વિનોદ.
ગમતી,–આળ, (એમ્યુઝીંગ) *a.* Amusing વિનોદી.
ગમતું, (પ્લીઝીંગ) *a.* Pleasing. મનને ભાવતું.
ગમન, (ડીપાર્ચર) *n.* Departure. જવું તે. (કોહેબીટેશન) *n.* Cohabitation. સ્ત્રીસંગ.
ગમવું, (લાઈક) *vt.* Like. પસંદ પડવું.
ગમાર, (અનમેનર્લી)*a.* Unmannerly. ગામડિયું;મૂર્ખ.
ગમી, (સેડનેસ) *n.* Sadness. દિલગીરી; શોક.(ટોવર્ડઝ) *ad.* Towards. તરફ; બાજુએ.
ગમ્ય, (ઈનટેલીજીબલ) *a.* Intelligible. સમજાય એવું.
ગયંદ, ગયવર, (એલીફંટ) *n.* Elephant. હાથી.
ગર, (પલ્પ) *n.* Pulp. ફળનો અંદરનો ગર્ભ. Suffix as used in: સોદાગર, કારીગર.
ગરક, ગરકાવ, (એન્ગ્રોસ્ડ) *a.* Engrossed. લીન; મગ્ન.
ગરકબારી, (લૂપહોલ) *n.* Loophole. છટકવાની બારી.
ગરકવું, (બી એબ્સોર્બ્ડ) *vt.* Be absorbed. લીન થઈ જવું; ઊંડા ઉતરી જવું.
ગરગટ, (ડવાર્ફ) *n.* Dwarf. વામનજી.
ગરગડિયું, (ડીસ્મીસલ) *n.* Dismissal. રૂખસત.
ગરગડી, ગરેડી, (પુલી)*n.* Pulley. ફરે તેવું નાનું પૈડું.
ગરજ, (નીડ) *n.* Need. ખપ; જરૂર. (સેલ્ફ ઈન્ટરેસ્ટ) *n.* Self-interest. સ્વાર્થ.

ગરજમતલબી, (સેલ્ફીશ) *a.* Selfish. આપમતલબી.
ગરજવાન,-વંત,ગરજુ,(નીડી) *a.* Needy. ગરજવાણું.
ગરજવું, ગર્જવું, (થંડર) *vt.* Thunder. ગર્જના કરવી; ગાજવું. (બીલો) *vt.* Bellow. તાડુકવું.
ગરણીજી, (જૈન નન) *n.* Jain nun. જૈન સાધ્વી.
ગરથ, (મની) *n.* Money. નાણું; પૈસો.
ગરદ,ગરદા,ગિરદ,ગર્દ, (સેન્ડ) *n.* Sand. ધૂળ. (બેરીડ) *a.* Buried. દટાયલું.
ગરદન, (નેક) *n.* Neck. ડોકી; બોચી.
ગરદી, (થ્રોઈંગ) *n.* Throng. ભીડ.
ગરનાળું, (કલવર્ટ) *n.* Culvert. પાણી આવવા જવા મારે બાંધેલો સાંકડો માર્ગ. [Confusion. ગોટાળો.
ગરબડ,-ગોટો, ગડબડ,-ગોટો, ( કનફ્યુઝન ) *n.*
ગરબી, ગરબો, *n.* A particular kind of song sung especially by women. સ્ત્રીઓના રાગમાં ગાવાની એક પ્રકારની કવિતા.
ગરમ, (હોટ) *a.* Hot.ઉષ્ણ. (એંગ્રી)*a.* Angry.ક્રોધા-
ગરમાટો,-વો, ગરમી,(હીટ)*n.* Heat. ઉષ્ણતા. [યમાન.
ગરલ, ( પોઈઝન ) *n.* Poison. ઝેર.
ગરવું, (ગ્રાન્ડ) *a.* Grand. મહાન; ભવ્ય. ( ડ્રોપ ) *vt.* Drop. ખરી પડવું. (એન્ટર ઈન્ટુ) *vt.* Enter into. ધીરે રહીને અંદર પેસવું.
ગરાશિયો,-સિયો, ( લેન્ડહોલ્ડર ) *n.* Landholder. ગરાસ ખાનારો. Rajput. રજપૂત.
ગરાસ, *n.* Land given in lieu of services

rendered to state. રાજ્યે કાઢી આપેલી જમીન.
ગરાસદાર, *n.* One holding Garas land. ગરાસની જમીન ધરાવનાર.
ગરિમા, (ગ્રેટનેસ) *n.* Greatness. મોટાઈ; પ્રૌઢતા.
ગરિષ્ટ, (હેવીએસ્ટ) *a.* Heaviest. સૌથી ભારે. [રાંક.
ગરીબ,(પુઅર) *a.* Poor.નિર્ધન.(મીક)*a.*Meek.સાલસ;
ગરીબગુરબાં, ( પૌપર્સ ) *n.* Paupers. ગરીબ અને કંગાલ માણસો. [પર રહેમ રાખનારૂં.
ગરીબનિવાજ, (ચેરીટેબલ) *a.* Charitable. ગરીબો
ગરીબપરવર, *a.* Friendly to poor. ગરીબ પ્રત્યે દયા દર્શાવતું. [ *n.* Meekness. સાલસતા.
ગરીબાઇ,(પોવરટી) *n.* Poverty. નિર્ધનતા. (મીકનેસ)
ગરીયસી, (હેવીયર) *a.* Heavier. મહાન; ગૌરવશાળી.
ગરૂડ, (ઈગલ) *n.* Eagle. એક પક્ષી.
ગરૂડગામી,–ધ્વજ, (વિષ્નુ)*n.* Vishnu વિષ્ણુ.
ગરૂર, (પ્રાઇડ) *a.* Pride. ગર્વ.
ગરોડો, ગરૂડો, (પ્રીસ્ટ) *n.* Priest. ઢેઢનો ગોર.
ગરોદર, (પ્રેગનન્ટ) *a.* Pregnant. ગર્ભિણી.
ગરોળી, (લીઝાર્ડ)*n.* Lizard. એક ઝેરી જાનવર.
ગર્જન,–ના, (રોર) *n.* Roar. ગર્જવાનો અવાજ.
ગર્જન્ત, (રોરીંગ) *a.* Roaring. ગર્જતું.
ગર્ત, ( પીટ ) *n.* Pit. ખાડો.
ગર્દભ,ગર્ધવ, (એસ) *n.* Ass. ગધેડો.
ગર્ભ, ગરભ, ( એમ્બ્રયો ) *n.* Embryo. માના પેટમાં રહેલું જીવતું રૂપ, (પલ્પ)*n.* Pulp. ગર. [રહેવાનું સ્થાન.

ગર્ભકોશ,-કોષ,ગર્ભાશય, (વુમ્બ) *n.* Womb. ગર્ભને
ગર્ભનાડી, (અમ્બીલીકલ કોર્ડ) *n.* Umbilical cord.
ગર્ભાશયની એક નાડી. [ Pregnant. ગર્ભવાળી.
ગર્ભવતી,-વંતી,ગર્ભિણી,ગાભણી, (પ્રેગનન્ટ)*a.* & *n.*
ગર્ભવિદ્યા, ( એમ્બ્રોયોલોજી ) *n.* Embroyology.
ગર્ભને લગતું શાસ્ત્ર.
ગર્ભશ્રીમંત, *a.* Born with a silver spoon in his mouth. જન્મથી શ્રીમંત.
ગર્ભસ્રાવ, (એબોર્શન)*n* Abortion.ગર્ભપાત.[કરવો તે.
ગર્ભાધાન, (કન્સેશન) *n.* Conception. ગર્ભ ધારણ
ગર્ભાનિરોધ, ( કોન્ટ્રાસેપ્શન ) *n.* Contraception.
ગર્ભાધાન થતું અટકાવવું તે.
ગર્ભિત, ( ઇમ્પ્લાઈડ ) *a.* Implied. સૂચિત; છૂપું.
ગર્વ, (એરોગન્સ) *n.* Arrogance. અભિમાન. [મગરૂર.
ગર્વિત, ગર્વિષ્ઠ,ગર્વી, ગર્વીલું, (હોટી)*a.* Haughty.
ગર્હણ, ગર્હણા, ગર્હા, (સ્લેન્ડર) *n.* Slander. નિંદા.
ગર્હણીય, ગર્હ્ય,(સેન્સ્યોરેબલ) *a.* Censurable. નિંદ્ય.
ગલ, *n.* Fish hook. માછલાં પકડવાનો આંકડો.
(એલ્યોરમેન્ટ) *n.* Allurement. લાલચ
ગલગલી,-ગલિયાં, ગલા,-ગલી,-પચી, (ટીલીટેશન) *n.* Tillitation. શરીરના અમુક ભાગને સ્પર્શથી થતી સળવળાટની મજેદાર અસર.
ગલકું, ( વેજીટેબલ ) *n.* Vegetable. એક શાક.
ગલઢું, ( ઓલ્ડ ) *a.* Old. ઘરડું.
ગલગોટો, (ફ્લાવર) *n.* Flower. એક પુષ્પ.

ગલઢેરો, (ગીરાસીયા) *n.* Girasia. કાઠી; ગરાશિયો.
ગલત, ( ફોલ્સ ) *a.* False. જુઠું.
ગલતી, (મીસટેક) *n.* Mistake. ભૂલ.
ગલધાણી,-પાપડી,*n.*A sweet-dish. એક મિષ્ટવાનગી.
ગલપટો,-પટ્ટો,ગળપટો,ગલૂબંદ, (નેકરચીફ)*n.* Neck-kerchif. ગળે વિંટવાનો પટો.
ગલશુંડિકા, (ટોન્સીલ્સ)*n.* Tonsils. ગળાના કાકડા.
ગલિત, ( ફોલન ) *a.* Fallen. પડી ગએલું. ( મેલ્ટેડ ) *a.* Melted. ગળી ગયેલું. [ Tillitation. ગલીપચી.
ગલી, (લેઈન) *n.* Lane. શેરી. ( ટીલીટેશન ) *n.*
ગલીકૂંચી, *n.* Narrow and crooked lanes. સાંકડી ને આડીઅવળી ગલીઓ.
ગલીચ, (ફીલ્થી) *a.* Filthy. ગંદું. [ઉનનું પાથરણું.
ગલીચો, ગાલીચો,(વુલન કાર્પેટ)*n.* Woolen carpet.
ગલુડિયું, (પપી) *n.* Puppy. ઘણું નાનું બચ્ચું.
ગલેફ, (કવરીંગ)*n* Covering. ગાદીતકિયા વિ.ની ખોલ.
ગલોટિયું, ગોટીમડું, (સમરસોલ્ટ) *n.* Summer-sault. ગુલાંટ. [મોંની અંદરનો ભાગ.
ગલોડું,-ફું,*n.* Inside of the cheeks. ગાલ નીચેનો
ગલોલ,(પેલેટ બાઉ).*n*Pellet bow. એક પ્રકારની ગોફણ.
ગલ્લાંતલ્લાં, (હેસીટેશન) *n.* Hesitation. આનાકાની; બહાનાં. [ રાખવાનું પાત્ર.
ગલ્લો, (મની બોક્ષ ) *n.* Money box. પરચુરણ નાણું
ગવડાવવું, ગવરાવવું, (મેક સીંગ)*vt.* Make sing. ગાય તેમ કરવું.

ગવન, (ફાઈન ચીન્ટઝ) *n.* Fine chintz. એક જાતનો સાલ્લો. ( મોશન ) *n.* Motion. ગતિ.
ગવલી, ગવળી, (શેફર્ડ )*n.* Shepherd. ગોવાળિયો.
ગવાક્ષ, (એરહોલ) *n.* Airhole. બાકું; જાળિયું.
ગવાર, ગુવાર, *n.* Kind of bean. એક વનસ્પતિ; તેની શીંગ અને બીજ.
ગવાવું, (બી સ્લેન્ડર્ડ) *vt.*Be slandered. નિંદા થવી.
ગવાલંભ, *n.* Sacrifice of cow. ગાયનો હોમમાં વધ.
ગવાહ, (વીટનેસ) *n.* Witness. સાક્ષી.
ગવાહી, (એવીડંસ) *n.* Evidence. પુરાવો.
ગવેશક, ( ઓડીટર ) *n.* Auditor. અન્વેષક.
ગવૈયો, ગાયક,(સોંગસ્ટર)*n.*Songster. ગવૈયો;ગાનારો.
ગશ્ત, (પેટ્રોલ) *n.* Petrol. રોન; ચોકી.
ગહન, (ડીપ) *a.* Deep. ઊંડું. ( ઈનકોમ્પ્રીહેન્સીબલ ) *a.* Incomprehensible. ગૂઢ.
ગહ્વર, ( કેવ ) *n.* Cave. ગુફા.
ગળકો, ( ટેસ્ટ ) *n.* Taste. સ્વાદ; ચસકો.
ગળચટું,(સ્વીટીશ)*a.* Sweetish. ગળપણના સ્વાદવાળું.
ગળચવું, (ઈટ ગ્લટનસલી ) *vt.* Eat gluttonously.
ગળચી, (નેક) *n.*Neck. ગરદન; બોચી. [ગળાસુધી ઈચવું.
ગળણી.-ણું, (ફીલ્ટર)*n.* Filter.ગળવાનું એક સાધન.
ગળથુથી,–ફૂતી,*n.*A mixture of ghee, jaugree and water given to a child at the time of its birth. બાળકના જન્મ વખતે આપવામાં આવતું ઘી, ગોળ અને પાણીનું મિશ્રણ.

ગળપણ, (સ્વીટનેસ ) *n.* Sweetness. ગળ્યો સ્વાદ.
ગળફો, (ફ્લેમ) *n.* Phlegm. બળખો.
ગળવું, ( સ્વૉલો ) *vt.* Swallow. ગળામાં ઉતારી જવું. (ફિલ્ટર) *vt.* Filter. ગાળવું. ( રાઈપન ) *vt.* Ripen. પાકવું.
ગળસૂણું, (મમ્પસ) *n.* Mumps. ગળું સૂજી આવવું તે.
ગળાફાંસો, ( સ્ટ્રેન્ગ્યુલેશન ) *n.* Strangulation. ગળે ફાંસો ખાવો–દેવો તે.
ગળામણ,*n.* Process of or wages for melting. ગાળવાની રીત યા ગાળવાનું મહેનતાણું. [ એમ કરવું.
ગળાવવું, *vt.* Get filtered or melted. ગળે
ગળિયારો, ( કૉટન ડાયર ) *n.* Cotton dyer. કપડાં રંગનારો. [ નિર્માલ્ય.
ગળિયું, ( ઓબ્સ્ટીનેટ ) *a.* Obstinate. જક્કી;
ગળી, ( ઈન્ડીગો ) *n.* Indigo. એક વનસ્પતિ; તેમાંથી નીકળતો નીલો રંગ. [ *n.* Voice. અવાજ;
ગળું, (થ્રોટ) *n.* Throat. શરીરનું એક અંગ. (વૉઇસ)
ગળેપડુ, *n.* & *a.* One who lays false claims. ખોટા આરોપ મુકનારૂં.
ગળ્યું, (સ્વીટ) *a.* Sweet. મીઠું.
ગંગા,ગંગ, ( ગેન્જીસ )*n.* Ganges. ગંગા નદી.
ગંગાધર, (શીવ) *n.* Shiva. શીવ; શંકર.
ગંગાજળ,ગંગોદક,*n.* Water of Ganges.ગંગાનું જળ.
ગંજ, ( હીપ ) *n.* Heap. ઢગલો.
ગંજવું, ( હેરેસ ) *vt.* Harass. પીડવું.

ગંજાવર, ( વાસ્ટ ) *a.* Vast. ઘણું મોટું.
ગંજી, ( હે સ્ટોક ) *n.* Hay stock. ઘાસનો ઢગલો; ઓઘો. [ અંદર પહેરવાનું ચપટું બદન.
ગંજીફરાક, ( ઈનર ગાર્મેન્ટ ) *n.* Inner garment.
ગંજીફો, (પેક ઓફ કાર્ડ્ઝ ) *n.* Pack of cards. રમવાનાં પાનાંનો જથો. [ ભાંગ ગાંજાનો વ્યસની.
ગંજેડી, -રી, *a.*& *n.* Addicted to intoxication.
ગંઠાવું, ( બી સ્ટ્રીંગ્ડ )*vt.* Be stringed.વધતું અટકવું.
ગંઠો, ( નેકલેસ ) *n.* Necklace. ગળાનું એક ઘરેણું. ( બંડલ ) *n.* Bundle. ગાંસડી.
ગંઠોડો, *n.* Medicinal herb. પીપરીમૂળ. [ લમણો.
ગંડ, (ચીક) *n.* Cheek. ગાલ. ( ટેમ્પલ) *n.* Temple.
ગંડેરી, *n.* Pieces of peeled sugarcane. છોલેલી શેરડીના કટકા.
ગંદકી, -વાડ,-વાડો, (ફીલ્થ) *n.* Filth. અસ્વચ્છતા.
ગંદું, ( ડર્ટી ) *a.* Dirty. મેલું; ગંદકીવાળું.
ગંધ, ( સ્મેલ ) *n.*Smell. વાસ.(ડર્ટી સ્મેલ) *n.* Dirty smell. દુર્ગંધ.
ગંધક, (સલ્ફર) *n.* Sulphur. એક ખનિજ પદાર્થ.
ગંધકાયિત, (સલ્ફાઇટ ) *a.* Sulphite. ગંધકવાળું.
ગંધકામ્લ, (સલ્ફુરીક એસીડ ) *n.* Sulphuric acid. ગંધકનો તેજાબ.
ગંધકિત, ( સલ્ફેટ ) *a.* Sulphate. ગંધક મિશ્ર કરેલું.
ગંધર્વ,ગાંધર્વ,(મ્યુઝીશ્યન)*n.* Musician.સ્વર્ગનો ગવૈયો.
ગંધર્વલગ્ન,-વિવાહ,(લવ મેરેજ)*n.* Love marriage.

ઘરકન્યા પોતાની મેળે છાની રીતે પરણે તે લગ્ન.

ગંધર્વવેદ, ( સાયન્સ ઓફ મ્યુઝીક ) *n.* Science of music. સંગીતશાસ્ત્ર.

ગંધવા, (કંપની) *n.* Company. સોબત; સહવાસ.

ગંધાવું, ( સ્ટીંક ) *vt.* Stink. ખરાબ બદબો આવવી; કોવાવું. [ *a.* Malicious. ખારીલું.

ગંધીલું,(સ્ટીંકીંગ)*a.*Stinking.વાસ મારતું.(મેલીશ્યસ)

ગંભીર, ( સીરીયસ ) *a.* Serious. પ્રૌઢ. ( પેશન્ટ ) *a.* Patient. ધીર. [ *a.* Seriousness. પ્રૌઢતા.

ગંભીરતા,-તાઇ,-પણું,-રાઈ, ( સીરીયસનેસ )

ગાઉ, *n.* A distance of two miles. અંતરનું એક પરિમાણ—આશરે બેએક માઈલ.

ગાજ, ( બટન હોલ ) *n.* Button hole. બોરિયું ઘાલવાનું નાકું. (થંડરીંગ) *n.* Thundering. ગર્જના.

ગાજર, ( કેરોટ) *n.* Carrot. એક કંદમૂળ.

ગાજવીજ, *n.* Thunder and lightning. વાદળાંની ગર્જના અને વીજળી.

ગાજવું, (થંડર) *vt.* Thunder. ગરજવું.

ગાજી, -ઝી, *n.* One fighting or dying for religion. ધર્મ માટે લડનાર યા મરનાર વીર.

ગાડર, -રૂં, ( શીપ ) *n.* Sheep. ઘેટું.

ગાડરિયું, ( બ્લાઈન્ડલી ફોલોઈંગ ) *a.* Blindly following. આંધળી રીતે અનુસરતું.

ગાડવું, ( બેરી ) *vt.* Bury. દાટવું.

ગાડવો, ( પોટ ) *n.* Pot. ઘડા જેવું વાસણ.

ગાડી, ( કેરેજ )*n.* Carriage. વાહન.
ગાડીત,-વાન,-વાળો, ( કોચમેન ) *n.* Coachman. ગાડી હાંકનાર. [ વહી જવાતું વાહન.
ગાડું, ગાલ્લું,ગાલ્લી, ( કોચમેન ) *n.* Cart. ભાર
ગાઢ, ગાઢું, ( ડેન્સ )*a.* Dense. ઘટ્ટ; અત્યંત. [લગતું.
ગાણિતિક,*a.*Pertaining to Arithmetic.ગણિતને
ગાણું, ગાન, (સોંગ)*n.* Song. ગાયન; ગીત.
ગાત્ર,(બોડી)*n.*Body. શરીર.(લીમ્બ)*n.* Limb.અવયવ.
ગાથા, (સ્ટોરી) *n.* Story. કથા; વાર્તા.
ગાદલું, (મેટ્રેસ ઓફ કોટન)*n.*Mattress of cotton. ખૂબ રૂથી ભરેલું ગોદડું. [Raised seat.ઊંચું આસન.
ગાદી, (થ્રોન) *n.* Throne. સિંહાસન.( રેઝડ સીટ ) *n.*
ગાદીપતિ, (કીંગ)*n.*King. રાજા. (એર)*n.* Heir.વારસ.
ગાધ, (શેલો) *a.* Shallow. છીછરું.
ગાનતાન, ( રીવેલ્રી ) *n.* Revelry. ચેનબાજી.
ગાફેલ,ગાફલ, ( કેરલેસ ) *a.* Careless. બેદરકાર.
ગાફેલિયત,( કેરલેસનેસ) *n.* Carelessness. બેદરકારી.
ગાબડી,-ડું, (હોલ) *n.* Hole. કાણું. (લોસ)*n.* Loss.
ગાભલું, (સોફ્ટ)*a.* Soft. નરમ; પોચું. [ નુકસાન.
ગાભાચુંથા, ( રેગ્ઝ )*n.* Rags. રદ્દી કાગળ કે કપડાના
ગાભો, ( રેગ ) *n.* Rag. ડૂચો. [ ડૂચા.
ગામ, ( વીલેજ )*n.* Village.માણસના વસવાટનું સ્થળ.
ગામડી,ગામડિયું, ( રસ્ટીક ) *a.* Rustic. શહેરી નહી એવું. ( નેટીવ ) *a.* Native. ગ્રામ્ય.
ગામડિયો, ( વીલેજર )*n.*Villager,ગામડાનો વાસી.

ગામોતરૂં. ( એમીગ્રેશન ) *n.* Emigration. એક ગામથી બીજે ગામ જવું તે.

ગામી, (હેડમેન) *n.* Headman. મુખી. ( ગોઈંગ ) *a.* Going. જતું. [ *n.* Watchman. રખવાળ.

ગામેતી, ( હેડમેન ) *n.* Headman. મુખી. (વાચમેન)

ગામોટ, (વીલેજ પ્રિસ્ટ) *n.* Village priest. ગામનો ગોર. [ જનાવર.

ગાય, ગાવડી, ( કાઉ )*n.* Cow. દૂધ દેતું એક ચોપગું

ગાયત્રી, *n.* A sacred Vedic prayer. એક પવિત્ર વેદકાલિન પ્રાર્થના.

ગાયન, ( સોંગ ) *n.* Song. ગીત.

ગાયબ, ગેબ, ( અનસીન ) *a.* Unseen. અલોપ.

ગાર, *n.* A dilute mixture of cow-dung, earth and water used in coating the ground. છાણ, માટી અને પાણીનું જમીન લીંપવાના કામમાં આવતું લીંપણ. ( કોલ્ડ ) *a.* Cold. ઠંડું. Suffix meaning ' doer. ' કામગાર; મદદગાર વિ.

ગારૂડી, (જગલર) *n.* Juggler. મદારી.

ગારૂડીવિદ્યા, (જગલરી) *n.* Jugglery. મદારીની વિદ્યા.

ગારો, *n.* Mixture of water and earth used in erecting a wall. ચણતર કરવા તૈયાર કરેલી માટી.

ગાલ, ( ચીક ) *n.* Cheek. માણસના મોંની બે બાજુનો ભાગ. [ ચોરિયા.

ગાલપચોરિયાં, ( ટોન્સીલ્સ ) *n.* Tonsils. કાકડા કે

ગાલાવેલું, ( ઈડીઓટીક )*a.* Idiotic. દાધારંગું.

ગાલિ, ( એબ્યુઝ ) *n.* Abuse. ગાળ; અપશબ્દ.
ગાલિપ્રદાન,(એબ્યુસીંગ) *n.* Abusing.ગાળ આપવી તે.
ગાલોઠું, *n.* Inside of the cheek. ગાલનો અંદરનો ભાગ.
ગાવડોલ, (ટોપ માસ્ટ )*n.*Top-mast.મુખ્ય કુવાસ્થંભ- [ વહાણનો.
ગાવું, (સીંગ) *vt.* Sing. ગીત ગાવાં વિ. ( પ્રેઈઝ ) *vt.* Praise. વખાણ કરવાં. ( રીપીટ) *vt.* Repeat. એક વાત વારંવાર કહેવી.
ગાળ,(એબ્યુઝીવ વર્ડ)*n.*Abusive word,અપશબ્દ.The dirtsettled at the bottom of a well. કૂવાના તળીએ જામેલો કચરો.
ગાળવું, ( ફીલ્ટર ) *vt.* Filter. શુદ્ધ કરવું.
ગાળો, ( નૂઝ ) *n.* Noose. સરકાવી જવાય એવું નાકું; ફાંસો. Certain season. અમુક મોસમ. Discount. વટાવ. Width. પહોળાઈ; પનો. Region. પ્રદેશ. Circumference. વ્યાસ.
ગાંગડું, (હાર્ડ) *a.*& *n.* Hard. ન પલળે,ન ભાંગાય એવું.
ગાંગડો, ( લાર્જ પીસ) *n.* Large piece. મોટો કકડો.
ગાંગરવું, ( બેલો) *vt.* Bellow. બરાડવું.
ગાંજો, (હેમ્પ) *n.* Hemp. જે પીવાથી નશો ચડે છે.
ગાંઠ, ( નોટ ) *n.* Knot. આંટીવાળો બંધ. ( બલ્બ )*n.* Bulb. લોહી ગંઠાઇ જઇ બાઝેલી ગોળી.
ગાંઠડી, -ડો, ગાંસડી, (બંડલ) *n.* Bundle. પોટલું.
ગાંઠણ, (જોઈન્ટ) *n.* Joint. સાંધો.
ગાંઠનું, (ઓન ) *a.* Own. પોતાનું.

ગાંઠવું, (નોટ) *vt.* Knot. ગૂંથવું. (ઓબે) *vt.* Obey. તાબે રહી હુકમ માનવો. ( સીક્યોર ) *vt.* Secure. મેળવવું.

ગાંઠિયો, *n.* Knot or root of turmeric. હળદરનો કકડો. Eatable. ચણાનાં લોટની એક તળેલી વાની. [ ગાંઠ નીકળી આવતો તાવ.

ગાંઠિયો તાવ, (બ્યુબોનીક ફીવર) *n.* Bubonic fever.

ગાંડ, ( એનસ ) *n.* Anus. ગુદા.

ગાંડગુલામી, (આબજેક્ટ સર્વીલીટી) *n.* Abject servility. હલકા પ્રકારની ખુશામદ. [ ગાંડાપણું.

ગાંડછા,ગાંડાઈ,ગાંડપણ, ( મેડનેસ ) *n.* Madness.

ગાંડું, ગાંડિયું, (સ્ટુપીડ) *a.* Stup'd. મૂર્ખ.

ગાંડિવ,ગાંડીવ, ( બાઉ ) *n.* Bow. ધનુષ્ય (અર્જુનનું).

ગાંડિવધન્વા,-પાણિ,(અર્જુન) *n.* Arjun. પાંચ પાંડવમાંનો વચલો પાંડવ. [ ગામની ભાગોળ.

ગાંદરું,ગોંદરું,ગોંદરો, *n.* Outskirt of a village.

ગાંધર્વ, *a.* Pertaining to Gandharvas. ગંધર્વોને લગતું.

ગાંધી, ( ગ્રોસર ) *n.* Grocer. કરિયાણું વિ. વેચનારો.

ગાંધિયાટું,-વટું,(ગ્રોસરી)*n.* Grocery.કરિયાણું વિ.; તેનો ધંધો.

ગાંભીર્ય, (સીરીયસનેસ) *n.* Seriousness. ગંભીરતા.

ગાંયજો, (બાર્બર) *n.* Barber. હજામ.

ગિદડ,(આઈડલ)*a.* Idle. આળસુ.( ફોક્ષ)*n.* Fox. શિયાળ.

ગિન્નાવું,*vt.* Incline on one side. એક બાજુ નમવું.

Become angry. રીસાવું.
ગિરદી,ગડદી, ( થ્રોંગ ) *n.* Throng. ભીડ.
ગિરવર,-ધારી,ગિરિધર,-ધારી, *n.* Krishna. કૃષ્ણ.
ગિરફતાર, (એરેસ્ટેડ) *a.* Arrested. પકડાયલું.
ગિરફતારી, (એરેસ્ટ) *n.* Arrest. બંધન; ધરપકડ.
ગિરા, (લેંગ્વેજ) *n.* Language. ભાષા. ( સ્પીચ ) *n.*
ગિરિ,(માઉન્ટન)*n.*Mountain.પર્વત. [Speech.વાણી.
ગિરિકંદર, *n.* Cave of a mountain. પર્વતની ગુફા.
ગિરિજા,ગિરિતનયા,(પાર્વતી) *n.* Parvati. પાર્વતી.
ગિરિજાવર,-પતિ,ગિરિશ, ( શંકર ) *n.* Shanker. શંકર; શીવ.
ગિરિજાસુત, ( ગનેશ ) *n.* Ganesh. ગણેશ; ગણપતિ.
ગિરીશ, (હીમાલયા) *n.* Himalaya. હિમાલય પર્વત.
ગિલ્લાખોર, (સ્લેન્ડરસ) *a.* Slanderous. ચાડિયું.
ગિલ્લી, *n.* A small game stick. મોઈ.
ગિસ્ત,(વેન)*a.*Vain.નિષ્ફળ. (આર્મી)*n.* Army.ફોજ.
ગીચ,ગીચોગીચ, ( ક્રાઉડડેલી )*ad.* Crowdedly. પાસે પાસે સંકડાઇને આવી રહેલું.
ગીત, ( સૉંગ ) *n.* Song. ગાયન.
ગીતકાવ્ય, (લીરીક)*n.* Lyric. કાવ્યના ગુણવાળું ગીત.
ગીધ,ગૃધ,(વલ્ચર)*n.*Vulture.એક મોટું માંસાહારી પક્ષી.
ગીબત, (એલીગેશન) *n.* Allegation. આળ; નિંદા.
ગીરવવું, (મોર્ટગેજ) *vt.* Mortgage. ઘરાણે મૂકવું.
ગીરવી,ગીરો,(મોર્ટગેજડ)*a.*Mortgaged. ઘરાણે મૂકેલું.
ગીર્વાણ,(ગોડ) *n.* God. દેવ. ( ટયુન) *n.* Tune. સુર.

ગીર્વાણભાષા, (સંસ્કૃત)*n.* Sanskrit. સંસ્કૃત ભાષા.
ગીસ, ( થેફ્ટ ) *n.* Theft. ચોરી. [ *n.* Curl. જુલફું.
ગુચ્છ,ગુચ્છો, (બોક્ટે) *n.* Bouquet. કલગી. ( કર્લ )
ગુજરવું, (પાસ) *vt.*Pass. વિતવું. (બીફોલ)*vt.* Befall.
આવી પડવું. [નિર્વાહ.
ગુજરાન, ગુજારો, ( મેઇન્ટેનન્સ )*n.* Maintainance.
ગુજારવું, (સ્પેન્ડ) *vt.* Spend. સમય વિતાવવો.
ગુટકો, *n.* Small book written lengthwise.
ઘણી ઓછી લંબાઇ પહોળાઇની જાડી ચોપડી.
ગુટિકા, ગુટી, (પીલ) *n.* Pill. ગોળી.
ગુણ, (ક્વોલીટી) *n.* Quality. જાતિસ્વભાવ. ( વરચ્યુ )
*n.* Virtue. સદ્‌ગુણ. (એફીકસી)*n.* Efficacy.અસર;
ફાયદો. ( માર્ક ) *n.* Mark. ટોકડો. [ અંક–સંખ્યા.
ગુણક, ( મલ્ટીપ્લાયર ) *n.* Multiplier. ગુણનાર
ગુણકપ્રમાણ, *n.* Geometricel ratio.
ગુણકર,–કારક, –કારી,(એડવાનટેજીયસ) *a.* Advantageous. ફાયદાકારક.
ગુણગાન, ( પ્રેઝ ) *n.* Praise. વખાણ.
ગુણજ્ઞ, (એપ્રીશીએટીવ) *a.* Appreciative. કદરદાન.
ગુણદોષ, *n.* Pros and cons. સારાસાર.
ગુણધર્મ, (પ્રોપર્ટી ) *n.* Property. સ્વભાવ.
ગુણપાટ, (સેક ક્લોથ )*n.*Sack cloth. જેમાંથી કોથળા
બને છે તે કપડું. [ પાડ.
ગુણપાડ, ( ઓબ્લીગેશન ) *n.* Obligation. આભાર;
ગુણપૃથક્કરણ, *n.* Factorisation. ગુણોનું પૃથક્કરણ

કરવું તે. [ complished. ગુણવાળી (સ્રી).
ગુણવતી,-વંતી,ગુણિયલ, ( એકોમ્પ્લીશ્ડ ) *a.* Ac-
ગુણવંત,-વાન, (વરચ્યુઅસ)*a.* Virtuous. ગુણવાળું.
ગુણકા,ગુણિકા, ( હાર્લેટ ) *n.* Harlot. વેશ્યા.
ગુણવું, ( મલ્ટીપ્લાય ) *vt.* Multiply. એક સંખ્યાને બીજી સંખ્યા જેટલી વાર વધારવી.
ગુણાકાર, *n.* Multiplication.ગુણવું તે;એથી આવતી
ગુણિત, *a.* Multiplied. ગુણેલું. [ રકમ.
ગુણિયલ, ( વરચ્યુઅસ ) *a.* Virtuous. સદ્ગુણી.
ગુણી, *n.* Accomplished person. કલાકોવિદ. *a.* Virtuous. સદ્ગુણી.
ગુણ્ય, *n.* Multiplicand. જેને ગુણવાનું હોય તે.
ગુત્તો, ( મોનોપોલી ) *n.* Monopoly. ઈજારો.
ગુદસ્ત, ( પાસ્ટ ) *a.* Past. પાછલું.
ગુદા, ( એનસ ) *n.* Anus. ગાંડ; વિષ્ટાદ્વાર.
ગુનો, (ફોલ્ટ )*n.* Fault. તકસીર.(ક્રાઈમ) *n.* Crime.
ગુનેગાર,(ઓફેન્ડર) *n.* Offender. અપરાધી. [અપરાધ.
ગુપચુપ, (સાયલંટલી) *ad.* Silently. છાનુંમાનું.
ગુપ્ત, ( હીડન ) *a.* Hidden. સંતાડેલું. (સીક્રેટ) *a.*
ગુપ્તચર, (સ્પાય) *n.* Spy. જાસુસ. [ Secret. છાનું.
ગુફા, ગુહા, ( કેવ )*n.* Cave. પહાડમાં ઊંડી બખોલ.
ગુફતગો,ગુફતેગો, ( કોનવરસેશન )*n.* Conversation.
ગુમ, ( લોસ્ટ ) *a.* Lost. ખોવાયલું. [ વાતચીત.
ગુમાન, ( પ્રાઇડ ) *n.* Pride. અહંકાર.
ગુમાની, (પ્રાઉડ) *a.* Proud. અભીમાની. [ ખોવડાવવું.

ગુમાવડાવવું, -રાવવું, ( મેક લુઝ) *vt.* Make lose.
ગુમાવવું, ( લુઝ ) *vt.* Lose. ખોવું. ( સ્કવેન્ડર ) *vt.* Squander. ઉડાવી દેવું.
ગુમાસ્તો, (ક્લાર્ક) *n.* Clerk. કારકુન; મહેતો.
ગુમાસ્તાગીરી,ગુમાસ્તી,(ક્લાર્કશીપ)*n.* Clerkship. [ મહેતાગીરી.
ગુમ્મો,(બ્લો) *n.* Blow. મુક્કી.
ગુરખો, *n.* Native of Nepal. નેપાળનો વતની.
ગુરગુરવું, ( ગાઉલ ) *vt.* Growl. ગુરગુર એવો અવાજ [ કરવો.
ગુરદો, (કીડની) *n.* Kidney. મૂત્રપિંડ.
ગુરૂ, (ટીચર) *n.* Teacher. શિક્ષક. (પ્રિસ્ટ)*n.* Priest. ગોર. (જ્યુપીટર) *n.* Jupiter. એ નામનો ગ્રહ; બ્રહસ્પતિ. ( ગ્રેટ ) *a.* Great. મોટું; ભારે.
ગુરૂકુળ, ( રેસીડેન્શ્યલ યુનિવર્સીટી ) *n.* Residential university. ગુરૂને રહેવાનું ઠેકાણું, જ્યાં વિદ્યાર્થીઓને રાખી તે શિક્ષણ આપે છે.
ગુરૂકૂંચી, ( માસ્ટર કી ) *n.* Master-key. અનેકને લાગુ પડે તેવી કૂંચી. [ કાટખૂણાથી મોટો ખુણો.
ગુરૂકોણ, ( ઓબ્ટયુઝ એંગલ ) *n.* Obtuse angle.
ગુરૂજન, *n.* Elderly people. વડીલવર્ગ.
ગુરૂત્વ, ગુરૂતા, (ગ્રેટનેસ) *n.* Greatness. મોટાઈ.
ગુરૂત્વકેન્દ્ર, *n.* Centre of gravity. જે બિંદુથી વજનનું સમતોલપણું થતું હોય તે.
ગુરૂત્વાકર્ષણ, ( ગ્રેવીટેશન ) *n.* Gravitation. ભારનું પૃથ્વીના કેન્દ્ર તરફ ખેંચાવું તે.
ગુરૂબંધુ, -ભાઈ,(કોસ્ટુડંટ)*n.*Co-student.સહાધ્યાયી.

ગુરૂવાર, (થર્સ્ડે)*n.* Thursday. અઠવાડિયાનો પાંચમો દિવસ.

ગુર્જર, *n.* Province or people of Gujarat. ગુજરાત નામનો પ્રાંત કે ત્યાંના લોકો. A caste. એક જાત.

ગુલ, (ફ્લાવર) *n.* Flower. પુષ્પ. Snuff of candle. બત્તી ઉપરનો બળેલો ભાગ—મોગરો.

ગુલકંદ, *n.* Compound of sugar and roses. ગુલાબને સાકરનો મુરબ્બો.

ગુલખાર, *n.* Reddish blue colour. આસમાની [ લાલ રંગ.

ગુલજાન, (બ્યુટીફુલ) *a.* Beautiful. સુંદર; મોહક.

ગુલજાર,—ઝાર, (ફ્લાવર ગાર્ડન) *n.* Flower garden. ફુલવાડી. ( ચાર્મીંગ ) *a.* Charming. સુંદર.

ગુલતોરો ,—દસ્ત, ( બોકેટ ) *n.* Bouquet. ફુલતોરો.

ગુલનાર, ( પોમેગ્રેનેટ ) *n.* Pomegranate. દાડમ.

ગુલશન,ગુલિસ્તાન, *n.* Flower garden. ફુલવાડી.

ગુલતાન, (એન્ગ્રોસ્ડ) *a.* Engrossed. તલ્લીન.

ગુલબાન, (અપરોર) *n.* Uproar. ધાંધલ; શોરબકોર.

ગુલણું, (રયુમર) *n.* Rumour. ગામગપાટો.

ગુલાબ, (રોઝ)*n.*Rose.એક સુગંધીદાર પુષ્પ;—તેનો છોડ.

ગુલાબજળ, *n.* Rosewater. ગુલાબની ખુશબોવાળું [ જળ.

ગુલાબજાંબુ,*n.* A sweetmeat. એક મીઠાઈ.

ગુલાબી, (રોઝી) *a.* Rosy. ગુલાબ જેવું. ( સ્વીટ ) *a.* Sweet. મીઠું.

ગુલામ, ( સ્લેવ ) *n.* Slave. ખરીદ કરેલો ચાકર; [ પરવશ માણસ.

ગુલામડી, *n.* Female slave. સ્ત્રી ગુલામ.

ગુલામી,-મગીરી, (સ્લેવરી ) *n.* Slavery. તાબેદારી; પરાધિનતા. [ સહેજ સુંગધીદાર ભૂકો.
ગુલાલ, (રેડ પાવડર) *n.* Red powder. રાતા રંગનો
ગુલાંટ, (સમરસોલ્ટ)*n.* Summersault. ગોટમડું ઉલટું ફરી જવું તે. [ mach. પેટમાં ગોળાનો રોગ.
ગુલ્મ, *n.* Glandular enlargement in the sto-
ગુલ્મોદર, *n.* Disease of the spleen. બરોળનો એક રોગ. [ tion. ખાનગી વાતચીત.
ગુસપુસ, (સીક્રેટ કોનવરશેશન) *n.* Secret conversa-
ગુસ્તાખી, (રૂડનેસ) *n.* Rudeness. અસભ્યતા.
ગુસ્લ, ( બાથ) *n.* Bath. સ્નાન.
ગુસ્લખાનું, (બાથરૂમ) *n.* Bath-room. સ્નાનાગાર.
ગુસ્સો, (એંગર) *n.* Anger. ક્રોધ.
ગુહ્ય, ગૂઢ, ( સીક્રેટ )*a.* & *n.* Secret. છુપું.(મીસ્ટીક) *a.* Mystic. ગહન; ઇંદ્રિયાતિત.
ગુંજવું, (હમ) *vi.* Hum. ગણગણાટ કરવો.
ગુંજાર, –રવ, (હમીંગ)*n.* Humming. ગણગણવાનો
ગુંજાશ, ( કેપેસીટી)*n.* Capacity. તાકાત. [ અવાજ.
ગુંઠન, (કવરીંગ) *n.* Covering. ઢાંકવું તે. (સ્મીયરીંગ) *n.* Smearing. ચોપડવું તે. [ એકરનો ૧/૪૦ ભાગ.
ગુંઠો, *n.* Measure of land. જમીનનું માપ;
ગુંડો,ગુંડ, ( રાસ્કલ ) *n.* & *a.* Rascal. બદમાશ.
ગુંદ,ગુંદર, ( ગમ ) *n.* Gum. ચોટાડવાના કામમાં આવતો બાવળનો રસ.
ગુંફ,ગુંફના, (કલસ્ટર) *n.* Cluster. ગૂંથણ.

ગુંફિત, (વુવન) *a.* Woven. ગૂંથેલું.
ગુંબજ, (ડોમ) *n.* Dome. ઘૂમટ.
ગૂ, (એક્સક્રીમેન્ટ) *n.* Excrement. મળ; વિષ્ટા.
ગૂઇ, (પીટ) *n.* Pit. ગભી.
ગૂગળ, (ઇંડિયન ડેલીયમ) *n.* Indian bdellium. એક ડુંગરી ઝાડનો ગુંદર.
ગૂડવું, (ડીગ) *vt.* Dig. ખોદવું. (કટ) *vt.* Cut. કાપવું.
ગૂણ, (બેગ) *n.* Bag. કોથળો.
ગૂણપાટ (સેક ક્લોથ) *n.* Sack cloth. જેમાંથી કોથળા બને છે તે કપડું; ટાટિયું.
ગૂમડ, ગૂમડું, (ટયુમોર) *n.* Tumour. ફોલ્લો.
ગૂર, (મેરો) *n.* Marrow. હાડકાની અંદરનો ગર.
ગૂરા, (લેગ) *n.* Leg. પગ.
ગૂંગણું, *a.* Nasal; speaking through the nose. નાકમાંથી બોલતું.
ગૂંગળાવું, (બી સફોકેટેડ) *vt.* Be suffocated. [ શ્વાસ રૂંધાવો.
ગૂંગળામણ, (સફોકેશન) *n.* Suffocation. શ્વાસ રૂંધામણ.
ગૂંગળાવવું, (સફોકેટ) *vt.* Suffocate. રૂંધવું.
ગૂંગૂં, *a.* Speaking through the nose. નાકમાંથી બોલતું. (ડમ્બ) *a.* Dumb. મૂંગું.
ગૂંચ,-વણ,-વણી, (એન્ટેંગલમેન્ટ) *n.* Entanglement. આંટીઘૂંટી; મુશ્કેલી; ગંઠાઈ જવું તે.
ગૂંચવવું, (એન્ટેંગલ) *vt.* Entangle. ગૂંચવણમાં [ નાખવું.
ગૂંચવાવું, ગૂંચાવું, *vt.* Be entangled. ગૂંચવણમાં પડવું.

ગૂંછળી,-ળો, (કોઈલ) *n.* Coil. દોરાની આંટી કે ગોળો.
ગૂંજું,ગૂંઝું, ( પોકેટ ) *n.* Pocket. ગજવું.
ગૂંથણ, (નીટીંગ) *n.* Knitting. ગુંથવાનું કામ.
ગૂંથવું, (નીટ) *vt.* Knit. સાંકળવું.
ગૂંદવું, ( પાઉન્ડ ) *vt.* Pound. પગ તળે કચરવું.
ગૂંદું, ( ફ્રુટ) *n.* Fruit. એક જંગલી ફળ
ગૃધ, ગીધ,(વલ્ચર) *n.* Vulture. જંગલી ઘાતકી પક્ષિ.
ગૃહ, હાઉસ. *n.* House. ઘર.
ગૃહકર્મ, –કાર્ય, *n.* Household duties. ઘરનું કામકાજ.
ગૃહપતિ,ગૃહી, ( હાઉસહોલ્ડર ) *n.* Householder. ગૃહસ્થ. Superintendent of a hostal. છાત્રો પર દેખરેખ રાખનાર શિક્ષક.
ગૃહપ્રવેશ, *n.* Ritual entrance. વિધિપૂર્વક ગૃહમાં પ્રવેશ. ( ટ્રેસપાસ ) *n.* Trespass. વિના રજાએ ઘરમાં પ્રવેશ.
ગૃહસચિવ,(હોમ મેમ્બર) *n.* Home member. દેશની આંતરિક વ્યવસ્થા રાખનાર પ્રધાન.
ગૃહસ્થ, (જેન્ટલમેન) *n.* Gentleman. સારો ખાનદાન માણસ.
ગૃહસ્થાશ્રમ, ( મેરીડ લાઇફ ) *n.* Married life. વૈવાહિક જીવન.
ગૃહાંગણ, ( કોર્ટયાર્ડ ) *n.* Courtyard. ઘરનું આંગણું.
ગૃહિણી, *n.* Mistress of the house; wife. ઘરધણિયાણી; પત્નિ.
ગૃહીત, ( એક્સેપ્ટેડ ) *a.* Accepted. ગ્રહણ કરેલું.
ગૃહીતા, (એક્સેપ્ટર) *n.* Acceptor. ગ્રહણ કરનાર.
ગેડ, ( રીપલ ) *n.* Ripple. પડ; સળ.

ગેડી, (સ્ટીક) *n.* Stick. લાકડી.
ગેડીદડો, ( ગેમ ) *n.* Game. એક રમત.
ગેબ,ગેબી, (ઈન્વીઝીબલ) *a.* Invisible. અદૃષ્ય.
ગેય, *a.* That can be sung. ગવાય એવું.
ગેર, A negative prefix, viz : ગેરહાજર, ગેરકાયદેસર વિ.
ગેરઈન્સાફ, (ઇનજસ્ટીસ) *n.* Injustice. અન્યાય.
ગેરઉપયોગ, ( મીસયુઝ ) *n.* Misuse. દુરૂપયોગ.
ગેરકાયદેસર, (અનલોફુલી) *ad.* Unlawfully. કાયદા પ્રમાણે નહી.
ગેરફાયદો, –લાભ, ( લોસ ) *n.* Loss. નુકશાન.
ગેરબંદોબસ્ત, –વહિવટ, ( મીસમેનેજમેન્ટ ) *n.* Mismanagement. અવ્યવસ્થા.
ગેરસુનાસબ,–સુનાસિબ, ( અનફીટ ) *a.* Unfit. [ ગેરવાજબી.
ગેરવર્તણુક, ( મીસબીહેવીયર ) *n.* Misbehaviour. ખોટી વર્તણુક.
ગેરવલ્લે, ( મીસપ્લેસ્ડ ) *ad.* Misplaced. જયાંથી [ ન જડે એવી જગ્યાએ.
ગેરવાજબી, (અનજસ્ટ)*a.*Unjust. ન્યાજબી નહી એવું.
ગેરવાટે, (ઇનપ્રોપર્લી) *ad.* Improperly. આડે રસ્તે.
ગેરશિરસ્તો, (રૉંગ મોડ)*n.*Wrong mode,ખોટી રીત.
ગેરસમજ,–સમજુત,–સમજુતી, (મીસઅંડરસ્ટેન્ડીંગ) *n* Misunderstanding ખોટી સમજ.
ગેરહાજર, (એબસંટ) *a.* Absent.હાજર નહી એવું.
ગેરહાજરી, (એબસંસ) *n.* Absence. હાજર નહી.
ગેરત, *n.* Sense of shame. લાજ; શરમ.

ગેરવવું, ( ફેલ ) *vt.* Fell. પાડવું. [એક રોગ.
ગેરવો,ગેરૂ, *n.* A disease in wheat. ઘઉંમાં થતો
ગેરૂ, (રેડ ચૉક)*n.*Red chalk.એક જાતની લાલ મટોડી.
ગેલ, ( કેરેસીંગ) *n.* Caressing. લાડ.
ગેંઘટ, (ફુલ) *a.* Full. ચકચુર.
ગેંડો,(રીનોસરસ)*n.* Rhinoceros.એક જંગલી જનાવર.
ગેંદ, ( બોલ )*n.*Ball. દડો. [*n.* Sky.આકાશ.
ગો, ( કાઉ ) *n.* Cow.ગાય. *n.* Earth. પૃથ્વી.
ગોકળગાય, (સ્નેલ) *n.* Snail. એક જીવડું; ઇંદ્રગોપ.
ગોકીરો, (અપરોર) *n.* Upoar. શોરબકોર.
ગોકીલ, ( પ્લાઉ) *n.* Plough. હળ.
ગોખ,ગોખલો, (પોર્ટીકો ) *n.* Portico. ઝરૂખો.(નીચ)
*n.* Nitch. ભીંતમાં વસ્તુ મૂકવા માટે રાખેલી જગા.
ગોખણપટ્ટી, ( ક્રેમીંગ ) *n.* Cramming. ગોખવું તે.
ગોખરૂ, (થોર્ન પ્લેન્ટ)*n.* Thorny plant. એક કાંટાળી વનસ્પતિ—તેનાં બીજ.
ગોખવું, (કમીટ ટુ મેમરી)*vt.*Commit to memory. યાદ કરવું. [ ગમ્ય. (પેસ્ચ્યોર) *n.* Pasture. ચરો.
ગોચર, *a.* Perceptible by the senses. ઈંદ્રિય-
ગોચરી, (બેગીંગ) *n.* Begging. ભિક્ષા.
ગોજું, ( ડર્ટી ) *a.* Dirty. ગંદુ. [ ખંડ.
ગોઝાર, *n.* Store room. મુખ્ય ઓરડાની બાજુનો
ગોઝારૂં, (સીનફુલ) *a.* Sinful. પાપી; હત્યારૂં.
ગોટ, (ગલ્પ) *n.* Gulp. ઘૂંટડો. Cloud of smoke. ધુમાડાનો ગોટો. [ covered. ચારે બાજુથી ઓઢીને.

ગોટમોટ, ( કંપલીટલી કવર્ડ ) *ad.* Completely
ગોટલો,-લી, *n.* Large stone in fruit. ફળની અંદરનું કોટલાવાળું બીજ. [ ગોટા ગૂંથેલી કોર.
ગોટાકોર, *a.* Flowered border. ફૂલના ગોટા;
ગોટાવું, *vt.* Be in a whirling condition. ઘૂમાવું.
ગોટાળો, (કન્ફ્યુઝન) *n.* Confusion. અવ્યવસ્થા.
ગોટો, (નોઝગે) *n.* Nosegay. કલગી. (રાઉન્ડ માસ) *n.* Round mass. વાદળા જેવો ગોળો.
ગોઠ, (સીક્રેટ ટોક) *n.* Secret talk. છાની વાત. (પ્લેઝર પાર્ટી ) *n.* Pleasure party. મીજબાની. (ફ્રેંડશીપ) *n.* Friendship. મિત્રતા.
ગોઠડી, (સીક્રેટ ટોક) *n.* Secret talk. છાની વાત.
ગોઠણ, (ની) *n.* Knee. ઢીંચણ. ( ફીમેલ ફ્રેંડ ) *n.* Female friend. સહિયર.
ગોઠવવું, (એરેન્જ) *vt.* Arrange. વ્યવસ્થિત કરવું.
ગોઠવણ,-વણી, (એરેન્જમેન્ટ) *n.* Arrangement.
ગોઠવું, (સ્યુટ) *vt.* Suit. ગમવું. [ગોઠવણ કરવી તે.
ગોઠિયો, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર.
ગોઠિયણ, (ફીમેલ ફ્રેંડ) *n.* Female friend. સખી.
ગોત, ( સર્ચ ) *n.* Search. શોધ; તપાસ.
ગોતવું, (સર્ચ ) *vt.* Search. શોધવું.
ગોતાગોત, *n* Minute search. ખોળંખોળા.
ગોતું, (ડર્ટી) *a.* Dirty. ગંદુ. (ટેસ્ટલેસ) *a.* Tastless. બેસ્વાદ. Refuse. કચરો.
ગોત્ર, (રેસ) *n.* Race. કુલ; વંશ.

**ગોત્રજ**, *a*. Born in the same family. એક જ વંશમાં જન્મેલું. ( ફેમીલી ડાયેટી ) *n*. Family diety. કુળદેવતા.
**ગોત્રી**, *a*. Of the same race. એક જ ગોત્રનું.
**ગોથાટવું**, ( સ્ટ્રાઈક ) *vt*. Strike. ગોથે ગોથે મારવું.
**ગોથાવું**, *vt*. Wander in vain. વ્યર્થ રખડવું.
**ગોથું**, *n*. Vain struggle. નકામાં ફાંફાં.(ડીસેપ્શન) *n*. [Deception. ભૂલથાપ.
**ગોદ**, ( લેપ) *n*. Lap. ખોળો.
**ગોદડું,-ડી**, (ક્વીલ્ટ) *n*. Quilt. પાથરણ.
**ગોદાટવું**, (સ્ટ્રાઇક) *vt*. Strike. ગોદા મારવા; રોકવું.
**ગોદાન, ગૌદાન**, *n*. Alms of a cow. ગાયનું દાન.
**ગોદામ**, (ગોડાઉન) *n*. Godown. વખાર; ગોદી.
**ગોદાવવું**, (રાઉઝ) *vt*. Rouse. સતેજ કરવું.
**ગોદો**, (થ્રસ્ટ) *n*. Thrust. મુક્કો; ઠોંસો.
**ગોદી**, (ડૉક) *n*. Dock. બંદર. [ ટોળું.
**ગોધણ, ગોવૃંદ**, ( કાઉહર્ડ ) *n*. Cow-hard. ગાયોનું
**ગોધો**, ( અનકેસ્ટેરેટેડ બુલ) *n*. Uncastarated bull. આખલો.
**ગોપ, ગોરક્ષક**, (શેફર્ડ) *n*. Shepherd. ગોવાળીયો.
**ગોપકાવ્ય**, (પેસ્ટોરલ પોએમ) *n*. Pastoral poem. ગ્રામજીવન વર્ણવતું કાવ્ય.
**ગોપવવું, ગોપવું**, (હાઈડ) *vt*. Hide. સંતાડવું.
**ગોપાલ,-ક,-ળ**, ( શેફર્ડ )*n*. Shepherd.ગોવાળિયો; કૃષ્ણ. (કીંગ) *n*. King. રાજા.
**ગોપી, ગોપિકા**, (શેફર્ડેસ)*n*. Shepherdess ગોવા-

ળણ; ગોપી. [ જાતની પીળી માટી.
ગોપીચંદન, *n.* Kind of yellow earth. એક
ગોપુર, (પ્રીન્સીપાલ ગેટ) *n.* Principal gate. મુખ્ય
ગોપ્તા, (ગાર્ડીઅન) *n.* Guardian. વાલી. [ દ્વાર.
ગોફ, (ગેમ) *n.* Game. એક રમત.
ગોફણ, (સ્લીંગ) *n.* Sling. પથરા ફેંકવાનું એક સાધન.
ગોબર, (ડંગ) *n.* Dung. છાણ.
ગોબરૂં, (ડર્ટી) *a.* Dirty. ગંદું.
ગોબો, ગોભો, *n.* Depression in a metallic vessel. ધાતુના વાસણમાં પછડાયાથી પડેલો ખાડો.
ગોમાંસ, (બીફ) *n.* Beef. ગાયનું માંસ.
ગોમૂત્ર, ગૌમૂત્ર, (યુરીન ઓફ કાઉ) *n.* Urine of cow. ગાયનું મુતર. [જાતનો હીરો.
ગોમેદ, ( ઓનીક્ષ ) *n.* Onyx. પોખરાજ; એક
ગોર, (ફેમીલી પ્રીસ્ટ) *n.* Family priest. પુરોહિત. Dust of cowdung cakes. છાણાનો ભૂકો. (થૉટ)*n.* Thought. વિચાર; મનન.
ગોરક્ષક, (શેફર્ડ)*n.* Shepherd. ગોવાળ.
ગોરખ, *a.* & *n.* One restraining his senses of the body. ઈંદ્રિયો કબજે રાખનાર. Sect of sadhus. સાધુઓનો એક પ્રકાર.
ગોરજ, (ડસ્ક)*n.* Dusk. સમી સાંજ. [ સાંજનું લગ્ન.
ગોરજલગ્ન, *n.* Marriage at dusk time. સમી
ગોરજી, (જૈન પ્રીસ્ટ) *n.* Jain priest. જૈન સાધુ.
ગોરટિયું, (વ્હાઇટ) *a.* White. ગોરૂં.

ગોરમા, *n.* Goddess worshipped by young unmarried girls. કુંવારી કન્યાઓનું એક વ્રત.

ગોરસ, ( મીલ્ક ) *n.* Milk. દૂધ. (વ્હેય) *n.* Whey. છાશ; દહીં. [ વિ.ને લગતું શાસ્ત્ર.

ગોરસશાસ્ત્ર, ( ડેરીંગ ) *n.* Dairying. દૂધ, દહીં

ગોરસી, *n.* Vessel for holding milk etc. દહીં-દૂધ માટેનું પાત્ર. [ sandy. પોચી ને રેતાળ-જમીન.

ગોરાટ, ગોરાડું, (લાઇટ એન્ડ સેંડી) *a.&n.* Light and

ગોરિયો, (કાફ) *n.* Calf. વાછડો.

ગોરીલો, (ગોરીલા) *n.* Gorilla. એક જાતનો વાંદરો.

ગોરૂં, ગૌર, (વ્હાઇટ) *a.* White. સફેદ.

ગોરો, (ફોરીનર) *n.* Foreigner. પરદેશી. (યુરોપિયન) *n.* European. યુરોપનો વતની.

ગોલ, (રાઉન્ડ) *a.* Round. ગોળ.

ગોલીય, (સ્ફેરીકલ) *a.* Spherical. ગોળ જેવું.

ગોલક, (મની-બોક્ષ) *n.* Money-box. ગલ્લો.

ગોલમાલ, (ડીઝોર્ડર) *n.* Disorder. અવ્યવસ્થા.

ગોલંદાજ, (ગનર) *n.* Gunner. તોપચી.

ગોલો, *n.* Servant in the harem. જનાનખાનાનો નોકર. Knave in a pack of cards. ગંજીફાનું એક પત્તું. Rice-beater. ચોખા ખાંડનારી જાત.

ગોલોક, *n.* Residence of Vishnu. વિષ્ણુનું નિવાસ-

ગોલ્લો, ગોરિયો, (કાફ) *n.* Calf. વાછડો. [ સ્થાન

ગોવર્ધનધર, -ધારી, *n.* Krishna. કૃષ્ણ.

ગોવંશ, (ઓક્ષ) *n.* Ox. બળદ.

ગોવાળ,-ળિયો,-ળો, ( શેફર્ડ ) *n.* Shepherd. ઢોર
ગોશ્ત, ગોસ્ત, (ફ્લેશ) *n.* Flesh. માંસ. [ ચરાવનારો
ગોષ્ઠિ, ગોષ્ઠી, (કોનવરશેશન)*n.* Conversation. વાતચીત; ખાનગી વાતચીત.
ગોળ, ( રાઉન્ડ ) *a.* Round. વર્તુલના આકારનું. *n.* Limited body. નાતીલાઓનું જુથ. [ સ્પષ્ટ;ઉડાઉ.
ગોળગોળ, ( એમ્બીગ્યુઅસ ) *a.* Ambiguous. અ-
ગોળમટોળ, (પલ્પી) *a.* Pulpy. હૃષ્ટપુષ્ટ.
ગોળાઇ, (રોટૅંડીટી) *n.* Rotundity. ગોળપણું.
ગોળાકાર, (સરક્યુલર) *a.* & *n.* Circular. ગોળ.
ગોળાર્ધ, (સ્ફીઅર) *n.* Sphere. અર્ધગોળ; પૃથ્વીનો અર્ધો ગોળો. [ બનાવાતું એક ખાદ્ય.
ગૉળ, ( જૅગરી )*n.* Jaggery. શેરડીના રસને ઉકાળીને
ગોળી, (પીલ) *n.* Pill. ગોળ ટીકડી. ( કાર્ટરીજ ) *n.* Cartridge. બંદુકમાં ભરવાની ગોળી. Earthen pot for water. પાણી ભરવાનું માટીનું વાસણ. (ટેસ્ટીકલ) *n.* Testicle. અંડકોષ.
ગોળીબાર, (શુટીંગ) *n.* Shooting. બંદુક કે પીસ્તોલમાંથી ગોળી છોડવી તે. [ease. પેટનો વાયુનો એક રોગ.
ગોળો, (ગ્લોબ) *n.* Globe. પિંડો. (ડીસીઝ) *n.* Dis-
ગોંદરૂં,ગોંદરો,ગાંદરૂં,(આઉટસ્કર્ટ)*n.* Outskrit. પાદર.
ગોંધવું, (કનફાઇન) *vt.* Confine. બંધ જગામાં પૂરવું.
ગૌ, (કાઉ) *n.* Cow. ગાય.
ગૌચર, (પેસ્ચ્યોર) *n.* Pasture. ચરો.
ગૌડમલાર,-સારંગ, ગૌડી, (ટ્યુન)*n.* Tune. રાગ.

ગૌણ, (સેકંડરી) *n.* Secondary. મુખ્ય નહિ એવું.
ગૌતમ, *n.* Lord Buddha. ભગવાન બુદ્ધ.
ગૌર, (વ્હાઇટ) *a.* White. ગોરું. [ રંગનું.
ગૌરવર્ણ, (વ્હાઇટ કલર્ડ) *a.* White coloured. ગોરા
ગૌરાંગ, ( વ્હાઇટ બોડીડ ) *a.* White bodied. ગોરા
અંગવાળું. (યુરોપીયન)*n.* European. યુરોપનો વતની.
ગૌરાંગી, *n.* European woman. યુરોપીયન સ્ત્રી. (વુમન)
*n.* Woman. સ્ત્રી. [ Respect. આદર.
ગૌરવ, ( ગ્રેવીટી )*n.* Gravity. મહત્તા.( રીસ્પેક્ટ ) *n.*
ગૌરવશાલી,-શાળી,*a.* Deserving respect. ગૌરવવાળું.
ગૌરી, ( વર્જીન ) *n.* Virgin. કુમારિકા. ( ટ્યુન ) *n.*
ગૌરીજ, (માયકા) *n.* Mica. અબરખ. [ Tune. રાગ.
ગૌરીશીખર,-શંકર, *n.* Mount Everest. એવરેસ્ટ;
હિમાલયનું સૌથી ઊંચું શીખર.
ગ્યાસતેલ,(કેરોસીન ઓઇલ)*n.* Kerosine oil. ઘાસતેલ.
ગ્રથવું, (વીવ) *vt.* Weave. ગુંથવું. ( કમ્પોઝ ) *vt.*
Compose. રચવું. [ Swallow. ગળી જવું.
ગ્રસવું, (કેચ ) *vt.* Catch. પકડવું. (સ્વોલો) *vt.*
ગ્રસ્ત, (એફ્લીક્ટેડ) *a.* Afflicted. જકડાએલું.
ગ્રહ, (પ્લેનેટ) *n.* Planet. સૂર્ય, ચંદ્ર, વિ. નવ ગ્રહોમાં-
નો એક. (ઇક્લીપ્સ) *n.* Eclipse. ગ્રહણ.
ગ્રહણ, (સીઝર) *n.* Seizure. પકડવું તે. (ઇક્લીપ્સ) *n.*
Eclipse. સૂર્ય અને પૃથ્વી વચ્ચે ચંદ્ર આવવાથી કે સૂર્ય
અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવવાથી, સૂર્ય ને ચંદ્રનું ઘેરાવું તે.
ગ્રહણશીલ, (રીસેપ્ટીવ) *a.* Receptive. ગ્રહણ કરવાની

ગ્રહનિરીક્ષણશાળા, *n.* Observatory. ગ્રહોનું નિરી-
ગ્રહમંડળ, *n.* Planatery system. ગ્રહમાળા.
ગ્રહરાજ, ગ્રહેશ, (સન) *n.* Sun. સૂર્ય.
ગ્રહવું, (સીઝ) *vt.* Seize. પકડવું. (અંડરસ્ટેન્ડ) *vt.*
ગ્રંથ, (બુક) *n.* Book. પુસ્તક. [Understand. સમજવું.
ગ્રંથકર્તા,-કાર, (ઑથર) *n.* Author. પુસ્તક રચનાર.
ગ્રંથકર્તી, (ઑથોરેસ) *n.* Authoress. સ્ત્રી ગ્રંથકર્તા.
ગ્રંથપાલ,-પાળ, (લાઇબ્રેરીયન) *n.* Librarian. પુસ્ત-
કાલયનો અધિકારી.
ગ્રંથમાળા, *n.* Series ( of books ). ગ્રંથોની માળા.
ગ્રંથાવલોકન, *n.* Review of books. પુસ્તકાવલોકન.
ગ્રંથિ, (નોટ) *n.* Knot. ગાંઠ. (જોઇન્ટ) *n.* Joint. સાંધો.
ગ્રામ, (વીલેજ) *n.* Village. ગામ; ગામડું.
ગ્રામસુધાર,-સુધારણા, *n.* Rural reconstruction.
ગામડાં સુધારવાની પ્રવૃત્તિ.
ગ્રામીણ, ( રસ્ટીક ) *a.* Rustic. ગામડિયું; ગામડાને
લગતું. (વીલેજર) *n.* Village. ગામડિયો.
ગ્રામ્ય, *a.* Relating to a village. ગામડાંને લગતું.
ગ્રાવા, (સ્ટોન) *n* Stone. પત્થર.
ગ્રાવીય, (લીથીયમ) *n.* Lithium. એક ધાતુ.
ગ્રાસ, (મોર્સલ) *n.* Morsel. કોળિયો. [gator. મગર.
ગ્રાહ, (સીઝીંગ) *n.* Seizing. પકડ. (એલીગેટર) *n.* Alli-
ગ્રાહક, (કસ્ટમર) *n.* Customer. ઘરાક. (રીસેપ્ટીવ) *a.*
Receptive. ગ્રહણ કરનારું.

ગ્રાહી, *n.* Suffix. પ્રત્યય છે, જેમકે: ગુણગ્રાહી.
ગ્રાહ્ય, ( એકસેપ્ટેબલ ) *a.* Acceptable. ગ્રહણ કરવા
ગ્રીવા, (નેક) *n.* Neck. ગરદન; ડોક. [ યોગ્ય.
ગ્રીષ્મ, (સમર) *n.* Summer. ગરમીની મોસમ.
ગ્લાન, (ડીપ્રેસ્ડ) *a.* Depressed. ખિન્ન; થાકેલું.
ગ્લાનિ, ( ડીપ્રેસંન) *n.* Depression. ખિન્નતા.
ગ્વાલ, ગ્વાળ, ( શેફર્ડ ) *n.* Shepherd. ગોવાળ.

---

## ઘ

ઘ, The fourth consonant of the guttural class. કંઠસ્થાની ચોથો વ્યંજન.
ઘઉં, ( વ્હીટ ) *n.* Wheat. એક અનાજ.
ઘઉંવર્ણું, *a.* Of a wheaten colour. ઘઉં જેવા
ઘઘરણું, (રીમેરેજ)*n.* Remarriage. નાતરૂં. [ રંગનું.
ઘચડવું,ઘચરડવું, (રૉક) *vt.* Rock. હીંચોળવું.
ઘચરકું, (બેલ્ચીંગ) *n.* Belching. ગચરકો. [ઘૂંચવાડો.
ઘચૂમલો,( ઓવરક્રાઉડીંગ )*n.* Overcrowding. જૂથ;
ઘટ, (લોસ) *n.* Loss. ખોટ. (ડીક્રીઝ) *n.* Decrease. ઘટાડો. (પોટ) *n.* Pot.ઘડો. (બૉડી)*n.* Body. શરીર. (માઈન્ડ) *n.* Mind. મન.
ઘટક, ( યુનિટ ) *n.* Unit. વસ્તુનો અંગભૂત અવયવ. ( કોન્સ્ટીટ્યુઅંટ) *a.* Constituent. યોજનારૂં. ( ઇગરલી) *ad.* Eagerly. એકદમ.
ઘટના, (ઈન્સીડંટ) *n.* Incident. બનાવ.

ઘટમાળ, (રૂટીન) *n.* Routine. ક્રમ; પ્રણાલી.
ઘટવું, (ડીક્રીઝ) *vt.* Decrease. ઓછું થવું.(મેરીટ) *vt.* Merit. યોગ્ય હોવું. [ભેદ. Final settlement.તોડ.
ઘટસ્ફોટ,*n* Making known a secret. છુપી વાતનો
ઘટતું, (સ્યુટેબલ) *a* Suitable. યોગ્ય. Decreasing.
ઘટા,(એસેમ્બ્લેજ)*n.*Assemblage. જમાવ;જુથ. [ખૂટતું.
ઘટાટોપ,*n.* Spreading diffusely.ચારે બાજુ ઢંકાઇ જાય તેવી ઘટા.
ઘટાડવું, ( રીડ્યુસ ) *vt.* Reduce. ઓછું કરવું.
ઘટાડો, ( રીડક્શન) *n.* Reduction. ઓછપ.
ઘટાવવું, ( ફીટ ) *vt.* Fit. બેસતું કરવું.
ઘટિત, ઘટારત, (બીકમીંગ) *a.* Becoming. યોગ્ય.
ઘડી, -કા,*n.*Period of 24 minutes. ૨૪ મીનીટનો
ઘડીકાયંત્ર, ( વોચ ) *n.* Watch. ઘડિઆળ. [ સમય.
ઘટ્ટ, ( ડેન્સ ) *a.* Dense. ઘાટું; ઘાડું.
ઘડતર, (મેન્યુફેકર) *n.* Manufacture. ઘડામણ.
ઘડપણ,ઘરડાપો, (ઓલ્ડ એજ)*n.*Old age.વૃદ્ધાવસ્થા.
ઘડભાંજ, -મથલ, (ઓપોઝીંગ થોટસ) *n.* Opposing thoughts. વિચારોનું ડામાડોલપણું.
ઘડવું, ( ફોર્જ ) *vt.* Forge.બનાવવું; આકાર આપવો.
ઘડાયલું, ( એક્ષપીરીયંસ્ડ)*a.* Experienced. અનુભવથી પાકું થયેલું.
ઘડિયાળ, (વોચ) *n.* Watch. વખત જણાવનારું યંત્ર.
ઘડિયાળી,*n.*Watch-repairer.ઘડિયાળો દુરસ્તકરનાર.
ઘડિયો, *n.* Mulplication table. આંકનો પાડો.

**ઘડી,** *n.* Period of 24 minutes. ૨૪ મીનીટનો સમય. (ઓપોરચ્યુનીટી)*n.* Opportunity. તક;પ્રસંગ.
**ઘડીઘડી,** (ઓફ્‌ન) *ad.* Often. વારંવાર.
**ઘડો,ઘડુલો,** (સ્મોલ વોટર-પોટ)*n.* Small water-pot. માટીનું પાણી ભરવાનું નાનું પાત્ર. [ ભારે હથોડો.
**ઘણ,** ( લાર્જ હેમર ) *n.* Large hammer. મોટો
**ઘણું,** (પ્લેન્ટી) *a.* Plenty. ખૂબ; પુષ્કળ. [ મોટેભાગે.
**ઘણુંકરીને,-ખરૂં,** ( મોસ્ટલી ) *ad.* Mostly. બહુધા;
**ઘન,** (સોલીડ)*a.* & *n.* Solid. નક્કર.(ડેન્સ)*a.* Dense. ઘીચ. ( ક્યુબિક ) *a.* Cubic. લંબાઈ, પહોળાઇ અને ઊંચાઈવાળું. (ક્લાઉડ)*n.* Cloud. વાદળું.
**ઘનઘોર,** ( વેરી ડાર્ક ) *a.* Very dark. ગાઢું.
**ઘનફળ,**(વોલ્યુમ) *n.* Volume. વસ્તુના કદનું માપ.
**ઘનભૂમિતિ,** *n.* Solid geometry.
**ઘનમાપ,-માન,***n.* Cubic measure. લંબાઇ,ઊંચાઇને પહોળાઇનું એકત્ર માપ. [ શ્યામ. *n.* Krishna.કૃષ્ણ.
**ઘનશ્યામ,** *a.* As dark as cloud. વાદળાં જેવું;
**ઘનિષ્ઠ,** (ઈન્ટીમેટ) *a.* Intimate. ઘણું ગાઢ.
**ઘમકવું,** *vt.* Make a rumbling sound. ઘમઘમ
**ઘમવું,** (બીટ) *vt.* Beat. મારવું. [ અવાજ થવો.
**ઘમસાણ,** (અપરોર) *n.* Uproar. તોફાન.
**ઘમંડ,**(ફોલ્સ શો)*n.* False show.ખોટો ડોળ (ઍરોગંસ) *n.* Arrogance. અભિમાન.
**ઘમંડી,** (પ્રાઉડ) *a.* Proud. અભિમાની.
**ઘર,** ( હાઉસ ) *n.* House. રહેવાનું ઠેકાણું. ( હોમ )*n.*

Home. નિવાસસ્થાન. ( ફેમીલી ) *n*. Family.કુટુંબ.
ઘરખટલો,–સંસાર, *n*. Household affairs. ઘરવાખરો; સંસારવહેવારનું કામકાજ.
ઘરખૂણે,–મેળે, (પ્રાઇવેટલી)*ad*. Privately. ખાનગીમાં.
ઘરગતુ,–ગથુ,–ઘરાઉ, ( પ્રાઇવેટ )*a*. Private. ખાનગી; અંદરઅંદરનું.
ઘરગવું, ( રીમેરી ) *vt*. Remarry. નાતરૂ કરવું.
ઘરડું, *a*. Advance in years. વૃદ્ધ. (ઓલ્ડ)*a*.Old.
ઘરપ્રવેશ,–જુઓ 'ગૃહપ્રવેશ.' [ જુદું.
ઘરબાર, ( ફેમીલી )*n*. Family. કુટુંબકબીલો. House and its appurtenances. ઘર-રાચરચીલું;માલમિલ્કત
ઘરભાડું,(હાઉસ રૈન્ટ)*n*.House-rent.ઘરનું ભાડું.[વિ.
ઘરવખરો,–વખરી, *n*. Household chattle. ઘરને લગતો બધો સામાન. [ ઘર જેવો સંબંધ.
ઘરવટ,ઘરોબો,(ક્લોઝ કનેક્શન)*n*.Close connection.
ઘરવેરો,(હાઉસ ટેક્ષ)*n*.House tax.ઘર ઉપર લેવાતો કર.
ઘરણ, ( ઈક્લીપ્સ )*n*.Eclipse. સૂર્ય, ચંદ્રનું ગ્રહણ.
ઘરાક, ( કસ્ટમર ) *n*. Customer. ખરીદનાર.
ઘરાકી, ( સેલ ) *n*. Sale. વેચાણ; ખપત.
ઘરેડ, ( કાર્ટ રોડ) *n*. Cart road. ગાડાચીલો–માર્ગ.
ઘરેડી, ( પુલી ) *n*. Pulley. ગરગડી.
ઘરેડો,–ડી, ( ડેથ-રૈટલ )*n*.Death-rattle. મરતી વખતના શ્વાસમાંથી થતો અવાજ. [રૂપાની કિંમતી વસ્તુ.
ઘરેણું, ( ઓર્નામેન્ટ ) *n*.Ornament. પહેરવાની સોના-
ઘરેણે, (મોર્ટગેજ્ડ્)*a*. Mortgaged. ગીરો મૂકેલું.

ઘર્ષ,ઘર્ષણ, ( ફ્રીકશન ) *n.* Friction.ઘસારો. (કવોરલ) *n.* Quarrel. તકરાર.
ઘચડવું, ( સ્કેચ )*vt.* Scratch. ખણવું; જોરથી વલૂરવું.
ઘવાવું, ( બી વુન્ડેડ ) *vt.* Be wounded.ઘાયલ થવું.
ઘસઘસાટ, ( સાઉન્ડલી) *ad.* Soundly. ગાઢ રીતે.
ઘસડવું, ( ડ્રેગ )*vt.* Drag. ઢસરડાતું ખેંચવું.
ઘસરકો,-ડો, ( સ્ક્રેચ )*n.* Scratch. કાપો; ખાંપો.
ઘસવું, ( રબ )*vt.*Rub. જોરથી દાબી આમતેમ ખેંચવું; ચોળવું.
ઘસારો, (વેસ્ટેજ)*n.*Wastage. ઘસાવાથી લાગતી ખોટ.
ઘંટ, ઘંટા, ( બેલ )*n.* Bell. ધાતુની વગાડવાની વસ્તુ.
ઘંટડી, (સ્મોલ બેલ) *n.* Small bell. નાનો ઘંટ.
ઘંટાકાર, *a.* Bell shaped. ઘંટાના આકારનું.
ઘંટાઘર, ( ટાવર ) *n.* Tower. જાહેર ઉપયોગ માટે રખાતી મોટી ઘડિયાળનું ઘર.
ઘંટાપથ, ( મેન રોડ )*n.* Main road. રાજમાર્ગ.
ઘંટારવ, *n.* Sound of a bell. ઘંટનો અવાજ.
ઘંટી,(ગ્રાઈન્ડીંગ મીલ)*n.*Grinding mill.દળવાનું સાધન.
ઘંટીચોર, ( કલેવર થીફ )*n.*Clever thief.ચાલાક ચોર.
ઘા,ઘાવ, ( વુન્ડ ) *n.* Wound. જખમ; કાપ. ( સ્ટ્રોક ) *n.* Stroke. ઝટકો. ( કવાયર ઓફ પેપર ) *n.* Quire of paper. ૨૪ કાગળનો જથો.
ઘાઈ, ( હેસ્ટ ) *n.* Haste. ઉતાવળ; દોડાદોડ.
ઘાઘરો, ( પેટીકોટ )*n.* Petticoat. ચણિયો.
ઘાટ, ( શેપ ) *n.* Shape. આકાર. (વ્હાર્ફ)*n.* Wharf,

ઓવારો. Mountain pass. પહાડી રસ્તો. ( ઓપોરચ્યુનીટી ) *n.* Opportunity. તક.

ઘાટદાર, (બ્યુટીફુલ ) *a.* Beautiful. સુંદર.

ઘાટડી, *n.* White-specked red cloth worn by girls at the time of marriage. ચૂંદડી; ગાતડી.

ઘાટી, ( મેલ સર્વન્ટ )*n.* Male servant. નોકર.

ઘાડવો, ( અર્થન વેસલ )*n.* Earthen vessel.ગોળ વિ.

ઘાડ, ઘાડું, (થીક) *a.* Thick. ઘટાદાર.[ભરવાનું માટલું.

ઘાણ, ( ક્વોન્ટીટી )*n.* Quantity. અમુક જથો. (ડીસ્ટ્રક્શન ) *n.* Destruction.સંહાર. Bad smell.બદબો.

ઘાણી, ( ઓઇલ મીલ ) *n.* Oil mill. તેલી બી પીલવાનું યંત્ર.

ઘાત, ( મર્ડર ) *n.* Murder. ખૂન; નાશ.

ઘાતક, ( ડીસ્ટ્રક્ટીવ ) *a.* Destructive. પ્રાણ લે એવું.

ઘાતકી, (પીટીલેસ) *a.* Pitiless. ક્રૂર.

ઘામ, (વોર્મ્થ)*n.* Warmth. તાપ; ઉકળાટ. (સ્વેટ) *n.* Sweat. પસીનો.

ઘાયલ, ( વુન્ડેડ ) *a.* Wounded. જખમી.

ઘારણ, (સાઉન્ડ સ્લીપ ) *n.* Sound sleep. ઘોર નિદ્રા.

ઘારી, *n.* A sweet. એક મીઠાઈ.

ઘાલ, ( રો ) *n.* Row. હાર. Loss. ખોટ.

ઘાલખાદ,-ખાધ, ( લોસ ) *n.* Loss. નુકસાન.

ઘાલમેલ, ( ફસ ) *n.* Fuss. ધાંધલ. ( ઈંટરીગ ) *n.* Intrigue. પ્રપંચ.

ઘાલવું, ( થ્રસ્ટ ઈન્ટુ )*vt.* Thrust into. અંદર નાખવું. ( વેર ) *vt.* Wear. પહેરવું.

ઘાસ, ( ફોડર ) *n.* Fodder. ચારો; ખડ.

ઘાસતેલ,-લેટ, ( કેરોસીન ઓઇલ )*n.* Kerosine oil. ગ્યાસતેલ.

ઘાસિયો, *n.* Woolen covering on the saddle of horse. સાથરો; ઘોડા પર જીન નાખવાની કામળ.
ઘાંઘરડવું, ( બેલો ) *vt.* Bellow. ભાંભરવું.
ઘાંઘું, ( હેસ્ટી ) *a.* Hasty. ઉતાવળું; ગભરાયલું.
ઘાંચ, ( ઓબસ્ટેકલ ) *n.* Obstracle. ગૂંચ; મુશ્કેલી.
( રટ ) *n.* Rut. ખાડો.
ઘાંચી, *n.* One who deals in oil. તેલ વેચનારો.
ઘાંટી, ( ક્રીટીકલ જંક્ચર ) *n.* Critical juncture. બારીક સમય. ( વોઈસ ) *n.* Voice. અવાજ.
ઘાંટો, ( નોઈઝ ) *n.* Noise. સાદ.
ઘાંટાઘાટ, *n.* Uproar. બૂમાબૂમ.
ઘી,( કલેરીફાઈડ બટર)*n.* Clarified butter. ઘૃત; તૂપ.
ઘીયો, *n.* Ghee-seller. ઘી વેચનારો.
ઘીચ, ( ડેન્સ ) *a.* Dense. ગીચ.
ઘુઘવાટ,-ટો, ( રોર ) *vt.* Roar. ગર્જના.
ઘુમડવું,-રડવું, ( એજીટેટ ) *vt.* Agitate. ગોળગોળ [ ફેરવવું.
ઘુમરાઈ, (પ્રાઇડ) *n.* Pride.ગર્વ.
ઘુમાવવું, *vt.* Turn in a circle. ગોળગોળ ફેરવવું.
ઘુમ્મો, ( બ્લો ) *n.* Blow. મુક્કો; ધીબ્બો.
ઘુરકિયું, (ગ્રાઉલ) *a.* Growl.છાંછિયું; ઘૂરકવાનો અવાજ.
ઘુરવું,-ઘુરકવું, *vt.* Bark. ભસવું.
ઘુવડ, (આઉલ)*n* Owl. રાત્રે જ દેખી શકતું એક પક્ષી.
ઘુસણિયું, (ઈન્ટ્રુડીંગ) *a.* & *n.* Intruding. ગમેતેમ કરીને ઘૂસનારૂં. [ચુપ ધીમી વાતો કરવી તે.
ઘુસપુસ, ( ઇન વ્હીસ્પર્સ ) *ad.* In whispers. ચુપ-

ઘુસાડવું, (થરસ્ટ ઇન) *n.* Thrust in. પેસાડવું.
ઘુમટ, ઘુંમટ, (ડોમ) *n.* Dome. ગુંબજ.
ઘૂઘરી,-રો, *n.* Small bell. નાની ખણખણતી ગોળી.
ઘૂણિયો, *n.* Water-pot. દેગડો.
ઘૂમ, ઘેઘૂર, (ઈનટોક્ષીકેટેડ) *ad.* Intoxicated. નશામાં ચકચૂર. Absorbed in. લીન.
ઘૂમટો, (કવરીંગ) *n.* Covering. ઘૂંઘટ.
ઘૂમરી, *n.* Rolling. વમળ; ભમરો.
ઘૂમવું, (રીવોલ્વ) *vt.* Revolve. ગોળગોળ ફરવું. (વોન્ડર)*vt.*Wander.રઝળવું.
ઘૂસ, (રેટ)*n.* Rat. ઉંદર.
ઘૂસવું, (એન્ટર) *vt.* Enter. દાખલ થવું.
ઘૂંઘટ,-ટો, *n.* Mouth veil. સ્ત્રીઓ મોં પર કપડું ઢાંકે છે તે.
ઘૂંટ, -ડો, (ડ્રોટ) *n.* Draught. ઘૂંટડો.
ઘૂંટણ, (ની) *n.* Knee. ઢીંચણ.
ઘૂંટવું, (પલ્વરાઈઝ) *vt.* Pulverize. લસોટવું; પીસવું.
ઘૃણા, (ડીસગસ્ટ) *n.* Disgust. તીરસ્કાર.
ઘૃત, (ધી) *n.* Ghee. ઘી.
ઘેટું, (શીપ) *n.* Sheep. જેના શરીર ઉપર ઉન થાય છે તે પ્રાણી.
ઘેન, (ડ્રાઝીનેસ) *n.* Drousiness. નશો; કેફ.
ઘેબર, *n.* Sweet. એક મીઠાઈ.
ઘેર, (ક્રાઉડ) *n.* Crowd. સમુહ; ટોળી. (એટ હોમ)*ad.* At home. ઘરમાં; ઘરતરફ.
ઘેરાવ,-વો, (સરકમફ્રેંસ)*n.* Circumference. પરિઘ; ચારે તરફનો વિસ્તાર.
ઘેરવું, (સરાઉન્ડ) *vt.* Surround. ચારે તરફ [વિંટળાઈ વળવું.

ઘેરૂં, (ડીપલી કલર્ડ) *ad.* Deeply coloured. પાકું
ઘેરો, (સીજ)*n.* Seige. ઘેરી લેવું તે. [રંગેલું.
ઘેલું, (ક્રેઝી) *a.* & *n.* Crazy. ગાંડું. [Whim. ધૂન.
ઘેલછા, (ક્રેઝીનેસ) *n.* Craziness. ગાંડપણ. (વ્હીમ) *n.*
ઘેંશ, ઘેંસ, *n.* A preparation of flour and whey. ભરડકું-એક ખાવાની વાનગી. [ઝેરી જનાવર.
ઘો, (ઈગ્વાના) *n.* Iguana. ગરોળી જેવું એક
ઘોઘર, (વાઇલ્ડ કેટ) *n.* Wild cat. જંગલી બીલાડો.
ઘોચવું, ઘોંચવું, (પીયર્સ) *vt.* Pierce. ભોંકવું.
ઘોંચપરોણો, *n.* Continuous poking. વારંવાર
ઘોટ, (ગલ્પ) *vt.* Gulp. ઘુંટડો. [ભોંકવું તે.
ઘોટક, (હોર્સ) *n.* Horse. ઘોડો.
ઘોડદોડ, (હોર્સરેસ) *n.* Horse race. ઘોડાઓની દોડવાની હરીફાઈ. Race course. તે માટેનું મેદાન.
ઘોડાગાડી *n.*Horse carriage.ઘોડાવડે ખેંચાતી ગાડી.
ઘોડાપૂર, *n.* & *ad.* Sudden flood. એકદમ આવી
ઘોડાર, (સ્ટેબલ) *n.* Stable. તબેલો. [ચડતું પૂર.
ઘોડાવજ,*n.*Herb દવાના કામમાં આવતી એક વનસ્પતી.
ઘોડિયાટ, *n.* A triangular prop erected to support the beam. જેના પર મોભ મૂકાય છે તે
ઘોડિયું, (ક્રેડલ) *n.* Cradle. પારણું. [આડસર.
ઘોડિયાખાતું, ( ક્રેશ ) *n.* Creche. મોટા કારખાનામાં કામ કરતી સ્ત્રીઓનાં બાળકો રાખવા માટેનું ખાતું.
ઘોડે, (લાઇકવાઈઝ્ ) *ad.* Likewise. પેઠે.
ઘોડો, (હોર્સ) *n.* Horse. અશ્વ; સ્વારીનું પશુ. (ફ્રેમ)*n.*

Frame. ચોકઠું. [ rible. ભયાનક.
ઘોર, ( ગ્રેવ ) *n.* Grave. કબર. (હોરીબલ ) *a.* Hor-
ઘોરણ,(સ્નોરીંગ)*n.*Snoring.નસકોરાં બોલાવી ઉંઘવું તે.
ઘોરવું, (સ્નોર) *vt.* Snore. નસકોરાં બોલાવી ઉંઘવું.
ઘોરંભો,*n.*Collection of clouds.વાદળાં ચડી આવવાં.
ઘોષ,-ણ,-ણા, (સાઉન્ડ) *n.* Sound. અવાજ. (પ્રોક-
લેમેશન) *n.* Proclamation. ઢંઢેરો. [ ધુમડવું.
ઘોળવું, ( શેક એબાઉટ ) *vt.* Shake about. જોરથી
ઘોળાઘોળ, (સસપેન્સ) *n.* Suspense. અનિશ્ચિતતા.
ઘોંઘાટ, (અપરોર) *n.* Uproar. શોરબકોર.
ઘ્ન, *a.* Suffix. પ્રત્યય છે, જેમકે : કૃતઘ્ન; શત્રુઘ્ન.
ઘ્રાણ, (સ્મેલ) *n.* Smell. વાસ.
ઘ્રાણેંદ્રિય, (નોઝ) *n.* Nose. નાક.

---

ઙ

( આ વ્યંજનથી શરૂ થતો એક પણ શબ્દ નથી.)

---

ચ

ચ, Sixth letter, and first consonant of the palatal class. મૂળાક્ષરનો છઠ્ઠો અક્ષર, અને તાલુસ્થાની પહેલો વ્યંજન. (એન્ડ) *conj.* And..અને; વળી.
ચક, (કર્ટન) *n.* Curtain. પડદો.
ચકચકવું, (શાઈન) *vt.* Shine. ઝળકવું;ચળકાટ મારવો.
ચકચકાટ, (બ્રીલીયંસ) *n.* Brilliance. ઝળકાટ.

ચકચકિત, (બ્રાઈટ) *a.* Bright. ચળકતું. (ક્લીન) *a.* Clean. સ્વચ્છ. [ Absorbed in. તલ્લીન.
ચકચૂર, (ડેડ ડ્રંક) *a.* Dead drunk. કેફમાં મસ્ત.
ચકડોળ,ચગદોળ, (મેરી–ગો–રાઉન્ડ)*n.* Merry-go-round.પારણા જેવી ડોળીમાં બેસીને ગોળ ફરવાનો ફાળકો.
ચકતી, ચકતું,(રાઉન્ડ સ્લાઇસ)*n.* Round slice. નાની
ચકભિલ્લુ,(ગેમ)*n.* Game. એક રમત [ચપટી ગોળ તકતી.
ચકમક, (મીનરલ)*n.* Mineral. એક પત્થર જે ઘસવાથી તેમાંથી તણખા ઝરે છે. (સ્પાર્ક) *n.* Spark. તણખો.
ચકરચકર, *ad.* Round and round. ગોળગોળ.
ચકરડી,–ડું, (ટોય) *n.* Toy. રમકડું. (વ્હર્લપૂલ) *n.* Whirlpool. કૂંડાળુ; ચકરી.
ચકરવકર, (અનકોન્શ્યસ) *a.* Unconscious. બેહોશ.
ચકરાવો, (સરકમફરન્સ) *n.* Circumference. પરિઘ. Long turn. ફેરાવો. [-નેસ)*n.* Giddiness. ફેર;તમ્મર.
ચકરી, (સરક્યુલર) *a.* Circular. ગોળ આકારનું.(ગીડી-
ચકલી,–લું,–લો, (સ્પેરો ) *n.* Sparrow. એક પંખી. ( વોટરકોક ) *n.* Watercock. પાણીનો નળ.
ચકલું, (સ્મોલ માર્કેટ) *n.*Small market. નાનું બજાર. Spot where four roads meet. જ્યાં ચાર રસ્તા મળતા હોય તેવી જગા. [ચકવાક; એક પંખી.
ચકવો, ( મેલ રૂડી ગુઝ ) *n.* Male rudy goose.
ચકળવકળ,–વિકળ, ( એજીટેટેડ ) *ad.* Agitated. આકુળવ્યાકુળ. [ પેટ ભરીને.
ચકાચક, ( એબન્ડંટલી ) *ad.* Abundantly. ખૂબ;

ચકામું, -ચું, *n.* Round sore on skin. ચામડી પર પડેલું ચાંદુ કે ચાઠું.

ચકાસવું, (ટેસ્ટ) *vt.* Test. તપાસીને જોવું.

ચકિત, (એસ્ટોનીશ્ડ) *a.* Astonished. છક થઈ ગયેલું.

ચકોર, (એલર્ટ) *a.* Alert. ચાલાક. (પાટ્રીજ) *n.* Partridge. એક પક્ષી.

ચક્કર, (ક્રેઝી) *a.* Crazy. ગાંડું; ચસકેલું. (વ્હીલ) *n.* Wheel. પૈડું. Giddiness. તમ્મર.

ચક્કુ, (પેનનાઈફ) *n.* Penknife. ચાકુ; ચપ્પુ.

ચક્ર, (વ્હીલ) *n.* Wheel. પૈડું. Sharp circular missile weapon. ધારવાળું એક હથીયાર. Circle. કૂંડાળું. (રીલ્મ)*n.* Realm. ઘણું મોટું રાજ્ય. Assemblage. જથો; સમુદાય.

ચક્રગતિ, (રોટેશન) *n.* Rotation. ચક્ર જેવી ગોળગતિ.

ચક્રગોળ, (કોર્ડન) *n.* Cordon. ચારે બાજુએ વિંટળાઈ વળવું તે.

ચક્રધર,-પાણી, *n.* Vishnu. વિષ્ણુ.

ચક્રધારા,*n.* Periphery of a wheel. પૈડાનો ઘેરાવો.

ચક્રનાભિ,*n.* Nave of a wheel. પૈડાનું મધ્યબિંદુ.

ચક્રપાદ,(ચેરીયોટ)*n* Chariot. રથ. Elephant. હાથી.

ચક્રમ, (મેડ મેન) *n.* Mad man. ગાંડો માણસ.

ચક્રમુદ્રા, (રાઉન્ડ કોઈન)*n.* Round coin. ગોળ સિક્કો.

ચક્રવર્તી, (એમ્પરર) *n.* Emperor. શહેનશાહ; સાર્વભૌમ રાજા.

ચક્રવાક,-જુઓ ચકવો.

ચક્રવાત, (સાયકલોન) *n.* Cyclone. વાવંટોળ.

ચક્રવૃદ્ધિ, (કમ્પાઉન્ડ) *a.* Compound ( interest ).

મુદ્દલ સાથે વ્યાજનું પણ વ્યાજ ગણાતું હોય તેવું.
ચક્રાકાર, (રાઉન્ડ) *a.* Round. ગોળ.
ચક્ષુ, (આઈ) *n.* Eye. આંખ; નયન. [દેખાય એવું.
ચક્ષુગોચર, (પરસેપ્ટીબલ) *a.* Perceptible. આંખથી
ચક્ષુરોગ, *n.* Eye disease. આંખનો રોગ.
ચખણી, (ટેસ્ટીંગ) *n.* Testing. ચાખવું તે.
ચખાડવું, *vt.* Cause to taste. ચાખે એમ કરવું.
ચખાર, (થીફ) *n.* Thief. ચોર; બદમાશ.
ચગદાવું, (બી ક્રશ્ડ) *vt.* Be crushed. પીસાવું; દબાવું.
ચગદવું, ચગદોળવું, (ક્રશ) *vt.* Crush. પીસવું; દબાવવું.
ચગવું, ચગમગવું, (ફ્લાય) *vt.* Fly. ઉડવું. To soar high in ecstacy. ખીલવું; રંગમાં આવવું.
ચગળવું, *vt.* Eat slowly. મમળાવીને ખાવું.
ચચણવું, ચણચણવું, ચચરવું, ચરચરવું, *vt.* Feel a burning pain. બળતરા થવી.
ચચણાટ, ચરચરાટ, *n.* Burning pain. બળતરા.
ચચ્ચાર, *a.* Four at a time. ચારચાર.
ચટ, ચટ્ટ, ( ક્વીકલી ) *ad.* Quickly. ઝટ. Devouring. ઓહિયાં. (ઓબ્સ્ટીનસી) *n.* Obstinacy. જીદ; હઠ. (કેર) *n.* Care. ચાનક. [સ્વરૂપવાન સ્ત્રી.
ચટકચાંદની, *n.* A very beautiful woman. ઘણી
ચટકતું, ચટકંતું, (ફોપીશ) *a.* Foppish. ભપકદાર.
ચટકદાર, (ચાર્મીંગ) *a.* Charming. આકર્ષક; લહેજતદાર.
ચટકમટક, (ફોપીશ) *a.* & *n.* Foppish. વરણાગીયું.
ચટકવું, (સ્ટીંગ) *vt.* Sting. ચટકો ભરવો.

ચટકો, ચટાકો, (સ્ટીંગ) *n.* Sting. ડંશ. (ટોંટ) *n.* Taunt. મહેણું.(સેન્સેશન)*n.*Sensation.તીવ્ર લાગણી.
ચટણી, (સેલેડ) *n.* Salad. એક ચટકદાર વાની.
ચટપટ, ચટોચટ, (કવાકલી) *ad.* Quickly. ઝટપટ.
ચટપટી, ચટાપટી, (અનઈઝીનેસ) *n.* Uneasiness. તાલાવેલી; અકળામણ.
ચટપટિત, (સ્ટ્રાઇપ્ટ) *a.* Striped. ચટાપટાવાળું.
ચટાઈ, (મેટ) *n.* Mat. સાદડી.
ચટાડવું, *vt.* Make to swallow. ચાટે તેમ કરવું.
ચટાપટા, ( સ્ટ્રાઈપ્સ ) *n.* Stripes. રંગબેરંગી આડા-અવળા પટા.
ચટ્ટુ, *a.* Addicted to receive bribes. લાંચિયું.
ચડઉતર,–જુઓ ચઢઉતર [Gluttonous.ખાધાનું લાલચુ.
ચડચડવું, (ક્રીક) *vt.* Creak. તતડવું.
ચડચડાટ, (ક્રીકીંગ) *n.* Creaking. તતડાટ.
ચડણ, ચડાણ, ચઢાણ, (એસેંટ) *n.* Ascent. ચડાવ.
ચડતી, ચઢતી, (પ્રોગ્રેસ) *n.* Progress. ઉન્નતિ; વૃદ્ધિ.
ચડતીપડતી, *n.* Rise and fall. અસ્તોદય.
ચડતું, (પ્રોગ્રેસીંગ) *a.* Progressing. આગળ વધતું.
ચડપ, (ઇન્સ્ટંટલી) *ad.* Instantly. તત્કાળ. [ ચાલી.
ચડભડ,–ભડાટ,(ઓલ્ટરકેશન)*n.* Altercation. બોલા-
ચડભડવું,(ઓલ્ટરકેટ)*vt.*Altercate. બોલાચાલી થવી.
ચડવું, (એસેંડ) *vt.* Ascend. ઉપર જવું. (માઉન્ટ) *vt.* Mount. સવાર થવું.
ચડવો, *n.* Small earthen pot. માટીની નાનો લોટી.

ચડસ, (હેબીટ) *n.* Habit. વ્યસન; લત.(ઓબ્સ્ટીનસી) *n.* Obstinacy. મમત.

ચડસાચડસી, (રાઇવલરી) *n.* Rivallry. હરિફાઇ.

ચડસીલું, (ઓબ્સ્ટીનેટ) *a.* Obstinate. હઠીલું.

ચડાઈ, ચઢાઇ, (એસોલ્ટ) *n.* Assault. હુમલો.

ચડાઉ, ચઢાઉ, (ફોપીશ) *a.* Foppish. ફુલણજી.

ચડિયાતું, ચઢિયાતું, (બેટર) *a.* Better. વધારે સારૂં.

ચડ્ડી,(શોર્ટ ટ્રાઉઝર્સ)*n.* Short trousers. નાનો જાંધીઓ.

ચઢઉતર, *n.* Rise and fall. અસ્તોદય.

ચઢવું, (માઉન્ટ) *vt.* Mount. સ્વાર થવું.

ચઢાવ, ( એકલીવીટી ) *n.* Acclivity. ઊંચાણ.

ચઢાવવું, ( ક્લાઈમ્બ ) *vt.* Climb. ઉપર લઈ જવું.

ચણચણ, *n.* Lancinating pain. ચચણાટ.

ચણચણવું, ( બી પેઈન્ડ ) *vt.* Be pained. ચચણવું.

ચણતર, ( મેસોનરી વર્ક )*n.* Masonary work. ચણવાનું કામ, [ *vt.* Eat. વીણીને ખાવું.

ચણવું,(ઈરેકટ ) *vt.* Erect ઉભું કરવું; બાંધવું. (ઈટ)

ચણિયારૂં, *n.* Hole in the block of wood on which door turns. જે ખાડામાં ટેકાવાથી બારણું [ફરે છે તે.

ચણિયો, (પેટીકોટ) *n.* Petticoat. ઘાઘરો.

ચણો, ચણા, (ગ્રામ) *n.* Gram. કઠોળ.

ચણાખાર, *n.* Alkali of gram. ચણાના છોડ પરથી મળતો ક્ષાર.

ચણીબોર, ( સ્મોલ બેરી ) *n.* Small berry. ચણા [ જેવું નાનું બોર.

ચણોઠી, ( કોરલ બીડ ) *n.* Coral bead. એક ફળ. A

weight of 2½ grains. રતી.
ચતુર, (કલેવર) *a.* Clever. હોશિયાર.
ચતુર, (ફોર) *a.* Four. ચાર.
ચતુરસ્ત્ર, (ફોર કોર્નર્ડ) *a.*Four cornered. ચોખૂણિયું.
ચતુરંગ, *a.*Containing four divisions. ચાર અંગવાળું. Game of chess. શેતરંજની રમત.
ચતુરંત, *a.* Having four ends. ચાર છેડાવાળું.
ચતુરા, *n.* Clever woman. ચતુર સ્ત્રી.
ચતુરાઇ, (કલેવરનેસ)*n.* Cleverness. હોશિયારી.
ચતુર્ગુણ, (ફોરફોલ્ડ) *a.* Fourfold. ચારગણું.
ચતુર્થ, (ફોર્થ) *a.* Fourth. ચોથું.
ચતુર્થક, (ક્વાર્ટન ફીવર) *n.* Quartan fever. ચોથિયો તાવ.
ચતુર્થાંશ, (વન ક્વાર્ટર)*n.* One quarter. ચોથો ભાગ.
ચતુર્થી, *n.* Dative case. ચોથી વિભક્તિ.
ચતુર્દશ, (ફોર્ટીન) *a.* Fourteen. ચૌદ.
ચતુર્દળ, *a.* Having four petals. ચાર પાંખડીવાળું.
ચતુર્દિશ, (ઓન ઑાલ સાઈડસ)*ad.*On all sides. ચોતરફ.
ચતુર્ધા, (ઇન ફોર વેઝ)*a.* In four ways. ચારે પ્રકારે.
ચતુર્ભુજ, *a.* Having four hands ચાર હાથવાળું. Quadrangular. ચાર ખૂણા કે બાજુઓવાળું.
ચતુર્વિધ, *a.* Of four kinds. ચાર પ્રકારનું.
ચતુષ્કોણ, *a.*& *n.* (ક્વોડ્રીલેટ્રલ) *a.* Quadrilateral. ચાર ખણાવાળી-તેવી આકૃતિ.
ચતુષ્પથ, (ક્રોસવે) *n.* Crossway. ચકલું.
ચતુષ્પદ,–પાદ,(ક્વોડ્રુપેડ)*a.*&*n.*Quadruped. ચોપગું.

ચતુષ્પદી, *n.* Stanza of four lines. ચાર પદની બનેલી કડી.
ચતુઃફલક, (કવૉડ્રુપ્લેનર) *n.* Quadruplaner. ચાર બાજુ-
વાળી આકૃતિ. Tetrahedron. *n.* ત્રિકોણબાજુવાળો શંકુ.
ચતુઃસીમા, *n.* Four boundaries. ચાર બાજુની સીમા-
ચતું, ચત્તું, (પ્રોપીશ્યસ) *a.* Propitious. છતું. [ખૂંટ.
ચતુંપાટ, ચત્તુંપાટ, ચત્તાપાટ, *a.* Lying flat on
the back. છતાપાટ. [ Quickly. ઝટપટ.
ચપ, ચપચપ, ચપાચપ, ચપોચપ, ( કવીકલી ) *ad.*
ચપકાવવું, ચબકાવવું, (સ્ટીક) *vt.* Stick. ઊંતું કરી
ચાંપવું. [ મહેણું.
ચપકો, ( કૅાટરાઈઝેશન ) *n.* Cauterisation. ડામ;
ચપચપું, *a.* Moist and tough. ભીનું અને ચીકણું.
ચપટવું, (ફીકસ ટાઇટલી) *vt.* Fix tightly. સજ્જડ કરવું.
ચપટી, (પીંચ) *n.* Pinch. ચીમટી; હાથનો અંગૂઠો અને
આંગળી ભીડવાં તે.
ચપટું, ( ફ્લૅટ ) *a.* Flat. બેઠેલું; દબાયલું.
ચપડી, (સીલીંગ વેક્ષ) *n.* Sealing wax. લાખ.
ચપડું, *a.* Having four folds. ચાર પડવાળું.
ચપણું, ચપણ, ચપણિયું, (અર્થન બાઉલ) *n.* Eart-
hen bowl. માટીનું શકોરું-બટેરું. [ ળની કકડી.
ચપતરું, ચપોતરું, *n.* Small piece of paper. કાગ-
ચપરાસ, (વેનીટી) *n.* Vanity. પતરાજ; બડાઈ.
ચપરાસી, (પીઓન) *n.* Peon. પટાવાળો.
ચપલા, *n.* Clever woman. હોંશિયાર સ્ત્રી. ( લાઇટ-
નીંગ) *n.* Lightning. વીજળી.

ચપસવું, (પ્રેસ) *vt.* Press. દાબવું.
ચપળ, ચપલ, (ક્લેવર) *a.* Clever. હોશિયાર;ચાલાક.
ચપળતા, (ક્લેવરનેસ) *n.* Cleverness. ચાલાકી.
ચપાટવું,(ડીવોવર ક્વીક્લી)*vt.*Devour quickly.સપા-
ચપાટી,-તી,(કેક)*n.* Cake. જાડી રોટલી. [ટાબંધ ખાવું.
ચપ્પુ, (નાઈફ)*n.*Knife.કાપવાનું ઓજાર. [નાનો ટૂકડો.
ચબરકી,-ખી, *n.* Small piece of paper. કાગળનો
ચબરાક, (એક્ટીવ) *a.* Active. ચપળ; ચાલાક.
ચબાવવું,-જુઓ 'ચિબાવવું.'
ચબૂતરો, *n.* Police station. પોલીસ થાણું; ગેટ.
Toll station. જકાતનું નાકું. Raised seat.ચોતરો;
ચભડવું, Same as ચડભડવું. [પરબડી.
ચમક,-કારો,-કાટ,-કાર, (ગ્લીટર) *n.* Glitter. ચમ-
કારો. (ફ્લીંટ) *n.* Flint. લોહચુંબક.
ચમકપત્થર,-પહાણ,-બાણ, (લોડસ્ટોન) *n.* Load-
stone. ચકમકનો પત્થર. [startled. ચમકી ઉઠવું.
ચમકવું, (સ્પાર્કલ) *vt.* Sparkle. ઝબૂકવું. Be
ચમકાવવું, (સ્ટાર્ટલ) *vt.* Startle. ચમકે તેમ કરવું.
ચમચમવું, *vt.* Feel a burning sensation. તીવ્ર
બળતરા થવી. [બળતરા.
ચમચમાટ, *n.*Feeling of burning sensation.તીવ્ર
ચમચી, (સ્મોલ સ્પૂન)*n.*Small spoon. નાનો ચમચો.
Little bag. નાની કોથળી.
ચમચો, (સ્પૂન) *n* Spoon. એક કડછી જેવું સાધન.
ચમત્કાર, (મીરેકલ) *n.* Miracle. આશ્ચર્યકારક બનાવ;

ચમત્કારિક,-કારી, (મીરેકયુલેસ) *a.* Miraculous.
ચમત્કૃતિ, *n.* Miraculous event. ચમત્કારો બનાવ.
ચમન, ( ગાર્ડન ) *n.* Garden બાગ. ( રીવેલરી ) *n.* Revelry. આનંદ. [*n.* Courage. હામ.
ચમરૂ, ( ફ્લેપ ) *n.* Flap. વાળનો વીંઝણો. ( કરેજ )
ચમરખું, *n.* Circle of leather that supports the axle of a spinning wheel. રેંટિયાની ચાક જેમાં રખાય છે તે ચામડાનો કકડો.
ચમરબંધ,(લેધર-બેલ્ટ)*n.*Leather-belt.ચામડાનોપટો.
ચમરબંધી,(કરેજીયસ)*a.*Courageous.શૂરવીર;સત્તાધીશ.
ચમરી,ચમ્મર, *n.* Fly-driver made of hair. વાળની મચ્છર ઉડાડવાની ચામર.
ચમાર, (લેધર-ટેનર) *n.* Leather-tanner. ચામડીયો.
ચમૂ, (આર્મી) *n.* Army. સેના.
ચમૂપતિ, ( કમાન્ડર ) *n.* Commander. સેનાપતિ.
ચમેલી, (ફ્લાવર) *n.* Flower. એક પુષ્પ.
ચમ્મડ, (માઈઝર) *a.*Miser.કૃપણ.Tenacious.ચીકણું
ચમ્મડતોડ, (સ્ટીંજી) *a.* Stingy. કૃપણ.
ચય, ( માસ ) *n.* Mass. ઢગલો. Increase. વધારો.
ચર, (અનસ્ટેબલ) *a.* Unstable. અસ્થિર. Moving. ફરનારૂં. Suffix as: જલચર, નિશાચર. *n.* Scout. બાતમીદાર. Trench. ખાઇ. Trench dug to make a fire for cooking. ચૂલ.
ચરક, *n.* Foecal matter. પક્ષિની અઘાર. Machine

for crushing sugar-cane. કોલું. (મેસેન્જર) *n.* Messenger. કાસદ. A famous physician. પ્રસિદ્ધ
ચરકણ, (ટીમીડ) *a.* Timid. બીકણ. [પ્રાચિન વૈદકશાસ્ત્રી.
ચરકલું, (સ્પેરો) *n.* Sparrow. ચકલું. [અધવું.
ચરકવું, *vt.* Pass foecal matter. થોડું પ્રવાહી જેવું
ચરખું, *a.* Distasteful. બેસ્વાદ; તમતમું અને કડૂચું.
ચરખો, (સ્પીનીંગ વ્હીલ) *n.* Spinning wheel. રેંટિયો. Gin. કપાસ લોઢવાનો સંચો. Lathe. સંઘાડો.
ચરચરવું, *vt.* Feel a stinging pain. ચચરવું.
ચરચવું, (એનોઇન્ટ) *vt.* Anoint. લેપ કરવો; ચર્ચા કરવી.
ચરડ, *ad.* Imitating the sound made in tearing. કપડું વિ. ફાડતાં થતો અવાજ.
ચરડકો, *n.* Tearing sound. ચરડ એવો અવાજ.
ચરડવું, (ટેર) *vt.* Tear. ફાડવું. [Anxiety. ધ્રાસકો.
ચરડાવું, (બી ટોર્ન) *vt.* Be torn. ફાડે તેમ કરવું.
ચરણ, (લેગ) *n.* Leg. પગ. (સ્ટાન્ઝા) *n* Stanza. કડી;
ચરણમર્દન,-સેવા, *n.* Massaging. પગચંપી. [ટૂક.
ચરણવું, ( બ્રાન્ડ ) *vt.* Brand. ડામવું. ( ગ્રીવ ) *vt.* Grieve. દિલમાં બળવું.
ચરપણ (સ્ટીંજીનેસ) *n.* Stinginess. કૃપણતા.
ચરબી, (ફલેશ) *n.* Flesh. માંસ. (ટેલો) *n.* Tallow. પ્રાણીઓના માંસમાં રહેલો તેલી પદાર્થ. (પ્રાઈડ) *n.* Pride. અભિમાન. [અંતિમ. *n.* Worm. કરમીઓ.
ચરમ, (હાઇડ) *n.* Hide. ચામડું. (ફાઇનલ) *a.* Final.
ચરવાદાર, (ગ્રુમ) *n.* Groom. રાવત.

ચરવું, (ગ્રેઝ) *vt.* Graze. ઘાસ વિ. ફરીને ખાવું.
ચરસ, *n.* Intoxicating drug. માદક પદાર્થ.
ચરંદુ, (એનીમલ) *n.* & *a.* Animal. પ્રાણી.
ચરાઈ, *n.* Fee for pasturage. ચરામણ.
ચરાચર, *a.* Movable and immovable. સ્થાવર અને જંગમ. *n.* Universe. આખી સૃષ્ટિ.
ચરાવવું, (ગ્રેઝ) *vt.* Graze. ઘાસ વિ. ફરીને ખવડાવવું.
ચરિત,–જુઓ 'ચરિત્ર.'
ચરિતાર્થ, (મેઈન્ટેનન્સ) *n.* Maintainance. નિર્વાહ.
ચરિત્ર, (ડીડ્ઝ) *n.* Deeds. કૃત્યો. (બાયોગ્રાફી) *n.* Biography. જીવનચરિત્ર. (વાઈલ) *n.* Wile. કાવાદાવા.
ચરિત્રકાર, *n.* Biographer. જીવનચરિત્ર લખનાર.
ચરિત્રનિરૂપણ, *n.* Biography. જીવનચરિત્ર.
ચરી, (પ્રીસ્ક્રાઇબ્ડ ડાયટ) *n.* Prescribed diet. પરહેજી.
ચરૂ, (લાર્જ પૉટ) *n.* Large pot. દેગ.
ચરૂડી,–ડો, *n.* Metal jug. ધાતુની નાની દેગ.
ચરેડો, ચરેરાટ,–જુઓ 'ચરડકો.'
ચરો, (પેસ્ચ્યુરેજ) *n.* Pasturage. ગોચર તરીકે અનામત રાખેલી પડતર જમીન.
ચર્ચક, *n.* One who discusses. ચર્ચા કરનાર.
ચર્ચવું, (ડીસ્કસ) *vt.* Discuss. ચર્ચા કરવી. Anoint. લેપ.
ચર્ચા, (ડીસ્કશન) *n.* Discussion. વાદવિવાદ. [કરવો.
ચર્ચાપત્ર, *n.* A writing for open discussion in newspaper. છાપામાં આવેલો ચર્ચા કે વિવાદનો પત્ર.
ચર્ચાવું, (ગેટ ડીસ્કસ્ડ) *vt.* Get discussed. ચર્ચા થવી.

ચર્ચિત, (ડીસ્કસ્ડ) *a.* Discussed. ચર્ચવેલું.
ચર્પટ, (સ્લેપ) *n.* Slap. ધોલ; થપ્પડ.
ચર્મ, (હાઇડ) *n.* Hide. ચામડું. (સ્કીન) *n.* Skin. ત્વચા.
ચર્મકાર, (ટેનર) *n.* Tanner. ચામડીઓ; મોચી.
ચર્માલય, (ટેનરી) *n.* Tannery. ચામડાનું કારખાનું.
ચર્યા, (કસ્ટમ્સ) *n.* Customs. રિતરિવાજ. (લુક) *n.* Look. [ દેખાવ.
ચર્વણ, (ચ્યુઇંગ) *n.* Chewing. ચાવવું તે.
ચર્વિતચર્વણ, (રીઇટરેશન) *n.* Reiteration. પુનરૂક્તિ.
ચલ, ચળ, (અનસ્ટેબલ) *a.* Unstable. અસ્થિર.
ચલણ, (કરન્સી) *n.* Currency. ચલણી નાણું. Management. અમલ; સત્તા.
ચલણી, (કરન્ટ) *a.* Current. વ્યવહારમાં પ્રચલિત.
ચલન, *n.* Walking. ચાલવાની ક્રિયા. *a.* Differential. હાલતું.
ચલનશાસ્ત્ર, *n.* Science of movements. ગતિશાસ્ત્ર.
ચલમ, *n.* Earthen smoking pipe. તમાકુ પીવાનું એક માટીનું પાત્ર.
ચલવવું, *vt.* Put in practice. ચાલે એમ કરવું.
ચલાખો, ચલાખી, *n.* A square piece of cloth. કપડાનો ચોરસ કકડો. [ પ્યાલી.
ચલાણી, ચલાણું, *n.* Small cup. પડઘીવાળી નાની
ચલાયમાન, (ચેંજીંગ) *a.* Changing. ફરતું; બદલાતું.
ચલાંતર, (વેરીએશન) *n.* Variation. ફેરફાર.
ચલિત, (મુવીંગ) *a.* Moving. ચલ; અસ્થિર.
ચલિયું, ચલ્લું, (સ્પેરો) *n.* Sparrow. ચકલું. [ ઉપરણો.

ચલોડો, *n.* Upper garment for males. ખેસ;
ચલ્લુ, *n.* Palm of hand contracted to hold water. ચાંગળુ; અંજલી.
ચવ, (ટેસ્ટ) *n.* Taste. સ્વાદ. Ability. આવડત.
ચવચવ, (મીસલેનીઅસ) *a.* Miscelleneous. પરચુરણ.
ચવડ, -ડું, (ટફ) *a.* Tough. મુશ્કેલીથી તૂટે એવું.
ચવલી, *n.* Two anna piece. બે આની.
ચવવુ, (નેરેટ) *vt.* Narrate. વર્ણવવું.
ચવળાટ, (રેસ્ટલેસનેસ) *n.* Restlessness. તનમનાટ; [ ચળ.
ચવાઇ, (જેસ્ટ) *n.* Jest. મશ્કરી.
ચવાણુ, ચવેણુ, *n.* Dry eatables. કાચુંકોરૂં ખાવાનું;
ચવાવુ, *vt.* Be censured. વગોવાવું. [શિવમમરા ચણાદિ.
ચશ્મ, (આય) *n.* Eye. આંખ.
ચશ્મપોશી, ચશ્મપોશી, *n.* Connivance. દીઠું-અદીઠું કરવું તે.
ચશ્મું, ચશ્મા, ચશ્મો, (સ્પેકટેકલ્સ) *n.* Spectacles. આંખે બરાબર દેખાય તે માટે પહેરવાનો કાચ.
ચશ્મેધબ, (બ્લાઇન્ડ) *a.* Blind. આંધળું.
ચશ્મો, (ફાઉન્ટન) *n.* Fountain. પાણીનો ઝરો.
ચસક, *n.* Shooting pain. ચસકવાથી થતું દુઃખ.
ચસકવુ, (મુવ) *vt.* Move. ખસવું; છટકવું.
ચસકો, (ક્રેવીંગ) *n.* Craving. તલબ; લત.
ચસચસવુ, (ફીલ ટાઇટ) *vt.* Feel tight. તંગ હોવું;
ચસચસાવુ, (ટાઇટન) *vt.* Tighten. તંગ કરવું. [જકડાવું.
ચસવુ, (ફેઈલ) *vt.* Fail. નુકશાનમાં આવી પડવું.

ચહુ, (ફોર) *a.* Four. ચાર.
ચહેરો, (ફેસ) *n.* Face. મોંનો ઘાટ; સુરત.
ચળ (ફીકલ)*a.*Fickle.અસ્થિર.(ઇચ)*n.*Itch.ખંજવાળ.
ચળક, (લસ્ટર) *n.* Lustre. ચળકાટ.
ચળકચળક, *ad.* Brightly shining. તેજ મારે તેમ.
ચળકવું, (શાઈન) *vt.* Shine. ઝળકવું.
ચળકાટ, (ગ્લીટર) *n.* Glitter. ચમકારો.
ચળવળ, (એજીટેશન)*n.*Agitation. હિલચાલ;વલોપાત.
ચળવું, ( શેક ) *vt.* Shake. હાલવું; ખસી જવું. Fall. પતિત થવું. [ etc. ચાળતાં નીકળેલો કચરો.
ચળામણ, *n.* Refuse obtained by sifting corn
ચંગ, (કલીન) *a.* Clean. સ્વચ્છ. Abundant. પુષ્કળ. Musical instrument. વાદ્ય.
ચંગુ, (હેલ્થી) *a.* Healthy. નિરોગી.
ચંચ, ચંચુ, (બીક) *n.* Beak. ચાંચ.
ચંચરી, (વાસ્પ) *n.* Wasp. ભમરો.
ચંચળ,(ફીકલ)*a.*Fickle.અસ્થિર.Temperory.ક્ષણિક.
ચંડ, (હોટ) *a.* Hot.ક્રોધી.(ફીયર્સ)*a.*Fierce.ભયાનક.
ચંડકિરણ (સન)*n.* Sun, સૂર્ય.[*n.*Mean. પાપી;હલકું.
ચંડાલ,-ળ, (ક્રૂઅલ) *a.* Cruel. ઘાતકી. (મીન) *a.* &
ચંડિકા, ચંડી,(ગોડેસ) *n.*Goddess.એક ભયાનક દેવી.
ચંડુલ, *n.* Intoxicating preparation of opium. અફીણનું સત્વ.
ચંડોલ,-ળ, (વુડ-લાર્ક) *n.* Wood-lark. એક પક્ષિ.
ચંત, (લવર) *n.* Lover. આશક.

ચંતની, (બીલવેડ) *n.* Beloved. માશુક.
ચંદ, ( લીટલ ) *a.* Little. થોડુંક; જુજ. ( મુન ) *n.*
ચંદન, (સેંડલ) *n.* Sandal. સુખડ. [ Moon. ચંદ્ર.
ચંદનઘો, (ઇગ્વુઆના) *n.* Iguana. ઊડણ ઘો.
ચંદની, ( કેનોપી) *n.* Canopy. ચંદરવો; છત. Moon-
ચંદરવો, ( કેનોપી) *n.* Canopy. છત. [light.ચાંદની.
ચંદા, (મુન)*n.* Moon. ચંદ્ર. (મુનલાઈટ) *n.* Moon-
light. ચાંદની. [ઘોડા બળદને અપાતો દાણો.
ચંદી, *n.* Daily allowance of grain for cattle.
ચંદો, (મુન) *n.* Moon. ચંદ્રમા. [Satellite.ઉપગ્રહ.
ચંદ્ર,-મા, ( મુન ) *n.* Moon. ચાંદો. (સેટેલાઈટ) *n.*
ચંદ્રક, *n.* Round mark made on forehead.
ચાંલ્લો. (મેડલ) *n.* Medal. બિલ્લો. [ ચાંદની.
ચંદ્રકાન્તા, (નાઈટ) *n.* Night. રાત્રિ. Moonlight.
ચંદ્રકાન્તિ,-જ્યોતિ,-દ્યુતિ,-પ્રભા, ( મુનલાઈટ ) *n.*
Moonlight. ચાંદની.
ચંદ્રગ્રહણ, *n.* Eclipse of moon. ચંદ્રનું ગ્રહણ.
ચંદ્રચુડ,-ચુડામણી,-મૌલી,-શેખર, (શીવ) *n.* Shi-
ચંદ્રપુત્ર,*n.*Planet mercury.બુધનો તારો [va. શંકર
ચંદ્રબિંબ, (લ્યુનર ડીસ્ક)*n.*Lunar disc. ચંદ્રનો ગોળો.
ચંદ્રમંડળ, *n.* Hallo round the moon. ચંદ્ર અને
તેની આસપાસનું કુંડાળું.
ચંદ્રમુખી,(મુનફેસ્ડ) *a.* Moonfaced. ચંદ્ર જેવા મુખ-
વાળી;સુંદર.*n.*A plant.એક વેલ. [ઉતરી આવેલ વંશ.
ચંદ્રવંશ, (લ્યુનર રેસ) *n.* Lunar race. ચંદ્રમામાંથી

ચંદ્રવાર,(મંડે) *n.* Monday. સોમવાર.
ચંદ્રહાસ, (ગ્લીટરીંગ સ્વોર્ડ) *n.* Glittering sword. ચકચકતી તલ્વાર.
ચંદ્રાયન, ( મીટર ) *n.* Metre. એક છંદ.
ચંદ્રાવલી, ( લીરીક ) *n.* Lyric. એક ગીત.
ચંદ્રિકા, (મુનલાઈટ) *n.* Moonlight. ચાંદની.
ચંદ્રોદય, *n.* Rising of moon. ચંદ્રનો ઉદય. A medicine. એક દેશી દવા.
ચંપક,–જુઓ 'ચંપો.'
ચંપત, (એસ્કેપ) *n.* Escape. નાસી છુટવું તે.
ચંપલ, ( સેન્ડલ ) *n.* Sandal. ઉપર ખોલ વિનાનું એક પગરખું.
ચંપાવવું, *vt.* Get pressed. દબાવરાવવું.
ચંપાવું, *vt.* Be pressed. દબાવું.
ચંપી, ( માસેજ) *n.* Massage. મસળવું તે.
ચંપેલી,ચંબેલી,(જેસ્મીન ફ્લાવર)*n* Jasmine flower.
ચંપો, (ફ્લાવર)*n.* Flower.એક ફુલ–ઝાડ. [એક પુષ્પ.
ચંબુ, (ફ્લેસ્ક) *n.* Flask. કુંજો; ભોટવો.
ચા, (ટી) *n.* Tea. એક છોડ–તેનું પીણું.
ચાખાનું, (હોટલ) *n.* Hotel. ચાની દુકાન.
ચાદાની, (ટી–કીટલ) *n.* Tea-kettle. ચાની કીટલી.
ચાપાણી, (બ્રેકફાસ્ટ) *n.* Breakfast. ચા સાથે નાસ્તો.
ચાઉસ, (એરબ)*n.*Arab. આરબ.Jamadar. જમાદાર.
ચાક, ( વ્હીલ ) *n.* Wheel. પૈડું. Hair-ornament. અંબોડાનું એક ઘરેણું. Millstone. એક જાતની ધોળી ને પોચી માટી.
ચાકડો, (પોટર્સ વ્હીલ)*n.* Potter's wheel. કુંભારનો ચાક.

ચાકણ, *n.* Two mouthed serpent. બે મોંઢાવાળો
ચાકર, (સરવન્ટ) *n.* Servant. નોકર; દાસ. [ સાપ.
ચાકરડી, (મેઇડ) *n.* Maid. દાસી.
ચાકરી, (સર્વીસ) *n.* Service,સેવા; સારવાર; નોકરી.
ચાકળો, *n.* Circular seat. ગોળ આસનિયું.
ચાકી, ( હીપ ) *n.* Heap. ઢગલો. Circular and flat piece of iron. લોઢાની ગોળ ને સપાટ ચકતી.
ચાકુ, ચાકૂ, ( નાઈફ ) *n.* Knife. ચપ્પુ.
ચાખડી, ( વુડન શુ ) *n.* Wooden shoe. પાવડી.
ચાખવું, (ટેસ્ટ) *vt.* Taste. જીભથી સ્વાદ જોવો.
ચાગ, ( ફોંડલીંગ) *n.* Fondling. લાડ; પ્યાર.
ચાગલું, ચાગળું,*a.* Pretending. ઢોંગ કરતું.
ચાગાચુગું, (સ્ટુપીડ) *a.* Stupid. બેવકૂફ.
ચાચા, ચાચો, (અંકલ) *n.* Uncle. કાકો.
ચાટ, (હુમીલીએટેડ)*a.* Humiliated. ભોંઠું; શરમિંદુ. (સ્લેપ) *n.* Slap: લપડાક. [ ઓષધ.
ચાટણ, *n.* Act of licking. ચાટવું તે; ચાટવાની
ચાટલું, (મીરર) *n.* Mirror. દર્પણ.
ચાટવું, (લીક) *vt.* Lick. જીભ વતી ચાખવું કે ચૂસવું.
ચાટવો, (વુડન ઓર)*n.*Wooden oar. હલેસું.Ladle. ચાટુ, (સ્વીટ) *a.* & *n.* Sweet. પ્રિય;મીઠું. [ કડછો.
ચાટૂડું, *a.* Pretending to be wise. ડોઢડાહ્યું.
ચાઠું, ( સ્કાર ) *n.* Scar. ડાઘ.
ચાડિયું, (બેકબાઇટીંગ) *a.* & *n.* Backbiting. ચાડી ખાનારૂં.

ચાડિયો, (બેકબાઇટર) *n.* Backbiter. ચાડી ખાનાર. Scare crow. ખેતરમાં ઉભું કરેલું માણસ જેવા આકારનું-પુતળું. [ કહી દેવી તે.
ચાડી, (બેકબાઈટ) *n.* Backbite. એકની વાત બીજાને
ચાડીકો, ( સ્કાઉટ ) *n.* Scout. બાતમીદાર.
ચાડું, ( ફેસ ) *n.* Face. મો.
ચાણાક્ષ, (ક્લેવર) *a.* Clever. હોશિયાર; ચાલાક.
ચાતક, *n.* A bird. એક પંખી.
ચાતરી, ( સ્પીન્ડલ )*n.* Spindle. ત્રાક-રેંટિયાની.
ચાતુર, (ક્લેવર) *a.* Clever. ચતુર.
ચાતુરી,ચાતુર્ય, (ક્લેવરનેસ) *n.* Cleverness. ચતુરાઈ.
ચાદર, ( બેડ-શીટ )*n.*Bed-sheet. ઓછાડ.
ચાનક, ( કેર ) *n.* Care. કાળજી.
ચાનકી,ચાનકું, ( સ્મોલ કેક ) *n.* Small cake. નાની [ રોટલી કે ભાખરી.
ચાપ, (બાઉ) *n.* Bow. ધનુષ્ય.
ચાપટ, (સ્લેપ) *n.* Slap. લપડાક.
ચાપડો,(ક્લેસ્પ)*n.* Clasp.સજ્જડ રાખે તેવો બંધ-પટો.
ચાપલૂસી, (ફ્લેટરી) *n.* Flattery. ખુશામત.
ચાપલ્યા,ચપલ,(સ્વીફ્ટનેસ) *n.* Swiftness. ચપળતા.
ચાપીય, (સ્ફીયરીકલ) *a.* Spherical. ગોળાકાર.
ચાપીયકોણ, *n.* Spherical angle. ગોળાકાર ખૂણો.
ચાબખો, (વ્હીપ) *n.* Whip. ચાબુક. Instructive poem. અસરકારક ગીત-વાણી.
ચાબુક, (વ્હીપ) *n.* Whip. કોરડો.
ચાબુકસ્વાર, (જૉકી) *n.* Jockey. ઘોડો કેળવનાર.

ચામ, (સ્કીન) *n.* Skin. ચામડી.
ચામચોરી, (ડીબોચરી) *n.* Debauchery.વ્યભિચાર.
ચામરસ, *n.* Carnal pleasure. સંભોગ સુખ.
ચામઠું, (સ્કાર) *n.* Scar. ચાઠું; સોળ.
ચામડ, *a.* Tough as hide. ચામડા જેવું ચીકણું.
ચામડિયો,(ટેનર)*n.* Tanner. ચામડાં કેળવનારો;ચમાર.
ચામડી, ( સ્કીન ) *n.* Skin. ત્વચા.
ચામડું, ( હાઇડ ) *n.* Hide. ઢોરની ચામડી.
ચામર, (ફ્લાય ડ્રાઇવર) *n.* Fly driver. ચમ્મરી.
ચામાચીડિયું,(બેટ)*n.*Bat.વાગોળ જેવું એક નાનું પ્રાણી.
ચામુંડા, (ગોડેસ) *n.* Goddess. એક દેવી.
ચામોહી,( કોકેટ્રી )*n.* Coquetry. નખરાંબાજી.
ચાર, (સ્પાય) *n.* Spy. જાસુસ. Messenger. જાસુસ.
( ફોર ) *a.* Four. ૪. *n.* Green grass.લીલું ઘાસ.
ચારક, (હર્ડસમેન) *n.* Herdsman. ગોવાળ.
ચારખૂણિયું, *a.* Four cornered. ચાર ખૂણાવાળું.
ચારટ,ચારડ, (ચેરીઅટ)*n.*Chariot. ચાર પૈડાનો રથ; [બગી.
ચારણ, (બાર્ડ)*n.*Bard.રાજાનાં ગુણગાન કરનાર.
ચારણકાવ્ય, (બેલડ) *n.* Ballad. લોકગીત.
ચારપાઇ, ( કોટ ) *n.* Cot. ખાટલો.
ચારવું, ( ગ્રેઝ ) *vt.* Graze. ચરાવવું.
ચારસેં,–સો,( ફોર હંડ્રેડ) *a.* Four Hundred.૪૦૦.
ચારિત્ર,ચારિત્ર્ય, ( કેરેકટર )*n.* Character.આચરણ; સદાચાર.
ચારિત્રમીમાંસા, (એથીકસ) *n.* Ethics. નીતિશાસ્ત્ર.

ચારિત્રશીલ, *a*. Of good character. સદાચારી.
ચારૂ, (બ્યુટીફુલ) *a*. Beautiful. સુંદર; મનોહર.
ચારૂતર, *a*. More beautiful. વધારે સુંદર.
ચારેગમ,-પાસ,-બાજુ, *ad*. On all sides. બધી કોર.
ચારો, *n*. Food for cattle. પશુપંખીનો ખોરાક.
(રેમેડી) *n*. Remedy. ઉપાય.
ચારોળી, ( ડ્રાય ફ્રુટ ) *n*. Dry fruit. સૂકો મેવો.
ચાર્વંગ, *a*. Having beautiful limbs. સુંદર અંગ-
વાળું. [ મતનો પ્રવર્તક.
ચાર્વાક, ( મટીરીયાલીસ્ટ ) *n*. Materialist. નાસ્તિક
ચાલ, (કસ્ટમ) *n*. Custom. રિવાજ. (ગેટ) *n*. Gait.
હીંડછા. ( ચૅાલ ) *n*. Chawl. ચાલી.
ચાલચલગત, (કંડક્ટ) *n*. Conduct. વર્તણુંક.
ચાલબાજી, ( આર્ટીફીસ ) *n*. Artifice. યુક્તિ; પ્રપંચ.
ચાલક, (રેગ્યુલેટર) *a*. & *n*. Regulator. નિયંતા.
ચાલતું, (કરંટ) *a*. Current. વર્તમાન. [ લગી.
ચાલતાલગી,-સુધી, *ad*. As far as possible. બનતા
ચાલવું, (વોક) *vt*. Walk. હીંડવું. (એક્ટ) *vt*. Act.
વર્તવું. (બીહેવ) *vt*. Behave. વર્તવું. [ ning. ધૂર્ત.
ચાલાક, (ક્લેવર) *a*. Clever. હોશિયાર. (કનીંગ) *a*. Cun-
ચાલાકી, (ક્લેવરનેસ) *n*. Cleverness. હોશિયારી.
ચાલુ, (પ્રીવેલીંગ) *a*. Prevailing. વર્તમાન.
ચાવડી, *n*. Police gate. પોલીસ થાણું.
ચાવડું, (લોક્વેસ્યસ) *a* Loquacious. વાતોડું.
ચાવલ, (રાઈસ) *n*. Rice. ચોખા.

ચચાવવું, (ચ્યુ) *vt.* Chew. ખાવા માટે દાંત વતી કચરવું.
ચાવણું, (ઓવરવાઈઝ) *a.* Overwise. દોઢડાહ્યું.
ચાવી, (કી)*n.*Key. કૂંચી.(રેમેડી)*n.* Remedy.ઉપાય.
ચાસ, (ફરો) *n.* Furrow. ખેડવાથી પડતો લાંબો આંકો.
( લોસ ) *n.* Loss. ખોટ.
ચાસણી, ( બોઈલ્ડ સીરપ )*n.* Boiled syrup.ઉકાળીને કરાતું ખાંડનું પ્રવાહી. ( ટેસ્ટ ) *n.* Test. કસોટી.
ચાસવું, (ફરો) *vt.* Furrow. ચાસ પાડવા.
ચાહ,ચાહના, (એફેકશન) *n.* Affection. હેત; પ્યાર.
ચાહવું, (લવ) *vt.* Love. પ્રેમ કરવો.
ચાહન, (ઓપન) *a.* Open. જાહેર. [ છિદ્રોવાળું સાધન.
ચાહણી,-ણો, ( સીવ ) *n.* Sieve. ચાળવાનું બારીક
ચાળવવું,*vt.* Turn frequently.અવારનવાર ઉથલાવવું.
ચાળવું, (સીફ્ટ) *vt.* Sift. ચાળણી વડે ચોકખું કરવું.
ચાળા,-ચસ્કા, ( ગેસ્ચર્સ ) *n.* Gestures. અનુકરણ;
ચાળીસ, ( ફોર્ટી )*a.* Forty. ૪૦. [ હાવભાવ.
ચાંખડ, ( પુઅર ) *a.* Poor. ગરીબ; દીન.
ચાંખડાઇ, (પોવર્ટી) *n.* Poverty. નિર્ધનતા.
ચાંગળું, *n.* Hallow of the palm. ચાર આંગળાની અંજલિ.
ચાંચ, ( બીક ) *n.* Beak. પક્ષિઓનું અણિવાળું મોં.
ચાંચડ,-ણ, ( ફલી ) *n.* Flea. એક જંતુ.
ચાંચલ્ય, (કલેવરનેસ) *n.* Cleverness. ચંચળતા.
ચાંચવો, (હો)*n.*Hoe. જમીન ખોદવાનું હાથયાર;તીકમ.
ચાંચિયો, (પાયરેટ) *n.* Pirate; દરિયાઈ લુટારો.

ચાંડાલ, -ળ, (મીન પરસન)*n.* Mean person. અધમ માનવી.

ચાંદ, (મુન)*n.* Moon. ચંદ્રમા. (મેડલ)*n.* Medal. ચંદ્રક.

ચાંદની, (મુન લાઇટ ) *n.* Moonlight. ચંદ્રનો પ્રકાશ. Canopy. ચંદરવો. [of stars. તારાઓનો ઝાંખો પ્રકાશ.

ચાંદરડું, -ણું, ( સ્ટાર ) *n.* Star. તારો. Dim light

ચાંદરૂં, (અનરીસ્ટ્રેઈન્ડ) *a.* Unrestrained. નિરંકુશ. Having white spots. ધોળા ચાંદાવાળું.

ચાંદલિયો, ચાંદો, (મુન) *n.* Moon. ચંદ્રમા. [ ચાંલ્લો.

ચાંદલો, *n.* Round sign made on forhead.

ચાંદવું, ( મીસ્ચીવસ ) *a.* Mischievous. તોફાની-અડપલાંખોર.

ચાંદી, (વ્હાઈટ મેટલ)*n.* White metal. એક સફેદ ધાતુ. (સીફીલીસ) *n.* Syphillis. એક ચેપી રોગ. Silver. રૂપું.

ચાંદું, (અલ્સર)*n.* Ulcer. ધારૂં. Fault. દોષ. Stigma.

ચાંદ્ર, (લ્યુનર) *a.* Lunar. ચંદ્રને લગતું. [ લાંછન.

ચાંદ્રમાન, *n.* Lunar measurement of time. ચંદ્રની ગતિ પરથી કઢાતું સમયનું માપ. [ માસ.

ચાંદ્રમાસ, *n.* Lunar month. ચાંદ્રમાન પ્રમાણે ગણાતો

ચાંપ, ( ક્લેસ્પ) *n.* Clasp. કળ; પેચ. Control. ધાક.

ચાંપતી, ( વોર્નીંગ) *n.* Warning. ચેતવણી; તાકીદ.

ચાંપતું, (સ્ટ્રીક્ટ) *a.* Strict. સખત; આકરૂં.

ચાંપલું, ( ફેસ્ટીડીયસ) *a.* Fastidious. ચિબાવલું.

ચાંપલાવેડા, ચાંપલાશ, *n.* Fastidiousness. ચિબા-

વલાવેડા.

ચાંપવું, (પ્રેસ)*vt.* Press.દબાવવું.Bribe.લાંચ આપવી.

ચાંદલો,–જુઓ 'ચાંદલો.'

ચિકન, (નીટીંગ વર્ક)*n.* Knitting work. ભરતકામ.

ચિકાર, *ad.* Filled to utmost. ભરપૂર.

ચિકિત્સક, (ફીઝીશ્યન)*n.*& *a.*Physician. વૈદ્ય; હકીમ.

ચિકિત્સનિય, (મેડીકેબલ) *a.* Medicable. ચિકિત્સા કરવા યોગ્ય. [ (ડાયેગ્નોસીસ)*n.*Diagnosis. નિદાન.

ચિકિત્સા, ( ટ્રીટમૅન્ટ ) *n.* Treatment. સારવાર.

ચિકિત્સાખોર, (હાયપર-ક્રીટીકલ)*a.* Hyper-critical. [ ટીકાખોર.

ચિકોટી, (રીસ્ટ) *n.* Wrist. કાંડું.

ચિકોરવું, ( રીમાઈન્ડ) *vt.* Remind. ટોકવું.

ચિખલ,ચિખ્ખલ, (મડ) *n.* Mud. કાદવ.

ચિચિયારી,(શાર્પ ક્રાય)*n.*Sharp cry. ચીસ;કિકિયારી.

ચિચુકો,–ડો, ( ટેમેરીન્ડ સીડ ) *n.* Tamarind seed. આંબલીનો ઠળિયો. [ અવલ કારકુન.

ચિટનીસ,ચિટણીસ, ( હેડ કલાર્ક) *n.* Head clerk.

ચિઠ્ઠી,–પત્રી,–ચપાટી,(નોટ) *n.* Note.થોડી મતલબનો કાગળ.

ચિડાવું, (બી એનોયડ) *vt.* Be annoyed. ખીજવાવું.

ચિડિયલ, ( ઈરીટેબલ) *a.* Irritable. ચીડિયું.

ચિણગારી,ચિનગારી,–ગારો,(સ્પાર્ક)*n.*Spark.તણખો.

ચિત,–ત્તું,(માઈન્ડ)*n.*Mind.મન. Attention.ચેતન્ય.

ચિતરામણ, ( ડ્રોઈંગ ) *n.* Drawing. ચિત્ર. Act of drawing. ચિતરવાની ક્રિયા.

ચિતરાવવું, *vt.* Get drawn. ચિતરે એમ કરવું.
ચિતા, (પાયર) *n.* Pyre. ચેહ; મડદું બાળવા ગોઠવેલી
લાકડાની ચોકી. [ (પોરટ્રેટ) *n.* Portrait. ચિત્ર.
ચિતાર, *n.* Exact description. આબેહૂબ વર્ણન.
ચિતારો, (પેઇન્ટર) *n.* Painter. ચિત્રકામ કરનાર.
ચિત્કાર, *n.* Sharp terrifying noise. ચીસ.
ચિત્ત, ( રીઝનીંગ ફેકલ્ટી ) *n.* Reasoning faculty.
અંતઃકરણ; મન. [ અજંપો.
ચિત્તક્ષેપ,-ક્ષોભ, (અનઈઝીનેસ) *n.* Uneasiness. મનનો
ચિત્તભ્રમ, (ઇનસેનીટી) *n.* Insanity. ઉન્માદ.
ચિત્તવૃત્તિ, (ફીલીંગ્સ) *n.* Feelings. ચિત્તની વૃત્તિ. [તેવું.
ચિત્તવેધક,(એલ્યુરીંગ) *a.* Alluring. ચિત્તને વિંધી નાખે
ચિત્તશાસ્ત્ર,(સાયકોલોજી) *n.* Psychology. માનસશાસ્ત્ર.
ચિત્તાકર્ષક, (એટ્રેકટીવ) *a.* Attractive. મનોહર.
ચિત્તો, (પાન્થર) *n.* Panthar. એક જાતનો વાઘ.
ચિત્ર, (પોરટ્રેટ) *n.* Portrait. છબી.
ચિત્રક, (પેન્ટર) *n.* Painter. ચિતારો. [દોરવાની કળા.
ચિત્રકળા,-વિદ્યા,-કામ, *n.* Art of painting. ચિત્ર
ચિત્રકંઠ,-ગ્રીવ,(પીજીયન) *n.* Pigeon. કબુતર.
ચિત્રકાર, (પેન્ટર) *n.* Painter. ચિતરનાર. [ પડદો.
ચિત્રપટ, (ફીલ્મ) *n.* Film. સીનેમાની ફીલ્મ.Screen.
ચિત્રફલક, (પીકચર બોર્ડ) *n.* Picture-board. ચિત્ર
કાઢવાનું પાટિયું. [હની વહી.
ચિત્રમંજૂષા, ( આલ્બમ ) *n.* Album. ચિત્રોના સંગ્ર-
ચિત્રલેખા, (પોરટ્રેટ) *n.* Portrait. છબી.

ચિત્રવત્, *a.* Like a picture. ચિત્ર જેવું. Still. સ્થિર.
ચિત્રવિચિત્ર, (વેરીગેટેડ) *a.* Variegated. રંગબેરંગી; વિલક્ષણ. [ સ્થાન.
ચિત્રશાલા,-શાળા, (સ્ટુડીઓ) *n.* Studio ચિત્રો કાઢવાનું
ચિત્રા, *n.* Kind of metre. એક છંદ
ચિત્રાકાર, (સ્ટુપીફાઇડ) *a.* Stupefied. સ્તબ્ધ. [સ્થાન
ચિત્રાલય, (મ્યુઝીયમ) *n.* Musuem. ચિત્રકળાનું સંગ્રહ-
ચિત્રિણી, *n.* A beautiful, virtuous and clever woman.. સુંદર, ગુણવાન અને ચતુર સ્ત્રી.
ચિત્રવત, (પેઇન્ટેડ) *a.* Painted. ચીતરેલું.
ચિત્શક્તિ,-જુઓ 'ચૈતન્ય.' [ પરબ્રહ્મ.
ચિત્સ્વરૂપ, ( સુપ્રીમ સ્પીરીટ ) *n.* Supreme spirit.
ચિદાકાશ, (યુનીવર્સલ સોલ) *n.* Universal soul.
ચિદાભાષ, *n.* Individual soul. જીવ. [ શુદ્ધ બ્રહ્મ.
ચિદ્ઘન, *a.* Full of knowledge. જ્ઞાનથી ભરેલું.
ચિદ્રુપ, *a.* Intellectual. જ્ઞાનસ્વરૂપ.
ચિન્ગારી,-રો, *n.* -જુઓ 'ચિનગારી.'
ચિનાઈ, (ચાઈનીઝ) *a.* Chinese. ચીનમાં બનેલું; ચીનનું.
ચિનીકબલ્લા, *a.* A medicinal drug. એક વનસ્પતિનાં બીજ-ઔષધિ.
ચિન્મય, (સ્પીરીચ્યુઅલ) *a.* & *n.* Spiritual. જ્ઞાનમય.
ચિપાસીયું, (માઇઝર) *a.* Miser. કંજુસ.
ચિબાવલું, (ઓવર વાઈઝ) *a.* Overwise. ડોઢડાહ્યું.
ચિબુક, (ચીન) *n* Chin. હડપચી; દાઢી. [ કરવું.
ચિમળાવવું, *vt.* Make withered. ચીમળાઈ જાય એમ

ચિમાવું, *vt.* To eye a thing with a desire. અમુક વસ્તુ મેળવવાની ઇચ્છાથી તાકીતાકીને જોવું.
ચિમેડ, ચિમોડ, *n.* Kind of black medicinal seed. એક વનસ્પતિ બીજ-ઔષધી.
ચિમોટી,-ડી, (નેક) *n.* Neck. ગરદન; જોચી.
ચિમ્મડ, (સ્ટીંજી) *a.* Stingy. કૃપણ. [ સમય માટે.
ચિર, (લોંગ) *a.* Long. લાંબુ. *ad.* Eternally. લાંબા
ચિરકાલ,-કાળ, *ad.* For a long time. લાંબાવખતમાટે.
ચિરકાલીન; ચિરંતન, *a.* Of long standing. લાંબા સમયનું. [ રહે તેવું.
ચિરસ્થાયી, *a.* Lasting long. દીર્ઘકાળ સુધી ટકી
ચિરસ્મરણીય, *a.* Worth remembering for a long time. લાંબો સમય યાદ રાખવા યોગ્ય.
ચિરંજીવ,-જીવી, (ઈમમોર્ટલ) *a.* Immortal. લાંબી આવરદાવાળું. (સન) *n.* Son. પુત્ર.
ચિરંજીવીની, *a.* Immortal. લાંબી આવરદાવાળી. (ડોટર) *n.* Daughter. પુત્રી.
ચિરાગ, (લેંપ) *n.* Lamp. દિવો; બત્તી.
ચિરાડો, (કલેફ્ટ) *n.* Cleft. ચીરો.
ચિરાવું, (બી સ્પ્લીટ) *vt.* Be split. ચીરાય તેમ કરવું.
ચિલખત, (આર્મર) *n.* Armour. બખ્તર.
ચિલગોની, *n.* A dry fruit. સુકો મેવો.
ચિન્હ, (સાઈન) *n.* Sign. નિશાની.
ચિન્હાંતર, *n.* Change of signs. ચિન્હોની ફેરફારી.
ચિન્હિત, (માર્કડ) *a.* Marked. ચિન્હવાળું.

ચિંગર, (ટફ) *a.* Tough. ચીકણું,
ચિગૂસ, ચિંગુસ,(ફ્રુગલ) *a.* Frugal. કરકસરીયું.
ચિંત, (એંક્ષાયટી) *n.* Anxiety. ફીકર.
ચિંતક, (ફીલોસોફર)*n.*Philosopher. ફિલ્સુફ;વિચારક.
ચિંતવન, ચિંતન,(કંટેમ્પ્લેશન) *n.* Contemplation. મનન; વિચાર. [વાના સ્વભાવવાળું.
ચિંતનશીલ, (થોટફુલ) *a.* Thoughtful. વિચાર કર-
ચિંતનીય, ચિંત્ય,*a.* Worth meditating. વિચાર કરવા યોગ્ય. [મનન કરવું.
ચિંતવું,-વવું, ( થીંક ) *vt.* Think. વિચાર કરવો;
ચિંતા, (કન્સર્ન) *n.* Concern. ફીકર; વિચાર.[વ્યાકુળ.
ચિંતાકુળ,-કુલ,-તુર, (એંક્શસ)*a.*Anxious. ચિંતાથી
ચી, Suffix. પ્રત્યય છે, જેમકે: ખજાનચી, મસાલચી વિ.
ચીકટ, (ગ્રીઝી) *a.* & *n.* Greasy. ચીકણું.
ચીકટાવું, (બી ગ્રીઝડ)*vt.* Be greased. ચીકણું થવું.
ચીકટાવવું, (ગ્રીઝ) *vt.* Grease. ચીકણું કરવું.
ચીકડું, (ગ્રીઝી) *a.* Greasy. ચીકણું.
ચીકણુ, *n.* Kind of cucumber. એક જાતની કાકડી.
ચીકણું, (ગ્રીઝી) *a.* Greasy. ચોંટી રહે એવું. (સ્ટીંજી)
ચીકાશ,(ગ્રીઝ)*n.*Grease.ચીકણાઇ. [*a.*Stingy. કૃપણ.
ચીકી, *n.* Kind of sweet. એક મીઠાઈ.
ચીકુ, *n.* Kind of fruit. એક ફળ-ઝાડ.
ચીચવાવું, (લોંગ ફોર) *vt.* Long for. ટળવળવું.
ચીચવું, ( સ્ક્રીમ ) *vt.* Scream. ચીસ પાડવી; ચીંચી અવાજ કરવો. [લાકડા પર રમતનું એક સાધન.

ચીચવો, (સીસો) *n.* See-saw. અણીદાર ઊભા
ચીજ, ચીઝ, (થીંગ) *n.* Thing. વસ્તુ.
ચીટકી, (પીંચ) *n.* Pinch. ચપટી.
ચીઠીયું, *n.* Chip of wood. લાકડાની ફાચર.
ચીકું, (ગ્રીઝી) *a.* Greasy. ચીકણું. *n.* Refuse. ઠાર્યા પછીનો કચરો. [ yance. ખીજવાટ.
ચીડ, (એંગર) *n.* Anger. ક્રોધ. (એનોયંસ) *n.* Anno-
ચીડવવું, (ઈરીટેટ) *vt.* Irritate. ખીજવવું.
ચીડવાવું, (બી એનોઈડ) *vt.* Be annoyed. ખીજવું.
ચીડકું, (ઈરીટેબલ) *a.* Irritable. ચીડાઈ જતું. *n.* Scolding. છણકો. (બર્ડ) *n.* Bird. પક્ષી.
ચીણગી, ચીનગી, (સ્પાર્ક) *n.* Spark. ચીનગારી.
ચીણવું, *vt.* Eat with beak. ચાંચ વડે ખાવું..
ચીત, (માઇન્ડ) *n.* Mind મન. Attention. ધ્યાન. *a.* Floored. ચત્તું પડેલું.
ચીતરવું, (પોર્ટ્રે) *vt.* Portray. આલેખવું.
ચીતરી, (ડીસ્ગસ્ટ) *n.* Disgust. અણગમાની કંપારી.
ચીતરો, (લીયોપાર્ડ) *n.* Leopard. ચિત્તો. Kind of snake. એક જાતનો સાપ.
ચીતવું, (ઇમેજીન) *vt.* Imagine. કલ્પવું.
ચીતળ, *n.* Kind of snake. એક જાતનો સાપ. Chip of wood. લાકડાની ફાચર. [ચીતરો.
ચીતળો, *n.* Kind of snake. એક જાતનો સાપ;
ચીત્કાર, *n.* Sharp terifying noise. ચીસ.
ચીથરું,–જુઓ 'ચીંથરું.'

ચીનવું, (નો) *vt.* Know. જાણવું.
ચીન્ત, *a.* Of China. ચીનનું; ચીનને લગતું.
ચીપ,-ટ, (સ્લાઈસ) *n* Slice. લાંબી ચપટી પટ્ટી. Turn for shuffling. પત્તા ચીપવાની વારી.
ચીપટી, (પીન્ચ) *n.* Pinch. ચપટી.
ચીપડો,-ડું, *n.* Mucus of eye. આંખનો મેલ.
ચીપવું, ( શફલ ) *vt.* Shuffle. ગંજીફાનાં પાનાંને ઉપર તળે કરવાં. Press and draw out દાબીને લાંબી ચીપ બનાવવી. [ ઝાલવાની પકડ.
ચીપિયો, ( ટોંગ્સ ) *n.* Tongs. ચીમટો; દેવતા વિ.
ચાબડ.,-રી, *n.* Bird. એક પક્ષી.
ચીબું, ચીબડું, *a.* Flat nosed. ચપટા નાકવાળું.
ચીભડું, (મસ્ક મેલન) *n.* Musk melon. એક ફળ.
ચીમટી, - જુઓ 'ચીપટી.'
ચીમની, ( ચીમની ) *n.* Chimney. ધુમાડિયું; બત્તીની
ચીમળવું,(પીન્ચ)*vt.* Pinch. આમળવું. [કાચની નળી.
ચીમળાવું, (વીધર) *vi.* Wither. કરમાવું. (પાઈન)*vt.* Pine. ઝૂરવું. [ ment. રેશમી વસ્રી.
ચીર, ( ક્લેફ્ટ ) *n.* Cleft. તરડ. Fine silken gar-
ચીરવું, (ટેર) *vt.* Tear. ફાડવું.
ચીરિયું, (સ્મોલ પીસ) *n.* Small piece. નાનો કકડો.
ચીરો, (સ્લીટ) *n.* Slit. ફાટ; કાપ.
ચીલ, (કાઈન્ડ ઓફ્ વીડ) *n.* Kind of weed. એક વનસ્પતિ. Bird. એક પક્ષી. [*n.* Custom. રિવાજ.
ચીલો, (કાર્ટવે) *n.* Cart-way. ગાડામાર્ગ. ( કસ્ટમ )

ચીવટ, (કેર) *n.* Care. કાળજી.
ચીવર, (ક્લોથ) *n.* Cloth. કપડું. Dress of a mendicant. ભિક્ષુઓનું અંગવસ્ત્ર.
ચીસ, ( સ્ક્રીમ ) *n.* Scream. તીણી બૂમ.
ચીસું, (સ્ટીંજી) *a.* Stingy. કંજૂસ.
ચીંડોરા, (બર્ડ) *n.* Bird. એક પક્ષી.
ચીંથરૂં, (રેગ) *n.* Rag. ગાભો.
ચીંથરેહાલ,(વેરી પુઅર)*a.*Very poor.છેક જ ગરીબ.
ચીંદરડી,-ડું, (રેગ) *n.* Rag. લૂગડાંની લાંબી પટી.
ચીંધવું, (પોઇન્ટ) *vt.* Point. આંગળી વડે દેખાડવું. (કમાન્ડ) *vt.* Command. ફરમાવવું.
ચીંબોળવું, (ટવીસટ) *vt.* Twist. આમળવું.
ચુકાદો, (ડીસીશન) *n.* Decision. ફેંસલો.
ચુગલી, (સ્લેન્ડર) *n.* Slander.પીઠ પાછળ કરેલી નિંદા.
ચુગલીખોર, ( બેકબાઈટર ) *n.* Backbiter. ખોટી નિંદા કરનાર.
ચુચુક, ચુચક, *n.* Nipple of the breast. સ્તનની ડીંટડી.
ચુડેલ, (વીચ) *n.* Witch. ડાકણ.
ચુનવણી, (લાઈમ વોટર)*n.*Lime water. ચુનાનું પાણી.
ચુનંદુ,-દા, (બેસ્ટ) *a.* Best. ઉત્તમ.
ચુનારો, (મેસન) *n.* Mason. કડિયો.
ચુનાણું, (વ્હાઇટ વૉશ્ડ) *a.* White washed. ધોળેલું. (ટ્રોવેલ)*n.*Trowel.કડિયાનો લેલો.
ચુપ, ( સાયલંટ ) *a.* Silent. શાંત. ( સ્પીચલેસ ) *a.* Speechless.મૂક.
ચુપકીદી, ( સાયલંસ ) *n.* Silence. મૌન.

ચુપચાપ, (સાયલ'ટલી) *ad.* Silently. કાંઈપણ અવાજ કર્યા વગર. [ will. મરજી વિરૂદ્ધ શાંત થવું.
ચુમાવું, *vt.* Be obliged to remain silent against
ચુલબુલિયું, (સ્પોર્ટીવ) *a.* Sportive. રમતિયાળ.
ચુલેતરૂં, ચીલોતરૂં, *n.* Kind of partridge. એક
ચુલ્લિકા, (હર્થ) *n.* Hearth. ચૂલો. [ પક્ષિ.
ચુસાડવું, *vt.* Make to suck. ચૂસે એમ કરવું.
ચુસાવું, *vt.* Be sucked. ચુસાવાય એમ કરવું.
ચુસ્ત, (ફર્મ) *a.* Firm. દૃઢ. (ટાઇટ) *a.* Tight તંગ.
ચુંગલ,–ચુંગાલ, ( પો ) *n.* Paw. પંજો. ( ગ્રીપ ) *n.* Grip. પકડ. [પીવાની નળી. (ટેક્ષ)*n.* Tax. દાણ.
ચુંગી, ( ટોબેકો પાઇપ ) *vt.* Tobacco-pipe. તમાકુ
ચુંબક, (મેગ્નેટીક) *a.* Magnetic. પોતાની તરફ આકર્ષણ કરનારૂં. *n.* Miser. કંજૂસ.
ચુંબન, (કીસ) *n.* Kiss. બચ્ચી.
ચુંબવું, (કીસ) *vt.* Kiss. બચ્ચી કરવી.
ચુંબિત, (કીસ્ડ) *a.* Kissed. ચુંબેલું.
ચુંમાળીસ, (ફોર્ટી ફોર) *a.* Forty- four. ૪૪.
ચુંમોતેર, (સેવન્ટી ફોર) *a.* Seventy-four. ૭૪.
ચૂઓ, ચુવો, (રૅટ) *n.* Rat. ઉંદર.
ચૂક, (મીસ્ટેક) *n.* Mistake. ભૂલ; કસુર.
ચૂકતું, (સેટલ્ડ) *a.* Settled. ચૂકવી દીધેલું.
ચૂકવવું, (ડીસાઈડ) *vt.* Decide. પતાવવું. (ઇવેડ) *vt.* Evade. ભૂલાવવું. [ *vt.* Fail. નિષ્ફળ નિવડવું.
ચૂકવું, ( બલન્ડર ) *vt.* Blunder. ભલ કરવી. (ફેલ)

ચૂગવું, *vt.* Eat with beak. ચાંચ વતી ખાવું.
ચૂટકી, (પીન્ચ) *n.* Pinch. ચપટી.
ચૂટકો, (સ્પેલ) *n.* Spell. જાદુ. Short and effective speech. ટૂંકું અને અસરકારક ભાષણ.
ચૂડ, (ટ્વીસ્ટ) *n.* Twist. આંટી; પકડ. (બેંગલ) *n.* Bangle. બંગડી.
ચૂડગર, (બેંગલ મેકર) *n.* Bangle maker. મણિયાર.
ચૂડલો, (બેંગલ) *n.* Bangle. ચૂડો.
ચૂડા, (સમીટ)*n.* Summit. શીખર.
ચૂડી, (સ્મોલ બેંગલ) *n.* Small bangle. નાનો ચૂડો.
ચૂડીકરમ, *n.* Breaking of bangle of a woman on the death of her husband. પતિનું મરણ થતાં સ્રીના હાથની ચૂડીઓ ભાંગવી તે. [ઘરેણું.
ચૂડો, ( બેંગલ ) *n.* Bangle. સ્રીઓના કાંડાનું એક
ચૂણ, (પેકીંગ ઓફ ફુડ)*n.* Pecking of food. ખોરા-
ચૂત, (મેંગો ટ્રી) *n.* Mango tree આંબો. [કની શોધ.
ચૂનખડી, (લાઇમસ્ટોન) *n.* Limestone. ચૂનો બનાવ-
ચૂનવું,(પીક અપ) *vt.* Pick up. વીણવું. [વાની કાંકરી.
ચૂનાગચ્છી, –ગચ્ચી, *n.* Open terrace set with line and mortar. ચૂનાનું મજબૂત ચણતર કે તેનું બનાવેલું ધાબું.
ચૂની, (સ્મોલ રૂબી) *n.* Small ruby. હીરાકણી.
ચૂનો, ( લાઇમ )*n.* Lime. મકાનાદિમાં વપરાતો પત્થર બરફ વિગેરેનો ભૂકો.
ચૂપ,—જુઓ 'ચુપ'.

ચૂમવું, (કીસ) *vt.* Kiss. બચ્ચી કરવી.
ચૂમી, ( કીસ )*n.* Kiss. ચુંબન.
ચૂર, ચૂરણ, ચૂરી, (પાવડર )*n.* Powder. ભૂકો.
ચૂરમું, *n.* Kind of sweet. ચુરો લાડુ.
ચૂરવું, ( રીડયુસ ટુ પાવડર)*vt.* Reduce to powder.
ચૂરો,(પાવડર) *n.* Powder. ભૂકો. [ ભૂકો કરવો.
ચૂર્ણ,-જુઓ ' ચુરણ ' [ ચૂલો.
ચૂલ, ( હર્થ ) *n.* Hearth. રસોઈ રાંધવા ખોદેલો મોટો
ચૂલાવેરો, ( હાઉસ ટેક્ષ ) *n.* House tax.ઘરવેરો.
ચૂલો, ( હર્થ )*n.*Hearth.રાંધવા માટે બળતણ ગોઠવવા કરાતી જગા વિ૦. [ સુખડ.
ચૂવાચંદન, *n.* Kind of sandalwood. એક જાતની
ચૂવું, ( લીક ) *vt.* Leak. ટપકવું.
ચૂસ, ચૂસણ, –પદ્ધતિ, (એક્ષપ્લોઈટેશન)*n.* Exploitation. ચૂસી ખાવું તે.
ચૂસવું, ( સક ) *vt.* Suck. મોં વડે રસ ખેંચવો.
( ઍનફીબીલ )*vt.* Enfeeble. નિ:સત્વ કરવું.
ચૂંક, (સ્ટમક-એક )*n.*Stomach-ache.પેટની આંકડી.
( ટેક ) *n.* Tack. નાની ખીલી.
ચૂંકાવું, (એક) *vt.* Ache. ચૂંક આવવી. [ વાળું.
ચૂંચૂણું, (ડીમ સાઇટેડ )*a.*Dim sighted.ટુંકી નજર-
ચૂંચાં, (હેસીટેશન) *n.* Hesitation.આનાકાની.
ચૂંચિયાં, ચૂંચી, (બ્રેસ્ટ)*n.* Breast. સ્તન–તેની ડીંટડી.
ચૂંટ, ( ઈચ ) *n.* Itch. વલૂર.
ચૂંટણી, ( ઇલેકશન)*n.* Election. પસંદગી.

ચૂંટવું, ( સીલેક્ટ ) *vt.* Select. પસંદગી કરવી.
( પ્લક ) *vt.* Pluck. ચૂંટવું.
ચૂંટી,ચૂંટલી, (પીન્ચીંગ) *n.* Pinching. ચીમટી.
ચૂંથવું, ( રેનસેક ) *vt.* Ransack. ફેંદવું.
ચૂંથાચૂંથ,(રમેજીંગ)*n.*Rummaging. ફેંદાફેંદ કરવી તે.
ચૂંથારો, ( ગ્રાઈપ્સ )*n.* Gripes. ગભરામણ.
ચૂંથો, ( રેગ ) *n.* Rag. ગાભો.
ચૂંદડી,*n.*A silken cloth having devices painted on it. એક જાતનું ભાતીગર રેશમી કપડું.
ચેકવું, ( ઈરેઝ ) *vt.* Erase. ચેરવું.
ચેટ, ( સરવન્ટ ) *n.* Servant. દાસ.
ચેટક, ( સોરસેરી ) *n.* Sorcery. ભૂત; વળગણ.
ચેટિકા, ચેટી, ( મેડ ) *n.* Maid. દાસી.
ચેડાં, ( ફુલીશ પ્રેંકસ )*n.* Foolish pranks.અડપલાં.
ચેત, ( નોલેજ ) *n.* Knowledge. જ્ઞાન.
ચેતન, ( એનીમેટ ) *a.* Animate.સજીવ. (વાઈટાલીટી) *n.* Vitality. જીવનશક્તિ.
ચેતનશાસ્ત્ર,(સાયકોલોજી)*n.*Psychology. માનસશાસ્ત્ર.
ચેતરડ, ( ફુલીશ ) *a.* Foolish. ડાધારંગું.
ચેતવણી, (વૉર્નીંગ ) *n.* Warning. અગાઉથી આપેલી ખબર.
ચેતવવું, ચેતાવવું, (વૉર્ન )*vt.*Warn. અગાઉથી ખબર [ આપવી.
ચેતવું, ( કેચ ફાયર ) *vt.* Catch fire. સળગવું.Take a hint. ઈસારતમાં સમજી જવું.Beware.સાવધાન થવું.
ચેતા, ( ઈન્ટીમેશન) *n.* Intimation. ખબર; સૂચના.

ચૅન, ( સાઈન ) *n.* Sign. ચિહ્ન. ( ટ્રાંક્વીલીટી ) *n.* Tranquility. સુખ; આરામ.

ચૅનબાજી, ( મેરીમેન્ટ ) *n.* Merriment. ગમ્મત.

ચેપ, ( પસ ) *n.* Pus. પરૂ; રસી. Infection. બીજા રોગની અસર. [ રોગનો ચેપ નાશ કરનારૂં.

ચેપનાશક, ( ડીસઈન્ફેક્ટંટ ) *n.* Disinfectant.

ચેપવું, ( સ્કવીઝ ) *vt.* Squeeze. નિચોવવું. ( પ્લાન્ટ ) *vt.* Plant. રોપવું.

ચેપી, ( કંટેજીયસ ) *a.* Contagious. ચેપ લગાડે એવું.

ચેર, ( વુડ ) *n.* Wood. લાકડાં.

ચેરવું, ( સ્ટ્રાઈક આઉટ ) *vt.* Strike out. છેકવું.

ચેરંચેરા, ચેરાચેર, (સ્ક્રેચીંગ આઉટ )*n.* Sctraching out. છેકાછેક.

ચેરીમેરી, ( પ્રેઝન્ટ ) *n.* Present. બક્ષિસ.

ચેરો, ( સ્કેચ ) *n.* Scratch. છેકો.

ચેલ, ચૈલ, ( ગાર્મેન્ટ ) *n.* Garment. વસ્ત્ર.

ચેલકી, ( ગર્લ ) *n.* Girl. છોડી.

ચેલકો, ( બૉય ) *n.* Boy. છોકરો.

ચેલો, ( ડીસાયપલ ) *n.* Disciple. શિષ્ય.

ચેલી, (ફીમેલ ડીસાયપલ )*n.* Female disciple. શિષ્યા.

ચેવડો, (ઈટેબલ) *n.* Eatable. ચવાણું.

ચેવવું, (મેઇક વોર્મ) *vt.* Make warm. શેકવું.

ચેષ્ટક, ( મીમીકીંગ )*n.* Mimicing. ચેષ્ટા કરનારૂં.

ચેષ્ટા, ( વેગરી ) *n.* Waggary. ચાળા; ઠઠ્ઠા.

ચેહ, ( પાયર ) *n.* Pyre. ચિતા.

ચેંગટ, ( સ્લો ) *a.* Slow. ધીમું.
ચેંચેંપેંચેં, ( મરમર ) *n.* Murmur. ગણગણાટ.
ચેડું, ( પ્લે-બોલ ) *n.* Play-ball. રમવાનો દડો.
ચેંબડી, *n.* Bird. ચીમડી. [ જ્ઞાન.
ચૈતન્ય, ( લાઈફ ) *n.* Life. ચેતના. Knowledge.
ચૈતન્યવાદ, ( સ્પીરીચ્યુઆલીઝમ) *n.* Spiritualism. આધ્યાત્મવાદ. [ પાળીઓ. Temple. દેવળ.
ચૈત્ય, ( મોન્યુમેન્ટ ) *n.* Monument. સ્મરણસ્તંભ;
ચૈત્ર, *n.* Sixth month of the Hindu year. વિક્રમ સંવતનો છઠ્ઠો માસ.
ચૈત્રરથ, *n.* Garden of Kubera. કુબેરનો બાગ.
ચોક, ( ફોરફોલ્ડ ) *a.* Fourfold. ચારગણું. (કોમ્પાઉન્ડ )*n.* Compound. ઘરની વચ્ચે ચોખંડી છોબંધ જગ્યા. Bazar. બજાર. Moment. પળ; ક્ષણ.
ચોકઠું, *n.* Frame. બારી કે બારણું બેસાડવા કરેલો ઘાટ. Device. યુક્તિ. [ પેશાબપાણી મારેનો ખૂણો.
ચોકડી, *n* Sign. + આવી આકૃતિ. (યુરીનલ)*n.* Urinal.
ચોકડું, ( બ્રાઈડલ ) *n.* Bridle. લગામ; અંકુશ.
ચોકવટી, ( માર્કેટ પ્લેસ ) *n.* Market place. બજાર.
ચોકસ, ( એક્ઝેક્ટ )*a.* Exact. નક્કી; બરાબર. Shrewd. સાવધાન.
ચોકસપણું, ( પ્રીસીશન ) *n.* Precision. સાવધાની.
ચોકસી, (જુવેલર)*n.* Jeweller. સોના રૂપાનો ધંધો કરનાર.
ચોકિયાત, ( વૉચમેન ) *n.* Watchman. રખવાળ.
ચોકી, (ગેટ)*n.* Gate. થાણું. Toll-bar. નાકું. Watch.

ચોકીદાર,(વાચમેન)*n.* Watchman. રખવાળ. [તપાસ.
ચોકો, *n.* Spot cleared for cooking. રસોઇ કરવા અબોટ કરેલી જગા. A spot cleared for dying man to lie upon. મરનારને સુવાડવા માટે લીંપીને [ તૈયાર કરેલી જગા.
ચોક્કસ,--જુઓ 'ચોકસ'.
ચોખવટ, ( કલીઅરનેસ ) *n.* Clearness. સ્પષ્ટતા. Settlement. નિકાલ.
ચોખણું, ( ડીસ્ટ્રીકટ) *n.* District.વિભાગ.
ચોખંડ, (સ્કવેર) *a.* Square. ચોખંડું. *n.* Four continents. ચારેખંડ.
ચોખંડું, ( સ્કવેર ) *a.* Square. ચોરસ.
ચોખા, ( રાઇસ ) *n.* Rice. એક અનાજ.
ચોખાપૂર, -ભર, *a.* As much a grain of rice. એક ચોખા જેટલું; જરાક.
ચોખો, *n.* Grain of rice. ચોખાનો દાણો.
ચોખાળવું, ( કલીન્સ ) *vt.* Cleanse. સાફ કરવું.
ચોખૂણ,ચોખૂણિયું,(કવોડ્રેન્ગ્યુલર)*a.*Quadrangular. ચાર ખૂણાવાળું. [ બાજુએ.
ચોખૂંટ,(ઓન ઓલ સાઈડસ )*ad* On all sides. તમામ
ચોખ્ખું, (કલીન)*a.*Clean. સ્વચ્છ.Honest. પ્રમાણિક. Clear. સ્પષ્ટ.
ચોખ્ખાઈ, ( કલીનલીનેસ) *n.* Cleanliness. સ્વચ્છતા.
ચોખ્ખુચટ,-ફુલ, ( વેરી કલીન )*a.* Very clean.સાવ ચોખ્ખું.
ચોગડો,*n.* Figure of four. ચારનો આંકડો; ૪.

ચોગણું, ( ફોરફોલ્ડ ) *a*. Fourfold. ચારગણું.
ચોગમ, ચોગરદમ, ( ઓન ઓલ સાઇડસ ) *ad*. On all sides. ચારે દિશાએ.
ચોગાન, ( લાર્જ પ્લેન ) *n*. Large plain. મેદાન.
ચોગો, ( લાર્જ કોટ )*n*. Large coat. ઝભ્ભો.
ચોઘડિયાં, *n*. Drums beaten at a fixed period. અમુક ઘડીએ વાગતાં નગારાં.
ચોઘડિયું, *n*. Auspicious time. મુહૂર્ત.
ચોટ, ( વુન્ડ ) *n*. Wound. ઘા. Opportunity.તક.
ચોટલી, ચોટી, *n*. Lock of hair. શીખા.
ચોટલો,*n*. Hair on the head of a woman.વેણી; અંબોડો. [વળગવું. Cling to. વળગવું.
ચોટવું, ( સ્ટીક ટુ ) *vt*. Stick to. ચીકાશને લીધે
ચોટાડવું, (પેસ્ટ) *vt*. Paste. ચોટે એમ કરવું.
ચોટ્ટું, (થ્રીવીશ) *a*. Thievish. લુચ્ચું.
ચોડ, (બ્રોડ)*a*. Broad. પહોળું.
ચોડવવું, (કુક) *vt*. Cook. પકવવું.
ચોડવું, (પ્લાસ્ટર) *vt*. Plaster. ચોટાડવું; જડવું.
ચોડું, (બ્રોડ) *a*. Broad. પહોળું.
ચોડો, (હીપ) *n*. Heap. ઢગલો.
ચોતરફ, (ઓલરાઉન્ડ) *ad*. All round. ચારે બાજુ.
ચોતરો ( રેઈઝડ સ્કવેર ) *n*. Raised square. મોટો ઓટલો; ચબૂતરો.
ચોતારું, *a*. Having four threads. ચાર તારવાળું.
ચોત્રીસ, (થર્ટી ફોર)*a*. Thirty four. ૩૪. [ ભાગ.

ચોથ, ચોથાઈ, (ફોર્થ પાર્ટ) *n.* Fourth part. ચોથો
ચોથું, (ફોર્થ) *a.* Fourth. ક્રમમાં ત્રીજા પછી આવતું.
ચોદશ, ચોદિશ, (ઓલ એરાઉન્ડ) *ad.* All around.
ચોતરફ. [ Headman. પોલીસપટેલ.
ચોધરી, (કોચમેન) *n.* Coachman. ગાડીત; સારથી.
ચોધાર, (ઓવરફ્લોઈંગ) *a.* Overflowing. પુષ્કળ.
ચોપ, (ઝીલ) *n.* Zeal. ખંત; ઉત્સાહ.
ચોપગ,-ગું, (ફોર લેગેડ) *a.* Four legged. ચાર પગવાળું *n.* Animal. જનાવર.[એક વનસ્પતિ-ઔષધ.
ચોપચીની, (ચાઈના વુડ-રૂટ )*n.* China wood-root.
ચોપટ, ચોપાટ, (ગેમ) *n.* Game. સોગટાંની રમત.
ચોપડવું, (ડૉબ) *vt.* Daub. લગાડવું; લપેડવું.
ચોપડાવવું, *vt.* Get daubbed. લગાડે એમ કરવું.
ચોપડી,(બુક) *n.* Book. પુસ્તક. [Abuse. ગાળ દેવી.
ચોપડું, *a.* Having four folds. ચાર પડવાળું *n.* Bread. ચાર પડવાળી રોટલી. *a.* Greasy. ચીકડું.
ચૉપડો, *n.* Large account book.હિસાબ લખવાની
ચોપન, (ફીફટી ફોર) *a.* Fifty four. ૫૪. [વહી.
ચોપવું,(પ્લાન્ટ) *vt* Plant. રોપવું;ખોસવું. Beat.ઠોકવું.
ચોપાઇ, (મીટર) *n.* Metre. એક છંદ. Cot. ખાટલો.
ચોપાનિયું, (પેમ્ફલેટ)*n.* Pamphlet. બે પાંચ પાનાનું પતાકડું. Newspaper. વર્તમાનપત્ર.
ચોપાયો, (બેડસ્ટેડ) *n.* Bedstead. ખાટલો.
ચોપાસ, ચોફેર, ચોબાજુ,(ઓલ એરાઉન્ડ) *ad.* All around. ચોતરફ.

ચોપાળો, (સ્વીંગ) *n.* Swing. હિંડોળાખાટ. [પીછોડી.
ચોફાળ, *n.* Large double sheet. જાડી મોટી
ચોબ, (સ્ટીક) *n.* Stick. દંડુકો. Mace. છડી.
ચોબદાર, *n.* Mace-bearer. છડીદાર.
ચોબવું, (બ્રાન્ડ) *vt.* Brand. ડામવું.
ચોભીલું, *ad.* Taken aback. છોભીલું.
ચોમગ, ચોમેર, *ad.* All around. ચોતરફ.
ચોમાસુ, *a.* Pertaning to monsoon. ચોમાસામાં
ચોમાસું, (મોન્સુન) *n.* Monsoon. વર્ષા ઋતુ. [ થતું.
ચોમુખ, –ખું, (ફોરફેસેડ) *a.* Four-faced. ચાર મોં-
ચોર, ચૌર, (થીફ) *n.* Thief. ચોરી કરનાર માણસ. [વાળું.
ચોર આંક, (ટ્રેડ ફીગર) *n.* Trade figure. માલ ઉપર
લખેલો કિંમતનો છૂપો આંકડો.
ચોરકડી, (સીક્રેટ લીંક) *n.* Secret link. છૂપી કડી.
ચોરખાનું, *n.* Secret drawer. છૂપું ખાનું.
ચોરખીસું, –ગજવું, *n.* Secret pocket. છૂપું ગજવું.
ચોરટું, (થીવીશ) *a.* Thievish. ચોરીકરવાના સ્વભાવવાળુ.
ચોરણી, –ણો, (ટ્રાઉઝર્સ) *n.* Trousers. લેંઘો. [નજર.
ચોરનજર, ( સ્ટીલ્થી લુક ) *n.* Stealthy look. છુપી
ચોરબારી, *n.* Secret outlet. છૂપી બારી. [લેવું.
ચોરવું, ( પીલ્ફર ) *vt.* Pilfer. પારકાનું છૂપી રીતે લઈ
ચોરસ, (સ્કવેર) *a.* & *n.* Square. ચારે બાજુઓ સરખી
ચોરાઉ, (સ્ટોલન) *a.* Stolen. ચોરાયેલું. [ હોય તેવું.
ચોરાણું, (નાઈન્ટી ફોર) *a.* Ninety four. ૯૪.
ચોરાશી, –સી, (એઇટીફોર) *a.* Eighty four. ૮૪.

ચોરી, (થેફ્ટ) *n.* Theft. ચોરવું તે.
ચૉરી, *n.*Square enclosure in which bride and brideroom are married. માયરું; વરકન્યા પરણવા બેસે છે તે મંડપ.
ચૉરો, *n.*Public place in a village. ગામમાં સહુને બેસવાની જગા. Police gate. પોલીસ થાણું.
ચોલ, (રેડ ડાય) *n.* Red dye. મજીઠ.
ચોવટ, ( માર્કેટ ) *n.* Market. બજાર; ચકલું. Open space. ખુલ્લી જગ્યા. Decision by arbitration. પંચનો ચુકાદો.
ચોવાટ, -ટે, *ad.* Everywhere. ચોતરફ.
ચોવીસ, (ટવેન્ટી ફોર) *a.* Twenty four. ૨૪.
ચોવું, (થ્રસ્ટ) *vt.* Thrust. ખોસવું.
ચોષ, (ઇનફ્લેમેશન) *n.* Inflammation. સોજો.
ચોષવું, (સક) *vt.* Suck. ચૂસવું.
ચોસઠ, (સીક્સ્ટી ફોર) *a.* Sixty four. ૬૪.
ચોસલું, (બ્લોક) *n.* Block. ગચિયું.
ચોહદ, *n.* The four boundaries. ચારે હદ.
ચોળવું, (રબ) *vt.* Rub. ઘસવું; મસળવું.
ચોળા, *n.* Kind of pulse. એક કઠોળ.
ચોળિયા, (ટૉન્સીલ્સ)*n.* Tonsils. ગળાના કાકડા.
ચોળી, (બોડીસ) *n.* Bodice. સ્ત્રીઓનો ટૂંકી બાંયનો [ કબજો.
ચોળો,(ડીકોકશન) *n.* Decoction. ઉકાળો.
ચોંકવું, (સ્ટાર્ટ ) *vt.* Start. ભડકવું.
ચોંચલું, (મીસ્ચીવસ) *a.* Mischievous. તોફાની.

ચોંટવું, (સ્ટીક ટુ) *vt.* Stick to. વળગવું.
ચોંટાડવું, (પેસ્ટ) *vt.* Paste. ચોટાડવું; લગાડવું.
ચોંટિયાટવું, (પીન્ચ) *vt.* Pinch. ચૂંટી ખણવી.
ચોંટી, (પીન્ચ) *n.* Pinch. ચૂંટી.
ચૌટું, (માર્કેટ) *n.* Market. બજાર.
ચૌદ, (ફોર્ટીન) *a.* Fourteen. ૧૪. [માર.
ચૌદમું રત્ન, (નેકટર) *n.* Nectar. અમૃત. Beating.
ચૌદલોક,-ભુવન, (યુનીવર્સ) *n.* Universe. વિશ્વ.
ચ્યવન, (ડેપ્રીવેશન) *n.* Deprivation. પતન.
ચ્યવવું, (ડેપ્રીવેટ) *vt.* Deprivate. પતન થવું.
ચ્યુત, (ફોલન) *a.* Fallen. પતિત; ભ્રષ્ટ.
ચ્યુતિ, (ફોલ) *n.* Fall. પતન. Error. ક્ષતિ.

---

## છ

છ, The seventh consonant of the Gujarati Alphabet, and the second of the palatal class. તાલુસ્થાની બીજો વ્યંજન. *int.* Fie ! છટ ! *a.* Six. [Pride. તોર.
છક (એસ્ટોનીશ્ડ) *ad.* Astonished. દિગ્મૂઢ; ચકિત. *n.*
છકછકાટ, (એરોગન્સ) *n.* Arrogance. તોર. Foppish-
છકડો, (કાર્ટ) *n.* Cart. ગાડું; એકકો. [ness. ભપકો.
છકવું, *vt.* Be arrogant. વંઠી જવું.
છક્કડ, (સ્લેપ) *n.* Slap. તમાચો. Deceit. ભૂલથાપ.
છખૂણ, છખૂણિયું, (હેક્ષેગોનલ) *a.* & *n.* Hexagonal.

**છગ**, **–લ**,(હી-ગોટ)*n*. He-goat.બકરો. [૭ ખૂણાવાળું,
**છગડો**,*n*. Figure of six. છનો આંકડો.
**છગાર**,છગોલું,(સમીટ)*n*. Summit. ટોચ; મથાળું.
**છચોક**, (ઓપન્લી)*ad*. Openly. છડેચોક; ખુલ્લી રીતે.
**છછણવું**, છણછણવું ( બી એન્ગ્રી ) *vt*. Be angry. ગુસ્સે થવું.
**છછણાટ**, છણછણાટ, ( એંગર ) *n*. Anger. ગુસ્સો.
**છછરૂં**, (નૉટ ડીપ) *ad*. Not deep. ઊંડું નહી એવું.
**છછુંદર**,*n*. Kind of mouse.ઉંદરના જેવું એક પ્રાણી. *a*. Mischievous. તોફાની.
**છછોરૂં**, (ચાઇલ્ડીશ) *a*. Childish. છોકરવાદ.
**છજાવટ**, *n*. Eaves of a balcony. વાછટિયું.
**છજું**, (બાલ્કની) *n*. Balcony. ઝરૂખો.
**છટ**, *int*. Pshaw. ધૂત્કારસૂચક ઉદ્ગાર.
**છટકારવું**, *vt*. Fie. ધૂત્કારવું.
**છટકવું**, (સ્લીપ અવે) *vt*. Slip away.નાસી જવું.
**છટકું**, (ટ્રેપ) *n*. Trap. દાવપેચ; જાળ.
**છટા**, (બ્યુટી)*n*. Beauty. શોભા. Characteristic.રીત.
**છટાંક**, *n*. One eighth part of a pound. શેરનો [આઠમો ભાગ; નવટાંક.
**છટેલ**,(લ્યુડ) *a*. Lewd. વંઠેલ.
**છટ્ઠું**, (સીક્સ્થ) *a*. Sixth. પાંચમા પછીનું.
**છડ**, (રીડ) *n*. Reed. બરૂ. (બેમ્બુ) *n*. Bamboo.વાંસ.
**છડકવું**, (સ્પ્રીન્કલ) *vt*. Sprinkle. છાંટવું.
**છડવું**, (થ્રેશ) *vt*. Thrash. ખાંડીને છોડાં જુદાં કરવાં.
**છડા**, *n*. Ornament for legs. પગનું ઘરેણું.

છકાણુ, (હસ્ક) *n.* Husk. કુશકી.
છડિયું, (પેસેન્જર) *n.* Passenger. મુસાફર.
છડી, (મેસ) *n.* Mace. રાજચિહ્નનો દંડ Cane. સોટી. Nosegay. કલગી.
છડીદાર, –વાન, *n.* Mace-bearer. ચોબદાર.
છડીછાટ,–છાંટ, ( ચાઈલ્ડલેસ ) *a.* Childless. બાળક વિનાની; વાંઝણી.
છડું, (એલોન)*a.* Alone. એકલું; સાથ વિનાનું.
છડેછડું, (સીંગલ)*a.* & *ad.* Single. એકલું.
છડેચોક, (ઓપન્લી) *ad.* Openly. ખુલ્લી રીતે.
છડો, *n.* Necklace of pearls. મોતીનો કંઠો.
છણકવું, –કારવું, (સ્કોર્ન) *vt.* Scorn. તરછોડવું;છણકો કરવો. [ બોલ.
છણકો, –કારો, (સ્કોર્ન) *n.* Scorn. તરછોડ; ગુસ્સાનો
છણવું, (ફીલ્ટર) *vt.* Filter. ગળવું. (સ્ક્રુટીનાઈઝ માઈન્યુટલી) *vt.* Scrutinise minutely. બારીક તપાસ કરવી.
છણાવટ, *n.* Scrutinisation. બારીક તપાસ;છણવું તે.
છણંવણું, (ડીસ્ટોર્ટેડ) *ad.* Distorted. છિન્નભિન્ન.
છત, (એકઝીસ્ટંસ) *n.* Existence. હયાતી. Abundance. પુષ્કળપણું. Terrace. ચંદરવો; વિતાન.
છતરાયું, (ઓપન) *a.* Open. ખુલ્લું.
છતારું, *a.* & *n.* Having six strings.છ તારવાળું–તેવું વાદ્ય. [ તો પણ.
છતાં,–ય, (નેવરધીલેસ) *ad.* & *conj.* Nevertheless.

છતું, (ઓપન) *a*. Open. ખુલ્લું. Flat. ચત્તું.
છતુંપાટ,છત્તાપાટ, ( ફ્લેટ ) *a*. Flat. ચત્તું.
છત્ર, (બીગ પેરેસોલ) *n*. Big parasol. મોટી છત્રી. A royal ensign. એક રાજચિહ્ન. Guardian. રક્ષક.
છત્રછાયા, (શેલ્ટર) *n*. Shelter. આશ્રય.
છત્રધર,-ધારી,-પતિ,(કીંગ)*n*. King. રાજા. Emperor. શહેનશાહ. [ Widowhood. વિધવાપણું.
છત્રભંગ, (ડીપેન્ડન્સ) *n*. Dependance. પરાધિનતા.
છત્રાકાર, (ઉમ્બેલીફરસ) *a*. Umbelliferous. છત્રીના આકારનું. [ બચવા માટે ઓઢવાનું એક સાધન.
છત્રી, ( અમ્બરેલા)*n*.Umbrella. તાપ અને વરસાદથી
છત્રીશ,-સ, (થર્ટી સીકસ) *a*. Thirty six. ૩૬.
છદ્મ, ( ફ્રોડ )*n*. Fraud. છળકપટ.Pretext. બહાનું.
છનાછની, *n*. The state of having plenty of money. પૈસાની રેલછેલ.
છન્ન, (કવર્ડ) *a*. Covered. ઢંકાયલું.
છન્નુ, છન્નું,(નાઈન્ટી સીકસ)*a*.Ninety six. ૯૬.
છપગું, (સીકસ ફીટેડ) *a*. Six-feeted. છ પગવાળું.
છપગો, (લ્યુડ) *a*. Lewd. વ્યભિચારી.
છપડી, (રોગરી) *n*. Roguery. લુચ્ચાઈ.
છપડું, *a*. Having six folds. છ પડવાળું.
છપતરું, (શેલો)*a*.&*n*.Shallow. છાછરું;ઘસાઇને પાતળું
છપર, છપ્પર, (રૂફ) *n*. Roof. છાપરું. [ થઈ ગયેલું.
છપરખાટ,-પલંગ, *n*.A bedstead with a canopy. છત્રીવાળો પલંગ.

છપરપગું, (અનલકી) *a.* Unlucky. અભાગી.
છપવું, (હાઇડ) *vt.* Hide. સંતાવું.
છપાઇ, -મણ, -મણી, *n.* Cost or manner of printing. છપાવવાની રીત-ક્રિયા, વા કિંમત; છાપણી.
છપાદ,-ગું, (સીક્સ ફીટેડ)*a.*Six-feeted. છ પગવાળું.
છપાનિયું, (પેમ્ફલેટ) *a.* Pamphlet. ચોપાનિયું.
છપાવવું,(ગેટ પ્રીન્ટેડ)*vt* Get printed.છાપે એમ કરવું.
છપાવું, (બી પ્રીન્ટડ)*vt.* Be printed.છપાય તેમ કરવું.
છપ્પન, (ફીફ્ટી સીક્ષ) *a.* Fifty six. ૫૬.[મહાન દુકાળ.
છપ્પનિયો,*n.* Famine of 1956.સં. ૧૯૫૬માં પડેલો
છપ્પો, છપ્પય, *n.* Verse of six lines. છ લીટીનો એક છંદ. [ingly. પાણીમાં કાંઈ અફળાવાનો અવાજ.
છબ,-છબ, છબકછબક, ( સ્પ્લેશીંગ્લી ) *ad.* Splash-
છબછબવું,-છબાવવું, (સ્પ્લેશ) *vt.* Splash. છબછબ અવાજ થવો-કરવો.
છબછબું, (શેલો) *a.* Shallow. છછરૂં.
છબતરૂં,છબોતરૂં, (શેલો)*a.*Shallow. છાછરૂં.(ડર્ટી)*a.*
છબરડો,(કનફ્યુઝન)*n.*Confusion.ગોટાળો.[Dirty.ગંદું.
છબવું, (રીચ) *vt.* Reach. પહોંચવું.(હાઈડ)*vt.*Hide. છુપવું. [ Beauty. કાંતિ.
છબિ, છબી,(પોર્ટ્રેટ)*n.* Portrait. તસવીર.(બ્યુટી)*n.*
છબિદાર, (બ્યુટીફુલ) *a.* Beautiful. સુંદર.
છબિલું, ( ચાર્મીંગ ) *a.* Charming. મોહક.
છમ, છમકછમક, ( જીંગલીંગલી ) *ad.* Jinglingly. ઠમકા સાથે.

છમકલું, (મીસ્ચીફ) *n.* Mischief. અડપલું. Slight fire. નાનકડું તોફાન.
છમકવું, (જીંગલ) *vt.* Jingle. ઠમકો કરવો.
છમકારવું, *vt.* Make jingling sound. છમ અવાજ [ કરવો.
છમકાવવું, (સ્કોલ્ડ) *vt.* Scold. ધમકાવવું.
છમછમાટ, (એરોગંસ) *n.* Arrogance. તોર.
છમછમિયાં, ( સીમ્બાલ્સ ) *n.* Cymbals. કાંસી જોડાં.
છમાસિક, છમાસિ, *a.* & *n.* Occuring at the end of six months. છ મહિને થતું-કાર્ય.
છર, (એરોગંસ) *n.* Arrogance. તોર; મદ.
છરતું, (સ્લેન્ટીંગ) *a.* Slanting. રમતું. Not deep. છીછું [નહિ એવું.
છરવંગુ, (એરોગંટ) *a.* Arrogant. તોરી.
છરાયું,-યેલું, ( રેવીંગ ) *a.* Raving. માતેલું; ફાટેલું.
છરવું, (બી પ્રાઉડ) *vt.* Be proud. તોરમાં આવવું.
છરી, (નાઇફ) *n.* Knife. પાળી; ચાકુ.
છરેલ,-જુઓ 'છરાયું'.
છરો, (બીગ નાઈફ) *n.* Big Knife. મોટી છરી. (બુલેટ) *n.* Bullet. બંદુકમાં વપરાતી ગોળી.
છલ, (ડીસેપ્શન) *n.* Deception. કપટ; છેતરપિંડી.
છલન,-ના, (ફ્રોડ) *n.* Fraud. છેતરપિંડી.
છલક, (સ્પ્લેશન) *n.* & *ad.* Splash. છાલક.
છલકાવું, છલાવું, (ઓવર ફ્લો) *vt.* Overflow. પ્રવાહી પદાર્થનું ઊછળી બહાર પડવું.
છલંગ, (જંપ) *n.* Jump. ઠેકડો; કૂદકો.
છલાછલ, છલોછલ, *ad.* Filled to the top. છલકાય

તેમ. [ Frightened. ચમકેલું.
છલિત, છળિત, (ડીસીવ્ડ) *a.* Deceived. ઠગાયલું.
છલ્લાં, (ગોલ્ડરીંગ્સ) *n.* Goldrings. વીંટીઓ;કડીઓ.
છવાવું, ( બી કવર્ડ ) *vt.* Be covered. ઢંકાવું. Be
છવિ–જુઓ 'છબી'. [ spread. ફેલાવું.
છવ્વીશ,–સ, (ટવેન્ટી સીક્ષ) *a.* Twenty six. ૨૬.
છસેં, છસો, (સીક્સ હંડ્રેડ) *a.* Six hundred ૬૦૦.
છળ,–જુઓ 'છલ'. [ છેતરપિંડી.
છળકપટ,–પ્રપંચ,–ભેદ, (ડીસેપ્શન) *n.* Deception.
છળકારી, (પરસીક્યુટીંગ)*a.* Persecuting. દુઃખ દેનારૂં.
છળવું, (ચીટ) *vt.* Cheat. છેતરવું. Startle. ચમકવું.
છંછણવું, (ગ્રમ્બલ) *vt.* Grumble. ગણગણવું.
છંછેડવું, (ટીઝ) *vt.* Tease. ચીડવવું; સળી કરવી.
છંટકાવ,–કોર, છંટાવ, (સ્પ્રીન્કલીંગ)*n.* Sprinkling. છાંટવું તે.
છંટકોરવું, (સ્પ્રીન્કલ)*vt.* Sprinkle. છાંટવું. [તેમ કરવું.
છંટાવવું, (ગેટ સ્પ્રીન્કલ્ડ) *vt.* Get sprinkled. છાંટે
છંટાવું,(બી સ્પ્રીન્કલ્ડ)*vt* Be sprinkled છાંટા ઊડવા.
છંડાવું, (બી ગીવન અપ) *vt.* Be given up. દૂર થવું. Be examined. તપાસ થવી.
છંદ, ( મીટર ) *n.* Metre. વૃત્ત; કવિતા. ( હેબીટ ) *n.* Habit. વ્યસન. Kind of braclets. અમુક જાતની
છંદશાસ્ત્ર, (પ્રોઝોડી) *n.* Prosody. પિંગળ. [ચૂડીઓ.
છંદી,–લું, ( વીલ્ફુલ ) *a.* Wilful. અમુક હઠવાળું; શોખીન.

છાક, ( ઈન્ટોક્ષીકેશન ) *n*. Intoxication. નશો; ઘેન; કેફ. (એરોગંસ) *n*. Arrogance. તોર.
છાકડું, (ડ્રન્ક) *a*. Drunk. દારૂ પીને ભાન ભૂલેલું.
છાકટો, (ડ્રન્કાર્ડ) *n*.Drunkard. દારૂડિયો. [ પુષ્કળતા.
છાકમછોળ, (ઓવરફ્લોઈંગ) *ad*.& *n*. Overflowing.
છાકવું, *vt*. Be puffed up. ફુલાઈ જવું.
છાકોટો, (કન્ટેમ્પ્ટ) *n*. Contempt. તીરસ્કાર; છણકો.
છાગ, (હી ગોટ) *n*. He-goat. બકરો.
છાછર, (ડીશ) *n*. Dish. તાસક. *a*. Shallow. છાછરૂં.
છાછરૂં, (શેલો) *a*. Shallow. ઊંડું નહી એવું.
છાજ, (થેચ) *n*. Thatch. છાપરામાં કરાતું આચ્છાદન.
છાજલી,(શેલ્ફ) *n*. Shelf. અભરાઈ[Shelf. અભરાઈ.
છાજવું, ( ડીઝર્વ ) *vt*. Deserve.લાયક હોવું. Suit. શોભવું.Cover.ઢાંકવું. [શોકના આવેશમાં છાતી કૂટવી તે.
છાજિયું, *n*. Beating the breast in mourning.
છાટ, *n*.Long slab of stone. પત્થરનો લાંબો પહોળો
છાણ, (ડંગ) *n*. Dung. ગોબર. [કકડો.
છાણું, *n*. Dung-cake. છાણને થાપીને સૂકવેલું ચકરડું.
છાણવું, (ફીલ્ટર) *vt*. Filter. બારીક રીતે ચાળવું.
છાત, (અમ્બ્રેલા) *n*. Umbrella. છત્રી.
છાતરક, (ગેલપ) *n*. Gallop. મોટો કૂદકો; ફાળ.
છાતરવું, (ડ્રો આઉટ) *vt*. Draw out. ખેંચવું.
છાતી, (ચેસ્ટ) *n*. Chest. શરીરનો પેટ પરનો પહોળો ભાગ. Courage. હિંમત. [બહાદુર.
છાતીકઢું,-ચલું, (કરેજીયસ) *a*. Courageous. શૂરૂં;

છાતીપુર, (ચેસ્ટ ડીપ) *a.* Chest deep. છાતી સુધી આવે એટલું. [જાય એમ.
છાતીફાટ, ( બીટરલી ) *ad.* Bitterly. છાતી ફાટી
છાતીસેર, (બોલ્ડલી) *ad.* Boldly. હિંમતથી.
છાત્ર, (સ્કોલર) *n.* Scholar. વિદ્યાર્થી.
છાત્રવૃત્તિ, (સ્કોલરશીપ) *n* Scholarship. શિષ્યવૃત્તિ.
છાત્રા, (ફીમેલ સ્કોલર) *n.* Female scholar વિદ્યાર્થીની.
છાત્રાલય, ( બોર્ડીંગ હાઉસ ) *n.* Boarding house. છાત્રોને રહેવાનું સ્થળ.
છાદન, ( કવરીંગ ) *n.* Covering. ઢાંકણ.
છાદિત, (કવર્ડ) *a.* Covered. ઢાંકેલું.
છાનું, ( સીક્રેટ ) *a.* Secret. ગુપ્ત.
છાનુંછપનું, ( હીડન )*a.* Hidden. ગુપ્ત. [ તેવી રીતે.
છાનુંમાનું, ( સીક્રેટલી )*ad.* Secretly. કોઈ ન જાણે
છાપ, ( સ્ટેમ્પ ) *n.* Stamp. આકૃતિ પાડવાનો સિક્કો. Print. એક વસ્તુ બીજા પર દબાવાથી તેની આકૃતિ પડે તે. Impression. અસર. Awe. શેહ; દાબ. [ લય.
છાપખાનું,(પ્રીન્ટીંગ પ્રેસ)*n.* Printing press. મુદ્રણા-
છાપગર, ( કલોથ પ્રીન્ટર ) *n.* Cloth printer. છીપો.
છાપટ, ( સ્લેપ ) *n.* Slap. લપડાક. Splash. છાકળ.
છાપત, ( ક્રેડીટ ) *n.* Credit. આબરૂ; શાખ.
છાપરૂં, -રી, ( રૂફ ) *n.* Roof. મકાન પર કરેલું ઢાંકણ. Hut. ઝૂંપડું.
છાપવું,(પ્રીન્ટ)*vt.* Print. બીબાં વડે આકૃતિ પાડવી.
છાપું,(ન્યુસપેપર)*n.* Newspaper. વર્તમાનપત્ર Stamp.

બીજું. [ હુમલો. Tax. લાગો.
છાપો, ( સડન એટેક ) *n.* Sudden attack. ઓચિંતો
છાબ,–ડી, ( બેમ્બુ બાસ્કેટ ) *n.* Bamboo basket. વાંસની છાછરી ટોપલી. [ એક જાતનો છાપેલો સાલ્લો.
છાયલ, ( ફીમેલ ગાર્મેન્ટ ) *n.* Female garment.
છાયા, ( શેડો ) *n.* Shadow. પડછાયો. Shelter. આશ્રય Impression. અસર. [ સમય જાણવાનું યંત્ર.
છાયાયંત્ર, ( સન-ડાયલ ) *n.* Sun-dial. છાયા ઉપરથી
છાયો, ( શેડો )*n.* Shadow. ઓળો.
છાર, ( એશીસ ) *n.* Ashes. રાખોડી. Film. છારી.
છારવું, *vt.* Turn to ashes. બાળીને ખાખ કરવું. Compromise. માંડી વાળવું; છાવરવું.
છારી,(પેલીકલ)*n* Pellicle. વસ્તુ પર બાઝતો આછો થર.
છારૂં, ( ડસ્ટ )*n.* Dust. ભૂકો. [a person. કેડો.
છાલ, (રીન્ડ) *n.* Rind. ઝાડની ત્વચા. Being after
છાલક, ( સ્પ્લેશ ) *n.* Splash. પાણીની છોળ.
છાલકું, *n.* Corn bag. ગધેડા પર લાવવામાં આવતી ગુણ. *a.* Shallow. છાછરૂં. Vain. આછકલું.
છાલાં, ( હસ્કસ ) *n.* Husks. ફોતરાં. Bruises. ચામડી પરનાં ભિંગડાં.
છાલિયું, *n.* Broad brass-cap. પહોળા મોંનો વાડકો.
છાવણ, *n.* Material used in roofing. છાજ.
છાવણી, ( કેમ્પ ) *n.* Camp. પડાવ.
છાવર, ( કવરીંગ )*n.* Covering. ઢાંકણ; ઢાંકપિછોડો.
છાવરવું, ( કોમ્પ્રોમાઈઝ ) *vt.* Compromise. ઢાંક-

છાવુ',(કવર) *vt*. Cover.ઢાંકવું. [પિછોડો કરવો.
છાશ, છાસ,(વ્હે )*n*.Whey.દહીં વલોવી કરાતું પ્રવાહી.
છાસઠ, ( સીક્સ્ટી સીક્સ ) *a*. Sixty-six. ૬૬.
છાશી, છાસી, ( એઈટી સીક્સ )*a*. Eighty-six. ૮૬.
છાંઈ, ( શેડ ) *n*. Shade. છાયા.
છાંછરુ', છાંછળુ', ( રેશ ) *a*. Rash. ઉછાંછળુ'; ઉદ્ધત.
છાંછુ', ( ડર્ટી ) *a*. Dirty. ગંદુ; મેલું.
છાંટ, ( સ્પ્રીંન્કલીંગ્સ ) *n*. Sprinklings. થોડા ઝીણા છાંટા; ફરફર. False story. ગપ્પું. Shrods. નાના
છાંટણુ', *n*. Sprinkling. છાંટવું તે. [ કકડા.
છાંટવુ', *vt*. Sprinkle. વિખેરાઇને પડે એમ પ્રવાહીને નાખવું. Gossip. ગપ્પું મારવું.
છાંટુ', ( ગોસીપીંગ) *a*. Gossiping. ગપ્પી.
છાંટો, ( ડ્રોપ )*n*. Drop.બિંદુ;ટીપું. Blot. ડાઘ; કલંક.
છાંટોપાણી, ( વાઈન ) *n*. Wine. દારૂ.
છાંડણ, ( રીફ્યુઝ ) *n*. Refuse. છાંડેલું અન્ન.
છાંડવુ', ( એબન્ડન ) *vt*. Abandon. ત્યજી દેવું. Divorce. ફારગતી આપવી. Leave refuse. ભાણામાં પડયા રહેવા દેવું.
છાંદવુ', ( બીસ્મીયર ) *vt*. Besmear. લીંપવું.
છાંય, -ડો, છાંયો, ( શેડ ) *n*. Shade. છાયા.
છિ, ( ફાય ) *int*. Fie. ધિક્કાર દર્શાવતો ઉદ્ગાર.
છિછકલુ',(ચાઈલ્ડીશ )*a*.Childish.છોકરવાદી;ઉછાંછળુ'.
છિટ, -છિટ,--જુઓ ' છટ. '
છિટકોરવુ', ( સ્પ્રીન્કલ ) *vt*. Sprinkle. છાંટવું.

છિદવું, ( ટ્રેમ્પલ )*vt.* Trample. છેદવું.
છિદ્ર, ( હોલ ) *n.* Hole. કાણું; બાકું. *n.* Fault.દોષ.
છિદ્રાન્વેષણ,*n.*Fault finding.બીજાના દોષ શોધવા તે.
છિદ્રાન્વેષી,*a.* Fault finding. બીજાના દોષ શોધતું.
છિદ્રિત, *a.* Full of holes. કાણાંવાળું.
છિનાળ,-ળું, ( લ્યુડ ) *a.* Lewd. વ્યભિચારી.
છિનાળવાડો, ( બ્રોથેલ ) *n.* Brothel. વેશ્યાવાડો.
છિનાળું, ( ડીબોચરી ) *n.* Debauchery. વ્યભિચાર; જારકર્મ.
છિન્ન, ( ડીવાઇડેડ ) *a.* Divided. જુદું પાડેલું.
છિન્નભિન્ન,(મ્યુટીલેટેડ)*a.* Mutilated. અસ્તવ્યસ્ત.
છિન્નવ્રણ,*n.*Incised wound.કપાવાથી પડેલો જખમ.
છિપાવવું,(ક્વેન્ચ ) *vt.* Quench. છીપે એમ કરવું.
છિયાડી,-ડો, (ડસ્ટ) *n.* Dust. કચરો; ધૂળ.
છિલેકું,( પીલ ) *n.* Peel. છોડું; છોતરું.
છિલ્લર, ( પોન્ડ ) *n* Pond. તળાવ; ખાબોચિયું.
છી, ( ડર્ટી થીંગ ) *n.* Dirty thing. ગંદી વસ્તુ.
છી,છીછી,*int.* Dirty. ગંદકીસૂચક ઉદ્દગાર.
છીછરવું,-રું, છીદરું, ( શેલો )*a.* Shallow. છાછરું.
છીટ,છીત, (પ્રેન્યુડાઇસ )*n.* Prejudice. અણગમો;સૂગ.
છીડું, ( પ્રીટેક્સ્ટ )*n.* Pretext. બહાનું. Fault. દોષ.
છીણવું, (પીલ)*vt.* Peel. છાણવું; છુંદો પાડવો. [ સાલ્લો.
છીદરી,*n.*Kind of female garment. એક જાતનો
છીનવવું, ( સ્નેચ ) *vt.* Snatch. આંચકી લેવું.
છીનવું, ( કટ ) *vt.* Cut. કાપવું; છેદવું.

છીપ,(શેલ)*n*. Shell.એક જાતની માછલીનું કોટલું-ઘર.
છીપર, ( સ્લેબ ઓફ સ્ટોન ) *n*. Slab of stone.
છીપરૂં, (ડર્ટી) *a*. Dirty.ગંદું. [ પત્થરની છાટ.
છીપવું, ( ક્વેન્ચ ) *vt*. Quench. શમવું; શાંત થવું.
Sprinkle. છાંટવું. Anchor. લાંગરવું.
છીપો, *n*. Cloth printer. છાપગર.
છીબું, (ડીશ ) *n*. Dish. તાસક; તપેલીનું ઢાંકણું.
છીરકવું, ( સ્પ્રીન્કલ ) *vt*. Sprinkle. છાંટવું.
છીલડું, (પીલ) *n*. Peel. છોતરૂં; છોડું.
છીલવું, ( પીલ ) *vt*. Peel. છોડાં ઉતારવાં.
છીંક, ( સ્નીઝ )*vt*.Sneeze. છીં કરીને જોરથી શ્વાસ
બહાર ફેંકવો તે. [ કરેલી તમાકુ.
છીંકણી, (સ્નફ ) *n*. Snuff. સુંઘવા માટે ઘૂંટીને તૈયાર
છીંકવું, ( સ્નીઝ ) *vt*. Sneeze. છીંક ખાવી.
છીંકારડું, -રૂં, -વું, *n*. Kind of antelope. એક
જાતનું નાનું હરણ [ ગર કપડું.
છીંટ, (શીન્ટઝ ) *n*. Chintz.એક પ્રકારનું રંગિન ભાતી-
છીંડી, ( એલી ) *n*. Alley. ગલી. [ દોષ.
છીંડું, *n*. Opening in hedge. વાડમાં નાકું. Fault.
છુકછુક, *n*. Sound of railway engine. એંજીનનો
અવાજ.
છુછકારવું, ( ઇન્સ્ટીગેટ ) *vt*. Instigate. ઉશ્કેરવું.
છુટકારો, ( રીલીઝ ) *n*. Release. મુક્તિ. End. અંત.
છુટ્ટી, ( લીવ ) *n*.Leave. રજા.Permission. પરવાનગી.
છુપાવવું, (હાઈડ) *vt*. Hide. સંતાડવું.

છુપાવવું, ( કન્સીલ ) *vt*. Conceal. સંતાડવું; છૂપવવું.
છુરી, -કા, ( નાઈફ ) *n*. Knife. છરી; ચાકુ.
છુવાવું, *vt*. Be touched. અડકે એમ કરવું.
છું, *vt*. Am. 'હોવું'નું પ્રથમપુરૂષ એકવચન.
છૂ, ( એગ્રેસ ) *n*. Egress. સરકી જવું તે.
છૂટ, ( એકસટેન્સીવ સ્પેસ ) *n*. Extensive space. જગ્યાની મોકળાશ. Freedom. સ્વતંત્રતા. Permission. પરવાનગી. [ બંધ નહિ તેમ.
છૂટક, ( બાય રીટેલ ) *ad*. By retail. છૂટું છૂટું; જથા-
છૂટકો, ( રીલીઝ )*n*. Release. છુટકારો.
છૂટવું, ( બી ફ્રેડ ) *vi*. Be freed. છુટકારો મેળવવો.
છૂટાછેડા, ( ડાયવોર્સ ) *n*. Divorce. ફારગતી. Delivery. પ્રસુતિ,
છૂટું, ( ફ્રી ) *a*. Free. સ્વતંત્ર; બંધનમૂકત.
છૂટુંછવાયું,*ad*.Here and there. અહીંતહીં;વેરાયલું.
છૂપવવું, ( હાઇડ ) *vt*. Hide.સંતાડવું.
છૂપાછૂપ, ( સીક્રેટલી ) *ad*. Secretly.છુપી રીતે.
છૂપુ, ( સીક્રેટ ) *a*. Secret. ગુપ્ત; છાનું.
છૂમંતર, ( કોન્જુરેશન )*n*.Conjuration. જંતરમંતરનો
છૂરી, છૂરિકા,--જુઓ 'છુરી.' [ પ્રયોગ.
છૂવું, ( ટચ ) *vt*. Touch. અડવું.
છૂંછાં, ( રેગ્સ ) *n*. Rags. રૂંછાં; વણતા કે બીજા કારણે રહી ગયેલા તારના છેડા.
છૂંદણું, *n*. Ornamental black dot tattooed on body. શરીર પર છુંદીને પાડેલું ટપકું.

છૂંદવું, ( ક્રશ ) *vt.* Crush. કચરવું. Tattoo. ટોચવું.
છૂંદો, ( મીન્સ ) *n.* Mince.છૂંદી છૂંદીને બનાવેલો લોચો.
છેક, *ad.* Wholly. તદ્દન. *n.* End. અંત.
છેકવું, ( સ્ક્રેચ ) *vt.* Scratch. ચેરવું.
છેકો, ( સ્ક્રેચ ) *n.* Scratch. ચેરો.
છેટું, ( ડીસ્ટંટ ) *a.* & *n.* Distant. વેગળું; દૂર.
છેડ, -ણી, ( ટીઝીંગ ) *n.* Teasing. પજવણી.
છેડતી, ( ફોલ્ટ ) *n.* Fault. દોષ. Prank. અડપલું.
છેડવું, ( વેક્ષ ) *vt.* Vex. ચીડવવું.
છેડાછેડી, *n.* Marriage tie. લગ્નગાંઠ.
છેડો, છેડલો, *n.* End. અંત. Limit. હદ.
છેડાછૂટકા, (ડાયવોર્સ) *n.* Divorce. ફારગતી; તલાક.
છેતરપિંડી,-બાજી, *n.* Deception. ઠગાઈ.
છેતરવું, ( ડીસીવ ) *vt.* Deceive. ઠગવું.
છેતરામણ, *n.* Fraud. કપટ.
છેતાળીસ,છેંતાળીસ,(ફોર્ટી સીક્સ)*a.*Forty six.૪૬.
છેદ, ( બોર ) *n.* Bore. કાણું. Cut. કાપો. Divisor.
છેદક, *n.* & *a.* Divisor. છેદનારૂં. [ભાગનારી સંખ્યા.
છેદન, *n.* Cutting. કાપવું તે.
છેદનબિંદુ, *n.* Point of intersection. જ્યાં બે અથવા વધારે લીટીઓ એક બીજીને કપાતી-મળતી હોય તે બિંદુ. [સંપૂર્ણ નાશ.
છેદનભેદન, ( કંપલીટ રૂઈન ) *n.* Complete ruin.
છેદનરેખા,-લીટી, ( સીકન્ટ ) *n.* Secant. વર્તુલને છેદનારી લીટી. [Divide. ભાગવું.

છેદવું, ( બોર ) *vt.* Bore. કાણું પાડવું. Cut. કાપવું.
છેરવું, *vt.* Discharge watery excrement. પાતળું અથવું.
છેરડો,છેરંડો,*n.* Watery excrement. પાતળો ઝાડો.
છેલ,-ડો,-બટાઉ, ( ફોપ )*n.* Fop. વરણાગીઓ માણસ.
છેલછબીલું, ( ફોપીશ ) *a.* Foppish. વરણાગિયું.
છેલારવું, (પીલ્ફર) *vt.* Pilfer. ચોરવું.
છેલ્લું, ( લાસ્ટ ) *a.* Last. છેવટનું.
છેવટ, ( એન્ડ ) *n.* End. અંત.
છેવટે, ( ફાઈનલી ) *ad.* Finally. અંતે.
છેવાડું, ( લાસ્ટ ) *a.* Last. છેલ્લું.
છેવાવું, *vt.* Arrive late. મોડા આવવું.
છેહ, *n.* Breach of trust. વિશ્વાસઘાત; દગો. Abandonment. ત્યાગ.
છેંટાવું, ( બી વેક્ષ્ડ ) *vt.* Be vexed. રીસાવું.
છૈયું, ( ચાઇલ્ડ ) *n.* Child. છોકરું.
છૈયો, છેલો, ( લેડ ) *n.* Lad. છોકરો.
છો, (પ્લાસ્ટરીંગ) *n.* Plastering. ચૂનાનો કલ.
છોબંધ,*a.* Plastered. છોવાળું. [ બાળક જેવું હઠીલું.
છોકરમત,-વાદ, ( ચાઈલ્ડીશ ) *a.* & *n.* Childish.
છોકરી, ( ગર્લ ) *n.* Girl. કન્યા; દિકરી.
છોકરું, છોરું, ( ચાઈલ્ડ ) *n.* Child. બાળક.
છોકરો, છોરો, ( બોય ) *n.* Boy. નરજાતિનું છોકરું; [ દીકરો.
છોગું,(ટેસલ)*n.* Tassel. ફુલનો તોરો.
છોછ, *n.* Sensitiveness in matters of clean-

liness. ચોખ્ખાઇની તીવ્ર લાગણી.
છોકું, ( એલોન ) *a.* Alone. એકલું.
છોડું, (સ્મોલ) *a.* Small. નાનું. [સુકાઇને થયેલું છોડું.
છોડ, (પ્લાન્ટ) *n.* Plant. રોપો; છોડવો. Dry crust.
છોડણહાર, ( લીબરેટર)*n.* Liberator. છોડાવનાર.
છોડવવું, છોડાવવું, (લીબરેટ) *vt.* Liberate. બંધન-
માંથી મૂકત કરાવવું. [ત્યજી દેવું.
છોડવું,(રીલીઝ) *vt.* Release. છૂટું કરવું. Abandon.
છોડવો, ( પ્લેન્ટ ) *n.* Plant. રોપો; છોડ.
છોડિયું,છોડું,છોતરું, (પીલ ) *n.* Peel. છાલ-તેનો
કકડો. Chip. લાકડાનો પાતળો કકડો.
છોડી, છોરી, ( ગર્લ ) *n.* Girl. છોકરી.
છોતેર, ( સેવન્ટી સીક્ષ ) *a.* Seventy six. ૭૬.
છોને, *int.* Let it ! ભલે ને.
છોભાવું, *vt.* Be ashamed. ખસિયાણા પડવું.
છોભીલું, છોભું, *a.* Ashamed. ખસિયાણું.
છોર, ( રેઝર )*n.* Razor. અસ્ત્રો.
છોરવું, ( ડીગ )*vt.* Dig. ખોદવું.
છોરિયું, ( સ્પેડ ) *n.* Spade. કોદાળી.
છોલ, ( રીન્ડ ) *n.* Rind. વનસ્પતિની ત્વચા; છાલ.
છોલવું, ( પીલ )*vt.* Peel. ઉપરઉપરથી ઉખેડવું.
છોલાટવું, (સ્કોલ્ડ )*vt.* Scold. ધમકાવવું.Peel.છોલવું.
છોલાવું,(બી બ્રુઇઝડ)*vt.*Be bruised.ચામડીનું છોલાવું.
છોવડાવવું, -રાવવું, *vt.* Get plastered. છો
કરાવવી. [અપવિત્ર કરવું.

છોવું, ( પ્લાસ્ટર ) *vt*. Plaster. છો કરવી. Pollute.
છોહ, ( સેપરેશન ) *n*. Seperation. વિયોગ.
છોળ, ( વેવ ) *n*. Wave. મોજું. Splash. છાલક.
છયાશી, –સી,(એઈટી સીક્સ) *a*. Eighty six. ૮૬.

---

## જ

જ, The eighth consonant of the Gujarati alphabet, and the third of the palatal class. તાલુસ્થાની ત્રીજો વ્યંજન. Suffix. પ્રત્યય છે, જેમકે : વંશજ, મનુજ, અંડજ. *int*. Emphasis. નિશ્ચય, ખાતરી, બતાવવા વપરાય છે, જેમકે: કરીશ જ, ત્યાં જ.
જઇફ, ( ઓલ્ડ ) *a*. Old. વૃદ્ધ. Feeble. અશક્ત.
જઇફી, ( ઓલ્ડેજ ) *n*. Old age. ઘડપણ.
જક, ( ઓબસ્ટીનસી ) *n*. Obstinacy. હઠ; જીદ.
જકડ, ( ગ્રીપ ) *n*. Grip. પકડ; સકંજો.
જકડવું, (ટાઇટન) *vt*. Tighten.બાંધવું. Grip.પકડવું.
જકડજસ, ( ટાઇટલી )*ad*. Tightly. ચસકે નહી એમ.
જકાત, (ડયુટી) *n*. Duty. દાણ; નાકાવેરો.
જકાતનામું, ( ટેરીફ ) *n*. Tariff. દાણના દરની યાદી.
જકાતી, ( ડયુટીએબલ ) *a*. Dutiable. જકાતને પાત્ર.
જક્કી, ( ઓબ્સ્ટીનેટ ) *a*. Obstinate. હઠિલું; જીદ્દી.
જખ, ( ફીશ )*n*. Fish.માછલી.Repentance.પસ્તાવો.
જખમ, ( વુન્ડ ) *n*. Wound. ઘા.
જખમાવું, ( બી વુન્ડેડ )*vt*.Be wounded.ઘાયલ થવું.
જખમી, ( વુન્ડેડ ) *a*. Wounded. ઘાયલ.

જખવું, ( કન્ઝયુમ ) *vt.* Consume.ખાઈ જવું.
જખીરો, ( મલ્ટીટયુડ ) *n.* Multitude.સમૂહ; જથો.
જખ્ખડ, ( ટફ ) *a.* Tough.મજબૂત. [ જગ્યા.
જગ, (યુનીવર્સ) *n.* Universe. વિશ્વ; જગત. Space.
જગકર્તા,-જીવન,-પતિ,-મોહન,-રાય, *n.* Creator of the world. ઈશ્વર.
જગજાહેર,-પ્રસિદ્ધ, (ફેમસ) *a.* Famous. સુપ્રસિદ્ધ.
જગઅત્રીશરી,-સી, (રૂમર) *n.* Rumour. લોકવાયકા.
જગત, ( વર્લ્ડ ) *n.* World.સૃષ્ટિ; વિશ્વ.
જગતચક્ષુ, -સ્છાક્ષી, (સન ) *n.* Sun. સૂર્ય.
જગતજનની,-જનુની,-જનેતા, *n.* Mother of the world. જગદંબા; દુર્ગા. [ આલમગીર.
જગતજેતા, *n.* Winner of the world.જગત જીતનાર;
જગતીસુર, ( બ્રાહ્મન ) *n.* Brahman. બ્રાહ્મણ.
જગતપતિ, -દાત્મા, -દાધાર, -દીશ, -દીશ્વર, -ન્નાથ, -ન્નિયંતા, *n.* God. ઈશ્વર.
જગતદંબા,-બિંકા,-દ્ધાત્રી, *n.* Goddess. દુર્ગા.
જગદગુરૂ, *n.* Teacher of the world. જગતનો ગુરૂ.
જગન, ( ઓફરીંગ )*n.* Offering. યજ્ઞ.[Shiva. શીવ.
જગન્નાથી, *n.* Kind of fine cotton cloth. એક જાતનું ઝીણું સુતરાઉ કાપડ. [ ખાલી જગા.
જગા,જગ્યા,(પ્લેસ) *n.* Place. સ્થળ. Empty space.
જગાવવું, -ડવું, ( રાઉઝ ) *vt.* Rouse. ઉઠાડવું.
જગુ,જકુ, ( ગેમ )*n.* Game. મોઈ દંડાની રમતનો એક
જગો, ( પ્લેસ ) *n.* Place.જગા. [ દાવ.

જગોજગ, ( એવરીવ્હેર ) *ad.* Everywhere. સર્વત્ર.
જઘન, ( બટકસ ) *n.* Buttocks. શરીરનો થાપાનો ભાગ.
જઘન્ય, ( લોવેસ્ટ ) *a.* Lowest. હલકું; અધમ. Last.
જજમાન, (હોસ્ટ) *n.* Host. યજમાન. [ અંતિમ.
જજિયાવેરો, જજિયો, ( પોલટેક્ષ ) *n.* Poll-tax. માથાવેરો.
જટ, -લ, ( ઓબ્સ્ટીનેટ ) *a.* Obstinate. હઠીલો; અનાડી.
જટા, ( મેટેડ હેર ) *n.* Matted hair. કેશનું ઝુંડ. Pendent branches of a banyan tree. વડના લાંબા લટકતાં મૂળિયાં.
જટાધર, -ધારી, ( શીવ ) *n.* Shiva. શંકર. Ascetic. સાધુ Bunyan tree. વડનું ઝાડ.
જટામાંસી, *n.* A medicinal root. એક ઔષધિ.
જટિ, જટી, ( ક્લોટેડ હેર ) *n.* Clotted hair. જટા. Assemblage. સમૂહ. [ અટપટું.
જટિલ, (એસેટીક ) *n.* Ascetic. જોગી. *a.* Complexed.
જઠર, ( સ્ટમક ) *n.* Stomach. પેટ; હોજરી.
જઠરરસ, ( ગેસ્ટરીક જ્યુસ ) *n.* Gasteric juice. જઠરમાં ઝમતો પાચક રસ. [ પાચનશક્તિ.
જઠરાગ્નિ, (ડાઇજેસ્ટીવ પાવર ) *n.* Digestive power.
જડ, ( ઈનએનીમેટ ) *a.* Inanimate. જીવ વિનાનું. Senseless. લાગણી વિનાનું. *n.* Root. મૂળ. Nail. ખીલી. Nose-ring. નાકનું એક ઘરેણું. [ મળતર.
જડતર, *n.* Manner of joining. જડવાની રીત. Gain.
જડતા, -ત્વ, *n.* Senselessness. લાગણીશુન્યતા.

...ાકર્ષણ, (ગ્રેવીટેશન)*n.*Gravitation.ગુરૂત્વાકર્ષણ.
...બુદ્ધિ,-અરેત, ( સ્ટુપીડ ) *a.* Stupid.મંદ બુદ્ધિનું.
...વાદ, ( મટીરિયેલીઝમ ) *n.* Materialism. જગતનું મૂળ જડ પદાર્થમાં છે તેવો વાદ.
...ડતું, ( ફીટીંગ ) *a.* Fitting. બંધબેસતું.
જડથું, ( બીગ રૂટ ) *n.* Big root. મોટું મૂળાડિયું.
જડબું, ( જો-બોન ) *n.* Jaw-bone. દાંતવાળો મોંનો નીચો ભાગ-તે ભાગનું હાડકું.
જડબાંતોડ, *a.* Difficult to pronounce. ઉચ્ચાર કરતાં મુશ્કેલી પડે તેવું. Powerful. સચોટ.
જડબેસલાક,-સુલાખ,(ફર્મલી) *ad.* Firmly.મક્કમ.
જડવું, ( સેટ ) *vt.* Set. બેસાડવું. Find. મળવું.
જડસું, *a.* Stout and stupid. શરીરે મોટું પણ અક્કલમાં ઓછું.
જડાઉ,જડાવ, ( સેટ ) *a.* & *n.* Set. જડેલું.
જડિત,જડિત્ર, ( સેટ ) *a.* Set. બેસાડેલું.
જડિમા, ( સ્ટુપીડીટી ) *n.* Stupidity. મૂર્ખતા.
જડિયું,જડી, ( રૂટ ) *n.* Root.મૂળિયું; મૂળ.
જડીબુટ્ટી, *n.* Medicinal root. ઓષધિના કામમાં આવતું મૂળિયું. [ વ્યક્તિ.
જણ, ( પરસન ) *n.* Person. માણસ. Individual.
જણદીઠ, *ad.* To each person. માણસ દીઠ.
જણતર,(ડીલીવરી)*n.* Delivery. પ્રસવ Infant.બાળક.
જણતી, ( મધર ) *n.* Mother. મા.
જણવવું, જણાવવું, ( ઇનફોર્મ ) *vt.* Inform. ખબર

આપવી. Assist a woman in childbirth. પ્ર
કરાવવો. Signify. દેખાડવું.
જણવું, *vt.* Give birth to. જન્મ આપવો.
જણસ, ( થીન્ગ ) *n.* Thing. વસ્તુ; ચીજ. Goods. માલ. Ornament. ઘરેણું.Opium. અફીણ.
જણાવું, ( સીમ ) *vt.* Seem, દેખાવું.
જણી, ( વુમન ) *n.* Woman. સ્ત્રી-વ્યક્તિ.
જત, (નેઇમલી) *conj.*Namely.પત્ર લખતાં શરૂઆતમાં [ વપરાય છે.
જતન, ( કેર )*n.* Care. સંભાળ.
જતરડું, ( ડ્રૉ-પ્લેટ )*n.* Draw-plate. સોનારૂપાના તાર ખેંચવાનું સાધન.
જતિ, ( જૈન મંક )*n.* Jain monk. જૈન સાધુ; ગોરજી.
જતુ, ( લેક ) *n.* Lac. લાખ.
જતુમણિ, ( મોલ ) *n.* Mole. લાખું.
જતુરસ,*n.* Kind of red dye. સમતો.
જતુવર્ણ, ( રેડ ) *a.* Red. લાલ.
જત્રતત્ર,( એવરીવ્હેર ) *ad* Everywhere. જ્યાં ત્યાં.
જત, ( કૉલર-બોન ) *n.* Collar-bone. ગળાની હાંસડી.
જથરપથર,*ad.*In a state of disorder. અસ્તવ્યસ્ત.
જથાબંધ, ( હોલસેલ ) *ad.* Wholesale.એક સામટું.
જથો, જથ્થો, ( માસ ) *n.* Mass. સમૂહ; ઢગલો.
જદપિ,જદ્યપિ, (ઑલ્ધો)*conj.* Although. જોકે.
જદા, ( વ્હેન ) *ad.* When. જે વખતે.
જદુનાથ,-પતિ,-રાય,-વીર, ( કૃષ્ણ ) *n.* Krishna.
જદ્ધાતદ્ધા,( વાઇલ્ડલી )*ad.* Wildly. ગમેતેમ; બેફાક.

જન, ( મેન ) *n.* Man. માણસ. Humanity. જનતા; [લોકસમુદાય.
જનક,(ફાધર ) *n.* & *a.* Father.પિતા.
જનકજા,-તનયા, (સીતા)*n.* Seeta.સીતા;જનકની પુત્રી.
જનકથા, ( લીજેન્ડ) *n.* Legend. ચાલતી આવેલી [વાત.
જનચર્ચા, *n.* Talk of the town. લોકચર્ચા.
જનતા, ( પીપલ )*n* People. લોકસમુદાય.
જનન, ( બર્થ ) *n.* Birth. જન્મ.
જનની,-યિત્રી, ( મધર ) *n.* Mother. માતા.
જનપદ, ( કંટ્રી ) *n.* Country. દેશ.
જનપદધર્મ, (લોકલ પ્રેકટીસ ) *n.* Local practice. સ્થાનિક રૂઢિ. [practice. લોકાચાર.
જનપ્રવાહ,*n.*Crowd of men.લોકોનો સમૂહ.General
જનમ, ( બર્થ ) *n.* Birth. પેદા થવું તે. Lifetime. જનમારો. [at the time of birth. જન્માક્ષર.
જનમકુંડળી,-મોતરી,*n.*Astrological chart made
જનમકેદ,-ટીપ, *n.* Life imprisonment. જિંદગી સુધીની કેદ. [તિથિ.
જનમગાંઠ, (બર્થડેટ) *n.* Birthdate. વરસગાંઠ; જન્મ-
જનમત, *n.* Popular belief. જાહેર મત.
જનમવું, ( બી બોર્ન ) *vt.* Be born. પેદા થવું.
જનમારો, ( લાઇફ્ટાઇમ )*n.*Life-time. જન્મથી મરણ લગીનો કાળ.
જનરીત,-રિતિ,-રૂઢિ,*n.* Popular usage. લોકાચાર.
જનવાદ, ( રૂમર )*n.* Rumour. અફવા. Scandal.
જનશ્રુતિ,(રયુમર) *n.* Rumour. અફવા. [અપકિર્તિ.

જનસમાજ,-સમુદાહ,-સમૂહ, (પીપલ) *n.* People. લોકો. Humanity. જનતા.

જનસામાન્યભાવ, *n.* Equality of man. બધા મનુષ્યો સરખા છે એવો ભાવ.

જનસુખવાદ,(યુટિલિટેરીયેનીઝમ)*n.* Utilitarianism. 'લોકોનું સુખ પહેલું' એવો વાદ. [માનવસ્વભાવ.

જનસ્વભાવ, (હ્યુમન નેચર) *n.* Human nature.

જનહિત, *n.* Welfare of the people. લોકોનું હિત.

જનહિતકારો, (બેનીફીસંટ) *a.* Beneficent. જનહિત કરનારૂં.

જનનેશ્વર, (કીંગ) *n.* King. રાજા.

જના,-કારી,(ડીબોચરી) *n.* Debauchery. વ્યભિચાર.

જનાક,-ખ, (એનર્જી) *n.* Energy. શક્તિ.

જનાજો, (બીયર) *n.* Bier. મુસલમાનોમાં મડદું દાટવા લઇ જવાની ખાટલી-તે પાછળ જનારૂં સરઘસ.

જનાદી, (પાઇસ) *n.* Pice. પૈસો.

જનાનખાનું, (હેરમ) *n.* Harem. અંતઃપુર; રણવાસ.

જનાનો, *n.* Female members. ઓઝલમાં રહેનારો સ્રીસમુદાય. ['મહેરબાન' એવું સંબોધન.

જનાબ, *n.* & *a.* A term of respectful address.

જનાબેઆલી, *n* & *a.* Very respactable person.

જનાર્દન, (વીષ્નુ) *n.* Vishnu. વિષ્ણુ. [પરમકૃપાળુ.

જનાવર, (એનીમલ) *n.* Animal. પશુ.

જનાવરખાનું, (ઝૂ) *n.* Zoo. જનાવરોનું સંગ્રહસ્થાન.

જનિ,જની, (બર્થ) *n.* Birth. જન્મ. Mother. માતા. Wife. પત્નિ. Son's wife. પુત્રવધુ.

જનિત, ( બોર્ન ) *a.* Born. જન્મેલું.
જનેતા, ( મધર ) *n.* Mother. માતા.
જનોઈ, ( સેક્રેડ થ્રેડ )*n.* Sacred thread.યજ્ઞોપવિત.
જન્નત, ( હેવન ) *n.* Heaven. સ્વર્ગ.
જન્નતનશીન, ( ડેડ )*a.* Dead. સ્વર્ગસ્થ.
જન્મ, ( બર્થ ) *n.* Birth. જન્મવું તે. Lifetime. જનમારો. ( જુઓ 'જનમ'માં ).
જન્મપત્રિ, ( હોરોસ્કોપ ) *n.* Horoscope.જન્માક્ષર.
જન્મભૂમિ, ( બર્થ-પ્લેસ )*n.* Birth-place. માતૃભૂમિ.
જન્મસિદ્ધ, *a.* Derived since birth. જન્મથી જ પ્રાપ્ત થયેલું. [ પોતાનો સહજ સ્વભાવ.
જન્મસ્વભાવ, *n.* One's natural disposition.
જન્માંતર, ( અનધર બર્થ ) *n.* Another birth.બીજો જન્મ. [ જાંઘના સાંધાનો રોગ.
જન્મસારણ, (ઈંગ્વીનલ હર્નીઆ)*n.*Inguinal hernia.
જન્ય, ( બોર્ન ) *a.* Born. જન્મેલું.
જપ,*n.* Muttering of prayers. મંત્ર ઇ.નું રટન.
જપમાળા,(રોઝારી)*n.*Rosary. જપ કરવાની માળા;બેરખો
જપવું, (મટર ) *vt.* Mutter. રટવું.
જપ્ત,જપત, ( એટેચ્ડ ) *a.* Attached. કબજે કરેલું.
જપ્તી, જપતી, ( એટેચમેન્ટ ) Attachment. કબજે
જફા,(ટીરની)*n.* Tyranny. જુલમ. [ કરવું તે.
જબ, ( વ્હેન ) *ad.* When. ક્યારે.
જબર, (સ્ટ્રોંગ )*a.* Strong. મજબૂત.Difficult કઠિન.
જબરજસ્ત,-દસ્ત, (પાવરફુલ ) *a.* Powerful. જબરૂં.

જબરજસ્તી,-દસ્તી,-રાઇ, ( ટીરની ) *n.* Tyranny. જુલમ; બળાત્કાર.
જબરૂં, (સ્ટ્રૉંગ) *a.* Strong.બળવાન.Difficult.મુશ્કેલ.
જબાન,જબાં, ( ટંગ ) *n.* Tongue. જીભ. Dialect. બોલી. Language. ભાષા.
જબાની, ( એવીડંસ ) *n.* Evidence. પુરાવો.
જબ્બર,--જુઓ 'જબર'.
જમ,-ડો, *n.* God of death. મૃત્યુનો દેવ. [ નાતવરો.
જમણ,-વાર,(ડીનર)*n.*Dinner.ભોજન.Dinner-party.
જમણું, ( રાઇટ) *a.* Right. પૂર્વાભિમૂખ થતાં દક્ષિણ [ તરફનું.
જમના,*n.*River Yamuna. યમુના નદી.
જમરૂખ, ( ગ્વાવા ) *n.* Guava. જામફળ.
જમલું, ( વીથ )*prep.* With. સાથે.
જમવું, ( ડાઇન )*vt.* Dine.ભોજન લેવું. Eat. ખાવું.
જમા, ( કલેક્ટેડ ) *a.* Collected. એકઠું થયેલું. *n.* Receipts. આવક. Sum total. સરવાળો.
જમાઈ, (સન-ઈન-લૉ) *n.* Son-in-law. દીકરીનો વર.
જમાડવું, ( ફીડ ) *vt.* Feed. ખવડાવવું.
જમાત,(કોમ્યુનીટી)*n.*Community.એક નાતનો સમૂહ.
જમાતી, ( કોમ્યુનલ )*a.* Communal.જમાતને લગતું.
જમાદાર, ( લીડર ) *n.* Leader. આગેવાન. Head of sepoys. સીપાહીઓનો નાયક.
જમાન, ( સ્યુરીટી ) *n.* Surety. જામીન.
જમાની, ( સ્યુરીટી ) *n.* Surety.જામીનગીરી.
જમાનો, ( એજ ) *n.* Age. યુગ; દેશકાળ.

જમાપાસું,–બાજુ, *n.* Credit side. ચોપડામાં જ્યાં જમા રકમ લખાય છે તે બાજુ.
જમાબંદી,–બંધી, (લેન્ડ-રેવન્યુ સેટલમેન્ટ)*n.* Land-revenue settlement. જમીનનો મહેસુલ ભરવાનો
જમાલ, (બ્યુટી) *n.* Beauty. સૌંદર્ય. [આકાર.
જમાલગોટો,(સ્ટ્રોંગ પર્જેટીવ)*n.* Strong purgative. સખ્ત જુલાબ. [ભીડ.
જમાવ, (કલેકશન) *n.* Collection. ભરાવો. Crowd.
જમાવવું, (એસેમ્બલ) *vt.* Assemble. એકઠું કરવું. Congeal. ઠારવું.
જમાવહી, *n.* Receipt book. જમાનોંધ.
જમિયત, (એસેમ્બ્લેજ) *n.* Assemblage. મંડળ.
જમીન, (લેન્ડ)*n.*Land.ભોંય.New skin.નવી ચામડી.
જમીનદાર, (લેન્ડલોર્ડ)*n.*Landlord. જમીનનો માલિક.
જમીનદારી,(ફ્યુડાલીઝમ) *n* Feudalism.જમીનદાર પદ્ધતિ. [સરસું કરેલું.
જમીનદોસ્ત, *a.* Levelled to the dust. જમીન
જમૈયો, (ડેગર) *n.* Dagger. કટાર.
જમોર, (સુઇસાઇડ)*n.* Suicide. આત્મઘાત; જોહર.
જમ્મર, (ગ્રેટ મીસફૉર્ચુન) *n.* Great misfortune.
જય, (ટ્રાયમ્ફ)*n.*Triumph. જીત; ફતેહ.[મહાન દુઃખ.
જયઘોષ,–ણા, *n.* Proclamation of victory. જય જણાવતો ઢંઢેરો. [સૂચક ઉદ્‌ગાર.
જયજય, *n.* An expression of salute. નમસ્કાર-
જયજયકાર, *n.* Shouts of acclamation. જીતની

ખુશાલીનો પોકાર.
જયમાળ, *n.* Garland of victory. વિજયમાળા.
જયશાલી,-શાળી, (ટ્રાયમ્ફંટ) *a.* Triumphant. ફતેહમંદ.
જયસંહિતા, (એપીક) *n.* Epic. જય ગાતું મહાકાવ્ય.
જયસ્તંભ, (ટ્રાયમ્ફલ કોલમ) *n.* Triumphal column. ફતેહની યાદગીરીમાં ઉભો કરેલો સ્તંભ.
જયંત, (મુન) *n.* Moon. ચંદ્રમા.
જયંતી, *n.* Flag of victory. વિજયનો વાવટો. Anniversary. જન્મતિથિ.
જયા, (ગોડેસ) *n.* Goddess. દુર્ગા.
જયાજય, *n.* Victory and defeat. હાર અને જીત.
જયી, (સકસેસફુલ) *a.* Successful. જય મેળવનાર.
જય્ય, (કોંકરેબલ) *a.* Conquerable. જીતી શકાય એવું.
જર, (વેલ્થ) *n.* Wealth. પૈસો; નાણું. Placenta. ઓર. Brocade. કસબ.
જરકસ, *n.* Gold or silver thread. સોના-રૂપાનો તાર.
જરકોસ, (ફૉલ્સ બ્રોકેડ) *n.* False brocade ખોટો કસબ.
જરખ, (હાયેના) *n.* Hyaena. એક જંગલી પ્રાણી.
જરજરિયું, (વર્ન આઉટ) *a.* Worn out. ઘરડું; ઘસાઈ ગયેલું.
જરઠ, (ઓલ્ડ) *a.* Old. ઘરડું. Tough. કઠણ.
જરથુસ્ટ્ર, (ઝોરોસ્ટર) *n.* Zoroster. પારસીઓના ધર્મ-સંસ્થાપક.
જરથોસ્તી, (ઝોરોસ્ટ્રીયન) *n.* & *a.* Zorostrian. પારસી.
જરદ, (યેલો) *a.* Yellow. પીળું; ઝાંખું.

જરદાળુ,-લું,(ડ્રાય ફ્રુટ)*n.*Dry fruit.સુકા મેવા; આલૂ.
જરદો, ( ટોબેકો પાવડર ) *n.* Tobacco powder.
જરબ, ( ઑા ) *n.* Awe. ધાક; ત્રાસ. [ તમાકુનો ભૂકો.
જરવજર, ( એ લીટલ ) *ad.* A little. થોડુંક; જરા.
જરવું, ( બી વર્ન )*vt.* Be worn. જીર્ણ થવું; ઘસાઇ જવું. Be digested. પચવું.
જરા, જરણા, ( ઓલ્ડ એજ ) *n.* Old age.વૃદ્ધાવસ્થા.
જરા,-ક,-તરા,(સમવોટ)*ad.* Somewhat.લગાર;થોડું.
જરાયત,*ad.*Watered only by the rain.વરસાદના પાણીથી થતું.
જરાયુ, ( વુમ્બ )*n.* Womb. ગર્ભસ્થાન.Uterus.ઑાર.
જરાયુજ,(વીવીપેરસ)*a* Viviparous. જરાયુમાંથી જન્મતું.
જરિત, ( ઓલ્ડ ) *a.* Old. જીર્ણ.
જરિયાન, *a.* Woven with gold and silver threads. કસબી. [ *ad.* A little.થોડુંક.
જરી,(એંબ્રોઇડરી)*n.*Embroidery. કસબ;કસબી માલ.
જરીકામ, *n.* Embroidery work. કસબી કામ.
જરીપુરાણું, (ઓલ્ડ) *a.* Old. જુનું; ફાટી-તૂટી ગયેલું.
જરીફ, *n.* Land surveyor. મોજણીદાર-તેનું કામ.
જરૂર, (નેસેસીટી )*n.* Necessity. જરૂરત; આવશ્યકતા. *ad.* Necessarily. અવશ્ય.
જરૂરત,-રિયાત,(નેસેસીટી)*n.*Necessity. આવશ્યક્તા.
જરૂરી, ( ઇમ્પોર્ટન્ટ ) *a.* Important. અગત્યનું.
જરેજર, ( કંમ્પ્લીટ ) *ad.* Complete. બધુંજ.
જર્જર,-રિત, ( ઓલ્ડ) *a.* Old.જીર્ણ થઈ ગયેલું.

જર્મન, (ઓફ જર્મની )*a.* Of Germany. જર્મન દેશનું. *n.* German language. જર્મન ભાષા.
જર્મનસીલ્વર, ( મેટલ ) *a.* Metal. એક મિશ્રધાતુ.
જલ, જળ, ( વોટર ) *n.* Water. પ્રાણી.
જલચર, *n.* & *a.* Water-animal. પાણીનું પ્રાણી.
જલજ, *n.* Lotus flower. કમળનું પુષ્પ. Conch. શંખ. *a.* Acquatic. પાણીમાં ઉત્પન્ન થતું.
જલજંતુ, ( ફીશ ) *n.* Fish. માછલું.
જલજા, ( લક્ષ્મી ) *n.* Laxmi. લક્ષ્મી.
જલતરંગ, ( વેવ ) *n.* Wave. મોજું. Musical instrument. એક વાદ્ય. [ વજન કરવાનું ત્રાજવું.
જલતુલા, *n.* Hydrostatic balance. જળની મદદથી
જલદ, ( કલાઉડ ) *n.* Cloud. વાદળ. *Hot.* ઉગ્ર.
જલદાગમ, ( મોન્સુન ) *n.* Monsoon. ચોમાસું.
જલદાહ,-સમાધિ, *n.* Disposing of a dead body by throwing it into water. શબને બાળવાને બદલે પાણીમાં વહેતું મૂકવું તે.
જલદી, (હરી) *n.* Hurry. ઉતાવળ. *ad.* Quickly. ઉતાવળથી.
જલદીક્ષા, ( બેપ્ટીઝમ ) *n.* Baptism. જળથી અપાતી ખ્રિસ્તી ધર્મની દીક્ષા
જલદેવતા, (વોટરનીમ્ફ ) *n.* Water nymph. જળની દેવી.
જલધર, (રેન ) *n.* Rain. મેઘ. Cloud. વાદળ. Sea. સમુદ્ર.
જલધિ,-નિધિ,-પતિ, (સી) *n.* Sea. સમુદ્ર.
જલપાન, *n.* Drinking of water. પાણી પીવું તે.
જલપ્રપાત, (વૉટર-ફૉલ) *n.* Water-fall. જળનો ધોધ.

જલપ્રલય, ( ડીલ્યુજ ) *n.* Deluge. મોટી રેલના પૂરથી નાશ થવો તે. [ કરેલી મુસાફરી.
જલપ્રવાસ,—યાત્રા, ( વોયેજ) *n.* Voyage. જળ ઉપર
જલમય, *a.* Abounding in water. બધે પાણી પાણી થઇ ગયું હોય એવું.
જલમાર્ગ, (કેનાલ )*n.* Canal. નહેર.Channel. ખાડી.
જલયંત્ર, ( વોટર-મીલ ) *n.* Water-mill. જળના જોરથી ચાલતું યંત્ર. Jet. ફુવારો.
જલયાન, (શીપ ) *n.* Ship.વ્હાણ; હોડી. [ યુદ્ધ
જલયુદ્ધ, ( સી-બેટલ ) *n.* Sea-battle. પાણીમાં થતું
જલસો, ( ફેસ્ટીવલ ) *n.* Festival.આનંદનો ઉત્સવ.
જલસ્થિતિશાસ્ત્ર,(હાયડ્રોસ્ટેટીક્સ) *n.* Hydrostatics.
જલંધર,જળંદર,જળોદર, ( ડ્રોપ્સી ) *n.* Dropsy. [એક ઉદરરોગ.
જલાશય, ( વેલ )*n.* Well. કૂવો વિ.
જલાલ, ( શાઇનીંગ )*a.* Shining. ઝગમગતું.
જલેબી, (સ્વીટ )*n.* Sweet. એક મીઠાઇ.
જલ્પ, (સ્પીચ )*n.*Speech. કથન; વાદ.Babble.લવારો.
જલ્પક, ( ટોકેટીવ) *a* Talkative. લવારો કરનારું.
જલ્પવું, ( પ્રેટલ ) *vt.* Prattle.લવારો કરવો.
જલ્લાદ, (બુચર )*n.*Butcher. શીરચ્છેદ કરનાર; કસાઈ.
જવ, ( બાર્લી ) *n.* Barley. એક ધાન્ય.*ad.* When. જ્યારે. *n.* Speed. વેગ.
જવખાર, *n.* Carbonate of potash. જવનો ક્ષાર.
જવન, ( બાર્બેરીયન ) *n.* Barbarian. યવન.
જવનીકા, —નિકા, ( કર્ટન )*n.* Curtain. પડદો.

જવલ્લુ, *a.*Someone out of many.વિરલું;કોઈક જ.
જવલ્લે, ( સેલ્ડમ ) *ad.* Seldom. ભાગ્યે.
જવવું, ( બી પ્રોડયુસ્ડ )*a.* Be produced.ઉત્પન્ન થવું.
જવાન, ( યુથ ) *n.* Youth. યુવાન.
જવાબ, ( રીપ્લાય )*n.* Reply. ઉત્તર.
જવાબદાર,(રીસ્પૉન્સીબલ)*a.*Responsible.જોખમદાર.
જવાબદારી,(રીસ્પૉન્સીબીલીટી )*n.* Responsibility. જોખમદારી. [ છોડવા–અંકુરો.
જવારા, *n.* Tender plants of corn. નાના તાજા
જવાસો, ( પ્લાન્ટ ) *n.* Plant. એક વનસ્પતિ.
જવાહિર, ( જ્વેલરી )*n.* Jewellery. ઝવેરાત. Gem. હિરા–માણેક વિ. [kept. ઝવેરાત રાખવાનું સ્થાન.
જવાહિરખાનું, *n.* Place where jewellery is
જવાંમર્દ, ( બ્રેવ ) *a.* Brave. બહાદુર.
જવાંમર્દી, ( બ્રેવરી )*n.* Bravery. વીરતા.
જવું, ( ગો ) *vt.* Go. ગતિ કરવી. Move. ખસવું.
જશ, જસ, ( ફેમ ) *n* Fame. કીર્તિ.
જશવંત, ( ફેમસ ) *a.* Famous. જશવાળું.
જશન, ( ડે ઓફ ફેસ્ટીવલ ) *n.* Day of festival.
જસત,(ઝીન્ક) *n.* Zinc.એક ધાતુ. [ આનંદનો દિવસ.
જસતા, ( બ્લોટસ ) *n.* Blots. ડાઘા.
જહન્નમ, જહાનમ, (હેલ) *n.* Hell. નરક; દોજખ.
જહાજ, (શીપ) *n.* Ship. મોટું વહાણ.
જહાન, ( વર્લ્ડ ) *n.* World. દુનિયા.
જહાલ,(ટરબ્યુલંટ) *a.* Turbulent. ઉદ્દામ; આકળું.

જહાં, ( વર્લ્ડ ) *n*. World. દુનિયા.
જહાંગીર, *n*. World conqueror. દુનિયાનો જીતનારો.
જહાંગીરી, ( ઓટોક્રેટ) *a*. & *n*. Autocrat. આપખુદ.
જહાંપના, -પનાહ, *n*. Protector of the world. દુનિયાનું રક્ષણ કરનાર.
જહીં, *ad*. The place at which. જે ઠેકાણે.
જહેજ, *n*. Giving of daughter in marriage. [ કન્યાદાન.
જહેમત,(ટ્રબલ)*n*. Trouble. મહેનત; શ્રમ.
જળ, (વોટર ) *n*. Water. પાણી.
જળકૂકડી, (વોટરફાઉલ) *n*. Water-fowl. એક જળચર [ પક્ષી.
જળક્રિડા,-કેલી, *n*. Playing in water. પાણીમાં ખેલવું તે.
જળઘોડો, (હીપોપોટેમસ ) *n*. Hippopotamus. એક [ દરિયાઈ ઘોડો.
જળજળું, *a*. Full of tears. અશ્રુથી ભરેલું.
જળજળવું, ( બર્ન ) *vt*. Burn. બળવું; બળતરા થવી.
જળણ, ( વુડ ) *n*. Wood. બળતણ; લાકડાં.
જળવું, ( બર્ન ) *vt*. Burn. સળગવું.
જળાગાર, *n*. Water-reservoir. પાણીનો હોજ-ટાંકી.
જળાધારી, *n*. Water-basin. જેમાં શિવલીંગ બેસાડવામાં આવે છે તે કયારા જેવો ઘાટ.
જળાપો, ( એંકઝાયટી ) *n*. Anxiety. બળાપો.
જળાભાસ, (મીરેજ ) *n*. Mirage. મૃગજળ.
જળો, ( લીચ ) *n*. Leech. પાણીમાં રહેતો એક જીવડો.
જળોયું, ( સ્કાર ) *n*. Scar. ચાઠું.
જંઈ, ( પાઇસ ) *n*. Pice. પૈસો.

જંગ, ( બેટલ ) *n.* Battle. યુદ્ધ. [ ખસી શકે એવું.
જંગમ,(મુવેબલ)*a.*Movable.એક ઠેકાણેથી બીજે ઠેકાણે
જંગલ, ( ફોરેસ્ટ )*n.* Forest. વન.
જંગલી, (વાઇલ્ડ) *a.* Wild. સંસ્કાર વિનાનું.
જંગાલ, ( ગ્રીન રસ્ટ ) *n.* Green rust. તાંબાનો કાટ.
જંગી, ( વાસ્ટ ) *a.* Vast. વિશાળ.
જંગોડી,-ડો, ( ઇન્સેક્ટ )*n.* Insect. એક જંતુ.
જંઘ, જંઘા, ( થાય ) *n.* Thigh. જાંઘ; સાથળ.
જંજાળ, ( વલ્ડૅલી ટ્રબલ્સ ) *n.* Worldly troubles. સંસારની ઉપાધિ.
જંજીર,(ચેન) *n.* Chain. સાંકળ. Fetters.બેડી.
જંજીરો, ( સી-ફોર્ટ ) *n.* Sea-fort. પાણીમાં બાંધેલો કિલ્લો. Island. ટાપુ.
જંતર, -મંતર, ( ચાર્મ ) *n.* Charm. તાવીજ.
જંતુ,જંત, ( ઈનસેક્ટ ) *n.* Insect. જીવડું.
જંતુઘ્ન, -નાશક, (એન્ટીસેપ્ટીક) *a.* Antiseptic જંતુઓનો નાશ કરે એવું. [ logy. જંતુઓનું શાસ્ત્ર.
જંતુવિદ્યા,-શાસ્ત્ર, ( બેકટીરીઓલોજી )*n.* Bacterio-
જંત્ર, ( સીવીઅર ) *a.* Severe. પ્રખર. [ કોષ્ટક.
જંત્રી, ( મેજીશીયન ) *n.* Magician. જાદુગર.Index.
જંપ, ( ઇઝ ) *n.* Ease. નિરાંત.
જંપવું, ( રેસ્ટ ) *vt.* Rest. નિરાંત વાળવી.
જંબુ,જંબૂ, ( ફ્રુટ ) *n.* Fruit. જાંબુ.
જંબુક, ( ફોક્ષ ) *n.* Fox. શિયાળ.
જંબુખંડ, -દ્વિપ, (ઈંડિયા) *n.* India. ભારતવર્ષ.

જંબૂર,(નેલ-પૂલર)*n.* Nail-puller.ખીલા ખેંચી કાઢવાનું
જબ્બાવ, (ફ્રીકવંસી) *n.* Frequency. આવજા.[ ઓજાર.
જઈ, *n.* Jasmine flower. એક પુષ્પ. Daughter. પુત્રી. *a.* Born. જણેલી.
જકાર, —રો, *n.* Non-reception. અસત્કાર.
જકીટ, ( વેસ્ટ-કોટ )*n.* Waist-coat.એક વસ્ત્ર;બારકોટ.
જગ, (સેક્રીફાઈસ ) *n.* Sacrifice. યજ્ઞ.Awakening.
જાગતું,(વીજીલંટ)*a.* Vigilant.સાવધાન. [ જાગૃતિ.
જાગરણ, *n.* Forbearance from sleep. ઉજાગરો.
જાગરિત, ( અવેકન્ડ ) *a.* Awakened. જાગેલું.
જાગર્તિ, (વીજીલંસ) *n.* Vigilance.સાવધપણું.
જાગવું, ( વેક ) *vt.* Wake.ઉંઘમાંથી ઉઠવું.
જાગીર, *n.* Freehold grant of land. સરકાર તરફથી બક્ષિસ તરીકે મળેલી જમીન કે ગામ.
જાગીરદાર, *n.* Landholder. જાગીર ધરાવનાર.
જાગૃત, જાગ્રત, (અવેક)*a.* Awake. જાગતું. [સાવધાની.
જાગૃતિ, ( વેકફુલનેસ ) *n.* Wakefulness. જાગતાપણું;
જાચક,—જુઓ 'યાચક'.
જાચું, ( સોલીસીટસ )*a.*Solicitous. અત્યંત કાલાવાલા કરનારું. Requested. માંગેલું. Best. ઉત્તમ.
જાજમ, *n.* Large carpet. પહોળું જાડું પાથરણું.
જાજરમાન, ( ગ્લોરીયસ )*a.* Glorious. જાજ્વલ્યમાન. Hot tempered. કરડા મીજાજનું.
જાજરૂં, ( પુઅર )*a.* Poor બિચારું; પામર.
જાજરૂ, (પ્રીવી રૂમ )*n.* Privy room.સંડાસ; પાયખાનું.

જાજ્વલ્યમાન, (બ્રાઇટ)*a*. Bright. પ્રકાશથી ઝગમગતું.
જાડ, -પણ, જાડાઇ, -શ, (થીકનેસ) *n*. Thickness. જાડાપણું. [ ભરેલું. Fat. ઘટ્ટ.
જાડું, ( થીક ) *a*. Thick. કળદાર. Plump. ચરબીથી
જાડ્ય, *n*. Sluggishness. મંદતા; જડતા. [પરિચિત.
જાણ, (નોલેજ)*n*. Knowledge. જ્ઞાન. *a*. Knowing.
જાણકાર, *a*. & *n*. Well-informed. જાણનાર
જાણપિછાણ, *n*. Acquaintance. ઓળખાણ પિછાન.
જાણભેદુ, *a*. One who knows. અંદરની વાત જાણતું.
જાણવું, ( નો ) *vt*. Know. પરિચય હોવો કે પામવો.
જાણીતું, *a*. Well-known. ઓળખીતું. Famous. પ્રસિદ્ધ.
જાણીજોઈને,-બૂજીને,*ad*. Deliberately. જાણ્યા છતાં.
જાણે, -કે, *ad*. As if. 'માનો' એવો ભાવ બતાવતો શબ્દ.
જાણેઅજાણ્યે, *ad*. Whether knowingly or unknowingly. જાણતાં કે અજાણતાં.
જાત, ( રેસ ) *n*. Race કુળ. Tribe. વર્ગ. Caste. જ્ઞાતિ. Inherited qualities. મૂળ સ્વભાવ. *a*. Personal. પોતાનું. *Born*. જન્મેલું. Produced. ઉત્પન્ન થયેલું. [ જન્માક્ષર.
જાતક, (એસ્ટ્રોલોજીકલ ચાર્ટ)*n*. Astrological chart.
જાતઅનુભવ, *n*. Self-experience. પોતાનો અનુભવ.
જાતકમાઇ, *n*. Earnings by the sweat of one's brow. પોતે જાતે કરેલી કમાણી.
જાતભાઇ, *n*. Caste-brother. જ્ઞાતિબંધુ.
જાતમહેનત, *n*. Self-labour. સ્વાશ્રય.

જાતરખું, ( સેલ્ફીશ )*a.* Selfish. સ્વાર્થી.
જાતવંત,-વાન, *a.* Of high breed. ઊંચી ઓલાદનું.
જાતસ્વભાવ, જાતિસ્વભાવ, -લક્ષણ, *n.* Generic character. જાતિ કે કોમનો વિશિષ્ટ સ્વભાવ.
જાતિ, (લીનીએજ) *n.* Lineage. વંશ. Race. કુળ.
જાતિભેદ, (કાસ્ટ ડીસ્ટીંક્શન) *n.* Caste-distinction. જાતિ જાતિ વચ્ચેનો તફાવત. [ ગુણધર્મ ચર્ચતું શાસ્ત્ર.
જાતિમીમાંસા, (એથ્નોલોજી)*n.* Ethnology. જાતિઓના
જાતિવાદ, (રીએલીઝમ) *n.* Realism. જાતિ વ્યક્તિથી ભીન્ન રહી શકે છે તેવો વાદ. [ જાતિભેદ.
જાતિવિશેષ, ( સ્પાઇસીઝ ) *n.* Species. અમુક ખાસ
જાતિવેર, *n.* Natural hostility. કુદરતી વેર.
જાતિશબ્દ, ( કોમન નાઉન ) *n.* Common noun. સામાન્ય નામ. [Sexual. સ્ત્રી-પુરૂષના સંબંધને લગતું.
જાતીય, *a.* Pertaining to a class. જાતિને લગતું.
જાતે, ( પરસનલી ) *ad.* Personally. પંડે; પોતે.
જાત્યંધ, *a.* Blind from birth. જન્મથી અંધ.
જાત્રા, ( પીલ્ગ્રીમેજ ) *n.* Pilgrimage. તીર્થોની મુસાફરીએ જવું તે. [ નીકળેલો માનવી.
જાત્રાળુ, ( પીલ્ગ્રીમ ) *n.* Pilgrim. જાત્રા કરવા
જાથુ, જાથક, ( પરમેનન્ટલી ) *ad.* Permanently. હંમેશ ચાલ્યા કરે એમ. [ જાતનું શ્વેત રેશમી કપડું.
જાદર, *n.* Kind of white silken garment. એક
જાદરિયું, *n.* Sweetmeat made of unripe wheat. ઘઉંના પાકનો લાડુ.

જાદવાસ્થળી, *n.* Household fued. માંહોમાંહે લડાઈ.
જાદી, (ડૉટર) *n.* Daughter. દીકરી. [ચાલાકીનું કામ.
જાદુ, જાદૂ,-ગરી,-ગીરી, (સૉરસેરી) *n.* Sorcery. હાથ-
જાદૂઈ, (એન્ચેન્ટીંગ) *a.* Enchanting. ચમત્કારી.
જાદૂગર,-ગીર, (મિજીશ્યન) *n.* Magician. જાદુનું કામ
જાદે, ( મૉર ) *a.* More. વધારે. [ કરનાર.
જાદો, ( સન ) *n.* Son. દીકરો.
જાન, ( મૅરેજ પાર્ટી ) *n.* Marriage party. લગ્નમાં વર સાથે જનારાઓનો સમૂહ. Injury. નુકશાન. Life. પ્રાણ.
જાનમાલ, *n.* Life and property. જીવ અને માલમતા.
જાનવર, ( એનીમલ ) *n.* Animal. પશુ.
જાનકી, ( સીતા ) *n.* Sita. સીતા.
જાનકીનાથ, ( રામ ) *n.* Rama. રામ.
જાનપદ, *a.* Pertainting to villages. ગામડાનું. *n.* Rustic. ગામડિયો. Country. દેશ.
જાનાં, ( બીલવેડ ) *n.* Beloved. માશુક; પ્રિયા.
જાની, ( ઈંટીમેટ ) *a.* Intimate. પ્રાણસમું પ્રિય. Deadly. જીવલેણ.
જાનીવાસો, *n.* Lodging place given to the bridegroom and his followers, during the marriage ceremonies. જાનનો ઉતારો. [જનારો.
જાનૈયો, *n.* Man joining a marriage party. જાનમાં
જાન્વસ્થિ, ( ની-કૅપ ) *n.* Knee-cap. ઢાંકણી; ઘુંટણ.
જાપ,-જુઓ ' જપ '.
જાપતો, જાપ્તો, *n.* Strict watch. પાકો બંદોબસ્ત.

જાફત, ( ફેસ્ટીવલ ) *n*. Festival. ઉજાણી; મીજબાની.
જાફરમાની, ( સેફ્રન-કલર્ડ ) *a*. Saffron-coloured.
જાફરાન, (સેફ્રન) *n*. Saffron. કેસર. [ કેસરના રંગનું.
જાફરાં, ( લોંગ હેર ) *n*. Long hair. લાંબા કેશ.
જાફાટ, ( કેરલેસનેસ ) *n*. Carelessness. બેદરકારી.
જાબજા, ( પ્રોફયુઝલી ) *ad*. Profusely. ઠેકઠેકાણે;
જામ, ( કપ ) *n*. Cup. પ્યાલો. [ અતિશય.
જામગરી,-ગીરી, *n*. Match of a gun. બંદુક સળગાવવા માટેની કાકડી.
જામદાની, (લેધર-બેગ)*n*.Leather-bag.ચામડાની થેલી.
જામદાર, (ટ્રેઝરર)*n*.Treasurer. જામદારખાનાનો ઉપરી.
જામદારખાનું,(ટ્રેઝરી)*n*. Treasury.કાગળના રોકડ વિ. રાખવાની જગા.
જામની,જામિની, (નાઇટ) *n*. Night. રાત્રી.
જામફળ, (ગ્વાવા) *n*. Guava. એક ફળ. [ એકત્ર થવું.
જામવું, (કંજીલ)*vt*. Congeal.ઘટ્ટ થવું.Be gathered.
જામાતા,-તૃ,-ત્ર, (સન-ઈન-લૉ)*n*.Son-in-law. જમાઈ.
જામિન,જામીન, ( બેઈલ )*n*. Bail. બીજાની જોખમદારી પોતાના પર લઈ તે વિષે કબુલાત આપનારો.
જામીનખત, ( સ્યૉરીટી-બોન્ડ )*n*.Surety-bond.જામીન તરીકેની કબુલાતનો લેખી કરાર. [કબુલાત આપવી તે.
જામીનગીરી, ( બેલ ) *n*. Bail. જામીન તરીકેની
જામો, *n*. Long robe. મોટા ઘેરવાળો ઘણો નીચો
જાયકો, (ટેસ્ટ) *n*. Taste. સ્વાદ. [ અંગરખો.
જાયદાદ, ( પ્રોપર્ટી ) *n*. Property. મીલ્કત.

જાયનશીન, (ઍર) *n.* Heir. વારસ; ગાદીએ આવનાર.
જાયપત્રી, ( મેસ ) *n.* Mace. જાવંત્રી.
જાયફળ, ( નટમૅગ ) *n.* Nutmeg. એક તેજાનો.
જાયા, ( વાઈફ ) *n.* Wife. પત્નિ.
જાયાપતિ, *n.* Husband and wife. પતિપત્ની.
જાયું, ( બોર્ન )*a.* Born. જન્મેલું.
જાયો, ( સન ) *n.* Son. પુત્ર.
જાર, ( કૉર્ન ) *n.* Corn. અનાજ; જુવાર. ( પેરેમુર ) *n.* Parmour. પરસ્ત્રી સાથે પ્યાર કરનાર.
જારકર્મ, ( ડીબોચરી) *n.* Debauchery. વ્યભિચાર.
જારકર્મી, (ડીબોશ) *a.* & *n.* Debauch. વ્યભિચારી.
જારજ, ( બેસ્ટાર્ડ ) *a.* & *n.* Bastard. વ્યભિચારથી ઉત્પન્ન થયેલું.
જારણ,-ણું, *n.* Incantations to produce some severe bodily injury. માણસ રોગી થઈ જાય તેવો મંત્ર; વશીકરણ.
જારત,–જુઓ ' જિયારત '
જારવું, *vt.* Make old. જીર્ણ કરવું.
જારિણી, (એડલ્ટ્રેસ) *n.* Adultress. વ્યભિચારિણી.
જારી, જારૂ, (કન્ટીન્યુઈંગ) *ad.* Continuing. ચાલુ.
જાલ,જાળ, (સ્નેર)*n.*Snare. માછલાં વિ. પકડવાની જાળ.
જાલિમ, જાલી, (ક્રુઅલ) *a.* Cruel. નિર્દય.
જાવ, *n.* Action of going. જવાની ક્રિયા.
જાવક, ( આઉટવર્ડ ) *a.* Outward. બહાર જતું. *n.* Exportation. બહાર મોકલવું તે. Expenditure.

ખરચ. Red-colour. લાલ રંગ.
જાવજ્જીવ, *ad.* Till the end of life. જીંદગી પર્યંત.
જાવકભાવડ, (સો સો) *ad.* So so. જેવું તેવું.
જાવરૂં,-રુ઼ું, ( ડેલીકેટ ) *a.* Delicate. નાજુક.
જાવંત્રી,-જુઓ ' જાયપત્રી. '
જાવું, ( ગો ) *vt.* Go. જવું.
જાવેદાન, ( પરમેનેન્ટ ) *a.* Permanent. કાયમી. *ad.* For ever. હંમેશ. *n.* Next world. પરલોક.
જાસક, ( એબન્ડંટ ) *a.* Abundant. પુષ્કળ.
જાસલ, ( ડેલીકેટ ) *a.* Delicate. તકલાદી.
જાસાચિઠ્ઠી, જાહાચિઠ્ઠા, *n.* Threatening letter. અજ્ઞાન માણસે લખેલો ધમકી આપતો પત્ર.
જાસૂદ,-દી, *n.* Flower plant. એક ફૂલઝાડ.
જાસૂસ, ( સ્પાય ) *n.* Spy. છુપી બાતમી લાવનાર. Messenger. કાસદ.
જાસો, *n.* Secret defamatory notice. છૂપી ધમકી.
જાસ્ત, જાસ્તી, ( મચ )*a.* Much. ઘણું. [ વધારો.
જાસ્તી, ( ફોર્સ ) *n.* Force. જબરદસ્તી. Surplus.
જાહિદ,જાહેદ, (ડીસાઇપલ) *n.* Disciple.ભક્ત.
જાહેર, ( ઓપન )*a.* Open.ખુલ્લું. Public.સાર્વજનિક.
જાહેરખબર, ( એડવરટીઝમેન્ટ )*n.* Advertisement. સો કોઇની જાણ માટેની ખબર. [ ખબર.
જાહેરનામું, (પ્રોકલેમેશન) *n.* Proclamation. જાહેર-
જાહેરાત, ( ઓપન્લી ) *ad.* Openly. છડેચોક. Notification. પ્રસિદ્ધિ.

જાહેલ, ( સીવીઅર ) *a.* Severe. ઉગ્ર.

જાહોજલાલી, ( પ્રોસ્પેરીટી ) *n.* Prosperity. આબાદી. Splendour. વૈભવ.

જાળ,--જુઓ "જાલ."

જાળક, ( પ્રોટેક્ટર ) *n.* Protector. રક્ષક.

જાળવણી, ( કેર ) *n.* Care. સંભાળ.

જાળવવું, (પ્રીઝર્વ) *vt.* Preserve. સાચવી રાખવું.

જાળિયું, *n.* Small wooden frame with iron bars. સળિયાવાળું બાકું.

જાળી, ( નેટ ) *n.* Net. ગુંથણી-તેવું કામ. Window secured with bars. સળીયાથી ભરેલું કમાડ.

જાળીદાર, *a.* Having holes. કાણાં કાણાં વાળું.

જાળું, ( કોબવેબ ) *n.* Cobweb. બાવું. Speck in the eye. આંખની છારી.

જાંગડ, *a.* Taken for approval. દેખાડવા લીધેલું.

જાંગલો, ( બારબેરીઅન ) *n.* Barbarian. જંગલી. European. ગોરો

જાંગી, ( લાર્જ ડ્રમ ) *n.* Large drum. મોટું ઢોલ.

જાંઘ, ( થાય ) *n.* Thigh. સાથળ.

જાંઘિયો, *n.* Short breeches. ચડી.

જાંબુ,-ડું, ( રોઝ એપલ ) *n.* Rose-apple. એક ફળ.

જાંબુડું *a.* Of dark purple colour. જાંબુના રંગનું.

જાંબુ, જાંબૂક, ( ફોક્ષ ) *n.* Fox. શિયાળ.

જાંબુનદ, ( ગોલ્ડ ) *n.* Gold. સોનું.

જિકર, ( ઓબ્સ્ટીનસી ) *n.* Obstinacy. હઠ. Dis-

cussion. વાતચીત.
જિગર, ( હાર્ટ ) *n.* Heart. દિલ.
જિગીષા, *n.* Desire of conquering. જીતવાની ઇચ્છા.
જિજીવિષા, *n.* Desire to live. જીવવાની ઇચ્છા.
જિજ્ઞાસા, *n.* Desire of knowledge. જ્ઞાનની ઇચ્છા.
જિજ્ઞાસુ, *a.* Inquisitive. જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા રાખતું.
જિત, *a.* Conquered. જીતાયલું. Conquering. જીતનારૂં. Suffix. પ્રત્યય છે, જેમકે; ઈંદ્રજીત.
જિન, *a.* Conquering. જીત મેળવનારૂં.
જિનધર્મ, *n.* Jain religion. જૈન ધર્મ.
જિન્નત, ( હેવન ) *n.* Heaven. સ્વર્ગ.
જિભાળ, -ળું, (ટોકેટીવ) Talkative. વાચાળ. Obscene. [ બીભત્સ.
જિયાફત, ( પાર્ટી ) *n.* Party. મીજબાની.
જિયારત, —જુઓ 'જારત'.
જિયાવર, (બ્રાઇડગ્રુમ) *n.* Bridegroom. વરરાજા.
જિરાફ, (જીરાફ) *n.* Giraffe. એક જંગલી પશુ.
જિર્ગા, *n.* Board of arbitration. પંચ.
જિલ્દ, ( ડીવીઝન ) *n.* Division. વિભાગ. Leather cover. ચામડાનું પુંઠું.
જિલ્લો, ( ડીસ્ટ્રીક્ટ ) *n.* District વિભાગ.
જિવાઇ, ( પેન્શન ) *n.* Pension. સલિયાણું.
જિવાડવું, *vt.* Spare. જીવતું રાખવું. Nourish. પોષવું.
જિવાળ, ( લીવીંગ ) *a.* Living. સચેતન.
જિષ્ણુ, ( ટ્રાયમ્ફંટ ) *a.* Triumphant. ફતેહમંદ.
જિસમ, ( બોડી ) *n.* Body. શરીર.

જિહ્વા, ( ટંગ ) *n.* Tongue. જીભ.
જિહ્વાગ્ર, *n.* Tip of the tongue. જીભનું ટેરવું. *ad.* By heart. મોઢે.
જિહ્વાળો, ( ગ્લોટીસ ) *n.* Glottis. શ્વાસનળીના મૂળમાં આવેલું સૂરનું નિયમન કરનારું વાચાનું દ્વાર.
જિંગોડો, ( ઈન્સેક્ટ ) *n.* Insect. જીવડું.
જિંદગાની, ( લાઈફ ) *n.* Life. જન્મારો.
જિંદગી, ( લાઇફ ) *n.* Life. આયુષ્ય.
જિંદગીભર, ( લાઈફલોંગ ) *ad.* Lifelong. આખી જિંદગી સુધી.
જિંદાન,(કનફાઇનમેન્ટ) *n.* Confinement. બંદીખાનું.
જી, A term of respect. માનવાચક ઉદ્ગાર.
જીજી, ( મધર ) *n.* Mother. મા. Grandmother. [ દાદી.
જીજો,(ગ્રાન્ડફાધર) *n.* Grandfather. દાદો.
જીણુ, *n.* Stony layer in a mango. કેરીની ગોટલી પર રૂવાંટીવાળું સખત પડ.
જીત, ( વીકટરી ) *n.* Victory. ફતેહ; વિજય.
જીતવું, ( વીન ) *vt.* Win. વિજય મેળવવો. [ પલાણ.
જીન, ( ઘોસ્ટ ) *n.* Ghost. ભૂત. Saddle. ઘોડાનું
જીનો, ( સ્ટેર-કેસ ) *n.* Stair-case. દાદર; સીડી.
જીભ, ( ટંગ ) *n.* Tongue. બોલવાની કર્મેન્દ્રિય.
જીભાજોડી, ( કવોરલ ) *n.* Quarrel. બોલાચાલી.
જીમૂત, ( કલાઉડ ) *n.* Cloud. વાદળ.
જીરવવું, ( ડાઇજેસ્ટ ) *vt.* Digest. પચવવું; હજમ કરવું. Bear. વેઠવું.

જીરૂં, (ક્યુમીનસીડ) *n.* Cumin seed. એક મશાલો.
જીરાસાળ, *n.* Kind of rice. એક પ્રકારની ડાંગર.
જીર્ણ, ( વર્ન આઉટ.) *vt.* Worn out. ઘસાઇ ગયેલું.
Old. વૃદ્ધ. [ તેવો ઝીણો તાવ.
જીર્ણજ્વર, *n.** Lingering fever. ખબર ન પડે
જીર્ણોદ્ધાર, ( રીપેર્સ ) *n.* Repairs. મરામત.
જીવ, ( સોલ ) *n.* Soul. આત્મા. Living being. પ્રાણી. Riches. દોલત. Animation. દમ.
જીવજંતુ, -ડું, ( ઇનસેક્ટ ) *n.* Insect. જંતુ.
જીવજાન, (વેરી ડીયર )*a.* Very dear. અત્યંત વહાલું.
જીવડો, ( વર્મ )*n.* Worm. કીડો Soul. આત્મા;જીવ.
જીવદયા,(હ્યુમેનીટેરીએનીઝમ)*n.* Humanitarianism. જીવતાં પ્રાણીઓ પર દયા. [ શરીર.
જીવદેહ,(મટીરીઅલ બોડી )*n.* Material body. સ્થૂળ
જીવત,-ર, ( લાઇફ ) *n.* Life. જીવતર.
જીવતક્રિયા,-ચરા, *n.* Caste-dinner during life-time instead of after death. મરણ પાછળ કરવાની ક્રિયા જીવતાં જ કરવી તે.
જીવતદાન, *n.* Gift of life. પ્રાણનું દાન.
જીવન, ( લાઇફ ) *n.* Life. આયુષ્ય. Existence.જીવન શક્તિ. [ ગીનું વૃતાંત.
જીવનકથા,-ચરિત,(લાઇફ સ્ટોરી)*n.* Life-story.જિંદ-
જીવનદોરી, (થ્રેડ ઓફ લાઇફ ) *n.* Thread of life. જીવનનો મુખ્ય આધાર. [ જીવનમાં થતો પલટો.
જીવનપલટો, ( કન્વર્ઝન ) *n.* Conversion. આખા

જીવનરસાયન, (બાયોકેમીસ્ટ્રી) *n.* Bio-chemistry. પ્રાણીના શરીરની ધાતુઓનું રસાયનશાસ્ત્ર.

જીવનશકિત, ( લાઇફ-એનર્જી ) *n.* Life-energy. જીવનની મૂળ શકિત.

જીવનશાસ્ત્ર, જીવવિદ્યા, ( બાયોલોજી ) *n.* Biology. જીવશાસ્ત્ર; સમગ્ર જીવનને વિચારતું શાસ્ત્ર.

જીવનસખા, ( વાઈફ ) *n.* Wife. પત્નિ.

જીવનસંગ્રામ, *n.* Struggle for existence. જીવતા રહેવા માટે પ્રાણીઓનો કરવો પડતો સંગ્રામ

જીવનસ્મૃતિ, ( રેમીનીસન્સીઝ ) *n.* Reminiscences. સ્મરણરૂપે લખાયલી આત્મકથા.

જીવન્મુકત, *a.* Emancipated even during this life time. છતે દેહે માયાના બંધનોમાંથી મુકત.

જીવલગ, ( ઈન્ટીમેટ ) *a.* Intimate. પ્રાણપ્રિય.

જીવલેણ, ( ડેડલી ) *a.* Deadly. જીવ લે એવું.

જીવવું, ( લીવ ) *vt* Live. પ્રાણ ધરવા. Exist. હોવું. Have life. જીવ હોવો.

જીવશેષ, ( ફોસીલ ) *n.* Fossil. પ્રાણી કે વનસ્પતિનો [ અવશેષ.

જીવસટોસટ, *ad.* At the cost of one's life. જીવને જોખમે.

જીવહત્યા, ( ડીસ્ટ્રક્શન ઓફ લાઈફ ) *n.* Destruction of life. પ્રાણીની હત્યા.

જીવત, ( લીવીંગ ) *a.* Living. જીવતું.

જીવા, *n.* Cord of an arch. ધનુષ્યની દોરી.

જીવાણું, ( માઈન્યુટ ઇનસેક્ટ ) *n.* Minute insect. સૂક્ષ્મ જંતુ. Soul. આત્મા.

જીવાત, ( ઈનસેકટસ ) *n.* Insects. જીવડાં.
જીવાત્મા, ( લીવીંગ સોલ ) *n.* Living soul. જીવ દશાવાળો આત્મા.
જીવાંતક, ( મર્ડરર ) Murderer. ખૂની; હત્યારો.
જીવિકા, ( લાઇવ્લીહૂડ ) *n.* Livelihood. ગુજરાનનું સાધન; આજીવિકા. [જિંદગી.
જીવિત, ( લીવીંગ) *a.* Living. જીવતું. *n.* Life.
જીવી, *a.* Suffix. પ્રત્યય છે, જેમકે શ્રમજીવી.
જીંડવું, (પોડ) *n.* Pod. છોડને કાટલાવાળો બીજકોષ.
જુઆ,જુવા, (ગેમ્બલીંગ) *n.* Gambling.જુગાર.
જુઆખાનું, *n.* Gambling house. જુગારખાનું.
જુઆખોર, જુગટિયો, *n.* Gambler. જુગારી.
જુઆરૂં, જુવારૂં, *n.* Seperate household. સંયુક્ત કુટુંબમાંથી છૂટા પડી નવો માંડેલો ગૃહસંસાર.
જુઆળ,જુવાળ, (ટાઇડ) *n.* Tide. ભરતી.
જુકત,જુગત,(ફીટ) *a.* Fit. યોગ્ય. Joined. જોડેલું.
જુકિત,જુગતિ,(ડીવાઈસ)*n.* Device. યુક્તિ; તદબીર.
જુગ, (એજ)*n.* Age. યુગ; જમાનો.Couple. જોડ.
જુગજુગ,જુગોજુગ, *ad.* In every age. દરેક યુગમાં.
જુગતું, (ફીટ) *a.* Fit. બંધબેસતું; યોગ્ય.
જુગલ, ( કપલ ) *n.* Couple. જોડું.
જુગલજોડી, ( કપલ )*n.* Couple. યુગલ; જોડું.
જુગલકિશોર, *n.* Krishna. કૃષ્ણ.
જુગાર, (ગેમ્બલીંગ) *n.* Gambling. જૂગટું; દ્યૂત.
જુગારી, (ગેમ્બલર) *n.* Gambler. જુગાર ખેલનાર.

જુગુપ્સા, (સેન્સ્યોર)*n.* Censure. નિંદા. Aversion.
જુગુપ્સિત,*a.* Disgusting.ચીતરી ચડે એવું. [ચીતરી.
જુઠું, ( ફૉલ્સ ) *a.* False. ખોટું.
જુત, (જોઈન્ડ) *a.* Joined. જોડાયલું હોય એવું.
જુદાઈ, (સેપરેશન) *n.* Seperation. જુદાપણું;વિયોગ.
જુદું, ( સેપરેટ ) *a.* Seperate. અલગ. Far. વેગળું.
Unique. અનોખું.
જુદ્ધ, ( વૉર ) *n.* War. યુદ્ધ; લડાઈ.
જુનવટ, (ઓર્થોડૉક્ષી) *n.* Orthodoxy. જૂનાપણું.
જુનવાણી, (ઓરથૉડૉક્ષ)*a.* Orthodox.જૂના વિચારનું.
જુબાન, (વર્ડ) *n.* Word.બોલ. Promise.વચન.
જુબાની, (એવીડન્સ) *n.* Evidence. બોલીને જણાવેલી
જુમલો,( ટોટલ) *n.* Total.સરવાળો. [હકીકત; સાક્ષી.
જુમા, ( ફ્રાઇડે ) *n.* Friday. શુક્રવાર.
જુમેરાત, (થર્સડે) *n.* Thursday. ગુરૂવાર.
જુમ્મો,જુમ્મેદારી, ( રીસ્પોન્સીબીલીટી) *n.* Responsibility. જોખમદારી.
જુમ્મેદાર, -વાર, (રીસ્પોન્સીબલ )*a.* Responsible. જોખમદાર.
જુરત,જુરિયત, ( કરેજ ) *n.* Courage. હિમ્મત.
જુલફું, જુલ્ફ, ( કર્લ ) *n.* Curl. વાળની લટ.
જુલમ,-માટ,જુલ્મ, ( ઓપ્રેશન ) *n.* Oppression. બળાત્કાર; જબરજસ્તી.
જુલમગાર,-મી, (ક્રુઅલ) *a.* Cruel. નિર્દય.
જુલાબ,(પર્ગેટીવ)*n.*Purgative.ઝાડો થાય તેવું ઓસડ.

જુવતી, ( યંગ વુમન ) *n.* Young woman. યુવતી.
જુવાન,-નિયો, ( યુથ ) *n.* Youth. યુવાન; જવાન.
જુવાની, (યુથ)*n.* Youth.યુવાનપણું.
જુવાર, ( કાર્ન )*n.* Corn. એક અનાજ.
જુવું, *n.* Gambling. જુગાર.
જુસ્તેજુ, *n.* Minute search. શોધાશોધ.
જુસ્સો, (પેશન) *n.* Passion. ઊભરો; જોસ.
જુસ્સાદાર, *a.* Full of passion. જોસવાળું.
જુહાર, ( સેલ્યુટેશન) *n.* Salutation. નમસ્કાર,સલામ વિ. ભાવ બતાવતો શબ્દ.
જુહારવું, (સેલ્યુટ) *vt.* Salute જુહાર કરવા.
જુંગાઇ,(સ્ટાઉટનેસ)*n.* Stoutness. મજબૂતી. Sharpness of intellect. ચાલાકી.
જુંગું, ( સ્ટાઉટ ) *a.* Stout. મજબૂત.
જૂ, ( લાઉઝ )*n.* Louse. માથામાં પડતું એક જંતુ.
જૂઇ, ( ફ્લાવર-પ્લાન્ટ) *n.* Flower-plant.એક ફૂલવેલ.
જૂગટું, (ગેમ્બલીંગ) *n.* Gambling. જુગાર.
જૂજ,-જાજ, (વેરી લીટલ)*a.* Very little.બહુ થોડું;જરા.
જૂજવું, ( સેપરેટ) *a.* Seperate. જુદું; અનોખું.
જૂટ, ( માસ ) *n.* Mass. સમૂહ; ઝૂડો.
જૂડી, ( બંડલ ) *n.* Bundle. ઝુડી.
જૂડો, ( બ્રુમ )*n.* Broom. સાવરણી.
જૂઠ,જૂઠાણું, ( ફોલ્સહુડ)*n.* Falsehood.અસત્ય વાત.
જૂઠણ, ( રીફ્યુઝ ) *n.* Refuse. છંડામણ.
જૂઠાબોલું,( લાઇંગ )*a.* Lying.જૂઠું બોલવાની ટેવવાળું.

જૂઠું, ( ફૉલ્સ ) False. અસત્ય; ખોટું. Artificial.
જૂતવું, ( જોઈન )*vt.* Join. જોડવું. [ ખોટું; બનાવટી.
જૂતી, જૂતુ, જૂતિયુ, ( શુ )*n.* Shoe. ખાસડું.
જૂથ, (માસ ) *n.* Mass. ટોળું; સમૂહ.
જૂનું,-પુરાણું,-ખખ, (ઓલ્ડ) *a.* Old.પુરાણું;જીર્ણ.
જૂરી, (જ્યુરી)*n.* Jury.ફેંસલો આપવામાં ન્યાયાધિશને મદદ આપનારૂં પંચ.
જૂવો, ( ઈન્સેકટ ) *n.* Insect. જીવડું.
જે, *prn.* & *a.*Who. કોણ. Which. કયું.That. તે. *Conj.* That. કે. *n.* Victory. જય; ફતેહ.
જેટલું, *ad.* As much. અમુક માપમાં.
જેટલે, *ad.* As; while. જ્યારે.
જેઠ, *n.* Husband's elder brother. પતિનો મોટો ભાઈ. *a.* Elder. મોટું. [ જેઠની વહુ.
જેઠાણી, *n.* Wife of husband's elder brother.
જેઠીપુત્ર,(એલ્ડેસ્ટ સન )*n.*Eldest son.સૌથી મોટો પુત્ર.
જેઠીમધ, (લીકોરાઈસ રૂટ) *n.* Liquorice root. એક વનસ્પતિ–ઔષધિ.
જેણી, *prn.* Who; that. કે જે સ્ત્રી. [ જે તરફ.
જેણીગમ,-તરફ,-પાસ,-મેર,(વ્હીધર)*ad.* Whither.
જેતા, ( વીકટર ) *n.* Victor. જીત મેળવનાર.
જેતૂન, ( ઓલીવ ) *n.*Olive. એક તેલી બી.
જે તે, *prn.* Anybody; whoever. ગમે તે કોઈ.
જેબ, ( સ્પ્લેન્ડર ) *n.* Splendour. શોભા.
જેમ, *ad.* Like. જે પ્રમાણે. [ તરીકે.

જેમકે, ( ફોર એકઝામ્પલ )*ad.* For example. દાખલા
જેમતેમ, ( એનીહાઉ ) *ad.* Anyhow. ગમે તેમ કરીને.
જેર,–દસ્ત, ( સબડ્યુડ ) *a.* Subdued. વશ; તાબે.
જેરબંદ, ( લેશ ) *n.* Lash. સાટકો; ચાબુક.
જેલ, ( પ્રિઝન ) *n.* Prison. કેદખાનું.
જેલર, ( જેલર ) *n.* Jailer. જેલનો વ્યવસ્થાપક.
જેવડું, *a.* As much as. અમુક કદ કે માપનું.
જેવર,(ઓર્નામેન્ટસ)*n.* Ornaments. ઘરેણાં; અલંકાર.
જેવારો, (ટાઈમ ઓફ વીક્ટરી) *n.* Time of victory. જયનો વારો–વખત.
જેવું, ( સીમીલર ) *a.* Similar. અમુક જાત કે ગુણ [ ધરાવતું.
જેવુંતેવું, ( ઓર્ડીનરી ) *a.* Ordinary. સાધારણ.
જેવે, ( વ્હાઈલ ) *ad.* While. જે વખતે.
જેષ્ટિકા, ( સ્ટાફ ) *n.* Staff. લાકડી; સોટી.
જેહ—જુઓ 'જે.'
જેહાદ, (ક્રુઝેડ) *n.* Crusade. ધર્મ ખાતર કરેલું યુદ્ધ.
જેહુ, ( ડસ્ટ ) *n.* Dust. ધૂળ; રજ.
જૈન, *n.* One believing in Jainism. જૈનધર્મનો [ઉપાસક; શ્રાવક.
જૈનેતર, (નોન જૈન) *n.& a.* Non-Jain. જૈન સિવાયનું.
જો, ( ઈફ ) *conj.* If. સંશય કે શરત બતાવે છે.
જોઈએ, ( શુડ ) *at.* Should. 'જોઈવું'નું એક રૂપ.
જોઇતું, ( રીક્વીઝીટ )*a.* Requisite. જોઇએ તેટલું; જરૂરી.
જોઇવું, (નીડ) *vt.* Need. જરૂર હોવી.
જોક, જોખ, (લીચ) *n.* Leech. જળો. Cattle-shed. ઢોરનો વાડો. Herd. ઢોરનું જૂથ.

**જોકે**, ( ઓલ્ધો ) *prep*. Although. અગર જો.
**જોખમ**, ( રીસ્ક ) *n*. Risk. ભવિષ્યમાં થવાના નુકશાનની ધાસ્તી; જવાબદારી.
**જોખમકારક,-કારી**, ( ડેંજરસ ) *a*. Dangerous. જોખમવાળું. [ જવાબદાર.
**જોખમદાર**, ( રીસ્પોન્સીબલ ) *a*. Responsible.
**જોખમદારી**, *n*. Responsibility. જવાબદારી.
**જોખમાવું**, (બી ડેમેજ્ડ ) *vt*. Be damaged. નુકશાન થવું; જોખમમાં આવવું.
**જોખવું**, ( વે ) *vt*. Weigh. તોળવું; વજન કરવું.
**જોગ**, ( જંક્શન ) *n*. Junction. યોગ. *a*. Suitable. યોગ્ય. *ad*. To. તરફ. [ જોગણ.
**જોગટી**,(ફીમેલએસેટીક) *n*. Female ascetic. સાધુડી;
**જોગટો**, (મેલ એસેટીક) *n*. Male ascetic. સાધુ; જોગી.
**જોગમાયા**, ( ગોડેસ ) *n*. Goddess. માતા; દેવી.
**જોગવટો**, (એસેટીસીઝમ) *n*. Asceticism. સાધુપણું.
**જોગવવું**, (થ્રાઇવ) *vt*. Thrive. માણવું.
**જોગવાઇ**, ( એરેંજમેન્ટ ) *n*. Arrangement. ગોઠવણ.
**જોગાણ**, *n*. Ration for animals. ઢોરનું ખાવાનું વિ.
**જોગાનજોગ**, *ad*. Chance. જોગ આવી મળવાથી.
**જોગી**, (એસેટીક) *n*. Ascetic. સાધુ; યોગી.
**જોગું**, (ફીટ) *a*. Fit. યોગ્ય Suffix. પ્રત્યય છે, જેમકે: ખપજોગું વિ. *ad*. Towards. પ્રતિ. [ અંતર; યોજન.
**જોજન**, *n*. Distance of four miles. ચાર માઇલનું
**જોડલાં,-વાં**, *n*. Silver-rings worn on leg by

women. પગની આંગળીઓ પર પહેરવાનાં સ્ત્રીનાં ઘરેણાં.
જોટો, ( પેર ) *n*. Pair. જોડી. [ વસ્તુઓની જોડી.
જોડ, -કું, (પેર) *n*. Pair. જોડી; જોટો. Twin. બે સરખી
જોડકણું, (એક્ષટેમ્પોર સોંગ) *n*. Extempore song. ગમે તેમ જોડી કાઢેલું ગીત.
જોડણી, (સ્પેલીંગ) *n*. Spelling. અક્ષરોને જોડવાની રીત.
જોડવું, (યુનાઈટ) *vt*. Unite. એકત્ર કરવું; વળગાડવું. Lose. ખોટ ખાવી.
જોડા, ( શુઝ ) *n*. Shoes. ખાસડાં; બુટ.
જોડાક્ષર, *n*. Conjunct consonant. બે અથવા વધારે અક્ષરો જોડવાથી બનેલો એક સંયુક્ત અક્ષર.
જોડાજોડ, (કલોઝલી) *ad*. Closely. અડોઅડ; પાસેપાસે.
જોડાણ, (જોઇન્ટ) *n*. Joint. સાંધો; સંધાન.
જોડિયું, (પાર્ટનર) *a*. & *n*. Partner. સાથી.
જોડા, (પેર) *n*. Pair. બે સરખી વસ્તુઓની જોડ.
જોડીદાર, ( કંપેનીઅન ) *n*. Companion. સાથી.
જોડું, (કપલ) *n*. Couple. યુગલ. Shoe. ખાસડું.
જોડે, (નીયર) *ad*. Near. પાસે. With. સાથે.
જોડો, ( શુ ) *n*. Shoe. પગરખું.
જોણું, ( સ્પેક્ટેકલ ) *n*. Spectacle. તમાશો.
જોત, ( લાઈટ ) *n*. Light. પ્રકાશ. Lighted wick of a lamp. દીવાની શિખા.
જોતજોતાં, -માં, *ad*. In the twinkling of an eye. ક્ષણવારમાં. Instantly. પળવારમાં.
જોતર, -રું, ( યોક-સ્ટ્રેપ ) *n*. Yoke-strap. ધૂંસરીની

સાથે બળદને જોડવાનો પટો. [ જોડવું.
જોતરવું, (યોક )*vt.* Yoke. જોતર વડે પશુને ધૂંસરી સાથે
જોતિક, ( એસ્ટ્રોલોજર ) *n.* Astrologer. જોષી.
જોધ્ધો, ( વૉરીયર ) *n.* Warrior. યોધ્ધો; લડવૈયો.
જોબન,-નિયું, ( યુથ ) *n* Youth. જુવાની; યૌવન.
જોબનવંતું, ( બ્લુમીંગ ) *a.* Blooming. જોબનવાળું.
જોબાવું, જોભાવું, *vt.* Be unconscious. મરણધાંટીમાં સપડાવું. [ જીવ ઊંડો ઉતરી જવો તે.
જોબો, જોભો, (અનકૉન્શ્યસનેસ) *n.* Unconciousness.
જોમ, ( વીગર ) *n.* Vigour. બળ; શક્તિ.
જોમદાર, જોમી, ( સ્ટ્રોંગ ) *vt.* Strong. જોમવાળું.
જોર, ( સ્ટ્રેંગ્થ ) *n.* Strength. બળ; શક્તિ; કૌવત.
જોરકસ, (એથલેટીક ) *a.* Athletic. કસરતી.
જોરજબરાઇ,-જબરી, ( ફોર્સ ) *n.* Force. જબરજસ્તી.
જોરજુલમ, (ટીરની) *n.* Tyranny. બળાત્કાર.
જોરતલબી, ( ટ્રીબ્યુટ ) *n.* Tribute. ખંડણી.
જોરદાર, ( પાવરફુલ ) *a.* Powerful. જોરવાળું.
જોરાવર, ( બ્રેવ ) *a.* Brave. હિમ્મતવાન; બહાદુર.
જોરૂ, ( વાઈફ ) *n.* Wife. પત્ની; વહુ.
જોરો,-તોરો, (પ્રેસ્યોર) *n.* Pressure. દબાણ.
જોવું, ( સી ) *vt.* See. દેખવું. Look at. પ્રતિ દૃષ્ટિપાત કરવો. Examine. તપાસવું. Contemplate. વિચાર કરવો. [ જ્ઞાન.
જોશ, જોષ, *n.* Knowledge of astrology. જ્યોતિષનું
જોશ, જોસ, ( કૉમોશન) *n.* Commotion. ઉછાળો; આવેશ.

જોશી,જોષી,*n.* Astrologer. જ્યોતિષનું જ્ઞાન ધરાવનાર.
જોહાકી, (ટીરની) *n.* Tyranny. જુલમ.
જોહુકમ, –મી,(ટીરની) *n.* Tyranny. જુલમ; દોર.
જોંસો, ( રીબ્યુક ) *n.* Rebuke. ઠપકો.
જૌહર, *n.* Simultaneous suicides. સામુદાયિક આત્મહત્યા; જમોર.
જૌહર, ( જુવેલરી ) *n.* Jewellery. ઝવેરાત; જવાહિર.
જ્ઞ, A conjunct consonant made up of જ and ન. 'જ' અને 'ન' મળીને થયેલો એક જોડાક્ષર. Suffix. પ્રત્યય છે, જેમકે: સર્વજ્ઞ.
જ્ઞપ્તિ, ( નોલેજ ) *n.* Knowledge. જાણવું તે; બુદ્ધિ.
જ્ઞાત, ( નોન ) *a.* Known. જાણેલું.
જ્ઞાતવ્ય, *a.* Worth knowing. જાણવાજોગ.
જ્ઞાતા, (નોઅર) *n.* Knower. જાણનાર.
જ્ઞાતિ, ( કાસ્ટ ) *n.* Caste. ન્યાત; નાત.
જ્ઞાન, ( નોલેજ ) *n.* Knowledge. જાણવું તે; જાણ. Information. ખબર.
જ્ઞાનકોશ, (એનસાઇક્લોપીડીઆ) *n.* Encyclopedia. બધી જાતના જ્ઞાનના–માહિતીના સંગ્રહરૂપ મોટો ગ્રંથ.
જ્ઞાનતંતુ, –રજ્જુ, (નર્વ)*n.* Nerve. જ્ઞાનેંદ્રિયોને મગજ સાથે સાંધતો તંતુ. [ એની રચના કામ વિગેરેનું તંત્ર.
જ્ઞાનતંતુવ્યવસ્થા, *n.* Nerves system. જ્ઞાનતંતુ-
જ્ઞાનભંડાર, ( લાયબ્રેરી ) *n.* Library. પુસ્તકાલય.
જ્ઞાનવલ્લી, ( હેમ્પ-પ્લેન્ટ )*n.* Hemp-plant. ભાંગ;જ્ઞાન વધારનાર એક વેલો.

જ્ઞાનવાન, જ્ઞાની, (વાઈઝ) *a.* Wise. ડાહ્યું. [એક રોગ.
જ્ઞાનવાયુ, (બ્રેન ડીસીઝ) *n.* Brain disease. મગજનો
જ્ઞાનેંદ્રિય, *n.* Organ of knowledge. જ્ઞાન ગ્રહણ કરનારી ઈંદ્રિય. [ગુરૂ
જ્ઞાપક, *a.* Making known. જણાવનારૂં. *n.* Teacher.
જ્ઞાપન, (પ્રોક્લેમેશન) *n.* Proclamation. ઢ ઢેરો; જાહેરાત.
જ્ઞેય, ( નોએબલ ) *a.* Knowable. જાણવા યોગ્ય.
જ્યહાં, ( વ્હેર ) *ad.* Where. જ્યાં.
જ્યા, (બાઉ-સ્ટ્રીંગ) *n.* Bow-string. ધનુષ્યની પણછ.
જ્યાદા, -દે, ( મોર ) *a.* More. વધારે.
જ્યારે, ( વ્હેન ) *ad.* When. જે વખતે.
જ્યારથી, (સીન્સ) *ad.* Since. જે વખતથી.
જ્યારલગી, (સો લોંગ) *ad.* So long. જે સમય સુધી.
જ્યાં, ( વ્હેર ) *ad.* Where. જે જગાએ.
જ્યાંત્યાં, *ad* In anyway. કોઈપણ રીતે; જહીંતહીં.
જ્યેષ્ઠ, ( એલ્ડેસ્ટ ) *a.* Eldest. સૌથી મોટું.
જ્યોતિ, ( લાઇટ ) *n.* Light. પ્રકાશ. [ કરનાર.
જ્યોતિર્ધર, *n.* One holding light. જ્યોતિ ધારણ
જ્યોતિર્મય, -ષ્માન, (બ્રીલીયંટ) *a.* Brilliant. તેજસ્વી.
જ્યોતિર્મંડલ, -શ્ચક, -તિઃપુંજ, ( સ્ટીલર સ્ફીઅર ) *n.* Stellar shere. તારા-નક્ષત્ર વિ. નો સમૂહ.
જ્યોતિર્લિંગ, *n.* An idol of Shiva. બાર મુખ્ય શિવલીંગોમાંનું દરેક.
જ્યોતિર્વિદ, -ષી, *n.* Astrologer. જોશી.
જ્યોતિષ, -ર્વિદ્યા, *n.* Astrology. જ્યોતિષશાસ્ત્ર.

જ્યોતિષ્મતી, (નાઇટ) *n.* Night. રાત.
જ્યોતિઃશાસ્ત્ર, *n.* Astrology. જ્યોતિષશાસ્ત્ર. Astronomy. ખગોળશાસ્ત્ર. [ ચાંદની.
જ્યોત્સ્ના, -ત્સ્નિકા, *n.* Moonlight night.
જ્વર, ( ફીવર ) *n.* Fever. તાવ.
જ્વલન,(ફાયર)*n.* Fire. અગ્નિ.Burning. બળવું તે.
જ્વલંત, ( ક્લીઅર ) *a.* Clear. સ્પષ્ટ. Brilliant. ઝળહળતું. Burning. બળતું.
જ્વલિત, ( લાઇટેડ ) *a.* Lighted. પ્રકાશિત.
જ્વાલા,-ળા, ( ફ્લેમ )*n.* Flame.અગ્નિની શિખા.
જ્વાલામુખી, ( વોલ્કેનો ) *n.* Volcano.બળતો પહાડ.

---

# ઝ

ઝ, *n.* Palatal fourth consonant. તાલુસ્થાની ચોથો વ્યંજન. [ કરવી.
ઝકઝોલવું,-ળવું, *vt.* Make abundance. રેલંછેલ
ઝકઝોળ, ( એબન્ડન્સ )*n.* Abundance. રેલંછેલ. *a.* Absorbed in. મશગલ.
ઝૂંબવું, ( સ્ટુપ ) *vt.* Stoop.લળી પડવું; ઝૂકવું.
ઝકોર, (કાર્ટ) *n.* Cart. ગાડું.Flapping. પવનમાં ફર-
ઝખ, ઝષ, (ફીશ) *n.* Fish.માછલું. [ ફરવું તે.
ઝગઝગ,-મગ, ( બ્રાઇટલી ) *ad.* Brightly. ખૂબ તેજ મારતું હોય તેવું.
ઝગઝગવું,-મગવું, (ગ્લીટર) *vt.* Glitter. તેજ મારવું.

ઝગઝગાટ, (ગ્લેર) *n.* Glare. ઝગમગ થતો પ્રકાશ.
ઝગર, (બેરન) *n.* Barren. ઉજ્જડ; નિર્જન.
ઝગરણુ, (કવોરલ) *n.* Quarrel. ટંટો; ઝઘડો.
ઝગવું, (ગ્લીટર) *vt.* Glitter. તેજ મારવું.
ઝગાર, -રો, (ગ્લેર) *n.* Glare. ઝગઝગાટ.
ઝઘડવું, (કવોરલ) *vt.* Quarrel. ટંટો કરવો; લડવું.
ઝઘડો, (કવોરલ) *n.* Quarrel. ટંટો.
ઝઘડાખોર, *a.* Quarrelsome. ટંટાખોર.
ઝઝણાટ, ઝણઝણાટ, *n.* Slarp feeling. બળતરા; ઝમઝમાટ. Clanging. ઝણકારો.
ઝઝણી, ઝણઝણી, *n.* Sensation of smart pain. ઝાંઝ; ક્રોધ કે રીસની લાગણી. Tingling. ખાલી.
ઝઝુમવું, ( ઓવરહેંગ ) *vt.* Overhang. લચી પડવું; ટમટમી રહેવું. [ તાબડતોબ.
ઝટ,-પટ, ( કવીકલી ) *ad.* Quickly. તરત જ;
ઝટક, (સ્ટ્રોક ) *n.* Stroke. આંચકો. Wrestling. એક દાવ. [ઝાટકવું.
ઝટકવું, (જર્ક) *vt.* Jerk. હચમચાવી નાખવું. Winnow.
ઝટકો, *n.* Smart blow. જોરથી કરેલો ઘા. Pull. આંચકો.
ઝટવું, (સ્નેચ) *vt.* Snatch. ઝડપ મારી પડાવી લેવું.
ઝટેરવું, *vt.* Scold severely. સખત ઠપકો આપવો.
ઝડકો, ઝરડકો, (ટેર) *n.* Tear. કપડાનો ચીરો. [લંકાર.
ઝડઝમક, (એલીટરેશન) *n.* Alliteration. એક શબ્દા-
ઝડતી, *n.* Close search. બારીક તપાસ. Attachment. ટાંચ; જપતી. Police inquiry. પોલીસ તપાસ.

ઝડપ, (સ્પીડ) *n.* Speed વેગ.
ઝડપબંધ,–ભેર, (સ્વીફ્ટલી)*ad.* Swiftly. સપાટાબંધ.
ઝડપવું, *vt.* Seize suddenly. ઓચિંતું ઝુંટવું.
ઝડપાઝડપી, (સ્ટ્રગલ) *n.* Struggle. ઝપાઝપી.
ઝડપી, (સ્વીફ્ટ) *a.* Swift. ઝડપવાળું.
ઝડાકો, *n.* Sudden blow. ઓચિંતો ફટકો. Altercation. બોલાબોલી.
ઝડાઝડી, ( ક્વોરલ ) *n.* Quarrel. તકરાર.
ઝડી, *n.* Showers of rain. એકીસપાટે જોરભેર વરસવું તે. Repetition of music. રમઝટ,
ઝણ,–કાર,–કારો,–કો, ( ટીંકલીંગ ) *n.* Tinkling. ઝણઝણ અવાજ.
ઝણકારવું, ( ટીંકલ ) *vt.* Tinkle. ઝણકાર કરવો.
ઝણઝણ, *n.* Burning pain. બળતરા [ ઝઝણી થવી.
ઝણઝણવું, *vt.* Burn and ache. તમતમવું. Ring.
ઝણઝણી, (નંબનેસ) *n.* Numbness. ખાલી.
ઝણણવું, (રીંગ) *vt.* Ring. ઝણણ અવાજ થવો.
ઝનુન, (મેડનેસ) *n.* Madness. ગાંડો જુસ્સો.
ઝનુની, (મેડ) *a.* Mad. ઝનુનવાળું.
ઝપ, –ઝપ, (સડનલી) *ad.* Suddenly.ઝટઝટ.
ઝપટ, (હેસ્ટ) *n.* Haste. ઉતાવળ. Snatch. ઝડપ.
ઝપટવું, *vt.* To hurry. ઉતાવળ કરવી. Seize. ઝડપ મારવી. Charm. મંતરવું.
ઝપટાવું, *vt.* Be attacked. વચ્ચે આવી જવું.Be in a difficulty. ફસાવું. [ Scuffle. ટંટો.

**ઝપાઝપ, -ઝપી,** ( મેસેકર ) *n.* Massacre. કતલ.
**ઝપાટવું,** (ડીવોવર)*vt.*Devour. ચાંપીને ખાવું. Attack.
**ઝપાટો,** (સ્પીડ)*n.* Speed. વેગ Blow. પ્રહાર.[ઠોકવું.
**ઝપોઝપ,** (સ્વીફ્ટલી) *ad.* Swiftly. ઝપાટાથી.
**ઝબ,** (સડન) *a.* Sudden. ઓચિંતું.
**ઝબકવું,** (સ્ટાર્ટ અપ) *vt.* Start up. ચમકવું. Flash.
**ઝબકારો,** (ફ્લેશ) *n.*Flash. પ્રકાશનો ઝબૂકો. [ઝબૂકવું.
**ઝબકોળવું,** *vt.* Dip in water. પાણીમાં બોળવું.
**ઝબલું, ઝભલું,***n.* Shirt for child. બાળકનું પહેરણ.
**ઝબાકો, ઝબૂકો,** (ફ્લેશ) *n.* Flash. ઝબકારો
**ઝબૂકવું,** (સ્પાર્કલ) *vt.* Sparkle. પ્રકાશવું.
**ઝબે,** (સેક્રીફાઇસ)*n.*Sacrifice. વધેરવું-ભોગ આપવો તે.
**ઝબો,ઝબ્બો,ઝભો,ઝભ્ભો,** *n.* Long and loose robe. લાંબો અને ખુલતો ડગલો.
**ઝબોઝબ,** (સ્વીફ્ટલી) *ad.* Swiftly. ઝપોઝપ.
**ઝબોળવું,** *vt.* Dip in water.પાણીમાં બોળવું. [તેજ.
**ઝમક,** *n.* Alliteration. એક શબ્દાલંકાર. Light.
**ઝમકઝોલ,** ( એલીજંટ ) *a.* Elegant. આનંદ અને લાલિત્યયુક્ત.
**ઝમકવું,** (જીંગલ) *vt.* Jingle. મધુર રણકાર થવો.
**ઝમકાર,-કારો,-કો,** (ટીંકલીંગ સાઉન્ડ) *n.* Tinkling sound. રણકો; ઠણકો.
**ઝમઝમ,** *ad.* With a jingling sound. રણકે તેમ. With a burning sensation.ઝીણું ઝીણું બળે તેમ.
**ઝમઝમવું,** *vt.* Feel a burning pain. ચચરવું.

Make a jingling sound. રણકવું.

ઝમઝમાટ, *n.* Loud jingling. ઝમઝમવું તે. Burning sensation. ચચરાટ.

ઝમરખ, (શેન્ડેલીયર) *n.* Chandelier. ઝુંમર.

ઝમવું, ( ઉઝ આઉટ ) *vt.* Ooze out. પ્રવાહીનું જરાજરા જઇને બહાર ઝમવું. [ Wrangling. ઝપાઝપી.

ઝમાઝમી, ( સ્કૅાબલીંગ ) *n.*Squabbling. બોલાચાલી.

ઝમોર—જુઓ ' જમોર. ' [ જનાવર.

ઝરખ, ( હાયેના ) *n.* Hyaena. એક જંગલી ઘાતકી

ઝરડ, (ટેર) *n.* Tear. લુગડું ફાટતાં થતો અવાજ.Fine clippings of thorny bushes. ઝરડાંના કકડા.

ઝરડકો,–જુઓ 'ઝડકો.' [ઝરડ એવા અવાજ સાથે ફાડવું.

ઝરડવું, *vt.* Rend suddanly asunder. ઝરડ-

ઝરડું, *n.* Clipping of a thorny tree. ઝાંખરું; કાંટાવાળું ડાળું.

ઝરણ,–ણું, (સ્ટ્રીમ) *n.* Stream. પાણીનો વહેળો.

ઝરપવું, (મેલ્ટ અવે) *vt.* Melt away. ઓગળી જવું. Ooze out. ઝમવું. [ વરસાદની ફરફર.

ઝરમર, *n.* Ornament. એક ઘરેણું. Slight rain.

ઝરમરવું, *vt.* Rain slowly. ઝરમર ઝરમર પડવું.

ઝરવું, (ઉઝ)*vt.* Ooze. સ્રવવું;ધીમે ધીમે બહાર નીકળવું.

ઝરૂખો, (બાલ્કની) *n.* Balcony. બારીની બહાર કાઢેલું

ઝરેળી,(કોલ્ડ ફીટ) *n.* Cold fit. ધ્રુજારી;કંપારી. [છજું.

ઝરેળો,ઝળેળો, (બ્લીસ્ટર)*n* Blister. ચામડી બળવાથી

ઝરો, (સ્ટ્રીમ) *n.* Stream. ઝરણું. [ પડેલો ફોલ્લો.

ઝર્દ (પેલ) *a.* Pale. ફીકું. Yellow. પીળું.
ઝલક, ઝળક, (લસ્ટર) *n.* Lustre. ચળકાટ; ઓપ.
ઝલકદાર, (બ્રીલીયંટ) *a.* Brilliant. ચળકતું.
ઝલકવું,-કાવું, (ગ્લીટર) *vt.* Glitter. ચળકવું.
ઝલવું, (શાઇન) *vt.* Shine. પ્રકાશવું.
ઝલું, (રેડી) *a.* Ready. તૈયાર; તત્પર.
ઝલો, (ડીફીકલ્ટી) *n.* Difficulty મુશ્કેલી; વિટંબણા.
ઝલ્લરી, (સીમ્બાલ) *n.* Cymbal. ઝાંઝ; મંજીરા.
ઝલ્લાવું,(બી સ્કોર્ચ્ડ)*vt.*Be scorched. દાઝવું;બળવું.
ઝવવું, (ઉઝ) *vt.* Ooze. સ્રવવું; ટપકવું.
ઝવેર, (જુવેલ) *n* Jewel. જવાહિર.Lustre. પાણી; તેજ.
ઝવેરખાનું, *n.* Place for keeping jewellery. જવાહિરખાનું.
ઝવેરાત, (જુવેલરી) *n.* Jewellery. હિરામોતી વિગેરે.
ઝવેરી, (જુવેલર)*n.* Jeweller. ઝવેરાતનો વેપારી.
ઝહીન, (કલેવર) *a.* Clever. ચાલાક.
ઝળક,-કાર,-કારો, (લસ્ટર) *n.* Lustre. ચળકાટ.
ઝળકવું, (શાઈન) *vt.* Shine. પ્રકાશવું.
ઝળકો, (બ્રીલીયંસ) *n.* Brilliance. ઓપ; ચળકાટ.
ઝળઝરવું, -હળવું, (શાઈન) *vt.* Shine. પ્રકાશવું.
ઝળઝળાટ, (લસ્ટર) *n.* Lustre. પ્રકાશ.
ઝળઝળીયું, *n.* Tears glistening in the eyes. આંખમાં ઝમતું પાણી; આંસું.
ઝળઝળું, (ટવીલાઇટ) *n.* Twilight. ઝાંખું અજવાળું.
ઝળળ, ( લ્યુમીનસલી ) *ad.* Luminously. તેજથી

ઝળકતું હોય તેમ.

ઝળઝળાં, *n.* Excessive light. તેજતેજનો અંબાર.

ઝંકાર, ઝંકૃતિ, (ટીંકલીંગ) *n.* Tinkling. રણકાર.

ઝંખના, (એંક્ષાયટી) *n.* Anxiety. ચિંતા; ધખારો. Eager desire. આતુરતાપૂર્વક રટન.

ઝંખવાણું, (એબેશ્ડ) *a.* Abashed. ખશિયાણું; ભોંઠું.

ઝંખવાવું, (ફીલ શાય) *vt.* Feel shy. ભોંઠું પડવું.

ઝંખવું, (લોંગફોર) *vt.* Long for. ઝંખના કરવી.

ઝંઝા, (હરીકેન) *n.* Hurricane. પવનનો કે પવન સાથે પડતા વરસાદનો સુસવાટ.

ઝંઝાનિલ,-વાત, (સ્ટોર્મી ગેલ) *n.* Stormy gale. વરસાદને વંટોળનું તોફાન. [Scold. ધમકાવવું.

ઝંઝેડવું, (શેક હેવીલી) *vt.* Shake heavily. ઝૂડવું.

ઝંડાધારી, *a.* Holding a flag. હાથમાં ઝંડાવાળું.

ઝંડો, (ફ્લેગ) *n.* Flag. ધ્વજ. [નીઓની પ્રાચીન ભાષા.

ઝંદ, *n.* Ancient language of Persians. ઈરા-

ઝંદઅવસ્તા,-અવેસ્તા, *n.* The sacred religious book of the Parsees. પારસીઓનું પવિત્ર ધાર્મિક પુસ્તક.

ઝંપલાવવું, *vt.* Rush into. ચાહોમ કરીને કૂદી પડવું.

ઝંપા, (જમ્પ) *n.* Jump. કુદકો.

ઝંપાપાત, *n.* Sudden fall. ઓચિંતું કૂદી પડવું તે;

ઝાઇ, (પેટ્રન) *n.* Patron. આશ્રયદાતા. [આંધળીયું.

ઝાકઝમાક, (લસ્ટર) *n.* Lustre. પ્રકાશ; ભપકો.

ઝાકઝમાળ, (બ્રીલીયંટ) *a.* Brilliant. દેદીપ્યમાન.

ઝાકઝમાળ, *a.* Clean and clear. સ્વચ્છ અને સ્પષ્ટ.
ઝાકળ,(ડયુ)*n.*Dew.ઓસ;તુષાર [ Delight.આનંદ.
ઝાઝું, ઝાઝેરૂં, (મોર) *a.* More. વધારે; પુષ્કળ. *n.*
ઝાડકણ, ઝાટકણ, (રીફયુઝ) *n.* Refuse. ઝાટકતાં નીકળેલો કચરો. [ Sevare scolding. સખત ઠપકો.
ઝાટકણી, *n.* Act of winnowing. ઝાટકવાનું કામ.
ઝાટકવું, ઝાડકવું, (વીનો) *vt.* Winnow. સૂપડા વડે
ઝાટકો,–જુઓ 'ઝટકો'. [ઉપણવું.
ઝાડ, (ટ્રી) *n.* Tree. વૃક્ષ.
ઝાડપાન,–પાલો, (વેજીટેશન) *n.* Vegetation. વનસ્પતિ માત્ર. [સાફસુફ.
ઝાડઝુડ, *n.* Sweeping and wiping. વાળઝુડ;
ઝાડપીપળી, *n.* Game. આંબલીપીપળીની રમત.
ઝાડવું, *n.* Small tree. નાનું ઝાડ *vt.*Sweep. ઝાડુથી
ઝાડાવાટ, (એનસ) *n.* Anus. ગુદા. [ વાળવું.
ઝાડી, (ફોરેસ્ટ) *n.* Forest. વનરાજી.
ઝાડુ, (બ્રુમ) *n.* Broom. સાવરણી.
ઝાડુવાળો, (સ્કેવેંજર) *n.* Scavenger. ઝાડુ કાઢનાર.
ઝાડો, (સ્ટુલ) *n.* Stool વિષ્ટા. Minute search.
ઝાપટ,–જુઓ 'ઝપટ' [તપાસ.
ઝાપટવું, *vt.* Dust with sharp blows given with a piece of cloth. કપડાની ઝાપટથી સાફ કરવું. Eat gluttonously. ખૂબ ખાવું. Inflict a sharp blow. ફટકાવવું.
ઝાપડું, *n.* Sudden sharp shower of rain.થોડા

સમય માટે વરસાદનું એકદમ તૂટી પડવું તે.

ઝાબ, *n.* Tray. છાબ. Milk-can. દૂધ ભરવાનું મોટું

ઝામ (ટાઇમ) *n.* Time. સમય. [ વાસણ

ઝામણ,(સાવર સબસ્ટ ન્સ)*n.*Sour substance.મેળવણ.

ઝામર,(ગ્લોકોમા) *n.* Glaucoma. માથા અને આંખનો એક રોગ. [ *n.* Show. ભપકો.

ઝામરઝોલ,-ઝોળ,(ટોટરીંગ)*a.* Tottering. ડગમગતું.

ઝામરી, *n.* Kind of boil on the palm of the hand. હથેળીમાં થતો એક રોગ.

ઝામરો,-જુઓ 'ઝામરી'.(પેમ્ફીગસ) *n.* Pemphigus. ચામડીનો એક રોગ.

ઝામવું, *vt.* Dip a hot piece of stone in water.તપાવેલી ઈંટ-ઠીકરી વડે પાણી કે ઓસડ છપકારવું.

ઝાયલ, (રેશ) *a.* Rash. ઉગ્ર; તામસી.

ઝાર, (ટાઇડ) *n.* Tide. ભરતી.

ઝારણ, *n.* Act of repairing metallic vessels. ધાતુનાં વાસણ સાંધવાનું કામ; રેણ.

ઝારવું, *vt.* Pour warm water. ઉના પાણીની ધાર કરવી-તે વડે ધોવું કે રોકવું. Clip off. નકામાં ડાળાં કાપી નાખવાં.

ઝારી, (ઇવર) *n.* Ewer. નાળચાવાળી ટોયલી. Small laddle.તપેલી વસ્તુઓ કાઢવાનું તવેથા જેવું કાણાવાળું ઓજાર. [ ટોળું.

ઝારું,*n.*Large branch. મોટું ડાળું. Assemblage.

ઝારો, *n.* Big laddle. મોટી ઝારી.[કાનનું એક ઘરેણું

ઝાલ, ( ઇયર ઓર્નામેન્ટ ) *n.* Ear-ornament.
ઝાલક, (સ્પ્લેશ) *n.* Splash. છોળ; છાલક.
ઝાલર, (ગોંગ) *n.* Gong. મોગરીથી વગાડવાની ઘડીયાળ. Pulse. એક કઠોળ-વાલ. Border. ઝુલ; કોર.
ઝાલરી, (સ્મોલ ગોંગ)*n.* Small gong. નાની ઝાલર.
ઝાલવું, (કૅચ) *vt.* Catch. પકડવું.
ઝાવાં, *n.* Struggles of a drowning person. ડૂબતા માણસનાં તરફડીયાં-વલખાં.
ઝાહી, *a.* Wishing well to. શુભેચ્છક.
ઝાળ, (ફ્લેમ) *n.* Flame. જ્વાળા. Rush of indignation. ક્રોધનો આવેશ.
ઝાળણ, (સોલ્ડરીંગ) *n.* Soldering. રેણ.
ઝાળવું, (સોલ્ડર) *vt.* Solder. રેણ કરવું.
ઝાંઈ, (શેડો) *n.* Shadow. ઝાંખી.[પણું. Blot. બટ્ટો.
ઝાંખપ, ઝાંખાશ, ( ડીમનેસ ) *n.* Dimness. ઝાંખા-
ઝાંખરૂં, (પ્રીકલી શ્રૂબ)*n.* Prickly shrub. કાંટાવાળું ડાંખળું. [ Gaze. જોવું.
ઝાંખવું, ( સ્પાય ) *vt.* Spy. છાનુંમાનું સંતાઇને જોવું.
ઝાંખી,(ગ્લાન્સ) *n.*Glance.દર્શન; જોવું તે.
ઝાંખું, (ડીમ) *a.* Dim. નિસ્તેજ. Pale. ફીકું. [ક્રોધ.
ઝાંઝ, (સીમ્બાલ્સ) *n.* Cymbals. કાંસી જોડ. Anger.
ઝાંઝર,-રિયાં, *n.* Leg ornament for women. સ્ત્રીઓના પગનું ઘરેણું; નૂપુર. Fetters. બેડી; જંજીર.
ઝાંઝવાં, (મીરેજ) *n.* Mirage. મૃગજળ. Dimness of sight owing to glare.તેજથી આંખને પડતીઝાંખપ.

ઝાંઝવાનું જળ, –નીર, *n.* Mirage. મૃગજળ.
ઝાંઝી, (એક્સાઇટેબલ) *a.* Excitable. ચીડિયું.
ઝાંપો, (એન્ટ્રન્સ) *n.* Entrance. દરવાજો. Village gate. ગામની ભાગોળ.
ઝાંય, (શેડો) *n.* Shadow. પ્રતિબિંબ; Light. તેજ.
ઝાંસો (થ્રેટનીંગ) *n.* Threatening. ત્રાસો; ધમકી.
ઝિમેલ, (ઈન્સેક્ટ) *n.* Insect. લાકડાં કોરી ખાતું જંતુ.
ઝિયાણું, *n.* Ceremony of giving ornaments etc. to a daughter after the birth of her first child, when she returns to her house. પહેલી સુવાવડ પછી ઘરેણાં આપી દિકરીને બાળક સાથે વળાવતી વખતની રીત.
ઝીક, ઝીંક, (એમ્બ્રોયડરી) *n.* Embroidery. કસબી તારનું ભરત. Dashing. ઝીકવું તે.
ઝીકણું, ઝીંકણું, ( આર્ટ ઓફ થ્રેડીંગ ) *n.* Art of threading. તૂણવું તે. [હરાવવું.
ઝીકવું, ઝીંકવું, (ડેશ) *vt.* Dash. પછાડવું. Defeat
ઝીણું, (થીન) *a.* Thin. પાતળું. Delicate. બારીક.
ઝીણવટ,ઝીણાશ, ( માઈન્યુટનેસ ) *n.* Minuteness. બારીકી. Wisdom. ડહાપણ.
ઝીપવું,*vt.*Catch a falling thing.અદ્ધર ઝીલી લેવું.
ઝીપી, *n.* A black garment worn by woman. એક જાતની કાળી સાડી.
ઝીલ,(પ્લાન્ટ)*n.* Plant. વનસ્પતી. Splash. છોળ.
ઝીલવું,(કેચ)*vt.*Catch. પકડી લેવું.Follow.ઉપાડી લેવું.

ઝીંઝોટી, (ટયુન) *n.* Tune. એક રાગિણી.
ઝીંટ, (એપેન્ડેજ) *n.* Appendage. લફરૂં. [ખડકવું.
ઝીંટવું, (એપેન્ડ) *vt.* Append. વળગાડવું. Heap up.
ઝીંથરાં, (અનવોવન હેર) *n.* Unwoven hair. માથાના અસ્તવ્યસ્ત અને છુટા વાળ.
ઝુકારવું, (સીટ) *vt.* Sit. બેસાડવું.
ઝુકાવવું, (કોઝ ટુ બેન્ડ) *vt.* Cause to bend. નમાવવું. Throw. ઝંપલાવવું.
ઝુઝાર, (વોરીઅર) *n.* Warrior. લડવૈયો.
ઝુઝાવવું, *vt.* Cause to be fatigued. થકવવું.
ઝુરાપો, ઝુરણ, (બીવેલીંગ) *n.* Bewailing. કલ્પાંત; વિયોગદુઃખ.
ઝુલણિયું, (હેંગીંગ) *a.* Hanging. ઝુલતું.
ઝુસ્તી, (ક્વોરલ) *n.* Quarrel. ટંટો; ફીસાદ.
ઝુંડ, (માસ) *n.* Mass. ટોળું; સમૂહ.
ઝુંડો, (ફ્લેગ) *n.* Flag. ઝંડો; ધ્વજા. [ચળવળ.
ઝુંબેશ, (એજીટેશન) *n.* Agitation. જોશપૂર્વકની
ઝુંમર, (શેન્ડેલીયર) *n.* Chandelier. ઝમરખ.
ઝુકવું, (બાઉ) *vt.* Bow. નમવું. Hang. લટકવું.
ઝૂઝવું, (ફાઈટ) *vt.* Fight. જોસથી લડવું.
ઝૂડ, (લાર્જ એલીગેટર) *n.* Large alligator. મોટો મગર. Grip. પકડ; ચૂડ. Devil. એક જાતનું ભૂત.
ઝૂડવું, (બીટ સીવીઅરલી) *vt.* Beat severely. ઝાપટવું; ધોકાવડે ઠોકવું.
ઝૂડો, (બંચ) *n.* Bunch. ઘણી ચીજોનો સાથે બાંધેલો

ઝૂપકી, (નોડ) *n.* Nod. ડોલું; ઝોકું. [જથો.
ઝૂમ, (મેની) *a.* Many. ઘણું. *n.* Intoxication. કેફ;
ઝૂમખું,-ખો, (બંચ)*n* Bunch. લૂમખો; જથો. [નશો.
ઝૂમણી, (નેકલેસ) *n.* Necklace. એક જાતનો હાર.
ઝૂમણું, (ઓર્નામેન્ટ)*n.*Ornament. એક જાતનું ઘરેણું.
ઝૂમવું, (સ્ટ્રાઈવ) *vt.* Strive.ઝઝૂમવું. Hang. લટકવું. Wait for. આતુરતાથી ટાંપી રહેવું.
ઝૂરવું, (પાઈન ફૅાર) *vt.* Pine for. તલસવું; કલ્પાંત કરવું. Fade. ક્ષીણ થવું.
ઝૂલ, (બોર્ડર) *n.* Border. કિનાર.
ઝૂલણા, (મીટર) *n.* Metre. એક છંદ.
ઝૂલણું, (સ્વીંગ) *n.* Swing. હીંચકો; ઝૂલવું તે.
ઝૂલતું, (પેન્ડન્ટ) *a.* Pendent. ઝોલાં ખાતું; લટકતું.
ઝૂલવું, (હેંગ) *vt.* Hang. લટકવું. Swing. હીંચવું.
ઝૂલો, (સ્વીંગ) *n.* Swing. હીંચકો. Loss. નુકશાન.
ઝૂંટ, (સ્નેચીંગ) *n.* Snatching. ઝૂંટવી લેવું તે.
ઝૂંટવું, (સ્નેચ) *vt.* Snatch. પડાવી લેવું.
ઝૂંપ, ઝૂંપી, (પાયર) *n.* Pyre. ચીતા. [વિલું ઘર.
ઝૂંપડી,-ડું, (હટ) *n* Hut. ઘાસ, સાંઠી વિ.નું બના-
ઝૂંકવું, (નોડ) *vt.* Nod. ઝોકાં ખાવાં.
ઝૂંસરી, -રૂં, (યોક) *n.* Yoke. ધૂંસરી.
ઝેણ, (ડસ્ટ) *n.* Dust. ઝીણી રજોટી.
ઝેબઝેબ,-ઝેબાં, (પ્રોફ્યુસલી) *ad.* Profusely. પરસેવાના રેલા નીકળતા હોય તેમ. [Vindication. વેર.
ઝેર, (પોઈઝન) *n.* Poison. વિષ. Jealousy. ઈર્ષ્યા.

ઝેરકચોલું,-કોચલું, (નક્ષ વોમીકા)n. Nux vomica.
એક બી-ઔષધી. [Jealous. અદેખું.
ઝેરી,-લું, ( પોઇઝનસ ) a. Poisonous. ઝેરવાળું.
ઝેરૂં, (શાર્પ શાવર) n. Sharp shower. ઝાપટું.
ઝોક,(બેન્ડીંગ) n Bending.વાંક.Inclination.વલણ.
Cattle-yard. ગાય; ઘેટાં, બકરાંનો વાડો.
ઝોકવું, (થ્રો) vt. Throw. ફેંકવું; નાખવું. Rush.
ચાહોમ કરીને પડવું. Nod. ઝોકાં ખાવાં.. [પુષ્કળ.
ઝોકાર, ( એબન્ડન્ટ ) a. Abundant. ઝાકમઝોળ;
ઝોકારવું,-વવું, (વેન્ચર) vt. Venture. ઝુકાવવું.
ઝોકાવું (બી થ્રોન)vt.Be thrown. ફેંકાવું.Be hung.
ઝોકું, (ડોઝ) n. Doze. ઉંઘતું ડોલું. [લટકવું.
ઝોડ, (ઘોસ્ટ) n. Ghost. ભૂત; વળગણ.
ઝોખાવું,-ઝોભાવું,-જુઓ 'જોખાવું'.
ઝોખો,ઝોભો,-જુઓ 'જોખો'
ઝોલવું, (હેંગ) vt. Hang. ઝૂલવું. Doze. ઝોકાં ખાવાં.
ઝોલું, (પાસ) n. Mass. ટોળું. Doze. ડોલું.
ઝોલો,.(સ્વીંગ) n. Swing. ઝૂલો; હીંચકો.
ઝોળ, (ફ્લેમ) n. Flame. જ્વાળા. Ghost. ઝોડ.
ઝોળવું, (સ્વીંગ) vt.Swing. હીંચોળવું Shake.રોળવું.
ઝોળી, (નેપસેક) n. Knapsack. ઝૂલતી થેલી. Cradle.
ઝોંકવું, (થ્રો) vt. Throw. પટકવું. [ બાળકની ખોઈ.
ઝોંટવું, (સ્નેચ) vt..Snatch. પડાવી લેવું.
ઝોંસવું, (ઈટ ગ્લટનસલી) vt. Eat gluttonously.
ગળચવું; ઠાંસીને ખાવું. Throw. ફેંકવું.

## ટ

ટ, *n*. First cerebral or lingual consonant. મૂર્ધસ્થાની પહેલો વ્યંજન.

ટઇ પડવું, *vt*. Be severely attacked by. ભરછક ભરાઈ જવું-હૅલ્લા ઈ.થી. [Tick-tick. ટકટક અવાજ.

ટક,-ટક,ટગટગ,-મગ,*ad*. With a stare.ટગરટગર.*n*.

ટકટકાટ,-કારો, (પ્રેટલ) *n*. Prattle. લવારો Tick-tick. ટકટક અવાજ. [કરવું.

ટકટકીયું, (ટોકેટીવ) *a*. Talkative. ટકટક કર્યા

ટકવું, (સ્ટે) *vt*. Stay. લાંબો સમય થોભવું. Endure. [નભવું

ટકાઉ, (ડયુરેબલ)*a*.Durable. ટકે તેવું; મજબૂત.

ટકાવ,-વો,(ડયુરેબીલીટી) *n*. Durability. મજબૂતાઈ.

ટકો, *n*. Three pice. ત્રણ પસા. Rupee. રૂપિયો. Percentage. સેંકડાના પ્રમાણમાં ગણતરી.

ટકોર, (આયરની)*n*.Irony.વક્રોક્તિ;મરોડમાં બોલવું તે.

ટકોરખાનું, *n*. Place where drums are beaten. જે સ્થળે ચોઘડિયાં વાગે તે જગા.

ટકોરવું, (સજેસ્ટ આયરોનીકલી) *vt*. Suggest ironically ટકોર કરવી. Warn. ચેતવવું.

ટકોરો, (સ્ટ્રોક) *n*. Stroke. રણકો.

ટક્કર, (બ્લો) *n*. Blow. પ્રહાર. Resistance. સામનો.

ટગમગ, ટગુમગુ, (ટોટરીંગ) *a*. & *ad*. Tottering. ડગુમગુ; ડોલતું.

ટગરટગર,-મગર, *ad*. With a stare. એકીનજરે.

ટચ, (હાયકલાસ) *a*.High class. ઊંચી જાતનું. Unit

of measure of the quality of gold. સોનાના
ટચકડી,-કારી,(ફીલીપ) *n.* Fillip. ચપટી. [કસનો આંક.
ટચકારવું,-કાવવું,(સ્ટ્રાઇક) *vt.* Strike. ટચકો મારવો.
ટચકું, (ટીપ) *n.* Tip. ટેરવું. Festivity. નાનો પ્રસંગ.
ટચકો, (સ્ટ્રોક) *n.* Stroke. ઘા. Sound produced by it. તેનો અવાજ.
ટચરૂં, (વેરી ઓલ્ડ) *a.* Very old. અતિ ઘરડું.
ટચલી આંગળી, (લીટલ ફીંગર) *n.* Little finger.
ટચાક, (ફોપીશ) *a.* Foppish. ડોળી. [છેલ્લી આંગળી.
ટચાકો, *n.* Sound produced by a jerk of the joints. શરીરના સાંધાનો કડાકો. [નાનું.
ટચૂકડું, (વેરી સ્મોલ) *a.* Very small. ઘણું
ટટવું, (સ્મોલ હોર્સ) *n.* Small horse. નાનું ઘોડું. Mule. ખચ્ચર. [Hang. લટકવું.
ટટળવું, (સફર) *vt.* Suffer. પીડાવું Pine for. ઝૂરવું.
ટટળાટ, *n.* Pain of suffering. ટટળવાનું દુઃખ.
ટટાર, ટટ્ટાર, (ઇરેક્ટ) *a.* Erect. અક્કડ.
ટટ્ટી, *n.* Bamboo fence. વાંસની ચીપનો પડદો. Privyroom સંડાસ. [ઘોડું.
ટટ્ટુ, (સ્મોલ હોર્સ) *n.* Small horse. ઠીંગણું-નબળું
ટડકાવવું, (ટેક ટુ ટાસ્ક) *vt.* Take to task. ધમકાવવું.
ટડપડ,-પડાટ, (બોસ્ટીંગ) *n.* Boasting. શેખી.
ટણુક, (સ્ટુપીડ) *a.* Stupid. જડ; ઠોઠ. Wandering. ભટકતું.
ટાણુકો, *n.* Taking ill. ખોટું લાગવું-રીસ ચડવી તે.

**ટણુચ**, *n.* Kind of snake. એક જાતનો ઉડણ સાપ; તણુછ.

**ટનટન**, *n.& ad.* Sound of the bell. ઘંટનો અવાજ.

**ટપ**, (ક્વીકલી) *ad.* Quickly. ઝટ.

**ટપક,-ટપક**,(ટ્રીકલીંગ)*ad.* Trickling. ટપકતું હોય તેમ.

**ટપકવું**, (ડ્રીપ) *vt.* Drip. ટીપેટીપે નીચે પડવું; ચૂવું.

**ટપકાવવું**, *vt.* Make to fall in drops. ટીપાં પડવાં. Note down. ટૂંકાણમાં લખવું; નોંધ કરી લેવી.

**ટપકિયું,ટબકિયું**, ( ઈમીજીયેટ ડેથ ) *n.* Immediate death. ટપ દઇને મરી જવું તે.

**ટપકું**, (ડોટ) *n.* Dot. નાનું ગોળ બિંદુ.

**ટપકી**, *n.* Small round mark on the forehead. કપાળમાંનો નાનો ચાંલ્લો; ટીલડી.

**ટપકો**, (હોરોસ્કોપ) *n.* Horoscope. જન્માક્ષર.

**ટપટપ**, (ક્વીકલી) *ad.* Quickly. ઝટઝટ. ( મરમરીંગ ) *n.* Murmuring. બડબડાટ.

**ટપટપવું**, (ઉઝ) *vt.* Ooze. ટપકવું.

**ટપટપાટ**, *n.* Murmuring. બડબડાટ. Swiftness. [ ચપળતા.

**ટપટપી**, *n.* Leather piece for sharpening the razor. અસ્ત્રા ચડાવવા માટેનો ચામડાનો કકડો.

**ટપલી**, (સ્લેપ) *n.* Slap. ધીમેથી મારેલી થપાટ.

**ટપલું**, ( શ્રીવેલ્ડ ) *a.* Shrivelled. અકડાઇ ગયેલું. Potter's instrument. હાંલ્લાં ટીપવાનું ઓજાર.

**ટપલો**, (સ્લેપ) *n.* Slap. થપાટ.

**ટપાટપ**, (ક્વીકલી) *ad.* Quickly. ઝટપટ.

ટપાટપી, (કવોરલ)*n.* Quarrel. બોલાચાલી; લડાલડી.

ટપારવું,ટપેરવું, (સ્ટ્રાઈક) *vt.* Strike. મારવું; ઠોકવું. Say repeatedly. વારંવાર કહેવું.

ટપાલ, ( પોરટ ) *n.* Post. પોસ્ટ; ડાક.

ટપાલવાળો,-ળી, ( પોસ્ટમેન )*n.* Postman. ટપાલ વહેંચનારો. [ઘસડાતું. Slowly. ધીમે ધીમે.

ટપૂસટપૂસ, (ડ્રેગીંગલી) *ad.* Draggingly. ઘસડાતું

ટપોટપ, *ad.* One after another. એક પછી એક. Instantly. તરત જ. [ Carriage. વાહન.

ટપ્પો, *n.* Halting place.વિસામો.Distance.અંતર.

ટપ્પાવાળો, *n.* Coachman. ટપ્પો ફેરવનારો.

ટબન, ( ગટાપર્ચા ) *n.*Guttapercha. એક વનસ્પતિજન્ય પદાર્થ.

ટબાટોચ, *ad.* To the brim. ઠેઠ ટોચ સુધી.

ટબારો, *n.* Household expenses. ઘરખર્ચ.

ટબુડી, *n.* Small metallic water-pot. નાની લોટી; કળશી. [ ઘોડાગાડી.

ટમટમ, *n.* Carriage. ઉત્તરહિંદમાં એક પ્રકારની

ટમટમવું, *vt.* To be about to drop. પડુંપડું થઈ રહેવું. Hope for eagerly. આતુર થઈ રહેવું.

ટમટમાટ, (ઇગર હોપ) *n.* Eager hope. ટમટમવું તે. Haste. ઉતાવળ.

ટમેડું,ટમેટો, (વેજીટેબલ) *n.* Vegetable. શાકફળ.

ટહેલો, (ટર્ન) *n.* Turn. ફેરો; ધક્કો.

ટશ, ટસ, *n.* Stare. મીટ; અનિમેષ નજર.

ટશિયો, *n.* Blood in the scratch. ઉઝરડામાં લોહી ઝમી આવવું તે.

ટહકારો, *n.* Frequent ejaculations through pain. દુઃખને લીધે થતો ઉદ્‌ગાર.

ટહટહ, *ad.* With a stare. એક નજરે.

ટહુકવું, (અટર) *vt.* Utter. બોલવું (મોર કે કોયલનું).

ટહુકાર,-કો, *n.* Voice of the cuckoo bird. કોયલ કે મોરના બોલવાનો અવાજ. Long and loud cry. લાંબો સાદ.

ટળવળવું, ટવળવું, *vt.* Pine for. ઝૂરવું Be tormented by hope. આતુરતાથી ઝૂરવું.

ટળવળાટ, (પાઈનીંગ) *n.* Pining. ટળવળવું તે.

ટળવળાવવું, *vt.* Make restless. ટળવળાટ કરાવવો.

ટળવું, *vt.* To be gone. આઘા ખસવું; દૂર થવું.

ટંક, (ફીક્સ્ડ ટાઈમ) *n.* Fixed time. નક્કી વેળા.

ટંકણખાર, (બોરેક્ષ) *n.* Borax. એક ક્ષાર.

ટંકશાળ, ( મીન્ટ) *n.* Mint. ચલણી સિક્કા પાડવાનું કારખાનું.

ટંકાર,-વ, ( ટવાંગ ) *n.* Twang. ધનુષ્યની પણછનો [ અવાજ.

ટંકિત, ( માર્ક્ડ ) *a.* Marked. ટાંકેલું.

ટંગ, (લેગ) *n.* Leg. પગ.

ટંગાડવું, (હેંગ) *vt.* Hang. લટકાવવું.

ટંગાવું, *vt.* To be hanged. લટકાવું.

ટંટો,-ફિસાદ, (ક્વેરલ) *n.*Quarrel. તકરાર; કજિયો.

ટંટાખોર,(ક્વેરલસમ)*a.*Quarrelsome. કજિયાખોર.

ટંડેલ, *n.* Commander of the ship. વહાણનો મુખ્ય ખલાસી. Tall person. ઊંચો માણસ.

ટાઉટાઉ, (પ્રેટલ) *n.* Prattle. લવારો; બકવાદ.

ટાચકટૂચક,(મીસલેનીયસ)*a.* Miscelleneous. પરચૂરણ.

ટાચકો, (જર્ક) *n.* Jerk. સાંધાનો કડાકો; ટચાકો. Filling ill. ખોટું લાગવું તે.

ટાટ, *n.* Large shallow dish. મોટી છીછરી થાળી. Gunny cloth. શણની બનાવટનું જાડું કપડું. *ad.* Absolutely. સાવ; તદ્દન. *a.* Tough. કડક.

ટાટપટ્ટી, (સેક ક્લોથ) *n.* Sack cloth. ટાટનું કપડું.

ટાટલું, (વેસલ) *n.* Vessel. ઠામ; વાસણ.

ટાટિયાં, *n.* Bamboo frame fixed in a cart. ગાડાનાં પાંજરાં.

ટાટું, *n.* Hut made of bamboo chips. કામઠાની [ ચીપોનું ઝુંપડું.

ટાઢ, ( કોલ્ડ ) *n.* Cold. ઠંડી.

ટાઢક, ( કોલ્ડનેસ ) *n.* Coldness. ઠંડક. Ease. નિરાંત.

ટાઢિયો તાવ, (એગ્યુ ફીવર) *n.* Ague fever. ટાઢ વાઇને આવતો તાવ.

ટાઢી, *n.* Ashes of a dead body burnt. મડદાની [ રાખ; વાની.

ટાઢું, ( કોલ્ડ ) *a.* Cold. ઠંડું; શીતળ. Slow. ધીમું. Quiet. શાંત.

ટાઢો, *n.* Ironical scolding. ટાઢો ડામ; મર્મ- [ વચન.

ટાઢોડિયું, *n.* Cool atmosphere. વરસાદને લીધે હવામાં થયેલી શરદી.

ટાણું, *n.* Occassion of festivity. સારો અવસર. [ Fit time. લાગ.

ટાપટીપ, ( ઓર્ડરલી હેબીટસ )*n.* Orderly habits. સુઘડતા. Repair. મરામત. Show. ભપકો.

ટાપટીપિયું, ( શોઈ ) *a.* Showy. ટાપટીપ કરવાની ટેવવાળું.

ટાપલી,—જુઓ 'ટપલી'.

ટાપરી,-સી, (ઈંટરપ્શન) *n.* Interruption. ચાલતી વાતમાં પુરાતો હાજિયો.

ટાપુ, (આયલેંડ) *n.* Island બેટ; દ્વિપ.

ટામોટો, *n.* Clapping of hands. હથેળી પર હથેળી અફાળી કરેલો અવાજ.

ટાભાટેભા, ( રીપેર્સ ) *n.* Repairs. થાગડથીગડ.

ટાયડી,-ડું, ટારડી, (સ્મોલ હોર્સ)*n.* Small horse. નાનું ઘોડું.

ટાયલું, *n.* Self-glorifying speech. આપવડાઇની વાત. Prattling. વગર જરૂરની દોઢડહાપણની વાત.

ટાલ, *n.* Baldness of the head. વાળ જતા રહ્યા હોય એવો માથાનો ભાગ.

ટાલકી,-કું, *n.* Crown of the head. તાલકી; તાળવું.

ટાળ, (રીમુવલ) *n.* Removal. નિવારણ કરવું તે.

ટાળક, (રીમુવીંગ) *a.* Removing. ટાળનારૂં.

ટાળણ,-ટોળણ, (રીફ્યુઝ)*n.* Refuse. કચરો; નકામો ભાગ.

ટાળવું, ( રીમુવ ) *vt.* Remove. દૂર કરવું. Get rid of. નિવારવું.

ટાળી, (વીથાઉટ) *ad.* Without. સિવાય; વિના.

ટાળો ( ઈવેઝન ) *n.* Evasion. વાયદા કર્યા કરવા તે. Secret. ભેદ.

**ટાંક,** *n.* 1/72th part of a pound. શેરનો બોંતેરમો ભાગ. Standard of weight used in weighing pearls. મોતી તોળવાનું એક વજન. Nib. અણિયું. Time. વેળા. Writing. લખત.

**ટાંકટ,** (લ્યુડ) *a.* Lewd. લુચ્ચું; લફંગું.

**ટાંકણી,** (પીન) *n.* Pin. લોઢાની માથાદાર ઝીણી સળી. Frequent warning. ટોકણી. [ પ્રસંગ.

**ટાંકણું,**(ચીઝલ)*n.*Chisel.ટાંકવાનું ઓજાર.Oppotunity.

**ટાંકવું,** (સ્ટીચ) *vt.* Stitch. સાંધવું. Chisel. ખણવું; કોતરવું. Append. સાથે જોડવું. Note down. ઉતારો

**ટાંકાબારી,**(સાલ્વો)*n.* Salvo. છટકવાની બારી. [ કરવો.

**ટાંકી,** ( સીસ્ટર્ન ) *n.* Cistern. પાણી ભરવાનું ટાંકું. Veneral disease. એક ચેપી રોગ; ચાંદી.

**ટાંકું,** (રેઝરવોયર) *n.* Reservoir. વરસાદનું પાણી ભરી મૂકવા જમીન અંદર બંધાવેલો છોબંધ કોઠો.Small cup-board. મોટો ગોખલો.

**ટાંકો,** (સ્ટીચ)*n.* Stitch. બખિયો; સીવણ.

**ટાંગ, ટંગ,** (લેગ) *n.* Leg. પગ.

**ટાંગવું,** (હેંગ) *vt.* Hang. લટકાવવું.

**ટાંગો,** (લેગ) *n.* Leg. પગ.Light horse-carriage. ઘોડાગાડી.

**ટાંગાટોળી,** *n.* Act of lifting by shoulders and legs. હાથ અને ટાંટિયો ઝાલી લબડતું ઉપાડવું તે.

**ટાંચ,** (એટેચમેન્ટ) *n.* Attachment. જપ્તી. Nib. કલમની અણી. Want. ખોટ.

ટાંચણ, (શોર્ટ નોટ્સ) *n.* Short notes. ટૂંકી નોંધ.
ટાંચણી, (પીન) *n.* Pin. ટાંકણી.
ટાંચવું, (સ્ટીચ) *vt.* Stitch. ટાંકા મારવા. Thrust. ખોસવું. Retrench. કરકસર કરવી.
ટાંચું, (શોર્ટ) *a.* Short. ઓછું. *n.* Want. ઓછપ.
ટાંટિયો, (લેગ) *n.* Leg. પગ. [શીખર.
ટાંડું, (કેરેવાન)*n.* Caravan. પોઠ; વણજાર. Summit.
ટાંપ, *n.* Mark of punctuation. વિરામચિહ્ન. Full-point. પૂર્ણવિરામ.
ટાંપવું, (વોચ)*vt.* Watch. તાકી રહેવું. [quely. ત્રાંડું.
ટાંપાટરડું, (વાકીંગ ઓબ્લીકલી) *a.* Walking obli-
ટાંપું, (વીઝીટ) *n.* Visit. ફેરો; આંટો. [કામ.
ટાંપુંટૈયું, *n.* Frequent visits. ફેરા-આંટા ખાવાનું
ટિકાયત, ટિલાયટ, ( એલ્ડેસ્ટ ) *a.* & *n.* Eldest. પાટવી; વડું. [રોટલો.
ટિક્કડ, *n.* Thick small cake. જાડો નાનો
ટિક્કી, (સકસેસ) *n.* Success. સફળતા. Influence. લાગવગ. Round metallic piece. ટીપકી-ટીલડી.
ટિક્કો, *n.* Round mark. ચાંલ્લો. Brand. ડામ.
ટિચકારી,-રો, (મીસ્ચીફ) *n.* Mischief. તોફાન.
ટિચાવું, *vt.* Be dashed. અફળાવું; નકામા ધક્કા ખાવા.
ટિટિયાણ,-રો, (પ્રેટીંગ)*n.* Prating. કકલાણ; કંકાસ.
ટિટોડી, -ડો, (લેપવીંગ) *n.* Lapwing. એક પક્ષી.
ટિન, (ટીન) *n.* Tin. કલાઈ-એક ધાતુ.
ટિપાઇ, (ટ્રીપોડ) *n.* Tripod. ત્રિપાઇ. [વતી કચરાકું

ટિપાવું, (બી હેમર્ડ) *vt.* Be hammered. હથોડા
ટિપ્પણ,-ણી,-ની, *n.* Short notes. ટૂંકી નોંધ; ટાંચણ.
ટિંગળાવું, (હૅંગ) *vt.* Hang. લટકાવું; ટિંગાવું.
ટિંગવું, ટિંગાડવું, (હૅંગ) *vt.* Hang. લટકાવવું.
ટિંબરૂં,-રવું, (એબની ફ્રુટ) *n.* Ebony fruit. એક ફળ- [નિંદુંઝાડ
ટિંબો, (હીપ) *n.* Heap. ઢગલો; ટેકરો.
ટીકડી, *n* Small tablet. નાની ચપટી ચકતી.
ટીકવું, (સ્ટેર) *vt.* Stare. તાકીતાકીને જોવું. Comment. ટીકા કરવી. [વિવરણ. Slander. નિંદા.
ટીકા, (કામેન્ટ્રી) *n.* Commentry. સમજુતી માટેનું
ટીકાકાર, (કામેન્ટર) *n.* Commentor. ટીકા કરનાર.
ટીકાખોર, (ફૉલ્ટ ફાઈન્ડર). *n.* Fault-finder. નિંદા કરવાની આદતવાળું.
ટીકી, *n.* Small round piece. ટીપકી; ચાંલ્લો.
ટીખળ, (મોકરી) *n.* Mockery. આનંદ ખાતર કરેલી
ટીખળી, (જોક્યુલર) *a.* Jocular. ટીખળ કરે એવું. [મશ્કરી.
ટીચકું, (ડવાર્ફીશ) *a.* Dwarfish. ઠીંગણું. *n.* Tip of nose. નાકનું ટેરવું.
ટીચવું, (ક્રૅક) *vt.* Crack. ટીપવું; છુંદવું.
ટીપ, (લીસ્ટ) *n.* List. યાદી; નોંધ. Sentence of imprisonment. કેદની સજા. Scarcity of water.
ટીપણું, (અલ્મેનેક) *n.* Almanac. પંચાંગ. [પાણીનીતંગી.
ટીપવું, (હેમર) *vt.* Hammer. ઠોકવું; ઘડીને આકાર
ટીપું, (ડ્રોપ) *n.* Drop. પ્વાહીનું ટીપું. [બનાવવો.
ટીમણ, *n.* Light refreshment. નાસ્તો; ભાથું.

ટીલડી, *n.* Small mark made on the forehead. નાનો ચાંલ્લો; કપાળે ચોડવાની ટીપકી. [hman. બ્રાહ્મણ.
ટીલવો, ટીલિયો, ટીલવું, ( બ્રહ્મન ) *n.* & *a.* Bra-
ટીલી,–જુઓ 'ટીલડી'.
ટીલું, *n.* Mark made on the forehead. તિલક.
ટીલો, *n.* Large mark on the forehead. ઉભું ટીલું.
ટીશી, ટીસી, ( બડ ) *n.* Bud. અંકુર; કૂંપળ. Top. ટોચ; શિખર. Boasting. પતરાજી; શેખી.
ટીશીખોર, (વેઈન) *a.* Vain. શેખીખોર.
ટીંગળાવું, (હેંગ) *vt.* Hang. લટકવું.
ટીંગાડવું, (હેંગ) *vt.* Hang. લટકાવવું.
ટીંડોરૂં, (વેજીટેબલ) *n.* Vegetable. શાકફળ.
ટીંબરૂં,–જુઓ 'ટિંબરૂં'.
ટુક, (સ્ટ્રાન્ઝા) *n.* Stanza. કડી.
ટુકડી, (પાર્ટી) *n.* Party. ટોળી. [કકડો,
ટુકડો, ( સ્મોલ પીસ ) *n.* Small piece. નાનો ભાગ;
ટુકડાખાઉ,–ખોર, (મીન) *a.* Mean. અધમ. Begging. ભીખારી.
ટુક્કલ, *n.* Large paper-kite. મોટો પતંગ.
ટુચકી, (પીંચ) *n.* Pinch. ચપટી.
ટુચકો, *n.* Short amusing story. રસ ઉપજે તેવી ટૂંકી વાત. Hint. અણસારો. Spell. જાદુ.
ટુવાલ, (ટોવેલ) *n.* Towel. અંગુછો. [અવાજ.
ટુહુક,–કારા, *n.* Cry of the cuckoo. ટહુકો; કોયલનો
ટુંકાર,–રો, (કંટેમ્પ્ટ) *n.* Contempt. તિરસ્કાર.

ટુંકારવું, *vt.* Contempt. તિરસ્કારવું.
ટૂક, (સમીટ) *n.* Summit. શિખર; ટોચ.
ટૂટલું, (ડીફેક્ટીવ) *a.* Defective. ખોડવાળું; ભાંગેલું.
ટૂમણ, (સોરસેરી) *n.* Sorcery. ધંતરમંતરનો ટુચકો.
ટૂંક, (શોર્ટ) *a.* Short. ટૂંકું. *n.* Feeling of self-respect. સ્વમાનની લાગણી.
ટૂંકાક્ષરી,-લિપિ, (શોર્ટહૅન્ડ) *n* Shorthand ટૂંકમાં ઉતાવળે લખવાની લિપિ-ભાષા.
ટૂંકાણ, (શોર્ટનેસ) *n.* Shortness. ટૂંકાવવું તે.
ટૂંકાવવું, (શોર્ટન) *vt.* Shorten. ટૂંકું કરવું.
ટૂંકું, (શોર્ટ) *a.* Short. લાંબું નહિ એવું.
ટૂંકુંટચ, *a.* Very short. ઘણું ટૂંકું.
ટૂંટમુટ, ( શૅટર્ડ ) *a.* Shattered. ભાગેલુંતુટેલું.
ટૂંટિયું, *n.* The posture in which the legs are bent double. ટાંકડું વળીને સુવું તે.Dengue fever. એક પ્રકારનો તાવ.
ટૂંપવું, (પ્રીક) *vt.* Prick. મૂળમાંથી ખેંચી નાખવું.
ટૂંપિયો, *n.* An ornament for the neck. ગળાનું એક ઘરેણું.
ટૂંપો, *n.* Neck-bone. હૈડિયો. Noose. ફાંસો.
ટૂંબો, ( ટૉન્ટ ) *n.* Taunt. મહેણું.
ટેક, ( સેલ્ફ રીસ્પેક્ટ ) *n.*Self-respect. સ્વમાન; પણ; નિશ્ચય. Dignity. આબરૂ; શાખ. Support. ટેકો.
ટેકણ, (સપોર્ટ) *n.* Support. આધાર.
ટેકરી, -રો, (હીલ) *n.* Hill. ડુંગરી; ઊંચી જગા.

ટેકવવું, ટેકાવવું, (સપોર્ટ)*vt.* Support.ટેકો આપવો.
ટેકવું, (લીન) *vt.* Lean. ટેકો લેવો.
ટેકી,-લું,(અનઈલ્ડીંગ)*a.* Unyielding.અડગ ટેકવાળું.
ટેકો, ( સપોર્ટ ) *n.* Support. આધાર. Help. મદદ;
ટેટી, (મેલન) *n.* Melon. એક ફળ. [ આશ્રય.
ટેટો, ( ક્રેકર ) *n.* Cracker. મોટો ફટાકડો.Fruit of banian tree. વડનું ફળ.
ટેડું, ( સ્લેન્ટીંગ )*a.* Slanting. વાંકું. Cross. આડું.
ટેભો, (સ્ટીચ) *n.* Stitch. ટાંકો; સાંધો.
ટેરવવું, ( સેટલ ) *vt.* Settle. બેસતું કરવું. Recommend. ભલામણ કરવી.
ટેરવું, (ટોપ) *n.* Tip. અણી. *vt.* Defeat. હરાવવું.
ટેરો, (કર્ટન) *n.* Curtain. પડદો. Hard substance.
ટેવ, (હેબીટ) *n.* Habit. લત; ખો. [ કઠણ બીજ.
ટેવવું, (સ્ટૅર ઍટ) *vt.* Stare at. જોયા કરવું. Guess. અટકળ કરવી.
ટેવાવું, (બી હેબીચ્યુએટેડ) *vt.* Be habituated. ટેવ
ટેસ, (ટેસ્ટ) *n.* Taste. સ્વાદ; લેજ્જત. [ પડવી.
ટેસું,*a.* Perfectly ripe. પાકીને ફાટું ફાટું થઈ ગયેલું.
ટેં, ( ટાયર્ડ ) *a.* Tired. થાકીને લોથપોથ.
ટેંડુ,(ઓપીયમ ઈટર)*n.&a.*Opium eater.અફીણિયો.
ટેંટેં, (એરોગંસ) *n.* Arrogance. પતરાજી.
ટૈડ, ( પ્રાઈડ ) *n.* Pride. ગર્વ; મિજાજ.
ટૈડકો, (એન્ગર) *n.* Anger. ક્રોધ; છણકો.
ટોકણી, ( ગૉડીંગ) *n.* Goading. વારંવાર કહેવું તે.

ટોકરી, ( સ્મોલ બેલ ) *n.* Small bell. નાની ઘંટડી.
ટોકરો, (બેલ) *n.* Bell. ઘંટ.
ટોકવું, (ગૉડ) *vt.* Goad. વારંવાર કહેવું. Rebuke. [ઠપકો આપવો.
ટોકળો, *n.* Large louse. મોટી જુ
ટોચ, (ટૉપ) *n.* Top. ઉપરનો ભાગ. Summit. શિખર.
ટોટી, *n.* Cap of a pipe. નળી પર બેસાડેલી ખોળી.
ટોડો, ( એંકલેટ ) *n.* Anklet. પગનું ઘરેણું. Match of a gun. જામગરી. Minaret. મિનારો. Front. મોખરો. Entrance. ભાગોળ.
ટોણું, ટોણો, ( ટૉંટ ) *n.* Taunt. મહેણું.
ટોપ, ( હેલ્મેટ ) *n.* Helmet. લોઢાની લશ્કરી ટોપી. Umbrella. મોટી છત્રી.
ટોપરૂં, ( કોકોનટ ) *n.* Cocoanut. શ્રીફળનું ફળ.
ટોપલી (સ્મોલ બાસ્કેટ) *n.* Small basket. વાંસ કે ઘાસની પાત્ર જેવી બનાવટ.
ટોપલો, (બીગ બાસ્કેટ )*n.* Big basket. મોટી ટોપલી
ટોપી, ( કૅપ ) *n.* Cap. માથાનો પહેરવેશ.
ટોપીવાળો, ( યુરોપીયન) *n.* European. ગોરો.
ટોયલી, *n.* Small vessel for drinking. લોટી.
ટોયલું, *n.* Small vessel for ghee etc. પહોળા મોંનું ઘી-તેલ ભરવાનું નાનું વાસણ.
ટોયો, *n.* A person set to scare away birds. બૂમો પાડી ખેતરમાંથી પંખીઓ ઉડાડનારો.
ટોલ, ( ટેક્ષ ) *n.* Tax. કર; વેરો.
ટોલ્લો, *n.* Large wooden peg thrust into the

wall. બારસાખના ઉપલા લાકડા આગળ રહેનો છેડો.
Postponement. વાયદો. [ નિંદાવું.
ટોવાવું, ( બી સેન્સ્યોર્ડ )*vt.* Be censured.વગોવાવું;
ટોવું, *vt.* Scare away birds. પક્ષીઓ ઉડાડવાં;
Pour water drop by drop.ટીપે ટીપે પાણી પાડવું.
ટોળ, (ફન) *n.* Fun. મશ્કરી; મજાક.
ટોળી, ટોળકી, ( પાર્ટી ) *n.* Party. ટોળી.
ટોળું, (ક્રાઉડ) *n.* Crowd. સમૂહ: સમુદાય.
ટોંચ, (વુન્ડ) *n.* Wound. ઘા. Taunt. મહેણું.
ટોંચણું, *n.* Awl. ટોંચવાનું ઓજાર.
ટોંચવું, ( પીઅર્સ ) *vt.* Pierce. ભોંકવું.
ટૌકાર, ટૌકો,—જુઓ 'ટહુકાર.'

---

## ઠ

ઠ, *n.* The second consonant of the lingual class. મૂર્ધસ્થાની બીજો વ્યંજન.
ઠકરાઇ,-ત, (ગ્રેટનેસ)*n.*Greatness. મોટાઇ.Dignity of a Thakore. ઠાકોરપણું. [ ઠાકોરની પત્નિ.
ઠકરાણાં,-ણી,-ણી, *n.* Wife of a Thakore.
ઠકરાણો, ( ચીફ ) *n.* Chief. મુખ્ય માણસ. Holder of an estate. ગરાસ ધરાવનાર.
ઠગ, (ચીટ) *n.*& *a.* Cheat. ધૂર્ત.
ઠગબાજી,-વિદ્યા,-વેડા, (રોગરી)*n.* Roguery. પ્રપંચ.
ઠગવું, (ચીટ) *vt.* Cheat.છેતરવું; પ્રપંચ કરવો.

ઠગારૂં, (ડીસીટફુલ) *a.* Deceitful. ઠગે એવું.
ઠગાવું, ( બી ડીસીવ્ડ ) *vt.* Be deceived. છેતરાવું.
ઠચરી, (ઓલ્ડ વુમન) *n.* Old woman. ડોસી.
ઠચરો, (ઓલ્ડ મેન) *n.* Old man. ડોસો.
ઠચરૂં,ઠચ્ચર, (વેરી ઓલ્ડ) *a.* Very old. અતિવૃદ્ધ.
ઠઠ, ( થ્રોંગ ) *n.* Throng. ભીડ; ગિરદી.
ઠઠકારવું, (બ્લેમ) *vt.* Blame. ઠપકો દેવો.
ઠઠપઠ,-વેઠ, (હોસ્પીટાલીટી) *n.* Hospitality. મહેમાનગીરી. [ Shiver. થરથરવું.
ઠઠરવું, ( બી એડોર્ન્ડ)*vt* Be adorned.દેખાવડું બનવું.
ઠઠળવું, *vt.* Lose health. ખખળી જવું.
ઠઠાડવું, (થ્રસ્ટ ઈન) *vt.* Thrust in. ઘુસાડી દેવું.
ઠઠારવું, (એડોર્ન) *vt.* Adorn. શણગારવું.
ઠઠારો,(એડોર્નીંગ)*n.*Adorning ઠાઠમાઠ. [આદતવાળું.
ઠઠ્ઠાખોર, ( જોકયુલર ) *a.* Jocular. મશ્કરી કરવાની
ઠઠ્ઠાચિત્ર, ( કેરીકેચર ) *n.* Caricature. નર્મચિત્ર.
ઠઠ્ઠો, (મોકરી) *n.* Mockery. મશ્કરી; ટોળ.
ઠણક,-કારો,( ટીંકલીંગ સાઉન્ડ)*n.*Tinkling sound. ઠણક અવાજ.
ઠણકવું,-કારવું, (ટીંકલ) *vt.* Tinkle. ઠણક અવાજ થવો; રણકવું. Throb. રહી રહીને રોવું.
ઠણકો, *n.* Tinkling sound. ઠણક અવાજ. Thivering of cold. ટાઢની ધ્રુજારી. [વાસણના જેવો અવાજ.
ઠણઠણ, ( હોલો સાઉન્ડ ) *n.* Hollow sound. ખાલી
ઠણઠણપાક, (બીટીંગ) *n.* Beating. માર.

ઠપકવું, -કારવું, ઠબકવું, *vt.* Make a dull sound. ઠપ એવો અવાજ કરવો.
ઠપકારવું,ઠબકારવું, ( કલેશ ) *vt.* Clash. પછાડવું. Reprimand. ઠપકો દેવો. Beat. મારવું.
ઠપકો, (રીબ્યુક) *n.* Rebuke. વઢવું કે ધમકાવવું તે.
ઠબવું, (બીટ) *vt.* Beat. ઠોકવું. [ વપરાય છે.
ઠમ, *ad.* Producing a sound. ચાલ-ગતિને અંગે
ઠમક, *n.* Walking gait. ચાલવાની છટા. Graceful easy gait. ઠમકતી ચાલ. [ વરણાગીમાં.
ઠમકઠમક,*ad.* With a graceful and easy gait.
ઠમકવું, *vt.* Walk with grace. ઠમકતી ચાલે ચાલવું.
ઠમકારો, -કો, *n.* Stately gait. લટકો;ઠમકવું તે.
ઠમઠમ, ( જીંગલીંગ્લી)*ad.* Jinglingly. ઠમઠમ એવા અવાજ સાથે. [ એવો અવાજ કરવો-થવો.
ઠમઠમવું, *vt.* Produce a tinkling sound. ઠમઠમ
ઠમઠમાટ, ( ફોપીશનસ ) *n.* Foppishness. લટકો. Jingle. ઠમકવું તે.
ઠરઠરાવ, *n.* Final resolution. છેલ્લો પાકો ઠરાવ.
ઠરઠામ,-ઠેકાણું, *n.* Fixed residence. નક્કી ઠેકાણું.
ઠરડ, -ડાટ, (કર્વેચર) *n* Curvature. વાંકાપણું.
ઠરડવું, (ટવીસ્ટ) *vt.* Twist. આમળવું.
ઠરડાવું, ( બી કર્વ્ડ ) *vt.* Be curved. વાંકા વળવું. Be offended. રિસાવું.
ઠરડું, ( કર્વ્ડ ) *a.* Curved. વાંકું.
ઠરવું, ( સબસાઇડ ) *vt.* Subside. જામવું; શાંત પડવું.

Freeze. ઠંડીથી જામી જવું.
ઠરાવ, ( રેઝોલ્યુશન )*n*. Resolution. નક્કી કરેલી વાત. Determination. નિશ્ચય.
ઠરાવવું, (ફીક્સ) *vt*. Fix. નક્કી કરવું.
ઠરીઠામ, *ad*. In the original position. અસલ ઠેકાણે. At rest. નિરાંતે.
ઠરેલ, (વાઇઝ) *a*. Wise. ડાહ્યું; શાણું.
ઠલવવું, (એમ્પ્ટી) *vt*. Empty. ખાલી કરવું.
ઠલવાવું, (બી એમ્પ્ટીડ) *vt*. Be emptied. ખાલી થવું.
ઠસકો, ઠસ્સો, (પોમ્પ) *n*. Pomp. ભપકો; લટકો.
ઠસકાદાર, ઠસ્સાદાર, (પોમ્પસ) *a*. Pompous. ભભકાદાર; ઠસ્સાવાળું.
ઠસવું, ( સીંક ડીપ ) *vt*. Sink deep. મનમાં ઉતરવું.
ઠસોઠસ, (કલોઝલી) *ad*. Closely. ઠાસીઠાંસીને ભરાયુંહોય એમ.
ઠસાવવું, (ઇમ્પ્રેસ) *vt*. Impress. મનમાં ઉતારવું.
ઠસ્સાબંધ, (ફોપીશલી) *ad*. Foppishly. ઠસ્સા સાથે.
ઠળિયો, *n*. Seed; stone in a fruit. ફળનું કઠણ બી.
ઠંડેળવું, (શેક હેવીલી) *vt*. Shake heavily. ખૂબ હલાવવું. Reprimand strongly. ખૂબ વઢવું.
ઠંડોરવું, ( બીટ સીવીઅરલી ) *vt*. Beat severely. હાડાં ભાગી નાખવાં. Cheat છેતરવું.
ઠંડ,-ક, ઠંડી, ઠંડાઈ, ( કોલ્ડનેસ ) *n*. Coldness. શીતળતા. Quiet શાંતિ.
ઠંડું, (કોલ્ડ) *a*. Cold. ટાઢું. Slow. મંદ.
ઠંડુંગાર, (વેરી કોલ્ડ) *a*. Very cold. ખૂબ ઠંડું.

ઠા, (સ્ટેડીનેસ) *n.* Steadiness. સ્થિરતા.
ઠાકોર, *n.* A small ruler. નાનો રાજા.
ઠાકોરજી, *n.* God. દેવ.
ઠાગું, (ડીસીટ) *n.* Deceit. છળકપટ. Dish. ભાણું.
ઠાઠ, -માઠ, (સ્પ્લેન્ડર) *n.*Splendour. શોભા; ભભકા.
ઠાઠડી, (બેમ્બુ બીઅર) *n.* Bamboo bier. શબને લઇ જવાની વાંસની એક બનાવટ-પાલખી.
ઠાઠું, (સ્કેલેટન) *n.* Skeleton. હાડપિંજર. Frame-work. ખોખું.
ઠાણ, (સ્ટેબલ) *n.* Stable. તબેલો.
ઠાણિયો, (સાઇસ) *n.* Syce. રાવત. Stallion. ઊંચી જાતનો ઘોડો. Paramour. યાર.
ઠામ, (લોકાલીટી) *n.* Locality.સ્થાન. Vessel.વાસણ.
ઠામણું, (વેસલ) *n.* Vessel. વાસણ.
ઠામપલટો,-બદલો, *n.* Change of residence. સ્થાનફેર.
ઠામકું, ઠામૂકું, (ટોટલી) *ad.* Totally. સાવ; તદ્દન.
ઠામેઠામ, ઠામોઠામ, (એન્રીન્હેર)*ad.* Everywhere. ઠેરઠેર; દરેક જગાએ.
ઠાયું, (વાઇઝ) *a.* Wise. ડાહ્યું.
ઠાર, ( ડ્યુ ) *n.* Dew. ઝાકળ. Carpenter. સુતાર. End. અંત.
ઠારક, ( કુલીંગ ) *a.* & *n.* Cooling. શાંતિ આપે એવું.
ઠારકો, (કંટેન્ટમેન્ટ) *n.* Contentment. સંતોષ.
ઠારવું, (લેટ કુલ ડાઉન) *vt.* Let cool down. ઠરે એમ કરવું.Pacify. શાંત પાડવું.
ઠારોઠાર,-જુઓ 'ઠામોઠામ'.
ઠાલવવું, (એમ્પ્ટી) *vt.* Empty. ખાલી કરવું.
ઠાલિયું, *n.* Cotton-pod without cotton. કપાસ

કાઢી લીધેલું કાલું.

ઠાલું, (એમ્પ્ટી) *a.* Empty. ખાલી. Unemployed. ધંધા વિનાનું. Not closed. નહી વાસેલું. *ad.* To no purpose. નાહક; ફોગટ.

ઠાલુંમાલું, *ad.* In vain. સાવ ખાલી.

ઠાવકું, (વાઈઝ) *a.* Wise. ડાહ્યું. Sagacious. ગંભીર.

ઠાંગું, (કનીંગ) *a.* Cunning. ધૂર્ત. *n.* Dish of food. પીરસેલી થાળી.

ઠાંસ, *n.* Firmness in texture. વણાટની ઘટતા. Self-conciet. શેખી; બડાઈ. Couph. લૂખી ઉધરસ.

ઠાંસવું, (ઈટ ગ્રીડીલી) *vt.* Eat greedily. ઠબાવીને ખાવું. Couph. ઉધરસ ખાવી. Impress, ઠસાવવું.

ઠાંસી, ઠાંસો, (કફ) *n.* Couph. ખાંસી.

ઠિઠિયારી, ઠિશિયારી, (જોક) *n.* Joke. મશ્કરી.

ઠિંગુજી, (ડવાર્ફ) *n.&a.* Dwarf. વામનજી; ઠીંગણું માણસ.

ઠીક, ( એકઝેકટલી ) *ad.* Exactly. 'વારૂ-સારૂ' અર્થ બતાવતો ઉદ્ગાર. *a.* Common. સાધારણ. Suitable. જોઇએ તેવું. [ગોઠવેલું હોય તેમ.

ઠીકઠાક, *ad.* Being well arranged. બરાબર

ઠીકાઠીક, *a.* Temperory. કામચલાઉ.

ઠીકરૂં, *n.* Fragment of an earthen pot. માટીના વાસણનો ભાગેલો ટુકડો.

ઠીજવું, (કન્જીલ) *vt.* Congeal. ઠરી જવું; થીજવું.

ઠીઠિયું, (ડીલેપીડેટેડ) *a.&n.* Dilapidated. ભાગ્યુંતૂટ્યું.

ઠીઠી, *ad.* Laughing loudly. મોટેથી હસવાના જેમ.

ઠીઠું, (અનસર્વીસેબલ) *a.&n.*Unserviceable. નકામું.
ઠીબ, *n.* Lower flat part of a broken earthen pot. ભાંગેલા હાંલ્લાનો ભાગ.
ઠીબું, (એર્ધન વેસલ) *n.* Earthen vessel. માટીનું [વાસણ.
ઠીલો–જુઓ 'ઠળિયો'.
ઠીંગણું, (લો) *a.* Low. જોઇએ તે કરતાં નીચા કદનું.
ઠીંગરવું, *vt.*Feel cold. ખૂબ ઠંડી લાગવી. Be freezed. ઠરી જવું. Have the growth stopped. ગંઠાઈ જવું.
ઠુંગો, ઠૂંગણું, *n.* Eating raw or dry food after the use of an intoxicant. અફીણ ખાધા પર કાચું કોરું ખાવાનું. [જવું–ધ્રુજવું.
ઠુઠવાવું, *vt.* Be stiff with cold. ટાઢથી અકડાઈ
ઠુઠવો, *n.* Loud lamentations. એકદમ મોટેથી રોઈ
ઠુમકી, *n.* Light jerk. ધીમો આંચકો. [પડવું તે.
ઠુમકો, (જર્ક) *n.* Jerk. આંચકો.
ઠુશ,ઠુસ, *n.* & *a.* Useless. નકામું.
ઠુસક,–કી,–કું, *n.*Breaking wind. વાછૂટનો અવાજ.
ઠુસકું,(વીપીંગ) *n.* Weeping. રૂદન; કલ્પાંત. Taunt. મર્મવચન.
ઠુંગવું, *vt.* Eat greedily. ઠાંસીને ખાવું: ઠૂંગણ કરવું.
ઠુંઠું, (સ્ટમ્પ) *n.* Stump. ડાળાં વગરનું ઝાડનું થડિયું.
ઠુંસ, –શ, ( વેનીટી ) *n.* Vanity. ખોટો ગર્વ.
ઠુંસો, ઠુંસલો, (બોક્ષ) *n.* Box. મુક્કો; ગોદો.
ઠેક, (જમ્પ) *n.* Jump. કુદકો. Rhythm. તાલ.

ઠેકડા, (જોક) *n.* Joke. મશ્કરી.
ઠેકઠેકાણે, (એન્રીવ્હેર) *ad.* Everywhere.દરેકઠેકાણે
ઠેકડો, (જંપ) *n.* Jump. કુદકો; છલંગ.
ઠેકવું, (જંપ) *vt.* Jump. કુદવું.
ઠેકાણું, (પ્લેસ) *n.* Place.સ્થાન. Residence.રહેઠાણ. Steadiness. સ્થિરતા. [નરઘાં પર જોરથી દેવાતો તાલ.
ઠેકો, (મોનોપોલી) *n.* Monopoly. ઈજારો. Stroke.
ઠેકેદાર, *n.* Monopoly-holder. ઈજારદાર.
ઠેઠ, *ad.* Up to the end. છેડા લગી.
ઠેઠું, (રોબર) *n.* Robber. વાટપાડુ; ચોરનો મળતિયો.
ઠેબું, (સ્ટમ્બલ) *n.* Stumble. પગની ઠેસ; ઠોકર.
ઠેર, *ad.* In the right-original place. ખરી
ઠેરઠેર,–જુઓ 'ઠેકઠેકાણે.' [જગાએ–મૂળ જગાએ.
ઠેરવવું, (ફીક્સ) *vt.* Fix. નક્કી કરવું. Stop. અટકાવવું.
ઠેરવું, (હેપન) *vt.* Happen. બનવું Stay. શોભવું.
ઠેલણગાડી, *n.* Wooden frame with wheels used for teaching very young children to walk. ચાલણગાડી;બાબાગાડી. Wheel-barrow.ઠેલો.
ઠેલવું,–વવું, (પુશ) *vt.* Push. હડસેલવું.
ઠેલો, (પુશ)*n.* Push.હડસેલો.Wheel-barrow.ઠેલીને
ઠેશ, ઠેસ, *n.*Stumbling. ઠોકર. [લઈ જવાની ગાડી.
ઠેસવું, (કીક) *vt.* Kick. લાત મારવી.
ઠેં, *ad.* Taken aback. સ્તબ્ધ. Fatigued.લોથપોથ.
ઠેંઠણે ઠેં,*ad.* To the original position. ઠેરનાઠેર; મૂળ ઠેકાણે. [ ઠોણો.

ડોક, (બ્લો) *n.* Blow. પ્રહાર. Rebuke. ઠપકો. Taunt.
ડોકર, (સ્ટમ્બલ) *n.* Stumble. ઠેશ. Error. ભૂલ.
ડોકવું, ( નોક ) *vt.* Knock. એક વસ્તુને બીજી વસ્તુ સાથે જોરથી અફાળવી. Beat. માર મારવો. Spread rumour. ગપ મારવી.
ડોઠ,-ઠી, (સ્ટુપીડ) *a.* Stupid. મૂર્ખ. Dull. જડ.
ડોઠા, *n.* Boiled corn. બાફેલા આખા દાણા.
ડોડું, *n.* Useless thing. નકામી વસ્તુ.
ડોબરું,-લું, (અગ્લી લુકીંગ) *a.* Ugly looking. કદરૂપું. *n.* Earthen or metalic vessel. માટી અથવા ધાતુનું વાસણ.
ડોયો, *n.* Blunt small piece of stalk in a field. સપાટી પર નીકળેલો ડોયો.
ડોર, (સ્વીટમીટ) *n.* Sweetmeat. મીઠાઇ. Place. [ઠેકાણું.
ડોલવું, (પ્રોક) *vt.* Prick. તોડી ખાવું.
ડોવું, (સ્ટોપ) *vt.* Stop. રોકવું.
ડોળિયું, (સ્ટુપીડ) *a.* Stupid. મૂર્ખ. Kind of earring. સ્ત્રીઓના કાનનું ઘરેણું.
ડોંસવું, *vt.* Eat greedily. ઠાંસવું. Couph. ખાંસવું. Fill to the full. ગદડીને ભરવું.
ડોંસો, (બોક્ષ) *n.* Box. મુક્કો.

# ડ

ડ,*n*.The third consonant of the lingual class. મૂર્ધસ્થાની ત્રીજો વ્યંજન.

ડકારી, (ગર્ગલીંગ) *n*. Gurgling. ઓડકાર.

ડક્કો, (ડૉક) *n*.Dock. વહાણનો માલ ચડાવવા ઉતારવા બાંધેલો ઘાટ. [નડતર; દખલ.

ડખલ, ડખાડખ,(હીન્ડ્રન્સ) *n*. Hindrance. અડચણ;

ડખું, *n*. Boiled pulse in semi-solid state. શાક નાખી કરેલી દાળ. [ વાંધો; ડખું.

ડખો, (ડીસોર્ડર)*n*.Disorder.ગોટાળો. Obstruction.

ડખોળવું, *vt*. Shake and mix together. ડહોળી નાંખવું.

ડગ, -લું, (સ્ટેપ) *n*.Step. પગલું. Distance. અંતર.

ડગવું,-મગવું, (હેસીટેટ) *vt*. Hesitate. નિશ્ચયમાંથી ઢચુપચુ થવું. [Distrust. સંશય. Doubt. વહેમ.

ડગડગો, (હેસીટેશન) *n*. Hesitation. અનિશ્ચીતતા.

ડગમગ, -ડગ, ( અનસ્ટેબલ ) *a*. Unstable. અસ્થિર.

ડગરૂં, (એજેડ) *a*. & *n*. Aged. ઘરડું; ડોસલું.

ડગરો, (ઓલ્ડ મેન) *n*. Old man. ડોસો.

ડગલી, -લો, (કોટ) *n*. Coat. અંગરખું; બદન.

ડગવું, (ટોટર) *vt*. Totter. ડગમગવું.

ડગળવું, *vt*. Eat greedily. ઇચવું.

ડગળું, -ળી, *n*. Thick flat piece. જાડો મોટો

ડચુમચુ, (અનસ્ટેબલ) *a*. Unstable. અસ્થિર. [કકડો.

ડઘાવું, *vt.* Be astonished with confusion. ગભરાટથી સ્તબ્ધ થઈ જવું.

ડચ, (ડચ) *n.* Dutch. હોલેંડનો વતની; વલંદો. Sound expressing negation. નકારસૂચક ઉદ્દગાર. Sound uttered while driving carts. ગાડું વિ. હાંકતાં કરાતો અવાજ. [ડચ એવો અવાજ કરીને પ્રેરવું.

ડચકારવું, *vt.* Utter sound while driving.

ડચકારી, –કારો, *n.* Sound implying negation. નકાર સૂચવતો ઉદ્દગાર; ડચ એવો અવાજ.

ડચકું,–કિયું,–ક, *n.* Sob; gurgling sound; sudden feeling of terror or grief. પાણીમાં ગૂંગળાતાં કે રડતાં કે મુશ્કેલીથી ગળતાં ગળાની બારીમાંથી થતો 'ડચક' એવો અવાજ.

ડચકો, (લંપ) *n.* Lump. લોંદો. Piece. ટુકડો.

ડચૂરો, (ચોકીંગ) *n.* Choking. રૂંધામણ.

ડઝન, (ડઝન) *n.* Dozen. બારનો સમૂહ. [ખાળકૂવો.

ડટણ, ડટ્ટણ, (બૅરીડ) *a.* Buried. દટાયલું. Gutter.

ડટંતર, *n.* A divine visitation by which the world is completely destroyed. દુનિયા દટાઈ જાય એવો ઇશ્વરી કોપ; મહાવિનાશ.

ડટ્ટો, (કૉર્ક) *n.* Cork. ડાટો; ડૂચો.

ડઠળવું, (વીધર) *vt.* Wither. કરમાવું; અશક્ત થવું.

ડઠ્ઠર, (બ્લન્ટ) *a.* Blunt. બુઠ્ઠું; લાગણી વિનાનું.

ડણકવું, ( રોર ) *vt.* Roar. સિંહગર્જના કરવી.

ડણું, (સ્ટાફ) *n.* Staff. જાડું દંડું.

ડપકી, ડબકી, (ડાઇવ) *vt.* Dive. ડૂબકી.
ડપકો, ડબકો, ( ડ્રૉપ ) *n.* Drop. મોટો છાંટો. Blot. ડાઘો.—Fear. ભય. Doubt. શંકા.
ડપટ, (ડબલ) *a.* Double. બેવડું. Hidden. સંતાડેલું.
ડપટવું, (કંસીલ) *vt.* Conceal. સંતાડવું. Misappropriate. દબાવી બેસવું.
ડપેટો, (ફાસ્ટ રન) *n.* Fast run. ખૂબ જોરમાં દોડવું તે.
ડફ, (ટૅમ્બૂર) *n.* Tambour. એક વાદ્ય. *ad.* Swiftly. ઝટ.
ડફણાવવું,–ટવું, *v.* Beat with stick. ડફણા વડે મારવું.
ડફણું, (લાર્જ સ્ટીક) *n.* Large stick. મોટી લાકડી.
ડફલાવવું, (હૅરૅસ) *vt.* Harrass. હેરાન કરવું.
ડફોળ, (સ્ટુપીડ) *a.* Stupid. મૂર્ખ; બેવકૂફ.
ડબકવું, (પ્લંજ) *vt.* Plunge. ડૂબકાં ખાવાં.
ડબગર, *n.* Person fixing leather on musical instruments etc. નગારાં પર ચામડાં મઢનારો.
ડબરૂં, (પેલ) *a.* Pale. ફિક્કું. Dull. જડ; મંદ.
ડબલું, (ટીનપૉટ) *n.* Tinpot. પતરાનું લોટું. [ઝડપટ.
ડબાડબ, ડબોડબ, (ક્વીક્લી) *ad.* Quickly. ડબડબ;
ડબી, ડબ્બી, (સ્મૉલ બૉક્ષ) *n.* Small box. દાબડી.
ડબુ, (લેડલ) *n.* Laddle. કડછી.
ડબુકવું, (ડાઇવ) *vt.* Dive. ડૂબકું મારવું.
ડબૂચો, (કૉર્ક) *n.* Cork. ડૂચો. [પાછળનો ભાગ.
ડબૂસું,–સો, *n.* Hinder part of a ship. વહાણનો
ડબો, ડબ્બો, (બૉક્ષ) *n.* Box. દાબડો. Railway carriage. રેલગાડીનો ડબ્બો. Time-piece. ઘડિયા-

ળનો ડબો. Mouthful. કોળિયો. Cattle-pound. રખડતાં ઢોર પૂરવાનો વાડો. [impure. અપવિત્ર કરવું.
ડબોળવું,-વવું,(પ્લંજ)vt.Plunge. ઝબકોળવું. Make
ડમકવું, (સાઉન્ડ) vt. Sound. વાગવું.
ડમકો, (ડ્રમ) n. Drum. ડંકો.
ડમકારો,n. Sound of drum. ડંકાનો અવાજ.
ડમખળ, (ટ્યુમ્યુલ્ટ) n. Tumult. ધાંધલ.
ડમડમ, (ટોમટોમ) n. Tomtom. એક લશ્કરી વાદ્ય. Tumult. ગરબડ. [ Incomplete. અપૂર્ણ.
ડમડોળ, ( અનસ્ટેબલ ) a. Unstable. અસ્થિર.
ડમણિયું, (સ્મોલ કાર્ટ) n. Small cart.નાની ગાલ્લી.
ડમરવું, (બ્લુમ) vt. Bloom. ફાલવું.
ડમર, n. Musical instrument. એક વાદ્ય; ડાકલું.
ડમરો,n.A sweet smelling plant. એક સુગન્ધીદાર
ડમાક, (શો) n. Show. ભપકો. [વનસ્પતિ.
ડમાકદાર, (શોવી) a. Showy. ભપકાદાર.
ડર, (ફીયર) n. Fear. ભય. Apprehension. બીક.
ડરકણ,-કુ,-પી,-પોક, (ટીમીડ) a. Timid. બીકણ.
ડરવું, (ફીયર) vt. Fear. બીવું.
ડરામણી, (થ્રેટ) n. Threat. ધમકી.
ડરામણું, (ફીયરફુલ) a. Fearful. ડર લાગે એવું.
ડરાવવું, (ઈન્ટીમીડેટ)vt. Intimidate.ધમકી આપવી.
ડસકવું, (સોબ) vt. Sob. ડૂસકા ખાવાં. [ રૂંધાવું.
ડસડસવું, vt.Be choked with emotion. ડૂસકાંથી
ડસવું, (સ્ટીંગ) vt. Sting. દંશ દેવો; કરડવું.

**કહેંકવું**, (ઓવરફ્લો) *vt.* Overflow. છલકાઇ જવું.
**કહાપણ**, (વીઝડમ) *n.* Wisdom. શાણપણ; ડાહાપણ.
**કહોળવું**, (શેક) *vt.* Shake. હલાવવું. Engage in many things. ખૂબ કામોમાં પડવું.
**કહોળું**, (શેકન) *a.* Shaken. હલાવેલું; કહોળાયલું.
**કળકકળક**, *ad.* Drop by drop. ટીપાં રૂપે એક પછી એક નીકળે એમ.
**કળકવું**, (બી એન્ટાઇસ્ડ) *vt.* Be enticed. લલચાવું.
**કળવું**, (રોટ) *vt.* Rot. સડી જવું. Be engrossed in. લીન થઈ જવું.
**કંકી**, *n.* Pump to draw water. પાણી ખેંચવાનો પંપ.
**કંકો**, ( લાર્જ ડ્રમ ) *n.* Large drum. મોટું નગારૂં. Stroke. ટકોરો. Success. ફતેહ. [Revenge. કીનો.
**કંખ**, (સ્ટીંગ) *n.* Sting. ચટકો; દંશ. Fang. આંકડો.
**કંખવું**, (બાઈટ) *vt.* Bite. કરડવું. Sting. દંશ દેવો. Feel in the heart. મનમાં ખટકવું.
**કંખીલું**, (વીન્ડીકટીવ) *a.* Vindictive. કંખવાળું.
**કંગોરો**, (થીક કલબ) *n.* Thick club. જાડો ધોકો.
**કંડીકો, કંડુકો**, (શોર્ટ કલબ) *n.* Short club. નાનો ધોકો.
**કંડો**, (શોર્ટ થીક કલબ) *n.* Short thick club. જાડો નાનો કંગોરો.
**કંડાટવું**, *vt.* Beat with a club. કંડે કંડે મારવું.
**કંફાશ, -સ**, (વેનીટી) *n.* Vanity. ખોટી બડાશ.
**કાઈ**, (પીસ) *n.* Peace. સુલેહ. [જૂનો પરચૂરણ સામાન.
**કાકમકાળ**, *n.* Old miscellaneous furniture. ઘરનો

ડાક, (પોસ્ટ) *n.* Post. ટપાલ. [ગાડી.
ડાકગાડી, (મેલટ્રેન) *n.* Mail-train. ટપાલ લઈ જનારી
ડાકઘર, (પોસ્ટ) *n.* Post office. ટપાલ ઓફીસ.
ડાકડમાક, (શૉ) *n.* Show. ભપકો.
ડાકણ, -ણી, ડાકિની, ( વીચ ) *n.* Witch. ભતડી. Sorceress. મેલી વિદ્યા જાણનારી સ્ત્રી. [ બંગલો.
ડાકબંગલો, *n.* Traveller's resthouse. મુસાફરી
ડાકલી, ડાખલી, (ટેબોર) *n.* Tabor. એક વાદ્ય; ડુગડુગિયું.
ડાકિયો, *n.* Voracious eater. ખાઉધરો માણસ.
ડાકુ, (રોબર) *n.* Robber. ધાડપાડુ. [ અપમાનિત.
ડાકું, ( ડીસરીસ્પેકટેડ ) *a.* Disrespected.
ડાકો, (રોબર) *n.* Robber. ધાડપાડુ. Robbery, ધાડ.
ડાગવું, (રજીસ્ટર) *vt.* Register. નોંધ કરવી.
ડાગળી, (બ્રેન) *n.* Brain. મગજ. Understanding. સમજશક્તિ. Piece. કકડો.
ડાગળો, (પ્લગ) *n.* Plug. ડૂચો; દાટો.
ડાઘ, (સ્ટેન) *n.* Stain. કલંક. Spice. ફીનો.
ડાઘાડુઘી, ( બ્લોટ્સ ) *n.* Blots. ડાઘા પડીને થતી અસ્વચ્છતા. [ Spiteful. ખારીલું.
ડાઘી, ડાઘિયું, ( ફીરોશ્યસ ) *a.* Ferocious. વિકરાળ.
ડાઘિયો, *n.* Ferocious dog. વિકરાળ કૂતરો.
ડાઘુ, *n.* One who carries or accompanies a dead for burning. ખાંધિયો; મડદાને બાળવા લઈ
ડાઘો, ( બ્લોટ ) *n.* Blot. ડાઘ. [ જનારો.
ડાઘેલ, (બ્લોટેડ) *a.* Blotted. ડાઘાવાળું.

ડાચું, (જો બોન)*n.* Jaw-bone. જડબું. Face. મોં.
ડાચાકૂટ, ( પ્રેટલ) *n.* Prattle. લવારો. [લવારો કરતું.
ડાચાકૂટિયું,-બળિયું, ( લોકિશ્યસ ) *a.* Loquacious.
ડાટ, ( ડીસ્ટ્રક્શન ) *n.* Destruction. નાશ; ખુવારી.
ડાટણું, (સ્ટોપર) *n.* Stopper. ડાટો. Upper piece of wood of the frame of door. બારસાખની ઉપરનું લાકડું. [ Threaten. ધમકાવવું.
ડાટવું, (બેરી) *vt.* Bury. દાટવું. Conceal. સંતાડવું.
ડાટી, ( થ્રેટ ) *n.* Threat. ધમકી. Crowd. ભીડ.
ડાટો, (પ્લગ) *n.* Plug. ડાટો; મોં બંધ કરવાનું સાધન.
ડાકું, *n.* Wide opening of the mouth. કરડવા
ડાબડો, (બોક્ષ) *n.* Box. ડબો. [ પહોળું કરેલું મોં.
ડાબાજમણું, *ad.* On the right and left. ડાબી અને જમણી બન્ને બાજુએ. By partiality. પક્ષપાતથી.
ડાબું, (લેફ્ટ) *a.* Left. જમણાથી ઊલટું. Not dear. અળખામણું. Distant. અળગું.
ડાબોડી,-ડિયું,ડાબોડિયું, *a.* Left-handed. ડાબે હાથે કરવાની આદતવાળું.
ડાભ,-ડો, *n.* Kind of grass used in religious ceremonies. એક જાતનું ઘાસ-ધર્મકાર્યમાં વપરાતું.
ડામ, (બ્રાંડ) *n.* Brand. ગરમગરમ વસ્તુ ચામડી પર ચાંપી દેવી તે. Stain. લાંછન. [ ઘોડી.
ડામચિયો,*n.* Wooden stand. ગોદડાં વગેરે મૂકવાની
ડામણ, *n.* Cord to bind the legs of animals. જનાવરો નાસી ન જાય તે માટે તેમના પગ જકડવાનું

ડામર, (કોલટાર) *n.* Coal-tar. કોલટાર. [ ઠારડું.
ડામવું, (બ્રાન્ડ) *vt.* Brand. ડામ દેવો. Taunt. મહેણું મારવું.
ડામાડોળ, ( અનસ્ટેબલ ) *a.* Unstable. અસ્થિર.
ડામીજ,-સ, ( બ્રાન્ડેડ ) *a.* Branded. બદમાશ; ગુનેગાર તરીકે પંકાયેલું. [ ચોપડી.
ડાયરી, ( ડાયરી ) *n.* Diary. રોજનીશી; તે નોંધવાની
ડાયરો, (કાસ્ટ) *n.* Caste. નાત. Feast. જમણવાર. Meeting. રાવણું; સમુદાય. [ મના કરવી.
ડારવું, (થ્રેટન) *vt.* Threaten. ધમકાવવું. Prohibit.
ડારો, (ઇન્ટીમીડેશન) *n.* Intimidation. ધમકી.
ડાલી, ( બાસ્કેટ) *n.* Basket. ટોપલી. [ ભરવાનો.
ડાલું, ( બાસ્કેટ ) *n.* Basket. ટોપલો-ખાણ વિ.
ડાહ્યલું, (ઓવરવાઇઝ) *a.* Overwise. ચાંપલું.
ડાહ્યું,-ડમરું, (વાઇઝ) *a.* Wise. સમજુ.
ડાળ,-ળું,-ળી, (બ્રાંચ) *n.* Branch. શાખા.
ડાંક,-ખ, *n.* Large green wasp. લીલી મોટી માંખ.
ડાંખળી,-ળું, *n.* Small branch. નાની શાખા.
ડાંગ, (કજલ) *n.* Cudgel. લાંબી મજબૂત લાકડી.
ડાંગર, ડાંગેર, (પૅડી) *n.* Paddy. જેમાંથી ચોખા નીકળે છે તે ધાન્ય. [ Cheat. લુચ્ચું.
ડાંડ, ડાંડિયું, ( રૂડ ) *a.* Rudie. ઉદ્ધત. Single. છડું.
ડાંડાઈ, ડાંગાઈ, *n.* Cunningness. લુચ્ચાઈ.
ડાંડલી, *n.* Small branch. ઝીણી ડાળી. Small handle. નાનો હાથો. [ આંકડો.

ડાંડલો, *n.* Bridge of the nose-ring. વાળીનો
ડાંડિયો, *n.* Rognish person. ડાંડ આદમી.
ડાંડલો,-લી, (સ્મોલ હેન્ડલ)*n.*Small handle. હાથો. Club. નાનો દંડો. Small branch. ફણગો.
ડાંડી,—જુઓ 'ડાંડલો.' Beam. જેને બે છેડે તાજવાનાં પલ્લાં બંધાય છે તે લાકડી. Lighthouse. દીવાદાંડી. Bridge. ધાર (નાકની).
ડાંફ, (બીગ સ્ટેપ) *n.* Big step. મોટું પગલું.
ડાંભવું, (હેન્ડલ) *vt.* Brand. ડામવું. Burn. દઝાડવું.
ડાંફલો, (બ્રાન્ડ)*n.*Handle. હાથો. Offshoot. ફણગો.
ડાંસ, (નેટ) *n.* Gnat. એક જાતનો મચ્છર.
ડાંસુ,*a.*Of unripened taste. અપરિપક્વ સ્વાદવાળું.
ડિલ, (બોડી) *n.* Body. શરીર. Mind. મન.
ડિંગ, (ગોસીપ) *n.* Gossip. ખોટી બનાવટી વાત.
ડિંગમાર, *n.* Gossiper. ગપ્પીદાસ.
ડિંગળ,*n.* Bad versification.પિંગલના ઠેકાણા વગરનું
ડિંડીમ,*n.*Tom-tom.એક જાતનું નગારું.[લાંબુ જોડકણું.
ડીચકું,-કી, (ટૉપ) *n.* Top. ડીટું; ટેરવું.
ડીટ,-ડી,ડીંટ,-ડી, (નીપલ) *n.*Nipple. સ્તનની ડીંટડી.
ડીડું, ડીંડું, ડીંટ, ( પેડીકલ ) *n.* Pedicle. જેનાથી ફળ શાખાને વળગી રહે તે ભાગ. [ મુશ્કેલીમાં પૂરું કરવું.
ડીફવું, *vt.* Finish under great difficulty. મહા-
ડીમચું,—જુઓ 'ઢીમચું.'
ડીંટવું, (પ્લક) *vt.* Pluck. ડીંટામાંથી તોડવું.
ડીંડવાણું, (મીસમેનેજમેન્ટ) *n.* Mismanagement.

ગેરવહિવટ.

ડીંડવું,(પલ્પસ ફ્રુટ)*n.* Pulpous fruit. માવાવાળું ફળ.

ડુક્કર, (હોગ) *n.* Hog. ભૂંડ.

ડુગડુગ,–ગિયું,–ગી, *n.* Tabor. વાદ્ય; ડાકલું.

ડુબાડવું,–વવું, (ડ્રાઉન) *vt.* Drown. ડૂબે એમ કરવું.

ડુબાડૂબ, *a.* Almost sunk. ડુબડુબા થઈ રહેલું.

ડુબાસ, *n.* Marine agent. વહાણનો દલાલ.

ડુમકલાસ,(જેક)*n.*Jack. ભારે વજનો ઊંચકવાનું યંત્ર.

ડુંગર,–રો, ( માઉન્ટન ) *n.* Mountain. પર્વત. Big heep. મોટો ઢગ. [ ડુંગરા હોય એવું.

ડુંગરાળ,(માઉન્ટનસ)*a.*Mountainous. જેમાં ઠેકઠેકાણે

ડુંગરી, ( હીલ ) *n.* Hill. ટેકરી.

ડુંગળી,(અનીઅન) *n.* Onion. એક કંદમૂળ.

ડુંગો,ડુંઘો, (થીફ)*n.*Thief. ચોર. Pipe for smoking. માટીનો હુક્કો. [ બંધ પડવું. Lose હારવું.

ડૂકવું, ( બી ટાયર્ડ ) *vt.* Be tired. થાકવું. Stop.

ડૂઘો, (લાર્જ સપૂન) *n.* Large spoon. મોટો કડછો.

ડૂચવું, *vt.* Eat greedily. ઠાંસીને ખાવું. Plug. ડૂચો

ડૂચો,*n.*Gag.ડાટો. Rag.નકામા કાગળનો પિંડો. [દેવો.

ડૂબકી,–કું,(પ્લંજ) *n.* Plunge.પાણીમાં પેસવું-ડૂબવું તે.

ડૂબવું, (ડ્રાઉન) *vt.* Drown. ડૂબીને મરી જવું. Sink. પાણીની અંદર જવું. Be bankrupt. દેવાળું કાઢવું. Be engrossed in. લીન થઇ જવું.

ડૂમકો, *n.* Small tom-tom. નાનું નગારું.

ડૂમચી, *n.* Haunches of a horse. ઘોડાનો થાપો.

ડુમી, (ફ્રૉડ્યુલંટ) *a.* Fradulent. કપટી.
ડુમો, *n.* So great a feeling that one is not able to speak. લાગણીના આવેશથી છાતીમાં ભરાતો ડચૂરો. [ Ear-ring. કાનનું ઘરેણું.
ડુલ, ( એબ્સોર્પશન ) *n.* Absorption. ડુબી જવું તે.
ડુલવું, *vt.* Be merged in. ગરક થવું. Be ruined. ખુવાર થવું. [ Sediment. નીચે ઠરેલો કચરો.
ડુવો, *n.* A thick liquid preparation. રગડો.
ડુસકું, (સોબ)*n.* Sob. રડતાં રહી રહીને જોરથી ખેંચાતો ડૂંટી, (નેવેલ) *n.* Navel. દૂંટી; નાભિ. [ શ્વાસ.
ડૂંડું, ( ઈયર ઑફ કોર્ન ) *n.* Ear of corn. કણનો ડોડો–કણસલું. [ Look pale. ફીકા પડવું.
ડેફરાવું, *vt.* To have a swollen belly. પેટ ઉપસવું.
ડેફરું, *n.* Swollen belly. મોટું ઉપસેલું પેટ.
ડેબું, *n.* Lower back part below waist. કમરની નીચેનો પીઠનો ભાગ. [ ઘેરાવું.
ડેરાવું, *vt.* Be overpowered with sleep. ઊંઘથી
ડેરો, (કેમ્પ) *n.* Camp. પડાવ. Tent. તંબુ.
ડેલી, *n.* Front part of the house. ખડકી; પડાળી.
ડેલું, *n.* A house with an open space, surrounded by wall. ચારે દિવાલ સાથે ખુલ્લી જગાવાળું મકાન.
ડેંડવું, ( વૉટર સ્નેક ) *n.* Water-snake. પાણીનો નાનો સાપ. [ અવાજ.
ડેંડું, *n.* Sound of the voice of a frog. દેડકાનો

**ડોઈ,** *n.* Vessel with a long handle.લાંબા દાંડાનું વાસણ.
**ડોક, ડોકી,** (નેક) *n.* Neck. ગરદન; ગળું.
**ડોકરૂં,** ( ઓલ્ડ )*a.* Old. ઘરડું.
**ડોકરી,** ( ઓલ્ડ ફીમેલ ) *n.* Old female. ડોસી.
**ડોકરો,** (ઓલ્ડ મેલ) *n.* Old male. ડોસો.
**ડોકવું,** ( પીપ ) *vt.* Peep. ડોકિયું કરવું.
**ડોકાબારી,** *n.* Wicket in a gate. મોટા દરવાજામાં રાખેલી નાની બારી.
**ડોકાવું,-વવું,** *vt.* Peep into. ડોકું બહાર કાઢીને જોવું.
**ડોકિયું,** *n.* Looking at by raising the head. ડોકું બહાર કાઢીને જોવું તે.
**ડોકું,-ચકું,** ( હેડ ) *n.* Head. માથું.
**ડોઘલી,-લું,** (સ્મોલ અર્થન પોટ)*n.* Small earthen pot. ઢોચકી; નાનું માટલું.
**ડોધું,** ( ફુલીશ ) *a.* Foolish. બોથડ; મૂર્ખ.
**ડોઝું,-ઝરૂં,** ( બેલી ) *n.* Belly. પેટ.
**ડોડ,** (ગ્રજ)*n.* Grudge. મરડાટ.Ambition. મહેચ્છા.
**ડોડવું,** *n.* Ear of corn. કણસલું. Pod of cotton plant. જીંડવું; કાલું.
**ડોડવો,** *n.* Cluster of flowers not fully opened. વગર ખીલેલો ગોટો.
ત્રિરાશી, *n.* Rule of Three. આપેલી ત્રણ સંખ્યા પરથી ચોથી કાઢવાની રીત. [ રંગનું-રંગવાળું.
ત્રિવર્ણી, ( થ્રી કલર્ડ ) *a.* Three coloured. ત્રણ
ત્રિશીખ, ( ટોપ ) *n.* Top. શીખર. Crown. તાજ. Tricep. કોણી અને ખભા વચ્ચેનો હાથનો એક સ્નાયુ.
ત્રિશુલ,-શુળ, ( ટ્રાયડંટ )*n* Trident. ત્રણ અણિઓવાળું એક હથિયાર.
ત્રિજ, ( થર્ડ ડે ) *n.* Third day. ત્રીજો દિવસ.
ત્રિજું, ( થર્ડ ) *a.* Third. ક્રમમાં બીજા પછીનું.
ત્રુટ, ત્રુટી, ( શોર્ટેજ )*n.* Shortage. ઓછપ; ખોટ.
ત્રુટવું, ( બ્રેક ) *vt.* Break. તૂટવું.
ત્રુઠવું,( બી પ્લીઝ ) *vt.* Be pleased. પ્રસન્ન થવું.
ત્રેધા, (ટ્રેબ્લી)*ad.* Trebly.ત્રણ રીતે. *n.* Vigour.જોર.

ત્રેવડ,(ઇકોનોમી) *n*. Economy. કરકસર. Provision.
ત્રેવડું, ( ટ્રીપલ ) *a*. Triple.ત્રણગણું. [ તજવીજ.
ત્રૈમાસિક, ( કવોર્ટર્લી )*a*. & *n*. Quarterly.ત્રણ મહિને
થતું-તેવું નીકળતું છાપું. [ ment.કાનનું ઘરેણું.
ત્રોટી, (ગર્ડલ) *n*. Girdle. કમરનો પટો. Ear-orna-
ત્રોટો, ( લોસ ) *n*. Loss. ખોટ.
ત્વચા, ત્વક, ત્વચ, ( સ્કીન ) *n*. Skin. ચામડી.
ત્વદીય, ( ધાઇન ) *a*. & *prn*. Thine. તારૂં.
ત્વરા, ( હેસ્ટ ) *n*. Haste. ઝડપ; ઉતાવળ.
ત્વરિત,(હેસ્ટી)*a*.Hasty. ત્વરાવાળું. [ વિશ્વકર્મા.
ત્વષ્ઠા, *n*. Architect of the Gods. દેવોનો શિલ્પી;

---

## થ

થ, *n*. The second consonant of the dental class. તાલુસ્થાની બીજો વ્યંજન
થકવવું,થકાવવું,(ટાયર)*vt*. Tire.થાકી જાય તેમ કરવું.
થકી,—જુઓ 'થી'.
થકું, ( ફોર ) *ad*. For. –ની વતી; –ને લીધે.
થડ, થડિયું, થડું, ( ટ્રંક ) *n*. Trunk. ઝાડનો મૂળ જાડો ભાગ. Original stock. પ્રારંભસ્થાન.
થડક,થરક,(ટેરર)*n*. Terror.બીક.Trembling.ધ્રુજારી.
થડકવું, થડકાવું, ( સ્ટેમર ) *vt*. Stammer. બોલતાં જીભ અટકવી. Throb. ધડકવું. Be freightened. ભયથી કંપવું. [ અવાજ થવો. Tremble. ધ્રુજવું.

થડથડવું, *vt.* Make a grating sound. થડથડ એવો
થડમાં, ( નીયર ) *ad.* Near. નજીક. [ વાનો અવાજ.
થડાથડ,થડોથડ,(ક્લેશીંગ્લી)*ad.* Clashingly. અથડા-
થડી, થપ્પી, (હીપ ) *n.* Heap. ઢગ; ગંજ.
થથરવું, થરથરવું, ( ટ્રેમ્બલ ) *vt.* Tremble. ધ્રુજવું.
થથરાટ,થરથરાટ,(ટ્રેમ્બલીંગ )*n.*Trembling. ધ્રુજવું તે.
થથેડવું, થાથડવું,*vt.*Daub thick. જાડો થર થાય એમ
લપેડવું. [ જાડો લેપ.
થથેડો, થથૈડો, થથરડો, (થીક લેયર) *n.*Thick layer.
થથૈયો, ( ડેન્સર ) *n.* Dancer. નાચનારો.
થનક,-થનક,(લીપીંગ)*ad.*Leaping. નાચવાનો અવાજ.
થનગન,-થનગન, થનથન, (લીપીંગ) *ad.* Leaping.
નાચવાનો અવાજ. [ થનગન નાચવું કે ચાલવું.
થનગનવું,-થનવું,(પ્રેઝન્ટ એર્સ) *vt.* Present airs.
થનથનાટ,-થનાટ,(રેસ્ટલેસ સ્ટેટ) *n.* Restless state.
જુસ્સો; તાન.
થપડાક, થપાટ, થપ્પડ, (સ્લેપ) *n.* Slap. તમાચો.
થબડાક, ( રનીંગ ) *ad.* Running. દોડવાનો અવાજ.
થયું, (ઈનફ)*int.* Enough. બસ. *vt.*Happened. બન્યું.
'થવું'નું ભૂતકાળ.
થર, ( લેય ) *n.* Layer. પોપડો. Fold. પડ; વળ.
થરકવું, ( ટ્રેમ્બલ ) *vt.* Tremble. બીકથી કંપવું.
થરથર, ( ટ્રેમ્બલીંગ )*ad.* Trembling. ધ્રુજે-કંપે એવું.
થરપવું, ( બી સેટીસ્ફાઈડ ) *vt.* Be satisfied. તૃપ્તિ
પામવી; ધરાવું.

થરવું, *vt.* Put layers on. થર ચડાવવા.
થરેરી, ( ટ્રેમ્બ્લીંગ ) *n.* Trembling. થરથરાટ.
થવું, ( બી ) *vt.* Be. હોવું. Happen. બનવું.
થળવટ, *n.* Way by land. જમીનમાર્ગ.
થંભ, (પીલર) *n.* Pillar. થાંભલો.
થંભન, ( પોઝ ) *n.* Pause. થંભવું તે.
થંભવું.(પોઝ)*vt.* Pause.થોભવું. Rest.વિસામો ખાવો.
થાક, –લો, ( ફેટીંગ ) *n.* Fatigue. શ્રમ; થાકવું તે.
Rest. આરામ. [ શિથિલ થવું.
થાકવું, ( બી ટાયર્ડ ) *vt.* Be tired.કામ કર્યાને લીધે
થાણું, (સ્ટેશન) *n.* Station.પડાવ. Centre. કેન્દ્ર.
થાથાથાબડી, ( એપીઝીંગ) *n.* Appeasing. પંપાળીને
શાંત રાખવું તે. [ સ્તન. Place. સ્થાન.
થાન, ( લોંગ પીસ ) *n.* Long piece. તાકો. Nipple.
થાનક, ( રેસીડંસ ) *n.* Residence. રહેઠાણ.
થાનેલો, ( નીપલ ) *n.* Nipple. સ્તન.
થાપ, ( સ્લેપ ) *n.* Slap થાપટ. Fraud. છેતરપિંડી.
Coating with mud. થેપ.
થાપડી, ( વુડન ટ્રોવેલ ) *n.* Wooden trowel. ટીપવા
માટે કડિયાનું એક ઓજાર. [ લીંપણ.
થાપણ, (કેપીટલ)*n.* Capital. મૂડી;પૂંજી. Coating.
થાપન, –ના, *n.* Act of establishing. સ્થાપવું તે.
થાપવું, ( એસ્ટાબ્લીશ )*vt.* Establish.સ્થાપવું.Coat.
થેપ કરવો.
થાપો, ( હીપ ) *n.* Hip. પૂંઠનો ભાગ; ઢગરો.

થાબડવું, ( પૅટ ) *vt.* Pat. પંપાળવું; ધીમે ધીમે ઠોકવું.
થાળ, થાળી, ( ટ્રે ) *n.* Tray. મોટી થાળી.
થાળું, *n.* Basin of a well or a grinding mill. કૂવાના મોં ઉપર ચણીને બનાવેલી જગા; ઘંટીનું ચોકઠું.
થાંથું, ( ડલ ) *a.* Dull. મંદ; સુસ્ત. Dirty. ગંદું.
થાંભલો, (પીલર )*n.*Pillar. સ્તંભ;લાકડાનો ઉભો ટેકો.
થી, ( ફ્રોમ ) *prep.* માં; માંથી.Than. કરતાં By. થકી.
થીગડી, ( સ્મોલ પેચ ) *n.* Small patch. થીંગડું.
થીજવું, ( કંજીલ ) *vt.* Congeal. ઠરી જવું; જામવું.
થીનું, ( કંજીલ્ડ ) *a.* Congealed. ઘટ્ટ; ઠરી ગયેલું.
થીંગડું, ( પેચ ) *n.* Patch. ફાટેલી જગા પર મૂકેલો બીજો કકડો.
થુત્કાર, ( કંટેમ્પ્ટ ) *n.* Contempt. ધિક્કાર.
થૂ, થૂથૂ, (સ્પીટીંગ)*ad.*Spitting. થૂંકવાનો અવાજ.
થૂલી, *n.* Food prepared from the husks of wheat. ઘઉંના ભરડેલા કકડા–તેની વાની.
થૂલું, (શૅફ) *n.* Chaff. લોટને ચાળવાથી નીકળેલો ભૂકો.
થૂવર, થુવેર,*n.*Kind of thorny plant. એક કાંટાળી વનસ્પતિ.
થૂંક,(સાલીવા)*n.* Saliva.થૂ કરી મોંમાંથી ફેંકાતી લાળ.
થૂંકદાની,(સ્પીટૂન)*n.*Spittoon.થૂંક વગેરે ઝીલવાનું પાત્ર.
થૂંકવું,( સ્પીટ)*vt.* Spit. થૂંક બહાર ફેંકવું.
થેઈ,–થેઈ,(ડાન્સીંગ)*ad.* Dancing. નાચવાનો અવાજ.
થેક,–ડો, ( લીપ ) *n.* Leap. કૂદકો.
થેકવું, (લીપ) *vt.* Leap. કૂદવું. Cross. પાર કરવું.

થેપ, -ડો, *n.* Thick coating. જાડું લીંપણ.
થેપવું, ( કોટ ) *vt.* Coat. લીંપવું; થેપ કરવો.
થેપાડું, ( કલોથ ) *n.* Cloth. ધોતિયું.
થેલી, ( પર્સ )*n.* Purse. કોથળી.
થેલો, ( બેગ ) *n.* Bag. કોથળો.
થોક, ( ગ્રુપ ) *n.* Group. ટોળું. Bundle. ભારો.
થોકડા, ( સ્મોલ હીપ ) *n.* Small heap.નાની ઢગલી.
થોકબંધ, ( એબન્ડંટ ) *a.* Abundant. પુષ્કળ.
થોકેથોક, ( એબન્ડંટલી )*ad.*Abundantly.જથાબંધ.
થોડાબોલું, ( રીઝર્ન્ડ ) *a.* Reserved.થોડું બોલનારૂં.
થોડું, -ક, ( લીટલ ) *a.* Little. અલ્પ.
થોડેથોડે, ( સ્લોલી ) *ad.* Slowly. ધીમેધીમે.
થોથ, (હસ્ક) *n.* Husk.પોચ; કણ વગરની ડાંગર.
થોથર, ( સ્વેલીંગ ) *n.* Swelling. મોં પરનો સોજો અથવા ફિકાશ.
થોથવાવું, ( સ્ટેમર )*vt.* Stammer. તોતડાવું.
થોથું, *a.* Any worthless book. નકામું પુસ્તક. Bladeless arrow. બૂઠું તીર.
થોભણ, થેભો, ( સપોર્ટ ) *n.* Support. ટેકો.
થોભવું, ( સ્ટોપ ) *vt.* Stop. અટકવું.
થોભા, થોભિયા, ( વ્હીસ્કર્સ ) *n.* Whiskers.મૂછના વાળના ગુચ્છા.
થોર, થોરિયો, *n.* Thorny plant. એક કાંટાળી [ વનસ્પતિ.
થોરો,( કંન્સીસ્ટંટ કંડકટ)*n.* Consistent conduct.
થોંટ, ( સ્લેપ ) *n.* Slap. લપડાક. [ ઢંગ.

## દ

દ, *n.* The third consonant of the dental class. દંતસ્થાની ત્રીજો વ્યંજન. *a.* Suffix. પ્રત્યય છે, જેમકેઃ સુખદ, દુઃખદ.
દક્ષ, ( કલેવર ) *a.* Clever. ચતુર. Expert. પ્રવિણ.
દક્ષતા, ( એબીલીટી ) *n.* Ability. પ્રવિણતા. [ દાન.
દક્ષિણા, દક્ષણા, દખણા, *n.* Charitable donation.
દક્ષિણ, ( સાઉથ ) *n.* South. પૂર્વ દિશા તરફ મોં રાખતાં જમણા હાથ તરફની દિશા. *a.* Southern. દાક્ષણાદું. Right. જમણું.
દક્ષિણવૃત, ( એન્ટાર્ટિક સર્કલ ) *n.* Antartic circle. દક્ષિણ ધ્રુવથી ૨૩॥° સુધીનો વર્તુલ પ્રદેશ.
દખણાતું, દક્ષિણાદું, (સધર્ન) *a.* Southern. દક્ષિણ દિશા તરફનું. [ પારસીઓના શબને ઠેકાણે પાડવાનું સ્થળ.
દખમું, (ટાવર ઓફ સાયલંસ ) *n.* Tower of silence.
દખલ, (ઓબ્સ્ટ્રકશન) *n.* Obstruction. વાંધો; હરકત.
દખલગીરી, ( ઈંટરફીયરંસ) *n.* Interference. દખલ કરવી તે. [ પ્રદેશ; મહારાષ્ટ્ર.
દખ્ખણ, (સાઉથ) *n.* South. દક્ષિણ. Deccan. દક્ષિણનો
દગડ, ( સ્ટોન ) *n.* Stone. પત્થર; પહાણો.
દગડું, *n.* Block of stone or wood. પત્થર કે લાકડાનું ચોસલું. *a.* Cunning. લુચ્ચું.
દગદગો, ( સસ્પીશીયન ) *n.* Suspicion. શંકા; વહેમ.
દગલબાજ, ( ટ્રેચરસ ) *a.* Treacherous. દગાબાજ.

દગલબાજી, (ટ્રેચરી) *n.* Treachery. દગાબાજી.
દગાખોર,-બાજ, (ટ્રેચરસ)*a.* Treacherous.દગાબાજ.
દગાખોરી,-બાજી, (ડીસીટ) *n.* Deceit. છળ; કપટ.
દગો,-ફટકો,(ડીસીટ) *n.* Deceit.છળ; કપટ.
દગ્ધ, (બર્ન્ટ) *a.* Burnt. બળેલું; દાઝેલું.
દઝાડવું, (બ્રાન્ડ) *vt.* Brand. દઝાય તેમ કરવું.
દટણ,-કૂવો,-ખાળ, (સેસપૂલ)*n.*Cesspool. ખાળકૂવો.
દટંતર, (કેસ્ટેરોફ) *n.* Castarophe. મહાપ્રલય.
દટાવવું, (ગેટ બેરીડ)*vt.* Get buried. દાટે તેમ કરવું.
દટ્ટન, (બેરીડ) *a.* & *n.* Buried. દટાયેલું.
દટ્ટી, (ક્રાઉડ) *n.* Crowd. ભીડ.
દટ્ટો, ( કૉર્ક ) *n.* Cork. દાટો.
દડ, (સેન્ડ) *n.* Sand. ઝીણી રજ.
દડદડ, *ad.* Flowing unceasingly. ખળખળ.
દડદડવું,*vt.* Flow unceasingly. દડદડ વહેવું.
દડબડ,-દડબડ, (ટ્રેમ્પલીંગ)*ad.* Trampling. દોડવાનો અવાજ.
દડબડવું, (ટ્રેમ્પલ) *vt.* Trample. દોડવું.
દડબવું, (ફીલ ટાઈટલી)*vt.* Fill tightly. ઠાંસીને ભરવું.
દડબું, (ક્લોડ) *n.* Clod. ઢેફું.
દડમજલ, *n.* A rapid march without a halt. કોઇ જગ્યાએ અટકયા વગરની ઝડપી કૂચ. *ad.* Without a halt. અટકયા વિના.
દડવું, (રન) *vt.* Run. દોડવું. Roll. ગબડવું. Make hard and smooth. ટીપી લીંપીને સરખી કરવી.
દડિયો, *n.* Bowl made of leaves. પડિયો.

દડી, (સ્મોલ બૉલ) *n*. Small ball. નાનો દડો.
દડીમાર, (ગેમ) *n*. Game. બાળકોની એક રમત.
દડૂક,-દડૂક, *ad*. With short steps ટૂંકા પગલાં ભરીને.
દડો, દડૂલો, (બોલ) *n*. Ball. રમવાની ગોળાકાર વસ્તુ.
દતવું, (ગીવ) *vt*. Give. આપવું. Earn. રળવું. Accept a gift. દાન લેવું.
દત્ત, ( ગીવન ) *a*. Given. આપેલું. *n*. Gift. દાન.
દત્તક, (એડોપ્ટેડ) *n*. Adopted son. શાસ્ત્રવિધિ પ્રમાણે પોતાનો કરેલો બીજાનો પુત્ર.
દત્તકવિધાન, *n*. Ceremony of adoption. દત્તક લેવાનો વિધિ.
દદડવું, -જુઓ 'દડદડવું'.
દદૂડો, ( વોટર ફૉલ ) *n*. Water-fall. ઉંચેથી પડતી મોટી ધાર.
દદ્રુ, ( સ્કીન ડીસીઝ ) *n*. Skin-disease. ચામડીનો એક રોગ.
દધિ, (કર્ડ) *n*. Curd. દહીં. Sea. સમુદ્ર.
દધિજાત, (બટર) *n*. Butter. માખણ.
દપટ, (ડબલ) *a*. Double. બમણું. Abundant. પુષ્કળ. Buried. દટાયેલું.
દપટવું,-ટાવવું, દપેટવું, *vt*. Appropriate secretly. લુચ્ચાઇથી સંતાડી રાખવું. Store. સંઘરવું.
દફણાવવું, (બેરી) *vt*. Bury. દાટવું. Launch. હંકારવું.
દફતર, (રેકોર્ડ) *n*. Record. કામકાજના કાગળિયાં વિ. Office. કાર્યાલય. Book-packet. ચોપડીઓ રાખવાની થેલી.
દફતરખાનું, ( રેકોર્ડ રૂમ ) *n*. Record-room. દફતર રાખવાની જગા.

દફન, (બેરીયલ) *n.* Burial. મુડદાને દાટવું તે.
દફનાવવું, (બેરી) *vt.* Bury. મુડદાને દાટવું.
દફે, (ડીસ્પોઝડ ઓફ) *a.* Disposed of. વિખેરી નાખેલું. Settled. પતાવેલું. [ ઉપરી.
દફેદાર, *n.* Cavalry officer. લશ્કરની નાની ટુકડીનો
દબડું, (સ્ટોન) *n.* Stone. ઢેફું.
દબડાવવું, (થ્રેટન) *vt.* Threaten. ધમકાવવું.
દબદબો, (પોમ્પ) *n.* Pomp. ભપકો; શોભા.
દબવું, ( બી પ્રેસ્ડ ) *vt.* Be pressed. દબાવું. Give way. નમવું. [Control. દાબ.
દબાણ, -વો, (પ્રેસ્યોર) *n.* Pressure. ભાર; વજન.
દબાવવું, (પ્રેસ) *vt.* Press. દબાય એમ કરવું.
દબેલ,-લું, (પ્રેસ્ડ) *a.* Pressed. દબાયેલું. Obliged. આભાર તળે આવેલું. [એક રોગ. Energy. પ્રાણશક્તિ.
દમ, (બ્રેથ) *n.* Breath. શ્વાસ. Asthma. શ્વાસનો
દમક, (લસ્ટ) *n.* Lustre. તેજ; ઝળક. [વાગવું.
દમકવું, (શાઇન) *vt.* Shine. ચમકવું. Make sound.
દમડી, *n.* One fourt part of a pice. પૈસાનો ચોથો
દમડો, (લાઇફ) *n.* Life. જીવ. [ભાગ.
દમદમાટ,-જુઓ 'દબદબો.' *ad.* Foppishly. ભપકાથી; ઠાઠથી. [વવું તે.
દમન, (સબજ્યુગેશન) *n.* Subjugation. દમવું-દબા-
દમ પર દમ, દમબદમ, (સકસેસીવલી) *ad.* Successively. વારેવારે. [ ઉતાવળથી.
દમભર,-બેર, (હેસ્ટીલી) *ad.* Hastily. શીઘ્ર; ખૂબ

દમલું, દમિયલ, (એસ્થમેટીક)*a*. Asthmatic. દમના રોગવાળું.

દમવું, (સબજ્યુગેટ) *vt*. Subjugate. દબાવવું;કાબૂમાં [ રાખવું. Harass. પીડવું.

દમાક,-ગ, (પોમ્પ) *n*. Pomp. ભપકો; રોફ.

દમામ,-જુઓ 'દબદબો'.

દમ્ય, *a*. Fit for subjugation. દમવા યોગ્ય.

દયા, (મર્સી) *n*. Mercy. રહેમ; કરૂણા.

દયાનિધિ, (ગોડ) *n*. God. ઈશ્વર.

દયાભાવ, *n*. Kind disposition. રહેમનજર.

દયાર્દ્ર, (કાઈન્ડ) *a*. Kind. દયાથી પીગળી ગયેલું.

દયાલ,-લુ,-વંત,-વાન,-ળ,-ળુ, (મર્સીફુલ) *a*.Merciful. દયાથી ભરપુર.

દયિત, (ડીયર) *a*. Dear. પ્રિય. *n*. Beloved. પ્રિતમ.

દયિતા, (વાઈફ) *n*. Wife. પત્ની.

દર, (ડોર) *n*. Door. બારણું; દરવાજો. Hole. કાણું. Rate. ભાવ. *ad*. Per. દરેક.

દરકાર, (કૅર) *n*. Care. કાળજી; પરવા.

દરખત,-ખ્ત, (ટ્રી) *n*. Tree. ઝાડ.

દરખાસ્ત, (પ્રોપોઝલ) *n*. Proposal. સૂચના; પ્રસ્તાવ.

દરગાહ, *n*.The shrine of a Mohmeddan saint. પીરની કબરની જગા.

દરગુજર, (ફરગીવન) *a*. Forgiven. માફ કરેલું.

દરજી, (ટેલર) *n*.Tailor.લુગડાં સીવવાનો ધંધો કરનારો.

દરજણ, (સીમસ્ટ્રેસ) *n*. Seamstress. દરજીની સ્ત્રી.

દરજ્જો,-જ્જો, (રૅંક) *n*. Rank. પાયરી. Position.હોદો;

અધિકાર. [ ing. લાગણી; પ્રેમ.
દરદ, દર્દ, (પેન) *n.* Pain. દુઃખ. Disease. રોગ. Feel-
દરદી, દર્દી, (પેશંટ) *n.* Patient. રોગી. *a.* Sick.
આજારી. [ઘરેણું.
દરદાગીનો, *n.* Money and ornament. પૈસોટકો ને
દરદાવો, (ક્લેઇમ) *n.* Claim. હક; અધિકાર.
દરબાર, ( રોયલ કોર્ટ ) *n.* Royal court. રાજસભા.
King. રાજા; ઠાકોર. [ મહેલ.
દરબારગઢ, (રોયલ પેલેસ) *n.* Royal palace. રાજ-
દરબારી, (કીંગ્લી) *a.* Kingly. દરબારનું-ને લગતું. *n.*
Courtier. દરબારનો રાજપુરૂષ.
દરમાયો, (મંથલી પે) *n.* Monthly pay. માસીક પગાર.
દરમિયાન,-મ્યાન, (ઇન ધી મીનવ્હાઇલ) *ad.* In the
meanwhile. અમુક સમયની અંદર. [વચ્ચે હોવાપણું.
દરમિયાનગિરિ, ( ઇંટરફીયરંસ ) *n.* Interference.
દરરોજ, (ડેલી) *ad.* Daily. રોજ; હંમેશ.
દરવાજો, (ડોર) *n.* Door. મોટું બારણું. Gate. ફાટક.
દરવાન,-બાન,-વાણી, (ગેટ-કીપર) *n.* Gate-keeper.
દરવેશ, (મેન્ડીકંટ) *n.* Mendicant. ફકીર. [દ્વારપાળ.
દરશાવું, -સવું, (એપીયર) *vt.* Appear. દેખાવું.
દરાખ, (ગ્રેપ) *n.* Grape. દ્રાક્ષ.
દરાજ, (રીંગવર્મ) *n.* Ringworm. દાદર; ચામડીનું.
દરાજ,-ઝ, (લોંગ) *a.* Long. લાંબું. [એક દર્દ.
દરિદ્ર, (પુઅર) *a.* Poor. ગરીબ; કંગાળ. Idle. એદી.
Poverty. ગરીબાઈ.

દરિયાઇ, (મેરીન) *a.* Marine. દરિયાને લગતું.
દરિયાફ,-ફત, દર્યાફ્,-ફત, (કન્સીડરેશન) *n.* Consideration. વિવેક; વિચાર.
દરિયાવ, દરિયો, (સી) *n.* Sea. સમુદ્ર.
દરિયાદિલ, (લીબરલ) *a.* Liberal. ઉદાર.
દરી, (કેવ) *n.* Cave. ગુફા.
દરીખાન, (મેન્શન) *n.* Mansion. મહેલ.
દરેક, (ઇચ) *a.* Each. હરેક; વ્યક્તિગત.
દરેડો, (ટોરેન્ટ) *n.* Torrent. ધારા; રેલો.
દરોગો, (સુપ્રીન્ટેન્ડેન્ટ) *n.* Superintendent. તપાસ રાખનારો અમલદાર.
દરોડો,-રો, (એટેક) *n.* Attack. ધાડ; હુમલો.
દર્દુર, (ફ્રોગ) *n.* Frog. દેડકો.
દર્પ, (પ્રાઈડ) *n.* Pride. ગર્વ; અહંકાર.
દર્પણ, (મીરર) *n.* Mirror. ચાટલું; આરસો.
દર્ભ, (કાઈન્ડ) *n.* Kind of grass. એક વનસ્પતિ.
દર્શ, (સાઈટ) *n.* Sight. દેખાવ. [ દેખાડનારો.
દર્શક, (શોઇંગ) *a.* Showing. દેખાડનારૂં. *n.* Exhibitor.
દર્શન, *n.* Act of seeing. જોવાની ક્રિયા View. દેખાવ.
દર્શનશાસ્ત્ર, (ફીલોસોફી) *n.* Philosophy. વેદાંત.
દર્શની, (ઓપન) *a.* & *n.* Open. ખુલ્લું. Visible. દેખાતું. Payable at sight. જોતાંવેંત સ્વીકારવાની- [ હુંડી.
દર્શનીય, (હેન્ડસમ) *a.* Handsome. સુંદર.
દર્શનેંદ્રિય, (આય) *n.* Eye. આંખ.
દર્શવું, (એપીઅર) *a.* Appear. દેખાવું.

દર્શાવવું, (શો) *vt*. Show. દેખાડવું.
દર્શિત, (શોન) *a*. Shown. દેખાડેલું.
દર્શી, (ઈન્ડીકેટીંગ) *a*. Indicating. બતાવનારું. Seeing. જોનારું. Suffix. પ્રત્યય છે, જેમકેઃ દૂરદર્શી, સમદર્શી.
દલ, દળ, (લીફ) *n*. Leaf. પાંદડું. Petal of a flower. ફૂલની પાંદડી. Army. સૈન્ય. Density. ઘનતા.
દલપતિ, દળપતિ, (કમાન્ડર) *n*. Commander. સેનાપતિ.
દલવાડી, (બ્રીક-લેયર) *n*. Brick-layer. ઈંટો પકવનાર.
દલાલ, (બ્રોકર) *n*. Broker. મારફતિયો; સોદો ગોઠવી આપનાર. Pomp. ભડવો. [તરીકેનું મહેનતાણું.
દલાલી, (બ્રોકરેજ) *n*. Brokerage. મારફત; દલાલ
દલિત, (ડીપ્રેસ્ડ) *a*. Depressed. દબાયેલું. Harassed.
દલીલ, (આર્ગ્યુમેન્ટ) *n*. Argument. સબબ. [પીડીત.
દલ્લો, (કેપીટલ) *n*. Capital. પૂંજી; થાપણ.
દવ, દવાડ, (ફોરેસ્ટ) *n*. Forest. વન. Forest-conflagration. દાવાનળ.
દવલું, (નોટ ડીયર) *a*. Not dear. અળખામણું.
દવા, (મેડીસીન) *n*. Medicine. ઔષધ. Remedy. ઉપાય.
દવાખાનું, (ડીસ્પેનસરી) *n*. Dispensary. ઔષધાલય.
દવાત, (ઈંકસ્ટેન્ડ) *n*. Inkstand. ખડિયો.
દશ, દસ, (ટેન) *a*. Ten. ૧૦. *n*. Direction. દિશા.
દશક, *n*. Collection of ten. દશનો સમૂહ. One tenth part. દસમો ભાગ. [સમય.
દશકો, દસકો, *n*. Period of ten years. દશ વર્ષનો
દશધા, *ad*. In ten ways. દસ રીતે.

દશન, (ટુથ) *n.* Tooth. દાંત.
દશવસન, (લીપ) *n.* Lip. હોઠ.
દશભુજ, (ડેકાગોન)*n.* Decagon. દશભુજવાળી આકૃતિ.
દશમી, ( કેક ) *n.* Cake. દૂધથી લોટ બાંધીને બનાવેલી [ભાખરી.
દશા, (કંડીશન) *n.* Condition. સ્થિતિ.
દશાંશ, ( ટેન્થ પાર્ટ ) *n.* Tenth part. દશમો ભાગ. *a.* Decimal. દશકથી ગણાતું. [ ગણાતું અપૂર્ણાંક.
દશાંશ અપૂર્ણાંક, *n.* Decimal fraction. દશકથી
દશી, *n.* Loose threads at the end of a garment. કપડાંની આંતરી. Condition. દશા.
દશીવીશી,-સી,(રાઈઝ એન્ડ ફોલ)*n.* Rise and fall. ચડતીપડતી.
દશોદિશ, (એવ્હરીવ્હેર) *ad.* Everywhere. સર્વત્ર.
દસકત, દસ્કત, ( હેન્ડરાઈટીંગ ) *n.* Handwriting. અક્ષર. Signature. સહી.
દસકતશિક્ષક, ( કોપી બુક ) *n.* Copy-book. સારા અક્ષર કાઢતાં આવડે તે માટે લખવાની ચોપડી.
દસકોઇ, *n.*The land included within a radius of about 20 miles fram the capital. મુખ્ય શહેરની આજુબાજુનો વીશેક માઇલનો પ્રદેશ.
દસ્ત,(હેન્ડ)*n.* Hand.હાથ.Power. સત્તા.Stool.ઝાડો.
દસ્તગીર, ( પ્રોટેક્ટર ) *n.* Protector. હાથ ઝાલનાર; [રક્ષણહાર.
દસ્તરખાન, (ડીશ) *n.* Dish. ભાણું.
દસ્તાન, ( મેન્સ્ટ્રુઅલ ડીસ્ચાર્જ ) *n.* Menstrual discharge. માસીક અડકાવ.

દસ્તાનો, (ગ્લોવ્ઝ) *n.* Gloves. હાથનાં મોજાં.
દસ્તાનું,(બેડ-પેન) *n.*Bed-pan. ઝાડો ઝીલવાનું વાસણ.
દસ્તાવેજ, ( ટાઈટલ ડીડ )*n.* Title-deed. લેણદેણ વિ. સંબંધી લખત. Document. લેખ.
દસ્તાવેજી, (ડોકયુમેન્ટરી) *a.* Documentary. લેખી.
દસ્તૂર, (કસ્ટમ) *n.* Custom. રિવાજ; ધારો. Tax. કર.
દસ્તૂરી, (ફી) *n.* Fee. હકસાઈ.
દસ્તો, ( પેસ્ટલ ) *n.* Pestle. ખાંડણીનો દાંડો. Quire of paper. ચોવીસ કાગળની થોકડી; ઘા.
દસ્યુ, (રોબર) *n.* Robber. લૂંટારો. Thief. ચોર.
દહન, (બર્નીંગ) *n.* Burning. બળવું તે.
દહનક્રિયા, *n.* The religious ceremony with which a dead body is burnt. શબ બાળવાની [ક્રિયા.
દહવું, (બર્ન) *vt.* Burn. બાળવું.
દહાડાવાળી, (પ્રેગનંટ) *a.* Pregnant. સગર્ભા.
દહાડિયો,-યું, (ડે લેબરર) *n.* Day labourer. રોજે કામ કરનારું માણસ.
દહાડી, -દહાડી, ( ડેલી ) *ad.* Daily. રોજ.
દહાડો (ડે) *n.* Day. દિવસ. Destiny. ભાગ્ય.
દહીં, (કર્ડ) *n.* Curd. દૂધ જમાવતાં જે થાય તે.
દહીંતરું, -થરું, *n.* Kind of sweet cake. એક જાતની જાડી પોચી પુરી.
દહેશત, ( એપ્રીહેન્શન ) *n.* Apprehension. ભય; [બીક.
દળ,-જુઓ 'દલ.' [Bulky.ભારે.
દળદાર, (પલ્પી) *a.* Pulpy. દળવાળું. Thick. જાડું.

દળણું, n. Corn prepared for grinding.દળવાની વસ્તુ–અનાજ. [ Idleness. એદીપણું.
દળદર, ( પોવરટી ) n. Poverty. દરિદ્રતા; ગરીબી.
દળવાદળ, (સ્ટોર્મ) n. Storm.તોફાનનું વાદળ.Army.
દળવું, (ગ્રાઇન્ડ) vt. Grind. પીસવું. [ લશ્કર.
દંગ, (એમેઝ્ડ) a. Amazed. ચકિત; દિંગ.
દંગલ, ( ક્વોરલ ) n. Quarrel. ટંટો. Wrestling. કુસ્તી. Gymnasium. અખાડો. [ Rebellion. બંડ.
દંગો, –ફિસાદ, (ટયુમુલ્ટ) n. Tumult. તોફાન;બખેડો.
દંડ, ( ફાઇન ) n. Fine. શિક્ષા તરીકે લેવાતું નાણું. Punishment.શિક્ષા.Stick.હાથમાં ઝાલવાની લાકડી. Excercise. કસરત.
દંડનાયક, (કમાન્ડર) n. Commander. સેનાપતિ.
દંડનીતિ, (પોલીટી) n. Polity. રાજનીતિ. [ પડીને.
દંડવત, ad. In a prostrate manner. લાંબા
દંડવત,n. Prostration of the body in worship. સાષ્ટાંગ નમસ્કાર. [ દંડ કરવો.
દંડવું, ( પનીશ ) vt. Punish. સજા કરવી. Fine.
દંડશાસ્ત્ર, (પીનોલોજી) n. Penology. શિક્ષા કરવાનું શાસ્ત્ર [ મારામારી.
દંડાબાજી, n Fight with sticks. લાઠીથી કરેલી
દંડિત, ( પનીશ્ડ ) a. Punished. દંડાયેલું. Fined.
દંડી, ( રેક્લ્યુઝ) n. Recluse. સન્યાસી. [ દંડ થયેલું.
દંડીકો,દંડૂકો, (કલબ) n. Club. ધોકો.
દંડીલું, (ઈમ્પ્યુડંટ) a. Impudent. ઉદ્ધત.

દંડો, (સ્ટાફ) *n.* Staff. જાડી લાકડી.
દંડ્ય, (પનીશેબલ) *a.* Punishable. દંડને પાત્ર.
દંત, ( ટુથ ) *n.* Tooth. દાંત.
દંતકથા, (લીજેન્ડ)*n.* Legend. મુખપરંપરાથી ચાલતી આવેલી વાર્તા.
દંતઘાત, (બાઇટ) *n.* Bite. બચકું.
દંતગરગડી, ( કોગવ્હીલ ) *n.* Cog-wheel. દાંતાવાળી ગરગડી.
દંતધાવન, *n.* Washing and cleansing the teeth. દાતણ.
દંતમંજન, ( ડેન્ટીફ્રીસ ) *n.* Dentifrice. દાંત માંજવાની ભૂકી.
દંતવિદ્યા, ( ડેન્ટીસ્ટ્રી ) *n.* Dentistry. દાંત વિષેનું શાસ્ત્ર.
દંતલું, દાંતરૂં, દંતાળું, *a.* Having protruding teeth. હોઠ બહાર દેખાતા દાંતવાળું.
દંતવૈદ્ય, ( ડેન્ટીસ્ટ ) *n.* Dentist. દાંતનો વૈદ્ય.
દંતસ્થાન, (ડેન્ટલ રીજીયન)*n.*Dental region. દાંતની જગા.
દંતસ્થાની,દંત્ય, (ડેન્ટલ) *a.* Dental. દાંતની મદદથી બોલતું.
દંતારો,(આયવરી વર્કર)*n.* Ivory worker. હાથી દાંતનું કામ કરનારો.
દંતાળ,-ળી, (હેરો) *n.* Harrow. પંજેટી; દાંતો.
દંતિયો, ( કોમ્બ) *n.*Comb. કાંસકો. Harrow. પંજેટી.
દંતી, (ડેન્ટલ) *a.* Dental. દંતસ્થાની.Toothed. દાંતવાળું. *n.* Elephant. હાથી.
દંતૂશ,-ળ,-સળ,(ટસ્ક)*n.* Tusk. હાથીનો દાંત.
દંપતી, ( મેરીડ કપલ )*n.* Married couple. વરવહુ.
દંભ, ( હાયપોક્રસી )*n.* Hypocrisy. ડોળ; ઢોંગ.

દંભી, ( હાયપ્રોક્રીટ ) *n.* Hypocrite. ઢોંગી.

દંશ, ( સ્ટીંગ )*n.* Sting. ડંખ; સાપ વિ. નું કરડવું તે.

દંશવું,(સ્ટીંગ)*vt.* Sting. ડંખ દેવો. [ Malice.કીનો.

દંશીલું, (રીવેન્જફુલ) *a.* Revengeful. ઝેરીલું.

દા, ( ટર્ન ) *n.* Turn. દાવ. Game. રમત.

દાઇયણ,-યાણી, દાઇ, ( મીડવાઇફ ) *n.* Midwife. સુયાણી. Wet-nurse. ધાવ. [દવા કરનાર.

દાકતર, ( ડૉક્ટર ) *n.* Doctor. યુરોપીય વૈદક પ્રમાણે

દાક્ષિણ,(સધર્ન)*a.* Southern. દક્ષિણ દિશાને લગતું. Relating to a sacrificial gift. દક્ષિણાને લગતું.

દાક્ષિણાત્ય, ( સધર્ન ) *a.* Southern. દક્ષિણનું. *n.* Southerner. દક્ષિણનો વતની.

દાક્ષિણ્ય, (સીવીલીટી) *n.* Civility. સભ્યતા; વિવેક.

દાખડો, ( ટ્રબલ ) *n.* Trouble. મહેનત; શ્રમ.

દાખલ, ( એન્ટર્ડ ) *a.* Entered. અંદર ગયેલું *prep.* As. માટે; પેટે; તરીકે.

દાખલો, ( એક્ષામ્પલ )*n.* Example. દૃષ્ટાંત;ઉદાહરણ. Certificate. પ્રમાણ. Precedent. પુરાવો.

દાખવવું, દાખવું, ( શો )*vt.* Show. દેખાડવું;બતાવવું. Take effect. અસર કરવી. [ નંગ; રકમ.

દાગીનો,(ઓર્નામેન્ટ)*n.* Ornement ઘરેણું. Article.

દાઘ, (બ્લોટ) *n.* Blot. ડાઘ; લાંછન. Cauterization. દહન. [ વેર.

દાઝ, (પીટી)*n.*Pity.અનુકંપા.Anger. ગુસ્સો.Malice.

દાઝવું,દાધવું,(બી બર્ન્ટ) *vt.*Be burnt.બળવું;સળગવું.

દાઝીલું, ( મેલીશ્યસ ) *a*. Malicious. ઝેરીલું.

દાટ, ( એબન્ડંટ )*a*. Abundant. પુષ્કળ.

દાટવું, ( બેરી ) *vt*. Bury. ડાટવું. [ ધમકી.

દાટી,(એસેમ્બ્લેજ) *n*. Assemblage. ભીડ. Threat.

દાટો, ( પ્લગ ) *n*. Plug. દાટો.

દાડમ, દાડિમ,(પોમેગ્રેનેટ)*n*.Pomegranate.એક ફળ.

દાડમકળી, *n*. Pomegranate-pip.દાડમનો દાણો.

દાઢ, ( મોલર ટુથ ) *n*. Molar tooth. ચપટા માથાનો ચાવવાનો દાંત. [ in taunts. કટાક્ષમાં બોલવું.

દાઢવું, ( બાઇટ ) *vt*. Bite. બચકું ભરવું. Speak

દાઢી, ( બીયર્ડ ) *n*. Beard. હડપચીએ ઉગતા વાળ. Chin. હડપચી.

દાણ,(ટ્રાન્સીટ ડ્યુટી) *n*.Transit duty. જકાત.

દાણચોકી, ( ટોલ બાર ) *n*. Toll-bar. જકાતનું નાકું.

દાણચોરી, (સ્મગલીંગ) *n*. Smuggling.દાણ ભરવાનું ચુકાવવું તે.

દાણાદાર, (ગ્રેન્યુલર) *a*. Granular. દાણાદાણાવાળું.

દાણાપીઠ, (ગ્રેન માર્કેટ)*n*. Grain market. કણપીઠ.

દાણો, ( કોર્ન ) *n*. Corn. અનાજ; ધાન્ય.

દાતણ, ( ટુથ બ્રશ) *n*. Tooth brush. દાંત સાફ કરવા માટે આવળ-બાવળની સોટીનો કકડો. [ ઓજાર.

દાતરડું, ( સાઇથ ) *n*. Scythe. ઘાસ કાપવાનું એક

દાતા, ( ગીવીંગ ) *a*. Giving. આપનારું. Liberal. ઉદાર. *n*. Donor. દાતા પુરૂષ.

દાત્રી, ( ફીમેલ ડોનર) *n*. Female donor. દાતા સ્ત્રી.

દાથરો, *n.* Layer of grass or leaves placed within a pot below an article to be cooked. રસોઈમાં વરાળથી બાફવા વાસણમાં વસ્તુને અદ્ધર રાખવા કરાતું ઘાસ વિ.નું પડ. Crammed mouth and puffed cheeks. ચડેલું મોં; તોબરો.

દાદ, ( જસ્ટીસ )*n*. Justice. ઈન્સાફ. Petition. અરજ.

દાદર, ( સ્ટેર-કેસ ) *n.* Stair-case. નીસરણી. Ring-worm. કરોળ.

દાદરો, ( લડર )*n.* Ladder. નીસરણી.

દાદાગીરી, ( કોઅર્શન ) *n.* Co-ercion. બળજોરી.

દાદી, ( ગ્રાંડ-મધર )*n.* Grand-mother. મા કે બાપની મા; વડિયાઇ.

દાદો, ( ગ્રાંડ-ફાધર ) *n.* Grand-father. મા કે બાપનો બાપ; વડવો.

દાધાબળ્યું, (મેલીશ્યસ) *a.* Malicious. ઝેરીલું. Sad. રડતી સૂરતવાળું.

દાધારંગું, (જેલસ) *a.* Jealous. અદેખું. Foolish. ગાંડિયું.

દાન, (ગીફ્ટ) *n.* Gift. પુણ્યકામમાં આપવું તે. Turn. દાવ; વારો.

દાનત,(ઈન્ટેન્શન)*n.* Intention. ઇચ્છા. Inclination. મનનું વલણ.

દાનવ,(ડેમોન)*n.* Demon. રાક્ષસ.

દાનશાલી, -ળી, -શીલ, દાની, ( મ્યુનીફીશંટ ) *a.* Munificient. સખી.

દાનસ્તું, દાનિશમંદ, દાનો, (વાઈઝ) *a.* Wise. ડાહ્યું. Judicious. સમજુ. Honest. પ્રામાણિક.

દાનાઈ, દાનિયત, ( વીઝડમ ) *n.* Wisdom. ડહાપણ; વિવેક. Honesty. ઇમાનદારી.

દાનેશરી,-સરી, (ગ્રેટ ડોનર )*n.* Great donor. મોટો દાની માણસ.

દાન્ત, *a.* Practising self-denial. સંયમી.
દાપું, ( ક્લેઇમ ) *n.* Claim. હક; લાગો.
દાબ, ( કન્ટ્રોલ )*n.* Control.અંકુશ.Pressure.દબાણ.
દાબડદીબડ, ( હીડન ) *ad.* Hidden. છૂપુંછૂપું.
દાબડી,–ડો, (બૉક્ષ) *n.* Box. વસ્તુ મૂકવાનું એક નાનું
દાબવું,(પ્રેસ)*vt.* Press.દબાવવું; ચગદવું. [ સાધન.
દાભ,—જુઓ 'દર્ભ.'
દામ, (પ્રાઇસ ) *n.* Price.કિંમત. Money. પૈસો.
દામણી, *n.* Ornament. સ્ત્રીઓનું માથાનું ઘરેણું.
દામન, *n.* One of the ends of a female garment. પાલવ; છેડો.
દામિની, ( લાઇટનીંગ ) *n.* Lightning. વિજળી.
દાય, *n.* Share in the ancestral property. વડિલોપાર્જિત મિલકતમાંનો ભાગ.
દાયક, દાયી, દાયિની,( ગીવીંગ)*a.* Giving.આપનાર. Suffix. પ્રત્યય છે, જેમકે: સુખદાયક; દુ:ખદાયક;સુખદાયી; દુ:ખદાયી.
દાયકો,—જુઓ 'દશકો.'
દાયજો, (ડાવરી) *n.* Dowry. સ્ત્રીધન.
દાયણ, દાયા, (મીડવાઇફ ) *n.* Midwife. સુયાણી.
દાયરો, (એસેમ્બ્લેજ )*n.*Assemblage.સમુદાય;ટોળું.
દાર, Suffix.પ્રત્યય છે, જેમકે: દેવાદાર; દાવાદાર.
દાર, દારા, ( વાઇફ ) *n.* Wife. પત્નિ.
દારવું, ( ટેર ) *vt.* Tear. ચીરવું.
દારિદ્ર,–દ્રય, (પૉવરટી) *n.* Poverty. ગરીબાઈ.
દારુણ, (હાર્શ) *a.* Harsh. કઠોર. Sharp. તીવ્ર. Se-

vere. સખત.

દારૂ, (વાઈન) *n.* Wine.મદિરા. Gunpowder. બંદુક, દારૂખાનામાં ફોડાતું ગંધક અને કોલસા વિ.નું મિશ્રણ.

દારૂખાનું, (ફાયરવર્ક્સ) *n.* Fireworks. આતશબાજી.

દારૂગોળો, (એમ્યુનીશન)*n.*Ammunition. દારૂ, ગોળા વિ. યુદ્ધનો સામાન.

દારૂડિયો, (ડ્રન્કાર્ડ) *n.* Drunkard. દારૂનો વ્યસની.

દારૂબંધી, (પ્રોહીબીશન)*n.*Prohibition. દારૂની બંધી.

દારોગો–જુઓ 'દરોગો.'

દાર્શનિક, *a.* Related to Hindu philosophy. દર્શનશાસ્ત્રને લગતું. Prima-facie. પ્રત્યક્ષ. *n.*Hindu philosopher. દર્શનશાસ્ત્રી.

દાલચીની, (સ્પાઈસીઝ) *n.* Spicies. તજ.

દાલાન, (બીગ હોલ) *n.*Big hall. ઘરનો મોટો ઓરડો.

દાવ, (ટર્ન) *n.* Turn. વારો. Game. રમત. Opportunity. લાગ. Scheme. યુક્તિ.

દાવપેચ, (આર્ટિફીસ) *n.* Artifice. યુક્તિપ્રયુક્તિ.

દાવત, (ફીસ્ટ) *n.* Feast. મીજબાની.

દાવાઅરજી, *n.* Petition of claim. ફરિયાદનામું.

દાવાગ્નિ,–નળ, *n.* Forest conflagration. દવ.

દાવાદળ, (સ્ટોર્મ) *n.* Storm. વાવાઝોડું. [ ફરિયાદ.

દાવો, ( ક્લેમ ) *n.* Chain. હક; માલિકી. Lawsuit.

દાસ, (સર્વન્ટ)*n.* Servant. નોકર. Service. ચાકરી.

દાસત્વ,–તા,દાસ્ય,(સર્વિટ્યુડ)*n.*Servitude.દાસપણું.

દાસાનુદાસ, *n.*Very humble servant.અત્યંત નમ્ર

સેવક.
દાસી, ( હેન્ડ-મેઈડ) *n.* Hand-maid. ચાકરડી; લુંડી.
દાસીપુત્ર, (બેસ્ટાર્ડ) *n.* Bastard. દાસીને પેટે થયેલો પુત્ર. [ Store. ભંડાર.
દાસ્તાન, (નેરેશન) *n.* Narration. વર્ણન; અહેવાલ.
દાહ, (સ્કોર્ચીંગ) *n.* Scorching. બળતરા; અગન.
દાહક, (બર્નીંગ) *a.* Burning.દાહ કરનારૂં. [ઉઠે એવું.
દાહ્ય, ( ઈનફ્લેમેબલ ) *a.* Inflammable. સળગી
દાળ, (સ્પલીટ પલ્સ)*n.*Split pulse. કઠોળનું દળ-ફાડિયું.
દાળિયા, (બેકડ ગ્રામ)*n.* Baked gram. છોડા વગરના
દાંડ, (રૂડ) *a.* Rude. અસભ્ય. [ શેકેલા ચણા.
દાંડાઇ, (રૂડનેસ) *n.* Rudeness. અસભ્યતા.
દાંડી, (સ્ટીક) *n.* Stick. સોટી.Proclamation.ઢંઢેરો.
દાંડિયો, દાંડો, (થીક સ્ટીક)*n.*Thick stick.જાડી સોટી.
દાંત, (ટુથ) *n.* Tooth. દંત. Malice. કીનો.
દાંતરૂં, -ળું, *a.* Having projecting teeth. હોઠ બહાર નીકળેલા દાંતવાળું.
દાંતિયો, ( કામ્બ) *n.* Comb. કાંશકો.Harrow.દાંતો.
દાંપત્ય, (મેટ્રીમની) *a.&n.* Matrimony. લગ્નસંબંધ.
દાંભિક, (હાયપોક્રીટ) *a.* Hypocrite. દંભી; ઢોંગી.
દિક, દિગ, (ડીરેકશન) *n.* Direction. દિશા.
દિકપ્રાંત, ( બોર્ડર પ્રોવીંસ ) *n.* Border province. સરહદનો પ્રાંત. [ વનસ્પતિ-ઔષધિ.
દિકામાળી, (મેડીસીનલ ડ્રગ)*n.*Medicinal drug.એક
દિક્કત, (ડીફીકલ્ટી) *n.* Difficulty. મુશ્કેલી. Doubt.

શક. Hesitation. આનાકાની. [ દૂરનો પ્રદેશ.
દિગંત,(હોરીઝન)*n.*Horizon.ક્ષિતિજ.Remote region
દિગંતરેખા,-રેષા, (હોરીઝન) *n.* Horizon. ક્ષિતિજ.
દિગંબર, (નેકેડ) *a.* Naked. નગ્ન.*n.* Ascetic. સાધુ.
દિગર,દીગર, (અનધર) *a.* Another. બીજું.Additional. વિશેષ. *ad.* Further. બીજું.
દિગ્દર્શન, (જનરલ રીવ્યુ) *n.* General review.ઝાંખી. Hint. સૂચન. Showing the direction. દિશાનું
દિગ્ધ,(બીસ્મીયર્ડ)*a.* Besmeared. ચોપડાયેલું.[દર્શન.
દિગ્મૂઢ, (એસ્ટોનીશ્ડ)*a.* Astonished. ચકિત; છક.
દિગ્વિજય, (ગ્રેટ વિક્ટરી) *n.* Great victory. મહાન વિજય. [ વ્યાપેલું.
દિગ્વ્યાપી, *a.* Spread all over. બધી દિશાઓમાં
દિન, ( ડે ) *n.* Day. દિવસ. [ સૂર્ય.
દિનકર,-પતિ,-નાથ,-મણિ,દિનેશ, ( સન ) *n.* Sun.
દિનચર્યા, *n.* Daily routine work.રોજનું કામકાજ.
દિનમાન, *n.* Length of the day. દિવસનું માપ.
દિનરાત, *ad.* All the time. આખોય વખત.
દિનારંભ, (ડોન) *n.* Dawn. પરોઢિયું.
દિનાવસાન,દિનાંત (ઈવનીંગ) *n.* Evening. સંધ્યા.
દિનોદિન, *ad.* Day by day. પ્રતિદિન.
દિપાવડું, (બ્યુટીફુલ) *a.* Beautiful. સુંદર.
દિમાક,-ગ, ( બ્રેન ) *n.* Brain. મગજ. Arrogance. અભિમાન. [વરનો નાનો ભાઈ.
દિયર,દિયેર, *n.* Husband's younger brother.

દિયરવટું, *n.* Remarriage with husband's younger brother. દિયર સાથે નાતરૂં.
દિલ, ( હાર્ટ ) *n.* Heart. હૃદય. Mind. મન.
દિલકશ,-કસ, (એટ્રેક્ટીવ) *a.*Attractive. આકર્ષક.
દિલગીર, (સેડ) *a.* Sad. નાખુશ; શોકાતુર.
દિલગીરી, (સોરો) *n.* Sorrow. નાખુશી; શોક.
દિલદાર,(સ્વીટહાર્ટ)*n.* Sweetheat. આશક; માશૂક. *a.* Liberal. ઉદાર. Beloved. પ્રાણપ્રિય.
દિલપસંદ, -પજીર, -ચસ્પ, -ચમન, ( પ્લીઝીંગ )*a.* Pleasing. આકર્ષક.
દિલબર, (સ્વીટહાર્ટ) *n.* Sweet-heart. માશૂક.
દિલરૂબા, ( સ્વીટહાર્ટ ) *n.* Sweetheart. માશૂક. Musical instrument. તંતુવાદ્ય.
દિલસોજ, (સીન્સીયર) *a.* Sincere. સમભાવી.
દિલસોજી, (સીમ્પથી) *n.* Sympathy. સમભાવ.
દિલાવર, (લીબરલ)*a.*Liberal. ઉદાર.Brave. બહાદુર.
દિલાવરી, (બ્રેવરી) *n.*Bravery. વીરતા.Generosity. ઉદારતા.
દિલાસો, ( કોન્સોલેશન ) *n.* Consolation. ધીરજ; આશ્વાશન.
દિલેર, (કરેજીયસ) *a.* Courageous. હિમ્મતવાન.
દિલેરી, ( કરેજ ) *n.* Courage. હિમ્મત. Bravery. બહાદુરી.
દિલોજાન,(ઈન્ટીમેટ)*a.*Intimate. પ્રાણપ્રિય.
દિલ્લગી, (એમ્યુઝમેન્ટ) *n.* Amusement. મનોરંજન; વિનોદ.

દિવસ, ડી, ( ડે ) *n.*Day. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો
દિવા, (બાય ડે) *ad.* By day. દિવસે. [ સમય.
દિવાકર, (સન) *n.* Sun. સૂર્ય.
દિવાસ્વપ્ન, (ડે ડ્રીમ) *n.* Day dream. દિવસે આવતું
સ્વપ્ન; કલ્પના. [ હિંદુ વર્ષનો છેલ્લો દિવસ.
દિવાળી, *n.* Last day of the Hindu year.
દિવેટ, (વીક) *n.* Wick. દિવાની વાટ; બત્તી.
દિવેટીયો, (ટોર્ચ-બેરર) *n.* Torch-bearer. મશાલચી.
દિવેલ, ( કેસ્ટર ઓઈલ ) *n.* Castor-oil. એરંડિયું.
દિવ્ય,(ડીવાઈન) *a.* Divine. દૈવી. Celestial અદ્ભૂત.
Brilliant. પ્રકાશમાન.
દિવ્યગણ, (એન્જલ) *n.* Angel. દેવદૂત.
દિવ્યજ્ઞાન, ( સુપરનેચરલ નોલેજ ) *n.* Supernatural
knowledge. દૈવી જ્ઞાન. [ અપ્સરા.
દિવ્યાંગના, ( સેલેસ્ચલ નીમ્ફ) *n.* Celestial nymph.
દિશ,દિશા, (ડીરેકશન) *n.* Direction. બાજુ. Side.
પડખું. Way. માર્ગ. [ Everywhere. સર્વત્ર.
દિશદિશ, દિશોદિશ, દિશેદિશ, ( એન્હરીવ્હેર ) *ad.*
દિષ્ટ, (શોન) *a.* Shown.દર્શાવેલું. *n.* Purpose. હેતુ.
Aim. લક્ષ્ય. Fate. નસીબ. [આજ્ઞા. Fate. નસીબ.
દિષ્ટિ, (ડીરેકશન)*n.* Direction. સૂચના. Command.
દિંગ, (એસ્ટોનીશ્ડ) *a.* Astonished. ચકિત; દંગ.
દીકરી, ( ડૉટર ) *n.* Daughter. પુત્રી.
દીકરો, (સન) *n.* Son. પુત્ર. [ લેવો તે.
દીક્ષા,(ઇનીશ્યેશન)*n.* Initiation. ગુરૂ પાસેથી મંત્ર વિ.

દીક્ષીત, (ઇનીશ્યેટેડ) *a.* Initiated. દીક્ષા લીધેલ. *n.* Priest. યજ્ઞ કરનાર. [ પ્રત્યય છે, જેમકેઃ જણદીઠ.
દિઠ, ( સેવરલી ) *ad.* Severally. પ્રત્યેક. Suffix.
દીદાર,-રી,દેદાર,( ફેસ ) *n.* Face. ચહેરો. Appearance. દેખાવ. Splendour. કાંતિ.
દીન, ( પુઅર ) *a.* Poor. ગરીબ. Humble. નમ્ર. *n.* Religion. ધર્મ. [ *Humility.* નમ્રતા.
દીનતા, -ત્વ, ( પોવરટી ) *n.* Poverty. ગરીબાઈ.
દીનદયાળ, -બંધુ, -વત્સલ,*a.* Kind to the poor. ગરીબ પ્રત્યે રહેમ રાખનારૂં.
દીનાનાથ, (ગોડ) *n.* God. ઈશ્વર.
દીનાર, ( કોઇન ) *n.* Coin. એક પ્રાચિન સિક્કો.
દીપ, (આયલેંડ) *n.* Island. દ્વિપ. Elephant. હાથી. Lamp. દીવો. [ગાવનારૂં. Beautifying.દીપાવનારૂં.
દીપક, ( લેંપ ) *n.* Lamp. દીવો. *a.* Kindling. સળ-
દીપમાળા,-માલ, ( ઈલ્યુમીનેશન) *n.* Illumination. દીવાઓની હારમાળા. [ એક પ્રાણી.
દીપડો, ( લીયોપાર્ડ ) *n* Leopard. વાઘની જાતનું
દીપન, (સ્ટીમ્યુલેટીંગ) *a.*& *n.* Stimulating. દીપક; ઉત્તેજક. [ શોભાવવું.
દીપવવું, દીપાવવું, (મેક બ્રાઈટ) *vt.* Make bright.
દીપવું,(શાઈન )*vt.*Shine.ચળકવું;પ્રકાશવું. [દીપોત્સવી.
દીપાવલિ,-વલી, *n.* Row of lights. દીવાની હાર;
દીપિકા, ( લાઈટ )*n.* Light. દીવો. Torch. મશાલ.
દીપોચ્છવ, -ત્સવ, -ત્સવી,(દીવાલી)*n.*Diwali.દિવાળી.

દીપ્ત, ( કીન્ડલ્ડ ) *a.* Kindled. સળગાવેલું. Bright. તેજસ્વી.

દીપ્તિ, ( સ્પ્લેન્ડર ) *n.* Splendour. શોભા; પ્રકાશ.

દીબાચો, ( પ્રીફેસ ) *n.* Preface. પ્રસ્તાવના.

દીર્ઘ, ( લોંગ ) *a.* Long. લાંબું.

દીર્ઘગોળ,(ઇલીપ્સોઇડ) *a.* Ellipsoid. લંબગોળ.

દીર્ઘદર્શી, (ફારસાઇટેડ) *a.* Farsighted. દૂરદર્શી.

દીર્ઘદૃષ્ટિ,( ફોરસાઇટ ) *n.* Foresight. અગમબુદ્ધિ.

દીર્ઘવર્તુલ,-વૃત,(ઇલીપ્સ) *n.* Ellipse. લંબગોળ.

દીર્ઘસૂત્ર,-સૂત્રી, ( ડીલેટરી ) *a.* Dilatory. ચીકણું; નાહક લંબાણ કરનારૂં. [ આવરદા.

દીર્ઘાયુ, -યુષ્ય,(લોંગ લાઈફ)*a.* & *n.* Long life. લાંબો

દીવાદાંડી, ( લાઈટ હાઉસ ) *n.* Lighthouse. જતાં આવતાં વહાણને ચેતવવા માટે સમુદ્રમાં ખડક પર બાંધેલો દીવાવાળો મિનારો.

દીવાન, (મીનીસ્ટર) *n.* Minister. વજીર. Premier. વડો પ્રધાન. Royal court. રાજસભા. Chapter. પ્રકરણ. [ મુલાકાત માટેનો ખાસ ઓરડો.

દીવાનખાનું,(ડ્રોઈંગ રૂમ) *n.* Drawing room. બેઠક;

દીવાનાશાળા, (લ્યુનેટીક એસાયલમ)*n.*Lunatic asylum. ગાંડાની ઇસ્પિતાલ.

દીવાની, (સીવીલ)*a.* Civil. લેણદેણના ઈન્સાફને લગતું.

દીવાનેઆમ, *n.* House of Commons. આમસભા.

દીવાનેખાસ, *n.* House of Lords.અમીર ઉમરાવોના

દીવાનું, (મેડ) *n.* Mad. ગાંડું. [પ્રતિનિધિઓની સભા.

દીવાબત્તી, ( લાઈટસ ) *n.* Lights. દીવા વગેરે.
દીવાલ, ( વૉલ ) *n.* Wall. ભીંત.
દીવી, (લૅંપ સ્ટૅન્ડ)*n.*Lampstand.દીવો મૂકવાની ઘોડી.
દીવો, દીવડો, ( લૅંપ ) *n.* Lamp. પ્રકાશ આપનારી એક બનાવટ; દીપ.
દીસવું, (એપીયર) *vt.* Appear.દેખાવું.Seem.ભાસવું.
દુઆ, દુવા, (બ્લેસીંગ) *n.* Blessing. આશીર્વાદ.
દુઆગીર, *a.&n.* Wishing a blessing. આશીર્વાદ ચાહનારૂં.
દુઆગો, *a.* & *n.* Giving a blessing. આશીર્વાદ [આપનારૂં.
દુકાન, (શૉપ) *n.* Shop. વસ્તુઓ વેચવા વેપારી જ્યાં બેસે તે જગા.
દુકાનદાર, ( શોપકીપર ) *n.* Shop-keeper. વેપારી.
દુકાળ, ( ફેમીન ) *n.* Famine. અનાજ, ઘાસ વગેરેની તંગીનો સમય.
દુખણાં,-ડાં,*n.*Form of benedictory ceremony. [ઓવારણાં.
દુખણું, (પેન) *n.* Pain. દુ:ખ. Pangs of child-birth. પ્રસુતીની વેદના.
દુખદાયક, -દાયી, -દેણ,*a.*Giving pain.દુ:ખ દેનારૂં.
દુખભંજક, -ભંજી, *a.* Removing pain. દુ:ખ દૂર [કરનારૂં.
દુખવું, (એક)*vt.* Ache. પીડા-દુ:ખ થવું.
દુખાવવું, -ડવું, દુખવવું, ( હર્ટ ) *vt.* Hurt. ઈજા કરવી; દુ:ખ કરવું.
દુખાવું, (બી હર્ટ) *vt.* Be hurt. દુ:ખ પામવું.
દુખાળું, દુખિયારૂં, -યું, દુ:ખી,(ડીસ્ટ્રેસ્ડ)*a.*Distres-

દુગ્ધ, (મીલ્ક) *n.* Milk. દૂધ. [ sed. દુઃખથી પીડાતું.
દુગ્ધક, (લેક્ટીક) *a.* Lactic. દૂધમાંથી બનેલું-થતું.
દુગ્ધશાળા,દુગ્ધાલય, (ડેરી) *n.* Dairy. દૂધ અને તેની વસ્તુઓનું કામ જ્યાં થતું હોય તે જગા.
દુગ્ધા, (એગની) *n.* Agony. પીડા.
દુણાવું, ( બી બર્ન્ટ ) *vt.* Be burnt. દાઝવું; બળવું.
દુધાળ, -ળું, ( યીલ્ડીંગ મીલ્ક ) *a.* Yielding milk. દૂધ આપતું.
દુનિયા, ( વર્લ્ડ ) *n.* World. જગત.Universe. સૃષ્ટિ.
દુનિયાઈ,દુન્યવી,*a.*Relating to worldly affairs. સંસારી; દુનિયાનું. [ વ્યવહાર.
દુનિયાદારી,(વર્લ્ડલીનેસ)*n.* Worldliness. દુનિયાનો
દુપટ્ટો, *n.* A sheet of cloth worn over the shoulders. ખેસ.
દુભાવવું, (ડીસપ્લીઝ) *vt.* Displease. દબવવું.
દુભાવું,દુમાવું, (બી ડીચપ્લીઝડ) *vt.*Be displeased નારાજ થવું. [ મતલબ બીજીમાં બોલી સમજનારો.
દુભાષિયો, (ઇંટરઝીટર)*n.* Interpretor. એક ભાષાની
દુમ, (ટેલ) *n.* Tail. પૂંછડી.
દુરસ્ત, (કરેક્ટ) *a.*Correct. બરાબર. Right. યોગ્ય.
દુરસ્તી, (રીપેર્સ) *n.* Repairs. સમારવું-સુધારવું તે.
દુરંત, (ઈનફીનીટ) *a.* Infinite. અપાર; અનંત. Unfathomable. અગમ્ય.
દુરાગ્રહ,(ઓબસ્ટીનસી) *n.*Obstinacy.ખોટો આગ્રહ.
દુરાચરણ, -ચારી, (વીશ્યસ) *a.* Vicious. દુષ્ટ;વંઠેલ.

દુરાચાર,–ચરણ, ( વીકેડ કંડક્ટ ) *n.* Wicked conduct. ખરાબ વર્તન. [ દુષ્ટ; પાપી.
દુરાત્મા, દુર્જન, (વીકેડ પરસન)*n.* Wicked person.
દુર્ગ, ( ફોર્ટ ) *n.* Fort. કિલ્લો.
દુર્ગતિ, –દર્શા,(બેડ સ્ટેટ)*n.*Bad state.ખરાબ હાલત.
દુર્ગપતિ,–પાલ, *n.* Commandant of the fort. કિલ્લાનો ઉપરી.
દુર્ગમ, –મ્ય, ( ઇનકોમ્પ્રીહેન્સીબલ ) *a.* Incomprehensible. મુશ્કેલીથી સમજી જઇ શકાય એવું.
દુર્ગંધ, (સ્ટેંચ) *n.* Stench. ખરાબ વાસ.
દુર્ગા, (ગૉડેસ) *n.* Goddess. દેવી; પાર્વતી.
દુર્ગુણ, ( વાઇસ ) *n.* Vice. દોષ. [nous. મુશ્કેલીભર્યું.
દુર્ઘટ, (ઇમ્પોસીબલ) *a.* Impossible. અશક્ય. Ard-
દુર્ઘર્ષ, (ફ્રીકશન)*n.*Friction.અથડાઅથડી. Rivalry.
દુર્જય,*a.* Hard to conquer. જીતવું મુશ્કેલ [સરસાઈ.
દુર્દમ, –મ્ય, *a.* Hard to control. કાબુમાં રાખવું
દુર્દાન્ત, (પ્રાઉડ) *a.* Proud. અભિમાની. [ મુશ્કેલ.
દુર્દિન, (બૅડ ડે)*n.* Bad day. ખરાબ દિવસ.
દુર્દૈવ,–વ્ય,–ર્ભંગ, (ઇલ લક) *n.* Ill-luck. કમનસીબ.
દુર્બલ,–ળ,(વીક)*a.*Weak.કમજોર;નબળું.Poor.ગરીબ.
દુર્બુદ્ધિ,–ર્મતિ, *n.* & *a.* Inclination to wickedness. ખરાબ બુદ્ધિ–તેવું. [ સમજવું મુશ્કેલ.
દુર્બોધ, –ધ્ય, (અનઇંટેલીજીબલ) *a.* Unintelligible.
દુર્ભાગી, (અનલકી) *a.* Unlucky. કમભાગી.
દુર્ભાગ્ય, (ઇલ-લક)*n.*Ill-luck. કમનસીબ. [શકાય તેવું.

દુર્ભેદ્ય, ( અનબ્રેકેબલ ) *a.* Unbreakable. ભેદી ન
દુર્લક્ષ, ( કેરલેસનેસ ) *n.* Carelessness. બેદરકારી.
દુર્લભ,-ર્મિલ, -ળ, *a.* Hard to obtain. મળવું મુશ્કેલ.
દુર્વચન,-વક્રિય,-રૂક્તિ, (એબ્યુઝ) *n.* Abuse. ગાળ.
દુર્વ્યસન, (વાઈસ) *n.* Vice. ખરાબ વ્યસન.
દુર્વ્યસની, (વીશ્યસ) *a.* Vicious. ખરાબ વ્યસનવાળું.
દુલહન,-લ્હિન, (બ્રાઈડ) *n.* Bride. નવી વહુ.
દુલારો, (સન) *n.* Son. લાડકો દિકરો.
દુલ્હા,(હઝબંડ) *n.* Husband. પતિ. Bridegroom. વર.
દુવા,-જુઓ ' દુઆ. ' [ Order. આણ.
દુવાઈ, (પ્રોકલેમેશન) *n.* Proclamation. જાહેરનામું.
દુવિધા, (હેસીટેશન) *n.* Hesitation. ડામાડોળપણું.
દુશાલો, *n.* Valuable pair of shawls. કિમતી
દુશ્ચરિત,-રિત્ર,—જુઓ 'દુરાચરણ.' [ બેવડી શાલ.
દુશ્મન, (એનીમી) *n.* Enemy. શત્રુ. [શત્રુવટ; અદાવત.
દુશ્મનદાવો, -નાઈ, -નાવટ, (એન્મીટી) *n.* Enmity.
દુશ્વાર, (ડીફીકલ્ટ) *a.* Difficult. મુશ્કેલ.
દુશ્કર, (આર્ડુઅસ) *a.* Arduous. કરવું મુશ્કેલ.
દુષ્કાલ, -ળ, ( ફેમીન ) *n.* Famine. દુકાળ.
દુષ્કાલનિવારણ, ( ફેમીન રીલીફ) *n.* Famine-relief. દુકાળનું દુઃખનિવારણ.
દુષ્ટ, (સીનફુલ) *a.* Sinful. પાપી. Bad. ખરાબ
દુસ્તર, *a.* Difficult to swim through. મુશ્કેલીથી
દુહાઈ,—જુઓ 'દુવાઈ.' [ તરાય એવું.
દુહાગણ, -ગા, *n.* Discarded wife. અણમાનીતી

દુહિત, (ડૉટર) *n.* Daughter. દીકરી. [પત્ની.
દુહિતર, (ડૉટર્સ સન) *n.* Daughter's son. દીકરીનો
દુહો, (કપ્લેટ) *n.* Couplet. દોહરો. [દીકરો.
દુંદ, (બીગ બેલી) *n.* Big belly. પેટની ફાંદ.
દુંદુભિ, (ડ્રમ) *n.* Drum. એક જાતનું નગારૂં.
દુઃખ, (પેન) *n.* Pain. વ્યથા; પીડા.—જુઓ 'દુખ.'
દુઃસહ, (અનબેરેબલ) *a.* Unbearable. સહવું મુશ્કેલ.
દુઃસાધ્ય, (અનરીકવરેબલ) *a.* Unrecoverable. ન
દૂ, દૂણું, (ડબલ) *a.* Double. બમણું. [મટી શકે તેવું.
દૂઝણું, –તું, *a.* Yielding milk. દૂધ આપતું.
દૂઝવું, (યીલ્ડ મીલ્ડ) *vt.* Yield milk. દૂધ દેવું. Exude.
દૂણવું, (હેરેસ) *vt.* Harass. સતાવવું. [ઝરવું; નીગળવું.
દૂત, (મેસેન્જર) *n.* Messenger. સંદેશો પહોંચાડનારો.
Spy. બાતમીદાર. [ધોળું પ્રવાહી. Juice. રસ.
દૂધ, (મીલ્ક) *n.* Milk. સ્તન કે આંચળમાંથી નીકળતું
દૂધપાક, *n.* A sweet preperation of milk and rice. દૂધ અને ચોખાની એક વાનગી.
દૂધપીતું, *a.* Killed by drowning the face in milk. દૂધમાં મોં ડુબાડી મારી નાખેલું.
દૂધભાઇ, (ફોસ્ટર બ્રધર) *n.* Foster-brother. બાપ જુદા ને મા એક હોય એવો ભાઈ.
દૂધિયા, *a.* Grown while still sucking. ધાવણા બાળકને ફુટેલા (દાંત). Having a milk-white colour. દુધના જેવા સફેદ (દાંત).
દૂધી, (વ્હાઇટ ગૂર્ડ) *n.* White gourd. એક વનસ્પતિ-શાક.

દૂપટ, (ડબલ) *a.* Double. બેવડું.
દૂબળું, (વીક) *a.* Weak. કમજોર. Lean. પાતળું.
દૂભવવું, -વું, (ડીસપ્લીઝ) *vt.* Displease. દુભાવવું.
દૂર, (ડીસ્ટંટ) *a.* & *ad.* Distant વેગળું ; આઘુ .[બુદ્ધિ
દૂરઅંદેશી -દ્રષ્ટિ,(ફોરસાઈટ) *n.* Foresight. અગમ
દૂરવર્તી,-સ્થ, (ડીસ્ટંટ)*a.* Distant. દૂર; આઘે.
દૂષણ, (ફોલ્ટ) *n.* Fault. દોષ. Defect. ખોડખાંપણ.
દૂષિત, (કરપ્ટેડ) *a.* Corrupted. દોષવાળું.
દૂંટિ, (નેવલ) *n.* Navel. ડૂંટી. [of two. બેની સંજ્ઞા.
દ્રક,-દ્રગ, (સાઈટ) *n.* Sight. નજર.Eye. આંખ.Sign
દૃઢ, (ફર્મ) *a.* Firm. મજબૂત; સ્થિર.
દૃઢતા, (ફર્મનેસ) *n.* Firmness. સ્થિરતા.
દૃઢભાજક, *n.* Greatest Common Measure. બે કે
વધારે આંકડાનો મોટામાં મોટો સાધારણ અવયવ.
દૃશ્ય, (વીઝીબલ) *a.* Visible. જોવાય એવું. *n.* Sight.
દૃષ્ટાંત, (એક્ષામ્પલ) *n.* Example. ઉદાહરણ. [ દેખાવ.
દૃષ્ટાંતકથા, (પેરેબલ) *n.* Parable. ઉદાહરણ તરીકે
કહેલી કથા. [ઉદાહરણ રૂપ.
દૃષ્ટાંતરૂપ,-ભૂત, ( ઈલસ્ટ્રેટીવ ) *a.* Illustrative.
દૃષ્ટિ, (સાઈટ) *n.* Sight નજર. Power of seeing.
જોવાની શક્તિ. Aim. લક્ષ.
દૃષ્ટિકોણ,-બિંદુ, (એંગલ ઓફ વીઝન) *n.*Angle of
vision. વસ્તુને નિહાળવાની રીત. [ એવું.
દૃષ્ટિગોચર, દૃશ્યમાન, (વીઝીબલ) *a.* Visible. જોવાય
દૃષ્ટિપાત,-ક્ષેપ, (લુક) *n.* Look. જોવું તે. [ ફેર.

દૃષ્ટિફેર,–ભેદ, *n.* Difference of vision. દૃષ્ટિનો

દૃષ્ટિમર્યાદા,–પ્રદેશ,–પથ,–સીમા, *n.* Range of vision. જ્યાં સુધી આંખ જોઈ શકે તે હદ. Horizon. ક્ષિતિજ. [શાસ્ત્ર.

દૃષ્ટિવિદ્યા,–શાસ્ત્ર, (ઑપ્ટીક્સ) *n.* Optics. દૃષ્ટિનું

દૃષ્ટોદૃષ્ટ, *ad.* Eye to eye. આંખ સામે આંખ.

દેખત, (ઇનસ્ટંટલી) *ad.* Instantly. જોતવેંત.

દેખતું, *a* Not blind. આંધળું નહિ એવું. Wise. સમજુ.

દેખરેખ, (સુપર વીઝન) *n.* Supervision. તપાસ; સંભાળ.

દેખવું, (સી) *vt.* See. જોવું. [ઉપરથી દેખાતું.

દેખંતું, (બ્યુટીફુલ) *a.* Beautiful. દેખાવડું. Obvious.

દેખાડ,–ડો, (પ્રીઝેન્ટેશન) *n.* Presentation. બતાવવું તે

દેખાડવું, (શો) *vt.* Show. બતાવવું.

દેખાદેખી, (ઇમિટેશન) *n.* Imitation. અનુકરણ. *ad.* Imitating. જોઈજોઈને. [આકાર. Show. ડોળ.

દેખાવ, (એપીઅરંસ) *n.* Appearance. દૃશ્ય. Shape.

દેખાવડું, (હેન્ડસમ) *a.* Handsome. સુંદર; શોભીતું.

દેખાવું, (એપીયર) *vt.* Appear. જણાવું.

દેખીતું, (ઓપન) *a.* & *ad.* Open. ખુલ્લું. Clear. સ્પષ્ટ.

દેગ,–ડો, (લાર્જ મેટલ પોટ) *n.* Large metal pot. ધાતુનું મોટું વાસણ.

દેજ, *n.* A gift made by the bridegroom to the bride in marriage. કન્યાને વરપક્ષ તરફથી અપાતી વસ્ત્રાદિની ભેટ.

દેડકી, (ફીમેલ ફ્રોગ) *n.* Female frog. દેડકાની માદા.

દેડકો, (ફ્રોગ)*n.* Frog. મેડક; ભીનાશમાં રહેતું એક પ્રાણી.
દેણુ, (ડેબ્ટ) *n.* Debt. કરજ. Tax. કર. Pressure of obligation. ઉપકારનું દબાણ.
દેદીપ્યમાન, (બ્લેઝીંગ) *a.* Blazing. દીપતું; ઝગમગતું.
દેન, (કરેજ) *n.* Courage. તાકાત. Power. મગદૂર. Cow. ગાય. The last ceremony of burning the dead. અગ્નિસંસ્કાર. [નાનું દેરૂં.
દેરડી, દેરી, ( સ્મોલ ટેમ્પલ ) *n.* Small temple.
દેરાણી, *n* Wife of husband's younger brother. દિયરની પત્ની. [મંદીર.
દેરાસર, (જૈન ટેમ્પલ) *n.* Jain temple. જૈન દેવળ;
દેરૂં, (ટેમ્પલ) *n.* Temple. દેવદેવીનું સ્થાન; મંદિર.
દેવ, (ગોડ)*n.* God. ઈશ્વર. Diety. દેવતા. [જાતની ચકલી.
દેવચકલી,–ચલ્લી,–લી, *n.* Kind of sparrow. એક
દેવતા, (ગોડ) *n.* God. ઈશ્વર; દેવ. Fire. અગ્નિ.
દેવતાઇ, (ડીવાઇન) *a.* Divine. દૈવી. Superhuman. અલૌકિક. [ઝાડ-તેનું લાકડું.
દેવદાર,–દારૂ, (ડીલ વુડ) *n.* Deal wool. એક જાતનું
દેવદાસી, *n.* Dancer in a temple. દેવ સમક્ષ નૃત્ય કરનારી; અપ્સરા.
દેવદિવાળી, *n.* A Hindu festival. એક હિંદુ તહેવાર.
દેવદૂત, (એંજલ) *n.* Angel. દેવોનો દૂત..
દેવનાગરી,–ભાષા, (સંસ્કૃત સ્ક્રીપ્ટ)*n.* & *a.* Sanskrit script. સંસ્કૃત અથવા બાળબોધી લીપી.
દેવભૂમિ,–લોક, (હેવન) *n.* Heaven. સ્વર્ગ.

દેવયાન, (સેલેસ્ચલ કાર) *n.* Celestial car. સ્વર્ગનો
દેવવાણી, *n.* Celestial message.આકાશવાણી.[રથ.
દેવસેવા,દેવાર્ચન, -ના, *n.* Worship of an idol.
દેવની પૂજા. [ Temple. દેરૂં.
દેવસ્થાન,-સ્થલ,-સ્થળ,-મંદિર,-ઘર, ( ટેમ્પલ )*n.*
દેવડાવવું,-રાવવું, *vt.*Cause to be given. અપાય
એમ કરવું. [ બેસવાની જગા. Memorial. સમાધિ.
દેવડી, *n.* Police station. ચોકી. Porch. દ્વારપાળને
દેવળ, દેવાલય, (ટેમ્પલ) *n* Temple. દેરૂં.
દેવાદાર, દેણદાર, દેણિયાત, *n.* Debtor. કરજદાર.
દેવાળિયો, (ઈનસોલ્વંટ) *n.* Insolvent.નાદાર માણસ.
દેવાળું, (ઇન્સોલ્વંસી) *n.* Insolvency. નાદારી.
દેવાળિયું, (ઈનસોલ્વંટ) *a.* Insolvent. નાદાર.
દેવાંગના, (સેલેસ્ચલ ડેમસેલ) *n.* Celesial damsel.
દેવની સ્ત્રી; અપ્સરા.
દેવાંશી, (ગોડ લાઈક) *a.* God-like. દેવના અંશવાળું.
દેવી, (ગોડેસ) *n.* Goddess. માતા. [*n.* Debt.કરજ.
દેવું, ( ગીવ ) *vt.* Give. આપવું. Shut. બંધ કરવું.
દેશ, (કંન્ટ્રી) *n.* Country.રાષ્ટ્ર.Territory. વિભાગ;
પ્રદેશ. Motherland. વતન. [tom.ચાલતો રિતરિવાજ.
દેશકાલ,દેશાચાર,(પ્રીવેલંટ કસ્ટમ)*n.*Prevalent cus-
દેશદાઝ,-પ્રેમ,-ભક્તિ, (પેટ્રીઓટીઝમ) *n.* Patrio-
tism. દેશની લાગણી.
દેશદ્રોહી, ( ટ્રેઈટર ) *n.* & *a.* Traitor.દેશનો દ્રોહી.
દેશનિકાલ,-વટો, ( એક્ઝાઈલ ) *n.* Exile. દેશમાંથી

કાઢી મૂકવું તે.
દેશપાર, (એકઝાઇલ્ડ) *ad.* Exiled. દેશની બહાર.
દેશબંધુ,-બાંધવ, *n.* One's own countryman. દેશભાઈ. [સેવા.
દેશસેવા,(નેશનલ સર્વીસ)*n.* National service.દેશની
દેશાઈ, દેસાઇ,(લેન્ડ ઓનર)*n.*Land-owner.વતનદાર.
દેશાટન, *n.* Travelling abroad. જુદાજુદા દેશમાં ફરવું તે. [દેશપ્રેમી.
દેશાનુરાગી,-ભિમાની, (પેટ્રીઓટીક) *a.* Patriotic.
દેશાવર, દેશાંતર, (ફોરીન કંટ્રી) *n.* Foreign country. પરદેશ. [દેશનો રહીશ.
દેશી,(નેટીવ) *a.* Native.દેશનું.*n.* Countryman.સ્વ-
દેશેદેશ, દેશોદેશ,*ad.*In all countries.બધા દેશોમાં.
દેશોન્નતિ, *n.* Rise and prosperity of one's own country. સ્વદેશની ઉન્નતિ-ચડતી.
દેહ, (બોડી) *n.* Body. શરીર. Village. ગામડું.
દેહત્યાગ,-પાત, -યાત્રા, (ડેથ) *n.* Death. મરણ.
દેહદમન, (સેલ્ફ-રીસ્ટ્રેઈન્ટ)*n.* Self-restraint.શારીરિક તપસ્યા. [ગુણધર્મ.
દેહધર્મ, *n.* The functions of the body. શરીરના
દેહધર્મવિદ્યા, ( ફીઝીઓલોજી ) *n.* Physiology.
દેહરખું,(સેલ્ફીશ)*a.*Selfish.સ્વાર્થી. [દેહધર્મની વિદ્યા.
દેહાત્મવાદ, ( મટીરીયાલીઝમ ) *n.* Materialism.
દેહાત, (વીલેજ) *n.* Village. ગામડું. [જડવાદ.
દેહાંત, દેહોત્સર્ગ, (ડેથ) *n.* Death. મૃત્યુ.

દેહાંતદંડ. *n.* Capital punishment મોતની શિક્ષા.
દેહી, (કાર્નલ) *a.*Carnal. શારીરિક. *n.* Soul. આત્મા.
દેહાતી, (વીલેજર) *n.* Villager. ગામડિયો. *a.* Rustic. ગામડિયું.
દેંડવું,(વોટર-સ્નેક )*n.* Water-snake. પાણીનો સાપ.
દૈત્ય, ( ડેમન ) *n.* Demon. રાક્ષસ.
દૈનિક, ( ડેલી ) *a.* Daily. રોજનું *n.* Daily newspaper. દૈનિક વર્તમાનપત્ર.
દૈન્ય, ( પોવરટી ) *n.* Poverty. દીનતા; ગરીબાઈ.
દૈવ, ( લક ) *n.* Luck. નસીબ. *a.* Relating to gods. દેવતાને લગતું.
દૈવગતિ,–ઘટના,*n.*Course of fortune. નસીબની ગતિ.
દૈવજોગ, (ચાન્સ)*n.* Chance. નસીબનો જોગ–સંયોગ.
દૈવત, (સ્ટ્રેન્ગ્થ)*n.*Strength. શક્તિ. Divinity. દેવપણું.
દૈવિક, દૈવી, (ડીવાઇન) *a.* Divine. દેવતાઈ.
દૈવ્ય, ( લક ) *n.* Lack. નસીબ.
દૈશિક, ( નેશનલ ) *a.* National. દેશનું. Provincial. પ્રાંતિક. *n.* Guide. ભોમિયો.
દૈહિક, (બોડીલી) *a.* Bodily. દેહનું,–ને લગતું.
દો, ( ગીવ )*vt.* Give. આપો. *a.* Two. બે.
દોઆબ,(ડેલ્ટા)*n.*Delta. બે નદીઓ વચ્ચેનો પ્રદેશ.
દોકડો, *n.* One hundredth part of a rupee. રૂપિયાનો સોમો ભાગ. Twelve. p.c. બાર ટકા (વ્યાજ).
દોજખ ( હેલ ) *n.* Hell. નરક. [Mark. ગુણ.
દોટ, દોડ, (રનીંગ)*n.* Running. દોડવાની ક્રિયા.

દોટંદોટા, દોટાદોટ, *n.* & *ad.* Running. દોડાદોડ.
દોડધામ,-માર, (રનીંગ) *n.* Running. દોડાદોડ; ધમાચકડી.
દોડવું, ( રન ) *vt.* Run. નાસવું.
દોડંદોડા, દોડાદોડ, *n.* & *ad.* Running. દોટાદોટ.
દોઢડાહ્યું, ( ઓવરવાઈઝ ) *a.* Overwise. વધારે પડતું ડહાપણ કરનારૂં.
દોઢપગું, (લેમ) *a.* Lame લંગડું.
દોઢવવું, *vt.* To make one and a half times. દોઢગણું કરવું.
દોઢવું, (સ્યુ) *vt.* Sew. સીવવું.-જુઓ 'દોઢવવું.'
દોઢિયું, ( પાઈસ ) *n.* Pice. પૈસો.
દોઢી, ( પોર્ચ ) *n.* Porch. માંડવી; દેવડી.
દોણી, દોણું, (અર્થન પોટ) *n.* Earthen pot. હાલ્લું.
દોથો, (હેન્ડફુલ ) *n.* Handful. ખોબો; મૂઠો.
દોદરૂં,-ળું, (ઓલ્ડ) *a.* Old. જીર્ણ. Weak. નબળું.
દોદશ, *ad.* On all sides. બધી બાજુએ.
દોધારૂં, *a.* Having two edges. બે ધારવાળું.
દોર, (પાવર) *n.* Power. સત્તા. Pomp. ભપકો. String. દોરી.
દોરદમામ, (એર્સ) *n.* Airs. દોર અને દમામ.
દોરવણી, (ડીરેક્શન) *n.* Direction. શીખવણી.
દોરવવું, (લીડ) *vt.* Lead. રસ્તો બતાવવો. Sew. સીવવું.
દોરવું, (ડીરેક્ટ) *vt.* Direct. માર્ગ બતાવવો. Rule. આંકવું.
દોરંગી, (અનસ્ટેડી) *a.* Unsteady. અસ્થિર. Of two colours. બે રંગવાળું.
દોરી, દોરડી, (સ્ટ્રીંગ) *n.* String. દોરડી. Cord. રસી.
દોરો, ( થ્રેડ ) *n.* Thread. દોરડો; પાતળો દોર. Neck-

દોરાટવું, (સ્યુ) *vt.* Sew. સીવવું.[lace. હાર; કંદોરો.
દોલત, (રીચીઝ) *n.* Riches. પૈસો.
દોલતમંદ,-વાન, (રીચ) *a.* Rich. પૈસાદાર.
દોલું, (લીબરલ)*a.* Liberal. સખી. Innocent.ભોળું.
દોવડાવવું,-રાવવું, *vt.* Cause to be milked.દોવા-
વાય એમ કરવું.
દોશી, (ડ્રેપર) *n.* Draper. કાપડ વેચનારો.
દોષ, (ડીફેક્ટ) *n.* Defect.ખોડ. Error. ભૂલ.Sin.
પાપ. Guilt. ગુનો.
દોષદર્શી,*a.* Fault-finding. દોષ ખોળનારૂં-જોનારૂં.
દોષમય, (ફૉલ્ટી) *a.* Faulty. દોષભરેલું.
દોષારોપણ, (એકયુઝેશન) *n.* Accusation. દોષ
દોષિત, (ગીલ્ટી) *a.* Guilty. અપરાધી. [ચડાવવો તે.
દોસ્ત, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર.
દોસ્તદારી, દોસ્તી,(ફ્રેંડશીપ)*n.* Friendship.મિત્રતા.
દોહન, (મીલ્કીંગ) *n.* Milking. દોહવું તે.
દોહરો, (કપલેટ) *n.* Couplet. એક છંદ.
દોહવું, (મીલ્ક) *vt.*Milk. ઢોરનું દૂધ કાઢવું. Draw an
essence. સાર ખેંચવો. [son.દીકરીનો દીકરો.
દોહિત્ર, દૌહિત્ર, દોહિતર, *n.* Daughter's
દોહ્યલું, (ડીફીકલ્ટ) *a.* Difficult. અઘરૂં; મુશ્કેલ. *n.*
Calamity. સંકટ. [Fat. જાડું.
દોંગું, (કનીંગ) *a.* Cunning. લુચ્ચું. Rash. ઉદ્ધત.
દોંગાઇ, -પણું,(કનીંગ) *n.* Caningness. ધૂર્તતા.
દૌર્બલ્ય, (વીકનેસ) *n.* Weakness. નિર્બળતા.

દૌર્ભાગ્ય, ( અનલક ) *n*. Unluck. કમનસીબી.
દૌહિત્રી, *n*. Daughter's daughter. દીકરીની દીકરી.
દ્યુતિ, દ્યોત, (લસ્ટર) *n*. Lustre. તેજ; કાંતિ. Light. પ્રકાશ.
દ્યુતિમંત, દ્યોતક, (લસ્ટર) *a*. Lustrous. તેજસ્વી.
દ્યૂત, ( ગેમ્બલ ) *n*. Gamble. જુગાર.
દ્રવ, ( ફ્લુઈડ ) *n*. Fluid. ગળેલો રસ. Liquid. પ્રવાહી.
દ્રવવું, (મેલ્ટ) *vt*. Melt. પીગળવું. Ooze ઝરવું. Pity.
દ્રવિત, દ્રવીભૂત, *a*. Melted. પીગળેલું. [ દયા ખાવી.
દ્રવિકરણ, ( લીકવીફેકશન ) *n*. Liquifaction. પ્રવાહી-
રૂપ થાય એમ કરવું તે. [ stance. પદાર્થ.
દ્રવ્ય, (વેલ્થ) *n*. Wealth. પૈસો. Matter. વસ્તુ. Sub-
દ્રવ્યવાન, ( વેલ્થી ) *a*. Wealthy. શ્રીમંત.
દ્રષ્ટા, ( સ્પેકટેટર) *n*. Spectator. જોનારો.
દ્રાક્ષ, દ્રાક્ષા, ( ગ્રેપ ) *n*. Grape. એક ફળ.
દ્રાક્ષલતા, (વાઇન) *n*. Vine. દ્રાક્ષની વેલ.
દ્રાક્ષરસ, ( વાઇન ) *n*. Wine. દ્રાક્ષનો મદિરા.
દ્રાક્ષાસવ, *n*. Medicinal port-wine obtained from the distillation of the grapes. દ્રાક્ષનો આસવ.
દ્રાવક, (લીકવીફાઇંગ) *a*. Liquifying. ઓગાળી નાખે એવું.
દ્રોણ, *n*. Measure of weight. એક માપ. Cup of leaves. દડિયો.
દ્રોણિ, દ્રોણી, *n*. Tub of water. કૂંડી; હોજ.
દ્રોહ, (ટ્રેચરી) *n*. Treachery. દગો; બેવફાઇ. Malice.
દ્રોહી, (ટ્રેચરી) *a*. Treacherous. બેવફા; ઝેરીલું. [ કીનો.

દ્વંદ્વ, ( પેર ) *n.* Pair. બેની જોડ. Quarrel. બખેડો.
દ્વંદ્વભાવ, (એન્મીટી) *n.* Enmity. દુશ્મનાવટ.
દ્વંદ્વયુદ્ધ,(ડ્યુઅલ)*n.* Duel બે જણ વચ્ચેનું યુદ્ધ.
દ્વાર, ( ડોર ) *n.* Door. બારણું.
દ્વારપાલ,–પાળ, *n.* Door-keeper. દરવાન.
દ્વારા, ( થ્રુ ) *ad.* Through. મારફતે.
દ્વિઅર્થી, *a.* Having two meanings.બે અર્થવાળું.
દ્વિગુણ, (ડબલ) *a.* Double. બેવડું.
દ્વિગુણિત, (ડબલ્ડ)*a.* Doubled. બેથી ગુણેલું.
દ્વિજ, (ટવાઈસ બોર્ન)*a.* Twice born.બે વાર જન્મેલું. *n.* Tooth.દાંત. Bird.પંખી. Brahaman. બ્રાહ્મણ.
દ્વિતીય, ( સેકંડ ) *a.* Second. બીજું.
દ્વિધા, *ad.* In two ways. બે રીતે.
દ્વિપદ, –પાદ, *a.* Having too feet. બે પગવાળું. Binomial. બે પદવાળું.
દ્વિભાજક,(બાયસેકટર) *n.* & *a.* Bisector.દુભાગનાર.
દ્વિરૂક્તિ, *n.* Repetation. બે વાર કહેવું તે.
દ્વિરેફ, ( વાસ્પ ) *n.* Wasp. ભમરો.
દ્વિવિધ, *a.* Of two types. બે પ્રકારનું.
દ્વીપ, ( આયલેંડ ) *n.* Island. ટાપુ; બેટ.
દ્વીપકલ્પ, ( પેનીસ્યુલા ) *n.* Peninsula જેની ત્રણે બાજુએ પાણી હોય એવો જમીનનો ભાગ.
દ્વીપસમૂહ,(આર્કીપેલેગો)*n.*Archipelago. ટાપુઓનો [ સમૂહ.
દ્વેષ, ( જેલસી ) *n.* Jealousy. ઈર્ષા. Rancour. વેર. Contempt. તીરસ્કાર.

દ્વેષી, ( જેલસ ) *a.* Jealous. ઈર્ષ્યાળુ.

દ્વૈત, (ડયુઆલીટી) *n.* Duality.બેપણું; ભીન્નતા.

દ્વૈતમત,-વાદ, ( ડયુઆલીઝમ) *n.* Dualism; ઈશ્વર અને સૃષ્ટિ એ બન્ને જુદાં છે તેવો મત.

દ્વૈધીભાવ,(ડયુઆલીટી)*n.* Duality.દ્વૈત.Difference. ભેદભાવ. Duplicity. બહાર અને અંદર જુદો ભાવ રાખવો તે. [ દર બે માસે બનતું-તેવું પ્રગટ થતું છાપું.

દ્વૈમાસિક,*a.* & *n.*Occuring every two months.

---

## ધ

ધ, *n.* The fourth consonant of the dental class. દંતસ્થાની ચોથો વ્યંજન.

ધક,ધગ, (થર્સ્ટ) *n.* Thirst. તરસ. Ardour. જોશ. Haste. ત્વરા. Mind. ધ્યાન.

ધકારવું,-વવું, (પુશ ઓન) *vt.* Push on. ધકેલવું. Make haste. ઉતાવળ કરવી.

ધકેલવું, (પુશ) *vt.* Push. ધક્કો મારવો; હડસેલવું.

ધક્કંધક્કા,ધક્કાધક્કી,-મુક્કી,(સ્કફલ)*n.*Scuffle. સામસામી ધક્કા મારવા તે; ભીડ. [ ફેરો. Wharf. ડક્કો.

ધક્કો, (પુશ) *n.* Push. હડસેલો. Loss.નુકશાન.Turn.

ધખધખવું, ધગધગવું, (બ્લેઝ) *vt.* Blaze. ધખવું; સમસમવું. Glow fiercely. જોશથી બળવું.

ધખવું,ધગવું, *vt.* Be into a passion. ગુસ્સે થવું. Blaze. ધીકવું. Scold. ઠપકો આપવો.

ધખારો, (હીટ) *n.* Heat. ગરમી.*n.*Anxiety.ઝંખના.
ધગડો, (હીપ) *n.*Hip. ફૂલો. Recluse.લંગોટિયો બાવો.
ધગશ, (ઝીલ) *n.* Zeal. ઉત્સાહ; હાંઝ.
ધગારી, (સ્લાઈટ હીટ) *n.* Slight heat. થોડી ગરમી.
ધજા,(ફ્લેગ)*n.* Flag. વાવટો.[Slight fever.થોડોતાવ
ધજાગરો, *n.* Flag-staff. ધજાનો દંડ Flag bearer.
ધજા પકડનારો. [dation. મૂળ પાયો.
ધડ,*n.* Headless trunk. માથા વિનાનું શરીર.Foun-
ધડક,-કાર,-કારો, (થ્રોબીંગ)*n.* Throbbing. હૃદયનો
ધડકણ, (ટીમીડ) *a.* Timid. બીકણ [કંપ.Fear.બીક.
ધડકધડક, *ad.* With throbs. ધડકે તેમ.
ધડકવું, ધબકવું, (થ્રોબ) *vt.* Throb. ધબકધબક થવું.
ધડધડ, (કવીકલી) *ad.* Quickly. સપાટાબંધ.
ધડધડાટ, ( રોરીંગ સાઉન્ડ ) *n.* Roaring sound.
ધડધડ અવાજ. *ad.* Quickly. ઝપાટાભેર. [અવાજ.
ધડબડ,-ધડબડ, *ad.* Quickly running. દોડવાનો
ધડંધડા, ધડાધડી, ( ફાઇટ ) *n.* Fight. મારામારી.
ધડાકાબંધ, *ad.* With an explosion. ધડાકા સાથે.
Quickly. એકદમ. [report. મોટો અવાજ.
ધડાકો, (એક્સ્પ્લોઝન) *n.* Explosion. ભડાકો. Loud
ધડાધડ,*ad.* With a crash. 'ઉપરાછાપરી' સપાટામાં.
ધડાપીટ,*n.*Beating the breasts જોરથી છાતી કૂટવી
ધડી, (ગેસ) *n.*Guess.અડસટ્ટો.Weight. સમતોલો.[તે.
ધડીમ,-ધડીમ, (સાઉન્ડીંગલી)*ad.*Soundingly. ધડ-
ધડૂસવું, (બીટ) *vt.* Beat. ઘોકાવવું.[ધડ અવાજ સાથે.

ધડો, (લેસન) *n.* Lesson. બોધ. Weight. સમતોલ-
પણું લાવવા તાજવામાં મૂકાતો ભાર.
ધણ, (હર્ડ) *n.* Herd. ટોળું-ઢોરોનું. [અવાજ.
ધણધણાટ,-ટી, (રોરીંગ) *n.* Roaring. ધણધણ એવો
ધણધણવું, *vt.* Make a sound ધણધણ થવું. Burn
briskly. જોરથી બળવું.
ધણિયાણી, (વાઈફ) *n.* Wife. વહુ. Mistress. મા-
લિક સ્ત્રી. [માલિકપણું.
ધણિઆપું, ધણીપણું, (ઓનરશીપ) *n.* Ownership.
ધણી, (ઓનર) *n.* Owner. માલિક. Husband. પતિ.
ધણીવખું, (ઓનરલેસ) *a* Ownerless. ધણી વિનાનું.
ધતિંગ, (મીસ્ચીફ) *n.* Mischief. તોફાન. Preten-
sion. ઢોંગ. [સ્પતિ.
ધતૂરો, ધંતૂરો, *n.* White thorn apple. એક વન-
ધધડાવવું, (સ્કોલ્ડ) *vt.* Scold. ખૂબ ઠપકો આપવો.
ધન, ( રીચીઝ ) *n.* Riches. દોલત. Money. પૈસો.
નિર્દેશ, (ઓર્ડર)*n.*Order.હુકમ. Reference. ઉલ્લેખ.
નિર્દેશપત્ર,*n.*Agenda paper. સભામાં થવાનાં કામનો નિર્દેશ કરનારો પત્ર. [ દોષરહિત.
નિર્દોષ,-ષી, ( ઇનોશંટ ) *a.* Innocent. નિરપરાધી;
નિર્ધન,-ની,-નિયું, (પુઅર)*a.* Poor. ગરીબ.
નિર્ધાર, ( ડીટરમીનેશન ) *n.* Determination. નિશ્ચય.
નિર્ધારવું, ( ડીટરમીન )*vt.*Determine. નિશ્ચય કરવો.
નિર્બલ,-ળ, (વીક)*a.* Weak. બળ વગરનું.
નિર્ભય, નિર્ભીત, (ફીયરલેસ) *a.* Fearless. નીડર.
નિર્ભર, *a.* Full of. ભરેલું. Excessive. પુષ્કળ. Dependent. આશ્રિત.
નિર્ભર્ત્સના,(કંટેમ્પ્ટ)*n.*Contempt.તુચ્છકાર; તિરસ્કાર.
નિર્ભાગી,-ગિયું, (અનલકી) *a.* Unlucky. કમનસીબ.
નિર્ભેળ, (અનએડલ્ટરેટેડ) *a.* Unadulterated. ભેગ વગરનું; ચોખ્ખું.
નિર્મલ,-ળ, (પ્યોર) *a.* Pure. સ્વચ્છ; પવિત્ર. [નસીબ.
નિર્માણ,(ક્રીએશન)*n.* Creation.રચના; સર્જન.Luck.
નિર્મિત,(પ્રીડેસ્ટીન્ડ)*a.*Predestined.નિયત.Created.
નિર્મુક્ત, ( ફ્રી ) *a.*Free.મુક્ત;બંધનરહિત. [ રચાયેલું.
નિર્મૂલ,-ળ, (રૂટલેસ)*a.* Rootless.મૂળ વગરનું;નિર્વંશ.

નિર્મોહ,-હી, *a.* & *n.* Free from illusion. મોહ
નિર્યાણ, (ડીપાર્ચર) *n.* Departure. પ્રયાણ. [વગરનું.
નિર્યાસ, ( જુઇસ ) *n.* Juice.રસ. Infusion. કવાથ.
નિર્લજ્જ, ( શેમલેસ ) *a.* Shameless. લાજ વગરનું; અવિવેકી. [ અનાસકત; લેપાયા વગરનું.
નિર્લિપ્ત, -લેપ, (અનકનેકટેડ) *a.* Unconnected.
નિર્વંશ,-શી, ( એરલેસ ) *a.* Heirless. જેના વંશમાં કોઈ ન રહ્યું હોય તેવું.
નિર્વાણ, (સાલ્વેશન )*n.* Salvation.મોક્ષ. End. અંત; મરણ. *a.* Final.અંત પામેલું.*ad.*Certainly.ચોક્કસ.
નિર્વાસન, (બેનીશમેન્ટ) *n.* Banishment, દેશનિકાલ. Sacrifice. વધ.
નિર્વાહ, ( મેઈન્ટેનન્સ ) *n* Maintenance. ગુજારો.
નિર્વિકાર,-રી, (ઇમ્યુટેબલ ) *a.* Immutable. વિકાર વિનાનું. [ વગરનું.
નિર્વિઘ્ન,(અનઓબસ્ટ્રકટેડ)*a.* Unobstructed. વિઘ્ન
નિર્વિવાદ,-દિત, (એકઝેકટ) *a.* Exact.ચોક્કસ.Undisputed. બિનતકરારી.
નિર્વીર,-ર્ય,(ઇમપોટંટ)*a.*Impotent.વીર્યહીન;નબળું.
નિર્વૃત,(સેટીસ્ફાઈડ)*a.*Satisfied.સંતોષ પામેલું.Accomplished પૂરું થયેલું. [ થવું તે.
નિર્વૃત્તિ, *n.* Satisfaction.સંતોષ. Fulfillment. પૂરું
નિર્વ્યસની, ( વાઇસલેસ) *a.* Viceless.વ્યસન વગરનું.
નિલય, (ડવેલીંગ પ્લેસ )*n.* Dwelling place.રહેઠાણ.
નિલવટ, ( ફોરહેડ ) *n.* Forehead. કપાળ; લલાટ.

નિવર્તક, (રીટર્નીંગ ) *a.* Returning. પાછું ફરતું.
નિવસવું, (ડવેલ)*vt.* Dwell. નિવાસ કરવો; રહેવું.
નિવાજવું, ( બીસ્ટો )*vt.* Bestow. સરપાવ, પદવી વિગેરે આપી સંતોષવું.
નિવાપ,-પાંજલિ,(ઓફરીંગ) *n.* Offering. શ્રદ્ધાંજલિ.
નિવાર,-ણ, (પ્રીવેન્ટીંગ) *n.* Preventing. વારવું; દૂર કરવું તે.
નિવારવું, ( પ્રીવેન્ટ) *vt.* Prevent. દૂર કરવું. [ એવું.
નિવાર્ય, *a.* That can be prevented. રોકી શકાય
નિવાસ,-સ્થાન, ( રેસીડેન્સ )*n.* Residence. રહેઠાણ.
નિવાસી, ( રેસીડેન્ટ ) *n.* Resident. રહેનાર.
નિવૃત, ( રીટાયર્ડ ) *a.* Retired. નિવૃત્તિ પામેલું.
નિવૃત્તિ, *n.* Retirement. પ્રવૃત્તિમાંથી મુક્ત થવું તે.
નિવેડો, (ડીસીશન) *n.* Decision. ફેંસલો; છેવટ.
નિવેદન, (રીપ્રીઝન્ટેશન) *n.* Representation. અરજ;
નિવેદવું, *vt.* Represent. અરજ કરવી. [ અહેવાલ.
નિવેશ, ( એન્ટ્રન્સ ) *n.* Entrance. પ્રવેશ; પ્રવેશદ્વાર. Camp. પડાવ. [ રાત દિવસ.
નિશદિન,-ભોર,-વાસર, *ad.* Day and night.
નિશા, નિશ, ( નાઇટ ) *n.* Night. રાત્રિ.
નિશાકર,-પતિ, ( મુન ) *n.* Moon. ચંદ્ર.
નિશાચર, (ગોબ્લીન) *n.* Goblin. ભૂત; પિશાચ. Thief. ચોર. Owl. ઘુવડ. Bat. વાગળું.
નિશાન, ( સાઇન ) *n.* Sign. ચિહ્ન. Flag. વાવટો. War-drum. નોબત.

નિશાનબાજ,*a.*Sure of hitting the target.તાકુડું.
નિશાનબાજી, *n.* Target-practice. નિશાન તાકવાની રમત-તેનો અભ્યાસ.
નિશાની, ( સાઇન ) *n.* Sign. ચિહ્ન; સંજ્ઞા.
નિશાળ, ( સ્કૂલ ) *n.* School. શાળા.
નિશાળિયો, (સ્ટુડંટ ) *n.* Student. વિદ્યાર્થી.
નિશ્ચય, ( રીઝોલ્વ )*n.* Resolve. સંકલ્પ; નિર્ણય.*ad.* Certainly. નક્કી. [ ખાતરીપૂર્વક.
નિશ્ચયપૂર્વક, -ચ્ચે, ( રેઝોલ્યુટલી ) *ad.* Resolutely.
નિશ્ચયાત્મક,-શ્ચાયક,(પોઝીટીવ) *a.* Positive. ચોક્કસ.
નિશ્ચલ,-ળ,-ષ્કંપ, ( ઇમમુવેબલ ) *a.* Immovable. સ્થિર; અચલ.
નિશ્ચિત, *a.* Resolved. નક્કી કરેલું. [ બેફિકર.
નિશ્ચિંત, *a.* Free from anxieties. ચિંતા વગરનું;
નિશ્ચેતન, ( ઇનએનીમેટ ) *a.* Inanimate. જડ; મૃત.
નિશ્ચેષ્ઠ, (મોશનલેસ) *a.* Motionless. બેહોશ; સ્થિર.
નિશ્વાસ,-ન, (સાય) *n.* Sigh. નિસાસો.
નિષિદ્ધ, (ફરબીડન)*a.* Forbidden. મના કરેલું;બાધિત.
નિષેધ,(પ્રોહીબીશન)*n.*Prohibition.મના;બાધ;મનાઇ.
નિષેધક, (ફરબીડીંગ) *a.* Forbidding. મના કરતું.
નિષ્કપટ,-ટી, (ફ્રેંક)*a.*Frank. કપટ વગરનું;નિખાલસ.
નિષ્કર્ષ, (ઇસેન્સ) *n.* Essence. સાર. [ નિર્દોષ.
નિષ્કલંક, ( સ્ટેનલેસ ) *a.* Stainless. કલંક વગરનું;
નિષ્કંટક,*a.*Free from hinderance.અડચણ વગરનું.
નિષ્કામ,-મી, (અનસેલ્ફીશ) *a.* Unselfish. નિઃસ્વાર્થ.

નિષ્કામવૃત્તિ, *n.* Unselfishness. કામના ફળની ઈચ્છાના અભાવવાળી વૃત્તિ. [ વિના કારણે.
નિષ્કારણ,-પ્રયોજન, (અનનેસેસરી)*a.* Unnecessary.
નિષ્કાંચન,-ષ્કંચન, (પુઅર) *a.* Poor. ગરીબ.
નિષ્ક્રમણ, (ડીપાર્ચર) *n.* Departure. બહાર જવું તે; સન્યાસ. [ વેચાણ.
નિષ્ક્રય, ( એક્સચેન્જ ) *n.* Exchange. બદલો. Sale.
નિષ્ક્રિય,-કર્મ, (ઇનએક્ટીવ) *a.* Inactive. ક્રિયારહિત.
નિષ્ઠા, (ટ્રસ્ટ) *n.* Trust. શ્રદ્ધા;વફાદારી. Aim. આશય. Devotion. લીનતા.
નિષ્ઠુર, ( ક્રુઅલ ) *a.* Cruel. ક્રૂર. Hard. કઠોર.
નિષ્ણાત, *a.* & *n.* Expert. પ્રવિણ. [ પાત રહિત.
નિષ્પક્ષ,-પાતી, ( ઇમપાર્શ્યલ ) *a.* Impartial. પક્ષ-
નિષ્પત્તિ, ( એન્ડ ) *n.* End. અંત; સમાપ્તિ. Birth. ઉત્પત્તિ. Maturity. પરિપક્વતા. Accomplishment. પ્રાપ્તિ; સિદ્ધિ.
નિષ્પન્ન, ( પ્રોડ્યુસ્ડ ) *a.* Produced. ઉત્પન્ન થયેલું. Accomplished. પૂરૂં થયેલું. Matured. પરિપક્વ.
નિષ્પાપ,-પી, -પ્રપંચ, *a.* Sinless. પાપ વગરનું.
નિષ્પ્રાણ, (ડેડ) *a.* Dead. મૃત. Powerless. જોર વગરનું.
નિષ્ફલ,-ળ, (ફ્રુટલેસ)*a.* Fruitless. ફળ વગરનું. Vain. નકામું. [ Care. પરવા. *ad.* Though. મારફતે.
નિસબત,-સ્બત, ( રીલેશન ) *n.* Relation. સંબંધ.
નિસરણી, ( સ્ટેરકેસ ) *n.* Stair-case. સીડી; દાદર.
નિસર્ગ, (નેચર) *n.* Nature. સ્વભાવ. Creation. કુદરત.

નિસાસો, (સાય) *n.* Sigh. નિશ્વાસ. [સ્થિર; જડ.
નિસ્તબ્ધ, નિઃસ્તબ્ધ,(ઈમમોબાઇલ) *a.* Immobile.
નિસ્તીર્ણ, (ક્રોસ્ડ) *a.* Crossed. ઓળંગાયેલું. Saved.
નિસ્તેજ, (પેલ) *a.* Pale.ઝાંખું; તેજહીન.[મુક્તિ પામેલું.
નિસ્પૃહ,–હી,નિઃસ્પૃહ, (અનસેલ્ફીશ)*a.* Unselfish.
નિહંતા, *n.* Killer. હણનારો; ઘાતક. [સ્પૃહા વગરનું.
નિહાર, (સ્નો) *n.* Snow. હિમ. Dew. ઝાકળ.
નિહારિકા, (નેબ્યુલા) *n.* Nebula, આકાશમાં ફરતા
નિહાલ,—જુઓ 'ન્યાલ.' [હવામય તેજસમૂહો.
નિહાળવું, *vt.* Observe minutely. ધારીધારીને જોવું.
નિંદવું, (સ્લેન્ડર) *vt.* Slander. નિંદા કરવી.
નિંદા, (સ્લેન્ડર) *n.* Slander. બદબોઈ; વગોવણી.
નિંદાપાત્ર,–સ્પદ, (વાઈલ) *a.*Vile. નિંદ્ય. [ખરાબ.
નિંદ્ય, (સેન્સ્યુરેબલ)*a.* Censurable. નિંદાને લાયક;
નિઃશબ્દ, (ઇનઓડીબલ) *a.* Inaudible. શબ્દ
વિનાનું; શાંત; શબ્દ ન બોલતું. [નિઃશસ્ત્ર કરવું તે.
નિઃશસ્ત્રીકરણ, (ડીસઆર્મામેન્ટ)*n.* Disarmament.
નિઃશંક,–સંશય,–સંદેહ, (અનડાઉટેડલી) *a.* & *ad.*
Undoubtedly. શંકા-ભય વગરનું. [બિલકુલ.
નિઃશેષ, (હોલ) *a.* Whole. સંપૂર્ણ.*ad.* Wholly.
નિઃસત્વ, (સેપલેસ) *a.* Sapless. સત્વહીન-માલ
નિઃસંગ,--સાર, (લોનલી)*a.* Lonely.એકલું. [વિનાનું.
નિઃસંતાન, (ચાઇલ્ડલેસ) *a.* Childless. સંતાન વગરનું.
નિઃસીમ, (બાઉન્ડલેસ) *a.* Boundless. સીમારહિત;
નિઃસ્પૃહ,--હી, *a.* Indifferent. નિષ્કામ. [અપાર.

નિઃસ્વાદ, ( ટેસ્ટલેસ ) *a.* Tasteless. સ્વાદ વગરનું.
નિઃસ્વાર્થ,-ર્થી,(અનસેલ્ફીશ)*a.*Unselfish. સ્વાર્થરહિત.
નીક, ( ડ્રેઇન ) *n.* Drain. પાણી જવાનો રસ્તો.
નીકર, ( અધરવાઇઝ ) *conj.* Otherwise. નહિ તો.
નીકળવું,-સવું, (કમ આઉટ) *vi.* Come out. બહાર [આવવું.
નીગળવું,નીંગળવું, (ઉઝ ) *vt.* Ooze. ટપકવું.
નીઘલવું,-ળવું, ( રાઈપન ) *vt.* Ripen. ઠૂંડાએ દાણા [આવવા.
નીચ, ( મીન ) *a.* Mean. અધમ; હલકું.
નીચતા,-પણું, ( મીનનેસ )*n.* Meanness. અધમતા.
નીચલું,-સ્થ, ( લોવર ) *a.*Lower. નીચે આવેલું.
નીચાણ, ( સ્લોપ ) *n.* Slope. ઢોળાવ.
નીચું, ( લો ) *a.* Low. નીચ. Not high. ઓછી [ઊંચાઇનું.
નીચે, ( બીનીથ ) *ad.* Beneath. હેઠે.
નીઠવું, (એકઝોસ્ટ) *vt.* Exhaust. ખૂટવું. End. [અંત આવવો.
નીડર, (ફીયરલેસ)*a.* Fearless. નિર્ભય.
નીતરવું, ( ઉઝ ) *vt.* Ooze. ટપકવું. Subside. ઠરવું.
નીતિ, ( એથીકસ )*n.* Ethics. સદાચાર. Behaviour. ચાલચલગત Polity. રાજનીતિ. Policy. ધોરણ; પદ્ધતિ.
નીતિજ્ઞ,-નિપુણ,-વેત્તા, Well-versed in ethics. નીતિ જાણનાર.
નીતિમાન,-યુક્ત, ( મોરલ ) *a.* Moral. નીતિવાળું.
નીતિશાસ્ત્ર, ( મોરલ ફીલોસોફી ) *n.* Moral philosophy. આચરણના નિયમનું શાસ્ત્ર.
નીતિશૂન્ય, ( ઈમમોરલ ) *a.* Immoral. અનીતિમાન.
નીતિસૂત્ર, ( મેકસીમ ) *n.* Maxim. નીતિનું સૂત્ર.

નીપજ, ( પ્રાડ્યુસ ) *n*. Produce. પેદાશ. [ મળવો.
નીપજવુ', ( રીઝલ્ટ ) *vt*. Result. પેદા થવું. Gain. નફો
નીભવુ', ( કન્ટીન્યુ ) *vt*. Continue. જારી રહેવું;
નીમ, ( હાફ ) *a*. Half. અંડધુ'. [ નભવું; ટકવું.
નીમવૈદ્ય,-હકીમ, ( કવેક ) *n*. Quack. ઉંટવૈદ્ય.
નીમવુ', (એપોઇન્ટ) *vt*. Appoint. સ્થાપવું; નિયોજવું.
નીમે, *ad*. By a half. અડધે ભાગે.
નીર, ( વોટર ) *n*. Water. જળ; પાણી. Lustre. કસ.
નીરખવુ', ( ઇન્સ્પેક્ટ ) *vt*. Inspect. બરાબર જોવું.
નીરવ, ( કામ ) *a*. Calm. શાંત.
નીરવું, *vt*. Place grass. ઢોરને ઘાસ નાખવું.
નીરંગ, ( કલરલેસ ) *a*. Colourless. રંગ વગરનું. Achromatic. પ્રકાશને રંગ છૂટા પાડયા વિના પોતા માંથી પસાર થવા દેતું. [ juice. તાજી તાડી
નીરો, ( ગ્રાસ ) *n*. Grass. ચારણ; ઘાસ. Toddy-
નીરોગ, -ગી, (હેલ્થી) *a*. Healthy. તંદુરસ્ત.
નીલ, ( બ્લેક ) *a*. Black. કાળું. Azure. આસમાની. *n*. Sulphate of copper. મોરથૂથુ. Indigo. ગળી.
નીલકંઠ, ( શીવ ) *n*. Shiva. શીવ. Peacock. મોર. Wasp. ભમરો. Blue magpie. ચાસ પક્ષી.
નીલમ, --ણી, (સેફાયર) *n*. Sapphire. નીલ રંગનું રત્ન.
નીલી, ( ઈન્ડીગો ) *a*. Indigo. ગળી-તેનો છોડ.
નીલુ', ( ગ્રીન ) *a*. Green. લીલું. Blue. વાદળી.
નીવડવુ', *vt*. Turn out. નક્કી થઈ પ્રગટ થવું.
નીવિ, *n*. Tie of a woman's undergarment.

સ્ત્રીઓ કમ્મરે પહેરવાના લુગડાને જે ગાંઠ વાળે છે તે.
નીવિબંધ, *n.* The knot of the undergarment.
નીસરવું, *vi.* Come out. નીકળવું. [નાડાની ગાંઠ.
નીંદ,-ર, (સ્લીપ) *n.* Sleep. ઉંઘ; નિદ્રા.
નીંદવું, (વીડ) *vt.* Weed. ખેતરમાંથી નકામું ઘાસ ખોદી કાઢવું. [છિદ્ર શોધનારૂં.
નુકતેચીન,(ફોલ્ટ-ફાઈન્ડીંગ)*a.* Fault-finding.બીજાનાં
નુકતો, (ડોટ) *n.* Dot. બિંદુ. Puzzle. કોયડો.
નુકશાન, *n.* Loss; injury.હાનિ. [Fancy.બુટ્ટો;તર્ક.
નુકશાનકર્તા,-કારક,-કારી,(ઇન્જુરીયસ) *a.*Injurious. હાનિ કરનારૂં.
નુકશાની,—જુઓ 'નુકશાન'. Compensation. નુકશાનનું વળતર. *a.* Damaged. નુકશાનવાળું.
નુસખો, (પ્રીસ્ક્રીપ્શન) *n.* Prescription. વૈદ્ય દરદીને દવા લખી આપે તે કાગળ.
નૂગરૂં, (ફેથલેસ) *a.* Faithless. નગરૂં.
નૂતન,-ર, (ન્યુ) *a.* New. નવું.
નૂપુર,નેપુર, -વર, (એન્કલેટ) *n.* Anklet. ઝાંઝર.
નૂર, (લાઈટ) *n.* Light. તેજ; પ્રકાશ. Fare. ભાડું.
નૂરી, (બ્રાઇટ) *a.* Bright. તેજસ્વી.
નૃ, (મેલ) *n.* Male. નર. Human being. માણસ.
નૃદેવ,-પ,-પતિ,-પાલ,-ળ, (કીંગ) *n.* King.રાજા.
નૃત્ય, -ત્ત, (ડાન્સ) *n.* Dance. નાચ.
નૃત્યકલા,-કળા, (ડાન્સીંગ) *n.* Dancing. નાચવાની કલા.
નૃત્યકાર, (ડાન્સર) *n.* Dancer. નાચનાર.

નૃત્યશાલા,-શાળા, *n.* Dancing school. નૃત્ય શીખવતી શાળા.

નૃદેહ, ( હ્યુમન બોડી ) *n.* Human body. માનવદેહ.

નૃવંશ, (હ્યુમન રેસ) *n.*Human race. માનવવંશ-જાત.

નૃવંશવિદ્યા, ( એન્થ્રોપોલોજી ) *n.* Anthropology. જાતિઓના ગુણધર્મ ચર્ચતું શાસ્ત્ર.

નૃશંસ, ( મર્સીલેસ ) *a.* Merciless. ક્રૂર; નીચ.

નૃસિંહ,*n.* Lion-Like man. સિંહ જેવો પરાક્રમી પુરૂષ.

ને, ( એન્ડ ) *ind.* And. અને.

નેક, (ઓનેસ્ટ) *a.* Honest. પ્રામાણિક. Just. ન્યાયી. *n.* Honesty. પ્રામાણિકતા. Market rate. ભાવ.

નેકનામ,-દાર, ( ઓનરેબલ ) *a.* Honourable. માન-

નેકનામી, ( ફેમ ) *n.*Fame. કીર્તિ [વાચક શબ્દ.

નેકી, ( ઓનેસ્ટી ) *n.* Honesty. પ્રામાણિકપણું. Civility. સજ્જનતા.

નેજણું, *n.* Wooden support placed under the eaves of a house. છાપરાની પાંખ-મોતિયાનો ટેકો.

નેજું, નેજો, (બેનર) *n.*Banner. વાવટો.Lance.ભાલો.

નેડે, ( બીસાઇડસ ) *ad.* Besides. પાસે.

નેણ, -ન, -ત્ર, ( આય ) *n.* Eye. આંખ; નયન.

નેતર,(કેઇન)*n.*Cane. એક જાતનો વેલો અને તેની સોટી.

નેતરું, *n.* Rope for churning. વલોણાનું દોરડું.

નેતા, ( લીડર ) *n.* Leader. આગેવાન.

નેતિ, ( નોટ ધીસ ) *ad.* Not this. એ નહિ.

નેત્રવિદ્યા, ( ઓફ્થેલ્મોલોજી ) *n.* Ophthalmology.

આંખ વિષેનું શાસ્ત્ર.

નેત્રવૈદ્ય, *n.* Ophthalmic surgeon. આંખનો વૈદ્ય.

નેત્રાંજન,(આય-સાલ્વ)*n.*Eye-salve. આંખનું આંજણ.

નેપથ્ય, ( કર્ટન ) *n.* Curtain. રંગભૂમિનો પડદો; પડદા પાછળનો ભાગ. Dress. પોશાક. [વનસ્પતિ.

નેપાળો, ( ક્રોટોન ) *n.* Croton. રેચક બીયાંવાળી એક

નેફો, ( વેઇસ્ટ-બેન્ડ ) *n.* Waist-band. જેમાં નાડું ઘાલવામાં આવે છે તે ચણિયા કે સુરવાલની બોલ.

નેમ, ( એઇમ ) *n.* Aim. હેતુ; નિશાન.

નેવ, -વું, ( ટાઇલ ) *n.* Tile. નળિયું.

નેષ્ટ, ( અનડીઝાયરેબલ ) *a.* Undesirable. અનિષ્ઠ.

નેસ, ( ઇનઓસ્પીશ્યસ ) *a.* Inauspicious. અપશુકનિયું. Unlucky. કમનસીબ.

નેસ,-ડો, ( શેફર્ડ્સ હટ ) *n.* Shepherd's hut. ભરવાડનું ઝૂંપડું-ઝૂંપડી.

નેસ્તી, (ગ્રોસર)*n.*Grocer. મોદી.

નેહ, -ડો,-ગ,( એટેચમેન્ટ ) *n.* Attachment. સ્નેહ.

નેળ, ( નેરો લેન ) *n.* Narrow lane. સાંકડી ગલી. Tube of hubble-bubble. હૂકાની નળી.

નૈપુણ્ય, ( પ્રોફીશ્યન્સી ) *n.* Proficiency. નિપુણતા.

નૈમિષ, ( મોમેન્ટરી ) *a.* Momentary. ક્ષણિક.

નૈયત, ( ઇન્ટેશન ) *n.* Intention. દાનત; હેતુ.

નૈયાયિક,*a.&n.*Pertaining to logic.ન્યાયને લગતું.

નૈઋર્ત્ય, (સાઉથ-વેસ્ટ) *n.* & *a.* South-west. પશ્ચિમ અને દક્ષિણ દિશા વચ્ચેનો ખૂણો.

નૈવેદ,-દ્ય, ( ઓફરીંગ ) *n.* Offering. પ્રસાદ.

નૈષ્ઠિક, ( ડીવોટેડ ) *a*. Devoted. નિષ્ઠાવાળું.
નૈસર્ગિક, ( નેચરલ ) *a*. Natural. કુદરતી.
નોક, -ખ, ( ચાર્મીંગ ) *a*. Charming. સુંદર. *n*. Point.અણી;છેડો.Self-respect.ટેક;વટ.Style.છેડો.
નોકર, ( સરવંટ ) *n*. Servant. ચાકર; દાસ.
નોકરડી, *n*. Maid,-servant. દાસી.[ચાલતું રાજતંત્ર.
નોકરશાહી, ( બ્યુરોક્રસી ) *n*. Burocracy. નોકરોથી
નોકરી, ( સર્વીસ ) *n*. Service. ચાકરી; સેવા.
નોકાર, નૌકાર, *n*. Jain prayer. જૈનોનો જપમંત્ર.
નોખું, ( સેપરેટ ) *a*. Seperate. જુદું.
નોતરવું, ( ઇનવાઇટ ) *vt*. Invite. આમંત્રણ કરવું.
નોતરૂં, ( ઇન્વીટેશન ) *n*. Invitation. આમંત્રણ.
નોધારૂં, ( હેલ્પલેસ ) *a*. Helpless. આધાર વગરનું.
નોબત, ( લાર્જ ડ્રમ) *n*. Large drum. મોટું નગારૂં.
નોળિયો, ( મેંગુઝ )*n*. Mangooze. એક નાનું ચોપગું
નોંધ, *n*.Entry; notes. ટાંચણ. [ પ્રાણી.
નોંધણી, (રજીસ્ટ્રેશન)*n*.Registration, નોંધવાની ક્રિયા.
નોંધણી કામદાર, ( રજીસ્ટ્રાર ) *n*.Registrar. નોંધણી કરનાર અમલદાર. [ કરવાની ચોપડી
નોંધપોથી,-વહી, ( રજીસ્ટર ) *n*. Register. નોંધ
નોંધવું, ( રજીસ્ટર ) *vt*. Register. નોંધ કરવી.
નોંધાઇ, *n*. Registration fees. નોંધણી કરવાની ફી.
નૌકા, નૌ, ( બોટ ) *n*. Boat. હોડી.
નૌકાગમન, ( નેવીગેશન ) *n*. Navigation. નૌકાની
નૌકાદંડ, ( ઓર ) *n*. Oar. હલેસું. [ સફર

નૌકાપતિ, -ધિપતિ, ( એડમીરલ ) *n.* Admiral. નૌકાસૈન્યનો ઉપરી. Captain. કપ્તાન.
નૌકાફોજ, -સૈન્ય, (નેવી) *n.* Navy. દરિયાઈ લશ્કર.
નૌજવાન, ( યુથ ) *n.* Youth. નવયુવક.
નૌતમ, ( ન્યુ ) *a.* New. નૂતન.
ન્યસ્ત, ( થ્રોન ) *a.* Thrown. ફેંકેલું. Deposited. થાપણ તરીકે મૂકેલું. Drawn. દોરેલું.
ન્યાત, ( કાસ્ટ ) *n.* Caste. જ્ઞાતિ.
ન્યામત, (કંફર્ટ) *n.* Comfort. સુખ. Dainty. દુર્લભ ચીજ.
ન્યાય, ( જસ્ટીસ ) *n.* Justice. ઈન્સાફ. Law. રૂલ. Maxim. કહેવત. Logic. ન્યાયશાસ્ત્ર.
ન્યાયમંદિર, -સભા, ( હાઈકોર્ટ ) *n.* High-court. વરિષ્ટ અદાલત.
ન્યાયમંત્રી, *n.* Legal remembrancer. ન્યાયખાતાનો મંત્રી.
ન્યાયશાસ્ત્ર, *n.* Science of Logic. પ્રમાણશાસ્ત્ર.
ન્યાયાધિકારી, -ધીશ, (જજ) *n.* Judge. ન્યાય આપનાર અમલદાર
ન્યાયી, *a.* Just. વાજબી.
ન્યારું, (સેપરેટ) *a.* Seperate. જુદું. Strange. અજાયબ.
ન્યાલ, (રીચ) *a.* Rich. પૈસાદાર. Satisfied. નિહાલ.
ન્યાસ, ( પ્લેસીંગ ) *n.* Placing. મૂકવું તે. Mark. ચિહ્ન. Pledge. થાપણ.
ન્યૂન, ( લેસ ) *a.* Less. ઓછું; ઊણું.
ન્યૂનતા, ( ડેફીશ્યંસી ) *n.* Deficiency. ઓછપ.
ન્યૂનાધિક, *a.* More or less. ઓછુંવત્તું.
ન્યોછાવર, ( ડેડીકેટેડ ) *a.* Dedicated. કુરબાન કરેલું; ખેરાત.

# પ

પ, The first consonant of the labial class. પહેલો ઐાષ્ઠય વ્યંજન. [ ઓત્નર.

પકડ, (ગ્રીપ) *n.* Grip. પકડવું તે. Pincers. પકડવાનું

પકડવું, (કૅચ) *vt.* Catch. ઝાલવું. Arrest. ગુનેગાર માની કેદ કરવું. [ હુકમ.

પકડહુકમ, (વૉરંટ) *n.* Warrant. પકડવાનો સરકારી

પકવવું, -કાવવું, ( કુક ) *vt.* Cook. રાંધવું. Bake. ભઠ્ઠીમાં શેકવું. Ripen. પાકે એમ કરવું.

પકોડી, (ઇટેબલ) *n.* Eatable. તળેલી એક વાની.

પક્કું, ( કૅામ્પીટંટ) *a.* Competent. માહિતગાર; છેતરાય નહિ એવું. Shrewd. ખંધું. Strong. દઢ.

પક્કાઈ, ( શ્રુડનેસ ) *n.* Shrewdness. ખંધાઈ.

પકવ, ( રાઈપ ) *a.* Ripe. પાકું. Cooked. રંધાયેલું.

પકવાશય, ( સ્ટમક ) *n.* Stomach. હોજરી.

પક્ષ, ( સાઈડ ) *n.* Side. તરફેણ. Wing. તડ; પાંખ. Fortnight. પખવાડિયું.

પક્ષકાર, ( પાર્ટીઝન ) *n.* Partisan. પક્ષ કરનાર.

પક્ષપાત, (પાશ્યલિટી) *n.* Partiality. વગ; તરફદારી.

પક્ષપાતી, ( પાર્શ્યલ ) *a.* Partial. એકતરફી.

પક્ષાઘાત, (પૅરેલીસીસ) *n.* Paralysis. લકવો.

પક્ષી, ( બર્ડ ) *n.* Bird. પંખી.

પક્ષીરાજ, (ઈગલ) *n.* Eagle. ગરૂડ.

પખવાડિક, ( ફોર્ટનાઈટલી) *a.* & *n.* Fortnightly.

પંદર દિવસે થતું-તેવું પત્ર. [ દિવસનો કાળ.
**પખવાડું,-ડિયું,** ( ફોર્ટનાઈટ ) *n.* Fortnight. પંદર
**પખાજ, -વજ,** (ડ્રમ) *n.* Drum. મૃદંગ જેવું એક વાદ્ય.
**પખાલ,** *n.* Leathern water-bag. પાણી ભરી લાવવાની ચામડાની ગૂણ કે થેલી.
**પખાલચી,-લી,** ( વૉટર કેરીયર) *n.* Water-carrier. પખાલ વડે પાણી ભરી લાવનાર.
**પખાળવું,** (વોશ) *vt.* Wash. પાણી વડે ધોવું.
**પખું,** (સાઈડ)*n.* Side. પક્ષ; ઓથ.
**પગ,** (લેગ) *n.* Leg. પ્રાણીનો ચાલવાનો અવયવ.
**પગચંપી,** ( માસાજ) *n.* Massage. પગ ચાંપવા તે.
**પગથી,-વાટ,-દંડી,-રવટ,-રસ્તો,** (ફુટપાથ) *n.* Footpath. પગે ચાલનારાઓ માટેનો માર્ગ.
**પગપાળું,** (પેડેસ્ટ્રીયન)*a.&n.* Pedestrian. પગે ચાલતું.
**પગપેસારો,** *n.* Getting a foothold. ઘૂસવું તે; અવરજવર; પરિચય. [બીજાના આશ્રય વગર ટકી રહે તેવું.
**પગભર,** ( સેલ્ફ-ડીપેન્ડન્ટ ) *a.* Self-dependent.
**પગર,** (હીપ) *n.* Heap. ઢગલો.
**પગરખું,** (શુ) *n.* Shoe. ખાસડું. [casion. સારૂં ટાણું.
**પગરણ,** ( બીગીનીંગ ) *n.* Beginning. પ્રારંભ Oc-
**પગરવ, -વો,** *n.* Frequent walking. અવરજવર. Sound of feet. પગના આવવાનો અવાજ.
**પગલું,** (સ્ટેપ) *n.* Step. ડગલું; પગના તળિયાની છાપ.
**પગાર,** ( સેલેરી ) *n.* Salary. વેતન; દરમાયો.
**પગારદાર,** ( સેલેરીડ ) *a. & n.* Salaried. પગાર

લઈને કામ કરનારૂં. [ રણીનું પત્રક.
પગારપત્રક, ( પેશીટ ) *n.* Pay-sheet. પગારની આંકા-
પગી, *n.* Thief-catcher. પગલું પારખીને ચોરની ભાળ કાઢનાર. Guard. ચોકિયાત.
પગેરૂં, (ફુટ-માર્ક ) *n.* Foot-mark. ચોરનું પગલું.
પગેલાગણું, –પડણું, ( સેલ્યુટેશન ) *n.* Salutation.
પચપચું, ( વોટરી ) *a.* Watery. ગદગદું. [નમસ્કાર.
પચરકી, –કો, *n.* Stream of water. પાણીની શેડ.
પચરંગ,–ગી,–ગિયું, (ફાઇવ-કલર્ડ) *a.* Five-coloured. પાંચ રંગવાળું. [ ભોગવવું.
પચવું, *vt.* Undergo digestion. હજમ થવું. Enjoy.
પચાવ,–વો, (ડાઇજેશન) *n.* Digestion. પચવું તે.
પચીગર, (જેમ-સેટર) *n.* Gem-setter. જડિયો; વીંટીમાં નંગ બેસાડનાર. [સમૂહ.
પચીશી,–સી, *n.* Group of twenty five. પચીસનો
પચ્છમ, (લેટર) *a.* Later. પાછળનું. West. પશ્ચિમ.
પચ્છમબુદ્ધિ, –બૂધિયું, (આફ્ટરથૉટ) *n.&a.* Afterthought. જેને પાછળથી બુદ્ધિ સૂઝે છે તેવો.
પછડાવું, *vt.* Be struck against. અફળાવું; કુટાવું.
પછવાડું, ( રીયર) *n.&a.* Rear. પાછળનો ભાગ; પૂંઠ.
પછવાડે, *ad.* To the rear. પાછળ; પૂંઠે.
પછાડવું, *vt.* Dash on the ground. અફાળવું; પટકવું.
પછાત, (બીહાઇન્ડ) *a.& ad.* Behind. પાછળનું.
પછાતવર્ગ, *n.* Backward class. સંસ્કારમાં પાછળ રહી ગયેલો લોકસમૂહ.

પછી, -છે, *ad.* Afterwards. પાછળ,-થી.
પછીત, (વૉલ) *n.* Wall. ઘરની પાછલી ભીંત.
પછેડી,*n.* Covering for the shoulder. ઓઢવાની જાડી ચાદર. [હલાકી.
પજવણી, (હેરૅસમેન્ટ) *n.* Harassment. પજવવું તે:
પજવવું, (હેરૅસ)*vt.* Harass. ત્રાસ આપવો;હેરાન કરવું.
પજુસણ,-ચુસણ,*n.*Jain holidays.જૈનોનું એક પર્વ.
પટ, (ક્લૉથ) *n.* Cloth. વસ્ત્ર. Chequered board. ખાનાં ચીતરેલું પાટિયું. Curtain. પડદો. Breadth. નદીની પહોળાઇ; વિસ્તાર. *ad.* Quickly. ઝટ.
પટકવું, *vt.* Knock down. પછાડવું ફેંકવું.
પટકૂળ, *n.* Silken garment. રેશમી વસ્ત્ર. [લવારો.
પટપટ, (ક્વીક્લી)*ad.*Quickly.ઝટઝટ.*n.* Babbling.
પટરાણી,*n.*The eldest queen. રાજાની મુખ્ય રાણી.
પટલ, (કવરીંગ) *n.* Covering. ઢાંકણ; પડદો; આંખનો પડદો. Mass. ટોળું.
પટવારી, *n.* Village accountant. તલાટી.
પટાકો, (સ્લૅપ) *n.* Slap. તમાચો; ફટાકો.
પટાદાર, ( સ્ટ્રાઇપ્ડ ) *a.* Striped. પટાપટાવાળું. *n.* Landholder. જમીનદાર.
પટાપટ, (ક્વીક્લી) *ad.* Quickly. જલદી; પટોપટ.
પટાબાજી, *n.* Art of sword-fighting. દાવપેચ.
પટામણું,(ફ્લેટરીંગ)*a.*&*n.*Flattering. ફોસલાવનારું.
પટારો, (બીગ બૉક્ષ) *n.* Big box. મોટી પેટી.
પટાવત, *n.* Land-holder in fief. રાજસેવા બદલ

ગામગરાસ ભોગવનાર.

પટાવવું, ( ચીટ ) *vt.* Cheat. ફોસલાવવું.

પટાવાળો, ( પીઓન ) *n.* Peon. ચપરાસી; નોકર.

પટિયાં, ( સ્ટ્રાઇપ્સ ) *n.* Stripes. ઓળીને પાડેલા વાળના સફાઈદાર પટા.

પટી, પટ્ટી, ( શ્રેડ ) *n.* Shred. પાતળો લાંબો કકડો. Small piece of cloth of resin plaster. ગડ-ગૂમડ પર ચોડવાની પટી.

પટુ, -ટું, ( કલેવર ) *n.* Clever. ચાલાક.

પટેલ,-લિયો,*n.*Headman of a village or caste. ન્યાત કે ગામનો આગેવાન.

પટો, પટ્ટો, ( ડીડ ) *n.* Deed. સનદ; દસ્તાવેજ. Belt. કમરબંધ. Stripe of cloth. કપડાનો લાંબો ચીરો.

પટોપટ, *ad.* One after another. એક પછી એક.

પટોળું,*n.* Fine silken garment. સુંદર રેશમી વસ્ત્ર.

પટ્ટ, ( થ્રોન ) *n.* Throne. રાજગાદી.*a.* Chief.મુખ્ય.

પટ્ટણ,-ન,-ત્તન, ( સીટી ) *n.* City. શહેર.

પટ્ટાભિષેક, (કોરોનેશન)*n.* Coronation. રાજ્યાભિષેક.

પટ્ટુ,*n.*Kind of woolen cloth.ઊનનું એક જાતનું વસ્ત્ર.

પઠન, (સ્ટડીઈંગ) *n.* Studying. ભણતર. [ વળ.

પડ, (લેયર)*n.* Layer. થર. Covering. ઢાંકણ. Fold.

પડકાર,-રો, (કૉલ)*n.* Call.આહ્વાન;મોટેથી સંબોધન.

પડકાર, ( કૉલ ) *vt.* Call. આહ્વાન કરવું.

પડખું, ( સાઈડ ) *n.* Side. પાસુ; પક્ષ. Help. મદદ.

પડઘમ, *n.* Military drum. ઢોલ જેવું વાદ્ય.

પડઘો, ( ઇકો ) *n.* Echo. સામો અવાજ; પ્રતિઘોષ.
પડછાયો, ( શેડો ) *n.* Shadow. ઓળો; પ્રતિબિંબ.
પડતર, *a.* That which a thing has cost. નફો ચડાવ્યા વિનાનું. Uncultivated. ખેડયા વિનાનું.
પડતી, ( ફોલ ) *n.* Fall. પતન; અવદશા.
પડથાર,-રથાર, ( પોર્ટીકો ) *n.* Portico. પહોળી ઓટલી. Level ground. છોબંધ ભોંયતળિયું.
પડદો, -રદો, ( કર્ટન ) *n.* Curtain. આંતરો. Tympanum. કાનનો પડદો. Veil. ઓઝલ. Privacy. ગુપ્ત વાત. [ પડદામાં રહેનારૂં.
પડદેનશીન, -પોશ, *a.* & *a.* Covered with a veil.
પડપછ, ( ઇંકવાયરી ) *n.* Inquiry. પૂછપરછ.
પડવું, ( ફોલ ) *vt.* Fall. નીચે ગબડવું. Cost. કિંમત બેસવી. [લેવું પડ-છાવરી.
પડળ, *n.* Coating over the eye. આંખને છાવરી
પડાપડી, ( રાઇવલ્રી ) *n.* Rivalry. સ્પર્ધા. Crowding. ઉપરાઉપરી પડવું તે.
પડારો, ( બોસ્ટ ) *n.* Boast. શેખી; અભિમાન.
પડાવ, ( કેમ્પ ) *n.* Camp. મુકામ; છાવણી.
પડાવવું, ( સ્નેચ ) *vt.* Snatch. ઝૂંટવી લેવું.
પડાળી, -ળ, *n.* One-sloped roof. અડાળી.
પડિયું, *n.* Either of the stones of a grinding mill. ઘંટીનું પડ.
પડી, -કી, *n.* Small package. નાનું પડીકું.
પડીકું, -ડો, ( પેકેજ ) *n.* Package. કાગળમાં લપેટી

પઢવું, ( લર્ન ) *vt.* Learn. ભણવું. [ કરેલું બાંધણ.
પણ, ( વાઉ ) *n.* Vow. પ્રતિજ્ઞા; ટેક. *conj.* But. પરંતુ. *ad.* Also. વળી.
પણછ, *n.* String of a bow. ધનુષની દોરી.
પણી, *n.* Bundle. ભાજીની ઝૂડી.
પણે, ( ધેર ) *ad.* There. પેલે ઠેકાણે.
પત, –તીજ,( ક્રેડીટ)*n.*Credit.આબરૂ.Trust.વિશ્વાસ.
પતન, (ફૅાલ) *n.* Fall. પડવું તે.[Leprosy.ગળતો કોઢ.
પતનકોણ, *n.* Angle of incidence.વસ્તુ ઉપર કિરણ પડતાં તેની સપાટી સામે કિરણ જે ખૂણો કરે છે તે.
પતરવેલિયું,–તરવેલિયું, *n.* Leaf of plant. અળ-
પતરાજ,–જી, ( બોસ્ટ ) *n.* Boast. બડાઈ.[વીનું પાન.
પતરાજીખોર, ( વેઈન ) *a.* Vain. શેખીખોર.
પતરાળી,–ળું,–વળ,–વળી, *n.* Plate made of leaves. પાંદડાનો કરેલો થાળીજેવો આકાર.Dish.ભાણું.
પતરી, *n.* Thin and small piece of metal. ધાતુનો નાનો કકડો. [સપાટ આકાર.
પતરું, (ટીનશીટ) *n.* Tin sheet. ટીનનો પાતળો મોટો
પતવવું,–તાવવું, (સેટલ) *vt.* Settle. પતે એમ કરવું.
પતવું, ( એન્ડ ) *vt.* End. પૂરું થવું–તોડ આવવો.
પતંગ, ( પેપર કાઇટ ) *n.* Paper-kite. કનકવો.
પતંગિયું, ( બટર-ફ્લાય ) *n.* Butter-fly. ફુંદું.
પતાકડું,(પેનફ્લેટ)*n.*Pamphlet.કાગળનો નાનો ટુકડો.
પતાકા, ( ફ્લેગ ) *n.* Flag. ધ્વજા.
પતાવટ, (સેટલમેન્ટ)*n.* Settlement. તોડ;પતાવવું તે.

પતાસું,(શુગર-કેક)*n.*Sugar-cake.ખાંડની એક બનાવટ.

પતિ, (હઝબંડ) *n.* Husband. ધણી.Master. માલિક.

પતિત, ( ફૉલન ) *a.* Fallen. પડેલું; પાપી.

પતિતપાવન, *a.* Purifying the wicked. પતિતને પાવન કરનારૂં. *n.* God. ઈશ્વર.

પતિવ્રત, ( ચેસ્ટીટી ) *n.* Chastity. શિયળ;પતિભક્તિ.

પતિયું, -લ, *a.* Suffering from leprosy. પતના રોગવાળું.

પતીકું, ( ચીપ ) *n.* Chip. કાતળી.

પતેતી,*n.* The New Year day of the Parsees. પારસીઓના બેસતા વર્ષનો તહેવાર.

પતેલી,-લું, *n.* Metallic vessel. તપેલી-લું.

પત્તું,(લીફ) *n.* Leaf,પાંદડું.Card. લખવાનું કે રમવાનું પત્તું.

પત્તો,(ટ્રેસ)*n.*Trace. ભાળ;ખબર.Address.ઠામઠેકાણું.

પત્ની, ( વાઈફ ) *n.* Wife. વહુ.

પત્ર, ( લેટર ) *n.* Letter. કાગળ. Leaf. પાંદડું. Paper. છાપું.

પત્રક,(રજીસ્ટર)*n.* Register. નોંધપોથી.

પત્રકાર, (જર્નલીસ્ટ) *n.* Journalist. છાપામાં લખવાના ધંધાવાળો.

પત્રકારિત્વ, ( જર્નાલિઝમ ) *n.* Journalism. છાપાનો ધંધો; પત્રકારનું કામ.

પત્રલેખક,(કૉરસ્પૉન્ડન્ટ)*n.* Correspondent.છાપામાં પત્ર લખનાર.

પત્રવ્યવહાર, ( કૉરસ્પૉન્ડન્સ )*n.* Correspondence. કાગળપત્ર લખવા તે.

પત્રાવલિ,-વળ,-ળું, *n.* Leaf-dish. પતરાવળ.

પત્રિકા, ( નોટ ) *n.* Note ચિઠ્ઠી. Slip. નાનું છાપું.

પથ, ( પાથ ) *n.* Path. માર્ગ.

પથરણું, પાથરણું, (કાર્પેટ) *n.* Carpet. બેસવા માટે પાથરેલું કપડું. [કરેલી ઊંચી જમીન.
પથરાણ, *n.* Raised seat. માટી વિગેરે પાથરીને
પથરી, *n.* Small-stone. નાનો પત્થર; કાંકરી. Stone in bladder. મૂત્રમાર્ગનો એક રોગ.
પથારો, –થીરો, (એકસ્પાન્સ) *n.* Expanse. વિસ્તાર.
પથારી, (બેડીંગ) *n.* Bedding. બિસ્તરો. Sickness.
પથારીવશ, (સીક) *a.* Sick. માંદું. [માંદગી.
પથિક, (વે-ફેરર) *n.* Way-farer. વટેમાર્ગુ.
પથ્થર, –થરો, (સ્ટોન) *n.* Stone. પાષાણ.
પથ્થરપાટી, (સ્લેટ) *n.* Slate. પત્થરની લખવાની પાટી.
પથ્ય, (ડાયેટ) *n.* Diet. પથ્ય ખોરાક; કરી; પરહેજી. *a.* Beneficial. હિતકર.
પદ, (ફુટ) *n.* Foot. પગ. Rank. દરજ્જો. Root. મૂળ. Line of a verse. કવિતાની કડી.
પદક, (મેડલ) *n.* Medal. ચાંદ.
પદચ્છેદ, (એનેલીસીસ) *n.* Analysis. પદનું વ્યાકરણ.
પદચ્યુત, –ભ્રષ્ટ, (ડીસ્મીસ્ડ) *a.* Dismissed. પદ પરથી દૂર થયેલું. [નીચે આપેલી નોંધ.
પદટિપ્પણ, –ણી, (ફુટનોટ) *n.* Foot-note. લખાણમાં
પદબંધ, (વર્સીફીકેશન) *n.* Versification. પદોમાં સળંગ કાવ્યની રચના.
પદર, (સેલ્ફ) *a.* Self. પોતાનું. *n.* Support. આધાર. End of a garment. લૂગડાનો છેડો.
પદવી, (રેન્ક) *n.* Rank. દરજ્જો. *n.* Title. ઇલ્કાબ.

Degree. ઉપાધિ.

**પદવીદાનસમારંભ,** (કોન્વોકેશન) *n.* Convocation. પદવી આપવાની વિધિનો ઉત્સવ. [ ધારણ કરનાર.

**પદવીધર,** (ડીગ્રી-હોલ્ડર) *n.* Degree-holder. ઉપાધી

**પદાર્થ,-રથ,** (થીંગ) *n.* Thing. ચીજ; વસ્તુ.Matter. તત્વ. Object. વસ્તુ. Literal meaning of a sentence. શબ્દાર્થ.

**પદાર્થપાઠ,***n.*Object lesson. પ્રત્યક્ષ પદાર્થદ્વારા બોધ.

**પદાર્થવિજ્ઞાન,** ( ફીઝીક્સ ) *n.* Physics. ભૌતિક પદાર્થના ગુણધર્મની મીમાંસા કરતું શાસ્ત્ર. [ કાવ્યસંગ્રહ.

**પદાવલિ, -લી, -દ્યાવલી,***n.* Collection of verses.

**પદાવવું,** (ફ્રાઇટન) *vt.*Frighten. ફૂસ કાઢવી. Cause to break wind. પાદે એમ કરવું.

**પદેડવું,-દોડવું,**(ટાયર)*vt.* Tire.થકવવું.Soil.બગાડવું.

**પદ્ધતિ,** ( મેથડ ) *n.* Method. રીત. Manual. કોઈ પણ કામ કરવાની રીત નિરૂપતો ગ્રંથ.

**પદ્મ,** ( લોટસ ) *n.* Lotus. કમળ.

**પદ્મગર્ભ, -નાભ,** ( વિષ્ણુ ) *n.* Vishnu. વિષ્ણુ.

**પદ્મા,-લતા,** ( લક્ષ્મી ) *n.* Laxmi. લક્ષ્મી.

**પદ્મિની,** *n.* Lotus plant. કમળનો છોડ. Most beautiful woman. અત્યંત સુંદર સ્ત્રી.

**પદ્ય,** ( વર્સ ) *n.* Verse. કવિતા. Metrical composition. છંદબદ્ધ રચના. [ કરેલી રચના.

**પદ્યબંધ,** *n.* Poetical composition. પદ્યમાં

**પધરામણી,***n.*Invitation to the entertainment.

પધારવું કે પધરાવવું તે.
પધરાવવું, *vt.* Invite respectfully. માનથી તેડી આણવું કે પહોંચાડવું. Sell off by cheating. બીજાને બઝાડી દેવું.
પધારવું, *vt.* Come or go. આવવું કે જવું.
પનઘટ, *n.* Place for drawing water. પાણીનો ઘાટ; જળાશય.
પનાઈ, (બોટ) *n.* Boat. હોડી.
પનારો, ( કંપની ) *n.* Company. ફરજિયાત સહવાસ.
પનાહ, ( પ્રોટેકશન ) *n.* Protection. રક્ષણ.
પનચારી,--હારી, *n.* Woman carrying water. પાણી ભરીને જતી સ્ત્રી.
પનીર, ( ચીઝ ) *n.* Cheese. એક ખાદ્ય પદાર્થ.
પનુ, A preperation from mangoes etc. કેરી વગેરેનું એક ખાટું પીણું.
પનો, *n.* Breadth of cloth. કાપડની પહોળાઈ.
પનોતી, ( ઇલ-ફેટ ) *n.* Ill-fate. પડતી દશા.
પનોતું, ( ઓસ્પીશ્યસ ) *a.* Auspicious. શુભ; મંગળકારી.
પપનસ, ( પ્યુમેલો ) *n.* Pumelo. એક ફળ.
પપૈયું, *n.* Carica papaya. એક ફળ.
પપૈયો, *n.* Papaya plant. પપૈયાનું ઝાડ. Pied-crested cuckoo. ચાતક; બપૈયો. Boil. ફોલ્લો.
પમરવું, ( સેન્ટ ) *vt.* Scent. મઘમઘવું.
પમરાટ, ( સેન્ટ ) *n.* Scent. સુવાસ.
પય, ( વોટર ) *n.* Water. પાણી. Milk. દૂધ.
પયગંબર, ( પ્રોફેટ ) *n.* Prophet. માણસ માટે

ઈશ્વરનો સંદેશો લઈ આવનાર; નબી.
પયગામ, ( મેસેજ ) *n.* Message. સંદેશો.
પયોદ, ( ક્લાઉડ ) *n.* Cloud. વાદળ.
પયોધર, ( બ્રેસ્ટ ) *n.* Breast. સ્તન. Cloud. વાદળ.
પયોધિ, -નિધિ, ( સી ) *n.* Sea. દરિયો.
પર, ( એલાયન ) *a.* & *n.* Alien. પારકું; અન્ય. Distant. દૂર. Best. શ્રેષ્ટ. *ad.* Above. ઉપર.
પરકમ્મા, *n.* Circumambulation. પ્રદક્ષિણા. [પારકું.
પરકીય, *a.* Belonging to another person. બીજાનું;
પરકીયા, *n.* Wife of another person. પારકાની
પરખ, *n.* Test. પરિક્ષા. [સ્ત્રી. Mistress. રખાત.
પરખવું, ( ટેસ્ટ ) *vt.* Test. પરિક્ષા કરવી; પારખવું.
પરખાવું, *vt.* Be known. ઓળખાવું. [પરોપકારી.
પરગજુ,-માર્થી, ( બેનીવોલંટ ) *a.* Benevolent.
પરગણું, ( ડીસ્ટ્રીક્ટ ) *n.* District. તાલુકો.
પરગામી,-જન, ( ફોરીનર ) *n.* Foreigner. પરદેશી.
પરચૂટણ,-રણ, ( મીસલેનીયસ ) *a.* Miscellaneous. કુટકળ. *n.* Change. પરચુરણ.
પરચો, -તો, *n.* Awe. પ્રતાપ. Miracle. ચમત્કાર.
પરછંડ, ( રોબસ્ટ ) *a.* Robust. હૃષ્ટપુષ્ટ. Bulky. કદાવર.
પરછંદો, ( ઇકો ) *n.* Echo. પડઘો. [કબુલાત.
પરઠ,-ણ, પડણ, ( એગ્રીમેન્ટ ) *n.* Agreement. કરાર;
પરઠવું, *vt.* Settle. નક્કિ કરવું. Contract. કરાર કરવો. Go. વિદાય થવું. Hold. પકડવું. Know. જાણવું.
પરડ, ( બોધરેશન ) *n.* Botheration. માથાફોડ.

પરણવું, (મેરી) *vt.* Marry. લગ્ન કરવું.
પરણેત, –તર, (મૅરેજ)*n.*Marrage.લગ્ન.Wife.પત્ની.
પરણ્યો, (હઝબંડ) *n.* Husband. પતિ; પરણનારો.
પરત, *ad.* In return. પાછું.
પરતંત્ર,–વશ, (ડીપેન્ડંટ) *n.* Dependent. પરાધીન.
પરત્વે,*ad.* With reference to. વિષે; સંબંધમાં.
પરદાદો, *n.*Great grandfather. પ્રપિતામહ;દાદાનો બાપ. [ પારકાની સ્ત્રી.
પરદારા,–રે,–નાર,–સ્ત્રી,*n.*Wife of another man.
પરદારાગમન, (ડીબોચરી)*n.* Debanchery.વ્યભિચાર.
પરદારાગામી, ( ડીબોશ ) *a.* Debauch. વ્યભિચારી.
પરદુ:ખ, *n.* Sorrows of others. પારકાનું દુ:ખ.
પરદૂ:ખભંજન,–હાર, ( ફીલાનથ્રોપીસ્ટ ) *n.* Philanthropist. બીજાનું દુ:ખ દૂર કરનાર.
પરદેશ, *n.* Foreign country. પારકો દેશ.
પરદેશી, ( ફોરીનર ) *a.* & *n.*Foreigner. પરદેશનું– [ ત્યાંનો વતની.
પરદો,—જુઓ 'પડદો'.
પરધર્મ,*n.*Religion not one's own.સ્વધર્મ નહિ તે.
પરધર્મી,*a.* Belonging to other religion. બીજા ધર્મવાળું. [ પાણી ઝીલવાની લાકડાની નીક.
પરનાળ,–ળું, ( વોટર-પાઇપ )*n.* Water-pipe. નેવાનું
પરપુરૂષ, *n.* Another person than one's own husband. પતિ સીવાયનો બીજો પુરૂષ.
પરપોટો, ( બબલ ) *n.* Bubble. હવાથી પ્રવાહીમાં થતો ફુક્કો. [ પાવાની જગા.

પરબ, *n.* Watering place. રસ્તામાં મુસાફરને પાણી
પરબડી, *n.* A high stand on which grain and water are placed for pigeons, squirrels etc. પંખીઓને દાણા નાખવા માટે થાંભલા પર કરેલું મકાન.
પરબીડિયું,(એન્વેલપ)*n.* Envelope.કાગળની કોથળી.
પરબ્રહ્મ, *n.* The Supreme Being. પરમાત્મા.
પરભવ, *n.* Next life. બીજો અવતાર.
પરભાર્યું,-રું,-બારું, *ad.* Directly. બારોબાર.
પરભાષા,( ફોરીન ટંગ )*n.*Foreign tongue.બીજાની બોલી.
પરભૃત, ( કકુ ) *n.* Cuckoo. નરકોકિલ.
પરભૃતા,-તિકા, (કકુ ) *n.* Cuckoo. કોયલ.
પરભોગી,*a.* Enjoyed by another.બીજા વડે ભોગવાવું.
પરમ, ( બેસ્ટ ) *a.* Best. ઉત્તમ.
પરમગતિ,-પદ, ( સાલ્વેશન )*n.* Salvation. મોક્ષ.
પરમદહાડો, *n.* Day before yesterday or day after tomorrow.ગઈ કાલ પહેલાંનો કે આવતી કાલ પછીનો દિવસ.
પરમહંસ,(એસેટીક)*n.*Ascetic.એક પ્રકારનો સંન્યાસી.
પરમાણ,—જુઓ 'પ્રમાણ.' *ad.*Certainly. નિશ્ચે;નક્કી.
પરમાણુ, ( એટમ ) *n.* Atom. ઝીણામાં ઝીણો અણુ.
પરમાણું, (મેઝર) *n.* Measure.માપ.
પરમાત્મા, ( ગોડ ) *n.* God.ઈશ્વર.
પરમાર્થ, (બેનીવોલંસ ) *n.* Benevolence.પરોપકાર.
પરમિયો, (ગોનોરીયા)*n.* Gonorrea.પ્રમેહ; એક રોગ.
પરમેશ,-શ્વર, ( ગોડ ) *n.* God. ઈશ્વર.

પરરાજ્ય,(ફોરીન રૂલ)*n.*Foreign rule.વિદેશીનો અમલ.
પરલક્ષી, ( ઓબ્જેક્ટીવ )*a.* Objective. બીજાને લક્ષ કરતું. [ વગેરે બીજો લોક.
પરલોક, *n.* The other world. મૃત્યુ પછીનો સ્વર્ગ
પરલોકવાસ, ( ડેથ )*n.* Death. મૃત્યુ. [ પામેલું.
પરલોકવાસી, (લેઈટ) *a.* Late. મરહૂમ. Dead. મરણ
પરવ, ( ફેસ્ટીવલ ) *n.* Festival. તહેવાર; પર્વ.
પરવડવું, (એફોર્ડ) *vt.* Afford. પાલવવું; પોસાવું.
પરવરદિગાર, ( ગોડ ) *n.* God. પરમાત્મા.
પરવરવું, ( ડીપાર્ટ ) *n.* Depart. જવું. [ અરદાસ.
પરવરશ,--શી,(નરીશીંગ)*n.*Nourishing. પાલનપોષણ;
પરવશ, (ડીપેન્ડંટ )*a.* Dependent. પરાધિન.
પરવળ, *n.* Vegetable. એક શાક.
પરવા, ( કેર ) *n.* Care. દરકાર. Concern. ગરજ.
પરવાનગી, ( પરમીશન ) *n.*Permission. રજા.
પરવાનો, ( પાસપોર્ટ ) *n.* Passport. રજાનો લેખી હુકમ. Butterfly. પતંગિયું. Freedom. છૂટ.
પરવારવું, *vt.* To be free. કામ આટોપી નવરૂં થવું.
પરવાળું, ( કોરલ ) *n.* Coral. પ્રવાલ.
પરવિષયક, *a.* Concering another. બીજાને લગતું.
પરશુ, (એક્ષ) *n.* Axe.કુહાડી. [ ઘરનો આગલો ખંડ.
પરસાળ, –ડસાળ,*n.* Front portion of a house.
પરસેવો, ( પરસ્પીરેશન ) *n.* Perspiration.ચામડીનાં છિદ્રોમાંથી નિકળતું પાણી.
પરસ્ત, ( ડીવોટેડ ) *a.* Devoted. પૂજક; ભક્ત.

પરસ્તી, ( ડીવોશન )*n.* Devotion. ભક્તિ; પૂજા.
પરસ્પર, ( મ્યુચ્યુઅલી)*ad.* Mutually. એક બીજાને; અરસપરસ. [ પરસ્પર આશરો રાખતું.
પરસ્પરાવલંબી,-બ્રિત, *a.* Mutually dependent.
પરહરવું, ( ફરસેક )*vt.* Forsake. તજવું.
પરહેજ, ( એરેસ્ટેડ )*a.* Arrested. બંધનમાં પડેલું.
પરહેજગાર, (ડીવાઉટ)*a.* Devout. સંયમી.
પરહેજી, ( ડાયટ ) *n.* Diet. કરી. Restraint. કેદ.
પરંતુ, ( બટ ) *conj.* But. પણ.
પરંપરા, *n.* Regular succession. હાર; શ્રેણી. Tradition. ઘણા કાળથી ચાલતો આવેલો રિવાજ.
પરંપરાગત,-રિત,-રીણ, (હેરીડેટરી)*a.* Heridatory. વંશમાં ચાલ્યું આવતું.
પરા, ( બેસ્ટ ) *a.* Best. ઉત્તમ; શ્રેષ્ઠ.
પરાકાષ્ઠા, *n.* Uttermost extremity. છેલ્લી હદ.
પરાક્રમ, ( બ્રેવરી ) *n.* Bravery. બહાદુરી. Valour.
પરાક્રમી,(વેલીયંટ) *a.* Valiant.શુરવીર. [ શુરાતન.
પરાગ,*n.* Pollen of flower. ફુલમાંની રજ. [ કરનારૂં.
પરાગતિક,(રીએકશનરી) *a.* Reactionary. પાછી ગતિ
પરાંગમુખ,*a.* With the face turned away from.
પરાજય,-ભવ, (ડીફીટ )*n.* Defeat. હાર. [ વિમુખ.
પરાણે, ( ફોર્સીબ્લી ) *ad.* Forcibly. બળાત્કારે.
પરાણો,-ણી,(ગોડ) *n.* Goad. આરવાળી લાંબી લાકડી.
પરાધીન, ( ડીપેન્ડંટ )*a.* Dependent. પરવશ.
પરાપૂર્વ,*n.* Very old times.બહુ જૂનો સમય.

પરામર્શ, (સીઝીંગ)*n.* Seizing. પકડવું તે. Violence. બળાત્કાર. Reflection. વિચાર. Deduction. અનુમાન. Recollection. સ્મૃતિ.
પરાયણ, (એડહીયરીંગ) *a.* Adhering. લીન.
પરાયું, *a.* Not one's own. પારકું.
પરાર, *ad.* The year before the last or the year after the next. ગયે કે આવતે ત્રીજે વર્ષે.
પરાર્થ, ( બેનીવોલંસ ) *n.* Benevolence. પરોપકાર. *a.* For another. બીજાને માટે હોય તેવું.
પરાવર્ત,(એક્ષચેન્જ ) *n.* Exchange. વિનિમય;બદલો.
પરાવર્તન,(રેસ્ટોરેશન)*n.* Restoration. પાછું ફરવું તે.
પરાવર્તનકોણ,*n.* Angle of reflection. દર્શક વસ્તુ પર પડતું કિરણ પાછું ફરતાં પતનકોણથી વિરૂદ્ધ ખૂણો કરે છે તે.
પરાવર્તિત, (ટર્નડબેક)*n.*Turned back.પાછું ફેરવેલું.
પરાવલંબન, ( ડીપેન્ડંસ ) *n.* Dependence. પારકા પર આધાર રાખવો તે.
પરાવલંબી, ( ડીપેનડંટ ) *a.* Dependent.પારકા પર આધાર રાખતું.
પરાશ,-ત,*n.*Water floating on the surface of whey. છાશ ઉપરનું પાણી.
પરાસ્ત, -જિત, ( ડીફીટેડ ) *a.* Defeated. હારેલું.
પરાળ, *n.* Rice-straw. ડાંગર વગેરેનું ખરસલું.
પરિ, A prefix.એક ઉપસર્ગ,જેમકે:પરિક્રમ; પરિગણના.
પરિક્રમણા,-ક્રમ,-ક્રમા, *n.* Circumambulation. પ્રદક્ષિણા.
[ Dependents. પરિવાર.

પરિગ્રહ, ( એકસેપ્ટન્સ ) *n.* Acceptance. સ્વિકાર.
પરિઘ, *n.* Circumference of a circle. વર્તુળનો ઘેરાવો. [ સહવાસ.
પરિચય,(એકવેઈનટંસ)*n.* Acquaintance. ઓળખાણ;
પરિચર,-જન,-ચારક, ( સર્વંટ ) *n.* Servant. નોકર.
પરિચર્યા, ( સર્વીસ ) *n.* Service. સેવા.
પરિચારિકા,-રિણી, *n.* Maid-servant. દાસી.
પરિચિત, ( ફેમીલીયર ) *a.* Familiar. ઓળખીતું.
પરિચ્છેદ, (ડીવીઝન )*n.* Division. ભાગ.Boundary. સીમા. [ ઝૂકેલું. Ended. અંત પામેલું.
પરિણત,(મેચ્યોર્ડ)*a.* Matured.પાકું થયેલું. Stooping.
પરિણમવું, ( રીઝલ્ટ ) *vt.* Result. પરિણામ આવવું. End. અંત આવવો.
પરિણામ, (રીઝલ્ટ)*n.* Result. નતીજો;ફળ. End.અંત.
પરિણીત, ( મેરીડ ) *a.* Married. પરણેલું. [દાઝેલું.
પરિતપ્ત, ( પેઈન્ડ )*a.* Pained. દુઃખિત. Burned.
પરિતાપ, (પેઈન)*n.* Pain.-દુઃખ. Heat.તાપ [પામેલું.
પરિતુષ્ટ,-તૃપ્ત, ( સેટીસફાઇડ )*a.* Satisfied. સંતોષ
પરિત્યક્ત, (ડીસ્કાર્ડેડ ) *a.* Discarded. છોડી દીધેલું.
પરિત્યાગ, *n.* Abandonment. છોડી દેવું તે.
પરિધાન, ( ક્લોધ્સ ) *n.* Clothes. વસ્ત્ર. Wearing.
પરિપક્વ, (રાઈપ) *a.* Ripe. પાકેલું. [ પહેરવું તે.
પરિપત્ર, ( સરક્યુલર ) *n.* Circular. લાગતાવળગતાની જાણ માટે ફેરવેલો પત્ર. [ પાલન.
પરિપાલન,-ના,*n.* Protection.રક્ષણ.Nourishing.

પરિપુષ્ટ, (નરીશ્ડ) *a.* Nourished. સારી રીતે પોષણ પામેલું. [ ભરપૂર.
પરિપૂર્ણ, -ર્ત્ત, ( ક્વાયટ ફીલ્ડ ) *a.* Quite filled.
પરિભાષણ, ( ડીસ્કોર્સ ) *n.* Discourse. વાર્તાલાપ; સંભાષણ. Abuse. નિંદા.
પરિભાષા, ( ટર્મિનોલોજી ) *n.* Terminology. કોઇ પણ શાસ્ત્રની સાંકેતિક સંજ્ઞાઓ કે શબ્દો.
પરિભ્રમણ, *n.* Turning round. ભ્રમણ; ગોળ ફરવું તે.
પરિમલ,-ળ, (પરફ્યુમ) *n.* Perfume. સુગંધ.
પરિમાણ, (મેઝર) *n.* Measure. માપ.
પરિમિત, ( મોડરેટ ) *a.* Moderate. મર્યાદિત. Little. અલ્પ. Measured. માપેલું. [તોલ. Limit. સીમા.
પરિમિતિ, ( મેઝર ) *n.* Measure. માપ. Weight.
પરિમેય, ( મેઝરેબલ ) *a.* Measurable. માપી શકાય તેવું. Limited. મર્યાદિત. *n.* Magnitude. માન.
પરિયો, ( એનસેસ્ટર ) *n.* Ancestor. પૂર્વજ; વંશજ.
પરિરંભ,-ણ, (એમ્બ્રેસ) *n.* Embrace. આલિંગન.
પરિવર્ત,-ર્તન, (ચેન્જ) *n.* Change. ફેરફાર. Revolution. ક્રાંતિ. Turning round. ગોળ ફરવું તે.
પરિવર્તક, (ચેન્જીંગ) *a.* Changing. ફેરફાર કરતું.
પરિવર્તી, (ચેન્જીંગ) *a.* Changing. બદલાતું.
પરિવાર,-રીવાર,(ફેમીલ) *n.* Family. કુટુંબકબીલો.
પરિવૃત, ( રીવોલ્વ્ડ ) *a.* Revolved. વીંટાયેલું. *n.* Embrace. આલિંગન.
પરિવ્રાજક, (એસેટીક) *n.* Ascetic. સન્યાસી.

પરિશિષ્ટ, (એપેન્ડીક્ષ) *n.* & *a.* Appendix. પુરવણી.
પરિશીલન, (ટચ)*n.*Touch. આલિંગન.Study.સેવન.
પરિશેષ, (રીમેઇનીંગ) *n.* Remaining. બાકી રહેલું.
પરિશ્રમ, (લેબર) *n.* Labour. મહેનત.
પરિષદ, ( કોનફરંસ ) *n.* Conferance. સભા.
પરિસીમા, (બાઉન્ડરી) *n.* Boundary. હદ; સીમા.
પરિસ્તાન,( ફેરીલેન્ડ)*n.* Fairy–land.પરીઓનો મૂલક.
પરિસ્થિતિ,*n.*Circumstances.આજુબાજુની સ્થિતિ–
પરિહરવું,(એબનડન)*vt.*Abandon. તજવું. [સંજોગ.
પરિહાર, (ગીવીંગ અપ)*n.* Giving up. ત્યાગ.
પરિહાર્ય,(એવોઇડેબલ)*a.*Avoidable.ટાળી શકાય એવું.
પરિહાસ,(રીડીક્યુલ) *n.* Ridicule. મશ્કરી.
પરિંદુ, (બર્ડ) *n.* Bird. પક્ષી.
પરી, (ફેરી) *n.* Fairy. પાંખોવાળી દેવતાઈ સુંદરી.
પરીકથા, ( ફેરી ટેલ ) *n.* Fairy-tale. પરીઓ જેમાં
આવતી હોય એવી અદ્ભૂત કથા.
પરીક્ષક, (એક્ઝામીનર)*n.*Examiner. પરીક્ષા કરનાર.
પરીક્ષા, *n.* Examination. તપાસ; કસોટી.
પરીક્ષાપત્ર,–ક, *n.* Question-paper.પ્રશ્નપત્ર.
પરૂ, (પસ) *n.* Pus. પાચ. [Distant. દૂર;અલગ.
પરું, ( સબર્બ ) *a.* Suburb. ઉપનગર. *n.* & *ad.*
પરેશાન, *a.* Perplexed. હેરાન; વ્યાકુલ. Cunning.
ધૂર્ત; ચતુર.
પરેશાની, *n.* Perplexity. મુસીબત; વ્યાકુલતા.
પરોક્ષ, ( ઈનડીરેક્ટ ) *a.* & *ad.* Indirect. અપ્રત્યક્ષ;

પરોઢ, *n.* Day-break. પ્રભાત; સવાર. [ ગેરહાજર.
પરોઢિયું, *n.* Early morning. મળસકું.
પરોણાગત,–ચાકરી, (હોસ્પીટાલીટી)*n.*Hospitality. આતિથ્ય; મેહમાનગીરી.
પરોણો, ( ગેસ્ટ ) *n.* Guest. મહેમાન.
પરોપકાર, –કૃતિ, ( બેનીવોલંસ ) *n.* Benevolence. પારકાનું ભલું કરવું તે. [ કરનારૂં.
પરોપકારી, (બેનીવોલંટ) *a.* Benevolent. પરોપકાર
પરોપજીવી, ( પેરેસાઇટ ) *n.* & *a.* Parasite. પારકા ઉપર જીવનાર.
પરોવવું, *vt.* Thread a needle. સોયમાં દોરો ઘાલવો. Connect. જોડવું. Employ. લગાડવું.
પર્ણ, ( લીફ ) *n.* Leaf. પાંદડું.
પર્ણકુટિ, –ટી, (હટ) *n.* Hut. ઝૂંપડી.
પર્દેનશીન,–પોશ,(વેઇલ્ડ)*a.* Veiled.પડદામાં રહેનારૂં.
પર્યટન, (જર્ની) *n.* Journey. મુસાફરી.
પર્યવસાન, (એન્ડ) *n.* End. અંત.
પર્યંક, ( કોટ ) *n.* Cot. પલંગ.
પર્યંત, (ટીલ) *ad.* Till. લગી; સુધી. *n.* End. અંત.
પર્યાપ્ત,(કંપલીટેડ)*a.*Completed.સંપૂર્ણ.Enough. પૂરતું. [ Synonym. સમાનાર્થ શબ્દ.
પર્યાય, (મેનર) *n.* Manner. રીત. Device. યુક્તિ.
પર્યુષણ, –જુઓ 'પજુસણ.'
પર્યેષણ,–ણા, (સર્ચ) *n.* Search. શોધ; તપાસ.
પર્વ, ( ચેપ્ટર ) *n.* Chapter. પ્રકરણ; ગ્રંથનો ભાગ.

પર્વત, *n.* Mountain. પહાડ. [ Festival. તહેવાર.
પલ,-ક, (મોમેન્ટ) *n.* Moment. ક્ષણ.
પલકવું, (સ્પાર્કલ) *vt.* Sparkle. ઝબકવું.
પલકારો, *n.* Twinkling of an eye. આંખનું પલકવું તે; અણસારો. [ ટુકડી.
પલટણ, -ન, *n.* Regiment of soldiers. લશ્કરની
પલટવું, ( ચેન્જ) *vt.* Change. બદલવું.
પલટો, ( ચેન્જ ) *n.* Change. ઉથલો; ફેરફાર. Rise and fall of notes in music. ગાતાં સ્વરને ઉતારવો. અને ચડાવવો તે. [ પીગળવું.
પલળવું, *vt.* Become wet. ભીનું થવું. Be persuaded.
પલંગ, *n.* Big cot. મોટો ખાટલો
પલાણ, ( સેડલ ) *n.* Saddle. ઘોડાની પીઠ પર નાખવાનો સામાન. Ride. સવારી.
પલાણવું, ( માઉન્ટ) *vt.* Mount. સવારી કરવી.
પલાયન, ( ફ્લીઈંગ ) *n.* Fleeing. નાસી જવું તે.
પલાવ, *n.* A rich dish. એક વાની.
પલાશ, *n.* Kind of tree. ખાખરો. [ પોચું કરવું.
પલાળવું, *vt.* Wet. ભીંજવવું. Persuade. મન
પલાખું, -લાંખું, *n.* Question regarding the multiplication tables. આંકના પાડાનો પ્રશ્ન.
પલાંઠી, (સ્કવેટીંગ) *n.* Squatting. પગ વાળીને ચપટ
પલીત, (ઘોસ્ટ)*n.*Ghost. ભૂતપ્રેત. [બેસવાની એક રીત.
પલીતો, *n.* Priming wick. જામગરી.
પલોટવું, -ળોટવું, ( ટ્રેન ) *vt.* Train. કેળવવું. Sha-

mpoo. ચંપી કરવી.

પલ્લવ, (બડ) *n.*Bud કળી; કૂંપળ. Red-dye. અળતો. Appendage of a garment. પાલવ.

પલ્લવિત, *a.* Having leaves. નવાં પાનના ફાલથી બેલૂર થઈ રહેલું.

પલ્લવી, *a.* Having leaves. પલ્લવોવાળું.*n.* Transmission of ideas by signs. ચલનવલનથી કરેલા ઇશારા. ઉદા: કરપલ્લવી; નેત્રપલ્લવી.

પલ્લી, (વીલેજ)*n.* Village. ગામડું. Lizard. ગરોળી.

પલ્લું, *n.* One of the scales of a balance.ત્રાજવાનું એક છાબડું. Money conferred on the bride by the bridegroom. વર તરફથી કન્યાને અપાતું સ્ત્રીધન.

પવન, (વીન્ડ) *n.* Wind. વહેતો વાયુ.

પવનચક્કી,(વીન્ડમીલ) *n.* Windmill. પવનથી ચાલતી ચક્કી.

પવાડો,*n.*Epic poem. વીરનું પ્રશસ્તિકાવ્ય.Slander. નિંદા.

પવાલી,-લું,(કપ) *n.* Cup. પ્યાલો.Metallic vessel, મોટું વાસણ.

પવિત્ર,(પ્યોર) *n.* Pure. પાવન; શુદ્ધ.

પવૈયો, (ઇનોક) *n.* Eunuch. હીજડો.

પશમ, (હેર) *n.* Hair. રૂંવાટી; વાળ.

પશુ, (એનીમલ) *n.* Animal. જાનવર;ચોપગું પ્રાણી.

પશુપતિ,-પાલ, (શીવ)*n.* Shiva.શંકર. Shepherd. ગોવાળ.

પશુવૃત્તિ, *n.* Beastliness. પાશવતા.

પશુવૈદક,*n.*Veterinary science.પશુઓ માટેનું વૈદું.

પશુશાસ્ત્ર, ( ઝૂલોજી ) *n.* Zoology. પશુનું-તેના

**પશ્ચાત**, *ad.* Afterwards. પછી. [પાલન વગેરેનું શાસ્ત્ર.
**પશ્ચાતાપ**, (રીપેનટન્સ)*n.* Repentance. ખેદ;પસ્તાવો.
**પશ્ચાદ્ભૂમિ**, (બેકગ્રાઉન્ડ) *n.* Background. ચિત્રની પાછળની ભૂમિકા. [ Hinder. પાછલું-પાછળનું.
**પશ્ચિમ**, ( વેસ્ટ ) *n.* & *a.* West. આથમણી દીશા.
**પસ,-લી**, ( હેન્ડફુલ ) *n.* Handful.ખોબો; પોશ.
**પસરવું**, (સ્પ્રેડ ) *vt.* Spread. ફેલાવું.
**પસંદ**, (એપ્રુવ્ડ) *a.* Approved. ગમતું; સ્વિકારેલું.
**પસંદગી**, ( એપ્રુવલ ) *n.* Approval. પસંદ કરવું તે.
**પસાયતું**, *n.* Gift of land. બક્ષિસ તરીકેની જમીન.
**પસાર**, *a.* Gone away. ગયેલું. Passed. વટાવેલું. Successful. પાર ઉતરેલું. *n.* Expanse. ફેલાવો; વિસ્તાર. [ લંબાવવું.
**પસારવું**, ( સ્પ્રેડ )*vt.* Spread. ફેલાવવું. Lengthen.
**પસીનો**, ( પરસ્પીરેશન ) *n.* Perspiration. પરસેવો.
**પસ્તાનું**, *n.* Departure. પ્રસ્થાન.
**પસ્તાવો**, *n.* Repentance. પશ્ચાતાપ; ખેદ.
**પસ્તાવું**, (રીપેન્ટ ) *vt.* Repent. પસ્તાવો કરવો.
**પસ્તાળ**, *n.* Shower of scolding. વાણીના પ્રહાર.
**પસ્તી**, *n.* Refuse of papers. નકામા રદ્દી કાગળ.
**પહાડ**, *n.* Mountain. પર્વત. [ Strong. મજબૂત.
**પહાડી**, (માઉન્ટનસ ) *a.* Mountainous. પહાડનું.
**પહાણ,-ણો**, ( સ્ટોન ) *n.* Stone. પર્વત.
**પહાણી**, ( સર્વે ) *n.* Survey. તપાસણી.
**પહાણીપત્રક**, *n.* Survey-report. જેમાં ખેતર,તેમાંનાં

ઝાડ અને પાકની નોંધ લેવાય છે તે તલાટીનું પત્રક.
પહેરણ, ( શર્ટ ) *n.* Shirt. કુડતું; બદન.
પહેરવું, ( વેર ) *vt.* Wear.શરીર પર ધારણ કરવું.
પહેરવેશ, ( ડ્રેસ ) *n.* Dress. પોશાક.
પહેરામણી, ( ડાવરી ) *n.* Dowry. બક્ષીસ.
પહેરેગીર, (ગાર્ડ ) *n.* Guard. ચોકીદાર.
પહેરો, ( વૉચ ) *n.* Watch. જાપતો; ચોકી,
પહેલ,(ઇનનડેશન)*n.* Inundation.પાસો Beginning.
પહેલદાર, *a.* Inundated. પાસાદાર. [ પ્રારંભ.
પહેલવહેલું, ( ફર્સ્ટ ) *a.* First. પ્રથમ. *ad.* In the beginning. શરૂઆતમાં.
પહેલવાન, ( એથલેટ )*n.* Athlate. કુસ્તીબાજ; મલ્લ.
પહેલવી,*n.* Ancient Iranian Language. પ્રાચિન ઇરાનની ભાષા.
પહેલાં, ( ફોર્મરલી )*ad.* Formerly. અગાઉ; પૂર્વે.
પહેલું, ( ફર્સ્ટ )*a.* First. પ્રથમ. Chief. મુખ્ય.
પહોંચ, ( રીસીટ)*n.*Receipt. પાવતી; રસીદ. Understanding. સમજશક્તિ. Capacity. સામર્થ્ય.
પહોંચવું, (રીચ ) *vt.* Reach. જવું; પૂગવું.Receive. મળવું. Withstand. ટકવું.
પહોંચાડવું, ( સેન્ડ ) *vt.* Send. મોકલવું.
પહોંચેલું, (કનીંગ) *a.* Cunning. ધૂર્ત.
પહોર, *n.* Period of three hours.પ્રહર;ત્રણ કલાક.
પહોળાઇ, ( બ્રેડથ ) *n.* Breadth. પનો; મોકળાશ.
પહોળું, ( બ્રોડ ) *a.* Broad. પનાદાર; મોકળું.

પહોંચી,(રીસ્ટલેટ )n. Wristlet. હાથના કાંડાનું એક ઘરેણું.
પહોંચો,(રીસ્ટ) n. Wrist હાથનું કાંડું.
પળ, ( મોમેન્ટ ) n Moment. ક્ષણ Period of 24 seconds. ૨૪ સેકંડ; ઘડીનો સાઠમો ભાગ.
પળકવું, vt. Be often tempted. લાલચથી પાણી છૂટવું; ખાવાની આશાએ આવવું.
પળવું, ( ગો ) vt. Go. જવું. Be nourished. પોષણ થવું. Be white. વાળ ધોળા થઈ જવા.
પળિયું, ( વ્હાઇટ હેર) n. White hair. ધોળો થયેલો વાળ
પળી, (લૅડલ)n.Laddle. ઘી તેલ કાઢવાનું એક લોઢાનું સાધન.
પળોટવું,(ટ્રેન) vt. Train. કેળવવું.
પંક, ( મડ ) n. Mud. કાદવ.
પંકજ, ( લોટસ ) n. Lotus.કમળ.
પંકાવું, (બી ફેમસ ) vt. Be famous. પ્રખ્યાત થવું; વખણાવું.
પંક્તિ, ( લાઈન ) n. Line.લીટી. Row. હાર; પંગત.
પંખ, ( વીન્ગ ) n. Wing. પાંખ.
પંખી, -ખેરૂં, ( બર્ડ ) n. Bird.પક્ષી.
પંખો, ( ફેન ) n. Fan વીંજણો.
પંગત, ( રૉ ) n. Row. હાર; પંક્તિ.
પંગુ, -લ, ( લેઇમ ) a. Lame. પાંગળું.
પંચ, ( ફાઇવ ) a. Five. પાંચ. n. An assembly of five persons. કોઇ વાતનો તોડ લાવવા માટે નિમાયેલા પાંચ માણસો. Jury. જ્યુરી.
પંચકોણ,-ભુજ, ( પેન્ટેગોન) n. & a. Pentagon. પાંચ ખૂણાવાળી આકૃતિ.

**પંચકયાસ**,*n*. A decision arrived at by a body of arbitrators. પંચથી જાહેર તપાસ.
**પંચત્વ**, ( ડેથ ) *n*. Death. મૃત્યુ.
**પંચમ**, ( ફીફ્થ ) *a*. & *n*. Fifth. પાંચમું. [મહાદેવ.
**પંચમુખ**,–**મુખી**,–**વક્ત્ર**,–**વદના**, ( શીવ ) *n*. Shiva.
**પંચવર્ણું**, *a*. Of various colours. રંગબેરંગી.
**પંચવાણી**,–**વાયકા**,*n*.General talk of the town.
**પંચશર**,(કયુપીડ) *n*. Cupid. કામદેવ. [ લોકવાયકા.
**પંચાત**,(આર્બીટ્રેશન)*n*.Arbitration. તકરારનો નીવેડો લાવવા બેઠેલું પંચ. Investigation. તપાસ. Judgement. ફેંસલો. Commotion.ઉહાપોહ.Difficulty. ગૂંચવણ; મુશ્કેલી. [ પંચાતે આપેલો ચૂકાદો.
**પંચાતનામું**, *n*. Award given by arbitrators.
**પંચાતી**, ( ડીફીકલ્ટી ) *a*. Difficulty. ગૂંચવાડો.
**પંચાનન**, (શીવ ) *n*. Shiva. મહાદેવ Lion. સિંહ.
**પંચાયત**, ( બોર્ડ ) *n*. Board. મંડળ.
**પંચાળ**, –**લ**, ( બ્લેકસ્મીથ ) *n*. Blacksmith. લુહાર.
**પંચાંગ**, ( એલ્મેનક ) *n*. Almanac. ટીપણું.
**પંચિયું**, *n*. Small dhotar. ટૂંકું ધોતિયું.
**પંજેટવું**,(હેરો)*vt*.Harrow.પંજેટીથી એકઠું કરવું.
**પંજેટી**,(હેરો)*n*.Harrow. ખેતીનું એક ઓજાર;ખંપાળી.
**પંજો**, ( કલૉ ) *n*. Claw. પશુનો નહોરવાળો અવયવ Hand opened out. પાંચ આંગળાં અને હથેળીથી બનેલો અવયવ.
**પંજેટવું**, ( એન્ડયોર) *vt*. Endure.વેઠવું; નિભાવવું.

**પંડ,** ( બોડી )*n*. Body. શરીર. Self. પોતાની જાત. Jaundice. પાંડુરોગ.

**પંડિત,** ( સ્કોલર ) *n*. Scholar. વિદ્વાન; સાક્ષર.

**પંડિતા,** *n*. Learned woman. વિદુષી સ્ત્રી.

**પડો,** ( પરસેપ્ટર ) *n*. Perceptor. ગોર.

**પંડોપંડ,** ( પરસનલી ) *ad*. Personly. જાતેજ.

**પંતુજી,** ( ટીચર ) *n*. Teacher. શિક્ષક. A man who is learned, but who has no worldly experience. વેદિયો માણસ. [ સંપ્રદાય.

**પંથ,** ( પાથ )*n*. Path. માર્ગ; રસ્તો Sect. ધર્મનો

**પંથક,** (ટ્રાવેલર)*n*. Traveller. મુસાફર. Messenger. કાસદ. [ પહેલીવાર પરણતો વર.

**પંથવર,***n*. Person marrying for the first time.

**પંથી,** (ટ્રાવેલર)*n*. Traveller. મુસાફર. [લાડ લડાવવાં.

**પંપાળવું,**(ફોંડલ) *vt*. Fondle. વહાલથી હાથ ફેરવવો;

**પા,** ( વન ફોર્થ) *a*. & *n*. One fourth. ચોથા ભાગનું.

**પાઈ,** *n*. Pie. તાંબાનો એક સિક્કો; પસાનો ત્રીજો ભાગ.

**પાક,** *a*. Holy. પવિત્ર. Honest. પ્રામાણિક. *n*. Produce. નીપજ. Harvest. ખેતીની નીપજ. Cooking.

**પાકટ,-લ,***a*. Mature. પુખ્ત. Ripe. પાકું. [ રસોઈ.

**પાકવું,** ( મેચ્યોર ) *vt*. Mature. પરિપકવ થવું. Produce. નીપજવું. Grow due. મુદત થવી.

**પાકશાસ્ત્ર,** *n*. Art of cooking. રસોઇનું શાસ્ત્ર.

**પાકી,** *n*. Suspension of business. હડતાળ; કામધંધો બંધ રાખવો તે.

પાકીટ, *n.* Leather-bag. ચામડાની એક બનાવટ.
પાકું, (રાઇપ) *a.* Ripe. પરિપક્વ. Matured. પુખ્ત. Cunning પક્કોઇલ Firm. અડગ [લગતું; તેવું પત્ર.
પાક્ષિક, *a.* & *n.* Fortnightly. પખવાડિયાનું-તેને
પાખંડ, (હાયપ્રોક્રસી) *n.* Hypocracy. ઢોંગ.
પાખંડી, (હાયપ્રોક્રીટ) *a.* Hyporcrite. ઢોંગી.
પાગ, -ડી, (લેગ) *n.* Turban. પાઘડું.
પાગડું, -ડું, (સ્ટીરપ) *n.* Stirrup. પેંગડું.
પાગરણ, ( બેડીંગ ) *n.* Bedding. પથારીનો સામાન.
પાગલ, (મૅડ)*a.* Mad. દિવાનું. [Decorations. શણગાર.
પાગિયો, (એડવાઈઝર) *n.* Adviser. સલાહકાર. Messenger. કાસદ.
પાઘ,-ડી,(ટર્બન)*n.* Turban. માથાનો એક પહેરવેશ.
પાચ, (પસ) *n.* Pus. પરૂ. [ મદદ કરનારું.
પાચક, ( ડાઈજેસ્ટીવ ) *a.* Digestive. પાચનક્રિયાને
પાચનશક્તિ, *n.* Digestive power. ખાધેલું પચાવવાની શક્તિ.
પાછલું, (લેટર)*a.* Later. પાછળનું. Former. પહેલાંનું.
પાછળ, (બીહાઇન્ડ) *ad.* & *prep.* Behind. પછવાડે.
પાછું, (બેક) *ad.* Back. પાછળ Again. ફરીથી.
પછોતર, -રું, *a.* Belonging to the later part of the season. મોસમના પાછલા ભાગનું.
પાજ, (બ્રીજ) *n.* Bridge. પાળ; સેતુ.
પાજી, (મીન) *a.* Mean. હલકું. Miser. કંજૂસ.
પાટ, ( બેન્ચ ) *n.* Bench. બાજઠ; મોટો પાટલો.

Throne. રાજગાદી. Breadth. પહોળાઈ.
પાટકવું, -ષ્ટવું, (થ્રો) *vt*. Throw. પછાડવું.
પાટડો, (લાર્જ બીમ) *n*. Large beam. ભારોટિયું.
પાટનગર, (કેપીટલ) *n*. Capital. રાજધાની.
પાટલાઘો, *n*. Flat kind of iguana. એક પ્રકારની ઘો.
પાટલી, (બેંચ) *n*. Bench. બાંક; સાંકડી પાટ. Upper part of the foot. ઘૂંટીથી આંગળાં સુધીનો ભાગ. Fold of a garment. ગેડ. [ Bale. ગાંસડી.
પાટલો, (પ્લેન્ક) *n*. Plank. બેસવા માટેનું લાકડાનું આસન.
પાટવ, (પ્રોફીશ્યંસી) *n*. Proficiency. ચતુરાઈ Pluck. ચાલાકી.
પાટવી, -ટોધર, (એલ્ડેસ્ટ) *a.&n*. Eldest. સૌથી મોટું.
પાટિયું, (બોર્ડ) *n*. Board. લાકડાની લાંબી પાતળી પટ્ટી. Slate. સ્લેટ. Basket. ટોપલો. Incident. બનાવ.
પાટીદાર, *n*. Cultivator. ખેડૂત. [ Party. ટોળી.
પાટુ, (કીક) *n* Kick. લાત.
પાટો, (બેન્ડેજ) *n* Bandage. લૂગડાનો ચીરો. Rail of a railway. જેના પર આગગાડી દોડે છે તે લોઢાનો પાટો.
પાટોપાટ, *ad*. Consecutively. સળંગ; હારોહાર.
પાઠ, (રીડીંગ) *n*. Reading. ભણી જવું તે. Lesson. બોધ; શીખ. Text of a book પાઠ્યપુસ્તકનો વિભાગ.
પાઠક, (રીડર) *n*. Reader. વાચક. Preceptor. અધ્યાપક; ધર્મોપદેશક.
પાઠવવું, (સેન્ડ) *vt*. Send. મોકલવું. [ શિક્ષણશાળા.
પાઠશાલા, -ળા, (એકેડેમી) *n*. Academy. નિશાળ;

પાઠું, *n.* Tumour on the backbone. પીઠ પર થતું ગૂમડું. Blade of a plant. કુંવારનું પાન.
પાઠયપુસ્તક, ( ટેક્ષ્ટ-બુક ) *n.* Text-book. નિશાળમાં ચાલતી ચોપડી.
પાડ, ( ઓબ્લીગેશન ) *n.* Obligation. ઉપકાર.
પાડપાડોશ, –ડાપાડોશ, (નેબરહૂડ) *n.* Neighbourhood. એક જ મહોલ્લાનો કે પાસેપાસેનો વાસ–વસતી.
પાડપાડોશી, –ડાપાડોશી, (નેબર) *n.* Neighbour. પાડપાડોશમાં રહેનાર.
પાડવું, ( ફેલ ) *vt.* Fell. પડે એમ કરવું.
પાડાખાર, *vt.* Strong enmity. સખ્ત વેર.
પાડું, –ડરૂં, *n.* Young of a buffalo. ભેંસનું બચ્ચું.
પાડો, ( મેલ બફેલો ) *n.* Male buffalo. ભેંસનો નર. Street. મહોલ્લો. Column of the Multiplication table. આંકનો ગડિયો. Custom. ધારો.
પાણ, *n.* A perpendicular stroke denoting a fourth part. ચોથો ભાગ–તે દર્શાવતી કાના જેવી ઊભી લીટી. Watering of a field. ખેતરના પાકને પાણી પાવું તે.
પાણકોરૂં, *n.* Rough thick cloth. ગજિયા જેવું કાપડ-ખાદી.
પાણિ, ( હેન્ડ ) *n.* Hand. હાથ.
પાણિગ્રહણ, ( મેરેજ ) *n.* Marriage. લગ્ન.
પાણી, ( વોટર ) *n.* Water. જળ. Liquid. પ્રવાહી. Light. તેજ. Energy. શૂરાતન. Reputation. આબરૂ.
પાણીચક્કી, ( વોટર-મીલ ) *n.* Water-mill. પાણીથી

ચાલતી ચક્રી. [ Dismissal. બરતરફી.
પાણીચું, *a.* Full of water. પાણીથી ભરેલું. *n.*
પાણીછલ્લુ, (હ્યુમીલીએટેડ) *a.* Humiliated.શરમીંદું.
*n.* Cocoanut. નાળિયેર. [ વહી જવાનો ઢાળ.
પાણીઢાળ,(વોટર-શેડ) *n.* Water-shed. નદીનું પાણી
પાણીદાર, (શાર્પ) *a.* Sharp. તેજ.
પાણીપંથું, *a.* Swift in going. પાણીના જેવું ગતિ-
પાણીપોચું,(વીસીડ) *a.* Viscid.ગદગદું. [ વાળું.
પાણીફેર,-બદલો,*n.* Change of air.સ્થાનાંતર;હવાફેર.
પાત, ( ફોલ ) *n.* Fall. પતન.
પાતક, ( સીન ) *n.* Sin. પાપ.
પાતકી, (સીનફુલ) *a.* Sinful. પાપી. [ વાની વિધિ.
પાતકોચ્ચારણ, (કન્ફેશન) *n.* Confession.પાપ કબુલ-
પાતર, ( હાર્લોટ ) *n.* Harlot. ગણિકા; વેશ્યા.
પાતરૂં, ( લીફ ) *n.* Leaf.પાંદડું; પતરવેલિયું.
પાતળ, ( લીફ-ડીશ ) *n.* Leaf-dish. પત્રાળું. Dish.
પીરસેલું ભાણું. [ પાતળો પણ નિરોગી માણસ.
પાતળિયો, *n.* Slender but healthy man.
પાતળું, (થીન) *a.* Thin; જાડું નહિ એવું.
પાતાલ,-ળ, (ઇન્ફરનલ રીજીયન)*n.* Infernal region.
પૃથ્વીને તળિયે આવેલો પ્રદેશ. Abode of snakes.
નાગલોક. [ કૂવો.
પાતાળકૂવો, *n.* Artesian well. અથાગ પાણીવાળો
પાતિવ્રત્ય, (ચેસ્ટીટી) *n.* Chastity.પતિવ્રતાનો ધર્મ.
પાતેલી,*n.* Small metallic cooking vessel.તપેલી.

પાત્ર,(ડીઝર્વીંગ)*a*.Deserving.યોગ્ય.Worthy. લાયક. Suffix. પ્રત્યય છે, જેમકે: વિશ્વાસપાત્ર, દાનપાત્ર. *n*. Vessel. વાસણ. Actor. નાટકનો વેશ લેનાર.
**પાથરણ,–ણું**,(કાર્પેટ)*n*. Carpet.શેતરંજી; જાજમ.
**પાથરવું**, ( સ્પ્રેડ ) *vt*. Spread. ફેલાવવું; બિછાવવું.
**પાથરો**, *n*. Green grass cut down and lying about in a field. કાપણી કરીને આડો નાખેલો પાક.
**પાદ**,*n*. Breaking wind.વાછૂટ.Foot.પગ.Quarter. ચોથો ભાગ. Line of a verse. કવિતાનું ચરણ.
**પાદપીઠ**, ( ફુટસ્ટુલ ) *n*. Foot-stool. ઊંચે આસને બેઠેલાને પગ મૂકવાની પાટલી.
**પાદપૂર્તિ**, *n*. Filling up a deficiency in a metrical line. અધૂરો શ્લોક પૂરો કરી આપવો તે.
**પાદર, –ધર**, *n*. Confines of a village. ભાગોળ આગળનું મેદાન.
**પાદરી**,*n*.Christian clergyman.ખ્રિસ્તી ધર્મોપદેશક.
**પાદવું**, ( બ્રેક વીન્ડ ) *vt*. Break wind. વાછૂટ કરવી.
**પાદશાહ**, (એમ્પરર)*n*. Emperor. સમ્રાટ.
**પાદશાહી**, (કીંગ્લી) *a*. Kingly.પાદશાહનું. *n*.Kingdom of an emperor.પાદશાહનું રાજ્ય.
**પાદુકા**, (વુડન શુ) *n*. Wooden shoe.ચાખડી;પાવડી.
**પાધરું**, ( સ્ટ્રેઇટ ) *a*. Straight. સીધું; પાધરું. *ad*. Immediately. તરત.
**પાન**, (ડ્રીંકીંગ) *n*. Drinking.પીવું તે. Leaf. પાંદડું. Page. પૃષ્ઠ. Betal-leaf. નાગરવેલનું પાંદડું.

પાનખર, ( ફોલ ) *n.* Fall. જેમાં પાન ખરે છે એ ૠતુ.

પાનદાન,-દાની,-દાનિયું, *n.* Box or casket to hold betal-leaves etc. ખાવાનાં પાન અને તેનો સામાન મૂકવાનું પાત્ર.

પાનપટ્ટી,-પટ્ટી,-બીડી,-બીડું, *n.* Ready made betal-leaf. તૈયાર કરેલું પાન; તાંબૂલ.

પાનસોપારી, *n.* Parting feast. વિદાયમાન.

પાનિયું, ( પેજ ) *n.* Page. પૃષ્ઠ. Luck. ભાગ્ય.

પાની, (હીલ) *n.* Heel. પગનું તળિયું.

પાનું, ( લીફ ) *n.* Leaf. પાંદડું. Page. પૃષ્ઠ. Single card out of a pack. ગંજીફાનું પત્તું. Blade of a cutting instrument. ચપ્પુ કે છરીનું ફળ. Emerald. લીલા રંગનું રત્ન. Life's connection. જીંદગી-ભરનો સબંધ. Lot. નસીબ.

પાનેતર, *n.* Silk or fine cotton garment worn by the bride at the time of marriage. કન્યાને પરણતી વખતે પહેરવાનું વસ્ત્ર.

પાનો, ( એક્સાઈટમેન્ટ ) *n.* Excitement. જુસ્સો. Filling of milk into the udder. વાત્સલ્યથી માની છાતીમાં દૂધ ઊભરાઈ આવવું તે. [ Fraud. કપટ.

પાપ, -પાચરણ, ( સીન ) *n.* Sin. ધર્મ વિરૂદ્ધ કૃત્ય.

પાપછૂટું, ( સીંપલ ) *a.* Simple. કપટરહિત.

પાપડ,( વેફર-કેક) *n.* Wafer-cake. એક ખાવાની વાની.

પાપડખાર,-ડિયોખાર, *n.* Impure carbonate of soda. એક ખાર; સંચોરો.

પાપડી, ( બીન-પોડસ ) *n.* Bean-pods. વાલની સીંગ.
પાપી, –પાત્મા,(સીનફુલ)*a.&n.*Sinful. પાપ કરનારૂં.
પાબંદ, (ડીપેન્ડંટ) *a.* Dependent. પરવશ.
પામર, ( મીઝરેબલ ) *a.* Miserable. કંગાલ; રાંક.
પામરી, *n.* Kind of shawl. દુપટ્ટો; ઉપરણો.
પામવું, (ગેટ) *vt.* Get. પ્રાપ્ત કરવું. Know. સમજવું; [ કળી જવું.
પાય, ( લેગ ) *n.* Leg. પગ.
પાયખાનું, (પ્રીવી ) *n.* Privy. જાજરૂ. [Stable.ઘોડાર.
પાયગા, –ગા, ( કેવેલ્રી) *n.* Cavalry. ઘોડેસ્વાર ટુકડી.
પાયજામો, ( ટ્રાઉઝર્સ ) *n.* Trousers. સુરવાળ.
પાયતખ્ત, ( કેપીટલ )*n.* Capital. રાજધાની;પ્રાટનગર.
પાયદળ, ( ઈનફંટ્રી ) *n.* Infantry. પગપાળું લશ્કર.
પાયદસ્ત, *n.* Funeral parade of the Parsees.
પાયમાલ, *a.* Ruined. ખુવાર. [પારસીની મરણયાત્રા.
પાયમાલી, ( રૂઇન ) *n.* Ruin. ખુવારી.
પાયરી, ( રેન્ક ) *n.* Rank. દરજ્જો. Step. પગથિયું. Kind of mango. એક જાતની કેરી.
પાયલ, *n.* Anklet with bells. ઝાંઝર.
પાયો, *n.* Foundation. મૂળ. Support. ટેકો. Leg. પગ. Washing club. ધોકણું.
પાર,(એન્ડ)*n.* End. અંત.Limit.સીમા.Bank. કાંઠો.
પારકું, *a.* Not one's own. બીજાનું.
પારખવું, ( ટેસ્ટ ) *vt.* Test. પરિક્ષા કરવી.
પારખું, ( ટેસ્ટ )*n.* Test. પરીક્ષા.
પારણું, ( ક્રેડલ ) *n.* Cradle. ઘોડિયું. Breaking

a fast. ઉપવાસ પછીનું ભોજન.
પારદ, ( મરક્યુરી ) *n.* Mercury. પારો [ યંત્ર.
પારદયંત્ર,(બેરોમીટર) *n.* Barometer. હવામાન જોવાનું
પારદર્શક, ( ટ્રાન્સપરંટ ) *a.* Transparent. જેની આરપાર દેખાય એવું.
પારધી, ( હંટર ) *n.* Hunter. શિકારી. [ લોકને લગતું.
પારલૌકિક, *a* Relating to the next world. પર-
પારસ, ( ઈરાન ) *n.* Iran. ઈરાન.
પારસણ, *n.* Parsee woman. પારસી સ્ત્રી.
પારસમણિ, *n.* Philosopher's stone. સ્પર્શથી લોઢાને સોનું બનાવનાર મણિ. [ દેશનો મૂળ વતની.
પારસી, *n.* Zorostrian. જરથુસ્તને માનનાર; પારસ-
પારંગત,(વેલવર્સ્ડ) *a.* Well-versed. પ્રવિણ; માહિતગાર.
પારાયણ, *n.* Reading through. આખું વાંચી જવું તે.
પારાવાર, (એબનડંટ) *a.* Abundant. પુષ્કળ. *n.* Sea. દરિયો. [ વાની પારાની શીશી.
પારાસીશી,(થર્મોમીટર) *n.* Thermometer. ગરમીમાપ-
પારિજાત,-ક,(જેસ્મીન) *n.* Jasmine. એક ફુલ.
પારિતોષિક, ( રીવાર્ડ ) *n.* Reward. ઈનામ.
પારિભાષિક, (ટેક્નીકલ ) *n.* Technical. પરિભાષા
પારેખ,(ટેસ્ટર) *n.* Tester. પરિક્ષા કરી જાણનાર. [સંબંધી.
પારેવું,-વડું, (પીજીયન) *n.* Pigeon. કબુતર.
પારો, (મરક્યુરી) *n.* Mercury. એક અનીજ પ્રવાહી ધાતુ. Bead. માળાનો મણકો. Gum. અવાળુ.
પારોપાર, (થ્રુ) *ad.* Through. આરપાર.

પાર્થિવ, ( અર્થલી ) *a.* Earthly. પૃથ્વીનું; સંસારી. Mortal. નશ્વર. *n.* King. રાજા. Shiva made of clay. માટીના મહાદેવ. [ પુત્રી-શીવની પત્ની.
પાર્વતી, *n.* Daughter of Himalaya. હિમાલયની
પાર્શ્વ, *a.* Of the side of the body. પડખાનું.
પાર્ષદ, (એટેનડંટ) *n.* Attendant દેવનો સેવક.
પાલ, -ળ, *a.* Protecting. પાળનારૂં. Suffix.પ્રત્યય છે, જેમકે: ગોપાલ. *n.* Tent. નાનો તંબુ.
પાલક, ( પ્રોટેક્ટર ) *n.* Protector. રક્ષક.
પાલખ, *n.* Scaffolding. કારીગરોને ઊંચે કામ કરવા માટે કરેલો વાંસવળીઓનો આધાર.
પાલખી, (પેલેનક્વીન) *n.* Palanquin. સુખપાલ.
પાલણું, -ળણું, ( ક્રેડલ) *n.* Cradle. ઘોડિયું.
પાલન, ( નરીશીંગ ) *n.* Nourshing. પાળવું તે.
પાલનહાર, *n.* One who nourishes.પાલન કરનારો.
પાલવ, *n.* Skirts of a garment.પહેરેલા સાલ્લાનો લટકતો છેડો;પાઘડીનો કસબી છેડો.Patronage.શરણ; આશરો. [ નિભાવવું. Afford. પરવડવું.
પાલવવું, (નરીશ ) *vt.* Nourish. ઉછેરવું.Maintain.
પાલિ,*n.*An ancient language. એક પ્રાચિન ભાષા.
પાલો, ( લીવ્ઝ ) *n.* Leaves ઢોરને ખાવાનાં પાંદડાં.
પાવક, *a.* Which purifies. પાવન કરનાર. *n.* Fire.
પાવડી,(વુડન શુ)*n.* Wooden-shoe.ચાખડી. [ અગ્નિ.
પાવડું,-ડડું, ( સ્ટીરપ ) *n.* Stirrup. પેંગડું.
પાવડો, ( સ્પેડ )*n.*Spade. માટી કે કચરો ઉસરડવાનું કે

ભરવાનું એક સાધન.
પાવતી,(રીસીટ)*n.*Receipt.પહોંચ. [Purity.પવિત્રતા.
પાવન, ( હોલી ) *a.* Holy. પવિત્ર. Pure. શુદ્ધ. *n.*
પાવનકારી,(પ્યોરીફાઈંગ )*a.*Purifying.પવિત્ર કરનારૂં.
પાવરધું, ( વેલ-વર્સ્ડ ) *a.* Well-versed. કુશળ.
પાવલી, *n.* Four anna piece. ચાર આની.
પાવું, *vt.* Give to drink. પિવડાવવું. Water. જળ
પાવૈ,–યો, ( યુનોક) *n.* Eunuch. હીજડો. [ સિંચવું.
પાવો, (ફ્લ્યુટ) *n.* Flute.એક જાતની વાંસળી.
પાશ, ( નુઝ ) *n.* Noose. ફાંસો; ગાળો.
પાશવ,–વી, (બીસ્ટલી) *a.* Beastly. પશુના જેવું.
પાશેર, *n.* Quarter of a seer. શેરનો ચોથો ભાગ.
પાશેરો,–રી, *n.* Weight equal to quarter of a seer. પાશેર વજનનું કાટલું.
પાશ્ચાત્ય, ( વેસ્ટર્ન ) *a.* Western. પશ્ચિમનું.
પાષાણ, ( સ્ટોન ) *n.* Stone. પથ્થર.
પાસ, ( સકસેસફુલ ) *a.* Successful. ફતેહમંદ;સફળ. Approved. મંજુર; પસંદ. *n.* Passport મંજુરીની ચીઠ્ઠી. Colour. રંગ. Effect of contact. સોબતની અસર. Side. બાજુ. [ નોકર.
પાસવાન, ( એટેન્ડંટ ) *n.* Attendant. હજુરિયો;
પાસું, ( સાઈડ ) *n.* Side. બાજુ; પક્ષ; પડખુ.
પાસે, ( નીયર ) *ad.* Near. નજીક. In one's posses-
પાસો,(ડાય) *n.* Die.ચોરસ કકડો. [ sion. કબજામાં.
પાળ, ( એજ ) *n.* Edge. ધાર; કિનાર.

પાળવું, (નરીશ) *vt.* Nourish. ઉછેરવું. Protect. રક્ષણ કરવું. Maintain. ભરણપોષણ કરવું. Carry out. ની પ્રમાણે વર્તવું.

પાળિયો, (મોન્યુમેન્ટ) *n.* Monument. સ્મરણસ્તંભ.

પાળી, ( નાઈફ ) *n.* Knife. છરી. Turn. વારો.

પાળું, ( પેડેસ્ટ્રીઅન ) *a.* Pedestrian. પગે ચાલનારૂં.

પાળો, (પેડેસ્ટ્રીઅન) *n.* Pedestrian. પગપાળો મુસાફર. [Foot-soldier. પેદળ સીપાઇ.

પાંઉ, (લોફ) *n.* Loaf. રોટી.

પાંખ, (વીંગ) *n.* Wing. પક્ષીનો ઉડવાનો અવયવ. Side. બાજુ. Shelter. આશ્રય. [ વોમાંનો એક.

પાંખડી, (પેટલ) *n.* Petal. કળી ખીલતાં છૂટા પડતા અવય-

પાંખડું, ( સબ-બ્રાંચ ) *n.* Sub-branch. ડાળીમાંથી ફુટતી નાની ડાળી. Branch of a geneological table. કુટુંબની શાખા

પાંખિયું, (સાઇડ) *n.* Side. પક્ષ; તડ. Branch. ડાળી; શાખા. Blade of pair of scissors. કાતરનું પાનું.

પાંખું, ( સેપરેટ ) *a.* Seperate છૂટું; અલગ. *n.* Blade of a knife. ચપ્પુનું પાનું.

પાંગત,–થ, *n.* That part of a cot where the sleeper's legs are placed. પથારી કે ખાટલાનો પગ તરફનો ભાગ. [ ચોળી. Small dhotar. પોતડી.

પાંગરણ, (બેડ-શીટ) *n.* Bed-sheet. ચાદર. Bodice.

પાંગરવું, ( બ્લુઝમ ) *vt.* Blossom. અંકુર ફુટવા.

પાંગરૂં,–રો, *n.* Loose string. લટકતી દોરી.

પાંગળું, (લેઇમ ) *a.* Lame. પગે અપંગ. Weak. અશક્ત.

Unsupported. આધાર વિનાનું.
પાંગોઠું, (આર્મ )*n.*Arm. ખભાથી કોણી સુધીનો હાથ. Shoulder-joint. ખભાનો સાંધો.
પાંચાલી,-ળી,*n.* Daughter of the king of Panchal. પાંચાલ દેશના રાજાની પુત્રી-દ્રૌપદી. [કાંઇ.
પાંજણ, ( હેબીટ ) *n.* Habit. ટેવ; બંધાણ. Paste.
પાંજરૂં, ( કેજ ) *n.* Cage. પશુપક્ષીને પૂરી રાખવા બનાવેલું સળિયાનું ઘર.
પાંજરાપોળ, *n.* An asylum for old and unserviceable animals. અશક્ત અને ઘરડાં ઢોરને રાખવાનું ધર્મદારસ્થાન. [ કરેલી ઝાડની વાડ.
પાંજરી,*n.*Framework on the cart કરાંઠી ગૂંથીને
પાંડરૂં, -ડુર, ( વ્હાઈટ ) *a.* White. ધોળું; ફિક્કું.
પાંડવ, *n.* Son of Pandu. પાંડુનો દીકરો.
પાંડિત્ય, *n.* Profound scholarship. પંડિતાઈ.
પાંડુ, ( પેલ ) *a.* Pale. ફિક્કું. *n.* Father of the Pandavas. પાંડવોનો પિતા.
પાંતી,(સાઈડ)*n.* Side.પક્ષ.Manner.રીત. Part.ભાગ.
પાંથ, ( ટ્રાવેલર ) *n.* Traveller. મુસાફર.
પાંથી, *n.* The straight line left by combing hairs of the head. સેંથી.
પાંદડું, ( લીફ ) *n.* Leaf. પર્ણ; પાન. [ પરના વાળ.
પાંપણ, ( આયલેશ ) *n.* Eyelash. પોપચાંની કિનારી
પાંપલું,-ળું, (વીક)*a.* Weak.નિર્બળ. Coward.કાયર.
પાંશરૂં,-સરૂં, -દોર, *a.* Straightforward. સીધું.

**પાંસળી,–ળું**, *n.* Rib. છાતીનું હાડકું. [Wise. ડાહ્યું.
**પિક**, ( કુકુ )*n.* Cuckoo. કોયલનો નર; કોકિલ. Saliva.
**પિકદાની**,(સ્પીટૂન) *n.* Spittoon. થુકદાની. [ થૂંક.
**પિગળાવવું**, *vt.* Get melted. પિગળે એમ કરવું.
**પિચકારી**, (સીરીંજ)*n.* Syringe. પાણીની સેડ–તે છોડ-
**પિચોટી**,*n.* Intestinal trouble. આંબોઈ. [વાનું સાધન.
**પિચ્છ**, ( ફેધર ) *n.* Feather. પીંછું.
**પિછાણ,–ન**, ( ફેમીલીયારીટી )*n.* Familiarity. ઓળ-ખાણ. Knowledge. માહીતી.
**પિછાણવું**, ( રેકગનાઈઝ ) *vt.* Recognise. ઓળખવું.
**પિછોડી**, *n.* Covering for the shoulders. પછેડી.
**પિતવાડો**,*n.* Field watered in dry season. કૂવાના પાણીથી જ્યાં દરવર્ષે શિયાળુ ઉનાળુ વાવેતર થતું હોય
**પિતા, –તુ**, ( ફાધર ) *n.* Father. બાપ. [ તેવું ખેતર.
**પિતામહ**, *n.* Grandfather. દાદા.
**પિતામહી**, *n.* Grandmother. દાદી.
**પિતૃ**, (ફાધર) *n.* Father. બાપ. Ancestors. પૂર્વજો.
**પિતૃઘાત,–હત્યા**,(પેરીસાઈડ)*n.* Parricide. પિતાનો વધ.
**પિતૃભૂમિ**, (ફાધરલેન્ડ) *n.* Fatherland. સ્વદેશ; વતન.
**પિતૃભક્તિ**, ( ફીલીયલ ડયુટી ) *n.* Filial duty. પિતા પ્રત્યેનો ભક્તિભાવ. [ પિતૃઓનું નિવાસસ્થાન.
**પિતૃલોક**, *n.* Abode of dead ancestors. મૃત
**પિત્ત**, ( બાઈલ ) *n.* Bile. કલેજામાં પેદા થતો રસ, જે આંતરડામાં ઊતરી ખોરાકને પચાવે છે. [ મિશ્રધાતુ.
**પિત્તળ**, ( બ્રાસ ) *n.* Brass. તાંબા અને જસતની

પિત્તો, ( ટેમ્પર ) *n.* Temper. ક્રોધની તીવ્ર લાગણી; મિજાજ. [ પૂર્વજના વંશજ.

પિત્રાઇ, *a* &*n.* Born of the same ancestors. એક

પિનાક, *n.* Bow of Shiva. શિવનું ધનુષ.

પિનાકપાણ,–પાણી, (શીવ) *n.* Shiva મહાદેવ.

પિપાસા, (થર્સ્ટ) *n.* Thirst. તરસ.

પિપાસુ, (થર્સ્ટી) *a.* Thirsty. તરસ્યું.

પિપડી, (વ્હીસલ) *n.* Whistle. ફુંકીને વગાડવાની ભૂંગળી.

પિયર, –યેર, *n.* Paternal house of a married girl. સ્ત્રીનાં માબાપનું ઘર.

પિયળ, પીયલ, –ળ, *n.* Painting the forehead. કપાળમાં કરેલી કંકુની અર્ચા.

પિયાજ, (અનીયન) *n.* Onion. કાંદો; ડુંગળી.

પિયાવો, *n.* Cost of watering. પાણી પાયાનું ખર્ચ.

પિયુ, ( હઝબંડ ) *n.* Husband. પતિ.

પિરસણ, *n.* Ready food. પીરસેલું ભાણું. Distribution of food. પિરસવું તે.

પિલાઈ, –મણ, –ણી, *n.* Charges for crushing. પીલવાનું મહેનતાણું Crushing. પીલવું તે. [ કરવું.

પિલાવવું,–સાવું, *vt.* Get crushed. પીલાવાય એમ

પિલાવું, *vt.* Be crushed. પીલાય એમ કરવું. [ દડો.

પિલ્લું, *n.* Small ball of thread. વીંટીને કરેલો

પિશાચ, ( ઘોસ્ટ) *n.* Ghost. ભૂતપ્રેત.

પિષ્ટ, (ક્રસ્ડ) *a.* Crushed. કૂટેલું. *n.* Powder. લોટ.

પિષ્ટપેષણ, ( રીપીટેશન ) *n.* Repetition. પુનરૂક્તિ.

પિસર, (સન) *n*. Son. પુત્ર; દીકરો.
પિસ્તું, (ડ્રાયફ્રુટ)*n*. Dry fruit. પસ્તું; એક સુકો મેવો.
પિસ્તોલ,(રીવોલ્વર)*n* Revolver. નાની બંદુક;તમંચો.
પિંગલ,-ળ, *n*. Treatise on prosody. છંદશાસ્ત્ર.
પિંજર, (કેજ) *n*. Cage. પાંજરૂં.
પીંડ, (બૉલ) *n*. Ball. ગોળો. Body. બદન. Ball of cooked rice. ભાતનો વાળેલો ગોળો.
પીંડલું,-લો, (બૉલ) *n*.Ball. ગોળો. [માંસનો લોચો.
પીંડી, *n*. Calf of the leg. પગના નળાની પાછળનો
પીંડું,-ડો, *n*. Small ball of thread. દોરાનો દડો.
પીક,( હાર્વેસ્ટ) *n*. Harvest. પાક; મોલ.
પીખલું, (સ્લેન્ડર) *vt*. Slander. નિંદવું.
પીગળવું, (મેલ્ટ) *vt*. Melt. ઓગળવું; પ્રવાહી થવું.
પીછ, -છું. ( ફેધર ) *n*. Feather. પીછું.
પીછી, ( બ્રશ ) *n*. Brush. વાળ, પીંછાં કે તેવી બીજી વસ્તુની હાથાવાળી બનાવટ.
પીછેહઠ, (રીટ્રીટ) *n*. Retreat. પાછા હઠવું તે; હાર.
પીછો, (ચેઝ) *n*. Chase. કેડો; પૂંઠ.
પીટવું, (બીટ) *vt*. Beat. મારવું. Strike. ઠોકવું.
પીટણી, (બીટીંગ) *n*. Beating. માર; ઠોકવું તે.
પીઠ, (બેક) *n*. Back.વાંસો. Market rates. બજાર-ભાવ. Market. બજાર.
પીઠિકા, (સીટ) *n*. Seat.બાજઠ. Lineage. વંશાવલિ. Narration. ભૂમિકા. Division. પ્રકરણ; ખંડ.
પીઠી, *n*. Yellow fragrant paste applied to

bride and bridegroom. લગ્ન પ્રસંગે વરકન્યાને શરીરે ચોળવાનો પીળો સુગંધી પદાર્થ. [ દુકાન.

પીઠું; *n.* Market. બજાર. Liquor shop.દારૂ તાડીની

પીડ, ( પેન ) *n.* Pain. દુ:ખ. Ache. ચૂંક.

પીડક, (ઓપ્રેસીંગ) *a.&n.* Oppressing.પીડા કરનાર.

પીડવું, ( ઓપ્રેસ ) *vt.* Oppress. પીડા કરવી. Seize. ઝાલવું. Crush. દાબવું.

પીડાવું, *vt.* Be oppressed. પીડાય એમ કરવું.

પીડા, (પેન) *n.* Pain. દુ:ખ. Hindrance. નડતર.

પીડાકારક,-કારી, (પેનફુલ) *a.* Painful.પીડા કરનાર.

પીડાશામક,(સુધીંગ) *a.* Soothing.પીડા શાંત કરનાર.

પીડિત, (ઓપ્રેસ્ડ) *a.* Oppressed. પીડા પામેલું.

પીઢ, (વેનરેબલ) *a.* Venerable. મોટી ઊંમરનું; ઠરેલ.

પીઢિયું, (રેફ્ટર) *n.*Rafter. વળો.Grinding tooth. દાઢનો દાંત. Gum. અવાળુ.

પીણું,*n.* Thing of drinking. પીવાની વસ્તુ.

પીત, (વાઈલ) *n.* Bile. પિત્ત. Vegetables grown by irrigation.પાણી પાઇને ઉછેરેલો મોલ.*a.*Yellow. પીળું. [ અબોટિયું.

પીતાંબર,*n.* Yellow silk loin-cloth. પીળું રેશમી

પીતો,*n.* Small thin round piece. કકડો; કાતળી.

પીધેલ, ( ડ્રંક ) *a.* Drunk. છાકટું.

પીનસ, ( કોલ્ડ) *n.* Cold. સખત સળેખમ.

પીપ, (બૅરલ) *n.* Barrel. લાકડાનું નળાકાર વાસણ.

પીપર, (પીપર) *n.* Pepper. એક વસાણાની ચીજ.

પીપરીમળ,-ળીમળ, *n.* Roots of pepper. ગંઠોડા.
પીપળ, -ળો, -ર, *n.* Name of a tree. એક ઝાડ; [ અશ્વત્થ.
પીયુષ, (નેકટર) *n.* Nectar. અમૃત.
પીચો, *n.* Mucus of the eye. આંખને ખૂણે બાઝતો ચીકણો પદાર્થ.
પીર, *n.* Mohmadden saint. મુસલમાનોમાં પવિત્ર [ ગણાતો પુરૂષ.
પીરસવું, *vt.* Serve meals. જમવા માટે ભાણામાં [ મૂકવું.
પીરોજ, (સેફાયર) *n.* Saphire. એક રત્ન.
પીરોજી,-જું, (બ્લ્યુ) *a.* Blue. આસમાની. [દુઃખ દેવું.
પીલવું, (ક્રશ) *vt.* Crush. કચરવું; દબાવવું. Torture.
પીલુ,-લુડું, (ફ્રુટ) *n.* Fruit. પીલુડીનું ફળ. [ લેવો.
પીવું, *vt.* Drink. પ્રવાહી પેટમાં લેવું. Smoke. ધૂમાડો
પીસવું, ( ગ્રાઇન્ડ ) *vt.* Grind. દળવું. Crush. લસોટવું.
પીસવો,-હવો, (વ્હીસલ) *n.* Whistle. સીસોટી.
પીળું, (યેલો) *a.* Yellow. પીત; હળદરના રંગનું.
પીળવું, (બીસ્મીયર) *vt.* Besmear. રંગવું; પીળું કરવું.
પીળચટું, (યેલોઇશ) *a.* Yellowish. આછું પીળું.
પીંખવું, (સ્કેટર) *vt.* Scatter. વિખેરી નાખવું; ચૂંટી નાખવું.
પીંગળું, (યેલોઇશ) *a.* Yellowish. પીળચટું.
પીંછું,-છ, ( ફેધર) *n.* Feather. પીછું.
પીંજણ, (કાર્ડીંગ) *n.* Carding. પીંજવું તે. Unnecessary long talk. નકામી લાંબી વાત.
પીંજર, ( કેજ ) *n.* Cage. પાંજરૂં.
પીંજવું, (કાર્ડ) *vt.* Card. રૂના રેસા જુદા પાડવા.
પીંજારો, (કાર્ડર) *n.* Carder. પીંજવાનું કામ કરનારો.

પીંઢારો, (રોબર) *n.* Robber. લૂંટારો.
પુકાર, ( ક્રાય ) *n.* Cry. પોકાર; બૂમ.
પુખ્ત, (મેચ્યોર) *a.* Mature. પાકટ. Ripe. પાકેલ.
પુગાડવું, (સેન્ડ) *vt.* Send. મોકલવું; પહોંચાડવું.
પુચ્છ, (ટેલ) *n.* Tail. પૂંછડી.
પુછડિયું, *a.* Having a tail. પૂંછડીવાળું.
પુછડિયોતારો, ( કોમેટ ) *n.* Comet. ધૂમકેતુ. [કરવી.
પુછાવવું, ( ઈંક્વાયર ઓફ ) *vt.* Inquire of. તપાસ
પુટ, ( કપ ) *n.* Cup. પડિયો. Cavity. ખોબો. Cover.
ઢાંકણ. Giving effect. પાસ દેવો તે. [ સત્કર્મ.
પુણ્ય, (હોલી) *a.* Holy. પવિત્ર.*n.* Purity. પવિત્રતા;
પુણ્યકર્મ, *n.* Meritorious act. સત્કર્મ.
પુણ્યકાળ, *n.* Auspicious time. પવિત્ર સમય.
પુણ્યદાન, (ચેરીટી) *n.* Charity. ધર્મદાન. [ધર્મિષ્ઠ.
પુણ્યવાન, -શાળી, ( રીલીજીયસ ) *a.* Religious.
પુણ્યાત્મા, (હોલી પરસન) *n.* Holy person. પવિત્ર
પુત્ર, (સન) *n.* Son. દીકરો. [ મનનું માણસ.
પુત્રવતી, -ત્રિણી, *a.* Having a son. પુત્રવાળી.
પુત્રવધુ, *n.* Son' wife. પુત્રની પત્ની.
પુત્રી,-ત્રિકા, ( ડોટર) *n.* Daughter. દીકરી
પુત્રીજ, *n.* Daughter's son. દીકરીનો દીકરો.
પુદ્ગલ, (એટમ)*n.*Atom.પરમાણુ.Body.શરીર. Soul.
પુનરે,(અગેઈન) *ad.* Again. ફરીથી; પુનઃ. [ આત્મા.
પુનરપિ, (વન્સ મોર) *ad.*Once more. ફરીથી એકવાર.
પુનરાવર્તન, -ત્તિ, -રૂક્તિ, *n.* Repetition. એકની

એક વાત ફરી કરવી તે. [નારૂં.
પુનરાવર્તી,(રીપીટીંગ)*a.* Repeating. ફરીફરી આવ-
પુનરૂક્તિ, *n.* Repetition. ફરી ફરીને કહેવું તે.
પુનરૂત્થાન, ( રીસરેક્શન ) *n.* Resurrection. ફરીથી
પુનરૂદ્ધાર, *n.* Rebuilding. જીર્ણોદ્ધાર. [ઊભા થવું તે.
પુનર્જન્મ, (રીબર્થ) *n.* Rebirth. નવો જન્મ.
નર્લગ્ન,-ર્વિવાહ, (રીમેરેજ) *n.* Remarriage.પુનઃ-
પુનઃ—જુઓ 'પુનર.' [ વિવાહ; વિધવાવિવાહ.
પુનિત, ( હોલી ) *a.* Holy. પવિત્ર.
પુપુર, ( સીટી ) *n.* City. શહેર. *a.* Full. ભરેલું.
પુરજન, ( સીટીઝન )*n.* Citizen. શહેરી; નાગરિક.
પુરપતિ, ( કીંગ ) *n.* King. રાજા.
પુરજોર, *a.* & *ad.* In full bloom. પૂરા જોશવાળું.
પુરબહાર, *ad.* With full splendour. પૂરી શોભા
પુરજો,(સ્ક્રેપ) *n.* Scrap. કકડો; કુરચો. [ સહિત.
પુરબિયો,-વિયો, *n.* Resident of Northern
India. ઉત્તર હિંદનો વતની. [ tion. ઉશ્કેરણી.
પુરવણી,(એપેન્ડીક્ષ) *n.* Appendix. પરિશિષ્ટ.Instiga-
પુરવાર, *a.* Established by evidence. સાબીત.
પુરશ્ચરણ, *n.* Repetition of hymns. અમુક મંત્રનો
પુરસીસ,(ઈન્ક્વાયરી)*n.*Inquiry.પૂછપરછ;તપાસ.[ જપ.
પુરસ્કરણ, (રીવોર્ડ) *n.* Reward. બદલો. Give pro-
mince to પ્રાધાન્ય આપવું તે.
પુરસ્કર્તા, ( લીડર ) *n.* Leader. આગેવાન.
પુરસ્કાર, ( રીવોર્ડ ) *n.* Reward. ઈનામ; બદલો.

પુરંદર, ( ઈંદ્ર ) *n.* Indra. ઈંદ્ર.
પુરઃસર, *a.& ad* Going forward.આગળ ચાલનારૂં. Suffix. પ્રત્યય છે, જેમકેઃ હેતુપુરઃસર. [દેવકથા.
પુરાણ,*a.*Ancient. પ્રાચિન.*n.* Sacred work.પ્રાચિન
પુરાણી, *n* One reciting puranas. પુરાણ વાંચનાર.
પુરાણું,-ત !, (એન્શંટ) *a.* Ancient. પ્રાચિન.
પુરાતત્વ, ( આર્કીઓલોજી ) *n.* Archeology. પુરાતન કાળની બાબત. [ પુરાતત્વનો શોધક.
પુરાવિદ,-તત્વજ્ઞ, (આર્કેઓલોજીસ્ટ) *n.* Archeologist.
પુરાવું, *vt.* Get interned. પુરાવાય એમ કરવું.
પુરાવો, ( એવીડંસ ) *n.* Evidence. સાબીતી.
પુરાંત, ( બેલંસ ) *n.* Balance. હાથ પર જમે રકમ.
પુરી, ( સીટી ) *n.* City. નગર,-રી.
પુરૂષ, પુર્ખ, ( મેલ ) *n.* Male. નર. Man. મરદ. Husband. વર; પતિ. Soul. આત્મા.
પુરૂષત્વ,-ષાતન, (મેનલીનેસ) *n.* Manliness. મરદાઈ.
પુરૂષાર્થ,(હુમન એફર્ટ) *n.* Human effort.માણસથી
પુરૂષાર્થી, *a.* Valiant. ઉદ્યોગી. [ થઈ શકતી મહેનત.
પુરોગામી, *a.* & *n.* Happened before. પૂર્વે થયેલું.
પુરોહિત, ( ફેમીલી પ્રીસ્ટ )*n.* Family priest. ગોર.
પુલ, ( બ્રીજ ) *n.* Bridge. સેતુ.
પુલક, ( હેર ) *n.* Hair. રોમ; રૂંવાડું.
પુલકવું, *vt.* Be thrilled. રોમાંચિત થવું.
પુલકિત, ( થ્રીલ્ડ ) *a.* Thrilled. રોમાંચિત. [ વાની.
પુલાવ, *n.* A sweet dish.એક મસાલેદાર મુસલમાની

પુલિન, ( સેંડબેંક) *n.* Sand-bank. ભાઠું; નદીનો કાંઠો. Islet. નદીની વચ્ચે આવેલો રેતીનો બેટ.

પુશ્તો,–તુ, *n.* Dialect of the North-West Frontier. સરહદની બોલી.

પુષ્કર, (બ્લ્યુ લોટસ)*a.*Blue lotus.નીલ કમળ.Water. પાણી. Kind of cloud bringing famine. દુકાળ લાવનાર મેઘ.

પુષ્કરિણી, (સ્મોલ પોંડ) *n.* Small pond. તળાવડી. She-elephant. હાથણી Lotus-plant. કમળની વેલ.

પુષ્કળ, (મચ)*a.* Much. ખૂબ; મસ.

પુષ્ટ, ( ફેટ ) *n.* Fat.જાડું. Nourished. પોષાયેલું.

પુષ્ટિ, ( નરીશીંગ )*n.*Nourishing. પોષણ. Support. સમર્થન; ઉત્તેજન. Favour. કૃપા.

પુષ્ટિકારક, (નટ્રીટીવ) *a.* Nutritive. પૌષ્ટિક.

પુષ્ટિમાર્ગ, *n.* A religious doctrine. વલ્લભાચાર્યે ચલાવેલો વૈષ્ણવ ભક્તિમાર્ગ.

પુષ્પ, ( ફ્લાવર ) *n.* Flower. ફુલ.

પુષ્પધન્વા, (કયુપીડ) *n.* Cupid. કામદેવ.

પુસ્તક, ( બુક ) *n.* Book. ચોપડી; ગ્રંથ.

પુસ્તકાલય, ( લાયબ્રેરી ) *n.* Library. ગ્રંથાલય.

પુસ્તો, ( એમ્બેંકમેંટ ) *n.* Embankment. પાણીનો ધક્કો ઝીલે તેવું બાંધકામ.Dock.ડક્કો.[બીજવાળો રેસો.

પુંકેસર, ( સ્ટેમન ) *n.*Stamen. ફુલની અંદરનો નર-

પુંજ, ( હીપ ) *n.* Heap. ઢગલો.

પુંડરીક, (વ્હાઇટ લોટસ)*n.*White lotus.ધોળું કમળ.

પુંલિંગ, -લ્લિંગ, *n.* Masculine gender. નરજાતિ.
પૂગવું, (રીચ) *vt.* Reach. પહોંચવું.
પૂછ,-છું, ( ટેઈલ ) *n.* Tail. પુચ્છ. [ કરવું તે.
પૂછગાછ, -પાછ, -પરછ, *n.* Inquiry. તપાસ; પૂછવું-
પૂછવું, ( કવેશ્ચન ) *n.* Question. સવાલ કરવો.
પૂજક, (વરશીપીંગ)*a.&n* Worshipping. પૂજા કરનાર.
પૂજનિક,-નીય, ( વેનરેબલ ) *a.* Venerable. પૂજાને
પૂજવું, *vt.* Worship. પૂજા કરવી: ભજવું.[પાત્ર;પૂજ્ય.
પૂજા, -જન,(વરશીપ)*n.* Worship. આરાધના;ઉપાસના.
પૂજાપો,*n.* Materials for worship. પૂજાનો સામાન.
પૂજારી, ( વરશીપર) *n.* Worshipper. પૂજા કરનારો.
પૂજાવું, *vt.* Be worshipped. પૂજે એમ કરવું. [વડીલ.
પૂજ્ય, *a.*Venerable.પૂજનીય.*n.* Elderly person.
પૂઠ,(બેક)*n.* Back.શરીરનો પાછલો ભાગ. Chase.પીછો.
પૂઠળ,-ઠે, (બીહાઇન્ડ) *ad.* Behind. પાછળ.
પૂઠું, ( કવર ) *n.* Cover.ચોપડીનું ઢાંકણ. [ પોળી.
પૂડલો,-ડો,(કેક)*n.*Cake. લોટ કે દાળના ખીરાની તળેલી
પૂણી, *n.* Roll of cotton ready for spinning.
કાંતવા માટે પીંજેલા રૂનો વણીને બનાવેલો ગોળ આકાર.
પૂત, ( સન ) *n.* Son. પુત્ર. *a.* Holy. પવિત્ર.
પૂતળી, ( ડોલ ) *n.* Doll. સ્ત્રીના આકારનું રમકડું.
Pupil of the eye. આંખની કીકી. Beautiful
woman. ખૂબસૂરત સ્ત્રી. [ પત્થરની આકૃતિ.
પૂતળું, (ટોય )*n.*Toy. રમકડું.Image.મૂર્તિ.Statue.
પૂનમ, *n.* Full moon day. પૂર્ણચંદ્ર ઊગવાની તિથિ.

**પૂમડું**, *n.* Piece of cotton. રૂનો બહુ નાનો પિંડ.
**પૂર**, ( ફ્લડ ) *n.* Flood. નવા પાણીનું જોસબંધ આવવું તે. *a.* Complete, પૂરેપૂરૂં; સંપૂર્ણ Suffix.પ્રત્યય છે, જેમકે ચોખાપૂર; વાંસપૂર.
**પૂરક**, (કંપલીટીંગ) *a.&n.* Completing.પૂરૂં કરનાર.
**પૂરણપોળી**, *n.* Sweet cake. વેડમી.
**પૂરત**, ( ડાવરી ) *n.* Dowry. પહેરામણી.
**પૂરતું**, ( ઇનફ )*a.* Enough. જોઇએ તેટલું.
**પૂરપાટ**, ( વેરી ફાસ્ટ ) *ad.* Very fast. પૂર વેગથી.
**પૂરવું**, ( ફીલ અપ ) *vt.* Fill up. ભરવું.Inter.ગોંધવું. [Supply.પૂરું પાડવું.
**પૂરી**, *n.* Bun.એક તળેલી વાની.
**પૂરૂષ**,—જુઓ 'પુરૂષ.'
**પૂરૂં**, –રેપૂરૂં,(કંપલીટ) *a.* Complete;whole, પૂર્ણ.
**પૂર્ણ**, ( પરફેક્ટ ) *a.* Perfect. અધૂરૂં નહિ એવું.
**પૂર્ણવિરામ**, *n.* Full point. લખાણમાં વાક્ય પૂરૂં થયાનું સ્થાન બતાવનાર ચિહ્ન.
**પૂર્ણાહુતિ**, ( કંપલીશન ) *n.* Completion. સમાપ્તિ.
**પૂર્ણિમા**, *n.* Full moon day. પૂનમ.
**પૂર્તિ**,(એડીશન) *n.* Addition. વધારો.
**પૂર્વ**, ( ઇસ્ટર્ન )*a.* Eastern. ઊગમણું; પૂર્વ દિશાનું. Previous. આગલું. Ancient. પ્રાચિન. *n.* East. સૂર્યને ઊગવાની દિશા.
**પૂર્વક**, Suffix.પ્રત્યય છે, જેમકેઃ શ્રદ્ધાપૂર્વક, પ્રેમપૂર્વક.
**પૂર્વકાલીન**, ( એન્શંટ ) *a.* Ancient. પ્રાચીન.
**પૂર્વગ્રહ**, (પ્રેજ્યુડીસ )*n.* Prejudice. પહેલેથી જ બંધા-

પૂર્વજ, *n.* Ancestor. વડવો; પિતૃ. [પેલો અભિપ્રાય.
પૂર્વપક્ષ, *n.* The prima facie view of a question. અદાલતમાં વાદીએ રજૂ કરેલી વાત.
પૂર્વપદ, *n.* First member of a compound. સમાસ કે વાકયનું પ્રથમ અંગ. [સ્તુતિ, સંગીત વિ.
પૂર્વરંગ, (પ્રોલોગ) *n.* Prologue. નાટકના પ્રારંભની
પૂર્વવત, *ad.* As before. પહેલાંની જેમ.
પૂર્વશરત, (પ્રીરેકવીઝીટ) *n.* Prerequisite. પહેલેથી હોવી જોઇતી શરત. [આગલુંપાછલું; આગળપાછળ.
પૂર્વાપર, *a.* & *ad.* Preceding and succeeding.
પૂર્વાભિમૂખ, *a.* & *ad.* Facing the east. પૂર્વ તરફના મોંનું.
પૂર્વાર્ધ, *n.* First half. આગલો અડધો ભાગ.
પૂર્વાલાપ, (પ્રીફેસ) *n.* Preface. પ્રસ્તાવના.
પૂર્વે, (ફોર્મરલી) *ad.* Formerly. પહેલાં.
પૂર્વોક્ત, *a.* Said before. પહેલાં કહેવાયેલું.
પૂષા, (સન) *n.* Sun. સૂર્ય. [પૂળિયું.
પૂળો, *n.* Bundle of grass. ઘાસ કે કડબનું મોટું
પૂંખ, *n.* Wing of a hut. છાપરાનો બહાર પડતો ભાગ.
પૂંખવું, *vt.* Receive ceremoniously. વરકન્યાને
પૂંછ,-ડું,-ડી,(ટેલ) *n.* Tail. પૂછડું. [વધાવવાં.
પૂંજ, (પોઇન્ટ) *n.* Point. મીંડું; અનુસ્વાર.
પૂંજી, (કેપીટલ) *n.* Capital. દોલત.
પૂંજો, (રીફ્યુઝ) *n.* Refuse. કચરો; વાસીદું.
પૂંઠ,—જુઓ 'પૂઠ'. [માણસ.

પૃચ્છક, ( ઈંક્વાયરર ) *n.* & *a.* Inquirer. પૂછનાર
પૃચ્છા, ( ઈંક્વાયરી ) *n.* Inquiry. તપાસ; પ્રશ્ન.
પૃથક, ( સેપરેટ ) *ad.* Seperate. અલગ; છૂટું.
પૃથક્કરણ,–ક્કૃતિ, (એનેલીસીસ ) *n.* Analysis. ઘટક તત્ત્વો છૂટાં પાડવાં તે.
પૃથિવી, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી. Land. જમીન.
પૃથુ, ( બ્રોડ ) *a.* Broad. પહોળું; વિસ્તીર્ણ.
પૃથ્વી, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી. Metre. એક છંદ.
પૃથ્વીનાથ,–પતિ,–પાલ,–શ, (કીંગ) *n.* King. રાજા.
પૃષ્ઠ, *n.* Back. પીઠ; વાંસો. Page પાનું. Surface.
પૃષ્ઠવંશ, ( સ્પાઈન)*n.* Spine. કરોડરજ્જુ. [ સપાટી.
પેક, (કલેવર) *a.* Clever. હોંશિયાર.
પેખણું, ( સ્પેક્ટેકલ ) *n.* Spectacle. તમાશો,
પેખવું, ( સી ) *vt.* See. જોવું.
પેગંબર, ( પ્રોફેટ ) *n.* Prophet. પયગંબર.
પેગામ, ( મેસેજ ) *n.* Message. સંદેશો.
પેચ, ( ટવીસ્ટ ) *n.* Twist. આંટો; વળ. Screw. સ્ક્રૂ. Device. યુક્તિ. Noose. ફાંદો; જાળ.
પેચીલું, ( શ્રુડ ) *a.* Shrewd. યુક્તિબાજ.
પેટ, ( સ્ટમક ) *n.* Stomach. જઠર. Abdomen. જઠરની બખોલ. Livelihood. આજીવિકા. Womb. ગર્ભાશય. Children. પોતાના સંતાનો. Mind. અંતર. Cavity. કોઈ વસ્તુનો અંદરનો ભાગ. [ ભરાય તેટલું.
પેટપૂર, *ad.* As much as one is satisfied. પેટ
પેટભરું, –ભ્રુડું, ( સેલ્ફીશ ) *a.* Selfish. સ્વાર્થી.

પેટવવું, -ટાવવું, (કીન્ડલ) *vt.* Kindle. સળગાવવું.
પેટવું, -ટાવું, *vt.* Be kindled. સળગવું.
પેટાળ, *n.* The inner portion. અંદરનો ભાગ.
પેટાકલમ, *n.* Sub-section. કલમની અંદર ઉપકલમ.
પેટાખાતું, *n.* Sub-division. ગૌણખાતું.
પેટાજાતિ, *n.* Sub-caste. મોટી જાતિનો એક ફાંટો.
પેટાનિયમ, *n.* Bye-law. ગૌણ નિયમ.
પેટાસમિતિ, *n.* Sub-committee. મોટી સમિતિએ નીમેલી નાની સમિતિ. [ રોજનો ખોરાક.
પેટિયું,-યો, (સેલેરી) *n.* Salary. પગાર. Ration.
પેટી, (ટ્રંક) *n.* Trunk. વસ્તુ મૂકવા માટેની બનાવટ.
પેટું, *n.* Hollow or swollen part. પોલો કે ઉપસેલો
પેટે, *ad.* In place of; for. સાટે; બદલામાં. [ ભાગ.
પેઠ, -ઠે, *ad* In the same manner as. રીતે; માફક.
પેડું, -ડું, *n.* Lower part of the belly. દૂંટીની નીચેનો પેટનો ભાગ. [ વંશપરંપરાનું પગથિયું.
પેઢી, *n.* Mercantile firm. વેપારીની કોઠી. Generation.
પેઢીઉતાર, (સકસેસીવ્લી) *ad.* Successively. પેઢી દર
પેઢીનામું, *n.* Geneological tree. વંશવૃક્ષ. [પેઢી.
પેઢું, (ગમ) *n.* Gum. અવાળુ.
પેણી, -ણો, (ફ્રાઈંગ પૅન) *n.* Frying pan. તાવડી; કઢાઈ.
પેદળ, *n.* Infantry. પાયદળ. *a.* & *ad.* Pedestrian.
પેદાશ, *n.* Produce. ઉત્પન્ન; ઉપજ. [ પગપાળું.
પેધવું, (હૅબીચ્યુએટ) *vt.* Habituate. આદત પડવી.
પેધું, *n.* Habituated. પેધેલું. *n.* Habit. ટેવ.

પેન, *n.* Slate-pen. સ્લેટ પેન.
પેન, -સીલ, -ન્સિલ, *n.* Lead-pencil. સીસાપેન.
પેની,-ન્સ, *n.* Small English coin. નાનો અંગ્રેજી ચલણી સિક્કો.
પેપું, (ડલ) *a.* Dull. ઢીલું; પોચું. [ ચલણી સિક્કો.
પેય, *n.* Drink. પીણું. *a.* Worth drinking. પીવા યોગ્ય. [ Information. ખબર. Foot. પગ.
પેર, ( મેનર ) *n.* Manner. પ્રકાર; રીત. Plan. તદબીર.
પોર, *ad.* Last or next year. ગયે કે આવતે વર્ષે.
પોરસ, ( બ્રેવરી ) *n.* Bravery. શૂરાતન.
પોરિયું, ( ચાઇલ્ડ ) *n.* Child. બાળક.
પોરો, ( જર્મ ) *n.* Germ. પાણીનો એક બારીક જીવ. Time. સમો. [ gement. ગોટાળો.
પોલ, ( કેવીટી ) *n.* Cavity. પોલાણ. Mismana-
પોલકું, *n.* Female under-garment. સ્ત્રીઓનું બદન.
પોલાણ, *n.* Hollowness. પોલો ભાગ.
પોલાદ, ( સ્ટીલ ) *n.* Steel ગજવેલ.
પોલાદી, *a.* Made of steel. પોલાદનું. Stout. મજબૂત.
પેરવી, (પ્રેપેરેશન) *n.* Preparation. તજવીજ; ગોઠવણ.
પેરૂ, ( ગ્વાવા ) *n.* Guava. જામફળ.
પેરે, *ad.* In the manner of પેઠે; પ્રકારે.
પેલ,-ણું, *n.* Thick circles of spun cotton. પીંજેલા રૂની થેપલી. [ Former. આગલું.
પેલું, *prn.* & *a.* That. સામે આંગળીથી બતાવેલું.
પેશ, *ad.* Forward. આગળ; ઠેઠ.
પેશકદમી, *n.* Fore-running. સામે લેવા જવું તે.

પેશકશ,-કશી, ( ટ્રીબ્યુટ ) *n.* Tribute. ખંડણી.
પેશકાર, *n.* Agent. કારભારી. Valet. હજુરીયો.
પેશગી, ( અર્નેસ્ટ મની ) *n.* Earnest money. બાનુ.
પેશાબ, ( યુરીન ) *n.* Urine. મુતર.
પેશાબખાનું,*n.* Urinal. મૂતરડી. [Leader. આગેવાન
પેશવા,-શ્વા, *n.* Chief minister. મુખ્ય પ્રધાન.
પેશવાજ, *n.* Gown. બાઈઓનો એક ઘેરદાર જામો.
પેશી, ( ટીસ્યુ ) *n.* Tissue. માંસનો લોચો. Divison of a fruit. ફળની કાપલી.
પેશો, (ઓકયુપેશન) *n.* Occupation. ધંધો.
પેશ્તર,-સ્તર, (બીફોર ) *ad.* Before. પૂર્વે; આગળ. *a.* Succeeding. આગામી.
પેસવું, ( એન્ટર ) *vt.* Enter. દાખલ થવું.
પેસાડવું, ( થ્રસ્ટ ) *vt.* Thrust. અંદર દાખલ કરવું.
પેળ, ( ટેસ્ટીકલ ) *n.* Testicle. વૃષણ.
પેંગડું, ( સ્ટીરપ ) *n.* Stirrup. ઘોડેસ્વાર જેમાં પગ મૂકે છે તે કડું. [એક મીઠાઈ. Lump. લોંદો.
પેંડો, (સ્વીટમીટ) *n.* Sweetmeat.. દૂધના માવાની
પેંતરો, *n.* The first show which the wrestlers make in the beginning of a fight. પવિત્રા; કુસ્તીના પ્રારંભમાં ટટાર ઉભા રહેવું તે. Device. યુક્તિ.
પેંધવું, ( ફ્રીકવન્ટ ) *vt.* Frequent. વારંવાર કરવું તે.
પૈકી, *int.* Out of. માંથી. Of. માંનું.
પૈડું, ( વ્હીલ ) *n.* Wheel. ચક્ર; ચાક.
પૈતું, *n.* Circular slice. કાતળી. [મળેલું.

પૈતૃક, ( પેટરનલ ) *a.* Paternal. બાપીકું; વારસામાં
પૈશાચિક,–ચી, ( ડેમોનીકલ )*a.* Demonical.રાક્ષસી.
પૈસાદાર, ( વેલ્થી ) *a.* Wealthy. ધનવાન.
પૈસો, ( પાઇસ ) *n.* Pice. આનાનો ચોથો ભાગ; એક તાંબાનો સિક્કો. Money. દોલત.
પોક, *n.* Loud cry of sorrow.બૂમ પાડીને રડવું તે.
પોકળ, ( ફૉલ્સ ) *a.* False. ખોટું. Hollow. પોલું.
પોકાર, ( ક્રાય ) *n.* Cry. બૂમ. Complaint.ફરિયાદ.
પોકારવું, *vt.* Cry alond. બૂમ પાડીને બોલવું–કોઇને બોલાવવું.
પોકેપોક, *ad.* Lamentingly. ખૂબ પોકો પાડીને.
પોખરાજ, (ટોપૅઝ) *n.* Topaz. પીળા રંગનું એક રત્ન.
પોગળ, ( ફૉલ્સીટી ) *n.* Falsity. ભોપાળું.
પોચું, ( સોફ્ટ ) *a.* Soft. નરમ. Weak. નબળું. Coward. બીકણ. [ગાંસડી.
પોટકી,–લું,–કું,–લી, ( પેકેજ ) *n.* Package. નાની
પોટીસ, ( પોલ્ટીશ ) *n.* Poultice. ગડગૂમડ પકવવા માટે ઘઉંના લોટ વગેરેની ગરમ લૂગદી.
પોઠ, ( કેરેવાન ) *n.* Caravan. વણજાર. [ નંદી.
પોઠિયો, *n.* Bullock, બળદ.Bull of Shiva.શીવનો
પોઢણ, ( સ્લીપીંગ ) *n.* Sleeping. શયન.
પોઢવું, ( સ્લીપ ) *vt.* Sleep. સુવું.
પોઢાડવું, *vt.* Cause to sleep. સૂવે એમ કરવું.
પોણિયો, ( કાવર્ડ ) *a.* Coward. બાયલો.
પોણિસો, *a.* Ninety-nine and three fourths.

પોણોસો, *a.* Seventy five. ૭૫. [૯૯ ૩/૪
પોણું,–ણિયું,*a.*Three quarters.આખામાં પા ઓછું.
પોત, (ટેક્ષ્ચર) *n.* Texture. વણાટ. Worth. પોતાનું ખરું સ્વરૂપ.Child.બાળક. [ભીંજવેલો લૂગડાનો કકડો.
પોતું, *n.* Small wet piece of cloth. પાણીમાં
પોતપોતે, ( ઇચ વન ) *ad.* Each one. દરેક જાતે.
પોતાપણું, (ઇન્ડીવીડયુઆલીટી)*n.* Individuality.
પોતીકું, *a.* Own. પોતાનું. [ વ્યક્તિત્વ.
પોતે, (સેલ્ફ) *prn.*Self. જાતે. *ad.* Personally.પંડે.
પોથી, ( બુક ) *n.* Book. લાંબા છૂટાં પાનાનું પુસ્તક.
પોદળો,–ચકું, *n.* Lump of dung. છાણનો લોંદો.
પોપચું,(આયલીડ)*n.*Eyelid.આંખનું પાંપણવાળું ઢાંકણ
પોપટ, (પેરટ)*n.* Parrot. શુક; લીલા રંગનું એક પક્ષી.
પોપટી, ( ફીમેલ પેરટ )*n.*Female parrot. પોપટની
પોપટો, *n.* Pod of gram. ચણાની શિંગ. [ માદા.
પોપડો, (ક્રસ્ટ) *n.* Crust ઉપસેલું, ઉખડેલું કે લાગેલું
પોપલું,–પું, ( વીક ) *a.* Weak. અશક્ત. [પડ.
પોપૈયું, *n.* Papaya fruit. એક ફળ; પપૈયું.
પોબાર, ( વીકટરી ) *n.* Victory. ફત્તેહ.
પોબારા ગણવા, (ડીકેમ્પ) *vt.* Decamp. નાસી જવું.
પોમલું,(ઓવરજોય્ડ)*a.*Overjoyed. હરખઘેલું; પોચું.
પોમાવું, *vt.* Be overjoyed હરખાવું.
પોયણું, *n.* Lotus. રાતે ખીલતું કમળ.
પોલીસ, ( સીપોય ) *n.* Sepoy. સીપાઈ.
પોલું, ( હોલો ) *a.* Hollow. પોલાણવાળું; ખાલી.

પોશ, ( હેન્ડફુલ ) *n.* Handful. ખોબો.
પોશાક, ( કાસ્ટયુમ ) *n.* Costume. પહેરવેશ.
પોષણ, *n.* Maintainance. ગુજરાન; નભાવ.
પોષવું, *vt.* Nourish. ખવરાવી પીવરાવી જતન કરવું.
પોષાવું, –સાવું, ( સ્યુટ ) *vt.* Suit. પાલવવું.
પોસદોડો, ( પોપી-હેડ) *n.* Poppy-head. ખસખસનું [ ખાલી જીંડવું.
પોળ, (સ્ટ્રીટ) *n.* Street. શેરી.
પોળિયો, (ડોર-કીપર) *n.* Door-keeper. દરવાન.
પોળી, ( કેક ) *n.* Cake. પાતળીને પોચી રોટલી.
પોંક, –ખ, *n.* Parched grains of fresh corn. ભૂંજીને કાઢેલા તાજા કણ.
પોંખવું, *vt.* Welcome bride or bridegroom ceremoniously. વરકન્યાને વધાવવાં.
પૌત્ર, ( ગ્રાંડ-સન ) *n.* Grand-son. પુત્રનો પુત્ર.
પૌત્રી,(ગ્રાન્ડ-ડૉટર)*n.*Grand-daughter.પુત્રીની પુત્રી.
પૌરસ્ત્ય, ( ઈસ્ટર્ન ) *a.* Eastern. પૂર્વનું.
પૌરાણિક, *a.* Mythological. પુરાણને લગતું. *n.* Mythologist. પુરાણી. [ પુરૂષાતન.
પૌરૂષ, (મેન્લી) *a.* Manly. પુરૂષનું. *n.* Manliness.
પૌરૂષેય, (હ્યુમન) *a.* Human. પુરૂષને છાજતું.
પૌષ્ટિક, (નટ્રીટીવ) *a.* Nutritive. પુષ્ટિ આપનાર.
પૌંઆ, –વા, *n.* Rice parched and beaten flat. શેકેલી ડાંગરને ખાંડીને કાઢેલા ચપટા દાણા.
પ્યાજ,પિઆજ, (અનીઅન) *n.* Onion. ડુંગળી.
પ્યાદુ, *n.* Pawn at chess. શેતરંજમાં પેદળ સીપાઈનું

મહોરૂં. Footman. પેદળ સીપાઈ.
પ્યાર, ( લવ ) *n.* Love. પ્રેમ.
પ્યારૂં, (ડીયર) *a.* Dear. વહાલું.
પ્યાલું,–લો,–લી,(કપ) *n.* Cup. પાણી પીવાનું વાસણ.
પ્યાસ, ( થર્સ્ટ ) *n.* Thirst. તરસ.
પ્યાસુ, (થર્સ્ટી) *a.* Thirsty. તરસ્યું.
પ્રકટ, –ગટ, (ઓપન) *a.* Open. ખુલ્લું. Public. જાહેર. *ad.* Openly. ખુલ્લી રીતે.
પ્રકટિત, *a.* Published. જાહેર થયેલું.
પ્રકરણ, (ચેપ્ટર)*n.*Chapter. વિભાગ.Subject.વિષય.
પ્રકર્ષ, (એકસેલંસ) *n.* Excellence. ઉત્તમતા.
પ્રકાર, (મેનર) *n.* Manner. રીત. Difference. ભેદ.
પ્રકાશ, *n.* Light. અજવાળું. Celebrity. પ્રસિદ્ધિ.
પ્રકાશક, (પબ્લીશર) *n.* Publisher. પ્રસિદ્ધ કરનારો.
પ્રકાશન, *n.* Act of publishing. પ્રસિદ્ધ કરવું તે. Publication. પ્રસિદ્ધ કરેલો ગ્રંથ. [ પરચૂરણ.
પ્રકિર્ણ,(સ્કેટર્ડ)*a.*Scattered.વેરાયેલું.Miscellaneous.
પ્રકૃતિ, (નેચર) *n.* Nature. કુદરત. Temper.સ્વભાવ. Temperament. તબિયત. Subjects. પ્રજા.
પ્રકૃતિજન્મ, (નેચરલ) *a.* Natural. કુદરતી.
પ્રકોપ, (રૅાથ) *n.* Wrath. ગુસ્સો. [ mony. વિધિ.
પ્રક્રિયા,(પ્રોસેસ)*n.* Process. કાર્યપ્રણાલી; રીત. Cere-
પ્રક્ષાલન, (વોશીંગ) *n.*Washing. ધોવું તે. [ઉમેરાયેલું.
પ્રક્ષિપ્ત, ( થ્રોન ) *a.* Thrown. ફેંકેલું. Added.
પ્રખર, (વેહીમેંટ) *a.* Vehement. ઉગ્ર; તીક્ષ્ણ.

પ્રખ્યાત, ( ફેમસ ) *a*. Famous. પ્રસિદ્ધ.
પ્રખ્યાતિ, ( ફેમ ) *n*. Fame. પ્રસિદ્ધિ.
પ્રગટવું, *vt*. Be lighted. સળગવું.Light. સળગાવવું. Be born. જન્મવું. Be published. પ્રગટ થવું.
પ્રગટાવવું, ( લાઇટ) *vt*.Light. સળગાવવું.Produce. ઉત્પન્ન કરવું.
પ્રગતિ, (પ્રોગ્રેસ) *n*. Progress. ઉન્નતિ; આગળ વધવું તે.
પ્રગતિશીલ, *a*. Progressive. પ્રગતિ કરતું.
પ્રગલ્ભ, (મેચ્યોર્ડ) *a*. Matured. પ્રૌઢ;ગંભીર. Bold. નિર્ભય. Proud. અભિમાની.
પ્રગલ્ભા, *n*. Bold woman. પ્રૌઢા સ્ત્રી.
પ્રચલિત,(પ્રીવેલંટ) *a*.Prevalent.ચાલુ;ચાલતું આવેલું.
પ્રચંડ, *a*. Powerful. કદાવર. Terrible. ભયંકર.
પ્રચાર(પ્રીવેલંસ)*n*.Prevalence.ફેલાવો.Custom.રૂઢિ.
પ્રચારક, –લક, (ઓર્ગેનાઇઝર) *n*. Organiser.પ્રચાર કરનાર; આરંભક.
પ્રચૂર, ( એમ્પલ ) *a*. Ample. ખૂબ; પુષ્કળ.
પ્રચ્છન્ન,–ચ્છાદિત, (કવર્ડ) *a*. Covered. ઢાંકેલું.
પ્રજનન, (જનરેટીંગ) *n*.Generating.જન્મ આપવો તે.
પ્રજનનશાસ્ત્ર, ( યુજેનીક્સ) *n*. Eugenics. સંતતિનું શાસ્ત્ર.
પ્રજળવું, (બર્ન) *vt*. Burn. સળગવું.
પ્રજા, (પીપલ) *n*. People. લોકો. Progeny. સંતતિ. Nation. જનતા.
પ્રજાકિય, *a*. Of the people. લોકોનું–ને લગતું.
પ્રજાતંત્ર, (રીપબ્લીક) *n*.Republic.પ્રજાસત્તાક રાજતંત્ર.

પ્રજાપતિ, *n.* Brahma સૃષ્ટિ ઉત્પન્ન કરનાર દેવ-બ્રહ્મા. King. રાજા. Potter. કુંભાર. Urenus. એક ગ્રહ.
પ્રજાભાવ,(નેશનાલીઝમ) *n.* Nationalism. રાષ્ટ્રીયતા.
પ્રજાશાહી, ( ડેમોક્રસી ) *n.* Democracy. લોકશાસન.
પ્રજાસત્તાક, (ડેમોક્રેટીક) *a.* Democratic.પ્રજાના વહિ-
પ્રજાળવું,(કીન્ડલ) *vt.* Kindle. સળગાવવું. [વટવાળું.
પ્રજોત્પત્તિ, *n* Child-birth. સંતાનની ઉત્પત્તિ.
પ્રજોત્પાદક, ( જનરેટીવ ) *a.* Generative. સંતાન ઉપ-
પ્રજ્ઞા, (ઈનટેલેક્ટ) *n.* Intellect. બુદ્ધિ. [ જાવે એવું.
પ્રજ્ઞાચક્ષુ, (બ્લાઇન્ડ) *a.* Blind. અંધ. [ સળગતું.
પ્રજ્વલિત,(શાઇનીંગ) *a.* Shining. પ્રદિપ્ત Kindled.
પ્રણમવું, (બાઉ ટુ) *vt.* Bow to. નમસ્કાર કરવા.
પ્રણય, (એસ્પાઉઝીંગ) *n.* Espousing. પ્રેમ.
પ્રણયિની, (વાઈફ) *n.* Wife. પત્ની; માશૂક.
પ્રણયી, ( હઝબંડ ) *n.* Husband. પતિ; આશક.
પ્રણવ, *n.* The mystic syllable ओम्. ૐકાર.
પ્રણામ,(સેલ્યુટેશન) *n.* Salutation. નમસ્કાર.
પ્રણાલી,-લિકા, (કસ્ટમ) *n.* Custom. રૂઢિ; પદ્ધતિ.
પ્રણિપાત, (પ્રોસ્ટ્રેશન)*n.* Prostration. પગે પડવું તે.
પ્રણેતા, (મેકર) *n.* Maker. રચનાર. [ મૂળ લખાણ.
પ્રત, ( કોપી) *n.* Copy. ગ્રંથની નકલ. Manuscript.
પ્રતાપ, (ડીગ્નીટી) *n.* Dignity. પ્રભાવ. Grandeur. તેજ; કાંતિ. [ પ્રતાપવાળું.
પ્રતાપી, -પવાન, -શાળી, (ગ્લોરીયસ) *a.* Glorious.
પ્રતિ, ( ટોવાર્ડ્ઝ ) *ad.* Towards. તરફ.

પ્રતિકાર, -તીકાર, ( રેઝીસ્ટંસ ) *n.* Resistance. સામનો-વિરોધ. Remedy. ઈલાજ; ઉપાય.
પ્રતિકાવ્ય, (પૅરૉડી) *n.* Parody. ઉપહાસ કરવા કરાતી ।મૂળ કાવ્યની પ્રતિકૃતિ.
પ્રતિકૂલ,-ળ, (એડવર્સ) *a.* Adverse. ઉલટું; વિરૂદ્ધ.
પ્રતિકોણ,*n.* Opposite angle. સામેનો ખૂણો. [ગતિ.
પ્રતિક્રિયા, (રીએકશન) *n.* Reaction. વિરોધી ક્રિયા-
પ્રતિક્ષણ,*ad* At every moment. દરેક પળે; પળેપળે.
પ્રતિગ્રહ,(એકસેપ્ટંસ) *n.* Acceptance. સ્વિકાર; દાન
પ્રતિઘોષ,-ધ્વનિ,(ઇકો) *n* Echo. પડઘો. [લેવું તે.
પ્રતિજ્ઞા, (રેઝોલ્યુશન) *n.* Resolution. પણ; નિશ્ચય.
પ્રતિદિન,-દિવસ, (ડેલી) *ad.* Daily. દરરોજ.
પ્રતિનિધિ, ( રીપ્રેઝંટેટીવ ) *n.* Representative. ને બદલે,-ના તરફથી કામ કરવા નિયુક્ત કરેલો માણસ.
પ્રતિનિધિત્વ,*n.* Representation. પ્રતિનિધિ ચૂંટવાનો
પ્રતિપક્ષ, *n.* Rival. સામો પક્ષ; હરિફ. [અધિકાર.
પ્રતિપદ,-દા, *n.* First day. એકમ; પડવો. [કરવું તે.
પ્રતિપાદન, (પ્રુવીંગ)*n.*Proving પ્રમાણો આપી પુરવાર
પ્રતિપાદિત, ( પ્રુવ્ડ ) *a.* Proved પુરવાર કરેલું.
પ્રતિબંધ, (ઓબ્જેકશન) *n.* Objection. વાંધો; વિઘ્ન;
પ્રતિબિંબ, (શેડો) *n.* Shadow. પડછાયો. [રૂકાવટ.
પ્રતિબોધ, (ઈન્સ્ટ્રકશન) *n.* Instruction. જ્ઞાન; સમ-
પ્રતિભા,(લસ્ટર) *n.* Lustre. તેજ;શક્તિ. [જણ; બોધ.
પ્રતિભાવાન,-શાળી, (ઇનટેલીજંટ ) *a.* Intelligent.
પ્રતિમા,(ઈમેજ) *n.* Image. મૂર્તિ. [પ્રતિભાવાળું.

પ્રતિમાલેખન, *n.* Model drawing. પ્રતિમા જોઇને કરેલું આલેખન. [ રોકાણ.
પ્રતિરોધ, ( હીંડરંસ ) *n.* Hindrance. અટકાવ;
પ્રતિલોમ,(લો)*a.* Low.હલકું. Reverse. ઊલટા ક્રમનું.
પ્રતિવર્ષ, *ad.* Every year. દર વરસે.
પ્રમોદી, (જોયફુલ) *a.* Joyful. આનંદી.
પ્રયત્ન, (એફર્ટ) *n.* Effort. પ્રયાસ; કોશિશ.
પ્રયાણ, (ડીપાર્ચર) *n.* Departure.જવું તે; પ્રસ્થાન.
પ્રયાસ, (લેબર) *n.* Labour. મહેનત; કોશિશ.
પ્રયોગ, (એક્ષપેરીમેન્ટ) *n.* Experiment. અખતરો. Use. વાપર. [ નિક પ્રયોગો કરવાની જગા.
પ્રયોગશાલા,–ળા,(લેબોરેટરી) *n.* Laboratory. વૈજ્ઞા-
પ્રયોજક, ( ઑથર ) *n.* Author. લેખક; પ્રેરક.
પ્રયોજન, ( ઓબજેક્ટ ) *n.* Object. હેતુ; સબબ.
પ્રલય,–લે,–ળે,(હેવૉક)*n.* Havoc.વિનાશ;જગતનો લય.
પ્રતિવાદ, (એન્સર )*n.* Answer. જવાબ.Refutation. ખંડન; વિરોધ. [ પક્ષનો માણસ.
પ્રતિવાદી,(ડીફેન્ડંટ) *n.* Defendant. દાવામાં બચાવ-
પ્રતિષ્ઠા, ( રેપ્યુટેશન ) *n.* Reputation. આબરૂ; કિર્તિ. Installation.મૂર્તિની સ્થાપના. Firmness. મજબૂતી.
પ્રતિષ્ઠિત, (સેલીબ્રેટેડ ) *a.* Celebratod. પ્રતિષ્ઠાવાળું;
પ્રતિસંબંધી, *a.* Contrary. વિરુદ્ધ. [ આબરૂદાર.
પ્રતિસિદ્ધાંત, *n* Converse theorem. સિદ્ધાંતથી
પ્રતિસ્પર્ધા, *n.* Rivallry. હરિફાઇ. [ઉલટો સિદ્ધાંત.
પ્રતિસ્પર્ધી, ( રાઇવલ ) *n.* Rival. હરિફ.

**પ્રતિહંત,** (રીપલ્સ્ડ) *a.* Repulsed. પ્રતિબંધ પામેલું.
**પ્રતિહાર, –તીહાર,** (ડોર-કીપર) *n.* Door-keeper. દરવાન. [નિશાન; ચિહ્ન.
**પ્રતીક,** (ઇમેજ) *n.* Image. મૂર્તિ. Symbol.
**પ્રતીક્ષા,** *n* Waiting for. વાટ જોવી તે. [ખાતરી.
**પ્રતીતી,** *n.* Trust. ભરોંસો; વિશ્વાસ. Assurance.
**પ્રત્યક્ષ,** (ઓપન) *a.* Open. ખુલ્લું. Clear. સ્પષ્ટ.
**પ્રત્યક્ષવાદ,** (પોઝીટીવીઝમ) *n.* Positivisim. પ્રત્યક્ષ પ્રમાણને જ સત્ય માનનારો વાદ.
**પ્રત્યય,** (ટ્રસ્ટ) *n.* Trust. વિશ્વાસ; ખાતરી. Cause. કારણ; હેતુ. Affix; termination. રૂપો કે સાધિત શબ્દો બનાવવા શબ્દને અંતે લગાડવામાં આવે છે તે.
**પ્રત્યાગમન,** (રીટર્ન) *n.* Return. પાછા આવવું તે.
**પ્રત્યાઘાત,** (રીએકશન) *n.* Reaction. સામો આઘાત. Echo. પડઘો.
**પ્રત્યારોપ,** *n.* Recrimination. સામો આરોપ.
**પ્રત્યાસન્ન,** (પ્રોક્ષીમેટ) *a.* Proximate. પાસેનું; નજીકનું.
**પ્રત્યુત,** *ad.* Otherwise. નીકર; નહિ તો.
**પ્રત્યુત્તર,** (રીપ્લાય) *n.* Reply. સામો જવાબ.
**પ્રત્યે,** (ટોવાર્ડઝ) *ad.* Towards. તરફ.
**પ્રત્યેક,** (ઇચ) *a.* Each. દરેક. [beginning. પહેલેથી.
**પ્રથમ,** (ફર્સ્ટ) *a.* First. પહેલું. *ad.* From the
**પ્રથા,** (કસ્ટમ) *n.* Custom. ધારો; રીત.
**પ્રદક્ષિણા.** *n.* Circumambulation. કોઈ પણ વસ્તુ કે વ્યકિતને જમણી બાજૂ રાખી તેની આસપાસ ફરવું તે.

પ્રદર, (લ્યુકોરીયા) *n.* Leucorrhea. સ્ત્રીઓનો એક રોગ.
પ્રદર્શક, ( શોઇંગ ) *a.* & *n.* Showing. બતાવનારૂં.
પ્રદર્શન, ( એકઝીબીશન ) *n.* Exhibition. હુન્નર, વિદ્યા, કળા વગેરેનાં દૃષ્ટાંતોને જાહેરમાં મૂકવાની પ્રાસંગિક [ યોજના.
પ્રદીપ, ( લેંપ ) *n.* Lamp. દીવો.
પ્રદીપ્ત, ( કીંડલ્ડ ) *a.* Kindled. સળગેલું. Excited. ઉત્તેજીત [ વિભાગ.
પ્રદેશ, ( રીજીયન) *n.* Region. દેશ; મુલક. District.
પ્રદોષ, (ઇવનીંગ) *n.* Evening. સંધ્યાકાળ. Worship વ્રત.
પ્રધાન, (ચીફ) *a.* Chief. મુખ્ય. *n.* Premier. મુખ્ય [ કારભારી.
પ્રપંચ, (ડીસીટ) *n.* Deceit. છળકપટ.
પ્રપંચી, (ડીસીટફુલ) *a.* Deceitful. કપટી.
પ્રપાત, ( વોટર ફોલ ) *n.* Water-fall. ધોધ. Falling down. ભુસકો. [ બાપનો દાદો; પરદાદો.
પ્રપિતામહ, *n.* Paternal great grand-father.
પ્રપુત્ર, ( ગ્રાંડ-સન ) *n.* Grand-son. પૌત્ર.
પ્રપૌત્ર, (ગ્રેટ ગ્રાંડ-સન) *n* Great grand-son. પૌત્રનો પુત્ર.
પ્રફુલ્લ,-લ્લિત, (ફુલ બ્લોન) *a.* Full blown. ખીલેલું. Gay. આનંદ પામેલું.
પ્રફુલ્લવું, ( બ્લુઝમ ) *n.* Blossom. ખીલવું.
પ્રબલ,-ળ, ( પાવરફુલ ) *a.* Powerful. બળવાન Excessive. અત્યંત.
પ્રબંધ, ( કોંપોઝીશન ) *n.* Composition. ઇતિહાસ અને દંતકથાથી મિશ્રિત લેખ; ચિત્રકાવ્ય. Arrangement. ગોઠવણ. [ કરનાર સમિતિ.

પ્રબંધસમિતિ, *n.* Managing committee.વ્યવસ્થા
પ્રબુદ્ધ, ( અવેકન્ડ ) *a.* Awakened.જાગૃત. Prudent. [ સમજુ.
પ્રભવ,(ઓરીજીન) *n.* Origin.ઉત્પત્તિ;જન્મ
પ્રભા, ( લસ્ટર ) *n.* Lustre. તેજ; કાંતિ.
પ્રભાકર, ( સન ) *n.* Sun. સૂર્ય.
પ્રભાત, ( મોર્નીંગ ) *n.* Morning. સવાર.
પ્રભાતિયું, *n.* Morning hymn.સવારે ગાવાનું ગીત.
પ્રભાવ, ( પાવર ) *n.* Power. શક્તિ Awe. રૂઆબ. Influence. અસર. [ King. રાજા.
પ્રભુ, ( ગોડ ) *n.* God. પરમેશ્વર. Husband. પતિ.
પ્રભુતા, ( ગ્રેટનેસ ) *n.* Greatness. મહત્તા; ગૌરવ.
પ્રમત્ત, ( ઇનટોક્ષીકેટેડ )*a.* Intoxicated.પ્રમાદી;ગાફેલ.
પ્રમદા, (વુમન) *n.* Woman. જુવાન; સુંદર સ્ત્રી.
પ્રમાણ, ( એવીડંસ ) *n.* Evidence.પુરાવો; સાબીતી. Measure. માપ. [ યોગ્યતા વગેરેનું ખાતરીપત્રક.
પ્રમાણપત્ર, ( સર્ટીફીકેટ ) *n.* Certificate. પદવી,
પ્રમાણભૂત, *a.* Authoritative. વિશ્વાસપાત્ર.
પ્રમાણશાસ્ત્ર, (લોજીક) *n.* Logic. ન્યાયશાસ્ત્ર.
પ્રમાણસર, *ad.* Proportionately. માપસર.
પ્રમાણિક, ( ઓનેસ્ટ ) *a.* Honest. સાચું; ઈમાનદાર.
પ્રમાણિકતા, *n.* Honesty. ઈમાનદારી.
પ્રમાદ, *n.* Carelessness.ગફલત. Idleness. આળસ.
પ્રમુખ, ( પ્રેસીડેન્ટ) *n.* President. સભાપતિ;અધ્યક્ષ.
પ્રમેય, (થીયરમ) *n.* Theorem. સિદ્ધાંત.*a.* Demonstrable. સિદ્ધ કરી શકાય તેવું.

પ્રમેહ,(ગોનોરીયા) *n.* Gonorrhea. એક રોગ-પરમિયો.
પ્રમોદ, ( જોય ) *n.* Joy. આનંદ.
પ્રલાપ, (લેમન્ટેશન) *n.* Lamentation. વિલાપ.
પ્રલોભન, ( ટેમ્પટેશન ) *n.* Temptation.ભારે લાલચ.
પ્રવચન, *n.* Exposition. વ્યાખ્યાન.
પ્રવર, ( ચીફ )*a.* Chief. મુખ્ય. *n.* Race. ગોત્ર.
પ્રવર્તક,-ર્ત્તક, (પ્રોમોટર)*n.&a.*Promoter.સંસ્થાપક.
પ્રવર્તમાન, (કરંટ) *a.* Current. ફેલાતું; ચાલુ.
પ્રવર્તવું, (સ્પ્રેડ) *vt.* Spread. ફેલાવું.
પ્રવાલ,-ળ, ( કોરલ ) *n.* Coral. પરવાળું.
પ્રવાસ, (જર્ની) *n.* Journey. મુસાફરી.
પ્રવાસી, *n.* Traveller. મુસાફર.
પ્રવાહ, (કરંટ) *n.* Current. વહેણ.
પ્રવાહી, (લીક્વીડ) *a.* & *n.* Liquid.રેલો ચાલે એવું.
પ્રવીણ, (એક્ષપર્ટ) *a.* Expert. કુશળ. [મચેલું.
પ્રવૃત્ત, (કરંટ) *a.*Current.ચાલુ. Activity. પ્રવૃત્તિમાં
પ્રવૃત્તિ,(એક્ટીવીટી) *n.* Activity. ઉદ્યોગ; વ્યવસાય.
પ્રવેશ,(એન્ટ્રન્સ) *n.*Entrance. દાખલ થવું તે.Scene.
નાટકના અંકનો પેટાવિભાગ. [કે કરનારૂં.
પ્રવેશક, (પ્રોલોગ) *n.* & *a.* Prologue.પ્રવેશ કરાવનારૂં
પ્રવેશવું, (એન્ટર) *vt.* Enter. દાખલ થવું. [યોગ્ય.
પ્રશંસનીય, (કોમેન્ડેબલ)*a.*Commendable.વખાણવા
પ્રશંસા, -શસ્તિ,(પ્રેઈઝ) *n.* Praise. વખાણ.
પ્રશસ્ત, (પ્રેઈઝ્ડ) *a.* Praised. વખણાયેલું.
પ્રશાંત, *a.* Very calm. ખૂબ શાંત.

**પ્રશ્ન**, (ક્વેશ્ચન) *n*. Question. સવાલ, Problem. જાણવા વિચારવાની કે ચર્ચવાની વસ્તુ.

**પ્રશ્નપત્ર**, *n*. Question paper. સવાલપત્રક.

**પ્રશ્નમાલા**, **-ળા**, **-વલિ**, **-લી**, Questionaire. પ્રશ્નાવલિ; પ્રશ્નોની હાર.

**પ્રશ્નાર્થ**, (ઇંટરોગેટીવ) *a*. Interrogative. પ્રશ્નવાચક.

**પ્રશ્નોત્તર**, **-ત્તરી**, *n*. A book of question and answers. સવાલજવાબના રૂપમાં લખાયેલી ચોપડી.

**પ્રસન્ન**, *a*. Pleased with. ખુશ; આનંદી. Content. [ સંતુષ્ટ.

**પ્રસરવું**, (સ્પ્રેડ) *vt*. Spread. ફેલાવું.

**પ્રસવ**, ( બર્થ ) *n*. Birth. જન્મ.

**પ્રસવવું**, *vt*. Give birth to. જન્મ આપવો.

**પ્રસંગ**, ( ઓકેજન ) *n*. Occasion. અવસર. Association. સહવાસ. [ પ્રસંગને લીધે.

**પ્રસંગવશાત**, **-ગોપાત્ત**, *ad*. Circumstantially.

**પ્રસાદ**, **-દી**, ( ફેવર) *n*.Favour. મહેરબાની; પરસાદ.

**પ્રસાધન**, (ટોઇલેટ) *n*. Toilet. શણગાર કે તે સજવાની [ સાધનસામગ્રી.

**પ્રસાર**, *n*. Spread. ફેલાવો.

**પ્રસારવું**, *vt* Spread. ફેલાવવું. [ પ્રકાશિત.

**પ્રસિદ્ધ**,( ફેમસ)*a*.Famous.વિખ્યાત;જાહેર.Published.

**પ્રસિદ્ધિ**, ( ફેમ ) *n*. Fame. વિખ્યાતી. Publishing.

**પ્રસિદ્ધિપત્ર**,*n*.Advertisement.જાહેરખબર. [પ્રકાશન.

**પ્રસૂત**, ( બીગોટન ) *a*. Begotten. જન્મેલું; જણેલું.

**પ્રસૂતા**,*n*.A woman that has recently delivered a child. જેને તરતમાં પ્રસવ થયો હોય તેવી સ્ત્રી.

**પ્રસૂતિ,** (ડીલીવરી) *n.* Delivery. સુવાવડ.
**પ્રસૂતિગૃહ,** *n.* Maternity home. સુવાવડખાનું.
**પ્રસૂતિજ્વર,***n.* Puerperal fever. સુવાવડીનો તાવ.
**પ્રસૂતિશાસ્ત્ર,** *n.* Obstetrics. સુવાવડનું શાસ્ત્ર.
**પ્રસૂન,** (બડ) *n.* Bud. કળી Flower. ફુલ.Fruit.ફળ.
**પ્રસ્તાવ,** (બીગીનીંગ)*n.* Beginning.આરંભ. Occasion.પ્રસંગ;બાબત.Resolution દરખાસ્ત.[આમુખ.
**પ્રસ્તાવના,** (ઇંટ્રોડકશન) *n.* Introduction. ઉપોદ્ઘાત;
**પ્રસ્તુત,** *a.* Said. કહેવામાં આવેલું.*n.*Subject under discussion. જેને વિષે કહેવાનું કે કહેવાતું હોય તે.
**પ્રસ્થાન,** *n.* Departure. પ્રયાણ. [ સ્રવવું તે.
**પ્રસ્રવ,–ણ,–સ્રાવ,** ( ફ્લો ) *n.* Flow. ધારા; વહેણ;
**પ્રસ્વેદ,** (પરસ્પીરેશન) *n.* Perspiration. પરસેવો.
**પ્રહર,** *n.* Period of three hours. ત્રણ કલાકનો સમય; પહોર.
**પ્રહસન,** ( ફાર્સ ) *n.* Farce. હાસ્યરસપ્રધાન નાટક.
**પ્રહાર,** ( બ્લો ) *n.* Blow. ઘા. [ પ્રગટવું તે; અવતાર.
**પ્રાકટ્ય,'–ગટ્ય,** ( મેનીફેસ્ટેશન ) *n.* Manifestation.
**પ્રાકૃત,** (ઓર્ડીનરી) *a.* Ordinary. મામૂલી. Vulgar. સંસ્કાર વિનાનું. *n.*A language corrupted from Sanskrit. સંસ્કૃત પરથી અપભ્રંશ થઇને આવેલી એક
**પ્રાકૃતિક,** (નેચરલ) *a.* Natural. સ્વાભાવિક [ ભાષા.
**પ્રાગડ,** ( ડોન ) *n.* Dawn. મળસકું; પરોઢયું.
**પ્રાચી,** *n.* The East. પૂર્વ દીશા.
**પ્રાચીન,** (એનશંટ) *a.* Ancient. જનું.

પ્રાચીનપંથી,(ઑર્થોડોક્ષ)*a*.Orthodox.જૂનાનું આગ્રહી.
પ્રાચ્ય, (ઈસ્ટર્ન) *a*. Eastern. પૂર્વનું.
પ્રાજ્ઞ, ( વાઈઝ ) *a* & *n*. Wise. સમજુ; ચતુર.
પ્રાણ, ( લાઈફ ) *n*. Life. જીવ. Aspiration. શ્વાસ. Vitality. જીવનશકિત. [ જીવલેણ.
પ્રાણઘાતક,-હારક,-હારી, *a*. Destructive to life.
પ્રાણજીવન,-પતિ,-નાથ,-વલ્લભ, (હઝબંડ) *n*. Husband પતિ; પ્રિતમ. [ જોખમે.
પ્રાણપણે, *ad*. At the cost of life જીવના
પ્રાણવાન, (એકટીવ) *a*. Active. જીવંત; ચપળ.
પ્રાણવાયુ, (ઑકસીજન) *n*. Oxygen. એક વાયુ.
પ્રાણવિનિયમ, ( મેસ્મેરીઝમ ) *n*.Mesmerism. એક જાદુઈ વિદ્યા. [ શ્વાસની એક ક્રિયા.
પ્રાણાયામ, *n*. Kind of breathing system.શ્વાસો-
પ્રાણાર્પણ,*n*.Act of a giving life. જીવ આપવો તે.
પ્રાણાંત, ( ડેથ ) *n*. Death. મૃત્યુ.
પ્રાણિજ, (ઑર્ગેનીક) *a*. Organic.
પ્રાણી, *n*. Living creature. જીવ. Animal.જાનવર.
પ્રાણીવિદ્યા, (ઝૂલોજી) *n*. Zoology. પ્રાણીઓને લગતું
પ્રાતઃકાળ,(મોર્નીંગ) *n*. Morning. સવાર. [ શાસ્ત્ર.
પ્રાતઃકર્મ, *n*. Morning duties. સવારે કરવાનું કર્મ.
પ્રાથમિક, ( પ્રાઇમરી )*a*. Primary. આરંભનું.
પ્રાદુર્ભાવ, *n*. Manifestation. ઉત્પત્તિ; પ્રગટ થવું તે.
પ્રાદુર્ભૂત, *a*. Manifested. પ્રગટેલું.
પ્રાદેશીક, *a*. Territorial. પ્રદેશ સંબંધી.

પ્રાધાન્ય, (પ્રીડૉમીનંસ) *n.* Predominance. મુખ્યત્વ.
પ્રાપ્ત, (એકવાયર્ડ) *a.* Acquired. મેળવેલું.
પ્રાપ્તિ, (ગેન) *n.* Gain. લાભ.
પ્રાપ્ય, (પ્રોક્યોરેબલ) *a.* Procurable. મળે એવું.
પ્રાબલ્ય, ( ફોર્સ ) *n.* Force. જોર.
પ્રામાણિક,(ઓનેસ્ટ) *a.* Honest. ઇમાનદાર; સાચું.
પ્રાય, (લાઈક) *a.* Like. લગભગ સરખું.*ad.* Mostly. બહુધા.
પ્રાયશ્ચિત, (એટોનમેન્ટ) *n.* Atonement. પાપના નિવારણ માટેનું તપ.
પ્રાયઃ, –યશઃ, *ad* Mostly. બહુધા; મોટે ભાગે.
પ્રારબ્ધ, (લક) *n.* Luck. નસીબ.
પ્રારબ્ધવાદ, ( ફેટાલીઝમ) *n.* Fatalism. દૈવવાદ.
પ્રારંભ, *n.* Beginning. શરૂઆત.
પ્રારંભક, ( પાયોનીયર ) *n.* & *a.* Pioneer. નવો પ્રારંભ કરનાર.
પ્રાર્થના, ( પ્રેયર ) *n.* Prayer. ઈશ્વરસ્તુતિ; અરજ.
પ્રાર્થયિતા, (પ્રેયીંગ) *n* Praying. પ્રાર્થના કરનાર.
પ્રાર્થવું, (પ્રે) *vt.* Pray. પ્રાર્થના કરવી.
પ્રાર્થિત, (બેગ્ડ) *a* Begged. અરજ કરીને માગેલું.
પ્રાવીણ્ય, (પ્રોફીશ્યંસી) *n.* Proficiency. કુશળતા.
પ્રાશન, (ટેસ્ટીંગ) *n.* Tasting. ખાવું તે.
પ્રાસ, (એલીટરેશન) *n.* Alliteration. કવિતાની તૂકને અંતે અક્ષર મળતા આવવા તે. Dart. ભાલો.
પ્રાસંગિક, (કેઝયુઅલ) *a.* Casual. પ્રસંગને અનુકૂળ; પ્રસ્તુત.
પ્રાસાદ, (પેલેસ ) *n.* Palace. મહેલ.
પ્રાંગણ, ( કોર્ટ-યાર્ડ) *n.* Court-yard. આંગણું.

**પ્રાંત,** ( પ્રોવીન્સ )*n.* Province. જિલ્લાઓ મળી બનતો વિભાગ; દેશનો વિભાગ. Boundary. છેડો.
**પ્રાંતિક,–તીય,** *a.* Provincial. પ્રાંતને લગતું.
**પ્રાંતીયતા,** *n.* Provincialism. પોતાના પ્રાંતનો જ વિચાર કરવાની સંકુચિતતા. [ કાંત.
**પ્રિય,** (ડીયર) *a.* Dear.વહાલું. *n.* Husband. પિયુ;
**પ્રિયકર,–કારી,** (પ્લીઝીંગ) *a.* Pleasing. હિતકર.
**પ્રિયજન,** *n.* Dear person. પ્રેમપાત્ર માણસ.
**પ્રિયતમ,** ( ડીયરેસ્ટ ) *a.* Dearest. સૌથી વધુ વહાલું. *n.* Husband. પતિ.
**પ્રિયા,–યતમા,** (વાઈફ) *n.* Wife. પત્ની; કાંતા.
**પ્રીછવું,** (રેકગ્નાઈઝ) *vt.* Recognise.ઓળખવું;જાણવું.
**પ્રીત, –તિ,** (લવ) *n.* Love. પ્રેમ.
**પ્રીતમ,** (હઝબંડ) *n.* Husband. પિયુ; કાંત.
**પ્રેક્ષક,** ( સ્પેકટેટર) *n.* Spectator. જોનારો. [સમુદાય.
**પ્રેક્ષકવર્ગ,** ( ઓડીયંસ ) *n.* Audience. જોનારાઓનો
**પ્રેત,** ( કોર્પ્સ) *n.* Corpse. શબ. Ghost. પિશાચ.
**પ્રેતભૂમિ,** *n.* Burial ground. સ્મશાન.
**પ્રેમ,** (લવ) *n.* Love. પ્રીતિ.
**પ્રેમદા,** *n.* Lovely woman. સુંદર સ્ત્રી; માશૂક.
**પ્રેમપત્ર,–પત્રિકા,** ( લવ-લેટર ) *n.* Love-letter. પ્રેમ દર્શાવતો કે પ્રેમીનો પત્ર.
**પ્રેમલ,–ળ,** (એફેકશનેટ) *a.* Affectionate. પ્રેમવાળું.
**પ્રેમશૌર્ય,** (શીવલ્રી) *n.* Chivalry. પ્રેમ અને શૌર્ય.
**પ્રેમી,** (એમોરસ)*a.* Amorous.પ્રેમ કરનારું.*n.* Lover.

પ્રેયસી, *n.* Beloved wife. પ્રિયા. [ આરાક.
પ્રેરક, ( સ્ટીમ્યુલેટીંગ ) *a.* Stimulating. ગતિ કે ઉત્તેજન આપનારૂં.
પ્રેરણા, (ઇન્સ્પીરેશન) *n.* Inspiration. પ્રોત્સાહન.
પ્રેરવું,(ઈન્સ્પાયર)*vt.*Inspire. પ્રેરણા કરવી.[આપવો તે.
પ્રોત્સાહન, ( સ્ટીમ્યુલસ ) *n.* Stimulus. ખૂબ ઉત્સાહ
પ્રોષિત, (ગોન એબ્રોડ)*a.* Gone abroad.પરદેશ ગયેલું.
પ્રૌઢ, *a.* Full-grown. પુખ્ત; આધેડ.
પ્લીહા, (સ્પલીન) *n.* Spleen. બરોળ.

---

# ફ

ફ, The second consonant of the labial class. બીજો ઔષ્ઠય વ્યંજન.
ફઈ,–બા, *n.* Aunt. બાપની બહેન.
ફક્ત, (ઓન્લી) *conj.* Only. કેવળ; માત્ર.
ફકરો, ( પેરેગ્રાફ ) *n.* Paragraph. કંડિકા. [વિરાગી.
ફકીર, (મેન્ડીકંટ) *n.* Mendicant. ત્યાગી; મુસલમાન
ફકીરી, (મેન્ડીસીટી) *n.* Mendicity. ફકીરપણું.
ફક્કડ, ( ફોપીશ ) *a.* Foppish. વરણાગિયું; છેલ. Careless. બેફિકરૂં. Free. સ્વચ્છંદી.
ફગફગવું,*vt.* Fly before the wind.ફરફરવું; હવામાં ઊડવું. [ away. ઉશેટવું.
ફગવવું,–ગાવવું,(ડીસીવ)*vt.*Deceive. છેતરવું.Throw
ફગવું, *vt.* Swerve from. બોલીને ફરી જવું.

ફગોટવુ,-ળવું, *vt.* Throw away. ઉશેટવું.
ફચફચ, *ad.* Producing a sound. ભોકાયાનો કે એકદમ ફાટી જવાનો રવ.
ફજર, ( મોર્નીંગ ) *n.* Morning. સવાર.
ફજલ, (હેપી) *a.* Happy. સુખી. *n.* Favour. મહેરબાની. Prosperity. આબાદી.
ફજેટવું, ( થ્રો ) *vt.* Throw. ફેંકવું.
ફજેત, ( ડીસ્ગ્રેસ્ડ ) *a.* Disgraced. બદનામ.
ફજેતી,-તો, *n.* Infamy. બદનામી. [ ઉદ્ગાર.
ફટ, *n.* Expression showing contempt. તિરસ્કારનો
ફટકડી, ( એલમ ) *n.* Alum. એક જાતનો ખાર.
ફટકવું, (ડીવીએટ) *vt.* Deviate. ખસવું; ચસકવું. Lose colour. રંગનું ઊડી જવું. [ મારવું.
ફટકારવું-વવું, ( સ્ટ્રાઈક )*vt.* Strike. મારવું-ચાબુકથી
ફટકો, ( સ્ટ્રોક ) *n.* Stroke. ચાબુક કે સોટીનો પ્રહાર. Towel. અંગૂછો. Loss. ખોટ.
ફટવવું, -ટાવવું, *vt.* Give undue liberty to. વધારે પડતી છૂટ આપી બહેકાવવું.
ફટાકડો,-ક્રિયો,-કો, *n.* Cracker. ટેટો; દારૂખાનું
ફટાડવું,—જુઓ 'ફટવવું'.
ફટાણું, *n.* Obscene song. બીભત્સ ગીત.
ફટાફટ, -ટોફટ, (ક્વીક્લી )*ad.* Quickly. ઝપાટાબંધ.
ફટાયો, *n.* Petty chief seperated from the ruling power. વારસાનો ભાગ લઈ ભાઈથી જુદો પડેલો ઠાકોર. [ તૂટી પડેલી કેરી.

ફટોર,-ળ, *n.*Mango fallen by the wind. પવનથી
ફડક,-કો, ( ફીયર ) *n.* Fear. બીક.
ફડચ,-શ, -ડાશિયું,( સ્લાઈસ )*n.*Slice. ચીરી; કડકો.
ફડચો, ( સેટલમેંટ ) *n.* Settlement. તોડ; નિકાલ.
ફડફડવું, *vt.* Make a flapping sound. હવામાં ઊડ-
વાથી ફડફડ અવાજ થવો.Tremble. ધ્રુજવું. Rail at.
ગુસ્સામાં બડબડવું.
ફડાકીદાસ, (ગોસીપર) *n.* Gossiper. ફડાકિયું માણસ.
ફડાકો, ( ક્રેકર ) *n.* Cracker. ફટાકડો. Fear. બીક.
ફડાફડ, (સકસેસીવલી)*ad.* Successively. ઉપરાઉપરી.
ફડિયો, *n.* Grain-vendor. કણિયો. Distiller. દારૂ
ફણગો, ( સ્પ્રાઉટ ) *n.* Sprout. અંકુર. [ ગાળનારો.
ફણધર,-ગર, -ણાધર, (સ્નેક) *n.* Snake.સાપ; નાગ.
ફણસ, *n.* Fruit. એક ફળ.
ફણા,*n.*Expanded hood of a serpent.સાપની ફેણ.
ફણી, (સ્નેક) *n.* Snake.સાપ. Comb.કાંસકી;સાળવીનું
ફતવાખોર,(હાયપોક્રીટ)*a.*Hypocrite.ઢોંગી. [ઓજાર.
ફતવો, ( પ્રીટેન્સ) *n.* Pretence. ઢોંગ. Decision.
હુકમ. Law. મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ.
ફતેમારી,-તેહમારી,*n.* Small sailing vessel. એક
જાતનું નાનું વહાણ.
ફતેહ,-મંદી, (સકસેસ) *n.* Success.જીત; જય.
ફતેહમંદ, (સકસેસફુલ) *a.* Successful. વિજયી.
ફદડક,-ફદડક, (ગેલોપીંગ)*ad.*Galloping.જોરથી દોડતા
ઘોડાનો અવાજ.

ફદફદવું, ( સુપ્યુરેટ ) *vt.* Suppurate. કોહી જવું.
ફના, ( રૂઈન્ડ ) *a.* Ruined. પાયમાલ.
ફરક, ( ડીફરંસ ) *n.* Difference. ફેર; તફાવત.
ફરકવું, ( થ્રોબ )*vt.* Throb. ધડકવું Move. ખસવું; ધ્રુજવું.
ફરજ, ( ડયુટી ) *n.* Duty. કર્તવ્ય.
ફરજિયાત, ( કંપલસરી ) *a.* Compulsory. ફરજરૂપ; ફરજ તરીકે કરવું પડે એવું.
ફરજંદ, ( ઓફસ્પ્રીંગ ) *n.* Offspring. સંતાન.
ફરદ, *n.* One out of a pair. જોડામાંનું એક.
ફરફરવું, ( ફ્લટર )*vt.* Flutter. પવનમાં ઊડવું; ફરકવું.
ફરમાન, ( કમાન્ડ ) *n.* Command. હુકમ. Mandate.
ફરમાવવું,(ઓર્ડર) *vt.* Order. હુકમ કરવો. [ સનદ.
ફરમાશ,-સ, *n.* Order. હુકમ. Charge. ભલામણ.
ભગવાન, ( ગૉડ ) *n.* God. પરમેશ્વર.
ભગવું, *a.* Of a red-ochre colour. ગેરૂવા રંગનું.
ભગંદર, *n.* A disease. એક રોગ. Hole. બાકું.
ભગાડવું,-વવું,-ગવવું, *vt.* Cause to run away.
ભગિની, (સીસ્ટર) *n.* Sister. બહેન. [ નસાડવું.
ભગિનીસમાજ, *n.* Ladies' club. સ્ત્રીઓનું મંડળ.
ભગિરથ, *a.* Very difficult. મહામુશ્કેલ.
ભગ્ન, ( રૂઇન્ડ ) *a.* Ruined. નાશ પામેલું. Defeated. હારેલું; હતાશ. [ રવ.
ભચ,-ભચ, (પીયરસીંગ્લી) *ad.* Piercingly. ભોંકવાનો
ભચકાવું, *vt.* Dash. પછાડવું. [ અવાજથી.
ભચડ,-ભચડ,(મંચીંગ્લી)*ad.* Munchingly. કચડવાના
ભચડવું,-રડવું, *vt.* Crush. દાબવું. Grind. ભરડવું.
ભચડંભચડા,-ડાભચડી, *n.* Crowd. સખત ભીડ.
ભચોભચ, *ad.* Successively. ઉપરાઉપરી. Piercingly. ભચભચ.
ભજન, *n.* Worship. ભક્તિ; ભક્તિનું કાવ્ય. [ કે ગાનાર.
ભજનિક,-નિયો, (ડીવોટી) *n.* Devotee. ભજન કરનાર
ભજનિયાં, *n.* Poems of devotion. ભક્તિનાં કાવ્યો.
ભજવવું, ( એક્ટ ) *vt.* Act. વેશ કાઢી બતાવવો.
ભજવું, ( વરશીપ ) *vt.* Worship. ભક્તિ કરવી.

ભજિયું, *n.* Kind of preparation fried in oil. તળીને કરેલી એક વાની. [ પંડિત.

ભટ, ( વૉરીયર ) *n.* Warrior. યોધ્ધો. Scholar.

ભટકણુ,-ણું, ( રોમીંગ ) *a.* Roaming. રખડતું.

ભટકવું, (રોમ) *vt.* Roam.રઝળવું. Wander.રખડવું.

ભટકાવું,(કોલાઈડ)*vt.*Collide.અથડાવું.Quarrel.લડવું.

ભટૂરિયું,-ટોળિયું, (પપી) *n.* Puppy. કુતરાનું બચ્ચું.

ભટ્ટ,*n.*Learned Brahaman. વિદ્વાન બ્રાહ્મણ; પંડિત.

ભટ્ટાર્ક-રક, (વેનરેબલ) *a.*Venerable. માનનીય,-વર.

ભડવું, ( સ્કોલ્ડ ) *vt.* Scold. ધમકાવવું. Be angry.

ભઠિયારખાનું,(કીચન)*n.*Kitchen. રસોડું. [ ચિડાવું.

ભઠિયારો, ( કુક ) *n.* Cook. રસોઇયો. [ જાતનો ચુલો.

ભઠ્ઠી, (કીલ્ન) *n.* Kiln. નિભાડો. Furnace. એક

ભડ, ( બ્રેવ ) *a.* Brave. બહાદુર.*n.*Warrior. યોધ્ધો.

ભડક,*n.*Apprehension.બીક;ચમક.[*a.*Rich.શ્રીમંત.

ભડકણુ,-ણું, ( શાય ) *a.* Shy. બીકણ.

ભડકવું, (સ્ટાર્ટલ) *vt.* Startle. ચમકવું. Fear.ડરવું.

ભડકું,-રડકું, *n.* An eatable. એક જાતની રાબડી.

ભડકો, (બ્લેઝ) *n.* Blaze.અગ્નિનો ભભૂકો; ઝાળ.

ભડથું, *n.* Baked article. બફાયેલો-શેકાયેલો પદાર્થ.

ભડભડ,-ડાટ, (સાઉન્ડીંગ્લી) *ad.* Soundingly. એવા અવાજ સાથે. Quickly. ઝટ.

ભડભડવું, ( બ્લેજ ) *vt.* Blaze. સળગવું.Talk thoughtlessly. વગર વિચાર્યું બોલવું. Desire to eat. ખાવાનું મન થવું. [ હોય તે કહી દેનારૂં.

ભડભડિયું, (આઉટસ્પોકન) *a.* Outspoken, મનમાં જે
ભડભાદર, ( ઈન્ફ્લ્યુઅંશ્યલ ) *a.* Influential. મોટું; ભર્યુંભાદર્યું.
ભડવીર, *n.* Brave warrior. બહાદુર યોદ્ધો.
ભડવો, ( પીંપ ) *n.* Pimp. પોતાની સ્ત્રીના વ્યભિચાર પર જીવનાર. [ Quickly. તરત.
ભડાક, *ad.* With a bursting sound. ભડાકા સાથે.
ભડાકો, ( ક્રેશ ) *n.* Crash. ધડાકો. Gossip. ગપગોળો.
ભડાભડ,-ડોભડ, *a.* Violently. એવા અવાજ સાથે.
ભડાભૂટ, *ad.* Being scattered about. વેરણ છેરણ. *n.* Uproar. ધાંધલ.
ભડું, (થીન વૉલ) *n.* Thin wall. પાતળી દીવાલ.
ભણકાર,-રો, *n.* Impression of a humming sound. કશાના અવાજની આગાહી.
ભણતર, ( નોલેજ ) *n.* Knowledge. જ્ઞાન; શિક્ષણ.
ભણવું, ( લર્ન ) *vt.* Learn. શીખવું. Study. અભ્યાસ
ભણી, (ટોવાર્ડ્ઝ) *ad.* Towards. તરફ. [ કરવો.
ભતુ,-થ્થું, ( એલાવંસ ) *n.* Allowance. ખાસ કામ માટે અપાતું મહેનતાણું. [ ભાઈનો દીકરો.
ભત્રીજો, (નેવ્યુ) *n.* Nephew. ભાઈનો કે પતિપત્નીના
ભત્રીજી, ( નીસ ) *n.* Niece. ભાઈની કે પતિપત્નીના ભાઈની દીકરી. [ કલ્યાણ.
ભદ્ર, *a.* Auspicious. કલ્યાણકારી. *n.* Welfare.
ભદ્રા, ( કાઉ ) *n.* Cow. ગાય. Goddess. દુર્ગા.
ભપકો,-ભક્કો, (શો) *n.* Show. દેખાવ; શણગાર.

ભભક, ( લસ્ટર ) *n.* Lustre. તેજ; ચળકાટ.
ભભકવું,-ભૂકવું, ( ગ્લો ) *vt.* Glow. તેજ મારવું. Be angry. ગુસ્સે થવું. [ Pompous. ભભકાવાળું.
ભભકાદાર,-પકાદાર,-કાબંધ, ( પોમ્પસ ) *a.*
ભભડવું, *vt.* Be eager to eat. ખાઉં ખાઉં થવું.
ભભરાવવું, (સ્ટ્રુ) *vt.* Strew. ભૂકો છૂટો છૂટો નાખવો.
ભભૂકો, ( ફ્લેમ ) *n.* Flame. ભડકો.
ભભુત,-તી, ( એશીઝ ) *n.* Ashes. ભસ્મ.
ભમર, *n.* Eye-brow. ભૃકુટિ; ભવું. Eddy. વમળ.
ભમરડો, (ટૉપ) *n.* Top. એક રમકડું. [Wasp. ભમરો.
ભમરી, ( બી ) *n.* Bee. કરડે એવી એક માખી. Whirlpool. ઘૂમરી. Swoon. ચકરી.
ભમરો, ( વાસ્પ ) *n.* Wasp. ભ્રમર. Eddy. વમળ. Curling hairs. વાળનું કુંડાળું.
ભમવું, (વૉન્ડર) *vt.* Wander. રખડવું. Feel giddy.
ભય, (ડ્રેડ) *n.* Dread. બીક. [ તમ્મર આવવાં.
ભયભીત, (અફ્રેઈડ) *a.* Afraid. ડરેલું. [ઉપજાવે એવું.
ભયંકર,-યાનક,-યાવહ, (ટેરીબલ) *a.* Terrible. બીક
ભર, Suffix, પ્રત્યય છે, જેમકે: ક્ષણભર; દિવસભર. Prefix. ઉપસર્ગ છે, જેમકે: ભરઉંઘ; ભરજુવાની.
ભરખ, ( ફુડ ) *n.* Food. ભક્ષ.
ભરખવું, (ઈટ) *vt.* Eat. ખાવું.
ભરચક,-ટ, (પ્લેન્ટી) *a.* Plenty. પુષ્કળ.
ભરડવું, *vt.* Grind coarsely. અનાજને જાડું જાડું દળવું. Talk much. ગમે તેમ બોલવું.

ભરહોળ, *n.* Profit and loss. નફોતોટો. Income and expenditure. આવકજાવક.
ભરણપોષણ, *n.* Maintenance. ગુજરાન.
ભરણું, (પેમેન્ટ) *n.* Payment.ભરેલું નાણું. Filling. ભરવું તે. Collection. સંગ્રહ.
ભરત, ( મેઝરમેન્ટ ) *n.* Measurement. માપ. Embroidery. ગૂંથણકામ. Casting metals on moulds. બીબાંમાં રસ રેડી ઘાટ બનાવવો તે.
ભરતકામ, *n.* Embroidery. ભરત ભરવું તે.
ભરતખંડ,-ભૂમિ, (ઈંડિયા) *n.* India. હિંદુસ્થાન.
ભરતાર,-થાર, (હઝબંડ) *n.* Husband. પતિ.
ભરતિયું, (ઇન્વોઈસ) *n.* Invoice. માલની કિંમતની વિગતવાર યાદી. [ ઉમેરો.
ભરતી, (ટાઈડ) *n.* Tide. જુવાળ. Increase. વધારો;
ભરનીંગળ, *n.* Filling and emptying. ભરાવું ને ઠલવાવું તે. A disease. એક રોગ. Rise and fall. ચડતીપડતી. [ તેટલું; ખૂબ.
ભરપટ્ટે, ( સફીશ્યંટલી ) *ad.* Sufficiently. જોઇએ
ભરપાઈ, *n.* Receipt in full. સંપૂર્ણ પતાવટ.
ભરપૂર, (એબનડંટ) *a.*Abundunt. પુષ્કળ.*ad.*Fully. પૂરેપૂરી રીતે.
ભરભાંખળું,-ભળભાંખળું, ( ડૉન ) *n.* Dawn.મળસકું.
ભરમાવું, *vt.* To be misled. છેતરાવું; વહેમાવું.
ભરમાર, (એબનડંસ) *n.* Abundance. ખૂબ હોવું તે.
ભરવવું, (હેંગ) *vt.* Hang. લટકાવવું. Join. જોડવું.

ભરવાડ, ( શેફર્ડ) *n.* Shepherd. ઢોર રાખી ગુજરાન ચલાવનારી જાતનો માણસ.
ભરવું, *vt.* Fill up. ખાલી હોય તેમાં મૂકવું. Collect. સંઘરવું. Embroider. ભરતકામ કરવું. Measure. માપવું.
ભરાવ,–વો, (ફુલનેસ) *n.* Fullness. જથો; જમાવ.
ભરોસો,–રોંસો,–રૂંસો, *n.* Trust. વિશ્વાસ; ખાતરી.
ભરોસાદાર, –પાત્ર, *a.* Trustworthy. વિશ્વાસપાત્ર.
ભર્ગ, ( લાઈટ ) *n.* Light. તેજ.
ભર્તા–ર્તા, (માસ્ટર) *n.* Master. સ્વામી; પોષણ કરનાર.
ભર્ત્રી, (મધર) *n.* Mother. મા. Queen. રાણી. Mistress. શેઠાણી. [ સમૃદ્ધ.
ભર્યુંભાદર્યું, ( પ્રોસપરસ ) *a.* Prosperous. આબાદ;
ભલતું,–ળતું, *a.* Of any kind or sort. ગમે તેવું. Impertiment અપ્રસ્તુત.
ભલભલું, (ગ્રેટ) *a.* Great. મોટું. Several. ઘણાં.
ભલમનસાઈ,–પણ,–લાઈ, *n.* Goodness. સુજનતા.
ભલામણ,–ણી, *n.* Recommendation. સીફારસ.
ભલામણપત્ર, *n.* Letter of recommendation. ભલામણનો પત્ર. [ આવડત.
ભલીવાર, (ઇસેન્સ) *n.* Essence. સાર. Proficiency.
ભલું, (ગુડ) *a.* Good. સારૂં. Honest. પ્રમાણિક. Kind.
ભલે, (વેલ) *int.* Well. ઠીક; સારૂં; અસ્તુ. [માયાળુ.
ભલેભલે, (ફાઈન) *int.* Fine. બહુ સારૂ. Well ! Well ! ઠીક ! ઠીક !
ભવ, ( વર્લ્ડ ) *n.* World. સંસાર. Birth. જન્મ.

ભવદીય, (યોર્સ) *a*. Yours. આપનું.
ભવન, (રેસીડંસ) *n*. Residence.રહેઠાણ.Existence. અસ્તિત્વ. [ worldly life.સંસારરૂપી સમુદ્ર.
ભવસાગર, -સિંધુ, -વાબ્ધિ, -ર્ણવ, *n*. Ocean of
ભવાઈ, (ડીસ્ગ્રેસ) *n*. Disgrace. ફજેતી. Low type of drama.હલકા પ્રકારનું નાટક.
ભવાટવિ,-વી, *n*. Worldly forest. સંસારરૂપી વન.
ભવાડો, ( ડીસ્ગ્રેસ) *n*. Disgrace. ફજેતો.
ભવાની, *n*. Parvati, પાર્વતી; શીવની પત્ની.
ભવાયો, -વૈયો, *n*. Actor. ભવાઇનો નટ.
ભવિષવ્ય, (ઇનએવીટેબલ) *a*. Inevitable. ભવિષ્યમાં થનારૂં. *n*. Future. ભવિષ્ય.
ભવિષ્ય, (ફ્યુચર) *n*. & *a*. Future. નસીબ; આવતા કાળનું. Fortune. દોલત; વારસો. [ એક કાળ.
ભવિષ્યકાળ, -લ, *n*. Future tense. ક્રિયાપદનો
ભવિષ્યવાણી,( પ્રોફેસી ) *n*. Prophesy. ભવિષ્ય ભાખતી વાણી. [ જાણનાર;જ્યોતિષી.
ભવિષ્યવેત્તા, (એસ્ટ્રોલોજર) *n*. Astrologer. ભવિષ્ય
ભવું, (આય-બ્રો) *n*. Eye-brow. ભ્રમર.
ભવોભવ, *ad*. For ever. સદાકાળ; દરેક જન્મમાં.
ભવ્ય, *a*. Grand.પ્રૌઢ;ગૌરવશાળી.*n*.Future. ભવિષ્ય.
ભવ્યતા, ( ગ્રાન્ડયોર ) *n*. Grandeur. પ્રૌઢતા; ગૌરવ.
ભશકો,-સકો, *n*. Eager desire. ભારે આતુરતા.
ભસવું, ( બાર્ક) *vt*. Bark. કૂતરાનું બોલવું.
ભસ્મ, ( એસીઝ ) *n*. Ashes. રાખોડી.

ભસ્મક, *a*. Burning away. બાળીને ભસ્મ કરી દે એવું. *n*. Disease. એક રોગ.
ભસ્મીભૂત, *a*. Reduced to ashes. ભસ્મ કરેલું.
ભળવું, (મીક્ષ) *vt*. Mix. ભેગું મળી જવું. [ સોંપવું તે.
ભળામણ, -ણી, *n*. Consigning to the care of.
ભળાવવું, *vt*. Entrust to the care of. સોંપવું. Introduce. ભલામણ કરવી.
ભંગ,-ગાણ, ( બ્રેક ) *n*. Break. ભાંગી પડવું તે. Ruin. નાશ. Interruption. વિઘ્ન. [ કરનારો અસંજ.
ભંગડો,-ગિયો, ( સ્વીપર ) *n*. Sweeper. શેરી સાફ
ભંગાર, *n*. Broken vessels. ભાંગેલાં વાસણ.
ભંગુર, ( મોર્ટલ ) *a*. Mortal. નાશવંત.
ભંજક, (ડીસ્ટ્રોઇંગ) *a*. Destroying. ટાળનાર.
ભંજન, (બ્રેકીંગ) *n*. Breaking. નાશ; ભાંગવું તે.
ભંટ,-ઠ, (થોર્ની ગ્રાસ)*n*. Thorny grass. કાંટાળું ઘાસ.
ભંડક,-કિયું, (સેલર) *n*. Cellar. ભોંયરું.
ભંડાર, ( સ્ટોર ) *n*. Store. ધનધાન્ય ભરી રાખવાની જગા. Treasure. ખજાનો. Shop. દુકાન. [ ગોખલો.
ભંડારિયું, ( રીસેસ ) *n*. Recess. નાનું કબાટ અથવા
ભંડારી, ( ટ્રેઝરર ) *n*. Treasurer. ખજાનચી. Store-keeper. કોઠારી. [ સોને અપાતું જમણ.
ભંડારો, *n*. General dinner. ગામના તમામ માણ-
ભંડોળ, ( કેપીટલ) *n*. Capital. એકત્ર કરેલી મૂડી.
ભંભલી, *n*. Earthen water-pot. સાંકડા મોની બદામના ઘાટની બતક.

ભંભેરવું, (ઈન્સ્ટીગેટ) *vt.* Instigate. ઉશ્કેરવું.
ભંભેરણી, *n.* Instigation. ખોટી ઉશ્કેરણી.
ભા, *n.* Term of address for an elderly person. વડીલને સંબોધન. Lustre. તેજ; કાંતિ.
ભાઇ, (બ્રધર) *n.* Brother. માજ્યો; સહોદર.
ભાઈચારો,-બંધી, (ફ્રેંડશીપ) *n.* Friendship. દોસ્તી.
ભાઇબંધ, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર. [ સંબોધન.
ભાઈશ્રી, *n.* A term of respect. વિવેકનું
ભાખરી, *n.* Thick hard cake. જાડી કઠણ રોટલી.
ભાખવું, ( ફોરટેલ ) *vt.* Foretell. ભવિષ્ય ભાખવું. Speak. બોલવું.
ભાગ,-લો, (પાર્ટ) *n.* Part. અંશ; હિસ્સો. Piece. ટુકડો.
ભાગબટાઇ, *n.* Payment in kind. મહેસૂલ તરીકે ખેતીની ઉપજનો ભાગ આપવો તે.
ભાગલું, (બ્રોકન) *a.* Broken. તૂટેલું.
ભાગવું, ( બ્રેક ) *vt.* Break. તૂટવું. Be insolvent. દેવાળું કાઢવું. Divide. ભાગ કરવા. Weave. વણવું.
ભાગાકાર, ( ડીવીઝન ) *n.* Divison. ભાગવું તે કે તેથી આવતી રકમ.
ભાગાભાગ,-ગી, *n.* Running away. નાસાનાસ.
ભાગિયો,-ગીદાર, (પાર્ટનર) *n.* Partner. હિસ્સેદાર.
ભાગિયેણ, *n.* Female partner. ભાગીદાર સ્ત્રી.
ભાગીદારી, *n.* Partnership. ભાગીદારપણું.
ભાગીરથી, *n.* Ganges. ગંગા નદી.
ભાગેડુ, (રનાવે) *n.* Runaway. નાસેડુ.

ભાગોળ, *n.* Precincts of a village. ગામનું પાદર. Gate in the wall of a town. શહેરના કોટનો દરવાજો. Bazar. બજાર.
ભાગ્ય, ( લક ) *n*. Luck. નસીબ.
ભાગ્યજોગે, (લકીલી) *ad*. Luckily. નસીબજોગે.
ભાગ્યવંત,-વાન,-શાળી, (લકી)*a*. Lucky. નસીબદાર.
ભાગ્યહીન, (અનલકી) *a*. Unlucky. કમનસીબ.
ભાગ્યે, ( રેરલી ) *ad*. Rarely. કવચિત.
ભાજક, ( ડીવાઈઝર ) *n*. Divisor. ભાગનાર સંખ્યા.
ભાજી, ( ગ્રીન્સ ) *n*.Greens. શાક લાયક કુમળા છોડ.
ભાજ્ય, (ડીવીઝીબલ) *a*. Divisible. ભાગી શકાય તેવું. *n*. Dividend. ભાગવાની રકમ.
ભાટ, (બાર્ડ) *n*. Bard. રાજાઓનાં ગુણગાન કરનારો.
ભાઠું, (અલ્સર) *n*. Ulcer. ચાંદું. Sand-bank. નદી કાંઠાની રેતાળ જમીન.
ભાડભૂંજો, *n*. Grain-parcher. ભઠ્ઠીથી ધાણીચણા [ શેકવાનો ધંધો કરનારો.
ભાડવાત,-ડૂત, (ટેનન્ટ)*n*. Tenant. ભાડે રહેનાર.
ભાડાખત, -ચિઠી, *n*.Lease of a house. ઘર-ભાડા સંબંધી દસ્તાવેજ.
ભાડું, ( રેન્ટ ) *n*. Rent. કોઇ પણ વસ્તુ વાપર્યા બદલ [ આપવાનું નાણું.
ભાડૂતી, (હાયર્ડ) *a*.Hired ભાડે રાખેલું.Mercenary. પૈસા ખાતર કામ કરતું.
ભાણિયો,-ણેજ,-ણો,*n*.Sister's son.બહેનનો દીકરો.
ભાણું, (ડીશ) *n*. Dish. પીરસેલી થાળી.
ભાણેજી,-ણી,*n*. Sister's daughter.બહેનની દીકરી.

ભાત, ( કુકડ્ રાઈસ ) *n.* Cooked rice.રાંધેલા ચોખા. Paddy. ડાંગર. Sort. જાત. Method. રીત; પ્રકાર.
ભાતીગર,–તીલું, ( એસોર્ટેડ ) *a.* Assorted. જુદા જુદા રંગનું. [ સાથે લીધેલું ખાવાનું.
ભાતું,–થું,*n.* Provision for journey. મુસાફરીમાં
ભાથી, ( વૉરીયર ) *n.* Warrior. યોદ્ધા.
ભાથો,–થું,(ક્વીવર)*n.*Quiver. બાણ રાખવાની કોથળી.
ભાન,*n.* Consciousness. શુદ્ધિ;હોશ. Recollection. સ્મરણ. Intellect. અક્કલ.
ભાનુ,–ણુ, ( સન ) *n.* Sun. સૂર્ય.
ભાભી, *n.* Brother's wife. ભાઈની વહુ.
ભાભુ, *n.* Grand mother. બાપની મા. Brother's wife. ભાભી. [ Rustic. જડસો.
ભાભો, ( કલ્ટીવેટર ) *n.* Cultivator. કણબી.
ભામટો, ( ટ્રેમ્પ ) *n.* Tramp. રખડેલ.
ભામા,–મિની, *n.* Young beautiful woman. જુવાન રૂપાળી સ્ત્રી.
ભાયડો, ( મેલ ) *n.* Male. પુરૂષ. Husband. પતિ.
ભાયાત, ( કીન્સમેન ) *n.* Kinsman. પિત્રાઈ.
ભાર, ( વેઇટ ) *n.* Weight. વજન. Responsibility. જવાબદારી.Expanse. વિસ્તાર. Influence.વજન; વટ.
ભારખાનું, *n.* Goods train. માલગાડી.
ભારટિયું,–રોટિયું,–ટિયો,(બીમ)*n.*Beam.મોભ;પાટડો.
ભારણ,(પ્રેસ્યૅર)*n.* Pressure. દબાણ;વજન.Sorcery.
ભારત,–વર્ષ,(ઈન્ડિયા)*n.* India.હિંદુસ્થાન. [વશીકરણ.

ભારતી, ( સ્પીચ ) *n.* Speech. વાણી. Learning. સરસ્વતી. India. હિંદુસ્થાન.
ભારતીય, ( ઈન્ડિયન ) *a.* & *n.* Indian. ભારતનું.
ભારથી, ( વેલીયંટ ) *a.* Valiant. બહાદુર.
ભારબોજ, ( લોડ ) *n.* Load. વજન. Responsibility.
ભારી, -રે, ( હેવી) *a.* Heavy. વજનદાર. Difficult. મુશ્કેલ. Costly. કિમતી. *ad.* Much. ખૂબ.
ભારેખમ, *a.* Influential. મોભાદાર.
ભારેવાઇ, ( પ્રેગનંટ ) *a.* Pregnant. સગર્ભા.
ભારો, *n.* Bundle of grass. ઘાસનો ભારો.
ભારોભાર, *ad.* Equal in weight to. સરખે વજને.
ભાર્યા,-રજા, ( વાઇફ ) *n.* Wife. પત્ની.
ભાલ, ( ફોરહેડ ) *n.* Forehead. કપાળ. Beam. પાટડો. Name of a country. એક પ્રદેશ.
ભાલું,-લો, ( સ્પીયર ) *n.* Spear. એક હથિયાર.
ભાલોડું, ( એરો ) *n.* Arrow. તીર કે તેનું પાનું.
ભાવ, ( રેટ ) *n.* Rate. કિંમત; દર. Condition of being. અસ્તિત્વ. One's nature. પ્રકૃતિ; સ્વભાવ. Intention. ઇરાદો. Gestures. ચેષ્ટા. Love. હેત. Meaning. તાત્પર્ય. Trust. આસ્થા.
ભાવતું, ( સ્યુટેબલ ) *a.* Suitable. યોગ્ય.
ભાવગીત, ( લીરીક )*n.* Lyric. ભાવ વ્યક્ત કરતું ગીત.
ભાવભીનું, ( લવીંગ ) *a.* Loving. ભાવથી ગળગળું.
ભાવરૂપ, ( પોઝીટીવ ) *a.* Positive. અસ્તિવાચક.
ભાવવાચક, (એબસ્ટ્રેક્ટ)*a.* Abstract. ભાવ બતાવનારું.

ભાવશૂન્ય, ( ડલ ) *a.* Dull. ભાવ વગરનું.
ભાવના, (કંસીવીંગ) *n.* Conceiving. કલ્પના;ધારણા Trust. આસ્થા. Feeling. લાગણી. Meditating.
ભાવનાપ્રધાન,*a.* Sensitive. લાગણીભરેલું. [ચિંતન.
ભાવનાવાદી, ( આઈડીયાલીસ્ટ ) *n.* Idealist.ભાવનાનું જીવનમાં મહત્વ માનનાર.
ભાવવું, ( લાઈક ) *vt.* Like. ગમવું; પસંદ પડવું.
ભાવાર્થ, ( પરપર્ટ ) *n.* Purport. મતલબ; તાત્પર્ય.
ભાવિ,-વી ( ફ્યુચર ) *n.* & *a.* Future. ભવિષ્ય.
ભાવિક, ( ડીવોટેડ ) *a.* Devoted. આસ્થાવાળું.
ભાષણ, ( સ્પીચ ) *n.* Speech. વ્યાખ્યાન.
ભાષા, (સ્પીચ) *n.* Speech બોલી. Language. વાણી.
ભાષાશાસ્ત્ર, (ફાઇલોલોજી) *n.*Philology.ભાષાનું શાસ્ત્ર.
ભાષાંતર, ( ટ્રાન્સલેશન ) *n.* Translation. અનુવાદ.
ભાષિત, ( સ્પોકન ) *a.* Spoken. બોલેલું.
ભાષ્ય, (કોમેન્ટ્રી) *n.* Commentary. વિસ્તૃત વિવરણ.
ભાષ્યકાર, ( એનોટેટર) *n.* Annotator.ભાષ્ય રચનાર.
ભાસ, (ઈમ્પ્રેશન) *n.* Impression. આભાસ; ખ્યાલ.
ભાસવું, (સીમ ) *vt.* Seem. લાગવું.Appear. દેખાવું.
ભાસ્કર, ( સન ) *n.* Sun. સૂર્ય.
ભાળ, ( ટ્રેસ ) *n.* Trace. પત્તો; ખબર. Care. સંભાળ.
ભાળવવું,(રેકમેન્ડ) *vt.* Recommend.સિફારસ કરવી;
ભાળવું, *vt.* See. જોવું.Observe. અવલોકવું. [સોંપવું.
ભાંખોડિયું, ( ની ) *n.* Knee. ઢીંચણ. [તે.
ભાંગતોડ,-ફોડ,(બ્રેકીંગ) *n.*Breaking. ભાંગવુંને તોડવું

ભાંગવુ', ( બ્રક ) *vt.* Break. તોડવું; કકડા કરવા.
ભાંજગડ,-ઘડ,(કવોરલ) *n.* Quarrel. તકરાર; પંચાત.
ભાંજણી, ( ડીવાઇડીંગ ) *n.* Dividing. વહેંચણી.
ભાંડ, (જોકર) *n.* Joker. મશ્કરી. *a.* Obscene. બીભત્સ.
ભાંડવુ', *vt.* Abuse. ગાળ દેવી. Slander. બદબોઈ કરવી.
ભાંડુ', *n.* Brother or sister. ભાઈ કે બહેન.
ભાંભરૂં,-ણુ', ( ટેસ્ટલેસ ) *a.* Tastless. સ્વાદ વગરનું. [ Saltish. ખારૂં.
ભિક્ષા, (આમ્સ) *n.* Alms. ભીખ.
ભિક્ષાટન, *n.* Roaming for alms. ભિક્ષા માટે ફરવું તે.
ભિક્ષાર્થી, *a.* & *n.* Begging. ભિક્ષા માગનારૂં.
ભિક્ષાવૃત્તિ, *n.* Living by begging. ભિક્ષાથી ચલાવેલું ગુજરાન.
ભિક્ષુ,-ક,ખારી, *n.* Beggar. માગણ; સાધુ.
ભિખ્ખુ, *n.* Budhist monk. બૌદ્ધ સાધુ.
ભિજાવવુ', ( વેટ ) *vt.* Wet. પલાળવું.
ભિડાવવુ',(આઉટવીટ) *vt.* Outwit. ગૂંચવાડામાં નાંખવું.
ભિડાવુ', *vt.* Be pressed. ભીડમાં આવવું; દબાવું.
ભિત્તિચિત્ર, *n.* Fresco. ભીંત પરનું ચિત્ર.
ભિન્ન, ( ડીફરંટ ) *a.* Different. જુદું; ફેરવાળુ'.
ભિલ્લુ, ( પાલ ) *n.* Pal. રમતનો સાથી.
ભિષક,-ગ,-જ, ( ફીઝીશયન ) *n.* Physicion. વૈદ્ય.
ભસ્તી, *n.* Water-carrier. પખાલી.
ભિંગડું', ભીંગડું', *n.* Hard and dead skin. છાલ કે ચામડીનું કઠણ છોડું'.
ભીખ, ( બેગીંગ ) *n.* Begging. ભીખ માગવી તે.
ભીજવવુ',-નવવુ', *vt.* Make wet. પલાળવું.

ભીજવું, ભીંજવું, *vt.* Be wet. પલળવું.
ભીડ,(ક્રાઉડ)*n.*Crowd.ગીરદી.Scarcity.ઓછપ;તંગી.
ભીડવું, (ક્લોઝ) *vt.* Close. વાસવું. Embrace. ભેટવું.
ભીત, (અફ્રેડ) *a.* Afraid. ભય પામેલું. [Tie. બાંધવું.
ભીતર, (વીધીન) *ad.*Within. અંદર. *n.*Heart.દિલ.
ભીતિ, ( ફીયર ) *n.* Fear. બીક.
ભીનાશ, ( મોઈસ્ચર) *n.* Moisture. ભીનાપણું.
ભીનું, ( વેટ ) *a.* Wet. પલળેલું.
ભીનેવાન, *a.* Slightly black. પાકે રંગે હોય તેવું.
ભીમ, ( ડ્રેડફુલ ) *a.* Dreadful. ભયંકર; વિકરાળ.
ભીમા, ( ગોડેસ ) *n.* Goddess. દુર્ગા.
ભીરૂ, ( કાવર્ડ ) *a.* Coward. બીકણ. *n.* Pal. સાથી.
ભીષણ, –ષ્મ,( ટેરીબલ ) *a.* Terrible. ભયંકર.
ભીંડો, *n.* Vegetable. એક શાક.
ભીંત, ( વોલ ) *n.* Wall. દીવાલ.
ભીંસ, ( પ્રેસ્યોર ) *n.* Pressure. દબાણ.
ભીંસવું, (પ્રેસ) *vt.* Press. દાબવું. Embrace. ભેટવું.
ભુક્ત, (ઈટન) *a.* Eaten. ખાધેલું. Enjoyed.ભોગવેલું.
ભુક્તિ, *n.* Enjoyment. ભોગ. Eating. ભોજન.
ભુખાળવું, ( હંગ્રી ) *a.* Hungry. ખાઉધરૂં.
ભુજ, *n.* Hand. હાથ. Arm. ખભાથી કોણી સુધીનો ભાગ. Side. બાજુ.
ભુજબલ,–ળ, *n.* Muscular strength. બાહુબળ.
ભુજંગ, ( પેરેમુર ) *n.* Paramour.સ્ત્રીનો યાર.Snake.
ભુજા, ( હેન્ડ ) *n.* Hand. હાથ. [ સાપ.

ભુટ્ટો,-ટ્ટો, (મેઝ-ટોપ) *n.* Maize-top. મકાઈ દોડો.
ભુલકણું, ( ફરગેટફુલ ) *a.* Forgetful. ભૂલી જવાની ટેવવાળું. [ તેવી અટપટી રચના.
ભુલભુલામણી, ( મેઝ ) *n.* Maze. ભૂલા પડી જવાય
ભુલાવવું, *vt.* Make to commit an error. ભૂલે એમ કરવું.
ભુલાવો, ( ડીસેપ્સન ) *n.* Deception. ભુલવણી; ભ્રમ.
ભુવન, ( વર્લ્ડ ) *n.* World. જગત; લોક.
ભુસ્કો, ( જંપ ) *n.* Jump. કૂદકો; ભૂસકો.
ભૂ,-મંડળ,-લ, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી.
ભૂકંપ, ( અર્થકવેક ) *n.* Earthquake ધરતીકંપ.
ભૂકી,-કરી,-કો, ( પાવડર ) *n* Powder. ચૂરો; ચૂર્ણ.
ભૂખ, ( હંગર ) *n.* Hunger. ક્ષુધા. Desire. ઇચ્છા.
ભૂખમરો, ( સ્ટારવેશન ) *n.* Starvation. ભૂખથી મરવું પડે તેવી દશા.
ભૂખરૂં, *a.* Ash-coloured. રાખોડી રંગનું.
ભૂખ્યું, ( હંગ્રી ) *a.* Hungry. જેને ભૂખ લાગી હોય તેવું. Covetous. લાલચુ. [ ભૂગોળવિદ્યા.
ભૂગોળ, (ગ્લોબ) *n.* Globe. પૃથ્વીનો ગોળો. Geography.
ભૂગોળવિદ્યા, *n.* Geography. પૃથ્વીની હકીકતનું શાસ્ત્ર.
ભૂચર, ( ટેરેસ્ટ્રીયલ ) *a.* Terrestrial પૃથ્વી પર ફરનાર. *n.* Any land animal. પૃથ્વી પરનું પ્રાણી.
ભૂત, ( પાસ્ટ ) *a.* Past. થઈ ગયેલું; વિતેલું. Suffix. પ્રત્યય છે, જેમકે: અંગભૂત, પ્રમાણભૂત. *n.* Ghost. પ્રેત. Living creature. પ્રાણી.

ભૂતકાલ,-ળ, *n*. Past tense. ક્રિયાપદનો ભૂતકાળ. Past time. ગયેલો વખત.
ભૂતખાનું, *n*. Haunt of ghost. પિશાચોનું સ્થાન.
ભૂતદયા, *n*. Humanity. જીવદયા.
ભૂતપૂર્વ, ( ફોર્મર ) *a*. Former. પહેલાં થયેલું; માજી.
ભૂતવિદ્યા,(ડેમોનોલોજી)*n*.Demonology.પ્રેતવિષેનીવિદ્યા
ભૂતલ,-ળ,*n*. Surface of the earth.પૃથ્વીની સપાટી.
ભૂતલવિદ્યા, ( ફીઝીયોગ્રાફી ) *n*. Physiography. ભૂતળની ભૌતિક સ્થિતિ સંબંધી વિદ્યા.
ભૂતાવળ, *n*. Group of goblins etc. ભૂતોનું ટોળું.
ભૂતિ, ( એકસીસ્ટંસ ) *n*. Existence. અસ્તિત્વ. Prosperity. આબાદી. Production. ઉત્પત્તિ. Riches. [ઐશ્વર્ય.
ભૂદેવ, (બ્રાહ્મન) *n*. Brahaman. બ્રાહ્મણ.
ભૂધર, ( કીંગ ) *n*. King. રાજા. Mountain. પર્વત. Snake. નાગ. Krishna. કૃષ્ણ. Shiva. શીવ.
ભૂપ,-તિ,-પાલ, ( કીંગ ) *n*. King. રાજા.
ભૂમધ્યરેખા,-ષા, ( ઇકવેટર ) *n*. Equator. વિષુવવૃત્ત.
ભૂમધ્યસમુદ્ર, *n*. Mediterranean sea. યુરોપ આફ્રિકા વચ્ચેનો સમુદ્ર.
ભૂમિ, ( લેન્ડ ) *n*. Land. જમીન; પૃથ્વી.Country.દેશ.
ભૂમિકા, *n*. Land. જમીન. Degree. પાયરી. Foundation. મૂળ. Preface. પ્રસ્તાવના. Dramatis persona. નાટકનું પાત્ર કે તેનો ભાગ.
ભૂમિદાહ, ( બેરીઇંગ ) *n*. Burying. દાટવું તે.
ભૂમિતિ, ( જ્યોમેટ્રી ) *n*. Geometry. રેખાગણિત.

ભૂમિતિક્ષેત્ર,*n*.Geometrical figure.ભૂમિતિની આકૃતિ
ભૂરકી, ( સ્પેલ ) *n*. Spell. વશીકરણ. Enchanted ash. મંત્રેલી રાખોડી.
ભૂરચના,*n*. Construction of earth. પૃથ્વીની રચના.
ભૂરશી, –સી, *n*. Money given to Brahmans. બાંધી રકમની દક્ષિણા.
ભૂરું, *a*. Brown. આસમાની રંગનું. White. ગોરું.
ભૂલ,–ચૂક,–થાપ, (એરર ) *n*. Error. ખામી; ગફલત. Misunderstanding. ગેરસમજ.
ભૂલવવું, *vt*. Cause to commit an error. ભૂલમાં [નાંખવું.
ભૂલવું, ( એર ) *vt*. Err. ભૂલ કરવી.
ભૂલોક, *n*. Mortal world. મૃત્યુલોક.
ભૂવો, *n*. Deep-pit. ઊંડો ખાડો. Ghost-charmer. ભૂત કાઢનાર. [ લાંબી પટ્ટી.
ભૂશિર, ( કેપ ) *n*. Cape. દરીયામાં ગયેલી જમીનની
ભૂષણ,–ષા, ( ડેકોરેશન ) *n*. Decoration. શોભા.
ભૂષિત,*a*.Decorated.શણગારેલું.[Ornament.ઘરેણું.
ભૂસકો, ( જંમ્પ ) *n*. Jump. કૂદકો.
ભૂસું, *n*. Eatable. ચવાણાનું મિશ્ર.
ભૂસ્તરવિદ્યા,–શાસ્ત્ર, ( જીયોલોજી ) *n*. Geology. પૃથ્વીના પડ સંબંધી વિદ્યા.
ભૂંકવું, ( બ્રે ) *vt*. Bray. ગધેડાનું ભોંભોં કરવું.
ભૂંગળ, ( ડોર–બાર ) *n*. Door-bar. બારણું બંધ રાખવાનો લાંબો આડો દંડ. Trumpet. એક વાદ્ય.
ભૂંગળી, ( ટ્યુબ ) *n*. Tube. લાંબી નળી.

ભૂંગળું,(સીલીન્ડર)*n.*Cylinder. નળાકાર કોઇપણ ઘાટ.
ભૂંજર, *n.* Troop of little children. નાના છોકરા-
ભૂંજવું, ( રોસ્ટ ) *vt.* Roast. શેકવું. [ઓનું ધાડું.
ભૂંડ,-ડું, ( પીગ ) *n.* Pig. ડુક્કર; સૂવર.
ભૂંડું, ( બેડ ) *a.*Bad. ખરાબ. Obscene. બીભત્સ.
ભૂંડાળું,(એબ્યુઝ) *n.*Abuse.ગાળ. Indecent gestu-
ભૂંસવું, (ઇફેસ)*vt.*Efface.કાઢી નાખવું.[res.ગંદી ચેષ્ટા.
ભૃકુટિ,-ટી, ( આઇબ્રો ) *n.* Eye-brow. ભમ્મર.
ભૃગુવાર, ( ફ્રાઇડે ) *n,* Friday. શુક્રવાર.
ભૃત્ય, ( સરવંટ ) *n.* Servant. નોકર.
ભૃંગ, ( વાસ્પ ) *n.* Wasp. ભમરો. [સંન્યસ્ત.
ભેખ,-વટો,(ડીસગાઇસ)*n.*Disguise.વેષ. Ascetisim.
ભેખડ, ( પ્રીસીપાઇસ ) *n.* Precipice. ઝઝૂમતો ટેક-
રીનો ખૂણો; કરાડ.
ભેગ, ( મીક્ચર ) *n.* Mixture. મિશ્રણ.
ભેગાભેગું, *ad.* At the same time. સાથેસાથે.
ભેગું, *a.* Being together. સાથે; એકઠું.
ભેજ, *n.* Moisture ભીનાશ.
ભેજું, ( બ્રેન ) *n.* Brain. મગજ.
ભેટ,(મીટીંગ)*n.*Meeting. મુલાકાત.Present. બક્ષિસ.
ભેટવું, ( મીટ )*vt.* Meet. મુલાકાત થવી. Embrace.
આલિંગન આપવું.Encounter. લડવા માટે ભેગા થવું.
ભેટો, ( મીટીંગ ) *n.*Meeting. મુલાકાત. Embrace.
ભેડ, ( શીપ ) *n.* Sheep. ઘેટું. [આલિંગન.
ભેડવવું, *vt.* Make to rival. શરતમાં ઉતરવું.

ભેડિયો, ( વુલ્ફ )*n.* Wolf. વરૂ.
ભેદ, ( ડીફરંસ ) *n.* Difference. તફાવત. Sort. પ્રકાર. Secret. ગુપ્ત વાત. Cleft. ચીરો.
ભેદભાવ, *n.* Differentiation જુદાપણું. Guile. કપટ.
ભેદન, ( પીયર્સીંગ ) *n.* Piercing. ભેદવું તે.
ભેદુ, (સ્પાય) *n.* Spy. જાસુસ; છપી વાત જાણનાર.
ભેર, Suffix. પ્રત્યય છે, જેમકે : હોંસભેર; પોતિયાભેર.
ભેરવ, ભૈરવ, ( ટેરીફીક ) *a.* Terrific. ભયંકર. *n.* Demon god. એક રાક્ષસી દેવ. [ભંભેરવું.
ભેરવવું, ( ફેસન ) *vt.* Fasten. વળગાડવું. Mislead.
ભેરવાવું, *vt.* Be entangled. ગૂંચવાવું; સંડોવાવું.
ભેરિ, -રી, *n.* Kind of drum. નોબત; નગારૂં.
ભેરૂ, ( પાલ ) *n.* Pal. સાથી.
ભેલાડ,-ળાડ, ( લોસ ) *n.* Loss. નુકશાન.
ભેલાડવું, ( સ્પોઇલ ) *vt.* Spoil. બગાડવું.
ભેળ, ( મીક્ષ્ચર ) *n.* Mixture. મિશ્રણ. Spoiling. બગાડવું તે. Break. ભંગાણ. Eatable. એક ચવાણું.
ભેળવણી, ( મીક્ષ્ચર ) *n.* Mixture. મિશ્રણ.
ભેળવવું, *vt.* Mix. મિશ્ર કરવું. Add. સામેલ કરવું.
ભેળવું, ( સ્પોઇલ ) *vt.* Spoil. બગાડવું. Make one join. સામેલ રાખવું.
ભેળું, *a.* Accompanying. સાથે. *ad.* With. સાથે.
ભેંકડો, *n.* Loud cry. લાંબે સાદે રડવું તે.
ભેંકવું, *vt.* Cry loudly. લાંબે સાદે રડવું.
ભેંસ, ( બફેલો ) *n.* Buffalo. ડોબું.

ભૈયો, ( બ્રધર ) *n.* Brother. ભાઈ. A native of Northern India. ઉત્તર હિંદનો વતની.

ભો, ( ફીયર ) *n.* Fear. ભય.

ભોઇ, *n.* Litter-bearer. પાલખી ઉપાડવાનો ધંધો [ કરનાર.

ભોકવું, ( પીયર્સ ) *vt.* Pierce. ઘોંચવું.

ભોક્તા,-ગી, *n.* One who enjoys. ભોગવનાર.

ભોગ, ( એન્જોઈંગ ) *n.* Enjoying. ભોગવવું તે.Offering. પ્રસાદ. Sacrifice. બળીદાન. [ સંજોગવશાત.

ભોગજોગે, *ad.* By chance. દૈવયોગે. Accidentally.

ભોગવટો, ( એન્જોયમેન્ટ ) *n.* Enjoyment. ઉપભોગ.

ભોગવવું, (એન્જોય)*vt.* Enjoy. ઉપભોગ કરવો.Suffer. [ સહન કરવું.

ભોગળ,—જુઓ 'ભુંગળ'.

ભોગ્ય, *a.* Worth enjoying. ભોગવવા લાયક. *n.* Riches. ધન. [ —જુઓ 'ભોક્તા'

ભોજક, *n.* Jain musician. જૈન મંદિરનો ગવૈયો.

ભોજન, ( ડીનર ) *n.* Dinner. જમણ.

ભોજનગૃહ,-નાલય,-શાલા,-ળા, (હોટલ) *n.* Hotel.

ભોજનીય,(ઈટેબલ) *a.* Eatable. ખાવા યોગ્ય.[વીશી.

ભોજાઇ, *n.* Brother's wife. ભાભી.

ભોજ્ય, *n.* & *a.* Eatable. ભોજનીય-તેવી વસ્તુ.

ભોટ, ( સ્ટુપીડ ) *n.* Stupid. મૂર્ખ.

ભોટવો, *n.* Earthen jug. માટીનો ચંબુ.

ભોથું, *n.* Knot of roots. મૂળિયાંનો ઝૂડો.

ભોપાળું, *n.* Exposure. પોલ; દંભ.

ભોમવાર, ભૌમવાર,(ટયુસડે) *n.*Tuesday.મંગળવાર.

ભોમ,-કા, ( લેંડ ) *n.* Land. ભૂમિ.
ભોમિયું,-યો, ( ગાઈડ ) *n.* Guide. જાણકાર માણસ.
ભોર, ( મોર્નીંગ ) *n.* Morning. સવાર.
ભોરિંગ, *n.* Big snake. મોટો સાપ.
ભોલ, ( સ્વોલન ) *a.* Swollen. ફૂલેલું.
ભોળપણ, *n.* Artlessness. ભોળાપણું.
ભોળવવું, ( ડીસીવ ) *vt.* Deceive. છેતરવું.
ભોળાનાથ, ( શીવ ) *n.* Shiva. મહાદેવ.
ભોળું, (આર્ટલેસ) *a.* Artless. કપટમાં ન સમજે તેવું.
ભોંઠું, ( અશેમ્ડ ) *a.* Ashamed. શરમાયેલું.
ભોંઠપ, *n.* Being ashamed. શરમ.
ભોં,-ય, ( લેંડ ) *n.* Land. જમીન.
ભોંયતળિયું, *n.* Groand floor. ઘરનો છેક નીચેનો ભાગ.
ભોંયભાડું, *n.* Landed estate. જમીન.
ભોંયભાડું, *n.* Land-rent. જમીનનું ભાડું.
ભોંયરૂં, (વૉલ્ટ) *n.* Vault. જમીનની અંદર કરેલું ઘર.
ભૌગોલિક, *a.* Pertaining to the earth-geography. ભૂગોળ સંબંધી.
ભૌતિક,(ફીઝીકલ) *a.* Physical. પંચ મહાભૂત સંબંધી.
ભૌતિકશાસ્ત્ર,-વિદ્યા, ( ફીઝીકસ ) *n.* Physics. ભૌતિક પદાર્થોને લગતું શાસ્ત્ર. [ Of Mars. મંગળનું.
ભૌમ, *a.* Relating to earth. પૃથ્વી સંબંધી.
ભૌમિતિક, *a.* Of geometry. ભૂમિતિનું.
ભ્રમ, -ણા,(ડાઉટ) *n.* Doubt. સંદેહ.
ભ્રમણ, *n.* Revolving. ગોળ ફરવું તે.

ભ્રમર, ( વાસ્પ ) *n.* Wasp. ભમરો.
ભ્રમિત, *a.* Deluded. ભ્રમમાં પડેલું.
ભ્રષ્ટ, ( ફોલન ) *a.* Fallen. પડેલું. Corrupted. અપવિત્ર થયેલું. Vicious. દુરાચારી.
ભ્રષ્ટતા,–ષ્ટાચાર, *n.* Life of dissipation. દુરાચાર.
ભ્રાત,–તા, ( બ્રધર ) *n.* Brother. ભાઇ.
ભ્રામક,(મીસલીડીંગ)*a.* Misleading. ભ્રમમાં નાંખે એવું.
ભ્રાંતિ, ( ડાઉટ ) *n* Doubt. વહેમ. Wrong notion. [ખ્યાલ.
ભ્રૂ,–કુટિ,–ટી, (આયબ્રો) *n.* Eye-brow. ભવું.
ભ્રૂભંગ, ( ફ્રાઉન ) *n.* Frown. ભવાં ચડાવવા તે.

---

## મ

મ, A consonant of the nasal class. *a.* No. [ મા; નહિ.
મકતબ, (સ્કુલ) *n.* School. નિશાળ.
મકબરો, –રબો, *n.* A Mohmeddan mosque, where notable dead persons are buried. કબરસ્તાન; રોજો.
મકર, (ક્રોકોડાઇલ) *n.* Crocodile. મગર. Fraud. છળ- [ કપટ.
મકરકેતુ,–ધ્વજ, (ક્યુપીડ) *n.* Cupid. કામદેવ.
મકરંદ, ( કકુ ) *n.* Cuckoo. કોકિલ. Wasp. ભમરો. Honey of a flower. ફુલનું મધ.
મકરસંક્રમણ, –સંક્રાંતિ, *n.* The passage of the sun into the the sign capricornus. સૂર્યનું મકર રાશિમાં જવું તે; ઉત્તરાયણ.

મકસદ, (ઇન્ટેન્ટ) *n.* Intent. મુરાદ; ધારણા.
મકસૂદ,(ઇન્ટેનશનલી)*ad.*Intentionally. જાણીજોઇને.
મકાઈ,(મેઇઝ) *n.* Maize. એક અનાજ.
મકાત, *n.* Excise duty. જકાત.
મકાન, (બીલ્ડીંગ) *n.* Building. ઘર; ઈમારત.
મક્કમ, ( ફર્મ ) *a.* Firm. દૃઢ.
મક્કમતા, *n.* Firmness. દૃઢતા.
મક્કર, (ડીસીટ) *n.* Deceit. છળ; કપટ.
મક્ષિકા,-ક્ષીકા, (ફ્લાય) *n.* Fly. માખ.
મખ, *n.* Sacrificial rite. યજ્ઞ.
મખમલ, (વેલ્વેટ) *n.*Velvet. એક જાતનું રેશમી કાપડ.
મખ્ખીચૂસ, (માઈઝર) *a.* Miser. કંજુસ.
મગ, *n.* Kind of green been. એક કઠોળ. Way. માર્ગ. Side. બાજુ; તરફ; *ad.* Towards. તરફ.
મગજ, *n.* Kind of sweetmeat made from gram-flour. ચણાના લોટની એક મીઠાઈ. Brain. ભેજું. Pith. ફળની મીજ.
મગજમારી, *n.* Taxing the brain. માથાફોડ.
મગતરૂં, -છરૂં,(નેટ) *n.* Gnat. મચ્છર; ડાંસ.
મગતું, (વાઇડ) *a.* Wide. મોકળું; પહોળું.
મગદળ,—જુઓ'મગજ.'Thick club for excercise. કસરત માટે હાથથી ફેરવવાની લાકડાની બનાવટ.
મગદળવું, (ક્રશ) *vt.* Crush. કચડી નાખવું. [હિંમત.
મગદૂર,-કદૂર, (ડેરીંગ) *n.*Daring. તાકાત.Courage.
મગફળી, ( ગ્રાઉન્ડ-નટ ) *n.* Ground-nut. તેલી બીની

એક જાત. [સોનાના મણકાની માળા.
**મગમાળા,** *n.* Kind of necklace. મગ જેવડા
**મગર,** (ચટ) *conj.* Yet. પરંતુ. *n.*Alligator. મગર-
**મગરમચ્છ,** *n.*Alligator. એક જળચર પ્રાણી. [મચ્છ.
**મગરિબ,** (ઈવનીંગ) *n.* Evening.સંધ્યાકાળ. Evening prayers. સાંજની નમાજ.
**મગરી,***n.* Female crocodile. મગરની માદા.
**મગરૂબ,–ર,** (પ્રાઉડ) *a.* Proud. અભિમાની.
**મગરૂબી,–રી,** (પ્રાઈડ) *n.* Pride. અભિમાન.
**મગા,** (સ્પેસ) *n* Space. જગા. [મોકલવું.
**મગાવવું,મંગાવવું,***vt.* Send for; order out. લેવા
**મગિયું,** *n.* Kind of female garment. સ્ત્રીઓનું એક જાતનું સુતરાઉ લૂગડું. [Pleased. રાજી.
**મગ્ન, –ગન,** *a.* Absorbed in. તલ્લીન; ગરક થયેલું.
**મઘમઘવું,** *vt.* To have a diffusive fragrance.
**મઘમઘાટ,** *n.* Fragrance. મઘમઘવું તે. [મહેકવું.
**મઘવા,** (ઈંદ્ર) *n.* Indra. ઈંદ્ર.
**મચક,** (રીટ્રીટીંગ) *n.* Retreating. પાછું હઠવું તે.
**મચકો,** *n.* Coquetish gesture. લટકો; લહેકો.
**મચકોડ,** (ટવીસ્ટીંગ) *n.* Twisting.આમળાવું તે.Contempt. તીરસ્કાર. Push. હડસેલો. [ળવું.
**મચડવું,–ચકોડવું,–ચોડવું,**(ટવીસ્ટ) *vt.* Twist.આમ-
**મચવું,***vt.*Be absorbed.તલ્લીન થઈ જવું.Persevere. મચ્યા રહેવું. [ધનુષ્ય.
**મચ્છ,** (ફીશ) *n.* Fish. માછલું. Rain-bow. મેઘ-

મચ્છર,(મોસ્કવીટો) *n.* Mosquito. ડાંસ. Arrogance. મત્સર; ગુમાન. [વવા કરાતી જાળીદાર કપડાની બનાવટ.
મચ્છરદાની, *n* Mosquito-curtain. મચ્છરને અટકા-
મચ્છી, (ફીશ) *n.* Fish. માછલી.
મચ્છીબજાર, *n.* Fish-market. માછલીઓનું બજાર.
મચ્છીમાર, ( ફીશરમેન ) *n.* Fisherman. માછી.
મછવો,(બોટ)*n.*Boat. હોડી.[Account. વર્ણન;હેવાલ.
મજકૂર, *a.* The said. સદર; આગળ જણાવેલું. *n.*
મજદૂર, (લેબરર) *n.* Labourer. મજૂર.
મજનૂ, ( લવ-મૅડ ) *a.* Love-mad. પ્રેમઘેલું. [ દ્દ.
મજબૂત,(સ્ટ્રૉંગ)*a.*Strong.જબરૂ.Solid. નક્કર. Firm.
મજબૂતી, *n.* Firmness. દ્દઢતા. Strength. જબરાઈ.
મજબૂર, (હેલ્પલેસ) *a.* Helpless. લાચાર; નિરૂપાય.
મજમુ,–મૂ, ( કૉમન) *a.* Common. મજિયારૂં.
મજમુદાર, *n.* Partner. ભાગીદાર. Accountant-general, હિસાબનીસ.
મજમૂન,( સબજેક્ટ) *n.* Subject. વિષય; બીના.
મજરે, *ad.* In compensation for. પેટે; સાટે.
મજલ,(સ્ટેજ) *n.* Stage. એક દિવસની મુસાફરી જેટલું અંતર; મુકામ. Journey. મુસાફરી.
મજલિસ, *n.* Society. મંડળી.
મજલો, (સ્ટોરી) *n.* Storey. બાળ; મેડો.
મજહબ, (રીલીજીયન) *n.*Religion. ધર્મ. Sect. પંથ.
મજહબી, *a.* Religious. ધર્મને લગતું.
મજા,–ઝા, (પ્લેઝર) *n.* Pleasure. આનંદ; લહેર.

મજાનું,(પ્લીઝીંગ)*a.*Pleasing.આનંદ પડે એવું;મનોહર.
મજાક, (જોક) *n.* Joke. મશ્કરી.
મજાગરૂં, (હીંજ) *n.* Hinge. બરડવું.
મજાલ, (પાવર) *n.* Power. મગદૂર. [ ભાગીદારી.
મજિયારૂં,(જોઈન્ટ)*a.*Joint.સહિયારૂં.*n.*Partnership.
મજિયારો, *n.*Joint management.સંયુક્ત વહીવટ.
મજીઠ, *n.*A plant. એક વનસ્પતિનું મૂળિયું.Red dye. રાતો રંગ. [ કરનાર; શ્રમજીવી.
મજૂર, *n.* Day-labourer. રોજિંદા કામ લઇ મહેનત
મજૂરમહાજન, -સંઘ, -મંડળ, *n.* Trade-union; labour union. મજૂરોનું મંડળ. [ bour. મહેનત.
મજૂરી,*n.* Wages of a labourer. મહેનતાણું. La-
મજૂસ, ( કોફર) *n.* Coffer. મોટી પેટી; પટારો.
મજે,-જ્ઞે,-દારી,—જુઓ 'મજા.'
મજેદાર,-નું, *a.* Pleasing. મનોહર.
મજ્જા,*n.*Marrow of the bones. હાડકામાંનો માવો.
મઝધાર, *n.* Central flow. પ્રવાહની મધ્ય ધારા.
મટક,-કું,-કો, ( જેસ્ટરર્સ) *n.* Gestures. ચાળા.
મટકાવવું, (વીંક) *vt.* Wink. આંખ મટમટાવવી.
મટમટાવવું, *vt.* Wink. આંખના પલકારા મારવા.
મટકી,-કું,-ટુકી,(વૉટર-પોટ) *n.* Water-pot.માટલી;
મટર, *n.* A bean. એક કઠોળ. [ હાંલ્લી.
મટવું, (બી ઓવર) *vt.* Be over. દૂર થવું;ટળવું; રોગ-
મટોડી, (કલે) *n.* Clay. માટી. [ મુક્ત થવું.
મઠ, *n.* Kind of pulse. એક કઠોળ. Monastery.

સાધુનો આશ્રમ.
મઠાધ્યક્ષ, ( એબટ ) *n.* Abbot. મઠનો વડો. [ નાવવું.
મઠારવું,-ઠેરવું, (લેવલ) *vt.* Level. ગૂંદવું; ઘાટદાર બ-
મઠો, *n.* Milk coagulated and churned. દહીંની
મડદું,-ડું, ( કોર્પ્સ) *n.* Corpse. શબ્દ. [ એક વાની.
મઢાગાંઠ, (ફાસ્ટ નોટ) *n.* Fast knot. સખત ગાંઠ.
મઢ, *n.* Front storey of a palace. દરબારગઢનો આગલો ઊંચો મેડીદાર ભાગ.
મઢવું, (ફ્રેમ) *vt.* Frame.લપેટી કે આવરીને જડી લેવું.
મઢી,-ડુલી, (હટ) *n.* Hut. કુટિર; છાપરી.
મણ, (મૅાંડ) *n.* Maund. ચાળીસ શેરનું તોલ.
મણકો, (બીડ) *n.* Bead.વેહવાળા ગોળ દાણા;અંકોડો.
મણા, (વૉંટ) *n.* Want. ખોટ; ઊણપ.
મણિ, (જેમ) *n.* Gem. રત્ન.
મણિધર, (સ્નેક) *n.* Snake. નાગ.
મણિબંધ, (રીસ્ટ) *n.* Wrist. કાંડું.
મણિમહોત્સવ,*n.*Diamond Jubilee.હિરકમહોત્સવ.
મણિયાર, *n.* Bangle-seller. બંગડીઓ વેચનાર.
મત, (ઓપીનીયન)*n.*Opinion.અભિપ્રાય.Obstinacy. હઠ; મમત Vote અનુમતિ.
મતદાર,(વોટર)*n.*Voter.મત આપવાના અધિકારવાળો.
મતદારમંડળ, *n.* Constituency. મતદારોનું મંડળ–સમૂહ.
મતપત્ર, *n.* Voting paper. મત લખવાનો કાગળ.
મતપેટી, *n.* Ballot-box. ચૂટણીમાં મતપત્ર નાખવાની

પેટી. [મત ભિન્ન હોવા તે.
મતફેર,-ભેદ,-મતાંતર, *n.* Difference of opinion.
મતલબ, ( મોટીવ ) *n.* Motive. હેતુ; સબબ
મતલબી, (સેલ્ફીશ) *a.* Selfish. સ્વાર્થી.
મતવાદ,-તાગ્રહ, ( ડોગ્મેટીઝમ ) *n.* Dogmatism. પોતાના જ મત વિષેનો આગ્રહ.
મતવાલું, (વેરીસ્ટ્રોંગ) *a.* Very strong. માતેલું.
મતા, (પ્રોપર્ટી) *n.* Property. માલમિલકત.
મતાદાર,*n.* A village officer. ગામમાંથી સરકારને ભરણું ભરાય તેની સહીસાખ કરનારો. [અધિકાર.
મતાધિકાર, (ફ્રેંચાઈઝ) *n.* Franchise. મત આપવાનો
મતિ, (ઈંટેલીજન્સ) *n.* Intelligence. બુદ્ધિ.
મતિયું, (ઓબસ્ટીનેટ) *a.* Obstinate. જક્કી.
મતું,*n.* The signature of the party executing a document. શાખ કે કબુલાતની સહી.
મત્ત, (એરોગંટ) *a.* Arrogant. ગુમાની.
મત્સર,(જેલસી)*n.*Jealousy.ઈર્ષ્યા.Arrogance.ગુમાન.
મત્સ્ય, (ફીશ) *n.* Fish. માછલું.
મથક, *n.* Principal place. મુખ્ય સ્થાન.
મથન,(ચર્નીંગ) *n.* Churning.વલોવવું તે. Struggle. માથાકુટ. [મહેનત કરવી;
મથવું, ( ચર્ન ) *vt.* Churn. વલોવવું. Struggle.
મથાળું, ( ટૉપ ) *n.* Top. ટોચ. Heading. શીર્ષક. Turban. પાઘડી. [જેટલું ઊંડાણ;
મથોડું, *n.* & *a.* Man's height. માણસની ઊંચાઈ

મદ, (ઇનટોક્ષીકેશન) *n.* Intoxication. કેફ; ખુમારી.
મદગળ,(એલીફંટ) *n.* Elephant.હાથી. [Pride.ગર્વ.
મદમત્ત,-માતું,-મસ્ત, (ઇનટોક્ષીકેટેડ) *a.* Intoxicated. મદથી મસ્ત બનેલું. Proud. ગર્વિષ્ઠ.
મદદ, (હેલ્પ) *n.* Help. સહાયતા. [કરનાર.
મદદગાર, -ગીર, (હેલ્પીંગ) *a.* & *n.* Helping.મદદ
મદન, *n.* Cupid. કામદેવ. Sexual passion. કામ.
મદનબાણ, *n.* Cupid's arrow. કામદેવનું બાણ.
મદવું, (બી પ્રાઉડ) *vt.* Be proud. અહંકાર કરવો.
મદાર, (રીલાયંસ) *n.* Reliance. ભરોંસો; આધાર.
મદારત,-નવર, (હોસ્પીટાલીટી) *n.* Hospitality. પરોણાચાકરી. [કે સાપ કેળવી ખેલ કરી બતાવનાર.
મદારી, (સ્નેક ચાર્મર) *n.* Snake-charmer. માંકડાં
મદાંધ,-દી,-દોન્મત્ત, *a.*Blind from pride. ગર્વથી
મદિરા,-દ્ય, (વાઈન) *n.* Wine. દારૂ. [ અંધ બનેલું.
મદ્યપ,-પી, (ડ્રંકાર્ડ) *n.*& *a.*Drunkard. દારૂડિયો.
મદ્યપાન,-ધુપાન, *n.*Wine-drinking. દારૂ પીવો તે.
મદ્યાર્ક, (આલ્કોહોલ) *n.* Alcohol. મદ્યનો અર્ક.
મધ, (હની) *n.* Honey. મધમાખીઓએ એકઠો કરેલો ફુલનો રસ. *ad.* In the centre. મધ્યમાં; વચ્ચે.
મધમાખ,-ધુમક્ષિકા, -ધુલિહ, ( બી ) *n.* Bee. મધ બનાવનારી માખી. [ માખીઓનું ઘર.
મધપૂડો, ( હની-કોમ્બ ) *n.* Honey-comb. મધ-
મધરાત, (મીડનાઈટ) *n.* Midnight. અરધી રાત.
મધલાળ, *n.* Eager desire. લાલચ.

મધુ, ( સ્વીટ ) *a.* Sweet. ગળ્યું. *n.* Honey. મધ. Wine. દારૂ. Spring. વસંત.
મધુકર,-પ,(વાસ્પ) *n.* Wasp. ભમરો. Bee. મધમાખ.
મધુકરી, ( બી ) *n.* Bee. ભમરી. Alms collected. માધુકરી. [ ઘી, મધ, પાણી, ખાંડ, એ પાંચનું મિશ્રણ.
મધુપર્ક, *n.* Oblation of honey, milk etc. દહીં,
મધુપ્રમેહ, ( ડાયાબીટીસ ) *n.* Diabetes. પેશાબમાં
મધુર,-રૂં,(સ્વીટ) *a.*Sweet.પ્રિય. [સાકર જવાનો રોગ.
મધુરા,(સુગર) *n.* Sugar. સાકર.
મધુસૂદન, (કૃષ્ણ) *n.* Krishna. કૃષ્ણ.
મધોમધ, (બીટવીક્ષ્ટ) *ad.* Betwixt. વચ્ચોવચ.
મધ્ય, *a.&n.* Central. વચ્ચેનું;વચલો ભાગ. [જમાનો.
મધ્યકાલ,-ળ,-યુગ, *n.* Middle ages. મધ્યયુગનો
મધ્યકાલિન, *a.* Of the middle ages. મધ્યયુગનું.
મધ્યબિંદુ, ( સેન્ટર ) *n.* Centre. કેન્દ્ર.
મધ્યમ, *a.* Central. વચલું. Ordinary. સામાન્ય.
મધ્યમા, *n.* Central finger. વચલી આંગળી.
મધ્યમાન, ( એવરેજ ) *n.* Average. સરેરાશ.
મધ્યમસર, (મોડરેટલી) *ad.* Moderately. મર્યાદિત પ્રમાણમાં.
મધ્યરાત્ર,-ત્રિ,-ત્રી, (મીડનાઇટ) *n.* Midnight.અરધી
મધ્યરેષા,-ખા, (ઇકવેટર) *n.*Equator. વિષુવવૃત.[રાત.
મધ્યવર્તી,-સ્થ,(સેન્ટ્રલ)*a.*Central.વચલું.Impartial.
મધ્યાન,-હ્ન,(મીડ-ડે) *n.* Mid-day. બપોર. [તટસ્થ.
મધ્યે, *ad.*In the middle.મધ્યમાં. Within.અંદર.

મન, ( માઇન્ડ ) *n.* Mind. સંકલ્પવિકલ્પ વગેરે કરનારી ઇંદ્રિય. Heart. દિલ. Desire. ઇચ્છા.
મનકામના, *n.* Heart's desire. મનની ઇચ્છા.
મનગમતું,-પસંદ,(પ્લીઝીંગ)*a.*Pleasing. મનને ગમતું.
મનન, ( મેડીટેશન ) *n.* Meditation. ચિંતન.
મનનશીલ, *a.* Indulging in meditation. ચિંતન કરવાના સ્વભાવવાળું. [ મનન કરવા જેવું.
મનનીય,*a.* Worthy of being meditated upon.
મનમાનતું,-માન્યું, ( પ્લેન્ટી ) *a.* Plenty. પુષ્કળ.
મનમોજી,(સેલ્ફ-વીલ્ડ)*a.*Self-willed. તરંગી; મનસ્વી.
મનમોહન,(ચાર્મીંગ) *a.* Charming. મોહ પમાડે તેવું.
મનખો, *n.* Human life. મનુષ્ય તરીકેની જીંદગી.
મનવવું,-નાવવું,(પરસ્વેડ)*vt.*Persuade. માને તેમ કરવું.
મનવાર,(મેન ઓફ વૉર)*n.*Man-of-war. લશ્કરી વહાણ.
મનવેગી, (વેરી સ્વીફ્ટ) *a.* Very swift. ખૂબ ત્વરીત.
મનસબ, ( સ્ટેટસ ) *n.* Status. પદવી; દરજ્જો.
મનસબદાર, *n.* An officer of the army. લશ્કરની ટુકડીનો અમલદાર. [ With one's mind. મનથી.
મનસા,-ની‌ખા, (ડીઝાયર ) *n.* Desire. ઇચ્છા. *ad.*
મનસૂબો, ( ઇન્ટેન્શન ) *n.* Intention. ધારણા;ઇરાદો.
મનસ્વી,-સ્વિની, ( સેલ્ફ-વીલ્ડ ) *a.* Self-willed. તરંગી; સ્વચ્છંદી. [એક છંદ.
મનહર,(પ્લીઝીંગ)*a.* Pleasing. મનોહર.*n.*A metre.
મનઃશિલ,*n.* Bisulphuret of arsenic. એક ખનીજ
મના,-ઇ, *n.* Prohibition. બંધી; નિષેધ. [ પદાર્થ.

મનાઈહુકમ, (ઈન્જંકશન)*n.* Injunction. મનાઈ કરતો કે જણાવનારો હુકમ.
મનામણું,-વણું *n.* Act of persuading. મનાવવું તે.
મનિયાર,—જુઓ 'મણિયાર'.
મનુ, *n.* The great Hindu law-giver. મનુસ્મૃતિના રચનાર આદિ માનવ.
મનુકુલ,-ષ્યજાતિ,(હ્યુમેનીટી)*n.*Humanity. માનવજાત.
મનુષ્ય,-જ,(હ્યુમન બીઈંગ)*n.* Human being.માણસ.
મનુષ્યલોક, (વર્લ્ડ) *n.* World. પૃથ્વી.
મનુષ્યવિજ્ઞાન, (એન્થ્રોપોલોજી) *n.* Anthropology. મનુષ્ય વિષેનું વિજ્ઞાન. [કરનારૂં.
મનુષ્યાહારી,(કૅનીબાલ) *a.* Cannibal. મનુષ્યનું ભક્ષણ
મને,(ટુ મી)*prn.* To me. હું'નું બીજી કે ચોથીવિભક્તિનું એકવચન. [Thought. વિચાર.
મનોગત, (ઇંટરનલ) *a.* Internal. મનમાં રહેલું. *n.*
મનોગમ,-હર,-જ્ઞ,-રંજક,-રમ, (પ્લીઝીંગ) *a.* Pleasing. સુંદર; મનને ગમતું. [શાસ્ત્ર.
મનોધર્મવિદ્યા(સાયકોલોજી) *n.*Psychology. માનસ-
મનોનિગ્રહ,*n.*Restraining the mind,મનનો સંયમ.
મનોબળ,*n.* Firmness of the mind.માનસિક બળ.
મનોજ,-ભવ,-ભૂ, (કયુપીડ) *n.* Cupid. કામદેવ.
મનોભંગ, (ડીસએપોઈન્ટમેન્ટ)*n.* Disappointment. નિરાશા. [*n.* Intent. ધારણા; વિચાર.
મનોભાવ,-રથ, -વાંછા,-વિકાર,-વૃત્તિ, (ઈન્ટેન્ટ)
મનોમય, (મેન્ટલ) *a.* Mental. માનસિક.

મનોયત્ન, *n.* Effort of the mind. મનની મહેનત. Excercise. અભ્યાસ પાઠ.
મનોરમા *n.* Beautiful woman. સુંદર સ્ત્રી.
મનોવાંછિત, (ડીઝાયર્ડ) *a.* Desired. મનથી ઈચ્છેલું.
મન્મથ, ( કયુપીડ ) *n.* Cupid. કામદેવ.
મન્યુ ( રૅાથ ) *n.* Wrath. કોપ; ગુસ્સો.
મન્વંતર, *n.* A period equal to 306,720,000 years. એક મનુની કારકીર્દીનો સમય.
મફત, ( ગ્રેટીસ ) *ad.* Gratis. વગર પૈસે.
મફતિયું, ( ફ્રી ) *a.* Free. ફોગટિયું.
મબલક,–ગ, ( પ્લેન્ટી ) *a.* Plenty. પુષ્કળ.
મમ, ( માઈન ) *prn.* Mine. મારૂં.
મમત, ( ઓબસ્ટીનસી ) *n.* Obstinacy. હઠ; જીદ.
મમતા,–ત્વ, ( એફેકશન ) *n.* Affection. હેત; સ્નેહ. Obstinacy. જીદ.
મમતી,–તીલું, (ઓબસ્ટીનેટ) *a.* Obstinate. જીદ્દી.
મમરો, *n.* Parched rice. ચોખાની ધાણીનો દાણો.
મમળાવવું, *vt.* Turn over and over in the mouth. ઓગાળવા માટે મોંમાં આમતેમ ફેરવવું.
મય, Suffix. પ્રત્યય છે, જેમકે: સુખમય.
મયૂખ, ( રે ) *n.* Ray. કિરણ.
મયૂર, ( પીકૉક ) *n.* Peacock. મોર.
મરકલવું, ( સ્માઈલ ) *vt.* Smile. સ્મિત કરવું.
મરકી, (એપીડેમીક ડીસીઝ) *n.* Epidemic disease. [ મહામારી; કોગળિયું.
મરઘી, (હેન) *n.* Hen. કૂકડી.

મરઘો, ( કોક ) *n.* Cock. કૂકડો.
મરચું, (ચીલી) *n.* Chilli. મરચીની તીખી શિંગ.
મરજ, ( ડીસીઝ ) *n.* Disease. રોગ.
મરજાદ,–દા, ( ડીસેન્સી ) *n.* Decency. મર્યાદા.
મરજી, ( ડીઝાયર ) *n.* Desise. ઈચ્છા.Willingness.
ખુશી. [ કરવાનું.
મરજિયાત, (ઓપ્શનલ) *a.* Optional. મરજી હોય તો
મરજીવો, *n.* A pearl-diver. દરિયામાંથી મોતી કાઢ-
નાર. Careless person. મરણિયો.
મરડવું, ( ટવીસ્ટ ) *vt.* Twist. વાંકું વાળવું.
મરડાટ,–ડ, ( ક્રોસનેસ ) *n.* Crossness. વક્રતા; રીસ.
Coquetry. ચાળો. [ રિસાવું.
મરડાવું,(બી બેન્ટ) *vt.* Be bent.વંકાવું.Be peevish.
મરડિયો,*n.*Lime-stone.જેમાંથી ચૂનો બને છે તે પત્થર.
મરડો, ( ડીસેન્ટ્રી ) *n.* Dysentery. એક રોગ જેમાં
ઝાડા વાટે આમ તથા લોહી પડે છે.
મરણ, –ણું, ( ડેથ ) *n.* Death. મોત. End. અંત.
મરણતોલ,*a.*Almost dying. મરી જાય તેવું. [સુધીનું.
મરણાંત, *a.* & *ad.* Ending with death. મરણ
મરણિયું, ( ડેસ્પરેટ ) *a.* Desperate. મોતની પરવા
મરતબો,(સ્ટેટસ) *n.* Status. દરજ્જો; મોભો. [ વિનાનું.
મરદ,–દે, (બ્રેવ) *a.* & *n.* Brave. બહાદુર.
મરદાઈ,–નગી,–મી, ( મેનલીનેસ ) *n.* Manliness.
પુરૂષાતન. Bravery. વીરતા.
મરદાના,–ની, (મેનલી) *a.* Manly. મરદને છાજે એવું.

મરવું, *vt.* Die. મરણ પામવું. End. અંત આવવો.
મરવો, *n.* Young unripe mango. નાની કાચી કેરી.
મરસિયો, *n.* Funeral eulogium. રાજિયો.
મરહમ, (ઓઇન્ટમેન્ટ) *n.* Ointment. મલમ; લેપ.
મરહૂમ, (ડીસીઝડ) *a.* Deceased મરણ પામેલું; સ્વર્ગસ્થ.
મરામત,-રમ્મત, (રીપેર્સ) *n.* Repairs. સમારકામ; [જીર્ણોદ્ધાર.
મરાલ,-ળ, (સ્વાન) *n.* Swan. હંસ.
મરી,-રિયું, (બ્લેક પીપર) *n.* Black pepper. એક તેજાનો.
મરૂ,-દેશ,-ભૂમિ,-સ્થલી, (ડેઝર્ટ) *n.* Desert. રણ.
મરો, ( ડેથ ) *n.* Death. મૃત્યુ. Plight. હેરાનગતિ.
મરોડ, ( બેન્ડ ) *n.* Bend. વાંક; અક્ષરનો મરોડ.
મરોડવું, ( ટવીસ્ટ ) *vt.* Twist. આમળવું.
મર્કટ, ( એપ ) *n.* Ape. વાંદરો.
મર્ત્ય, ( મોર્ટલ ) *a.* Mortal. નાશવંત.
મર્ત્યલોક, ( વર્લ્ડ ) *n.* World. મૃત્યુલોક.
મર્દન, ( રબીંગ ) *n.* Rubbing. ચોળવું તે.
મર્દવું, ( રબ ) *vt.* Rub. ચોળવું. [Essence. તાત્પર્ય.
મર્મ,-રમ, (સીક્રેટ ટોક) *n.* Secret talk. છૂપી વાત.
મર્મગ્રાહી,-જ્ઞ, (કલેવર) *a.* Clever. રહસ્યનું ગ્રહણ કરનારૂં. [મર્મ સ્થાનને ભેદનાર.
મર્મભેદી,-વેધક,-વેધી, *a.* Piercing the vitals.
મર્મવચન, ( ટોંટ ) *n.* Taunt. મહેણું.
મર્મસ્થલ,-સ્થાન, *n.* Vital part or place. જ્યાં ઈજા કરવાથી શરીરનું મૃત્યુ થાય તેવો શરીરનો કોમળ ભાગ. [વિવેક.

મર્યાદ,-દા,(લીમીટ)*n.*Limit.હદ. Decorum. અદબ;
મર્યાદાશીલ, ( ડેફરેન્શીયલ) *a.* Deferential. વિનયી.
મર્યાદિત, *ad.* Within the limits. મર્યાદાની અંદર.
મલ, -લ્લ, (એથલેટ )*n.*Athlete.કુસ્તીબાજ;પહેલવાન.
મલ,-ળ, ( રીફ્યુઝ ) *n.* Refuse. વિષ્ટા; કચરો.
મલકવું,-કાવું, (સ્માઈલ ) *vt.* Smile. મંદમંદ હસવું.
મલકાટ, *n.* Smile. મંદ સ્મિત. Joy. આનંદ.
મલખમ,-ખંભ, *a.* Long polished pole. કસરત માટેનો લીસો થાંભલો.
મલપતું, *a.* Sauntering along. ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું. [ ચોપડવાનું ઔષધ.
મલમ, ( ઓઈન્ટમેન્ટ ) *n.* Ointment. ગડગૂમડ પર
મલમપટી-ટો,-ટ્ટી,-ટ્ટા,*n.* Gum-plaster. મલમવાળી લૂગડાની પટી કે પાટો. [ કાપડ.
મલમલ, (મસ્લીન) *n.* Muslin. એક જાતનું બારીક
મલયાનિલ, (સાઉથ-વીંડ) *n.* South-wind.દક્ષિણમાંથી મલય પર્વતમાંથી આવતો પવન. [ ઝાડે ફરવા જવું તે.
મલશુદ્ધિ, -ળશુદ્ધિ, -ત્યાગ, *n.* Going to stools.
મલાઇ, ( ક્રીમ ) *n.* Cream. દૂધની તર.
મલાખું, *a.* Oblique-looking. બાડું. [ મર્યાદા.
મલાજો, મુલાજો, ( ડેફરંસ ) *n.* Deference. માન;
મલાવરોધ,-ળાવરોધ, ( કોન્સ્ટીપેશન) *n.* Constipation. બંધકોષ. [ tify. દીપાવવું.
મલાવવું,(લેંગથન) *vt.* Lengthen. લંબાવવું. Beau-
મલાશય,-ળાશય, *n.* The place where refuse is.

accumatated in the body.શરીરમાં મળને રહેવાનું
મલિન, (ડર્ટી) *a.* Dirty. ગંદું. [સ્થાન.
મલીદો,(સ્વીટમીટ) *n.*Sweetmeat.ચૂરમું. [બાથંબાથા.
મલ્લયુદ્ધ,-કુસ્તી, (રેસલીંગ) *n.*Wrestling. કુસ્તી;
મલ્લવિદ્યા,*n.*Art of wrestling.કુસ્તીનું શાસ્ત્ર. [છંદ
મલ્લિકા, *n.* Jasmine flower. એક ફુલ.Metre.એક
મવડાવવું-વાડવું, (એકોમોડેટ) *vt.* Accomodate.
મવાલી, (રૅચ) *n.* Wretch. ગુંડો;કંગાળ. [સમાવવું.
મશક, (લેધર્ન વોટર બૅગ) *n.* Leathern water-bag.
પાણી ભરવાની ચામડાની કોથળી.
મશગૂલ, (એબ્સોર્બ્ડ) *a.* Absorbed. નિમગ્ન; લીન.
મશરૂ, *n.* Kind of cloth. એક પ્રકારનું કાપડ.
મશહૂર, (ફેમસ) *a.* Famous. પ્રખ્યાત.
મશાલ, (ટોર્ચ) *n.* Torch. લાકડી પર ચીંથરાં
વીંટેલો સળગાવવાનો કાકડો.
મશાલચી,-લી, *n.* Torch-bearer. મશાલવાળો.
મશિયાઇ,-સિયાઈ, *a.* Of the side of maternal
aunt. માશી તરફનું.
મશી,-સી, (સૂટ) *n.* Soot. કાજળ; મેશ.
મશ્કરી, (જોક) *n.* Joke. મજાક; ઠઠ્ઠો.
મશ્કરો, (જેસ્ટર)*n.* Jester.મશ્કરી કરનારો; વિદુષક.
મસ, (પ્લેન્ટી) *a.* Plenty. પુષ્કળ. *n.* Pretext.
બહાનું. Mole. મસો. [માખણ.
મસકો, (ફ્લેટરી) *n.* Flattery. ખુશામત. Butter.
મસનદ, (થ્રોન) *n.* Throne. ગાદી; તખ્ત.

મસરકો, ( ટૉંટ ) *n.* Taunt. વક્રોક્તિ; મર્મવચન;
મસલત, ( ડેલીબરેશન ) *n.* Deliberation. સંતલસ;
મસળવું, (રબ) *vt.* Rub. ચોળવું; ગદડવું. [ સલાહ.
મસાણ, *n.* Burning ground. સ્મશાન. [ તેનો.
મસાલો, *n.* Spices. રસોઈ સ્વાદિષ્ટ કરવા નાખવાનો
મસાલેદાર, ( ટેસ્ટફુલ ) *a.* Testeful. સ્વાદિષ્ટ. [સ્થળ.
મસીદ,-સ્જિદ, ( મોસ્ક )*n.* Mosque. નિમાજ પઢવાનું
મસુર,-સૂર, *n.* Kind of pulse. એક જાતની દાળ.
મસૂદો, ( ડ્રાફ્ટ ) *n.* Draft. ખરડો. [Piles. હરસ.
મસો, (મોલ) *n.* Mole. ચામડી પર બાઝેલી ગોળ ગાંઠ.
મસોતું, ( રૅગ ) *n.* Rag. ચૂલા ઉપરનાં ગરમ વાસણ
પકડવા વપરાતું ચીંથરું. [ મદમાતું; ઉન્મત્ત.
મસ્ત,-સ્તાન, ( ઈનટૉક્ષીકેટેડ ) *a.* Intoxicated.
મસ્તક,-સ્તિષ્ક, ( હેડ ) *n.* Head. માથું.
મસ્તિકવિદ્યા, ( ફ્રેનોલૉજી ) *n.* Phrenology. માથાના
ઘાટ પરથી અંતઃકરણની લાગણીઓ પારખવાની વિદ્યા.
મસ્તી, ( મીસ્ચીફ ) *n.* Mischief. તોફાન.
મસ્તીખોર, *a.* Mischievons. તોફાની.
મહકૂબ. (સસ્પેન્ડેડ) *a.* Suspended. મોકૂફ; મુલતવી.
મહકૂબી, *n.* Suspension. મોકૂફ રાખવું તે.
મહત,-દ, ( બીગ) *a.* Big. મોટું. [ મહિમા.
મહત્તા,-ત્વ, (મેગ્નીટ્યુડ) *n.* Magnitude. મોટાપણું;
મહત્વાકાંક્ષા,-હાકાંક્ષા, (એમ્બીશન) *n.* Ambition.
મોટાઈ મેળવવાની ઇચ્છા. [ ઇચ્છાવાળું.
મહત્વાકાંક્ષી, *a.* Ambitions. મોટાઈ મેળવવાની

મહબૂબ,-હેબૂબ, (બીલવેડ) *a.* Beloved. પ્રિય.
મહર્ષિ, *n.* Great sage. મોટો ઋષિ.
મહંત, *n.* Chief of a monastery. મઠાધિકારી.
મહા, -ન, ( બીગ ) *a.* Big. મોટું.
મહાકાલ,-ળ,-દેવ, ( શીવ ) *n.* Shiva. મહાદેવ.
મહાકાલી,-ળી,-માયા, (ગોડેસ) *n.* Goddess. ભયંકર સ્વરૂપવાળી દુર્ગા. [ કે તેવાઓનું મંડળ.
મહાજન, *n.* Community. મોટો પ્રતિષ્ઠિત માણસ,
મહાત્મા,*n.* Saint.સંત. *a.* Noble-minded. મહાન આત્માવાળું. [ nimous. મોટા મનુ-તેવું માણસ.
મહાનુભાવ,-પ્રજ્ઞ, ( મેગ્નેનીમસ ) *a.* & *n.* Magna-
મહાપાતક, *n.* Great sin. મોટું પાપ. [ નાશ.
મહાપ્રલય,*n.*Universal desruction. સૃષ્ટિનો સમૂળો
મહાબોધી, *n.* Lord Buddha. ભગવાન બુદ્ધ. Best knowledge. શ્રેષ્ઠ જ્ઞાન.
મહાભાગ, (વેરી લકી) *a.* Very lucky. ભાગ્યશાળી.
મહાભારત, *a.* Very difficult. બહુ મોટું અને મુશ્કેલ. *n.* An epic poem. એ નામનું એક પ્રસિદ્ધ
મહાભૂત,*n.*Primary element. મૂળતત્ત્વ.[મહાકાવ્ય.
મહામહોપાધ્યાય,*n.*A title given to a learned person.સંસ્કૃતના પંડિતને મળતો એક સરકારી ઇલ્કાબ.
મહામંત્રી, *n.* Chief secretary. પ્રધાન મંત્રી.
મહામાત્ર, (રજીસ્ટ્રાર)*n.* Registrar.વિદ્યાપીઠનો મંત્રી.
મહામારી, *n.* Epidemic disease. કોગળિયું; પ્લેગ.
મહામાન, *n.* A Budhist sect. એક બૌદ્ધ સંપ્રદાય.

મહારથી, *n.* Mighty warrior. પરાક્રમી લડવૈયો.
મહારાજ, *n.* Great king. મોટો રાજા. Term of address. સંબોધનનો એક પ્રકાર.
મહારાજા,-ધિરાજ, ( એમપરર ) *n.* Emperor.સમ્રાટ
મહારાણી, *n.* Chief queen. વડી રાણી.
મહાલ, *n.* Small district. નાનો તાલુકો.
મહાલય, (પેલેસ) *n.* Palace. મહેલ.Temple. મંદિર.
મહાવત, *n.* Elephant driver. હાથીનો હાંકનાર.
મહાવરો, (હેબીટ) *n.* Habit ટેવ.Practice.શિરસ્તો.
મહાવિદ્યાલય, ( કૉલેજ ) *n.* College.ઊંચો અભ્યાસ કરવાની વડી શાળા.
મહાવિરામ, ( કોલન) *n.* Colon. : આવું ચિહ્ન.
મહાવીર, *n.* Great warrior. મોટો પરાક્રમી પુરૂષ. Eagle. ગરૂડ. Hanuman. હનુમાન. Name of a Jaina Preceptor. ચોવીસમા જૈન તીર્થંકર.
મહાશય, *a.* Noble minded. ઉચ્ચ ભાવનાવાળું. *n.* Term of respect. માનવાચક ઉદ્દગાર.
મહાસભા, (કૉંગ્રેસ) *n.* Congress.મોટી વિશાળ સભા.
મહાંત, ( બીગ ) *a.* Big. મોટું; મહાન.
મહિ,-હી, ( અર્થ ) *n.* Earth. પૃથ્વી.
મહિતલ,-ળ, *n.* Surface of the eath. પૃથ્વીની [સપાટી.
મહિધર, ( માઉન્ટન ) *n.* Mountain. પર્વત.
મહિના, ( પ્રેગનંસી ) *n.* Pregnancy. ગર્ભ રહેવો તે. Kind of a poem. કાવ્યનો એક પ્રકાર.
મહિનો, ( મંથ ) *n.* Month. માસ.

મહિમા, ( ડીગ્નીટી ) *n.* Dignity. પ્રતાપ; યશ.

મહિયર, *n.* House of a married woman's mother. પિયર. [ ગોપી.

મહિયારી, (મીલ્ક-વુમન) *n.*Milk-woman.ભરવાડણ;

મહિલા, ( વુમન )*n.* Woman. સ્ત્રી. Queen. રાણી.

મહિષ, ( હી-બફેલો ) *n.* He-buffalo. પાડો.

મહિષી, ( બફેલો ) *n.* Buffalo. ભેંસ. Queen. રાણી.

મહી, ( કાઉ ) *n.* Cow. ગાય. Curd. દહીં.

મહીં, ( વીધીન ) *ad.* Within. અંદર.

મહીંમહીં, *ad.* Occassionally. વચ્ચે વચ્ચે.

મહુડી, ( વાઈન ) *n.* Wine. દારૂ.

મહુડો, ( મોવરા ટ્રી ) *n.* Mowra-tree. એક ઝાડ.

મહુરત, *n.* Auspicious time. મુહૂર્ત.

મહેક,-કાટ, ( ફ્રેગરંસ ) *n.*Fragrance.ફોરમ; સુગંધ.

મહેકવું, *vt.* Give out fragrance. ફોરવું.

મહેચ્છા, ( એમ્બીશન ) *n.* Ambition. મહત્વાકાંક્ષા.

મહેણું, ( ટૉન્ટ ) *n.* Taunt. મર્મ; ટોણો.

મહેતર, ( સ્વીપર ) *n.* Sweeper. ભંગી.

મહેતલ, ( ટાઈમ ) *n.* Time. મુદત; સમય.

મહેતાબ, -હતાબ, ( મુન ) *n.* Moon. ચંદ્ર.

મહેતો,-તાજી, (કલાર્ક)*n.*Clerk.ગુમાસ્તો.Teacher.

મહેતી,-જી, *n.* Female teacher.શિક્ષિકા. [શિક્ષક.

મહેનત, ( લેબર ) *n.* Labour. શ્રમ.

મહેનતાણું, ( વેજીસ ) *n.* Wages. મહેનતનો બદલો;

મહેનતુ, ( ડીલીજંટ ) *a.* Diligent. ઉદ્યમી. [રોજી.

મહેફિલ, ( પાર્ટી ) *n.* Party. મિજલસ; ઉજાણી.
મહેમાન, ( ગેસ્ટ ) *n.* Guest. પરોણો.
મહેમાની,-માનગીરી,-દારી, ( હોસ્પીટાલીટી ) *n.* Hospitality. પરોણાચાકરી.
મહેર,-બાની, ( ફેવર ) *n.* Favour. કૃપા; દયા.
મહેરબાન, ( ગ્રેશ્યસ ) *a.* Gracious. કૃપાવંત.
મહેરાબ, (આર્ક) *n.* Arch. કમાનના આકારનું ચણતર.
મહેરાણ,-રામણ, ( સી ) *n.* Sea. સમુદ્ર.
મહેલ,-લાત,-હેલ, (પેલેસ ) *n.* Palace. રાજમહેલ.
મહેલ્લો,-હેલ્લો, ( સ્ટ્રીટ ) *n.* Street. શેરી; ફળિયું.
મહેશ,-શ્વર, ( શીવ ) *n.* Shiva. મહાદેવ.
મહેસૂલ, *n.* Land-tax. જમીન ઉપરનો કર. Income. રાજ્યની કુલ આવક.
મહોચ્છવ,-ત્સવ, ( ફેસ્ટીવલ ) *n.* Festival. મોટો [ઉત્સવ.
મહોદધિ, (ઓશન ) *n.* Ocean. મહાસાગર.
મહોદય, *n.* & *a.* Term of respect. મહાનુભાવ; [મહાશય.
મહોબત, ( એક્વેઇન્ટસ ) *n.* Acquaintance. પિછાન; દોસ્તી. Affection. પ્રેમ; પ્યાર.
મહોર, (ગીની) *n.* Guinea. ગીની. Seal. છાપ; સિક્કો.
મહોરદાર, ( વાઈફ ) *n.* Wife. પત્ની.
મહોરૂં, *n.* Mate in a chess. શેત્રંજનું સોગટું.
મળ, ( એક્સક્રીશન ) *n.* Excretion. વિષ્ટા. Refuse. [કચરો.
મળતર, ( ગેન ) *n.* Gain. નફો; લાભ.
મળતાવડું, ( શોસ્યલ ) *a.* Social. મિલનસાર.
મળવું, ( મીટ ) *vt.* Meet. ભેગા થવું. Join. એકઠાં

થવું. Unite. સંપ કરવો. Gain. પ્રાપ્ત થવું. Recover.
[ જડવું.

મળસકું, ( ડૉન ) *n.* Dawn. પરોઢિયું.

મળી, ( ગ્રીઝ ) *n.* Grease. પૈડામાં ઊંજેલા દિવેલ તથા ચીંથરાનો થતો મેલ.

મંકોડો, ( ઇનસેક્ટ ) *n.* Insect. એક જંતુ.

મંગલ,-ળ, *a.* Benefactory. શુભ. *n.* Planet Mars. એ નામનો ગ્રહ. Welfare. કલ્યાણ. Blessing. આશીર્વાદ. [ cious. શુભ; કલ્યાણકારી.

મંગલકારક,-કારી-મય, ( ઓસ્પીશ્યસ ) *a.* Auspi-

મંગલાચરણ,-આચરણ, *n.* Benedictory poem. ઇશ્વર સ્તુતિ. Beginning. પ્રારંભ. [ત્રીજો વાર.

મંગળવાર, ( ટ્યુઝડે ) *n.* Tuesday. અઠવાડિયાનો

મંગળસૂત્ર, *n.* The marriage string worn by married woman. પરણેલી સ્ત્રીનું સૌભાગ્ય સૂચવતું ગળાનું એક ઘરેણું. [હળદર.

મંગળા, (ગોડેસ) *n.* Goddess દુર્ગા. Yellow turmec.

મંગાવવું, *vt.* Order out. લાવવાને કહેવું; મંગાવવું.

મંચ,-ક, ( બેડ સ્ટેડ ) *n.* Bedstead. પલંગ. Dias. માંચડો. Elevated seat in a field. ખેતરમાં બાંધેલો

મંછા, ( ડીઝાયર ) *n.* Desire. ઇચ્છા; ઉમેદ; [માળો.

મંજન, ( ટુથ પાઉડર ) *n.* Tooth-powder. દાંતે ઘસવાનો ભૂકો. [એનું ઝૂમખું. Sprout. કૂંપળ.

મંજરિ-રી, *n.* Cluster of flowers. ફૂલની કળી-

મંજાર, -રી, *n.* Cat. બિલાડી-ડો.

મંજિલ, *n.* Building. મકાન.

મંજિલગાહ, *n.* Caravansarai. ધર્મશાળા. Camp. [ઉતારો.
મંઝીર, ( એંકલેટ ) *n.* Anklet. ઝાંઝર.
મંજીરા, (સીમ્બાલ્સ) *n.* Cymbals. કાંસીજોડા;કરતાલ.
મંજુ,-લ, (ડેલીકેટ) *a.* Delicate.કોમળ.Sweet.મધુર.
મંજુર, ( ગ્રાન્ટેડ ) *a.* Granted. કબૂલ; માન્ય.
મંજૂરી, ( કન્ફર્મેશન ) *n.* Confirmation. બહાલી.
મંજૂષા, ( બોક્ષ ) *n.* Box. પેટી. [blishing. સ્થાપન.
મંડન, ( ડેકોરેશન )*n.* Decoration. શણગાર. Esta-
મંડપ, *n.* A temperory structure erected on festive occassions. માંડવો.
મંડલ,-ળ, ( સર્કલ ) *n.* Circle. કુંડાળું; ગોળ ઘેરાવ. Assemblage. ટોળું. Province. પ્રાંત.
મંડલાકાર,-ળાકાર, (સરક્યુલર) *a.* Circular. ગોળ.
મંડલિક,-લીક,-ળિક,-ળીક, ( ટ્રીબ્યુટરી ચીફ ) *n.* Tributary chief. ખંડિયો રાજા.
મંડલી,-ળી, ( એસેમ્બ્લી ) *n.* Assembly. ટોળી.
મંડવું, (પરસીવીયર) *vt.* Persevere. ખંતથી વળગવું; લાગવું. [tion. પાયો.
મંડાણ,(બીગીનીંગ) *n.*Beginning.પ્રારંભ. Founda-
મંડાવવું, ( ડીકટેટ ) *vt.* Dictate. લખાવવું. Cause to commence. પ્રારંભ કરાવવો.
મંડિત, (એડોર્ન્ડ )*a.* Adorned. શણગારેલું.
મંડૂક, ( ફ્રૉગ ) *n.* Frog. દેડકો.
મંડૂર, *n.* Rusts of iron. લોઢાનો કાટ.
મંતરવું, ( ચાર્મ ) *vt.* Charm. મંત્રથી કાબુમાં લેવું.

Allure. ભરમાવવું.

**મંતવ્ય,** ( ઓપીનીયન ) *n.* Opinion. મત;અભિપ્રાય. *a.* Worth to be considered. વિચારવા યોગ્ય.

**મંત્ર,** *n.* Formula sacred to a deity. કોઈ શક્તિ યા દેવ સાધ્ય કરવાનો ગૂઢ શબ્દ કે શબ્દો. Secret consultation. મંત્રણા.

**મંત્રણા,** *n.* Secret consultation. ખાનગી મસલત.

**મંત્રમુગ્ધ,** *a.* Enchanted. મંત્રથી મોહ પામેલું.

**મંત્રશાસ્ત્ર,** *n.* The system which treats of mystic formulas, spells etc. મંત્રો તથા તેમના વિધિનું શાસ્ત્ર

**મંત્રિત્વ,–ત્રીવટ,–ત્રીપટ,** *n.* Ministership. મંત્રીપણું.

**મંત્રી,** *n.* Minister. પ્રધાન. Secretary. કારભારી.

**મંથન,** ( ચર્નીંગ ) *n.* Churning. વલોવવું તે.

**મંથની,** *n.* Churning vessel. વલોણાની ગોળી.

**મંદ,** (સ્લો) *a.* Slow. ધીમું; ધીર. Little. થોડું. Suffix. પ્રત્યય છે, જેમકે: ફતેહમંદ.

**મંદબુદ્ધિ,–મતિ,** ( ફુલીશ ) *a.* & *n.* Foolish. મૂર્ખ.

**મંદભાગી,** (અનલકી) *a.* Unlucky. કમનસીબ.

**મંદભાગ્ય,** (અનલક) *a.* & *n.* Unluck. દુર્ભાગ્ય.

**મંદહાસ્ય,** (સ્માઇલ) *n.* Smile. સ્મિત; જરાક હસવું તે.

**મંદવાડ,** (સીકનેસ) *n.* Sickness. બીમારી. Disease. રોગ.

**મંદાકિની,** (ગેંજીસ) *n.* Ganges. ગંગા. Milky way. આકાશગંગા.

**મંદાગ્નિ,** *n.* Low appetite. પાચનશક્તિની મંદતા.

મંદિર, ( ટેમ્પલ ) *n.* Temple. દેવાલય. Residence. ઘર. School. શાળા. [ Slowness. મંદતા.
મંદી, ( ડલ માર્કેટ) *n.* Dull market. ભાવની પડતી.
મંદીલ,-ડીલ, *n.* Gold embroidered turban. કસબી બારીક વણાટની પાઘડી કે ફેંટો.
મા, ( નોટ ) *ad.* Not. ના; નહિ. *n.* Mother. માતા.
માજી, ( ગ્રાંડમધર ) *n.* Grandmother. દાદી Term of respect for females. વૃદ્ધ સ્ત્રીનું માનવાચક સંબો-
માકડ,-ણ, (બગ) *n.* Bug. એક જીવડું. [ ધન.
માકૂલ, ( ફીટ ) *a.* Fit. યોગ્ય. [ ઉપધાત.
માક્ષિક,-ક્ષીક, ( હની ) *n.* Honey. મધ. A drug.
માખ,-ખી, (ફ્લાય) *n.* Fly. એક ઉડતું જીવડું.
માખણ, (બટર) *n.* Butter. નવનીત.
માખળ, *n.* Measuring out of govt. dues in the harvest. પાકનો સરકારી ભાગ માટે કાઢવામાં આવતો અંદાજ.
માગ ( વે ) *n.* Way. રસ્તો. Seat. આસન. Space. અંતર; મોકળાશ. Demand. માગણી; ખપત; ઉઘરાણી.
માગણ, (બેગર) *n.* Beggar. ભિખારી.
માગણી,(ડીમાન્ડ)*n.* Demand. ઉઘરાણી; માગવું તે.
માગણું, ( ડીમાન્ડ ) *n.* Demand. માગણી. Claim. લેણું. Extradition. પર હદમાંથી આરોપી કે ગુનેગારને અદાલતમાં હાજર કરવાની માગણી.
માગતું,(ડેટ)*n.*Debt. લેણું. *a.* Asking. માગણી કરતું.
માગવું, (ડીમાન્ડ) *vt.* Demand. પાછું આપવા કહેવું.

માગું, *n.* An offer for betrothal. માગણી. (લગ્ન-
માછણ,*n.* Fisherwoman. માછીની સ્ત્રી. [ વિષયક).
માછલી,-લું, ( ફીશ ) *n.* Fish. એક જળચર પ્રાણી.
માછી,-માર, (ફીશરમેન)*n.*Fisherman. માછલાં પકડ-
વાનો ધંધો કરનાર. [ એક માનું; સહોદર.
માજણ્યું,-જાયું, *a.* Born of the same mother.
માજમ, *n.* An ebriating preparation of
Bhang.ભાંગના સત્વમાં બીજાં વસાણાં નાખી બનાવેલો
માજરો,*n.* Narration. હકીકત;વર્ણન. [ કેફી પદાર્થ.
માજાયો,-ડીજાયો, ( બ્રધર ) *n.* Brother. ભાઈ.
માજી, ( ફોર્મર ) *a.*Former. અગાઉનું.Past.પૂર્વે થઈ
ગયેલું. Deceased. મરહૂમ.
માજુર, ( બ્લાઈંડ ) *a.* Blind. આંધળું.
માઝમ, ( મીડલ ) *a.* Middle. મધ્યમ; મધ્ય.
માઝા, ( ડેકોરમ ) *n.* Decorum.મર્યાદા. Limit. હદ.
માટ,-ટે,-ટે કરી,-ટે કરીને,(ધેરફોર)*ad.* Therefore.
વાસ્તે; તેથી; તે કારણે. [ વાસણ.
માટલું, ( અર્થન પોટ ) *n.*Earthen pot.માટીનું એક
માટી, ( માઇટી )*a.*Mighty. જોરાવર. *n.* Husband.
ધણી. Earth. મટોડી. Flesh. માંસ.
માઠું, ( બૅડ )*a.* Bad. ખરાબ.Unauspicious.અશુભ.
Obscene. બીભત્સ. [માતા.
માડી, -વડી, (મધર) *n.* Mother. માતા. Goddess.
માઢ, ( પેલેસ ) *n.* Palace. મહેલ. Storied house.
મેડીવાળું મકાન. Lane. શેરી. Tune. એક રાગ.

માણુ, *n.* Metallic water-pot. ગાગર. Intoxication. કેફ. Limit. હદ.
માણકી,*n.* A swift-going mare.એક જાતની ઘોડી.
માણભટ,-ભટ્ટ,*n.* Story-teller. માણ ખખડાવી કથા કહેનાર વ્યાસ. [ Experience. અનુભવવું.
માણવું, ( એન્જોય ) *vt.* Enjoy. ભોગવવું;મજા કરવી.
માણસ, (મેન) *n.* Man. મનુષ્ય [ વર્તન કે ગુણ.
માણસાઇ,(મેનલીનેસ) *n.* Manliness.માણસને યોગ્ય
માણારાજ, (બીલવેડ ) *n.* Beloved. વહાલું માણસ.
માણિયો, ( વોટર પોટ ) *n.* Water-pot. ઘડો;ગાડવો. Weight of a maund. મણીકો.
માણેક,-ણિકય, *n.* Red ruby. રાતો મણિ.
માત, (મધર)*n.* Mother.મા.*a.*Defeated.હારી ગયેલું.
માતપિતા, (પેરન્ટસ) *n.* Parents. માબાપ.
માતબર, (રીચ) *a.* Rich. તાલેવાન; શ્રીમંત.
માતવું, ( ફેટન ) *vt.* Fatten. જાડું થવું; ફાલવું.
માતરિશ્વા, ( વીન્ડ ) *n.* Wind. પવન.
માતંગ, ( એલીફંટ ) *n.* Elephant. હાથી. [ દેવી.
માતા,-તુ,-તૃ, (મધર)*n.* Mother. જનની. Goddess.
માતામહ,*n.*Mother's father. માનો બાપ.
માતું,-તાતું, ( પ્લંપ ) *a.* Plump. માતેલું.
માતૃક,-કરી, (મેટરનલ) *a.* Maternal. મા સંબંધી.
માતૃઘાત,(મેટ્રીસાઇડ) *n.*Matricide.માતાનો વધ.
માતૃભાષા,-દરજબાં,-જબાન,(મધર-ટંગ)*n.*Mother-tongue. સ્વભાષા. [ ભૂમિ.

માતૃભૂમિ,-ભૂમિ, (મધરલૅંડ)*n.* Motherland. જન્મ-
માત્ર, ( ઓન્લી ) *ad.* Only. ફક્ત; કેવળ. *a.* બધું.
Whole. Suffix. પ્રત્યય છે, જેમકેઃ રજમાત્ર;પ્રાણીમાત્ર.
માત્રા, *n.* A sign. બારાખડીમાં વપરાતું ` આવું
ચિહ્ન. A prosodial measure. કાવ્ય કે સંગીતમાં
સમયની ગણનાનો એકમ. A medicinal prepara-
tion. ધાતુની ભસ્મ. Measure. પ્રમાણ.
માત્સર્ય, (જેલસી) *n.*Jealousy. ઈર્ષા. [ ગડ; પંચાત.
માથાકૂટ,-ઝીક,-તોડ,-ફોડ,(બોધર)*n.* Bother.ભાંજ-
માથાદીઠ, (પર હેડ) *ad.* Per head. જણ દીઠ; દરેક
માણસે [ Angry. ક્રોધી.
માથાફરેલ,-લું, ( ઍરૅગંટ) *a.* Arrogant. ગર્વિષ્ટ.
માથામાર, ( ડૅરીંગ ) *a.* Daring. ગાંજ્યું ન જાય એવું.
માથાવટી, ( ક્રેડીટ ) *n.* Credit. આબરૂ. [ કર.
માથાવેરો, (પોલ-ટેક્ષ) *n.* Poll-tax. માથા દીઠ લેવાતો
માથું, ( હેડ ) *n.* Head. શરીરનો ખોપરીવાળો ભાગ;
ડોકું. Top. ટોચ. Intellect. બુદ્ધિ.
માદ, (ઈનટૉક્ષીકેશન) *n.*Intoxication. મદ;અહંકાર;
માદક, *a.* Intoxicating. કેફી. [ કેફ.
માદર, (મધર) *n.* Mother માતા. [ કાપડ.
માદરપાટ,*n.* Kind of cloth. એક જાતનું સુતરાઉ
માદળિયું, (ટેલીસમેન) *n.* Talisman. તાવીજ.
માદા, ( ફીમેલ ) *n.* Female. સ્ત્રી જાત. [ માગવી તે.
માધુકરી,(બેગીંગ) *n.* Begging. ઘેર ઘેર ફરી ભિક્ષા
માધુરી,-ધુર્ય,(સ્વીટનેસ) *n.* Sweetness. મીઠાશ.

માધ્યમ, (મીડીયમ) *n.* & *a.* Medium. વિનિમય માટે વચ્ચે વાપરવાનું સાધન.
માધ્યમિક, (સેન્ટ્રલ) *a.* Central. વચમાં આવેલું.
માન, (રેપ્યુટેશન) *n.* Reputation. આબરૂ; પ્રતિષ્ઠા. Pride. અભિમાન. Measure. તોલ; માપ.
માનઅકરામ,-મરતબો, *n.* Giving of honours. ખિતાબ વગેરેથી ગૌરવ આપવું તે. [કરેલો નકશો.
માનચિત્ર, *n.* Relief-map. પ્રદેશના માપસર ઉપસાવીને
માનદ, (ઓનરરી) *a.* Honorary. વેતન લીધા વગર કામ કરનારૂં.
માનનીય,(ઓનરેબલ) *a.* Honourable. માનને યોગ્ય.
માનપત્ર, (એડ્રેસ) *n.* Address. વખાણ કે ધન્યવાદનો જાહેર રીતે અર્પણ થતો લેખ.
માનપાત,-મર્યાદા, (રીસ્પેકટ) *n.* Respect. માન; આદર. Dignity. આબરૂ. [અપમાન.
માનભંગ,-હાનિ, (ઈનસલ્ટ) *n.* & *a.* Insult.
માનત,-તા, (વાઉ) *n.* Vow. બાધા; આખડી.
માનવ,-વી, (મેન) *n.* Man. મનુષ્ય. [જાતિ.
માનવજાતિ, (હ્યુમેનીટી) *n.* Humanity. મનુષ્ય-
માનવદોષદર્શી,(સીનીકલ)*a.* Cynical. માનવીના દોષજ જોવાની ટેવવાળું. [Regard. ગણવું.
માનવું,(એકસેપ્ટ)*vt.* Accept. કબુલ કરવું; સ્વિકારવું.
માનસ, (મેન્ટલ) *a.* Mental. મન સંબંધી. *n.* Psychology. મન.
માનસપૃથક્કરણશાસ્ત્ર, (સાયકોએનેલીસીસ) *n.*

Psycho-analysis. સુપ્ત માનસ-ચિત્તનું શાસ્ત્ર
માનસશાસ્ત્ર, (સાયકોલોજી) *n.* Psychology. મનની વૃત્તિઓ, તેનું સ્વરૂપ વગેરેનું શાસ્ત્ર.
માનસિક, (મેન્ટલ) *a.* Mental. મન સંબંધી.
માનસી, (ઇમેજીનરી)*a.* Imaginary. કલ્પિત.
માનિત, (ઓનર્ડ) *a.* Honoured. માન પામેલું.
માની, (એરોગંટ) *a.* Arrogant. અહંકારી.
માનીતું, (ફેવરીટ) *a.* Favourite. ઘણું વહાલું.
માનુની-નિની, *n.* Arrogant woman. અભિમાની સ્ત્રી.
માનુષ, (હુમન)*a.* & *n.* Human. મનુષ્ય-તે સંબંધી.
માનુષી, (હુમન) *a.* Human. માનવી સંબંધી. *n.* Woman. નારી. [Venerable. માનનીય.
માન્ય, (એકસેપ્ટેડ) *a.* Accepted. સ્વિકારેલું.
માન્યતા, (બીલીફ) *n.* Belief. મત; ધારણા.
માપ, (મેઝરીંગ) *n.* Measuring. લંબાઇ, પહોળાઈ, વજન વગેરેનું પ્રમાણ. Capacity. ગજું.
માપકરણ, (મેન્શ્યુરેશન) *n.* Mensuration. ક્ષેત્રમાપ.
માપણી, (મેઝરીંગ) *n.* Measuring. માપવું તે. Surveying. જમીન માપવાનું કામ.
માપવુ, (સર્વે) *vt.* Survey. માપણી કરવી.
માફ, (પાડર્ન્ડ)*a* Pardoned ક્ષમા કરેલું. Exempted. જવા દીધેલું. [According to. પ્રમાણસર.
માફક, (સ્યુટેબલ) *a.* Suitable. અનુકૂળ; રૂચતું. *ad.*
માફી, (પાર્ડન) *n.* Pardon. ક્ષમા. Exemption. જતું કરવું તે. [આપાતો પત્ર.

માફીપત્ર, *n.* Written apology. માફી માગતો કે
માફો, ( ચેરીઓટ ) *n.* Chariot. રથ.
માબાપ, (પેરંટસ) *n.* Parents. મા અને બાપ.
મામલત, ( પ્રોપર્ટી ) *n.* Property. માલમતા; પૂંજી.
મામલતદાર, *n.* Taluka revenue collector. તાલુકાની વસૂલાત સંબંધી કામ કરનાર અમલદાર. [ સમય.
મામલો,(અફેર)*n.* Affair.બાબત. Climax.કટોકટીનો
મામા,–મો, ( મેટરનલ અંકલ )*n.* Maternal uncle.
મામૂલી, *a.* Ordinary. સામાન્ય. [ માનો ભાઇ.
મામેરું, *n.* Presents given by parents to their daughter. મોસાળું.
માયકાંકલું,–ગલું, (વીક) *a.* Weak. દુર્બળ.
માયનો, (મીનીંગ) *n.* Meaning. અર્થ.
માયા, ( ભાંગ ) *n.* Bhang. ભાંગ. Illusion. ઈંદ્રજાળ. Affection. સ્નેહ. Riches. દોલત.
માયાળુ, (ટેન્ડર) *a.* Tender. હેતાળ. [માયાથી ભરેલું.
માયિક, –યામય,( ફોલ્સ) *a.* False.મિથ્યા.Illusory.
માર, (બીટીંગ) *n.* Beating. મારવું તે; તાડન.Death. મરણ. Abundance.વિપુલતા.Cupid. કામદેવ.[વાળું.
મારકણું,–કું, *a.* Given to kicking. મારવાની ટેવ-
મારકૂટ,–ઝૂડ,–પીટ,–ફાડ, ( બીટીંગ ) *n.* Beating. મારવું તે. [ ખાવાની ટેવવાળું.
મારખાઉ, *a.* Used to receive blows. માર
મારણ, (ઇનકેન્ટેશન્સ) *n.* Incantations. મંત્રપ્રયોગ. Anti-remady. ઈલાજ; ઉતાર, [ હકસાઇ.

મારફત,(થ્રુ)*ad.* Through.દ્વારા.*n.* Agency. દલાલી;
મારફતિયો, (એજન્ટ) *n.* Agent. દલાલ.
મારમાર, *ad.* With great difficulty. મુશ્કેલીથી.
મારવું, (બીટ )*vt.* Beat. ઠોકવું. Kill. ઠાર કરવું.
મારામારી, ( એફ્રે ) *n.* Affray. લડાઇ; ધિંગાણું.
મારીતારી, ( ક્વોરલ ) *n.* Quarrel. ટંટો; ગાળાગાળી.
મારુત, ( વીન્ડ ) *n.* Wind. પવન.
મારુતિ, (હનુમાન) *n.* Hanuman. હનુમાન. [ વચન.
મારું, *prn.* My; mine. 'હું'ની છઠ્ઠી વિભક્તિનું એક-
મારો, (એસેસીન) *n.* Assassin. જલ્લાદ. Attack.
હલ્લો. Abundance. વિપુલતા. [રૂઢિ.
માર્ગ,-રગ, (વે) *n.* Way. રસ્તો.Sect.મંથ Custom.
માર્ગદર્શક,-દ્રષ્ય,-ર્ગોપદેશક,(ગાઇડ)*n.*& *a.* Guide.
માર્ગદર્શન,*n.*Guiding.માર્ગ બતાવવો તે. [ભોમિયો.
માર્ગસ્તંભ,(માઇલ-સ્ટોન) *n.* Mile-stone. માર્ગદર્શક
સ્તંભ કે ચિહ્ન. [ પ્રત્યય છે, જેમકે: શીવમાર્ગી.
માર્ગી, ( વે-ફેરર ) *n.* Way-farer. મુસાફર. Suffix.
માર્જન, ( ક્લીનીંગ ) *n.* Cleaning. સાફ કરવું તે.
માર્જની, (બ્રુમ) *n.* Broom. સાવરણી.
માર્જિત, ( ક્લીન્ડ ) *a.* Cleaned. સાફ કરેલું.
માર્તંડ, ( સન ) *n.* Sun. સૂર્ય.
માર્દવ, ( ડેલીકસી ) *n.* Delicacy.મૃદુતા.
માર્મિક, ( પોઇગનંટ ) *a.* Poignant. મર્મભેદી.
માલ, (ગુડઝ ) *n.* Goods. સામાન. Property. પૂંજી.
Essence. સત્વ.

માલગાડી, (ગુડઝ ટ્રેન) *n*. Goods train. ભારખાતું.
માલગુજારી, (લેંડ-રેવન્યુ) *n*. Land-revenue. જમીન મહેસૂલ. [માળીની સ્ત્રી.
માલણ,-ળણ, (ફ્લાવર-ગર્લ) *n*. Flower-girl.
માલતિ,-તી, *n*. Kind of jasmine. એક વેલ Metre.
માલદાર, (રીચ) *a*. Rich. ધનવાન. [એક છંદ.
માલધણી,-ધારી, (ઓનર) *n*. Owner. માલિક.
માલપાણી,-મલીદો, *n*. Sweet dishes. ભારે જમણ.
માલપૂઓ,-ડો, *n*. Kind of pancake. ગળ્યો પુડો.
માલમ,-મી, (પાઇલોટ) *n*. Pilot. વહાણનો હંકારનાર.
માલમતા,-મિલકત્ત, (પ્રોપર્ટી) *n*. Property. સ્થાવર અને જંગમ મિલકત. [શ્રેણી.
માલા,-લિકા, (નેકલેસ) *n*. Necklace. હાર. Series.
માલિક,-લક,-લેક, (ઓનર) *n*. Owner. સ્વામી; શેઠ.
માલિકી,-લકી, (ઓનરશીપ) *n*. Ownership. સ્વામીપણું.
માલિન્ય, (ડર્ટીનેસ) *n*. Dirtiness. મલિનતા.
માલિયત,-યાત, *n*. Garden crop grown in fields. ઊંચી જાતનો બાગાયત તૂલ.
માલિશ,-સ, (રબીંગ) *n*. Rubbing. ચોળવું તે.
માલેતુજાર,-જ્જાર, *a*. Very rich. ખૂબ પૈસાદાર.
માવજત, (કેર) *n*. Care. સંભાળ; બરદાસ.
માવઠું, *n*. A shower of rain at an unseasonable time. ક઼ઋતુનો વરસાદ.
માવડીમુખું, (શાય) *a*. Shy. શરમાળ. Coward. બાયલું.
માવતર,-વીતર, (પેરંટસ) *n*. Parents. મા બાપ.

માવાદાર, (પલ્પી) *a.* Pulpy. માવાવાળું.
માવું, (હોલ્ડ) *vt.* Hold. સમાવું; બરાબર આવી રહેવું.
માવો, (પલ્પ) *n.* Pulp. ગર. Milk issipassated by boiling. દૂધ બાળી કરાતો ઘટ્ટ પદાર્થ.
માશી, *n.* Mother's sister. માની બહેન.
માશૂક, ( બીલવેડ ) *n.* Beloved. પ્રિયા.
માસ,-હ, (મંથ) *n.* Month. મહિનો.
માસલો, (સ્પેસીમેન) *n.* Specimen. નમૂનો; ઘાટ.
માસિક, *a.* & *n.* Monthly. દરમાસે બનતું- તેવું પત્ર.
માસિયો, -સીસો, *n.* A ceremony performed every month after the death of a relative. મરણ પામેલાનું દરમાસે કરવામાં આવતું શ્રાદ્ધ.
માસો, *n.* Husband of the maternal aunt. માશીનો વર. One twelfth part of a tola. તોલાનો બારમો ભાગ. [ મહત્વ.
માહાત્મ્ય, (મેગ્નેનીમીટી) *n.* Magnaminity. મહિમા;
માહિત,-ગાર, (એકવેઈન્ટેડ) *a.* Acquainted. વાકેફ. Known. જાણીતું.
માહિતી, ( નોલેજ ) *n.* Knowledge. ખબર; જ્ઞાન.
માહ્યરું, *n.* An alter erected for marriage ceremony. લગ્ન વિધિ કરવાનો મંડપ.
માળ,-ળિયું, (સ્ટોરી) *n.* Storey. મેડો; મજલો.
માળી, (ગાર્ડનર) *n.* Gardener. ફુલઝાડ ઉછેરનાર.
માળો, (નેસ્ટ) *n.* Nest. પંખીનું ઘર; મોટું મકાન. A big residence.

**માં,** Suffix for the locative case. સાતમી વિભ-
**માંકડ,–ણ,** (બગ) *n.* Bug. માકડ. [ક્તિનો પ્રત્યય.
**માંકડીકૂકડી,** (ઇનસેક્ટ) *n.* Insect. એક જીવડું.
**માંકડું,** *n.* Red faced ape. લાલ મોંનું વાંદરું.
**માંગ,** (ડીમાન્ડ) *n.* Demand. માગણી.
**માંગલિક,–લ્યિક,** (ઓસ્પીશ્યસ) *a.* Auspicious. શુભ.
**માંગલ્ય,** *n.* Auspiciousness. શુભઃ કલ્યાણ.
**માંચડો,** *n.* A high wooden stand. ઊંચી બેઠક; તખ્ત.
**માંચી,** *n.* Kind of low seat. ખાટલી; આસન જેવી નીચી બેઠક.
**માંજર,** (ક્લસ્ટર) *n.* Cluster. મંજરી; કલગી.
**માંજરું,** (ગ્રે-આઇડ્) *a.* Grey-eyed. ભરી કીકીવાળું.
**માંજવું,** (પોલીશ) *vt.* Polish. ઘસીને સાફ કરવું.
**માંજાર,** (કૅટ) *n.* Cat. બિલાડો. [કાચ પાયેલો દોર.
**માંજો,** *n.* String rubbed with glass-powder.
**માંડમાંડ,** *ad.* With great difficulty. મહા મુશ્કેલીએ. [રાજા; સામંત.
**માંડલિક, –લ્યિક,** *n* Tributary chief. ખંડિયો
**માંડવાળ,** (સેટલમેન્ટ) *n.* Settlement. માંડી વાળવું તે; સમાધાન. [the bride. કન્યા પક્ષનો માણસ.
**માંડવિયો,** *n.* Person attending the party of
**માંડવી,** (કસ્ટમ હાઉસ) *n.* Custom-house. જકાતનું નાકું. Raised seat. ઊંચી બેઠક; રવેશી. Small market. ચકલું. Ground-nut. ભોંયશિંગ.
**માંડવું,** (બીગીન) *vt.* Begin. શરૂ કરવું. Set. ગોઠવવું.

Write. લખવું. Inaugurate. સ્થાપવું.
માંડવો,—જુઓ 'મંડપ.'
માંદગી, (સીકનેસ) *n.* Sickness. બીમારી.
માંદું, (સીક) *a.* Sick. બીમાર; રોગી.
માંસ, (ફ્લેશ) *n.* Flesh. શરીરની સાત ધાતુમાંની એક.
માંસજ, ( ફેટ ) *n.* Fat. ચરબી; મેદ.
માંસપેશી, (ટીસ્યુ) *n.* Tissue. માંસનો લોચો.
માંસલ, (ફ્લેશી) *a.* Fleshy. જાડું; ભરાવદાર.
માંસાહાર, (મીટ-ડાયટ)*n.*Meat diet. માંસનો ખોરાક.
માંહી,-હે,-હ્ય, (વીધીન) *ad.* Within. અંદર.
માંહેલું, (ઈનર) *a.* Inner. અંદરનું. [ અંદર.
માંહેમાંહે,-હ્યમાંહ્ય,(મ્યુચ્યુલી) *ad.*Mutually. અંદર-
મિચકારો,-ચાંમણું, (વીંકીંગ)*n.* Winking. મીંચવું. મીંચાવું તે.
મિજબાન,-માન, *n.* Host. મહેમાનગીરી કરનાર.
મિજમાની, (ફીસ્ટ) *n.* Feast. ઉજાણી. Hospitality. [ મહેમાની.
મિજલસ,(પાર્ટી)*n.*Party. મેળાવડો; સભા.
મિજાગરું, (હીંજ) *n.* Hinge. બારડવું. [ અભિમાન.
મિજાજ,(ટેમ્પર)*n.*Temper.પ્રકૃતિ.Anger.ક્રોધ.Pride.
મિટાવવું, (એન્ડ) *vt.* End. અંત આણવો.
મિત, (મોડરેટ) *a.* Moderate. પ્રમાણસર.
મિતવાદી,-ભાષી, *a.* Speaking with moderation. પ્રમાણસર બોલનારું.
મિતવ્યય, ( ઇકોનોમી ) *n.* Economy. કરકસર.
મિતાક્ષર, ( શોર્ટ ) *a.* Short. ટૂંકું.

મિતાહાર, *n.* Temperance in eating. પ્રમાણસર [ ખોરાક.
મિતિ, (ડેટ) *n.* Date. તારીખ; તિથિ.
મિત્ર,-જન,( ફ્રેંડ ) *n.* Friend. ભાઈબંધ.
મિત્રતા,-ભાવ,-ચાચારી, (ફ્રેંડશીપ) *n.* Friendship.
મિથુન, ( પેર ) *n.* Pair. જોડું; જોડ. [ ભાઈબંધી.
મિથ્યા, (ફોલ્સ) *a.* False.અસત્ય.Useless. ફોગટ.
મિથ્યાપવાદ,-રોપ,*n.*False charge.ખોટું તહોમત.
મિથ્યાવાદ, ( ફોલ્સહુડ) *n.* Falsehood. જૂઠાણું.
મિનાકરો, (જેલસી) *n.* Jealousy. કીનો; ખાર.
મિનાર,-રો, (ટાવર) *n.* Tower. થાંભલાના આકારનું એક જાતનું બાંધકામ.
મિયાન, (શીધ) *n.* Sheath. તલવારનું ઘર.
મિયાં,*n.* Mohmeddan gentleman.મુસલમાન સદ્-
મિલકત, (પ્રોપર્ટી)*n.*Property.પૂંજી; દોલત. [ગૃહસ્થ.
મિલન,-લાપ,(મીટીંગ)*n.* Meeting.મુલાકાત;મિલાપ.
મિલનસાર, (સોશ્યલ) *a.* Social. મળતાવડું.
મિલાવટ, (મીકસીંગ) *n.* Mixing. મિશ્રણ.
મિલાવવું, (મીકસ) *vt.* Mix. મિશ્રણ કરવું.
મિશ્ર, (મીકસ્ડ્) *a.* Mixed. ભેળસેળવાળું; મિશ્રિત.
મિશ્રધાતુ,(એલોય) *n.* Alloy. બે ધાતુઓના મિશ્રણથી
મિષ, (પ્રીટેક્ષ્ટ) *n.* Pretext. બહાનું. [ બનેલી ધાતુ.
મિષ્ઠ, (સ્વીટ) *a.* Sweet. મધુર.
મિષ્ઠાન્ન, *n.* Dainty dishes. ગળી ને પૌષ્ટિક વાની.
મિસર, (ઈજીપ્ત) *n.* Egypt. આફ્રિકાની ઉત્તરે આવેલો એક પ્રદેશ. [ Egypt. મિસરનું.

મિસરી, (સુગર કૅન્ડી) *n.* Sugar candy.સાકર.*a.*Of
મિસરો, (કંપલેટ) *n.* Couplet. કવિતાની તૂક.
મિસલ, (મેનર) *n.* Manner. રિત; તરેહ.
મિસાલ, (એક્ઝામ્પલ) *n.* Example.ઉદાહરણ; દ્રષ્ટાંત.
મિસી,-સ્સી, *n.* A powder to tinge the teeth black. દાંત કાળા કરવાની ભુકી.
મિસ્કીન, (અંબલ) *a.*Humble. રાંક; ગરીબ.
મિસ્ત્રી, (આર્ટીઝન) *n.* Artisan. હોંશિયાર કારીગર.
મિહિર, (સન) *n.* Sun. સૂર્ય.
મીચવું,મીંચવું, (કલોઝ) *vt.* Close. બંધ કરવું.
મીજ, (કરનલ) *n.* Kernel. બિમાંનો ગર.
મીટ, (લુકીંગ) *n.* Looking. દ્રષ્ટિ; નજર.
મીઠડાં, (હગ) *n.* Hug. ઓવારણાં; આલિંગન.
મીઠાઈ, (સ્વીટમીટ) *n.* Sweetmeat. ગળી વાની.
મીઠાઈવાળો, (કનફેકશનર) *n.* Confectioner. મીઠાઈ [વિચનારો.
મીઠાશ, (સ્વીટનેસ) *n.* Sweetness. ગળપણ.
મીઠું, (સ્વીટ) *a.* Sweet. ગળ્યું; મધુર. *n.* Salt.લવણ.
મીડું,મીંડું, (ડૉટ) *n.* Dot. ટપકું. Zero. શૂન્ય.
મીઢીઆવળ, (સેના) *n.* Senna. સોનામુખી.
મીણ, (વેક્ષ) *n.* Wax. મધપૂડો જેનો બનેલો હોય છે તે ચીકણો પદાર્થ.
મીણબત્તી, (કૅન્ડલસ્ટીક) *n.* Candle-stick. જેમાં વાટ ઘાલેલી હોય તેવી મીણ જેવા પદાર્થની બનાવટ.
મીણો, (ઇનટોક્ષીકેશન) *n.* Intoxication. નશો; કેફ.
મીન, (ફીશ) *n.* Fish. માછલું.

મીનમેખ, ( ઓબજેક્શન ) *n.* & *ad.* Objection. વાંધો. Obstruction. હરકત.
મીનડી,–ની, (કેટ) *n.* Cat. બીલાડી. [પર રંગીન કામ.
મીનાકારી, –નો, *n.* Enamel-working. સોના ચાંદી
મીમાંસા, *n.* Examination. તપાસ; સમાલોચના.
મીર,–જા, ( ગ્રાન્ડી ) *n.* Grandee. અમીર.
મીરાસ, ( ઈનહેરીટંસ ) *n.* Inheritance. વારસો.
મીરાસી, (હેરીડેટરી)*a.* Hereditary.વારસામાં મળેલું.
મીઢળ, મીંઢળ, (એમેટીક નટ ) *n.* Emetic nut. એક
મીંદડી, ( કેટ ) *n.* Cat. બિલાડી. [ ફળ.
મુકટો,–ગટો, *n.* Silken garment. અબોટિયું.
મુકદમો, ( સ્યુટ ) *n.* Suit. દાવો.
મુકદર, ( લક ) *n.* Luck. નસીબ.
મુકરર, –ક્રર, (ફીક્ડ) *a.* Fixed. નિયત; નક્કી કરેલું.
મુકાદમ, ( ફોરમેન ) *n.* Foreman. જમાદાર.
મુકાબલો, (કંપેરીઝન) *n.* Comparison. સરખામણી.
મુકામ,(ડવેલીંગ)*n.*Dwelling. રહેઠાણ Camp.પડાવ.
મુકુટ,–ગુટ,–ગટ, (ક્રાઉન) *n.* Crown. તાજ; પાઘડી.
મુકુર, ( મીરર ) *n.* Mirror. આયનો.
મુકુલ, ( બડ ) *n.* Bud. ખીલતી કળી.
મુકુંદ, ( વીષ્ણુ ) *n.* Vishnu. વિષ્ણુ.
મુક્કી,–ક્કો, ( બ્લો ) *n.* Blow. ઠોંસો.
મુક્કાટવું, ( બ્લો ) *vt.* Give blows. ઠોંસા મારવા.
મુક્ત, ( ફ્રી ) *a.* Free. બંધનરહિત; છૂટું. [ શ્લોક.
મુક્તક, (કપલેટ) *n.* Couplet. પૂર્ણ અર્થવાળો સ્વતંત્ર

મુક્તવ્યાપાર, ( ફ્રી-ટ્રેડ ) *n.* Free-trade. અબાધિત [ વ્યાપાર.
મુક્તા,-ફલ, ( પર્લ ) *n.* Pearl. મોતી.
મુક્તાહાર, *n.* Pearl necklace. મોતીનો હાર.
મુક્તિ, (સાલ્વેશન) *n.* Salvation. મોક્ષ; છુટકારો.
મુક્તિફોજ, *n.* Salvation army. લશ્કરી ઢબે સંગઠિત કરવામાં આવેલું એક ધાર્મિક દળ. [ આગલો ભાગ.
મુખ, (માઉથ) *n.* Mouth. મોં. Face. ચહેરો. Front.
મુખજબાની,-જુબાની, *n.* Oral evidence. મોઢાની [ સાક્ષી.
મુખપટ, ( વેઈલ ) *n.* Veil. ઘૂમટો.
મુખપત્ર, (ઓર્ગન) *n.* Organ. અમુક મંડળનું છાપું.
મુખપરિક્ષા, *n.* Oral examination. મોઢે બોલવાનું તે.
મુખપાઠ, (રેસીટેશન) *n.* Recitation. મોઢે બોલવાનું તે.
મુખપૃષ્ઠ, (ટાઈટલ પેજ) *n.* Title-page. ગ્રંથ કે સામયિકના પૂઠાનું પાનું.
મુખમુદ્રા,-મારવિંદ, ( ફેસ ) *n.* Face. મોં; ચહેરો.
મુખવાસ, *n.* Anything that sweetens the breath after meals. જમ્યા પછી મોં સુવાસિત કરવા ખાવાની વાની. [ચહેરા ઉપરથી ચારિત્ર્ય જોવાની વિદ્યા.
મુખસામુદ્રિક, (ફીઝિયોગ્નોમી ) *n.* Physiognomy.
મુખતેસર,(શોર્ટ) *a.* Short. ટૂંકું. [*n.* Agent. વકીલ.
મુખત્યાર, (ઇનડીપેન્ડન્ટ) *a.* Independent. સ્વતંત્ર.
મુખત્યારનામું, *n.* Power of attorney. પોતાના તરફથી કામ કરવાની સત્તા આપનારૂં લખાણ.
મુખત્યારી, *n.* Full authority. કુલ સત્તા.
મુખિયો, *n.* Chief servant in a temple. ઠાકોરજીની

સેવાપૂજા કરનારાઓનો મુખી.
મુખી, ( લીડર ) *n.* Leader. આગેવાન.
મુખ્ય, ( ચીફ ) *a.* Chief. પ્રધાન. [ ખાસ કરીને.
મુખ્યતઃ-ત્વે,-ત્વે કરીને, ( ચીફલી ) *ad.* Chiefly.
મુગલ, (મોગલ) *a.* & *n.* Mogul. મોંગોલીયાનો વતની.
મુગ્ધ, ( ઈનફેટ્યુએટેડ ) *a.* Infatuated. મોહ પામેલું. Ignorant. અણસમજુ. Guileless. નિષ્પાપ. Beautiful. સુંદર. [ તેવી સ્ત્રી.
મુગ્ધા,(મેઈડ) *n.* Maid. જેને જુવાની તરતની ફૂટી હોય
મુચરકો, *n.* Recognizance. જામીનખત.
મુજ, ( માઇન ) *prn.* Mine. મારૂં.
મુજબ, *ad.* According to. પ્રમાણે; પેઠે.
મુજરો, ( રીસ્પેક્ટસ ) *n.* Respects. સલામ.
મુજાવર, *n.* Keeper of a mosque. પૂજારી જેવો મસ્જીદનો રખેવાળ. [ બેચેની.
મુઝવણ, (અનઇઝીનેસ) *n.* Uneasiness. અકળામણ;
મુઝારો, ( બ્રેન-ફીવર ) *n.* Brain-fever. ત્રિદોષ.
મુઝાવું, *vt.* Be uneasy. અકળાવું. [ વાથી થતો ઘાટ.
મુઠ્ઠી,-ઠ્ઠો, ( ફીસ્ટ) *n.* Fist. આંગળાં હથેળી સાથે વાળ-
મુઠ્ઠીભર, (હેન્ડફુલ) *a.* Handful. મુઠ્ઠીમાં માય તેટલું.
મુડદાલ, (લાઈફલેસ) *a.* Lifeless. મૃત. Lean. દુર્બળ.
મુડદું, ( કોર્પ્સ ) *n.* Corpse. શબ.
મુતરડી, (યુરીનલ) *n.* Urinal. પેશાબખાનું.
મુતાબિક,*ad.*According to. પ્રમાણે.*a.* Fit.અનુકૂળ.
મુત્સદ્દી, -સદ્દી,(પોલીટીશ્યન) *n.* Politician.રાજદ્વારી

પુરૂષ. Diplomat. ખટપટિયો.
મુદ,-દા, ( ડીલાઇટ ) *n.* Delight. આનંદ.
મુદત,-દ્દત, ( પીરીયડ ) *n.* Period. સમય.
મુદતિયો તાવ, *n.* Typhoid fever. અમુક મુદને ઊતરતો એવો તાવ.
મુદ્દલ, ( પ્રીન્સીપલ ) *n.* Principal. મૂળ થાપણ. Capital. મૂડી. *ad.* Wholly. સાવ; તદ્દન.
મુદ્દામ, *a.* Current. ચાલુ. *ad.* Specially. ખાસ કરીને.
મુદ્દામાલ, *n.* Original property. મૂળ માલ.
મુદ્દો, (એવીડંસ) *n.* Evidence. પુરાવો. Clue. પ્રમાણ
મુદ્રક, ( પ્રીન્ટર ) *n.* Printer. છાપનાર.
મુદ્રણ, ( પ્રીન્ટીંગ ) *n.* Printing. છાપવું તે.
મુદ્રણાલય, *n.* Printing press. છાપખાનું.
મુદ્રા, (સ્ટેંપ) *n.* Stamp. છાપ; મહોર. Ring. વીંટી. Coin. સિક્કો. Face. આકૃતિ.
મુદ્રાલેખ, ( મોટો ) *n.* Motto. આદર્શસૂચક વાક્ય.
મુદ્રિકા, ( રીંગ ) *n.* Ring. વીંટી.
મુનશી, (ઑથર) *n.* Author. લેખક. Writer. લહિયો.
મુનસફ, *n.* Civil judge. દીવાની ન્યાયાધિશ.
મુનસફી, (ઑથોરીટી) *n.* Authority. સત્તા; અધિકાર.
મુનાસબ,-સિબ, (પ્રોપર) *a.* Proper યોગ્ય; વાજબી.
મુનિ,-વર, ( સેઇન્ટ ) *n* Saint. ઋષિ; તપસ્વી
મુનિવ્રત, (ટેસીટરનીટી) *n.* Taciturnity. મૌનવ્રત.
મુનીમ, *n.* Head clerk. પેઢીનો મુખ્ય ગુમાસ્તો.
મુફતી *n.* A Mohmeddan law-officer. મુસલમાન

મુફલિસ, (પુઅર) *a.* Poor. ગરીબ; બેહાલ. [પંચાતિયો.
મુફલિસી, (પોવરટી) *n.* Poverty. ગરીબી.
મુફસ્સિલ, (મોફ્યુસીલ) *n.* Moffusil. પાટનગર સિવા-
મુફ્ત, ( ફ્રી ) *a.* Free. મફ્ત. [ યનો પ્રદેશ.
મુબારક, ( બ્લેસેડ ) *a.* Blessed. ભાગ્યશાળી; ધન્ય.
Prosperous. આબાદ. [ અભિનંદન.
મુબારકબાદી,( કોંગ્રેચ્યુલેશન્સ) *n.* Congratulations.
મુમકિન, ( પૅાસીબલ ) *a.* Possible. શક્ય; સંભવિત.
મુમુક્ષા, *n.* Desire for salvation. મોક્ષની ઈચ્છા.
મુમુક્ષુ, *a.* Desiring for salvation. મોક્ષની ઈચ્છાવાળું.
મુરઘી, ( હેન ) *n.* Hen. મરઘી.
મુરતિયો, ( બ્રાઈડગ્રુમ ) *n.* Bridegroom. વરરાજા.
મુરબ્બી, (પેટ્રન) *a.* Patron. વડીલ.
મુરબ્બો, *n.* Conserve of fruit; jelly. ચાસણીમાં
રાખેલો કેરી વગેરે ફળનો પાક.
મુરલી, ( ફ્લ્યુટ ) *n.* Flute. વાંસળી; મોરલી. An
unmarried girl dedicated to god. દેવદાસી.
મુરલીધર, (કૃષ્ણ) *n.* Krishna. કૃષ્ણ.
મુરશિદ, ( પ્રીસેપ્ટર ) *n.* Preceptor. ગુરૂ; ધર્મોપદેશક.
મુરાદ, ( એમ્બીશન ) *n.* Ambition. ઉમેદ.
મુરારિ, ( વીષ્નુ ) *n.* Vishnu. વિષ્ણુ.
મુરીદ, ( ડીસાયપલ ) *n.* Disciple. શિષ્ય.
મુલક, (રીજીયન) *n.* Region. પ્રદેશ; દેશ. [ વસ્તીવાળી.
મુલકી,(સીવીલ) *a.* Civil. દીવાની. Of revenue dept.
મુલતવી, ( પોસ્ટપોન્ડ ) *a.* Postponed. મોકૂફ.

મુલવણી, *n.* Fixing the price. કિંમત મૂલવવી તે.
મુલાકાત, ( મીટીંગ ) *n.* Meeting. મેળાપ.
મુલાયમ, ( ડેલીકેટ ) *a.* Delicate. નરમ; સુંવાળું.
મુલ્કમશહૂર, ( વલ્ડ઼ં-ફેમસ) *a.* World-famous.જગ-જાહેર. [માનોનો આચાર્ય.
મુલ્લા,-લ્લાં, *n.* Mohmeddan theologian. મુસલ-
મુવાડું, *n.* Small village.નાનું ગામડું.Suburb. પરૂં.
મુવાળો, ( હેર ) *n.* Hair. વાળ.
મુશળ,-સળ,(વુડન પેસલ) *n.*Wooden pestle.સાંબેલું.
મુશળધાર, *a.* Falling down in great showers. જાડી ધારમાં જોરથી પડતો.
મુશાયરો, *n.*Conference of poets.કવિઓની પરિષદ.
મુશ્ક, ( મસ્ક ) *n.* Musk. કસ્તુરી.
મુશ્કેટાટ, *a.* Having the arms tied tightly behind the back. વાંસા પાછળ હાથ બાંધેલા હોય [એવું.
મુશ્કેલ,-શ્કિલ, *a.* Difficult. અઘરૂં; કઠણ.
મુશ્કેલી, ( ડીફીકલ્ટી ) *n.* Difficulty. મુસીબત.
મુષક, ( રેટ ) *n.* Rat. ઉંદર.
મુષ્ટિ, ( ફીસ્ટ ) *n.* Fist. મુઠ્ઠી. [મારી.
મુષ્ટિપાત,-યુદ્ધ, (બોક્ષીંગ) *n.* Boxing. મુઠ્ઠીની મારા-
મુસદ્દો, (ડ્રાફ્ટ)*n.*Draft.કાચો ખરડો.[મનો અનુયાયી.
મુસલમાન,-સ્લિમ,(મોહમેડન)*n.*Mohmadden.ઈસ્લા-
મુસલ્લો, *n.* Carpet on which a Mohmeddan says his prayers. નમાજ પઢવાની ચટાઈ.
મુસાફર, ( ટ્રાવેલર ) *n.* Traveller. વટેમાર્ગુ.

મુસાફરખાનું, (ઇન) *n.* Inn. ધર્મશાળા.
મુસાફરી, (જર્ની) *n.* Journey. પ્રવાસ.
મુસાર,–રો, (વેજીસ) *n.* Wages. પગાર.
મુસાહિબ,–હેબ, (કંપેનીયન) *n.* Companion.સાથી.
મુસીબત,(ડીફીકલ્ટી) *n.* Difficulty.અડચણ; તકલીફ.
મુસ્તાક, (ઈગર) *a.* Eager. આતુર. Firm. દૃઢ.
મુહૂર્ત, –રત, *n.* Auspicious time. શુભ સમય.
મુંજ, *n.* Kind of grass. એક જાતનું ઘાસ.
મુંડ, (હેડ) *n.* Head. માથું.
મુંડક, *n.* Ascetic. મૂંડેલા માથાવાળો સાધુ.
મુંડન, (શેવીંગ) *n.* Shaving. માથું મૂંડાવવું તે.
મૂક, (ડંબ) *a.* Dumb. મૂગું.
મૂકવવું, (રીલીવ) *vt.* Relieve. છોડાવવું. [મેલવું.
મૂકવું,*vt.* Leave. છોડવું. Free. મુક્ત કરવું. Place.
મૂગું,(ડંબ) *a.* Dumb.બોલી ન શકે એવું. Calm. શાંત.
મૂછ, (મુસ્ટેશ) *n.*Moustache.ઉપલા હોઠ પર ઊગતા
મૂજી,(માઈઝર) *n.* Miser.કંજૂસ.Dull. જડ. [વાળ.
મૂઠ, (ફીસ્ટ) *n.* Fist. મુઠ્ઠી. Handle. હાથો.
મૂડી, (કેપીટલ) *n.* Capital. પૂંજી; ધન.
મૂડીદાર, (કેપીટાલીસ્ટ) *n.* Capitalist. મૂડીવાળો.
મૂડીવાદ,–શાહી,(કેપીટાલીઝમ) *n.* Capitalism.મૂડીદારોની સત્તા. [મોહવશ.
મૂઢ, (સ્ટુપીડ) *a.* Stupid. મૂર્ખ;ઠોઠ. Enchanted.
મૂઢાગ્રહ, (ડોગ્મેટીઝમ) *n.* Dogmatism. મૂઢતાભેર
મૂતર,–ત્ર, (યુરીન) *n.* Urine.પેશાબ. [રખાતો આગ્રહ.

મૂતરવું, ( યુરીનેટ ) *vt.* Urinate. પેશાબ કરવો.
મૂત્રપિંડ, ( કીડની ) *n.* Kidney. શુદ્ધ લોહી તથા મૂત્રને જુદાં પાડનાર અવયવ. [ વધારનારૂં.
મૂત્રલ,–વર્ધક, ( ડયુરેટીક ) *a.* Duretic. મૂત્ર
મૂત્રાશય, ( બ્લેડર ) *n.* Bladder. મૂત્રને એકઠું થવાની
મૂદઈ,(એનીમી) *n.* Enemy. શત્રુ. [ જગા; કુક્કો.
મૂરઝાવું, (વીધર) *vt.* Wither. ચીમળાવું; કરમાવું.
મૂરત, (ઇમેજ) *n.* Image. મૂર્તિ.
મૂર્ખ,–રખ, ( ફુલીશ ) *a.* & *n.* Foolish. બેવકૂફ.
મૂર્છા,–ર્છના, *n.* Unconsciousness. બેશુદ્ધિ.
મૂર્ચ્છિત,–ર્છાગત, *a.* Unconscious. બેશુદ્ધ.
મૂર્ત, ( ઇનકારનેટ ) *a.* Incarnate. મૂર્તિમાન; સાકાર.
મૂર્તિ,–ર્ત્તિ,–રત, (ઇમેજ) *n.* Image. પ્રતિમા; આકૃતિ.
મૂર્તિકાર, ( આર્કીટેક્ટ ) *n.* Architect. શિલ્પી.
મૂર્તિપૂજક, ( આઇડોલેટરસ ) *a.* & *n.* Idolatrous. મૂર્તિને પૂજનાર.
મૂર્તિપૂજા, *n.* Idol-worship. મૂર્તિની પૂજા.
મૂર્તિમંત,–માન,(કાર્પોરીયલ) *a.* Corporeal. સાક્ષાત.
મૂર્ધન્ય,(સેરીબ્રલ) *n.* Cerebral. માથાને લગતું. Chief.
મૂર્ધા, ( હેડ ) *n.* Head. માથું. [ મુખ્ય.
મૂલ,–લ્ય, ( પ્રાઇસ ) *n.* Price. કિંમત.
મૂલ,–ળ, (ફાઉન્ડેશન) *n.* Foundation. પાયો. Root. વનસ્પતિની જડ. Origin. ઉત્પત્તિસ્થાન. [ માંનું એક.
મૂલતત્વ, ( એલીમેન્ટ ) *n.* Element. પાંચ મહાભૂતો-
મૂલભૂત, (ઓરીજીનલ) *a.* Original. મૂળરૂપ.

મૂલવવું, *n*. Settle the price. કિંમત નક્કી કરવી.
મૂલ્યવાન,(કૉસ્ટલી) *a*.Costly.કીમતી. [Buy.ખરીદવું.
મૂસળી, *n*. Kind of root. એક મૂળ Pestle. પરાળ.
મૂસા, (મોઝીસ) *n*. Moses.યહૂદી ધર્મનો પ્રવર્તક.
મૂળ, ( ઓરીજીનલ ) *a*. Original. અસલ;પહેલાંનું. *n*.
મૂળગું, ( ઓલ ) *ad*. All. બધું. [ Root. જડ.
મૂળાક્ષર, ( આલ્ફાબેટ ) *n*. Alphabet. વર્ણમાળાના મૂળ અક્ષરો.
મૂળાડિયું,–ળાડું,–ળિયું, ( રૂટ ) *n*. Root.મૂળ; જડ.
મૂળો, ( રેડીશ) *n*. Radish.શાકમાં વપરાતું એક મૂળ.
મૂંગું, ( ડંબ ) *a*. Dumb. મૂક. [ મણ; ગભરામણ.
મૂંઝવણ,–ણી, (અનઇઝીનેસ)*n*. Uneasiness.અકળા-
મૂંઝવવું, *vt*. Cause uneasiness. અકળાવવું.
મૂંઝાવું, *vt*. Be confused. અકળાવું.
મૂંડવું, ( શેવ ) *vt*. Shave. બોડવું. Cheat. છેતરવું.
મૂંડાવવું, *vt*. Get shaved. બોડાવવું.
મૂંડિયો, (એસેટીક) *n*. Ascetic. સંન્યાસી.
મૃગ, (એન્ટીલોપ) *n*. Antelope. હરણ.
મૃગજલ,–ળ,–તૃષ્ણા,(મીરેજ)*n*.Mirage.ઝાંઝવાનાં જળ.
મૃગનાભિ,–મદ, ( મસ્ક ) *n*. Musk. કસ્તુરી.
મૃગપતિ,–રાજ,–ગેન્દ્ર, (લાયન) *n*. Lion. સિંહ.
મૃગયા, ( હંટીંગ ) *n*. Hunting. શિકાર.
મૃગાંક, ( મુન ) *n*. Moon. ચંદ્ર.
મૃગી, ( ડો ) *n*. Doe. હરણી.
મૃણાલ, (લોટસ-ફીબ્ર) *n*. Lotus-fibre. કમળનો તંતુ.

**મૃણાલિની,-લી,** *n.* Lotus-plant. કમળનો છોડ.
**મૃણ્મય,-ન્મય,** (અર્થન) *a.* Earthen. માટીનું.
**મૃત,** (ડેડ) *a.* Dead. મરણ પામેલું.*n.* Death. મોત.
**મૃતપ્રાય,** *a.* Almost dead. લગભગ મૃત.
**મૃતસંજીવની,***n.* Art of giving life to the dead. મૂવેલાંને જીવતાં કરવાની વિદ્યા.
**મૃત્તિકા,** ( અર્થ ) *n.* Earth. માટી.
**મૃત્યુ,** ( ડેથ ) *n.* Death. મરણ.
**મૃત્યુદંડ,** *n.* Capital punishment. મોતની સજા.
**મૃત્યુપત્ર,-લેખ,**(વીલ) *n.* Will. વસિયતનામું.
**મૃત્યુલોક,** (અર્થ) *n.* Earth. પૃથ્વી.
**મૃત્યુશય્યા,** ( ડેથ-બેડ ) *n.* Death-bed. મરણ પથારી.
**મૃદંગ,** *n.* Kind of tabor. એક તબલાં જેવું વાદ્ય.
**મૃદુ,-લ,** (ડેલીકેટ) *a.* Delicate.કોમળ.Sweet. મધુર,
**મેખ,** ( પેગ ) *n.* Peg. ખીલી; ફાચર.
**મેખલા,-ળા,***n.* Ornament for the waist.કંદોરો.
**મેઘ,** (રેન) *n.* Rain. વરસાદ. Cloud. વાદળ.
**મેઘગર્જના,-નાદ,**(થંડર) *n.* Thunder. વાદળાંનો ગડગડાટ.
**મેઘચાપ,-ધનુષ,-ષ્ય,**(રેનબો) *n.* Rainbow. ઇંદ્રધનુષ.
**મેજ,** (ટેબલ) *n.* Table. ટેબલ.
**મેઢક, મેંડક,** (ફ્રોગ) *n.* Frog. દેડકો.
**મેડો, -ડી,** (સ્ટોરી) *n.* Storey. માળ.
**મેતે,** (પરસનલી) *ad.* Personally. જાતે.
**મેથી,** *n.* A herb-its seeds. એક ભાજી-તેનું બી.
**મેદ,** ( ફેટ ) *n.* Fat. ચરબી.

મેદની,-દિની,'(ક્રાઉડ)*n*.Crowd.ટોળું. World.દુનિયા.
મેદાન, (પ્લેન) *n*. Plain. ખુલ્લી સપાટ જમીન.
મેદી,મેંદી, *n*. A plant. એક વનસ્પતિ. [લોટ.
મેદો,મેંદો, *n*. Fine wheaten flour.ધોયેલા ઘઉંનો
મેધ, (સેક્રી) *n*. Sacrifice. યજ્ઞ. [ ચાદશક્તિ.
મેધા, ( ઇનટેલેક્ટ ) *n*. Intellect. બુદ્ધિ. Memory.
મેધાવી, *a*. Intelligent. બુદ્ધિમાન. *n*. Scholar.
મેના, *n*. Canary bird. એક પક્ષી. [ પંડિત.
મેરાઇ, (ટેઇલર) *n*. Tailor. દરજી.
મેલ, ( ડર્ટ ) *n*. Dirt. ગંદકી; કચરો.
મેલડી, *n*. Female ghost. ચંડાળ ભુતડી.
મેલવું, (પ્લેસ) *vt*. Place. મૂકવું.
મેલી, (પ્લેસેન્ટા) *n*. Placenta. ઓર. [ વિદ્યા.
મેલીવિદ્યા, *n*. Black magic. ભુતપલીત વશ કરવાની
મેલું, ( ડર્ટી ) *a*. Dirty. ગંદુ. Shrewd. કપટી. *n*. Evil spirit. ભુત પ્રેત વગેરે.
મેવલો,-લિયો,(રેન) *n*. Rain. વરસાદ. [ કે સૂકાં ફળ.
મેવો, *n*. Fruits, fresh as well as dried. લીલાં
મેશ,-સ, (લૅંપબ્લેક) *n*. Lampblack. કાજળ.
મેષ, ( રૅમ ) *n*. Ram. ઘેટો.
મેસૂર, *n*. Sweetmeat. એક મીઠાઈ.
મેહલો,-હુલો, ( રૅન ) *n*. Rain. વરસાદ.
મેળ, ( હાર્મની ) *n*. Harmony. બનાવ; સંપ.Daily account. રોજનો આવકખરચનો હિસાબ.
મેળવણ, ( મીક્ષ્ચર ) *n*. Mixture. મેળવવાની ચીજ.

મેળવવું, ( એકવાયર ) *vt.* Acquire. પ્રાપ્ત કરવું Collect. એકઠું કરવું. Mix. મિશ્ર કરવું. Compare. સરખાવી જોવું.
મેળાપ, (મીટીંગ) *n.* Meeting. મિલન; સમાગમ.
મેળાવડો,-વો, ( કોન્ફરંસ ) *n.* Conference. સભા; મિજલસ.
મેળે,(વીલીંગ્લી)*ad.*Willingly.રાજીખુશીથી.
મેળો, ( ફેર ) *n.* Fair. ઘણાં માણસનું એકઠાં થવું તે. Meeting. મેળાપ.
મેંઢો,(રૈમ) *n.* Ram.ઘેટો.
મૈત્રી, ( ફ્રેંડશીપ ) *n.* Friendship. ભાઈબંધી.
મૈથુન, *n.* Sexual intercourse. નરમાદાનો સંભોગ.
મૈયત,(ડેથ) *n.* Death.મરણ. *a.* Dead.મરણ પામેલું.
મૈયા,(મધર) *n.* Mother. માતા.
મોકલવું, ( સેન્ડ ) *vt.* Send. રવાના કરવું; પહોંચાડવું.
મોકળું,(ઓપન) *a.* Open. ખુલ્લું.Spacious.મોકળાશવાળું. Liberal. ઉદાર.
મોકળાણ,-શ, *n.* Openness. જગાની છૂટ.
મોકાણ, *n.* News of death. મરણના સમાચાર.
મોકૂફ, ( પોસ્ટપોન્ડ ) *a.* Postponed. મુલતવી.
મોકૂફી, *n.* Postponement. મોકૂફ રાખવું તે.
મોકો, (ઓપોરચ્યુનીટી) *n.* Opportunity.પ્રસંગ;લાગ.
મોક્ષ,-પદ, (સાલ્વેશન)*n.*Salvation. મુક્તિ; છુટકારો.
મોખરો, *n.* Front portion. આગળનો ભાગ.
મોગર, *a.* Without ban. છોડાં કાઢી નાખેલી.
મોગરી, *n.* Vegetable. એક શાક. Wooden hammer. હથોડી જેવું ખાંડવાનું કે ઘંટ વગાડવાનું ઓજાર.

મોગરો, *n.* Jasmine flower. એક પુષ્પ. Snuff of a wick. દીવાની વાટનો ઉપરનો બળી ગયેલો છેડો.
મોગલ,-ઘલ, *n.* & *a.* Native of Mongolia. મોંગોલીયાના મુસલમાનની જાત.
મોઘ, (યુસલેસ) *a.* Useless. નકામું. Void. વ્યર્થ.
મોઘમ,(અનકલીયર) *a.* Unclear. અસ્પષ્ટ; અનિશ્ચિત.
મોઘું, (ડીયર) *a.* Dear. વધારે કિંમત આપવી પડે તેવું. Very dear. અતિ પ્રિય. [બળાઈ જાય તેમ કરવું.
મોચવવું, *vt.* Cause to dislocate. કરમોડાઈ કે અં-
મોચવું, (ફ્રી) *vt.* Free. છોડવું. Drive away. ટાળવું.
મોચી, (શુમેકર) *n.* Shoe-maker. પગરખાં સીવવાનો ધંધો કરનાર.
મોજ, (ડીલાઈટ) *n.* Delight. આનંદ. Will. મરજી.
મોજડી,-ડું, (શુ) *n.* Shoe. પગરખું.
મોજણી, (સર્વે) *n.* Survey. માપણી. [સુખચેન.
મોજમજા,-શોખ, (મેરીમેન્ટ) *n.* Merriment. આનંદ;
મોજવું, (સર્વે) *vt.* Survey. માપવું. Comprehend.
મોજી,-લું, (ગે) *a.* Gay. આનંદી; લહેરી. [સમજવું.
મોજું, (વેવ) *n.* Wave. પાણીનો તરંગ. Stocking. હાથપગનું ગૂંથેલું ઢાંકણ.
મોજુદ, (પ્રેઝંટ) *a.* Present. હાજર. Ready. તૈયાર.
મોજે, *ad.* At the village of. ગામે.
મોઝાર, (વીધીન) *ad.* Within. માં; મધ્યે.
મોટપ,-મ, (ગ્રેટનેસ) *n.* Greatness. મોટાપણું. Reputation. આબરૂ.

મોટું, (લાર્જ) *a.* Large. નાનાથી ઊલટું. Reputed.
મોટેથી,(લાઉડલી) *ad.* Loudly. મોટે અવાજે.[આબરૂદાર.
મોટેરું, (એલ્ડર) *a.* Elder. વડિલ.
મોડવું, (ટવીસ્ટ) *vt.* Twist. મરડવું.
મોડું, (ડીલે) *a.* & *n.* Delay. ઢીલ; કાળક્ષેપ.
મોઢામોઢ, *ad.* Face to face. રૂબરૂ. In the presence of. સમક્ષ. [સૌથી ઉપરનો ભાગ.
મોઢિયું, *n.* Cover for an aperture. મોઢાનો–
મોઢું, ( માઉથ ) *n.* Mouth. મોં; મુખ.
મોત, ( ડેથ ) *n.* Death. મૃત્યુ. [ ઉપર થતું પડ.
મોતિયો, ( કેટેરેક્ટ ) *n.* Cataract. આંખની કીકી
મોતી,(પર્લ) *n.* Pearl. છીપમાંથી નીકળતી એક દરિયાઈ
મોદ, –ન, (ડીલાઇટ) *n.* Delight. આનંદ. [ પેદાશ.
મોદક, (સ્વીટબોલ) *n.* Sweetball. લાડુ.
મોદવું, *vt.* Be delighted. ખુશી થવું; રાચવું.
મોદી, *n.* Retail grocer. અનાજ, ઘી, મસાલો વગેરે
મોબેદ, *n.* Parsee priest. પારસીઓનો ગોર.[વેચનાર.
મોભ,–ભીયું, ( બીમ ) *n.* Beam. છાપરાના ટેકારૂપ મુખ્ય આડું લાકડું.
મોભાથબુદ્ધિ, (ડલ) *a.* Dull. જડબુદ્ધિવાળું.
મોભાદાર, (રીસ્પેક્ટેબલ) *a.* Respectable. પ્રતિષ્ઠિત.
મોભો, (પ્રેસ્ટીજ) *n.* Prestige. આબરૂ; પ્રતિષ્ઠા.
મોમબત્તી, *n.* Candle stick. મીણબત્તી.
મોર, ( પીકાક ) *n.* Peacock. એક પક્ષી; મયૂર. *ad.* Before. પૂર્વે. In front of. મોખરે.

મોરચંગ, *n.* Jew's drum. એક વાદ્ય.
મોરચો, (ફોર્ટીફીકેશન) *n.* Fortification. લશ્કરની મોખરાની વ્યુહરચના. Battery. બુરજ પર જ્યાં તોપ ગોઠવવામાં આવે છે તે ભાગ.
મોરથૂથુ, *n.*Sulphatic of copper.એક ઝેરી ઔષધ.
મોરલી, (ફ્લ્યુટ) *n.* Flute. વાંસળી.
મોરલો, (પીકાક) *n.* Peacock. મોર.
મોરસ, *n.* Fine sugar. દાણાદાર ખાંડ.
મોરિયો, *n.* Earthen pot. ઘડો. A seed-grain. સામા જેવું એક અણખેડયું ધાન.
મોરી, (ગટર) *n.* Gutter. ખાળ; પાણીની નીક.
મોલ, (હાર્વેસ્ટ) *n.* Harvest. પાક. [વિદ્વાન.
મોલવી, *n.* A Mohmaddan scholar. મુસલમાન
મોવડ, *n.* Front part. મોખરાનો ભાગ.
મોવડી, (લીડર) *n.* Leader. આગેવાન.
મોવાળો, (હેર) *n.* Hair. વાળ.
મોવું, (ઓઇલ) *vt.* Oil. કરમોવવું; ચીકટવાળું કરવું.
મોસમ, (સીઝન) *n.* Season. ૠતુ.
મોસમી, (સીઝનલ) *a.* Seasonal. મોસમનું.
મોસંબી, *n.* Kind of orange.નારંગી જેવું એક ફળ.
મોસાળ, *n.* Maternal grandfather's house. માનું પિયેર. [મોસાળ પક્ષનું માણસ.
મોસાળિયું, *n.* Relative on the mother's side.
મોસાળું, *n.* Presents given by the maternal relatives.છોકરી-છોકરાના માના માબાપ તરફથી આ-

પવામાં આવતી રીત. [ Swoon. મૂર્છા.
મોહ, *n.* Bewitchment. આસક્તિ. Delusion.ભ્રમ.
મોહક,(બીવીચીંગ) *a.* Bewitching. મોહ પમાડનારૂં.
મોહજાળ,-ની,-મંત્ર, (ફેસીનેશન) *n.* Fascination.
કામણ; ભુરકી. [ એક ઘરાણું.
મોહનમાળા,*n.* An ornament for the neck.ગળાનું
મોહતાજ, (હેલ્પલેસ) *a.* Helpless. લાચાર; ગરીબ.
મોહવું, *vt.* Be allured. મોહ પામવું.
મોહિત, (એલ્યોવર્ડ) *a.* Allured. મોહ પામેલું. [સ્ત્રી.
મોહિની,*n.* Fascinating woman. મોહ પમાડે તેવી
મોળ, -પ,(નાસીયા) *n.* Nausea. શરીરમાં વાયુનું જોર
થવાથી મોઢામાં લાળ છૂટે તે.
મોળવું, *vt.* Shred. શાક સુધારવું. [side. મોસાળનું.
મોળાઈ, *a.* Related through the maternal
મોળું,-મચ, (ટેસ્ટલેસ) *a.* Tastleless. ફિક્કું. Weak.
મોં,( ફેસ ) *n.* Face. મોં. [ ઢીલું.
મોંમાર,(ડેરીંગ) *a.* Daring.નીડર. [Partial.પક્ષપાતી.
મોંરખું, ( મોડેસ્ટ ) *a.* Modest. વિનયી; શરમાળ.
મોંસૂઝણું, ( ડૉન ) *n.* Dawn. પરોઢિયું.
મોંઘું, (ડીયર) *a.* Dear. વધારે કિંમત બેસે એવું.
મૌખિક, (ઓરલ) *a.* Oral. મુખનું.
મૌક્તિક, ( પર્લ ) *n.* Pearl. મોતી.
મૌન, (સાયલન્સ) *n.* Silence. ન બોલવું તે.
મૌલા,-ના, (લૉર્ડ) *n.* Lord. ધણી; માલિક.
મૌલિક, (ઓરીજીનલ) *a.* Original. મૂળ; મુખ્ય.

મૌલિકતા, *n.* Originality. મૂળપણું.
મ્યાન, ( શીધ ) *n.* Sheath. તલવારનું ઘર.
મ્યાનો, (પેલેનક્વીન) *n.* Palanquin. પાલખી.
મ્લાન, (ડીજેક્ટેડ) *a.* Dejected. કરમાયેલું; ખિન્ન.
મ્લાની, (ડીજેક્શન) *n.* Dejection. નિસ્તેજતા;ગ્લાનિ.
મ્લેચ્છ, (બાર્બેરીયન) *n.* Barbarian. આર્યોની સંસ્કૃતિથી ભિન્ન સંસ્કૃતિનો માણસ.

---

## ય

ય, A consonant of the palatal class. એક અર્ધસ્વર. *ad.* Also. વળી.
યકીન, (ટ્રસ્ટ) *n.* Trust. વિશ્વાસ.
યકૃત, (લીવર) *n.* Lever. કાળજું.
યક્ષ, (ડેમીગોડ) *n.* Demigod. એક દેવયોનિ; કુબેરનો અનુચર.
યક્ષરાજ, *n.* Lord of wealth. કુબેર.
યક્ષ્મ,-ક્ષ્મા, (કંઝપશન) *n.* Consumption. ક્ષય રોગ.
યક્ષ્મી, (કંઝપટીવ) *a.* Consumptive. ક્ષયવાળું.
યજદાં, ( ગોડ ) *n.* God. પરમેશ્વર.
યજન, (સેક્રીફીસીંગ) *n.* Sacrificing. યજ્ઞ કરવો તે; પૂજન.
યજમાન, ( સેક્રીફાઇસર ) *n.* Sacrificer. યજ્ઞ કરનાર. Host. આશ્રય આપનાર.
યજવું, (વરશીપ) *vt.* Worship. પૂજન કરવું. Offer a sacrifice. યજ્ઞ કરવો.
યજુર,-વેદ, *n.* One of the Vedas. ચાર વેદોમાંનો એક.

યજ્ઞ, –યાગ, ( સેક્રીફાઈસ ) *n.* Sacrifice. એક વેદોક્ત કર્મ. Offering. યાગ.
યજ્ઞકુંડ, *n.* Sacrificial altar. યજ્ઞની વેદી.
યજ્ઞોપવિત, *n.* Sacred thread. જનોઈ; ઉપવીત.
યતિ, *n.* Pause in verse. છંદમાં આવનો વિરામ. Ascetic. સન્યાસી.
યતી, ( એસેટીક ) *n.* Ascetic. સન્યાસી; જૈન સાધુ.
યતીમ, ( ઓરફન ) *n.* Orphan. અનાથ બાલ.
યતીમખાનું, (ઓફનેંજ) *n.* Orphanage. અનાથાશ્રમ.
યત્કિંચિંત, *ad.* A little. જરાપણ.
યત્ન, ( એફર્ટ ) *n.* Effort. પ્રયત્ન; મહેનત.
યત્ર, ( વ્હેર ) *ad.* Where. જ્યાં.
યત્રતત્ર, *ad.* Hither and thither. જ્યાંત્યાં.
યથા, *ad.* According to. જેની રીતે; જે પ્રમાણે.
યથાક્રમ, ( ઓર્ડરલી ) *ad.* Orderly. ક્રમ પ્રમાણે.
યથાયોગ્ય,–થોચિત, ( પ્રોપરલી ) *ad.* Properly. યોગ્ય હોય તેમ.
યથાર્થ, ( ટ્રુ ) *a.* True. સાચું. *ad.* Truly. વાસ્તવીક રીતે.
યથાદર્શી, *a.* Realistic. યથાદર્શનવાળું.
યથાશક્તિ, *ad.* As far as possible. શક્તિ પ્રમાણે.
યથાસ્થિત, *ad.* As it stands. તાદર્શ; હોય તેવું.
યથેચ્છ,–ષ્ટ, *a.* & *ad.* To the heart's content. મરજી મુજબનું; ઈચ્છા પ્રમાણે.
યદપિ,–દ્યપિ, ( ઑલ્ધો ) *ad.* Although. જોકે.
યદા, ( વ્હેન ) *ad.* When. જ્યારે.

યદિ, ( ઈફ઼ ) *conj.* If. જો. [ગમે તેમ; એલફેલ.
યદ્વાતદ્વા, *ad.* Without any rhyme or reason.
યમ, *n.* Restraint. નિગ્રહ; સંયમ.God of death.
યમક, ( રાઇમ ) *n.* Rhyme. પ્રાસ. [મૃત્યુનો દેવ.
યમદૂત, *n.* Messenger of death. મોતનો કાસદ.
યમલ, ( પેર ) *n.* Pair. જોડકું.
યવ, ( બાર્લી ) *n.* Barley. જવ.
યવન, *n.* Ionian or Greek. યુનાનનો વતની, Bar-
યવનિકા,(કર્ટન) *n.* Curtain. પડદો.[barian. મ્લેચ્છ.
યશ, ( ગ્લોરી ) *n.* Glory. કીર્તિ; ફતેહ.
યશસ્વિ,-સ્વી, (સકસેસફુલ) *a.* Successful.ફતેહમંદ.
યષ્ટિ,-કા,-ષ્ટી, (સ્ટીક) *n.* Stick. લાકડી.
યહૂદી, ( જ્યુ ) *n.* Jew. મૂસા પેગંબરનો અનુયાયી.
યંત્ર, ( મશીન ) *n.* Machine. સંચો. [જાણનાર.
યંત્રજ્ઞ,-શાસ્ત્રી, (મીકેનીક) *n.* Mechanic. યંત્રવિદ્યા
યંત્રણા, ( રીસ્ટ્રેઈન્ટ ) *n.* Restraint. નિયંત્રણ. Obstruction. વાંધો.
યંત્રરચના, (મીકેનીઝમ)*n.*Mechanism.યંત્રની રચના.
યંત્રવત, *a.* Like a machine. યંત્રની પેઠે. Continuous. એકધારું. [વિદ્યા.
યંત્રવિદ્યા,-શાસ્ત્ર,(મીકેનીકસ)*n.* Mechanics.યંત્રોની
યંત્રાદ્યોગવાદ (ઈન્ડસ્ટ્રિયલીઝમ) *n.* Industrialism. યંત્રોદ્યોગો વધવાથી દેશની આબાદી છે તેવો વાદ.
યા, ( ઓર ) *conj.* Or. અથવા; યાને.
યાકૂત, ( જેમ ) *n.* Gem. એક રત્ન.

ચાકૂતી, *n.* A medicinal preparation. એક પ્રકારની દવા.
ચાગ, ( સેક્રીફાઇસ ) *n.* Sacrifice. યજ્ઞ.
ચાચક, ( બેગર ) *n.* Beggar. માગણ.
ચાચના, ( બેગીંગ ) *n.* Begging. ભીખ. Request. વિનંતી. [ ચાચના કરવી.
ચાચવું, ( બેગ ) *vt.* Beg. ભીખ માગવી. Request.
ચાતના, ( પેન ) *n.* Pain. દુઃખ; પીડા.
ચાત્રા, ( પીલ્ગ્રીમેજ ) *n.* Pilgrimage. જાત્રા.
ચાત્રાળુ,-ત્રી, (પીલ્ગ્રીમ) *n.* Pilgrim. જાત્રા કરનારો.
ચાદ, ( રીકલેકશન ) *n.* Recollection. સ્મરણ; ચાદી.
ચાદગાર, ( રીમાઇન્ડીંગ ) *a.* Reminding. ચાદ કરાવે તેવું. [ સંભારણું.
ચાદગીરી, (મેમરી) *n.* Memory. સ્મરણ. Memento.
ચાદદાસ્ત,-તી, (મેમરી) *n.* Memory. સ્મરણશક્તિ.
ચાદી, ( લીસ્ટ ) *n.* List. ટીપ; ટાંચણ.
ચાદૃશ, ( લાઇક ) *a.* Like. જેવું.
ચાન, ( વેહીકલ ) *n.* Vehicle. વાહન.
ચાને, ( ઓર ) *conj.* Or. અથવા.
ચામની,-મિની, ( નાઇટ ) *n.* Night. રાત્રી. [ દોસ્ત.
ચાર, (પેરેમુર) *n.* Paramour. આશક; જાર. Friend.
ચાલ,-ળ, (મેન) *n.* Mane. સિંહની ગરદન પરના વાળ.
ચાવચ્ચંદ્રદિવાકરો, *ad.* Forever. હમેશને માટે.
ચાવત્, ( ટીલ ) *ad.* Till. જ્યાંસુધી.
ચાહોમ, (ડેરીંગ્લી) *ad.* Daringly. કુરબાનીનો પોકાર.
ચાંત્રિક, *a.* & *n.* Pertaining to machinery. યંત્ર

સંબંધી. Mechanic. યંત્રશાસ્ત્રી.
યુક્ત, (કનેક્ટેડ) *a.* Connected. જોડાયેલું. Proper. [ યોગ્ય.
યુક્તિ, ( પ્લાન ) *n.* Plan. તદબીર; કરામત.
યુગ, ( પીરીયડ ) *n.* Period. જમાનો.
યુગલ–ગ્મ,–ગ્મક, ( પેર ) *n.* Pair. જોડું.
યુત, ( જોઇન્ટ ) *a.* Joined. યુક્ત; સહિત.
યુતિ, ( મીટીંગ ) *n.* Meeting. મેળાપ.
યુદ્ધ, ( બેટલ ) *n.* Battle. લડાઇ; સંગ્રામ.
યુનાન, ( ગ્રીસ ) *n.* Greece. ગ્રીસ.
યુવક,–વાં,–વાન, ( યુથ ) *n.* Youth. જુવાન,
યુવતી, (યંગ વુમન) *n.* Young woman. જુવાન સ્ત્રી.
યુવરાજ, (ક્રાઉન પ્રિંસ)*n.*Crown prince.પાટવી કુંવર.
યુવરાજ્ઞી, *n.* Wife of an heir-apparent. પાટવી [કુંવરની સ્ત્રી.
યુવાવસ્થા, (યુથ) *n.* Youth. જુવાની.
યુકા, ( લાઉઝ ) *n.* Louse. જૂ.
યુથ, ( ક્રાઉડ ) *n* Crowd. ટોળું.
યોગ, ( મીટીંગ ) *n.* Meeting. મેળાપ. Expedient. ઉપાય. Opportunity. અવસર.
યોગિની, *n.* Female devotee. તાપસી; ઉપદેવી.
યોગી, ( એસેટીક ) *n.* Ascetic. તપસ્વી.
યોગ્ય, ( ફીટ ) *a.* Fit. છાજતું; લાયક.
યોગ્યતા, *n.* Propriety. યોગ્ય હોવું તે.
યોજક, *n.* Contriver. યોજના કરનાર.
યોજન,*n* Distance equal to four miles.ચાર ગાઉ.
યોજના, *n.* Arrangement. ગોઠવણ; વ્યવસ્થા.

યોજવું, (કૉન્ટ્રાઇવ) *vt.* Contrive. યોજના કરવી.
યોધ્ધો,-ધ, (વૉરીયર) *n.* Warrior. લડવૈયો.
યોનિ,-ની, *n.* Female organ of generation.
યૌવન, (યુથ) *n.* Youth. જુવાની. [સ્ત્રીની જનનેંદ્રિય.
યૌવના,-વિતા, *n.* Young beautiful woman. જુવાન રૂપાળી સ્ત્રી.

---

# ર

ર, A consonant of the lingual class. ચાર અર્ધ-સ્વરોમાંનો બીજો. [ખેંચી.
રકઝક, (ડીસ્પ્યુટેશન) *n.* Disputation. તકરાર;ખેંચા-
રકમ, (આઇટેમ) *n.* Item. ચીજ. Ornament. ઘરેણું. Number. સંખ્યા.
રકમબંધ, *a.&ad.* In great amount. એકસામટું; [જથ્થાબંધ.
રકાબ, (સ્ટરપ) *n.* Stirrup. પેગડું.
રકાબી,-કેબી, (ડીસ) *n.* Dish. તાસક.
રક્ત, (બ્લડ) *n.* Blood. લોહી. *a.* Red. લાલ. Fond of. અનુરાગવાળું. [સૂક્ષ્મ અણુ.
રક્તકણ, (કાર્પસલ) *n.* Corpuscle. લોહીમાં હોતો
રક્તપાત,-સ્રાવ, *n.*Blood-flowing. લોહીનું વહેવું તે.
રક્તપિત્ત,-કોઢ, (લેપ્રોસી) *n.* Leprosy. એક કોઢ.
રક્તવાહિની,(આર્ટરી) *n.* Artery. રક્ત વહેનારી નસ.
રક્તાશય, (હાર્ટ) *n.* Heart. હૃદય.
રક્તિ, (એટેચમેન્ટ) *n.* Attachment. આસક્તિ.

રક્તિમા, ( રેડનેસ ) *n.* Redness. લાલાશ.
રક્ષક, ( પ્રોટેક્ટર ) *n.* Protector. રક્ષણ કરનાર.
રક્ષણ,–ક્ષા, (પ્રોટેક્શન)*n.* Protection.બચાવ; પાલન.
રક્ષવું, ( પ્રોટેક્ટ ) *vt.* Protect. રક્ષણ કરવું.
રક્ષાબંધન, *n.*Ceremony of binding enchanted thread on the wrist. રાખડી બાંધવાની ક્રિયા.
રક્ષિત, ( પ્રોટેક્ટેડ ) *a.* Protected. રક્ષાયેલું.
રખડ,–પટ્ટી, ( રોમીંગ ) *n.* Roaming. રખડવું તે.
રખડવું, ( રોમ) *vt.* Roam. રઝળવું.
રખપત,–ખાપત, *n.* Protection of one's reputation. આબરૂ સાચવવી તે.
રખરખ, ( અનઇઝીનેસ ) *n.* Uneasiness. બેચેની.
રખવાળ,–ખેવાળ, ( ગાર્ડ ) *n.* Guard. ચોકીદાર.
રખાત, ( કેપ્ટ ) *n.* Kept. વગર પરણ્યે રાખેલી સ્ત્રી.
રખાવટ, ( પાશ્યલિટી ) *n.* Partiality. તરફદારી.
રખું, *a.* Suffix. પ્રત્યય છે, જેમકે : ઘરરખું.
રખે,–ને, ( લીસ્ટ) *n. ad.* Lest. કદાચ; કદાપિ.
રખો,–પિયો, (વૉચમેન) *n.* Watchman. ચોકિયાત.
રખ્યા, ( એશીસ ) *n.* Ashes. રાખ; ભસ્મ.
રગ, ( વેન ) *n.* Vein. નસ. Inclination. વલણ. Obstinacy. જીદ.
રગડવું, ( રબ ) *vt.* Rub. ચોળવું. Pound. ઘૂંટવું.
રગડો, (સેડીમેન્ટ) *n.* Sediment. જાડો પ્રવાહી પદાર્થ; [કાંપ.
રગદોળવું, (સોઇલ) *vt.* Soil. ધૂળમાં ખરડવું.
રગરગવું, (ઇમ્પોર્ચ્યુન)*vt.*Importune.કાલાવાલા કરવા.

રગરગાવવું, (હેરેસ) *vt.* Harass. આશા આપી દુઃખી
રગશિયું, ( સ્લો ) *vt.* Slow. ધીરું. Dull. મંદ. [કરવું.
રઘવાટ, ( હરી ) *n.* Hurry. ઉતાવળનો ગભરાટ.
રચન,–ના, ( કોંપોઝીશન ) *n.*Composition. રચવું તે.
રચનાત્મક, ( કન્સ્ટ્રક્ટીવ ) *a.* Constructive. જેમાં
કાંઇક નવું રચવાનું હોય તેવું.
રચવું, ( કોંપોઝ ) *vt.* Compose. રચના કરવી.
રચ્યુંપચ્યું, *a.* Absorbed in. તલ્લીન.
રજ, *a.* Little. થોડું. *n.* Dust. ધૂળ. Atom. અણુ.
રજકણ, *n.* Atom of dust. ધૂળનો અણુ.
રજમાત્ર, *a.* & *ad.* A little. થોડુંક.
રજત, ( સીલ્વર ) *a.* & *n.* Silver. રૂપું.
રજતમહોત્સવ, *n.* Silver jubilee. પચીસ વર્ષ પુરાં
થતાં ઉજવાતો ઉત્સવ.
રજનિ,–ની, ( નાઇટ ) *n.* Night. રાત્રી.
રજનીકર,–પતિ,–નાથ, ( મુન ) *n.* Moon. ચંદ્ર.
રજવાડું, *n.* Native state. દેશી રાજ્ય.
રજસ્વલા,–ળા, *n.* A woman in her monthly
course. અટકાવવાળી સ્ત્રી.
રજા, (પરમીશન)*n.*Permission.પરવાનગી.Leave.છૂટી.
રજાઇ, (ક્વીલ્ટ) *n.* Quilt. થોડા રૂની ઓઢવાની ગોદડી.
રજી, ( સેન્ડ ) *n.* Sand. રેતી.
રજૂ, ( પ્રીઝેન્ટેડ ) *a.* Presented. હાજર કરેલું.
રજૂઆત, *n.* Presentation. હાજર કરવું તે.
રજોગુણ, ( પેશન ) *n.* Passion. તામસ ગુણ.

રજોગુણી, ( પેશોનેટ ) *a.* Passionate. તામસી.
રજોટી, *n.* Fine dust. ઝીણી ધૂળ.
રજોદર્શન, *n.* First appearance of menses. પહેલીવાર રજસ્વળા થવું તે.
રજ્જુ, ( કોર્ડ ) *n.* Cord. દોરડી.
રઝળવું, ( રોમ ) *vt.* Roam. ભટકવું.
રટણ,-ણા,-ન,-ના, ( રીપીટીંગ ) *n.* Repeating. *vt.* વારેવારે યાદ કરવું તે.
રટવું, ( રીપીટ ) *vt.* Repeat. વારેવારે યાદ કરવું.
રટ્ટણ, ( વર્થલેસ ) *a.* Worthless. નકામું.
રડવું, ( વીપ ) *vt.* Weep. રોવું; રૂદન કરવું. [રોકકળ.
રડાકૂટ,-પીટ,-રોળ,(લેમેન્ટેશન્સ)*n.* Lamentations.
રડ્યુંખડ્યું, (સ્કેટર્ડ) *a.* Scattered. વેરાયેલું.Stray. વિખુટું. [nacy, જીદ.
રઢ, ( પરસીસ્ટંસ ) *n.* Persistence. લગની. Obsti-
રઢિયાળું, ( ચાર્મીંગ ) *a.* Charming. મોહક.
રણ, ( ડેઝર્ટ ) *n.* Desert. રેતીનું મેદાન. Battle. યુદ્ધ. Battlefield. લડાઈનું મેદાન.
રણક્ષેત્ર,-ભૂમિ,-ણાંગણ,*n.*Battlefield લડાઈનું મેદાન.
રણકવું, ( સાઉન્ડ ) *vt.* Sound. રણકારો થવો.
રણકારો,-કો, *n.* Sound of a metallic vessel. ધાતુની વસ્તુ ખખડવાનો અવાજ.
રણજિત,*a.*Victorious in a battle. યુદ્ધમાં જીતનાર.
રણથંભ,-સ્તંભ, *n.* Pillar in memory of a battle. યુદ્ધમાં મેળવેલી જીતનો સ્મરણસ્તંભ.

રણશિંગડું,-શિંગું, (બ્યુગલ) *n.* Bugle. યુદ્ધમાં વગા-
રણવાસ, (હેરમ) *n.* Harem. અંતઃપુર. [વાનું તતૂડું.
રણસંગ્રામ, ( બેટલ ) *n.* Battle. યુદ્ધ.
રણહાક, *n.* War-cry. લડાઈની કિકિયારી.
રત, ( એન્ગ્રોસ્ડ ઈન ) *n.* Engrossed in. લીન. *n.* Season. મોસમ. [ આંખની કીકી.
રતન, ( જેમ ) *n.* Gem. રત્ન. Pupil of the eye.
રતલ, *n.* Pound in weight. ૩૮॥ રૂપિયાભાર જેટલું અંગ્રેજી વજન.
રતવા, *n.* Erysipelas. ચામડીનો એક રોગ.
રતાશ, ( રેડનેસ ) *n.* Redness. લાલાશ.
રતાળુ, *n.* Sweet potato. એક કંદ. [દેખે તેવું.
રતાંધળું, (નાઈટ બ્લાઈંડ) *a.* Night-blind. રાતે ન
રતિ, (એફેક્શન) *n.* Affection. આસક્તિ. Delight. પ્રીતિ. Coition. સંભોગ. Wife of cupid. કામદેવની સ્ત્રી.
રતિનાથ,-પતિ, ( ક્યુપીડ ) *n.* Cupid. કામદેવ.
રતી, *n.* 2 1/2 grains troy. ચનોઠી-તેટલું વજન કે
રતીપુર,-ભાર, *a.* Little. જરાક. [ કદ.
રતુંબડું,-તુમડું, ( રેડ ) *a.* Red. લાલાશ પડતું.
રતોવઇ,-વાઇ, *ad.* By night. રાતે ને રાતે.
રત્ન, *n.* Precious stone. કિંમતી પત્થર. Excellent
રત્નગર્ભા, *n.* Earth. પૃથ્વી. [thing. ઉત્તમ વસ્તુ.
રત્નાકર, ( સી ) *n.* Sea. સમુદ્ર. Mine of jewels. રત્નોની ખાણ. [ છત્રવાળું એક વાહન.

રથ, ( ચેરીઓટ ) *n.* Chariot. ઉપર ઘુમ્મટ જેવા
રથી, ( વૅારીયર ) *n.* Warrior. મહારથી.
રદ,-બાતલ, ( વોઇડ ) *a.* Void. નકામું.
રદિયો, ( રેફ્યુટેશન ) *n.* Refutation. કહેલી વાતને રદ કરે તેવો સામો જવાબ.
રદી, ( યુસલેસ ) *a.* Useless. નકામું.
રપાટી,-પેટી, ( રન ) *n.* Run. આંટો; ફેરો.
રપેટવું, ( ટાયર ) *vt.* Tire. થકવી નાખવું.
રફતેરફતે, ( ગ્રેડ્યુઅલી ) *ad.* Gradually. ધીરે ધીરે.
રફીક, ( ફ્રેંડ ) *n.* Friend. ભાઇબંધ.
રફુ, -ચક્કર, ( રનીંગ અવે ) *n.* & *a.* Running away. નાસી જવું તે.
રફુ, ( ડાર્નીંગ ) *n.* Darning. તૂણવાનું કામ.
રફેદફે, (રૂઇન્ડ) *a.* Ruined. ખરાબખસ્ત; અસ્તવ્યસ્ત.
રબારી, ( શેફર્ડ ) *n.* Shepherd. ભરવાડ.
રબી,-વી, *n.* Winter harvest. શિયાળુ પાક.
રમકડું, (ટૅાય) *n.* Toy. નાનાં છોકરાંને રમવાની વસ્તુ.
રમખાણ, ( ટ્યુમુલ્ટ ) *n.* Tumult. તોફાન; ધાંધલ.
રમચી,-જી, *n.* Kind of red earth. એક જાતની [લાલ મટોડી.
રમઝટ, (હરી)*n.* Hurry. તડામાર; ઝડી.
રમઝમ, *n.* Tinkling sound. નૂપુરનો અવાજ.
રમણ, (હસબંડ) *n.* Husband. કાંત; પતિ. Sport. ક્રીડા.
રમણભમણ, ( સ્કૅટર્ડ ) *a.* Scattered. વેરણખેરણ.
રમણા,-ણી, *n.* Charming woman. સુંદર સ્ત્રી.
રમણીક,-ય, ( ચાર્મીંગ ) *a.* Charming. સુંદર.

રમત,-ગમત, (સ્પોર્ટ) *n.* Sport. ખેલ; ક્રીડા. Game. રમવાની રીત.
રમતારામ,(ફ્રી) *a.*Free.સ્વતંત્ર.*n.*Wanderer. રઝળુ.
રમતિયાળ,(પ્લેફુલ) *a.* Playful. રમતમાંજ ચિત્તવાળું.
રમવું, ( પ્લે ) *vt.* Play. ખેલવું; આનંદ માનવો.
રમલ,-ળ, *n.* Geomancy. પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા.
રમા, *n.* Beautiful woman. સુંદર સ્ત્રી.
રમાડવું, (એમ્યુઝ) *vt.*Amuse.ખેલવવું.Cheat.છેતરવું.
રમૂજ, ( જેસ્ટ ) *n.* Jest. મશ્કરી. Fun. ગમત.
રમૂજી, ( હ્યુમરસ ) *a.* Humorous. ગમતી; આનંદી.
રમ્ય, ( પ્લીઝીંગ ) *a.* Pleasing. રમણીય.
રવ, ( સાઉન્ડ ) *n.* Sound. અવાજ. Zeal. ઉમંગ.
રવડવું, ( વૅાન્ડર ) *vt.* Wander. રઝળવું.
રવરવાટ, *n.* Burning sensation. ચચરાટ.
રવવું, ( સાઉન્ડ ) *vt.* Sound. અવાજ કરવો.
રવાનગી, ( ડીપાર્ચર ) *n.* Departure. વિદાયગીરી.
રવાના,-ને, *ad.* Being despatched. મોકલેલું.
રવાલ, ( ટ્રોટીંગ ) *n.* Trotting. ઘોડાની એક પ્રકારની ચાલ.
રવિ, ( સન ) *n.* Sun. સૂર્ય.
રવિવાર,(સન્ડે)*n.*Sunday. અઠવાડિયાનો પહેલો દિવસ
રવેશ, (બાલ્કની) *n.*Balcony. ઝરૂખો.Custom. ધારો.
રવો, *n.* Granulous flour of wheat.દાણાદાર લોટ. Mass of granulous substance. ગોળની ચાકી.
રશના,-સના, ( ટંગ ) *n.* Tongue. જીભ. Cord. દોરડું. Rein. લગામ. Bridle. કંદોરો.

રશ્મિ, ( રે ) *n*. Ray. કિરણ.
રસ, ( ટેસ્ટ ) *n*. Taste. સ્વાદ. Juice.ફળનો પ્રવાહી. Liquid. પ્રવાહી. Essence. સાર. Delight. આનંદ. Mercury. પારો.
રસકસ, ( ઈસેન્સ ) *n*. Essence. સાર; સત્વ.
રસદાર,-ભર્યું, ( જુઇસી ) *a*. Juicy. રસવાળું
રસબસ,-બોળ,-મય, (એનરૅપ્ચર્ડ) *a*. Enraptured. રસથી પરિપૂર્ણ. [ જવાની શક્તિ.
રસબુદ્ધિ, *n*. Aesthetic sense. રસજ્ઞાતા; રસ સમ-
રસભેર, ( ઝીલસલી ) *a*. Zealously. હોંશભેર.
રસમ, ( કસ્ટમ ) *n*. Custom. રિવાજ; ધારો.
રસરાજ, ( મરક્યુરી ) *n*. Mercury. પારો. Cupid કામદેવ. Amor. શૃંગાર રસ.
રસવટ, ( એન્મીટી ) *n*. Enmity. દુશ્મનાવટ.
રસવતી, *n*.Full of juice. રસથી પરિપૂર્ણ. Tongue.
રસવું, ( ગીલ્ડ ) *vt*. Gild. ઓપ ચડાવવો. [ જીભ.
રસશાસ્ત્ર, *n*. Science of alchemy. રસાયનશાસ્ત્ર.
રસળવું, ( રોમ ) *vt*. Roam. રઝળવું.
રસા, ( અર્થ ) *n*. Earth. પૃથ્વી.
રસાકશી,-સી, ( રાઈવલ્રસી ) *n*. Rivalry. સ્પર્ધા.
રસાતળ,-તલ,*n*. Fifth lower region. પાંચમું પાતાળ.
રસાત્મક, (ટેસ્ટફુલ) *a*. Tasteful. રસદાર. In liquid form. પ્રવાહી.
રસાયણ,-ન,-શાસ્ત્ર, ( કેમીસ્ટ્રી ) *n*. Chemistry. ભૌતિક પદાર્થોનાં તત્વો તથા તેમનાં પરિવર્તનનાં પરિ-

ણામોની ચર્ચા કરતું શાસ્ત્ર.
રસાલો, *n.* Troop of horse. ઘોડેસ્વાર પલટન. Retinue. પરિજનોસહ પરિવાર.
રસિક, ( લવીંગ ) *a.&n.* Loving. ભાવુક. [શક્તિ.
રસિકતા, *n.* Appreciative power. રસ માણવાની
રસિકતા,*n.* Tasteful woman. રસિક સ્ત્રી.Tongue.
રસિયું, ( ઈગર ) *a.* Eager. આતુર; ચડસીલું. [જીભ.
રસી, ( પસ ) *n.*Pus. પરૂ. Serum. રોગના જંતુઓની બનાવેલી દવા. Cord. દોરડી.
રસીદ, ( રીસીટ ) *n.* Receipt પહોંચ; પાવતી.
રસીલું, ( પ્લીઝીંગ ) *a.* Pleasing. રસિયું; છબીલું.
રસૂલ, ( પ્રોફેટ ) *n.* Prophet. પેગંબર.
રસેંદ્રિય, ( ટંગ ) *n.* Tongue. જીભ.
રસો, ( સોસ ) *n.* Sauce. મસાલાવાળો જાડો રસ Thick rope. જાડું દોરડું.
રસોઇયો, (કુક) *n.* Cook.રસોઈનો ધંધો કરનારોપુરૂષ.
રસોયણ, *n.* Female cook. સ્ત્રી રસોઈયો.
રસોઈ, (કુકરી) *n.* Cookery. રાંધણું.Meals. ભોજન.
રસોડું, ( કીચન )*n.* Kitchen. રસોઇ રાંધવાની જગા.
રસોળી, ( ટયુમર ) *n.* Tumour. શરીરની સપાટી પર
રસ્તો, ( વે ) *n.* Way. માર્ગ. [ઉપસી આવેલી ગાંઠ.
રહસ્ય, (સીક્રેટ ) *n.*Secret. છૂપો ભેદ. Object. હેતુ.
રહિત, *a.* Being without. વગરનું. [ પરમેશ્વર.
રહીમ, ( મર્સીફુલ ) *a.* Merciful. કૃપાળુ. *n.* God.
રહીશ, ( રેસીડેન્ટ ) *n.* & *a.* Resident. રહેવાશી

રહેઠાણ,–વાસ,(રેસીડેન્સ)*n.* Residence. રહેવાનું સ્થાન; વાસ.
રહેણી, *n.* Mode of living. રહેવાની રીત.
રહેણીકરણી, *n.* Ways and doings. રીતભાત.
રહેમ,–મત, ( ફેવર ) *n.* Favour. કૃપા.
રહેવાશી,–સી, (ડવેલીંગ) *a.* Dwelling. રહેનારૂં.
રહેવું, ( રીસાઈડ ) *vt.* Reside. વાસ કરવો. Live upon. જીવવું. Cease. થોભવું.
રહેંસવું, ( મેસેકર ) *vt.* Massacre. કતલ કરવું.
રહ્યુંસહ્યું, (રીમેઇનીંગ) *a.* Remaining. બાકી બચેલું.
રળવું, ( અર્ન ) *vt.* Earn. કમાવું.
રળિયામણું, (બ્યુટીફુલ) *a.* Beautiful. સુંદર.
રંક, ( પુઅર ) *a.* Poor. ગરીબ.
રંગ, (કલર) *n.* Colour. લાલ, પીળો વગેરે વર્ણ. Tint. પટ. Intoxication. નશો. Affection. પ્રીતિ. Credit. આબરૂ.
રંગત,(કલર્ડ)*a.* Coloured. રંગેલું. Elegant. સુશોભિત.
રંગબેરંગી, *a.* Of diverse colours. વિવિધ રંગનું.
રંગભૂમિ, ( સ્ટેજ )*n.* Stage. જેના પર નાટક ભજવાય છે તે ઊંચી જગા.
રંગભેદ,(કલર-બાર) *n.* Colour-bar. જુદા જુદા વર્ણના લોકો પ્રત્યે ભેદભાવ.
રંગમહેલ, *n.* Drawing-room. ભોગવિલાસ માટે બાંધેલું સુંદર મકાન.
રંગરાગ, *n.* Merry-making. ગાનતાન; મોજમઝા.
રંગરૂપ,*n.* Form and colour of a thing. ઘાટ; દેખાવ.
રંગરેજ,–ગારો, (ડાયર) *n.* Dyer. કપડાં રંગનાર.

રંગવું, ( ડાય ) *vt.* Dye. રંગ ચડાવવો.
રંગિત,–ગીન, ( ડાઈડ ) *a.* Dyed રંગેલું.
રંગીલું, *a.* Pleasur-seeking. આનંદી; મોજી.
રંગેચંગે, (એમીકેબલી) *ad.* Amicably. વિના તકરારે.
રંગોળી, *n.* Lines and figures drawn on the ground. જમીન પર રંગ પૂરી પાડેલી ભાત.
રંચ,–ક, ( લીટલ ) *a.* Little.થોડું. Mean. તુચ્છ.
રંજ, ( સોરો ) *n.* Sorrow.દુખ; દિલગીરી.
રંજક, *a.* Suffix.પ્રત્યય છે, જેમકેઃ મનોરંજક.
રંજન, ( પ્લઝીંગ ) *n.* Pleasing. ખુશ કરવું તે.
રંજવું, ( પ્લીઝ )*vt.*Please.ખુશ કરવું. Harass.પીડવું.
રંજાડ, (મીસ્ચીફ) *n.* Mischief. તોફાન. Spoiling.
રંજાડવું, (એનોય) *vt.* Annoy. હેરાન કરવું. [બગાડ.
રંજીદા, ( ગ્રીવ્ડ ) *a.* Grieved. દુખિત; ખિન્ન.
રંડાપો, ( વીડોહુડ ) *n.* Widowhood. વિધવાપણું.
રંડાવું, *vt.* Become a widow. વિધવા બનવું.
રંડી, ( હાર્લોટ ) *n.* Harlot વેશ્યા.
રંડીબાજી, (ડીબોચરી) *n.* Debauchery. વ્યભિચાર.
રંદો,–ધો, *n.* Plane used by a carpenter. લાકડું છોલી લીસું કરવાનું એક સુતારી ઓજાર.
રંધવારી, *n.* Female cook. રસોયણ.
રંધાવું,*vt.*Be cooked.રંધાય એમ કરવું.Gain લાભવું
રંધ્ર, ( હોલ ) *n.* Hole.છિદ્ર. Fault. દોષ.
રંભા, ( ફેરી ) *n.* Fairy. અપ્સરા. Charming woman. સુંદર સ્ત્રી. [ Complaint. ફરિયાદ.

રા,( વેલ્થ ) *n.* Wealth.દોલત.King.રાજા.God.ઈશ્વર.
રાઈ, ( મસ્ટાર્ડ ) *n.* Mustard. એક જાતનાં મસાલાનાં
રાક્ષસ, ( ડેમન ) *n.* Demon. દૈત્ય. [ બી.
રાક્ષસી, (જાયજેન્ટીક)*a.*Gigantic ગંજાવર. Cruel.ક્રૂર.
રાખ, –ખોડી, ( એશ ) *n.* Ash. ભસ્મ; રખ્યા.
રાખડી,*n.* A thread tied round wrist. અનિષ્ટથી બચવા કાંડે બાંધવામાં આવતો દોરો.
રાખણહાર.(પ્રોટેકટીંગ) *a.* Protecting. રક્ષણ કરનારૂં.
રાખરખાવટ, *n.* Mutual help. અન્યોન્ય મદદ.
રાખવું, ( કીપ ) *vt.* Keep. હોવા દેવું. Preserve. સાચવી રાખવું. Protect. પાળવું.
રાખેલી, ( મીસ્ટ્રેસ ) *n.* Mistress. રખાત.
રાગ, ( ટયુન ) *n.* Tune. સૂર. Mode of singing. ગાવાની રીત. Affection.મોહ;મમતા.Wrath.ગુસ્સો.
રાઘવ, ( રામ ) *n.* Rama. રામ. [ niture. ઘરવખરો.
રાચ, ( ટુલ ) *n.* Tool. ઓજાર. Household fur-
રાચરચીલું, *n.* Household furniture. ઘરવખરી.
રાચવું, *vt.* Be pleased. ખુશ થવું. Shine.શોભવું.
રાજ, (સીક્રેટ )*n.*Secret.ભેદ.King.રાજા. Kingdom. રાજ્ય. [ રાજાની દીકરી.
રાજકન્યા,–કુમારી,–કુંવરી, (પ્રીન્સેસ )*n.* Princess.
રાજકવિ, *n.* Poet-laureate. રાજાનો માનીતો અને આશ્રિત કવિ. [ કામકાજ.
રાજકાજ,–કારભાર, *n.* State-affairs. રાજ્યને લગતું
રાજકારણ,–નીતિ,–વિદ્યા, (પોલીટીકસ) *n.* Politics.

રાજ્યવહિવટ. [Political. રાજ્યને લગતું.
રાજકિય,-દારી,-પ્રકરણી, *a.* Kingly. રાજાને લગતું.
રાજકુંવર,-કુમાર,-પુત્ર,(પ્રીન્સ) *n.* Prince. રાજાનો દિકરો. [એક જાતનું ફરાળનું અનાજ.
રાજગરો, *n.* A corn used on fast days.
રાજગઢ, *n.* Rampart round the palace of a king. રાજાના મહેલની આસપાસનો કિલ્લો.
રાજગાદી,-પાટ, (થ્રોન) *n.* Throne. સિંહાસન.
રાજચિહ્ન, *n.* Royal ensign. મુગટ, છત્ર વગેરે [રાજાનાં ચિહ્નો.
રાજત, (સીલ્વર) *n.* Silver. રૂપું.
રાજદૂત, (એન્વોય) *n.* Envoy. રાજાનો એલચી.
રાજધાની,-નગર, (કેપીટલ) *n.* Capital. પાટનગર.
રાજન,-વી, (કીંગ) *n.* King. રાજા.
રાજબંધારણ, *n.* Constitution of the state. રાજ્યનું બંધારણ. [વંશમાં જન્મેલું.
રાજબીજ, *a.* & *n.* Of royal descent. રાજાના
રાજભવન,-મહેલ,-મંદિર, *n.* Palace. રાજાનો મહેલ.
રાજમાતા, *n.* Queen-dowager. રાજાની માતા.
રાજમાન્ય, *a.* Constitutional. રાજબંધારણથી માન્ય.
રાજમાર્ગ, (મેન રોડ) *n.* Main road. મુખ્ય રસ્તો.
રાજમુદ્રા, (રોયલ સીલ) *n.* Royal seal. રાજાની મુદ્રા.
રાજયક્ષ્મા,-રોગ, (કંઝમ્પશન) *n.* Consumption. ક્ષય.
રાજરક્ષક, (રીજન્ટ) *n.* Regent. રાજાની સગીર અવસ્થામાં તેના તરફથી રાજ ચલાવનાર અધિકારી.
રાજરાજેશ્વર, *n.* King of kings. રાજાઓનો રાજા.

રાજર્ષિં, *n.* Saintly king. ઋષિના જેવા આચારવાળો રાજા.
રાજવંશી, *a.* Of royal dynasty. રાજવંશનું; ખાનદાન.
રાજવૈદ્ય, *n.* Royal physician. રાજાનો વૈદ્ય.
રાજશાસન,-શાહી, ( મોનાર્કી ) *n.* Monarchy. રાજાની મરજી મુજબ ચાલતું રાજ્ય.
રાજવું, ( શાઈન ) *vt.* Shine. શોભવું.
રાજસ,-સી, (પેશોનેટ) *a.* Passionate. રજોગુણવાળું.
રાજસભા, *n.* Council of state. રાજાની સભા.
રાજસ્થાન, *n.* Native state. દેશી રજવાડું. Rajputana. રાજપૂતાના.
રાજહત્યા, ( રેજીસાઈડ ) *n.* Regiside. રાજાનો વધ કે [તેથી લાગતું પાપ.
રાજહંસ, ( સ્વાન ) *n.* Swan. એક જાતનો હંસ.
રાજા,-જ્યકર્તા, (કીંગ) *n.* King. રાજ કરનાર માણસ.
રાજાજ્ઞા, *n.* Royal decree. રાજાનો હુકમ.
રાજાધિરાજ,-જેન્દ્ર,-શ્વર, ( એમ્પરર ) *n.* Emperor. [શાહેનશાહ.
રાજિ,-જી, ( રો ) *n.* Row. હાર; પંક્તિ.
રાજિત, ( શાઈનીંગ ) *a.* Shining. ચમકતું.
રાજી, ( વીલીંગ ) *a.* Willing. ખુશ; સંમત.
રાજીનામું, ( રેઝીગ્નેશન ) *n.* Resignation. નોકરીમાંથી છૂટા થવાનું લખાણ.
રાજીપો, *n.* Willingness. રાજીપણું.
રાજ્ય, (કીંગડમ) *n.* Kingdom. રાજાની હકુમતનો પ્રદેશ.
રાજ્યકર્ત્રી,-જ્ઞી, ( ક્વીન ) *n.* Queen. રાણી.
રાજ્યક્રાંતિ, ( રેવોલ્યુશન ) *n.* Revolution. રાજ-

સત્તાની ઊથલપાથલ. [વિદ્યા.
રાજ્યનીતિ, (પોલીટીક્સ)*n.*Politics. રાજ્ય ચલાવવાની
રાજ્યભ્રષ્ટ, ( ડીથ્રોન્ડ ) *a.* Dethroned. રાજગાદી ઉપરથી ઊઠાડી મૂકેલું.
રાજ્યાભિષેક,–રોહણ,( કોરોનેશન ) *n.* Coronation. રાજગાદી પર બેસાડવાની વિધિ. [Quarrel. કજીયો.
રાડ, (ક્રાય) *n.*Cry. ચીસ; બૂમ. Complaint.ફરિયાદ.
રાડું, *n.* Stalk of corn.સાંઠો. Arrow.તીર. Reed.
રાણી, ( ક્વીન ) *n.* Queen. રાજાની સ્ત્રી. [બરૂ.
રાત, ( બાર્બર ) *n.* Barber. હજામ. Night. રાત્રિ.
રાતદહાડો,–દિવસ, (ઓલવેઝ)*ad.* Always. હંમેશાં.
રાતવાસો,*n.*Halt at night.રાતે ક્યાંય મુકામ કરવો તે.
રાતું, (રેડ) *a.* Red. લાલ. Engrossed in. આસક્ત.
રાતુંપીળું, ( એક્સાઈટેડ ) *a.* Excited. ઉશ્કેરાયેલું.
રાતુંમાતું, *a.* Stout and healthy. હૃષ્ટપુષ્ટ અને
રાત્રિ,–ત્રી, ( નાઈટ ) *n.* Night. રાત. [આનંદવું.
રાન, (ફોરેસ્ટ)*n.* Forest. જંગલ.Waste. ઉજ્જડ પ્રદેશ.
રાની, ( રસ્ટીક ) *a.* Rustic. જંગલી.
રાફ, –ડો, *n.* Hole of a snake. સાપનું દર. Ant-
રાબ,(ગ્રુએલ)*n.* Gruel. ઘેંશ;ભરકડું.[hill. કીડીનું દર.
રાબેતો, ( કસ્ટમ ) *n.* Custom. ધારો; રિવાજ.
રાબું, (રસ્ટીક) *a.* Rustic. અણઘડ.[money. આનો.
રામ, ( સોલ ) *n.* Soul. આત્મા; જીવ. One anna
રામકહાણી, *n.* Tale of distress. વીતકકથા.
રામજણી,–ની, *n.* Dancing girl. નાચનારી.

રામઢોલ, *n.* Large drum. મોટું ઢોલ.
રામપાત્ર,–તર,*n.*An earthen vessel. બટેરૂં; શકોરૂં.
રામબાણ, ( ઈનફેલીબલ ) *a.* Infallible. અમોઘ; નિષ્ફળ ન જાય એવું.
રામરામ, *n.* Salutations. નમસ્કારનો બોલ.
રામા, ( વુમન ) *n.* Woman. સ્ત્રી.
રામી, ( ગાર્ડનર ) *n.* Gardener. માળી.
રામોશી,–સી, (વૉચમેન) *n.* Watchman. ચોકિયાત; પટાવાળો.
King. રાજા.
રાય, ( ઓપીનીયન ) *n.* Opinion. ધારણા; અભિપ્રાય.
રાયકો, ( શેફર્ડ ) *n.* Shepherd. રબારી.
રાયજાદી, ( પ્રીન્સેસ ) *n.* Princess. રાજકુંવરી.
રાયણ, ( ફ્રુટ ) *n.* Fruit. એક ફળ.
રાયવર, *n.* Bridegroom. વરરાજા.
રાવ, ( કીંગ ) *n.* King. રાજા Complaint. ફરિયાદ. Slander. ચાડી. Cry for redress.સહાયતા માટેની આજીજી.
[ ગોળ છત્રુ.
રાવટી,–ઠી, *n.* Small tent. નાનો તંબુ. Terrace.
રાવણિયો,*n.*Village watchman. ગામનો ચોકીદાર.
રાવણું, ( એસેમ્બ્લી ) *n.* Assembly. રજપૂત ઠાકોરોની મિજલસ. Barracks. સિપાઈઓને રહેવાનું ઠેકાણું.
રાવત, ( ગ્રુમ ) *n.* Groom. ઘોડાવાળો. *a.* Brave. શૂરવીર. Clever. ચાલાક.
રાશ, (કોર્ડ )*n.* Cord. દોરડું. Rein. લગામ. Partnership.ભાગીદારી.Average.સરાસરી.Heap.ઢગલો.

રાશિ, (હીપ) Heap. ઢગલો. Quantity. ગણિતનો આંકડો. Sign of the zodiac. નક્ષત્ર.
રાશિચક્ર, (ઝોડીયાક) *n.* Zodiac. રાશિમંડળ.
રાશી, (બેડ) *a.* Bad. ખરાબ.
રાષ્ટ્ર, (કંટ્રી) *n.* Country. દેશ. Kingdom. રાજ્ય.
રાષ્ટ્રવાદ, (નેશનેલીઝમ) *n.* Nationalism. રાષ્ટ્ર એક સ્વતંત્ર ઘટક છે માટે તેનું હિત સાધવું તેવો વાદ.
રાષ્ટ્રસંઘ, *n.* League of Nations. રાષ્ટ્રોનો સંઘ.
રાષ્ટ્રિય,-ષ્ટ્રીય, (નેશનલ) *a.* National. રાષ્ટ્રનું-તેને [લગતું.
રાસ, (ડેન્સ) *n.* Dance. એક નૃત્ય.
રાસભ, (એસ) *n.* Ass. ગધેડો.
રાસો, *n.* Heroic poem. એક પ્રકારનું વીરરસ કાવ્ય.
રાસ્ત, (ટ્રુ) *a.* True. વાજબી; યોગ્ય.
રાસ્તી, (ટ્રુથ) *n.* Truth. રાસ્તપણું.
રાહ, (વે) *n.* Way. માર્ગ. Mode. રીત. Waiting. [પ્રતિક્ષા.
રાહદારી, (ટ્રાવેલર) *n.* Traveller. મુસાફર.
રાહબર, (ગાઇડ) *n.* Guide. ભોમિયો.
રાહત, (ઇઝ) *n.* Ease. નિરાંત; આરામ.
રાળ, (રેઝીન) *n.* Resin. ઝળ સળગી ઉઠે એવો એક [પદાર્થ.
રાળવું, *vt.* Make smooth. લીસું કરવું. Settle. પતાવવું.
રાંક, (અમ્બલ) *a.* Humble. ગરીબ; લાચાર.
રાંગ, *n.* Passage round the wall of a rampart. કોટની દીવાલની બાજુ.
રાંટ, (કર્વ) *n.* Curve. વાંક; વલણ. Disagreement. [અણબનાવ.
રાંટું, (કર્વ્ડ) *a.* Curved. વાંકું.

રાંડ, ( વીડો ) *n.* Widow. વિધવા. Harlot. વેશ્યા.
રાંડવું, *vt.* Become a widow. વિધવા થવું. *a.* Coward. બાયલું.
રાંડવો, *n.* Womanish fellow. બાયલો; નામર્દ.
રાંઢવું, ( રોપ ) *n.* Rope. દોરડું.
રાંધણિયું,-ણી, ( કીચન ) *n.* Kitchen. રસોડું.
રાંધવું, ( કુક ) *vt.* Cook. ખોરાક પકવવો.
રાંપડી, *n.* Weeding plough. નકામું ઘાસ કાઢી નાખવાનું ખેતીનું એક ઓજાર.
રાંપવું, ( વીડ ) *vt.* Weed. નકામું ઘાસ કાઢી નાખવું.
રાંપી, *n.* A cobbler's tool. મોચીનું એક ઓજાર.
રિઝવટ, *n.* Act of pleasing. ખુશ કરવું તે.
રિઝાવવું, ( પ્લીઝ ) *vt.* Please. ખુશ કરવું.
રિઝાવું, રીઝવું,(બી પ્લીઝડ)*vt.*Be pleased.ખુશ થવું.
રિદ્ધિ,-સિદ્ધિ, ( પ્રોસપેરીટી ) *n.*Prosperity. સમૃદ્ધિ.
રિપુ, ( એનીમી ) *n.* Enemy. દુશ્મન.
રિબાવવું, (ટોરમેન્ટ) *vt.* Torment.હેરાન કરવું;પીડવું.
રિબાવું, *vt.* Be tormented. હેરાન થવું.
રિયાસત, ( સ્ટેટ ) *n.* State. રાજ્ય; જાગીર.
રિવાજ, ( કસ્ટમ ) *n.* Custom. ધારો; ચાલ.
રિશ્તેદાર, ( રીલેટીવ ) *a.* & *n.* Relative. સગું.
રિશ્વત, ( બ્રાઇબ ) *n.* Bribe. લાંચ. [ જનક.
રિષ્ટ, ( ઇલલક ) *n.* Ill-luck.અનિષ્ટ.*a.*Sinful. પાપ-
રિસામણું, *n.* & *a.* Taking offence. રીસાળ.
રિસાવું, *vt.* Take offence. ક્રોધથી નારાજ થવું.

રિસાવવું, *vt.* Offend. રીસે ભરાય તેમ કરવું.
રિસાળ, *a.* Taking offence. રિસાય એવું.
રીઝ, ( પ્લેઝર ) *n.* Pleasure. આનંદ; ખુશી.
રીઝવવું, ( પ્લીઝ ) *n.* Please. ખુશ કરવું.
રીડ, ( ક્રાય ) *n.* Cry. બૂમ; પોકાર. [ અનુભવી.
રીઢું, *a.* Experienced. વપરાઇને મજબૂત થયેલું;
રીત,-તિ, (મેનર)*n.* Manner. તરેહ; પદ્ધતિ. Mode. શૈલી.
રીતભાત, ( મેનર્સ ) *n.* Manners. વર્તણુક.
રીતસર, ( મેનર્લી ) *ad.* Mannerly. રીત પ્રમાણે.
રીતે, ( એઝ ) *ad.* As. તરીકે.
રીબવું, *vt.* Torment. ખૂબ દુઃખ આપવું.
રીસ, ( ઇરીટેશન ) *n.* Irritation. ગુસ્સો.
રીંગણ,-ણું, (બ્રીંજલ) *n.* Brinjal. એક શાક.
રીંછ, ( બેર ) *n.* Bear. એક રાની હિંસ પ્રાણી.
રુઆબ, ( પૉમ્પ ) *n.* Pomp. રોફ.
રુકાવટ, ( હીન્ડ્રન્સ ) *n.* Hindrance. રોકાણ.
રુક્કો, *n.* Short note. ટૂંકી ચિઠ્ઠી.
રુખ, ( ચીક ) *n.* Cheek. ગાલ. Face. ચહેરો.
રુક્ષ, ( ડ્રાય ) *a.* Dry. શુષ્ક. Hard. કઠોર.
રુખસત,-દ,(ડીસ્મીસલ )*n.* Dismissal. બરતરફી; રજા.
રુગ્ણ, ( સીક ) *a.* Sick. માંદું.
રુગ્ણાલય, ( હૉસ્પીટલ ) *n.* Hospital. દવાખાનું.
રુચવું, ( લાઇક ) *vt.* Like. ગમવું.
રુચિ, ( ડીઝાયર ) *n.* Desire. ઈચ્છા.
રુચિકર, ( પ્લીઝીંગ ) *a.* Pleasing. ગમે તેવું; સુંદર.

રૂચિર, ( બ્રાઇટ ) *a*. Bright. તેજસ્વી.
રુઝાવું, *vt*. Be healed. ઘા પુરાઈ ઉપર નવી ચામડી આવવી.
રુદન, (વીપીંગ) *n*. Weeping. રડવું તે.
રુદ્ધ, *a*. Impeded. રોકાયેલું; રૂંધાએલું.
રુદ્ર, (શીવ) *n*. Shiva. મહાદેવ. *a*. Dreadful. ભયાનક.
રુધિર, (બ્લડ) *n*. Blood. લોહી. [લોહીનું હરવું ફરવું તે.
રુધિરાભિસરણ, *n*. Circulation of the blood.
રુબાયત, ( કપ્લેટ ) *n*. Couplet. ચોપાઈ.
રુવાટી, ( હેર ) *n*. Hair. કુમળા અને ઝીણા વાળ.
રુશનાઈ, ( ઈંક ) *n*. Ink. શાહી.
રુશવત, ( બ્રાઈબ ) *n*. Bribe. લાંચ.
રુષ્ટ, ( એંગ્રી ) *a*. Angry. ક્રોધે ભરાયેલું.
રુસવાઈ, ( ડીસ્ગ્રેસ ) *n*. Disgrace. ફજેતી.
રુંડ, (હેડ) *n*. Head. માથું. *a*. Lame. અપંગ.
રુંધન, (હીન્ડરીંગ) *n*. Hindering. રોકવું કે ગૂંગળાવવું તે.
રૂ,–ત, ( કોટન ) *n*. Cotton. બી કાઢી લીધેલો કપાસ.
રૂએ, *prep*. According to. પ્રમાણે;–ને આધારે.
રૂખ, (ઈંક્લીનેશન ) *n*. Inclination. વલણ. Opinion.
રૂઝવું, *vt*. Be healed. રૂઝાવું. [વિચાર. Opportunity. મોખ
રૂઠવું, *vt*. Be angry. ક્રોધે ભરાવું.
રૂડું, ( ગુડ ) *a*. Good. સારૂં. Beautiful. સુંદર.
રૂઢ, ( કસ્ટમરી ) *a*. Customary. ઘણા કાળથી વપરાશમાં હોવાથી દ્રઢ થયેલું.
રૂઢિ, ( કસ્ટમ ) *n*. Custom. રિવાજ; ધારો.
રૂપ, ( શેપ ) *n*. Shape. આકાર. Beauty. સૌંદર્ય.

રૂપક, *n.* Metaphor. અર્થલંકાર. [*a.* Like. સરખું.
રૂપજીવા,-જીવિની, ( હાર્લોટ ) *n.* Harlot. વેશ્યા.
રૂપરેખા, ( આઉટલાઇન ) *n.* Outline. આછો ખ્યાલ.
રૂપવતી,-વાળી,-વાળું,(બ્યુટીફુલ)*a.*Beautiful.સુંદર.
રૂપાંતર,*n.* Transformation.રૂપમાં ફેરફાર; અન્ય રૂપ.
રૂપિયો, ( રૂપી ) *n.* Rupee. સોળ આનાની કિંમતનો
રૂપું, (સીલ્વર) *n.* Silver. એક ધાતુ. [રૂપાનો સિક્કો.
રૂપેરી, ( સીલ્વરી ) *a.* Silvery. રૂપા જેવું.
રૂબરૂ, *ad.* In the presence of. સમક્ષ.
રૂમઝુમ, *ad.* Soundingly. ઝાંઝરનો અવાજ.
રૂમાલ, ( હૅન્ડકરચીફ ) *n.* Handkerchief. હાથમાં રાખવાનો લૂગડાનો કકડો.
રૂવું, રૂંવું, ( હેર ) *n.* Hair. રુવાટું.
રૂસણું, *n.* Taking offence. રિસાવું તે.
રૂહ, ( સોલ ) *n.* Soul. આત્મા; જીવ.
રૂંગું, ( વીપીંગ ) *n.* Weeping. રુદન.
રૂંધવું,(હીન્ડર)*n.*Hinder. રોકવું.Strangle.ગૂંગળાવવું.
રે, *int.* Term of address. સંબોધનનો ઉદ્‌ગાર.
રેખા,-ષા, ( લાઇન ) *n.* Line. લીટી; આંકો.
રેખાગણીત, ( જ્યોમેટ્રી ) *n.* Geometry. ભૂમિતિ.
રેખાચિત્ર, ( સ્કેચ ) *n.* Sketch. ટૂંકું નિરૂપણ.
રેખાંશ, ( લોંજીટયુડ ) *n.* Longitude. ઉત્તર અને દક્ષિણ ધ્રુવમાંથી પસાર થતી પૃથ્વીના ગોળાપરની લીટી.
રેચ, ( પર્જેટીવ ) *n.* Purgative. જુલાબ.
રેચક, *a.* Laxative. જુલાબ કરે એવું.

રેન્ટો, *n.* Piece of silken cloth. કાંચળીમાં વપરાતો રેશમી લૂગડાનો કકડો.
રેડવું, ( પોર ) *vt.* Pour. પ્રવાહીની ધાર કરવી.
રેઢીયાળ, *a.* Good-for-nothing. નકામું.
રેઢું, *a.* Uncared for. સંભાળ વિનાનું. Dense.ગાઢું.
રેણ, (નાઈટ) *n.* Night. રાત્રિ. Atom. રજ.Cement for metallic articles. ધાતુની સંધિ કરવાનું કારણ.
રેણવું, *vt.* Cement metallic articles. ધાતુના વાસણને સાંધવું.
રેણુ,(ડસ્ટ)*n.* Dust. ધૂળ.Atom.રજ.
રેત, ( સીમન ) *n.* Semen. વિર્ય. Sand. ઝીણી રેતી.
રેતાળ, ( સેન્ડી ) *a.* Sandy. રેતીવાળું.
રેતી, ( સેન્ડ ) *n.* Sand. વાલુકા; પત્થરનો ઝીણો ભૂકો.
રેન, ( નાઇટ ) *n.* Night. રાત્રિ.
રેફ, *n.* Mark. અક્ષર ઉપર કરાતું ' આવું ચિહ્ન.
રેબઝેબ,*ad.*Full of perspiration. પરસેવાથી નીતરતું.
રેલ, (ફલડ) *n.* Flood. પૂર. Abundance. પુષ્કળતા.
રેલમછેલ, *n.* Overflowing. રેલીને છલકાઈ જવું તે.
રેલવું, ( ફ્લો ) *vt.* Flow. રેલ આવવી; જોસથી વહેવું. Pour. રેડવું. *n.* Water-snake. પાણીનો સાપ.
રેલાવું,*vt.*Be poured. ઢોળાવું. Spread.રેલો આવવો.
રેલો, ( સ્ટ્રીમ ) *n.* Stream. નાનો પ્રવાહ.
રેવડી, (ડીસ્ગ્રેસ) *n.* Disgrace. ફજેતી.Sweetmeat. એક ખાવાની બનાવટ.
રેવત,-વંત, ( હોર્સ ) *n.* Horse. ઘોડો.
રેવંચી, ( રૂબાર્બ ) *n.* Rhubarb. એક ઔષધિ.

રેવા,-જી, *n.* River Narmada. નર્મદા નદી.
રેવાલ,-ળ, ( ટ્રોટીંગ ) *n.* Trotting. ઘોડાની ચાલ.
રેશમ, ( સીલ્ક ) *n.* Silk. કોશેટા કીડાની લાળમાંથી
રેશમી, ( સીલ્કન ) *a.* Silken. રેશમનું. [બનતું કાપડ.
રેસાદાર, ( ફીબ્રસ ) *a.* Fibrous. રેસાવાળું.
રેસો, ( ફીબ્ર ) *n.* Fibre. તંતુ.
રેંકડી, *n.* Small bullock-cart નાની બળદગાડી.
રેંજીપેંજી, (ટીમીડ) *a.* Timid. નમાલું; ઉત્સાહ વગરનું.
રેંટ, *n.* Water-wheel. કૂવામાંથી પાણી કાઢવાની ઢોચકાવાળી ચક્કરની યોજના.
રેંટીયો, *n.* Spinning-wheel. હાથે સૂતર કાંતવાનું
રૈયત,(સબજેક્ટસ) *n.*Subjects.પ્રજા.[ચક્રનું એક સાધન.
રો, ( લીમીટ ) *n.* Limit. હદ; શુમાર.
રોકકળ,-ળાટ, *n.* Bewailing. રડારોળ.
રોકડ, ( કેશ ) *n.* Cash. રોકડા પૈસા.
રોકડું, ( કેશ ) *a.* & *n.* Cash. ઉધાર ન રાખેલું.
રોકવું, ( સ્ટોપ ) *vt.* Stop. અટકાવવું. Engage. કામે વળગાડવું.
રોકાણ, ( હીન્ડ્રન્સ ) *n.* Hindrance. અટકાયત.
રોગ, ( ડીસીઝ ) *n.* Disease. વ્યાધિ; શરીરનો વિકાર.
રોગચાળો, *n.* Spread of an epidemic disease. રોગનો ફેલાવો. [એક જાતનું મિશ્રણ.
રોગાન,(વાર્નીસ) *n.* Varnish.તેલ,મીણ, લાખ વગેરેનું
રોગિષ્ટ,-ગી, ( સીક ) *a.* Sick. માંદું.
રોચક, ( ટેસ્ટી ) *a.* Tasty. રૂચી કરાવે તેવું.

રોજ, ( ડે ) *n.* Day. દિવસ. Daily wages. એક દિવસની મજૂરી. *ad.* Daily. હમેશ.
રોજગાર,-રી,(ઓકયુપેશન)*n.*Occupation. કામધંધો.
રોજનીશી, ( ડાયરી ) *n.* Diary. દરરોજના કામની નોંધપોથી.
[લખવાનો ચોપડો.
રોજમેળ, ( ડે-બુક ) *n.* Day-book. રોજનો હિસાબ
રોજરોજ,-જંદા, ( ડેલી ) *ad.* Daily. હંમેશ.
રોજિંદાર, *n.* Day-labourer. રોજથી કામ કરનાર.
રોજિંદુ, ( ડેલી ) *a.* Daily. રોજનું.
રોજો, (ટોમ્બ) *n.* Tomb. કબર. Fast. મુસલમાનોનો ઉપવાસનો દિવસ.
[ જંગલી પશુ.
રોઝ, ( એનીમલ ) *n.* Animal. ઘોડા જેવું એક
રોટલી,-ટી, *n.*Thin flat cake. ઝીણી પાતળી ઘઉંના લોટની એક વાની.
[આજીવિકા.
રોટલો, *n.* Thick cake. જાડી રોટલી. Livelihood.
રોટીવહેવાર,*n.* Inter-dining connection. જમવા-જમાડવાનો સંબંધ.
[ ગબડાવવું.
રોડવવું ( ટોલરેટ ) *vt.* Tolerate. નભાવવું. Roll.
રોડું, ( બ્રીકબેટ ) *n.* Brickbat. ઈંટનો કકડો.
રોતડ,-લ, *a.* Habituted to cry. ઝટ રોઈ પડે એવું.
રોદડું-ણું, *n.* Tale of sorrow. વિતકકથા.
રોધ, ( સ્ટોપીંગ ) *n.* Stopping. અટકાવ.
રોધક, ( સ્ટોપીંગ ) *a.* Stopping. અટકાવતું.
રોધવું, ( સ્ટોપ ) *vt.* Stop. અટકાવવું.
રોન, *n.* Night watch. રાતની ચોકી માટે ફરવું તે.

રોનક, ( સ્પ્લેન્ડર ) *n.* Splendour. તેજ; ભપકો.
રોનકદાર, *a.* Splendid. રોનકવાળું.
રોપ,-પો, ( પ્લાન્ટ ) *n.* Plant. છોડ.
રોપણ,-ણી, *n.* Planting. વાવણી.
રોપવું, ( પ્લાન્ટ ) *vt.* Plant. વાવવું.
રોફ,-બ, (વેનીટી) *n.* Vanity. ગર્વ. Pomp. ભભકો.
રોફી, ( પોમ્પસ ) *a.* Pompous. ભપકદાર.
રોબડ, ( રસ્તક ) *a.* Rustic. જડ. Fool. મૂર્ખ.
રોમ, ( હેર ) *n.* Hair. રૂવાડું.
રોમાંચ, (થ્રીલ)*n.*Thrill. શરીર પરનાં રૂંવા ઉભાં થવાં તે.
રોમાંચિત, (થ્રીલ્ડ)*a.*Thrilled. રોમાંચ થયો હોય એવું.
રોયું, ( રેચેડ ) *a.* Wretched. પીટ્યું; રડ્યું.
રોલું, ( ડલ ) *a.* Dull. બાધું; જડ.
રોવું, ( વીપ ) *vt.* Weep. રડવું.
રોશન,(બ્રાઇટ) *a.* Bright. તેજસ્વી.Apparent જાહેર.
રોશનાઈ, ( લાઈટ ) *n.* Light. પ્રકાશ. Ink. શાહી.
રોષ, ( રૅાથ ) *n.* Wrath. ગુસ્સો.
રોષિત, ( એંગ્રી ) *a.* Angry. રોષવાળું.
રોષાવું, *vt.* Be angry. ગુસ્સે થવું.
રોહ, ( બડ ) *n.* Bud. કળી; અંકુર.
રોળ, ( પ્લેગ્સ ) *n.* Plague. મરકી. Tumult. શોરબકોર.Ruin.પાયમાલી.Large quantity.મોટો જથ્થો.
રોળવાવું, *vt.* Be angry. ગુસ્સે થવું.
રોળવું, ( ક્રશ ) *vt.* Crush. મસળવું.Plane. ચોળવું.
રોળો, (અપરોર)*n.* Uproar. ઘોંઘાટ.Income. કમાઈ.

રેંચુ, (રસ્ટીક) *a.* Rustic. ગામઠિયું.
રેંચો, (વીલેજર) *n.* Villager. રાભો; જડસો.
રેંઢો, *n.* Aftermoon meal. ત્રીજા પહોરનું જમણ.
રૌદ્ર, (ડ્રેડફુલ) *a.&n.* Dreadful, ભયંકર. Severe. [કડક.
રૌપ્ય, (સીલ્વર) *a.* Silver. રૂપાનું.
રૌરવ, *n.* One of the hells. એક નરક.

## લ

લ, *n.* Twenty eighth consonant of the Guja-rati Alphabet, and a semi-vowel. ગુજરાતી મૂળાક્ષરોનો અઠાવીશમો વ્યંજન, અને ચાર અર્ધસ્વરો-માંનો ત્રીજો. [ટાળબંધ.
લકડધકડ,-ક્કડધક્કડ, (સ્પીડીલી) *ad.* Speedily.ઝપા-
લકવો, (પેરેલીસીસ) *n.* Paralysis. પક્ષાઘાત.
લકીર, (લાઇન) *n.* Line. લીટી; રૈખા.
લકુંબો,-કૂંબો, (મોર્સલ) *n.* Morsel. કોળિયો.
લક્કડ, (વુડ) *n.* Wood. લાકડું.
લક્કડકામ, (કાર્પેન્ટ્રી) *n.* Carpentery. સુતારીકામ. Wood-work. લાકડાનું કામ.
લક્કડખોદ, (વુડ-પેકર)*n.* Wood-pecker. એક પક્ષી.
લક્કડફોડો, *n.* Wood cutter. લાકડાં ફાડનારો.
લક્ષ, *a.* Hundred thousand. લાખ. *n.* Attention. ધ્યાન. Aim. નિશાન.
લક્ષણ,-ખણ, (સીમ્પટમ) *n.* Symptom. ચિહ્ન.

Quality.ગુણ.Conduct.વર્તન.Definition.વ્યાખ્યા.
લક્ષધા, *ad.* In hundred ways. લાખ રીતે.
લક્ષવું, (એઈમ) *vt.* Aim. તાકવું. Guess. અટકળ કરવી. Discover. શોધી કાઢવું.
લક્ષાધિપતિ,-ખપતિ,-ખેશરી, (મીલીયોનર)*n.*Millionaire. લાખ રૂપિયાની પૂંજીવાળો. [દોલત.
લક્ષ્મી, *n.*Goddess of wealth. ધનની દેવી.Riches.
લક્ષ્મીવંત,-વંતુ,-વાન, (રીચ) *a.* Rich. શ્રીમંત.
લક્ષ્ય, *a.*Worthy of attention. લક્ષ આપવા જેવું. *n.* Aim. નિશાન. Object. હેતુ.
લખ, *a.* Hundred thousand. લાખ. *n.* Wealth. લક્ષ્મી. Vicious propensity. લત; છંદ.
લખત, (એગ્રીમેન્ટ) *a.* Agreement. કરાર.
લખલખવું, *vt.*Be uneasy.પીડા થવી.Shine.ચકચકવું.
લખલખાટ,-ટો, *n.* Uneasiness. બેચેની. Brilliance. ચળકાટ.
લખલૂટ, (એબનડંટ) *a.* Abandant. પુષ્કળ; બેશુમાર.
લખવું, (રાઈટ) *vt.* Write. લખાણ કરવું. Observe. અવલોકવું. [મહેનતાણું.
લખાઈ,-મણ,-ણી,*n.*Wages for writing.લખવાનું
લખારો, *n.* Idle and useless talk.નકામો ટકટકાટ.
લખાવટ, *n.*Mode of writing.લખવાની રૈલી. Writing.લખાણ.
લખાણ,*n.*Writing.લખવું કે લખેલું તે. [ting.લખાણ.
લખિતંગ, *n.* Writer of the above. લખનાર.
લખોટી,-ટો, *n.*Marble. કાચ કે પત્થરની નાની ગોળી.

લખોટો, *n.* Sealed cover. કાગળોનો સીલબંધ બીડો.
લગડી, *n.* Bar of gold or silver. સોના કે ચાંદીની પાટ.
લગત, ( નીયર ) *a.* Near. નજીકનું. *ad.* With. સાથે; જોડે. *n.* Relation. સંબંધ. [નજીકનું.
લગતું, *a.* Pertaining to. લાગુ પડતું; સંબંધી. Near.
લગન,—જુઓ 'લગ્ન'; 'લગની'. [મોસમ.
લગનગાળો,-સરા, *n.* Marriage season. લગનની
લગની, ( એટેચમેન્ટ ) *n.* Attachment. રઢ; લત.
લગભગ, ( ઑલમોસ્ટ ) *ad.* Almost. આશરે. Being close to. અડોઅડ.
લગાડવું,-વવું, (એપ્લાય) *vt.* Apply. ચોપડવું. Fix. વળગાડવું. Kindle. સળગાવવું. Engage. કામે લગાડવું.
લગાતાર, *ad.* Continuously. સતત; લાગલાગટ.
લગામ, (રેઈન) *n.* Rein. ઘોડાના મોંનું લોઢાનું ચોકઠું-દોરી.
લગાર,-રેક,-ગરીક, ( લીટલ ) *a.* Little. થોડું. *ad.* For a while. થોડા વખત માટે.
લગી,-ગણ, (ટીલ) *ad.* Till. સુધી. [છેક પાસે; અડીને.
લગોલગ, *ad.* Almost. લગભગ. Being close to.
લગ્ન, *a.* Attached to. વળગેલું; લીન. *n.* Time for marriage. પરણવાનું મુહૂર્ત. Marriage. પરણવું તે; વિવાહ. A period of two hours. જેટલો સમય પૃથ્વી એક રાશિમાં રહે તેટલો વખત.
લઘુ, (સ્મોલ) *a.* Small. નાનું. Light. હલકું. Easy. સહેલું. Short. ટૂંકું. Of short vowel. હ્રસ્વ; એક માત્રાનું.
લઘુકોણ, *n.* Acute angle. નાનો ખૂણો.

લઘુતમ, (લીસ્ટ) *a.* Least. સૌથી નાનું. *n.* Minimum. સૌથી નાનામાં નાની રકમ.

લઘુતા-,ઈ,-ત્વ, *a.* Smallness. લઘુપણું.

લઘુશંકા, *n.* Passing of urine. પેશાબની હાજત.

લઘુકરણ, *n.* Reduction. ઓછું કે હલકું કરવું તે.

લચક, (ગેટ) *n.* Gait. ચાલ; મચકોડ.

લચકવું, *vt.* Receive a sprain. કરમોડાવું. Walk gracefully. મરડાટથી ચાલવું.

લચકો, (લંપ) *n.* Lump. લોચો.[લોચા જેવું હોય તેમ.

લચપચ, *ad.* Being viscid. પ્રવાહીથી તરબોળ અને

લચપચવું, *vt.* Be in viscid state. લચપચ થવું.

લચવું, *vt.* Sink under pressure. ભારથી નમી જવું.

લચ્છો, *n.* String soaked in and glazed by glass-powder. માંજો; પાયેલા દોરની આંટી. An ornament for toe or finger of the leg. પગનાં આંગળાંનું એક ઘરેણું

લજવવું, *vt.* Put to shame. લાજે એમ કરવું.

લજામણી, (પ્લેન્ટ) *n.* Plant. એક છોડ.

લજામણું, (શેમફુલ) *a.* Shameful. લાજ આવે તેવું.

લજ્જા,(શેમ) *n.*Shame. શરમ. Disgrace. અપકીર્તિ.

લજ્જાન્વિત,-વાન,-ળું,-યમાન-શીલ, (બેશફુલ) *a.* Bashful. શરમાળ.

લજ્જિત, (અશેમ્ડ) *a.* Ashamed. શરમાયેલું.

લટ, *n.* Lock of hair. થોડા વાળની સેર. String of pearls. મોતીની સેર.

લટક,-કું,-કો,(ગેટ) *n.* Gait. મચકો; લટકો. Air. છટા.
લટકણુ,-કણિયું,(હેંગીંગ) *a.* & *n.* Hanging. ઝૂલતું.
લટકવું, (હેંગ) *vt.* Hang. ઝૂલવું. Remain. supportless. ટંગાવું.
લટકોમટકો, *n.* Graceful gesture of the eyes and the body. આંખ અને શરીરનો ચાળો; નખરૂં.
લટવું, ( યીલ્ડ ) *vt.* Yield. નમી પડવું.
લટાર, ( રાઉન્ડ ) *n.* Round. આંટો; ફેરો.
લટ્ટુ, ( સ્ટીલ ) *a.* Still. સ્તબ્ધ. Dependent. પરવશ. *n.* Top. ભમરડો.
લઠ,-ઠ્ઠ, (સ્ટાઉટ) *a.* Stout. મજબૂત *n.* Stick. ડંગોરો.
લડત, ( ફાઈટ ) *n.* Fight. લડાઈ.
લડવાડ, ( કવેરલ ) *n.* Quarrel. ટંટો; ઝઘડો.
લડવું, (ફાઇટ) *vt.* Fight. લડાઈ કરવી. Scold. ઠપકો
લડવૈયો. ( વૉરીયર ) *n.* Warrior. યોદ્ધો. [દેવો.
લડંલડા,-ડી,-ડાલડ,-ડી, (ફાઈટ) *n.* Fight. મારામારી.
લડાઇ, ( ફાઈટ ) *n.* Fight. લડવું તે. Battle. યુદ્ધ.
લડાઈખોર, *a.* Quarrelsome. લડવાના સ્વભાવવાળું.
લડાયક, *a.* Warlike; belligerent. લડી શકે એવું.
લડાવવું, *vt.* Set to quarrel. લડે એમ કરવું Fondle.
લઢણ,(હેબીટ) *n.* Habit. ટેવ. Style. રીત. [લાડ લડાવવાં.
લણણી, ( રીપીંગ) *n.* Reaping. લણવાની ક્રિયા.
લણવું, ( રીપ ) *n.* Reap. પાક ઉતારવો. Gain. ફળ મેળવવું. [લગની.
લત, (હેબીટ) *n.* Habit. ટેવ; વ્યસન. Craving for.

લતા,-તિકા, *n.* Creeping plant. વેલ. [માંડવો.
લતાકુંજ,-ગૃહ,-મંડપ, (આર્બર) *n.* Arbour. વેલનો
લતીફ, (વર્ચ્યુઅસ)*a.* Virtuous.સદ્ગુણી.Good.સારૂં.
લત્તાપ્રહાર, *n.* Kicking. લાતો મારવી તે.
લત્તો, ( વૉર્ડ ) *n.* Ward. શહેરનો ભાગ; મહોલ્લો.
લથડપથડ,-થરવથર, *ad.* Being soaked in water. પાણીથી ભીંજાઈને તરબોળ હોય તેમ.
લથડવું-ડથડવું, ( સ્ટંબલ ) *vt.* Stumble. ઠોકરથી ગોથું ખાવું. Stammer. બોલતાં અચકાવું.
લથડિયું, ( સ્ટંબલ ) *n.*Stumble. ગોથું; અડબડિયું.
લથબથ, *ad.* Grappling with. એક બીજાને જોરથી વળગ્યાં હોય તેમ. [લચકા જેવું હોય તેમ.
લદબદ, *ad.* Being soaked in. પ્રવાહીથી ભરપૂર
લદાવું, *vt.* Be loaded with burden. લદાવાય એમ કરવું.
લપ, (પેસ્ટ) *n.* Pest. પીડા; લફ્ફ.*ad.* Hastily. ઝટ.
લપકારો, *n.* Trembling sensation. વેદનાથી કોઈ અવયવનું લબૂકલબૂક થવું તે. [બાલમેલ; કાવતરૂં.
લપછપ,-પ્પનછપ્પન, *n.* Fradulent complicity.
લપટાવવું, *vt.* Get ensnared. ફસાવવું.
લપડાક,-પાટ, ( સ્લેપ ) *n.* Slap. તમાચો; થપ્પડ,
લપલપ,-પાટ,(પ્રેટલીંગ) *n.*Prattling.બકબક;લવારો.
લપવું,-પાવું, *vt.* Be hidden. સંતાવું.
લપસણું, (સ્લીપરી) *a.* Slippery. લપસી જવાય એવું.
લપસવું, ( સ્લીપ )*vt.* Slip. ખસી પડવું; સરી પડવું.

લપસિંદર, *n.* Useless long talk. નકામી લાંબી વાત.
લપેટવું, (એનરેપ) *vt.* Enwrap. વીંટવું. Implicate. સંડોવવું. [ ખૂબ વણાટવાળું રેશમી કાપડ.
લપેટો, (કવરીંગ) *n.* Covering. ઢાંકણ. Rich brocade.
લપેડવું, ( બીસ્મીયર ) *vt.* Besmear. ચોપડવું; ખરડવું.
લપેડો, -લપરડો, *n.* Besmearing. જાડો લેપ.
લપ્પટ, *a* Stuck. સજ્જડ ચોંટેલું.
લફડફફડ, -ફરફફર, *a.* Hanging and loose. લટકતું
લફરું, ( પેસ્ટ ) *n.* Pest. ઉપાધિ. [અને ઢીલું.
લફંગું, ( ડીબૉશ ) *a.* Debauch. વ્યભિચારી. Shame-
લફ્જ, -વજ, ( વર્ડ ) *n.* Word. શબ્દ. [less. નિર્લજ.
લબડધક્કે, (હાયહેન્ડલી) *ad.* High-handedly. બળા-
લબડવું, (હેંગ) *vt.* Hang. લટકવું. [ત્કારે; દમથી.
લબદાવું, *vt.* Be soaked in. પ્રવાહીથી તરબોળ થવું. Be implicated. સંડોવાવું. [ફાટેલાં લૂગડાંનો જથો.
લબાચો, *n.* Collection of old clothes etc. મેલાં
લબાડ, -ડી, (ફૉલ્સ) *a.* False. જૂઠું બોલવાની ટેવવાળું.
લબુલબુ, -બૂકબૂક, *ad.* Having trembling sensation due to fear. બીકથી લપલપ થાય તેમ.
લબ્ધ, ( એક્વાયર્ડ ) *a.* Acquired. મેળવેલું.
લબ્ધિ, (ગેન) *n.* Gain. પ્રાપ્તિ. Result. પરિણામ; જવાબ.
લબ્બેક, *n.* Term of subordination. સેવામાં હાજર છું" એવા ભાવનો ઉદ્ગાર.
લભ્ય, *a.* That can be acquired. મળી શકે એવું.
લમણું, -ણો, ( ટેમ્પલ ) *n.* Temple. ગાલની ઉપરનો

કાન આગળનો માથાનો ભાગ. [ing.માથાફોડ.
લમણાંઝીંક,-તોડ,( હેડ બ્રેકીંગ ) *n.* Head-break-
લય, ( ડીસ્ટ્રક્શન ) *n.* Destruction. નાશ. Absorption. લીનતા. Pause. વિરામ.
લયાકત, ( ફીટનેસ ) *n.* Fitness. યોગ્યતા.
લયાનત, (ઈગ્નોમીની) *n.* Ignominy. શરમ; નામોશી.
લલકારવું, *vt.* Sing aloud. લાંબે સ્વરે ગાવું.
લલચાવવું, (એલ્યોર) *vt.* Allure. લલચાય એમ કરવું.
લલચાવું, *vt.* Be allured. લાલચમાં ફસાવું.
લલના, *n.* Beautiful women. સુંદર સ્ત્રી.
લલાટ, ( ફોરહેડ ) *n.* Forehead. કપાળ.
લલામ, ( ચાર્મીંગ ) *a.* Charming. સુંદર; રમણીય.
લલિત,(લવ્લી)*a.*Lovely.મનોહર;પ્રિય.Delicate. નાજુક.
લલિતકળા,-લા, *n.* Fine art. મન અને કલ્પનાના શ્રમ પર મુખ્ય આધાર રાખનાર કળા. [સ્ત્રી.
લલિતા,*n.* Young beautiful woman.જુવાન રૂપાળી
લવ, ( લીટલ ) *a.* Little. થોડું. *n.* Particle. અંશ.
લવણ, (સોલ્ટ) *n.* Salt. મીઠું. [લવારો.
લવરી,-વારો,-લવ,-લવાટ,-રો, (પ્રેટલ) *n.* Prattle.
લવવું,-લવવું, (પ્રેટલ) *vt.* Prattle.લવલવાટ કરવો.
લવલેશ,*ad.* & *n.*& *a.* A little. જરાપણ; તલમાત્ર.
લવાજમ, (ફી) *n.* Fee. અમુક મુદતે આપવાની રકમ.
લવાદ, ( આર્બીટ્રેશન ) *n.* Arbitration. પંચ. Arbitrator. પંચાતિયો.
લવિંગ,-વંગ, ( કલોવ ) *n.* Clove. એક તેજાનો.

લશ્કર, ( આર્મી ) *n.* Army. સૈન્ય.
લશ્કરી, (મીલીટરી) *a.* Military. લશ્કરનું–તેને લગતું.
લસણ, ( ગાર્લીક ) *n.* Garlic. એક કંદ.
લસબસ, *ad.* Fully engrossed. તરબોળ હોય તેમ.
લસરકલસરક, *ad.* Hastily. ઝપાટાબંધ.
લસરકો, ( સ્કેચ ) *n.* Scratch. ઉઝરડો; ઘસરકો.
લસલસવું, (શાઈન) *vt.* Shine. પ્રકાશવું. Spread and flow like fluid. ઘી તેલથી તરબોળ હોવું.
લસલસાટ, ( ડીપલી ) *ad.* Deeply. ઘસઘસાટ.
લસવું, (શાઇન) *vt.* Shine. ચળકવું. Slip. લપસવું. Play. [રમવું.
લસોટવું, (ગ્રાઇન્ડ) *vt.* Grind. ઘૂંટવું; વાટવું.
લહરવું,–રાવું, ( વેવ ) *vt.* Wave. લહરીઓ ઉઠવી.
લહરિ,–રી, (ફેન્સી) *n.* Fancy. તરંગ. Wave. મોજું.
લહાણ, ( પ્રોફીટ ) *n.* Profit. નફો.
લહાણી,–ણું, *n.* Distritution of things as gifts. ભેટની વહેંચણી.
લહાવો,–વ, *n.* Enjoyment of a pleasure. આનંદનો ઉપભોગ; ઓરતો.
લહિયો, (રાઈટર) *n.* Writer. લખવાનું કામ કરનારો માણસ
લહે, (ડીલાઇટ) *n.* Delight. આનંદ. Eager desire. [લગની.
લહેકવું, (ફ્લટર) *vt.* Flutter. ઝૂલવું; ફરફરવું.
લહેકો, (ગેટ) *n.* Gait. શરીરનો મોહક ચાળો કે મરડાટ.
લહેજત, ( રેલીશ ) *n.* Relish. લજ્જત; મજા. Taste. [સ્વાદ.
લહેજતદાર, *a.* Tasteful. સ્વાદિષ્ટ.
લહેર, (વેવ) *n.* Wave. તરંગ; મોજું. Sleepiness. ઉંઘની અસર.

લહેરી, ( ગે ) *a.* Gay. આનંદી. Spendthrift.ઊડાઉ.
લહેવું, ( લીસન ટુ ) *vt.* Listen to. ધ્યાન દઈ સાંભળવું. Recognise. ગણવું.
લળકવું, ( શાઇન ) *vt.* Shine. ચળકવું. Walk with gait. ડોલતાં ડોલતાં ચાલવું.Have an eagar desire [for. લાલસા કરવી.
લળવું, ( બેન્ડ ) *vt.* Bend. નમવું.
લંક, ( રીચ ) *a.* Rich. પૈસાદાર. *n.* Twist. મરોડ.
લંગડ,–ડું, ( લેમ ) *vt.* Lime. લૂલું; પાંગળું.
લંગડાવું,–ગાવું, ( લીંપ ) *vt.* Limp. લંગડા ચાલવું.
લંગર, ( એન્કર ) *n.* Anchor. વહાણ થોભાવી રાખવાનું આંકડાવાળું એક સાધન.
લંગરવું,–ગરવું, *vt.* Anchor. લંગર નાખી વહાણ [થોભાવવું.
લંગરી,–રીઉં, (એન્કલેટ) *n.*Anklet.ઝાંઝર.
લંગાર, (લોંગ રો) *n.* Long row.લાંબી હાર. Chain. [સાંકળ.
લંગૂર,(ટેલ) *n.*Tail. પૂંછડું. Monkey.વાંદરો.
લંગોટ, *n.* Covering for loins. લંગોટી જેવું લાંબી પટીવાળું એક વસ્ત્ર.
લંગોટિયો, *n.* Friend. ભાઇબંધ. Ascetic. બાવો.
લંગોટી, *n.* Small covering for loins. કમરે બાંધવાની લૂગડાની પટી.
લંઘન, ( ફાસ્ટીંગ ) *n.* Fasting. લાંઘણ; ઉપવાસ.
લંઘનીય, (પાસેબલ) *a.* Passable. ઓળંગી કે ઉથાપી [શકાય એવું.
લંપટ,(ડીબોશ) *a.*Debauch.વ્યભિચારી.
લંબ, ( પર્પેન્ડિક્યુલર ) *n.* Perpendicular. લાંબી આકૃતિ. *a.* Long. લાંબું. [ears.લાંબા કાનવાળું.

લંબકર્ણ, (એસ) *n.* Ass. ગધેડો. *a.* Having long
લંબગોળ,-વર્તુલ,-લ,-વૃત, (એલીપ્સોઈડ) *a.&n.* Ellipsoid. અંડાકાર.. [ચોરસ.
લંબચોરસ, (ઑબ્લોંગ) *a.* &*n.* Oblong. લાંબું અને
લંબન, *n.* Hanging down. લટકવું તે Depending.
લંબવું, *vt.* Hang down. લટકવું. [આશ્રય.
લંબાઈ,-ણ, (લેંગ્થ) *n.* Length. લાંબાપણું.
લંબાવવું, (લેંગ્થન) *vt.* Lengthen. લાંબું કરવું.
લંબાવું, *vt.* Be lengthened. લાંબું થવું; લાંબો વખત
લંબૂશ,-સ, *a.* & *n.* Very tall. ઘણું ઊંચું.[ચાલવું.
લંબોદર *a.* Big-bellied. ફૂંદાળું. *n.* Ganapati. ગણપતિ.

લા, (ફાયર) *n.* Fire. આગ; જ્વાળા. Negative prefix. નકારદર્શક પૂર્વગ. દા.ત. લાઇલાજ.
લાકડી, (સ્ટીક) *n.* Stick. સોટી.
લાકડું, (વુડ) *n.* Word.ઝાડનાં સૂકા થડ, ડાળ વગેરે.
લાક્ષણિક, (ટીપીકલ) *a.*Typical. આખા વર્ગનું સૂચક.
લાક્ષા, (સીલીંગ વેક્ષ) *n.* Sealing wax. લાખ.
લાખ, *a.* Hundred thousand. સો હજાર. *n.* Sealing wax.કેટલાંક ઝાડપર કીડાઓએ બનાવેલો એકપદાર્થ.
લાખું, *n.* Natural spot on the skin. ચામડી પર જન્મથી પડેલું ચાઠું. [પ્રતિષ્ઠિત.
લાખેણું, (પ્રાઇસલેસ) *a.*Priceless. કિમતી.Honest.
લાગ, (ઓપોરચ્યુનીટી) *n.* Opportunity. તક; દાવ. Support. ટેકણ. Device. યુક્તિ. [સતત; ચાલુ.

લાગટ,-લાગટ, (કંટીન્યુઅલી) *ad.* Continually.
લાગણી, (ફીલીંગ) *n.* Feeling.મનની વૃત્તિ કે ભાવ. Pity. દયા.
લાગણીપ્રધાન, (સેન્સીટીવ) *a.* Sensitive. ભાવપ્રધાન.
લાગત, (કૉસ્ટ પ્રાઈસ) *n.* Cost price. મૂળ કિંમત. Duty. દાણ; જકાત.
લાગતુંવળગતું, *a.* & *n.* Relative to. સંબંધી.
લાગલું, (ઈમીજીયેટલી) *ad.* Immediately.તરતજ.
લાગવગ, (ઈન્ફ્લ્યુઅંસ) *n.* Influence. વગવસીલો.
લાગવું, *vt.* Come into contact with. સંબંધ કે સ્પર્શ થવો. Hit. અથડાવું. Touch. અડકવું. Seem. ભાસવું. Stick to. મચ્યા રહેવું. Cost. કિમ્મત પડવી. Fit. લાગુ પડવું. Feel. અસર થવી. Be kindled. સળગવું.
લાગુ, (એગ્રીએબલ) *a.* Agreeable. બંધ બેસતું.Connected with. સંબંધ હોય તેવું. *ad.* Continually. ચાલુ.
લાગો, (ટેક્ષ) *n.* Tax. કર; વેરો Lien. હકસાઇ; દાપું. Pursuit. કેડો; પીછો. [ચપળતા.
લાઘવ, (સ્મોલનેસ) *n.* Smallness. લઘુતા. Skill.
લાચાર, (હેલ્પલેસ) *a.*Helpless.નિરૂપાય;વિવશ.Poor.
લાચારી, *n.* Helplessness. વિવશતા. [ગરીબ.
લાજ,(શેમ) *n.*Shame.લજ્જા;શરમ.Deference.મલાજો.
લાજવું, *vt.* Be ashamed. શરમાવું.
લાજીમ,-જમ, (પ્રોપર) *a.* Proper. ઘટિત; છાજે એવું.

લાટી, *n.* Timber-market. લાકડાનું પીઠું.
લાઠી, ( કજલ ) *n.* Cudgel. ડાંગ; જાડી લાકડી.
લાડ, (કેરેસીંગ ) *n.* Caressing. હસાવી ખેલાવી રાજી રાખવું તે–તેવું વર્તન. [લાડમાં ઉછરેલું.
લાડકવાયું,–કું,–લું,–ડીલું, (ડીયર) *a.* Dear. વહાલું;
લાડઘેલું, *a.* Spoilt through over fondling. ઘણા લાડથી વહી ગયેલું. [Round ball.પિંડો;ગોળો.
લાડવો,–ડુ,–ડુ, (સ્વીટ બોલ)*n.*Sweet ball. મોદક.
લાડી, ( બ્રાઈડ ) *n.* Bride. નવી પરણેલી વહુ. Lass.
લાડો, *n.* Bridegroom. વર. [કન્યા.
લાણી,—જુઓ 'લહાણી'.
લાત,–ત્તા,(કીક) *n.*Kick. પાટુ; પગથી કરેલો આઘાત.
લાતાટવું, *vt.* Strike with leg. લાતે લાતે મારવું.
લાતી, *n.* Warehouse near a port. બંદર ઉપરની
લાદ, ( ડંગ ) *n.* Dung. ઘોડા ગધેડાંનું છાણ. [વખાર.
લાદવું, (લોડ) *vt.* Load. સામાન ભરવો. Pile upon.
લાદી, ( પેવમેન્ટ ) *n.* Pavement. ફરસબંધી.[ખડકવું.
લાધવું, ( ગેન ) *vt.* Gain. પ્રાપ્ત થવું.
લાપટ,–પોટ, ( સ્લેપ ) *n.* Slap. તમાચો.
લાપરવા, ( કેરલેસ ) *n.* Careless. બેપરવા.[મીઠીવાની
લાપશી,–સી, *n.*A sweet dish. કંસાર; ઘઉંની એક
લાફો, ( સ્લેપ ) *n.* Slap. લાપોટ. Strengthening bar. ભૂંગળ.Extravagant person. ઊડાઉ માણસ.
લાબરૂં, ( ડેલીકેટ ) *a.* Delicate. નાજુક; સુકોમળ.
લાભ, ( પ્રોફીટ ) *n.* Profit. ફાયદો. [કરે એવું.

લાભકર,-કર્તા,-કારી,-કારક, *a.* Profitable. લાભ
લાભદાયી,-પ્રદ, *vt.* Profitable. લાભ આપનારૂં.
લાભવું, ( પ્રોફીટ ) *vt.* Profit. ખાટવું; મળવું.
લાભાલાભ, *n.* Profit and loss. લાભ અને નુકશાન.
લામા, *n.* Chief priest of Tibet. તીબેટનો વડો બૌદ્ધ આચાર્ય. [બળતરા.
લાય, (ફાયર) *n.* Fire. આગ Burning sensation.
લાયક, ( ફીટ ) *a.* Fit. યોગ્ય. Suitable. અનુકૂળ.
લાયકાત, ( ફીટનેસ ) *n.* Fitness. યોગ્યતા.
લાયરી, ( બોસ્ટીંગ ) *n.* Boasting. ડંફાસ; પતરાજી.
લાર, ( રો ) *n.* Row. લાંબી હાર.
લારી, ( લૉરી ) *n.* Lorry. માલ વહી જવાની ગાડી.
લાલ, (રેડ) *n.&n.* Red. રાતું. *n.* Son. પુત્ર. Ruby. માણેક. Fop. છેલ.
લાલધુમ,-ચોળ, *a.* Deep red. ખૂબ લાલ.
લાલચ, ( ટેમ્પટેશન ) *n.* Temptation.લાલસા; લાભ.
લાલચુ, ( ગ્રીડી ) *a.* Greedy. લોભી.
લાલન,-પાલન,(ફોંડલીંગ)*n.*Fondling.લાડ લડાવવાં તે
લાલસા, *n.* Eager desire. ઉત્કટ ઈચ્છા; તૃષ્ણા.
લાલા,-જી,-લો, ( ફોપ ) *n.* Fop. છેલ.
લાલાતાણુ, ( ડીસ્ગ્રેસ ) *n.* Disgrace. ફજેતી.
લાલાશ,-લિમા,-લી, ( રેડનેસ ) *n.* Redness.રતાશ.
લાલિત્ય, ( એલીજંસ ) *n.* Elegance. લલિતપણું.
લાવણી, ( બેલાડ ) *n.*Ballad. લલકારાય એવી કવિતા.
લાવણીપત્રક, *n.* Govt. statement. સરકારી લેણાનું

લાવણ્ય,(બ્યુટી)*n*. Beauty.સૌંદર્ય.[આસામીવાર પત્રક.
લાવણ્યમય,-મયી, ( બ્યુટીફુલ ) *a*. Beautiful.સુંદર.
લાવવું, ( બ્રીંગ ) *vt*. Bring. લઈ આવવું; આણવું.
લાવા, *n*. Thick liquid thrown by a volcano. જ્વાળામુખીમાંથી નીકળતો ગરમ રસ.
લાશ,-સ,(કોર્પ્સ)*n*.Corpse.મડદું.*a*.Ruined.પાયમાલ.
લાસરિયું,(ડીલેટરી) *a*.Dilatory. ઠામ ઠેકાણા વિનાનું.
લાસ્ય, *n*.Dance with music. સંગીત સાથેનું નૃત્ય.
લાહી, ( પેસ્ટ ) *n*. Paste. ઘઉંના લોટની ખેળ.
લાળ, ( સાલીવા ) *n*. Saliva. મોઢાનો ચીકણો પ્રવાહી.
લાળો, *n*. Burning coal. અંગારો.
લાંગ, *n*. Kind of pulse. એક કઠોળ.
લાંગરવું, ( એન્કર ) *vt*. Anchor. લંગર નાંખવું.
લાંઘ,-ણ, ( ફાસ્ટીંગ ) *n*. Fasting. ઉપવાસ.
લાંઘવું, ( ફાસ્ટ ) *vt*. Fast. ઉપવાસ કરવો.
લાંચ, ( બ્રાઇબ ) *n*. Bribe. અમલદાર વગેરેને અપાતી છૂપી અઘટિત રકમ.
લાંચખાઉ,-ચિયું, ( કરપ્ટ )*a*. Corrupt. લાંચ લેનારું.
લાંચવું,(બેન્ડ)*vt*.Bend.નમી જવું.Bribe.લાંચ આપવી.
લાંછન,(સ્ટીગ્મા) *n*. Stigma.ડાઘ;કલંક.Mark ચિહ્ન.
લાંછિત, ( માર્ક્ડ ) *a*. Marked. લાંછનવાળું.
લાંઠ,-ઠિયું, ( કનીંગ ) *a*. Cunning. ખંધું; શઠ.
લાંબું, ( લોંગ ) *a*. Long. લંબાઇમાં વધારે.
લિખિત, ( રીટન ) *a*. Written. લખેલું. Documentory.કાગળ પર લખાયેલું.
લિજ્જત,—જુઓ 'લહેજત'.

લિપિ,-પી, *n.* Writing alphabet. ભાષાનાં વર્ણો લખવાની રીત.
લિપ્ત, (બીસ્મીયર્ડ) *a.*Besmeared.ખરડાયેલું;આસક્ત.
લિપ્સા, ( ડીઝાયર ) *n.* Desire. મેળવવાની ઇચ્છા.
લિબાસ, ( ડ્રેસ ) *n.* Dress. પોશાક.
લિલાઉં,-મ, ( ઑાકશન ) *n.* Auction. હરાજી.
લિસોટો, ( સ્ક્રેચ ) *n.* Scratch. ઉઝરડો. Line. લીટી.
લિહાજ, ( મેનર્સ ) *n.* Manners. વિવેક; અદબ.
લિંગ, ( સાઇન ) *n.* Sign. ચિહ્ન. Gender. જાતિ. Male organ. પુરૂષની ઇંદ્રી.[વ્યાકરણમાંજાતિના નિયમો.
લિંગાનુશાસન,*n.*Laws of grammatical gender.
લિંબુ, ( લેમન ) *n.* Lemon. એક ખાટું ફળ.
લીખ, ( લાઉસ ) *n.* Louse. જૂ નામનાં જંતુનાં ઈંડાં.
લીટી, *n.* Line. પહોળાઈ વગરની રેખા.Row. હાર.
લીટો, *n.*Thick line.જાડી લીટી. Stroke.છેકો.
લીદ, ( ડંગ ) *n.* Dung. લાદ.
લીધે, *prep.* On account of. તેથી; તેટલા માટે.
લીન, (એબ્સોર્બ્ડ ઇન) *a.* Absorbod in.તલ્લીન;ગરક.
લીપણ, (પ્લેસ્ટરીંગ) *n.*Plastering. જમીન પર કરેલો છાણ માટીનો લેપ.
[કરવો.
લીપવું, *vt.* Smear over. છાણ માટીની ગારનો લેપ
લીલ, ( મોસ ) *n.* Moss. બંધિયાર પાણી પર વળતી લીલી ચીકણી વનસ્પતિ.
[રત્ન.
લીલમ, ( સેફાયર ) *n.* Saphire. લીલા રંગનું એક
લીલવણ,-ણી,*n.* Green vegetable. લીલોતરી;શાક-

ભાજી. [અવતારે કરેલાં કામ.

લીલા, (સ્પોર્ટ) *n.* Sport. ક્રીડા; ખેલ. Incarnation.

લીલાગર, ( હેંપ ) *n.* Hemp. ભાંગ.

લીલાલહેર, (પ્રોસ્પેરીટી ) *n.* Prosperity. આબાદી. Joy. આનંદ. [ભીનાશ.

લીલાશ, *n.* Being green. લીલાપણું. Wetness.

લીલીસૂકી, *n.* Prosperity and adversity. ચડતીપડતી.

લીલું, ( ગ્રીન ) *a.* & *n.* Green. કાચી કેરીના રંગનું. । Wet. ભીનું. Juicy. રસવાળું. Fresh. તાજું.

લીલુંછમ, *a.* Deep green. ખૂબ લીલું.

લીલુંપીળું, *a.* Very angry. ખૂબ ક્રોધાયમાન.

લીલોતરી, *n.* Vegetables. શાકભાજી; ભાજીપાલો. Greens. તાજી લીલી વનસ્પતિ.

લીસું, (સ્મુધ) *a.* Smooth. સુંવાળું. Slippery. સરકણું

લીંટ, *n.* Nasal mucees. નાકનો ચીકણો મળ.

લીંડી–ડું, *n.* Globule of dung. ગોળીના આકારની

લીંડીપીપર, (પીપર) *n.* Pepped. એક તેજાનો. [અઘાર.

લુગાઈ, ( વાઇફ ) *n.* Wife. પત્ની.

લુચ્ચું, ( કનીંગ ) *a.* Cunning. કપટી; ખંધું.

લુટારૂ,–રો, (રોબર) *n.* Robber. લૂંટનારો; ધાડપાડુ.

લુંટાવવું, *vt.* Get robbed. લુંટાવાય એમ કરવું.

લુંટાવું, *vt.* Be robbed. લુંટાવાય એમ થવું.

લુપ્ત, (ડ્રોપ્ડ) *a.* Dropped. નાશ પામેલું; લોપાયેલું.

લુબ્ધ, ( ગ્રીડી ) *a.* Greedy. લોભિયું. Enraptured.

લુબ્ધક, ( હંટર ) *n.* Hunter. શિકારી. [મોહિત.

લુબ્ધા, ( એવરીસ ) *n.* Avarice. લોભ; આતુરતા.
લુહાર, ( બ્લેકસ્મીથ ) *n.*Blacksmith. લોઢું વડવાનો ધંધો કરનાર.
[ વાનું વસ્ત્ર.
લુંગી,*n.*Piece of cloth.કાછડી વાળ્યાવગરનું કેડે વીંટ-
લૂ,-ક, ( હોટ વીન્ડ ) *n.* Hot wind. ઉનાળાનો ગરમ પવન. Sunstroke. તેથી થતો રોગ.
લૂઓ, *n.* Small round lump of paste. વણવા માટે લીધેલા કણકનો નાનો ગોળો.
લૂખસ, (ઈચ) *n.* Itch. ખૂજલી. [Empty. ખાલી.
લૂખું, ( ડ્રાય ) *a.* Dry. ચીકટ વીનાનું; રસ વીનાનું.
લૂગડું,(ક્લૉથ) *n.*Cloth. કપડું. Female garment. સાલ્લો.
લૂગદી, *n.* Ball of sticky substance. પ્રવાહી સાથે ઘૂંટીને બનાવેલો લોંદો.
[સાફ કરવું.
લૂછવું, *vt.* Clean by rubbing. લોહવું; લૂગડું ઘસી
લૂટ,-લૂંટ, ( પ્લન્ડર ) *n.* Plunder. લૂટવું તે. Booty.
લૂટફાટ, *n.* Plundering. લૂટવું તે. [લૂંટેલો માલ.
લૂટવું, ( પ્લન્ડર ) *vt.* Plunder. બળાત્કારે હરી લેવું.
લૂણ, ( સૉલ્ટ ) *n.* Salt. મીઠું.
લૂણહરામ, ( ફેથલેસ ) *a.* Faithless. નિમકહરામ.
લૂણહલાલ, ( ફેથફુલ ) *a.* Faithful. નિમકહલાલ.
લૂણો,*n.* Salive effect. ભીનાશથી છો ઈંટ પર ખવાઈને વળતી છારી.
લૂમ,-ખું,-ઓ, *n.* Bunch of fruits. ફળનું ઝૂમખું.
લૂમવું, ( હેંગ ) *vt.*Hang. લટકવું. Bend.નમી જવું.

લૂલી, ( ટંગ ) *n.* Tongue. જીભ.
લૂલું, ( લેમ ) *a.* Lame. લંગડું. Weak. અશક્ત.
લૂંડી, *n.* Female slave. ગુલામડી.
લૂંડો, *n.* Male slave. ગુલામ; દાસ.
લૂબ,—જુઓ 'લૂમ'.
લેકિન, (સ્ટીલ) *prep.* Still. પણ. Yet. તથાપિ.
લેખ, ( રાઈટીંગ ) *n.* Writing. લખાણ. Deed.કરાર. Short essay. ટૂંકો નિબંધ.
લેખક, (રાઈટર)*n.* Writer.લહિયો;ગ્રંથ કે લેખ લખનાર.
લેખણ,-ણી,-ની,-ખિની, (પેન) *n.* Pen. કલમ.
લેખવું,-વવું, (રીગાર્ડ) *vt.* Regard. ગણવું; હિસાબમાં લેવું.
લેખા, ( લાઈન ) *n.* Line. લીટી; રેખા.
લેખિકા, ( ઑથોરેસ ) *n.* Authoress. સ્ત્રી લેખક.
લેખિત, ( રીટન ) *a.* Written. લખેલું.
લેખિતવાર,-ખી, *a.* & *ad.* In writing. લખાણના રૂપમાં હોય એવું; લખીને.
લેખું, *n.* An excercise in mental arithmetic. મોંએ ગણાય એવો ટૂંકો સહેલો હિસાબ.
લેખે, *ad.* At the rate of. હિસાબે; પ્રમાણે.
લેટવું, (રીકલાઈન) *vt.* Recline. લોટવું; આડા પડવું.
લેણદાર,-ણિયાટ, (ક્રેડીટર) *n.* Creditor.લેણાવાળો.
લેણદેણ, *n.*Business relations.લેવડદેવડનો સંબંધ.
લેણું, *n.*Outstanding debt.આપેલું પાછું લેવાનું તે.
લેપ, ( લીનીમેન્ટ ) *n.* Liniment. ખરડ.
લેપડો, *n.* Thick coating. જાડો લેપ. Crust.

પોપડો; થર. [to. વળગવું. Cover. ઢાંકવું.
લેપવું, (કોટ વીથ) *vt.* Coat with. ચોપડવું. Stick
લેપાવું, *vt.* Be influenced. રાગમાં પડવું.
લેબાસ, ( ડ્રેસ ) *n.* Dress. પોશાક.
લેભાગુ, ( રનાવે ) *n.* Runaway. લઇને નાસી જનાર.
લેલાર, ( મચ ) *a.* Much. ઘણું.
લેલું,-લો, (ટ્રોવેલ) *n.* Trowel. કડિયાનું એક ઓજાર.
લેવડદેવડ,-વાદેવા,—જુઓ 'લેણદેણ'.
લેવાલી, ( બાઈંગ ) *n.* Buying. ખરીદી.
લેવાવું, *vt.* Be taken. લેવાય એમ કરવું. Go thin. સૂકાવું. Be ashamed. શરમાવું [કારવું.Buy.ખરીદવું.
લેવું, ( ટેક ) *vt.* Take. ગ્રહણ કરવું. Accept. સ્વી-
લેશ, ( લીટલ ) *a.* Little. જરાક. *n.* Atom. અણુ.
લેશમાત્ર, (લીટલ) *a.* Little. થોડુંક. *ad.* A little. જરાક પણ. [ચાટવા યોગ્ય; ચાટણ.
લેહ્ય, *a.*& *n.* That can be taken on tongue.
લેંઘો, (ટ્રાઉઝર્સ) *n.* Trousers. ચોરણો.
લોક, ( પીપલ ) *n.* People. જનતા. Mankind. જનસમૂહ. Class. વર્ગ. [વાત; દંતકથા.
લોકકથા,-વાર્તા,(ફોકલોર)*n.*Folklore.લોકોમાં પ્રચલિત
લોકનાયક, ( લીડર ) *n.* Leader. આગેવાન.
લોકપ્રિય, ( પોપ્યુલર ) *a.* Popular. લોકોમાં પ્રિય.
લોકમત, *n.* Public opinion. લોકોનો મત.
લોકમાનસ, *n.*Mass-mind. લોકોનું સમૂહગત માનસ.
લોકલજ્જા,-લાજ, *n.*Regard for the public opi-

nion. લોકોમાં નઠારું કહેવાવાનો ડર. [અફવા.
લોકવાયકા, *n.* Public rumour. લોકોમાં ચાલતી વાત;
લોકશાસન,-શાહી, ( ડેમોક્રસી ) *n.* Democracy. લોકો દ્વારા ચાલતું રાજ્ય.
લોકશિક્ષણ, *n.* Mass-education. જનસમૂહની કેળવણી.
લોકસત્તાક, ( રીપબ્લીક ) *a.* Republic. પ્રજાસત્તાક.
લોકસત્તાવાદ, *n.* Democracy. લોકશાસનનો વાદ.
લોકસેવક, *n.* Public servant. લોકોની સેવા કરનાર.
લોકસેવા, *n.* Public service. જાહેર જનતાની સેવા.
લોકહિત, *n.* General welfare. લોકોનું હિત.
લોકાચાર, *n.* Public usage. લોકમાં ચાલતો વ્યવહાર.
લોકાપવાદ, *n.* Popular censure. જાહેરમાં વગોણું.
લોકાયત, ( એથીસ્ટ ) *n.* Atheist. નાસ્તિક.
લોકાંતર, *n.* Other world. પરલોક.
લોકિક,-કીક, *n.* Visit of condolence. લૌકિક; ખર-
લોકોક્તિ, *n.* Popular saying. કહેવત. [ખરો.
લોકોત્તર, ( સીંગ્યુલર ) *a.* Singular. અસાધારણ.
લોકોપકાર, *n.* Public good. સાર્વજનિક કલ્યાણ.
લોખંડ, -ડું, *n.* Iron. લોઢું; એક ધાતુ.
લોખંડી, *a.* Very strong. ખૂબ મજબૂત. Made of iron. લોખંડનું બનાવેલું.
લોચક, ( બૉલ ) *n* Ball. ગોળો Lampblack. કાજળ. Carpenter's tool. સુતારનું એક ઓજાર. Snake's skin. સાપની કાંચળી.
લોચન, (આય) *n.* Eye. આંખ. Plucking of hair.

પોતાને હાથે વાળ ટૂંપી નાખવા તે. Robbing. છીનવી
લોચના,(ક્રેવીંગ) *n* Craving. ઝંખના; તલસાટ. [લેવું તે.
લોચવું, ( ક્રેવ ફોર ) *vt*. Crave for. તલસવું. Roll
about. આળોટવું. [sion. ગોટાળો. Dispute. તકરાર.
લોચો, (લંપ) *n*. Lump. લોંદો. Rag. ડૂચો. Confu-
લોટ, ( ફ્લોર ) *n*. Flour. આટો.
લોટવું, *vt*. Roll about. આળોટવું. Sleep. સૂવું.
લોટો, *n*. Drinking pot. કળશિયો.
લોઢ, (સ્પીંગ) *n*. Swing. હિંડોળો. Wave. પાણીનું
મોજું. Lump of clay. માટીનો ગઢ્ઢો. [ખાથી પીલવું.
લોઢવું, *vt*. Seperate cotton seeds. કપાસને ચર-
લોઢી, *n*. Iron pan. લોઢાની તવી.
લોથ, (કાર્પ્સ) *n*. Corpse. મડદું; શબ. Pest. પીડા. *a*.
Tired. થાકી ગયેલું. Stupid. મૂર્ખ. Useless. નકામું.
લોથપોથ,–ટપોટ, *a*. Utterly tired. સાવ થાકી ગએલું.
લોથવું,–ધવું, *vt*. Roll about in uneasiness. બેચે-
નીમાં આળોટવું; લોચવું. [બનાવવું.
લોદલું, ( પોમેલ ) *n*. Pommel. ગૂંદીને લોંદા જેવું
લોધો, *n*. Strong person. લાંબો અને મજબૂત બાંધાનો
લોપ, *n*. Disappearance. દેખાતા બંધ થવું તે. [માણસ.
લોપક, *a*. Depriving. લોપ કરનારૂં.
લોપવું, (ડીસઓબે) *vt*. Disobey. ઉલ્લંઘવું; ન માનવું.
લોબાન, ( બેન્ઝોઇન ) *n*. Benzoin. એક વૃક્ષનો ગુંદર–
લોભ, (ગ્રીડ) *n*. Greed. લાલચ; તૃષ્ણા. [ધૂપમાં વપરાય છે.
લોભાવું, *vt*. Be allured. લલચાવું; લોભમાં પડવું.

લોભિયું,-ભી, (ગ્રીડી) *a*. Greedy. લોભવાળું.
લોમ, ( હેર ) *n*. Hair. વાળ; રૂંવું.
લોમવિલોમ, (અનસર્ટન) *a*. Uncertain. અનિશ્ચિત.
લોલ ( એક્ટીવ ) *a*. Active. ચંચળ.Beautiful સુંદર. Eager. આતુર. *ind*. An explective occuring at the end of a song. ગરબાની લીટીને છેડે આવતો શબ્દ. [ઝૂલતી વસ્તુ. Ear-drop.કાનનું ઘરેણું.
લોલક, ( પેન્ડુલમ ) *n*. Pendulum. લટકતી અને
લોલવું, ( મુવ ) *vt*. Move. હાલવું. Shine. શોભવું.
લોલા, ( ટંગ ) *n*. Tongue. જીભ.Lightning.વિજળી.
લોલુપ, (કોવટસ) *a*. Covetous.લલુપતાવાળું;તૃષ્ણાતુર.
લોહ, ( આયર્ન ) *n*. Iron. લોડું.
લોહકાટ, *n*. Oxide of iron લોઢાનો કાટ.
લોહચુંબક, *n*. Magnet. લોઢાને આકર્ષવાના ગુણ-
લોહવું, *vt*. Rub off. લૂછવું. [વાળું એક દ્રવ્ય.
લોહીયાળ,-ળું, *a*. Stained with blood. લોહીવાળું
લોહિયું, *n*. Frying pan. તાવડી; કઢાઇ.
લોહી, ( બ્લડ ) *n*. Blood. રૂધિર; રક્ત. Stock. કૂલ.
લોહીલુહાણ,-લોહાણ, *a*. Stained with blood, લોહીના રેલાથી ખરડાયેલું. [ઓના કાનની બૂટનું ઘરેણું.
લોળિયું, *n*. An ear-ornament for women. સ્ત્રી-
લોંકડી, ( ફોક્ષ ) *n*. Fox. શિયાળ.
લોકડું, ( રીચ ) *a*. Rich. પૈસાદાર. Cunning. ધૂર્ત.
લોંઠો, ( પેરેમૂર ) *n*. Paramour. યાર.
લોંદો,*a*.Clammy lump.ચીકણા નરમ પદાર્થનો લોચો.

**લૌકિક**, ( જનરલ ) *a.* General. લોકોમાં ચાલતું;જુઓ
**લૌવો**, ( બફુન ) *n.* Buffoon. વિદુષક. [ 'લૌકિક.'
**લ્યાનત**, ( ડીસ્ગ્રેસ ) *n.* Disgrace. શરમ; ફિટકાર.

---

## વ

**વ**, The twenty ninth consonant of the Gujarati Alphabat. ઓગણત્રીસમો વ્યંજન;ચોથો અર્ધ-સ્વર. *ad.* And. અને.
**વકફ**, ( પબ્લીક ) *a.* Public. સાર્વજનિક.
**વકરવું**, ( ઓપોઝ ) *vt.* Oppose. સામું થવું; બહેકવું.
**વકરો**, ( સેલ ) *n.* Sale. વેચાણ. [ વકીલનું કામ.
**વકાલત,–કીલાત**, ( પ્લીડરશીપ ) *n.* Pleadership.
**વકાસવું**, ( ગેપ ) *vt.* Gape. મોં પહોળું કરવું.
**વકી**, ( પોસીબીલીટી ) *n.* Possibility. સંભવ Prospect. આશા. [ પ્રતિનિધિ.
**વકીલ**, ( પ્લીડર ) *n.* Pleader.કાયદાશાસ્ત્રી. Agent.
**વકીલાતનામું**, *n.* Power of attorney. અસીલ તરફથી વકીલાત કરવાનો લેખ.
**વકૂફ**, ( સેન્સ ) *n.* Sense. અક્કલ; સમજ.
**વક્કર**, (રેપ્યુટેશન) *n.* Reputation. મોભો. Weight. વજન. Dignity. લાયકી. [ કથન. Speech.
**વકતવ્ય**, *a.* Worthy of speech. બોલવા જેવું. *n.*
**વકતા**, (સ્પીકર) *n.* Speaker. ભાષણ કરનાર.
**વકતૃતા,–તૃત્વ**, ( ઈલોકવંસ ) *n.* Eloquence. બોલવાની છટા.
**વકત્ર**, ( ફેસ ) *n.* Face. મોં. [ વાની છટા.

વક્ર, ( કર્વ્ડ ) *a.* Curved. વાંકું.
વક્રદષ્ટિ, *a.* & *n.* Jealousy. અદેખાઈ. [ થવું તે.
વક્રીભવન, *n.* Refraction of rays. કિરણોનું વાંકા
વક્રોક્તિ,(સારકેઝમ) *n.*Sarcasm. કટાક્ષનું વચન;વાંકો
વક્ષ,–સ્થલ,–ક્ષઃસ્થળ, *n.* Chest. છાતી. [બોલ.
વખ, ( પોઇઝન ) *n.* Poison. વિષ.
વખત, ( ટાઈમ ) *n.* Time. સમય. Period. કાળ. Opportunity. તક. Ease. નવરાશ.
વખતબેવખત, *ad.* At random. અવારનવાર.
વખતસર, ( ટાઈમ્લી ) *ad.* Timely. યોગ્ય વખતે.
વખતે, *ad.* It is possible that. કદાચ; સંભવતઃ
વખતોવખત, (ફ્રીકવંટલી) *ad.* Frequently. વારંવાર.
વખવખવું, *vt.* Hanker after. વલખાં મારવાં; તલપવું.
વખવખાટ,–ખો, *n.* Restlessness. વખવખવું તે.
વખાણ, ( પ્રેઈઝ ) *n.* Praise. પ્રશંસા.
વખાણવું, *vt.* Praise. વખાણ કરવાં.
વખાર, ( સ્ટોરહાઉસ ) *n.* Storehouse. કોઠાર.
વખું, ( સાઇડ ) *n.* Side પક્ષ; ઓથું.
વખો, ( કેલેમીટી ) *n.* Calamity. સંકટ. State of starvation. ભૂખમરાનું સંકટ. [ der. નિંદા કરવી.
વખોડવું, *vt.* Find fault with. ખોડ કાઢવી. Slan-
વગ, ( ઈન્ફ્લ્યુઅંસ ) *n.* Influence. મોટા સાથેનો સંબંધ. Accomodation. સવડ. Circumstance.તક.
વગડાઉ, ( વાઈલ્ડ ) *a.* Wild. જંગલી.
વગડો, ( ફોરેસ્ટ ) *n.* Forest. જંગલ.

વગદાં, *n.* Vain efforts. ફાંફાં.
વગર, *ad.* Without. વિના. [બંધ તથા તેની ઓથ.
વગવસીલો,-સગ, *n.* Influence. મોટાની સાથેનો સં-
વગળ, ( મીક્ચર ) *n.* Mixture. ભેગ.
વગળવંશી, *a.* & *n.* Hybrid. વર્ણસંકર.
વગાડવું,-જાડવું, ( સાઉન્ડ ) *vt.* Sound. બજાવવું.
વગેરે, *ad.* Et cetra. અને બીજા; ઇત્યાદિ.
વગોણું-વણું,-વણી, ( સ્લેન્ડર ) *n.* Slander. નિંદા.
વગોવવું, *vt.* Slander નિંદા કરવી.
વઘાર, ( સીઝનીંગ ) *n.* Seasoning. દાળ, કઢી, તેલ-
મરચાં ઈત્યાદિથી છમકારવી તે.
વઘારવું, ( સીઝન ) *vt.* Season. વઘાર કરવો. [હરકત.
વચકલું,-કું,-કો, (ઓબ્જેક્શન) *n.* Objection. વાંધો;
વચકવું,-કાવું,-ટકવું, *vt.* Be offended. માઠું લા-
ગવું; રિસાવું. Shrink from. છટકી જવું.
વચગાળો, ( ઈંટરવલ ) *n.* Interval. વચ્ચેનો ભાગ.
વચન, ( સ્પીચ ) *n.* Speech. કથન; વેણ. Promise.
કોલ. Number. સંખ્યા.
વચની, ( ફેથફુલ ) *a.* Faithful. વચન પાળનારૂં.
વચમાં, -ચ્ચે, ( ડુરીંગ ) *ad.* During. દરમિયાન.
વચલું,-ચેટ, ( મીડલ ) *a.* Middle. મધ્યેનું.
વચ્ચોવચ, *ad.* Exactly in the middle. બરાબર
વચ્છ,-છ, ( કાફ ) *n.* Calf. વાછરડું. [ વચમાં.
વચ્છનાગ,-છનાગ, ( એકોનાઈટ ) *n.* Aconite. એક
વછ, ( થીંગ ) *n.* Thing. વસ્તુ; ચીજ. [ ઝેરી કંદ.

**વછિયાત**, ( એજન્ટ ) *n*. Agent. આડતિયો.
**વછુટવું**, *vt*. Be seperated. છૂટવું; જુદા પડવું.
**વછૂટું**, –છોટું, (સેપરેટેડ) *a*. Seperated. છૂટું પડેલું.
**વછેરી**, *n*. Young mare. નાની ઘોડી.
**વછેરો**, ( કોલ્ટ ) *n*. Colt. નાનો ઘોડો.
**વછો**, ( સેપરેશન ) *n*. Seperation. વિયોગ.
**વછોડવું**, ( સેપરેટ ) *vt*. Seperate. જુદું પાડવું. Discharge. મુકત કરવું.
**વજન**, (વેટ) *n*. Weight. ભાર. Standard of weight. તોલ. Pressure. દબાણ. Dignity. મોભો.
**વજનદાર**, (વેઈટી) *a*. Weighty. વજનવાળું. Influential. મોભાદાર.
**વજીફદાર**, ( લેંડલોર્ડ ) *n*. Landlord. જાગીરદાર.
**વજીફો**, (એસ્ટેટ) *n*. Estate. જાગીર; ઇનામમાં મળેલી
**વજીર**, ( મીનીસ્ટર ) *n*. Minister. પ્રધાન. [જમીન.
**વજૂ**, ( એબલ્યુશન ) *n*. Ablution. નિમાજ પઢતાં પહેલાં હાથ, પગ, મોં વગેરે ધોવાં તે.
**વજુદ**, ( ટ્રુથ ) *n*. Truth. ખરાપણું; વાસ્તવિકતા.
**વજે**, *n*. Payment in kind. પાકેલા અનાજમાં હિસ્સો પાડીને લેવાની મહેસૂલ [યુધ. Lightning. વિજળી.
**વજ્ર,–જ્જર**, *n*. Thunderbolt of Indra. ઇંદ્રનું આ-
**વજ્રકાય**, *a*. Strong bodied વજ્ર જેવી કઠણ કાયાવાળું.
**વજ્રલેપ**, *n*. Very strong cement. કદી ઉખડે નહી તેવો લેપ. *a*. Irremovable. તેવું સજ્જડ.
**વજ્રઘાત**, *n*. Very strong assault. ઘણો સખત

**વજ્રી,** ( ઇંદ્ર ) *n.* Indra. ઈંદ્ર. [ આઘાત.
**વટ,** *n.* Banyan tree. વડ. Self-respect. ટેક. Reputation. આબરૂ. Shroff bazar. ધીરધાર થતી હોય તે બજાર. *a.* Chief. મુખ્ય.
**વટક,** ( કોમ્પેનશેસન ) *n.* Compensation. વળતર. Retaliation. બદલો. [religion. પરધર્મમાં જવું.
**વટલવું,-લાવું,** *vt.* Be a pervert into another
**વટલોઇ,** *n.* Brass water-pot. તાંબડી.
**વટવું,** ( ક્રોસ ) *vt.* Cross. ઓળંગવું. Pass away. પસાર થઇ જવું. Recede. પાછા હઠવું. Disappear. નાસી જવું. [સર્વને લાગુ પડતો હુકમ.
**વટહુકમ,** *n.* A general order applicable to all.
**વટાણો,** *n.* Field pea. એક કઠોળ.
**વટાવ,** ( ડીસ્કાઉન્ટ ) *n.* Discount. વળતર; છૂટ.
**વટાવવું,** ( એક્ષચેન્જ ) *vt.* Exchange. નાણાં કરવાં. Cash. પરચુરણ નાણું લેવું. [ffer. ભોગવવું.
**વટાવું,** *vt.* Be pounded. ભૂકો થાય એમ થવું. Su-
**વટાળ,-ળો,** ( પોલ્યુશન ) *n.* Pollution. ભ્રષ્ટતા.
**વટાળવું,-ટલાવવું,** ( પોલ્યુટ ) *vt.* Pollute. ભ્રષ્ટ કરવું.
**વટિકા,-ટી,** ( પીલ ) *n.* Pill. ગોળી.
**વટીક,** ( ઓલ્સો ) *ad.* Also. સુદ્ધાં; પણ.
**વટું,** Suffix. પ્રત્યય છે, જેમકે : પ્રધાનવટું; બહારવટું.
**વટેમાર્ગુ,** ( ટ્રાવેલર ) *n.* Traveller. મુસાફર.
**વડ,** *n.* Banyan tree. એક ઝાડ. *a.* Elder. મોટું.
**વડચકું,** ( લાઇટ ) *n.* Bite. બચકું.

વડપણ,-ણું, ( ગ્રેટનેસ ) *a.* Greatness. મોટાપણું.
વડવા, ( મેર ) *n.* Mare. ઘોડી. [ઊડતું એક પક્ષી.
વડવાગોળ,-વાગળું, *n.* Wild bat; flying fox. રાતે
વડવાગ્નિ,-વાનલ, *n.* Sub-marine fire. સમુદ્રમાં રહેલો અગ્નિ. [father. મા અથવા બાપનો બાપ.
વડવો, ( એન્સેસ્ટર ) *n.* Ancestor. પૂર્વજ. Grand-
વડસસરો, *n.* Grand father-in-law. સાસુ કે સસરાનો બાપ. [પતરાજ.
વડાઇ, ( ગ્રેટનેસ ) *n.* Greatness. મોટાઈ. Vanity.
વડાગરૂં, *a.* Made by confining sea-water in large pits. દરિયા કિનારે ખાડાઓમાં પાણી સૂકવીને બનાવેલું ગાંગડાદાર ( મીઠું. )
વડારણ, *n.* Maid-servant. ગોલી; ખવાસણ.
વડિયાઈ, *n.* Grandmother. મા અથવા બાપની મા.
વડીલ, ( એલ્ડર ) *a.* & *n.* Elder. મોટું; મુરબ્બી.
વડીલોપાર્જિત, ( એન્સેસ્ટ્રલ ) *a.* Ancestral. બાપદાદાએ રળેલું. [dish. અડદની દાળની એક વાની.
વડું, ( એલ્ડર ) *a.* Elder. મોટું. *n.* Kind of fried
વડે,-તે,(બાય) *prep.* By; With. થી; વતી. [જિયાખોર.
વઢકણું,-ણું,-કારૂં,-વાડિયું, *a.* Quarrelsome. ક-
વઢવાડ,-વેડ, ( કવૉરલ ) *n.* Quarrel તકરાર; કજિયો.
વઢવું, *vt.* Quarrel. કજિયો કરવો. Fight. મારામારી
વણ, *ad.* Without. વિના. [કરવી Scold. ઠપકો આપવો.
વણકર, ( વીવર ) *n.* Weaver. વણવાનો ધંધો કરનાર.
વણજ, ( કૉમોડીટી ) *n.* Commodity. વેપારની વસ્તુ.

Business. વેપાર.
વણજાર, (કેરેવાન) *n.* Caravan. પોઠ કે કાફલો.
વણજારો, *n.* Travelling merchant. બળદોની પીઠ પર માલ ભરી દેશપરદેશ લઈ જનાર વેપારી.
વણલોભી, *a.* Not greedy. લોભરહિત.
વણવું, (વીવ) *vt.* Weave. સાળ વડે કપડું બનાવવું. Roll. રોટલી કરવી. Interwine. આમળવું.
વણસવું, *vt.* Be spoiled. બગડવું; ખરાબ થવું.
વણાટ, (ટેક્ચર) *n.* Texture. પોત; કુમાશ.
વણિક, (મરચંટ) *n.* Merchant. વેપારી; વાણિયો.
વણિયર, *n.* A carnivorous animal. એક નાતું ચોપગું પ્રાણી.
વતડવું,-તરડવું, *vt.* Scratch with nails. નખથીખણવું.
વત્, *n.* Suffix. પ્રત્યય છે, જેમકે; આત્મવત્. *a.* Like. જેવું. [ઇનામ દાખલ મળેલી જાગીર.
વતન, *n.* Native place. મૂળ ગામ કે દેશ. Estate.
વતની, (રેસીડેન્ટ) *n.* & *a.* Resident. રહીશ.
વતરણું, (પેન) *n.* Pen. કલમ.
વતાવવું, (ટીઝ) *vt.* Tease. છેડવું. Point. બતાવવું. Harras. પજવવું. [પ્રત્યય છે, જેમકે; લાવણ્યવતી.
વતી, *prep.* Instead of. બદલે. For. વડે. Suffix.
વતું, (શેવીંગ) *n.* Shaving. હજામત.
વતેસર, (લેંગ્થી) *a.* & *n.* Lengthy. લાંબુ.
વત્તું, (મોર) *a.* More. વધારે.
વત્સ, (ચાઇલ્ડ) *n.* Child. બાળક. Calf. વાછરડું.

વત્સર, ( યર ) *n.* Year. વર્ષ.

વત્સલ, ( કાઈન્ડ ) *a.* Kind. માયાળુ; સ્નેહાળ.

વત્સા, ( ડૉટર ) *n.* Daughter. પુત્રી.

વદ,-ધ,-દિ, *n.* Dark half of the Hindu lunar month. કૃષ્ણપક્ષ; અંધારિયું.

વદતોવ્યાઘાત, ( કૉન્ટ્રાડીકશન ) *n.* Contradiction. પોતે બોલેલી વાતથી વિરુદ્ધ બોલવું તે.

વદન, ( ફેસ ) *n.* Face. મોં.

વદવું, ( સ્પીક ) *vt.* Speak. બોલવું.

વદાડ,-ર, (એગ્રીમેન્ટ) *n.* Agreement. વાયદો.

વદ્દા,-ઘા, *n.*The digit carried forward and added to the next column numbers. એકમનો અંક દશકમાં એમ જે ઉમેરવામાં આવે છે તે.

વધ, ( સ્લૉટર ) *n.* Slaughter. કાપી નાખવું તે. Increase. વધારો.

વધઘટ, *n.* Increase. or decrease. વત્તુ ઓછું થવું તે.

વધરાવળ, *n.* Hydrocele. વૃષણનો એક રોગ.

વધવું, *vt.* Increase. વધારો થવો; મોટા થવું. Have a remainder. બાકી રહેવું. Advance. આગળ જવું.

વધાઈ,-મણી, *n.* Good news. શુભ સમાચાર.

વધારવું, ( ઈંક્રીઝ ) *vt.* Increase. વધારો કરવો. Expand. વિસ્તારવું.

વધારે પડતું, *ad.* More than necessary. જોઈએ તે કરતાં વધારે. [Appendix. પુરવણી.

વધારો, ( સરપ્લસ ) *n.* Surplus. નફો. બાકી; વૃદ્ધિ.

વધાવવું, *vt.* Welcome ceromoniously. હર્ષભેર
વધુ,-ધારે,(મોર) *a.* More. વધારે.[ આવકાર આપવો.
વધૂ, ( બ્રાઇડ ) *n* Bride. જુવાન પત્ની. Son's wife.
છોકરાની વહુ. [ ગવું; ફોડવું.
વધેરવું, *vt.* Sacrifice. બલિદાન આપવું. Crush.ભાં-
વધ્ય, *a.* Fit to be killed. વધ કરવા યોગ્ય.
વન, ( ફોરેસ્ટ ) *n.* Forest. જંગલ.
વનચર,-નેચર,-નેરૂ, *a.* & *n.* Living in a forest.
જંગલમાં રહેનારૂં. Monkey. વાંદરો. [ ઉજાણી.
વનભોજન, *n.*Picnic. ગામ બહાર રમ્ય જગાએ કરેલી
વનરાજ, (લાયન) *n.* Lion. સિંહ. [ બી હાર.
વનરાજી,-જિ,-ઇ, ( વુડઝ) *n.* Woods. ઝાડોની લાં-
વનવાસ,*n.* Dwelling in a forest. વનમાં વસવું તે.
વનશ્રી, *a.* Beauty of the jungle. જંગલની શોભા.
વનસ્પતિ,(વેજીટેબલ્સ) *n.*Vegetables ઝાડ,છોડ વગેરે.
વનસ્પતિવિદ્યા,-શાસ્ત્ર ( બૉટેની ) *n.* Botany. વન-
વનિતા, (વુમન) *n.*Woman.સ્ત્રી.[સ્પતિને લગતું શાસ્ત્ર.
વન્ય, *a.* Of jungle. વનનું. [ વાળ કપાવવા તે.
વપન, ( શેવીંગ ) *n.* Shaving. હજામત કરાવવી યા
વપરાટ,-શ, ( યુઝ ) *n.* Use. ઉપયોગ; વાપર.
વપરાવું, *vt.*Be used. વપરાય એમ કરવું.
વપુ, ( બોડી ) *n.* Body. શરીર. [ પણું; શ્રદ્ધા.
વફા,-ઇ,-દારી, ( ફાઈડેલીટી ) *n.* Fidelity.પ્રમાણિક-
વફાદાર, ( લૉયલ ) *a.* Loyal. વિશ્વાસુ; સ્વામીભક્ત.
વમન, ( વોમીટીંગ ) *n.* Vomitting. ઊલટી.

**વમળ,** ( વ્હર્લપુલ ) *n.* Whirlpool. વહેતા પાણીમાં [થતું કૂંડાળું-ભમરો.
**વય,** (એજ) *n.* Age. ઉમ્મર.
**વયસ્ય,** ( ફ્રેંડ ) *n.* Friend. મિત્ર.
**વયસ્યા,** *n.* Female friend. સખી.
**વયાતીત,-યોવૃદ્ધ,** ( ઓલ્ડ ) *a.* Old. વૃદ્ધ; ઘરડું.
**વર,** ( બેસ્ટ ) *a.* Best. ઉત્તમ. *n.* Bridegroom. વરરાજા. Husband. પતિ. Boon. વરદાન.
**વરક,-ખ,** *n.* Silver or gold leaf. સોના કે ચાંદીનું છેક પાતળું પતરૂં. [વરની સવારી.
**વરઘોડો,** *n.* Marriage procession. પરણવા જતા
**વરજોગ,** *a.* Marriageable. પરણવા લાયક.
**વરજોળો,** (એંક્ષાયટી) *n.* Anxiety. ઉચાટ; ચિંતા.
**વરડવું,** ( સ્ક્રેચ ) *vt.* Scratch. ઉઝરડવું. Classify. વર્ગ પાડવા. [જોડણીમાં વપરાતું ચિહ્ન.
**વરડુ,** *n.* A grammatical symbol. ૭, ૮ આવું
**વરણાગિયું,** ( ફૉપીશ ) *a.* Foppish. ટાપટીપ કરનારૂં.
**વરણી,-રૂણી,** ( સીલેક્શન ) *n.* Selection. પસંદગી. Esteem. લેખું. Water. પાણી.
**વરતવું,** ( એક્ટ ) *vt.* Act. વર્તવું; ચાલવું. Happen. થવું. Rocognise. ઓળખવું. Gain. પ્રાપ્ત થવું.
**વરતારો,** *n.* Foretelling. ભવિષ્યકથન.
**વરદ,-દા,-દાયક,-ચી,** *a.* Granting a boon. વરદાન દેનારૂં; કૃપાળુ.
**વરદાન,** ( બુન ) *n.* Boon. દેવ દેવીએ આપેલું વચન.
**વરદી,** (ઇન્ફર્મેશન) *n.* Information. ખબર. Order.

**વરમ,** (ઈનફ્લેમેશન) *n.* Inflammation. સોજો.[હુકમ.
**વરમાળ,-ળા,** *n.* Nuptial garland. પરણતી વખતે વરકન્યાના કંઠમાં નંખાતી સૂતરની માળા.
**વરરાજા,** ( બ્રાઇડગ્રુમ ) *n.* Bridegroom. વર.
**વરવધુ,-વહૂ,** *n.* Husband and wife. પતિપત્ની.
**વરવું,** ( મેરી ) *vt.* Marry. લગ્ન કરવાં. Be used વપરાવું. *a.* Ugly. કદરૂપું; બેડોળ.
**વરશી,-સી,** *n.* First anniversary of the dead.
**વરસ,**(યર) *n.* Year.વર્ષ.[મરનારની પહેલી વાર્ષિક તિથિ.
**વરસગાંઠ,** ( બર્થ-ડેટ ) *n.* Birth-date. જન્મગાંઠ.
**વરસવું,** (રેઈન) *vt.* Rain. વરસાદ પડવો.
**વરસાદ,** *n.* Rain. વાદળમાંથી પાણીનું પડવું તે.
**વરસૂંદ,** ( એન્યુઈટી ) *n.* Annuity. વર્ષાસન.
**વરસોવરસ,** *ad.* Every year. દર વર્ષે.
**વરંડો,** ( વરંડા ) *n.* Verandah. ઓસરી; પડાળી.
**વરાડું,-રેડું,** ( રોપ ) *n.* Rope. દોરડું.
**વરાણિયે,** *ad.* By; With. વડે; થી.
**વરાધ,** ( હુપીંગ કફ ) *n.* Whooping couph. બાળકને થતો એક રોગ. [ness. તલપ; આતુરતા.
**વરાપ,** ( ઇઝ ) *n.* Ease. નવરાશ; ફુરસદ. Eager-
**વરાહ,** (બોર) *n.* Boar. ડુક્કર; સૂવર. [રૂપે થતું રૂપાંતર.
**વરાળ,** (સ્ટીમ) *n.* Steam. પાણી ગરમ થતાં તેનું વાયુ-
**વરાળયંત્ર,** *n.* Steam-engine. વરાળથી ચાલતું યંત્ર.
**વરાંગ,** ( હેડ ) *n.* Head. માથું. Possessing fine physique. સુંદર અવયવોવાળું. [પરતાવો.

વરાંસો, ( ટ્રસ્ટ ) *n.* Trust. ભરોસો. Repentation;
વરિયાળી, *n.* Indian sweet fennel seed. મુખ-
 વાસ તરીકે વપરાતું એક બી.
વરિષ્ટ, ( હાઇએસ્ટ ) *a.* Highest. સર્વોત્તમ.
વરૂ, ( વુલ્ફ ) *n.* Wolf. એક ચોપગું પ્રાણી.
વરૂણ, *n.* Deity of water. પાણીનો અધિષ્ઠાતા દેવ.
 Neptune. એક ગ્રહ. [Excellent. ઉત્તમ.
વરેણ્ય, (એલીજીબલ) *a.* Eligible. પસંદ કરવા યોગ્ય.
વરો, ( ડીનર પાર્ટી ) *n.* Dinner party. જમણ.
વર્ગ, ( ક્લાસ ) *n.* Class. મોટા સમુદાયનો એક ભાગ.
 Series. શ્રેણી. Division. વિભાગ. Category. જાત;
વર્ગમૂલ,–ળ, *n.* Square root. [ગોઠવણી.
વર્ગવારી,–ર્ગીકરણ, *n.* Classification. વર્ગવાર
વર્ગવિગ્રહ, ( ક્લાસ–વૉર ) *n.* Class-war. સમાજના
 વર્ગો વર્ગો વચ્ચે વિગ્રહ.
વર્ગશિક્ષક, *n.* Class-teacher. નિશાળના વર્ગનો શિક્ષક.
વર્ગસત્તાક, (ઓલીગાર્કીક) *n.* Oligarcic. અમુક વર્ગ
વર્ગાત્મક, *a.* Quadratic. [કે સમૂહની જ સત્તાવાળું.
વર્ગાભિમાન, *n.* Class-consciousness. પોતાના વ-
 ર્ગનું અભિમાન. [પરાક્રમ.
વર્ચસ, (લસ્ટર) *n.* Lustre. તેજ; દીપ્તિ. Vigour. બળ;
વર્ચસ્વી, (લસ્ટરસ) *a.* Lustrous. તેજસ્વી.
વર્જવું, ( રીનાઉન્સ ) *vt.* Renounce. તજવું.
વર્જિત, ( ફરબીડન ) *a.* Forbidden. છોડી દીધેલું.
વર્જ્ય,–ર્જનીય, *a.* Fit to be avoided. તજવા યોગ્ય.

વર્ણ, (કલર) *n.* Colour. રંગ. Letter. અક્ષર. Complexion. રૂપ. [ પ્રશંસા.
વર્ણન, (ડીસ્ક્રીપ્શન) *n.* Description. બયાન. Praise.
વર્ણમંડળ, (ક્રોમોસ્ફીયર) *n.* Chromosphere. સૂર્યની આસપાસનું લાલ રંગનું બાષ્પીય કૂંડાળું. [ મૂળાક્ષરો.
વર્ણમાલા,–ળા, (આલ્ફાબેટ) *n.* Alphabet. ભાષાના
વર્ણવવું,–વું, (ડીસ્ક્રાઇબ) *vt.* Describe. વર્ણન કરવું.
વર્ણસંકર, (હાયબ્રીડ) *n.&a.* Hybrid. ભિન્ન વર્ણનાં સ્ત્રી-પુરૂષથી ઉત્પન્ન થયેલો. [ ક્ષર પ્રમાણેનો ક્રમ.
વર્ણાનુક્રમ,–ક્રમણિકા, *n.* Alphabetical index. મળા-
વર્ણાંતર, *a.* & *n.* Endogamous. ભિન્નભિન્ન વર્ણનું.
વર્ણી, *a.* Of the colour of. ના રંગવાળું. Suffix. પ્રત્યય છે. જેમકે : ઘઉંવર્ણું.
વર્ણ્ય,–ર્ણનીય, *a.* Describable. વર્ણવા યોગ્ય.
વર્તણુક,–ર્તવ, (કંડક્ટ) *n.* Conduct. વર્તવાની રીત;
વર્તન, *n.* Behaviour. આચરણ. [ ચાલચલગત.
વર્તમાન, (કરંટ) *a.* Current. ચાલુ. Modern. આધુનિક. *n.* News. સમાચાર.
વર્તમાનકાળ, *n.* Present tense. ચાલુ સમય.
વર્તમાનકૃદંત, *n.* Present participle. એક કૃદંત.
વર્તમાનપત્ર, (ન્યુઝપેપર) *n.* Newspaper. છાપું.
વર્તવું, ( એક્ટ ) *vt.* Act. આચરણ કરવું. Be. થવું. Make out. પારખવું. [ મધ્યવર્તી.
વર્તી, *a.* Being. હોવું. Suffix. પ્રત્યય છે, જેમકે:
વર્તુલ,–ળ, ( સરકલ ) *n.* Circle. ગોળ કૂંડાળું.

વર્તુલાકાર, ( રાઉન્ડ ) *a.* & *n.* Round. ગોળ.
વર્ધક, ( ઑગમેન્ટીંગ ) *a.* Augmenting. વધારનારૂં.
વર્ધન, *n.* Augmentation. વધવું તે. Prosperity. આબાદી. Cutting. કાપવું તે. [ erous.આબાદ થતું.
વર્ધમાન, (એડવાન્સીંગ) *a.* Advancing.વધતું.Prosp-
વર્ધિત, (ઈન્ક્રીઝ્ડ) *a.* Increased. વધેલું.
વર્મ, (આર્મર) *n.* Armour. કવચ; બખ્તર.
વર્ય, (બેસ્ટ) *a.* Best. ઉત્તમ. Suffix. પ્રત્યય છે, જેમકે: [પંડિતવર્ય.
વર્ષ, (યર) *n.* Year. બાર માસનો સમય.
વર્ષા,-ઋતુ, (મોન્સુન) *n.* Monsoon. વરસાદની ઋતુ.
વર્ષાસન, (એન્યુઈટી) *n.* Annuity. ગુજરાન માટે મળતી
વલકુડું, (ગ્રીડી) *a.* Greedy. લાલચુ. [ વાર્ષિક રકમ.
વલખવું, *vt.* Make vain efforts. વલખાં મારવાં.
વલખાં, *n.* Vain efforts. ફાંફાં.
વલણ,-ળણ, ( ઇક્લીનેશન ) *n.* Inclination. વૃત્તિ; મનનું વળવું તે. Curve. વાંક. Specimen. મરોડ. Settlement. નફાતોટાની ઉધરાણી.
વલદે, *ad.* Being the son of. નો દિકરો.
વલવલવું, *vt.* Be restless.વલખાં મારવાં.Prattle.બોલ
વલવલાટ, *n.* Restlessness.વલખાં મારવાં તે.[બોલ કરવું
વલંદો, ( ડચ ) *n.* Dutch. હોલેન્ડનો વતની.
વલી, *n.* Mohomeddan saint. પીર; ઓલિયો.
વલૂર, ( ઇચ ) *n.* Itch. ખજવાળ; ચળ.
વલુરો, ( સ્ક્રેચ ) *n.* Scratch. નખનો ઉઝરડો.
વલુરવું, ( ઇચ ) *vt.* Itch. ખજવાળવું.

**વલે**, ( કંડીશન ) *n.* Condition. હાલત; સ્થિતિ. Remedy. ઉપાય. Wretched state. ખરાબ દશા.

**વલોણું**,(ચર્નીંગ) *n.* Churning. વલોવવું તે.Churning vessel. રવાઈ.

**વલોપાત**,( વીપીંગ ) *n.* Weeping. આક્રંદ; કલ્પાંત.

**વલોવવું**, ( ચર્ન ) *vt.* Churn. માખણ કાઢવા દહીંને [વાંસ વડે ઘમડવું.

**વલ્ક**, (બાર્ક) *n.* Bark. ઝાડની છાલ.

**વલ્કલ**, *n.* Bark-garment. ઝાડની છાલનું વસ્ત્ર.

**વલ્લભ**, (ડીયર) *a.* Dear. વહાલું. *n.* Husband. પતિ.

**વલ્લભા**, (બીલવેડ) *n.* Beloved. પ્રિયા. Wife. પત્ની.

**વલ્લરિ**,-**રી**,-**લ્લી**,-**લ્લિ**, *n.* Creeping plant. વેલ.

**વવડાવવું**,-**રાવવું**, *vt.* Get planted.વાવે એમ કરવું.

**વવળાટ**, (ઇચ) *n.* Itch. ચળ; ખજવાળ. Sensation. સળવળાટ. [ chanted. મુગ્ધ.

**વશ**, (ઓબીડીયંટ) *a.* Obedient. તાબે; શરણે. En-

**વશવર્તી**, (સબમીસીવ) *a.* Submissive. તાબે રહેનારૂં.

**વશાત્**, *ad.* On account of. ના લીધે. Suffix. પ્રત્યય

**વશિકરણ**, (સ્પેલ) *n.* Spell. જાદું.[છે, જેમકે: દૈવવશાત્.

**વશ્ય**, ( ગવર્નેબલ ) *a.* Governable. વશ કરાય તેવું. Dependent. અધીન.

**વસતિ**,-**તી**, (પોપ્યુલેશન) *n.* Population.લોકસંખ્યા. Abode. રહેઠાણ. Populated place. વસેલી જગા.

**વસતિગણતરી**, (સેન્સસ) *n.* Census.વસતિની ગણતરી.

**વસતિગૃહ**, *n.* Boarding house. છાત્રાલય.

**વસન**, (ક્લોધીંગ) *n.* Clothing. કપડું; વસ્ત્ર.

વસમું, (ડીફીકલ્ટ) *a.* Difficult. મુશ્કેલ. Evil. માઠું.
વસવસો, (ડાઉટ) *n.* Doubt. વહેમ; અંદેશો.
વસવાટ, (હેબીટેશન) *n.* Habitation. વસવું તે.
વસવાયું,–યો, *n.* Individual of the artisan class. ગામ તરફથી પસાયતાં આપી વસાવેલા હજામ ધોબીવગેરે.
વસવું, (ડવેલ) *vt.* Dwell. વસવાટ કરવો. Be impressed with. મનમાં ઉતરવું.
વસંત, (સ્પ્રીંગ) *n.* Spring. ફાગણ-ચૈત્ર માસની ઋતુ; ઋતુરાજ. Present of clothes to bride. વર તરફથી કન્યાને અપાતી ભેટ.
વસાણું, *n.* An ectuary prepared from several drugs. ઔષધિઓ નાખી બનાવેલો પાક.
વસાત,–જુઓ ' વિસાત. '
વસાવવું, (કોલોનાઈઝ) *vt.* Colonize. માણસોને લાવી [રહેઠાણ કરાવવું.
વસાહત, (કોલોની) *n.* Colony. સંસ્થાન. [વતની.
વસાહતી, *a.&n.* Colonial. વસાહતને લગતું; ત્યાંનો
વસિયત,–નામું, (વીલ) *n.* Will. વારસા વિષેનું લખાણ.
વસી, (મેનેજર) *n.* Manager. ગામનો વહિવટ કરનાર.
વસીલો, (ઈન્ફ્લ્યુઅંસ) *n.* Influence. મોટા સાથેનો સંબંધ—તેની લાગવગ કેળવવી તે.
વસુ, (ગોલ્ડ) *n.* Gold. સોનું. Wealth. ધન. Sun. સૂર્ય.
વસુધા,–મતી,–સુંધરા, (અર્થ) *n.* Earth. પૃથ્વી.
વસૂકવું, *vt.* Stop giving milk. દૂધ દેતી બંધ થવી.
વસૂલ,–લાત, (રેવન્યુ) *n.* Revenue. મહેસૂલ. Income. આમદાની.

વસો, *n.* Hundreth part. સોમો ભાગ. Twentieth part of a vigha. વીઘાનો વીસમો ભાગ. Credit.
વસ્તાર, *n.* Large family. બહોળું કુટુંબ. [આબરૂ.
વસ્તારી, *a.* Having a large family. બહોળા
વસ્તિ, (પેલ્વીસ) *n.* Pelvis. પેડુ; મૂત્રાશય. [કુટુંબવાળું.
વસ્તુ, (થીંગ) *n.* Thing. ચીજ. Truth. સત્ય; સાર. Plot. *ad.* નાટક કે કથાનો વિષય.
વસ્તુતઃ, Really. ખરું જોતાં. [કે નાટકના વસ્તુની ગૂંથણી.
વસ્તુસંકલના, *n.* Arrangement of the plot. કથા
વસ્ત્ર, (ડ્રેસ) *n.* Dress. કપડું.
વસ્ત્રપરિધાન, (ડ્રેસીંગ) *n.* Dressing. વસ્ત્ર પહેરવાં તે.
વસ્ત્રલોચન, *n.* Plundering of clothes. લૂગડાં વગેરે સર્વ ચોરાઇ જવું તે. [ અને આભૂષણો.
વસ્ત્રાલંકાર, *n.* Clothes and ornaments. વસ્ત્રો
વસ્લ, *n.* Meeting. મેળાપ. Connection. સંબંધ.
વહન, (ફ્લોઈંગ) *n.* Flowing. વહેવું તે. Conveyance. વાહન. Carrying. ઊંચકીને લઇ જવું તે.
વહવું, (કેરી) *vt.* Carry. વહન કરવું. Flow. વહેવું.
વહાણ, ( બોટ ) *n.* Boat. મોટો મછવો.
વહાણવટી, (સેલર) *n.* Sailor. વહાણ હંકારનાર. Marine merchant. દરિયાઈ વેપારી.
વહાણવટું, *n.* Sea-faring. દરિયામાં વહાણો ફેરવવાં તે.
વહાણું, -ણેલું, ( ડૉન ) *n.* Dawn. પ્રભાત.
વહાર, ( હેલ્પ ) *n.* Help. મદદ.
વહાલ, -પ, -પણ, ( એફેક્શન ) *n.* Affection. પ્રીતિ.

વહાલમ,-લો, ( હઝબંડ ) *n.* Husband. પિયુ; કાંત.
વહાલસોયું, ( ફેવરીટ ) *a.* Favourite. લાડકવાયું.
વહાલું, ( ડીયર ) *a.* Dear. પ્રિય.
વહાલેશરી, *a.* & *n.* Well-wisher. હિતેચ્છુ.
વહાલી, ( બીલવેડ ) *n.* Beloved. પ્રિયા.
વહી, ( એકાઉન્ટ બુક ) *n.* Account book. નામાનો ચોપડો. Book of family history. વંશાવળીની ચોપડી. Book. ચોપડી.
વહીવટ, ( મેનેજમેન્ટ ) *n.* Management. કારભાર. System. પદ્ધતિ. Intercourse. સંબંધ.
વહીવટદાર, ( મેનેજર ) *n.* Manager. કારભારી.
વહીવટી, (એકઝીકયુટીવ) *a.*Executive.વહીવટને લગતું.
વહીવંચો, *n.* Family bard. પેઢીનામું રાખનાર ભાટ.
વહુ, (વાઇફ) *n.* Wife. પત્ની. Son's wife. છોકરાની વહુ.
વહેણ,-ન, (ફલો) *n.* Flow. પ્રવાહ.
વહેમ, (ડાઉટ) *n.* Doubt. શંકા. Illusion. ભ્રમ.
વહેમાવું, *vt.* Doubt. શંકા આવવી.
વહેમી,-લું, *a.* Suspicious. વહેમથી ભરેલું.
વહેર, ( કલેફટ ) *n.* Cleft. ફાટ. Saw-dust. વહેતાં પડેલો ભૂકો.
વહેરવું, (કટ) *vt.* Cut. કરવત વડે કાપવું.
વહેરો,-આંતરો,-વંચો, ( ડીફરંસ ) *n.* Difference. ભેદભાવ; તફાવત.
વહેલ, (ચેરીયોટ) *n.* Chariot. રથ.
વહેલું, (અર્લી) *a.* Early. જલદી. Fast. ઉતાવળું.
વહેલુંમોડું, *ad.* Anyhow. ગમે ત્યારે; સગવડે.
વહેવાર, ( ઈંટરકોર્સ ) *n.* Intercourse. સંબંધ; ઘર-

વટ. Dealings. ધીરધાર. Social conduct. આચ-રણ; વર્તન. Usage. રૂઢિ.
વહેવારૂ, ( પ્રેકટીકેબલ ) *a.* Practicable. આચારમાં ઉતારી શકાય તેવું. Common. સાધારણ.
વહેવું, ( બેર ) *vt.* Bear. ઊંચકવું; ખમવું. Glide. સરવું. Pass away. વીતવું.
વહેળો,-હોળીયું, (રીવ્યુલેટ) *n.* Rivulet. નાનો પ્રવાહ.
વહેંચણ,-ણી, ( ડીસ્ટ્રીબ્યુશન ) *n.* Distribution. ભાગ કરવા તે. Dividend. હિસ્સો.
વહેંચવું, (ડીવાઇડ) *vt.* Divide. ભાગ પાડવા. [લેવું.
વહોરવું, (બાય) *vt.* Buy. ખરીદવું. Undertake. માથે
વહોરો, *n.* A Bora. શિયા મુસલમાનની એક જાતનો
વહ્નિ, (ફાયર) *n.* Fire. અગ્નિ. [ માણસ.
વળ, (ટ્વીસ્ટ) *n.* Twist. આમળો; આંટો. Device. યુક્તિ. Spite. અંટસ. [ ટાવું Wrangle. ટંટો કરવો.
વળગવું, (કલીંગ) *vt.* Cling. બાઝવું. Embrace. લપે-
વળગાડ, *n.* Evil spirit. ભૂતપ્રેત—તેનું વળગવું તે.
વળગાડવું, *vt.* Attach to. સંધાડવું. Force upon. માથે નાખવું. [તરીકે જે કાંઇ મજરે આપવાનું હોય તે
વળતર, ( કોમ્પેનશેસન ) *n.* Compensation. બદલા
વળતી,-તાં, (ધેન) *ad.* Then. પછી. Also. વળી.
વળવું, (બેંડ) *vt.* Bend. વાંકા થવું. Return. પાછા ફરવું.
વળાવવું, (સેન્ડ) *vt.* Send. મોકલવું. See off. વિદાય
વળાવિયો,-વો, (ગાઇડ) *n.* Guide. ભોમિયો. [કરવું.
વળાંક, (કર્વ) *n.* Curve. વળવું તે—રસ્તાનું. Mode. મરડાટ.

વળી, ( અગેઈન ) *ad.* Again. વધારામાં; ઉપરાંત. *a.* Round rafter. પાતળો લાંબો સોટો.
વળું, (સર્કલ) *n.* Circle. કૂંડાળું. Gathering.સમુદાય. Stratum. થર. Side. પક્ષ Inclination. મનનું વલણ.
વળોટવું, (સરપાસ) *vt.* Surpass. ઓળંગવું; ચડિયાતા થવું. [ વળવું.
વંકાવું, *vt.* Take to offence રિસાવું. Bend. વાંકા
વંચાવવું, *vt.* Get read. વંચાય એમ કરવું.
વંચાવું, *vt.* Be read. વાંચે એમ થવું. Be talked about. નિંદા થવી.
વંચિત, (ડીસીવ્ડ) *a.* Deceived છેતરાયેલું;વિમુખ;હીન.
વંઝા, *n.* Childless woman. વાંઝણી સ્ત્રી.
વંટોળ,-ળિયો, (વ્હર્લવીન્ડ) *n.* Whirlwind. કૂંડાળાં કરતો જોરમાં વાતો પવન.
વંઠવું, *vt.* Be insolent.હાથથી જવું; ફાટવું;વહી જવું.
વંડી,-ડો,*n.* Compound wall.ખુલ્લી જમીનની નાની
વંત,-તું, *a.*Suffix. પ્રત્યય છે, જેમકેઃ માનવંત [ભીંત.
વંતરી, (વીચ) *n.* Witch. ભૂતડી.
વંતાક, (બ્રીંજલ) *n.* Brinjal. રીંગણું.
વંદન,-ના, (ઓબેસંસ) *n.* Obeisance. નમસ્કાર.
વંદનીય,*a.* Fit to be respected. વંદન કરવા યોગ્ય.
વંદવું, *vt.* Pay homage to. પ્રણામ કરવા.
વંદિત,-તા, *a.* & *n.* Saluted. પૂજ્ય. Adorable.
વંદો, (બીટલ) *n.* Beetle. એક જીવડું. [આદરણીય.

વંધ્ય, (બેરન) *a.* Barren. વાંઝિયું.
વંધ્યા,-જુઓ ' વંઝા.' [Bamboo. વાંસ. Pipe.વાંસળી.
વંશ, (લીનીએજ) *n.* Lineage.પુત્રપૌત્રાદિકનો ક્રમ;કુળ.
વંશજ, *a.* & *n.* Descendent. સંતાન; વારસદાર.
વંશપરંપરા, ( હેરીડીટી ) *n.* Heredity. પેઢીનો ક્રમ. *ad.* Through successive generations. પેઢીના ક્રમથી.
વંશવૃક્ષ,-શાવળિ, *n.* Geneological tree. પેઢીનામું.
વા, ( ઓર ) *conj.* Or. યા; અથવા. *n.*Wind. પવન. Rheumatism.સાંધા રહી જવાનો રોગ. Fancy.તરંગ.
વાઇ, (હીસ્ટીરીયા) *n.* Hysteria. મૃગી; ફેફરૂં.
વાએજ,-યજ,-યેજ, (પ્રીચર) *n.* Preacher. ઉપદેશક. Preaching. ઉપદેશ. [ચીકાશ.Speech.વાચા; વાણી.
વાક, ( ઈસેન્સ ) *n.* Essence. સાર. Stickiness.
વાકેફગાર, *a.* Acquainted with. જાણીતું. Expert. પ્રવીણ. [ing. બોલવાની ચતુરતા.
વાક્ચાતુરી,-ર્ય,-પટુતા, *n.* Cleverness in speak-
વાક્પટુ, (ઈલોકવંટ) *a.* Eloquent. બોલવામાં ચતુર.
વાક્પ્રચાર, (ઈડીયમ) *n.* Idiom. ભાષામાં રૂઢ પ્રયોગ.
વાકય, (સેન્ટન્સ) *n.* Sentence. પૂર્ણ અર્થ બતાવતો શબ્દસમૂહ. Promise. વચન. [વાકયની રચના.
વાકયરચના,-વિચાર,-વિન્યાસ, (સીન્ટેક્ષ)*n.* Syntax.
વાકયાર્થ, *n.*Meaning of a sentence.વાકયનો અર્થ.
વાખરો, *n.* Household articles. ઘરગથુ સામાન.
વાગ, (સ્પીચ) *n.* Speech. વાણી.

વાગવું, ( સાઉન્ડ ) *vt*. Sound. અવાજ નીકળવો. Injure. ઈજા થવી. Strike. સમય થવો.
વાગિન્દ્રિય, (ટંગ) *n*. Tongue. જીભ.
વાગીશ્વરી, *n*. Goddess of speech. સરસ્વતી.
વાગેશ્રી, (ટ્યુન) *n*. Tune. એક રાગ.
વાગોલ,–ળ,–ગલ,–ળું, (બૅટ) *n*. Bat. વડવાગોળ.
વાગોળવું, (ચ્યુ) *vt*. Chew. ખાધેલું મોંમાં લાવી ફરી ચાવવું.
વાગ્દાન, (બીટ્રોથલ) *n*. Betrothal. સગાઇ.
વાગ્બાણ, (ટૉંટ) *n*. Taunt. મહેણું.
વાઘ, (ટાયગર) *n*. Tiger. એક હિંસ્ર પ્રાણી.
વાઘણ, (ટાયગ્રેસ) *n*. Tigress. વાઘની માદા.
વાઘાંબર, *n*. Cloth made of tiger's skin. વાઘના ચામડાનું વસ્ત્ર કે આસન.
વાઘો, *n*. Dress of honour. પોશાક.
વાઙ્મય, (લીટરેચર) *n*. Literature. સાહિત્ય.
વાચ,–ચા, (સ્પીચ) *n*. Speech. વાણી. Dialect. બોલી.
વાચક, ( સ્પીકીંગ ) *a*. Speaking. બોલતું. *n*. Reader. વાંચનાર. *a*. Declaratory. દર્શક. Suffix. પ્રત્યય છે, જેમકે: માનવાચક.
વાચકવર્ગ, *n*. The reading public. વાંચનારાઓનો વર્ગ.
વાચન, *n*. Reading. વાંચવું તે. Study. અભ્યાસ.
વાચનમાળા, *n*. Series of reading books. વર્ગોમાં ચલાવવા તૈયાર કરેલી ચોપડીઓની શ્રેણી.
વાચના, (ટેક્ષ્ટ) *n*. Text. પાઠ; પુસ્તકનું મૂળ લખાણ.
વાચનાલય, (રીડીંગ રૂમ) *n*. Reading room. છાપાં

વગેરે વાંચવા માટે રખાતાં હોય તે સ્થાન.
વાચસ્પતિ,-ગીશ, *n.* Brahspati. બૃહસ્પતિ.
વાચ્ય, *a.* Worth speaking. બોલવા જેવું. Intended to be expressed. કહેવા ધારેલું. [ળતો અર્થ.
વાચ્યાર્થ, *n.* Literal meaning. શબ્દ વાંચતા નીક-
વાછટ,-છંટ, *n.* Splashing of rain. પવનથી ઊડેલા વરસાદના છાંટા. [ કરેલું છજું.
વાછટિયું, *n.* Weather board. વાછંટ અટકાવવા
વાછડી,-રડી, *n.* Heifer. ગાયનું માદા બચ્ચું.
વાછડું,-ડો, (કાફ) *n.* Calf. ગાયનું નર બચ્ચું. [ળવો તે.
વાછૂટ, *n.* Breaking of wind. ગુદા વાટે પવન નીક-
વાજ, (ટ્રબલ) *n.* Trouble. પીડા. Preaching. ઉપદેશ. Sacrifice. યજ્ઞ. Battle. સંગ્રામ. Feather of an arrow. બાણનું પીછું. Vigour. બળ. *a.* Ti-
વાજબી, (પ્રોપર) *a.* Proper. યોગ્ય. [ red. કંટાળેલું.
વાજિત્ર,-જિંત્ર, *n.* Musical instrument. વાદ્ય; વાજું.
વાજિયા, *a.* Produced by watering. પાણી પાઇને
વાજી, *n.* Horse. ઘોડો. Arrow. બાણ. [પકવેલા.
વાજીકરણ, (સ્ટીમ્યુલેટીંગ), *n.* Stimulating. વીર્ય-
વાજું,-જુઓ 'વાજિંત્ર.' [ વર્ધક ઔષધપ્રયોગ.
વાટ, (વે) *n.* Way. માર્ગ. Awaiting. પ્રતિક્ષા; રાહ. Wick. દિવેટ. Tyre. પૈડા પરનો લોઢાનો પાટો. [ખર્ચ.
વાટખરચ,-ચી, *n.* Travelling expenses. મુસાફરી
વાટકી,-કડી,-ટી, *n.* Brass of copper cup. છાલી.
વાટવું, ( પાઉન્ડ ) *vt.* Pound. ભૂકા કરવો; લસોટવું.

વાટવો, *n.* Purse. હાથથેલી. Distribute. વહેંચવું.
વાટાઘાટ, (ડીસ્કશન) *n.* Discussion. પંચાત;ભાંજગડ.
વાટિકા, (ગાર્ડન) *n.* Garden. બગીચો; વાડી.
વાટો, (કોરૂગેશન) *n.* Corrugation.ગોળ લાંબો વીંટો. Wrinkle. કરચલી. [આડ. Street. મહોલ્લો.
વાડ, (ફેન્સ) *n.* Fence. જમીનની આજુબાજુ કરેલી
વાડી, (ગાર્ડન) *n.* Garden. બાગ. Network of flowers. ફૂલ ગૂંથીને કરેલો શણગાર.
વાડો, (એન્કલોઝર) *n.* Enclosure. પછવાડે આંતરેલી ખુલ્લી જગા. Privy. સંડાસ. Ward. મહોલ્લો. Party. તડ; પક્ષ.
વાઢ, (કટ) *n.* Cut. કાપ; જખમ. Field of sugar-cane.શેરડીનું ખેતર.Ache. ચૂંક. Reaping.કાપણી.
વાઢકાપ, *n.* Surgical operation. ડાક્તરે શરીરને
વાઢણી, *n.* Reaping. કાપણી. [ચીરવું કે કાપવું તે.
વાઢવું, (કટ) *vt.* Cut. કાપવું.
વાણિજ્ય, (ટ્રેડ) *n.* Trade. વેપાર.
વાણી, (સ્પીચ) *n.* Speech. કથન. Utterance. બોલી. Voice. સ્વર. Tongue. જીભ.
વાણો, (વુફ) *n.* Woof. વણતાં નંખાતા આડા દોરા.
વાણોતર, (કલાર્ક) *n.* Clerk. ગુમાસ્તો.
વાત, (એર) *n.* Air. પવન. One of the three humours of the body. શરીરની ત્રણ ધાતુઓમાંની એક. Talk. વાતચીત. Story. કથા. Narrative. હકીકત. Rumour. ગપાટો.

**વાતચીત**, (કાનવરશેસન) *n.* Conversation. સંભાષણ.
**વાતાયન**, ( વીન્ડો ) *n.* Window. બારી.
**વાતાવરણ**, (એટમોસ્ફીયર) *n.* Atmosphere. પૃથ્વીને વીંટળાઈને રહેલું વાયુનું આવરણ. Circumstance. પરિસ્થિતિ. [બત્તી.
**વાતી**, (બીક) *n.* Wick. દિવેટ. Incense stick. અગર-
**વાતોડિયું,-તૂડું**, (ટૉકેટીવ) *a.* Talkative. ઘણી વાતો કરવાની ટેવવાળું.
**વાત્સલ્ય**, (એફેક્શન) *n.* Affection. મમતા; પ્રેમ.
**વાદ**, (ડીબેટ) *n.* Debate. ચર્ચા. Controversy. તકરાર. Rivalry. ચડસાચડસી. Theory. કોઇ વિષયમાં
**વાદગ્રસ્ત**, *a.* Disputed. ચર્ચાસ્પદ. [ કાઢેલું અનુમાન.
**વાદન**, (સાઉન્ડીંગ) *n.* Sounding. વગાડવું તે.
**વાદનકલા**, *n.* Art of playing musical instruments. વાજિંત્ર વગાડવાની કળા. [ તકરાર.
**વાદવિવાદ**, ( ડીબેટ ) *n.* Debate. ચર્ચા. Dispute.
**વાદળ,-ળું**, (કલાઉડ) *n.* Cloud. આકાશમાં એકઠો થયેલો વરાળનો સમૂહ.
**વાદળી**, (બ્લ્યુ) *a.* Blue. વાદળી રંગનું; નીલવર્ણું. *n.* Small cloud. નાનું વાદળ. Sponge. પાણી ચૂસી રાખે તેવી એક પેદાશ.
**વાદી**, ( પ્લેઇન્ટીફ ) *n.* Plaintiff. ફરિયાદી. Speaker. બોલનાર. Conjurer. મદારી.
**વાદીલું**, (ઓબ્સ્ટીનેટ) *a.* Obstinate. મમતી; વાદે ચડી
**વાદ્ય**, *n.* Musical instrument. વાજિંત્ર. [જાય એવું.

વાઘણુ,-ણી, ( હીકફ ) *n*. Hiccouph. હેડકી.
વાઘર,-રી, *n*.Leather strap. ચામડાની સાંકડી પટ્ટી.
વાન, ( કલર ) *n*. Colour. રંગ; વર્ણ. Physique. શરીરનો બાંધો. [નવાઈની ચીજ.
વાનગી, (સ્પેસીમેન) *n*. Specimen. નમૂનો Novelty.
વાનપ્રસ્થ, (રીટાયર્ડ) *a*.Retired. છૂટું થયેલું;નિવૃત્ત.
વાનર, ( મંકી ) *n*. Monkey. વાંદરો; કપિ.
વાનરચેષ્ટા, ( મીમીક્રી ) *n*. Mimicry. અડપલાં.
વાની, ( સોર્ટ ) *n*. Sort. જાત; જણસ. Ashes of a dead body. મડદાની રાખ.
વાનું, ( આર્ટીકલ ) *n*. Article. વસ્તુ; ચીજ.
વાપર, ( યુઝ ) *n*. Use. વપરાશ.
વાપરવું, ( યુઝ ) *vt*. Use. વપરાશમાં લેવું. Spend. [વાપરી નાખવું.
વાપસ, ( બેક ) *ad*. Back. પાછું.
વાપિ,-પી, *n*. Well with steps. વાવ.
વાબારૂં,-રી, (વેન્ટીલેટર) *n*.Ventilator.જાળિયું;બારું.
વામ, ( ફેધમ ) *n*. Fathom; measure of length equal to six feet. છ હાથ જેટલું માપ. *a*.Beautiful. સુંદર. Left. ડાબું. Adverse. પ્રતિકૂળ. Mean. અધમ. [પ્રદાય.
વામમાર્ગ, *n*. Tantra doctine. તંત્રમાર્ગ; શાક્ત સં-
વામન,(શોર્ટ) *a*.Short. ઠીંગણું. *n*.Dwarf.ઠીંગણો.
વામવું, *vt*.Throw overboard. ફેંકી દેવું. Lessen. ઓછું કરવું. Abandon. તજવું. [ing. સરસ્વતી.
વામા,(વુમન) *n*.Woman. નારી.Goddess of learn-

વાયકા, ( રયુમર ) *n.* Rumour. ઊડતી વાત.
વાયડું, ( ફ્લેટ્યુલંટ ) *a.* Flatulent. પેટમાં વાયુ ઉત્પન્ન કરતું. Obstinate. હઠીલું.
વાયદાસર, ( ટાઈમ્લી ) *ad.* Timely. મુદતસર.
વાયદો, ( પ્રોમીસ ) *n.* Promise. વચન. Stipulated time. મુદત; અવધિ.
વાયરો, (વીન્ડ) *n.* Wind. પવન. [ સ્ત્રીઓનું વસ્ત્ર.
વાયલ, *n.* Kind of female garment. એક જાતનું
વાયલ,-લી, ( વ્હીમઝીકલ ) *a.* Whimsical. તરંગી.
વાયવી, ( એરીયલ ) *a.* & *n.* Aerial. વાયુ સંબંધી. North-west quarter. વાયવ્ય.[ઉત્તર-પશ્ચિમ ખૂણો.
વાયવ્ય,-ય્કોણ, *n.* & *a.* North west corner.
વાયુ,(વીન્ડ) *n.* Wind. પવન. Gas.બાદી.
વાયુચક્ર,-મંડલ, *n.* Atmosphere. પૃથ્વી આસપાસનું વાયુમંડલ; વાતાવરણ.
વાયુચક્રશાસ્ત્ર, *n.* Meteorology. વાતાવરણમાં થનારા
વાયુચર,(બર્ડ) *n.* Bird.પક્ષી. [ફેરફારો જાણવાનું શાસ્ત્ર.
વાયુપુત્ર, (હનુમાન) *n.* Hanuman. હનુમાન.Bhima.
વાયુવેગી, *a.* Swift as wind. પવનવેગી. [ભીમ.
વાર, (યાર્ડ) *n.* Yard. ત્રણ ફૂટ જેટલું માપ. Suffix. પ્રત્યય છે, જેમકે: ક્રમવાર; ઉમેદવાર. *n.* Day of the week. અઠવાડિયાનો દિવસ. Time: સમય. Turn. ફેરો. Delay. ઢીલ; વિલંબ.
વારણ, ( એવર્ટીંગ ) *n.* Averting. અટકાવવું-નિવારવું તે. Elephant. હાથી. [અટકાવવું.

વારવું, (ફરબીડ) *vt.* Forbid. મના કરવી.
વારસ, ( એર ) *n.* Heir. મરનારની મિલકતનો હકદાર.
વારસનામું, ( વીલ ) *n.* Will. વસિયતનામું. [ઉતરેલું.
વારસાગત, ( હેરીડીટરી ) *a.* Hereditary. વારસામાં
વારસો,-સાઇ, (લીગસી) *n.* Legacy. વારસને મળેલી
મરનારની મિલકત. [ વારેઘડીએ.
વારંવાર, ( ફ્રીકવંટલી ) *ad.* Frequently. ફરીફરીને;
વારાણસી, ( બનારસ ) *n.* Beneras. કાશી.
વારાફરતી, *ad.* One after another. એક પછી એક;
વારા પ્રમાણે. [tute. વેશ્યા.
વારાંગના, (કોર્ટેઝન) *n.* Courtezan. ગણિકા.Prosti-
વારિ,-વારૂણ, ( વૉટર ) *n.* Water. પાણી; નીર.
વારિજ, ( લોટસ ) *n.* & *a.* Lotus. કમળ.
વારિદ, ( ક્લાઉડ ) *n.* Cloud. વાદળ. Rain. મેઘ.
વારિધિ, ( સી ) *n.* Sea. સમુદ્ર.
વારી, (હોર્સ) *n.*Horse. ઘોડો. Turn. વારો. Occa-
sion. બદલો લેવાનો અવસર. [દિશા.
વારૂણી, ( વાઇન ) *n.* Wine. મદિરા. West. પશ્ચિમ
વારુ, *ad.*Well. ઠીક. *a.* Good. સારૂ. Charming.
વારેઘડીએ,-વારે, (ઓફન) *ad.* Often. વારંવાર.[સુંદર.
વારો, ( ટર્ન ) *n.* Turn. ક્રમ; પાળી. Cessation of
work. અણુજો; પાકી.
વાર્તા,-ર્ત્તા, (સ્ટોરી) *n.*Story કથા.Tidings.સમાચાર.
વાર્તિક,-ર્ત્તિક, *n.* Annotation. વિવેચનવાળી ટીકા.
Informant. બાતમીદાર.

વાર્ષિક, (યર્લી) *a.* & *n.* Yearly. દર વર્ષે બનતું.
વાલ, ( બીન ) *n.* Bean. એક કઠોળ. 1/32 part of a tola. ત્રણ રતી જેટલું તોલ.
વાલી, (ગાર્ડિઅન) *n.* Guardian. રક્ષક; પાલક.
વાલુકા, (સેન્ડ) *n.* Sand. રેતી. [ ભરેલી શીશી.
વાલુકાયંત્ર, *n.* Hour-glass. કલાક જાણવાની રેતી
વાલોળ, (વેજીટેબલ) *n.* Vegatable. એક શીંગ-શાક.
વાવ, *n.* Well with steps. અંદર ઊતરવાનાં પગથિયાં- વાળો કૂવો.
વાવટો, (ફ્લેગ) *n.* Flag. ધજા [ વાળો કૂવો.
વાવડ, *n.* Tidings. સમાચાર. Spread. રોગનું ફેલાવું તે.
વાવણી, (સોઈંગ) *n.* Sowing. વાવવું તે.
વાવરવું, (યુઝ) *vt.* Use. વાપરવું. [રોપા નાખવા.
વાવવું, (સો) *vt.* Sow. ઉગાડવા માટે જમીનમાં બી કે
વાવંટોળ,-વાઝોડું ( હરીકેન ) *n.* Hurricane. વંટોળિયાનું તોફાન. [Give birth to. વિયાવું.
વાવું, ( બ્લો ) *vt.* Blow. ફૂંકાવું. Feel. અસર થવી.
વાવેતર, ( કલ્ટીવેશન ) *n.* Cultivation. વાવવું-વાવેલું તે; વાવેલી જમીન. [ગંધ. Garment. લુગડું.
વાસ, *n.* Residence. વસવાટ. Street. પોળ. Smell.
વાસણ, (વેસલ) *n.* Vessal. પાત્ર; ઠામ. [ વાસણ.
વાસણકૂસણ, *n.* Culinary utensils. રાંધવા વગેરેનાં
વાસના, (વીશ) *n.* Wish. કામના; ઈચ્છા. Scent. વાસ.
વાસર, (ડે) *n.* Day. દિવસ; વાર.
વાસવું, ( ક્લોઝ ) *vt.* Close. બંધ કરવું. Spread fragrance. મહેકવું. Colonize. વસાવવું. Blow.

વગાડવું.                [ oon. વિદૂષક. Actor. નટ.
વાસંતિક, (વર્નલ) *a.* Vernal. વસંત ઋતુનું. *n.* Buff-
વાસંતી, *a.* Vernal. વસંત ઋતુનું. *n.* Creeping pl-
ant. એક વેલ.        [ sed. વસ્ત્રો વડે આચ્છાદિત કરેલું.
વાસિત, (સેન્ટેડ) *a.* Scented. સુવાસિત કરેલું.Dres-
વાસિની,-સી, *a.* Suffix. પ્રત્યય છે, જેમકેઃ નગરવાસી.
વાસી, *a.* Not fresh. આગલા દિવસનું. [મૂતર વગેરે.
વાસીદું, ( સ્વીપીંગ્સ ) *n.* Sweepings. પૂંજો; છાણ,
વાસુકિ, *n.* Lord of snakes. નાગોનો રાજા.
વાસો, *n.* Lodging. વાસ કરવો તે. [સાચી હકીકત.
વાસ્તવ,-વિક્તા, *n.* Being proper. વાજબીપણું;
વાસ્તવદર્શી, (રીયાલીસ્ટ) *n.* Realist. યથાર્થદર્શી.
વાસ્તવિક, (રીયલ) *a.* Real. ખરું; વાજબી.
વાસ્તુ, *n.* Ceremony of residing in a newly built house. નવા ઘરમાં રહેવા જતાં કરાતી ક્રિયા. Dwelling. ઘર.
વાસ્તે, (ધેરફોર) *ad.* Therefore. તેથી. For. કાજે.
વાહ, (બ્રાવો) *inter.* Bravo! શાબાશ. Well! સરસ!
વાહન, (કનવેયંસ) *n.*Conveyance. જમીન પર આવ-જા માટે વપરાતું સાધન. Medium. માધ્યમ.
વાહવાહ, (પ્રેઝ) *n.* Praise. વખાણ. –જુઓ 'વાહ.'
વાહિની, *n.* Condent. નસ. River. નદી. *a.*Flow-
વાહિયાત *a.* Useless. નકામું        [ing. વહેનારી.
વાહી, *a.* Suffix. પ્રત્યય છે, જેમકેઃ અર્થવાહી.
વાળ, (હેર) *n.* Hair. કેશ.

વાળણ, (એન્ટી-ડોટ) *n.* Anti-dote. ઉતાર.
વાળવું, (બેન્ડ) *vt.* Bend. વાંકું કરવું; નમાવવું. Fold. વાળીને આકાર કરવો. Send back. પાછું ફેરવવું. Sweep. કચરો કાઢવો.
વાળંદ, *n.* Barber. હજામ.
વાળી, ( નોઝ-રીંગ ) *n.* Nose-ring. નથ; કડી.
વાળુ, (ડીનર) *n.* Dinner. રાત્રિભોજન. Sand. રેતી. Gravel. કાંકરી.
વાળો, (ગીનીવર્મ) *n.* Guinea-worm. એક રોગ. Metal thread. ધાતુનો તાર.
વાંક, ( ફૉલ્ટ ) *n.* Fault. અપરાધ; ખામી. Curve. રસ્તાનો વાંક.
વાંકડો, *n* Dowry. વરને આપવાની પરઠણ.
વાંકુ, (ક્રુકેડ) *a.* Crooked. સીધું નહી એવું. Oblique. વક્ર. False. ખોટું. Hostile. સામું થયેલું. *n.* Untruth. જુઠાણું. Hostility. અણબનાવ.
વાંકુચૂકું, (ઝીગઝેગ) *a.* Zigzag. આડુંઅવળું.
વાંચન, (રીડીંગ) *n.* Reading. વાંચવું તે.
વાંચવું, (રીડ) *vt.* Read. લખેલું ઉકેલવું.
વાંછવું, ( ડીઝાયર ) *vt.* Desire. ઈચ્છવું.
વાંછિત, ( ડીઝાયર્ડ ) *a.* Desired. ઈચ્છેલું.
વાંઝણી,-ઝિયું, (બેરન) *a.* & *n.* Barren. સંતતિ ન થતી હોય તેવું.
વાંટ, (પાર્ટ) *n.* Part. ભાગ; હિસ્સો.
વાંટવું, ( ડીવાઇડ ) *vt.* Divide. વહેંચવું.
વાંટો, *n.* Land held in fee simple. ગરાસ કે નરવાની જમીનનો ટૂકડો.
વાંતરવું, *vt.* Eat or cut through. ઝીણું ઝીણું કરડી કે કાતરી ખાવું.
વાંદર,-રું,-રો, ( એપ ) *n.* Ape. કપિ. [અડપલું.

વાંદરચેષ્ટા,-નકલ,-વેડા, ( મીમીક્રી ) *n.* Mimicry.
વાંદો, (ઇનસેક્ટ) *n.* Insect. વંદો; એક જીવડું.
વાંધો, (ઑબ્જેકશન) *n.* Objection. વિરોધ; હરકત.
વાંકુળ, (મેનરલેસ) *a.* Mannerless. અસભ્ય.
વાંસ,-ડો, (બેમ્બુ) *n.*Bamboo. એક ઝાડ-તેનો સોટો.
વાંસકપૂર, *n.* Silicious concretion found inside a bamboo. વાંસનો કપૂર જેવો રસ.
વાંસલો, ( એડ્ઝ ) *n.* Adze. કડિયાનું એક ઓજાર.
વાંસળી,-લડી, (ફ્લ્યુટ) *n.* Flute. બંસી.
વાંસે, (બીહાઈન્ડ) *ad.* Behind. પછવાડે.
વાંસો, (બેક) *n.* Back. પીઠ; બરડો.
વિ, Prefix. ઉપસર્ગ છે, જેમકે: વિયોગ; વિરોધ; વિનાશ; વિધવા; વિગત.
વિકટ, (ડીફીકલ્ટ) *a.* Difficult. મુશ્કેલ; દુર્ગમ. Frightful. વિકરાળ.
વિકરણ, (સેપરેટીંગ) *n.* Seperating. જુદું પાડવું તે.
વિકરાલ,-ળ, ( ડ્રેડફુલ ) *a.* Dreadful. ડરામણું; ભયાનક.
વિકલ,-ળ, (પરપ્લેક્ષ્ડ) *a.* Perplexed. વિહ્વળ; વ્યાકુળ. Incomplete. ખંડિત.
વિકલ્પ, (ડાઉટ) *n.*Doubt. શંકા. Indecision. તર્કવિતર્ક.
વિકસવું, (ડેવલ) *vt.* Develop. ખીલવું.
વિકસાવવું, (એક્ષ્પાન્ડ) *vt.* Expand. ખીલવવું.
વિકસીત, (બ્લુમેડ) *a.* Bloomed. ખીલેલું.
વિકાર,-કૃતિ,-ક્રિયા, ( ચેન્જ ) *n.* Change. ફેરફાર; પરિવર્તન. Variation. તફાવત. Disorder. બગાડ.
વિકાશવું,-સવું, (બ્લુમ) *vt.* Bloom. ખીલવું. Exp-

and. પહોળું થવું. [ding. ખીલવું તે.
વિકાસ, (એવોલ્યુશન) *n.* Evolution. ઉત્ક્રાંતિ. Expan-
વિકીર્ણ, (સ્કેટર્ડ) *a.* Scattered. વિખરાયેલું.
વિકૃત, (સ્પોઇલ્ડ) *a.* Spoiled. વિકાર પામેલું.
વિક્રમ, (હીરોઈઝમ) *n.* Heroism. પરાક્રમ. Step. પગલું.
વિક્રમસંવત, *n.* Era of Vikrama. વિક્રમ રાજાથી
વિક્રય, (સેલ) *n.* Sale. વેચાણ. [ચાલેલો સંવત્સર.
વિક્રાંત, (હીરોઇક) *a.* Heroic. પરાક્રમી. Dreadful.
ગભરાયેલું. [ગભરાયેલું.
વિક્લવ, (અનહેપી) *a.* Unhappy. દુઃખી. Perturbed.
વિક્ષેપ, (હીન્ડ્રન્સ) *n.* Hindrance. અડચણ; હરકત.
વિખ, (પોઈઝન) *n.* Poison. ઝેર. [Delay. વિલંબ.
વિખવાદ, (કવૉરલ) *n.* Quarrel. કજિયો; તકરાર.
વિખૂટું, (સેપરેટેડ) *a.* Seperated. જુદું; છૂટું પડીગયેલું.
વિખેરવું, *vt.* Seperate. જુદું પાડવું. Scatter. વેરી
વિખ્યાત, (ફેમસ) *a.* Famous. પ્રસિદ્ધ [નાખવું.
વિખ્યાતી, (ફેમ) *n.* Fame. પ્રસિદ્ધ.
વિખ્યાપન, (પ્રોક્લેમેશન) *n.* Proclamation. જાહેરાત.
વિગત, *a.* Departed. ગત. Dead. મૃત. *n.* Details.
વિગતવાર, *ad.* In details. વિસ્તારપૂર્વક. [બોના.
વિગતિ, (ફૉલ) *n.* Fall. અધોગતિ.
વિગ્રહ, (બેટલ) *n.* Battle. યુદ્ધ. Body. શરીર. Dis-
solution of a compound. સમાસના અવયવો છૂટા
પાડવા તે. [પાડવું તે.
વિઘટન, (ડીકૉમ્પોઝીશન) *n.* Decomposition. છૂટું

વિઘાત, ( બ્લો ) *n.* Blow. આઘાત. Ruin. નાશ. Obstacle. વિઘ્ન.

વિઘાતક, (ડીસ્ટ્રક્ટીવ) *a.* Destructive. વિઘાત કરનારૂં.

વિઘોટી, *n.* Land revenue. જમીનની સરકારને ભરવાની મહેસૂલ. [ Difficulty. મુશ્કેલી.

વિઘ્ન, ( ઑબસ્ટેકલ ) *n.* Obstacle. હરકત; સંકટ.

વિઘ્ન, ( પરપ્લેક્સ્ડ) *a.* Perplexed. બાવરૂં.

વિચક્ષણ, (ક્લેવર) *a.* Clever. ચતુર. Wise. વિદ્વાન.

વિચરવું, ( ગો ) *vt.* Go. જવું; પ્રવાસ કરવો. [હાલતું.

વિચલ,-ળ,-લિત, (અનસ્ટેડી) *a.* Unsteady. અસ્થિર;

વિચાર, ( રીફ્લેક્શન ) *n.* Reflection. મનન કરવું તે. Opinion. અભિપ્રાય. Thought. કલ્પના; મનસૂબો. Deliberation. ચિંતન.

વિચારક, (થીંકર) *n.& a.* Thinker. ચિંતનશીલ પુરૂષ.

વિચારવંત,-વાન,-શીલ, *a.* Considerate. વિચાર

વિચારવું, *vt.* Deliberate. મનન કરવું. [કરનારૂં.

વિચારશ્રેણી,-સરણી, *n.* Line of thought. વિચારોની પરંપરા.

વિચિ,-ચી, ( ફેન્સી ) *n.* Fancy. તરંગ. Wave. મોજું.

વિચિત્ર, (ડાયવર્સ) *a.* Diverse. તરેહવાર. Strange. વિલક્ષણ. Marvellous. અદ્ભૂત.

વિચિત્રતા, *n.* Strangeness. વિલક્ષણતા.

વિચ્છિન્ન, (સીવીયર્ડ) *a.* Severed. વિચ્છેદ પામેલું.

વિચ્છેદ, ( કટ ) *n.* Cut. કાપ. Division. વિભાગ. Seperation. વિયોગ. Ruin. નાશ.

વિચ્છેદન, (કટીંગ) *n.* Cutting. નાશ કરવો તે.
વિજન, ( સોલીટરી ) *a.* & *n.* Solitary. માણસના
વિજય,(ટ્રાયમ્ફ) *n.*Triumph.ફતેહ. [અવરજવર વિનાનું.
વિજયસ્તંભ, *n.*Victory memorial.વિજયની યાદગીરી માટે ઉભો કરેલો સ્તંભ.
વિજયા,*n.*Goddess Parvati. પાર્વતી.Bhanga.ભાંગ.
વિજયી, ( ટ્રાયમ્ફંટ ) *a.* Triumphant. ફતેહમંદ.
વિજાતિ,-ય, *a.* Heterogenous. ભિન્ન જાતિનું.
વિજારી, ( ડીબોચરી ) *n.* Debauchary. વ્યભિચાર. Roguery. લુચ્ચાઇ.
વિજિગીષા, *n.* Desire to win. જીતવાની ઈચ્છા.
વિજીત, ( ડીફીટેડ ) *a.* Defeated. હારેલું; જીતાયેલું.
વિજેતા, ( વીકટર ) *n.* Victor. જીત મેળવનાર.
વિજોગ, ( સેપરેશન ) *n.* Seperation. વિયોગ.
વિજ્ઞપ્તિ, ( રીકવેસ્ટ ) *n.* Request. વિનંતી.
વિજ્ઞપ્ત, (વેલ-નોન)*a.*Well-known. સારી રીતે જાણેલું.
વિજ્ઞાન, (સાયન્સ) *n.* Science.શાસ્ત્રીય જ્ઞાન.Worldly knowledge. અનુભવ જ્ઞાન.
વિજ્ઞાપક, (એડવરટીઝમેન્ટ) *a.*&*n.* Advertisment. જાહેરખબર. [નિવેદન.
વિજ્ઞાપન,-ના, (એનાઉન્સમેન્ટ) *n.* Announcement.
વિટ, ( પીમ્પ ) *n.* Pimp. ભડવો. Paramour.યાર,
વિટપ, (બ્રાંચ) *n.* Branch. ડાળી. [Debauch.લંપટ.
વિટંબ,-ણા, (ડીફીકલ્ટી) *n.*Difficulty.મુશ્કેલી;ઉપાધિ.
વિડંબના,—જુઓ ' વિટંબણા. '

વિડારવું, (રીલીવ) *vt*. Relieve. શમાવવું. Tear. ચીરવું.
વિણ, ( વીધાઉટ ) *ad*. Without. વિના.
વિતરણ, ( ગીફ્ટ ) *n*. Gift. દાન.
વિતર્ક, ( ડાઉટ ) *n*. Doubt. સંદેહ.
વિતંડા,–વાદ, *n*. Idle carping. ખોટો બકવાદ.
વિતાડવું, ( હેરેસ ) *vt*. Harass. પજવવું; દુઃખ દેવું.
વિતાડવું,–વવું, *vt*. Pass through. પસાર કરવું.
વિતાન, ( કેનોપી ) *n*. Canopy. ચંદરવો; છત. [સાર.
વિત્ત, (મની) *n*. Money. દ્રવ્ય. Power. શક્તિ. Essence.
વિદગ્ધ, (બર્ન્ટ) *a*. Burnt. બળીને ભસ્મ થયેલું. Ripe. પરિપક્વ Learned. વિદ્વાન. Clever. ચતુર.
વિદાય, ( ડીપાર્ચર ) *n*. Departure. પ્રસ્થાન.
વિદાયગીરી, (સેન્ડ ઓફ) *n*. Send off. રજા આપવી તે.
વિદારવું, (ટેર) *vt*. Tear. ચીરવું. Kill. મારી નાખવું.
વિદિત, ( નોન ) *a*. Known. જાણવામાં આવેલું.
વિદુષી, *n*. Learned woman. પંડિતા.
વિદુષક, ( બફુન ) *n*. Buffoon. મસ્કરો; રંગલો.
વિદેશ, *n*. Foreign country. પરદેશ.
વિદેશી, *a*. & *n*. Foreign. પરદેશી.
વિદેહ, (ડેડ) *a*. Dead. મૃત; માયાપાશથી મુક્ત થયેલું.
વિદ્યમાન, (એકઝીસ્ટીંગ) *a*. Existing. હયાત; હાજર.
વિદ્યા, ( નોલેજ ) *n*. Knowledge. જ્ઞાન. Science. તેનું શાસ્ત્ર કે કળા.
વિદ્યાદેવી, *n*. Goddess of learning. સરસ્વતી.
વિદ્યાધિકારી, *n*. Commissioner of Education.

કેળવણીખાતાનો ઉપરી.
વિદ્યાનિધિ,*n.*Treasure of learning.વિદ્યાનો ભંડાર.
વિદ્યાપીઠ,(યુનીવરસીટી) *n.* University. વિદ્યાનું ધામ.
વિદ્યાભ્યાસ, (સ્ટડી) *n.* Study. ભણતર.Education
વિદ્યાર્થી, (સ્ટુડંટ) *n.* Student. ભણનાર. [કેળવણી.
વિદ્યાલય, ( સ્કુલ ) *n.* School. શાળા.
વિદ્યાવિહીન,(ઇલલીટરેટ) *a.*Illiterate.કેળવણી વિનાનું
વિદ્યુત, *n.* Lightning; electricity. વિજળી.
વિદ્યુત્પાત,*n.*Falling of lightning.વિજળી પડવી તે.
વિદ્યુદ્યંત્ર, *n.* Electric machine. વિજળીના બળથી
ચાલતું યંત્ર. [કરવું તે.
વિદ્રાવણ,(લીકવીફાઈંગ)*n.*Liquifying.ઓગળવું-પ્રવાહી
વિદ્વતા, ( લર્નીંગ ) *n.* Learning. પંડિતાઈ; જ્ઞાન.
વિદ્વાન,-દ્વજ્જન, (સ્કૉલર) *n.* Scholar. પંડિત; જ્ઞાની.
વિધ, *a.* Suffix. પ્રત્યય છે, જેમકે : બહુવિધ.
વિધવા, (વીડો) *n.*Widow. જેનો પતિ મરી ગયો હોય
વિવધવિધ,(ડાર્યવર્સ)*a.*Diverse.બહુ પ્રકારનું. [તેવી સ્ત્રી.
વિધા, ( સૉર્ટ ) *n.* Sort. પ્રકાર.
વિધાતા, *n.* Creator. બ્રહ્મા.-જુઓ 'વિધાત્રી.'
વિધાત્રી, *n.* Goddess of destiny. પ્રારબ્ધની દેવી.
વિધાન, (રાઇટ) *n.* Rite. રીત.Ordinance. શાસ્ત્રાજ્ઞા.
Ceremony. ક્રિયા.Expedient ઉપાય. [રચનાત્મક.
વિધાયક, ( કન્સ્ટ્રકટીંગ ) *a.* & *n.* Constructing.
વિધિ, *n.*Brahma. બ્રહ્મા.Fate. નસીબ.Command.
વિધુ, ( મુન ) *n.* Moon. ચંદ્રમા. [આજ્ઞા.

વિધુર, ( વીડોવર ) *n.* Widower. જેની પત્ની મરી ગઈ હોય એવો પુરુષ.
વિધેય, *a.* Fit to be done. કરવા યોગ્ય. *n.* Predicate. વાકયમાં ઉદ્દેશ્યને વિષે જે કાંઈ કહ્યું હોય તે.
વિધ્વસ્ત,-નષ્ટ, ( રૂઈન્ડ ) *a.* Ruined. નાશ પામેલું.
વિનયી, (અમ્બલ) *a.* Humble. નમ્ર Bent. નમી ગયેલું.
વિનય, (મોડેસ્ટી) *n.* Modesty. નમ્રતા; સભ્યતા.
વિનયમંદિર, *n.* High school. માધ્યમિક કેળવણી [આપનારી શાળા.
વિનવણી, *n.* Requesting. વિનવવું તે.
વિનશન, ( ડીસ્ટ્રકશન ) *n.* Destruction. નાશ.
વિનંતિ,-તી-નતી, *n.* Request. આજીજી. Petition. [અરજી.
વિના,-ન, (વીધાઉટ) *ad.* Without. સિવાય.
વિનાયક, *n.* God Ganapati. ગણપતિ.
વિનાશ,-ધ્વંશ, ( રૂઈન ) *n.* Ruin. નાશ.
વિનાશક, *a.* Destructive. નાશ કરનારૂં.
વિનાશી, ( મોર્ટલ ) *a.* Mortal. નાશ પામે તેવું.
વિનિપાત, ( ફૉલ ) *n.* Fall. પડતી.
વિનિમય, ( એકસચેંજ ) *n.* Exchange. બદલો.
વિનિયોગ, ( યુઝ ) *n.* Use. ઉપયોગ. Experiment. પ્રયોગ. Employment. નિમણૂક. Obstacle. વિઘ્ન.
વિનીત, (મીક) *a.* Meek. સૌમ્ય; વિવેકી. Cultured. સુશિક્ષિત. [Jest. મજાક.
વિનોદ, ( મેરીમેન્ટ ) *n.* Merriment. મોજ; આનંદ.
વિન્યાસ, (એરેન્જમેન્ટ) *n.* Arrangement. ગોઠવણી.
વિપત,-દ,-તી, (કેલેમીટી) *n.* Calamity. આફત; પીડા.

વિપથગામી, *a.* & *n.* Dabauch. વ્યભિચારી.
વિપરીત, ( રીવર્સ ) *a.* Reverse. ઊલટું. Hostile. વિરોધી. [ પૂલટ થઇ જવું તે.
વિપર્યય,-ર્યાસ, ( ઈનવર્ઝન ) *n.* Inversion. ઊલટ-
વિપાક, (મેચ્યોરીટી) *n.* Maturity. પરિપક્વતા. Result. પરિણામ.
વિપિન, (ડેઝર્ટ) *n.* Desert. જંગલ.
વિપુલ, (બ્રોડ) *a.* Broad. વિશાળ. Abundant. પુષ્કળ. Dense. ગાઢ.
વિપ્ર, *n.* Brahman. બ્રાહ્મણ.
વિપ્લવ, *n*, Revolution. બળવો. Destruction. નાશ.
વિફૂળ,-લ, ( ફ્રુટલેસ ) *a.* Fruitless. નિષ્ફળ.
વિબુધ, ( લર્નેડ ) *n.* Learned. જ્ઞાની.
વિબુદ્ધ, *a.* Awakened. જાગેલું; ભાનમાં આવેલું.
વિભક્ત, ( ડીવાઈડેડ ) *a.* Divided. જુદું પાડેલું.
વિભક્તિ, ( કેસ ) *n.* Case. નામનો ક્રિયા સાથે સંબંધ દેખાડનાર પ્રત્યય.
વિભા, (લાઇટ) *n.* Light. પ્રકાશ. Ray. કિરણ. Splendour. શોભા.
વિભાકર, ( સન ) *n.* Sun. સૂર્ય.
વિભાગ, (ડીવીઝન) *n.* Division. ભાગ. Part. હિસ્સો.
વિભાગણી,-જન, ( ડીવાઇડીંગ ) *n.* Dividing. ભાગ પાડવા તે.
વિભાજ્ય, ( ડીવીઝીબલ ) *a.* Divisible. ભાગી શકાય કે ભાગવા જેવું.
વિભાવરી, ( નાઇટ ) *n.* Night. રાત્રી.
વિભિન્ન, ( ડીફરન્ટ ) *a.* Different. પૃથક; જુદું.
વિભિષીકા, *n.* Apprehension. ડર; ભય.
વિભુ, ( સુપ્રીમ ) *a.* Supreme. સર્વશ્રેષ્ઠ. Omnipre-

sent. સર્વવ્યાપી.

**વિભૂતિ,** (એશીઝ) *n.* Ashes. ભસ્મ. *n.* Greatness. મહત્તા. Power. સામર્થ્ય. Splendour. ઐશ્વર્ય. Prosperity. સંપત્તિ.

**વિભૂષિત,** ( એડોર્ન્ડ ) *a.* Adorned. શણગારેલું.

**વિભ્રમ,** *n.* Doubt. શંકા. Illusion. ભ્રાંતિ. Confusion. ગભરાટ.

**વિભ્રાંતિ,** *n.* Perplexion. ગૂંચવણ.

**વિમર્ષ,** ( મેડીટેશન) *n.* Meditation. વિચાર; સમીક્ષા. Dissatisfaction. અસંતોષ.

**વિમલ,-ળ,** ( પ્યોર ) *a.* Pure. નિર્મળ.

**વિમાન,** ( બલુન ) *n.* Baloon. આકાશમાં ફરી શકે તેવું વાહન. Aeroplane. હવાઈ જહાજ.

**વિમાસણ,** *n.* Repentance. પસ્તાવો. Deliberation. ચિંતન.

**વિમુક્ત,** (ફ્રી) *a.* Free. સ્વતંત્ર; મુક્ત. Abandoned. તજેલું.

**વિમુખ,** *a.* That has turned its face away. મોં ફેરવી લીધું હોય તેવું. Adverse. પ્રતિકૂળ.

**વિમોચન,** ( લીબરેશન ) *n.* Liberation. છૂટકારો.

**વિમુકત,** ( સેપરેટેડ ) *a.* Seperated. જુદું પાડેલું.

**વિયાવું,** *vt.* Give birth to. પ્રસવ થવો.

**વિયોગ,** *n.* Seperation. વિરહ; જુદા પડવું તે.

**વિરક્ત,** *a.* Indifferent. અનુરાગ કે સ્પૃહા વિનાનું.

**વિરચિત,** ( કમ્પોઝ્ડ ) *a.* Composed. રચેલું.

**વિરમવું,** ( સ્ટોપ ) *vt.* Stop. અટકવું. Cease. થોભવું.

**વિરલ,-લું,** ( રેર ) *a.* Rare. દુર્લભ. Being scarce.

અલ્પ. Unfrequented. નિર્જન.
વિરહ, (સેપરેશન) *n*.Seperation. પ્રિયજનનો વિયોગ.
વિરંચી, *n*. Brahma. બ્રહ્મા.
વિરાગ,—જુઓ ' વૈરાગ્ય '.
વિરાગી, (એસેટીક) *a*.&*n*. Ascetic. સાધુ; સન્યાસી.
વિરાજમાન, ( શાઈનીંગ ) *a*. Shining. પ્રકાશમાન
વિરાજવું, *vt*. Shine. પ્રકાશવું. [Seated. બેઠેલું.
વિરાટ, ( ગ્રેટ ) *a* Great. વિશાળ; ભવ્ય.
વિરામ, (પૉઝ) *n* Pause. આરામ. Death. અવસાન.
વિરામવું, *vt*. Cease. થોભવું. Terminate. અટકવું;
વિરુદ્ધ, (એડવર્સ) *a*. Adverse. પ્રતિકૂળ. [બંધ પડવું.
વિરૂપ, ( અગ્લી ) *a*. Ugly. કદરૂપું.
વિરેચન, ( પર્જેટીવ ) *n*. Purgative. જુલાબ; દસ્ત.
વિરોધ, ( ઑપોઝીશન ) *n*. Opposition. વિરૂદ્ધતા.
Enmity. શત્રુતા. Quarrel. કજિયો. [વિરોધ.
વિરોધાભાસ, ( પેરેડોક્ષ ) *n*. Paradox. માત્ર દેખીતો
વિરોધી, (ઑપોનન્ટ) *a*. & *n*. Opponent.વેરી; શત્રુ.
વિરોપણ, (પ્લાન્ટીંગ) *n*. Planting. રોપવું તે.
વિલક્ષણ, ( સ્ટ્રેન્જ ) *a*. Strange. વિચિત્ર. Uncommon. અસાધારણ.
વિલપવું, (બીમોન) *vt*. Bemoan. વિલાપ કરવો.
વિલય,-ન, ( ડીઝોલ્યુશન ) *n*. Dissolution. ઓગળી જવું તે; નાશ. [ક્રીડા કરવી. Enjoy. માણવું.
વિલસવું, ( શાઈન ) *vt*. Shine. ઝળકવું. Sport.
વિલસિત, (શાઈનીંગ) *a*. Shining. ઝળકતું.*n*. Play.

વિલંબ, (ડીલે) *n.* Delay. વાર; ઢીલ. [ વિલાસ.
વિલંબિત, (હેંગીંગ) *a.* Hanging.લટકતું.Dull.મંદ.
વિલાપ, (લેમેન્ટેશન) *n.* Lamentation. રૂદન;આક્રંદ.
વિલાયત, (મધરલેન્ડ) *n.* Motherland. વતન. England. ઈંગ્લાંડ.
વિલાવું, (વીધર) *vt.* Wither. કરમાવું.Melt. પીગળવું.
વિલાસ, ( સ્પૉર્ટ ) *n.* Sport. ખેલ; ક્રીડા. Amorous dalliance. શૃંગારચેષ્ટા.
વિલાસવું, (સ્પૉર્ટ) *vt.* Sport. વિલાસ કરવો.
વિલાસિની, (હાર્લોટ) *n.* Harlot. વેશ્યા. Sportive woman. વિલાસવતી સ્ત્રી. [ Debauch. વિષયી.
વિલાસી, (સ્પોર્ટીવ) *a.*Sportive. ચેનબાજી ઉડાવનાર.
વિલીન, ( ડીઝોલ્વ ) *a.* Dissolved. નાશ પામેલું; લય પામેલું. [ ગયેલું. Snatched. ઝૂંટવી લીધેલું.
વિલુપ્ત, ( ડીસએપીયર્ડ ) *a.* Disappeared. લુપ્ત થઇ
વિલુબ્ધ, ( એલ્યોર્ડ ) *a.* Allured. આસક્ત.
વિલોકવું,-ચવું,(સી) *vt.*See.જોવું. Examine.તપાસવું.
વિલોચન, (આય) *n.* Eye. આંખ. Seeing. જોવું તે.
વિલોમ, (એડવર્સ) *a.* Adverse. પ્રતિકૂળ; ઊલટું.
વિવક્ષા, *n.* Desire to say. કહેવાની ઈચ્છા. Intention. ઈરાદો. [ ઉપાય.
વિવર, (હોલ) *n.* Hole. દર. Cave. ગુફા. Remedy.
વિવરણ, (એક્સપોઝીશન) *n.* Exposition. વિવેચન.
વિવર્ણ, (પેલ) *a.* Pale ફીકું. Ugly. કદરૂપું.
વિવર્ત,-ન, *n.* Change in form. રૂપાંતર.Illusion.

ભ્રમ. Revolving. ચક્રાકારે ફરવું તે.
વિવર્તવું, (રીવોલ્વ) *vt.* Revolve. ગોળ ફરવું.
વિવશ, (ડીપેન્ડન્ટ) *a.* Dependent. પરાધીન. Agitated. વ્યાકુળ. [ Controversy. મતભેદ.
વિવાદ, (ડીબેટ) *n.* Debate. ચર્ચા. Quarrel. ઝઘડો.
વિવાહ, ( બીટ્રોથલ ) *n.* Betrothal. વેવિશાળ. Mar-
વિવાહિત,-તા, *a.* Married. પરણેલું. [riage. લગ્ન.
વિવિધ, (ડાયવર્સ) *a.* Diverse. અનેક પ્રકારનું.
વિવિધતા, (ડાયવર્સીટી) *n.* Diversity. વિવિધ હોવાપણું. Strangeness. વિચિત્રપણું.
વિવૃત, (ઓપન) *a.* Open. ખુલ્લું. Extensive. વિશાળ.
વિવેક, (એટીકેટ) *n.* Etiquette. સભ્યતા. Economy. કરકસર. [જ્ઞાની.
વિવેકી, ( ડીસક્રીટ ) *n.* & *a.* Discreet. વિચારવાન;
વિવેચક,-ચનકાર, ( કોમેન્ટેટર ) *n.* Commentator. વિવેચન કરનાર. [ ટીકા.
વિવેચન,-ના, (કોમેન્ટ્રી) *n.* Commentry. સ્પષ્ટીકરણ;
વિશદ, (પ્યૉર) *a.* Pure. નિર્મળ. Clever. સ્પષ્ટ. Wh-
વિશાખા, *n.* Small branch. નાની ડાળી. [ite. શ્વેત.
વિશારદ, *a.* Proficient in. નિપુણ. Clever. ચતુર. Learned. જ્ઞાની. [ sive. વિસ્તીર્ણ.
વિશાલ,-ળ,-ળું, (લાર્જ) *a.* Large. મોટું. Exten-
વિશિષ્ટ, *a.* Uncommon. અસાધારણ. Distinct. વિશે-
વિશુદ્ધિ, ( પ્યૉર ) *a.* Pure. સ્વચ્છ; પવિત્ર. [ષતાવાળું.
વિશે,-ષે, ( એબાઉટ ) *ad.* About. સંબંધી.

**વિશેષ**, (મોર) *a.* More. વધારે. Special. ખાસ. *n.* Difference. તફાવત. [બતાવનાર શબ્દ.
**વિશેષણ**, (એડજેક્ટીવ) *n.* Adjective.ગુણ કે સંખ્યા
**વિશેષતઃ**,(એસ્પેશ્યલી) *ad.* Especially. ખાસ કરીને.
**વિશેષનામ**, *n.* Proper noun. વસ્તુ, માણસ આદિનું ખાસ નામ તે.
**વિશેષ્ય**, *n.* A word qualified by an adjective. વિશેષણથી જેનો ગુણ કે વધારો બતાવાયો હોય તે શબ્દ.
**વિશ્રંભ**, ( સીક્રેટ ) *n.* Secret. રહસ્ય; ખાનગી વાત.
**વિશ્રામ**,–**શ્રાંતિ**, (રીપોઝ) *n.* Repose. આરામ.Place of repose. વિશ્રામ લેવાનું સ્થાન.
**વિશ્રાંત**, (ટાયર્ડ) *a.* Tired. થાકી ગયેલું.
**વિશ્રુત**, (ફેમસ)*a.* Famous.પ્રખ્યાત.Known. જાણેલું.
**વિશ્લેષ**,–**ણ**, (એનેલોસીસ)*n.*Analysis.છૂટું પાડવું તે.
**વિશ્વ**, (વર્લ્ડ) *n.* World. જગત. *a.* Whole. સમગ્ર.
**વિશ્વકર્મા**, *n.* Architect of Gods. દેવોનો શીલ્પશાસ્ત્રી. God. ઇશ્વર. Carpenter. સુતાર. [નારૂં.
**વિશ્વજીત**, *a.* Conquering the world. વિશ્વને જીત-
**વિશ્વરૂપ**, (ઓમ્નીપ્રેઝંટ) *a.* & *n.* Omnipresent.
**વિશ્વવિદ્યાલય**, *n.* University. વિદ્યાપીઠ.[સર્વવ્યાપી.
**વિશ્વવ્યાપી**, *a.* Prevading through the whole world. સર્વવ્યાપી. *n.* God. ઇશ્વર.
**વિશ્વશાંતિ**, *n.* World peace. સકલ જગતની શાંતિ.
**વિશ્વસનીય**–**સ્ત**, *a.* Trustworthy. વિશ્વાસ કરવા
**વિશ્વંભર**,–**શ્વેશ**, ( ગૉડ ) *n.* God. ઈશ્વર. [લાયક.

વિશ્વંભરા,-રી, (અર્થ) *n.* Earth. પૃથ્વી.
વિશ્વાસ, ( ટ્રસ્ટ ) *n.* Trust. ભરોંસો; ખાતરી.
વિશ્વાસઘાત, *n.* Breach of trust. દગલબાજી.
વિશ્વાસપાત્ર,-સુ, *a.* Trustworthy. વિશ્વસનીય.
વિષ, ( પોઈઝન ) *n.* Poison. ઝેર.
વિષઘ્ન-હર, *n.* & *a.* Removing the effects of poison. ઝેર દૂર કરનાર.
વિષધર, *n.* Snake. સાપ.
વિષધારી, ( શીવ ) *n.* Shiva. મહાદેવ.
વિષમ, ( અનઈકવલ ) *a.* Unequal. અસમાન. Difficult. મુશ્કેલ. Adverse. પ્રતિકૂળ.
વિષય, (સબ્જેક્ટ) *n.* Subject. પદાર્થ. Object. હેતુ. Matter. મજકૂર. Sexual enjoyment. કામભોગ.
વિષયભોગ,-સુખ,-સેવન, *n.* Sexual enjoyment. કામભોગ.
વિષયલંપટ,-યાસક્ત,-યાંધ,-ચી, (ડીબૅાશ) *a.* Debauch. વ્યભિચારી.
વિષયાતિત, *a.* Being beyond reach of the senses. વિષયવાસનાને તરી ગયેલું.
વિષયાંતર, (ડાયગ્રેશન) *n.* Digression. પ્રસ્તુત વિષયમાંથી અન્ય વિષયમાં ઉતરી જવું તે.
વિષાદ, (ગ્રીફ) *n.* Grief. ખેદ; દિલગીરી. Dejection. નિરાશા.
વિષુવસૂત્ર, ( ઇક્વેટર ) *n.* Equator. પૃથ્વીની ધરીની મધ્યમાં કાટખૂણે કલ્પેલું વર્તુળ.
વિષૂચિકા,-સૂચિકા, (કૅાલેરા) *n.* Cholera. કોગળિયું.
વિષે, (એબાઉટ) *ad.* About. સંબંધમાં.
વિષ્ટા, ( રીફ્યુઝ ) *n.* Refuse. મળ; કચરો. [વાટાઘાટ.

વિષ્ટિ, *n.* Negotiations for peace. સમાધાનીની
વિસરાવવું, *vt.* Make to forget. ભૂલી જાય એમ કરવું.
વિસર્ગ, ( ગીફ્ટ ) *n.* Gift. દાન. Abandonment. ત્યાગ. Soft aspirate. હકાર જેવો ઉચ્ચાર કરવાનું (:) આવું ચિહ્ન. [ તે. End. સમાપ્તિ.
વિસર્જન, ( ડીઝોલ્યુશન ) *n.* Dissolution. છોડી દેવું
વિસંગત, *a.* Incongruous. અસંગત; વિસંવાદી.
વિસંવાદ, *n.* Incongruity. અસંગતિ; વિરોધ.
વિસાત, ( પ્રાઈસ ) *n.* Price. કિંમત. Importance. મહત્વ. Esteem. લેખું. [થાક ખાવાની જગા.
વિસામો, (રેસ્ટ) *n.* Rest. થાક. Place for resting.
વિસારવું, (ફરગેટ) *vt.* Forget. ભૂલી જવું.
વિસ્ખલન, ( એરર ) *n.* Error. ભૂલ.
વિસ્ખલિત, ( ફૉલ્ટી ) *a.* Faulty. ભૂલભરેલું.
વિસ્તરણ, (એક્સ્ટેન્શન) *n.* Extension. વિસ્તાર.
વિસ્તાર, *n.* Expanse. ફેલાવો. Amplitude. વિશાળતા.
વિસ્તારપૂર્વક, *ad.* In details. લંબાણથી.
વિસ્તારવું, (એક્સપાન્ડ) *vt.* Expand. વિસ્તાર કરવો.
વિસ્તીર્ણ,-સ્તૃત, *a.* Extensive. વિસ્તારવાળું.
વિસ્ફોટક, *n.* A skin disease. એક ચામડીનો રોગ.
વિસ્મય, (વંડર) *n.* Wonder. આશ્ચર્ય; અચંબો. [તેવું.
વિસ્મયકારક,-કારી, *a.* Wonderful. આશ્ચર્ય પમાડે
વિસ્મરણ,-સ્મૃતિ, ( ફરગેટીંગ ) *n.* Forgetting. ભૂલી જવું તે.
વિસ્મિત, (એસ્ટોનીશ્ડ) *a.* Astonished. વિસ્મય પામેલું.

વિસ્મૃત, (ફરગોટન) *a.* Forgotten. ભલી જવાયેલું.
વિહગ,-હંગ, ( બર્ડ ) *n.* Bird. પક્ષી. [ફરવું.
વિહરવું, (સ્પોર્ટ) *vt.* Sport. વિહાર કરવો. Roam.
વિહંગાવલોકન, *n.* Bird's eye-view. પક્ષીની પેઠે ઉપલક દૃષ્ટિથી કરેલું નિરીક્ષણ.
વિહાર, (સ્પોર્ટ) *n.* Sport. ક્રીડા. Roaming. ભ્રમણ. Airing. આનંદમાં હરવું ફરવું તે. [મૂકેલું.
વિહિત,(પ્રીસ્કાઈબ્ડ)*a.* Prescribed. ફરમાવેલું. Placed.
વિહીન,-હોણું, *a.* Being without. વિનાનું.
વિહ્વલ,-ળ, ( એજીટેટેડ ) *a.* Agitated. વ્યાકુળ; બાવરૂં. Eager. [પડી જવું.
વીખરવું,-રાવું, *vt.* Be scattered. વેરાઈ જવું; છૂટા
વીઘું,-ઘો, *n.* A measure of land. જમીનનું એક માપ.
વીચિ,-ચી, ( વેવ ) *n.* Wave. તરંગ; મોજું.
વીછળવું, ( ક્લીન્સ ) *vt.* Cleanse. પાણી રેડી હલાવી સાફ કરવું. [ઝેરી પ્રાણી.
વીછી,-છું, વીંછી, ( સ્કોર્પીઅન ) *n* Scorpion. એક
વીજ, -જી, ( લાઈટનીંગ ) *n.* Lightning; electri-
વીજણો, વીંજણો, (ફેન) *n.* Fan. પંખો. [city. વિદ્યુત.
વીજન, ( ફેનીંગ ) *n.* Fanning. પંખો નાંખવો તે.
વીણવું, ( પ્લક ) *vt.* Pluck. ચૂંટવું. Select. પસંદ કરવું. Pick up and seperate. ઉપાડી લઈ દૂર કરવું.
વીણા, *n.* Musical instrument. એક તંતુવાદ્ય.
વીત,(ગોન અવે)*a.* Gone away. જતું રહેલું; છોડી દીધેલું.
વીતક, ( મીઝરી ) *n.* Misery. સંકટ; વીતેલું તે.

વીતરાગ,–ગી,(ટ્રાંકવીલ) *a.*Tranquil.આસક્તિ વિનાનું.
વીતવું, (હેપન) *vt.* Happen. ગુજરવું. Pass away. પસાર થઇ જવું. Suffer. સહેવું.
વીનવવું, (બીસીચ) *vt.* Beseech. વીનવણી કરવી.
વીફરવું, *vt.* Lose temper. ગુસ્સે થવું; ઉશ્કેરવું.
વીમો, ( ઈન્શ્યુરંસ ) *n.* Insurance. વસ્તુ કે જીંદગીને નુકસાન પહોંચતા તે બદલ પૈસાથી થતી ભરપાઈ [ભાઈ.
વીર, (બ્રેવ) *a.* Brave. શૂર; પરાક્રમી. *n.* Brother.
વીરતા,–ત્વ, ( હીરોઈઝમ ) *n.* Heroism. પરાક્રમ.
વીરશ્રી, *n.* Glory of a brave man. શૂરવીરની કીર્તિ અથવા તેજ.
વીરહાક, *n.* Battle-cry. યુદ્ધ પ્રસંગે યોદ્ધાની ભયંકર
વીરાંગના, *n.* Brave woman. બહાદુર સ્ત્રી. [ચીસ.
વીરી, ( સીસ્ટર ) *n.* Sister. બહેન.
વીરો, ( બ્રધર ) *n.* Brother. ભાઇ.
વીર્ય, (સીમેન) *n.*Semen. શુક્ર;ધાતુ.Valour. પરાક્રમ.
વીર્યવંત,-વાન, (બ્રેવ) *a.*Brave. પરાક્રમી.[ઝરી જવું તે.
વીર્યસ્રાવ,–પાત, *n.* Discharge of semen. વીર્ય
વીર્યહીન, (કાવર્ડ) *a.* Coward. બાયલું; નામર્દ.
વીલું, (એબેશ્ડ) *a.*Abashed. શરમીંદું; ભોંઠું.Stray. રઝળતું; છૂટું. [રસોઈ મળે તે જગા.
વીશી,–સી, *n.* Hotel; lodge. નાણા આપવાથી
વીસમવું,–શમવું,(કુલ ડાઉન) *vt.* Cool down. ઠંડુ
વીસરવું, ( ફરગેટ ) *vt.* Forget. ભૂલી જવું. [થવું.
વીંખવું, *vt.* Tear and scatter. પીંખવું.

**વીંચવું**, ( ક્લોઝ ) *vt.* Close. મીંચવું. [રથી ઘૂમાવવું.
**વીંઝવું**, *vt.* Whirl round in the air. હવામાં જો-
**વીંટલા,–ટો**, *n.* Roll of bedding. વાળેલી પથારી.
**વીંટવું,–ટાળવું**, (એનરૅપ) *vt.* Enwrap. લપેટવું.
**વીંટી**, ( રીંગ ) *n.* Ring. આંગળી પર પહેરવાનું ગોળ
**વીંઢારવું**, (ટોલરેટ) *vt.* Tolerate. પાલવવું. [ઘરેણું.
**વીંધ**, (હોલ) *n.* Hole. કાણું; વેહ.
**વીંધવું**, (બોર) *vt.* Bore. કાણું પાડવું. Pierce. કોચવું.
**વીંધાવું**, *vt.* Be pierced. કોચાવું.
**વૃક્ષ**, ( ટ્રી ) *n.* Tree. ઝાડ.
**વૃક્ષવાટિકા**, ( ગાર્ડન ) *n.* Garden. બગીચો.
**વૃક્ષારોપણ**, *n.* Planting of tree ઝાડ રોપવું તે.
**વૃત્ત**, ( સર્કલ ) *n.* Circle વર્તુળ. News. સમાચાર. Conduct. વર્તન Metre. અક્ષરમેળ છંદ.
**વૃત્તખંડ**, *n.* Segment. વર્તુળનો ભાગ.
**વૃત્તપત્ર**, (ન્યુસપેપર) *n.* Newspaper. છાપું
**વૃત્તવિવેચક**, (જર્નલિસ્ટ) *n.* Journalist. પત્રકાર.
**વૃત્તવિવેચન**, (જર્નલિઝમ) *n.* Journalism. પત્રકારિત્વ.
**વૃત્તાકાર**, (રાઉન્ડ) *a.* Round. ગોળ–ગોળાકાર.
**વૃત્તાર્ધ**, (સેમી–સરકલ) *n.* Semi-circle. અર્ધગોળ.
**વૃત્તાંત**, (ન્યુઝ) *n.* News. સમાચાર. Narrative. વર્ણન.
**વૃત્તિ**, ( ઈંકલીનેશન ) *n.* Inclination. મનનું વલણ Temperament. સ્વભાવ. Behaviour. વર્તન.
**વૃથા**, ( ઈન વેન ) *ad.* In vain. ફોગટ; નકામું.
**વૃદ્ધ**, ( ઓલ્ડ ) *a.* Old. ઘરડું. Elder. વડીલ.

વૃદ્ધા, *n.* Old woman. ઘરડી સ્ત્રી.
વૃદ્ધાવસ્થા, *n.* Old age. ઘડપણ. [આબાદી.
વૃદ્ધિ, ( ઇંક્રીઝ ) *n.* Increase. વધારો. Prosperity.
વૃદ્ધિગંત,(એક્સ્પાન્ડેડ)*a.*Expanded વિસ્તાર-વૃદ્ધિ પામેલું.
વૃશ્ચિક, *n.* Scorpion. વીંછી. Sign of Zodiac.
વૃષ,-ભ, (બુલ) *n.* Bull. આખલો. [ આઠમી રાશી.
વૃષણ, ( ટેસ્ટીકલ્સ ) *n.* Testicles. અંડ; ગોળી.
વૃષ્ટિ, ( રેન ) *n.* Rain. વરસાદ.
વૃંદ, ( ક્રાઉડ ) *n.* Crowd. ટોળું.
વૃંદા, *n.* Holy basil. તુલસી.
વેકળો, (સ્ટ્રીમલેટ) *n.* Streamlet. નાનો વહેળો.
વેખવું, *vt.* Be astonished. આશ્ચર્યચકિત થવું. Examine. તપાસવું. [ Violence. તાપ.
વેગ, (સ્પીડ) *n.* Speed. ગતી; ઝડપ. Impetus. જોસ.
વેગવતી,-વાન,-ગી,-ગીલું,(સ્વીફ્ટ)*a.*Swift.વેગવાળું.
વેગળું, (સેપરેટ) *a.* Separate. અલગ. Distant દૂર.
વેગળે, (ફાર ઓફ) *ad.* Far off. આઘે.
વેચવું, ( સેલ ) *vt.* Sell. કિંમત લઇને આપવું.
વેચાઉ, ( સેલેબલ ) *a.* Saleable. વેચવાનું હોય એવું.
વેચાણ, ( સેલ ) *n.* Sale. વેચવું-વેચાવું તે.
વેચાણખત, *n.* Sale-deed. વેચાતું આપ્યાનું લખાણ.
વેજા, (એઈમ) *n.*Aim. નિશાન. Affliction. ઉપાધિ.
વેઠ, *n.* Forced labour. ફરજિયાત વૈતરું. Trouble.
વેઠવું, (બેર) *vt.* Bear. સહન કરવું; નિભાવવું. [પીડા.
વેઠિયો, *n.* Unpaid labourer. વગર પૈસાનો નોકર.

વેડફવું, (વેસ્ટ) *vt.* Waste. નકામું ખરચી નાંખવું.
વેડમી, ( શુગર-કેક ) *n.* Sugar cake. પૂરણપોળી.
વેડવું, (પ્લક) *vt.* Pluck. ફળ ઇત્યાદિ ઉતારવાં.
વેડા, Suffix. પ્રત્યય છે, જેમકે : બાયલાવેડા.
વેઢ, *n.* Finger-ring. વાળાની વીંટી. Finger-joint. આંગળી ઉપર સાંધા આગળનો કાપો.
વેણ, ( વર્ડ ) *n.* Word. વચન. Cotton plant. કપાસનો છોડ. Labour-pain. પ્રસૂતિની પીડા.
વેણિ,-ણી, *n.* Braid of hair. ગૂંથેલા વાળની લટ; અંબોડે બાંધવાનો ફૂલોનો ગજરો.
વેણુ,-કા, ( ફ્લ્યુટ ) *n.* Flute. વાંસળી.
વેત, *n.* Proper opportunity. મોખ; ઘાટ. Accommodation. ત્રેવડ; તજવીજ.
વેતન, *n.* Salary. પગાર.
વેતર, ( બ્રુડ ) *n.* Brood. એકએક વારનું જણતર.
વેતરણ, ( એરેન્જમેન્ટ ) *n.* Arrangement. ગોઠવણ. Punishment. શિક્ષા.
વેતરવું, *vt.* Cut out according to measure. માપ પ્રમાણે લૂગડું કાપવું. Spoil. બગાડવું.
વેતા, (ડેક્ષ્ટરીટી) *n.* Dexterity. ડહાપણ; આવડત.
વેતાલ, ( ગોબ્લીન ) *n.* Goblin. એક ભૂત. King of ghosts. ભૂતોનો રાજા.
વેત્તા, (નોઇંગ) *n.* Knowing. જાણનાર. Suffix. પ્રત્યય છે, જેમકે: ભવિષ્યવેત્તા.
વેત્ર, ( કેન ) *n.* Cane. નેતર. Stick. છડ.
વેદ, ( નોલેજ ) *n.* Knowledge. જ્ઞાન. Science. શાસ્ત્રીય જ્ઞાન. Most ancient Hindu sacred writ-

ing. આર્યોનું સૌથી પ્રાચિન ધર્મપુસ્તક.
વેદના, ( પેન ) *n.* Pain. પીડા.
વેદવું, ( નો ) *vt.* Know. જાણવું.
વેદવચન,-વાક્ય, *n.* Vedic text. વેદનું વચન. A word as sure and certain as the Vedas. વેદ જેટલું પ્રમાણભૂત વચન. [વેદે ફરમાવેલું.
વેદવિહિત,-દોક્ત, *a.* Enjoined by the Vedas.
વેદાંત, *n.* Particular system of Hindu philosophy. ઉપનિષદ.
વેદિ,-કા,-દી, (ઑલ્ટાર) *n.* Altar. હોમ માટેનો કુંડ.
વેધ, (હોલ) *n.* Hole. છિદ્ર; વેહ. Defect. દોષ. Wound.
વેધવું, (પીઅર્સ) *vt.* Pierce. છિદ્ર પાડવું; કોચવું. [જખમ.
વેધશાલા,-ળા, (ઑબ્ઝર્વેટરી) *n.* Observatory. ગ્રહાદિકની ગતિ વગેરે નીરખવાનું સ્થાન.
વેધા, ( બ્રહ્મા ) *n.* Brahma. બ્રહ્મા.
વેધી, ( પીયર્સીંગ ) *a.* Piercing. વીંધનારૂં.
વેન, ( કરન્ટ ) *n.* Current. વહન. Conveyance. વાહન. Series. હાર.
વેપાર, (ટ્રેડ) *n.* Trade. માલ વેચવા સાટવાનો ધંધો.
વેપારી, ( ટ્રેડર ) *n.* Trader. વેપાર કરનાર.
વેર, (ટીલ) *ad.* Till. લગી; સુધી. *n.* Enmity. શત્રુવટ.
વેરભાવ, (એન્મીટી) *n.* Enmity શત્રુવટ. [Spite. દ્વેષ.
વેરવાયું,-વી, ( હોસ્ટાઇલ ) *a.* Hostile. વેરી.
વેરણ,-ખેરણ,-છેરણ, (સ્કૅાર્ડ) *a.* Scattered. અસ્તવ્યસ્ત. [Spread. પાથરવું.

વેરવું, (સ્કેટર) *vt.* Scatter. છૂટું છૂટું પડે એમ કરવું.
વેરાગી ( એસેટીક ) *n.* Ascetic. સાધુ.
વેરાન, ( બેરન ) *a.* Barren. ઉજ્જડ.
વેરી, વૈરી, *a.* Hostile. વેર રાખનારૂં. *n.* Enemy. [શત્રુ.
વેરે, (વીથ) *prep.* With. સાથે. *a.* Like. પેઠે.
વેરો, ( ટેક્ષ ) *n.* Tax. કર; જકાત.
વેલ,-લી,-લો, *n.* Creeping plant. લતા; લાંબી, પથરાતી ઊંચે ચડતી વનસ્પતિ. [વાનો દંડૂકો.
વેલણ, *n.* Roller for making bread. રોટલી વણ-
વેલુ,-ળુ, ( સેન્ડ ) *n.* Sand. રેતી.
વેવલું, (સ્ટુપીડ) *a.* Stupid. ઢાધારંગું; ઢંગધડા વગરનું.
વેવલાં,-જાં, *n.* Vain efforts. ફાંફાં; વલખાં.
વેવાઈ, *n.* Father of a son's wife or daughter's husband. પુત્ર કે પુત્રીનો સસરો.
વેવાણ, *n.* Mother of a son's wife or daughter's husband. પુત્ર કે પુત્રીની સાસુ.
વેવિશાળ, (બ્રીટ્રોથલ) *n.* Betrothal. વિવાહ.
વેશ,-ષ, (ડ્રેસ) *n.* Dress. પહેરવેશ. Guise. રૂપ; સ્વાંગ.
વેશધારી, (ઇમ્પોસ્ટર) *a.* & *n.* Imposter. ઠગ; લુચ્ચું.
વેશ્યા, (હાર્લોટ) *n.* Harlot ગણિકા; વારવનિતા.
વેષ્ટન, (કવરીંગ) *n.* Covering. ઢાંકણ; વીંટેલું તે.
વેષ્ટિત, (કવર્ડ) *a.* Covered. ઢાંકેલું [ચણાના લોટનું ખીરૂં.
વેસણ, *n.* Gram flour reduced to liquid state.
વેહ, ( હોલ ) *n.* Hole. શાર; કાણું; દર.
વેળ, ( ફીટ ) *n.* Fit. તાણ; આંચકી. Whim, મનનો

તરંગ. Time. સમય; વખત.

વેળા, (ટાઈમ) *n.* Time. વખત; સમય. Delay. વાર. Occasion. પ્રસંગ. Time of difficulty. આપત્તિનો પ્રસંગ.

વેંગણ, (બ્રીંજલ) *n.* Brinjal. રીંગણું

વેંત, *n.* Distance from thumb to little finger. અંગૂઠાથી છેલ્લી આંગળી સુધીનું અંતર. Suffix. પ્રત્યય છે, જેમકે: જતાંવેંત.

વેંતિયું, (ડ્વાર્ફીશ) *a.* Dwarfish. વેંત જેવડું.

વૈકલ, (સ્ટુપીડ) *a.* Stupid. મૂર્ખ; ઘેલું.

વૈકલ્પિક, (સસ્પીશ્યસ) *a.* Suspicious. શંકાસ્પદ.

વૈકુંઠ, *n.* Abode of Vishnu. વિષ્ણુનું ધામ.

વૈકુંઠવાસ, (ડેથ) *n.* Death. મૃત્યુ.

વૈકુંઠવાસી, (ડેડ) *a.* Dead. મૃત.

વૈચિત્ર્ય, (સ્ટ્રેન્જનેસ) *n.* Strangeness. વિચિત્રતા.

વૈજયંતી, (ફ્લેગ) *n.* Flag. ધ્વજા. Black basil. કાળી તુલસી. Garland. માળા.

વૈજ્ઞાનિક, (સાયન્ટીસ્ટ) *n.* Scientist. વિજ્ઞાનશાસ્ત્રી. *a.* Relating to science. વિજ્ઞાનને લગતું.

વૈતનિક, (સેલેરીડ) *a.* Salaried. વેતનથી કામ કરનારું. *n.* Labourer. મજૂર.

વૈતરું, *n.* Forced labour. વેઠ. Wages. મહેનતાણું.

વૈતરો, (લેબરર) *n.* Labourer. મજૂર; વૈતરું કરનાર.

વૈતાન, (સેક્રીફીશ્યલ) *a.* Sacrificial. યજ્ઞ સંબંધી.

વૈતાલ,-ળ,—જુઓ ' વેતાળ '.

વૈદ,-દ્ય,-રાજ, (ફીઝીશ્યન) *n.* Physician. દવા કરનાર.

વૈદક, *n.* Science of medicine. રોગનાં નિદાન, ચિકિત્સા વગેરેનું શાસ્ત્ર.
વૈદિક, *a.* Relating to the Vedas. વેદોને લગતું.
વૈદું, *n.* Profession of a physician. વૈદનો ધંધો.
વૈદર્ભી, *n.* Damayanti. દમયંતી; વિદર્ભ રાજાની પુત્રી
વૈદેહી, (સીતા) *n.* Seeta. સીતા.
વૈદ્યુત, (ઈલેક્ટ્રીકલ) *a.* Electrical. વિદ્યુતને લગતું.
વૈધર્મ્ય, *n.* Dissimilarity. ભિન્નધર્મવાળા હોવાપણું.
વૈધવ્ય, (વીડોહુડ) *n.* Widowhood. વિધવાપણું; રંડાપો
વૈપુલ્ય, ( એબન્ડંસ ) *n.* Abundance. વિપુલતા.
વૈભવ, ( સ્પ્લેન્ડર ) *n.* Splendour. વિભવ.
વૈમનસ્ય, ( એસ્ટ્રેન્જમેન્ટ ) *n.* Estrangement. વેર; દ્વેષ. Sadness. ખિન્નતા. [ baloons. વિમાનને લગતું.
વૈમાનિક, *n.* Aeronaut. વિમાન ચલાવનારો. *a.* Of
વૈયક્તિક, *a.* Of an individual. વ્યક્તિને લગતું.
વૈયાકરણ,-ણી, *a.* Relating to grammar. વ્યાકરણ સંબંધી. *n.* Grammarian. વ્યાકરણશાસ્ત્રી.
વૈર,-ભાવ, ( એન્મીટી ) *n.* Enmity. વેર.
વૈરાગ,-ગી, (એસેટીસીઝમ) *n.* Asceticism. વિરક્તિ.
વૈરાગી, ( એસેટીક ) *n.* Ascetic. બાવો; સાધુ.
વૈરાટ, ( વાસ્ટ ) *a.* Vast. વિશાળ; વિસ્તૃત.
વૈવર્ત, ( ઓલ્ટરેશન ) *n.* Alteration. રૂપાંતર.
વૈવાહિક, *a.* Relating to marriage. લગ્ન સંબંધી.
વૈવિધ્ય, ( ડાયવર્સીટી ) *n.* Diversity. વિવિધતા.
વૈશિષ્ટ્ય, ( સ્પેશ્યાલીટી ) *n.* Speciality. વિશિષ્ટતા.

વૈશ્ય, *n.* Individual of the mercantile class. વેપાર કરનાર વર્ગનો માણસ. [વૈશ્યનું કર્મ કે ધંધો.
વૈશ્યકર્મ,-વૃત્તિ, *n.* Occupation of a Vaishya.
વૈશ્વદેવ, *n.* A daily sacrifice to all Gods. રોજ જમતાં પહેલાં દેવોનો અપાતો બલિ.
વૈશ્વાનર, ( ફાયર ) *n.* Fire. અગ્નિ. Fire of digestion. જઠરાગ્નિ. God. પરમેશ્વર. [અસમાનતા.
વૈષમ્ય, ( ઈનઈકવોલીટી ) *n.* Inequality. વિષમતા;
વૈષયિક, *n.* Relating to the subject. વિષયસંબંધી.
વૈષ્ણવ, *n.* & *a.* Worshipper of Vishnu. વિષ્ણુની ઉપાસના કરનારૂં.
વોકળો, વોંકળો, (સ્ટ્રીમલેટ) *n.* Streamlet. વહેળો.
વોસરાવવું, ( એબન્ડન ) *vt.* Abandon. તજી દેવું.
વોળાવવું, *vt.* Send. વળાવવું; મોકલવું.
વોળાવિયો, ( ગાઈડ ) *n.* Guide. ભોમિયો.
વ્યક્ત, ( કલીઅર ) *a.* Clear. સ્પષ્ટ; ખુલ્લું;
વ્યક્તિ, ( ઈનડીવીડયુઅલ ) *n.* Individual. કોઈ પણ વર્ગમાંનું એક માણસ. [alistic. વ્યક્તિને લગતું.
વ્યક્તિગત, (પર્સનલ) *a.* Personal. અંગત. Individu-
વ્યક્તિત્વ, ( ઈન્ડીવીડયુઆલીટી ) *n.* Individuality. વ્યક્તિનો વિશેષ ગુણ.
વ્યગ્ર, ( પરપ્લેક્ષ્ડ ) *a.* Perplexed. વ્યાકુળ; અસ્થિર.
વ્યતિક્રમ, *n.* Contrariety. ઉલ્લંઘન કરવું તે; વિપર્યાસ.
વ્યતિરિક્ત, (એકસેપ્ટેડ) *a.* Excepted. સિવાય. Different. ભિન્ન. [ llence. ઉત્તમતા.

વ્યતિરેક, (એબસન્સ) *n.* Absence. અભાવ. Exce·

વ્યતિત, (ઈલેપ્સેડ) *a.* Elapsed. વીતી ગયેલું.

વ્યતિપાત, ( ટ્રબલ ) *n.* Trouble. ઉત્પાદ કે ઉપદ્રવ.

વ્યથા, ( એગની ) *n.* Agony. દુઃખ; પીડા.

વ્યથિત, ( પેઈન્ડ ) *a.* Pained. વ્યથા પામેલું.

વ્યભિચાર, ( એડલ્ટરી ) *n.* Adultery. પર સ્ત્રીપુરુષનો આડો વ્યવહાર. Faithlessness. કર્તવ્યભ્રષ્ટતા.

વ્યભિચારી, (એડલ્ટરસ) *a.* Adulterous. વ્યભિચાર

વ્યય, (એક્ષ્પેન્સ) *n.* Expense. ખરચ; વાપર. [કરનારું.

વ્યર્થ, (ફ્રુટલેસ) *a.* & *ad.* Fruitless. નકામું; ફોગટ.

વ્યવચ્છેદ, (ડીસેકશન) *n.* Dissection. કાપી નાખવું-જુદું પાડવું તે [Decision. નિશ્ચય.

વ્યવસાય, ( ઓક્યુપેશન ) *n.* Occupation. ધંધો.

વ્યવસાયી, (ઈંડસ્ટ્રીયસ) *a.* Industrious. ઉદ્યોગી.

વ્યવસ્થા, ( ઓર્ડર ) *n.* Order બંદોબસ્ત. Arrangement. ગોઠવણ.

વ્યવસ્થાપક, (ડીરેક્ટર) *n.* Director. વ્યવસ્થા કરનાર.

વ્યવસ્થિત, (રેગ્યુલર) *a.* Regular. બરાબર ગોઠવેલું.

વ્યવ્હાર, (ઈંટરકોર્સ) *n.* Intercourse. સંબંધ. Dealing. ધંધો. Social conduct. લોકરીતિ

વ્યવ્હારકુશળ,-દક્ષ, ( પ્રેક્ટીકલ ) *a.* Practical. વ્યવ્હારૂ. Clever. ચતુર. [પદાર્થ લેવાની ટેવ.

વ્યસન, ( હેબીટ ) *n.* Habit. ટેવ; લત. Vice. માદક

વ્યસની, *a.* Habitulated. વ્યસનવાળું.

વ્યસ્ત, ( સ્કેટર્ડ ) *a.* Scattered. વેરાયેલું. Reverse.

ઊલટું. Seperated. જુદું પાડેલું. [ વિનાનું.
વ્યંગ, ( મ્યુટીલેટેડ ) *a.* Mutilated. એકાદ અંગ
વ્યંગ્ય, ( આયરની ) *n.* Irony. કટાક્ષ; વક્રોક્તિ. Insinuation. આડકતરી રીતે સૂચિત.
વ્યંગ્યાર્થ, *n.* Suggested meaning. આડકતરી રીતે સૂચિત થતો ગૂઢ અર્થ.
વ્યંજક, (મેનીફેસ્ટીંગ) *a.* Manifesting. સ્પષ્ટ કરનારૂં.
વ્યંજન, ( કોનસોનંટ ) *n.* Consonant. સ્વરની મદદ વિના ઉચ્ચાર થઈ ન શકે તેવો અક્ષર. Spot. ડાઘ. Limb. અંગ. Private part. ગુહ્યાંગ.
વ્યંજના, ( સાર્કેઝમ ) *n.* Sarcasm. વક્રોક્તિ.
વ્યંજિત, ( સજેસ્ટેડ ) *a.* Suggested. સૂચિત.
વ્યંઢલ,–ળ, ( યુનક ) *n.* Eunuch. નપુંસક.
વ્યાકરણ, ( ગ્રામર ) *n.* Grammar. ભાષાના શુદ્ધ પ્રયોગો, નિયમો વગેરેનું શાસ્ત્ર.
વ્યાકુલ,–ળ, (એજીટેટેડ) *a.* Agitated. વિહ્વળ; ગાભરૂં.
વ્યાકૃત, *a.* Analysed. પૃથક્કરણ કરી સ્પષ્ટ કરેલું.
વ્યાખ્યા, (ડેફીનેશન) *n.* Definition. વસ્તુનું પૂરતું વર્ણન.
વ્યાખ્યાતા, (લેકચરર) *n.* Lecturer. વ્યાખ્યાન કરનાર.
વ્યાખ્યાન, ( સ્પીચ ) *n.* Speech. ભાષણ.
વ્યાખ્યેય, ( ડીફાઇનેબલ ) *a.* Definable. વ્યાખ્યા થઈ શકે એવું. [Impediment. વિરોધ.
વ્યાઘાત, ( પ્રોહીબીશન ) *n.* Prohibition. પ્રતિબંધ.
વ્યાઘ્ર, ( ટાયગર ) *n.* Tiger. વાઘ.
વ્યાજ, ( ઈંટરેસ્ટ ) *n.* Interest. નાણાં વાપરવા બદલ

મૂળ રકમ પર આપવો પડતો વધારો. Excuse. બહાનું.
વ્યાજખાઉ,-ખોર, *a.* & *n.* Usurer. વ્યાજ ખાનાર.
વ્યાજવટું,(યુઝરી) *n.*Usury.વ્યાજ અને વટાવનો ધંધો.
વ્યાધ, ( હંટર ) *n.* Hunter. શીકારી.
વ્યાધિ, ( ડીઝીઝ ) *n.* Disease. રોગ.
વ્યાધિગ્રસ્ત, ( સીક ) *a.* Sick. માંદું.
વ્યાધિકરણ,(ઇટીઓલોજી) *n.*Etiology.વ્યાધિનું કારણ.
વ્યાપ, ( એક્ષપાન્સ ) *n.* Expanse. વિસ્તાર.
વ્યાપક,-પી, ( કોમ્પ્રીહેન્સીવ ) *a.*Comprehensive.
વ્યાપવું, (સ્પ્રેડ) *vt.* Spread. ફેલાવું. [વિશાળ.
વ્યાપાર, ( બીઝનેસ ) *n.* Business. ધંધો; વેપાર.
Operation. પ્રાણી કે પદાર્થની ક્રિયા.
વ્યાપ્તિ, ( ઓકયુપાઇંગ ) *n.* Occupying. વ્યાપવું તે.
વ્યામોહ, ( ઇલ્યુઝન ) *n.* Illusion. મોહ; ભ્રાંતિ.
વ્યાયામ, *n.* Exercise. કસરત. [ કસરતશાળા.
વ્યાયામમંદિર,-શાળા,(જીમનેશ્યમ) *n.*Gymnasium.
વ્યાલ,-ળ, (સ્નેક) *n.* Snake. સાપ. Panther.ચિત્તો.
Tiger. વાઘ. [cluded. અલગ કરેલું; નિષિદ્ધ
વ્યાવૃત, (વીથડ્રોન) *a.* Withdrawn. પાછું ફરેલું Ex-
વ્યાસ, ( ડાયામીટર ) *n.* Diameter. વર્તુળના મધ્ય
બિંદુમાંથી પસાર થઇને તેના પરીઘને બે બાજુ અડતી
લીટી. Width. જાડાઇ.
વ્યાસપીઠ, (ડાયસ) *n.*Dias. કથાકારને બેસવાનું ઊંચું
સ્થાન. [અવ્યવસ્થા.
વ્યુત્ક્રમ,*n.*Inverted order.ઊલટો ક્રમ. Confusion.

**વ્યુત્ક્રાંતિ,** (રેવોલ્યુશન) *n.* Revolution. ઉથલપાથલ; મોટી ક્રાંતિ. [ઉત્પત્તિ. Scholarship. વિદ્વતા.
**વ્યુત્પત્તિ** ( ડેરીવેશન ) *n.* Derivation. શબ્દની મૂળ
**વ્યુહ,** *n.* Battle-array. સૈન્યની ગોઠવણી.
**વ્યુહરચના,** *n.* Arrangement of an army in battle-array. લશ્કરની યુદ્ધમેદાન પર ગોઠવણી.
**વ્યોમ,** (સ્કાય) *n.* Sky. આકાશ.
**વ્યોમગંગા,** *n.* Milky-way. આકાશગંગા.
**વ્યોમચર,** (બર્ડ) *n.* Bird. પક્ષી.
**વ્યોમયાન,** (એરોપ્લેન) *n.* Aeroplane. વિમાન.
**વ્રજ,** ( માસ ) *n.* Mass. સમૂહ. Village of cow-
**વ્રજવુ',** (ગો) *vt.* Go જવું. [herds. ગોવાળોનું ગામ.
**વ્રણ,** (વુન્ડ) *n.* Wound. ઘા. Sore. નારૂં.
**વ્રત,** (વાઉ) *n.* Vow. નિયમપૂર્વક આચરવાનું પુણ્યકામ.
**વ્રતચર્યા,** *n.* Taking or observing a vow. વ્રત
**વ્રળકારો,** *n.* Flash. ઝબકારો. [કરવું કે પાળવું તે.
**વ્રીહી,** ( રાઈસ ) *n.* Rice. ચોખા
**વ્રેહ,** ( સેપરેશન ) *n.* Seperation. વિરહ.

---

## શ

**શ,** The thirtieth consonant of the Gujarati Alphabet, of the palatal class. ત્રીસમો ગુજરાતી વ્યંજન; ચાર ઉષ્માક્ષરોમાંનો એક.
**શક,** ( ડાઉટ ) *n.* Doubt. વહેમ; શંકા. Era. સંવત.
**શકટ,** *n.* Cart. ગાડું. [A war-tribe. એક જાતના લોક.

શકટવ્યૂહ, *n.* The cart-form arrangement of troups in an army. શકટાકારે સૈન્યની રચના.
શકદાર, *a.* & *n.* One under suspicion. જેના પર શક જતો હોય એવું.
શકમંદ, ( ડાઉટફુલ ) *a.* Doubtful. શંકાસ્પદ.
શકરટેટી, (ફ્રુટ) *n.* Fruit. એક ફળ. [મીઠી તળેલી વાની.
શકરપારો,-ક્કરપારો, *n.* A sweet dish. ઘઉંની એક
શકરિયું,-ક્કરિયું (રૂટ) *n.* Root. એક કંદ.
શકરો, (ફાલ્કન) *n.* Falcon. બાજ પક્ષી
શકવર્તી, *n.* Epoch-making. શક વર્તાવે એવું.
શકવું, *vt.* Be able. શક્તિમાન થવું.
શકુન, (ઓમેન) *n.* Omen. ભાવિ શુભાશુભસૂચક ચિહ્ન;
શકુનિ, (બર્ડ) *n.* Bird. પંખી. Vulture. ગીધ. [શુકન.
શકુંત, ( પીકોક ) *n.* Peacock. મોર. Bird. પક્ષી.
શકે, *conj.* I think; possibly. જાણે કે.
શકોરૂં, *n.* Earthen vessel. બટેરૂં.
શક્તિ, (એબીલીટી) *n.* Ability. સામર્થ્ય; બળ. Goddess. દેવી. Spear. એક અસ્ત્ર.
શક્ય, (પોસીબલ) *a.* Possible. કરી શકાય તેવું.
શક્યતા, *n.* Possibility. સંભવ.
શક્ર, ( ઈંદ્ર ) *n.* Indra. ઈંદ્ર.
શખસ, (મેન) *n.* Man. માણસ. [એક સાધન.
શગડી, ( ફાયર-પૅન ) *n.* Fire-pan. કોલસા બાળવાનું
શચિ,-ચી, *n.* Wife of Indra. ઈંદ્રાણી.
શઠ, ( કનીંગ ) *a.* & *n.* Cunning. લુચ્ચું; ધૂર્ત.

**શઠતા**, *n.* Cunningness. લુચ્ચાઈ.
**શણ**, ( હેંપ ) *n.* Hemp. એક છોડ. [પહેરાવવાં તે.
**શણગાર**, ( એડોરીંગ ) *n.* Adoring. વસ્ત્રઘરેણાં
**શણગારવું**, (એડોર્ન) *vt.* Adorn. વસ્ત્રઘરેણાં પહેરાવવાં.
**શણિયું**, *n.* Weaving apparel made of hemp.
**શત**, ( હંડ્રેડ ) *a.* Hundred. સો. [ શણનું કપડું.
**શતક**, (કેન્ટો) *n.* Canto. સોનો સમુદાય. Century.
**શતકોટી**, *n.* A hundred crores. સો કરોડ. [સૈકું.
**શતપદ,-દી**, *a.* Hundred legged. સો પગવાળું. *n.* Centipede. કાનખજુરો. [રસીદ.
**શતમી**, *n.* Bill of lading. વહાણમાં ચડાવેલા માલની
**શતાબ્દિ**, (સેન્ટીનરી) *n.* Centinary. સો વર્ષનોઉત્સવ.
**શત્રુ**, (એનીમી) *n.* Enemy. દુશ્મન. [ Century. સૈકું.
**શત્રુતા,-ત્વ,-વટ**, *n.* Enmity. દુશ્મનાઈ. [ નીલમ.
**શનિ**, *n.* Planet Saturn. એ નામનો ગ્રહ. Saphire.
**શનિવાર**, *n.* Saturday. અઠવાડિયાનો સાતમો વાર.
**શનિશ્ચર,-નૈશ્ચર**, *n.* Saturn. શનિ. Jealousy. ખાર. Malignant person. ઝેરીલો માણસ.
**શનૈઃ**, ( સ્લોલી ) *ad.* Slowly. ધીમેધીમે.
**શપથ**, ( ઓથ ) *n.* Oath. સોગંદ; કસમ.
**શબ**, ( કોર્પ્સ ) *n.* Corpse. મડદું.
**શબ્દ**, ( સાઉન્ડ ) *n.* Sound. અવાજ. Word. અર્થયુકત એકથી વધારે અક્ષરોનો સમુચ્ચય.
**શબ્દકોશ,-ષ**, ( ડીક્ષનરી ) *n.* Dictionary. ભાષાના શબ્દોના સંગ્રહનો ગ્રંથ. [ ગોઠવણી.

શબ્દરચના, *n.* Arrangement of words. શબ્દોની
શબ્દવિચાર, (ઓર્થોગ્રાફી) *n.* Orthography. વર્ણો વિષે વ્યાકરણની દૃષ્ટિએ વિચાર.
શબ્દશાસ્ત્ર,(ઇટીમોલોજી) *n.* Etymology.શબ્દનું શાસ્ત્ર.
શબ્દાલુતા, (વર્બોસીટી) *n.* Verbociy.અર્થ થોડો પણ શબ્દોની ભરમાર હોવી તે. [ rdon. ક્ષમા.
શમ,-તા, (ટ્રંક્વીલીટી) *n.* Tranquility. શાંતિ. Pa-
શમન, *n.* Tranquilizing શાંત પડવું તે.
શમવવું, *vt.*Tranquilize.શાંત પાડવું તે.[નાશ પામવો.
શમવું,*vt.*Be cooled down.શાંત પડવું.Disappear.
શમશમાકાર, ( મોશનલેસ ) *a.* Motionless. એકદમ
શમશેર, (સ્વૉર્ડ) *n.* Sword. તરવાર. [ સ્થિર.
શમડી, ( બર્ડ ) *n.* Bird. સમડી.
શમા, (લૅંપ)*n.*Lamp.દીવો. Candlestick. મીણબત્તી.
શમાદાન, *n.* Wall-set. મીણબત્તીની દીવી.
શમિત, ( કુલ્ડ ) *a.* Cooed. શાંત પડેલું-પાડેલું.
શમિયાનો,—જુઓ ' શામિયાનો. '
શમી, (ટ્રી) *n* Tree. એક ઝાડ. [નોમાં સૂર્ય જેવો.
શમ્શુલઉલમા, *a.*Sun among the learned. વિદ્વા-
શયતાન, (સેટન) *n.* Satan. ઈશ્વર સામે બળવો કરનાર એક ફિરસ્તો; બદમાસ.
શયતાનિયત, (ક્રુકેડનેસ) *n.* Crookedness. બદમાસી.
શયદા, (લવ મેડ) *n.* Love mad. પ્રેમઘેલું.
શયન, (સ્લીપીંગ) *n.*Sleeping.સૂવું તે.Couch.પથારી.
શયનગૃહ, *n.* Sleeping apartment. સૂવા માટેનો

શય્યા, (બેડ) *n.* Bed. પથારી. [ ઓરડો.
શર, (એરો) *n.* Arrow. બાણ. Law. નિયમ. Sign of five. પાંચની સંજ્ઞા. [ Shelter. રક્ષણ; ઓથ.
શરણ,–ણું, ( પ્રોટેકશન ) *n.* Protection. આશ્રય.
શરણાગત *a.* & *n.* Fugitive. શરણે આવેલું.
શરણાઇ, *n.* Blow-pipe. ફૂંકીને વગાડવાનું વાજું.
શરત, ( કંડીશન ) *n.* Condition. હોડ; બોલી.
શરતબંધી, *n.* Stipulating. શરત કરવી તે. [તેવું.
શરતી, (કંડીશનલ) *a.* Conditional. શરત કરી હોય
શરદી, (ડેમ્પ) *n.* Damp. ભેજ; ઠંડી. Cold, સળેખમ.
શરબત, *n.* Cooling drink. ફળના રસનું બનાવેલું ઠંડું પીણું. [Disgrace. હ્યાનત.
શરમ, (શેમ) *n.* Shame.લજ્જા.Reputation.આબરૂ.
શરમાવવું, *vt.* Put to shame. શરમાય એમ કરવું.
શરમાવું, *vt.* Be ashamed. શરમ આવવી.
શરમાળ, ( બેશફુલ ) *a.* Bashful. શરમવાળું.
શરમિંદું, ( અશેમ્ડ ) *a.* Ashamed. શરમથી ઝંખવાણું પડી ગયેલું. [ful. સ્વાદિષ્ટ.
શરવું, *a.* Sharp at hearing. તીક્ષ્ણ કાનનું.Taste-
શરવૃષ્ટિ, *n.* Shower of arrows, બાણોનો વરસાદ.
શરસંધાન, *n.* Taking an aim with an arrow.
શરાફ, (બેંકર) *n.*Banker. નાણાવટી. [બાણ તાકવું તે.
શરાફી, ( બેંકીંગ ) *n.* Banking. નાણાવટ. *a.* Of banking. શરાફને લગતું. Precise. ચોક્કસ.
શરાફત, *n.* Manhood, માણસાઇ.

શરાબ, ( વાઇન ) *n.* Wine. દારૂ.
શરાબી, (ડ્રંકાર્ડ) *n.* Drunkard. દારૂ પીનાર. Into-
શરારત, *n.* Crookedness. દુષ્ટતા [ xication. કેફ.
શરિયત, *n.* Religious laws. ધાર્મિક નિયમો.
શરિક, *a.* Concerned. સામેલ; સાથી.
શરીફ, *a.* High born. ઊંચા કુળનું. Noble. પ્રતિષ્ઠિત.
શરીર, ( બૉડી ) *n.* Body. દેહ.
શરીરરચના, (એનેટોમી) *n.* Anatomy. શરીરની રચના.
શરીરવિદ્યા,–શાસ્ત્ર, *n.* Physiology. શરીરની રચનાનું શાસ્ત્ર. [ vigour. શારીરિક શક્તિ.
શરીરસંપતિ, (હેલ્થ) *n.* Health. આરોગ્ય. Bodily
શરૂઆત, (બીગીનીંગ) *n.* Beginning. પ્રારંભ.
શર્કરા,–ક્કર, ( શ્યુગર ) *n.* Sugar. ખાંડ; સાકર.
શર્મ, ( પ્લેઝર ) *n.* Pleasure. આનંદ; શાંતિ.
શલાકા, ( સ્ટીક ) *n.* Stick. સળી; પીંછી.
શલ્ય, ( એરો ) *n.* Arrow. તીર. Thorn. કાંટો.
શલ્યા, *n.* Stone–slab. શિલા; પથ્થરની છાટ.
શશ,–ક, ( હેર ) *n.* Hare. સસલું.
શશધર,–શાંક,–શિયર,–શી, (મુન) *n.* Moon. ચંદ્રમા.
શસ્ત્ર, ( વીપન ) *n.* Weapon. હથિયાર.
શસ્ત્રધારી, ( આર્મ્ડ ) *a.* Armed. શસ્ત્ર ધારણ કરનારૂં. *n.* Warrior. યોદ્ધો.
શસ્ત્રપ્રયોગ, (ઓપરેશન) *n.* Operation. વાઢકાપ.
શસ્ત્રવિદ્યા, *n.* Science of arms. શસ્ત્ર વાપરવાનીવિદ્યા.
શસ્ત્રાગાર, *n.* Place for keeping arms. શસ્ત્રે

રાખવાનું મકાન. [ ફેંકવાનાં હથિયાર.
શસ્ત્રાસ્ત્ર, *n.* Arms and missiles. મારવાનાં તેમજ
શહાદત, *n.* Witness. સાક્ષી. Martyrdom. શહીદ થવું તે.
શહીદી, *n.* Martyrdom. શહીદપણું.
શહૂર, (એબીલીટી) *n.* Ability. આવડત; હોશ.
શહેનશાહ, (એમ્પરર) *n.* Emperor. સમ્રાટ; રાજાઓનો
શહેર, (સીટી) *n.* City. નગર; મોટું ગામ. [ રાજા.
શહેરી, ( સીટીઝન ) *n.* Citizen. શહેરમાં વસનાર. *a.* Civil. શહેરનું કે તે સંબંધી.
શઃ, Suffix. પ્રત્યય છે, જેમકેઃ અક્ષરશઃ
શંકર,-ભુ, (શીવ) *n.* Shiva. મહાદેવ.
શંકા, (સસ્પીશ્યન) *n.* Suspicion. શક; સંદેહ. Misgiving. કલ્પિત ભય. Desire for call of nature. ઝાડા પીશાબની હાજત. [ ashamed. શરમાવું.
શંકાવું, *vt.* Be suspicious. વહેમમાં પડવું. Be
શંકાસ્પદ,-શીલ, (ડાઉટફુલ) *a.* Doubtful. વહેમી-
શંકિત, *a.* Doubting. શંકાવાળું. [વહેમ ભરેલું.
શંકુ, (કોન) *n.* Cone. ઉપર જતાં ગોળ થતી ઘન આકૃતિ. Top. ટોચ. Pointed end of a needle. સોયની અણી. Sun dial. સૂર્ય યંત્ર. Ten billions. હજાર અબજ.
શંખ, (કોંચ-શેલ) *n.* Conch-shell. એક જાતના દરિયાઈ પ્રાણીનું કાચલું-જે ફૂંકવાથી અવાજ થાય છે. Blockhead. ઠોઠ.
શંખજીરું, *n.* Silicate of magnesia. એક ઓષધિ.

શંખભારથી, *n.* Stupid fellow. મૂર્ખશિરોમણી.
શંખણી, *n.* Quarrelsome woman. કર્કશા.
શંઢ, ( યુનક ) *n.* Eunuch. નપુંસક.
શંભુમેળો, *n.* Miscellany. ખીચડો. [કંદ, ફળ, ભાજી.
શાક, ( વેજીટેબલ ) *n.* Vegetable. ખાઈ શકાય તેવાં
શાકપીઠ, *n.* Vegetable market. શાકબજાર.
શાકાહાર, *n.* Vegetable food. અન્નાહાર.
શાકાહારી, *n.* & *a.* Vegeterian. અન્નાહારી.
શાકત, *a.*&*n.* Worshipper of a female deity.
શક્તિપૂજક. [ ગૌતમ બુદ્ધ.
શાક્ય,-નંદન,-મુનિ,-સિંહ, *n.* Lord Buddha.
શાખ, ( રેપ્યુટેશન ) *n.* Reputation. આબરૂ. Testimony. સાક્ષી. Attestation. સહી કરવી તે.
શાખા, (બ્રાંચ) *n.* Branch. ડાળી. Division. વિભાગ.
શાગરીત,-દ,-ગિર્દ, (ડીસાયપલ) *n.* Disciple. શિષ્ય; ચેલો. Partisan. મદદગાર.
શાઠ્ય, ( ડીઝોનેસ્ટી ) *n.* Dishonesty. શઠતા.
શાણું, ( વાઇઝ ) *a.* Wise. ડાહ્યું; ચતુર.
શાણપ,-પણ, (વીઝડમ) *n.* Wisdom. ડહાપણ; ચતુરાઈ.
શાતા, (ટ્રાંકવીલીટી) *n.* Tranquility. શાંતિ. Ease. [નિરાંત.
શાદી, (મેરેજ) *n.* Marriage. લગ્ન; વિવાહ.
શાન, (શો) *n.* Show. ભભકો. Appearance. દેખાવ; [છટા.
શાનદાર, (શોઇ) *a.* Showy. ભભકાદાર.
શાપ, (કર્સ) *n.* Curse. બદદુવા.
શાપવું, ( કર્સ ) *vt.* Curse. શાપ દેવો.

શાપિત, ( કર્સ્ડ ) *a.* Curssed. શાપ પામેલું.
શાબાશ, ( બ્રાવો ) *inter.* Bravo. ધન્ય; વાહ !
શાબાશી, (એપ્લોઝ) *n.* Applause. ધન્યવાદ; વખાણ.
શાબ્દ,-બ્દિક, *a.* Verbal. શબ્દ સંબંધી. Oral. [મૌખિક.
શામક, (સીડેટીવ) *a.* Sedative. શાંતિકારક.
શામવું, (બી કવાયટ) *vt.* Be quiet. શાંત પાડવું-થવું.
શામળું, ( બ્લેક ) *a.* Black. કાળું.
શામિયાનો, ( ટેન્ટ ) *n.* Tent. તંબુ. [ ched. જોડેલું.
શામિલ, (જોઇન્ડ) *a.* Joined. સામેલ; જોડાયેલું. Atta-
શાયર,-હેર, (પોયેટ) *n.* Poet. કવિ. Scholar. વિદ્વાન.
શાયરી, ( પોએમ ) *n.* Poem. કાવ્ય; કવિતા. Being a poet. શાયરપણું. [ જેમકેઃ શેષશાયી.
શાયી, *a.* Sleeping. પોઢનારૂં. Suffix. પ્રત્યય છે,
શાર, ( હોલ ) *n.* Hole. છિદ્ર. [ અણીદાર ઓજાર.
શારડી, *n.* Instrument for boring. શાર પાડવાનું
શારદ,-દીય, *a.* Of cold season. શરદઋતુને લગતું.
શારદા, *n.* Goddess of learning. સરસ્વતી.
શારદાપીઠ, *n.* University. વિદ્યાપીઠ [મહેણાં મારવાં.
શારવું, ( બોર ) *vt.* Bore. કાણું પાડવું. Taunt.
શારિર, ( બૉડીલી ) *a.* Bodily. શરીર સંબંધી. *n.* [Soul. જીવાત્મા.
શાર્દૂલ, (ટાયગર) *n.* Tiger. વાઘ.
શાલ, (શૉલ) *n.* Shawl. ઊનનું ભરેલી કિનારનું ઓઢવાનું કિમતી વસ્ત્ર.
શાલા,-ળા, (સ્કુલ) *n.* School. નિશાળ. Residence. મકાન; ઘર. Sect. સંપ્રદાય. [ ઢોરનો દાક્તર.

શાલિહોત્રી, *n.* Veterinary Surgeon. અશ્વવૈદ્ય;
શાલી,-ળી, *a.* Suffix. પ્રત્યય છે. જેમકે: પ્રભાવશાળી.
શાશ્વત, (પરમેનેન્ટ) *a.* Permanent. નિત્ય [સજા કરનાર.
શાસક, ( રૂલર ) *n.* Ruler. હાકેમ; રાજા. Punisher.
શાસન, (પનીશમેન્ટ) *n.* Punishment. શિક્ષા. Rule. અમલ. Command. હુકમ. Sermon. ઉપદેશ.
શાસનપદ્ધતિ, *n.* System of governing. રાજ્ય ચલાવવાની પદ્ધતિ. [Teacher. શિક્ષક.
શાસ્તા, ( રૂલર ) *n.* Ruler. શાસન કરનાર; રાજા.
શાસ્ત્ર, ( સાયન્સ ) *n.* Science. કોઇ પણ વિષયનું તાત્વીક તેમજ વ્યવસ્થિત જ્ઞાન. Scriptures. ધર્મગ્રંથ.
શાસ્ત્રજ્ઞ,-જ્ઞી, *n.* Well versed in the Shastras.
શાસ્ત્રવિરૂદ્ધ, *a.* Illegal. અશાસ્ત્રીય. [શાસ્ત્ર જાણનાર
શાસ્ત્રીય, (સ્ક્રીપ્ચરલ) *a.* Scriptural. શાસ્ત્ર સંબંધી.
શાસ્ત્રોક્ત, (લૉફુલ) *a.* Lawful. શાસ્ત્રમાં કહેલું.
શાહ, ( કીંગ ) *n.* King. મુસલમાન રાજા. Banker.
શાહજાદી, (પ્રીન્સેસ) *n.* Princess. રાજકુંવરી. [શરાફ.
શાહજાદો, (પ્રીન્સ) *n.* Prince. રાજકુંવર.
શાહજોગ,-ગી, *a.* Payable to the holder. લાવનારને નાણાં આપવા પડે તેવી. Lawful. કાયદાસર. Honest. પ્રમાણિક.
શાહમૃગ, *n.* Ostrich. આફ્રિકાનું એક મોટું પક્ષી.
શાહવટ, (ઓનેસ્ટી) *n.* Honesty. પ્રમાણિકપણું.
શાહી, (રોયલ) *a.* Royal. શાહ સંબંધી. Relating to the govt. સામ્રાજ્યને લગતું. *n.* Ink. લખવામાં

વપરાતો રંગીન પ્રવાહી પદાર્થ. [ તેવો કાગળ.
શાહીચૂસ, *n.* Blotting-paper. શાહીને ચૂસી લે
શાહુકાર, ( બેંકર ) *n.* Banker. શરાફ. Gentleman.
શાહુકારી,(ઓનેસ્ટી)*n.*Honesty.પ્રમાણિકતા.[પ્રમાણિક.
શાહુડી, (પોર્ક્યુપાઇન) *n.* Porcupine. એક પ્રાણી.
શાહેદ, ( વીટનેસ ) *n.* Witness. સાક્ષી.
શાહેદી, ( એવીડંસ ) *n.* Evidence. પુરાવો.
શાળોપયોગી, *a.* Useful for school purposes. વિદ્યાર્થીઓને ઉપયોગી.
શાંત, ( કામ ) *a.* Calm. શાંતિ ધારણ કરેલું.
શાંતિ, ( કવાયટ ) *n.* Quiet. ક્ષોભ કે ક્રિયાનો અભાવ. Ease. આરામ. [ તે. Commission. વટાવ.
શિકરામણ, (એકસેપ્ટન્સ) *n.* Acceptance. સ્વીકારવું
શિકલ,–ક્લ, (ફેસ) *n.* Face. ચહેરો. Appearance,
શિકસ્ત, (ડીફીટ) *n.* Defeat. હાર. [ દેખાવ.
શિકાયત, ( કંપ્લેઈન્ટ ) *n.* Complaint. ફરિયાદ.
શિકાર, ( હંટીંગ ) *n.* Hunting. ગમ્મત, ખોરાક કે કસરત માટે પશુ પંખી મારવાં તે; મૃગયા.
શિકારવું, ( એકસેપ્ટ ) *vt.* Accept. સ્વિકારવું.
શિકારી, ( હંટર ) *n.* & *a.* Hunter. શિકાર કરનાર.
શિક્ષક, ( ટીચર ) *n.* Teacher. શિક્ષણ આપનાર.
શિક્ષણ, (ટીચીંગ) *n.* Teaching. કેળવણી. Instruction. બોધ. [ આપવાની પદ્ધતિ.
શિક્ષણપદ્ધતિ, *n.* Educational system. શિક્ષણ
શિક્ષણશાસ્ત્ર, *n.* Pedagogy. શિક્ષણનું શાસ્ત્ર.

શિક્ષા, *n* Instruction. જ્ઞાન; બોધ Punishment. [સજા.
શિક્ષિકા, *n.* Female teacher. સ્ત્રીશિક્ષક.
શિક્ષિત, *a.* Educated. શિક્ષણ પામેલું.
શિખર, (પીક) *n.* Peak. પર્વતનું મથાળું. Top. ટોચ.
શિખવણી, (ઇનસ્ટીગેશન) *n.* Instigation. ભંભેરણી.
શિખવાડવું,-ખાડવું, (એડયુકેટ) *vt.* Educate.ભણાવવું. Instigate. ભંભેરવું. [Flame. જ્યોત.
શિખા, *n.* Lock of hair. ચોટલી. Plume. છોગું.
શિખાઉ, (પ્રોબેશનરી) *a.&n.* Probationary.શીખતું.
શિખામણ, (ઇનસ્ટ્રક્શન) *n.*Instruction.બોધ.Advice. સલાહ.
શિખાવું, (લર્ન) *vt.* Learn. શીખવું.
શિગરામ, *n.* Conveyance. વાહન.
શિથિલ, ( વીક ) *a.* Weak. નરમ; ઢીલું.
શિબિકા, ( પેલેન્કવીન ) *n.* Palanquin. પાલખી.
શિબિર, ( ટેન્ટ ) *n.* Tent. તંબુ. Camp. છાવણી.
શિયળ, (ચેસ્ટીટી) *n.* Chastity. સ્ત્રીનું પાવિત્ર્ય; શીલ.
શિયાવિયા, (એબેશ્ડ) *a.* Abashed.ભોંઠું પડી ગયેલું. Perplexed. ગભરાયેલું. [એક પ્રાણી.
શિયાળ,-ળું,-ળિયું, (ફોક્ષ ) *n.* Fox. કૂતરાના વર્ગનું
શિયાળુ, *a.* Of winter. શિયાળામાં થતું.
શિયાળો, (વીન્ટર) *n.* Winter. ઠંડીની મોસમ.
શિર,*n.*Head. માથું. Top. ટોચ. Van.લશ્કરની આગલી હાર.
શિરછત્ર, ( એલ્ડર ) *n.* Elder. વડીલ; પાલક.
શિરચ્છેદ, *n.* Beheading. માથું કાપી નાખવું તે.
શિરજોરી, *n.* Imperiousness. જોરાવરી.

શિરતાજ, (ક્રાઉન) *n.* Crown. તાજ. Elder. વડીલ.
શિરપેચ, *n.*An ornament worn in the turban. પાઘડી કે ફેંટા પરનું છોગું.
શિરબંધી, *n.* Army for protecting the city. શહેરના રક્ષણ માટે રાખેલું લશ્કર.
શિરસા, *ad.* With head. શિર વડે.
શિરસ્તેદાર, *n.* Head clerk. મુખ્ય કારકુન.
શિરસ્તો, (કસ્ટમ) *n.* Custom. ધારો; રિવાજ.
શિરા, (બ્લડ વેસલ) *n.*Blood-vessel.રક્તવાહિની;નસ.
શિરાઈ,-ફાઈ, ( ફ્લેગોન ) *n.* Flagon. ઊભા મોંનું [પાણીનું વાસણ.
શિરામણ,' *n.* Breakfast. નાસ્તો.
શિરાવવું, *vt.* Take breakfast. નાસ્તો કરવો.
શિરીષ, *n.* Flower. એક પુષ્પ.
શિરોબિંદુ, (વર્ટેક્ષ) *n.* Vertex.ઊંચામાં ઊંચું બિંદુ.
શિરોમણિ, *n.* Best of the kind. ચૂડામણિ. Leader. નાયક. [ ચડાવવા લાયક.
શિરોમાન્ય, ( એકસેપ્ટેબલ ) *a.* Acceptable. માથે
શિલા, ( સ્ટોન ) *n.* Stone. પથ્થરની છાટ.
શિલાછાપ, *n.* Lithography. શિલાપર કોતરીને કરેલું છાપકામ. [મનાતી એક પૌષ્ટિક ઔષધિ.
શિલાજિત, ( બીટુમન ) *n.* Bitumen. ડુંગરનો રસ
શિલાલેખ, *n.* Stone inscription પથ્થર પર કોતરેલો લેખ. [ બાંધકામની કળા.
શિલ્પ,-વિદ્યા,-શાસ્ત્ર,*n.*Science of architecture.
શિલ્પકાર,-શાસ્ત્રી, ( આર્કીટેક્ટ ) *n.* Architect.

કારીગર; બાંધકામમાં પ્રવીણ માણસ.
શિલ્પી, ( આર્કિટેક્ટરલ) *a.* Architectural. શિલ્પને લગતું. *n.* Architect. શિલ્પશાસ્ત્રી.
શિવ, (વેલ્ફેર) *n.* Welfare. કલ્યાણ. Lord Shiva. મહાદેવ. *a.* Ominous. શુભ. [ અર્પણ થયેલું.
શિવનિર્માલ્ય, *a.* Dedicated to Shiva. શિવને
શિવલિંગ, *n.* Shiva in the form of a phallus. શિવનું લિંગસ્વરૂપી પ્રતિક.
શિવા, ( પાર્વતી ) *n.* Parvati. પાર્વતી.
શિવાલય, *n.* Temple of Shiva. શિવનું મંદિર.
શિશિર, *n.* Coldest season. પોષ અને માઘની ઠંડી
શિશુ, ( ઈન્ફંટ ) *n.* Infant. બાળક. [ ઋતુ.
શિશુડો, (વ્હીસલ) *n.* Whistle. સિસોટી; પીસવો.
શિશ્ન,–સ્ન, *n.* Male organ પુરૂષની ગુહ્યેન્દ્રિય.
શિષ્ટ, ( સીવીલ ) *a.* Civil. સુશિક્ષિત.
શિષ્ટાચાર, (ફોર્મેલીટી) *n.*Formality.સભ્ય રીતભાત.
શિષ્ય, ( ડીસાયપલ ) *n.* Disciple. ચેલો.
શિષ્યવૃત્તિ, ( સ્કોલરશીપ ) *n.* Scholarship. શિષ્યને તેના ખર્ચ પેટે મળતી મદદ.
શિસ્ત, (ડીસીપ્લીન) *n.* Discipline. નિયમબદ્ધ વર્તન. *a.* Proper. લાયક. [ પાપડી.
શિંગ, ( પોડ ) *n.* Pod. કઠોળની કે તેના જેવી બીવાળી
શિંગડું, ( હોર્ન ) *n.* Horn. પશુના માથા પરનો અવયવ. Trumpet. એવા આકારનું વાદ્ય. [માટેની ઝોળી.
શીકું, ( સ્લીંગ ) *n.* Sling. ખાવાનું અદ્ધર લટકાવવા

શીકે, -ખે, *ad.* Together with. સુદ્ધાં.

શીખ, ( એડવાઇસ ) *n.* Advice. શિખામણ. Gift given at the time of going. વિદાયગીરી વખતે [અપાતી ભેટ.

શીખવવું, (ટીચ) *vt.* Teach. ભણાવવું.

શીખવું, ( લર્ન ) *vt.* Learn. ભણવું.

શીઘ્ર, ( ક્વીક ) *a.* Quick. સત્વર. *ad.* Quickly. [ જલદી.

શીઘ્રકવિ, *n.* Extempore poet. શીઘ્ર કવિતા બનાવે [તેવો કવિ.

શીઘ્રતા, *n.* Quickness, ઝડપ; ઉતાવળ.

શીત,-લ,-ળ,-ળું, ( કોલ્ડ ) *a.* Cold. ઠંડું; ટાઢું. *n.* Perspiration, શરીર ઠંડું પડી જવું તે.

શીતકટિબંધ, *n.* Frigid zone, ધ્રુવ આસપાસનો શીતળકટિબંધ પ્રદેશ.

શીતકાલ,-ળ, ( વીન્ટર ) *n.* Winter. શિયાળો.

શીતજ્વર, ( મેલેરીયા ) *n.* Malaria; ague. ટાઢિયો [ તાવ.

શીતરશ્મિ,-તાંશુ, (મુન) *n.* Moon. ચંદ્રમા.

શીતલા,-ળા, (સ્મોલ-પોક્ષ) *n.* Small-pox. બળિયા.

શીતોષ્ણ, ( ટીપીડ ) *a.* Tepid. બહુ ગરમ નહી અને [ બહુ ઠંડું નહી એવું.

શીદ,-ને, *a.* Why. શા માટે.

શીધું, *n.* Uncooked food. રસોઈની કાચી સામગ્રી.

શીરીન, (સ્વીટ) *a.* Sweet. મીઠું; મધુર.

શીર્ણ, (વીક) *a.* Weak. કૃશ. Withered. ચીમળાઇ [ ગયેલું.

શીર્ષ,-શ, (હેડ) *n.* Head. માથું.

શીર્ષક, ( હેડ ) *n.* Head. માથું. Skull. ખોપરી. Heading. મથાળું.

શીલ,-ળ, ( નેચર ) *n.* Nature. સ્વભાવ. Conduct.

ષત્ન.Character. ચારિત્ર્ય. Suffix. પ્રત્યય છે,જેમકેઃ
શીશી,-શો, (બોટલ) *n.*Bottle. બાટલી-લો.[દાનશીલ.
શીળો, (શેડો) *n.* Shadow. છાંયો.
શુક, ( પેરટ ) *n.* Parrot. પોપટ.
શુકન, ( ઓમેન ) *n.* Omen. શુભાશુભ.
શુક્ર, *n.* Planet Venus. એ નામનો ગ્રહ. Semen.
શુક્રવાર, *n.*Friday. અઠવાડિયાનો છઠ્ઠો દિવસ. [વિર્ય.
શુક્લ, (વ્હાઈટ) *a.* White. સફેદ.
શુક્લપક્ષ, *n.* Bright half of a lunar month.
શુચિ, (પ્યૅાર) *a.* Pure. પવિત્ર. [ અજવાળિયું.
શુદ્ધ, ( ક્લીન ) *a* Clean. સ્વચ્છ. Pure. પવિત્ર.Stainless. દોષરહિત. *n.* Consciousness. શુદ્ધિ.
શુદ્ધિ, (પ્યૅારીટી) *n.* Purity. પવિત્રતા. Consciousness. જાગૃતિ. Expiation. પ્રાયશ્ચિત કરી પવિત્ર થઇ પાછા આવવું તે.
શુદ્ધિપત્રક, *n.*List of errata. ભૂલોના સુધારાની યાદી.
શુની, *n* Female dog. કૂતરી. [Welfare. કલ્યાણ.
શુભ, (ઑસ્પીશ્યસ) *a.* Auspicious. કલ્યાણકારી. *n.*
શુભચિંતક,-ભેચ્છક,-ભેચ્છુ, *a.&n.* Well-wishe. શુભ ઇચ્છનાર; હિતસ્વી.
શુભ્ર, (વ્હાઈટ) *a.* White. સફેદ Bright ઉજ્જવળ.
શુમાર, (ગેસ) *n.* Guess.સુમાર; અડસટ્ટો.Counting. ગણતરી. [ ભાડું. Dowry. સ્ત્રીધન.
શુલ્ક, ( ટોલ ) *n.* Toll. દાણ. Price. મૂલ્ય. Rent.
શુશ્રુષા, ( સર્વીસ ) *n.* Service. સેવાચાકરી.

શુષ્ક, ( ડ્રાય ) *a.* Dry. સૂકું; રસવગરનું.
શું, ( વ્હોટ ) *prep.* What. વસ્તુવાચક પ્રશ્નાર્થ સર્વનામ. *a.* આશ્ચર્ય કે પ્રશ્નાર્થસૂચક. *ad.* પ્રશ્નવાચક.
શુંડ,-ડા, (ટ્રન્ક) *n.* Trunk. સૂંઢ. [With. સાથે.
શુંઢમૂઢ, ( બીવીલ્ડર્ડ ) *a.* Bewildered. ગભરાટથી શૂનમૂન જેવું. [ હલકી વર્ણનો માણસ.
શૂદ્ર, *n.* Individual of the lowest class. સૌથી
શૂધબૂધ, *n.* Consciousness. ભાન; જાગૃતિ. Sense. અક્કલ; સમજ. [*a.* Empty. ખાલી. Without. રહિત.
શૂન,-ન્ય, (ડૉટ) *n.* Dot. મીંડું. Emptiness. અભાવ.
શૂન્યકાર, *n.* Dead silence. નિરવતા.
શૂન્યહૃદય, (ક્રુઅલ) *a.* Cruel. લાગણી વિનાનું. Insensible. ધ્યાન વિનાનું. [ Bravery. શૂરવીરતા.
શૂર, ( બ્રેવ ) *a.* &*n.* Brave. બહાદુર. Hero. યોદ્ધો.
શૂરવીર, ( બ્રેવ ) *a.* & *n.* Brave. બહાદુર.
શૂરાતન, ( બ્રેવરી ) *n.* Bravery. શૌર્ય.
શૂલ,-ળ, (પ્રીક) *n.* Prick. કાંટો. Colic કાંટો ભોંકાયા જેવું દરદ. Trident. ત્રીશૂળ.
શૂળી, (ગૅલોઝ) *n* Gallows. પ્રાણ લેવાનું એક સાધન.
શૂળીગમન, (ક્રૂસીફીકેશન) *n.* Crucification. શૂળીએ
શૃગાલ, (જેકલ) *n.* Jackal. શિયાળ. [ ચડવું તે.
શૃંખલા, (ફેટર્સ) *n.* Fetters. બેડી; સાંકળ. [શિંગડું.
શૃંગ, ( પીક ) *n.* Peak. શિખર. Top. ટોચ. Horn.
શૃંગાર, *n.* Love affairs. વિલાસ; રતિ. Decoration.
શૃંગારવું, (ડેકોરેટ) *vt.* Decorate. શણગારવું. [શણગાર.

શૃંગારી, (વૉલપ્ચ્યુઅસ) *a.* Voluptuous. કામી; શૃંગાર સંબંધી.[શિખરવાળું.*n.*Trumpet.એક રણવાદ્ય
શૃંગી, (હોર્ન્ડ) *a.* Horned. [શિંગડાવાળું. Peaked.
શેક, (ફોમેન્ટેશન) *n.* Fomentation. શેકવું તે.
શેકવું, (ફોમેન્ટ) *vt.* Foment. શેક કરવો. Bake. દેવતા પર નાખી ચડાવવું. [ટોળીનો ઉપરી.
શેખ, *n.* Head of an Arabian tribe. આરબોની
શેખચલ્લી,-સલ્લી, *n.* Boaster. હવાઇ કિલ્લા બાંધનાર; તરંગી માણસ [પર પહેરવાની માળા.Peak.શિખર.
શેખર, (ક્રાઉન) *n.* Crown. મુગટ. Garland. માથા
શેખી, (બોસ્ટીંગ) *a.* & *n.* Boasting. પતરાજી.
શેઠ,-ઠિયો, (માસ્ટર) *n.* Master. ધણી; માલિક. Meachant. વેપારી; શાહુકાર.
શેઠાણી, *n.* Wife of a sheth. શેઠની સ્ત્રી.
શેડ, *n.* Jet of water. ધારા; ધાર.
શેડા, *n.* Mucus of the nose. લીંટના લબકા.
શેડો, *n.* Boundary. ખેતરની ચોમેર ખેડયા વિનાની
શેતરંજ, (ચેસ) *n.* Chess. એક રમત. [છેડાની પટ્ટી.
શેતરંજી, (કાર્પેટ) *n.* Carpet. એક રંગીન પાથરણું.
શેતાન,—જુઓ 'શયતાન.'
શેતૂર, (મલબેરી) *n.* Mulberry. એક ફળ.
શેર, *n.* Pound; weight of 40 tolas. ચાળીસ તોલાનું માપ; મણનો ચાળીસમો ભાગ. Lion. સિંહ. Tiger. વાઘ. Panthar. ચિત્તા. Poetry. કવિતા. Couplet. કડી. [માંથી ખાંડ ગોળ બને છે.

શેરડી,–લડી, *n.* Sugar-cane.એક વનસ્પતિ જેના સાંઠા
શેરડો, ( ફુટપાથ ) *n.* Footpath. પગવાટ. Blush. લોહી તરી આવવાથી મોં પર પડતો લિસોટો.
શેરદિલ, ( લાયન-હાર્ટેડ ) *a.* Lion-hearted.બહાદુર; નિર્ભય. [ pound in weight. શેર વજનનું કાટલું.
શેરીયો,–રીકો, *n.* Measure containing one
શેરો, (એન્ડોર્સમેન્ટ) *n.* Endorsement. અરજી વગેરે પર અધિકારીએ કરેલું ટૂંકું ટિપ્પણ.
શેલું, *n.* Kind of rich cloth. કસબી ઉપરણો;ખેસ.
શેવ, *n.* Gram-flour preparation. ચણાના લોટની એક વાની.
શેવાલ,–ળ, (મોસ) *n.* Moss. લીલ. Vapour. વરાળ.
શેષ, ( રીમેઇનીંગ ) *a.* Remaining. બાકી વધેલું. *n.* King of serpents. શેષનાગ. *n.* Remainder. ભાગાકારમાં વધતી રકમ. Remainder of presents made to a God. પ્રસાદ.
શે, ( ચેક ) *n.*Check. દાબ; છાપ. Pressing. દબાવવું તે.
શૈત્ય, (કુલનેસ) *n.* Coolness. ઠંડક.
શૈથિલ્ય, (લેક્ષીટી) *n.* Laxity. મંદતા.
શૈલ, ( માઉન્ટન ) *n.* Mountain. પર્વત.
શૈલરાજ,–લેશ, (હીમાલયા) *n.* Himalaya.હિમાલય.
શૈલી, (મોડ) *n.*Mode.ઢબ;રીત.Style.લખાણની રીત.
શૈવ, *a.* & *n.* Of Shiva. શિવ સંબંધી; શિવભક્ત.
શૈવલિની, ( રીવર ) *n.* River. નદી.
શૈશવ, ( ચાઈલ્ડહુડ ) *n.* Childhood. બાળપણ.

શોક, ( ગ્રીફ઼ ) *n.* Grief. ખેદ; દિલગીરી.

શોકકારક,-કારી,-જનક, ( સૉરૉફુલ ) *a.* Sorrowful. શોક ઉત્પન્ન કરાવે તેવું.

શોકાતુર,-કાર્ત, ( એગ્રીવ્ડ ) *a.* Aggrieved. શોકથી પીડિત.

શૉક, *n.* Co-wife. પતિની બીજી સ્ત્રી.

શોખ, ( લાઇકીંગ ) *n.* Liking. ઈચ્છા. Desire. હોંશ.

શોખીન,-કીન,-ખીલું, *a.* Pleasure seeking. શોખ મારનારૂં.

શોગટાબાજી, *n.*Game of chess.એક રમત.

શોગટી,-ટું, *n.* Piece used in playing game of chess. શોગટાબાજીનું મહોરૂં.

શોચ,-ના, (રીગ્રેટ) *n.* Regret. શોક; ફિકર; પસ્તાવો.

શોચનીય,-ચ્ય, *a.* Regretable. શોચ કરવા યોગ્ય.

શોચવું, (લેમેન્ટ) *vt.* Lament. શોચ કરવો; Think. વિચારવું.

શોણિત, ( બ્લડ ) *n.* Blood. લોહી.

શોધ, ( સર્ચ ) *n.* Search. શોધવું તે; ખોળ; તપાસ. Discovery. શોધેલી વસ્તુ.

શોધક, (ડીસ્કવરર) *n.* Discoverer. શોધ કરનાર.

શોધખોળ, *n.* Investigation. શોધ કરવી તે.

શોધન,-ના, (પ્યૉરીફીકેશન) *n.* Purification. શુદ્ધિ. Examination. પરિક્ષા. Searching. શોધવું તે.

શોધવું, *vt.* Search. ખોળવું. Examine. તપાસવું. Purify. શુદ્ધ કરવું Discover. નવી શોધ કરવી.

શોધશોધા,-ધાશોધ, *n.*Inquirics. ઉપરાઉપરી શોધખોળ.

શોધિત, (રીફાઇન્ડ) *a.* Refined. શુદ્ધ કરેલું. Examincd. તપાસેલું.

શોભવું, (શાઇન) *vt.* Shine. સુંદર દેખાવું; છાજવું.

શોભા, ( બ્યુટી ) *n.* Beauty. સૌંદર્ય. Reputation. આબરૂ. [શોભાવાળું.

શોભાયમાન,-ભિત,-ભીતું, (એલીજંટ) *a.* Elegent.

શોર,-ગુલ,-બકોર, (અપરોર) *n.* Uproar. કોલાહલ; [ઘોંઘાટ.

શોષ, ( થર્સ્ટ ) *n.* Thirst. તરસ; પ્યાસ.

શોષક, *a.* Absorbing. શોષી લેનારૂં.

શોષણ, *n.* Drying up. શોષાવું તે. [નાખવું.

શોષવું, *vt.* Absorb. ચૂસી લેવું. Dry up. સૂકું કરી

શોષિત, (ઈમેસ્યેટેડ) *a.* Emaciated. ચૂસાઇ ગયેલું.

શૌચ, (પ્યૉરીટી) *n.* Purity. સ્વચ્છતા; પવિત્રતા. Evacuation of the bowels. મળોત્સર્ગ.

શૌચકૂપ, ( પ્રીવી ) *n.* Privy. સંડાસ.

શૌચશાસ્ત્ર, ( સેનીટેશન ) *n.* Sanitation. સ્વચ્છતાનું [શાસ્ત્ર.

શૌર્ય, (બ્રેવરી) *n.* Bravery. વીરતા; પરાક્રમ.

શૌહર, *n.* Husband. ધણી; પતિ. [વાનું સ્થાન.

શ્મશાન,-ભૂમિ, *n.* Burial ground. મડદાં બાળ-

શ્મશાનવૈરાગ્ય, *n.* Momentary alienation. ક્ષણીક [વૈરાગ્ય.

શ્યામ,-મલ, (બ્લેક) *a.* & *n.* Black. કાળું.

શ્યામા, *n.* Young beautiful woman. જુવાન [રૂપાળી સ્ત્રી.

શ્રદ્ધા, (ફેથ) *n.* Faith. આસ્થા; વિશ્વાસ.

શ્રદ્ધાલુ,-ળુ, (બીલીવીંગ) *a.* & *n.* Believing. શ્રદ્ધા-[વાળું.

શ્રમ, (લેબર) *n.* Labour. મહેનત.

શ્રમજીવી, (લેબરર) *n.* Labourer. શારીરિક શ્રમ કરી ગુજરાન મેળવનાર. [બૌદ્ધ સાધુ.

શ્રવણ, *n.* Jain or Buddha monk. જૈન અથવા
શ્રમિત, ( ટાયર્ડ ) *a.* Tired. થાકેલું.
શ્રમણ, ( હીયરીંગ ) *n.* Hearing. સાંભળવું તે. *n.*
શ્રવણેદ્રિંય, (ઈયર) *n.* Ear. કાન. [ Ear. કાન.
શ્રાદ્ધ, *n.* Obsequies. પિતૃઓની તૃપ્તિ માટે શ્રદ્ધાથી
શ્રાપ,(કર્સ) *n.*Curse.શાપ; બદદુવા.[કરાતી તર્પણક્રિયા.
શ્રામણ્ય, *n.* Asceticism. સન્યાસ.
શ્રાવક, (હીયરીંગ) *a.* Hearing. સાંભળનાર. *n.* Jain or Buddha follower. જૈન યા બાદ્ધ ગૃહસ્થ.
શ્રાવિકા, *n.* Female shravaka. શ્રાવક સ્ત્રી.
શ્રાવ્ય, (ઑડીબલ) *a.*Audible; to be heard સાંભ-
શ્રાંત, (ટાયર્ડ) *a.* Tired. થાકેલું. [ળવા યોગ્ય.
શ્રાંતિ, ( ફેટીગ ) *n.* Fatigue. થાક.
શ્રી, *n.* Sacred word to be written at the beginning of every writing. લખાણના આરંભમાં વપરાતો મંગળ શબ્દ. Tune. રાગ Wealth. લક્ષ્મી. Beauty. સૌંદર્ય.
શ્રીગણેશાયનમ:, *n.* Salutations to Lord Ganapati. ગણેશને નમસ્કાર. Beginning. પ્રારંભ.
શ્રીકાંત,-ધર, (વીષ્નુ) *n.* Vishnu. વિષ્ણુ.
શ્રીપતિ, ( રીચ ) *n.* Rich. ધનવાન માણસ.
શ્રીફળ, ( કોકોનટ ) *n.* Cocoa-nut. નાળિયેર.
શ્રીમત,-દ,-તી,*n.*Term of respect.શ્રીમાન-શ્રીમતી.
શ્રીમંત, ( રીચ ) *a.* Rich. ધનવાન.
શ્રીમાન, ( રીચ ) *a.* Rich. ધનવાન. *n.* Term of

respect. નામની આગળ વપરાતો આદરસૂચક શબ્દ.
શ્રીયુત,—જુઓ ' શ્રીમાન '.
શ્રુત, ( હર્ડ ) *n*. Heard. સાંભળેલું. [તે.
શ્રુતલેખન, (ડીકટેશન) *n*. Dictation. સાંભળીને લખવું
શ્રુતિ, ( હીયરીંગ ) *n*. Hearing. સાંભળવું તે. Ear-report. સાંભળેલી વાત. Vedas. વેદ. Sound. અવાજ.
શ્રેણિ,-ણી, (સીરીઝ) *n*. Series. હાર; પંક્તિ. [કલ્યાણ.
શ્રેય, (એબ્સોલ્યુશન) *n*. Absolution. મોક્ષ. Welfare.
શ્રેયસ્કાર,-કારી, ( ફેવરેબલ ) *a*. Favourable. શ્રેય
શ્રેષ્ઠ, (બેસ્ટ) *n*. Best. ઉત્તમ. [ કરે એવું.
શ્રેષ્ઠી, *n*. Head of a mercantile guild. શેઠ; મહાજનનો આગેવાન.
શ્રોણિ,-ણી, ( હીપ ) *n*. Hip. ચાપો; નિતંબ.
શ્રોતા, (હીયરર) *n*. Hearer. સાંભળનાર.
શ્રોતાજન,-વર્ગ, (ઑડીયંસ) *n*. Audience. સાંભળ-
શ્લાઘા, (પ્રેઝ) *n* Praise. પ્રશંસા. [નારાઓનો સમુદાય.
શ્લિષ્ટ, ( કલંગ ) *a*. Clung. જોડેલું; ભેટેલું.
શ્લેષ, *n*. Equivocal expression. બે અર્થવાળા
શ્લેષ્મ, (કફ) *n*. Couph. કફ. [શબ્દનો પ્રયોગ.
શ્લોક, (સ્ટાન્ઝા) *n*. Stanza. ચાર ચરણનું પદ.
શ્વસુર, ( ફાધર-ઈન-લૉ ) *n*. Father-in-law. સસરો.
શ્વાન, ( ડૉગ ) *n*. Dog. કૂતરો.
શ્વાસ, ( બ્રેથ ) *n*. Breath. નાકથી વાયુ લેવો મૂકવો તે. Panting. હાંફ. [ લેવાય છે તે નળી.
શ્વાસનળી, *n*. Wind-pipe. જે દ્વારા ફેફસાંમાં શ્વાસ

શ્વાસપ્રશ્વાસ,-સોચ્છવાસ,-સોશ્વાસ, (રેસ્પીરેશન) *n.* Respiration. શ્વાસ લેવો અને મૂકવો તે.
શ્વેત, ( વ્હાઈટ ) *a.* White. સફેદ.
શ્વેતાંબર, *a.* & *n.* Having white garment. સફેદ વસ્ત્રવાળો. A Jain sect. એક જૈન વિભાગ.

---

## ષ

ષ, The thirty first consonant of the Gujarati Alphabet, of the lingual class. ચાર ઉષ્માક્ષરોમાંનો બીજો—એકત્રીસમો વ્યંજન.
ષટ, ( સીક્સ ) *a.* Six. છ.
ષટક, *n.* Collection of six. છ નો સમૂહ.
ષટ્કોણ,-ણાકૃતિ, ( હેગ્ઝેગોન ) *n.* Hexagon. છ ખૂણાવાળી આકૃતિ.
ષટ્પદ, *a.* Six-legged. છ પગવાળું. *n.* Wasp. [ ભમરો.
ષડ્યંત્ર, ( કોન્સપીરસી ) *n.* Conspiracy. કાવત્રું.
ષષ્ઠ, ( સીક્સ્થ ) *a.* Sixth. છઠ્ઠો.
ષંઢ, ( ઈમ્પોટંટ મેન ) *n.* Impotent man.નપુંસક.
ષોડશ, ( સીક્સટીન ) *a.* Sixteen. સોળ.
ષોડશી, *n.* Collection of sixteen. સોળનો સમૂહ.

---

## સ

સ, The thirty second consonant of the Gujarati Alphabat, of the lingual class. ચાર

ઉષ્માક્ષરોમાંનો ત્રીજો. *prep*. With. સાથે; સહિત. Prefix. ઉપસર્ગ છે, જેમકેઃ સકુટુંબ; સપિંડ;સપૂત; [સજીવ.
સઇ, ( ટેલર ) *n*. Tailor. દરજી.
સકડવું, *vt*. Bind tightly. તાણીને બાંધવું.
સકર્મક, (ટ્રાન્ઝીટીવ ) *a*. Transitive. જેને કર્મ હોય [એવું.
સકર્મી, ( લકી ) *a*. Lucky. ભાગ્યશાળી.
સકલ,-ળ, ( એન્ટાયર ) *a*. Entire. બધું; તમામ.
સકંચો,-જો, ( ગ્રીપ ) *n*. Grip. કાબુ. Pressing machine. સખત પકડવાનું યંત્ર.
સકામ, (સેનસ્યુલ) *a*. Sensual. કામની ઇચ્છાવાળું.
સકાર, ( એબીલીટી ) *n*. Ability. આવડત; ઢંગ.
સકારણ, *a*. Having an object. કારણવાળું.
સકુટુંબ, *a*. With family. કુટુંબ સહિત.
સકોપ, (એન્ગ્રીલી) *a.&ad.*Angrily. ગુસ્સાથી; ક્રોધ- [ભેર.
સક્રિય, ( એક્ટીવ ) *a*. Active. ક્રિયાયુક્ત.
સખણું, ( વેલ-બીહેવ્ડ ) *a*. Well-behaved. તોફાની નહી એવું. [Difficult. મુશ્કેલ.
સખત,-ખ્ત, (હાર્ડ) *a*. Hard. કઠણ. Firm. મજબૂત.
સખતી,-તાઇ,(સીવીયરીટી)*n*.Severity. કડકાઇ;જુલમ
સખળડખળ, *a*.Not firm. હાલતું; ઢીલું પડી ગયેલું.
સખા, ( ફ્રેંડ ) *n*. Friend. મિત્ર. [ઉદારતા.
સખાવત, (ચેરીટી) *n*. Charity. દાન. Generosity.
સખી, ( જનરસ ) *a*. Generous. ઉદાર. *n*. Female friend. સહિયર; સાહેલી.
સખેદ, *ad*. With regret. ખેદ સાથે.

**સખ્ય,** ( ફ્રેંડશીપ ) *n.* Friendship. મિત્રતા.
**સગડ,-ણ,** ( ન્યુઝ ) *n.* News. સમાચાર. Information. ખબર. [Betrothal. વિવાહ.
**સગપણ,** ( રીલેશન ) *n.* Relation. સગાઈ; સંબંધ.
**સગર્ભ,** ( બ્રધર ) *n.* Brother. ભાઈ.
**સગર્ભા,** ( પ્રેગનંટ ) *a.* Pregnant. ગર્ભવતી.
**સગર્વ,** *a.* & *ad.* Proudly. ગર્વભેર.
**સગવડ,** ( કનવીનીયંસ ) *n.* Convinience. જોગવાઇ;
**સગવડિયું,** *a.* Convinient. સગવડવાળું. [અનુકૂળતા.
**સગીર,** ( માઇનોર ) *a.* Minor. કાચી ઉંમરનું.
**સગું,** *a.* & *n.* Relative. એક લોહીથી કે લગ્ન સંબંધથી જોડાયેલું-તેવું માણસ.
**સગુંવહાલું,-સંબંધી,** (રીલેટીવ) *n.* Relative. સગું.
**સગોત્ર,** *a.* Of the same race. એક જ ગોત્રનું.
**સઘન,** (ડેન્સ) *a.* Dense. ગાઢ. Solid. ઘન; નક્કર.
**સઘળું,** (હોલ) *a.* Whole. બધું; તમામ.
**સચરાચર,** *a.* Including movable and immovable things. સ્થાવર, જંગમ બધું. *ad.* Everywhere. સર્વત્ર.
**સચિત્ર,** *a.* Illustrated. ચિત્રોવાળું.
**સચિવ,** ( મીનીસ્ટર ) *n.* Minister. પ્રધાન.
**સચેત,-ન,-જગ,** (કોંશ્યસ) *a.* Conscious. ચેતનાવાળું. Careful. સાવધ. [ન જાય એવું.
**સચોટ,** (ફર્મલી) *a.* & *ad.* Firmly. અચૂક; નિષ્ફળ
**સચ્ચરિત,-ત્ર,** ( વરચ્યુઅસ ) *a.* & *n.* Virtuous. સદાચારી. [fulness. સાચાપણું.

સચ્ચાઇ, (ઓનેસ્ટી)*n.*Honesty. પ્રમાણિકતા. Truth-
સચ્ચિદાનંદ, *n.* Supreme Being. પરમાત્મા.
સજડ,-જ્જડ, (ટાઇટ) *a.* Tight. મજબૂત; દૃઢ.
સજની, (સ્વીટહાર્ટ) *n.* Sweetheart. પ્રિયા. Female friend. સખી. [tears. આંસુથી ભરેલું.
સજલ,-ળ, (વૉટરી) *a.* Watery. જળવાળું. Full of
સજવું, (ઇકવીપ) *vt.* Equip. ધારણ કરવું.Decorate.
સજા, *n.* Punishment. શિક્ષા; દંડ. [શણગારવું.
સજાત, *a.* Of good birth. કુલીન; ખાનદાન.
સજાતિ,-તીય, ( હોમોજીનસ ) *a.* Homogeneous. એક જાતિ કે વર્ગનું. [ ઢબછબ; રીત.
સજાવટ, ( ડેકોરેશન ) *n.* Decoration. સજવું કે તેની
સજાવાર, *a.* Punishable. સજા કરવા યોગ્ય; સજાને
સજીવ, *a.* Animate. જીવતું; જીવવાળું. [ પાત્ર.
સજીવારોપણ, *n.* Personification નિર્જીવમાં સજીવપણાનો આરોપ કરવો તે.
સજોડે, *ad.* Both together. પતિ કે પત્નીની સાથે.
સજ્જ,-જ,-જિત, (પ્રીપેર્ડ) *a.* Prepared.તૈયાર થયેલું.
સજ્જન, (જેન્ટલમેન)*n.*Gentleman.સદ્ગૃહસ્થ; સભ્ય.
સજ્જા, ( બેડ ) *n* Bed. શય્યા. Armour. બખતર. Dress. પોશાક. Bedding and couch given to Brahmana on the thirteenth day after death. તેરમાને દિવસે અપાતું ખાટલા અને પથારીનું
સટ, (સેટ) *n.* Set. સમાન વસ્તુઓનો સમૂહ. [ દાન.
સટકવું, (રન અવે) *vt.* Run away. નાસી જવું.

**સટકાવવું**, (સ્ટ્રાઇક) *vt.* Strike. મારવું.
**સટરપટર,–થરપથર**, *a.* Scattered. વેરણછેરણ.
**સટાકો,–ડાકો**, *n.* Whip–its sound. કોરડો–તેનો અવાજ.
**સટીક**, (એનોટેટેડ) *a.* Annotated. ટીકાસહિત
**સટોડિયો,–રિયો**, (ગેમ્બલર) *n.* Gambler. સટ્ટો કરનારો.
**સટોસટ,–ડાસડ**, (સકસેસીવલી) *ad.* Successively. ઉપરાઉપરી.
**સટ્ટો**, (સ્પેક્યુલેશન) *n.* Speculation. લાભનું લેખું માંડીને કરેલું સોદાનું સાહસ.
**સડક**, *n.* Main road. મુખ્ય રસ્તો. *a.* Stiff. તંગ. Motionless. સ્તબ્ધ.
**સડવું**, (રોટ) *vt.* Rot. કોહી જવું.
**સડસડાટ,–ડેટાટ**, (સ્વીફ્ટલી) *ad.* Swiftly. સપાટાબંધ.
**સડો**, (રોટ) *n.* Rot. કોહવાટ. Corruption. ભ્રષ્ટતા.
**સઢ**, *n.* Sail of a ship. પવન ભરાઇને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધવામાં આવતું કપડું.
**સણકો**, *n.* Shooting pain. શૂળ ભોંકાતી હોય તેવું દરદ.
**સણસણવું**, (બોઇલ) *vt.* Boil. ઉકળવું.
**સત**, (ટ્રુ) *a.* True. સાચું; યથાર્થ. *n.* Existence. અસ્તિત્વ. Essence. સાર. Truth. સત્ય.
**સતત**, (કન્ટીન્યુઅલી) *a.&ad.* Continually. હંમેશ; ચાલુ.
**સતપતિયું**, (એક્ટીવ) *a.* Active. ચંચળ.
**સતામણી,–વણી**, *n.* Harassment. પજવણી.
**સતાર**,—જુઓ 'સિતાર'.
**સતાવવું**, (હેરેસ) *vt.* Harass. પજવવું.
**સતિયું**, (ટ્રુથફુલ) *a.* Truthful. સત્યવાદી; પ્રમાણિક.

સતી, *n.* Chaste and virtuous wife. પતિવ્રતા. Woman who burns herself alive after her dead husband. મૃત પતિ પાછળ જીવતી બળી મરતી સ્ત્રી. Parvati. પાર્વતી.
સતીત્વ, (ચેસ્ટીટી) *n.* Chastity. પાતિવ્રત્ય. [જાગૃત.
સતેજ (બ્રાઈટ) *a.* Bright. પ્રકાશયુક્ત. Awakened.
સત્કર્મ,-કાર્ય, *n.* Virtuous action. સારું કાર્ય.
સત્કાર, ( રીસેપ્શન ) *n.* Reception. સ્વાગત.
સત્કારવું, ( વેલકમ ) *vt.* Welcome. સત્કાર કરવો.
સત્તા, (ઓથોરીટી) *n.* Authority. અધિકાર. Ownership. માલકી. Power. બળ. Existence. અસ્તિત્વ.
સત્તાધિકારી,-ધીશ, ( ઓફીસર ) *n.* & *a.* Officer. અમલદાર. [કલ્યાણકારિતામાં માન્યતા.
સત્તાવાદ, ( ઓન્ટોલોજી ) *n.* Ontology. સત્તાની
સત્તાવાર, *a.* Authcrised. સત્તાયુક્ત; પ્રમાણિત.
સત્વ, (એકઝીસ્ટંસ) *n.* Existence. અસ્તિત્વ. Heart. અંતઃકરણ. Essence. સાર. Virtue. સદ્ગુણ. Valour. પરાક્રમ. Being. પ્રાણી.
સત્ય, ( ટ્રુ ) *a.* True. સાચું. *n.* Truth. સાચી વાત.
સત્યપર,-પરાયણ, (ટ્રુથફુલ ) *a.* Truthful. સાચને જ વળગી રહેનારું.
સત્યયુગ,-જુગ, *n.* Golden age. ચાર યુગમાંનો પ્રથમ.
સત્યવકતા,-વાદી, *n.* Truth-speaking. સત્ય બોલનાર.
સત્યાગ્રહ, *n.* Fight for the truth. સત્યપાલનનો આગ્રહ.

સત્યાનાશ, *n.* Utter destruction. પાંચમાહી; નખ્ખોદ
સત્યાંશ, *n.* Degree of truthfulness. સાચનો અંશ.
સત્ર, (ટર્મ) *n.* Term. સમય; ગાળો. Sacrifice. યજ્ઞ. A place where food is distributed free. સદાવ્રત.
સત્રપ, ( ગવર્નર ) *n.* Governor. સૂબો; હાકેમ.
સત્વર, ( ક્વીક ) *a.* & *ad.* Quick. જલદી.
સત્સંગ, *n.* Good society. સંત કે સજ્જનની સોબત.
સથવારો, (કંપની) *n.* Company. સાથ. Caravan. કાફલો.
સદડું, *a.* Liquid and thick. પ્રવાહી અને જાડું-ઘટ્ટ.
સદન, ( ડ્વેલીંગ ) *n.* Dwelling. રહેઠાણ; ઘર.
સદય, ( મર્સીફુલ ) *a.* Merciful. દયાવાળું.
સદર, (ચીફ) *a.* Chief. મુખ્ય; વડું; Said. સદરહુ. Whole. કુલ. Head-quarters of a district. તાલુકાનું મુખ્ય સ્થળ. Chairman. સભાપતિ.
સદરઅદાલત, *n.* High-court. વડી કચેરી.
સદરઅમીન, *n.* Native civil subordinate judge. જડજથી ઉતરતો વડો દેશી અમલદાર.
સદરવરદાનગી, *n.* Full permission. જેમ આવે તેમ કરવાની કુલ મુખત્યારી.
સદરહુ, (એફોરસેડ) *a.* Aforesaid. આગળ જણાવેલું; [પૂર્વોક્ત.
સદરો, *n.* Short-leeved loose shirt. ટૂંકી બાંયનું [ખૂલતું પહેરણ.
સદવું, (સ્યુટ) *vt.* Suit. માફક આવવું.
સદસ્ય, ( મેમ્બર ) *n.* Member. સભાસદ.
સદંતર, *ad.* Forever. સદાને માટે. Completely. સર્વથા.
સદા,-કાળ,-સર્વદા, (ઓલવેઝ) *ad.* Always. સદાને માટે.

સદાચરણ, *n.*Good conduct.સારો આચાર; સદ્વર્તન.
સદાચાર, *n.* Good behaviour. સારું આચરણ.
સદાવ્રત, ( આલ્મોનરી ) *n.* Almonry. અન્નક્ષેત્ર;દીન ભૂખ્યાંને રોજ અન્ન આપવાનું સ્થળ.
સદી, ( સેનચ્યુરી ) *n.* Century. સૈકો.
સદ્દશ, ( સીમીલર ) *a.* Similar. સમાન.
સદેહે, ( બોડીલી ) *ad.* Bodily. દેહ સાથે.
સદૈવ,–દોહિત, ( ઓલવેઝ ) *ad.* Always. હંમેશાં.
સદોષ, ( ફૉલ્ટી ) *a.* Faulty. દોષવાળું.
સદગત, ( ડેડ ) *a.* Dead. મૃત.
સદગતિ,(સાલ્વેશન) *n.*Salvation. ઉત્તમ લોકની પ્રાપ્તિ.
સદગુણ, ( વરચ્યુ ) *n.* Virtue. સારો ગુણ.
સદગુણી, *a.* Virtuous. સારા ગુણવાળું.
સદગૃહસ્થ,*n.*Gentleman.સજ્જન; પ્રતિષ્ઠિત માણસ.
સદબુદ્ધિ, *n.* Good understanding. સારી બુદ્ધિ.
સદભાગી, ( લકી ) *a.* Lucky. ભાગ્યશાળી.
સદભાગ્ય, ( લક ) *n.* Luck. સારું નસીબ.
સદભાવ, (એફેક્શન) *n.* Affection. સ્નેહની લાગણી.
સદ્ય, ( ઇમીજીયેટલી ) *ad.* Immediately. તરત જ.
સધર્મચારિણી, *n.* Legal wife. પત્ની. [ભાગ્યવતી.
સધવા, *a.* & *n.* Whose husband is living. સૌ-
સદ્ધર,(એબલ) *a.*Able. શક્તિમાન. Solvent.પૈસાદાર.
સન, ( ઈરા ) *n.* Era. શક; સંવત.
સનકારો, ( સાઇન ) *n.* Sign. ઈશારો. Deafening
સનકારવું,*vt.*Sign.ઈશારો કરવો.[sensation,બહેરાટ.

**સનદ,-નંદ,** *n.* Royal mandate; permission. પરવાનો-નગી.
**સનદી,** *a.* Commissioned. સનંદ ધરાવતું.
**સનમ,** ( બીલવેડ ) *n.* Beloved. માશૂક. [કની અસર.
**સનસનાટી,**(સેન્સેશન) *n.*Sensation. આશ્ચર્ય કે હેબ-
**સનાતન,** (ઈટરનલ) *a.* Eternal. શાશ્વત. Ancient. પ્રાચિન. [વાળું.
**સનાથ,** *a.* Having a patron. નાથ, સ્વામી કે ઓથ-
**સનેપાત,-ન્નિપાત,** ( ડીલીરીયમ ) *n.* Delirium. ત્રિદોષ; મુઝારો.[ સગાંસંબંધીના મરણથી કરવાનું સ્નાન.
**સનાન,***n.*Bathing for the death of a relative.
**સન્માન,** (રીસ્પેક્ટ) *n.* Respect. સત્કાર. Honour.
**સન્માર્ગ,** *n.* Right course. નીતિનો માર્ગ. [પ્રતિષ્ઠા.
**સન્મિત્ર,** *n.* Faithful friend. સારો મિત્ર.
**સપડાવું,-ટાવું,***vt.*Be caught.ફસાવું.Be entrapped.
**સપત્ની,** *n.*Co-wife. શોક;પતિની બીજી પત્ની [જકડાવું.
**સપનું,-મણું,** (ડ્રીમ) *n.* Dream. સ્વપ્ન. [શુભ.
**સપરમું,** (ઑસ્પીશ્યસ) *a.* Auspicious. મંગલકારી;
**સપરિવાર,** *a.* & *ad.* With family. કુટુંબસહિત.
**સપાટ,** ( ફ્લેટ ) *a.* Flat. ખાડા ટેકરા વિનાનું. Even. એકસરખું. [ છેક ઉપરનો સપાટ ભાગ.
**સપાટી,** (લેવલ) *n.* Level; surface.કોઈ પણ વસ્તુનો
**સપાટો,** ( ક્વીકનેસ ) *n.* Quickness. ઝડપ. Slap. તમાચો. Whipping.ચાબુકનો પ્રહાર.Gossip.ગપાટો.
**સપાટાબંધ,-સપ,**(ક્વીકલી) *ad.* Quickly.ઝડપભેર;

તરત. [ પાડ.
સપાડું, ( ઑબ્લીગેશન ) *n.* Obligation. આભાર;
સપાદ, *a.* Increased by a fourth part. સવાયું;
સવા. [ લોહીનું.
સપિંડ, *a.* & *n.* Of the same blood. એક જ
સપૂત, *n.* Dutiful son. સારો પુત્ર.
સપ્ત, (સેવન) *a.* Seven. સાત.
સપ્તક, *n.* Collection of seven. સાતનો સમૂહ.
સપ્તકોણ,-ભૂજ, ( સેપ્ટેગોન ) *n.* & *a.* Septagon.
સાત ખૂણાવાળી આકૃતિ.
સપ્તપદી, *n.* The seven steps at a Hindu marriage ceremony; its hymns. વિવાહવિધિમાં વરકન્યાએ સાત પગલાં સાથે ફરવું તે; તેના મંત્રો.
સપ્તાહ, (વીક) *n.* Week. અઠવાડિયું.
સપ્રયોજન, *a.* & *ad.* Intentionally. હેતુપુરઃસર.
સપ્રેમ, *ad.* With love. પ્રેમસહિત.
સફર, (જર્ની) *n.* Journey. મુસાફરી.
સફરજન, (પીયર) *n.* Pear. એક ફળ. [ ખલાસી.
સફરી, *a.* Sea-going. સફર કરનારું. *n.* Sailor.
સફલ,-ળ, (સકસેસફુલ) *a.* Successful. સિદ્ધ; ફળ-
સફળતા, (સકસેસ) *n.* Success. સફળ થવું તે. [વાળું.
સફા, (ક્લીન) *a.* Clean. સ્વચ્છ.
સફાઈ, *n.* Cleanliness. સ્વચ્છતા. [ ઓચિંતું.
સફાળું, *a.* Feeling surprise. બેબાકળું. Sudden.
સફીલ, *a.* & *n.* Adjoining land. લગોલગ અડેલી.

**સરીભદાર**, (નેબર) *n.* Neighbour. પડોશી. [જમીન.
**સફેદ**, (વ્હાઇટ) *a.* White. શ્વેત; ધોળું.
**સફેદો**, *n* White powder. ધોળો ભૂકો. Chalk ચૂનો.
**સફો,-ફું**, (પેજ) *n.* Page. પૃષ્ઠ Side. બાજુ.
**સબક**, (લેસન) *n.* Lesson. પાઠ. Moral. બોધ.
**સબડકો**, ( સ્મેક ) *n.* Smack. પ્રવાહી પદાર્થ ચૂસતાં
થતો અવાજ. [ જવું; સડવું.
**સબડવું**, ( રોટ ) *vt.* Rot. વાસી પડી રહેવાથી બગડી
**સબબ**, (ઓબ્જેક્ટ) *n.* Object. હેતુ. Reason. કારણ.
**સબરસ**, ( સોલ્ટ ) *n.* Salt. મીઠું.
**સબલ,-ળ**, ( વીગરસ ) *a.* Vigorous. બળવાન.
**સબૂર,-રી,-બર**, (પેશંસ) *n.* Patience. ધીરજ; સહન-
શક્તિ. [Association. મંડળી.
**સભા**, (કોન્ફરંસ) *n.* Conference. મેળાવડો; પરિષદ.
**સભાપતિ**, ( ચેરમેન ) *n.* Chairman. પ્રમુખ.
**સભામંડપ**, *n.* Council chamber. સભાનો મંડપ–
**સભાસદ**, ( મેમ્બર ) *n.* Member. સભ્ય. [સ્થળ.
**સભ્ય**, *a.* Polite. વિવેકી. *n.* Member. સભાસદ.
**સભ્યતા**, (કર્ટસી) *n.* Courtesy. સભ્યપણું; સંસ્કૃતિ.
**સભ્યા**, *n.* Female member. સ્ત્રીસભાસદ.
**સમ**, *n.* Oath. સોગન. *a.* Like. સરખું. [વિદ્યમાન.
**સમકાલિન**, *n.* Contemporary. એકજ કાળમાં સાથે
**સમકેન્દ્ર**,(કોન્સેન્ટ્રીક) *a.*Concentric.સમાન કેન્દ્રવાળું.
**સમકોણ,-ણિક**,*a.&n.*Equiangular.સમાન કોણવાળી.
**સમક્ષેત્ર**, *n,* Horizontal plane. સમાન ક્ષેત્રવાળી

આકૃતિ. [સામે.

સમક્ષ, *a.* & *ad.* In the presence of. રૂબરૂ; નજર

સમગ્ર, ( હોલ ) *a.* Whole. બધું; તમામ.

સમચતુર્ભુજ, ( રોમ્બસ ) *n.&a.* Rhombus. ચારે સમાન બાજુવાળો ચતુષ્કોણ.

સમચરી,-છરી, ( એનીવર્સરી ) *n.* Anniversary. સંવત્સરી; દર વર્ષે આવતી મરણતીથિ-તે દિવસની ક્રિયા.

સમચોરસ, *a.* & *n.* Square. ચાર ખૂણા અને ચાર બાજુઓ સરખી હોય તેવી આકૃતિ. [કનો સમચ્છેદ.

સમચ્છેદ, *n.* Common d nomenator. અનેક અપૂર્ણાં-

સમજ,-ણ, ( અંડરસ્ટેંડીંગ ) *n.* Understanding. અક્કલ; જ્ઞાન; કરાર. [ એવું; સમજણવાળું.

સમજણું,-દાર,-જુ, ( પ્રુડન્ટ ) *a.* Prudent. સમજે

સમજવું, ( અંડરસ્ટેન્ડ ) *vt.* Understand. જાણવું; અર્થ ગ્રહણ કરવો.

સમજૂત,-તી, *n.* Explanation. ખુલાસો; વિવેચન.

સમડી,-ળી, (કાઈટ) *n* Kite. એક પક્ષી. Tree. શમીવૃક્ષ.

સમતલ, ( પ્લેન ) *n.* & *a.* Plane. સરખી સપાટી.

સમતા,-ત્વ, ( ઈક્વોલીટી ) *n.* Equality. સમાનતા.

સમતોલ, *a.* & *n.* Of equal weight. સરખા વજનનું; સરખું. [ tial. નિષ્પક્ષપાતી.

સમદર્શિ,-દ્રષ્ટિ,-બુદ્ધિ, ( ઇમપાર્શિયલ ) *a.* Impar-

સમન્વય, *n* Regular successi n. એક સરખો વ્યવસ્થિત ક્રમ. [ બાજુવાળો ત્રિકોણ.

સમત્રિકોણ, *n.* Equilateral triangle. ત્રણે સરખી

**સમબાજુ,-જૂ,-ભૂજ,** *a.* Equal-sided. સરખી બા-
**સમભાગ,** *n.* Equal share. સરખો ભાગ.[જુઓવાળી.
**સમભાવ,** *n.* Equality. સમાનતાની બુદ્ધિ–ભાવ.
**સમય,** ( ટાઇમ ) *n.* Time. વખત. Period. કાળ. Season. મોસમ. Opportunity.લાગ.Oath.પ્રતિજ્ઞા.
**સમયપત્રક,** *n.*Time-table. સમયની ફાળવણીની નોંધ.
**સમયસૂચક,** *a.* Ready-witted. સમયસૂચકતાવાળું.
**સમયસૂચકતા,** *n.* Presence of mind. સમયને યોગ્ય તત્કાળ કાર્ય કરવાની બુદ્ધિ.[times.સમય પ્રમાણે.
**સમયાનુસાર,–યોચિત,** *a.* & *ad.* According to
**સમયાનુસારી,** *a.*Time-serving. સમયને અનુસરીને
**સમર,–ભૂમિ,–રાંગણ,** (બેટલ)*n.*Battle.યુદ્ધ.[વર્તનારું.
**સમર્થ,** (પાવરફુલ) *a.* Powerful. બળવાન.
**સમર્થક,** ( સપોર્ટિંગ ) *n.*&*a.* Supporting. સમર્થન કરનાર. [ સાબિતી.
**સમર્થન,** (સપોર્ટિંગ) *n.*Supporting. ટેકો આપવો તે;
**સમર્પણ,** (ડેડીકેશન) *n.* Dedication. અર્પણ કરવું
**સમર્પવું,** *vt.* Dedicate. સમર્પણ કરવું. [ તે.
**સમલંબ,** *a.* Of equal length. સરખી લંબાઈવાળું.
**સમવયસ્ક,–વયી,** *a.* & *n.* Of the same age. સરખી ઉમરનું. [ સંબંધ.
**સમવાય,** (કલેકશન)*n.*Collection. સમૂહ.Relation.
**સમવાયતંત્ર,** *n.* Federation. અનેક સ્વાયત્ત સમૂહોનું એકત્ર રાજ્યતંત્ર. [ સંબંધવાળું.
**સમવાયી,** *a.* Federal. સમવાય તંત્રને લગતું–તેવા

સમશીતોષ્ણ, *a.*Temperate.સરખી ઠંડી અને ગરમી.
સમષ્ટિ,(ટોટેલીટી) *n.*Totality.સમગ્રતા;સમુદાય.[વાળું.
સમસમવું, (એબેટ) *vt.* Abate. ધૂંધવાઇ રહેવું.
સમસ્ત, (એન્ટાયર) *a.* & *n.* Entire. બધું; તમામ.
સમસ્યા, (પઝલ) *n.* Puzzle. કોયડો. Hint. સંકેત.
સમંજસ, (પ્રોપર) *a.* Proper. યોગ્ય. Clever. હોશિયાર. Clear. સ્પષ્ટ.
સમાગમ, (મીટીંગ) *n.*Meeting. મેળાપ. Company.
સમાચાર, (ન્યુઝ) *n.* News. ખબર. [ સોબત.
સમાચારપત્ર, *n.* Newspaper. વર્તમાનપત્ર.
સમાજ, ( સોસાયટી ) *n.* Society. એક જ ધર્મ કે આચારવાળો જનસમુદાય. Asssembly. સભા.
સમાજવાદ, *n.* Socialism. વ્યકિત કે વર્ગની નહી, પરંતુ સમાજની સત્તાનો વાદ.
સમાજવાદી, *n.*& *a.*Socialist.સમાજવાદમાં માનનાર.
સમાજિક, (સ્પેક્ટેટર) *n.* Spectator. પ્રેક્ષક. Member. સભ્ય. [ Satisfaction. તૃપ્તિ.
સમાધાન-ની, (સેટલમેન્ટ) *n.* Settlement. નિકાલ.
સમાધિ,-ધ, *n.* Deep contemplation.ઊંડું ધ્યાન. Saint's grave. સાધુ સંતને દાટયા હોય તે જગા
સમાન,-ણું,(ઇક્વલ) *a.*Equal.સરખું.[પર કરેલી દેરી.
સમાપ્ત, (કંપલીટ) *a.* Complete. પૂર્ણ.
સમાપ્તિ,-પના, *n.* End. અંત; છેવટ.
સમારકામ, (રીપેર્સ) *n.* Repairs. દુરસ્ત કરવું તે.
સમારવું, *vt.* Repair. દુરસ્ત કરવું. Cut. કાપવું.

**સમારંભ,** ( સેલીબ્રેશન ) *n.* Celebration ઠાઠમાઠથી કરેલો આરંભ–ઉત્સવ. [પડું તે.
**સમારોપ,–ણ,** (ડીપોઝીટીંગ) *n.* Depositing. આરો-
**સમાવવું,** (ઈંક્લ્યુડ) *vt.* Include. સમાય એમ કરવું.
**સમાવું,** *vt.* Be contained in. અંદર માવું–આવી જવું. [ સમાસ.
**સમાવેશ,** *n.* Inclusion. સમાવું તે. Accomodation.
**સમાસ,**–જુઓ ' સમાવેશ. ' *n.* Compound word બે કે વધારે શબ્દોના સંયોગથી થયેલો શબ્દ. Contraction. સંક્ષેપ.
**સમાંતર,** (પેરેલલ) *a.* Parallel. સમાન અંતરવાળું.
**સમાંતરચતુષ્કોણ,** *n.* Parallelogram.
**સમિતિ,** (કમીટી) *n.* Committee. મંડળી; સભા.
**સમિધ,** *n.* Fuel for a sacrifice. યજ્ઞોપયોગી લાકડું.
**સમીકરણ,** *n.* Equalizing. સરખું કરવું તે. Equation.
**સમીક્ષા,** *n.* Investigation. બારીક તપાસ; સમા-
**સમીપ,** (નીયર) *a.* Near. નજીક; નીકટ. [ લોચના.
**સમીર,–ણ,** (વીન્ડ) *n.* Wind. પવન.
**સમીસંધ્યા,–સાંજ,** *n.* Evening. સાંજની વેળા.
**સમુચ્ચય,** (કલેકશન) *n* Collection. સંગ્રહ; સમૂહ.
**સમુત્થાન,** *n.* Rising. ઉદય. Occupation. ઉદ્યોગ.
**સમુદાય,** (માસ) *n* Mass. ટોળું. [ Health. આરોગ્ય.
**સમુદ્ર,** ( સી ) *n.* Sea. દરિયો.
**સમુદ્રકાંઠો,** *n.* Sea-shore. દરિયાકિનારો.
**સમુદ્રફીણ,** *n.* Cuttle fish-bone. એક ઔષધિ.

સમુલ્લાસ, (ડીલાઈટ) *n.* Delight. આનંદ; પ્રસન્નતા.
સમું, ( સીમીલર ) *a.* Similar. જેવું; સરખું. Right. દુરસ્ત. *ad.* With. સહિત.
સમૂલ,-ળ,-ળું, *a.* With root. મૂળસહિત.
સમૂહ, (મલ્ટીટયુડ) *n.* Multitude. ટોળું.
સમૂળગું, (એન્ટાયર) *a.* Entire. બધું.
સમૃદ્ધ, (પ્રોસ્પરસ) *a.* Prosperous. આબાદ.
સમૃદ્ધિ, *n.* Prosperity. આબાદી. Riches. સંપત્તિ.
સમેટવું, *vt.* Wind up. આટોપવું; એકઠું કરવું.
સમેત, *a.* & *ad* Accompanied with. સુદ્ધાં;સહિત.
સમો, *n.* Time. સમય; વખત. [Equal. સમાન.
સમોવડ,-ડું,-ડિયું, ( રાઈવલ ) *a.* Rival. પ્રતિસ્પર્ધી.
સમ્રાજ્ઞી, ( એમ્પ્રેસ ) *n.* Empress. મહારાણી.
સમ્રાટ, ( એમ્પરર ) *n.* Emperor. રાજાધિરાજ.
સર, ( લેક ) *n.* Lake. સરોવર. Chain. સાંકળી. Prefix. ઉપસર્ગ છે, જેમકે : સરસૂબો. Suffix. પ્રત્યય છે, જેમકે : કાયદાસર; ધંધાસર.
સરકટ, *n.* Coarse reed. બરૂ જેવો એક છોડ.
સરકણું, *a.* & *n.* Slippery. સરકી જાય એવું.
સરકવું, ( સ્લીપ ) *vt.* Slip. લપસવું; ખસવું. Sneak away. છટકવું. [સત્તા.
સરકાર, *n.* Government. પ્રજાનું શાસન કરનારી
સરકારી, *a.* Governmental; official. સરકારનું-તે
સરકો,(વીનેજર)*n.*Vinegar.ઘણોજ ખાટો રસ.[સંબંધી.
સરખાઇ,-પણું, ( સીમીલારીટી ) *n.* Similarity.

સરખું હોવું તે. [ મુકાબલો.
**સરખામણી,** ( કંપેરીઝન ) *n.* Comparison. તુલના;
**સરખાવવું** ( કંપેર ) *vt.* Compare. મેળવી જોવું.
**સરખું,-રીખું,** ( ઈક્વલ ) *a.* Equal. સમાન. Flat. સપાટ. Orderly. વ્યવસ્થિત. Proper. છાજતું.
**સરગવો,** *n.* Name of a tree. એક ઝાડ.
**સરઘસ,** (પ્રોસેશન) *n.* Procession. વરઘોડાજેવો સમુદાય.
**સરજત,-ન,** (ક્રીએશન) *n.* Creation. સરજેલી વસ્તુ.
**સરજનહાર,** (ક્રીએટર) *n.* Creator. સરજન કરનાર.
**સરણિ,-ણી,** ( ફુટપાથ ) *n.* Footpath. પગરસ્તો. Arrangement. ગોઠવણી. Manner. રીત. [સ્મૃતિ.
**સરત,** ( એટેન્શન ) *n.* Attention. ધ્યાન. Memory.
**સરતચૂક,** *n.* Oversight. નજરચૂક. [bleman. ઉમરાવ.
**સરદાર,** ( લીડર ) *n* Leader. આગેવાન; નાયક. No-
**સરદારી,** *n.* & *a.* Leadership. આગેવાની.
**સરદેશમુખી,** *n.* A revenue tax of the Marathas. મરાઠી રાજ્યનો એક મહેસૂલી લાગો.
**સરનશીન,** ( પ્રેસીડેન્ટ ) *n.* President. પ્રમુખ.
**સરનામું,** ( એડ્રેસ ) *n.* Address. નામઠામ વગેરે.
**સરપંચ,** *n.* Head juror. પંચનો વડો.
**સરપાવ,** ( રીવૉર્ડ ) *n.* Reward. શાબાશી બદલ આપવામાં આવતો પોશાક. [tely. પૂર્ણતઃ
**સરબસર,**(એન્ટાયર) *a.* Entire. તમામ. *ad.* Comple-
**સરબંદી,** *n.* Army. કિલ્લાનું રક્ષણ કરતી પલટણ.
**સરભર,** *a.* Equal. સરખેસરખું.

**સરભરા**, *n.* Hospitality. આદરસત્કાર; સેવાચાકરી.
**સરમુખત્યાર**, *a.&n.* Full powered. કુલ સત્તાવાળું.
**સરમુખત્યારી**, *n.* Full power. કુલ સત્તા.
**સરલ,-ળ**, ( સ્ટ્રેઈટ ) *a.* Straight. સીધું. Not difficult. મુશ્કેલ નહિ એવું. Simple. નિખાલસ.
**સરવાળે**, *ad.* In the end. પરિણામે; એકંદર.
**સરવાળો**, ( ટોટલ ) *n.* Total. સંખ્યાઓને ભેગી ઉમેરવી તે–તેથી થતી રકમ. [બનું તારણ.
**સરવયું,-વાયું**, *n.* Balance-sheet. આખા વર્ષના હિસા-
**સરવું**, *vt.* Slip. સરકવું. Be accomplished. પાર પડવું. *a.* Keen in hearing. ઝટ સાંભળે તેવું. Shrill. મોટેથી બોલાયેલું.
**સરસ**, *a.* Excellent. ઉત્તમ. Beautiful. સુંદર.
**સરસમાચાર,-સંદેશા**, *n.* Tidings. ખબરઅંતર.
**સરસવ**, *n.* Rape seed. એક જાતનું તેલી બી. [ફાઈ.
**સરસાઇ,-સરસી**, (કૉંપીટીશન) *n.* Competition. હરિ-
**સરસામાન**, *n.* All things. ઘરગથુ સામાન.
**સરસું**,—જુઓ'સરસ'. *ad.* Along with. અડીને; પાસે.
**સરસૂબો**, *n.* Chief governor. વડો સૂબો. District officer. પરગણાનો હાકેમ.
**સરસ્વતી**, *n.* Goddsss of learning. વિદ્યાની દેવી; શારદા. A river. એ નામની નદી. [સીમાડો.
**સરહદ**, (બાઉન્ડરી) *n.* Boundary. સીમા. Frontier.
**સરંજામ**, (મટીરીયલ્સ) *n.* Materials. જોઈતી સામગ્રી.
**સરા**, (સીઝન) *n.* Season. મોસમ. Current. ધારા.

Suffix. પ્રત્યય છે. જેમકે : લગનસરા.
સરાઈ, ( ઇન ) *n.* Inn. ધર્મશાળા. Street. પોળ.
સરાડે,-રેડે, *ad.* On the right path. સીધે માર્ગે.
સરાણ, (ગ્રાઈન્ડ-સ્ટોન) *n.* Grind-stone ધાર કાઢવાનું
સરાર, *ad.* To the end. ઠેઠ સુધી. [યંત્ર.
સરાવવું, *vt.* To offer funeral cakes. શ્રાદ્ધ કરવું.
સરિત,-તા, ( રીવર ) *n.* River. નદી.[Plain. સીધું.
સરિયામ, (પબ્લીક) *a.* Public. જાહેર.Chief મુખ્ય.
સરૂપ, (ઈકવલ) *a.* Equal. સરખું. Beautiful. સુંદર.
સરેરાશ,-રાસર,-રી, (એવરેજ) *n.* &*ad.* Average. નાની મોટી રકમનો જુમલો કરીને કઢાતું માન.
સરેશ,-સ, ( ગ્લુ ) *n.* Glue. એક ચીકણો પદાર્થ.
સરૈયો,*n.*Perfume vendor.સુગંધીદાર વસ્તુઓવેચનાર.
સરોજ,-રુહ, ( લોટસ ) *n.* Lotus. કમળ.
સરોજિની, *n.* Lotus plant. કમળની વેલ.
સરોતો,-દો, *n.* Nut cracker. સૂડી.
સરોવર,-રવર, ( લેક ) *n.* Lake. મોટું તળાવ.
સરોષ, ( એંગ્રી ) *a.* Angry. ગુસ્સાવાળું.
સર્ગ, (ક્રીએશન) *n.* Creation. ઉત્પત્તિ; સૃષ્ટિ.Abandonment. ત્યાગ. Chapter.અધ્યાય. [ચર્ચતું શાસ્ત્ર.
સર્ગમીમાંસા, *n.*Cosmogony. સૃષ્ટિની ઉત્પત્તિનો ક્રમ
સર્જક,-નહાર, ( ક્રીએટર ) *a.*&*n.* Creator. સર્જનાર.
સર્જન,(ક્રીએટીંગ) *n.* Creating.સર્જવું તે; કૃતિ;સૃષ્ટિ.
સર્જનજૂનું, *a.*From times immemorial.સૃષ્ટિની શરૂઆતથી ચાલતું આવેલું.

સર્જનશક્તિ, *n.* Creative power. નવું રચવાની શક્તિ.
સર્જવું,-રજવું,( ક્રીએટ ) *vt.* Create. નવું રચવું.
સર્જિત, ( ક્રીએટેડ ) *a.* Created. સરજેલું. Desti-
સર્પ, (સ્નેક) *n.* Snake. સાપ. [ned. નસીબમાં લખેલું.
સર્પાકાર, ( સરક્યુલર ) *a.* & *n.* Circular. ગોળ.
સર્વ, ( ઑલ ) *a.* All. બધું; તમામ.
સર્વકાલિન, ( પરપેચ્યુઅલ ) *a.* Perpetual. નિત્ય; બધો વખત ટકી રહેનાર. [present. સર્વત્ર રહેલું.
સર્વગામી,-વ્યાપી,-પક,( ઓમનીપ્રેઝંટ ) *a.* Omni-
સર્વજ્ઞ,-દર્શી, *a.* Omnicient. બધું જાણનારૂં.
સર્વત્ર, ( એવરીવ્હેર ) *ad.* Everywhere. દરેક સ્થળે.
સર્વથા, ( કંપલીટલી ) *ad.* Completely. બધી રીતે.
સર્વદા, ( ઑલવેઝ ) *ad.* Always. હમેશાં.
સર્વનામ, ( પ્રોનાઉન ) *n.* Pronoun. નામને બદલે આવતો શબ્દ. [ કરવું.
સર્વભક્ષી, (ઓમનીવરસ)*a.* Omnivorous. બધું ભક્ષણ
સર્વમાન્ય, *a.* Universally accepted. બધાને માન્ય.
સર્વશક્તિમાન, ( ઓમનીપોટંટ ) *a.* Omnipotent. સર્વ પ્રકારની શક્તિવાળું. [among all. સર્વમાં ઉત્તમ.
સર્વશ્રેષ્ટ,-વોચ્ચ,-વોત્તમ,-વોત્કૃષ્ટ,-વોપરી,*a.* Best
સર્વસંગ્રહ, (સાયક્લોપીડીયા) *n.* Cyclopedia. બધી જાતની માહિતીનો સંગ્રહ.
સર્વસ્વ, (એવરીથીંગ) *n.* Everything. બધું.
સર્વાનુમત, ( યુનેનીમસ ) *a.* Unanimous. બધાને
સર્વાંગ, *n.* The whole body. આખું શરીર. [કબૂલ.

સર્વાંગસુંદર, *a.* Absolutely beautiful. સંપૂર્ણ સુંદર.
સર્વોપયોગી, *a.* Useful to all. સર્વને ઉપયોગી.
સર્વોપરીપણું, (સુપ્રીમસી) *n.* Supremacy. શ્રેષ્ઠત્વ.
સલવામણ, *n.* Embarassment. ગૂંચવણ.
સલવાવું, (બી એન્ટેંગ્લ્ડ) *vt.* Be entangled. ગૂંચવાવું.
સલાટ, *n.* Stone-mason. પથ્થર ઘડનારો.
સલામ, (સેલ્યુટેશન) *n.* Salutation. નમસ્કારનો એક [પ્રકાર.
સલામત, (સેફ) *a.* Safe. સુરક્ષિત.
સલામતી, *n.* Safety. સુરક્ષિતતા. Health. આરોગ્ય.
સલામી, (ક્વીટ-રેન્ટ) *n.* Quit-rent. સલામ દાખલ અપાતું મહેસૂલ કે ભાડું. [અભિપ્રાય. Peace. સુલેહ.
સલાહ, (એડવાઈસ) *n.* Advice. શિખામણ. Opinion.
સલિલ, (વૉટર) *n.* Water. પાણી.
સલીલ, (એમોરસ) *a.* Amorous. ક્રીડા કે વિલાસવાળું.
સલૂક, (મેનર્સ) *n.* Manners. રીતભાત; વર્તણૂક.
સલૂકાઈ, *n.* Civility. સભ્યતા.
સલૂણું, *a.* Fine. મનોહર; રસથી ભરેલું. [પાટડો.
સલેપાટ, *n.* Sleeper. રેલના પાટા નીચે ગોઠવાતો
સલ્તનત, (એમ્પાયર) *n.* Empire. સામ્રાજ્ય; પાદશાહત.
સવર્ણ, *a.* Of the same caste or colour. એકજ વર્ણ કે રંગનું.
સવળું,-ળ, (પ્રોપર) *a.* Proper. સૂલટું; અવળાથી ઊલટું.
સવા, *a.* One and a quarter. $1\frac{1}{4}$. Plant seeds. એક બીજ. *a.* Agreeable. પાધરૂં;
સવાઇ, (એકસેસ) *n.* Excess. વધારેપણું. Superio-

rity. ચઢિયાતાપણું. Extra work. વધારાના વખતમાં કરેલું કામ કે તેની મજૂરી.
સવાણ, *n*. Relief from pain. આરામ.
સવાયું, *a*. More by 25 p.c. સવાગણું. Surpassing. ચઢિયાતું. [ પ્રાતઃકાળ Rider. ઘોડેસ્વાર.
સવાર, ( મોર્નિંગ ) *n*. Morning. વ્હાણું. Dawn.
સવારી, (પ્રોસેશન) *n*. Procession. વરઘોડો. Riding. સવાર થવું તે. Passenger. ઉતારૂ. Journey. મુસાફરી. Invasion. હુમલો. [ અરજ.
સવાલ, ( કવેશ્ચન ) *n*. Question. પ્રશ્ન. Request.
સવિતા, (સન) *n*. Sun. સૂર્ય. God. પ્રભુ. Creator.
સવિનય, *a* &*ad*. Humble. વિનયયુક્ત. [સરજનહાર.
સવિનયભંગ,*n*.Civil disobedience.વિનયપૂર્વકભંગ.
સવિશેષ, (પીકયુલીઅર) *a*. Peculiar. વિશિષ્ટતાવાળું. Extraordinary. અસાધારણ. Superior. ઉત્તમ. Chief. મુખ્ય. *ad*. Especially. ખાસ કરીને.
સવિસ્તર, *a*. & *ad*. In detail. વિસ્તારપૂર્વક.
સવેળા, *ad*. In proper time. વખતસર; આગળથી.
સશક્ત, (પાવરફુલ) *a*. Powerful. શક્તિવાળું.
સશસ્ત્ર, (આર્મ્ડ) *a*. Armed. શસ્ત્રસજ્જ; શસ્ત્ર સાથે.
સસડવું, (બોઇલ)*vt*.Boil.સડસડ અવાજ સાથે ઊકળવું.
સસણી, *n*. Whooping couph. બાળકનો એક રોગ.
સસરો, *n*. Father-in-law. વહુ કે વરનો બાપ.
સસલો,-સો, ( રેબીટ ) *n*. Rabbit. એક નાનું ચોપગું
સસ્તું, (ચીપ) *a*. Cheap. સોંઘું. [ પ્રાણી.

સસ્મિત, *a.* & *ad.* Smilingly. સ્મિત સાથે.
સહ,-હિત, ( વીથ ) *ad.* With. સાથે.
સહકાર,-યોગ, ( કોઓપરેશન ) *n.* Co-operation.
એક બીજાને મદદગાર થવું તે. [ ચાલતું મંડળ.
સહકારીમંડળ, *n.* Co-operative; society. સહકારથી
સહકારી,-યોગી, *a.* Co-operative. સહકારવાળું. *n.*
Co-operator. સહકાર કરનાર. [ થવું તે.
સહગમન, *n.* Accompanying. સાથે જવું તે; સતી
સહગામી, *a.* Accompanying; con-current. સહ-
ગમન કરનારૂં.
સહચર, (કંપેનીયન) *n.* & *a.* Companion. સોબતી.
સહચાર, *n.* Accompaniment. સાથ; સોબત. Har-
mony. સુસંગતપણું. [ Wife. પત્ની.
સહચારિણી,-રી,-ધર્મચારિણી,-ધર્મિણી,(વાઇફ) *n.*
સહજ, ( નેચરલ ) *a.* Natural. કુદરતી; સ્વાભાવિક.
Born with. સાથે જન્મેલું. *ad.* Without any
reason. ખાસ કાંઈ કારણ વિના. Easily. સહેલાઈથી.
સહજબુદ્ધિ, *n.* Instinct. કુદરતી બુદ્ધિ કે પ્રેરણા.
સહચારી,-ધર્મચારી, (હઝબંડ) *n.* Husband. પતિ.
સહન, (બેરીંગ) *n.* Bearing. સહેવું તે.
સહનશક્તિ,-શીલતા, *n.* Forbearance. સહન કર-
સહનશીલ, (પેશંટ) *a.* Patient. શાંત. [વાની શકિત.
સહમતી, (યુનેનીમીટી) *n.* Unanimity. એકમતી.
સહર્ષ, *a.* & *ad.* Gladly. હરખભેર.
સહવાસ, *n.* Dwelling with. સાથે વસવું તે. A-

quaintance. સોબત; સંબંધ. Practice. મહાવરો.
સુહશિક્ષણ, *n.* Co-education. છોકરા-છોકરીઓને સાથે શિક્ષણ આપવું તે.
સહસા, (રેશલી) *ad.* Rashly. ઉતાવળે. Suddenly. ઓચિંતું. Indiscreetly. વિચાર કર્યા વિના.
સહસ્ર, (થાઉઝન્ડ) *a.* Thousand. હજાર.
સહસ્રરશ્મિ, (સન) *n.* Sun. સૂર્ય. [ભણનારો.
સહાધ્યાયી,-હપાઠી, *n.* Fellow-student. સાથે
સહાનુભાવ,-ભૂતિ, (સીમ્પથી) *n.* Sympathy સમ-
સહાય,-તા, (હેલ્પ) *n.* Help. મદદ. [ભાવ; દિલસોજી.
સહાયક, (હેલ્પીંગ) *a.* & *n.* Helping. મદદગાર.
સહાયકારક,-કારી, (ઑાક્ષીલીયરી) *a.* Auxilliary. સહાયમાં વપરાતું-કરનારૂં.
સહાયભૂત, (હેલ્પીંગ) *a.* Helping. મદદગાર થયેલું.
સહારો, (શેલર) *n.* Shelter. આશ્રય; હૂંફ.
સહિયર, *n.* Female friend. સખી; સાહેલી.[યાળું.
સહિયારૂં, *a.* & *n* Held in common.ભેગું; પંતિ-
સહિષ્ણુ, (ફરબેરીંગ) *a.* Forbearing. ધીર;સહનશીલ.
સહી, (સીગ્નેચર) *n.* Signature. દસ્કત; મતું; નીચે પોતાનું નામ લખવું તે. Female friend. સખી. *a.* Right. સાચું. *ad.* Accepted. કબૂલ; નક્કી.
સહીસલામત, ( સેફ ) *a.* Safe સુરક્ષિત.
સહીસલામતી, *n.* Safety. સુરક્ષિતતા.
સહુ, ( ઓલ ) *a.* All. સૌ; સર્વ.
સહૃદય, (કાઈન) *a.* Kind. દિલસોજ; માયાળુ.

સહેજ,-સાજ, (લીટલ)*a.& ad.* Little. થોડું.—જુઓ
સહેજે, (ઈઝીલી) *ad.* Easily. સહેલાઈથી. 'સહજ'.
સહેલ, ( ઈઝી ) *a.* Easy. સહેલું. *n.* Merriment. મોજમજા. [ માણવાની જગા.
સહેલગાહ, *n.* Place of amusement. મોજમજા
સહેલસપાટા, *n.* Merriment. મોજમજા. [માણસ.
સહેલાણી, *n.* & *a.* Easy-going person. મોજીલું
સહેલું,-સટ, (ઈઝી) *a.* Easy. મુશ્કેલ નહી એવું.
સહેવું, (બેર) *vt.* Bear. સહન કરવું; ખમવું.
સહોદર, *a.&n.*Co-uterine.એકજ માને પેટે જન્મેલું.
સહોદરા,-રી, *n.* Sister. બહેન. [Brother. ભાઇ.
સહ્ય, (બેરેબલ) *a.* Bearable. સહી શકાય એવું.
સહ્યભેદ, *n.* Potential mood. કર્મણિ પ્રયોગ.
સળ, ( ફોલ્ડ ) *n.* Fold. ગેડ; આંકો. [સણકા નાખવા.
સળકવું, (મુવ) *vt.*Move. હાલવું.Feel sharp pain.
સળગવું, (બર્ન) *vt.* Burn. બળવું. [ તત્પર થવું.
સળવળવું, (મુવ) *vt.* Move હાલવું. Stir. કશું કરવા
સળવળાટ, *n.* Restlessness. અજંપો; સળવળવું તે.
સળંગ, (હોલ) *a.* & *ad.* Whole. આખું. To the
સળિયો, *n.* Bar. ધાતુનો લાંબો કકડો.[end. ઠેઠ સુધી.
સળી,-ળેકડી, *n.* Small thin stick. ઘાસ વગેરેનો લાંબો નાનો ગોળ કકડો.
સળીસંચો, *n.* Instigation. ઉશ્કેરણી; ભંભેરણી.
સળેખમ, ( કોલ્ડ ) *n.* Cold. શરદી; એક રોગ.
સળો, *n.* Rottenness. સળવું તે.

સંકટ, (કૅલેમીટી) *n.* Calamity. દુઃખ; આફત.
સંકડામણ,-ડાશ, *n.* Closeness. જગાની તંગાશ; ભીડ. Trouble. મુશ્કેલી. [culty. મુશ્કેલીમાં આવવું.
સંકડાવું, *vt.* Be crowded. ભચડાવું. Be in diffi-
સંકર્ષણ, (પુલીંગ) *n.* Pulling. ખેંચવું તે. Ploughing. ખેડવું તે. [તે; સંગ્રહ.
સંકલન,-ના, *n.* Act of collecting. એકઠું કરવું
સંકલિત,-ચિત, (કલેક્ટેડ) *a* Collected.એકઠું કરેલું.
સંકલ્પ, ( રીઝોલ્વ ) *n.* Resolve. નિશ્ચય; મનસૂબો. Fancy. તરંગ. Solemn declaration. નિયમ લેવો
સંકલ્પવિકલ્પ, *n.* Hesitation. તર્કવિતર્ક. [તે.
સંકીર્ણ, *a.* Intermingled. મિશ્રિત; સેળભેળ થયેલું.
સંકીર્તન, *n.* Worship. સ્તુતિ. [Spread.ફેલાયેલું;
સંકુચિત, ( કૉન્ટ્રેક્ટેડ ) *a.* Contracted. સંકોચ પામેલું. Narrow. સાંકડું.
સંકેત, ( હીન્ટ ) *n.* Hint. ઇશારો. Prearranged secret arrangement. અગાઉથી કરેલી છૂપી ગોઠવણ. Bet. શરત. Hypothesis. અમુક શબ્દથી અમુક અર્થનો બોધ થવો જોઈએ એવી ભાષાની પરંપરાગત રૂઢિ.
સંકેતસ્થાન, (રાંદેવુ) *n.* Rendezvous. સંકેત પ્રમાણે મળવાની જગા. [Gather. એકઠું કરવું.
સંકેલવું, ( વીન્ડ અપ ) *vt.* Wind up. સમેટી લેવું.
સંકોચ, ( વૉન્ટ ) *n.* Want. તંગી. Hesitation. ખચકાવું તે. Modesty.લજ્જા.Contraction. બીડાવું તે. Terror. ભય. [મર્યાદિત કરવું.

**સંકોચવું,-ડવું**, (ક્લોઝ) *vt.* Close.બીડી દેવું.Draw.
**સંકોચાવું**, *vt.* Get contracted. સંકોચાવાય એમ કરવું–થવું.
**સંકોરવું**, *vt.* Stir up. પ્રજ્વલિત કરવું.
**સંક્રમ,-ણ**, ( ટ્રાન્ઝીટ ) *n.* Transit. સંચાર; એક જગા કે સ્થિતિમાંથી બીજીમાં જવું તે.
**સંક્રાંત**, *a.* Passed on. એક જગાએથી બીજી જગાએ ગયેલું. *n.* Winter solstice. મકરસંક્રાંતિ.
**સંક્રાંતિ**, *n.* Passing of sun or other planets from one sign of the Zodiac into another. સૂર્ય યા ગ્રહનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે.
**સંક્ષિપ્ત**, (શૉર્ટ) *a.* Short; concise. ટૂંકું.
**સંક્ષુબ્ધ**, (પરપ્લેક્સ્ડ) *a.* Perplexed. ખળભળી ઉઠેલું.
**સંક્ષેપ**, *n.* Conciseness. ટૂંકાણ. Summary. સાર.
**સંક્ષોભ**, ( કમોશન ) *n.* Commotion. ખળભળાટ; ગભરાટ. [Shame. શરમ. Disgust. કંટાળો.
**સંખાવો**, *n.* Inclination to ease nature. હાજત.
**સંખ્યા**, (નંબર) *n.* Number.આંકડો. Calculation. ગણતરી. [અસંખ્ય.
**સંખ્યાતીત**, ( ઇનન્યુમરેબલ ) *a.* Innumarable.
**સંખ્યાત્મક,-વાચક**, *a.*Numerical. સંખ્યાને લગતું.
**સંગ**, ( એસોસીએશન ) *n.* Association. સંયોગ. Company. સોબત. Coition. સંભોગ. Touch. સ્પર્શ. Stone. પથ્થર. [ એકત્રિત કરવું તે.
**સંગઠન,-ના,-ઘટન,-ના**, *n.* Bringing together.
**સંગઠિત**, *a.* Brought together. સંગઠનવાળું;

એકત્રિત કરેલું.
સંગત, *a.* Accompanying. સંબદ્ધ. Harmonious. સુસંગત. Symmetrical. પ્રમાણસર. [પણું.
સંગતિ, *n.*Company. સોબત. Symmetry. પ્રમાણ-
સંગદ્દિલ, *a.* Hard hearted. ક્રૂર; કઠણ હેયાનું.
સંગમ, ( યુનીયન ) *n.* Union. મેળાપ. Junction. મેળાપ. Confluence. બે નદીઓનું મીલન-તે સ્થાન.
સંગાથ,-ઘાત, (કંપની) *n.* Company. સાથ; સોબત.
સંગાથી,-ગી,-ઘાતી, *n.* &*a.*Companion. સોબતી.
સંગીત, (મ્યુઝીક) *n* Music. વાદન. Singing.ગાયન.
સંગીતકાવ્ય, (લીરીક) *n.* Lyric. એક પ્રકારનું કાવ્ય.
સંગીતલેખન, ( નોટેશન ) *n.* Notation. ગાયન કે ગતના તાલ સ્વરને સાંકેતિક ચિહ્નો દ્વારા લખવાં તે.
સંગીન, ( હાર્ડ ) *a.* Hard. મજબૂત. *n.* Bayonet. બંદૂકની નળીને છેડે ઘાલવામાં આવતું ભાલાજેવું અણી-
સંગૃહિત, (ગેધર્ડ) *a.* Gatherd. સંઘરેલું. [દાર પાનું.
સંગેમરમર, (માર્બલ) *n.* Marble. આરસપહાણ.
સંગ્રહ,-ઘરો, (ગેધરીંગ) *n.* Gathering. એકઠું કરવું તે. Collection. સંઘરેલો જથો.
સંગ્રહણી,-ઘરણી,(ડીસેન્ટ્રી)*n* Dysentery.એક રોગ.
સંગ્રહસ્થાન, (મ્યુઝીયમ) *n.* Musuem. જાણવાજોગ વસ્તુઓનો સંગ્રહ-તે સ્થાન.
સંગ્રામ, (બેટલ) *n.* Battle. યુદ્ધ. [સમુદાય.
સંઘ, ( મલ્ટીટયુડ ) *n.* Multitude. ટોળું. Mass.
સંઘરવું-ગ્રહવું, *vt.* Gather. એકઠું કરવું. Hoard,

જમા કરવું. [ઘસાવું કે અથડાવું તે. Rivalry. સ્પર્ધા.
**સંઘર્ષ,-ણ,** ( ફ્રીકશન ) *n.* Friction. બે વસ્તુઓનું
**સંઘાડો,** ( લેથ ) *n.* Lathe. હાથીદાંત, લાકડું વગેરેનો ઘાટ ઉતારવાનું યંત્ર.
**શંઘાતક,** (ડીસ્ટ્રક્ટીવ) *a.* Destructive. નાશ કરનારૂં.
**સંચ,** *n.* Secret contrivance. ગુપ્ત કરામત; પેટી કે પટારામાં ગુપ્ત ખાનું. [ જમાવ.
**સંચય,** (એક્યુમેલેશન ) *n.* Accumalation. સંગ્રહ;
**સંચરવું,** ( ગો ) *vt.* Go. જવું. Enter. દાખલ થવું. Collect. સંચય કરવો.
**સંચલન,** ( મુવીંગ ) *n.* Moving. ડોલવું-હાલવું તે. Tremor. કંપ. Agitation.હિલચાલ. [ ઢગલો કરવો.
**સંચવું,** ( કલેક્ટ ) *vt.* Collect. એકઠું કરવું. Heap.
**સંચળ,** *n.* Chloride of sodium. એક ક્ષાર.
**સંચાર,-ચર,** (સ્પ્રેડ) *n.* Spread. ફેલાવો. Penetration. માં થઇને જવું તે.
**સંચારવું,** *n.* Turn the tiles of a roof, નળિયાં ફેરવીને ઠીકઠીક કરવાં. Pour. રેડવું.
**સંચાલક,** (ડીરેક્ટર) *n.* Director. ચલાવનાર.
**સંચાલન,** (ડીરેક્ટીંગ) *n.* વ્યવસ્થા કરવી તે.
**સંચો,** (મશીન) *n.* Machine. યંત્ર.
**સંજવારી,** (ડસ્ટ) *n.* Dust. કચરો; પૂંજો. [ કરવું તે.
**સંજીવન,** (રીએનીમેશન)*n.*Reanimation.મરેલું જીવતું
**સંજીવની,** *n.* Medicine or elixir which restores life. મરેલાંને જીવતાં કરવાની વિદ્યા કે દવા.

**સંજોગ,** (કોઇનસીડન્સ) *n.* Coincidence. સંયોગ; ભેટો. Circumstance. પરિસ્થિતિ. Accident. દૈવ-
**સંજોગવશાત્,** *ad.* Accidentally. દૈવયોગે. [યોગ.
**સંજ્ઞા,** *n.* Conciousness. ભાન; ચેતના. Understanding. જ્ઞાન; સમજ. Gesture. સાન. Name. નામ.
**સંડાસ,** (પ્રીવી) *n.* Privy. જાજરૂ.
**સંડોવવું,** (ઈમ્પલીકેટ) *vt.* Implicate. સપડાવવું: સામેલ
**સંત,** (સેઇન્ટ) *a & n.* Saint. સાધુપુરૂષ. [કરવું.
**સંતતિ,** (પ્રોજેની) *n.* Progeny. બાલબચ્ચાં. Expanse. વિસ્તાર. Perpetuity. પરંપરા.
**સંતતિનિયમન,** *n.* Birth-control. સંતતિ વધતી કે થતી અટકાવવી તે. [પ્રાપ્ત કરવાના નિયમોનું શાસ્ત્ર.
**સંતતિશાસ્ત્ર,** (યુજેનિક્સ) *n.* Eugenics. ઉત્તમ સંતાત
**સંતપ્ત,** (હીટેડ) *a.* Heated. ખૂબ તપી ગયેલું. Afflicted. દુ:ખી; ખૂબ ગુસ્સે થયેલું.
**સંતરૂં,** (સાયટ્રન) *n.* Citron. એક ફળ.
**સંતલસ,** (આર્ટીફીસ) *n.* Artifice. ખાનગી મસલત.
**સંતાકૂકડી,** *n.* Game of hide and seek. એક
**સંતાડવું,** (હાઈડ) *vt.* Hide. છુપાવવું. [રમત.
**સંતાન,** (પ્રોજેની) *n.* Progeny. સંતતિ. Issue. ઓલાદ.
**સંતાપ,** (એફ્લીકશન) *n.* Affliction. દુ:ખ; ઉદ્વેગ.
**સંતાપવું,-તાવવું,** (હેરેસ) *vt.* Harass. પીડવું.
**સંતાવું,** *vt.* Be concealed. છુપાવું; ગુપ્ત રહેવું.
**સંતુષ્ટ,-તોષી,** (ગ્રેટીફાઇડ) *a.* Gratified. સંતોષ
**સંતોલો,** *n.* Tare. બારદાન સહિત કુલ વજન. [પામેલું.

સંતોષ, (સેટીસ્ફેક્શન) *n.* Satisfaction. તૃપ્તિ; સમાધાન.
સંતોષકારક, *a.* Satisfactory. સંતોષઆપે તેવું.
સંત્રી, (ગાર્ડ) *n.* Guard. પહેરેગીર.
સંધાવું, *vt.* Be engaged. ગૂંથાવું. Be betrothed. વિવાહ થવો.
સંદર્ભ, *n.* Weaving together. ગૂંથવું તે; ગોઠવાવું તે. Connection of a writing with another. આગળ પાછળના અર્થનો સંબંધ. Context. રચના.
સંદિગ્ધ, (ડ્યુબીયસ) *a.* Dubious. અસ્પષ્ટ;સંદેહયુક્ત.
સંદીપ્ત, (સ્ટીમ્યુલેટેડ) *a.* Stimulated. ઉદ્દીપ્ત.
સંદૂક, (બોક્ષ) *n.* Box. પેટી. Chest. પટારો.
સંદેશ,-શો, ( મેસેજ ) *n.* Message. કહેણ; ખબર. Tidings. સમાચાર.
સંદેહ,*n.* Doubt. વહેમ; શંકા.
સંધાડવું, (યુનાઇટ) *vt.* Unite. જોડવું; સાંધવું.
સંધાણ,-ન, (જોઇન્ટ) *n.* Joint. જોડાણ;સાંધણ.Aim. નિશાન. Opportunity. લાગ.
સંધાવું, *vt.* Be sewn. સંધાય તેમ થવું.
સંધિ, (યુનીઅન) *n.* Union. જોડણી; સંયોગ. Joint. સાંધો. Peace. સુલેહ. Climax. અણીનો વખત. Transition period. બે યુગો વચ્ચેનો સમય.
સંધિવા, ( રહ્યુમેટીઝમ ) *n.* Rheumatism. સાંધા અકડાઇ જવાનો રોગ.
સંધ્યા,-કાલ,-ળ,-સમય, (ઇવનીંગ) *n.* Evening. સાંજ.
સંધ્યાવંદન,-યોપાસના, *n.* Evening prayers. સાંજની સ્તુતિ.
સંનિકર્ષ,-ધાન,-નિધિ, *n.* Nearness. સામીપ્ય. *n.*

સંનિધ, *ad.* Near. નજીક; પાસેનું. [Connection. સંબંધ.
સંનિપાત,-નેપાત, *n.* Delirium. ત્રિદોષ; મુંઝારો. Heap. ઢગલો. Union. સાથે મળવું તે.
સંનિવેશ, ( વીસીનીટી ) *n.* Vicinity. એકઠા થવાનું સ્થળ. Devotion. તલ્લીનતા. Mass. સમુદાય. Arrangement. ગોઠવણી. Composition. રચના. Nearness. સમીપતા. [ન્યાસી થવું તે.
સંન્યસ્ત, ( રીનાઉન્સડ ) *a.* & *n.* Asceticism. સં-
સંન્યાસિની, *n.* Female ascetic. સંન્યાસી સ્ત્રી.
સંન્યાસી, *n.* Ascetic. જેણે સંન્યાસ લીધો હોય [તે; સાધુ.
સંપ, (યુનીટી) *n.* Unity. એકતા; મેળ.
સંપત,-દ,-દા, (વેલ્થ) *n.* Wealth. સંપત્તિ. [આબાદી.
સંપત્તિ, ( રીચીઝ ) *n.* Riches. ધન. Prosperity.
સંપત્તિશાસ્ત્ર, ( ઇકોનોમીક્સ ) *n.* Economics. અર્થ-
સંપન્ન, (રીચ) *a.* Rich. વૈભવશાળી. With. સહિત [શાસ્ત્ર.
સંપર્ક, (કોન્ટેક્ટ) *n.* Contact. સંગ; સંબંધ.
સંપવું, (યુનાઇટ) *vt.* Unite. સંપ કરવો.
સંપાત, *n.* Falling together. એક સાથે પડવું તે. Concurrence. સંગમ.
સંપાદન, (ઓબ્ટેઈનીંગ) *n.* Obtaining. મેળવવું તે.
સંપાદક, *n.* One who obtains. મેળવનાર. Editor. [તંત્રી.
સંપાદવું, (ઓબ્ટેઇન) *vt.* Obtain. મેળવવું.
સંપી,-લું, (હાર્મોનિયસ) *a.* Harmonious. સંપવાળું.
સંપુટ, ( કેવીટી ) *n.* Cavity. હાથના પંજા જોડી કરેલો ખાડો. [ કરનાર.

સંપૂરક, (કામ્પલીમેન્ટરી) *a.* Complimentary. પૂર્ણ
સંપૂર્ણ, ( કંપ્લીટ ) *a.* Complete. પરિપૂર્ણ. Finished. સમાપ્ત. All. બધું.
સંપૂર્ણતા, *n.* Completion. પરિપૂર્ણતા.
સંપેટવું, (વીન્ડ અપ) *vt.* Wind up. સમેટવું.
સંપેતરૂં, *n.* Thing entrusted. સોંપાયેલી વસ્તુ.
સંપ્રદાન, (ગીવીંગ) *n.* Giving. આપવું તે. Gift.દાન.
સંપ્રદાય, *n.* Custom.ધારો. Sect. પંથ.Doctrine. [મત.
સંબદ્ધ, *a.* Fastened together. જોડાયેલું;
સંબંધ, ( રીલેશન ) *n.* Relation. જોડાણ; સગાઈ. Betrothal. વિવાહ. Acquaintance. પરિચય.
સંબંધી, (રીલેટીવ) *n.* Relative. સગું.*a.* Related.
સંબંધવાળું. *a.* Regarding. બાબતે.
સંબોધન, (એડ્રેસીંગ) *n.* Addressing. બોલાવવું તે. Explaining. સમજાવવું તે. [વવું.
સંબોધવું, *vt.* Address. બોલાવવું. Explain.સમજા-
સંભવ, ( પોસીબીલીટી ) *n.* Possibility. શકયતા. Origin. મૂળ. Production. ઉત્પત્તિ.
સંભવનિય,-વિત, (પોસીબલ) *a.* Possible. શકય.
સંભવવું, *vt.* Be likely. સંભવ હોવો. Originate. ઉત્પન્ન થવું. Happen. બનવું.
સંભાર, *n.* Spices etc. અથાણાનો મસાલો. Requisites. જોઇતી સામગ્રી. [વસ્તુ.
સંભારણું, (કીપ-સેક) *n.* Keep-sake. યાદગીરી-તેવી
સંભારવું, ( રીમેમ્બર ) *vt.* Remember. યાદ કરવું.

સંભાવના, *n.* Possibility. શક્યતા. Fancy. કલ્પના. Reception. આદરસત્કાર. Credit. ઈજ્જત.
સંભાવિત, (રીસ્પેક્ટેબલ) *a.* Respectable. પ્રતિષ્ઠિત.
સંભાષણ, (ડીસ્કોર્સ) *n.* Discourse. વાતચીત.
સંભાળ, ( કેર ) *n.* Care. તપાસ; કાળજી.
સંભાળવું, *vt.* Take care. સંભાળ રાખવી.
સંભોગ, *n.* Sexual intercourse. મૈથુન. Enjoyment. ઉપભોગ.
સંભ્રમ, *n.* Confusion. ગભરાટ. Error. ભૂલ. Fear. ભય. Haste. ત્વરા. Revolving. ઘૂમવું તે.
સંભ્રાંત, (એજીટેટેડ) *a.* Agitated. ગભરાયેલું.
સંમત, *a.* Agreed to. સંમતિવાળું. Accepted. માન્ય.
સંમતિ, (એપ્રુવલ) *n.* Approval. અનુમતિ. *a.* Agreement. કબૂલાત. [ પ્રતિષ્ઠા.
સંમાન, ( રીસ્પેક્ટ ) *n.* Respect. સન્માન. Credit.
સંમિશ્ર,-શ્રિત, *a.* Intermixed. મિશ્રિત.
સંમીલન, (ક્લોઝીંગ) *n.* Closing. બીડી દેવું તે.
સંમુખ, *a.* Confronting. સામે મુખવાળું. *ad.* Face to face. રૂબરૂ; સામે.
સંમેલન, (ગેધરીંગ) *n.* Gathering. મેળાવડો.
સંમોહ, *n.* Unconsciousness. મૂર્છા. Illusion. ભ્રાંતિ. Fascination. મોહ. [ ened. બાંધેલું.
સંયત, *a.* Restrained. કાબૂ કે દાબમાં રાખેલું. Fast-
સંયમ,-ન, *n.* Restraint. નિગ્રહ. Check. દાબી
સંયુક્ત, (જોઇન્ટ) *a.* Joint. જોડાયેલું; યુક્ત. [રાખવું તે.

**સંયોગ,-જન,** ( યુનીયન ) *n.* Union. જોડાવું કે ભેગા થવું તે. Connection. સંબંધ. Mixture. મેળવણી. Circumstance. પરિસ્થિતિ. [ કરવું તે.
**સંયોગીકરણ,** (સીન્થેસીસ) *n.* Synthesis. સંયુક્ત
**સંયોગીભૂમિ,-મી,** (ઇસ્થમસ) *n.* Isthmus.જમીનના બે મોટા પ્રદેશોને જોડનારી સાંકડી જમીનની પટી.
**સંયોજક,** *a* & *n* Connective. જોડાણ કરનારૂં.
**સંરક્ષણ,** (પ્રોટેક્શન) *n.* Protection. રક્ષણ.
**સંરક્ષિત,** *a.* Protected. રક્ષિત.
**સંલગ્ન,** (એટેચ્ડ) *a.* Attached. ચોટેલું; વળગેલું.
**સંવત,** *n.* Era of Vikrama. વિક્રમ સંવત.
**સંવત્સર,** (યર) *n.* Year. વર્ષ.
**સંવત્સરી,** *n.* Anniversary. વાર્ષિક મરણતિથિ.
**સંવનન,** (કોર્ટશીપ) *n.* Courtship. પ્રેમ કરવો તે.
**સંવરણ,** (કવરીંગ) *n.* Covering. ઢાંકણ. Shelter. રક્ષણ. [Restrain.નિગ્રહ કરવો.
**સંવરવું,** *vt.* Wind up. આવરી લેવું. Stop. રોકવું.
**સંવર્ધન,** (ગ્રોથ) *n.* Growth. વધવું તે. Breeding. ઉછેરવું તે. [ લઇ જવું તે.
**સંવહન,** ( કંડક્શન ) *n.* Conduction. વહન કરવું-
**સંવાદ,** ( ડાયલોગ ) *n.* Dialogue. ચર્ચા. Conversation. વાતચીત.
**સંવાદિતા,** (હાર્મની) *n.* Harmony. એકમતી
**સંવાહક,** (કંડક્ટીંગ) *a.* Conducting. વહન કરનારૂં.
**સંવાહન,** *n.* Carrying a burden. ભાર વહન કરવો તે.

Massaging. ચંપી કરવી તે. [વણી.
સંવિધાન, *n.* Performance, આયોજના. Plan.ગોઠ-
સંવૃત, *a.* Covered. ઢાંકેલું; આચ્છાદિત; ઢંકાયેલું.
સંવૃદ્ધિ, *n.* Prosperity.આબાદી. [Narrow.સાંકડું.
સંશય, (ડાઉટ) *n.* Doubt. વહેમ. Fear. દહેશત.
સંશયવાદ, (સેપટીસીઝમ) *n.* Scepticism. કોઇપણ
તત્વમાં શંકાથી નિહાળવું તે.
સંશયાત્મક,-થી, *a.* Doubtful. વહેમ ભરેલું.
સંશોધક, *n.* Purifying. શુદ્ધ કરનારું.*n.*Editor.તંત્રી.
સંશોધન, (રીસર્ચ) *n.* Research. શોધખોળ.
સંશ્લેષ, *n.* Deep embrace. ગાઢ આલિંગન.
સંસદ, (સોસાયટી) *n.* Society. સભા.
સંસર્ગ, (કોન્ટેકટ) *n.* Contact સંબંધ.Associa-
tion. સોબત. [માયા. Affairs of life. ગૃહસંસાર.
સંસાર, (યુનીવર્સ) *n.* Universe. જગત. Illusion.
સંસારવ્યવહાર, *n.*Worldly life.દુનિયાદારીનું જીવન.
સંસારસુખ,*n.*Worldly bliss.સંસારના ભોગોનું સુખ.
સંસારસુધારો, *n.* Social reform. સામાજીક બાબ-
તોમાં સુધારો. [આસક્ત.
સંસારી, (વર્ડલી) *a.* Worldly. સંસારનું—તેમાં
સંસિદ્ધિ, *n.* Accomplishment. સફળતા; પ્રાપ્તિ.
સંસ્કરણ, *n.* Edition. આવૃત્તિ. Purifying. શુદ્ધ
કરવું તે [શણગારવું તે. Education કેળવણી.
સંસ્કાર, *n.* Purification. શુદ્ધ કરવું તે. Adorning.
સંસ્કારી,(પોલીસ્ડ) *a.*Polished.સારી કેળવણી પામેલું.

સંસ્કૃત, ( કલચર્ડ ) *a.* Cultured. સંસ્કાર પામેલું Adorned. શણગારેલું. *n.* Sanskrit language. ગીર્વાણ ભાષા. [પ્રગતિ.
સંસ્કૃતિ, (સીવીલીઝેશન) *n.* Civilisation. સામાજીક
સંસ્થા, *n.* Institution. મંડળ; સ્થાપિત વ્યવસ્થા.
સંસ્થાન, ( કોલોની ) *n.* Colony. વસાહત. State. રજવાડું. [કરનાર.
સંસ્થાપક, ( ફાઉન્ડર ) *a.&n.* Founder. સંસ્થાપન
સંસ્મરણ,-સ્મૃતિ, *n.* Reminisciences. પૂર્વસ્મરણ.
સંહતિ, ( મલ્ટીટ્યુડ ) *n.* Multitude. સમુદાય. Union. સંગઠન; સંપ. [lection. એકઠું કરવું તે.
સંહાર, ( મેસૅકર ) *n.* Massacre. કત્લ; નાશ. *n.* Col-
સંહારવું,-હરવું, *vt* Massacre. સંહાર કરવો.
સંહિતા, *n.* Collection. સમુચ્ચય. Digest. વ્યવસ્થિત
સાઈસ, ( સાઈસ ) *n.* Syce. ઘોડાવાળો; રાવત. [સંગ્રહ.
સાકર, *n.* Sugar-candy. ખાંડના પાસાદાર ગાંગડા.
સાકરવું, ( કૅાલ ) *vt.* Call. બોલાવવું.
સાકાર, *a.* Having a form. આકારવાળું.
સાકી, *n.* Cup-bearer. મદ્ય પાનાર.
સાક્ષર, ( સ્કૉલર ) *n.* Scholar. વિદ્વાન; પંડિત.
સાક્ષરી, *a.* High-sounding. ભારે ભારે શબ્દોવાળું.
સાક્ષાત, *ad.* In person. જાતે. Before the eyes of. નજરોનજર.
સાક્ષાત્કાર, *n.* Manifestation. નજરોનજર જોવું તે.
સાક્ષી, (વીટનેસ) *n.* Witness. સાહેદી. Evidence. સાખ.

સાખ, *n.* Attestation. સાક્ષી. Credit. આબરૂ. Ripe fruit. ઝાડ ઉપર જ પાકેલું ફળ.Door. બારણું.
સાખી, *n.* Kind of short poem. બે ચરણનો એક પ્રકારનો દોહરો કે પદ.[Impression.અભિપ્રાય કે છાપ.
સાખો, (ક્વોરલ) *n.* Quarrel.કજિયો.Terror.ગજબ.
સાખોસાખ, *ad.* Very near. લગોલગ.
સાગ,-વાન, ( ટીક-વુડ ) *n.* Teak-wood. જેનાં ઈમારતી લાકડાં બને છે તે ઝાડ.
સાગર, ( કપ ) *n.* Cup. પ્યાલો. Sea. દરિયો,
સાગરીત,-દ, (ડીસાયપલ) *n.* Disciple. ચેલો; શિષ્ય.
સાગોળ, *n.* Fine chunam powder. ચાળેલો બારીક [ચૂનો.
સાગ્ર, ( એન્ટાયર ) *a.* Entire. તમામ.
સાગ્રતા, *n.* Entirety. સમગ્રતા. Pointedness.વેધક [સ્પષ્ટતા.
સાચ, ( ટ્રુથ ) *n.* Truth. સત્ય.
સાચ,-કલું, *a.* Truthful. સાચાબોલું. Honest.
સાચવણ,-ણી,-ટ, ( કેર ) *n.* Care. સંભાળ.
સાચવવું, *vt.* Take care of. સંભાળ રાખવી. Preserve. જતન કરવું. [ વચની.
સાચું, ( ટ્રુ ) *a.* True. ખરૂં; સત્ય. Truthful. એક-
સાચુંજૂઠું, *n.* Instigation. ભંભેરણી.
સાચે, (ઇન્ડીડ) *ad.* Indeed. ખરેખર.
સાચેસાચું, (ટ્રુલી) *a.&n.* Truly. ખરેખર.[પ્રમાણિક.
સાજ,-સરંજામ, ( ઇક્વીપમેન્ટસ ) *n.* Equipments. સરસામાન. Dress. વસ્ત્રાભૂષણ. Saddle. ઘોડા પર નાખવાનો સામાન. Musical instrument.એક વાદ્ય.

**સાજન,-મહાજન,** *n.* Bridegroom's retinue. વરઘોડા સાથે રહેલું પ્રતિષ્ઠિત લોકોનું મંડળ.
**સાજિંદો,** *n.* A musical performer accompanying a dancer. ગાનાર કે નાચનારની સાથેનો તબલચી કે સારંગીવાળો
**સાજીખાર,** *n.* Carbonate of soda. એક ક્ષાર.
**સાજું,** (હેલ્થી) *a.* Healthy. તંદુરસ્ત. Unbroken. ભાગેલું નહી એવું. [ અને નીરોગી.
**સાજુંતાજું,-સમું,** *a.* Hale and hearty. તાજું
**સાટકો,** (લેશ) *n.* Lash. ચાબુક; કોરડો.
**સાટું,** (બાર્ગેન) *n.* Bargain. સોદો; કબાલો Contract. કરાર. Return. બદલો. [ contrary. બદલે.
**સાટે,** *ad.* In return for. ના બદલામાં. On the
**સાઠમારી,-ટમારી,** *n.* Animal fight. પ્રાણીઓને ખીજવીને લડાવવાનો તમાસો.
**સાડલો,-લ્લો,** *n.* Female garment સ્ત્રીઓનું વસ્ત્ર.
**સાડી,** *n.*Costly female garment. કિમતી સાલ્લો.
**સાઢુ,-ડુ,** *n.* Husband of one's wife's sister. સાળીનો વર.
**સાણસી,-સી,** *n.* Kind of tongs. પકડ જેવું એક
**સાતતાળી,** *n.* A game. એક રમત. [ સાધન.
**સાતત્વ,** *n.* Constancy. સતતપણું.
**સાત્વિક,** (વરચ્યુઅસ) *a.* Virtuous. સદ્ગુણી. Honest. પ્રમાણિક. Mild. નરમ.
**સાથ,** ( કંપની ) *n.* Company. સોબત. Co-oper-

ation. સહકાર. *ad.* With. સાથે. [શય્યા.
**સાથરો,** *n.* Grass-bed. ઘાસનું બિછાનું; પરાળની
**સાથવો,-તવો,-તુ,** *n.* Flour of parched grain.
**સાથળ,** (થાપ) *n.*Thigh. જાંઘ.[શેકેલા અનાજનો લોટ.
**સાથિયો,** *n.* An auspicious mark. ક્ર આવીમંગળ-
સૂચક આકૃતિ. [ Assistant. ખેડ માટે રાખેલો નોકર.
**સાથી,** (કંપેનીયન) *n.*Companion. સોબતી;મદદગાર.
**સાથે,** *ad.* With. જોડે; સંગાથે. [a time. સામટું.
**સાથેલાગું,** *ad.* Simultaneously. ભેગાભેગું. At
**સાદ,** (વોઈસ) *n.* Voice. અવાજ; ઘાંટો. Cry. બૂમ.
**સાદડી,** (મૅટ) *n.* Mat. ચટાઈ.
**સાદર,** (નોન) *a.* Known. જાણીતું. Arrived. આવી
પહોંચેલું. *n.*Cravings. લહાવો.*ad.* Respectfully.
આદરપૂર્વક; માનસહિત. [પણું.
**સાદાઈ,-દગી,**(સીમ્પલીસીટી) *n.* Simplicity. સાદા-
**સાદું,** ( સીમ્પલ ) *a.* Simple. ભપકા કે આડંબર
વનાનું. Plain. સીધું. Neat. કોરું.
**સાદશ્ય,** *n.* Similarity. સમાનતા.
**સાદ્યંત,** *a.* & *n.* Entirely. સંપૂર્ણ. [કરનાર.
**સાધક,** ( વરશીપર ) *a.* & *n.* Worshipper. સાધના
**સાધન,** ( મીન્સ ) *n.* Means. ઉપાય. Materials.
સામગ્રી. Worshipping. સાધવું તે.
**સાધનભૂત,** *a.* Instrumental. સાધનરૂપ બનેલું.
**સાધના,** ( વર્શીપ ) *n.* Worship. સાધવાની ક્રિયા.
**સાધવું,** (એકોમ્પલીશ) *vt.* Accomplish. પાર પાડવું.

Prove. સાબિત કરવું. Worship. સાધના કરવી. Win. પોતાને વશ કરવું. Avail. લાભ ઉઠાવવો.
સાધારણ, (કોમન) *a.* Common. સામાન્ય; બધાને લાગુ પડે તેવું. General. ખાસ નહિ એવું.
સાધુ, (સેજ) *n.* Sage. ત્યાગી; બાવો. *a.* Holy. પવિત્ર. Good. સારૂં. Fit. યોગ્ય.
સાધુતા,-વૃત્તિ, *n.* Purity. પવિત્રતા; સદાચાર.
સાધ્ય, *a.* Attainable. સાધી શકાય તેવું. *n.* That which is to be proved. સિદ્ધ કરવાનું તે.[પતિવ્રતા.
સાધ્વી, *n.* Saintly woman. બાવી. *a.* Chaste.
સાન, (હીંટ) *n.* Hint. ઇશારો; સંકેત. Wink. આંખમચકારો. Sense. અક્કલ. Self-respect. સ્વમાન. Splendour. છટા. Pawn. અવેજ; ગીરો મૂકવું તે.
સાનગીરો, (માર્ટગેજ્ડ) *a.* Mortgaged. ગીરો મૂકવું તે.
સાનંદ, (જોયફુલી) *ad.* & *a.* Joyfully. આનંદપૂર્વક.
સાનંદાશ્ચર્ય, *n.* Admiration filled with joy. આનંદયુક્ત આશ્ચર્ય. [Helping. મદદગાર.
સાનુકૂલ,-ળ, (ફેવરેબલ) *a.* Favourable. અનુકૂળ.
સાન્ત, (લીમીટેડ) *a.* Limited. મર્યાદિત. Mortal.
સાપ, (સ્નેક) *n.* Snake. સર્પ. [નશ્વર.
સાપરાધ, (ગીલ્ટી) *a.* Guilty. અપરાધી.
સાપેક્ષ, *a.* Dependent on a relative. સ્વતંત્ર હસ્તિ ન ધરાવતું પણ બીજા કશા પર આધાર રાખનારૂં.[બચ્ચું.
સાપોલિયું, *n.* Young one of a snake. સાપનું
સાપ્તાહિક, (વીકલી) *a.* & *n.* Weekly. અઠવાડિક.

**સાફ**, (ક્લીન) *a.* Clean. સ્વચ્છ. Plain. સપાટ. Clear. સ્પષ્ટ. Artless. નિષ્કપટી.

**સાફસાફ**, (ક્લીઅરલી) *a.* & *ad.* Clearly. સ્પષ્ટ રીતે.

**સાફસૂફ**, *a.* & *n.* Cleanliness. સ્વચ્છતા; ચોખવટ.

**સાફલ્ય**, (સકસેસ) *n.* Success. સફળતા. [બડાઈ.

**સાફી**, *a.* Net. ચોકખું; વળતર વિનાનું. *n.* Boasting.

**સાફો**, *n.* Cloth worn round the head. ફેંટો.

**સાબદું**, ( એન્ટાયર ) *a.* Entire. તમામ. Ready. તૈયાર. Healthy. સાજું. [ પ્રાણી.

**સાબર**, (સ્ટેગ) *n.* Stag. શિંગડાવાળું હરણ જેવું એક

**સાબરશિંગુ,–શીંગું**, *n.* Stag-horn. સાબરનું શિંગડું.

**સાબાશ,–શી**, –જુઓ ' શાબાશ. '

**સાબિત**, (પ્રુવ્ડ) *a.* Proved. સિદ્ધ; પુરવાર.

**સાબિતી**, (પ્રુફ) *n.* Proof. પુરાવો; ખાતરી.

**સાબુ,–બૂ**, ( સોપ ) *n.* Soap. ક્ષાર અને તેલ મિશ્રિત મેલ કાપે તેવો પદાર્થ. [થડના ગરના બનાવેલા દૂધિયા કણ

**સાબુચોખા,–ગુચોખા**, ( સૅગો ) *n.* Sago. તાડ જેવા

**સાબૂત**, *a.* Uninjured. આખું. Sound. સંગીન.

**સાબૂતી**, (સેફ્ટી) *n.* Safety. સુરક્ષિતતા. Durability. મજબૂતી.

**સાભાર**, *a.* & *ad.* Thankfully. આભારસહિત.

**સામગ્રી**, (મટીરીયલ્સ) *n.* Materials. ઉપયોગી સામાન.

**સામટું**, (હોલસેલ) *a.* & *ad.* Wholesale. એકીસાથે.

**સામનો**, ( ઓપોઝીશન ) *n.* Opposition. સામે થવું તે; વિરોધ. [નિયત સમયે પ્રગટ થતું છાપું.

**સામયિક**, *a*. Timely. સમયોચિત. *n*. Newspaper.
**સામર્થ્ય**, (સ્ટ્રેંગ્થ) *n*. Strength. બળ; શક્તિ.
**સામવેદ**, *n*. One of the Vedas.ચાર વેદમાંનો એક.
**સામસામું**,-મે, *ad*. Face to face. બરાબર સામું.
**સામંજસ્ય**, *n*. Propriety. યોગ્યતા; ઔચિત્ય.
**સામંત**, *n*. Petty chief. ખંડિયો રાજા. Warrior. યોદ્ધો. Leader. સરદાર. [ *n*. Spectator. પ્રેક્ષક.
**સામાજીક**, ( સોશ્યલ ) *a*. Social. સમાજ સંબંધી.
**સામાન**, (ગુડઝ) *n*. Goods. સામગ્રી; સાહિત્ય. Furniture. રાચરચીલું.
**સામાન્ય**, ( કૉમન ) *a*. Common. ખાસ નહી એવું. General. સાધારણ. *n*. Commonness. અમુક વર્ગની વ્યક્તિઓમાં રહેલો સમાન ગુણ કે ધર્મ; જાતિ.
**સામાન્યનામ**, *n*. Common noun. કોઇ એક આખા
**સામાન્યા**, *n*. Harlot.વેશ્યા.[વર્ગને લાગુ પડતું નામ.
**સામાવાળું**,-ળિયું, *a*. Of the opposite side. સામા પક્ષનું. [ સામા પક્ષનો માણસ. Enemy. શત્રુ.
**સામાવાળો**, (રાઈવલ) *n*. Rival. હરિફ. Opponent.
**સામીપ્ય**, *n*. Nearness. સમીપતા. [નારી ખાડી.
**સામુદ્રધુની**, (સ્ટ્રેઈટ) *n*. Strait.બે મોટા સમુદ્રને જોડ-
**સામુદ્રિક**, *a*. & *n*.Palmistry. હસ્તરેખાવિજ્ઞાનશાસ્ત્ર.
**સામું**, ( ઓપોઝીટ ) *a*. Opposite. સામે આવેલું. Contrary. વિરૂદ્ધ. [ વિરૂદ્ધમાં.
**સામે**, *ad*. Face to face. રૂબરૂ.On the contrary.
**સામેલ**,-જુઓ ' શામિલ. ' [સામે લેવા જતું સરઘસ.

સામૈયું, *n.* Ceremonial reception. વાજતે ગાજતે
સામો, *n.* Kind of corn. એક ખડધાન્ય.
સામ્ય, *n.* Equality. સમાનતા.
સામ્યવાદ, *n.*Communism.માલમતા વગેરે સામાજીક માલિકીનાં ગણી, દરેકનું સામ્ય સ્થાપનારો વાદ.
સામ્રાજ્ય, (એમ્પાયર) *n.* Empire. એક હકૂમત નીચે આવેલાં અનેક રાષ્ટ્રોનો સમૂહ.
સાયન, *n.* & *a.* Longitude of a planet reckoned from the vernal equinoxial point. અયનચલન પ્રમાણે ગણાતું.
સાયર, *n.* Sea. સાગર. Tax on intoxicating articles. કેફી ચીજો પરની જકાત.
સાયંકાલ,-ળ, (ઈવનીંગ) *n.* Evening. સાંજ.
સાયો, (શેડો) *n.* Shadow. છાંયો. Shelter. આશરો. Robe of a mendicant. ફકીરનો ઝભ્ભો.
સાર, (બેસ્ટ) *a.* Best. ઉત્તમ. *n.* Essence. કસ;સત્વ. Summary. સારાંશ. Profit. લાભ. Zeal. ઉમંગ.
સારક, (પર્જેટીવ) *a.* Purgative. રેચક.[Help. મદદ.
સારણગાંઠ, *n.* Hernia. પેઢામાં થતીએક જાતની ગાંઠ.
સારથિ, (ચેરીયોટર) *n.* Charioteer. રથ હાંકનાર.
સારપ, (પ્રેઝ) *n.* Praise. વખાણ.
સારવવું, *vt.* Draw summary from. સાર કાઢવો.
સારવાન, *n.* Camel-driver. ઊંટવાળો; રાયકો.
સારવાર, (નર્સીંગ) *n.*Nursing. સેવાચાકરી;બરદાસ્ત.
સારવું, ( બોર ) *vt.* Bore. કાણું પાડવું. Serve the

purpose. પાર પાડવું. Adorn. શણગારવું. Drop. ખેરવવું. Offer funeral cakes. શ્રાદ્ધ કરવું.
સારસ, *n.* Indian crane. એક પક્ષી.
સારંગ, *n.* First mate of the ship. વહાણના કપ્તાનનો મદદનીશ. Tune. રાગ. Antelope. મૃગ. Bow. ધનુષ્ય. Elephant. હાથી. Cuckoo. કોકિલ. Wasp.
સારંગી, (ફીડલ) *n.* Fiddle. એક તંતુવાદ્ય. [ભમરો.
સારાસાર, *n.* Worth and worthlessness. સારૂં અને ખોટું. [સંબંધ.
સારાસારી, (હાર્મની) *n.* Harmony. સારો મેળ. કે
સારાંશ, (સબસ્ટંસ) *n.* Substance. ભાવાર્થ; મતલબ.
સારીકા, *n.* Canary bird. મેના. [Essence. તાત્પર્ય.
સારીગમ, *n.* Notation. સંગીતના સાત સ્વર.
સારૂ, (ફોર) *ad.* For. ને માટે; વાસ્તે.
સારૂં, (ગુડ) *a.* Good. શુભ. Beautiful. સુંદર. Whole. સમસ્ત. *int.* Well. ભલે.
સારેવડું, *n.* Cake of rice. ચોખાના લોટનો પાપડ.
સાર્થ, (સીગ્નીફીકંટ) *a.* Significant. અર્થયુક્ત.
સાર્દ્ર, (વેટ) *a.* Wet. ભીનું. [*n.* Caravan. કાફલો.
સાર્વજનીક,-નીન,-લૌકિક, (પબ્લીક) *a.* Public. જાહેર. Common. સર્વ લોકોનું.
સાર્વત્રિક, (યુનીવર્સલ) *a.* Universal. સર્વવ્યાપી.
સાર્વભૌતિક, *a.* Relating to all elements or beings. બધાં ભુત-પ્રાણીને લગતું.
સાર્વભૌમ, (એમ્પરર) *n.* Emperor. ચક્રવર્તી રાજા.

*a*. Universal. આખી પૃથ્વીનું.
**સાલ**, (હીન્ડ્રન્સ) *n*. Hindrance. નડતર. Year.વર્ષ. Joint that fits a socket. બંધબેસતો સાંધો. Harvest. પાકની મોસમ. Annuity. વર્ષાસન.
**સાલગરેહ,-ગીરી**,(બર્થ-ડેટ) *n*. Bith-date.જન્મગાંઠ.
**સાલભર**, *ad*. For the whole year. આખું વર્ષ.
**સાલવાર**, *ad*. Chronologically. વરસવાર.
**સાલવારી**,*n*.Chronology.બનાવોની સાલવાર ગોઠવણી.
**સાલમપાક**, *n*. Medicinal tonic preparation. સાલમ નાખીને બનાવેલો પાક. [joints. સાલ બેસાડવાં.
**સાલવવું**, *vt*. Entangle. પંચાત ઉભી કરવી. Make
**સાલવી**, (કાર્પેન્ટર) *n*. Carpenter. સુથાર.
**સાલવું**, (પીંચ) *vt*.Pinch. ખટકવું. Ache.દુઃખ થવું.
**સાલસ**, (માઇલ્ડ) *a*. Mild. નરમ સ્વભાવનું.
**સાલાર**, (ચીફ) *a*. Chief. આગેવાન; મુખ્ય.
**સાલિયાણું**, (એન્યુઇટી) *n*. Annuity. વર્ષાસન.
**સાવ**, (હોલી) *ad*. Wholly. તદ્દન.
**સાવકાશ**, (અનએંગેજ્ડ) *a*. Unengaged. અવકાશવાળું. *a*. At one's convinience. સગવડે; અનુકૂળતાએ. [ઓરમાયું; અપરમાનું.
**સાવકું**, *a*. Related to a different mother.
**સાવચેત,-વધ,-વધાન**, *a*. Careful. હોશીયાર. Vigi-
**સાવજ**, ( ટાઇગર ) *n*. Tiger. વાઘ. [lant. સચેતન.
**સાવચેતી,-ધાની**, (વીજીલંસ) *n*. Vigilance. જાગૃતિ. Warning. ચેતવણી.

**સાવરણી**, (બ્રુમ) *n.* Broom. પૂંજો વાળવાનું સાધન.
**સાવિત્રી**, *n.* Sun-beam. સૂર્યનું કિરણ. Gayatri. ગાયત્રી. Wife of Savitri. સત્યવાનની પત્ની.
**સાશંક**, (ડાઉટફુલ) *a.* Doubtful. શંકાવાળું.
**સાશ્ચર્ય**, *a.* & *ad.* With astonishment. અચંબા સાથે.
**સાષ્ટાંગ**, *a.* & *n.* Made with eight members of the body. શરીરના આઠે અંગ સહિત.
**સાસ**, (બ્રેથ) *n.* Breath. શ્વાસ. Life. જીવ.
**સાસરવાસ**, *n.* Residing at one's husband's house. સાસરામાં વસવું તે.
**સાસરવાસો**, *a.* Things given to a daughter when she goes to her husband's house. સાસરે જતી દીકરીને અપાતી વસ્તુઓ.
**સાસરૂં**, *n.* Husband's or wife's paternal house related to the other. સાસરાનું ઘર.
**સાસુ**, *n.* Mother-in-law. વર કે વહુની મા.
**સાહચર્ય**, *n.* Companionship. સાથે રહેવું કે ફરવું તે; સંગ.
**સાહજિક**, (નેચરલ) *a.* Natural. કુદરતી; સ્વાભાવિક.
**સાહવું**, ( હોલ્ડ ) *a.* Hold. પકડવું; ઝાલવું.
**સાહસ**, ( એડવેન્ચર ) *n.* Adventure. જોખમભરેલું કામ. Rash act. અવિચારી કામ. Boldness. હિમ્મત.
**સાહસિક,-સી**, *a.* Enterprising. સાહસ કરનારૂં.
**સાહાય્ય,-હ્ય**, (હેલ્પ) *n.* Help. મદદ.
**સાહિત્ય**, ( ઈમ્પલીમેન્ટ ) *n.* Implement. સાધન; સામગ્રી. Literature. વાઙ્મય.

**સાહિત્યકાર**, *n*. Literary man. સાહિત્ય રચનાર.
**સાહિત્યપરિષદ**, *n*.Literary conference. સાહિત્ય-
**સાહી**,-જુઓ ' શાહી. ' [ ચર્ચા કરનારી પરિષદ.
**સાહુકાર**,-જુઓ ' શાહુકાર. '
**સાહુડી**,-જુઓ ' શાહુડી. '
**સાહેબ**, (ઓનર) *n*. Owner. ધણી. Big man. મોટો માણસ. European. ટોપીવાળો. God. ઇશ્વર.
**સાહેબા**, (લેડી) *n*. Lady. શેઠાણી; પ્રતિષ્ઠિત સ્ત્રી.
**સાહેબી**, ( ગ્રેન્ડયોર ) *n*. Grandeur. જાહોજલાલી.
**સાહેબો**, *n*. Husband. વર. [Prosperity. આબાદી.
**સાહેલી**, *n*. Female friend. સખી.
**સાળ**, (લુમ) *n*. Loom. કપડાં વણવાનું ઓજાર.
**સાળવી**, (વીવર) *n*. Weaver. કપડાં વણનાર; વણકર.
**સાળાવેલી**, *n*. Wife of brother-in-law. સાળાની
**સાળી**, *n*. Sister-in-law. વહુની બહેન. [વહુ.
**સાણુ**, *n*. Female garment.સ્ત્રીઓને પહેરવાનું ઝીણું
**સાળો**, *n*. Brother-in-law.વહુનો ભાઈ. [રંગીન વસ્ત્ર.
**સાંઇ**, (ગોડ) *n*. God. ઈશ્વર. Mendicant. ફકીર.
**સાંકડું**, (નેરો) *a*. Narrow. પહોળાઇમાં ઓછું.
**સાંકળ,-ળી**, (ચેન) *n*. Chain. કડીયો કે આંકડા જોડી
**સાંકળવું**, *vt*. Chain. જોડવું; વળગાડવું [બનાવેલી હાર.
**સાંકળિયું**, *n*. Index. અનુક્રમ.
**સાંકળું**, *n*. Anklet. પગનું ઘરેણું. [સંકેતવાળું.
**સાંકેતિક**, *a*. Technical. પારિભાષિક. Symbolic.
**સાંખવું**, *vt*.Bear. સહન કરવું. Tolerate.ક્ષમા કરવી,

**સાંગ**, (લેન્સ) *n.* Lance. બરછી જેવું એક હથિયાર. *a.* Whole. તમામ. [ઘાટની માંચી.

**સાંગામાચી**, *n.* Small seat with a back. ખુરશી-

**સાંગોપાંગ**, (કંપ્લીટલી) *ad.* Completely. સમસ્ત.

**સાંચરવું**, (ગો) *vt.* Go, જવું. Retire. વિદાય થવું.

**સાંચવું**, (કલેક્ટ) *vt.* Collect. સંઘરવું. [બીબું.

**સાંચો**, (મશીન) *n.* Machine. સંચો; યંત્ર. Mould.

**સાંચાકામ**, *n.* Machinery. યંત્રો. Mechanism. યંત્રની રચના વગેરે.

**સાંજ,-ઝ**, (ઇવનીંગ) *n.* Evening. સંધ્યાકાળ. [દાંડો.

**સાંઠી,-ઠો**, ( સ્ટૉલ્ક ) *n.* Stalk. જુવાર, શેરડી વગેરેનો

**સાંનશી,-સી,-**જુઓ ' સાણસી. ' [નર ઊંટ.

**સાંઢ,-ઢિયો**, (બુલ) *n.* Bull. આખલો; ગોધો. Camel.

**સાંતળવું**, *n.* Fry in ghee or oil. ઘી કે તેલમાં તળવું.

**સાંતી**, (પ્લાઉ) *n.* Plough. હળ. As much as can be cultivated by one plough. એક હળથી વવાય એટલી જમીન. [ સન; શાંતિ.

**સાંત્વન,-ના**, (કૉન્સોલેશન) *n.* Consolation. આશ્વા-

**સાંથ**, *n.* Rent of land. ગણોત.

**સાંથવું**, *vt.* Rent out. સાંથે આપવું.

**સાંધણ**, (એપેન્ડીક્ષ) *n.* Appendix. પરિશિષ્ટ. Joint. સાંધો. Continuation. અનુસંધાન.

**સાંધવું**, ( સ્યુ ) *vt.* Sew. સીવવું. Unite. જોડવું.

**સાંધો**, ( પેચ ) *n.* Patch. થીગડું. Seam. સાંધણ.

**સાંનિધ્ય**, ( નીયરનેસ ) *n.* Nearness. સમીપતા.

**સાંપડવું**, *vt.* Be found. મળવું. Be born. જન્મવું.
**સાંપત્તિક**, (ઈકોનોમીક) *a.* Economic. આર્થિક.
**સાંપ્રત**, (પ્રેઝંટ) *a.* Present. હાલનું. *ad.* At once. [તરત.
**સાંપ્રતિક**, (મોડર્ન) *a.* Modern. હાલનું.
**સાંપ્રદાયિક**, (ટ્રેડીશનલ) *a.* Traditional. ચાલ્યું આવતું. Of the sect. સંપ્રદાયનું.
**સાંબ**, *n.* Iron ring fixed at the end of a stick. સાંબેલાની નીચલી લોઢાની ખોલી. [ખાંડવાનું એક સાધન.
**સાંબેલું**, *n.* Wooden pestle for beating rice etc.
**સાંભર,–ણ**, (મેમરી) *n.* Memory. સ્મરણ; યાદ.
**સાંભરવું**, (રીલેક્ટ) *vt.* Recollect. યાદ કરવું. Collect. એકઠું કરવું [ધ્યાન પર લેવું.
**સાંભળવું**, (હીયર) *vt.* Hear. શ્રવણ કરવું. Mind.
**સાંસવું**, (સ્લો) *a.* Slow. ધીમું.
**સાંસાં**, (વોન્ટ) *n.* Want. તંગી. Difficulty. મુશ્કેલી.
**સાંસો**, (ડાઉટ) *n.* Doubt. સંશય.
**સાંસારિક**, (વર્લ્ડલી) *n.* Worldly. સંસાર સંબંધી.
**સાંસ્થાનિક**, *a.* & *n.* Colonial. સંસ્થાન સંબંધી.
**સાંસ્થાનિક સ્વરાજ્ય**, *n.* Dominion Status. બ્રિટીશ સંસ્થાનોને મળતું સ્વરાજ્ય.
**સિકલ,–ક્કલ**, (ફેસ) *n.* Face. ચહેરો.
**સિકંદર**, *n.* Alexander. એક બાદશાહ. Star of prosperity. ઉન્નતિનો સિતારો. [ચલણી નાણું.
**સિક્કો**, (સીલ) *n.* Seal. છાપ; મહોર. Currency.
**સિક્કાદાર**, *a.* Of beautiful appearance. સુંદર

દેખાવતું. Stamped. છાપવાળું.
સિક્કાશાસ્ત્ર, *n.* Numismatics. પ્રાચિન સિક્કાઓ પરથી પુરાતત્વ શોધતું શાસ્ત્ર.
સિગરામ, (ચેરીઅટ) *n.* Chariot. શિગરામ; એક વાહન.
સિજદો, *n.* Salutation. માથું જમીનને અડકાડીને કરાતું નમન.
સિતમ, (ઓપ્રેશન) *n.* Oppression જુલમ.
સિતમગર,-ગાર, (ટાયરંટ) *n.* Tyrant. જુલમગાર.
સિતાર, *n.* Musical instrument. એક તંતુવાદ્ય.
સિદ્ધ, (એકોમ્પ્લીશ્ડ) *a.* Accomplished. સફળ; પ્રાપ્ત. Certain. નિશ્ચિત. Proficient in. નિષ્ણાત. Free. મુક્ત. *n.* Sage. મુક્ત પુરૂષ.
સિદ્ધહસ્ત, (એક્સ્પર્ટ) *a.* & *n.* Expert. નિષ્ણાત.
સિદ્ધાર્થ, *n.* Lord Buddha. ગૌતમબુદ્ધ.
સિદ્ધાંત, (રેઝોલ્યુશન) *n.* Resolution નિશ્ચય. Theory. ઉપપત્તિયુક્ત મત.
સિદ્ધિ, *n.* Accomplishment. પરિપૂર્ણ થવું તે. Fulfilment. ફળની પ્રાપ્તિ.
સિધારવું,-વવું, *vt.* Retire. ચાલતી પકડવી.
સિપાઈ,-હી, *n.* Soldier. સૈનિક. Peon. પટાવાળો. Policeman. પોલીસ.
સિપાહસાલાર, (કમાન્ડર) *n.* Commander. સેનાપતિ.
સિફત, *n.* Peculiar quality. વિશેષતા. Tact. ચાલાકી.
સિફારસ, (રેકમેન્ડેશન) *n.* Recommandation. ભલામણ.
સિયાહ, (બ્લેક) *a.* Black. કાળું.
સિર, (હેડ) *n.* Head. માથું.
સિરજોરી, *n.* Overbearing conduct. જબરજસ્તી; તુમાખી.

સિરતાજ, *n* Crown. મુગટ. Elder. મુરબ્બી. Leader. અગ્રણી. [ ફેંટા પર બાંધવાનો હીરામોતીજડિત પટકો.
સિરપેચ, *n*. Scarf tied on a turban. પાઘડી કે
સિરસ્તો, ( કસ્ટમ ) *n*. Custom. ધારો; રિવાજ.
સિર્ફ, ( ઓન્લી ) *prep*. Only. માત્ર. Mere. કેવળ.
સિલક, (બેલંસ) *n*. Balance. ખર્ચ જતાં બાકી વધેલી રકમ. [પ્રમાણે.
સિલસિલાબંધ, *a*. & *ad*. In succession. અનુક્રમ
સિલસિલો, *n*. Succession. ક્રમ. [રીત કે સીવડામણ.
સિલાઇ, *n*. Mode or wages for sewing. સીવવાની
સિવડાવવું, *vt*. Get sewn. સિવાય એમ કરવું.
સિવાય, (વીધાઉટ) *ad*. Without. વિના. Except. વગર.
સિવાવું, *vt*. Be sewn. સિવાય એમ થવું.
સિસોટી, ( વ્હીસલ ) *n*. Whistle. સીટી.
સિસોળિયું, *n*. Quill of a porcupine. સાહુડીનો
સિંગ, ( પોડ ) *n*. Pod. સીંગ. [પીંછા જેવો સળિયો.
સિંચન, ( ઈનફ્યુઝન ) *n*. Infusion. સિંચવું તે.
સિંચવું, ( સ્પ્રીન્કલ ) *vt*. Sprinkle. છાંટવું. Water. પાણી પાવું. [મેળવણીનો લાલ ભૂકો.
સિંદૂર, *n*. Vermilion. પારો, સીસું તથા ગંધકની
સિંધવ, *n*. Rocksalt. એક ખનિજ ક્ષાર. Horse. ઘોડો.
સિંધુ, (સી) *n*. Sea. સમુદ્ર. Indus. એ નામની નદી.
સિંધુડો, *n*. War-song. શૂર ચડે એવા સૂરનો એક રાગ.
સિંહ, ( લાયન ) *n*. Lion. એક રાની હિંસક પ્રાણી.
સિંહણ,-હી, (લાયોનેસ) *n*. Lioness. સિંહની માદા.

સિંહદ્વાર, *n.* Main entrance. મુખ્ય દ્વાર.
સિંહલ,-દ્વિપ,(સીલોન) *n.* Ceylon. સીલોન; લંકા.
સિંહસ્થ, *n.* Position of Jupiter in the sign Leo of the Zodiac. બૃહસ્પતિ સિંહ રાશિમાં હોય તે સમય.
સિંહાવલોકન, ( સર્વે ) *n.* Survey; retrospective glance. સિંહની પેઠે આગળ વધતાં પહેલાં પાછળનું ફરીથી જોઈ લેવું તે. [ઊંચું આસન.
સિંહાસન, ( થ્રોન ) *n.* Throne. સિંહની આકૃતિવાળું
સીઝવવું, *vt.* Make-well cooked. બરાબર સીઝે એમ કરવું. [Cool down.શાંત પડવું.
સીઝવું,*vt.*Be well cooked.ધીમે તાપે બરાબર બફાવું.
સીટી, ( વ્હીસલ ) *n.* Whistle. સિસોટી; પવન ફૂંકીને
સીડી, *n.* Ladder. નીસરણી. [કરાતો તીણો અવાજ.
સીતાફળ, *n.* Custard-apple fruit. એક ફળ.
સીત્કાર,-રો, *n.* Sound produced while breathing inwarldly. શ્વાસ અંદર ખેંચતાં કરાતો કે થતો સીત્ એવો અવાજ.
સીદી,-ધી, (નીગ્રો) *n.* Negro. હબસી. [સીધાપણું.
સીધ, (ન્યુઝ) *n.* News. સમાચાર.Being straight.
સીધું, (સ્ટ્રેઈટ) *a.* Straight. વાંકું નહી તેવું.Direct. પાધરૂં. Artless. સરળ. *n.* Uncooked food. કાચું અનાજ.
સીધેસીધું,-ધું સટ. *a.* Straight. એકદમ સીધું.
સીનો, (બ્રેસ્ટ) *n.* Breast. છાતીનો ફેલાવો.

સીપ, *n.* Oyster-shell. છીપ.
સીપવું, (સ્પ્રીન્કલ) *vt.* Sprinkle. છાંટવું.
સીમ, (બોર્ડર) *n.* Border. ખેતર કે ગામની હદ.
સીમંત, *n.* Pregnancy. અધરણી.
સીમંતિની, *a.* & *n.* Pregnant. સગર્ભા.
સીમા,-ડો, (લીમીટ) *n.* Limit. હદ.
સીમાચિહ્‌ન,-માંત, *n.* Boundary-line. સીમા બતાવનારી નિશાની.
સીરીં, (સ્વીટ) *a.* & *n.* Sweet. મધુર.
સીલ, (સીલ) *n.* Seal. છાપ; મહોર. *a.* Stamp. છાપ.
સીલબંધ, (સીલ્ડ) *a.* Sealed. સીલ મારેલું.
સીવણ, (સ્યુઈંગ) *n.* Sewing. સીવવાનું કામ-તે જગા.
સીવણકામ,-ણી, *n* Sewing. સીવવાનું કામ.
સીવવું, ( સ્યુ ) *vt.* Sew. ટાંકા મારી જોડવું. Unite. સાંધવું.
સીસપેન,-સાપેન, *n.* Lead pencil. પેનસિલ.
સીસમ, *n.* A tree. એક ઝાડ.
સીસી,-સો, (બોટલ) *n.* Bottle. બાટલી.
સીસું, (લીડ) *n.* Lead. એક ધાતુ.
સીંગ, (પોડ) *n.* Pod. ફળી.
સીંદરી, *n.* Coir-rope. કાથાની દોરડી.
સુ, *ad.* prefix. ઉપસર્ગ છે, જેમકેઃ સુંદર, સુવાસ, સુશિક્ષિત, સુલભ.
સુકર, (ઇઝી) *a.* Easy. સહેલું. Practicable. હાથનું
સુકલકડી, *a.* Lean. લાકડી જેવું સૂકું; દુબળું.[પ્રવીણ.
સુકવણી, *n.* Thing dried. સૂકવેલી વસ્તુ.
સુકાન, (હેલ્મ) *n.* Helm. જેને મરડવાથી વહાણ દિશા બદલે છે તે ભાગ. [Director. માર્ગદર્શક.

સુકાનચી,-ની,*n*.Helmsman.સુકાન ફેરવનારખલાસી.
સુકાવું, *vt*. Be dried up. ભેજ કે પ્રવાહી ઊડી જઈ
શુષ્ક થવું. Weaken. નબળા પડવું. [પાકનો વખત.
સુકાળ, (એબનડંસ) *n*. Abundance. પુષ્કળતા; સારા
સુકીર્તિ, *n*. Good name. સારી કીર્તિ. [કોમળ.
સુકુમાર,-કોમળ, (ડેલીકેટ) *a*. Delicate.નાજુક; ઘણું
સુકૃત,-ત્ય,-તિ, *n*. Good deed. સારું કામ; પુણ્ય.
સુકેશી, *a*. Having fine hair. સારા કેશવાળી.
સુખ, ( હેપીનેસ ) *n*. Happiness. તનમનને ગમે તેવો
અનુભવ. Comfort. આરામ. [સુખ કરનારું.
સુખકર,-કારક,-કારી,-ખાવહ,*a*.Giving happiness.
સુખચેન, (ટ્રાંકવીલીટી) *n*. Tranquility. આરામ.
સુખડ, (સેંડલ-વુડ) *n*. Sandal-wood.ચંદનનાં ઝાડનું
સુગંધીદાર લાકડું.
સુખડિયો, (કનફેક્શનર) *n*. Confectioner. કંદોઈ.
સુખડી, *n*. Kind of sweetmeat. મીઠાઈ. Bonus.
બક્ષિસ. [ness. સુખ કરનારું.
સુખદ,-દાયક,-દાયી,-દેણ,*a*. Producing happi-
સુખન, ( વર્ડ ) *n*. Word. બોલ; વેણ.
સુખપાલ,-ખાસન,*n*.Palanquin.એક જાતની પાલખી.
સુખમા, (સ્પ્લેન્ડર ) *n*. Splendour. શોભા; ભભકો.
સુખરૂપ, ( સેફલી ) *a*. & *ad*. Safely. સહિસલામત.
સુખશય્યા, *n*. Comfortable bed. સુખે સુવાય તેવું
બિછાનું કે પલંગ.
સુખશાતા,-શાંતિ, (કંમ્ફર્ટ) *n*.Comfort. નિરાંત.

સુખાકારી, ( હેલ્થ ) *n.* Health. તંદુરસ્તી.
સુખી,-ખાળું,( હેપી ) *a.* Happy. દુઃખ વિનાનું.
સુગમ,-તરં, ( ઇઝી ) *a.* Easy. સહેલું.
સુગરી,-ઘરી, *n.* Bottle bird. એક પક્ષી.
સુગંધ,-ધી, ( ફ્રેગરંસ ) *n.* Fragrance. ખુશબો.
સુગંધિદાર, *a.* Fragrant. સુગંધીવાળું.
સુગાવું, ( ડીસ્લાઈક ) *vt.* Dislike. સૂગ ચડવી.
સુગાળવું,-ળું, *a.* Feeling disgust at. જેને ઝટ સૂગ ચડે એવું.
સુગ્રાહ્ય, (ઈન્ટેલીજીબલ) *a.* Intelligible. સહેલાઇથી [સમજાય એવું.
સુઘટિત, (પ્રોપર) *a.* Proper. યોગ્ય. Orderly. વ્યવસ્થિત.
સુઘડ, ( કલીન ) *a.* Clean. સ્વચ્છ. Having good [manners. વિવેકી.
સુજશ, (ગ્લોરી) *n.* Glory. યશ.
સુજાણ,-જ્ઞ, (ઇંટેલીજંટ) *a.* Intelligent. જ્ઞાની; ચતુર.
સુજાત, (નોબલ) *a.* Noble. ખાનદાન Lovely. ઘાટીલું.
સુઝાડવું, ( સજેસ્ટ ) *vt.* Suggest. ધ્યાનપર લાવવું.
સુડોલ, ( લવ્લી ) *a.* Lovely. ઘાટીલું; રૂપાળું.
સુણવું, ( હીયર ) *vt.* Hear. સાંભળવું,
સુણાવવું, *vt.* Cause to hear. સાંભળે એમ કરવું. [Inform. ખબર આપવી.
સુત, ( સન ) *n.* Son. પુત્ર.
સુતરાઉ,-રેલ, *a.* Made of cotton. સૂતરનું બનેલું.
સુતા, ( ડોટર ) *n.* Daughter. પુત્રી.
સુતાર,-થાર, (કાર્પેન્ટર) *n.* Carpenter. લાકડાં ઘડ- [નાર કારીગર.
સુતારકામ, (કાર્પેન્ટ્રી) *n.* Carpentry. લાકડાં ઘડ- વાનું કામ.
[month, શુકલપક્ષ.

સુદ,-દિ, *ad.* & *n.* Bright half of a lunar
સુદર્શન, *a.* Good-looking. સારા દેખાવવાળું. *n.* Discus of Vishnu. વિષ્ણુનું ચક્ર.
સુદર્શના, *n.* Beautiful woman. સુંદર સ્ત્રી.
સુદિન, *n.* Auspicious day. શુભ દિવસ.
સુદૂર, *a.* Very far. ઘણે દૂર.
સુદૃઢ, *a.* Very firm. ઘણું દૃઢ.
સુધરવું, ( રીફૉર્મ ) *vt.* Reform. સારા થવું.
સુધરાઇ, *n.* Improvement. સુધારો. Municipality. સ્થાનિક સ્વરાજ્ય.
સુધરાવવું, *vt.* Get reformed. સુધરે એમ કરવું.
સુધા,-રસ, ( નેકટર ) *n.* Nectar. અમૃત.
સુધાકર,-ધાંશુ, (મુન) *n.* Moon. ચંદ્ર.
સુધારક, *n.* & *a.* Reformer. સુધારનાર.
સુધારણા, *n.* Improvement. સુધારો. [tion. સંસ્કૃતિ.
સુધારો, *n.* Reformation. સારી સ્થિતિ. Civiliza-
સુધી, (ટીલ) *ad.* Till. લગી; પર્યંત.
સુધીર, *a.* Very brave. ખૂબ ધીર.
સુદ્ધાં,-ત, ( ઓલ્સો ) *ad.* Also. પણ. [સાંભળવી તે.
સુનાવણી, (હીયરીંગ) *n.* Hearing.-ન્યાયાધિશે ફરિયાદ
સુન્નત, *n* Circumcision. એક મુસલમાની સંસ્કાર.
સુપક્વ, *a.* Properly ripened. સારી રીતે પાકેલું.
સુપચ્ય, *a.* Easily digestible. સહેલાઈથી પચી જાય
સુપથ, *n.* Good course. સારો-નીતિનો માર્ગ. [એવું.
સુપરત, *n.* Handing over a charge of. સોંપણ.

સુપાત્ર, (વર્ધી) *a.* Worthy. યોગ્ય; લાયક.
સુપુત્ર, *n.* Dutiful son. સપૂત.
સુપ્ત, (એસ્લીપ) *a.* Asleep. ઊંઘતું.
સુપ્તિ, *n.* Deep and sound sleep. ઘોર નિદ્રા; ઘેન.
સુપ્રતિષ્ઠિત, *a.* Reputed. આબરૂદાર. Firm. સુસ્થિર.
સુપ્રસંગ, *n.* An auspicious occasion. શુભ પ્રસંગ.
સુફિયાણું, *a.* Outwardly beautiful. ઉપરથી સુંદર.
સુબાહુ, *a.* Strong armed. સુંદર કે મજબૂત હાથ-
સુબોધ, *n.* Gook counsel. સારી શિખામણ. [વાળું.
સુભગ, (ચાર્મિંગ) *a.* Charming. રમણીય. Fortunate. સુભાગી. [wifehood. ખૂબસૂરત કે સૌભાગ્યવંતી.
સુભગા, *a.* Beautiful or enjoying the bliss of
સુભટ, *n.* Brave warrior. બહાદુર લડવૈયો.
સુભાગી, (લકી) *a.* Lucky. ભાગ્યશાળી.
સુભાષિત, *a.* & *n.* Eloquent. સુંદર રીતે કહેલું.
સુમતિ, (વીઝ્ડમ) *n.* Wisdom. સદ્બુદ્ધિ.
સુમન, ( ફ્લાવર ) *n.* Flower. પુષ્પ.
સુમાર, ( એસ્ટીમેટ ) *n.* Estimate. અંદાજ; અડસટ્ટો.
સુયાણી, (મીડવાઇફ) *n.* Mid-wife. દાઈ; પ્રસવ કરાવ-
સુયોગ, *n.* Good opportunity. સારો અવસર. [નારી સ્ત્રી.
સુર, ( ગોડ ) *n.* God. દેવ.
સુરક્ષિત, *a.* Properly protected. સારી રીતે રક્ષાયેલું.
સુરખ, ( રેડ ) *a.* Red. લાલ.
સુરખી, *n.* Redness. લાલી.
સુરગંગા, *n.* Milky way. આકાશગંગા.

સુરગુરુ, *n.* Preceptor of Gods–Brahspati.દેવોના ગુરૂ–બૃહસ્પતિ.
સુરત, *n.* Coition. કામક્રિડા.
સુરતા, *n.* Being engrossed in. લગની; ધ્યાન. Recollection. યાદ.
સુરધનુ, ( રેન-બો ) *n.* Rain–bow. મેઘધનુષ્ય.
સુરનદી, ( ગેંજીસ ) *n.* Ganges. ગંગા.
સુરપતિ,–રાધિશ,–રેશ,*n.* Lord of Gods–Indra. ઈન્દ્રરાજા.
સુરભિ,–ભી, *a.* Fragrant. સુવાસિત. *n.* Cow.ગાય; કામધેનુ.
સુરમો, *n.* Sulphide of zinc. આંખનું આંજણ.
સુરલોક,–સદન, ( હેવન ) *n.* Heaven. સ્વર્ગ.
સુરવાલ,–ળ,(ટ્રાઉઝર્સ) *n.*Trousers.પાયજામો; ચોરણો.
સુરંગ, ( બ્યુટીફુલ ) *a.* Beautiful. સુંદર. *n.* Underground passage. જમીનમાં કરેલું ભોંયરૂં.
સુરા, ( વાઈન ) *n.* Wine. દારૂ.
સુરાપાન, *n.* Wine drinking. દારૂ પીવો તે.
સુરાઈ,–હી, *n.* Long–necked earthen vessel. ફૂંજાના ઘાટનું સાંકડા ગળાનું વાસણ.
સુરાખ,–લાખ, ( હોલ ) *n.* Hole. બાકોરૂં.
સુરારિ,*n.*Enemy of the Gods.દેવોનો દુશ્મન;દાનવ.
સુરાવટ, ( ટ્યુનીંગ ) *n.* Tuning. સૂર મિલાવવા તે.
સુરાંગના, *n.* Celestial nymph. દેવાંગના; અપ્સરા.
સુરીલું,–રેલ, *a.* Of good tune. મધુર સૂરવાળું.
સુરૂપ,–પી, ( વેલફોર્મ્ડ ) *a.* Well-formed. સુંદર રૂપવાળું.
સુરેખ, *a.* Well-proportioned. ઘાટીલું.

**સુરેખા**, *n.* Straight line. સીધી લીટી.
**સુલક્ષણું**, (વરચ્યુઅસ) *a.* Virtuous. સારા લક્ષણવાળુ
**સુલટાવવું**, *vt.* Turn to the right side. સૂલટું કરવું.
**સુલતાન**, ( મોનાર્ક ) *n.* Monarch. બાદશાહ.
**સુલભ**, *a.* Easily attainable. સહેલાઈથી મળે એવું.
**સુલલિત**, *a.* Very graceful. અત્યંત સુંદર.
**સુલેહ**, ( પીસ ) *n.* Peace. શાંતિ. Truce. સમાધાની.
**સુવડાવવું,-વાડવું**, *vt.* Make to sleep. સૂવે એમ કરવું.
**સુવર્ણ**, *a.&n.* Gold. સોનું. Of beautiful colour. સુંદર રંગનું.
**સુવર્ણતક**, *n.* Golden opportunity. ઉત્તમ તક.
**સુવર્ણમાક્ષિક**, *n.* Medicine. એક ઓષધિ.
**સુવર્ણયુગ**, *n.* Golden age. સત્યયુગ.
**સુવર્ણા**, *a.* & *n.* Beautiful coloured woman. સુંદર વર્ણવાળી સ્ત્રી.
**સુવા**, *n.* Dill seeds. એક વનસ્પતિ—તેનાં બીજ.
**સુવાણુ**,—જુઓ 'સવાણ.' [વાવડનો રોગ.
**સુવારોગ**, *n.* A female disease. સ્ત્રીઓનો એક સુ-
**સુવાવડ**, ( કનફાઈનમેન્ટ ) *n.* Confinement. બાળકને જન્મ આપવાનો અને તે પછીનો સમય.
**સુવાવડખાનું**, *n.* Maternity home. પ્રસૂતિગૃહ.
**સુવાસ**, ( ફ્રેગરંસ ) *n.* Fragrance. ખુશબો.
**સુવાસણ,-ણી,-સિણી,-ની**, *n.* A woman whose husband is alive. સૌભાગ્યવંતી સ્ત્રી.
**સુવાસિત**, ( ફ્રેગરંટ ) *a.* Fragrant. ખુશબોદાર.

સુવાંગ, (એબ્સોલ્યુટ) *a.* Absolnte. આખું; નિરપેક્ષ.
સુવિજ્ઞાત,-વિદિત, (વેલ-નોન) *a.* Well-known. સારી રીતે જાણેલું.
સુશિક્ષિત, *a.* Well-educated. સારી રીતે શિક્ષિત.
સુશીલ, (એમીએબલ) *a.* Amiable.સચ્ચરિત; વિવેકી.
સુશોભિત, (ડેકોરેટેડ) *a.* Decorated. ઘણું શોભીતું.
સુષુપ્તિ, *n.* Deep sleep. ઘાડ નિદ્રા. [નનો અવાજ.
સુસવાટ,-ટો, *n.* Blast of wind. જોરથી વહેતા પવ-
સુસંગત,-બદ્ધ, *a.* Properly fitted.બરાબરબંધબેસતું.
સુસ્ત, (આઇડીયલ) *n.* Idle. આળસુ. Slow. મંદ
સુસ્તી, *n.* Idleness. આળસ.
સુહાગ, *n.* Good luck. સૌભાગ્ય.
સુહાગણ,—જુઓ 'સુવાસણ'.
સુહાવું, (શાઈન) *vt.* Shine. શોભવું.
સુહાસિની, *a.* Having fine laugh.સુંદર હાસ્યવાળી.
સુહૃદ, (ફ્રેંડ) *n.* Friend. મિત્ર.
સુંદર, (બ્યુટીફુલ) *a.* Beautiful. રૂપાળું; મનોહર.
સુંદરતા, *n.* Beauty. સૌંદર્ય.
સુંદરી, *n.* Beautiful woman. રૂપાળી સ્ત્રી. [વાની.
સુંવાળી, *n.* Small thin fried cake. પૂરી જેવી એક
સુંવાળું, (સ્મુધ) *a.* Smooth. લીસું અને નરમ.
સૂકવવું, *vt.* Get dried. સૂકાય એમ કરવું.
સૂકવું *vt.* Be dried. સૂકાય એમ થવું.
સૂકું, (ડ્રાય) *a.* Dry. ભીનાશ વિનાનું. Lean. કૃશ.
સૂકો, (ટોબેકો) *n.* Tobacco. તમાકુનો ભૂકો.

**સૂક્ત,** *a.* Well-spoken. સારી રીતે કહેવાયેલું. *n.* Collection of Vedic verses. વેદમંત્રોનો સંગ્રહ.
**સૂક્ષ્મ,** ( માઈન્યુટ ) *a.* Minute. ઝીણું; બારીક
**સૂક્ષ્મદર્શકયંત્ર,** ( માઇસ્ક્રોસ્કોપ ) *n.* Miscroscope. બારીક વસ્તુ મોટી દેખાડનારૂં એક સાધન.
**સૂક્ષ્મદર્શી,** *a.* Sharp-sighted. સૂક્ષ્મ દૃષ્ટિવાળું.
**સૂગ,** ( ડીસ્ગસ્ટ ) *n.* Disgust. અણગમો; ચીતરી.
**સૂચક,** (ઈન્ડીકેટીવ) *a.* Indicative.સૂચવે એવું;ગર્ભિત.
**સૂચન,** *n.* Indicating. સૂચવવું તે.
**સૂચના,** (સજેશન) *n.* Suggestion. ઇશારો; ચેતવણી.
**સૂચવવું,** ( સજેસ્ટ ) *vt.* Suggest. સૂચના કરવી.
**સૂચિ,–ચી,** (ઈન્ડેક્ષ) *n.* Index. સાંકળિયું.List. યાદી.
**સૂચીપત્રક,**(કેટલોગ) *n.* Catalogue.ક્રમાનુસારી ટીપ.
**સૂચ્ય,** *a.* Worth suggesting. સૂચવવા યોગ્ય.
**સૂજવું,–ણવું,** *vt.* Swell. સોજો ચડવો; ફૂલવું.
**સૂઝ,** (અંડરસ્ટેન્ડીંગ) *n.*Understanding.ગમ;સમજ.
**સૂઝવું,** ( એપીયર ) *vt.* Appear. નજરે પડવું. Be understood. ગમ પડવી.
**સૂડી,** *n.* Nut-cracker. સોપારી કાતરવાનું સાધન.
**સૂડો,** *n.* Kind of parrot. એક જાતનો પોપટ. Large nut-cracker. મોટી સૂડી.
**સૂત,** ( ચેરીયોટર ) *n.* Charioteer. સારથિ.
**સૂતર,** *n.* Ceremonial defilement owing to a birth or death. જન્મ અને મરણ વગેરેથી પ્રાપ્ત થતી આભડછેટ. [કાંતેલો તાર.

**સૂતક,** ( કૉટન યાર્ન ) *n.* Cotton yarn. રૂ કાંતીને
**સૂતરફેણી,** *n.* Sweetmeat. એક મીઠાઈ.
**સૂતરશાળ,** *n.* Kind of rice. ચોખાની એક જાત.
**સૂતળી,** ( સ્ટ્રીંગ ) *n.* String. શણની પાતળી દોરી.
**સૂતિકા,** *n.* Woman in confinement.સુવાવડી સ્ત્રી.
**સૂતિકાગૃહ,** *n.* Maternity home. સુવાવડખાનું.
**સૂત્ર,** (થ્રેડ) *n.* Thread. દોરો; તાંતણો.Cotton yarn. સૂતર. Rule. નિયમ. A short sentence expressing a rule. ધ્યેય તરીકે સ્વિકારેલું ટૂંકું વાકય.
**સૂત્રધાર,***n.* Chief interlocular in the prologue. નાટકમાં પ્રધાન નટ, જે નાંદી તેમજ પ્રસ્તાવના ભજવે છે.
**સૂત્રિત,** ( એરેન્જડ ) *a.* Arranged. ગોઠવેલું; વ્યવસ્થિત કરેલું. [ Notice. ખબર; ભાળ
**સૂથ,** *n.* Consciousness. ભાન. Sense. અક્કલ.
**સૂન,**—જુઓ 'શૂન્ય'. *n.* Bud. કળી. Flower. ફૂલ.
**સૂનું,** ( લોન્લી ) *a.* Lonely. ઉજ્જડ; એકલું.
**સૂપડું,** *n.*Winnowing fan.અનાજ ઝાટકવાનું સાધન.
**સૂફ,** *n.*Woolen cloth.ગરમ કપડું.[સૂફી મત સંબંધી.
**સૂફી,** *a.* Woolen. ઊનનું. Pure. પવિત્ર.Of sufism.
**સૂફીમત,-વાદ,** *n.*Doctrine.ઇસ્લામનો એક સંપ્રદાય.
**સૂબાગીરી,** *n.* Governorship. સૂબાનું પદ.
**સૂબેદાર,** *n* Captain. નાની ટૂકડીનો અમલદાર.
**સૂબો,** ( ગવર્નર ) *n.* Governor. ઇલાકા કે પ્રાંતનો હાકેમ. Province. પ્રાંત.
**સુમસામ,** *a.* & *n.* Dead silence. શૂન્યકાર.

સૂર, *n*. Note in music. સ્વર. Sound. કંઠ;અવાજ.
સૂરણ,*n* Kind of root. એક કંદ. [Sun. સૂર્ય.
સૂરત, (ફેસ) *n*.Face.ચહેરો.Countenance.મુખાકૃતિ.
સૂરિ,-રી,(સ્કોલર) *n*. Scholar.પંડિત; વિદ્વાન. Poet.
સૂરોખાર, *n*. Saltpetre. એક ક્ષાર. [કવિ.
સૂર્ય,-રજ, *n*. Sun. સવિતા. [સૂર્યબિંબનું ઢંકાવું તે.
સૂર્યગ્રહણ, *n*. Solar eclipse. ચંદ્ર આડે આવવાથી
સૂર્યબિંબ, *n*, Orb of the sun. સૂર્યમાલા.
સૂર્યમાલા,-ળા, *n*. Solar system. સૂર્ય અને તેની આસપાસ ફરતા ગ્રહોનો સમૂહ.
સૂર્યમુખી, *n*.Sun-flower.એક પુષ્પ-તેનો છોડ.[વંશ.
સૂર્યવંશ, *n*. Sotar dynasty.ક્ષત્રિઓનો એક પ્રધાન.
સૂર્યસંક્રાંતિ, *n*. Passage of the sun from one zodiacal sign into another. સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે
સૂર્યસ્નાન, *n*. Sunbath.સૂર્યનો તાપ શરીરપર લેવો તે.
સૂર્યાસ્ત,(સનસેટ) *n*.Sunset.સૂરજનું આથમવું તે; સાંજ.
સૂર્યોદય,(સનરાઈઝ) *n*.Sunrise.સૂરજનું ઉગવું તે;પ્રભાત.
સૂલટ,-ટું, (ફ્લેટ) *a*. Flat. ચત્તું. Right. સવળું.
સૂવર, (પીગ) *n*. Pig. ભૂંડ. [Convinient. અનુકૂળ.
સૂવું, *vt*. Lie down. આડા પડવું. Sleep. ઊંઘવું.
સૂંઘણી, (સ્નફ) *n*. Snuff. છીંકણી.
સૂંઘવું, (સ્મેલ) *vt*. Smell. વાસ લેવી;
સૂંઘાડવું, *vt*. Cause to inhale. સૂંઘે એમ કરવું.
સૂંઠ, *n*. Dry ginger. સૂકવેલું આદું.

સૂંડલો,-ડો, *n.* Basket. ટોપલો. [નાકવાળો અવયવ.
સૂંઢ, *n.* Trunk of the elephant. હાથીનો લાંબો
સૂંથણું, (પાઇજામાઝ) *n.* Pyjamas. લેંઘો.
સૃજવું, (ક્રીએટ) *vt.* Create. રચવું.
સૃજન, (ક્રીએશન) *n.* Creation. સરજન;સૃષ્ટિ.[જેવું તે.
સૃષ્ટિ, (યુનીવર્સ) *n.* Universe. વિશ્વ. Creation. સર-
સૃષ્ટિકર્તા,-ર્ત્તા, *n.* God. પરમેશ્વર. Creator. રચનાર.
સૃષ્ટિસૌંદર્ય, *n.* Beauty of nature. કુદરતનું સૌંદર્ય.
સેજ, (બેડ) *n.* Bed. પથારી. [કે ગુણનું મળતાપણું.
સેજું, *n.* Make of the body. બાંધો; હાડ; સ્વભાવ
સેટ્ટુડું, (થીવીશ) *a.* Thievish. ચોરટું.
સેતુ, (બ્રીજ) *n.* Bridge. પુલ.
સેતુબંધ, *n.* Forming of a bridge. પુલ બાંધવો તે.
સેના, (આર્મી) *n.* Army. લશ્કર. Armour. બખ્તર.
સેનાધિપતિ,-પતિ,-ની, *n.* Commander. સેનાનો
સેબ,-ફળ, *n.* Fruit. સફરજન. [વડો.
સેર, (એરીંગ) *n.* Airing. હવા ખાવી તે; સહેલ.
String. માળા. Blade of grass. ઘાસનું ચપટું પાન
કે સળી. Jet. ધારા. Vein. નસ. [સરકાવવું.
સેરવવું, (મુવ) *vt.* Move. ખસેડવું. Cause to slide.
સેરવો, (સુપ) *n.* Soup. માંસ ઉકાળીને બનાવેલો રસ.
સેવ, (સર્વીસ) *n.* Service. સેવા. Macaroni. શેવ.
સેવક, (સર્વન્ટ) *n.* Servant. ચાકર. Devotee. ભક્ત.
સેવન, *a.* Taking into use. સેવવું તે.
સેવના, *n.* Serving. સેવા કરવી તે.

સેવવું, ( સર્વ ) *vt.* Serve. સેવા કરવી. Take into use. ઉપયોગમાં લેવું. Hatch. હૂંફ આપવી.

સેવા, ( સર્વીસ ) *n.* Service. ચાકરી. Devotion. પૂજા. Attendance. સારવાર.

સેવાર્થી, *a.* Honorary. માનદ. [ વનસ્પતિ.

સેવાળ, (મોસ) *n.* Moss.સ્થિર પાણી પર બાઝેલી લીલી

સેવિકા, *n.* Female servant. સ્ત્રી–સેવક.

સેં, *a.* Same as. શત. દા.ત. બસેં; ચારસેં.

સેંકડો, *n.* Aggregate of one hundred. સોનો સમૂહ. Century. સૈકો.

સેંતક,–તું, (એબનડંટ) *a.* Abundant. પુષ્કળ;ઘણું.

સેંથી,–થો, *n* Line that parts the hair of the head. માથાના વાળને બે ભાગમાં ઓળતાં વચ્ચે પડતી [લીટી.

સૈકું,–કો, *n.* Ceutury. સો વર્ષનો સમય.

સૈડકું, ( નુઝ ) *n.* Noose. એક છેડો ખેંચવાથી છૂટી જાય તેવી ગાંઠ.

સૈડણ, *n.* Cord for binding bamboo chips in a roof છાપરાની વળીઓ પર નખાતાં કામઠાં, ચીપો વગેરે–તેમને બાંધવાની દોરી. [ *n.* Soldier. સીપાહી.

સૈનિક, ( મીલીટરી ) *a.* Military. સૈન્યનું–તેને લગતું.

સૈન્ય, (આર્મી) *n.* Army. ફોજ; લશ્કર.

સૈયડ,–ડ, (સ્મોલપોક્ષ) *n.*Small-pox. બળિયા;શીતળા.

સૈયદ, *n.* A descendent of the Prophet Mohmed. મહંમદ પયગંબરનો વંશજ.

સૈંધવ, ( રોક-સૉલ્ટ ) *a.* Rock-salt. સિંધવ.Horse.

થોડો: Tune. એક રાગ. *a.* Of about Indus. સિંધુને લગતું. [વસ્થા.
સોઇ, (કનવીનીયંસ) *n.* Convinience. સગવડ; વ્ય-
સોકટી,–ગટી,–કઠી,–ગઠી,–ઠું,–ઠું, *n.* Piece. સોકટા-બાજીનું મહોરૂં. [વાની એક રમત.
સોકટાબાજી, *n.* Game of chess. સોકટાં વડે રમ-
સોખમાવું, *vt.* Feel shy. સંકોચાવું.
સોગ, (સોરો) *n.* Sorrow. શોક.
સોગન,–ગંદ, (ઓથ) *n.* Oath. કસમ; શપથ; સમ.
સોગનનામું, *n.* Affidavit. સોગન પર કરેલો એકરાર.
સોગાત, (ગીફ્ટ) *n.* Gift. નજરાણાની ચીજ.
સોજી, *n.* Fine flour of wheat. મેંદો.
સોજીલું, (સોશીએબલ) *a.* Sociable. મળતાવડું.
સોજું, (લવ્લી) *a.* Lovely. સરસ; સારૂં. Clean. સ્વચ્છ.
સોજે, (સ્વેલીંગ) *n.* Swelling. લોહીનો જમાવ થઇ ચામડી ઉપસી આવવી તે.
સોટી, (કેન) *n.* Cane. નેતરની પાતળી લાકડી.
સોટો, (કજલ) *n.* Cudgel. ડંગોરો.
સોડ, *n.* Side of the body. પાસું; બાજુ. Under-cover. ઓઢવાના વસ્ત્ર નીચે રખાતું સુંવાળું વસ્ત્ર. Smell. વાસ; બદબો.
સોડમ,–રમ, (ફ્રેંગરંસ) *n.* Fragrance. ખુશબો.
સોડવું, (સ્મેલ) *vt.* Smell. સૂંઘવું. Stink. ગંધાવું.
સોડાવું, (સ્મેલ) *vt.* Smell. વાસ આવવી.
સોણું,–ણલું, (ડ્રીમ) *n.* Dream. સ્વપ્નું.

સોત,-તુ, (ઇન્કલ્યુડીંગ) *ad*. Including. સુદ્ધાં.
સોદાગર, (ટ્રેડર) *n*. Trader. મોટો વેપારી.[વ્યભિચારી.
સોદું, ( કનીંગ ) *a*. Cunning. લુચ્ચું. Adulterous.
સોદો, ( બાર્ગેઇન ) *n*. Bargain. કબાલો. Merchandise. માલ. [ કીમતી ધાતુ.
સોનું, ( ગોલ્ડ ) *n*. Gold. સુવર્ણ; પીળા રંગની એક
સોનલ,-મેરી, (ગોલ્ડન) *a*. Golden. સોના જેવા પીળા રંગનું-સોનાનું. [ ઘાટ ઘડવાનું કામ કરનાર.
સોનાર,-ની, (ગોલ્ડસ્મીથ) *n*.Goldsmith.સોનારૂપાના
સોનૈયો, *n*. Gold coin. સોનાનો સિક્કો.
સોપાન, (લેડર) *n*. Ladder. સીડી. Step. પગથિયું.
સોપારી, (બીટલનટ) *n*. Betelnut. ફોફળ; મુખવાસમાં વપરાતું એક સૂકું ફળ.
સોફ, ( ટેરર ) *n*. Terror. ભય; ધ્રાસકો. Swelling.
સોબત, (કંપની) *n*. Company. સાથ; મૈત્રી. [સોજો.
સોબતી, *n*. Companion. સાથી; મિત્ર.
સોમ, (મુન) *n*. Moon. ચંદ્ર. Monday. એ નામનો વાર. Ambrosia. સોમવલ્લી. [પદાર્થ.
સોમલ, (આર્સેનીક) *n*. Arsenic. એક અત્યંત ઝેરી
સોમવતી, *ad*. Falling on Monday. સોમવારે આવતી (અમાસ). [જેના રસનો પીવામાં ઉપયોગ થતો.
સોમવલ્લી, *n*. Soma plant. વેદકાળની એક લતા
સોમવાર, *n*. Monday. અઠવાડિયાનો બીજો દિવસ.
સોય, (નીડલ) *n*. Needle. સીવવાનું સાધન.
સોયો, *n*. Big needle. મોટી સોય. [ આપવું તે.

સોરટી, (લોટરી) *n.* Lottery. રકમ ભેગી કરી ઈનામ
સોરવવું, (સ્યુટ) *vt.* Suit. ગમવું; માફક આવવું.
સોરવું,-રાટવું, (સ્ક્રેપ) *vt.* Scrape. ઉઝરડી કે આછું છોલી સાફ કરવું. Pine. ઝૂરવું.
સોરૂં, (ટીલ) *ad.* Till. લગી; સુધી.
સો વસા, *ad.* Almost certain. લગભગ નક્કી.
સોવું, (વીનો) *vt.* Winnow. ઝાટકવું.
સોસ,-ના, *n.* Strong thirst. અતિશય તરસ.
સોસવાવું,-સાવું, *vt.* Be dried up. રસનું સુકાઇ જવું. Be come lean. શરીરનું સુકાવું. [ચૂસી લેવું.
સોસવું, (સફર) *vt.* Suffer. સહન કરવું. Suck.
સોહવું, (શાઈન) *vt.* Shine. શોભવું.
સોહણી,-હા, (બ્યુટી) *n.* Beauty. શોભા.
સોહિણી, (ટ્યુન) *n.* Tune. એક રાગ.
સોહાગણ,-જુઓ 'સૌભાગ્યવંતી' [શોભત.
સોહાગણું,-ગી,-વંતુ, (શાઈનીંગ) *a.* Shining.સુ-
સૉળ, *n.* Scratch. મારથી શરીર પર ઉઠતો આંકો.
સોળું, *a.* & *n.* Unpoluted. સ્વચ્છ; ધોઈને અલગ રાખેલું. [Pretence. ઢોંગ.
સોંગ, (ગાઇઝ) *n.* Guise. નાટકમાંનો વેશ;કૃત્રિમ.દેખાવ.
સોંઘ,-વારી, (ચીપનેસ) *n.* Cheapness. સસ્તાપણું.
સોંઘું, (ચીપ) *a.* Cheap. સસ્તું.
સોંપણ,-રત, *n.* Handing over. સુપરત,ભાળવણી.
સોંપવું, (એનટ્રસ્ટ) *vt.* Entrust. ભાળવવું; કબજામાં
સોંસરવું,-સરૂં, (એક્રોસ) *ad.*Across.આરપાર.[આપવું

સૌ, ( ઑલ ) *a.* All. સહુ; સર્વ. Entire. સઘળું.
સૌકર્ય, *n.* Easiness. સહેલાઇ. [આરોગ્ય.
સૌખ્ય, ( હેપીનેસ ) *n.* Happiness. સુખ Health.
સૌજન્ય, (કર્ટસી) *n.* Courtesy. સુજનતા; ભલાઈ.
સૌદામની,-મિની,(લાઈટની'ગ) *n.* Lightning. વિજળી.
સૌભાગ્ય, ( ગુડ લક ) *n.* Good luck. સારૂં ભાગ્ય. Delight. આનંદ. Prosperity. ઐશ્વર્ય. Beauty. સૌંદર્ય. Riches. દોલત.
સૌભાગ્યચિહ્ન, *n.* Any mark or sign of the blessed state of wifehood. સૌભાગ્ય સૂચવનારૂં ચિહ્ન.
સૌભાગ્યવતી,-વંતી, *a.* Whose husband is living. [સધવા.
સૌમનસ્ય, *n.* Joyfulness. પ્રસન્નતા.
સૌમ્ય, ( જેન્ટલ ) *a.* Gentle. શાંત; સુશીલ. Charming. મનોહર.
સૌર, *a.* About sun. સૂર્ય સંબંધી.
સૌરભ, ( ઓડોર ) *n.* Odour. સુગંધ.
સૌષ્ઠવ, (એલીજંસ) *n.* Elegance. ઉત્કૃષ્ટપણું. Beauty. સુંદરતા.
સૌંદર્ય, ( બ્યુટી ) *n.* Beauty. સુંદરતા.
સ્કંધ, ( શોલ્ડર ) *n.* Shoulder. ખભો. Branch. ડાળી. Multitude. સમુદાય. Chapter. પ્રકરણ.
સ્ખલન, ( એરર ) *n.* Error. ભૂલ; ચૂક. Trickling. ઝરવું તે. Deviating from the right path. સન્માર્ગથી ચ્યુત થવું તે.
સ્તન, *n.* Female breast. થાન; ધાઈ.
સ્તનપાન, *n.* Sucking of the breast. ધાવવું તે.

સ્તબ્ધ, ( સ્ટુપીફાઈડ ) *a*. Stupefied. આશ્ચર્યચકિત. [Motionless. જડ.
સ્તવ,-ન, (પ્રેઝ) *n*. Praise. સ્તુતિ.
સ્તવવું, *vt*. Praise. સ્તુતિ કરવી.
સ્તંભ, ( પીલર ) *n*. Pillar. થાંભલો.
સ્તંભન, *n*. Stopping. અટકાવવું તે. Support. ટેકો.
સ્તંભવું, ( સ્ટોપ ) *vt*. Stop. અટકવું.
સ્તંભિત, ( સ્ટોપ્ડ ) *a*. Stopped. અટકેલું Benumbed. સ્તબ્ધ. Supported. ટેકવેલું. [ing. પ્રાર્થના.
સ્તુતિ, ( પ્રેઝ ) *n*. Praise. તારીફ; ગુણગાન. Pray-
સ્તુતિપાત્ર,-ત્ય, ( પ્રેઝવર્ધી ) *a*. Praisworthy. સ્તુતી કરવા યોગ્ય. [ment. ઘુમ્મટ જેવું બાંધકામ.
સ્તૂપ, (હીપ) *n*. Heap. ઢગલો. Buddhistic monu-
સ્તોતા, *n*. Worshipper. સ્તુતિ કરનાર.
સ્તોત્ર, ( હાયમન ) *n*. Hymn. છંદોબદ્ધ સ્તુતિ.
સ્ત્રિયારાજ, *n*. Kingdom of women. સ્ત્રીઓનું રાજ્ય.
સ્ત્રી, (વુમન) *n*. Woman. બૈરી. Wife. પત્ની. [રેસો.
સ્ત્રીકેસર, (પીસ્ટીલ) *n*. Pistil. ફૂલનો માદાબીજવાળો
સ્ત્રીકેળવણી,-શિક્ષણ, *n*. Female education. સ્ત્રીઓની કેળવણી. [સ્ત્રીની ચતુરાઈ.
સ્ત્રીચરિત,-ત્ર, *n*. Feats and exploits of woman.
સ્ત્રીજાતિ, *n*. Female sex. આખો સ્ત્રીવર્ગ.
સ્ત્રીજિત, *a*. Hen-pecked. બૈરીને વશ.
સ્ત્રીત્વ, *n*. Womanhood. નારીપણું.
સ્ત્રીધર્મ, *n*. Duty of a woman. સ્ત્રીનો ધર્મ. Mensuration. રજોદર્શન. [નારીપાત્ર.

**સ્ત્રીપાત્ર**, *n.* Female character. નાટ્ય વગેરેનું
**સ્ત્રીબહુમાન,-દક્ષિણ્ય**, *n.* Chivalry. સ્ત્રી તરફ માન-
ભરી વર્તણૂક. [હઠ.
**સ્ત્રીહઠ**, *n.* Natural obstinacy of woman. સ્ત્રીની
**સ્ત્રૈણ**, ( વુમનીશ ) *a.* & *n.* Womanish. સ્ત્રી જેવું.
Coward. નામર્દ.
**સ્થ**, *ad.* Prefix. વિસર્ગ છે, જેમકે: કંઠસ્થ.
**સ્થગિત**, (સ્ટોપ્ડ) *a.* Stopped. થંભી ગયેલું.
**સ્થપતિ**, (આર્કીટેક્ટ) *n.* Architect. શિલ્પી.
**સ્થલ,-ળ**, (પ્લેસ)*n.*Place. સ્થાન;જગા. Land.જમીન.
**સ્થવિર**, (ઓલ્ડ) *a.* & *n* Old. વૃદ્ધ. [ફ્રે રહેનારૂં.
**સ્થળચર**, *a.* & *n.* Terrestrial. જમીન પર ફરનારૂં
**સ્થળવિદ્યા**, ( ટોપોગ્રાફી ) *n.* Topography. ભૂગોળ-
વિદ્યાનો સ્થળો વિષેની વિગતવાર માહિતીનો ભાગ.
**સ્થલાંતર**, *n.* Change of place. સ્થળની બદલી.
Another place. અન્ય સ્થળ. [Status. પદ; પદવી.
**સ્થાન**, (પ્લેસ) *n.* Place. જગા. Dwelling. રહેઠાણ.
**સ્થાનક**, *n.* Dwelling. રહેઠાણ. Seat. આસન.Sla-
**સ્થાનિક**,*a.* Local. અમુક સ્થાનનું. [tus. દરજ્જો,
**સ્થાનિક સ્વરાજ્ય**, *n.* Local self-goverment.
લોકો પોતે તંત્ર રચીને ચલાવે તેવી વ્યવસ્થા.
**સ્થાપક**, (ફાઉન્ડર) *n.* Founder. સ્થાપના કરનાર.
**સ્થાપત્ય**,(આર્કીટેકચર)*n.*Architecture. શીલ્પશાસ્ત્ર.
**સ્થાપન,-ના**, *n.* Establishing. સ્થાપના કરવી તે.
**સ્થાપવું**, *vt.* Establish. સ્થાપના કરવું. Prove.

સાબિત કરવું. Fix. મુકરર કરવું. [Lasting. ટકાઉ.
**સ્થાયી,** (ડ્યુરેબલ) *a.* Durable. ઘણી વાર ટકે તેવું.
**સ્થાવર,** (ઈમમુવેબલ) *a.* Immovable. અચલ; સ્થિર. *n.* Mountain. પર્વત.
**સ્થિત,** (સ્ટુડ) *a.* Stood. રહેલું. Fixed. અચલ.
**સ્થિતિ,** (કંડીશન) *n.* Condition. અવસ્થા Residence. નિવાસ. Status. પદ. Limit. મર્યાદા.
**સ્થિતિચુસ્ત,** *a.* Conservative. પોતાનાજ મતને પકડી રહેનારૂં. [વળગી રહેનારૂં.
**સ્થિતિ સ્થાપક,** (ઇલેસ્ટીક) *a.* Elastic. અસલ સ્થિતિને
**સ્થિર,** (સ્ટીલ) *a.* Still. હાલતુંચાલતું ન હોય એવું. Firm. દૃઢ. Settled. નિશ્ચિત.
**સ્થૂલ,-ળ,** (લાર્જ) *a.* Large. મોટું. Fat. જાડું. Stupid. મૂર્ખ. Dense. ઘાડું. [પદવીધર.
**સ્નાત,** (બેઈડ) *a.* Bathed. નાહેલું. *n.* Graduate.
**સ્નાતક,** *n.* Gradnate. વિદ્યાપીઠની પદવીવાળો.
**સ્નાન,** (બાથ) *n.* Bath. નાવણ.
**સ્નાનગૃહ,** *n.* Bath-room. નાહવાની ઓરડી.
**સ્નાયુ,** (મસલ) *n.* Muscle. માંસનો તંતુ. [ચીકણું.
**સ્નિગ્ધ,** (સોફ્ટ) *a.* Soft. લીસું; કોમળ. Greasy.
**સ્નેહ,** (એફેક્શન) *n.* Affection. પ્રેમ; વહાલ. Oil. તેલ.
**સ્નેહલગ્ન,** *n.* Love-marriage. પ્રેમલગ્ન. [મેળાવડો.
**સ્નેહસંમેલન,** *n.* Social gathering. સ્નેહીઓનો
**સ્નેહાધિન,-હાળ,** *a.* Affectionate. સ્નેહને આધિન.
**સ્નેહી,** (લવીંગ) *a.* Loving. પ્રેમી. *n.* Friend. મિત્ર.

સ્પર્ધા, (કોમ્પીટીશન) *n.* Competition. હરિફાઇ. Jealousy. ઇર્ષા.
સ્પર્શ, (ટચ) *n.* Touch. અડકવું તે; સંસર્ગ. A jot.
સ્પર્શવું, (ટચ) *vt.* Touch. અડકવું. [લવ; લેશ.
સ્પર્શમણિ, *n.* Philosopher's stone. પારસમણિ.
સ્પર્શાસ્પર્શ,-સ્પર્શી, *n.* Touch of untouchabi-
સ્પર્શેંદ્રિય,*n.* Skin. ચામડી;ત્વચા. [lity. આભડછેટ.
સ્પષ્ટ,(ક્લીઅર) *a.*Clear. ખુલ્લું જોઇ કે સમજી શકાય તેવું.
સ્પષ્ટવક્તા, *n.* Plain-speaking person. ખરાબોલો
સ્પષ્ટીકરણ, *n.* Explanation. ખુલાસો. [માણસ.
સ્પંદ, (થ્રોબ) *n.* Throb. થડકો. Tremor. કંપ.
સ્પૃશ્ય, *a.* Touchable. અડકી શકાય એવું,
સ્પૃહણીય, *a.* Enviable. સ્પૃહા કરવા યોગ્ય.
સ્પૃહા, (ડીઝાયર) *n.* Desire. ઇચ્છા. Care. પરવા.
સ્ફટિક, *n.* Crystal. એક પ્રકારનો સફેદ કીમતી પત્થર.
સ્ફાટિક, *a.* & *n.* Of crystal. સ્ફટિકનું.
સ્ફુટ,-ટિત, (એપેરન્ટ) *a.* Apparent. ખુલ્લું; ઊઘડેલું.
સ્ફુરણા, (સ્ટરીંગ) *n.* Stirring. સ્ફુરવું તે; સ્ફુર્તિ.
સ્ફુરવું, (ટ્રેમ્બલ) *vt.* Tremble. કંપવું. Flutter. ફરકવું. Flash. એકાએક દેખાવું. Sprout. અંકુર ફૂટવું.
સ્ફુલિંગ, (સ્પાર્ક) *n.* Spark. તણખો.
સ્ફૂર્તિ,-ર્ત્તિ, (એક્ટીવીટી) *n.*Activity. તેજી; ચંચળતા.
સ્ફોટ, (ડીસ્કલોઝર) *n.* Disclosure. જોરથી ફૂટવું તે;
સ્મર, (કયુપીડ)*n.*Cupid. કામદેવ. [ખુલાસો. Boil. ફોલ્લો.
સ્મરણ, (મેમરી) *n.* Memory. યાદ; સ્મૃતિ.

સ્મરણચિહ્ન, *n.* Memorial. યાદગીરીનું ચિહ્ન.
સ્મરણશક્તિ, *n.* Power of remembrance. યાદદાસ્ત.
સ્મરવું, ( રીમેમ્બર ) *vt.* Remember. યાદ કરવું.
સ્મરણીય, (મેમોરેબલ) *a.* Memorable. યાદ કરવા જેવું.
સ્મશાનભૂમિ, *n.* Burial ground. મડદાં બાળવાની [જગા.
સ્મારક, *a.* & *n.* Memorial. સંભારણું.
સ્માર્ત,-ર્ત, *a.* & *n.* One who follows the doctrines of Smriti. સ્મૃતિશાસ્ત્રનો જાણનાર.
સ્મિત, (સ્માઇલ) *n.* Smile. મંદ હાસ્ય.
સ્મૃતિ, (મેમરી) *n.* Memory. યાદ. Code of laws. હિંદુઓના ધર્મશાસ્ત્રમાંનું દરેક. [દોરવાનું ચિત્ર.
સ્મૃતિચિત્ર, *n.* Memory-drawing. સ્મૃતિ પરથી
સ્મૃતિદોષ, *n.* Slip of memory. સ્મરણનો દોષ.
સ્યૂત, (સ્યુડ) *a.* Sewed. સીવેલું. United. જોડેલું.
સ્રગ્ધરા, *a.* Wearing a garland. માળા ધારણ કરનારી. *n.* A metre. એક છંદ.
સ્રવવું, (ઉઝ) *vt.* Ooze. ઝરવું; ટપકવું.
સ્રષ્ટા, (ક્રીએટર) *n.* Creator. રચનાર.
સ્રસ્ત, *a.* Fallen down. પડી ગયેલું; ઝૂલતું.
સ્રાવ, (ઉઝીંગ) *n.* Oozing. ટપકવું તે.
સ્રોત, (સ્ટ્રીમ) *n.* Stream. ઝરો. Flow. પ્રવાહ.
સ્રોતસ્વતી,-સ્વિની, (રીવર) *n.* River. નદી.
સ્વ, *a.* One's own. પોતાનું; પોતીકું.
સ્વકલ્પિત, *a.* Self-imagined. પોતે કલ્પેલું કે માનેલું.
સ્વકીય, *a.* Of one's own family. પોતાના કુટુંબનું.

સ્વકીયા, *n.* One's own wife. પોતાની પત્ની.
સ્વગત, (એસાઈડ) *ad.* Aside. મનમાં.
સ્વચ્છ, (ક્લીન) *a.* Clean. ચોકખું; સાફ. [વર્તવું તે.
સ્વચ્છંદતા, *n.* Wantonness. પોતાની મરજી મુજબ
સ્વચ્છંદી, *a.* Wanton. પોતાની મરજી મુજબ વર્તનારૂં.
સ્વજન, (રીલેટીવ) *a.* Relative. સગું; સંબંધી.
સ્વજાતિય, *a.* Homogenous. પોતાની જ જાતિનું.
સ્વતઃ, *ad.* Of one's own accord. પોતાની મેળે;
સ્વતઃસિદ્ધ, *a.* Absolute. જાતેજ પ્રમાણરૂપ. [આપોઆપ.
સ્વતંત્ર, *a.* Independent. કોઈના તાબામાં નહી એવું.
સ્વત્વ, *n.* Self-respect. સ્વમાન. Owenership.
સ્વદેશ, *n.* Mother-land. જન્મભૂમિ. [માલિકી.
સ્વદેશાભિમાન, *n.* Patriotism. સ્વદેશનું અભિમાન.
સ્વદેશાભિમાની, *a.* Patriotic. સ્વદેશાભિમાનવાળું.
*n.* Patriot. સ્વદેશભક્ત.
સ્વદેશી, *a.* Born, produced or made in one's own country. પોતાના દેશનું. *n.* Countryman. દેશભાઇ. [ધર્મ કે ફરજ.
સ્વધર્મ, *n.* One's own religion or duty. પોતાનો
સ્વધર્મી, *a.* & *n.* Co-religionist. પોતાના ધર્મનું માણસ. [aven. સ્વર્ગ.
સ્વધામ, *n.* One's own abode. પોતાનું ધામ. He-
સ્વપક્ષ, *n.* One's own side. પોતાનો પક્ષ.
સ્વપ્ન, (ડ્રીમ) *n.* Dream. ઊંઘમાં ભાસતો દેખાવ.
સ્વપ્નદોષ, *n.* Involuntary seminal discharge.

સ્વપ્નમાં થતો વિર્યપાત.
સ્વપ્નવત્, (ઇલ્યુઝરી) *a.* Illusory. સ્વપ્ન જેવું.
સ્વપ્નદ્રષ્ટા, *n.* Dreamer. સ્વપ્ન જોનાર.
સ્વભાવ, *n.* Nature. પ્રકૃતિ. Habit. ટેવ.
સ્વભાવજન્ય, *a.* Natural. સ્વાભાવિક.
સ્વભાવસિદ્ધ, *a.* Inborn. સહજ; કુદરતી.
સ્વભાષા, *n.* Mother-tongue. માતૃભાષા.
સ્વમાન, *n.* Self-respect. પોતાની ઈજ્જત.
સ્વયં, *ad.* Of one's own accord. પોતાની મેળે.
સ્વયંદત્ત, *a.&n.* Self-given. પોતાની મેળેજ અર્પણ થયેલું. [સ્વહાથે રાંધવું તે.
સ્વયંપાક, *n.* Cooking with one's own hands.
સ્વયંભૂ, *a.* Self-created. પોતાની મેળે જ ઉત્પન્ન થયેલું *n.* God. ઈશ્વર. [પસંદ કરવો-તે માટેનો સમારંભ.
સ્વયંવર, *n.* Choice marriage. કન્યાએ પોતે વર
સ્વયંસત્તાક, ( સોવરેન ) *a.* Sovereign. પોતે પોતા થકીજ સત્તાવાળું. [ કરવા તૈયાર થયેલો માણસ.
સ્વયંસેવક, (વોલંટીયર) *n.* Volunteer. પોતાની મેળે
સ્વર, (સાઉન્ડ) *n.* Sound. અવાજ. Tune. સૂર. Vowel. જેનો પૂર્ણ ઉચ્ચાર કોઇની મદદ વિના થઈ શકે તેવો વર્ણ.
સ્વરગ્રામ, *n.* Musical scale. સંગીતનું સ્વરસપ્તક.
સ્વરશૂન્ય, *a.* Unmusical. સ્વરોના ઠેકાણા વિનાનું.
સ્વરક્ષણ, *n.* Self-protection. પોતાનું રક્ષણ.
સ્વરાજ,-જ્ય, *n.* Self-government. સ્વતંત્ર રાજ્ય.

સ્વરૂપ, (ફીગર) *n*. Figure. આકૃતિ; ઘાટ. Appearance. દેખાવ. Beauty. સુંદરતા. Quality. લક્ષણ.
સ્વરૂપવાન, *a*. Beautiful. સુંદર.
સ્વર્ગ,-લોક, ( હેવન ) *n*. Heaven. દેવોનો લોક.
સ્વર્ગવાસ, (ડેથ) *n*. Death, મૃત્યુ; સ્વર્ગમાં વાસ.
સ્વર્ગવાસી, (ડેડ) *a*. Dead. મૃત.
સ્વર્ગીય, *a*. Heavenly. સ્વર્ગનું. Divine. અલૌકિક.
સ્વર્ણ, (ગોલ્ડ) *n*. Gold. સોનું.
સ્વલ્પ, (લીટલ) *a*. Little. થોડું; અલ્પ.
સ્વસત્તાક, *a*. Independent. સ્વાધીન; સ્વતંત્ર.
સ્વસ્તિ, *n*. An exclamotin of benediction. 'કલ્યાણ થાઓ' એવો આશિર્વાદાત્મક ઉદ્ગાર. [ સાથિયો.
સ્વસ્તિક, *n*. A mystical figure. 卐 આવી આકૃતિ;
સ્વસ્થ, ( સ્ટેડી ) *a*. Steady. અચલ. Calm. શાંત. Healthy. નિરોગી.
સ્વાગત,-તા, (વેલકમ) *n*. Welcome. આવકાર.
સ્વાતંત્ર્ય, *n*. Independence. સ્વતંત્રતા.
સ્વાતંત્ર્યપ્રિય, *a*. Liberty-loving. સ્વાતંત્ર્ય જેને પ્રિય છે તેવું. [ Liking. મોહ.
સ્વાદ, ( ટેસ્ટ ) *n*. Taste. ચાખવું તે. Delight. મજા.
સ્વાદિષ્ટ,-દુ, (ડીલીશ્યસ) *a*. Delicious. સ્વાદવાળું.
સ્વાધીન, *a*. That is subject to itself. પોતે પોતાને નિયમમાં રાખનાર. Free. સ્વતંત્ર.
સ્વાધ્યાય, (સ્ટડી) *n*. Study. અધ્યયન.
સ્વાનુભવ, *n*. Self-experience. પોતાનો અનુભવ.

**સ્વાભાવિક,** (નેચરલ) *a.* Natural. કુદરતી. Inborn.
**સ્વાભિમાન,** *n.* Self-respect. સ્વમાન. [અકૃત્રિમ.
**સ્વામિતા,-ત્વ,** *n.* Ownership. માલિકી.
**સ્વામિની,** (મીસ્ટ્રેસ) *n.* Mistress. શેઠાણી.
**સ્વામી,** (હઝબંડ) *n.* Husband. પતિ. Owner. માલિક. King. રાજા. Ascetic. સન્યાસી.
**સ્વાયત્ત,** *a.* Self-dependent. સ્વાધીન.
**સ્વાર્થ** *n.* Self-interest. પોતાની મતલબ.
**સ્વાર્થપટુ,-પરાયણ,-સાધક,-સાધુ -ર્થી,-ર્થીલું,** (સેલ્ફીશ) *a.* Selfish. આપમતલબી.
**સ્વાવલંબન,-શ્રય,** *n.* Self-reliance. પોતાની પર
**સ્વાસ્થ્ય,** *n.* Fortitude. સ્વસ્થતા. [આધાર રાખવો તે.
**સ્વાહા,** *n.* Wife of fire. અગ્નિની સ્ત્રી. *ad.* Exclamation used while offering an oblation to a god in fire. અગ્નિમાં આહુતિ આપતાં બોલાતો
**સ્વાંગ,** (ડીઝગાઈઝ) *n.* Disguise. બનાવટી વેશ. [શબ્દ.
**સ્વીરણ,** *n.* Assimilation. પચાવીને પોતાનું કરવું
**સ્વીકાર,-કૃતિ,** *n.* Acceptance. સ્વીકારવું તે. [તિ.
**સ્વીકારવું,** *vt.* Accept. અંગીકાર કરવો; માન્ય રાખવું.
**સ્વીકાર્ય,** *a.* Acceptable. સ્વીકારવા યોગ્ય.
**સ્વીકૃત,** *a.* Accepted. સ્વીકારેલું.
**સ્વેચ્છા,** *n.* One's own desire. પોતાની ઇચ્છા.
**સ્વેચ્છાચાર,** *n.* Wantonness. સ્વચ્છંદતા.
**સ્વેદ,** (પરસ્પીરેશન) *n.* Perspiration. પરસેવો.
**સ્વેદજ,** *a.* & *n.* Born from perspiration. પરસે-

વામાંથી જન્મેલું. [ medicine. સ્વેદ લાવે તેવી દવા.
સ્વેદન, *n.* Perspiration. પરસેવો. Diaphoratic
સ્વૈચ્છિક, (ઓપ્શનલ) *a.* Optional. મરજિયાત.
સ્વૈર, (અનરીસ્ટ્રેઇન્ડ) *a.* Unrestrained. નિરંકુશ.
સ્વૈરવિહાર, *n.* Unrestrained wandering. મરજી મુજબ વિહરવું તે.
સ્વૈરિણી, *n.* Loose woman. વ્યભિચારિણી. [વેલું.
સ્વોપાર્જિત, *a.* Self-acquired. પોતે જાતે રળેલું-મેળ-

---

## હ

હ, The thirty third consonant of the Gujarati Alphabet, of the guttural class. ચોથો ઉષ્માક્ષર, અને તેત્રીસમો વ્યંજન.
હક,-ક્ક, ( ક્લેઈમ ) *n.* Claim, દાવો. Ownership. માલિકી. Fee. દસ્તૂરી. *a.* Right. વાજબી.
હકતાલા, (ગૉડ) *n.* God. ઈશ્વર.
હકદાર, (રાઈટફુલ) *a.* Rightful.હક ધરાવનારૂં;વાજબી.
હકસાઈ, (ફી) *n.* Fee. લાગો; દસ્તૂરી.
હકારવુ, (એસેન્ટ) *vt.* Assent. હા પાડવી. Beckon.
હકારૂં, (કૉલ) *n.* Call. તેડું. [હાકલ મારીને બોલાવવું.
હકાલવુ, *vt.*Drive out. હાંકી કાઢવું. Drive. હાંકવું. Call out. હાંક મારીને બોલાવવું. [ Truth. સત્ય.
હકીકત, ( નેરેશન ) *n.* Narration. બાતમી; ખબર.
હકીમ, *n.*Mohmeddan physician.યુનાની વૈદું કરનારો; મુસલમાન વૈદ્ય.

**હકૂમત**, *n.* Jurisdiction. અધિકાર. Authority. [ સત્તા.
**હચમચવું**, *vt.* Be loose. ડગમગવું.
**હચમચાવવું**, *vt.* Make loose. ડગમગાવવું.
**હજ**, (પીલ્ગ્રીમેજ) *n.* Pilgrimage. જાત્રા.
**હજમ**, (ડાઈજેસ્ટેડ) *a.* Digested. પચેલું. Misappropriated. ઉચાપત કરેલું.
**હજરત**, *n.* Term of respect. માનવાચક શબ્દ.
**હજામ**, (બાર્બર) *n.* Barber. વાળંદ.
**હજામત**, (શેવીંગ) *n.* Shaving. મુંડન. [ હવે પણ.
**હજી,-જુ**, ( સ્ટીલ ) *ad.* Still. અત્યાર લગી. Now.
**હજૂર**, (પ્રેઝન્સ) *n.* Presence. હાજરી; તહેનાત. His Highness. 'આપ' અર્થનો ઉદ્ગાર. [નારો નોકર.
**હજૂરિયો**, (એટેન્ડન્ટ) *n.* Attendant. તહેનાતમાં રહે-
**હટ**, *int.* Be gone. ' દૂર ખસ ' એ અર્થનો ઉદ્ગાર.
**હટખટ**, *n.* Catch in the mind. મનમાં ખટકવું તે.
**હટાણું**, (શોપીંગ) *n.* Shopping. ખરીદકામ. [આગ્રહ.
**હઠ,-ઠીલાઇ**, (ઓબ્સ્ટીનસી) *n.* Obstinacy. જીદ; ખોટો
**હઠયોગ**, *n.* Ascetic practices. યોગનો એક પ્રકાર.
**હઠવું**, *vt.* Be obstinate. હઠ કરવી. Retreat. પાછા
**હઠીલું**, (ઓબ્સ્ટીનેટ) *a.* Obstinate. જીદ્દી. [ખસવું.
**હડકવા,-કું,-ખું**,(હાયડ્રોફોબીયા) *n.* Hydrophobia. કૂતરાનો એક રોગ. [ કરવાં તે.
**હડતાલ,-ળ**, ( સ્ટ્રાઈક ) *n.* Strike. કામધંધો બંધ
**હડતાલિયો,-ળિયો**, *n.* Striker. હડતાળમાં ભળેલો.
**હડદો-લો**, (પુશ) *n.* Push. ધક્કો.

હડધૂત, ( ડીસાઓનરીંગ ) *n.* Dishonouring. ચારે બાજુથી અપમાન થવું તે. [જડબાનો ભાગ.
હડપચી, (ચીન) *n.* Chin. જ્યાં દાઢી ઉગે છે તે નીચલા
હડફટ,–ફેટ, ( સ્ટમ્બલ ) *n.* Stumble. ઠોકર; ઠેસ;
હડફવું, (થ્રો) *vt.* Throw. ફેંકવું. [ધક્કો.
હડફો, ( સ્ટુપીડ ) *n.* Stupid. જડસો; મૂર્ખ. Chest. દફ્તરો. [નાહિમ્મત થઈ જવું.
હડબડવું,–રબડવું, *vt.* Be perplexed. ગભરાવું;
હડબડાટ,–રબડાટ, *n.* Agitation. ગભરાટ.
હડસેલવું, (પુશ) *vt.* Push. ધકેલવું. [ing. ઊકળતું.
હડહડતું, ( સ્ટૉંચ ) *a.* Staunch. ચુસ્ત; પાકું. Boil-
હડી, *n.* Fast running. દોડ.
હડેડાટ,–ડુડાટ, *n.* Term used to express swiftness of motion. ધસવાના અવાજનો ઉદ્ગાર.
હણવું,–તવું,*vt.*Kill. મારી નાખવું. Ruin.નાશ કરવો.
હણહણવું, (ને) *vt.* Neigh. ઘોડો નાકમાંથી અવાજ
હણહણાટ,–ટી, *n.*Neighing. હણહણવું તે.[કરે છે તે.
હત, *int.* Be Off. પશુ વગેરેને હાંકી કાઢતાં બોલાતો ઉદ્ગાર. *a.* Stain. હણાયેલું. Weak. હલકું.
હતભાગી, *a.* Ill-starred. કમનસીબ.
હતભાગ્ય, (ઈલલક) *n.* Ill–luck. દુર્ભાગ્ય.
હતવીર્ય, (વીક) *a.* Weak. શક્તિહીન.
હતાશ, (ડીસએપોઈન્ટેડ) *a.*Disappointed.નાસીપાસ.
હત્યા, (એસેસીનેશન) *n.* Assassination. ઘાત; વધ. Sin of killing. પ્રાણીને મારવાથી લાગતો દોષ.

હત્યાકાંડ, *n*. Massacre. ભારે હત્યાનો બનાવ.
હથિયાર, (વીપન) *n*. Weapon. અસ્ત્ર. Implement.
હથિયારબંધ, *a*. Armed. સશસ્ત્ર. [ઓજાર.
હથિયારબંધી, *n*. Prohibition of arms. હથિયાર રાખવાની મના. [ભાગ.
હથેલી,-ળી, (પામ) *n*. Palm. છતાં પંજાનો સપાટ
હથોટી, (નેક) *n*. Knack. આવડત; ટેવ. [સાધન.
હથોડો,-ડી, (હેમર) *n*. Hammer. ટીપવાનું મોગરી જેવું
હસ્થું, *a*. Through. હસ્તક. Suffix. પ્રત્યય છે, જેમકેઃ અઢીહસ્થુ; એકહસ્થુ.
હદ, (લીમીટ) *n*. Limit. મર્યાદા; સીમા. End. અંત.
હદનિશાન, *n*. Boundary mark. હદબતાવનારૂં નિશાન.
હદપાર, *ad*. Beyond limits. અતિશય મર્યાદાવિના.
હદપારી, *n*. Externment. હદ બહાર કરવું કે થવું તે.
હદીસ, *n*. Collection of sayings of Prophet Mohamed. પયગંબર સાહેબનાં ફરમાનોનો સંગ્રહ.
હનુમાન, *n*. Monkey-god. મારૂતિ.
હનુમાનકૂદકો, *n*. Long jump. લાંબો કૂદકો.
હપતો,-ફતો, (વીક) *n*. Week. અઠવાડિયું. Instalment. ઠરવેલી મુદત-તે મુદતે ભરવાની રકમ.
હબક, (ફ્રાઈટ) *n*. Fright. સખત બીક; ફાળ.
હબકવું, *vt*. Be terrified. ફાળ પડવી.
હબશી,-સી, (નીગ્રો) *n*. Negro. આફ્રિકાનો વતની.
હબહબાટ, (અપરોર) *n*. Uproar. ઘોંઘાટ. Imitative sound of flowing water. નળમાંથી પાણી

જોરથી નીકળવાનો અવાજ.
હમણાં.-વણાં, *ad.* Now; presently. આ વખતે; હાલ.
હમદર્દી, (સીમ્પથી) *n.* Sympathy. દિલસોજી; સમ-
હમદીન, *a.* Of one's one religion. એકધર્મનું. [ભાવ.
હમામ,-ખાનું, *n.* Bathing-place. નાહવાની જગા.
હમામદસ્તો, *n.* Mortar and pestle. ખાંડણી ને
હમાલ, (કૂલી) *n.* Coolie. મજૂર. [ પરાળ.
હમેલ, (પ્રેગનન્સી) *n.* Pregnancy. ગર્ભ.
હમેશ,-શાં, (ડેલી) *ad.* Daily. નિત્ય; રોજ;
હય, (હોર્સ) *n.* Horse. ઘોડો.
હયદળ, (કેવેલરી) *n.* Cavalry. ઘોડેસવાર લશ્કર.
હયશાળા,-લા, (સ્ટેબલ) *n.* Stable. ઘોડાર.
હયાત, (એકઝીસ્ટીંગ) *a.* Existing. જીવતું; વિદ્યમાન.
હયાતી, *n.* Existence. અસ્તિત્વ. Life. જિંદગી.
હર, (શીવ) *n.* Shiva. મહાદેવ. *a.* Taking away.
લેનાર. Each. પ્રત્યેક.
હરકત, *n.* Obstruction. અડચણ; વાંધો.
હરકોઈ, (એનીવન) *a.* Anyone. દરેક; કોઇપણ.
હરખ, (જોય) *n.* Joy. હર્ષ; આનંદ.
હરખચમક, *n.* Madness caused by sudden joy.
અતિ હરખથી મગજનું સમતોલપણું ગુમાવવું તે.
હરખવું,-ખાવું, *vt.* Be delighted. ખુશ થવું. [કુલ.
હરગિજ,-સ, (નેવર) *ad.* Never. કદી પણ નહી; બિલ-
હરઘડી,-દમ,-નિશ,-રોજ, *a.* Every moment.
દરેક પળે. Daily. નિરંતર.

હરડે, *n.* Myrabolan. એક ફળ; હરિતકી.
હરણ, (ડીયર) *n.* Dear. મૃગ. *n.* Abduction. હરી જવું તે.
હરણી, (ડો) *n.* Doe. મૃગલી.
હરતાળ,-રિતાળ, *n.* Yellow sulphuret of arsenic. એક ધાતુ.
હરતુંફરતું, *a.* Convalscent. હાલીચાલી શકે એવું.
હરફ, (વર્ડ) *n.* Word. શબ્દ; બોલ. Letter. અક્ષર.
હરફર, *n.* Strolling. વારંવાર આવવું જવું તે.
હરસું, *a.* Bitterish and slightly acrid. હળદરના સ્વાદનું.
હરવખત, *ad.* Everytime દરવખત.
હરવવું,-રાવવું, (ડીફીટ) *vt.* Defeat.હારે એમ કરવું.
હરવાયું, (ડલ) *a.* Dull. સુસ્ત; મંદ.
હરવું, ( ગ્રીન ) *a.* Green. લીલું. Fresh. તાજું. *vt.* Abduct. હરણ કરવું. Seize. પરાણે લઈ લેવું.
હરવુંફરવું, *vt.* Move about. આમતેમ મોજથી ફરવું.
હરસ, (પાઈલ્સ) *n.* Piles. ગુદામાં થતો એક રોગ.
હરસાલ, *ad.* Every year. દરેક વર્ષે.
હરહર મહાદેવ, *n.* War-cry of Rajputs.ક્ષત્રિયોની રણહાક.
હરાજ, *a.* Sold by auction. હરાજીથી વેચેલું.
હરાજી, (ઑાકશન) *n.* Auction. લિલામ.
હરામ, (પ્રોહીબીટેડ) *a* Prohibited. મના કરેલું.
હરામખોર, (રોગ) *n.* Rogue. લુચ્ચો.
હરામી, *a.* & *n.* Roguish. લુચ્ચું.
હરિ, *n.* Krishna. કૃષ્ણ. Horse. ઘોડો. Lion. સિંહ. Monkey. વાંદરો. Moon. ચંદ્ર.[પરમેશ્વરનાં ગુણગાન.

હરિકીર્તન, *n.* Song of devotion. સંગીત સાથે
હરિજન, *n.* Devotee of God. હરિનો ભક્ત. Untou-
હરિણ,—જુઓ 'હરણ.'. [ chable. અંત્યજ.
હરિયાળું, *n.* Verdure. લીલોતરી.
હરી, *a.* & *n.* Crop produced by irrigation. કૂવાનાં પાણીથી પકવેલો પાક.
હરીફ, ( રાઈવલ ) *n.* Rival. પ્રતિસ્પર્ધી. Opponent.
હરીફાઈ,-ફી, *n.* Rivalry. સ્પર્ધા. [ વિરોધી.
હરૂં, ( ગ્રીન ) *a.* Green. લીલું. Palatable, રૂચિકર.
હરેક, (ઈચ) *a.* Each, પ્રત્યેક; દરેક.
હરેડી,-રી, (ચેઝ) *n.* Chase. પૂંઠ પકડવી તે.
હરોલ,-ળ, (રો) *n.* Row. હાર; ઓળ. Rear of an army. લશ્કરનો પાછલો ભાગ. Equal. બરાબરી;જોડ.
હર્તા, *a.* Removing. હરનાર. Suffix. પ્રત્યય છે, જેમકે: દુઃખહર્તા. *n.* Thief. ચોર.
હર્મ્ય, (પેલેસ) *n.* Palace. મહેલ; મોટું મકાન.
હર્ષ, (જોય) *n.* Joy. હરખ; આનંદ.
હર્ષઘેલું, *a.* Mad with joy. હર્ષથી ઘેલું.
હર્ષાશ્રુ, *n.* Tears of joy. હરખનાં આંસુ.
હલ,-ળ, (પ્લાઉ) *n.* Plough. જમીન ખેડવાનું ઓજાર.
હલક, (ટોન) *n.* Tone. કંઠ; સૂર. Splendour. શોભા; રૌનક. Moment. પળ; ક્ષણ.
હલકટ, (મીન) *a.* Mean. અધમ.
હલકાઈ, *n.* Meanness. અધમતા. [ હાંકવું.
હલકારવું, *vt.* Call loudly. મોટેથી બોલાવવું. Drive.

હલકારો,*n.* Messenger. એપિયો; કાસદ. Spy. જાસૂસ.
હલકું, (લાઈટ) *a.* Light. ઓછા વજનનું. Cheap. ઓછી કીંમતનું. Digestible. ઝટ પચે એવું. Inferior. ઉતરતી કોટીનું. Low નીચું; ખરાબ.
હલફલ,-મલ, *n.* Tumult. ધમાલ. [ ભળવું.
હલફલવું,-મલવું, *vt.* Be instigated. ઉશ્કેરાવું; ખળ-
હલવાઇ, (કનફેકશનર) *n.* Confectioner. સુખડિયો;
હલવો, *n.* Sweetmeat. મીઠાઈ. [ કંદોઈ.
હલાકી,-મણ, (ટ્રબલ) *n.* Trouble. હેરાનગતિ. Want. તંગી. [ જેની રજા છે એવું.
હલાલ, (પરમીટેડ) *a.* Permitted. કાયદેસર; ધર્મમાં
હલાલખોર, (સ્કેવેંજર) *n.* Scavanger. ભંગિયો. Butcher. ખાટકી.
હલાલી, *n.* Loyalty. વફાદારી. [ cher. ખાટકી.
હલાવવું, (શેક) *vt.* Shake. હાલે એમ કરવું.
હલાહળ,-ળાહળ, *a.* Very strong. અતિ તીવ્ર. *n.* Strong poison. કાળકૂટ વિષ.
હલેતું, *a.* Unexperienced. અણવાકેફ. Dull. મંદ.
હલેસું, (ઓર) *n.* Oar. હોડી ચલાવવાનો ચાટવો.
હલ્લો, (એસોલ્ટ) *n.* Assault. હુમલો.
હવડાં,-ડે,-ણાં,-વાં,(પ્રેઝન્ટલી) *ad.* Presently. હમણાં.
હવન, (સેક્રીફાઇસ) *n.* Sacrifice. યજ્ઞ; હોમ. [લોભ.
હવસ, (પેશન) *n.* Passion. કામના; વાસના. Greed.
હવા, (એર) *n.* Air. વાયુ. Atmosphere. વાતાવરણ. Moist. ભેજ. [ ઊડનારૂં. Imaginary. કાલ્પનિક.
હવાઇ, ( એરીયલ ) *a.* Aerial. હવાને લગતું-હવામાં

**હવાઈ જહાજ**, (એરોપ્લેન) *n.* Aeroplane. વિમાન.
**હવાફેર**, *n.* Change of air. તબિયતને કારણે સ્થળ બદલવું તે. [ering cattle. ઢોરને પાણી પીવાનો કુંડ.
**હવાડો,–વેડો**, *n.* Trough near a well for wat-
**હવાતિયું**, *n.* Vain effort. વલખું; ફાંફાં.
**હવાલ**, (કંડીશન) *n.* Condition. હાલત.
**હવાલદાર**, (પ્યૂન) *n.* Peon. પટાવાળો.
**હવાલો**, ( કસ્ટડી ) *n.* Custody. કબજો. Change. સુપરત. Cribble. ઝીણી ચાળણી.
**હવાવું**, *vi.* Be humidified. ભેજ લાગવો.
**હવિ**, (ઓબ્લેશન) *n.* Oblation. બળિ; હોમવાનું તે.
**હવે**, (નાઉ) *ad.* Now. અત્યારે. After that. અત્યાર પછી. Then. પછી.
**હવેજ**, *n.* Fine powder of tumeric. હળદરનો લોટ.
**હવેથી**, *ad.* Henceforth. અત્યાર પછીથી.
**હવેલી**, (મેન્શન) *n.* Mansion. મોટું ને સુંદર બાંધણીનું મકાન. Temple of the Vaishnavas. વૈષ્ણવોનું મંદિર.
**હવ્ય**, *a.* & *n.* To be offered in oblation.હોમવા
**હસદ**, (જેલસી) *n.* Jealousy. અદેખાઈ; ઈર્ષ્યા.[યોગ્ય.
**હસનીય**, *a.* Worth laughing. હસવા યોગ્ય
**હસમુખું**, (પ્લેઝંટ) *a.* Pleasant. હસતા મુખવાળું.
**હસવું**, ( લાફ ) *vt.* & *n.* Laugh. દાંત કાઢવા. Jest. મશ્કરી કરવી.
**હસામણું**, *a.* That excites laughter. હસાવે એવું.

હસિત, *a.* Laughed. હસેલું. Laughing. હાંસી પામેલું. *n.* Laugh. હાસ્ય. Jest. મશ્કરી.
હસી,-સું, *n.* Laughing. હસવું તે. Laugh. હાસ્ય; [મશ્કરી.
હસ્ત, (હેન્ડ) *n.* Hand. હાથ.
હસ્તક, (શ્રુ) *prep.* Through. હાથે. By. મારફતે.
હસ્તકલા,-ળા, (હેન્ડીક્રાફ્ટ) *n.* Handicraft. હાથની કારીગરી. [કુશળતા.
હસ્તકૌશલ્ય, (ડેક્ષ્ટીરીટી) *n.* Dexterity. હાથની
હસ્તગત, *a.* Obtained. હાથમાં આવેલું; પ્રાપ્ત.
હસ્તતલ,-સ્થળી, *n.* Palm of the hand. હથેળી.
હસ્તદોષ, *n.* Slip of the pen. લખાણનો દોષ. Masturbation. હાથે કરેલો વીર્યપાત.
હસ્તધૂનન, *a.* Hand-shake. મળતી વખતે હાથ મિલાવીને હલાવવાનો અંગ્રેજી ચાલ.
હસ્તપ્રક્ષાલન, *a.* Washing of hands. હાથ ધોવા તે.
હસ્તમેળાપ,-મેળો, *n.* Marriage. લગ્ન.
હસ્તાક્ષર, *n.* One's own handwriting. હાથે લખેલા અક્ષર. Signature. સહી.
હસ્તિની, *n.* Female elephant. હાથણી.
હસ્તી, *n.* Existence. હયાતી; અસ્તિત્વ. Elephant.
હસ્તીદંત, (આયવરી) *n.* Ivory. હાથીદાંત. [હાથી.
હળ,—જુઓ 'હલ.' [એક ગાંઠાદાર મૂળ.
હળદ,-ર, (ટ્યુમરીક) *n.* Tumeric. રસોઈમાં વપરાતું
હળવાશ, (લાઈટનેસ) *n.* Lightness. હવાપણું.
હળવું, *a.* Light. હલકું. Slow. ધીમું. Soft. નરમ.

*vt.* Suit. ગમી જવું. Bear fruit. ફળવું.
હળવે, (સ્લોલી) *ad.* Slowly. ધીમેથી.
હં, *int.* An interjection indicating attention, intelligence, assent, threat etc.આશ્ચર્ય, તુચ્છ-કાર, ધમકી, હકાર કે ઉત્સાહદર્શક ઉદ્ગાર.
હંકારવું, (ડ્રાઇવ) *vt.* Drive. હાંકવું. Sail. ચલાવવું.
હંગામ, (ઓકેજન) *n.*Occasion. તક; અવસર.[પૂરતું.
હંગામી, (ટેમ્પરરી) *a.*Temperory.કામચલાઉ; મોસમ
હંગામો, (ટ્યુમુલ્ટ) *n.*Tumult.ધમાલ. Riot. તોફાન.
હંતવ્ય, *a.* Fit to be killed. હણવા યોગ્ય.
હંતા, (કીલર) *n.* Killer. હણનાર; ખૂની.
હંફાવવું, *vt.* Make tired. હાંફે એમ કરવું.
હંમેશ,-શાં, (ડેલી) *ad.* Daily. રોજ.
હંસ, (સ્વાન) *n.* Swan. એક પક્ષી. Soul. જીવ.
હંસગતિ, *n.* Graceful movements of a swan. હંસના જેવી ધીમી મોહક ચાલ.
હંસવાહની, *n.* Goddess of Learning. સરસ્વતી.
હા, A participle expressing consent. સંમતિ-સૂચક ઉદ્ગાર. *n.* Acceptance. સ્વિકાર. [પ્રતાપ.
હાક,-કોટો, *n.* Loud cry. હોકારો; બૂમ. Awe.દોર;
હાકટવું,-કોટવું, ( સમન ) *vt.* Summon. મોટેથી
હાકલ, *n.* Call. હાંક. [બોલાવવું. Scold. ધમકાવવું.
હાકલવું, *vt.* Call loudly. હાંક મારીને બોલાવવું.
હાકેમ, (ગવર્નર) *n.* Governor. સૂબો.
હાજત, (નેસેસીટી) *n.* Necessity. જરૂરિયાત. Habit.

ટેવ.Inclination to go for call of nature.ઝાડા-
હાજર, (પ્રેઝંટ) *a.* Present.સમક્ષ. [પિશાબની શંકા.
હાજરજવાબ,-બી, *a.* & *n.* Ready-witted. સમયાનુસાર યોગ્ય જવાબ તરત આપી શકે તેવું.
હાજરાહજર, (વીઝીબલ) *a.* Visible. સાક્ષાત; પ્રત્યક્ષ.
હાજરી, (પ્રેઝંસ) *n.* Presence. હાજર હોવું તે. Breakfast. નાસ્તો.
હાજરીપત્રક, *n.*Muster-roll. હાજરી નોંધવાનું પત્રક.
હાજિયો, *n.* Flatterer. હાજીહા કરનારો. Assent. હકાર.
હાજી, *n.* One who has performed the piligrimage to Mecca. હજ કરી આવેલો મુસલમાન. *int.* Yes sir. જી હા; હા સાહેબ.
હાજીહા, (ફ્લેટરી) *n.* Flattery. ખુશામત.
હાટ, (શોપ) *n.* Shop. દુકાન. Bazaar. બજાર;ગુજરી.
હાટક, (ગોલ્ડ) *a* & *n.* Gold. સોનું. [કાવવું.
હાટકવું, *vt.* Shout out. ગર્જના કરવી. Scold.ધમ-
હાટિયું, *n.* Recess in a wall. ભીંતમાંનું બારણાવાળું તાકું. [*ad.* Extremely. છેકજ; ઘણુંજ.
હાડ, (બોન) *n.*Bone. હાડકું. Structure.બાંધો;કાઠું.
હાડકું, (બોન) *n.* Bone. અસ્થિ.
હાડજવર,-ઘગી, *n.* Slow fever. ઝીણો તાવ.
હાડપિંજર, (સ્કેલેટન) *n.* Skeleton. શરીરનું હાડકાનું
હાડવેર, *n.* Bitter enmity. પાકું વેર. [ખોખું.
હાડવૈદ્ય,-દ, *n.* Bone-setter. હાડકાં બેસાડનારો કે

હાડછેદ, *n.* Contempt. તિરસ્કાર. [જોડનારો વૈદ્ય.
હાડમારી, (ટ્રબલ) *n.* Trouble. હેરાનગતિ.
હાડિયો,-ડો, (ક્રો) *n.* Crow. કાગડો. [હાડકાં સુધી.
હાડેહાડ,-ડોહાડ, *ad.* In the very bones. છેક
હાથ, (હેન્ડ) *n.* Hand. હસ્ત. Cubit. કોણીથી વચલી
આંગળીના છેડા સુધીનું માપ. Skill. હાથનો કસબ.
હાથઉછીનું, *a.*That is lent or borrowed without being entered in the account books. ચોપડામાં ઉધાર્યા વિના થોડી વાર પછી આપી દેવાની શરતે લીધેલું કે આપેલું.
હાથકડી,-બેડી,(હેન્ડકફ્સ) *n.*Handcuffs.હાથની બેડી.
હાથકારીગરી, *n.* Dexterity. હાથની કારીગરી.
હાથગાડી, *n.* Hand-barrow. હાથે ખેંચવાની ગાડી.
હાથચાલાકી, *n.* Sleight of hand. જાદુ.
હાથપ્રત, ( મેન્યુસ્ક્રીપ્ટ ) *n.* Manuscript. મૂલપ્રત.
હાથરૂમાલ, *n.* Handkerchief. હાથનો રૂમાલ.
હાથસાળ, *n.* Hand-loom. હાથે ચલાવાતી સાળ.
હાથણી,-થિણી, *n.* Female elephant. હાથીની માદા. Dam. પુરતો.
હાથી, ( એલીફંટ ) *n.* Elephant. હસ્તિ; ગજ.
હાથીદાંત, ( આયવરી ) *n.* Ivory. હાથીનો દંતૂશળ.
હાથીપગું, *a* Suffering from elephantisis.રોગથી ફૂલેલા પગવાળું. [મિળાપ.
હાથેવાળો, ( મેરેજ ) *n.* Marriage. વરકન્યાનો હસ્ત-
હાથો, ( હેન્ડલ ) *n.* Handle. મૂઠ કે દસ્તો. Help.

સહાય. Side. પક્ષ. [help. એક બીજાની મદદથી.
**હાથોહાથ,** *ad.* Personally. જાતોજાત. With mutual
**હાન,** ( ઇન્જરી) *n.* Injury. હાનિ. Vow. બાધા.
**હાના,** ( હેસીટેશન ) *n.* Hesitation. આનાકાની.
**હાનિ,-ણુ,**( હાર્મ ) *n.* Harm. નુકશાન. Ruin. નાશ.
**હાનિકર,-કર્તા,-કારક,** *a.* Harmful. નુકશાનકારક,
**હામ,** ( કરેજ ) *n.* Courage. હિંમત.
**હામી,** (સીક્યોરીટી) *n.* Security. જામીન; બાંયધરી.
**હાય,** *int.* Expession of pain or sorrow. દુઃખ, ત્રાસ કે અફસોસનો ઉદ્ગાર. *n.* Curse. શાપ.
**હાયપિટારો,-પીટ,** *n.* Bemoaning. રોકૂટ.
**હાયવોય,-હાય,** *n.* Grief. શોક.
**હાર,** ( ગાર્લેન્ડ ) *n.* Garland. ફૂલની માળા. Necklace. ગળાનું ઘરેણું. Defeat. પરાજય. Row. પુક્તિ. Suffix. પ્રત્યય છે, જેમકે : સર્જનહાર.
**હારક,** ( કીલીંગ ) *a.* & *n.* Killing. હરનાર.[હારમાં.
**હારકતાર,-બંધ,-દોર,-શદોર,** *ad.* In a line. એક
**હારજીત,** *n.* Defeat and victory. હાર અને જીત.
**હારતોરા,** *n.* Garlanding. હાર અને તોરા. Respect. માન; આદર. [ થાકવું. Lose. ગુમાવવું.
**હારવું,** *vt.* Be defeated. પરાજિત થવું. Be tired.
**હારિયું,** ( ઇક્વલ ) *a.* Equal. સમોવડિયું. Contemporary. સમકાલિન. [દુઃખહારી.
**હારી,** *a.* Killing. હરનારૂં. Suffix. પ્રત્યય છે, જેમકે:
**હારે,** ( વીથ ) *ad.* With. સાથે; જોડે.

હારોહાર,—જુઓ 'હારદ્વાર.'
હાર્ટ, (હાર્ટ) *n.* Heart. હ્રદય. Secret. રહસ્ય.
હાર્દિક, (સીન્સીયર) *a.* Sincere. ખરા અંતરનું.
